卐 પ્રસ્થાન 卐

। दृष्टिपूतं न्यसेत्पादम् ।

તંત્રીઓ

રામનારાયણ વિશ્વનાથ પાઠક

રસિકલાલ છોટાલાલ પરીખ

પ્રકાશક

પ્રસ્થાન કાર્યાલય

અમદાવાદ

અનુક્રમણિકા

પુસ્તક ૮ વૈશાખ : ૧૯૮૫ અંક ૧

૧ દલિતોની સેવા વિષે કેટલીક તાત્ત્વિક ચર્ચા : કિશોરલાલ ઘ. મશરૂવાળા ૧
૨ શાશ્વત સાગર (કાવ્ય) સુંદરજી ગો. બેટાઇ ૧૧
૩ નવા રશિયામાં ધર્મનું પરિવર્તન : સુમન્ત મહેતા ૧૨
૪ આપણી કવિતાસમૃદ્ધિ (ચાલુ લેખમાળા) ૧૭
૫ છેલ્લો દાંડક્ય ભોજ (વાર્તા) : દ્વિરેફ ૨૧
૬ પ્રિયે જો—(કાવ્ય) : મૃગિકાર ૩૧
૭ દીનબન્ધુ ઍન્ડ્રુઝ : દીનખુશ બ. દિવાન ૩૨
૮ શાહનો પર્વત : એક સમાલોચના : રામનારાયણ વિ. પાઠક... ... ૪૦
૯ મ્યુનિસિપાલિટી દ્વારા ચોખ્ખું દૂધ પૂરું પાડવાની
એક યોજના : ચીનુભાઈ ધ. પટેલ ૫૩
૧૦ અમેરિકાના પત્રો : નન્દલાલ મ. શાહ ૫૭
૧૧ જ્ઞાનગોચરી : એક તુલના ૬૧
૧૨ પુસ્તકપરિચય અને સ્વીકાર : રા. ૬૩
૧૩ નોંધ : ૭૦

શુદ્ધિ : પૃ. ૨૦ ફુટનોટ લીટી ૨ મા ઉપર રા... છે ત્યાં
રા. રૂપશંકર ઉર્ફે બાણભાઈ વાંચવું.

પ્રકાશક : રણછોડજી કેસુરભાઇ મીસ્ત્રી, પ્રસ્થાન કાર્યાલય, પારસી અગિયારી સામે, ખમાસા ચોકી, અમદાવાદ

ॐ પ્રસ્થાન ॐ

પુસ્તક ૮ વૈશાખ: ૧૯૮૫ અંક ૧

દલિતોની સેવા વિષે કેટલીક તાત્ત્વિક ચર્ચા

મિત્રો,

મુ. ઠક્કર બાપાની સંસ્થાઓ જોવાની મને ઘણા દિવસથી હોંશ હતી; પણ પરાણે કોઇ ખેંચી જાય તો જ જવાય એવો સ્વભાવ બનેલો હોવાથી એ હોંશ પાર પાડી શકાઈ નહોતી. લક્ષ્મીદાસભાઇએ આજે ખેંચી આણ્યો તે માટે તેમનો હું અતિશય આભારી છું.

ઠક્કર બાપાનું મારી ઉપર મોટું ઋણ છે એ ઋણ કદી ફેડી શકાય એવો સંભવ નથી, એટલે એમનાં આશ્રમોને નિહાળી, એમની પ્રીતિનાં ખાસ પાત્ર થઇ પડેલા બીજા ભાઇબહેનોની ઓળખાણ કરવાનું શ્રેય મેળવી, એમને તથા એમના સાથીઓને વંદન કરી સંતોષ માનવો એવી ઇચ્છાથી હું અહીં આવ્યો છુ.

મારા હૃદયમાં સેવાવૃત્તિને પોષનાર સર્વન્ટ ઑફ ઇન્ડિયા સોસાયટી પહેલી બનેલી છે. શ્રીમાન ગોખલે મારા પહેલા પૂજ્ય બનેલા; પણ એમની સાથે કદી મારો મેળાપ થયેલો નહિ. એ પૂજા દૂરથી જ થયેલી. પણ એમનાં જીવન અને વિચારોએ જે બીજ વાવ્યું તેને શ્રી. દાદા દેવધર અને ભાઇ ઇન્દુલાલ યાજ્ઞિકે પોષ્યું. પછી ઠક્કર બાપાએ એ છોડને મોટો કરી ગાંધીજીની વાડીમાં રોપી દીધો. આ રીતે મને એક જાતનું નવજીવન અર્પનાર ઠક્કર બાપાના અહેશાન તળે હું સદૈવ રહેલો છુ.

ઠક્કર બાપા

દેશને માટે સંન્યાસ લેનારા ગૂજરાતીઓમાં ઠક્કર બાપા પહેલા છે. જ્યારે ગાંધીજી પણ હિંદુસ્તાનને પ્રાપ્ત થયેલા નહોતા, ત્યારે ભાવનાથી તરવરતા ગુજરાતી જુવાનો ઠક્કર બાપા ભણી જ ભક્તિભાવે જોઇ પોતાની ભાવનાઓને પોષનારી વૃષ્ટિ મેળવી શકતા. ગાંધીજી અને ઠક્કર બાપા એ બે સંતોના યોગને લીધે જેની હિંદુ સમાજે, હિંદુ ધર્મે અને હિંદુસ્તાનની સર્વ સત્તાધારી પ્રજાઓએ હજારો વર્ષ સુધી અવગણના કરી, જેમના ઉપર

અનેક જાતના અન્યાયો કર્યા, જેમની ગુલામ કરતાં યે અધમ દશા કરી, તે દલિત અને દુઃખિત પ્રજાઓ પ્રત્યે આપણી દૃષ્ટિ ગેધડી; તેમને માટે સંન્યાસ લેનારા સંઘો સ્થપાયા.

હજારો વર્ષ પૂર્વે થઈ ગયેલા રામચંદ્રજીને માટે મારા મનમાં પૂજ્યભાવ છે, એ મહાત્માનાં ઉદાર ચરિત્ર સાભળતાં અને ગાતા મને આનંદ થાય છે. પણ એમની મૂર્તિ સ્થાપી એમની પૂજા આરતી કરવાની કે એકાગ્ર ચિત્ત થઈ એમને ધ્યાનમા જોવાની મને હોંશ નથી. હું તો—

> દલિત દૂખિત પેખી પોતિકા માનતો જે, મૃદુ નવનીત જેવું હૈયુ જેનુ સદૈવ;
> સમ નિજ-પરમાહી, જે નિરાધાર મિત્ર, પ્રગટ હરિ તણી ત્યાં, મૂર્તિ દેખું પવિત્ર *

આથી ભીલોની, રાનીપરજની, અંત્યજોની, સ્ત્રીઓની પવિત્ર ચિત્તે સેવા કરનારા તમને સર્વેને જોઈ મને દશરથનંદનનું ધ્યાનમાં દર્શન થાય તેથી વધારે કૃતાર્થતા લાગે છે, મારૂં હૃદય તમને વંદન કરે છે. જે વર્ગોની સેવા કરવાની વધારેમા વધારે આવશ્યકતા મારી બુદ્ધિથી મને સમજાય છે, તેમની સેવામા, શરીરની, આવડતની અને સંસ્કારોની મર્યાદાઓને લીધે, હું પ્રત્યક્ષપણે કશો જ ભાગ લઈ શકતો નથી એ મારું દુર્દૈવ છે. સુખદેવભાઈ, રવિશંકરભાઈ, જુગતરામભાઈ, ચુનીભાઇ, પરીક્ષિતભાઇ વગેરેની હું હંમેશા અદેખાઇ કરું છું તમે સર્વે મારી ઉપર જે પક્ષપાત, પ્રેમ અને આદર બતાવો છો. ત્યારે મને આશ્ચર્ય લાગ્યા કરે છે. હુ તો તમે જે પ્રત્યક્ષપણે કરી રહ્યા છો તે જોઉં છું માટે આદર રાખું છું, પણ તમારા આદરને પાત્ર થાઉં એવું તમે મારા જીવનનું કયું કાર્ય જોયું હશે એ શોધવા મેં ઘણીવાર પ્રયત્ન કર્યો છે, પણ હજી ખોળી શક્યો નથી. સિવાય કે; સંત તુકારામે કહ્યુ છે તેમઃ—

> वाचेच्या चापल्यें बहु झालो कुशळ
> × × ×
> सांपडलो हाती अहंकाराचे । +

અને પછી

> लाज वाटे मज मानीति हे लोक । हें तो नाहीं एक माझें अंगीं ॥
> मोजुनी झीजलो मापाचिया परी । जाळावी ते थोरी लाभाविण ॥
> कोमळ कटक, तीक्षण अगरीं । पोचट ते वरी अंग कांति ॥
> चित्रींचे लेप शृंगारिलें निकें । जीवें विण रूप फिकें त्याचें ॥
> तुका म्हणे दिसें वायां गेलो देवा । अनुभव ठावा नाहीं तेणें ॥ ×

* તુકારામના जे कां रंजले गांजले નો અનુવાદ

\+ વાણિની ચતુરાઈમા બહુ કુશળ થયો છું.
× × ×
અહંકારના હાથમા સપડાયલો છું.

× જેમ માપ હજારો મણ અનાજ માપી માપીને ઘસાઇ જાય છે, પણ એથી એને પોતાને કશી પ્રાપ્તિ થતી નથી, જેમ કુમળા કાંટાની કાંતિ ઉપરથી નરમ હોય છે, પણ ટોચ આગળ બહુ તીક્ષ્ણ હોય છે; જેમ માટીનું પૂતળુ ઉપરથી સુંદર શણગાર્યું હોય પણ જીવ વિના એનું રૂપ ફીકું છે. તેમ આ સર્વે લોક મને માને છે તેની મને લાજ આવે છે (કારણ કે તેવું હુ કશું મારામા જોતો નથી) અનુભવનું સ્થાન નથી મળ્યું ત્યા સુધી જીવન એળે ગયા જેવું લાગે છે.

પરોક્ષની પૂજા અને પરિચિતની અવગણના

ભાઇ શ્રીકાન્તે ભીલ સેવા મંડળના મિત્રો અને સેવકોને ઉદ્દેશીને જ વિચારવિનિમય કરવા સૂચના કરી મારુ કામ થોડું સહેલું કરી આપ્યું છે. 'થોડું સહેલું' કહું છું, કારણકે સાચું પૂછતાં, હું અહીં તમારી પાસેથી મેળવવાની આશાએ જ આવી શકું. હજારો વિચારકો કરતાં, અથવા એક પ્રચંડ વિચારકના હજાર પાના ભરીને કરેલા વિચારો કરતાં, એક પ્રત્યક્ષ કામ કરનારનું એક અનુભવનું વાક્ય વધારે કિંમતનું થઇ શકે છે. જે કામોની સેવામાં તમે જોડાયેલા છો, તે સેવાના ક્ષેત્રમા ઉપયોગી થઇ શકે એવી સૂચનાઓ કરવાનો તમારામાંથી જ જે વિશેષ અનુભવી હોય તેનો અધિકાર છે, અને તે બાબતમાં ભીલ સેવા મંડળ તો સૌથી વિશેષ ભાગ્યશાળી છે. આખું જીવન જેમણે સેવાના ક્ષેત્રમાં હોમી દઇ પોતાનું 'અમૃત' નામ સાર્થક કર્યું છે, જે આપણા સૌમાં, વયમાં તેમ જ જ્ઞાનમાં વૃદ્ધ છે, એ ઠક્કર બાપાની છાયામા રહેનારને બીજાની પાસે વિચારો મેળવવાની ભાંજગડમા શીદ ઉતરવું પડે ! છતા, જ્યારે વિચારવિનિમયની જરૂર લાગે જ ત્યારે વધારે અધિકારી પુરુષો તો રવિશંકરભાઇ, સુખદેવભાઈ કે વેડછીવાળા ચુનીભાઇ હોય. ભલે એ વિદ્વાન ન ગણાતા હોય; પણ જે કાર્યમા તમે પડયા છો તેને સારી રીતે કરવાની વિદ્યા એમને આવડે છે, અને એની જ તમારે આવશ્યકતા છે. પરોક્ષની પૂજા અને પરિચિતની અવગણના એ માનવ સ્વભાવની એક ખામી છે ભૂતકાળમાં થયેલા નારદ, શુક વગેરેનો આપણે મહિમા સમજી શકીએ છીએ, નજર આગળથી દૂર વસતા પ્રસિદ્ધ નેતાઓનો આપણે મહિમા સમજી શકીએ છીએ; પણ જેની જોડે આપણે રાતદિવસ રહેતા હોઇએ તેને વિષે આપણને જોઇએ તેટલો આદર નથી હોતો. આથી તેમની જોડે આપણે લડીએ પણ છીએ અને થોડો વિચારભેદ થાય કે એનાથી આપણે છૂટા પડી જઇએ છીએ. આપણા ભાઈઓની જ કદર ન કરી શકવાની આપણી આ ખામી આપણી ઘણી યે સંસ્થાઓને નિર્બળ કરી મૂકે છે જ્યારે જ્યારે મારા જોવામા આવે છે કે સંસ્થાના સભ્યો વચ્ચે મનનો મેળ નથી, પરસ્પર પ્રેમ અને આદર નથી, ત્યારે મને ગ્લાનિ થાય છે. સંસ્થાનું કામ અટકતું નથી; રિપોર્ટો જ વાંચીએ તો તેની પ્રગતિ જ થતી જણાવવામાં આવે છે, પણ ઊંડા ઉતરીએ છીએ, ત્યારે અંદર કલહ દેખાય છે શિક્ષિત માણસોને એક જાતનો દંભ આચરવો સુસાધ્ય થયેલો હોય છે. સંસ્થાના કાર્યને ઉજ્વળ ચીતરવું એમા સર્વે સભ્યોનો એકમત હોય છે, પોતામા રહેલા કલહને બીજાને જણાવા ન દેવો એમા સર્વેનો એકમત હોય છે. અંદર અને બહાર મેળ રાખવાની આપણે જરૂર નથી સમજતા. પણ આથી સંસ્થા વહેલી નિષ્પ્રાણ થાય છે. દંભ લાંબો વખત ટકી શકતો જ નથી.

હું આશા રાખું છું કે ભીલ સેવા મંડળના સેવકોમા પરસ્પર બંધુત્વ હશે. પરસ્પર મનનો મેળ અને, વિચારભેદ હોય તો યે, પ્રેમ અને આદર હશે; કોઇ કોઇની અદેખાઇથી નહિ બળતું હોય; કોઈ અધિકારને માટે ઝગડતું નહિ હોય.

બંધારણ કે સેવા

સેવાવૃત્તિથી નિર્માણ થયેલી સંસ્થાઓમાં એક બીજાના અધિકારના ઝગડાઓ પાછળ અને, એ દૃષ્ટિએ, બંધારણ ઘડવા પાછળ જે સમય બગાડે છે તે, તટસ્થ પુરુષને, સેવા જાણે

ગૌણ હોય અને બંધારણ તથા અધિકાર એ જ જાણે મુખ્ય કાર્ય હોય એવો ભાસ ઉપજાવે છે. આ શોચનીય સ્થિતિ છે. ઘણીખરી સંસ્થાઓની આવી શોચનીય સ્થિતિ છે; અને એ સેવાવૃત્તિ સાથે આપણામા અનેક જાતની સ્વાર્થી મહત્વાકાક્ષાઓ ભરેલી છે એની નિશાની રૂપે છે. બાપુજી અને ઠક્કર બાપાના જીવનમાંથી આપણે આ બાબતમા ઘણું શીખી શકીએ એમ છીએ. જો સેવાવૃત્તિ આપણા હૃદયમાં રામબાણની માફક પેસી ગઇ હોય તો આવા ઝગડાઓ રહે નહિ.

ભીલ સેવા મંડળમા આવુ કાઇ છે કે નહિ તેનો મને જરા યે ખ્યાલ નથી. આતો સાથીઓ માટે મનમા કેવો આદર હોવો જોઈએ એ વિચારમાથી સહેજે કહી નાંખ્યું છે.

સોશિયાલિઝમ કોમ્યુનિઝમ વગેરેનું નિદાન

આખી દુનિયા આજે એક પ્રકારના વર્ગીય ઝગડામા સંડોવાયેલી છે હિંદુ–મુસલમાન જેવા જે કોમી ઝગડા કહેવાય છે, તેની પાછળે, ઊંડું જોતા, ધાર્મિક મતભેદો એ કેવળ દીવાસળી રૂપ જણાય છે. ખરૂં કારણ સંપત્તિની વહેંચણીમા ઉપજતી વિષમતાને લીધે પડતા શ્રીમંત અને ગરીબના વર્ગોનો કલહ જ છે. એમાથી વિવિધ સામાજિક–સોશિયાલિસ્ટ કોમ્યુનિસ્ટ–પંથો ઉદ્‌ભવ્યા છે. એક બાજુએ ધનિક વર્ગ એના પરિણામોથી ધ્રૂજી રહ્યો છે, અને પોતાના હાથમા રહેલી રાજકીય સત્તાથી એને દાબી દેવા પ્રયત્ન કરે છે. બીજી બાજુએ, ગરીબોનો પ્રશ્ન એટલો તીવ્ર થતો જાય છે અને એનો વર્ગ એટલો મોટો બનતો જાય છે અને એના પક્ષમાં એટલો ન્યાય રહેલો છે કે બળાત્કાર કરીને એમની ચીસ બંધ પાડવાનો પ્રયત્ન વ્યર્થ ગયા વિના રહેવાનો જ નહિ અને, જો એમને સુખી કરવા માટે ધનિકો તરફથી ઇચ્છાપૂર્વક પ્રયત્ન ન કરવામાં આવે તો, એ ધૂંધવાતો અગ્નિ એટલો જોરથી ફાટી નીકળવાનો કે જેમા આખી યે સમાજવ્યવસ્થા ભસ્મસાત્ થઈ જશે.

આ કલહને આપણે સંસ્કારી કોમો ઠીક સમજી લઈએ, એની ગંભીરતાની બરાબર કલ્પના કરી લઇએ અને સંસ્કારી તથા પછાત કોમો બન્નેનું શ્રેય થાય એવો માર્ગ શોધીએ તેમાં જ બન્નેનું કલ્યાણ છે.

સંપત્તિનું મહત્ત્વ

માનવજાતિના વિકાસમા સંપત્તિ એક મહત્ત્વનું સાધન બને છે. અમુક હદ સુધી સંપત્તિની મદદ વિના માણસનો નૈતિક અભ્યુદય પણ સિદ્ધ નથી થતો. તેથી જ, અર્થને એક સ્વતંત્ર પુરુષાર્થ માનવામા આવ્યો છે. જે સમાજરચનામાં દરેક વર્ગને અર્થપ્રાપ્તિ માટે એવી રીતે યોગ્ય અનુકૂળતા નથી મળતી તે વર્ગની પ્રગતિ અટકી પડે છે અને એ સમાજરચના અન્યાયી બને છે. પશ્ચિમની પ્રજાઓ એવી સમાજરચના સામે બંડ ઉઠાવી તેને તોડી પાડવા મથી રહી છે. એ બંડોએ એકેએક પુરાણી વ્યવસ્થાને છિન્ન ભિન્ન કરી નાંખવા માંડી છે. એમ કરવામા મનુષ્યનું લોહી પણ સારી પેઠે રેડાયું છે. છતાં એ પ્રયત્નો યશસ્વી નથી થયા, અને ન થઇ શકે એમ લાગે છે. એટલે કે વિષમ વહેંચણીનું અનિષ્ટ હવે દૂર થયું એમ જ્યાં લાગવા માંડે ત્યાં જ, બીજે ખૂણેથી, એ દાખલ થયેલું હોય છે.

અર્થાત સંપત્તિની સરખી વહેંચણી એ અક્ષરશઃ વ્યવહારમા સિદ્ધ થઈ શકે એવી વસ્તુ નથી. છતાં, જો સમાજ સાચા અર્થમા સુધરેલો, સંસ્કારી હોય, વિચારી હોય, તો આખો સમાજ વિહંગાવલોકનમા સુખી માલમ પડે એવી વ્યવસ્થા થઈ શકે એમ લાગે છે.

હિંદુ સમાજની ચાર આશ્રમની વ્યવસ્થામા એ કઈ રીતે થઈ શકે તેનું સૂચન છે.

સંપત્તિ સાધન છે, સાધ્ય નહિ

મેં ઉપર કહ્યું કે મનુષ્યના વિકાસમા સંપત્તિ આવશ્યક સાધન છે અને દરેકને એ સાધન આવશ્યક પ્રમાણમા મળી શકવું જોઇએ. મુસાફરીમાં કોઈ ઠેકાણે ઉતારો કરવો હોય તો નજીકમાં પાણી મળવું જોઇએ, અને પાણી ન મળે ત્યા સુધી પાણી એ જ શોધનો વિષય બને. પણ, પછી મુસાફરીનો મૂળ ઉદ્દેશ ભૂલી જઇએ અને મુસાફરીમાં પાણીની બહુ જરૂર પડે છે, માટે દુનિયામા જે જે પાણીના તળાવ, કૂવા વગેરે હોય તે બધાને જોઈ વળવા, તેને મેળવી લેવા અને તેની ચોકી કરવા બેસી જઇએ, તો આપણી પાસે પાણી ઘણું થશે એ ખરૂ, પણ આપણી મુસાફરી અટકી પડશે, અને મુસાફરીનો મૂળ ઉદ્દેશ અસિદ્ધ રહેશે. પાણી એ કેવળ સાધન જ છે, સાધ્ય નથી, એ વાત ભૂલી જવાથી એમ થાય. એજ પ્રમાણે સંપત્તિ વિષે છે. સંપત્તિ એ ઉન્નતિમાં એક સાધન છે. એ સાધન ન હોય ત્યા સુધી એને માટે પુરુષાર્થ આવશ્યક થાય. પણ, જ્યારે એ મનુષ્ય જીવનનું સાધ્ય જ બની જાય છે, ત્યારે અનર્થપરંપરા જાગે છે અને જીવનનું ધ્યેય ભૂલી જવાય છે. જેમ પોતાને તંગી પડવાની ધાસ્તીએ કોઈ મુસાફરોની ટોળી પાણીનાં બધા સ્થાનોનો કબજો કરી લે, ત્યારે બીજા મુસાફરોને તંગી વેઠવી પડવાની જ, અને તે જો નબળા ન હોય તો, પહેલી ટોળી જોડે ઝગડો મચાવવાના જ. એમ જો મનુષ્યનો એક વર્ગ સંપત્તિનો કબજો એકહથ્થુ કરવા પ્રયત્ન કરે તો બીજાઓને તંગી ભોગવવી પડવાની જ અને તે, જો સાવ મુરણતોલ ન થઈ ગયા હોય તો, મરણિયા થઇને યે ઝગડો મચાવવાના.

પણ જો પહેલી મુસાફરોની ટોળી ડાહ્યા માણસોની હોય તો તે પાણીની પાછળ ગાંડી નહિ બને. એ રહેશે ત્યા સુધી પાણી વાપરશે – અને સંભાળીને વાપરશે, અને પછી બીજા મુસાફરોને તે રાજીખુશીથી સોંપી દેશે. પાણીને સાચવવા માટે પોતાની મુસાફરી પડતી નહિ મેલે.

તેમ વિચારી માણસ હોય તે સંપત્તિ ન હોય ત્યા સુધી ન્યાય માર્ગે તે મેળવવાનો પ્રયત્ન કરે. તે દ્વારા પોતે જેટલો થઇ શકે તેટલો વિકાસ પણ સાધી લેઃ જેમકે, સંસ્કાર, શિક્ષણ, અનુભવ વગેરે મેળવે તે દ્વારા કેટલાક સુખ સગવડ પણ મેળવે અને સત્કર્મો પણ કરે. પણ વિચારી માણસને ક્યારેય પણ આ સત્ય સ્ફુરવું જોઇએ કે સંપત્તિ એ એક સાધન જ છે; સાધ્ય નથી. સંપત્તિની પ્રાપ્તિથી કેટલોક વિકાસ સધાય છે, પણ બધો નહિ. સંપત્તિ પ્રાપ્ત કર્યા પછી—એની ઉપર બેસી રહેવાથી નહિ પણ પછી તો સંપત્તિના ત્યાગથી જ આગળ પગલું માંડી શકાય છે. જે એ ત્યાગ કરવાની હિંમત નથી બતાવતો, તે પેલા મુસાફરોની માફક પોતાની પ્રગતિ રોકી દે છે.

સમાજચક્ર

સંપત્તિની મદદથી જેટલો વિકાસ સાધી શકાય છે તે માટે કેટલી સંપત્તિ જોઈએ જ એનું ચોક્કસ પ્રમાણ નથી. આ બાબતમાં ટોલ્સ્ટોયનું એક વચન સમજવા જેવું છે:

"માણસજાત વેપાર, યુદ્ધ, સુલેહ, વિજ્ઞાન, કળા એ બધાં કાર્યોમાં ગુલતાન હોય એમ ભાસે છેઃ પણ માણસ જાતને ખરું મહત્વનું એવું તો એક જ કાર્ય છે, અને તે જ કાર્ય તે કરે છેઃ જે નૈતિક સિદ્ધાન્તો વડે પોતે જીવે છે તેનો સાક્ષાત્કાર કરી લેવો તે એ કાર્ય નૈતિક સિદ્ધાન્તો પરાપૂર્વથી અસ્તિત્વ ધરાવતા આવ્યા છે. માણસજાત માત્ર પોતાના લાભની ખાતર તેને વિશદ કરી લે છે." આ રીતે સો રુપિયા મેળવીને, લાખ મેળવીને કે કરોડ મેળવીને, એક પેઢીમા ઉચ્ચ સંસ્કાર પ્રાપ્ત કરીને કે દશ પેઢીએ પ્રાપ્ત કરીને, જ્યારે પણ એમ સ્પષ્ટ સૂઝી આવે કે સંપત્તિ એ જીવનનું એક સાધન માત્ર છે, સાધ્ય નથી; એ સાધ્ય અંશતઃ સંપત્તિની પ્રાપ્તિ દ્વારા સધાય છે, અને પછી તેના ત્યાગ દ્વારા સધાય છે– ત્યારે એનો ત્યાગ કરવાની શરૂઆત કરવાનો અવસર આવી ચૂક્યો છે એમ સમજવું જોઇએ જેનું જીવન નિરંતર ઉચ્ચાભિલાષી અને વિચારમય છે તેને એ જલદી સૂઝી આવવાનો સંભવ છે. જેનું એવુ નથી તેને વાર લાગશે અને છતા ન સૂઝે તો લક્ષ્મી પોતાના સ્વભાવ પ્રમાણે ચંચળ થઈ જશે ત્યારે સૂઝવાથી જે લાભ મળત તે ન મળતા ગરીબાઈ માથે આવી પડશે.

ચાર આશ્રમોની વ્યવસ્થામા જો કાઇ રહસ્ય હોય તો મને આ પ્રકારનું લાગે છે. માણુસ અમુક કાળ સુધી સંપત્તિ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે, પણ આખો જન્મારો નહિ. પછી તે નિવૃત્ત થાય. પોતાની સંપત્તિ બીજાઓને સોપી દે અને પોતે જીવનનો અભ્યુદય સાધે.

આ એકેક માણસ માટેનો સામાન્યક્રમ કહ્યો છે. પણ જેમ બધા આશ્રમમાથી દરેકે દરેક માણસને પસાર થવાની જરૂર નથી રહેતી તેમ જેની પાસે પૂર્વોપાર્જિત સંપત્તિ છે તેણે સંપત્તિ પ્રાપ્ત કરવા પુરુષાર્થ કરવાની જરૂર છે જ એમ નથી. શ્રીમતોએ અને શ્રીમતોના વંશજોએ સપત્તિ એ જીવનનું સર્વસ્વ નથી, એનો ત્યાગ શીખ્યા વિના જીવનનો એક અંશ અસાધ્ય રહી જાય છે એમ સમજી લેવું જોઈએ, અને જેમને એ સંપત્તિ પ્રાપ્ત નથી, તેમના હિનાર્થે તે છોડી દઈ, પોતે સપત્તિનો સંન્યાસ કરતા શીખવુ જોઈએ. સંપત્તિના લાંબા ઉપયોગ પછી આવા પ્રકારની સદ્બુદ્ધિ નિર્માણ થવાનાં દાખલા થાય છે, માટે જ સપત્તિને કેવળ અનિષ્ટ માનેલી નથી. તેમાં ખાનદાની કેળવવાની શક્તિ મનાયેલી છે, માટે જ કહેવાયુ છે કે,

शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टोऽभिजायते । (ગીતા)

(પવિત્ર શ્રીમતોને ત્યાં, અધુરા યોગીઓનો જન્મ થાય છે.)

આપણે જે મિત્રો અને સેવકો પછાત કોમોની સેવામાં પડ્યાં છીએ તેમણે સંપત્તિથી પ્રાપ્ત થતા ઘણા નૈતિક ફાયદા પ્રાપ્ત કરી લીધા છે એમ કહેવાને હરકત નથી. એટલે હવે આપણે સંપત્તિની પાછળ ન પડતાં જે પછાત કોમોને એ ફાયદા પ્રાપ્ત થયા નથી તેમને એ પ્રાપ્ત કરાવી આપીએ, કે પ્રાપ્ત કરવામા મદદ કરીએ, તેમાં આપણે તેમનું જ ભલું નથી કરતા, આપણી પોતાની યે વિશેષ ઉન્નતિ જ સાધીએ છીએ. રેંટિયાથી શું કે કેળવણીથી શુ, એ પછાત કોમોની આર્થિક સ્થિતિ સુધારવા માટે જ આપણે મથીએ છીએ; કારણ એમની અર્થ વિના આજે અવનતિ થઇ રહી છે. એ કોમો સમૃદ્ધ થાય, સંપત્તિનુ ગ્રય અને ધ્રતિ સમજી લઈ એક કાળે એ પણ, એ વખતે જે પછાત હોય તેના લાભાર્થે,

ત્યાગ કરતાં શીખે, એ રીતે સમાજનું ચક્ર ચાલતું રહે તો તે સામાજિક પંથોને સરજતા ઉપાયો કરતા વધારે કલ્યાણકર સમાજને થાય કે નહિ તે આપને વિચારવા સૂચવું છું. પણ એ ક્યારે બને? સંસ્કારી કોમો સાચા અર્થમાં સંસ્કારી બને, વિચારી બને અને ત્યાગી બને તો જ.

પછાત કોમોની સંસ્થાઓ ચલાવવા માટે સંસ્કારી કોમોના જે લોકો પોતાનો પૈસો કે સેવા અર્પણ કરે છે તે આ દૃષ્ટિએ જોતા પછાત કોમો ઉપર ઉપકાર કરે છે તે કરતાં પોતાના વંશવારસોને કે ભાઇઓને સુરક્ષિત રાખવાના ઉપાયો યોજે છે એમ કહેવાને હરકત નથી.

મંદિરો અને મૂર્તિપૂજા

હવે એક બીજી બાબત ઉપર આવું છું. જે પછાત કોમોની સેવામાં આપણે પડયા ... તેમની ઉપર ધર્મ ને નીતિના સંસ્કાર પડવા જોઇએ એ જેટલું મહત્વનું છે, તેટલું જ ધર્મ કે નીતિના સંસ્કારો, ભ્રમ કે વહેમ કે અંધશ્રદ્ધા નિર્માણ થાય એ રીતે ન પડે એ મહત્વનું છે એમ હું માનું છું.

આ બાબતમા તમારી અને પૂ. બાપુજીની ભીક્ષા તથા અંત્યજો માટે મંદિરો બાંધવાની પ્રવૃત્તિ મને પસંદ નથી એમ મારે કબુલ કરવું જોઇએ.

હું મૂર્તિપૂજક કુટુંબમા ઉછરેલો છું એટલું જ નહિ, પણ અનેક વર્ષો સુધી એકચિત્તે એટલી હદ સુધી મૂર્તિપૂજા કરી છે કે મારી પાડોશમા રહેતા આર્યસમાજીઓ જ નહિ, પણ ઠક્કર બાપા જેવા આજે મૂર્તિની પ્રતિષ્ઠા કરનારા અને કાકા સાહેબ જેવા સનાતની પણ મારી મૂર્તિ પરની શ્રદ્ધા માટે મને હસતા મારી આ નવ વર્ષ ઉપરની મનોદશા મેં એક પ્રલાપમાં ઉતારી છે તે અહીં ટાંકુ છું:—

"વળી હે દેવ, મેં વિચાર્યું જે સર્વવ્યાપી, નિરાકાર તત્ત્વને હું સ્વામી-સેવક ભાવે શી રીતે ઉપાસું? હું કયે સ્થાનકે રહી, ગે પ્રકારે, નિરાકાર તત્ત્વની પરિચર્યા કરું?

"વળી, હે જગજીવન, તું નિરાકાર જ છે અને સાકાર નથી એમ કહી તારું સર્વશક્તિમાન પદ હું કેમ સાર્થક કરું?

"માટે દેવેશ, તું સાકાર છે એમ હું જાણુ છું.

'કોઇ પૂછે છે, સાકાર હોય તે સર્વવ્યાપી કેમ હોય? એક ગોખલામા રહેલું નાનકડું કોડિયું આખા ભવનમાં પોતાના પ્રકાશ વડે વ્યાપી જાય છે, એમ રોજ જોયાં છતા હુ કેમ તારા સર્વવ્યાપકપણામાં શકા લાવું, દેવ?

"સર્વવ્યાપી તુ મારી મૂર્તિમાં કા ન હોય?

"ભગવન્, મૂર્તિમા વસી ભક્તે અર્પણ કરેલા પત્ર—પુષ્પ તુ સ્વીકારવા અશક્ત છે, એ મારે ગળે કેમ ઉતરે?

'વળી, મેં વિચાર્યું જે નરસિંહ મહેતો, મીરાબાઈ, તુકારામ ઇત્યાદિ મૂર્તિપૂજક થઇ સંતોની પંક્તિમાં ભળ્યાં, તો એ જ માર્ગે હું પણ, હે પરાત્પર, તારું પદ કાં ન પ્રાપ્ત કરું? આ રીતે, દેવેશ, હું મૂર્તિપૂજક રહ્યો."

મૂર્તિપૂજા મારે મન કેવળ એક કુલધર્મ કે કૌટુમ્બિક રૂઢિનું પાલન નહોતું પણ મારી એમા સ્વતંત્ર શ્રદ્ધા હતી પણ એક દિવસ મારી આંખો ખૂલી ગઇ, મારી શ્રદ્ધા પાયા વિનાની, મારી પૂજા, સત્યની નહિ પણ મારા પૂર્વજોએ આપેલી અને મેં અધુરા

વિચારથી સ્વીકારેલી, કેવળ કલ્પનાની પૂજા છે એમ મને માલમ પડ્યું. છતાં ઘણો વખત સુધી એ જ્ઞાનને સ્વીકારતા હું અચકાયો. એ જ્ઞાન ખોટું હશે એમ માનીને ચાલવાનો મેં પ્રયત્ન કર્યો. એ જ્ઞાન વિરોધી શ્રદ્ધાને ન ટકાવી શકયો ત્યારે કેટલા યે દિવસ સુધી રડ્યો. એ જ્ઞાનને યે ઘડીભર શાપ આપ્યો અને અજ્ઞાનમૂલક અંધશ્રદ્ધાને ચાહી. પણ બુદ્ધિ એ જ્ઞાનને ખોટું ન કરી શકી, અને પ્રામાણિકતા, જ્ઞાન વિરોધી શ્રદ્ધા ન જમાવી શકી, અને છેવટે જ્ઞાનની વાતને નિઃશંકપણે સ્વીકારી, ત્યારે જ શાંત થયો અને આગળ વધી શકયો.

આટલી વિગતમા ઉતરવાનું કારણ એટલું જ કે હું કહું છું તેમાં કેવળ એક વાદગ્રસ્ત વિષયની ચર્ચા કરવાનો મારો ઉદ્દેશ નથી, પણ એ વિષે — જેટલી કિંમતનો તમને લાગે તેટલો— અનુભવ છે.

ઘણીવાર એમ કહેવામા આવે છે કે અજ્ઞાની, સુશિક્ષિત લોક માટે અથવા બહુજન સમાજ માટે મૂર્તિપૂજા તથા બીજી વિધિઓ આવશ્યક છે. માટે, તેમને માટે આવી યોજનાઓ કરવી જોઈએ આનો ઉત્તર મોર્લીએ 'સત્યાગ્રહની મર્યાદા'માં સચોટ રીતે આપેલો છે તે વાચવાની હું આપને વિનંતિ કરુ છું. એ હું વાંચી બતાવતો નથી. પણ એ ઉત્તરોને છોડી દઇએ તો યે મારું કહેવુ એમ છે કે તમે મૂર્તિપૂજામા શ્રદ્ધાવાન હો તો એક વાત છે. પણ તમે પોતે જો એ વિષયમા શ્રદ્ધા વિનાના હો તો જેમા તમને શ્રદ્ધા ન હોય તેમા તમારે બીજાને જોડવા એ અપ્રામાણિકતા છે. અને આવું થાય છે માટે મને વધારે દુઃખ થાય છે. બ્રાહ્મણો પોતાની જનોઇ માટે એટલા ઉદાસીન બનતા જાય છે કે એ ગળામાં છે કે નહિ તેનું ભાન નથી હોતું કોઈ ન જોઇને પૂછે તો 'ધોબીને ત્યા ગઇ છે' એમ કહેતા અચકાતા નથીઃ અને છતાં આજે અત્યાર સુધી એ તાતણાઓથી મુક્ત રહેલા હિંદુ સમાજને ઉપવીત સંસ્કાર આપવાની ચળવળ ચાલી રહી છે ! આ જ પ્રમાણે તમને પોતાને મૂર્તિપૂજામા બાળક બુદ્ધિ લાગતી હોય છતા જો તમે ભીલો માટે જુદા મંદિરો બંધાવવાની ખટપટ કરો તો એ પોતાની બુદ્ધિ સાથે વ્યભિચાર છે.

મૂર્તિપૂજાની ભૂમિકામાંથી પસાર થવું દરેક વ્યક્તિને આવશ્યક છે એવું મને જણાયું નથી. મૂર્તિપૂજાથી જે સારા સંસ્કારો પડેલા કે ભાવનાઓ પોષાયેલી જણાય છે, તે મૂર્તિપૂજા વિના યે પાડી શકાય એમ જોવામા આવે છે, અને મૂર્તિપૂજા કરનારાઓમા તે હોય છે જ એમ નથી અને મૂર્તિપૂજાને લીધે આવતી સંકુચિતતા, અંધશ્રદ્ધા અને શ્રદ્ધાળુ નાસ્તિકતાનો એક માર્ગ બંધ થાય છે જ.

એમ કહેવામા આવે છે કે મૂર્તિપૂજાનો આટલો વિરોધ શો ? દુનિયાની કઈ પ્રજા મૂર્તિપૂજા નથી કરતી ? મક્કાની જાત્રા, કે પીરોની કબર, ઇશુના ક્રોસનું વંદન, કોઇ અગ્નિમા આહુતિ, આગેવાનનું ચિત્ર ખુલ્લું મુકવાની ક્રિયા, દેશની ધજાને સલામી એ બધું મૂર્તિપૂજા નથી તો શુ છે ? એ જાતની મૂર્તિપૂજાનો નાશ કરવા મહમદ પેગંબર કે સ્વામી દયાનંદ જેવા સો ખંડનકારો નીકળે તો યે થઈ શકવાનો નથી; કારણ કે એવી પૂજા એ મનુષ્યચિત્તનો એક સ્વભાવ જ છે.

આ વાત સાચી છે. અનેક વસ્તુઓ એવી છે કે જે મનુષ્ય સ્વભાવમાં એવી સ્થિર થયેલી છે કે જડમૂળથી નહિ જાય. દા ત. અસ્પૃશ્યતાની ભાવના પણ એવી જ એક

વસ્તુ છે. છતાં, આજે આપણે અસ્પૃશ્યતા નિવારણની ચળવળ ઉપાડી છે. એનું કારણ એ છે કે જે સ્વરૂપમાં આજે અસ્પૃશ્યતા હિંદુ સમાજમાં છે તે અનિષ્ટ છે. ઢેડ, ભંગીઓ વિષેની અસ્પૃશ્યતા હિંદુસમાજમાંથી નીકળી જવાથી, જગતમાં સર્વે માનવોની સમાનતા થઇ જશે એવું કાંઇ નથી; અને અહીંથી નીકળી ન હશે ત્યાં કદાચ યૂરોપમાં એ અહીંના જેટલી તીવ્રપણે જાગી ગઇ હશે એમ પણ બને. છતા, આજે એનો આ પ્રકાર અનિષ્ટ છે, અધર્મ છે અને તેનો નાશ કરવો એ જ ઉચિત છે.

તે જ મુજબ, મૂર્તિપૂજા જે સ્વરૂપમાં આજે હિંદુસમાજમાં પ્રચલિત થઇ છે, તે સ્વરૂપમાં તે અનિષ્ટ છે, તેથી ધર્મમાં સંકુચિતતા, કલેશ, મિથ્યાચાર, વહેમ અને જડતા વધ્યાં છે, અનેકની બુદ્ધિ પર તાળુ વસાયેલું રહ્યું છે, એ દંભ અને દુરાચારને પોષવામાં યે હાથલાકડી બની શકે છે, અને તેથી પ્રચલિત સ્વરૂપની મૂર્તિપૂજામાંથી હિંદુસમાજને મુક્ત કરવામાં જ ધર્મ રહેલો છે.

મુસલમાનો યે આજે મસ્જીદના મકાનની અને ઇદના દિવસની મૂર્તિપૂજા કરી રહ્યા છે એ વિષે મારા મનમાં શંકા જ નથી ડાહ્યા મુસલમાનનું કર્તવ્ય છે કે મુસલમાનને એ પૂજામાંથી છોડાવે

એવી પૂજા ન માનનારા હિંદુ તથા મુસલમાનોમાં ઘણા યે છે તો ખરા; પણ મને લાગે છે કે તેઓ સ્પષ્ટ બોલવા નથી ઇચ્છતા, અને જેમનો એવી પૂજાઓ ચાલુ રખાવવામાં સ્વાર્થ રહેલો છે તેઓ તો લોકોને એવી પૂજામાં દૃઢ કરવા પ્રયત્ન કરે એમાં નવાઇ નથી.

વ્યાવહારિક દૃષ્ટિએ પણ મંદિરો બાંધવાની પ્રવૃત્તિ આજે ઇષ્ટ જણાતી નથી. હિંદુસ્તાનમાં દેવમંદિરોનો તોટો છે એમ કોઇ નહિ કહી શકે. એ મંદિરોના દેવ અને મિલકતની વ્યવસ્થા ચિંતાનો વિષય થઇ પડ્યા છે, અને તેમનું અસ્તિત્વ એક જ વર્ગને લાભદાયી થઇ શકે એમ છે: તે વર્ગ કચેરીઓમાં કામ કરનારાઓનો.

પોતાની ઉન્નતિ માટે મૂર્તિપૂજાની આવશ્યકતા જણાતી હોય, પછાત કોમોમાં મંદિરો માટે ભૂખ હોય અને તેમાં સંચાલકોની પોતાની શ્રદ્ધા હોય, તો યે, ભીલ અંત્યજો વગેરે માટે ખાસ મંદિરો બાંધવા કરતાં સામાન્ય મંદિરો પછાત કોમો માટે ખુલ્લાં કરવાની પ્રવૃત્તિ *ઉપાડવી વધારે ઇષ્ટ જણાય છે. કૂવાનો પ્રશ્ન અને મંદિરોનો પ્રશ્ન એક જ કોટિનો નથી.* કૂવા વિના માણસ જે હેરાનગતિ ભોગવે છે તેને માટે વિલંબ સહન ન થઇ શકે અને ઊંચી ગણાતી કોમો પોતાના કૂવા વાપરવા દેવાની ઉદારતા બતાવે ત્યાં સુધી થોભી ન શકાય એ સમજાય એવું છે. પણ મંદિર વિના માણસ ભક્તિ કરી શકે છે. મૂર્તિની આરાધના કરવી હોય તો તે યે કરી શકે છે ભજન–ભક્તિ માટે ભેગા થવાના સ્થળ ઉપર ઇષ્ટ દેવનું એક ચિત્ર મૂકીને યે ચલાવી શકે છે.

મંદિરો વિના ન જ ચાલે એમ લાગતું હોય તો યે સ્વામિનારાયણ સંપ્રદાયમાં, 'હરિ–મંદિર' છે તેવું કરીએ તો બસ થાય. હરિમંદિર એટલે ઉપાસના મંદિર. તેમાં એક આકર્ષક ઠેકાણે દેવમૂર્તિ રાખેલી હોય, પણ એ દેવને વસ્ત્ર, ભોગ વગેરે ધરાવવાની જરૂર નહિ; આરતી ઉતારવાની જરૂર નહિ; ઘંટા–નાદ કરાવવાની જરૂર નહિ. સુધરેલી ઢબે કહીએ તો ઉપાસના મંદિરમાં રામકૃષ્ણાદિક મહાપુરુષોના કે સંતોના ચિત્રો ગોઠવ્યાં હોય તો તેટલું બસ ગણાય.

વાસ્તવિક રીતે મનુષ્યચિત્તની રચના જોતાં, મનુષ્ય કે પ્રાણીનું ચિત્રાલેખન જ પાપ છે, એવો ઇસ્લામનો મત એક છેડાની ભૂલ છે, અને પૂજ્ય પુરુષોનાં ચિત્રમાં દેવત્વનું આરોપણ કરી તેને પૂજા તથા ભોગ ચઢાવવાં એ બીજા છેડાની ભૂલ છે. પૂજ્ય જનોનું ચિત્ર જોઇને પૂજ્ય જનનું સ્મરણ થાય છે, અને તેથી તે ચિત્ર બીજાં ચિત્રે કરતાં વધારે આદર ઉપજાવે છે. એ ચિત્તનો સ્વભાવ ટાળી શકાય એવો નથી, ટાળવાની જરૂરે નથી. જો એટલી જ મર્યાદામાં મૂર્તિનો ઉપયોગ રહે તો તેમાં કશો દોષ કાઢવાપણું ન રહે. પણ જ્યારે મર્યાદાનો અતિરેક દોષ નિર્માણ કરે છે અને અનર્થ પણ ઉપજાવે છે, ત્યારે કબીર જેવા કટાક્ષ વિશારદને ગાવું પડે છે કે—

"તીરથ મે તો સબ પાની હૈ, હોવે નહિ કછુ અન્હાય દેખા;
"પ્રતિમા સકલ તો જડ હૈ બોલે નહિ બોલાય દેખા.—૧
"પુરાન કોરાન સબ બાત હૈ યા ઘટકા પરદા ખોલ દેખા;
"અનુભવકી બાત કબીર કહૈ, યહ સબ હૈ જુઠી પોલ દેખા."—૨

મુસલમાનને કહેવું પડે છે કે—

"મુલ્લા હોકર બાંગ જો દેવે, કયા તેરા સાહબ બહિરા હૈ?
"કીડી કે પગ નેવર બાજે, સોભી સાહબ સુનતા હૈ!"

અને હિંદુઓને કહેવું પડે છે કે—

"માલા ફેરી તિલક લગાયા, લંબી જટા બઢાતા હૈ,
"અંતર તેરે કુફર કટારી, યો નહિ સાહબ મિલતા હૈ."

અને પછી પોતાને માટે કહે છે—

"જબ મૈં ભૂલારે ભાઈ, મેરે સત ગુરુ જુગત બતાઈ
"કિરિયા, કર્મ આચાર મૈં છાડા, છાંડા તીરથકા નહાના,
"સગરી દુનિયા ભઇ સયાની, મૈં હિ એક બૌરાના. ૧
"ના મૈં જાનું સેવા બંદગી, ના મૈં ઘંટ બજાઈ,
"ના મૈ મુરત ધરી સિંહાસન, ના મૈ પુષ્પ ચઢાઈ. ૨
"ના હરિ રીઝે જપ તપ કીન્હે, ના કાયા કે જારે,
"ના હરિ રીઝે ધોતી છાડે, ના પાચો કે મારે. ૩
"દયા રાખી ધરમકો પાલૈ જગ સો રહે ઉદાસી,
"અપના સા જીવ સબકો જાનૈ, તાહિ મિલે અવિનાસી. ૪
"સહૈ કુશબ્દ વાદ કો ત્યાગૈ, છાડૈ ગર્વ ગુમાના,
"સત નામ તાહિકો મિલિ હૈ, કહૈ કબીર સુજાના." ૫

ભેટોનાં લીલામ

આ જ પ્રસંગમા થોડો વિષયાન્તર થાય છતા પૂ બાપુજી જે રીતે સૂતરના હાર કે બીજી ભેટોના લીલામ કરે છે, તે પદ્ધતિ પ્રત્યે મારો અણગમો છે તે જણાવું છું. હું પૂજ્ય બાપુજીને સમજાવી નથી શકયો એ મારી અશક્તિ છે પણ સહજાનંદ સ્વામીની પ્રસાદીની ચરણ છાપનું કે તેમના નખ કેશનું, વસ્ત્ર કે વાસણનુ વેચાણ કે ઇશુના ક્રોસના લાકડાના છોડિયાંનું વેચાણ, કે નેપોલિયનના બૂટનું વેચાણ એ જેમ અપ્રામાણિક વેપારનું સાધન બન્યા છે, તેમ જ આ પણ બને એમ છે.

સહજાનંદ સ્વામીનું વસ્ત્ર પ્રાપ્ત કરવામા કે પૂ. બાપુજીનો હાર પ્રાપ્ત કરવામાં કાંઈ વિશેષ પુણ્ય રહ્યું છે એવી શ્રદ્ધા બંધાયા વિના એને માટે કોઇ મનમાની કિંમત આપે નહિ, અને

એવી શ્રદ્ધા અંધશ્રદ્ધાને જ પોષે. જેમ પૂ. બાપુજીએ ફાળો મેળવવા માટે યે ધધાદારી નાટકની મદદ લેવી નૈતિક દૃષ્ટિએ અયોગ્ય માની, તેમ ફાળો મેળવવા માટે આવી વસ્તુના લીલામને હું ધાર્મિક દૃષ્ટિએ અયોગ્ય સમજું છું. ભલે એ ધન આજે દેશહિતાર્થે જ વપરાતું હોય પણ એને મેળવવાની આ પદ્ધતિ આગળ જતા એવો દોષ નિર્માણ કરશે કે જેને માટે એમ કહી શકાય કે "એ છે પરપંચ સૌ પેટ ભરવા તણા." તમારા મંદિરો પણ પેટ ભરવાનાં સાધન ન બની જાય તે સંભાળજો.

મારા આ મતો આપ ગંભીરતાથી વિચારશો એવી વિનંતિ કરું છું. અને મારા વિચાર રજુ કરવાની રીતિથી કોઈની લાગણીને મેં દુ:ખવી હોય તો તે માટે ક્ષમા માગું છું. કોઇને દુભવવાનો કે કોઇના ધાર્મિક વિચારો સાથે ઝગડો કરવાનો મારો વિચાર નથી, પણ આપનો બોલાવેલો આવ્યો છું તો મારા વિચારો બને તેટલા સ્પષ્ટપણે જણાવવા મારું કર્તવ્ય જાણીને જણાવ્યા છે. આશા રાખુ છું કે મેં અતિથિની મર્યાદા છોડીને કહ્યું છે. એમ કોઈને નહિ લાગે.

ફરીથી આપનો અંતરથી આભાર માનું છું.*

કિશોરલાલ ઘ. મશરૂવાળા

શાશ્વત સાગર

(૧)

શાશ્વતનો સાગર શો ગર્જતો રે લોલ !
યુગ યુગના અણગણ્યા તરંગ જો,
શાશ્વતનો સાગર શો ગર્જતો રે લોલ !

(૨)

સૂર્ય, ચંદ્ર રહ્યા રહ્યા કાંઠડે રે લોલ,
બાલકશા ખેલે જલખેલ જો;
શાશ્વતનો સાગર શો ગર્જતો રે લોલ !

(૩)

તારલા તરંગશિરે દીવડા રે લોલ,
થાય થાય ને વળી વિલાય જો;
શાશ્વતનો સાગર શો ગર્જતો રે લોલ !

(૪)

ઊર્મિ ઊર્મિ વિશ્વ નવા અવતરે રે લોલ,
ઊર્મિ ઊર્મિ વિશ્વ કૈં વિલાય જો,
શાશ્વતનો સાગર શો ગર્જતો રે લોલ !

સુંદરજી ગો. બેટાઇ

* ભીલ સેવા મંડળ દાહોદ (પંચમહાલ)ના છઠ્ઠા વાર્ષિક ઉત્સવ પ્રસંગે તા. ૧૮-૪-૨૯ ને રોજ આપેલું વ્યાખ્યાન.

નવા રશિયામાં ધર્મનું પરિવર્તન

[અમેરિકામા વૅનગાર્ડ પ્રેસમા પ્રકટ થયેલા એક પુસ્તકનો આ ટુંકો સાર છે પણ તેમા મારી ટીકાઓનો વધારો કર્યો છે. રશિયા અને હિંદી પ્રજા વચ્ચે કેટલુંક સામ્ય છે. બન્ને અતિ વિશાળ દેશ છે, બન્ને દેશોમા અનેક ધર્મોનુ પાલન થાય છે, બન્ને પ્રજા સ્વભાવે શાંત, સરળ અને ધાર્મિક વૃત્તિવાળી છે. સાથે સાથે કહેવુ જોઈએ કે કોઈ પણ બે દેશની પ્રગતિ સરખી રીતે એક માર્ગે થતી નથી. આધ્યાત્મિક વૃત્તિવાળી રશિયન પ્રજા ધાર્મિક ક્ષેત્રમા શું કરી રહી છે તે જાણવાજોગ છે. સુ. મ.]

રશિયાનો આત્મા

જેવી રીતે ભારતવર્ષને ધર્મભૂમિ કહેવામા આવે છે તેવી રીતે રશિયન સામાન્ય રીતે "ઈશ્વરસાધક" કહેવાય છે. એક કહેવત છે કે અંગ્રેજો અને અમેરિકનો રમતગમતની વાતો કરે છે, ફ્રેન્ચો સ્ત્રીઓ વિષે ચર્ચા કરે છે અને રશિયનો, ખાસ કરીને સામાન્ય વર્ગના માણસો, ઈશ્વરની લીલા અને ધર્મ વિષે વાતો કરે છે આખા રશિયામા ઠેકઠેકાણે અસંખ્ય દેવાલયો, મૂર્તિઓ અને મઠો બંધાયા છે, દરેક દિવસને માટે એક સંત મુકરર થઈ ગયો છે, રસ્તામા અને ચોકઠામા જ્યા જ્યા મૂર્તિઓ હોય છે ત્યા લોકો નમન કરતા અને ટૂંકી પ્રાર્થના કરતા જોવામા આવે છે ખૂની અને લૂટારા પણ પ્રાર્થના કરીને ધર્મની વાતો કરે છે. ધાર્મિક ક્રિયા રૂઢ થઈ જઇને આત્મા જડ થયો હશે તે છતા રશિયામા નાસ્તિકતા નથી.

રશિયાના ધર્મનુ મુખ્ય લક્ષણ દયાભાવ છે. એમના સામાજિક જીવનનું મુખ્ય લક્ષણ દયાભાવ છે. રશિયનને દુઃખ સહન કરવું ગમે છે અને દુઃખી માણસ ગમે છે. અપ્રમાણિક, દુષ્ટ અને ભટકતા લુચ્ચા માણસો તરફ એને તિરસ્કાર નથી, એવા લોકોને એ "કમનશીબ" કહે છે ટોલ્સ્ટોય, ગોર્કી, ડોસ્ટોયવ્સ્કી વગેરે મહાન લેખકો દુરાચારીઓનો તિરસ્કાર નથી કરતા પણ તેમના માનસ વિષે ચર્ચા કરીને તેમનો બચાવ કરે છે. રશિયનમા ક્ષમાભાવ બહુ ખીલ્યો છે. આપણે છૂટા પડતા વખતે કહીએ છીએ કે "બોલ્યુ ચાલ્યું માફ કરજો" તે પ્રમાણે રશિયામા પણ કહેવાય છે. શેઠ અને નોકર પણ અરસપરસ માફી માગે છે અને આપે છે. સામા પક્ષ કે દુશ્મન તરફ વેરભાવ અને તિરસ્કારની લાગણી રશિયામા જોવામા નહિ આવે; અને આજે પણ બૉલ્શેવિક અને બૂર્ઝવા[1] સાથે રહીને સહકાર કરી શકે છે. દુઃખ અને અપમાન સહન કરવા એ નીતિ ટોલ્સ્ટોયે સામાન્ય લોકોમાથી ગ્રહણ કરી હતી.

રશિયન દૂર દૂર યાત્રાએ જાય છે, એને મૂર્તિપૂજા તરફ પ્રેમ છે. એ પ્રજાનો મોટો ભાગ ખ્રિસ્તી ધર્મના નૈતિક આશયો વિષે અજ્ઞાન છે, ગામડાંના પાદરીઓ બીજા લોકો કરતાં વધારે ભણેલા નથી પણ હોતા, પણ પુરાણોનાં જેવાં પુસ્તકો અને રૂઢ થયેલા આચારવિચારને લીધે નૈતિક ધર્મ રચાયો છે. અતિથિસત્કાર, પડોશીધર્મ, મિત્રાચાર,

---

1 જાતે મહેનત કર્યા વિના પારકી મહેનતનો લાભ લઈ મોજશોખમા રહેનાર વર્ગ મૂડીદાર અને જમીનદાર વર્ગનો આમાં સમાવેશ થાય.

પ્રેમ, અને દયાભાવ નમ્રતા ડહાપણ, ધીરજ, ઉદ્યમ, સાદાઈ વગેરેને ઉચ્ચ સ્થાન આપ્યું છે અને ચાડી, દ્વેષ, લાલસા, ખુશામત, કંજુસાઇ, તૃષ્ણા, આળસ, એને વખોડી કાઢયાં છે.

ઇશ્વર તરફ પ્રેમભાવ, મનુષ્ય તરફ ભ્રાતૃભાવ, અહિંસા, સત્ય, દયા, ક્ષમા, શાંતિ, ધીરજ એ ગુણો ખીલવવાનો પ્રયાસ કરે છે. ઇશ્વરને સાધવા અને સત્ય શોધવા તરફ રશિયનને ભૂખ હોય છે.

સંઘ

અંગ્રેજી ભાષામા "ચર્ચ" શબ્દનો અર્થ દેવાલય થાય છે, પણ તેના વિસ્તૃત અર્થમા ધર્મ અથવા અમુક સંપ્રદાયના ધર્માચાર્યોનો બંધારણસહ સમૂહ અથવા સંઘ એવો અર્થ થાય છે. ખ્રિસ્તી ધર્મમા ગ્રીક અને રોમન એ બે મોટા સંપ્રદાય છે. રશિયાનો સંપ્રદાય ગ્રીકમાંથી પેદા થયો છે એટલે આપણે સામાન્ય રીતે રોમન કેથોલિક, પ્રોટેસ્ટંટ, વગેરે અનેક સંપ્રદાયોનાં નામ યુરોપ અમેરિકામા સાંભળીએ છીએ તેની જોડે સંબંધ નથી. સનાતની ખ્રિસ્તી ધર્મ અમારો છે એમ રશિયનો માને છે. એના જૂના ઇતિહાસને આપણે પડતો મૂકીશું. મહાન પીટર રાજા જેણે રશિયામા દરેક પ્રકારના સુધારા દાખલ કર્યાં હતા તેણે ૧૭૨૦ ની સાલમા ધાર્મિક સંઘ (ચર્ચ)ને રાષ્ટ્રના હાથ નીચે આણ્યું, અને સંઘની વ્યવસ્થા એક સમિતિને સોંપી પણ તેના સભ્યોની નીમણૂંક રાજા કરે. આવી રીતે રાષ્ટ્રને સર્વોપરી કર્યું અને સંઘને પોતાનું હથિયાર બનાવી દીધું. આ સંઘ એટલો ગુલામી અને ખુશામતીઓ થઈ ગયો હતો કે છેલ્લા રાજાને મદદ કરવા માટે પ્રજાનું શિક્ષણ ઓછું કરવામાં, ચાડીચુગલી કરવામાં, રાજદ્રોહી ગણાતા માણસો પર દેખરેખ રાખવામા તેણે સરકારને મદદ કરી હતી અને જ્યારે બળવો (૧૯૧૭) થયો ત્યારે તેનો સખ્ત વિરોધ કરીને તેને નાપાક અને અધાર્મિક ઠરાવ્યો હતો. રાજ્યસત્તા અને ધાર્મિક સત્તા એ સ્વતંત્ર હોવાં જોઇએ અને જ્યા જ્યાં એ એકઠા થયાં છે ત્યા ત્યાપરિણામ ખરાબ આવ્યું છે. આજે રશિયામા બન્ને છુટાં થવાને લીધે ધાર્મિકસંઘનો પુનરુદ્ધાર થયો છે.

જેવી રીતે રશિયાની રાજ્યસત્તાએ પ્રજાની ઉન્નતિ સામે વિરોધ કર્યો હતો તે જ પ્રમાણે છેલ્લાં ૨૦૦ વર્ષથી સંઘની સમિતિની બેઠક બોલાવી નહોતી. ઘણા યે ધર્માચાર્યોને સંઘની ગુલામી દશા અસહ્ય લાગતી હતી અને ધાર્મિક નિષ્ક્રિયતા ખૂચતી હતી. જ્યારે જર્મની વગેરે દેશો સાથે લડાઈ શરૂ થઇ ત્યારે ધર્મગુરુઓએ આગ્રહપૂર્વક જાહેર કર્યુ કે સંઘે રાષ્ટ્રનું રક્ષણ કરવું જ જોઇએ, પણ જ્યારે બોલ્શેવિક સરકારના હાથમા રાજ્યસત્તા આવી ત્યારે સંઘે તેનો વિરોધ કર્યો. નવી રાજસત્તાએ લગ્નને વ્યાવહારિક કરાર ગણીને ધાર્મિક સંસ્કાર ગણવાની મનાઈ કરી હતી, નિશાળોનો વહીવટ સંઘ પાસેથી ખૂંચવી લઇને રાજ્યને સોંપ્યો હતો, સંઘની જમીન મકાનો વગેરે મીલ્કતને રાજ્યનાં ગણ્યાં હતાં એ બધાંની સામે ગુસ્સો પ્રદર્શિત કર્યો. બન્ને પક્ષ જબરા હતા અને બન્નેએ સખત લડતને માટે તૈયારી કરી પણ ધર્મગુરુઓ વખતસર ચેતી ગયા કે પોતાની જીત થવાની નથી તેથી છેવટે માથું નમાવ્યું. સરકારે જે નિર્ણય કર્યો તે વિગતવાર જાણવા જેવો છેઃ—

(૧) ધાર્મિક સંઘને રાષ્ટ્રથી છુટું પાડવામાં આવે છે.

(૨) રશિયામા કોઈ પણ વ્યક્તિને અન્યાય થાય અથવા ધાર્મિક સ્વતંત્રતાને બાધ આવે એવા નિયમો કે હુકમો કોઈ પણ કાઢી શકશે નહિ.

(૩) દરેક નાગરિક પોતાની ઇચ્છા પ્રમાણે કોઈ પણ ધર્મ પાળી શકશે અથવા એકે ધર્મ નહિ પાળે. (રાજ્યના કોઇ પણ લખાણોમા વ્યક્તિના ધર્મ વિષે ઉલ્લેખ કે પૂછપરછ કરવી નહિ એટલે ખ્રિસ્તી છે કે મુસલમાન કે નાસ્તિક તેની સાથે રાજ્યને સંબંધ ન હોય.)

(૪) કાયદાના રાષ્ટ્રીય, સામાજિક કે જાહેર સમારંભોમાં ધાર્મિક ક્રિયા અગર રિવાજને સ્થાન આપવું નહિ.

(૫) બીજા કોઇના હક્કને અડચણ રૂપ ન થાય એવી ક્રિયાઓ કરવાનો હક્ક દરેક વ્યક્તિને છે. સ્થાનિક સરકારે જાહેર શાંતિ જાળવવા માટે યોગ્ય પગલાં લેવા.

(૬) ધાર્મિક કારણ બતાવીને કોઇ પણ વ્યક્તિ નાગરિક ફરજોમાંથી મુક્ત થઇ શકશે નહિ. જો કોઇને કામનો પ્રકાર બદલવો હશે તો પ્રજાકીય સમિતિની સંમતિ મેળવવી પડશે.

(૭) ધાર્મિક સોગન બંધ કરવામા આવે છે.

(૮) લગ્ન, જન્મની નોંધ પ્રજા રાખશે.

(૯) શાળાઓ સંઘથી છૂટી રહેશે. રાષ્ટ્રીય, જાહેર કે ખાનગી શાળાઓમા ધાર્મિક ગુન્હા, જેવા કે ધર્મગુરુની અવગણના કરવી તે ગુન્હો છે, તે વિષેનું શિક્ષણ બંધ કરવામાં આવે છે. ખાનગી રીતે વ્યક્તિઓને તેવું શિક્ષણ આપી શકાશે.

(૧૦) બધી સંઘની અથવા બીજી ધાર્મિક સંસ્થાઓને સામાન્ય સંસ્થાઓના નિયમો લાગુ પડશે, તેમને કોઇ જાતના ખાસ હક્કો કે આર્થિક મદદ રાજ્ય તરફથી કે સ્થાનિક સંસ્થાઓ તરફથી આપવામા આવશે નહિ.

(૧૧) સંઘ માટે કે ધાર્મિક સંસ્થાઓ માટે કોઈ પણ જાતનું ફરજિયાત ઉઘરાણું થઇ નહિ શકે અથવા કોઇ જાતની સજા કરાશે નહિ.

(૧૨) સંઘ કે ધાર્મિક સંસ્થા મિલકત રાખી નહિ શકે. એને કોઇ જાતનો ન્યાય આપવાનો હક્ક નથી.

(૧૩) બધા દેવાલયો અને ધાર્મિક સંસ્થાઓની મિલકત પ્રજાની થઇ છે. પૂજવાની સામગ્રી અને મકાનો મફત ઉપયોગ માટે તેમને સોંપ્યા છે.

આ ફેરફાર ઘણા ભારે છે, પણ અમેરિકા ફ્રાન્સમાં પણ તે દાખલ થઇ ગયા હતા. મિલકતની બાબતમા બધી બેન્કો, ઔદ્યોગિક કંપનીઓ જમીનદારો વગેરેને જે નિયમ લાગુ પડયા હતા તે સંઘને લાગુ પાડયા છે.

આવા સખત હુકમ જૂના વિચારના ધર્મગુરુઓ સ્વીકારે એવી આશા રાખવી નકામી છે. તેમણે સમાધાની કરવા માટે પોતાની લખેલી શરતો દર્શાવી:—

(૧) રશિયન સનાતની સંઘને ખાસ મહત્ત્વ આપવું અને તેને રાજ્યથી છૂટો અને સ્વતંત્ર ગણવો.

(૨) એનાં ન્યાયાલયોમા જે ચુકાદા થાય તે રાષ્ટ્રીય કાયદાથી વિરૂદ્ધ ન હોય તો કબુલ રાખવા અને રાજ્યે સંઘ વિષે કોઇ પણ કાયદો તેની સંમતિ વિના પસાર કરવો નહિ.

(૩) રાષ્ટ્રીય સમારંભોમાં સનાતની સંઘની ક્રિયા રાખવી અને તહેવારો એ સંઘમાં કબુલ રાખવા.

(૪) સંઘને પ્રચાર કરવામાં રક્ષણ આપવું, સંઘના શિક્ષણ તથા પાદરીઓનું અપમાન ન થવા દેવું, સંઘના માણસો ધર્માંતર કરે એને ગુન્હો ગણવો.

(૫) કોઇ પણ વ્યક્તિ, લગ્નને માટે ઠરાવેલી વય પછી ધર્મમાથી સંઘની આજ્ઞા સિવાય મુક્ત થઈ ન શકે.

(૬) જન્મ, લગ્ન અને છૂટાછેડાનું રજીસ્ટર સંઘના રિવાજ મુજબ રાખવું.

(૭) શાળામા સનાતની ધર્મ પ્રમાણે શિક્ષણ આપવું, લશ્કર અને ખલાસીઓને માટે સંઘના પાદરી નીમવા, અને પાદરીઓને લશ્કરી નોકરીમાંથી મુક્ત કરવા.

(૮) સંઘને જોઇતું નાણું સરકારે આપવું.

આ જાહેરાત પ્રગટ કરીને સંઘે લડાઈ શરૂ કરી પણ રાજ્યે સંઘની જમીન ખેડુતોને આપ્યા સિવાય બીજાં સખત પગલા લીધાં નહિ. પ્રજામત સંઘની તરફ નહોતો એટલે બળવાનું જોર ધીમેધીમે તૂટી ગયું. સંઘમા ફાટફુટ પડી અને ઉદાર વિચારના પાદરીઓ પ્રજા તથા સરકારની સાથે થઈ ગયા. મોટા પૈસાદાર ધર્માચાર્યો સંઘમા મ્હાલતા હતા તેને બદલે મહેનતુ સામાન્ય પાદરીઓ સંઘમા આવ્યા અને સંઘનું બંધારણ તદ્દન બદલી નાખ્યું. આ નવા સંઘે સોવિયેટ સરકારને આશીર્વાદ આપ્યા, પોતાના બંધારણમાંથી પ્રમુખની એક-હથ્થુ સત્તા નાબુદ કરી, મૂડીવાદ તરફ અણગમો બતાવ્યો, અને છેવટે પોતાના બે સિદ્ધાંતો પ્રજાની જાણ માટે જાહેર કર્યા કે (૧) ક્રાઇસ્ટના ઉપદેશને આધીન રહીને પ્રજાનું ધાર્મિક જીવન ખીલવવું. (૨) રાજકીય વિષયમા હાથ નાખવો નહિ પણ સ્વતંત્રપણે કામ કરવું, અને સંઘની વ્યવસ્થા કાયમી બીનજવાબદાર પ્રમુખ વિનાની સમિતિના હસ્તક રાખવી.

આ સંઘના પુનરુદ્ધાર માટે જૂના મઠોમાથી કોઈ સારા આગેવાન મળી શકયા નહિ. તેમની પ્રતિષ્ઠા પણ રહી નહોતી તેથી સંસારી ધર્મગુરુઓ આગળ આવ્યા. વિધુર ગુરુઓને ફરી પરણવાની છુટ મળી. નવા પંચાગનો સ્વીકાર થયો, અને મઠોને લગતા કાયદા થયા. જૂના વિચારના ગુરુઓનો વિરોધ તદ્દન નાશ પામ્યો હતો. ધર્મના સિદ્ધાતોમાં ફેરફાર ન કર્યો પણ ગુરુઓને શિક્ષણ આપવા માટે વિદ્યાલયો કાઢવામા આવ્યા. આવી રીતે ૭ વર્ષની અંદર આ ટંટો શમી ગયો.

ધાર્મિક પરિવર્તન

ધાર્મિક સંસ્થાઓમાં અને ધર્મગુરુઓમા જે જડતા અને નિષ્ક્રિયતા આવી ગયાં હતાં, તેને દૂર કરવા માટે અનેક દેશભક્ત અને વિચારકે ઝુંબેશ ઉપાડી હતી. સંઘની નવી રચના થઇ ત્યારે સુધારકોએ જોયું કે નીચેના કારણોને લીધે અધોગતિ થઈ હતી. (૧) રાજ્યસત્તાના હાથ નીચે જવાને લીધે; (૨) બ્રહ્મચારી (મઠોના) પૈસાદાર ગુરુઓની હદપાર સત્તા; (૩) સામાન્ય પાદરીઓને સ્થાન ન હોવાને લીધે; (૪) પ્રજાહિતના કાર્યો વિષે ઉદાસીન હોવાને લીધે; (૫) ધાર્મિક જીવનમા જડતા હોવાને લીધે ધર્મ તરફ ઉપેક્ષા આવી હતી તેથી; અને (૬) સંન્યાસ વૃત્તિ, શાંતિ, નિષ્ક્રિયતા, નિરુદ્યમ અને ખોટા સંતોષનો પ્રચાર થયો હતો એવાં કારણોને લઇને ધર્મમાં ગ્લાનિ આવી ગઇ હતી.

સંઘ (ચર્ચ)ને સજીવન તથા સક્રિય બનાવવા માટે નીચેના સુધારા સૂચવવામા આવ્યા હતાઃ

(૧) આદિ ખ્રિસ્તીઓના વખતનો સાદો પવિત્ર ઉપદેશ આપવો તેમા ખ્રિસ્ત મનુષ્ય હતો તેના પર ભાર દેવો અને શાસ્ત્રોમાં પાછળથી ઉમેરાયલું "પાંડિત્ય" રદ કરવું

(૨) ઇશ્વર, સત્ય અહિંસા અને દયાનું સ્વરૂપ છે તેના પર ભાર મૂકવો, યાહુદી શાસ્ત્રોમાં વર્ણવેલો ઇશ્વર પાપીઓને શિક્ષા કરનાર અને ગુસ્સે થનાર છે તે નહિ.

(૩) પ્રાયશ્ચિત્ત અને આત્મશુદ્ધિથી દરેક પતિત થયેલી વ્યક્તિ ઇશ્વરનો પ્રેમ ફરી સંપાદન કરી શકે છે.

(૪) ધીમે ધીમે મનુષ્યની આધ્યાત્મિક ઉન્નતિ થયે જાય છે.

નૈતિક સુધારા

(૧) મનુષ્ય તરીકેના સામાન્ય ધર્મોનું પાલન કરવાને લીધે દરરોજના કલહમય જીવનમાથી ઇશ્વરનો પ્રેમ અને શાંતિ મળી શકે છે.

(૨) સંન્યાસીઓના શિક્ષણ પ્રમાણે સમાજનો ત્યાગ કરીને, મનુષ્ય સ્વભાવની ઇચ્છાઓને દબાવી દઇને વ્યક્તિગત મુક્તિ મેળવવાના પ્રયાસને લીધે અધોગતિ થાય છે અને સામાજિક જીવન નાશ પામે છે, માટે સામાજિક ધર્મોનું પાલન કરવું.

(૩) સામાજિક વ્યવસ્થા અને સુખને માટે કૌટુંબિક સંસ્થાની પવિત્રતા સમજાવવી અને સ્ત્રીઓની સામાજિક તથા નૈતિક સમાનતા પર ભાર મૂકવો.

(૪) ઉદ્યમને જીવનની સ્વાભાવિક અને આનંદમય પ્રવૃત્તિ ગણવી. તેના વિના સામાજિક ઉન્નતિ ન થઈ શકે.

(૫) દરેક માણસને ઇશ્વરી (કુદરતી) બક્ષિસો વાપરવાનો સરખો હક્ક છે એ રાજ્યનો મુખ્ય સિદ્ધાંત છે.

(૬) કમનસીબ, માંદા, વિધુર અને અનાથ માણસોની સ્થિતિ સુધારવી અને સુખ આપવામા રાજ્યે આર્થિક અને બીજી મદદ કરવી એ એનુ કર્તવ્ય છે.

(૭) સામાજિક પરિવર્તન કરવું, અને કામદાર તથા કામગરા મનુષ્યોનું સંગઠન આખા જગતમા કરીને કામદારોના હક્ક સાધવા અને લુંટાયલાને મુક્ત કરવા.

આ સુધારાઓ ઉપરાંત સંઘની સામાજિક સેવાઓમાં સામાન્ય માણસોએ સક્રિય ભાગ લેવો, પોતાના પાદરી ચૂંટવા, દાનનાં તથા સેવાના કાર્યો કરવાં, ધાર્મિક શિક્ષણ આપવું. આવી રીતે સંઘને જીવતી સબળ સંસ્થા બનાવવી. આ ઉપરાંત એની મેળે બીજા ઘણા ફેરફાર થયે જાય છે. સોવિયેટનો કાયદો છે કે કોઇ પણ સંસ્થા કે વ્યક્તિને હકો અને સત્તા આપવામા આવે છે તે સમાજની સેવાને માટે છે. આ માન્યતા આપણા દેશમાં, નોકરશાહીમાં, ધર્મગુરુઓમા, સાધુ અને ફકીરોમા, મ્યુનિસિપાલિટીઓ અને બોર્ડોમા, સરકારી અને પ્રજાકીય સંસ્થા તથા વ્યક્તિઓમા આવે તો દેશની શિકલ ફેરવાઇ જાય.

સુમન્ત મહેતા

આપણી કવિતાસમૃદ્ધિ

[' પ્રસ્થાન 'મા આ લેખમાલાને અમે સાભાર આવકાર આપીએ છીએ. લેખકની યોજના વિ. સં. ૧૯૦૧ થી લઈને વિ. સં. ૧૯૮૬ સુધીના આપણા કવિઓની લાક્ષણિક કૃતિઓ ટીકા સાથે આપવાની છે. લેખમાલા દોઢેક વર્ષ ચાલશે એવી ધારણા છે. —તંત્રી]

૩

મણિશંકર રત્નજી ભટ્ટ: સાગર અને શશી

૧ * રોમાન્ટિક શૈલીનો નમૂનો

આજ, મહારાજ, જલ પર ઉદય જોઈને
ચન્દ્રનો હૃદયમાં હર્ષ જામે,
સ્નેહઘન, કુસુમવન વિમલ પરિમલ ગહન,
નિજ ગગનમાહિં ઉત્કર્ષ પામે:
પિતા, કાલના સર્વ સંતાપ શામે—,
નવલ રસ ધવલ તવ નેત્ર સામે, પિતા,
કાલના સર્વ સંતાપ શામે !

જલધિજલદલ ઉપર દામિની દમકતી,
યામિની વ્યોમસર માહિં સરતી;
કામિની કોકિલા કેલિ કૂજન કરે,
સાગરે ભાસતી ભવ્ય ભરતી:
પિતા, સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી—
તરલ તરણી સમી સરલ તરતી, પિતા,
સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી. '

વિષય—સૃષ્ટિમાં અને કવિના હૃદયમા ચમત્કારિક હર્ષોલ્લાસની ક્ષણનું વર્ણન.

શૈલી—રોમાન્ટિક. સમગ્રે એક છાપ, એક છબી કે એક મૂર્તિ, ઉપજાવવી એ આ શૈલીનું નિશાન હોતું નથી; સમભાવી વાચકનું હૃદય પોતાના હૃદયરસે રસી દેવું, પોતીકો ઉભરો ભોગવતે ભોગવતે સ્તવવો અને હાલવવો, એ પ્રકારનો આ શૈલીનો આશય હોય છે: અને તેમાં આ કૃતિ પૂરેપૂરો વિજય મેળવે છે. રોમાન્ટિક શૈલીની જાણીતી ખામીઓથી મુક્ત આના જેવી સર્વાંગસુંદર કૃતિઓ ગુજરાતીમાં થોડીક જ છે.

કાવ્યજાતિ—વર્ણન છે તોપણ આ કૃતિ ઊર્મિકાવ્ય (લિરિક) છે, કેમકે ઉલ્લાસની અને પરમેશ્વર પ્રતિ આભારની લાગણીઓ આમા પ્રધાન છે. સાગર ઉપર + પૂર્ણિમાના

* રોમાન્ટિક અને ક્લાસિકલ માટે જુવો ' પૂર્વાલાપ 'નો ઉપોદ્ઘાત, પૃ. ૬૩–૬૬

+ જૂન ૧૯૦૨ ની પૂર્ણિમા; સ્થલ ગોપનાથ પાસેનો દરિયો.

ચંદ્રોદયના ભવ્ય વિષયના વર્ણન દ્વારા ઈશ્વરસ્તુતિ કરવામાં, તેમ અનુગ્રહનુ સ્તોત્ર સંગીતમાં રચવામાં ઔચિત્ય પણ પૂરેપૂરું છે.

છંદ અને ગુણ—કડી ઝુલણા છંદની સાડા ત્રણ લીટીની બને છે. ગાલગા એ માત્રા-ગણુ સાત પછી છેલ્લો એક ગુરુ, એ માપની બે પંક્તિ; લગા + ગાલગા ત્રણ + ગુરુ એવી ગોઠવણીમાં ચાર ગણની અર્ધ પંક્તિ; અને છેલ્લી એક પંક્તિ, જેમાં આ અર્ધપંક્તિની પુનરુક્તિઃ આ પ્રમાણે દરેક કડીના માપની વિગત છે. તાલરચના પણ આને અનુકૂલ આવે એવી હોય તેવા હરકોઇ રાગમા આ ખીલશે. દીવે દીવો પ્રગટે એમ એક શબ્દમુકુલમાંથી જ જાણે બીજું વધારે સુંદર ઉઘડતુ હોય એવા મધુર સંગીતપોષક પ્રાસની "દમક" ઉપર "તરણી-તરલ" અર્થ સેલ્યા કરે છે, અને પોતાની સ્થૂલસૂક્ષ્મ રમણીયતા માટે અમરતા સાધે છે. જાઆમે એએ..., પાઆમેએએ..., સ્નેહઘન કુસુમવન, વગેરે સંગીતના સાજ સાથે જ પૂરેપૂરા ખીલે.

અર્થ—

સ્નેહઘન—સ્નેહ તે જ મેઘ ઘેરી અને અજબ જેવી રીતે તૃપ્તિ દેનાર **પરિમલ** તે જ સ્નેહ.

નિજ ગગન—પોતાને કુદરતી ગગનમાં, સૃષ્ટિ પક્ષે આકાશમાં, કવિ પક્ષે ચિદાકાશમાં.

ઉત્કર્ષ પામે—ઉંચે ચડે છે, સર્વોપરિ થાય છે, સમુલ્લસી રહે છે; જેમ આ ક્ષણે કુદરતમા ચંદ્ર તેમ. ચંદ્ર જ પરિમલ, મેઘ, સ્નેહ, નેત્ર, અને ઇશ્વરનો અનુગ્રહ સર્વેઃ આખું બાહ્યાભ્યંતર ચંદ્રમય સ્નેહમય પરિમલમય ઉલ્લાસમય વર્ષાઋતુના આગમન જેવા તાપ શાંતિના આનંદાનુભવમાં રસ સુખાર્દ્ર ઇશ્વરની પ્રસન્નતાએ તરબોળ એ પ્રમાણે વર્ણન હોવાથી જ આ કાવ્ય રોમાન્ટિક શૈલીનો નમૂનો છે.

કાલના—(૧) આ પૂરી થતી ઋતુના; (૨) મ્હારા હૃદયમા લાંબા સમયથી જામેલા.

નેત્ર—ચિદાકાશમા સ્નેહ, કુદરતમા ચંદ્રઃ સૂર્યચંદ્ર પિતાના સ્થૂલનેત્ર, જ્ઞાનસ્નેહ પિતાનાં સૂક્ષ્મનેત્ર (સ્વીડનબોર્ગ)

કામિની—જોબનમત્ત. દામિની—મોજાઓ ઉપર પ્રકાશબિંદુ અને પ્રકાશસેરોની માળા જેવી, વીજળીની છટા પ્રમાણે દેખાતા લોપાય તો લોપાતાં પાછી દેખાય એવી, ચાંદની.

કેલિકૂજન—કૂજન રૂપ કેલિ. કોયલ બે હોય કે એક જ. સામસામી કોયલો કૂજન-કેલિ કરે છે. અથવા તો એક છે તે વારે વારે કૂજે છે, ઉદ્દીપક કુહૂઉ. પંચમસ્વરને જાણે તદન શાંત પડવા નથી જ દેવો એમ રહી રહીને ફરી ગજવવાની રમત કરી રહે છે; આ કેલિકૂજન સૃષ્ટિના સમુલ્લાસનો જાણે મૂર્ત અવાજ છે.

તરણી—નહાની હોડી, વિહાર-તરી (jolly boat) ભાસતી—ઝળકી રહે છે. પુર્ણિમાની ભવ્ય ભરતીમા આખી સૃષ્ટિ નહાની શી લીલા-તરી જેવી સેલતી લાગે એ હર્ષોલ્લાસની પરિસીમા છે. પ્રથમ કડીનું મુખ્ય કથન દુઃખ સંતાપ શમે છે એવું હોય આ કડી તે કરતાં એક પગથિયુ ઉંચે ચડે છે. અહીં સ્વાનુભવ સર્વાનુભવમાં પીગળી જાય છે એ રીતે પણ આ કડી પગથિયું ચડે છે. ઉપનિષદોમાં છેલ્લા વાક્યની દ્વિરૂક્તિ જેવી આ બંને કડીને અંતે પુનરુક્તિ, ત્યા સુઘટિત તો અહીં સુઘટિત અને સુંદર બંને છે.

૪

લાઠી ઠાકોર સુરસિંહજી: આપની યાદી

જ્યાં જ્યા નઝર મ્હારી ઠરે યાદી ભરી ત્યા આપની.
આસુ મહીં યે આખથી યાદી ઝરે છે આપની.

માશુકોનાં ગાલની લાલી મહીં લાલી, અને
જ્યાં જ્યાં ચમન, જ્યા જ્યા ગુલો,
ત્યાં ત્યા નિશાની આપની.

જોઉં અહીં ત્યા આવતી દરિયાવની મીઠી લહર:
તેની ઉપર ચાલી રહી નાઝુક સવારી આપની.

તારા ઉપર તારા તણા ઝૂમી રહ્યાં જે ઝૂમખા,
તે યાદ આપે આખને ગેબી કચેરી આપની.

આ ખૂનને ચરખે અને રાતે હમારી ગોદમા,
આ દમબદમ બોલી રહી ઝીણી સિતારી આપની.

આકાશથી વર્ષાવતા છો દુશ્મનો ખન્જર બધા:
યાદી બનીને ઢાલ ખેચાઇ રહી છે આપની.

દેખી બૂરાઈ ના ડરું હુ, શી ફિકર છે પાપની ?
પીવા બૂરાઇને બધે ગંગા વહે છે આપની.

થાકુ સિતમથી હોય જ્યા ના કોઈ ક્યા યે આશના·
તાજી બની ત્યા ત્યા ચઢે પેલી શરાબી આપની.

જ્યાં જ્યાં મિલાવે હાથ યારો ત્યા મિલાવી હાથને
એસાનથી દિલ ઝૂકતું, રેહમત ખડી ત્યા આપની.

પ્યારું તજીને પ્યાર કોઈ આદરે છેલ્લી સફર:
ધોવાઇ યાદી ત્યા રડાવે છે જુદાઇ આપની.

રોઉં ન કા એ રાહમા બાકી રહીને એકલો ?
આશકોના રાહની જે રાહદારી આપની.

જૂનું નવું જાણુ અને રોઉં હસુ તે તે બધું
જૂની નવી ના કાઇ, તાજી એક યાદી આપની.

ભૂલી જવાતી છો બધી લાખો કિતાબો સામટી:
જોયુ ન જોયુ છો બને: જો એક યાદી આપની.

કિસમત કરાવે ભૂલ તે ભૂલો કરી નાખું બધી:
છે આખરે તો એકલી ને એ જ યાદી આપની.

વિષય—ઇશ્વર જ સર્વસ્વ.

છંદ—આમા પણ સંધિ વા એકમ સાત માત્રાનો: બે એકમે ચરણ, બે ચરણે લીટી, બે લીટીએ કડી: પણ તાલ ૩જી અને ૬ ઠી માત્રાએ અથવા ૧ લી અને ૪થીએ. પણ ઉપલી કૃતિમા આ બીજી રીતનો તાલ ત્રીજી અને બાવીશમી લીટીમા જ છે, અને એ બંને ઠેકાણે છેલ્લો સંધિ પાચ માત્રાનો છે.

ગઝલ આપણે ફારસી ઉર્દૂ કવિતા ઉપરથી અપનાવેલી છે. "ગુજારે જે શિરે ત્હારે" એ લદાદાદા ગઝલોમા એ ભાષાના પિંગલ પ્રમાણે એકમ મફાઇલુન્ છે; "જ્યાં જ્યા નઝર મ્હારી ઠરે" એ દાદાલદા ગઝલોમા એકમ મુસ્તફ્ઇલુન્ છે; "માશુકોના ગાલની" એવી પંક્તિઓ કે ગઝલોમાં એકમ—દાલદાદા ફાઇલાતુન્ છે; અને એકમ પાચ માત્રાનો થઇ જાય–દાલદા–તે ફાઇલુન્ છે. (વિશેષ સમજુતી માટે જુવો રણપિંગળ ભાગ ૩જામાં 'ફારસી કવિતા રચના 'નો વિભાગ.) પણ આપણે આપણી ગઝલોના માપ માટે માત્રામેળ અને તાલમેળને વળગવું જ બેહતર છે.

અર્થ—**માશુક**, પ્રિયા; જેના ઉપર ઇશ્ક તે વ્યક્તિ; **આશક**, ચાહનાર, ઇશ્ક કરનાર વ્યક્તિ. **આશના**, સાથે તરનારો, ભાઇબંધ, દિલોજાન. **ચમન**, (૧) બાગ, છૂટથી ફરવાની આકર્ષક જગા; (૨) મોજમઝા, આનંદ. **ખૂન**, લોહી. **ગોદ**, બગલ, પાસું. **દમે**, શ્વાસ. **સિતમ**, જુલમ, બલાત્કાર, દુઃખ. **ખંજર**, જમૈયો, કટાર, છરી. **યાર**, દોસ્ત, આશક. **એસાન**, ઉપકાર. **રેહમત**, કૃપાદષ્ટિ (રહમ, કૃપા). **રાહદારી**, વટેમાર્ગુ. આ.

શબ્દ અહીં કવિએ શરતચૂકથી* **રાહબરી** ભોમિયાપણું, રાહ દેખાડનાર લેખે કામગરી, રીતભાત, રાખેતાઃ—એને માટે વાપર્યો જણાય છે.

કવિતાની ઉત્તમતા લય અને શબ્દ સામસામે ગોઠવેલી આરસીઓ પ્રમાણે બિંબ પ્રતિબિંબ દેખાડયા જ કરે તેમા છે. લય અને શબ્દની સ્પષ્ટાર્થ જણાવવામા અજબ યોગ્યતા, અસરકારતા, સહકારિતા એનું નામ જ કાવ્યનો **પ્રસાદ**. ૧ લી કડીમા ર રી રે રી જુવો. સુખે કામદેવ દુઃખે રામદેવ'એ અનુભવને ૧લી કડીની બીજી પંક્તિમા કવિ કેવું સુંદર રૂપ આપી દે છે તે જુવો. કોઇ આ કવિતાને યોગ્ય અભિનય સાથે વાંચવા જાય તો આખ હાથ વગેરેનાં શબ્દો સાથે સંચાલન તાલ પ્રમાણે જ થવાના એ પણ જુવો. આ ગઝલના નાટયલાયકી સંગીતલાયકી નૃત્યલાયકી સર્વે છે, ગાભીર્ય અને લીલાનો અજબ મેળ સાધ્યો છે.

૨ લાલીની લાલી, લાલીનો અર્ક. અત્યંત રૂપવતી ચીજ જોતા ઇશ્વરની પણ શી બલિહારી એવી ઊર્મિ થઈ આવે છે, તે અનુભવ કવિ આ સુંદર રીતે કથે છે.

૩ **અહીંત્યાં**, ઠેકઠેકાણે. પવન જેવા સર્વવ્યાપક છો.

૫ અંતર્યામી છો. ૮ **શરાબી** આપ ભક્તવત્સલ છો, હું આપનો છું, એ ખુમારી. ૯ હાથ મેળવવામા સમભાવ દોસ્તી અને સહચારના તમામ રૂપનો સમાવેશ કર્યો છે.

૧૦ આપની સાથે એકતા સર્વત્ર સર્વ પ્રકારે દરેક જાતના અનુભવમાં જોઉં છું તથાપિ એક અનુભવ છે એવો કે તે તો આપની જુદાઈ જ જણાવે છેઃ પ્રિયજન મૃત્યુનો અનુભવ. ૧૧ ઇશ્કના રાહમા રાહબરી આપની જ, તથાપિ એ રાહબરીનું એક લક્ષણ આ આપની હુંથી, માણસ માત્રથી, મર્ત્ય માત્રથી, જુદાઈ. આ આપનું લક્ષણ કેમ ન રોવડાવે? **૧૨ જાણું ને રોઉં હસુ.** દુઃખ રૂપે અનુભવેલું કે જે તાજું અનુભવાય, સુખ રૂપે અનુભવાય, તે સર્વ.

[આ લેખમાળામા આવતે માસ બાલાશંકર અને "સાગર." ના નમૂના આવશે.]

* નકલ ઉતારનારની ભૂલ પણ હોય. સુરસિંહજીની થોડી કૃતિઓની શાસ્ત્રી પ્રભુલાલ પ્રભાશંકર પાસે હતી તે નકલમા આ કૃતિ નથી. હાડાલા દરબાર પાસેની રાણી મોંઘીબા પાસેની કે રા... પાસેની નકલમાં આ પંક્તિ જોઇને કોઇ ખાતરી કરે તો સારં.

છેલ્લો દાંડક્ય ભોજ

જે સમયની તવારીખ ઇતિહાસપુરાણમાંથી મળે છે તે પ્રાચીન સમયમાં, ઘન દુર્ભેદ્ય અને ભયંકર દંડકારણ્યના ઉત્તર તરફના સીમાડાથી વીસેક કોસ દૂર અરણ્યમાં એક અજિત્‌દુર્ગ નામનો વનદુર્ગ હતો. તેમાં એક ભોજવંશની ગણાતી શાખાના દાંડક્ય રાજાઓ રાજ્ય કરતા હતા. હાલ ૧૩ મો દાંડક્ય ભોજ વિરાધસેન ત્રણ વર્ષથી ગાદીએ આવેલો છે.

આજે આખા રાજમહેલમાં દાસદાસીઓની જબરી જાગ્રત થઇ રહી છે. રાજાનો હુકમ મન્ત્રશાલા તૈયાર કરાવવાનો છે. કામ કરનારા દાસદાસીઓ આના કારણ વિશે પોતપોતાની રાજનૈતિક માહીતી અને બુદ્ધિના વિશ્વાસથી તેની ગુસપુસ ગુસપુસ વાતો કરતા હતાં. મગધ દેશનો રાજવૈદ્ય આજીવક ધુન્ધુમાર આજે આવવાનો હતો. મગધાધિપતિ શોણ નદીને કિનારે એક નવો રાજમહેલ કરાવતા હતા અને તેને માટે ઉત્તમ પ્રકારના પુષ્કળ સાગ સીસમ વગેરે દંડકાથી તેમણે મગાવ્યા હતા અને તેનો કર શો પડશે તે દંડકાધિપતિને પૂછાવ્યું હતું. વિરાધસેને બહુ જ વિનયથી ખાસ વૈતાલ મંત્રી પાસે સામનો[1] જવાબ અપાવ્યો હતો કે મગધ અને ભોજોને પૂર્વનો સંબંધ છે. દંડકાધિપતિ એ સંબંધની ખાતર માત્ર નામનો કર લેશે. તે તો માત્ર એટલું જ ઇચ્છે છે કે મગધના રાજ્યરત્નોમાં કૌસ્તુભ મણિરૂપ આજીવક[2] ધુન્ધુમાર પોતાનો શાલામિત્ર હતો. બન્ને ઘણાં વર્ષો તક્ષશિલામાં ભેગા રહ્યા હતા અને ત્યાર પછી કદી મળ્યા નથી તો કૃપા કરી તેમને રાજ્યની અનુકૂળતાએ એકાદ માસ મોકલતા રહો તો અમારો અરણ્યવાસ કંઇક ઓછો કષ્ટપ્રદ થાય. વગેરે વગેરે. મગધ અને દંડકા એક સીમાડાના નહોતા. તેમને વૈરભાવ હોવાનું કશું કારણ નહોતું. ખરી રીતે દંડકાનાં હવા પાણી એવાં ગણાતાં અને તેમાં આટવિકો અનાર્યો અને કિરાતોની વસ્તી એવી જંગલી ગણાતી કે કોઇને આ દેશ ઉપર આંખ રાખવાનું કારણ નહોતું. જતા આવતાં અને રાજ્યના કામકાજમાં સગવડ મળે માટે સૌ તેમની સાથે સારાસારી રાખતાં, પણ ભોજોની ઉચ્ચ ક્ષત્રિય કુલોમાં ગણના થતી નહિ. આર્ય સંસ્કૃતિના કેન્દ્રોથી દૂર અનાર્યોમાં રહેવાથી તેમને માટે રાજ્યોમાં હીણું બોલાતું. ભોજો કોઈ ક્ષત્રિય કુલોના સ્વયંવરમાં જવાની હામ ભીડી શકતા નહિ. તેમને ખોટા આર્ય ગણાઇ ગયેલા હલકી કોમના ક્ષત્રિયો અને આટવિક રાજાઓની કન્યાઓ લાવવી પડતી. શિષ્ટાચાર શીખવા અને રાજ્યની પ્રતિષ્ઠા વધારવાને જ વિરાધસેનને તક્ષશિલામાં અભ્યાસ કરવા મોકલેલો હતો. આ સઘળી પરિસ્થિતિ અને હકીકતની ભોય ઉપર દાસદાસીઓના રાજનૈતિક તર્કો થતા હતા. મહારાજનું પગરણ મગધની સાથે વૈવાહિક સંબંધ બાંધવાને હોય એ તો કોઇને શક્ય નહોતું લાગતું. વૈદ્યને પુત્રપ્રાપ્તિ માટે બોલાવ્યો હોય પણ જનાનામાંથી બાતમી લેવા આવેલી દાસીએ

---

૧ સામ દાન ભેદ દંડ એ ચાર ઉપાયો પૈકી સામ એટલે સમજાવવું, સારું લગાડવું.

૨. જગતમાં જે કાંઈ છે તે નિયત છે એમ માનનાર એક નિયતિવાદી શ્રમણ સંપ્રદાય.

એ અશક્ય છે એમ કહ્યું. મન્ત્રશાલાનું કામ અને તર્ક બન્ને ખૂટતાં દાસદાસીઓ પોતપોતાને સ્થલે ગયા.

આજીવક ધ્રુન્ધુમાર પોતાને ઉતારે જમી આરામ લઇ, જરા નિદ્રા કરી રાત્રે મંત્રશાલામા રાજાને મળવા આવ્યો. શાલામા આ બે સિવાય કોઇ નહોતું. મહારાજને પંખો ઢાળનાર પણ નહોતાં અને મહારાજની મહિષીના માનીતા પોપટને પણ દૂર કર્યો હતો. શાલાથી પચાસ પચાસ દંડ દૂર પહેરેગીરો ચોકી કરતા હતા.

મહારાજે ઘણા ભાવપૂર્વક આદરથી ધ્રુન્ધુમારને આસન દેખાડ્યું તે ઉપર આજીવક બેઠો. મહારાજે જૂની મૈત્રીના દિવસો તાજા કર્યા અને મગધમાં તેનું માન હતું તેથી પોતાને સંતોષ છે એમ કહીને ટોળ કરી કે એવા મોટા રાજ્યની પ્રસાદી છોડી જૂનો મિત્રસંબંધ તેને શેનો સાભરે? ધ્રુન્ધુમારે પોતાનું સર્વ કુશળ કહ્યું અને ખુલાસો કર્યો કે ન નીકળવાનું કારણ બીજું કાંઈજ નહિ પણ અમુક યન્ત્રોમા અમુક દવાઓ સિદ્ધ કરવા મૂકેલી તેને જાતે અખંડ બાર વરસ તપાસવાની જરૂર હતી તે મુજબ તપાસતો હોવાથી આવી શકેલો નહિ. છેવટે તેણે પૂછ્યું "પણ મહારાજ, આપનું શરીર આવું કૃશ અને ચિત્ત અસ્વસ્થ કેમ જણાય છે?"

"રાજાઓ કદી ચિન્તાથી મુક્ત હોતા નથી."

"પણ આપને ચિંતા હોવાનુ કશુ કારણ જણાતું નથી."

"તમે છેક જ તક્ષશિલાની વિશ્રંભવાતો ભૂલી ગયા લાગો છો"

"રાજ્ય તો આપને મળ્યું છે."

"પણ તમારા રસાયનનો ઉપયોગ કર્યા વિના નહિ. તમારા રસાયનનું ટીપું મહારાજ સિદ્ધસેનના પલંગપર નાખી તેના પર હરિતાલ ઘસી ત્યારે રાજ્ય મળ્યું."

"મહારાજ આપના રાજ્યમાં પેસતા હું પ્રજામા હળતો મળતો રહ્યો છું. કોઇને એ વિશે વહેમ નથી. માર્ગમા ઉત્તરના સામંત સાથે મેળાપ થયો. તેને પણ કશો વહેમ નથી."

"મારા પર વહેમ આવેલો પણ હરિતાલ વિનાની દવા નિર્દોષ જણાઈ એટલે કોઈએ વહેમ આણ્યો નહિ. ઉત્તર સામંતે કાઇ કહ્યું?"

"જી હા, મહારાજને પુત્ર ન થાય એવું કરૂ તો દર વર્ષે સહસ્ર નિષ્ક આપવાનું કહ્યું છે."

"તમે તેનું વર્ષાસન લઈ લો. મેં તમને પુત્ર માટે નહિ પણ સતતિ ન થાય તે માટે બોલાવ્યા છે. એ જ મારી ચિંતાનું કારણ છે."

"પણ મહારાજ, રાજ્યને વારસ તો જોઇએ ને?"

"મિત્ર! ઈતિહાસના અનભિજ્ઞની માફક શુ બોલે છે? ભોજની છેલ્લી દસ પેઢીમા સાત રાજાઓ પિતાને મારીને ગાદીએ આવ્યા છે. બીજા દેશો જો. તેમા પણ હમણા તો મગધ, મદ્ર, કોસલ, અવન્તી સર્વમાં પિતાને મારીને જ કુમાર ગાદીએ આવે છે. જાણે એ જ સ્વાભાવિક ક્રમ થયો છે. જેમ એક સીમાડાના બે રાજાઓ સ્વાભાવિક શત્રુઓ છે તેમ પિતાપુત્ર નિત્યશત્રુ છે. હું વ્યાકરણકાર હોઉં તો પિતાપુત્રનો અહિનકુલ[૩] જેવો સમાસ કરૂં. ખરૂં જ કહ્યું છે કે કુમારો કરચલા જેવા છે. કરચલા જનનીને મારે છે, કુમારો જનકને.

૩ સરપ અને નોળિયો. સસ્કૃતમાં નિત્ય શત્રુઓનો એક સમાસ થઇ શકે છે. અહિનકુલ તેનો દાખલો છે.

"ત્યારે મહારાજ, આપની શી ઇચ્છા છે ?"

"જો તેં કહ્યા પ્રમાણે ઋતુકાલના પાછલા સોળ દિવસ વર્જીને જ હું સમાગમ કરતો છતાં વજ્જિકા દેવીને ગર્ભ રહેલો. સારું થયું પુત્રી હતી અને તે પણ મરી ગઈ."

"મહારાજ, કાંઇ ગણિતમાં તો ભૂલ નહિ થઈ હોય ? આ વિષયમાં મેં પ્રયોગ કરી જોયો નથી, પણ બાભ્રવ્યનું વચન છે, ખોટું હોય નહિ. આપ જાણતા હશો બાભ્રવ્યની બે જ પ્રતો છે. એક અવન્તીના વૈદ્ય પાસે અને એક મારી પાસે. કલિંગના વૈદ્યે નકલ ઉતારવા મારી પાસે માગણી કરી હતી પણ મેં આપી નહિ."

વિરાધસેન ઊભો થયો. પાસેની મન્જૂસમાથી એક રંગેલો લાકડાનો દાબડો લઇ આવ્યો. તેમાંથી તેણે થોડા પત્રો કાઢી બતાવ્યા. તેમાં ખાનાં પાડી તિથિઓ લખી હતી તે બતાવી કહ્યું. "મારી ખાસ પરિચારિકાઓ પાસેથી આ તિથિઓ મેળવી છે." ધુન્ધુમારે પોતાની પાસેથી પત્રો કાઢી ચન્દ્રની ગતિ સાથે આ તિથિઓ મેળવી જોઇ, અને કહ્યું. "મને આ ગણિત ખરું લાગે છે. મહારાજને બાધ ન હોય તો મારી નોંધમાં આ ટપકાવી લઉં, નામ ઠામ વિના, અને મારી કૂટસત્રામાં. મારી ખાતર નહિ, માત્ર શાસ્ત્રવિકાસની ખાતર."

"શાસ્ત્રવિકાસની ખાતર જે કરે તે કશાને માટે બાધ નથી."

"ત્યારે મહારાજ હાલ શો ઉપાય કરો છો ?"

"પુત્રીના જન્મ પછી અમુક માસ તો એ દેવીનો સમાગમ પ્રત્યવાયરદિન ગણ્યો. પુત્રી મરી ગઈ એટલે બંધ કર્યો."

"યોગ્ય કર્યું; અને ત્યારથી ?"

"ત્યારથી રિખવદેવના ઋજુજડોની[૪] પેઠે બ્રહ્મચારી છું ?"

"મહારાજ એ જ આપની અસ્વસ્થતાનું કારણ છે. આપ અંતઃપુર બહાર જુદી સ્ત્રીઓને વસાવી ન શકો ? તેના પુત્રો કાંઇ ભયનું કારણ નથી !"

"મિત્ર તું આ રાજ્યને શું ગણે છે ? આ તે કાંઈ ઉત્તરાપથ[૫] દીઠો ? અહીં તો ગણિકાપુત્ર પણ વારસ થઈ શકે છે. અમારે ભોજોને બમણી ચિંતા છે. બીજા રાજાઓ જેવા ગણાવા તેમની રીત રાખવી પડે છે તે ઉપરાંત અહીંની રીતીનો ગેરલાભ પણ અમારે ભોગવવો પડે છે."

"ત્યારે મહારાજની શી ઇચ્છા છે ?"

"બધી હકીકત મેં કહી. ઉપાય તો તું જાણે. એવું કાંઈ નથી જેથી સ્ત્રીઓ વન્ધ્ય થઈ જાય."

"બે ઉપાયો છે. એકથી સ્ત્રી નિત્યવંધ્ય બને છે. બીજાથી નિત્યવન્ધ્ય બનતી નથી પણ દર સમાગમ સમયે તે દવા આપવી પડે છે."

"પહેલો ઉપાય જ સારો."

"જી ના, એ કુચુમારનો પ્રયોગ છે. મને બધામાં એના પ્રયોગો અકસીર પણ કંઇ ને કંઇ દોષવાળા લાગ્યા છે. એના ઔષધથી સ્ત્રી વન્ધ્યા થાય છે, પણ પછી તે બીભત્સ રૂપ થતી જાય છે, પુરુષ સ્પર્શ વાંછતી નથી. તેના મો પર દાઢી ને મૂછની જગાએ વાળ

---

૪ આદિ જૈનતીર્થંકર ઋષભદેવના સાધુઓને ઋજુજડો કહેતા.

૫ હિંદનો ઉત્તરભાગ જે પ્રાચીન સમયમા ખરો આર્યપ્રદેશ મનાતો હતો.

ઊગે છે, અને એનો સ્પર્શ પણ પુરુષને પછી જુગુપ્સાકારક થાય છે, એવી મારા પિતાની નોંધ છે. હું તેની ભલામણ કરી શકતો નથી. બીજું ઔષધ પણ એટલું જ અકસીર છે. પણ બરાબર વાપરવું જોઇએ."

"અને પહેલા પ્રયોગની અસર કેટલા દિવસે જણાય ?"

"બરાબર ચાર ચાન્દ્રમાસ પછી, અથવા ખરૂં કહું તો ચાર ઋતુઓ પછી."

"મને બન્ને આપો. એક ઉપર જ પહેલો પ્રયોગ કરીશ. તેની એવી અસર થશે તો બીજી ઉપર નહિ કરૂં. બીજીઓને પેલું સૌમ્ય ઔષધ આપીશ."

"હું ફરી કહું છું મહારાજ, કુસુમારનું ઔષધ ન માગો. મહારાજ પોતે જ કદાચ આગળ ઉપર પુત્રની ઇચ્છા કરશે અને ત્યારે મારા સર્વ ઇલાજો નિષ્ફળ ગયા હશે કુસુમારનું વારણ કરનાર આ જગતમા સાક્ષાત્ બ્રહ્મા પણ નથી. મહારાજ, એ ન માગો."

"નહિ, એ જ આપ. અને તું જોઇશ કે હું કોઇને નકામુ હેરાન કરીશ નહિ."

"મહારાજની ઇચ્છા. અને એક બીજી વાત. કુસુમારનો પ્રયોગ મેં કરી જોયો નથી. પણ મારો ઉપાય મેં ઘણી જગાએ કરેલો છે. તે અકસીર છે. પછી પ્રયોગમાં કાંઇ પ્રમાદ થાય અને અન્યથા પરિણામ આવે તો મને દોષ ન દેશો."

"હું જાતે જ દવા આપીશ."

"તો ભલે."

"અને જરા રહો" વિરાધસેને એ જ મજૂસમાથી એક હીરો કાઢયો. "રાજ્યની રીતે તો તારો આદરસત્કાર થશે. પણ કોઈને આપણા રહસ્ય વિશે શંકા ન થાય માટે પસાય બહુ સાધારણ આપવાનું મે મન્ત્રીઓને કહ્યું છે. માટે આપણી મૈત્રી અને તારા શાસ્ત્રજ્ઞાનની ખાતર, તેના જેવો જ નિર્મળ અને દૃઢ આ હીરો સ્વીકાર. જો પેલી શુષ્કનીરા નદી રહી. એ સૂકી છે, તેમા માત્ર બે માસ જ પાણી રહે છે પણ તે હીરાની ખાણ છે. તેમાથી આ નીકળ્યો છે. મહાન રાજકુલો સિવાય આવો હીરો મળવો મુશ્કિલ છે. તે સ્વીકાર. અને એક બીજી વાત. મારે હજી પણ તારી જરૂર પડશે, તું દર છ માસે ન આવે ?"

"આવીશ મહારાજ !

"ત્યારે હવે ઘણો સમય થયો છે. તમે સુખરૂપ આરામ કરો."

"મહારાજને સુસ્વાપ હો."

× × ×

બરાબર છ માસે એજ મન્ત્રશાલામાં આ જૂના મિત્રો પાછા બેઠા શિષ્ટાચારની આપલે પછી આજીવક ધુન્ધુમારે કહ્યુ. "પણ મહારાજ, આપની પ્રકૃતિ ગયા વખત કરતા પણ વધારે અસ્વસ્થ છે !"

"ખરી વાત, પણ તેમાં તારો દોષ નથી. દોષ આ અમારાં અજ્ઞાન અંતઃપુરનો જ છે."

"મહારાજ સવિસ્તર જાણવા ઇચ્છું છું. જેથી તેનો શો ઉપાય કરવો તે સૂઝે."

"હું પણ સવિસ્તર જ કહેવા ઇચ્છુ છું. જુઓ મેં ઔષધનો ઉપયોગ ક્યારે કર્યો તેની બધી નોંધ આમાં છે. કુસુમારની ગોળાનો પ્રયોગ મેં અશ્લેષા ઉપર કર્યો. તે પશ્ચિમ તરફના દૂરના આટવિકની કુંવરી છે એટલે કાંઈ પણ પ્રતિકૂળ પરિણામ આવે તોપણ

વાંધો નહિ. પ્રથમ તો ગોળી લેવાની તેણે ના પાડી. બધી જ સ્ત્રીઓ આમ હઠીલી શા માટે હોય છે તે સમજાતું નથી !"

"મહારાજ, સ્ત્રી પોતાને પ્રતિકૂળ વસ્તુ કોઇ ગૂઢ રીતે સમજી જાય છે."

"પણ એ ક્યાં જાણતી હતી કે કુસુમારની ગોળાથી શું થાય છે. અને બીજી રાણીઓ પેલી બીજી ગોળાઓનો પણ એટલો જ પ્રતિષેધ કરતી હતી. એમાં શું પ્રતિકૂળ હતું જે ?"

"પ્રતિકૂળ તો ખરું જ ના મહારાજ, એમની દષ્ટિએ. આપની માફક એ નિષ્ફળ સમાગમ ઇચ્છતી નથી જ. પણ પરિણામના જરા પણ આભાસ વિના સ્ત્રી પોતાને પ્રતિકૂળ વસ્તુ કે માણસને તરત ઓળખી જાય છે એ મારો અનુભવ છે. દત્તક પણ એ જ અનુભવ નોંધે છે. પછી શું પરિણામ આવ્યું મહારાજ !"

"તમારી આગાહી સાચી ઠરી, ચાર માસ પછી તેણે કુરૂપતાના ચિહ્નો પ્રગટ કરવા માંડયા."

"મેં તો આપને કહ્યું હતું."

"અત્યારે મને એનો સ્પર્શ નથી ગમતો મારો એને નથી ગમતો. એટલું જ નહિ એનું આખું માનસ જાણે બદલાઇ ગયું છે."

"મને આપ કહી શકશો?—અલબત્ત શાસ્ત્રની પૂર્ણતાને અર્થે."

"હં. મને લાગે છે કે એ ગાડી થઇ જશે. દિવસ આખો શૂન્ય થઇ બેસી રહે છે. કેશસાધન પણ કરતી નથી. તેની ઊંઘ ઊડી ગઈ છે. અન્ન અને નિદ્રામા અનિયમિત રહે છે. સામાન્ય રીતે અન્નનો તિરસ્કાર કરે છે અને ગંધાતું અને સડી ગયેલું અન્ન તેને ભાવે છે. બધાને મારવા જાય છે,–નિષ્કારણ. મને લાગે છે કે સ્ત્રીમા પોતાના સ્વભાવ જેવું કશું હોતું જ નથી. બહારની પરિસ્થિતિને તે વધારે અધીન થાય છે. પુરુષને આવું કંઈ થાય તો તે આવો ન બદલાઇ જાય. અંતઃપુરમાં વ્યંઢળો હોય જ છે તો, પણ તે આવા વિકૃતમાનસ નથી હોતા. આપણે બે જેવા અત્યારે શાસ્ત્રદષ્ટિથી આખો વિષય વિચારી શકીએ છીએ તેમ સ્ત્રીઓ કરી જ નથી શકતી."

"પેલી બીજી ગોળાઓ તો સતોષકારક નીવડી ?"

"તે પણ લેતાં તો પ્રથમ આનાકાની ખરી જ. પછી મેં સમજાવ્યું કે આ તો પુત્રપ્રાપ્તિ માટેની ગોળાઓ છે. ત્યારે બધી રાણીઓએ લીધી. છતાં લેતી વખતે તેમની નજરમાં શંકા હું જોઇ શકતો હતો."

"ત્યારે હજી આપ અસ્વસ્થ કેમ છો ?"

"હજી મારી કથા અધૂરી છે. બે ત્રણ માસે બધી રાણીઓ પૂછવા લાગી કે મને કેમ કાંઇ ગર્ભનું ચિહ્ન દેખાતું નથી ? મેં કહ્યું જેમ મોડો ગર્ભ રહેશે તેમ વધારે પ્રતાપી પુત્ર જન્મશે."

"રાજ્યકર્તાને મૃષાવાદનો દોષ નથી.

"અને આજીવકને છે ? હું તો લોકાયત[૧] છું. અને બુદ્ધિપૂર્વક સુખ ભોગવવું એને જ પુરુષાર્થ માનું છું."

---

૧. ચાર્વાકમતનો.

" પછી શું થયું ? "

" મારી હકીકત તેમણે શંકાથી સાભળી. ત્યાં બીજી જ આપત્તિ આવી. અશ્લેષાની કુરૂપતાના ચિહ્નો દેખાવા માડયાં એટલે બધી રાણીઓએ ગોળી લેવાની ના જ પાડી. તેમને હું જુદી ગોળીઓ આપતો હતો એમ સમજાવ્યું પણ વૃથા. બધી એક જ રીતે વિરોધ કરે છે. ખરેખર સ્ત્રીઓને વિશિષ્ટ સ્વભાવ જેવું કશું નથી. એકે ગોળી લઇને ચાલાકીથી ફેંકી દીધી તે મેં જોઇ, ત્યારથી મારે સ્ત્રીસગ છોડવો પડયો. અસંગ એ મારી પ્રકૃતિને પ્રતિકૂળ છે હું તેથી શરીર અને મન બન્નેમાં અસ્વસ્થ રહુ છું. આ જ મારી અસ્વસ્થતાનું કારણ છે. '

" ત્યારે હવે આનો શો ઉપાય કરવો ? "

" કાઇ એવું ન થઇ શકે કે માત્ર હાથના કે એવા ગમે તે અવયવના સ્પર્શથી સંપૂર્ણ ઉપભોગ સુખ લઇ શકાય ? "

" એ શકય છે. પણ હજી મેં તેનો પ્રયોગ કર્યો નથી. કહો તો આપને મોકલી આપુ ? "

" હા મોકલો. હું કરી જોઉં. કાંઇ હાનિ થવા સંભવ છે ? "

" અતિરેકથી સભાળવું એ જ. "

" અને તેથી વાસ્તવિક સમાગમ........"

" તેમા સશય નથી. તે સિવાય તો આ ઉપાય જ શેનો ગણાય ? "

" ભલે ત્યારે એ ઔષધ જરૂર મોકલશો. તેનો પ્રયોગ કઇ રીતે કરવાનો છે ? "

" એ સ્નાનનો વર્ણ છે. સ્નાનોદકમા નાખીને તેનાથી સ્નાન કરવું. સુગન્ધિ દ્રવ્ય છે. "

" અને આ વખતે છ માસને બદલે પાંચ માસે આવશો. આમાં જેમ અણધાર્યું વિઘ્ન આવ્યું તેમ આમા પણ કદાચ આવે. સ્ત્રીઓ સાથે વ્યવહાર એ ખરેખર મહાન કષ્ટ છે. "

" ભલે. "

× × ×

પાચ માસ પછી એ જ મિત્રો એ જ જગાએ વાત કરતા હતા. દર વખત જેમ ધુન્ધુમારને જ આ વખતે પણ કહેવું પડયું.

" કેમ આ વખતે તો અસ્વસ્થતા ઉપરાત મન ઉદ્વિગ્ન જેવું છે ? મારૂં ઔષધ શું કાર્યકર ન નીવડયું ? "

" નહિ કાર્યકર તો નીવડયુ. તમારા ઔષધનો દોષ કાઢી શકું તેમ નથી. "

" નવો પ્રયોગ છે માટે જરા વિસ્તારપૂર્વક સાભળા ઇચ્છું છુ. "

" તેમા પ્રયોગ સબંધી વિસ્તારપૂર્વક કહેવાનુ છે જ નહિ. પ્રયોગ તો સાક્ષાત્ ધન્વતરીના જેવો છે. પણ કષ્ટ માત્ર સ્ત્રીઓનું છે. મારો અવરોધ[૭] તો પુષ્કળ મોટો છે તે તમે જાણો છો. "

" જી હા. "

---

૭. જનાનો.

" આપણે ઉપાયનો વિચાર કરતા અપાયનો વિચાર કરી શકયા નહિ. "

" કેવી રીતે મહારાજ ! "

" તમારા ઔષધોથી સ્નાન કરી હું જુદી જુદી રાણી પાસે જવા લાગ્યો. કોઇને પાસે બેસારીને, કોઇને તાંબુલ, કોઇને ચુમ્બન, કોઇને ઉપગૂહન વગેરેથી સ્પર્શ કરી હું કંઇક નિમિત્ત કાઢી ચાલ્યો જતો પણ બે માસમા દરેકને મારા વર્તન વિશે વહેમ પડયો. આપણો આ ઉપાય તો સાચો પણ તે આગળના ઉપાય સાથે વિસંવાદી છે તે આપણી નજર બહાર રહી ગયું. "

" કેવી રીતે ? "

" છેલ્લા ઉપાયમા ગોળી આપતી વખતે મેં દરેક રાણીને પુત્ર પ્રાપ્તિની આશા આપેલી. હવે નવા ઉપાય પ્રમાણે હું સંગથી દૂર રહું છું એમ જોઇને તેમને જૂના ઉપાય પરનો વહેમ દઢતર થયો અને મારા નવા વર્તન વિશે શકા આવી ! "

" સ્ત્રીઓનુ અશિક્ષિતપટુત્વ કહ્યુ છે તે એ જ. "

" એક સ્ત્રીએ તો સ્પર્શનો નિષેધ કરતા સ્પષ્ટ કહ્યું કે આગળની ગોળાઓ એટલી બધી અકસીર હતી કે મહારાજના સગ વિના પણ મને ગર્ભના ચિહ્નો પ્રત્યક્ષ થયા છે, માટે મહારાજે પુત્રપ્રસવ સુધી મને એકલી રહેવા દેવી મેં પ્રસવની અવધિ પૂછી તો કહે કે જેમ વધારે પ્રતાપી પુત્ર થવાનો હોય તેમ પ્રસવ વધારે દૂર જશે. મને સમજાયું કે આખા અવરોધને મારા તરફ દ્વેષ હતો. એટલે તાબુલ લેવાને નિમિત્તે હું જતો હતો તે પણ બંધ કર્યુ "

" હાલ શુ કરો છો ? "

" રાજ્યની વારાગનાઓને સેવાર્થે વારાફરતી આવવાનો મેં હુકમ કર્યો છે. તે આવે છે, પણ તેઓ તો રાણીઓ કરતા પણ વધારે દુરાગ્રહી જણાય છે મારી પહેલાના રાજાઓએ વારાગનાઓ ઉપર બલાત્કાર કર્યાના દાખલા છે છતા વારાગનાઓએ કદી રાજ્યનો વિરોધ નથી કર્યો ઉલટી રાજ્યની મહેરબાની મેળવવાને ઉત્સુક રહેતી. પણ મારો *એક માત્ર સ્પર્શ સહન નથી કરી શકતી. એકને બેદિલી માટે દેશવટો દીધો, બીજીને* અપમાન માટે દેહાન્તનો દંડ દીધો, અને હમણા બાતમી છે કે બધી વારાગનાઓ નાસી છૂટવાની તક માત્ર શોધે છે. હવે આનો કંઈ ઉપાય કરવો ઘટે છે.

" કેવા પ્રકારનો ? "

" જેથી સ્ત્રીઓથી તદ્દન સ્વતંત્ર રહી શકાય. જરા પણ તેના ઉપર આધાર ન રાખવો પડે. "

" જ્યા સુધી સ્ત્રીપુરુષાત્મક સૃષ્ટિ છે ત્યાં સુધી કેવળ સ્વતત્રતા તો અશકય છે પણ એવું એક અંજન છે જે આજવાથી સ્ત્રીનો દેહ જોઇ શકાય, વસ્ત્રો દષ્ટિને વ્યવધાનરૂપ થાય નહિ અને એ દષ્ટિના સ્મરણ માત્રથી ઇષ્ટ ઉપભોગ થઇ શકે. "

" બસ એ ઉપાય સાચો છે. તેમા કશો અપાય થવા સભવ છે ? "

" પ્રથમ પ્રયોગ છે, હું કહી ન શકું. "

" ત્યારે મોકલો. કેટલે દિવસે મોકલી શકશો ? "

" પંદર દિવસ એકે ચિત્ત કરતાં લાગે "

અને વધારાના ભાથા વાળા કાલ્પી સ્ત્રીઓનાં ટોળાં ત્યાં નાચતા કૂદતા ધૂણતા ઢોલ વગાડતા ભેગાં થવા માડયા. દરેક ટોળાનો મુખ્ય માણસ આવીને ભાલાની અણીથી એક લોહીનું ટીપુ પેલા શબ પર પાડતો અને બીજા ટીપાથી ખોડેલા ભાલાને તિલક કરતો. ત્રણ દિવસ અને ત્રણ રાત આ પ્રમાણે જાણે કુદરતનો કોપ થયો હોય તેમ ઢોલો વાગ્યા કર્યાં અને કાલ્પીઓના ટોળા આ જગાએ ભેગા થયા કર્યાં.

રાજાને બાતમી મળી કે કાલ્પીઓ કામઠા સાથે ભેગા થાય છે પણ શા માટે થાય છે તે તે સમજી શકયો નહિ. બાતમી ઉપરથી તેઓ પોતાની કોઈ દેવીનો ઉત્સવ ઊજવવા ભેગા થયા છે એમ તેણે માન્યુ. વળી કાલ્પીઓની બરાબર સંખ્યાની તેને માહીતી નહોતી. તેમ છતા તેણે લશ્કર તો તૈયાર કરાવ્યું પણ આ લોકો ઉપર તે હલ્લો ન લઇ ગયો. કદાચ કેવળ ધાર્મિક ક્રિયા ચાલતી હોય તો આ ઝનુની લોકોને નિરર્થક લડાઇનું કારણ આપવું તેને વાજબી ન લાગ્યું. આ રીતે સજ્જ થઇ પડી રહેવાથી તેના લશ્કરમાં શિથિલતા પણ આવી. ચોથે દિવસે કાલ્પીઓનું જૂથ રાજમહેલ તરફ ધસ્યું. રાજાનું સૈન્ય તેની સામુ થયું. પણ કાલ્પીઓનો ધસારો જ જબરો હતો. તેમના પોતાના કેટલાં માણસો મરે છે તેની તેમને ગણના કે દરકાર હતી જ નહિ. માત્ર એક જ મનોવેગથી જાણે બધા ધસ્યા આવતા હતા. ઘણા કાલ્પીઓ મરાયા પણ તેમના શબ ઉપરથી બીજા એટલા જ વેગથી ધસી જતા હતા કાલ્પીના તીરોને ઝેર પાયેલું હતુ અને તેથી તે તીરથી ઘવાયેલ માણસ ફરી ઊઠી શકતો નહોતો રાજાના સૈન્યે સારી ટક્કર લીધી પણ પછી પોતાની સંખ્યા ઘટેલી જોતા, કાલ્પીઓની સખ્યા બેસુમાર દેખાતા તે હિંમત હારી નાસી ગયું. કાલ્પીઓએ રાજાને પકડયો, અને રાજમહેલના સર્વે પુરુષોને અને ભાયાતોને કતલ કર્યાં. પછી રાજાને લઇ જઈને પેલા આબલીના ઝાડ ઉપર બાંધ્યો અને રાજમહેલને આગ લગાડી. ત્રણ દિવસ સુધી રાજમહેલ સળગ્યા કર્યો તે સળગી રહ્યો એટલે કાલ્પીઓના મુખીએ એક ટોપલો લઇ શુષ્કનીરા નદીમાથી રેતી લાવી રાજમહેલની જગાએ નાંખી. એ જ પ્રમાણે કાલ્પી સ્ત્રી પુરુષોએ નદીની રેતી બળી ગયેલા રાજમહેલના મેદાન ઉપર નાખવા માંડી. ત્રણ દિવસ સુધી સ્ત્રી પુરુષોએ ગીત ગાતા ગાતા રેતી જ વહ્યા કરી અને ઢગલો ઊંચો કર્યા કર્યો. યુદ્ધને સાતમે દિવસે સર્વે કાલ્પી સ્ત્રીઓ પેલા આબલીના ઝાડ પાસે ગઇ. રાજા હજી જીવતો હતો. કાલ્પી સ્ત્રીઓએ એક સાથે અનેક બાણો મારી વિરાધસેન દાંડકય ભોજને પૂરો કર્યો.

આર્ય ઇતિહાસકારોએ આ બનાવની જુદી રીતે નોધ લીધી જણાય છે. જયમંગલ કામન્દક ઉપરની ટીકામા લખે છે. "દણ્ડક નામનો ભોજવંશનો મુખ્ય પુરુષ હતો. તેના ઉપરથી દાણ્ડકય એવુ નામ પ્રસિદ્ધિમા આવ્યું. તે મૃગયા રમવા ગયેલો ત્યા તરસ્યો થવાથી ભૃગુના આશ્રમમા ગયો અને ત્યા રૂપ યૌવનવાળી તેની દીકરીને એકલી જોઇ તેના તરફ રાગ થતાં તેને રથ ઉપર નાંખી પોતાને શહેર ઉપાડી ગયો. સાઝે સમિધકુશ વગેરે વનમાથી લઇ પાછાં આવતાં ભૃગુએ તેને નહિ જોતાં ધ્યાન ધરી જોયું અને જે બન્યુ હતું તે જાણ્યું. તેથી ક્રુદ્ધ થઇ તેણે શાપ આપ્યો, કે 'સાત દિવસ સુધી ધૂળનો વરસાદ વરસીને ભાયાતો અને રાષ્ટ્ર સાથે નાશ પામો.' "તેનાથી ઢંકાઇ જઇને મુઓ." દેશનો નાશ થવાથી પછી ત્યા અરણ્ય થયું તે દંડકારણ્ય કહેવાયું એવો તેમનો અભિપ્રાય છે. પણ સાચી હકીકત ઉપર પ્રમાણે છે.

દ્વિરેફ

પ્રિયે જો—

(શિખરિણી)

પ્રિયે જો તું પાયે કયમ નહિ પીઉં પ્રાણ મદિરા ?
અને જો તું ગાયે શ્રવણ મહીં બીજું કયમ સુણું ?
પ્રિયે જો તું નાચે મદભર નમેલાં અવયવે
બનીને હું ઘેલો કયમ નવ ફરૂં મત્ત થઇને ?
પ્રિયે જો તારાં એ નયન કીકી નાચે પ્રણયથી
ધરૂં શાને હૈયે જગતભરનો ભાર રસિલી ?
પ્રિયે જો તું બોલે વ્રત મુનિતણું હું કયમ ધરૂં ?
પ્રિયે જો તું સ્પર્શે સ્મરણ જગનું છો સરી પડે !
પ્રિયે તારી આંખે અજબ નુર ભાળ્યું રસભર્યું
પ્રિયે તારા ભાલે અજબ ટિલડીએ દગ ઠરી
કપોલે તારા મેં અજબ સુરખીને નિરખી'તી
પ્રિયે તારા હૈયે અજબ હલતું ગૌરવ દીઠું.
પ્રિયે એ સૌન્દર્યે મન રમી રહ્યું દાસજનનું
મને વાંછા બીજી નથી રહી સખી ! આ ભવ મહીં !
મને જો તું પ્રેમે નયનથી નિહાળે ક્ષણ સખી !
પછી જો તું પાયે કયમ્, નહિ હું હાલાહલ પીઉં ?

મૂસિફ઼ાર

દીનબંધુ એન્ડ્રુઝ

મહાત્મા ગાંધીના પરમ મિત્ર દીનબંધુ એન્ડ્રુઝનું નામ આજે ગૂજરાતમાં કોને અજાણ્યું છે ? અસહકારની ચળવળ શરૂ થઇ તે પહેલાં એમણે દક્ષિણ આફ્રિકામાં મહાત્માજી સાથે ત્યાંના હિંદવાસીઓની અનન્ય સેવા બજાવી હતી. પરંતુ ગાંધીજી જ્યારે હિંદમાં આવ્યા અને અત્યારની પ્રાણદાયક રાષ્ટ્રીય ચળવળના મંગળાચરણ શરૂ થયાં ત્યારથી દીનબંધુનું કાર્ય વિશેષ પ્રકાશમાં આવતું ગયું છે. આટલી વયોવૃદ્ધ અવસ્થામાં પણ અખૂટ સેવા તેઓ કરી રહ્યા છે. થોડા જ વર્ષ પહેલાં ગાંધીજીએ એમને દીનબંધુની પદવી આપી તે કેટલી યથાર્થ છે તે એમના જીવનપરિચય પરથી હરકોઇને જણાઈ આવે છે. અંગ્રેજ છતાં હિંદની સંસ્કૃતિમાં તેમજ તેની પ્રજામાં એ એટલા બધા ઓતપ્રોત થઈ ગયા છે કે વિશ્વપ્રેમના સમર્થક છતાં ભારતને માતૃભૂમિ તરીકે તેઓ પૂજી રહ્યા છે. મહાત્મા ગાંધીએ તેમની પુનિત થયેલી અસહકાર અને ખાદી ચળવળથી જે નિષ્કામ સેવા-લગની ગૂજરાતના યુવકોમાં જગાડી છે તેવાઓને દીનબંધુ એન્ડ્રુઝનું જીવન માર્ગદર્શક થઇ પડશે, એટલું જ નહિ પણ ગરીબો માટે કરેલી એમની પાવનકારી તપશ્ચર્યા અત્યારના સેવાપરાયણ યુવકોને અલૌકિક પ્રેરણા આપશે.

બાલ્યાવસ્થા

ચાર્લ્સ એન્ડ્રુઝનો જન્મ બારમી ફેબ્રુઆરી ૧૮૭૧ માં ઇંગ્લન્ડમાં થયો હતો. એમના પિતા જોન દીનવત્સલ હતા અને શિક્ષકના પવિત્ર ધંધામાં એમણે જીવન અર્પણ કર્યું હતું. પાંચ ભાઇ અને નવ બ્હેનોમાં એન્ડ્રુઝ ચોથા પુત્ર છે. ઇંગ્લન્ડમાં અનેક ધાર્મિક પંથો છે તેમાં ઇર્વિંગાઇટ પથનો સ્વીકાર એમના કુટુંબે કર્યો હતો. આખું કુટુંબ અનન્ય ભક્તિભાવથી ઈસુખ્રિસ્તના ધર્મને જીવનમાં ઉતારવા પ્રયાસો કરતું એટલે બાલ્યાવસ્થાથી જ ચાર્લી એન્ડ્રુઝના જીવનમાં ધાર્મિક સંસ્કાર દૃઢ થયા હતા. ધર્મ-ભાવનાનું સાચું રહસ્ય સેવામાં રહેલું છે એ સત્યનો પ્રથમ પરિચય તેમને બાલ્યાવસ્થામાં જ થયો. શરીરનો બાંધો સારો નહિ એટલે શિશુવયમાં એન્ડ્રુઝને ગંભીર માંદગી ભોગવવી પડી. એમની એ પીડામાં એમની માતાએ જે સેવા બજાવી તેથી બાળક એન્ડ્રુઝના મન પર ખૂબ અસર થઇ. દવા–ઓસડથી જે ન થયું તે માતાની અનન્ય સેવાથી થયું અને એ ગંભીર માંદગીમાંથી એન્ડ્રુઝ બચી ગયા. ત્યારપછી જ્યારે માતા કોઇકિ વેળા માંદગીની પથારી પર સૂતી ત્યારે બાળક એન્ડ્રુઝ એટલા જ ઉત્સાહથી માતાની ચાકરી કરતા. એન્ડ્રુઝના કુટુંબનું વાતાવરણ કેટલું બધું પવિત્ર અને સંસ્કારી હતું તે એમના નાનપણમાં બનેલા એક પ્રસંગથી જણાઇ આવે છે. માતા તરફથી મળેલી મિલ્કતના રક્ષક તરીકે પિતાના એક મિત્ર કામ કરતા હતા. એ મિત્ર તેની કેવી વ્યવસ્થા કરે છે તેની ચિંતા કુટુંબને હતી નહિ. એક વખત જ્યારે તે મિલ્કતની તપાસ કરવા પિતા ગયા ત્યારે માલમ પડ્યું કે તે

વેડફાઈ ગય છે. મધ્યમ સ્થિતિમાં રહેનારા કુટુંબને આ વજ્રાઘાત સમાન થઇ પડયું પરંતુ પિતાએ મિત્રદ્રોહી પ્રતિ વીરોચિત ક્ષમા દર્શાવી. ઘેર આવી સર્વને ખબર આપી અને રાત્રિ-પ્રાર્થના સમયે ઈશ્વર પાસે આખા-કુટુંબે માગી લીધું કે એ મિત્રદ્રોહ તેઓ શાંતિથી સહન કરી લઇ કોઈ મિત્ર પ્રતિ લેશ માત્ર પણ દ્વેષબુદ્ધિ ન જાગે એવી શક્તિ પ્રભુ તેમને આપે.

વિદ્યાર્થીજીવન

૯ વર્ષની ઉમ્મરે એન્ડ્રૂઝે વિદ્યાર્થીજીવન શરૂ કર્યું. વિદ્યાર્થી તરીકે તેઓ હોશિયાર ગણાતા અને ઘણુંખરૂં છાત્રવૃત્તિ તેમને મળતી. આખા વિદ્યાર્થીજીવનમાં એમણે લગભગ બે અઢી હજાર રૂપિયા છાત્રવૃત્તિમાંથી મેળવ્યા હશે. અને મિત્રદ્રોહ પછી ગરીબ થયેલા કુટુંબને તેમની છાત્રવૃત્તિ ખૂબ મદદ રૂપ થઈ પડતી. કવિતાનો શોખ એન્ડ્રૂઝને પ્રથમથી જ હતો અને પુસ્તકો વાંચવામાં ગુંથાયેલા હોય એટલે વિદ્યાર્થીઓ એમને "પ્રૌફેસર એન્ડ્રૂઝ" કહી બોલાવતા. ચિત્રકલાનો પણ એમને રસ લાગ્યો હતો. એ કોલેજમાં એક માસિકના સંપાદક તરીકે એમણે કામ કર્યું હતું. રમતગમતોના એ એટલા બધા શોખીન નહતા છતાં ક્રિકેટમા એમને ખૂબ રસ પડતો હતો.

એમના જીવનમા જે અનેક હૃદયપલટાઓ થયા છે તેની પ્રથમ શરૂઆત વિદ્યાર્થીજીવનમા થઈ. એમનું કુટુંબ ઇર્વીંગાઇટ પંથને માનતું. બાઇબલને ઇશ્વરપ્રણીત ગ્રંથ તરીકે તેઓ સ્વીકારતા. વિશેષ વિચાર કરતાં એન્ડ્રૂઝને થઇ આવ્યું કે બાઇબલમાં ગમે તેટલા ભવ્ય ઉપદેશો હશે–તે ખૂબ પ્રેરણાદાયક હશે, છતાં તેને ઇશ્વરપ્રણીત ગ્રંથ તરીકે સ્વીકારવું એ માનસિક દુર્બલતા છે. સત્યવક્તા એન્ડ્રૂઝે તરત જ પિતાને પોતાની માન્યતા જણાવી દીધી અને તેથી તેમને ભારે આઘાત થયો. પછી તો અર્વાચીન ખ્રિસ્તી ધર્મની અનેક માન્યતાઓ તેમને આકરી લાગવા માંડી, અને કેટલાક ધર્મ પ્રચારકોના જીવનમાં ઇશુના ઉપદેશોની અવગણના એમણે જોઈ આખરે એમણે પિતાનો ઈર્વીંગાઇટ પંથ છોડયો અને તેને-લીધે દર અઠવાડિયે "પવિત્ર સંગતિ"ના ઉત્સવમા ભાગ લેવાનું છોડી દેવું પડ્યું. આથી માતાને પણ ભારે દુઃખ થયું. આ પરિવર્તનનો કાળ એન્ડ્રૂઝને બહુ વિકટ નીવડયો. તે જ સમયે એમની પરીક્ષાના દિવસો પાસે આવ્યા હતા, "ફર્સ્ટ ક્લાસ" માટે ભારે તૈયારી થઇ રહી હતી. પોતાનામાં થયેલા પરિવર્તનથી કુટુંબને થતો આઘાત એન્ડ્રૂઝને પીડાકર નીવડયો અને એવી મનોવ્યથામા પરીક્ષાની તૈયારીઓ લથડી. આમ છતાં હૃદયમાં સત્યદર્શન થતા તેનો અમલ મુલતવી રાખવો એ એમને બીલકુલ રૂચ્યું નહિ અને પરીક્ષાની તૈયારી લથડી જશે એ ભય વધાવી લઇને પણ એમણે ઇર્વીંગાઇટ પંથનો ત્યાગ કર્યો. પણ પરીક્ષાના પરિણામમાં વાંધો આવ્યો નહિ. વિશેષ માન સાથે ફર્સ્ટ ક્લાસમાં તેઓ ઉત્તીર્ણ થયા. એમના આ ધર્મપરિવર્તનથી સમાજમાથી એ બહિષ્કૃત થયા છતાં એમના નમ્ર અને વિવેકભર્યા વર્તનથી માતાપિતાની પ્રીતિ તો એટલી જ જાળવી શકયા.

ઇંગ્લન્ડમાં "દીનબંધુ"ના પ્રથમ પાઠ

વિદ્યાર્થીજીવન સંકેલાતા, ધર્મપ્રચારક તરીકે જીવન શરૂ થતાં, એમનામાં રહેલી દીન વત્સલતાએ એન્ડ્રૂઝને ઇગ્લન્ડના ગરીબ લત્તાઓના ગરીબ મજૂરો વચ્ચે મૂકી દીધાઃ સન્ડરલેન્ડ તથા વાલવર્થ પરગણામાં ખાણોના ઉદ્યોગો ચાલતા હતા. ત્યાના મજૂરોની દુઃખદ સ્થિતિ નિહાળી એન્ડ્રૂઝ તેમની પાસે આવી-ગયા. અઠવાડિયામાં ૨૫ શીલીંગ મેળવનાર

મજૂરની સેવા સગવડભર્યું જીવન ગાળનારથી કેમ થાય ? એન્ડ્રુઝે કુટુંબ તરફથી મળતી બધી સગવડો ફેંકી દઈ દારિદ્ર દીક્ષા લીધી. ગરીબ મજૂરો માફક અઠવાડિયે ૧૦ શીલીંગ પર પોતાનો નિર્વાહ શરૂ કર્યો. ગરીબોની સેવા કરવા તેઓ ગરીબ બન્યા એટલે એમનો પ્રભાવ ખૂબ પડવા લાગ્યો અને અલ્પ સમયમાં મજૂરોના પ્રેમથી તે વિંટળાઈ ગયા. એ ગરીબ મજૂરોના નિકટ સહવાસની ભૂમિકા પર દીનવત્સલ એન્ડ્રુઝે પગલે પગલે વિશ્વાસ પ્રગટાવ્યો અને કેટલા યે પતિતોના જીવનને પાવન કર્યાં–કેટલાયેના દુરાચાર શમાવી દીધા. સન્ડરલેન્ડ વાલવર્થના મજૂરો વચ્ચે ગાળેલા એમના જીવનનાં પુણ્ય સ્મરણો તો અનેક છે પરન્તુ સ્થળસંકોચને લીધે તેનો ઉલ્લેખ માત્ર કરવો પડે છે. અહીંયા જ **दीनो भूत्वा दीनं सेवेत्** સૂત્રનું સત્ય સ્વીકારી એન્ડ્રુઝે " દીનબંધુ "તાના પ્રથમ પાઠ લીધા.

ભારતમાં આગમન

વિદ્યાર્થી અવસ્થામાં હતા ત્યારે જ એમણે હિંદ વિષે ઘણી વાતો સાભળી હતી. હિંદમાં ધર્મપ્રચાર કરવા આવેલા અંગ્રેજો તરફથી એમને હિંદની સંસ્કૃતિનો પરિચય થવા માંડયો એટલે તેમા એકપક્ષી રંગ ભળ્યા હતા છતાં એમને એ હિંદ જોવા ખૂબ ઇચ્છા થઇ. આથી જ વારંવાર તે માતુશ્રી પાસે, " ભાત " હિંદનો ખોરાક છે માટે તે રંધાવી ખાતા. આખરે ધર્મપ્રચારક તરીકે એન્ડ્રુઝ હિંદમાં આવ્યા. ભારતમા દાખલ થતા જ એના સૌંદર્યથી તે મુગ્ધ થઇ ગયા અને એમના એ હિંદપ્રવેશને તેઓ આજે " દ્વિતીય જન્મ " તરીકે ઓળખાવી રહ્યા છે. હિંદને ધર્મ શીખવવા આવનાર એન્ડ્રુઝ અહીં આવ્યા પછી આર્ય સંસ્કૃતિની તેજસ્વી ભાવનાઓથી એટલા આકર્ષાયા છે કે આજે ગુરુ મટી–પ્રચારક મટી–આર્યાવર્તને ખોળે અનન્ય ભક્તિભાવથી આર્યસંસ્કૃતિના ઉપાસક તરીકે તેઓ પોતાનું જીવન વ્યતીત કરી રહ્યા છે. સંત સ્ટીફન કૉલેજ ખ્રિસ્તી ધર્મ પ્રચારક મંડળ તરફથી ચાલે છે ત્યા એમને અધ્યાપકનું સ્થાન મળી ગયું. તે સમયે શ્રીયુત રૂદ્ર–ખ્રિસ્તી થયેલા હિંદના એક વીર પુત્ર—પણ અધ્યાપક તરીકે ત્યાં કામ કરતા હતા. વિદ્યાર્થી જીવનમાં જ ધર્મના સત્ય સ્વરૂપનું દર્શન થયું હતું એટલે ખ્રિસ્તી પ્રચારક મંડળની એ કૉલેજનું વાતાવરણ એમને એટલું બધું ન ગમ્યું. એ જ અરસામાં એક પ્રસંગ એવો બન્યો કે એન્ડ્રુઝનો પુણ્યપ્રકોપ જાગી ઊઠયો. એ કૉલેજના આચાર્ય અંગ્રેજ રહે એવી ત્યાંની પ્રથા હતી. તે જગ્યા ખાલી પડતા એન્ડ્રુઝ નવા હતા છતા અંગ્રેજ હોવાથી તેમને તે સ્વીકારવા વિનંતિ થઇ. એન્ડ્રુઝના મિત્ર બની રહેલા સુશીલકુમાર રૂદ્ર વીસ વર્ષથી ત્યાં કામ કરતા હતા અને કુશળ તેમજ પ્રેમાળ અધ્યાપક તરીકે તેમણે સારી કીર્તિ મેળવી હતી. એ હિંદી છે માટે એમની એ લોકપ્રિયતા અને અનુભવને ધૂતકારી કેવળ રંગભેદના પૂજારી વ્યવસ્થાપકોએ એન્ડ્રુઝને આમંત્રણ આપ્યું તે એમના જેવા ઇશુના સાચા સેવકથી કેમ સહેવાય ? તરત જ તેમણે તેનો અસ્વીકાર કર્યો અને ઇશુના બંધુપ્રેમનું સ્મરણ કરાવી સુશીલકુમાર રૂદ્રને આચાર્યપદ આપવા લડત ઊપાડી. આખરે તેમાં તે ફાવ્યા અને અંગ્રેજ છતાં સુશીલકુમાર રૂદ્ર જેવા સંસ્કારી વિદ્વાન **હિંદી** નીચે અધ્યાપક તરીકે કામ કરવા માંડયુ. આમ ભારતમા આવી અખંડ સેવાવ્રતની ભવ્ય તપશ્ચર્યા એમણે શરૂ કરી દીધી. અને આથી વિશેષ સુંદર બીજું કયું મંગળાચરણ હોઇ શકે ? એ સત્યપ્રેમ અને એ ન્યાયબુદ્ધિ એમના આખા જીવનમાં ઓતપ્રોત થઈ ગયાં છે.

પછી તો સુશીલકુમાર રૂદ્ર સાથે એન્ડ્રુઝનો પરિચય ખૂબ ગાઢો થતો ગયો. હિંદને વિષે વધારે ને વધારે માહીતી એમને મળતી ગઇ અને સુશીલકુમાર જેવા સંસ્કારી અને વિદ્વાન દેશભક્ત તરફથી મળતી હકીકતથી ભારતની પ્રજા તથા સંસ્કૃતિ સારૂ એન્ડ્રુઝને વિશેષ ને વિશેષ પૂજ્યભાવ ઉત્પન્ન થતો ગયો આજ સમયે ટોલ્સ્ટોયનો અભ્યાસ શરૂ કર્યો. અને ભવિષ્યમાં મહાત્મા ગાંધી સાથે જે કાર્ય દક્ષિણ આફ્રિકામાં પોતે કરવાના હતા તેની મનોભૂમિકા આવી રીતે તૈયાર થતી ગઈ. સંત સ્ટીફન કોલેજમાં કાર્ય કરતા હતા તે વખતે એન્ડ્રુઝને સીમલા જવાના પ્રસંગો મળતા—અને ત્યાં એમને એસ. ઈ. સ્ટોકસનો પરિચય થયો. એ અમેરીકન સંત પુરુષથી હવે ઘણા પરિચિત છે. એમણે પણ હિંદને માતૃભૂમિ ગણી ગરીબોની સેવા માટે નિર્ધનતાની કફની લીધી છે. પથારી વિના સુવું અને સાધુનો પોશાક પહેરવો એ સ્ટોકસને પ્રિય વસ્તુ થઇ પડી હતી. અને ગરીબો સાથે જ નિત્ય રહેવાની એમની ટેવ એન્ડ્રુઝને ખૂબ ગમી ગઇ. સ્વામી શ્રદ્ધાનંદ તથા હકીમ અજમલખાનનો પરિચય પણ આ જ અરસામા એમણે મેળવી લીધો.

રાષ્ટ્રીય ચળવળનાં આકર્ષણો

હિંદની દીન દશાનું અને તેની રાજકીય પરાધીનતાનું વિશેષ ભાન થતુ ગયું એટલે સ્વાભાવિક રીતે દીનવત્સલ એન્ડ્રુઝ રાષ્ટ્રીય ચળવળ પ્રતિ ખેંચાયા. કલકત્તામા ૧૯૦૬માં જ્યારે મહર્ષિ દાદાભાઇના પ્રમુખપણા હેઠળ મહાસભા ભરાઈ ત્યારે એન્ડ્રુઝે તેમા ભાગ લીધો પરંતુ ખ્રિસ્તીધર્મ પ્રચારક મડળ તરફથી તેમનો સખત વિરોધ થયો. એન્ડ્રુઝે તેની ઝાઝી પરવા ન કરી. પછી તો લાલા લજપતરાયના છૂટકારા વખતે એમના વિદ્યાર્થીઓને આનંદોત્સવ કરવા રોશની કરવા એમણે પૂર્ણ છૂટ આપી અને પોતે પણ તેમાં રસપૂર્વક ભાગ લીધો. આથી એ પોતાના પ્રચારક મંડળમાં વિશેષ અપ્રિય થવા લાગ્યા. હવે એન્ડ્રુઝ સમજતા ગયા કે હિંદમા ખ્રિસ્તી ધર્મપ્રચારકાર્ય ખૂબ સંકુચિત દૃષ્ટિએ થાય છે અને તેથી તેમને એ મંડળ પ્રતિ અણગમો વધતો ગયો. સુશીલકુમાર રૂદ્ર સાથે એ વિષે એમને ખૂબ ચર્ચા થતી અને પ્રચારક તરીકે મળતું વેતન છોડી દેવાની એમની ઇચ્છા રૂદ્રના આગ્રહથી જતી કરવી પડી. રાષ્ટ્રીય ચળવળમા એમની સહાનુભૂતિ ઉગ્રપણે કંઇક વિશેષ ઢળી અને છેક ૧૯૧૦માં હિંદ માટે પૂર્ણ સ્વાધીનતાની જરૂરિયાત એમના હૃદયમાં વસી ગઇ હતી. આથી જ હવે એન્ડ્રુઝ પાછળ સી. આઇ. ડી. ના માણસો ફરવા લાગ્યા અને એમણે પણ છૂટથી સરકારના જુલમને ઉઘાડો પાડવા માડયો. એમના આ વખતના રાષ્ટ્રીય અનુભવોને લગતું એક પુસ્તક એમણે પ્રગટ કર્યું (Renaissance in India). 'હિંદનો જાગૃતિકાળ' નામના એ પુસ્તકમા દર્શાવેલા એમના અભિપ્રાયોમાં પ્રચારક મંડળે ખૂબ ફેરફારો કર્યા કારણકે એ મંડળ તરફથી તે પ્રસિદ્ધ થયુ હતું. પછીથી એ ફેરફારો વિષે એન્ડ્રુઝે ખુલાસો કર્યો હતો. આવી રીતે હિંદની રાષ્ટ્રીય ચળવળમા પણ તે ઓતપ્રોત થતા ગયા. પરંતુ તે કદી પણ કોઇ વર્ગ સાથે ભળી જતા નથી, પણ હમેશાં તટસ્થ રીતે યથાશક્તિ કાર્ય કર્યા કરે છે.

શાંતિનિકેતન

એન્ડ્રુઝ હિંદમાં સેવાના માર્ગ શોધી રહ્યા હતા તેવામાં એમને ઇગ્લન્ડ જવું પડ્યુ. ત્યાં એમને રવીન્દ્રનાથ ટાગોરનો મેળાપ થયો. એન્ડ્રુઝના જીવનમાં આ ધન્ય દિવસ થઇ પડયો કારણ કે એમને એમનું પ્રિય ક્ષેત્ર હવે જડી ગયું. હિંદના એ

કવિવરની ઉચ્ચ કવિતાશક્તિ અને ઉન્નત સંસ્કારીતાએ એમનું હૃદય હરી લીધું અને ત્યારથી જ એમના શાન્તિનિકેતનમા જવાની પ્રબળ ઇચ્છા એમને થઈ આવી. વિશ્વ-પ્રેમના પ્રચારક કવિને એમના જેવા અંગ્રેજ અધ્યાપક મળે એ વાત ખૂબ ગમી ગઇ અને જ્યારે તે હિંદ આવ્યા ત્યારે એન્ડ્રુઝ શાન્તિનિકેતન જઇ પહોચ્યા. આ સમયે હિંદના વાઇસરોય હાર્ડિંજ પર બોમ્બ ફેંકાવાના કારણે તેઓ માદગીને બિછાને પડયા હતા. સેવા-પ્રેમી એન્ડ્રુઝ તરત જ ત્યા પહોચી ગયા અને એમની સેવાથી ખુશ થઇ લેડી હાર્ડીંજે અમુક રકમ લોર્ડ હાર્ડીંજ સારા થયા તેનો પ્રેમોત્સવ કરવા એમને અર્પણ કરી. દીન બાળકોના ઉપયોગ માટે એ ભેટ એમણે વાપરી હતી. શાંતિનિકેતનમા એમને ' મોડર્ન રિવ્યુ 'ના તંત્રી અને સંચાલક રામાનંદ ચેટરજીનો પરિચય થયો અને એમના અંગત મિત્ર મંડળમા એ વિદ્વાન દેશભક્તનો ઉમેરો થયો. પરંતુ જેમણે સેવાવ્રતની અખંડ તપશ્ચર્યા શરૂ કરી હતી તેમને માત્ર શાંતિનિકેતનમાં પૂરાઈ રહેવું ફાવે એમ હતુ નહિ. તે સમયે દક્ષિણ આફ્રિકામાં મહાત્મા ગાધીએ સત્યાગ્રહની લડત ઉપાડી હતી ત્યા કર્મવીર ગોપાળ કૃષ્ણ ગોખલેના આગ્રહથી એન્ડ્રુઝ આફ્રિકામા મદદ કરવા સારૂ ઉપડી ગયા. શાન્તિનિકેતન છોડતી વખતે જ કવિવરને નોબેલ પ્રાઇઝ મળ્યાના શુભ સમાચાર એમને મળ્યા હતા.

મહાત્મા ગાંધીનો પરિચય

• જ્યારે આફ્રિકા જવા નીકળ્યા ત્યારે ,પીયર્સન પણ તેમની સાથે હતા. પીયર્સન શાંતિનિકેતનમાં કામ કરતા હતા અને એ પણ એન્ડ્રુઝની માફક હિંદની માતૃભૂમિ તરીકે સેવા કરી રહ્યા હતા. સ્ટીમર પર જ એ બન્ને સાધુ પુરુષોને અંગ્રેજ અમલ-દારોના દ્વેષિલા અને અપમાનકારક વર્તનનો પરિચય થઇ ચૂકયો હતો. હિંદીઓ તથા તેમના મિત્રો સારૂ ગોરાઓને "ડેલ સુવર" નો શબ્દ સુલભ થઇ પડયો હતો તેની ખબર એન્ડ્રુઝને ત્યાં પડી. જ્યારે આફ્રિકા પહોંચ્યા ત્યારે હિંદના સેવાયજ્ઞમા ઉતરેલા ત્રીજા, અંગ્રેજ મિત્ર પોલોક ગાધીજી સાથે એન્ડ્રુઝને તેડવા આવ્યા હતા. ગાંધીજી તે વખતે કાઠિયાવાડી પોશાકમાં હતા, તેથી એન્ડ્રુઝે તેમને ઓળખ્યા નહિ અને ગાધીજીના સમાચાર પોલોકને પૂછ્યા. તરત જ ગાંધીજી સ્મિત હાસ્ય કરતા બોલી ઉઠયા: "આ રહ્યો હું." અને એ વીર પુરુષના મુખ પર છવાયેલા તેજના કિરણોથી પ્રેમાળ એન્ડ્રુઝનું હૃદય પ્રફુલ્લિત થઈ ગયુ. પીયર્સન તો એ પ્રેમળ તેજસ્વી વિભૂતિને ચરણે ઢળી પડયા. તે વખતે સત્યાગ્રહની લડત પૂરી થવા આવી હતી અને ફિનીકસ આશ્રમમા જ ગાધીજી સાથે એન્ડ્રુઝ રહેવા લાગ્યા. ફિનીકસ આશ્રમ એટલે તો સ્વેચ્છાથી સ્વીકારેલું શ્રમપૂર્ણ સાદુ સંસ્કારી જીવન, અને એન્ડ્રુઝ પીયર્સનને એથી વધારે સારૂ નિવાસસ્થાન બીજું કયુ મળી શકે ? આશ્રમને છાજતી સાદાઇ તરત જ એમણે પોતાના જીવનમા ઉતારી દીધી. લડતના અંતમા ગાધી–સ્મટ સમાધાન થયું તેમા પ્રથમ જે વિષમ સ્થિતિ ઉત્પન્ન થઈ તેનો તોડ એન્ડ્રુઝની સમાધાનપ્રિય વૃત્તિથી તરત થયો, અને આવી રીતે સત્યાગ્રહની લડતમાં તેમણે પોતાનો ફાળો આપ્યો. સત્યાગ્રહના એ સમરાગણમા પણ એ ગરીબોની શોધમા ફરતા અને ત્યાંના ધોબીઓનો એટલો મીઠો પરિચય એમણે કેળવી લીધો હતો કે હિંદ આવ્યા પછી પણ તેમણે તેમની સાથે પત્ર વ્યવહાર ચાલુ રાખ્યો હતો.

પરંતુ આ જ વખતે એમની માતાના સ્વર્ગવાસના દુઃખદ સમાચાર એમને મળ્યા. માતાની માદગીના પૂર્વે સમાચાર મળ્યા ત્યારે ગાધીજીના આગ્રહ છતાં સત્યાગ્રહનું સેવા

કાર્ય મૂકી ત્યાં જવું એમને ન ગમ્યું અને આખરે તેમને લડતના વિજય ઉત્સવ વખતે આવા દુઃખદ સમાચાર મળ્યા! ગાધીજી જેવા વીર પુરુષ પાસે હતા એટલે એમને પૂરતું આશ્વાસન મળ્યું અને કવિવર ટાગોરે પણ આશ્વાસન પત્ર મોકલી આપ્યો હતો. પરંતુ સૌથી વધારે શાતિદાયક આશ્વાસન તો એ હતું કે માંદગીને બિછાને પડેલાં એમના માતુશ્રીએ જ એમને સેવાક્ષેત્ર છોડી ઇગ્લન્ડ આવવાની મના લખી હતી. પોતાની પ્રેમાળ માતાની અંતિમ ઇચ્છા પોતે પૂર્ણ કરી ગાધીજીને યત્ કિંચિત્ મદદ કરી શકયા એ એમને આ દુઃખદ પ્રસંગે ભારે શાતિદાયક વસ્તુ થઇ પડી.

ગિરમિટિયા પ્રથાનો અંત

દક્ષિણ આફ્રિકાનું કાર્ય સંકેલી એન્ડ્રુઝ ફરી એક વાર વિલાયત જઈ આવ્યા અને પછી શાંતિનિકેતનમા ચાલ્યા ગયા. કમનસીબે ત્યાં સખત માદા પડયા. એ જ અરસામાં ગિરમિટિયા મજૂર પ્રથાનો હૃદયદ્રાવક પરિચય એમને થયો, અને એ દુષ્ટ જંગલી અમાનુષ પદ્ધતિથી એમનું પ્રેમાળ હૃદય કકળી ઊઠયું પ્રપચ, લાલચ અને નિર્ધનતાના ભોગ થઇ પડેલા એ ગરીબ મજૂરોનું કરુણ દશ્ય એમણે એક સુંદર કાવ્યમાં ઉતાર્યું છે અને એ કાવ્ય જ એ પ્રથાનું જંગલીપણું ઉઘાડું પાડે છે.

The indentured cooly
There he crouched,
Back and arms scarred, like a hunted thing—
Terror stricken;
All within me surged towards him,
While the tears rushed.
Then a change,
Through his eyes I saw the glorious face
Ah ! the wonder
Calm, unmoved-in deathless beauty
Lord of Sorrow.

આ જંગલી પ્રથા દૂર કરવામાં એન્ડ્રુઝનો શો ભાગ હતો ? પ્રથમ તો લોર્ડ હાર્ડિંજે એ વિષે જે ખરીતો ઘડયો તેમા એમણે જ એન્ડ્રુઝનો સહકાર માગ્યો. ૧૯૧૫ ની સાલમા તે બહાર પડયો હતો પછી વોઇસરોયની જ સૂચનાથી તે અને પીયર્સન ફીજી ગયા અને ત્યાની સ્થિતિની અંગત તપાસ કરી અહેવાલ બહાર પાડયો. આ અહેવાલ પર સરકારે ૨૧ મી જાન્યુઆરી ૧૯૧૬ ને દિવસે તે પ્રથા બંધ કરવાને લગતી યાદી બહાર પાડી હતી. સરકારની આ વર્તણુંકથી સંતુષ્ટ થઈ કવિ સાથે એન્ડ્રુઝ જાપાનના પ્રવાસે ચાલ્યા. માંદગી-તો એમની પાછળ જ ભમ્યા કરતી હતી છતાં કાર્યપરાયણતાની તીવ્ર લગની એમને નિરંતર પ્રવૃત્તિમય રાખતી. પછી તો હાર્ડિંજના ગયા બાદ લોર્ડ ચેમ્સફર્ડ વોઇસરૉય તરીકે આવ્યા અને તેનાં કારસ્તાન સર્વ દિશામા શરૂ થયાં. જાપાનમાં જ એન્ડ્રુઝને ખબર પડી કે ૧૯૧૬ ના ખરીતા વિરુદ્ધ સરકાર કામ કરી રહી છે એટલે તરત જ તેઓ હિંદ પાછા આવ્યા અને માદગી અસહ્ય નીવડતાં છતાં ગિરમિટિયા મજૂરો સારૂ પ્રચંડ આદોલન શરૂ કર્યું. અલ્હાબાદ, પૂના, મદ્રાસ, અમદાવાદ વગેરે સ્થળોમાં સભાઓ ભરી અને શ્રીમતી

નાયડુ, વિદુષી બીસંટ, લોકમાન્ય અને છેવટે મહાત્મા ગાંધીને એ આંદોલનમાં આકર્ષ્યા. પછી ઍન્ડ્રુઝ વાઈસરૉયને મળવા ગયા અને સત્યાગ્રહની વાતો પણ થવા લાગી. ફરીથી વધુ ચોક્કસ માહીતી મેળવવા ઍન્ડ્રુઝ એકલા ફીજી ગયા અને બીજો અહેવાલ બહાર પાડયો. છતાં ચેમ્સફર્ડ સાહેબ અડગ રહ્યા. જ્યારે મોંટેગ્યુ સાહેબ સુધારાના ટુકડા ફેંકવા હિંદને પ્રવાસે આવ્યા ત્યારે ઍન્ડ્રુઝ એમને પણ મળ્યા અને ફીજીમા હિંદીઓની થયેલી નૈતિક અધોગતિનું વર્ણન તેમની આગળ કર્યું. છેવટે એ પ્રથા બંધ થઈ ત્યારે જ ઍન્ડ્રુઝને શાંતી વળી.

મહાયુદ્ધ અને પંજાબનું પ્રકરણ

ગિરમિટિયા પ્રથામાંથી પરવારીને ઍન્ડ્રુઝ શાંતિનિકેતન પહોંચ્યા ત્યાં પિતાના મરણના ખેદજનક સમાચાર મળ્યા. પછી મહાયુદ્ધને અંગે દિલ્હીમાં પરિષદ મળી તે વખતે જ ઍન્ડ્રુઝને એ યુદ્ધ પાછળ રચાતી સ્વાર્થ અને પ્રપંચબાજીના ખબર પડી. સત્ય, આત્મનિર્ણય, શાંતિ ઈત્યાદિ મહાન આદર્શો સારૂ શરૂ થયેલાં યુદ્ધનાં બણગાં ફુંકનાર બ્રિટીશ સરકારે ઇટાલી સાથે ગુપ્ત સંધિ કરી (Pact of London) સ્વાર્થની સવડ કરી મૂકી હતી. ઍન્ડ્રુઝે તરત ગાંધીજીને ચેતવ્યા અને વર્તમાન-પત્રોમા એને લગતી લેખમાળા લખી મહાયુદ્ધની પોકળતા બહાર પાડી. પછી તો રૉલેટ કાયદા અને પંજાબના અત્યાચારોથી આખો દેશ કકળી ઊઠયો. પ્રજાવત્સલ ઍન્ડ્રુઝ તરત જ પંજાબ જવા તૈયાર થયા, પરંતુ રજા ત્યાંથી મળશે એવી સમજુતી આપી સરકારે તેમને ફસાવ્યા. પછી જ્યારે બધું શાંત થતાં ત્યાં જવાનો પ્રસંગ મળ્યો ત્યારે તે વધાવી લઈ ઓડ્વાયર ડાયરના અત્યાચારોથી ઘવાયેલા પંજાબના ઘા રૂઝવવાના કાર્યમા તેઓ મશગુલ થઈ ગયા. પ્રથમ તો વિદ્યાર્થીઓ પર જે અનેક આરોપો મૂકયા હતા તેની તપાસ કરાવી તેમને દોષમુક્ત કર્યા. પછી જેમના ભાઈ પતિ પિતા સરકારના જુલમના ભોગ થઇ પડયા હતા એવી નિરાધાર બ્હેનોની અશ્રુપૂર્ણ કરુણ કથાઓ સાંભળી તેમને હૃદયનું આશ્વાસન આપ્યું. પ્રજાના ઘવાયેલા અંતરમા વેર અને રોષ તેમ જ દીનતા પ્રસરી રહ્યાં હતા ત્યાં પ્રેમાળ ઍન્ડ્રુઝે તેમને ધૈર્ય, શાંતિ અને આશ્વાસન આપી ખૂબ સેવા કરી. ભાઈ પરમાનંદની ધર્મપત્નીને એ મળી આવ્યા અને એમના છૂટકારા માટે ખૂબ જ મદદ કરી. પરંતુ એ પંજાબનાં સેવા સ્મરણોમા એક લંબરદાર સાથેનો પ્રસંગ ખૂબ સ્મરણીય થઇ પડયો છે. તે નિર્દોષ ભાઇને રૂ૦ ૨૦૦ નો દંડ થયો અને તે સારૂ એ ગરીબ માંણસ પર સરકારે અસહ્ય જુલમ વર્ષાવ્યો. ઍન્ડ્રુઝ જ્યારે એમને મળ્યા ત્યારે વેર, રોષ અને દ્વેષથી એનું હૃદય કકળી રહ્યું હતું. એના આવેશનું કારણ ઍન્ડ્રુઝ સમજી શકયા, પરંતુ અહિંસાના પરમ ઉપાસક રહ્યા એટલે પોતે પણ અંગ્રેજ છે એટલે અંગ્રેજ સરકારે કરેલા જુલમના ભાગીદાર પોતે છે એમ જણાવી વેરનો ઉભરો પોતા પર ઠાલવવા સૂચવ્યું. ઍન્ડ્રુઝની આ અપાર નમ્રતા જોઈ લંબરદારનું હૃદય પીગળી ગયું અને તેની સાથે જ તેની આવેશજનિત દુષ્ટ ભાવનાઓ પણ શમી ગઈ. આવી રીતે પ્રભુના સાચા ભક્ત તરીકે અને પ્રજાના અનન્ય સેવક તરીકે પંજાબના ઘા કંઈક રૂઝાવી ઍન્ડ્રુઝ પાછા આફ્રિકાના ભાઇઓ પર ફરી આવી પડેલા દુઃખોમાં ભાગ લેવા ઉપડી ગયા. પ્રવાસી ભારત માટે ઍન્ડ્રુઝે ખૂબ પ્રવાસો કરી મહેનત ઉઠાવી છે. પૂર્વ આફ્રિકા, દક્ષિણ આફ્રિકા, અને ફીજીમાં બે વખત પ્રવાસ કર્યો હતા અને લંકા, ફેડરેટેડ મલાયા સ્ટેટ્સ તથા

ન્યુ ગીનીમાં એક વખત ફરી આવ્યા છે. સ્થળસંકોચને લીધે એ સર્વ ઠેકાણે કરેલી સેવાની વિગતોમાં ઉતરી શકાતું નથી.

અસહકારની ચળવળ

પંજાબના પ્રકરણમાંથી અસહકારનું મહાકાવ્ય પ્રગટે છે અને તે ચળવળની શરૂઆતને લીધે એન્ડ્રુઝ ગાંધીજીના વધારે ને વધારે નિકટ સહવાસમાં આવતા ગયા. અસહકારની ચળવળનું સાચું રહસ્ય એન્ડ્રુઝ તરત જ સમજી ગયા અને અંતરના ઉમળકાથી તેને વધાવી લીધી. એ ચળવળ પાછળ રહેલા અહિંસાના ભવ્ય સિદ્ધાંતથી તો એમના જેવા સંત પુરુષને ખૂબ જ આનન્દ થયો અને ગાંધીજીની એ પવિત્ર ચળવળમાં ભારતને તેનો આત્મા મળી રહ્યો છે એમ તેઓ માનવા લાગ્યા. પરદેશી કાપડની હોળીને લગતા તેમજ હિંદ માટે પૂર્ણ સ્વતંત્રતાની માન્યતા વિષેના થોડા મતભેદ બાદ કરીએ તો એન્ડ્રુઝે અસહકારની ચળવળની પડખે ઊભા રહી તેનું પ્રચારકાર્ય વર્તમાનપત્રો મારફત ખૂબ સરસ રીતે કર્યું. ઈંગ્લાંડ નિવાસી એમના અંગ્રેજ મિત્રને લખેલા એમના અસહકારની ચળવળ પરના પત્રો ખૂબ સરસ રીતે એ ભવ્ય લડતની મીમાંસા કરે છે. અસહકારને અંગે શરૂ થયેલી વિદ્યાર્થીઓની અનેક પ્રવૃત્તિઓમા તેઓ રસપૂર્વક ભાગ લે છે અને એ અસહકારી યુવાનોમાં ગાંધીજીએ જે સેવાભાવના અને કાર્યવૃત્તિ જગાડી છે તેથી તેમને ખૂબ સંતોષ થયો છે. પછી તો એમની પ્રવૃત્તિઓએ વિરાટ સ્વરૂપ લેવા માંડયુ. પંજાબમાં અકાલીઓએ ગુરૂકાબાગનો સત્યાગ્રહ કર્યો. તે પ્રસંગે પણ એન્ડ્રુઝ તો પડખે ઉભા જ હોય. ચાંડપુરમા ગુરખાઓ ગરીબ મજૂરોને મધ્ય રાત્રે ભાલાઓ બતાવી કાઢી મૂકે ત્યાં પણ યુવાન અસહકારી સ્વયંસેવકોથી વીંટાયેલા એન્ડ્રુઝ સરકારી અમલદારો સાથે મસલત કરતા સરકારના અત્યાચાર પર સખત પ્રહારો કરતા ઉભા જ હોય. આસામમા અફીણને લગતી તપાસ કરવાની હોય, ઓરીસામાં રેલ-સંકટનું ભગીરથ કામ ઉપાડવાનું હોય કે જુદી જુદી રેલ્વેના કામદારોની હડતાળોમા સમાધાન કરવાનું હોય, ત્યાં પણ દીનવત્સલ એન્ડ્રુઝની પ્રેમમૂર્તિનાં પુનિત પગલા પહોંચી ગયાં હોય. એ બધી એમની સેવા અને પ્રવૃત્તિઓના ઇતિહાસમાં ઉતરીએ છીએ તો એમના જીવનપુસ્તકના કેટલા યે પ્રેમ ઝરતા તેજસ્વી પ્રકરણો આપણી આગળ ખડાં થાય છે. આટલી પ્રવૃત્તિ જાણે ઓછી હોય તેમ જ્યારે પોતાનાં પરમ મિત્ર મહાત્માજી કઈક ગંભીર બિમારીમાં કે મુંઝવણમાં પડયા હોય ત્યા પણ પોતે દોડી જાય અને સેવાનો બધો ભાર ઊચકી લે ત્યારે જ તેમને નિરાત વળે. ગાંધીજીને ઓપરેશન સારૂ સાસુન હોસ્પીતાલમા લાવ્યા તે વખતે, દિલ્હીમા જ્યારે ૨૧ દિવસનો ઉપવાસ એમણે શરૂ કર્યો તે વખતે અને છેવટે માર્ચમાં કઈક એમની તબિયતના ચિંતાજનક સમાચાર મળ્યા તે વખતે તરત જ એન્ડ્રુઝ ત્યાં જઇ પહોંચ્યા.

અને હજી પણ એમની એ દોડધામ અને સતત પ્રવૃત્તિઓ ચાલુ જ છે અને શિશુ વયથી શરૂ થયેલી પ્રભુભક્ત તરીકેની એમની જ્વલંત જીવન પ્રણાલીમા એક પછી એક વિશેષ તેજસ્વી પ્રકરણો તેઓ ઉમેરી રહ્યા છે. આવા વીર પુરુષના તેજસ્વી બની રહેલાં જીવનમાથી વહી રહેલી દીનવત્સલતાની પુનિત પ્રેરણાના રસાસ્વાદથી કોનું અંતર પ્રફુલ્લિત નહિ થાય ?

અમર રહો એ હિંદના વીર દીનબંધુ એન્ડ્રુઝ.

દીલખુશ બ. દિવાન

રાઈનો પર્વતઃ એક સમાલોચના

૨

સંવિધાનની, કેટલીક મુશ્કેલીઓ અને ક્ષતિઓ

'રાઈનો પર્વત' નાટકમા મૂળ ભવાઇનું વસ્તુ કેવી રીતે વિકાસ પામેલું છે ત આપણે જોયું. હવે આપણે એ વસ્તુનું સંવિધાન જોઇએ. આ નાટક જેમ જ્ઞાનદૃષ્ટિએ લેખકના પરિપકવ વિચારો અને અનુભવનું ફળ છે તેમ કલાની દૃષ્ટિએ પણ સંપૂર્ણ પરિશીલનનું ફળ છે. નાટકની મુખ્ય રેખાઓ તેમને ૧૮૯૫ માં કલ્પનામાં આવી અને તે પછી નાટક ૧૯૦૯ થી ૧૯૧૩ સુધી યથાવકાશ કકડે કકડે લખાયું છે. અર્થાત નાટકની ઘટનાને પુરેપુરો મનઃપાક મળેલો છે. અને તે નાટકની દરેક ઝીણી મોટી બાબતમાં, તેના બનાવોની સંધિએ સંધિમા, તેની વિગતે વિગતમાં, દરેક વિગત અને બનાવના કરેલા ઉપયોગમાં, આગામી બનાવોના પુરોદર્શનમાં અને ગત બનાવોના અનુદર્શનમાં, સર્વત્ર જણાય છે. લોકપ્રિય થયેલી આધુનિક સાહિત્ય કૃતિઓમાં આના જેટલી સૂક્ષ્મ તેમ જ વિશાલ વિવેચના સહન કરી શકે તેવી કૃતિઓ થોડી જ હશે.

કલાની શક્તિ તેમજ એ શક્તિની મર્યાદા તેના ઉપાદાનમાંથી પ્રગટે છે એ જ નિયમે નાટકની શક્તિ પણ તેના વસ્તુ ઉપર આધાર રાખે છે. એ રીતે વિચાર કરતાં નાટકના વસ્તુમાં અને નાટકની રીતિમાં કેટલાંક વિચારવા જેવાં સ્થાનો મને લાગ્યાં છે. નાટકનું અંતિમ પ્રયોજન તેની ફિલસુફી તેનો રસ કેવી રીતે સિદ્ધ થાય છે તે જોવાનું આ પછીના ખંડમાં રાખી આ ખંડમાં એ મુશ્કેલીઓ, એ મર્યાદાઓ, અને એને મળતી અન્ય ક્ષતિઓનો વિચાર કરીશું.

આખા નાટકમાં વાતાવરણની પેઠે સૂક્ષ્મ રીતે વ્યાપેલી મુશ્કેલી એ છે કે નાટકનું મૂળ વસ્તુ અતિ પ્રાચીન લોકવાર્તાનું—જીવનમાં વિવેકની અને કલામાં સંયમની ઝીણવટ વિનાનું છે, અને નાટ્યકારે તેને આધુનિક નીતિ પ્રગટ કરવા આપણા શિષ્ટ નાટક સાહિત્યની રીતિમાં મૂક્યું છે. આમ કરવામાં કોઇ સાહિત્યના નિયમનો ભંગ થઈ જાય છે એમ મારૂં કહેવું નથી. કલાના એવા કોઈ નિયમો હોતા નથી, જે કંઇ હોય છે તે જાણે ભંગાવાને સર્જાયા હોય છે. પણ જૂની લોકવાર્તા કે ભવાઇના વસ્તુમાં નવા વિચારો મૂકવા અને વળી તે વસ્તુને શિષ્ટ સાહિત્યની રીતિમાં મૂકવું એ ઘણું દુર્ઘટ કાર્ય છે. Idylls of the Kingsમાં આવો પ્રયોગ કર્યો છે અને તેમા પણ એ જ મુશ્કેલી પ્રતીત થાય છે.

નાટકનું મૂળ વસ્તુ પ્રાચીન લોકવાર્તાનું છે. તેના મુખ્ય મુખ્ય બનાવો, કેટલાક બનાવો બનવાની સંભવિતતા, અને કેટલાકની સભવિતતાને માનનાર લોકમાનસ સર્વે અત્યંત પ્રાચીન ભૂતકાળમા હોવાનું જ આપણે કલ્પી શકીએ એવું છે. મહારાજા રત્નદીપ-દેવની રાણીનું પોતાના તથા પુત્રના ક્ષેમને માટે માળણ તરીકે રહેવું, તેમના એ સંબંધનું

રાઈથી પણ ગોપન, ઝાડને નવું કરી બતાવવાનો જાદુ, ઘડપણ મટાડીને રાજ્યનો ચોથ ભાગ લેવાનો કરાર, છ માસના દવાના સેવનથી માણસને જુવાન કરવાના ઉપાયો ઉપરની શ્રદ્ધા, એવી દવાને માટે આવશ્યક તદ્દન ગુપ્ત ભોંયરાનો નિવાસ, એવા કાવત્રાંથી રાજ્યના માલેક થવાની યોજના, વીણાવતીનો નગર બહાર વરસોનાં વરસો સુધીનો એકાન્ત અજ્ઞાતવાસ, એ સર્વ કેવળ પ્રાચીન કાલમાં આપણે કલ્પી શકીએ એવું છે. આવા પ્રાચીન વાતાવરણમા આપણે નીતિની અને સ્ત્રીપ્રતિષ્ઠાની આધુનિક ભાવનાના મંથનોમાંથી પસાર થતો નાટકનો નાયક જોઈએ છીએ. એ પ્રાચીનતાના વાતાવરણ અને નાટકના મુખ્ય પ્રયોજન વચ્ચેનો વિસંવાદ સૂક્ષ્મરૂપે આખા નાટકમાં પ્રતીત થયા કરે છે.

બીજો આવો વિસંવાદ એ છે કે વસ્તુ ભવાઈનું અર્થાત્ અશિષ્ટ સાહિત્યનું છે અને નાટકની રીતિ આપણા પ્રાચીન શિષ્ટ નાટકોની છે. અલબત નાટયકાર આપણાં પ્રાચીન નાટકોની પેઠે નાન્દી કે પ્રસ્તાવના કરતા નથી પણ એ બાહ્ય લક્ષણ સિવાય ઝીણી મોટી દરેક વિગતમા સંવિધાન શિષ્ટ નાટકનું છે. નાટકમાં વપરાતી, પતાકાસ્થાનક[1] ગંડ[2] વગેરે યુક્તિઓ, શિષ્ટ નાટકની છે. નવા પાત્રનો પ્રવેશ (થોડા અપવાદ સાથે) સૂચનથી થાય છે એ પણ **નાસૂચિતસ્ય પ્રવેશઃ** એ સંસ્કૃત નાટકના નિયમનું પાલન છે. રાઈ અને વીણાવતીનો પ્રથમ પ્રેમપ્રસંગ શિષ્ટ નાટકોની પ્રણાલીએ નાયક નાયિકાનું રક્ષણ કરે છે તેમાથી ઉત્પન્ન થાય છે. વીણાવતી શિષ્ટ નાટકમા ન હોય તેમ, વિધવા છે, પણ બીજી બધી રીતે સંસ્કૃત નાટકોની નાયિકા જેવી મુગ્ધ સુશીલ કોમલ વગેરે છે. મુખ્ય પાત્રોમા રાઈ કલ્યાણકામ સાવિત્રી સંયમી અને શિષ્ટ નાટકોના પાત્રો છે. નાટકના પદ્યો પણ શિષ્ટ પદ્ધતિનાં છે, વંજુલ શિષ્ટ નાટકોના વિદૂષક જેવો છે. આ સર્વથી વધારે સૂક્ષ્મ અને આંગળી ચીંધીને બતાવી ન શકાય એવા એની ભાષા અને પ્રૌઢિ સર્વત્ર શિષ્ટ નાટકનાં છે.

ઘણા વાંચનારા પાસેથી એવી ફરિયાદ સાભળીએ છીએ કે 'રાઇનો પર્વત' નાટક 'મોળું' અથવા 'ટાઢું' લાગે છે. હવે બર્નાર્ડ શૉ અને તેના અનુકરણ કરનારા ત્યાંના, કે અહીંના નાટયકારોની કૃતિઓમા જે હાલલકડીના દાવના જેવા ત્વરિત સંવાદો આવે છે

---

૧ આગામી ભાની બનાવનુ સૂચન તેને પતાકાસ્થાનક કહે છે. જેમકે

વંજુલ· "વડ સરખો કોઈ મહાન છત્રરૂપ પુરુષ ભાગી પડવાથી દૈવ ઉતાવળી ગતિએ તમને ઠોકરાવતું વગાડતુ પ્રધાનજીની મદદ મેળવવા લઇ આવ્યું છે એમ મને તો ભાસે છે." અહી, પર્વતરાયના મૃત્યુ પછી, રાઇને થનારી રાજ્યપ્રાપ્તિ, તેમાં આવવાના વિઘ્નો, એમાં કલ્યાણકામની સાહાય્ય એ સર્વનું સૂચન છે.

૨ કોઇની અકસ્માત થતી ઉક્તિથી પ્રસ્તુતથી ભિન્ન અર્થ થઈ જવો તે ગંડ. જેમકે:

કલ્યાણકામ: ..યોગ્યતા જોઈ પદવી અપાતી હોય તો રાજપદ એને જ—

(નોકર પ્રવેશ કરે છે)

નોકર· (નમીને)—મળી ચુક્યુ છે, ભગવન્ત.

અહીં કલ્યાણકામે કંઇ કહેવા ધારેલું એને બદલે તેની અર્ધી ઉક્તિ સાથે નોકરની ઉક્તિ ભળતા 'રાજ્યપદ રાઈને મળી ચુક્યું છે' એવો અર્થ થઇ જાય છે, જે બેમાથી એકકેયને અભિપ્રેત નથી—અને માટે અપ્રસ્તુત છે. સંસ્કૃત નાટકોમાં પણ લગભગ બધેય નોકરે અકસ્માત પ્રવેશ કરી ઉચ્ચારેલા આવા વચનોથી જ ગંડ થયેલો હોય છે. આમાં ચમત્કાર લાગે છે પણ આવા પ્રસંગે નોકરને (કે ગમે તે બીજાને) વરધીઅપાવ્યા વિના દાખલ કરવો પડે છે એટલે અરો એ કૃત્રિમ લાગે છે.

તેવા આ નાટકમા નથી. એવી અપેક્ષાથી જોતા આ નાટક જેને ટાઢું લાગતું હોય તેને એટલું જ કહેવાનું કે એ અને આ બન્નેની રીતિઓ જ જુદી છે. દાલલકડીના દાવમાં સામેનો માણસ ન કળી શકે એવી દિશાએથી મારેલો ફટકો અને તેને ઢાલ પર ઝીલી લેવાનું ચાતુર્ય બન્ને એક યોજનાબદ્ધ તાલીમથી આવેલાં હોય છે એમ જણાતાં તેનું આશ્ચર્ય કંઈક ઓછું થાય છે તેમ આવાં નાટકોમાં પણ થાય છે. આવા ત્વરિત સંવાદો હમેશા કૃત્રિમ જ હોય છે એમ કહેવું નથી, પણ જેમ એવા સંવાદોમા એક પ્રકારનો રસ હોય છે તેમ આવી શિષ્ટ રીતિમા પણ તેનાથી જુદા પ્રકારનો રસ હોય છે જેને માટે રસવૃત્તિ કેળવવાની જરૂર છે. પણ આ ફરિયાદમા કંઇક તથ્યાંશ છે. તે એ છે કે નાટક ઊઘડતા જે પ્રકારની અદ્‌ભુતતા દૃષ્ટિગોચર થાય છે તે ધીમે ધીમે હણાતી જાય છે અને અંત સુધી તે પાછી આવતી નથી. આપણે ઉપર જે પ્રાચીન ઇતિહાસને અનુકૂળ બનાવો કે સંભાવનાઓ ગણાવી ગયા તેમાની અધી નાટકના પ્રારંભમાં એક ઉપર એક સામાજિકને આશ્ચર્યચકિત કરતી ઊતરે છે. નાટક કોઇ જાલકા અને રાઈના અકલિત સંબંધથી ઊઘડે છે. પ્રાચીન સમયમાં માલણ એ જ એક ભેદભરેલી જાતિ છે. તેમાં વળી આ જાલકા તો જાદુગર થઈ સૂકા ઝાડને લીલા કરવાની છે. થોડી જ વારમાં પર્વતરાયનો વધ થાય છે. ત્યારે વળી માલણ જાદુગર જાલકાનો પ્રભાવ વધારે દેખાય છે. એક આંખના પલકારામાં તે એ કારમી પરિસ્થિતિની પ્રભુ બને છે. શીતલસિંહને દબાવી, તેનો ઉપહાસ કરી તેને એક જંતુની માફક હાથમાં લઇ તેની પાસે પોતાની યોજના સ્વીકારાવે છે. શીતલસિંહ તેના હાથમાં એક રાંક હથિયાર બની રહે છે. રાઈ આમ ગાજ્યો જાય તેમ નથી. પણ ત્યાં તો એથી એ મોટો ભેદ ખૂલે છે. રાઈ અને જાલકા તે જગદીપ અને અમૃત દેવી છે. ચોથા ભાગનું રાજ્ય લેવાની યોજનામાંથી આખું રાજ્ય લેવાની યોજના રચાય છે. રાઈ પણ જાલકાને વશ થાય છે, આ રીતે એક અતિ પ્રગલ્ભ પ્રતિભાશાળી, બલબુદ્ધિમાં અસંયત વિહરનાર પાત્રના અદ્‌ભુત પ્રવેશથી નાટક ઊઘડે છે. પણ પછી આખું વાતાવરણ સંયમી થતું જાય છે, રાઈ ધીમે ધીમે આ આશ્ચર્યવાળી યોજનામાંથી નીકળતો જાય છે. જાલકાના હાથ હેઠા પડતા જાય છે અને છેવટે કોઈ પ્રાચીન ભેદભર્યા ગઢ જેવી જાલકા પોતે પણ તૂટી પડે છે. જાલકા જેવું બલશાલી પાત્ર કે તેના જેવી કોઇ આશ્ચર્યકારક ઘટના ફરી આવતી નથી. શીતલસિંહ લીલાવતી એવા પાત્રો છે કે જેની છાયામા આવે તેવાં તે થાય. એટલે એ સ્વતંત્ર રીતે જાલકાનું વાતાવરણ ઉત્પન્ન કરી શકતા નથી. દુર્ગેશ કમલાનો કિસ્સો જાલકાને ભુલાવે એવો થાય, પણ કલ્યાણકામ સાવિત્રીને લીધે એમ થતું અટકે છે. આગળ વીણાવતીનો આજ્ઞાતવાસ એવો અદ્‌ભુત બનાવ છે પણ જાલકા જેવા ચમત્કારથી તે ચીતરાયો નથી. જાલકાને કંઈક મળતું મંજરી પાત્ર થઈ શકે પણ તે અતિશય ગૌણ અને હલકું છે, અને શીતલસિંહના સંગથી અને નીચ આશયથી જાલકા સાથે સરખાવી શકાય તેવું નથી. કલ્યાણકામ અને રાઈમાં દૃઢ મનોબલ, ઉચ્ચ નીતિ અને મહાન આશયો છે પણ તે જાલકાનું નષ્ટ થયેલું વાતાવરણ પાછું લાવે તેવા પ્રકારના નથી. એમની નીતિ અને સત્યતા દિવસના સ્પષ્ટ દર્શનવાળા પ્રકાશ જેવી છે, જે જાલકાની અંધારા અજવાળાની ગૂંથણી જેવી મોહક વિવિધરંગી જાલ સાથે વિસંવાદી છે. નાટકના મૂળ પ્રયોજનનું જ આ નિર્માણ છે. કેવળ બળબુદ્ધિ અને પ્રેમ કરતાં નીતિ વિશેષ છે એ નાટકનું રહસ્ય છે. અને તેથી જાલકાની

અદ્‌ભુતતા હારવી જ જોઈએ. આ ચમત્કારનો ઉલટો ક્રમ છે. નાટકમા ચમત્કાર પ્રથમ આછો અને પછી ઉત્તરોત્તર ઘન થતો જવો જોઇએ. તેથી અહીં ઉલટું બને છે. તેનું પરિણામ એ આવે છે કે નાટકના પ્રારંભથી ઉત્પન્ન થયેલ ચમત્કારની અપેક્ષા અપૂર્ણ રહે છે અને નાટક 'મોળું' લાગે છે.

નાટકનું પ્રયોજન અને નાટકમાં પ્રવેશેલી ભાવનાઓ એવી છે કે તેમા ચમત્કાર ટકી શકે નહિ. આ રીતે મૂળ વસ્તુમાં આપેલ તરતા દીવાનો વૃત્તાન્ત નાટ્યકારે પોતાની ઘટનામા રહેવા દીધો છે, પણ તેનો ચમત્કાર સઘળો કાઢી નાંખ્યો છે અને તેમ કરવા જતા તેનું પ્રયોજન નાટકમા લગભગ રહેતું નથી એમ કહીએ તો ચાલે. આપણે વિચારવાનું એ છે કે નવા વસ્તુમાં એ વૃત્તાન્તનું કાંઈ પ્રયોજન છે?–આવશ્યક છે? ભવાઇના વસ્તુમાં એ મુરદું અને તેમાંથી નીકળતા દીવા સાચા છે. અને ત્યાં રાઈ માને છે કે પોતે જ તે મસ્તકપૂજા કરેલી છે અને તેના પ્રભાવે તે બાદશાહ થયો છે. રાઈનો મશ્કરી કરતો પેલો સાથી પણ મુરદું અને દીવો બન્ને સાચાં માને છે, મસ્તકપૂજાથી રાજા થવાય એમ માને છે, અને રાઈ જ્યારે કહે છે કે એ મસ્તકપૂજા પોતે જ પૂર્વ જન્મે કરેલી ત્યારે એ બધી માન્યતાને યોગે રાઈને આધીન થાય છે. અહીં નવા વસ્તુમાં શીતલસિંહ વહેમી છે અને તેને પણ આવી મસ્તકપૂજાની વાત સમજાવવામા આવે તો તે પણ આધીન થઇ જાય એ ખરૂં. પણ શીતલસિંહ તો રાઈને આધીન છે જ, પોતાનાં સ્વાર્થની ખાતર–પોતાના દેહરક્ષણની ખાતર રાઈને આધીન છે, તેને આધીન કરવો બાકી નથી. બીજું રાઈ એવી ખોટી યુક્તિથી શીતલસિંહના વહેમનો લાભ લઈ તેની આધીનતા મેળવે તેવો નથી, અને છેવટે મુરદુ બનાવટી હોવાનું તે કહી દે છે એટલે શીતલસિંહને આધીન કરવા આવી યુક્તિ યોજાઈ છે એમ માની શકાય એમ નથી.

એક બીજી દૃષ્ટિથી જોઇ જોઇએ ભવાઇની વાર્તામા બાદશાહના સાથીને એવું અભિમાન હતું કે તેણે રાઈને બાદશાહ કર્યો છે, અને બાદશાહની એ ખાનગી વાત પોતાની પાસે હતી તેના ગર્વમાં તે હમેશાં હસતો. પણ અહીં શીતલસિંહને તેમાંનું કશું નથી. રાઈને રાજા બનાવવાની ખરી યુક્તિ કરનાર શીતલસિંહ નથી, જાલકા છે. શીતલસિંહને એવું અભિમાન પણ નથી. રાઈની ખાનગી વાત બહાર પાડી દેવાની ધમકી પણ તે આપી શકે તેમ નથી. શીતલસિંહ કહે છે ખરો કે "આપ તો પ્રથમથી નાખુશ હતા તે હું જાણું છું. જાલકાએ અને મેં આગ્રહ કરી આપને આમ રાજા બનાવ્યા છે." પણ ત્યા તેનો અભિપ્રાય રાજા બનાવવાનું અભિમાન લેવાનો નથી, પણ રાઈ પોતે આવી ખોટી રીતે રાજ્ય લેવા રાજી નહોતો એમ રાઈની પ્રશંસા કરવાનો છે. પણ ધારો કે શીતલસિંહના મનમાં ખરે જ એવું અભિમાન હોય તોપણ એ અભિમાન આ રીતે ટાળવાનો અને પ્રભુ જ સર્વ કાંઈ કરનાર છે એ કહેવાનો આ શું ઉચિત પ્રસંગ હતો? એમ જો આ સ્થિતિએ રાઈ કહે તો તેનો અર્થ એટલો જ થાય, કે જાલકાના કાવત્રાથી પોતે રાજા થવાનો હતો એ પ્રભુની યોજના હતી. અલબત આ સમયે રાઈએ રાજ્ય ન લેવાનો નિશ્ચય કરી નાંખ્યો છે પણ શીતલસિંહ તે કશું જાણતો નથી. રાઈ આ પ્રસંગે પોતાનું ખરૂં ખાનદાન કહે છે, પણ એ કહેવાનો આ ઉચિત પ્રસંગ નથી. મૂળ ભવાઈની વાર્તામાં બાદશાહના સાથીને વિચાર આવે છે કે "આ મસ્તકપૂજા કરનાર રાજા ન થયો અને આ માળી કેમ

થઈ ગયો ?" અને એ પ્રસંગે ભવાઇનો રાઈ પોતાના પૂર્વજન્મના પુણ્યની વાત કરે છે. તેમ જ અહીં પણ બને છે. પણ બન્ને સરખા નથી. મૂળ વાર્તામા ધારો કે બાદશાહના સાથીને એવો વિચાર ન આવ્યો હોત અથવા આવ્યો હોત છતા તેણે બાદશાહ આગળ એ કબુલ ન કર્યો હોત, તોપણ બાદશાહ એ મુરદું પોતાનું છે એમ કહીને તેના ઉપર પોતાનો પ્રભાવ પાડી શકત. અહી એમ ન બની શકત શીતલસિંહ આ મુરદું જોશે, તેથી તેને એવો વિચાર આવશે, અને તે મારી પાસે કબુલ કરશે, એ અનુમાનપરંપરા કે ઉપાયની યોજના બહુ નિર્બળ છે. અને એ નિષ્ફળ જાય તો રાઈ તેમાથી કશુ ફળ કાઢી શકે તેમ નથી કારણ કે તેને જૂ ઠું બોલવું નથી. વળી મૂળ ભવાઇમા બાદશાહ આ મુરદાના દશ્યથી એક ઘણા જ અગત્યના માણસ ઉપર પોતાની સત્તા બેસારી પોતાની ગાદી સ્થિર કરે છે. અહીં રાઈને ગાદી તો જોઈતી નથી, તે માત્ર શીતલસિંહને એટલું જ કહી શકે છે કે પોતે માળી નથી પણ રત્નદીપદેવનો પુત્ર જગદીપદેવ છે. એ સંબંધથી પણ તેને અત્યારે રાજ્યનો વારસો તો જોઇતો નથી,—શીતલસિંહ એવા કામમાં મદદ કરી શકે એટલું તેનામા વિત્ત પણ નથી. એટલે આ તરતા દીવાનું કશુ પ્રયોજન રહેતું નથી. શીતલસિંહની પેઠે વાંચનાર પણ પૂછી શકે કે બનાવટી મુરદું કરી દીવા કરવાનો આ "બધો શ્રમ શા માટે લીધો ?" અને જવાબ એટલો જ છે કે "મળેલા રાજ વિશે તમારા મનમાં વિચાર ઉત્પન્ન કરવા મેં આ ઘટના કરેલી." અલ્પ હેતુને માટે આ ઘણી મોટી ખટપટ નથી લાગતી ? નાટકના વસ્તુમા નવી ભાવના પેસતા આ વૃત્તાંત અર્થહીન થઈ જાય છે. નાટકમા જો દીવાનું દશ્ય પ્રત્યક્ષ થતું હોત તો એક ચમત્કારક દશ્ય તરીકે પણ તેની કાંઇક કિંમત થાત, પણ અહીં તો એ આખુ દશ્ય માત્ર સંવાદદ્વારા સૂચિત થાય છે.

પ્રયોજનનું અનૌચિત્ય બીજી દૃષ્ટિએ એથી પણ વધારે લાગે છે. પોતે માળી નથી પણ જગદીપ રાવ છે એમ શીતલસિંહને કહેવા, અને પોતાને મળેલા રાજ વિશે શીતલસિંહને વિચાર કરવા રાઈ શીતલસિંહને એક મોટામા મોટું ગુહ્ય કહી દે છે એ રાજકીય દૃષ્ટિએ ઠીક છે ? શીતલસિંહ ભયથી કોઇને કહેવાનો નથી માટે કહેવામાં કશું ખોટું નથી એમ માની શકાય એમ નથી. એમ માનીએ તો રાઈની "તમને છૂટ આપું છુ કે તમારી ખુશી હોય તો અત્યારે જઇને પ્રકટ કરો કે આ પર્વતરાય નથી પણ જગદીપદેવ છે." એ ઉક્તિ માત્ર દંભની કે ખોટો દમ બેસારવાની ગણાય, જે રાઈના સ્વભાવમા શકય નથી. પણ સૌથી મોટો પ્રશ્ન મને એ લાગે છે કે અત્યાર સુધી તેણે જાલકાને એવી જ સમજણમાં રાખેલી છે કે પોતે જાલકાની યોજના પ્રમાણે વર્તે છે ; તેમાથી તેને હવે ફરવું હોય તો તેણે જાલકાને એ બાબત ખબર તો આપવી જોઇએ કે નહિ ? જાલકાને ખબર આપ્યા સિવાય એ ગુહ્ય શીતલસિંહને કહી દેવાય ? શીતલસિંહ આ બાબત બહાર પાડે તેનું જે કાંઇ વિષમ પરિણામ આવે તે સહન કરવા પોતે તૈયાર હોય એ સમજાય એવું છે, પણ તેના ગમે તેવા અજ્ઞાત પરિણામમાં જાલકાને ઓચિંતી હોમી દેવી એ બીજું કાંઈ નહિ તો એક પુત્ર તરીકે પણ યોગ્ય ન ગણાય.

અને પોતે ઠેઠ સુધી પોતાનો બદલાયેલો વિચાર—જગદીપ તરીકે જાહેર થવાનો વિચાર, જાલકાને કહેતો નથી એ મને બીજી ગૂંચ લાગે છે. અલબત રાઈનો વિચાર અવધિ પૂરી થવાની આગલી રાતે જ બદલાય છે. તેને તે રાતે જ લીલાવતીને જોવા શીતલસિંહ લઈ

જાય છે.' એ કદાચ જાલકાની જ યુક્તિ હોય. રાઇને, લીલાવતીના પતિ 'થવું પડશે એ આઘાતકારક વિચાર પ્રત્યક્ષ થયા પછી રાઈને વિચાર કરવાનો ઓછામાં ઓછો વખત રહે માટે તેણે જ આટલું મોડું કર્યું હોય એ શક્ય છે. પણ તેણે પોતાનો નિશ્ચય કરી લીધા પછી તે જાલકાને કહેવા જેટલો વખત તો જરૂર રહે છે.[1] અને તેને જાલકાને મળવાનું પણ થયું હશે જ, જાલકાના મંદિરની પૂજારણ હતી તે ભોંયરાની ચોકી કરતી, અને તેણે જ મંદિરની પાછલી બાજુએ કોટ બહાર આવેલી ઓરડીમાં ભોંયરાનું એક ઢાંકણું ઉઘડતું હતુ ત્યાથી રાઈને લાવવાની ગોઠવણ કરી હતી. શીતલસિંહ તેને તે રાત્રે તેડવા કિસલવાડીમા ગયો હતો અને એ દૃશ્યમા છેલ્લે તે કહે છે કે 'આપણે જવું જોઇએ. આપને ભોંયરામા દાખલ થવાનો વખત થયો છે, અને જાલકાને અધીરાઇ થતી હશે.' એટલે કોટ 'બહારની' ઓરડીમાથી ભોંયરામા દાખલ થતાં જાલકા હાજર રહે એ સ્વાભાવિક છે. ભોયરાનું પ્રસિદ્ધ બારણું સાચવવા અત્યારે ત્યાં તેને રહેવું પડયુ હોય એ શક્ય નથી. મંદિર તો બંધ જ રહેતું અને રાત્રે દર્શનાર્થે કોઈ આવ્યું હોય એ શક્ય નથી. તેમ જ મહારાજની સંવારીનું મુહૂર્ત એટલી વારમા બહાર પડી ગયું હોય (આજે સવારે જ પૂછાવ્યું હતું) અને તેને લીધે મહારાજનાં દર્શન કરવાની ઉત્કંઠાથી મંદિરને દરવાજે મોડી રાતે (આ મોડી રાત જ હોવી જોઈએ. તરતા દીવાનુ દૃશ્ય આખું આજ રાત્રે બની ગયુ છે.) માણસોની ઠઠ જામી હોય એ કોઈ રીતે શક્ય નથી. એટલે જાલકાને મંદિરમા પડતું પ્રસિદ્ધ ઢાંકણુ સાચવવા રહેવું પડયું હોય અને તેથી તે રાઈને પ્રવેશ કરતા કોટ બહારને બારણે મળવા ન જાય એ કોઇ રીતે સંભવિત નથી. જાલકા દરેક કામમા ચોક્કસ છે. આ છેલ્લી રાત્રે તેને રાઇને કાંઈક સૂચના આપવાની અવશ્ય હોય જ. વળી અંક ૪ પ્ર૦ ૪ મા શીતલસિંહ રાઈને કહે છે: "મારે જાલકાને બધો વૃત્તાન્ત કહેવાનો છે તે શું કહું?" આ બતાવે છે કે જાલકા પોતાના પુત્રના વિચારો વિશે ઘણી જ કાળજી રાખતી હતી. અને "જે

૧ ૭ માસની અવધિ રાત્રે પૂરી થાય કારણ કે પર્વતરાયનું મૃત્યુ રાત્રે થયુ હતુ. આને અવધિની અન્ત્ય રાત કહીએ. એ રાતના પુરોગામી (૧૨ કલાકના) દિવસને પણ અવધિનો અન્ત્ય દિવસ કહીએ. તો અંક ચોથાનો પહેલો પ્રવેશ ઉપાન્ત્ય દિવસે છે. તે દિવસે જાલકા કહે છે કે 'કાલે રાતે ૭ માસ પૂરા થાય છે.' એ જ દૃશ્યમા જાલકા શીતલસિંહને કહે છે કે 'આજ રાતે' રાઇને લીલાવતીનો આવાસ જોવા લઈ જાઓ. એ મુજબ તે આવાસ જોવા શીતલસિંહ સાથે જાય છે. એટલે અંક ચોથાનો પ્રવેશ બીજો અને ત્રીજો તે અવધિની ઉપાન્ત્ય રાત. લીલાવતીને જોવાની રાત્ય ઉપાન્ત્ય જ હોવી જોઇએ, અન્ત્ય ન હોઈ શકે. અન્ત્ય રાતે તો રાઈએ 'બને તેટલા વહેલા ભોયરામાં દાખલ થઇ જવું જોઈએ' (અંક ચોથો પ્રવેશ ૧ લો. શીતલસિંહની ઉક્તિ [ત્રીજી]) પછી પ્રવેશ ૪ થો એ પણ ઉપાન્ત્ય રાત–મહેલથી પાછા ફરતા રસ્તામા. પ્રવેશ પાંચમો પણ મને તો તે જ ઉપાન્ત્ય રાતનો લાગે છે. જો કે તે રાત છે કે દિવસ એ જાણવાને સાધન નથી. પણ રાઈનું વિચારે ચઢેલું મગજ જોતાં તેણે એ રાત નદી કિનારે ફરતા વિચાર કરતા ગાળી હોવી જોઇએ. અને તે રાતે જ તે છેવટનો નિશ્ચય કરે છે. આ પ્રવેશમા તે કાગળ વાંચે છે પણ તે ચન્દ્રને અજવાળે હોય એમ ખુલાસો થઈ શકે. (આ વખતે અંધારિયાની શરૂઆત હતી. જુઓ પ્રવેશ છઠ્ઠો. શીતલસિંહ: 'રાત અંધારી છે ચન્દ્ર હજી ઉગ્યો નથી.' પછી ઉગે છે. એ અન્ત્ય રાતને લાગુ પડે છે.' અવધિ પછીના સવારીના દિવસે દશરાને સવા ૭ માસ થયા છે. અંક પાંચમો પ્રવેશ ૧ લો. મંજુલની ઉક્તિ.) આ ગણત્રી સાચી હોય તો નિર્ણય પછી જાલકાને એ વાત કહેવાને તેને અન્ત્ય એક દિવસ આખો હતો. જો પ્રવેશ ૫ મો દિવસ ગણીએ તો પણ નિર્ણય પછીનો દિવસનો અવશેષ ભાગ રહે.

બન્યું છે તે કહેજો, અને કહેજો કે હું વિચારમા છું. " એવા રાઈના જવાબથી વિચક્ષણ જાલકાને જરૂર વહેમ પડે અને તે આ બાબતનો ખુલાસો કરવા પણ રાઇ સવારીએ ચડે તે પહેલાં તેને મળ્યા વિના ન જ રહે. પ્રવેશ ૬ ના

શીતલસિંહ : આપે વિચાર કર્યો?

રાઇ . વિચાર કર્યો એટલું જ નહિ પણ નિર્ણય કર્યો. ઉત્તમોત્તમ અને પરમ સંતોષકારક નિર્ણય કર્યો છે, હવે ચિન્તાનું કારણ નથી.

શીતલસિંહ જાલકા બહુ ખુશી થશે.

રાઇ · જાલકા શું પણ સહુ કોઈ ખુશી થશે.

આ સંવાદમા રાઇ શીતલસિંહને જેવા જવાબો આપે છે તેવા જ કોઇ જવબો તેણે જાલકાને આપ્યા હોય તો સત્ય સાચવવા માટે તે 'નરો વા કુંજરો વા' જેવું ખોટું બોલ્યો ગણાય. પણ રાઈને નિર્ણય કર્યા પછી ભોંયરામા પેસતા સુધી જાલકાને મળવાનો પ્રસંગ ન મળ્યો હોય તો પણ તેણે પોતે હરકોઇ રીતે આ વાત જાલકાને કહેવી જોઇતી હતી. માતાને કહેતા ફરી માતૃપ્રેમજન્ય નિર્બળતા રાઇમાં આવે એવી બીકે તે ન કહે એ સંભવિત નથી, રાઇ હવે એ નિર્બળતાની પાર ગયો છે. વળી લીલાવતીને તેના આવાસમાં ગુપ્ત રીતે જોતા રાઈએ જાણેલુ છે કે જાલકા ' મહારાજ પધારશે ત્યારે એ ખુમચામા મુકવાનાં ફુલ ' તથા ' પલંગ પર પાથરવા ફુલની ચાદર આપી ' જવા કહેતી ગઇ છે. છતાં, પોતે જાલકાની યોજના પ્રમાણે જ વર્તવાનો છે એવી છાપ જાલકાના મનમાથી ખસેડવા ઠેઠ સુધી કાઇ કરતો નથી. × આથી જ રાઈએ ખરી હકીકત બહાર પાડી દીધા પછી જાલકાને લીલાવતી સાથે મળવાનો પ્રસંગ થાય છે આ પ્રસંગ કાંઈ જેવો તેવો નથી. આ પ્રસંગથી જ જાલકાનો કરુણ અંત આવે છે. રાઈ કે તેની જગાએ બીજો હરકોઇ માણસ સમજી શકયો હોત કે એ સ્થિતિમા બેનો મેળાપ હરકોઈ રીતે અટકાવવો જોઇએ. છેવટે રાઈએ ત્યા ન આવવાને જાલકાને ચેતવણી આપવી જોઈતી હતી. રાઈ વ્યવહારકુશળ નથી, પણ તેને. માતૃધર્મ કે માતાના પ્રેમથી પણ આટલું સુઝયું હોત. ટૂંકમાં રાજકારણની, કે માતૃધર્મની, કે કાવત્રાની ભાગીદારીની, કે વ્યવહારની, કે નીતિની ગમે તે દૃષ્ટિએ જોતા જાલકાને પોતાનો બદલાયેલો વિચાર કહેવાની રાઇની ફરજ હતી. રાઇ આટલું કરતો નથી અને તેથી જાલકા માટે વિષમ સ્થિતિ ઉત્પન્ન થાય છે એ આખા નાટકમા ઠેઠ સુધી ખટકયા કરે છે.

જાલકા માટેનું આવું જ દુર્લક્ષ તે દરબારનું કાર્ય પૂરૂં થયા પછી પણ બતાવે છે. જાલકાની યોજના પોતે ભાંગી નાખી છે એ વાત અવધિ પહેલા તો નથી જણાવતો પણ દરબારમાં ખરી હકીકત જાહેર કર્યા પછી પણ તે જાલકાને મળવા જતો નથી. તેણે એટલું તો જાણવું જોઇતું હતું કે જે દુષ્ટ યોજનામાંથી પોતે નીકળી જાય છે, તેનું બધું પાપ અને તેનો બધો દોષ, તેના નીકળી ગયા પછી સ્વાભાવિક રીતે જાલકા ઉપર પડે છે. રાજાના મૃત્યુથી અને આખા રાજ્યને અપમાનકારક કાવત્રાથી ક્રુદ્ધ થયેલા રાજસેવકો સ્વાભાવિક રીતે તેનુ વેર જાલકા ઉપર લે. તેની પહેલી ફરજ જાલકાને મળવાની હતી, છેવટે જાલકાને

× અંક ૭. પ્ર. ૨ માં રાઈ પોતે કહે છે: " હુ સવારીમા નીકળ્યો તે વખતે તો ..એ ઘણા ઉમંગમાં હતી."

કલ્યાણકામને સુપ્રત કરવાની તો હતી જ. તેને બદલે તે કશું પણ કર્યા વિના, પોતાની ૧૫ દિવસની પ્રતિજ્ઞા બરાબર પાળવા, શહેર બહાર ચાલ્યો જાય છે અને એ ૧૫ દિવસ દરમિયાન જાલકા વિશે એક શબ્દ પણ દુર્ગેશને પૂછતો નથી. દુર્ગેશને જાલકાએ પોતાના મંદવાડની હકીકત ન જણાવવાનું કહ્યું છે એટલે એ ન બોલે પણ રાઈ પૂછે પણ નહિ? અને રાઈને માતા માટે સ્નેહ તો એટલો જ રહ્યો છે. એટલે આ વર્તન મને વિસંવાદી લાગે છે.

બીજી એક ગૂંચવણ રાઈના વર્તનની જ છે. ૭ માસની અવધિ પૂરી થવાની આગલી રાત્રે તે નિશ્ચય કરે છે કે મારે પર્વતરાયના ખોટા નામથી ગાદી નથી જોઈતી અને હું જગદીપ તરીકે પ્રસિદ્ધ થઈશ. આ નિશ્ચય પછી સવારીમાં જવાનું અને લીલાવતીને મળવાનું પ્રયોજન જ શું રહે છે? આ તરફ નાટયકારનું ધ્યાન ગયુ છે. તેઓ રાઇના આ વર્તનનાં બે કારણો આપે છે, અને તે રાઈની ઉક્તિમા જ મૂકયા છે. " પર્વતરાયના મૃત્યુની ખબર લઈ જનાર બીજું કોઈ હશે તો તે લીલાવતીને અનિવાર્ય આઘાત કરી બેસશે, અને મારા આવ્યા પહેલા આપેલી એવી ખબરથી રાજ્યની લગામ કોઇના પણ હાથમા રહેવી મુશ્કેલ થઈ પડશે એમ વિચારી મેં જાતે આ વાત પ્રકટ કરવાનું માથે લીધું ". મને આ બન્ને કારણો અપર્યાપ્ત લાગે છે. રાજ્યની વ્યવસ્થા કરવા મંત્રી અને ઉપમંત્રી બે પૂરેપૂરા સમર્થ છે. રાઈ પણ કારભાર કલ્યાણકામને સોંપવાથી વિશેષ કાઈ કરી શકતો નથી. મહારાજ પર્વતરાયને મારીને ૭ માસના કાવત્રાથી તેમની જગાએ રાજા તરીકે સવારીમાં બેસી ફરનાર રાઈ ગમે તેવો ઓજસ્વી હોય તો પણ તેની ભલામણથી લોકો કે અમલદારો કલ્યાણકામની વધારે આમન્યા રાખે એમ માનવું રાઇને માટે ભૂલ ભરેલું છે. કલ્યાણકામ તેને સ્વારીને માટે લેવા સામો ગયો ત્યારે ખાનગીમા આ સર્વ વાત તે કલ્યાણકામને કહી શકયો હોત. અને કલ્યાણકામ રાજ્યની શાન્તિ જાળવવા શું જરૂરનું છે એ સમજીને કોઇ ઉપાય જરૂર કરી શકત. આમ કર્યાથી, જે બન્યું એના કરતા કશું વધારે ખરાબ બનવાનો તો સંભવ નહોતો જ એમાં શંકા નથી.

લીલાવતીને પોતે સંદેશો પહોંચાડે તો તેથી ઓછો આઘાત લાગે એમ માનવામાં તો તેથી પણ મોટી ભૂલ તેણે કરી છે. શીતલસિંહ સાથે ગુપ્ત રીતે લીલાવતીને તેના આવાસમા જોતાં તેને સમજાયું હોવુ જોઇએ કે લીલાવતી જુવાન થઇ આવેલા પર્વતરાયને મળવા કેટલી બધી ઉત્સુક હતી. તેમાં પણ લીલાવતીના કોડ મુજબ રાઇ દરબારમા જવા પહેલાં તેને મળવા જાય ત્યારે તો એ ઉત્સુકતા શતગુણ થાય. અને મૃત્યુના સમાચારનો આઘાત એ ઉત્સુકતાના પ્રમાણમાં વધે. આવા ભયંકર ખબર કોઇ વધારે પરિચિત મારફત જ આપવા એ ઉચિત હતું. આ ખબર રાણીને આપતાં સાંત્વન માટે સાવિત્રીદેવી અને કમલાની હાજરી જોઇશે એમ એ સમજે છે, તે માટે તે બન્નેને રાણીની સાથે રહેવા સંદેશો મોકલે છે, તો એ રીતે તેને એટલું કેમ નથી સમજાતું કે આ બધા સમાચાર જાતે આપવા કરતા એ બે બાઇઓ સાથે મોકલવા વધારે ઉચિત છે? કલ્યાણકામની મારફત તે એ પ્રમાણે કરાવી શકયો હોત. અર્થાત, પોતા વિશેની ખરી હકીકત બધા હેતુઓને માટે તે કલ્યાણકામને કહી શકયો હોત અને કલ્યાણકામ એ વસ્તુસ્થિતિમે પહોંચી શકે તેટલો ડાહ્યો કુશળ અનુભવી અને સમર્થ હતો.

નદીમા તણાતી બચાવે છે, એમા નવીનતા અલબત છે, કાલિદાસના પુરૂરવે રાક્ષસોના અવલેપથી ઉર્વશીને આકાશયાને બચાવી હતી, અને તેનો દુષ્યન્ત તો ભમરાના આક્રમણથી બચવા માટે મશ્કરીમા પાડેલી બૂમનો પ્રસગ લઈ મુનિકન્યકા પાસે હાજર થયો હતો, તેના કરતાં આ નવીન છે. પણ બીજી બાજુ પાણીમાં ભીંજાયેલાં કપડાથી તખ્તા ઉપર આવી અભિનય કરવો એ મુશ્કેલ છે. રાઈની લાબી એકાન્ત ઉક્તિઓ જે વાંચવામાં ઘણી અસરકારક લાગે છે તે તખ્તા ઉપર કદાચ કટાળો આપે આધુનિક નાટયકારો તો લાબી સ્વગત ઉક્તિઓને હવે નાટકનો દોષ ગણે છે. પણ એ તો કવિસમયનો પ્રશ્ન છે. જે શિષ્ટ નાટક પરંપરા કર્તાએ સ્વીકારી છે તેમા સ્વગત ઉક્તિઓ આવી શકે.[૧] શેકસપિયરે ઘણી જગાએ લાબી સ્વગત ઉક્તિઓ સફળતાથી વાપરી છે. પણ ધ્યાનમાં રાખવા જેવું એ છે કે આવી ઉક્તિ કોઇ અદમ્ય આવેશનો ઉભરો હોય ત્યારે જેવી નિર્વાહ્ય થાય તેવી, આ નાટકમાં કેટલેક સ્થળે છે તેમ, ન્યાયાન્યાયનાં કે પ્રેમનીતિના સૂક્ષ્મ તોલન સંબધી હોય ત્યારે ન થાય. આ માત્ર ઇયત્તાનો પ્રશ્ન છે. બાકી રાઇની એકાન્ત ઉક્તિઓમાં પણ પુષ્કળ આવેશ છે, રાઇનો નીતિનો સદાગ્રહ પણ એક પુણ્ય આવેશ જ છે, ઇશ્વર તરફના પૂજ્ય ભાવ, શ્રદ્ધા, પ્રેમનો એક આવિર્ભાવ છે.

આની જ સાથે વિચારવા જેવો એક બીજો પ્રશ્ન છે તે એ કે ગદ્ય નાટકમા પદ્યને કેવે પ્રસંગે કેટલો અવકાશ હોવો જોઇએ અને આ નાટકમાં તે યથાયોગ્ય છે કે કેમ? આ પ્રશ્ન સામાન્ય દૃષ્ટિએ સ્વતંત્ર ચર્ચાને યોગ્ય છે જેને માટે અહીં અવકાશ નથી. પણ હું ધારૂં છું કે નાટકમા જ્યા જ્યા ઊર્મિની પ્રધાનતા આવે, રસ સ્વાભાવિક રીતે લીરિકનું સ્વરૂપ લે, ત્યા ત્યા જ પદ્ય આવે. સર રમણભાઇ લીરિકના પક્ષપાતી હતા એમ એમનાં પૂર્વ વયનાં કરેલા વિવેચનો ઉપરથી લાગે છે, પણ આ નાટકમા તેઓ એવા મતને વળગી રહ્યા જણાતા નથી. આ નાટકમાં ઊર્મિની પ્રધાનતાને પ્રસંગે તેમણે ગીતો વાપર્યા છે, અને તે, નાટકમા ઘણા ઓછા છે. પણ નાટકમા સંસ્કૃત નાટકની પેઠે, ઠેકઠેકાણે સંસ્કૃત વૃત્તો કે માત્રામેળના છંદો વાપર્યા છે અને તે સ્થાનો ઊર્મિની પ્રધાનતાના નથી. સંસ્કૃતમા જેમ સુભાષિતો આવે છે તેમ, અને અર્થાન્તરન્યાસ જેવી કોઈ સામાન્ય સત્ય કે નીતિના સિદ્ધાન્તની ઉક્તિનો પ્રસગ હોય ત્યા ત્યા, તેમણે વૃત્તો વાપર્યા છે. એકંદર નાટકના પ્રમાણમા શ્લોકોની સંખ્યા ઘણી વધી ગઈ છે. કોઈ કોઈ શ્લોકનો વિષય કાવ્યત્વને યોગ્ય હોવાની પણ શંકા થાય છે—જો કે ગુજરાતી સાહિત્યમા પેસી ગયેલી અકવિતાને એક લાકડીએ હાંકી કાઢનાર વિવેચકને માટે એમ કહેતા જરા આચકો ખાવો પડે. એક દૃષ્ટાંત લઇએ.

(હરિણી)

તમ વચનથી પામ્યો છુ હુ ઉરે રસપોષણ;
ઉદરભરણે હાવા કાઈ સહીશ વિલંબન
શ્રમ ઘટિ ગયો સૂણી જે જે વદ્યો બહુ વેનુધ;
શ્રમ-સુખ જુદા થાયે ક્યાથી ખભે ધરિ જ્યાં ધુર?

આમા એટલુ જ કહેવું છે કે 'હમણાં જમવા નહિ આવી શકુ. પુષ્પસેનને કાગળ લખીને પછી આવીશ.' એટલી વાતને કાવ્યનું સ્વરૂપ આપવાની કશી જરૂર નહોતી. બે ઘડી ખાવાનું મોડુંએ થાય. કદાચ કલ્યાણકામને એમ હમેશ થતું હશે, કલ્યાણકામને કાર્યધુરાને

૧ સંસ્કૃત નાટકોમાં બહુ લાબી ઉક્તિઓ નથી આવતી. પણ ઉત્તરરામ ચરિતમા એક સ્થળે, અને વિશેષે કરીને મુદ્રારાક્ષસમા સ્વગત લાબી ઉક્તિઓ છે, પણ આપણા આધુનિક નાટકોમાં જે સ્વગત ઉક્તિઓ આવી છે તે, સંસ્કૃત નાટકો કરતાં શેકસપિયરની વધારે અસર છે

લીધે શ્રમ-સુખ જુદાં નહિ થઈ શકતા હોય, પણ એ આખું સત્ય ખાવાનું મોડું થયાની વાત ઉપર મૂકવું એ કાવ્યોચિત નથી ખાવાની વાતને 'ઉદરભરણ' જેવો શબ્દ પણ શોભતો નથી. તેમ જ આ વાતનું ખાસ પ્રયોજન પણ નથી કલ્યાણકામને કેટલી ચિંતામા રહેવું પડે છે તે આ પહેલાં સામાજિક જાણી ગયો છે,—એ કહેવાની જરૂર નથી. માત્ર કવિને પ્રવેશનો ઉપસંહાર કરવો છે અને તેને માટે આ વૃત્ત મૂકયું છે. જે પ્રવેશમા રાઈની સારવાર થઈ, તેની બહાદુરી અને કલ્યાણકામ-સાવિત્રીની ઉદારતા અને સેવાવૃત્તિ જણાઈ, જે પ્રવેશમાં પૂર્વમંડળ તરફ આક્રમણ થવાના ચિંતાજનક સમાચાર આવ્યા તે પ્રવેશનો આવો ઉપસંહાર યોગ્ય નથી લાગતો.

દૃશ્યકાવ્ય પણ વાચી શકાય છે પરન્તુ યાદ રાખવું જોઇએ કે વાંચનથી રસ મેળવવાની દૃષ્ટિ અને અભિનયમાથી રસ મેળવવાની દૃષ્ટિ જુદી છે. કેવળ વાચનથી હરકોઇ નાટક તખ્તા ઉપર કેવું લાગશે તે કહેવું મુશ્કેલ છે. તખ્તાલાયકી સમજવાને માટે ખાસ દૃષ્ટિ કેળવવાની જરૂર છે અને આપણા નાટકની હાલની અધમ સ્થિતિમા ઘણા ઓછા લેખકો અને વિવેચકોએ તે કેળવી હશે. ઉદાહરણ તરીકે વાંચવામાં વંજુલની ઉક્તિમાંનું હાસ્ય[1] આપણને ઠીક લાગે છે તે તખ્તા ઉપર સવારીના લાંબા દૃશ્યમા એટલું આકર્ષક ન એ લાગે. બીજી તરફ નગરચર્ચામા ખાવો દર્પણસંપ્રદાયીઓ અને શેરડીનો રસ પાવાનાં દૃશ્યો તખ્તા ઉપર ઘણા જ ચમત્કારક લાગ્યા છે.

આ ચર્ચા લાંબી ચલાવવાની જરૂર નથી. સઘળું જોતા એમ સ્પષ્ટ થાય છે કે નાટક એક વાંચવાની ઉત્તમ સાહિત્ય કૃતિ થાય એ રીતે લખાયું છે અને તે સાથે તેની અભિનયયોગ્યતા સરત બહાર રહી નથી. પશ્ચિમમાં જેમ વાચવાને માટે અમુક સાહિત્યની નાટયકૃતિ પ્રસિદ્ધ થાય છે અને પછી તેને તખ્તાલાયક કરવા માટે થોડી કાપકૂપ કરવી પડે છે તેવી પંક્તિનું આ નાટક છે. એ એક ઘણા જ દુર્ભાગ્યની વાત છે કે ગુજરાતી નાટક મંડળીના શ્રીયુત બાપાલાલે આ કૃતિ ભજવવાને માટે લીધી ત્યારે તેને તખ્તાલાયક કરવાને પોતે તેમાં ફેરફાર કરી શકે એવી સર રમણભાઇની તબિયત નહોતી. પણ એ વખતની તેમની વાતચીત ઉપરથી હું એટલુ નક્કી જાણું છું કે તેમણે પોતે આ નાટક માત્ર વાચવાને માટે નથી લખ્યુ અને એ પણ ખરૂં કે અભિનય માટે તેમા ફેરફાર કરવા પડે તેને માટે તેઓ અનુકૂળ હતા.

કેટલાક એવી શંકા કરે છે કે કર્તાના સંસારસુધારાના ઉત્સાહને લીધે નાટકની કલાને હાનિ પહોચી છે. બે જ નાના સ્થાનો સિવાય અન્યત્ર મને એવું જણાયુ નથી. પહેલું સ્થાન અંક ૩, પ્ર૦ ૪ મા જ્યાં કમલા દુર્ગેશને સ્ત્રીના ઉદ્ધાર માટે યત્ન આરંભવાનો સંકલ્પ કરાવે છે એ:—

> સ્ત્રીજાતિની અવદશા પરિહારવાને
> એવો હુતાશન મહા પ્રકટાવિશું કે
> તેની પ્રચંડ રુચિ જ્વાલનિ માહિ થાશે
> અજ્ઞાન, સ્વાર્થ, વળિ દુર્મતિ સર્વ ભસ્મ.

---

૧ વંજુલના હાસ્ય સબધી એક પ્રશ્ન થાય છે કે તે જે કઈ કહે છે તે પોતાની મૂર્ખતાથી જ કહે છે કે બીજાને હસાવવા કહે છે? સર્વત્ર એક જ રીતે ખુલાસો નહિ થઈ શકે અને જ્યાં તે હસાવવા કંઇ કહેતો હોય ત્યા પણ તે ખરે જ મૂર્ખતાથી કહે છે એમ માનીને તેને ગંભીર રીતે ઉત્તર દેવો એ કલ્યાણકામ સાવિત્રી જેવાંને ઉચિત નથી. પણ 'વિદૂષકોની બાબતમા આ સંદિગ્ધતા કાલિદાસ અને શેક્સપિયર જેવાની કૃતિઓમાં પણ છે. એટલે એને દોષ નહિ ગણવો જોઇએ, એક કવિસમય ગણવો જોઈએ.

સ્ત્રી જાતિની અવદશા મટાડવાને ઘણું કરવાની જરૂર છે પણ તે એકદમ કોઇ હુતાશન પ્રકટાવવાથી થઇ જાય તેવું નથી. તેને માટે નિ:સીમ ધીરજની જરૂર છે. તેમાં પુરુષ અને સ્ત્રી બન્નેનો હૃદયપલટો થવાની જરૂર છે. એવા કામને માટે રાઇ અને દુર્ગેશ બન્ને કમલાએ લેવરાવેલો સંકલ્પ ઊંચા હાથ કરીને ગંભીર ભાવે લે તેમા મને ઉત્સાહનો અતિરેક દેખાય છે. અને બીજું એવું સ્થાન અંક ૫ પ્ર૦ ૩ જ્યા લીલાવતી જાલકાને શાપ આપે છે તે રાઇ જાલકાને આ પ્રસંગ આવવા દે છે તે મને ખૂચે છે તે હું આગળ કહી ગયો છું. આ પ્રવેશમાં લીલાવતીનો પ્રકોપ સમજી શકાય. પણ મને પ્રકોપ કરતા જાલકા લીલાવતી બન્ને વચ્ચે બૈરાંઓની તકરાર જેવું વધારે જણાય છે જાલકાની ગંભીરતા અને ગૌરવ કોણ જાણે કયાં જતા રહે છે અને બન્ને પ્રાકૃત સ્ત્રીઓની માફક લડતાં જણાય છે આ આખું દૃશ્ય શાપની ફિલસુફી લાવવા જ જાણે મૂકયુ હોય એમ જણાય છે. કલા આછી બને છે અને તેની નીચેનો કવિનો અભિપ્રાય દેખાઇ જાય છે. પણ એ સિવાય કોઇ પણ સ્થલે કર્તાની કલાને હાનિ પહોચતી નથી. ખરી રીતે કર્તાના અભિપ્રાયોથી નાટકને હાનિ થાય જ એમ માનવું ભૂલભરેલું છે. હાલના પશ્ચિમના નાટકોમા એવું જવલ્લે જ કોઈ હશે જેમા કર્તાને કોઈ નહિ ને કોઇ સ્પષ્ટ ઉદ્દેશ નહિ હોય. બર્નાર્ડ શૉ તો દેખીતી રીતે નાટકમાં સામાજિક પ્રશ્નો ચર્ચે છે. આ નાટકમા સમાજ સુધારાને નાટકનો મુખ્ય ઉદ્દેશ માનવો એ ભૂલ છે. નાટકનો મુખ્ય ઉદ્દેશ જીવન ઉપર ઈશ્વરનું નીતિસામ્રાજ્ય અને જીવનવિગ્રહમાં ઈશ્વર તરફથી માનવને મળતી મદદની યોજના વ્યક્ત કરવાનો છે પણ તે વિષય હવે પછીના ખંડનો છે એટલે અહીં બંધ કરીશું.

આ ઘણો લાંબો કરવો પડેલો ખંડ બધ કર્યા પહેલા એટલુ કહેવું જોઇએ કે મેં અહીંઆ જે મુશ્કેલીઓ કે ક્ષતિઓ બતાવી છે તે આ નાટકમા ખરેખર હોય જ—અને આ રજુ કરવાનો મારો ઉદ્દેશ માત્ર ચર્ચા થઇ સત્ય બહાર પડે એ જ છે—તોપણ ' રાઇનો પર્વત ' એક સાચુ કલાત્મક નિર્માણ છે અને તેને આટલા દોષોથી એવી હાનિ થતી નથી. હમેશા કોઈ પણ કૃતિના અભ્યાસમા મુખ્ય અને પહેલો (અને છેલ્લો પણ ખરો) પ્રશ્ન એ છે કે એ કૃતિ ખરેખર કલાનું નિર્માણ છે કે નથી અને જો તે તે હોય, તો પછી દોષ ન કાઢી શકાય એવી પણ નિર્જીવ કૃતિઓ કરતા તે અનંત ગણી સારી છે. આ એક કલાની જીવન્ત કૃતિ છે માટે જ તેનુ રહસ્ય જોવા મન લોભાય છે અને રહસ્ય જોતા તેમાં રહી ગયેલી થોડી મર્યાદાઓ પણ નજરે આવે. પણ તેની મર્યાદાઓ કરતા અનેક ગણી તેની ખૂબીઓ છે જેનો મન માત્ર આસ્વાદ કરે છે. કુશલ વાચનાર તે સમજી લે છે, તેની ટીકા થતી નથી. જેમ કોઇ પણ જીવન્ત વ્યક્તિને જોતા તેના આંખ કાન લાંબાં ટૂંકાં હોય તો તે બતાવી શકાય છે પણ તેમાં રહેલું જીવન કયા છે તે બતાવી શકાતું નથી માત્ર સમજી શકાય છે, તેમ કલાની જીવન્ત કૃતિમા કોઇ દોષ રહી ગયા હોય તો તે બતાવી શકાય છે પણ તેમા સ્ફુરતી પ્રતિભા તો માત્ર અનુભવી શકાય છે, તેની પોતા પર થતી અસર બહુ બહુ તો વર્ણવી શકાય છે પણ તેને બતાવી શકાતી નથી. આ દોષો ખરા હોય તોપણ તે બતાવીને ટીકાનું પ્રયોજન તો તેના રસનો આસ્વાદ કરવા વાચકને વીનવવાનું જ

રામનારાયણ વિ. પાઠક

૧૮૦૯

મ્યુનિસિપાલિટીદ્વારા ચોખ્ખું દૂધ પૂરૂં પાડવાની એક યોજના

શહેર સુધરાઈના પ્રશ્નોમા ચોખ્ખું દૂધ પૂરૂ પાડવાનો પ્રશ્ન ઘણો મહત્વનો છે. આપણે ત્યા મુબઇ, અમદાવાદ જેવા શહેરોમા ચોખ્ખું અને ભરોસાપાત્ર દૂધ મળી શકતું નથી, જ્યારે પાશ્ચાત્ય દેશોમા નાના ગામડાઓમા પણ ચોખ્ખાઈના પ્રમાણપત્રવાળું (certified) દૂધ જોઇએ તેટલા પ્રમાણમા સસ્તી રીતે પૂરૂ પાડવાની સગવડ કરેલી હોય છે. આ બાબતમા મ્યુનિસિપાલિટી શુ કરી શકે એ જોવા માટે યુનાઇટેડ સ્ટેટ્સના ૪૫૦૦ માણસની વસ્તિના એક નાનકડા ગામની નીચેની યોજના વિચારવા જેવી છે.

આવી યોજના સાધારણ રીતે અમેરિકામા ૧૦,૦૦૦ માણસની વસ્તિના શહેરોમા પોષાઇ શકે છે. આપણે ત્યાં આનાથી પણ વધુ વસ્તિ ધરાવતા કસ્બા અને શહેરો છે એટલે સહેલાઇથી આવી ઊંચી યોજના દાખલ કરી શકાય. પરન્તુ જે યોજનાનો અહીં વિચાર કર્યો છે તે નાનકડા કસ્બાઓ અને ગામડાઓ માટે પણ ઘણી લાભદાયી નિવડી છે, એમ અનુભવ ઉપરથી જોઇ શકાયું છે.

દુગ્ધાલયની કોઈ પણ યોજનાનો વિચાર કરતા પહેલા દૂધનો જથ્થો (quantity) અને જાત (quality) એ બે પ્રશ્નો ઉપર ખાસ ધ્યાન આપવુ જોઇએ. બાળકોને માટે દૂધનો ખોરાક જરૂરી હોવાથી હરેક રીતે દૂધ વધુ પેદા થાય અને વધુ વપરાય એ ખાસ આવશ્યક છે.

નાના કસ્બાઓમા આ પ્રશ્ન બીજી રીતે ખાસ વિચારવા જેવો છે. ત્યા દૂધ પૂરૂ પાડનારા (ખાસ અપવાદ સિવાય) પોતાના બીજા મુખ્ય ધંધા સાથે આ ધંધો કરે છે. તેમના ઉપર મોટા પાયા ઉપર દૂધ પૂરૂ પાડવા માટે આધુનિક દુગ્ધાલયોના કે બીજા આકરા નિયમો નાખવાથી નીચેનું પરિણામ કદાચ આવે.

(૧) પેદાશ કરતા ખર્ચ વધુ આવી જવાથી દૂધનો ભાવ વધારવો પડે, જેના અંગે વપરાશ ઘટવા માડે; અથવા (૨) નાના ધંધાદારીઓ આવી ખર્ચાળ અને ગુંચવાડા ભરેલી યોજના સમજી શકતા ન હોવાથી તે સ્વીકારવા તૈયાર ન થાય અને આખરે તે ધંધો મૂકી દે. આ પરિણામો એવાં છે કે તેથી દૂધની વધારે વપરાશ થાય નહિ. આથી દૂધવાળા ઉપર એવા કોઈ જાતના બંધનો ન હોવા જોઇએ જેથી તે દૂધનો ધંધો છોડી દે, પણ ઉલટું યોજના એવી હોવી જોઈએ કે જેથી દૂધવાળા વધારે દૂધ પેદા કરવા આકર્ષાય. આ યોજનામા આ મુદ્દાને ગૌણ ન ગણતા દૂધની જાત જેટલો જ મહત્વનો ગણવામાં આવ્યો છે.

આ નાનકડા ગામમાં જ્યારે આ યોજનાનો વિચાર કરવામા આવ્યો ત્યારે કોઇ પણ સ્વતંત્ર રીતે દૂધનો ધંધો કરતું ન હતું. દૂધનો ભાવ ૧ ક્વાર્ટના ૧૬ સેન્ટ (૧ શેરના ૨॥ આના) જેટલો ઊંચો હતો તો પણ મળતર નહિ રહેવાના કારણે એક મોટા ખેડુતે આ

ધંધો છોડી દીધો હતો. આ ઉપરથી જોઈ શકાય છે કે યોજના દાખલ કરતી વખતે ખેડુતો માટે દૂધનો ધંધો લાભદાયી રહ્યો નહોતો.

વિચાર કરતા એમ માલુમ પડી આવ્યું કે દૂધની પેદાશનો ખર્ચ સામે ખાસ વાંધો ન હતો, પણ દૂધને શહેરમા વેચવા લઈ જવા લાવવાનુ ખર્ચ નકામું થતુ હતું. દરેક ખેડુતને વેચવા લઈ જવાના અલગ સાધનો હોવાને લીધે, ભાગતૂટને લીધે ઢોળાવાથી રસ્તે થતો બિગાડ, હિસાબ ખિતાબમાં થતી ભૂલ, કેટલીક વખત પડી રહે તો દૂધનો વધારો, પૈસાની ઉઘરાણી અને તેમા થતી માથાકૂટ એ બધાથી તેને પ્રમાણમાં વધારે ખર્ચ થતું હતું આથી કોઇ પણ યોજનામાં આ ખર્ચનો બચાવ થતો હોય તો તે ખેડુતો સ્વીકારવા તૈયાર હતા. આ કામ સ્થાનિક મ્યુનિસિપાલિટીએ ઉપાડી લીધું. બધું ભેગું દૂધ કરી તેને વેચવાની જોખમદારી સ્વીકારી લીધી. આમ એક ઠેકાણે બધુ દૂધ ભેગું કરવાથી દૂધની જાત તપાસવા અને તે સુધારવાને પૂરતો અવકાશ રહ્યો. દૂધવાળાઓને કવાટના ૧૨ સેન્ટ (૧ શેરના ૨૧ આના) આપવાનું નક્કી કરવામા આવ્યું અને તેમાં તેમને સંતોષ થયો. દૂધના ચાલુ ભાવમા ૧ સેન્ટનો વધારો કરી ૧૭ સેન્ટે ૧ કવાટ (શેરના ૨॥ આના) વેચવાનું રાખવામા આવ્યુ. આવી રીતે ૫ સેન્ટ જેટલો ગાળો દુગ્ધાલયના ખર્ચ માટે પૂરતો જણાયો. આને માટે નીચેનો ખરડો મ્યુનિસિપાલિટીએ પસાર કર્યો:—

(૧) આ ખરડામા 'દૂધ' અને તેમાથી બનતી ચીજોનો અર્થ ખાસ જુદો બતાવવામાં ન આવ્યો હોય ત્યા ચોખ્ખુ તાજુ 'દૂધ' અને તેમાથી બનતી ચોખ્ખી ચીજો એમ માનવાનો છે.

(૨) .તારીખ પછી આ ખરડામા બતાવેલી યોજના અનુસાર દૂધને .ડીગ્રી સેન્ટીમીટર સુધી ગરમ કરીને તુરત જ...ડીગ્રી સુધી ઠંડુ પાડીને ચોખ્ખું બનાવવામા ન આવ્યું હોય તેવું દૂધ શહેરીઓના ખોરાકના વપરાશ માટે કોઇનાથી વેચી શકાશે નહિ.

(૩) ઉપરની યોજના બર લાવવા માટે મ્યુનિસિપાલિટી પોતે જ એક ખાસ દુગ્ધાલય ખોલશે, જેમા દરેક ખેડુત પાસેથી દૂધ વેચાતુ લઇ ઉપર પ્રમાણે ચોખ્ખાઈથી સાફ કરી શીશીઓમા ભરીને તે વેચવામા આવશે

(૪) આ દુગ્ધાલયનુ દૂધ વેચવા માટે લાયક વ્યક્તિઓને પરવાનો આપવામા આવશે.

(૫) આરોગ્ય ખાતાના વડાની રજા સિવાય કોઇ પણ ગાયને શહેરની અમુક હદમાં રાખી શકાશે નહિ.

(૬) દૂધવાળાઓએ ચોખ્ખાઈના સામાન્ય નિયમોનું યથાર્થ રીતે પાલન કરીને લુગડાની સામાન્ય ગરણી અથવા બીજી કોઈ તરકીબથી ગળેલું દૂધ મ્યુનિસિપાલિટીના દુગ્ધાલયે લાવવું જોઇએ દોહવાયા પછી...કલાકમા દુગ્ધાલયે પહોંચતુ ન કરી શકાય તેમ હોય તો તેને...ડીગ્રી અથવા તેનાથી વધારે ડીગ્રી ઠંડુ કરવું જોઈએ.

(૭) દૂધ દોહવામા પછી .. કલાકમા દુગ્ધાલયે પહોચતું ન કરી શકાય તેમ હોય તો તેને ... ડીગ્રી અથવા તેનાથી વધારે ડીગ્રી ઠંડુ કરવું જોઇએ.

(૮) દૂધના રસાયનિક તત્ત્વોમા કોઈ પણ જાતનો ફેરફાર ન થઈ શકે એ હેતુથી તેમાં કોઇ પણ જાતનુ મિશ્રણ થઇ શકશે નહિ અગર તો તેમાથી કંઇ પણ તત્ત્વ કાઢી લઈ શકાશે નહિ

(૯) કોઇ પણ રોગથી પીડાતી ગાયના દૂધને અગર તો તેમાંથી બનતી ચીજો ખોરાકના વપરાશ માટે વેચી શકાશે નહિ

(૧૦) દૂધ અથવા તેમાથી બનતી ચીજો બગડી ગઇ છે એવી કોઇ પણ નિશાનીઓ માલુમ પડતા ખોરાક માટે વેચી શકાશે નહિ

(૧૧) દૂધવાળાઓ પાસેથી દૂધ શા ભાવે લેવું અને તેને શા ભાવે વેચવું એ હરહમેશ મ્યુનિસિપાલિટીની કાર્યવાહી સભા નક્કી કરશે.

(૧૨) ઓછામાં ઓછુ દિવસમા સવાર સાંજ એમ બે વખત દૂધની ફેરી કરવામાં આવશે.

ઉક્ત નિયમો સિવાય બીજા ઝીણવટના નિયમો દાખલ કરી શકાય. દાખલા તરીકે શીશીમાં કેમ ભરવું, તેને કેવી રીતે બંધ કરી તેના ઉપર પ્રમાણપત્રની સહી કરવી, મકાનની ચોખ્ખાઈ, નોકરોની ચોખ્ખાઇ વગેરે.

ઉપર પ્રમાણેનું દુગ્ધાલય શહેરોમાં એટલુ બધુ લોકપ્રિય થઈ પડયું કે એક શહેરી પોતાનું ખાનગી દુગ્ધાલય ઉઘાડી ઉપરના ખરડા મુજબનું દૂધ વેચવા લાગ્યો. વળી શહેર-સુખાકારી પણ ઉત્તરોત્તર વધતી ચાલી, અને તે પછી ભેળસેળવાળા દૂધમાથી ઉદ્ભવતા રોગો ઓછા થઇ ગયા.

આર્થિક દષ્ટિએ પણ આ દુગ્ધાલય પોતાનું ખર્ચ કાઢી શકે છે. અલબત્ત મ્યુનિસિ-પાલિટીના દુગ્ધાલયમાં નફાનો પ્રશ્ન હતો જ નહિ તો પણ ખર્ચ કાઢવા ઉપરાત તે પોતાનું મકાન બધાવી શકી છે. દૂધનો ભાવ ૧૭ સેન્ટથી ઘટાડીને ૧૫ સેન્ટ (૧ શેરના આસરે ૨। આના) કરવામા આવ્યો. આજ શહેરની પાસેના શહેરમા તદ્દન કાચું દૂધ ૨૦ સેન્ટના ભાવે (૧ શેરના ૩। આના) વેચાતું હતું. દૂધનો ઊઠાવ જે માત્ર પહેલા ૧૦૦ ક્વાર્ટનો હતો તેમાથી વધીને પાચ ગણો થયો. કસ નહિ રહેવાના સબબે જેમણે દૂધનો ધધો બધ કર્યો હતો તેમણે તે ફરીથી શરૂ કર્યો.

આવા દુગ્ધાલય પ્રત્યે પ્રજાની સામાન્ય ફરિયાદો શી હોય છે તે હવે જોઈએ.

(૧) કેટલાકને દૂધની ફેરીનો સમય કઢંગો પડે છે. અલબત્ત, આ બાબતમા દરેકના નિશ્ચિત સમયે દૂધ પહોચતુ કરવું અશકય છે અને તેથી મોટા વર્ગને યોગ્ય હોય તેવો જ વખત ગોઠવી શકાય.

(૨) વરસના અમુક વખતે જ્યારે દૂધની વપરાશ કરતા પેદાશ ઘટી જાય તે સમયે ગ્રાહકોના વપરાશમા કેટલીક કાપકૂપ કરવી પડે છે તે સામાન્ય રીતે કેટલાકને અરુચિકર થઇ પડે છે. અલબત્ત જે કુટુંબોમા નાનાં બાળકો અને આજારી માણસો હોય તેમને માટે કાપકૂપ થવી યોગ્ય નથી.

(૩) દૂધ ખાટું પડી જવાની કેટલાક ફરિયાદ કરે છે પણ દુગ્ધાલયને અંગે આવા દાખલાઓ પ્રમાણમા ઘણા થોડા ગણી આવે છે. તપાસ કરતા એમ માલુમ પડી આવ્યું હતું કે ગ્રાહકની બેદરકારીને લઇને ઘણી વખત આ પરિણામ આવે છે.

દુગ્ધાલયને દૂધવાળાઓ તરફથી નીચે પ્રમાણે શોષવું પડે છેઃ—

(૧) દૂધ દોહ્યા પછી ચોખ્ખા વાસણોમા રાખીને તેને પૂરતું ઢંકું રાખવામાં આવતું નથી.

(૨) નિશ્ચિત સમયે દરેક જણ દુગ્ધાલયે દૂધ પહોંચતુ કરતો નહિ. આથી ઘણી વખત એકાદ જણના દૂધને લઈને આખો સંચો કલાક મોડો ચલાવવો પડે અને આનું પરિણામ ગ્રાહકોને શોષવું પડે.

(૩) કેટલાક ખેડુતોએ વધારે માખણ ઉત્પન્ન કરી શકે એવી ઊંચી ઓલાદની ગાયો રાખી હતી. તેમની ફરિયાદ એ હતી કે બધુ દૂધ એક જ ભાવે લેવાવું ન જોઇએ. આ દલીલમા વજુદ છે અને દૂધની કિંમત તેના મલાઇના તત્ત્વ ઉપર ઠરાવવી જોઇએ. આથી જો કે વધારાની મલાઈ જુદી પાડવા માટે એકાદ બીજું યંત્ર ગોઠવવું પડે, તો પણ પ્રમાણમા ખર્ચ કરતા પેદાશ સારી થાય છે.

પણ સૌથી મોટો પ્રશ્ન આવા દુગ્ધાલયમાં વધારાના દૂધનો થઇ પડે છે. વપરાશ સામાન્ય રીતે એકધારી રહે છે, પણ અમુક ઋતુમાં દૂધની પેદાશ વધારે થઇ આવે. દરેકની પાસેથી જોઇતું દૂધ લેવામા વાધો આવે છે. નૈતિક દૃષ્ટિએ પણ દરેક જણ જેટલું દૂધ આપે તેટલું લેવું પડતું હતુ. આર્થિક દૃષ્ટિએ ઊંચા ભાવના લીધેલા દૂધમાથી માખણ કે એવું બીજું કશુ કાઢી શકાય એમ નહોતું. આવી બાબતમા પડી રહેતી છાશ અથવા સેપરેટનો કોઇ પણ ઉપયોગ કરી શકાતો નહિ.

ઉપરના પ્રશ્નનું નીચે પ્રમાણે કંઇક નિરાકરણ લાવી શકાય.

(૧) અમુક હદ ઉપરાતના બધા દૂધની ના પાડવી. દરેક જણની પાસેથી કેટલું દૂધ ન લેવું એનું પ્રમાણ હમેશા જે પ્રમાણમાં લીધું હોય એ ઉપરથી ખોળી કાઢવું. પરન્તુ આ પદ્ધતિ ગ્રહણ કરવા યોગ્ય નથી કારણ કે તેથી પેદાશ ઘટી જવા સંભવ રહે છે.

(૨) વધારાના દૂધમાથી આર્થિક દૃષ્ટિએ બીજી ચીજો બનાવીને તે વેચવી. દાખલા તરીકે માખણ, આઇસક્રીમ.

(૩) દૂધની સૂકી ભૂકી બનાવવાનું યંત્ર ગોઠવવું.

(૪) સૌથી વધારે ફાયદાકારક યોજના મલાઈ કાઢવાનો (cremery) ઉદ્યોગ ખીલવવો એ છે. વધારાના દૂધને કંઇક ઓછા ભાવે ખરીદી આ ઉદ્યોગમા લઇ લેવું.

ઉપરની યોજનાથી દૂધની પેદાશ ઉત્તરોત્તર વધતી જાય છે અને એ રીતે એક યા બીજો ઉદ્યોગ પોષી શકાય છે દરેક જણ દુગ્ધાલયમા ઊંચા ભાવે કેટલું દૂધ આપી શકે તેનું પ્રમાણ આગલા મહિનામા એકંદર દૂધની ગણત્રીએ તેના દૂધનું પ્રમાણ કેટલું હતું તે ઉપરથી કાઢી શકાય. દાખલા તરીકે આ પ્રમાણ ૧૦ ટકા જેટલું હોય તો તે પ્રમાણેનું દૂધ ઊંચા ભાવે દુગ્ધાલયમાં આવી શકે, જ્યારે પડી રહે તો વધારો ઓછા ભાવે મલાઈ કાઢવાના ઉદ્યોગમા જાય.

આ યોજના મ્યુનિસિપાલિટીદ્વારા થયેલી હોવાથી તે વગર નફાએ ચલાવવામા આવે છે, તો પણ ખાનગી કંપનીઓ ઉભી થઈ આવો ઉદ્યોગ હાથમા લે તો તેમાં તેમને મળતર રહે છે એમ જોઈ શકાયુ છે.

ઉપરની યોજના ઘણીખરી રીતે આપણા દેશના કસ્બાઓમા અને શહેરોમાં લાગુ પાડી શકાય તેમ છે. આપણે ત્યા ચોખ્ખું દૂધ પૂરૂં પાડવાની યોજના કરવામાં આવે તો આર્થિક દૃષ્ટિએ જરૂર સફળ થાય

ચીનુભાઈ ધ. પટેલ
(સમાજવિદ્યા વિશારદ)

અમેરિકાના પત્રો

પત્ર ૧૬ મો

કેમ્બ્રિજ માસ,
તા. ૪-૨-૨૯

સ્નેહી ભાઈશ્રી,

ગયા માસની ૧૦ મી તારીખે દીનબંધુ એન્ડ્રુસે અહીંના ટ્રીનીટી ચર્ચમા પ્રવચન કર્યું. પ્રવચનનો વિષય "હિંદુસ્તાન અને ગાંધીજી." શરુઆતમા જ તેમણે જણાવી દીધું કે Revolution is at our doors (ક્રાન્તિ અમારે આગણે આવી ઊભી છે) અને એને શાન્તિને માર્ગે રાખવા પ્રયાસો થાય છે છતા અંગ્રેજોના જાતીય અભિમાનને લીધે જુવાનોમાં અધીરાઈ પ્રગટી છે અને તેઓ સંપૂર્ણ સ્વાધીનતાની માગણી કરે છે. ગાધીજી, પંડિતજી અને બીજા વયોવૃદ્ધ આગેવાનો આ જુવાનોને સમજાવે છે, તેમને ધીરજ રાખવા કહે છે અને આજે તો હિંદુસ્તાને સ્વાધીનતાની માગણીને બદલે 'ડુમિનિયન સ્ટેટ્સ' ની માગણી બ્રિટિશ પ્રજા આગળ ધરી છે. પણ એક વરસ પછી શું થશે એ કહેવું મુશ્કેલ છે. આ વયોવૃદ્ધ યોદ્ધાઓના દિલની ઉદારતા અનુપમ છે. સરકાર તરફથી તેમણે ઘણું ખમ્યું છે છતાં તેઓ જ જુવાનોને બ્રિટિશ પ્રજા સાથેનો સંબંધ તોડતા રોકે છે. તેમના હૃદયની આ મહત્તા ઇતિહાસમા સુવર્ણાક્ષરે લખાશે.

આ પછી અસ્પૃશ્યતા પર બોલતા તેમણે જણાવ્યુ કે એ અનિષ્ટ રિવાજનો ધીરે ધીરે નાશ થવા માડયો છે. વાયકોમના સત્યાગ્રહના પોતે નજરે જોયેલા દશ્યો, સ્વયંસેવકોનો ત્યાગ અને ધીરજ અને આખરી વિજય તેમણે તેમની મીઠી વાણીમા વર્ણવ્યાં ત્યારે એની અપૂર્વ મહત્તા સમજાઈ અને ગાધીજી સરકાર સાથે લડે છે તેમ પોતાના માણસો સાથે પણ એના એ જ શાન્તિમય હથિયારોથી લડી જાણે છે એની સૌને જાણ થઇ. ગાંધીજીના દિલ્હીના ઉપવાસની હકીકત કહેતા તેમનો કંઠ ગદ્‌ગદ્ થયો. જ્યારે સૌએ તેમના જીવનની આશા છોડી અને દીનબંધુ તેમને ફળનો રસ લેવા આગ્રહ કરવા લાગ્યા ત્યારે ગાંધીજીએ સ્લેટ પર એક જ વાક્ય લખ્યુ. "You have forgotten the power of Prayer; have faith in God." પ્રભુમા શ્રદ્ધા રાખો. અને બીજે દિવસે સવારે એમની નાડીમા કંઇ અજબ ફેરફાર થયો. જે ડોક્ટરો આગલી રાત્રે માથું હલાવતા હતા તે સવારમા આ ફેરફાર જોઇને સ્તબ્ધ બની ગયા. "મને મારી અપૂર્ણ શ્રદ્ધાનુ ભાન થયુ અને પ્રભુને શરણે જનારને પ્રભુ જરૂર તારે છે એની પ્રતીતિ થઇ."

હજુ પણ કમનસીબે હિંદુ મુસલમાનના ઝઘડા ચાલુ છે છતા ગાધીજીનો એ પાટનગરમાનો ઉપવાસ કદિ ભૂલાશે નહિ.

તે પછી તેમણે 'હરિનો મારગ છે શૂરાનો' એ ગીતનો અંગ્રેજી ભાવાનુવાદ ગાઇ સંભળાવ્યો અને એ રીતે પોતાનું પ્રવચન પૂરૂ કર્યું.

પ્રવચન પૂરૂં થયા પછી દેવળના પુસ્તકાલયમા દીનબંધુને મળવા સૌ ભેગા થયા અને ત્યારે ઘણા અજાણ્યા માણસો એકમેકની ઓળખાણ કરવા લાગ્યા. અહીંની વાતો પરથી

સ્પષ્ટ જણાઇ આવ્યુ કે દીનબંધુના આ પ્રવચનની અસર ઘણી જ ઊંડી થઈ છે. દીનબંધુ અમને સૌ હિંદી વિદ્યાર્થીઓને બાથ ભરીભરીને ભેટ્યા અને જાણે સ્વજનોને મળતા ના હોય તેમ તેમના ઇન્ફ્લુએન્ઝાથી કરમાઈ ગયેલા મુખ પર લાલિમા ફરી વળી.

આ પછી ગઈ કાલે જ સરોજિની દેવીનું અહીં આગમન થયું. તેમણે કોન્યુનિટી ચર્ચમાં જે વ્યાખ્યાન આપ્યુ તેનો સાર આપવો મુશ્કેલ છે. તેમણે આપણી ધાર્મિક ચળવળનો ઇતિહાસ કહી સંભળાવ્યો. આર્યોના આગમનથી માંડીને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, કૃષ્ણ, બુદ્ધ, અશોક, રામમોહનરાય, દયાનંદ સરસ્વતી, રામકૃષ્ણ પરમહંસ, વિવેકાનંદ અને ગાંધી એ સૌની હિંદુ ધર્મ પરની અસર વર્ણવી. મુસલમાનોનો, જૈનોનો અને પારસીઓનો ફાળો જણાવ્યો અને હિંદુઓની ધર્મભાવનાનું રહસ્ય ખુલ્લું કર્યું

પણ સૌથી સરસ રસ તો પ્રશ્નોત્તરી વખતે જામ્યો. અહીંઆ વ્યાખ્યાનને અંતે વ્યાખ્યાતાને પ્રશ્નો પૂછવાનો રિવાજ છે એ તો તમે જાણો છો. સરોજિની દેવીને આવા પ્રશ્નોનો બહોળો અનુભવ થયેલો લાગે છે. એટલે તેમણે પ્રશ્નો પૂછાતા પહેલા પ્રોફેસર રિકનરને જણાવી દીધું કે પ્રશ્નો પૂછનાર પ્રશ્નો મુદ્દાસર પૂછે–અર્થહીન (stupid) ન પૂછે એટલુ સૌને જણાવી દો.

આ ચોખવટ પછી જે પ્રશ્નો પૂછાયા તેની એક નકલ આ સાથે બીડું છું.* એથી અહીંના લોકોને આપણા દેશ વિશે કેટલી માહિતી છે તેનો ખ્યાલ આપોઆપ આવી જશે.

આ પ્રશ્નોત્તરી પૂરી થતાં સમય પણ પૂરો થયો. એટલે સરોજિનીએ સૌને આપણી રીતે બે હાથ જોડી પ્રણામ કર્યાં અને સૌએ તેમને તાળીઓના હર્ષનાદથી વધાવી લીધા. પાછળથી જેમની જેમની સાથે વાત થઈ તેમણે સરોજિનીના જવાબ આપવાના ચાતુર્યનાં મુક્તકંઠે વખાણ કર્યા. ટૂંકા અને સચોટ જવાબ આપવાની તેમની શક્તિ જોઇ સૌ આશ્ચર્યચકિત થઈ ગયા. દરેકે કહ્યું કે આવા માર્મિક અને સચોટ ઉત્તરો તેમણે પહેલાં કદિ સાભળ્યા નહોતા.

× × ×

હવે યંગમેન્સ ક્રિશ્ચિયન એસોસિયેશનના ભૂતપૂર્વ મંત્રી અને હાલ પરદેશી વિદ્યાર્થીઓના મિત્રમંડળના મંત્રી મિ. હરિ (Mr. Hurrie)એ પોતાનો જૂદા જૂદા દેશોનો જે અનુભવ વર્ણવ્યો તે જણાવી આ કાગળ પૂરો કરું.

૧૯૨૨ ની સાલમા જ તેઓ હિંદુસ્તાનમાં હતા એટલે તેમના સ્મરણો એ વખતનાં હતાં. તેઓ એ આખી ચળવળના પ્રશંસક છે અને હિંદીઓએ જે "Indian character" બતાવી તે પર આફરીન છે. ચીન, કોરીઆ અને મીસરની સ્વતંત્રતાની લડત પણ તેમણે નજરે નિહાળી છે અને તેની પ્રત્યે પણ તેમની હાર્દિક સહાનુભૂતિ છે. ટેકનોલોજીના પરદેશી વિદ્યાર્થીઓને તેઓ મળવા આવેલા અને અમે બધા જમી રહ્યા પછી તેમણે બહુ જ જુસ્સાદાર અને લાગણીભર્યાં ભાષામાં આ સૌ અનુભવો કહી સંભળાવેલા. આથી ભાષણ પૂરૂં થયા પછી બે ફિલિપાઇન વિદ્યાર્થીઓ તેમને મળ્યા અને જણાવ્યુ કે તેમના દેશમા સ્વતંત્રતાનો પક્ષ વધતો જાય છે અને અમેરિકાએ હવે તેમને સ્વતંત્રતા આપવી જોઇએ. હું ધારતો હતો કે તેઓ તેમને ગોળગોળ જવાબ આપી વાત ટાળી દેશે, પણ તેમણે તો પાધરૂં જ પરખાવ્યું: " ફિલિપાઇનનો ધનાઢ્ય વર્ગ સ્વતંત્રતાની વિરૂદ્ધ છે. અહીં વોશિંગ્ટન

* આ પ્રશ્નોત્તરી 'પ્રસ્થાન' પુ. ૭ અ. ૬ મા પ્રસિદ્ધ થઇ છે. —તંત્રી

અને ન્યૂયોર્કમાં વસતા ફિલિપાઇન ધંધાદારીઓ કહે છે કે ફિલિપાઇન સ્વતંત્ર થાય તો તેમનો વેપારધંધો હાલ ચાલે છે તેવો ચાલે નહિ. કદાચ અમેરિકા એશિયાટિક કાયદો તેમને લાગૂ પાડીને તેમને આ દેશમાથી કાઢી મૂકે તો તેઓ પાયમાલ થઈ જાય. એટલે વાત એમ છે ભાઇ, કે તમારા દેશમાં જ બે પક્ષો છે. અમેરિકા શું કરે?"

આ સીધો, સ્પષ્ટ જવાબ હતો. પોતાના પગ તળે રેલો આવ્યો એટલે જે બચાવ અંગ્રેજો કરે છે તે જ બચાવ મિ હરિએ રજુ કર્યો. એમાં એમનો દોષ નથી પોતે બહુ જ નિખાલસ માણસ છે. વિદ્યાર્થીઓને શિખામણ આપી કે તમે ગયે વરસે તમારી Debating Team મોકલી હતી તેવી Debating Team દર વર્ષે મોકલતા રહો. એથી અહીંના લોકોની ગેરસમજ દૂર થશે અને તમારી શક્તિની તેમને જાણ થશે. મિત્રાચારી કેળવવાનો એ જ ઉપાય છે.

પણ વિદ્યાર્થીઓનું દિલ Debating Team થી માન્યું નહિ. તેમણે વાત આગળ છેડી. "જો મિત્રાચારી રાખવી હોય તો પછી અમારા દેશમા અમેરિકન અમલદારો આસપાસ બોડીગાર્ડ રાખી કેમ ફરે છે?" "એ તો માત્ર દરજ્જાના મોભાને ખાતર છે. પેલેસ્ટાઇનમાં રાજાની મોટર આવે છે ત્યારે સૌને માર્ગ કરી આપવો પડે છે. એવો જ આ એક દરજ્જાનો સવાલ છે. કેમ, તમારા હિંદુસ્તાનમા આવું કયા નથી?" અમે સૌ હસ્યા.

તેમણે તેમની હિંદુસ્થાનની મુસાફરીનો એક અનુભવ મને કહી સંભળાવ્યો તે નોંધવા જેવો છે. "હું લખનૌ અને દિલ્હી વચ્ચે બીજા વર્ગમા મુસાફરી કરતો હતો. મારા ડબ્બામાં એક હિંદુ બાઇ બેઠેલી હતી બીજે સ્ટેશને એક અંગ્રેજ તેના કુટુમ્બ સાથે આવ્યો. આવીને તેણે મારા સામે જોયું અને કહ્યું 'Who is this Coolie here?' (આ કુલી અહીંઆ ક્યાંથી?) મેં એનો કઈ જવાબ ન આપ્યો એટલે એ એ બાઇ તરફ ફર્યો અને કહ્યું: 'You Coolie, get out! you have no business to be here.' (બહાર નીકળ, મજૂરણ. અહીંઆ શેની બેઠી છે?) એ બાઇએ સ્પષ્ટ અંગ્રેજીમા કહ્યું: 'I have bought my ticket and I am entitled to be here as much as you are.' (મેં બીજા વર્ગની ટિકીટ લીધી છે અને તમને અહીંઆ બેસવાનો જેટલો હક્ક છે તેટલો જ મને છે) "Are you getting out or *not? Or shall I call the Police? Get out!*" (બહાર નીકળે છે કે નહિ? નહિ તો પોલિસને બોલાવું છું.) એ બાઇ એના હક્કને વળગી રહી અને ઊતરવાની ના પાડી. હું એ બાઇની હિંમતની મનમાં ને મનમા પ્રશંસા કરતો હતો ત્યા તેના જ દેશના ભાંઇઓ ત્યાં આવી લાગ્યા અને જ્યારે મેં જાણ્યું કે તે ટ્રેનના કોન્ડક્ટર અને ટિકીટ કલેકટર છે ત્યારે મારા દિલમા ટાઢક થઈ કે હવે એ બાઇનાં શિર પરનું વાદળ ટળ્યું. પણ જ્યારે એ બન્ને જણાઓએ એ બાઇને નીચે ઊતરવા કહ્યું ત્યારે મારા આશ્ચર્યનો અવધિ થયો. મને લાગ્યું કે મારે હવે વચમાં પડવું જોઇએ પણ હું વચમાં પડું તે પહેલાં જ તે બાઇએ તેમને સંભળાવી દીધું: 'I will not get down until you find me another seat.' (તમે બીજી જગ્યા શોધી કાઢો અને પછી ઊતરવાની વાત કરો.) એ લોકો જગ્યા શોધવા ગયા પણ ટ્રેન આખી ભરેલી હતી. કોઇ ડબ્બો ખાલી નહોતો. તેમણે આવી અંગ્રેજને એ સમાચાર કહ્યા. અંગ્રેજે ગુસ્સામાં પગ પછાડયા. એનું આખું કુટુમ્બ આ એક ડબ્બામાં માય તેમ નહોતું એટલે તેને બીજી ટ્રેન સુધી રોકાઇ જવું પડયું.

આને લીધે અમારી ટ્રેન અડધો કલાક મોડી થઇ પણ એવી-હિંદુબાઈની ઓળખાણ થઇ એથી મને એ અડધો કલાક કદિ સાલ્યો નથી."

આપણા વર્તમાનપત્રોમા અંગ્રેજોની તુમાખી અને હિંદી પ્રવાસીઓની કાયરતાનાં ઘણાં વૃત્તાંતો પ્રસિદ્ધ થાય છે. તેમા આપણી સ્ત્રીઓ તો ગોરાઓને જોઇ સો કોસ દૂર ભાગે છે. આ બાઇના નામની મિ. હરિને ખબર નથી પણ જે કોઈ બાઈ હોય તેણે આ રીતે પોતાના હકને દૃઢતાથી વળગી રહેવામા હિંદુસ્તાનનુ અને સ્ત્રીત્વનું ગૌરવ વધાર્યું છે. જો કે આજની નૂતન સ્ત્રીને બીજે જગ્યા મળે તો ત્યા બેસવાની તત્પરતા પણ સાલશે અને તે સાલે તે બરોબર છે, છતા ૧૯૨૨ ના જમાનામા ગોરાને બીજી ટ્રેન સુધી રાહ જોવરાવવી એ નાનીસૂની વાત ન કહેવાય.

લે. નંદલાલના વંદેમાતરમ્

તા. ક. પ્રો. ધર્માનંદ કોસામ્બીના પુત્ર દામોદર (બાબા) કોસામ્બી આ સાલ ગ્રેજ્યુએટ થયા છે અને એમને *Highest Honours* મળ્યા છે. આ દર વરસે ૪–૫ વિદ્યાર્થીને જ મળે છે. આમાથી ઘણાખરા પરદેશી હોય છે આ ફેબ્રુઆરી માસમા બાબાને એકલાને જ આ Highest distinction મળ્યુ છે. તેઓ આ ઉન્હાળામાં પાછા ફરવાનો વિચાર કરે છે. Harwardમા આ Honours મેળવનાર તેઓ પહેલા જ હિંદી છે. ગણિત તેમનો મુખ્ય વિષય હતો.

[બીજા એક ભાઈ ઉપરના શ્રી. નંદલાલના પત્રમાથી]

આપને આટલી ઉમરે કામ કરતા જોઈ મને ખુબ જ સાનંદાશ્ચર્ય થતું. પણ આ દેશમા આવ્યા પછી મને એ આશ્ચર્ય નથી થતું, પણ શોક થાય છે કે આપણા દેશમાં માણસ કેવી નાની ઉમરે રીટાયર થઈ જાય છે.

અહીંઆ અમારા પ્રોફેસરોમાં કેટલા યે ૬૦ વર્ષની ઉમર ઉપરના છે, અને અમારી લાયબ્રેરિયન બાઈ મિસિસ કીંગની ઉમર તો ૭૫ વર્ષથી પણ વધારે છે. પણ એ બાઈ આખો દિવસ લાયબ્રેરીમા કામ કરે છે અને સાંજે ઘેર જઇ પોતે જ હાથે રસોઈ બનાવે છે, અને ઘર પણ પોતે ચલાવે છે. એની સ્ફુર્તિ અજબ છે. જુવાનને પણ પાણી ભરાવે તેવી તેની ચપળતા છે. અને જ્ઞાન ઘણું જ ઊંડુ અને અગાધ છે

એને એક દીકરી છે. તે ન્યુયોર્કમા રહે છે. થાકનુ તો એનામાં નામ પણ નથી. એને જોઉં છું ત્યારે આપનું સ્મરણ ઘણી વાર થઇ આવે છે.

પણ દુઃખ તો એ વાતનું છે કે આ દેશમા મિસિસ કીંગ જેવી કેટલીયે વૃદ્ધ બાઇઓ હજુ પોતાનું કામ સંભાળે છે ત્યારે આપણા દેશમા તેઓ કાં તો મરણને બારે જઇને બેસે છે અથવા તો નિષ્ક્રિય બની જાય છે.

અહીંના વૃદ્ધ માણસો ટ્રામમા–સબવેમાં–રેલવેમા બધે ફરે છે. પાકી ઉમરે પણ દીકરાના કે દીકરીના ઓશિયાળા બનવું તેમના ગળે ઊતરતું જ નથી. ઠેઠ સુધી–મરણની ઘડી સુધી ધુંસરી ઉપાડે છે, અને એમાં જ આનંદ માને છે. જુવાનોની સાથે તેઓ ખૂબ ભળે છે, અને કેટલાક તો જુવાનોને ખાસ વારતહેવારે પોતાને ઘેર નોતરે છે અને ફરી પાછા જુવાન બને છે. આ જ તેમના લાંબા જીવનની કુંચી છે.

આથી તેમને મહિનાઓ સુધી પથારીમા રીબાવું નથી પડતું. જોતજોતામાં ઊપડી જાય છે અને પોતાના કામનો જવાબ આપે છે.

જ્ઞાન ગોચરી

એક તુલના

એપ્રિલ ૧૯૨૯ ના 'મોડર્ન રિવ્યુ'મા 'અર્વાચીન જર્મનીના ધાર્મિક કવિઓ' નામનો લેખ છે. તેમા પૃ. ૪૪૦ મે Lissauer (લિસોર ?) નામના કવિનું The Psalm of Slowness 'ધીરજનું ભજન'+ નીચે પ્રમાણે અંગ્રેજીમા આપેલું છે:—

"Thou God whom I believe in, art not a God of haste, thou art a slow God and thy blessing is with the leisure. The rash and hasty are unholy before thee. Thou whom I confess, burning in the white light of thy intuition—let them run and lose themselves in their haste, I look on them in astonished calmness I have time, for I have eternity.—Thou hast not botched up the world as a jobber. Through thousand-year-days didst thou sit in meditation, looking before thee, then thou hast moved heavily and begun to build and hast joined and joined together, through thousand-year-days.—Long, long is all growing and full of slowness. Slowly grows the root, that it may thrive to the summit: slowly grow the mountains, layer upon layer; slowly grow the peoples, genarations upon generations, slowly grows the custom, slowly grows the law, slowly grows the song and myth of the nations "

[અર્થ.—તુ ઇશ્વર, જેને હુ માનું છુ, તે તું અધીરાનો ઈશ્વર નથી; તું ધીરો પ્રભુ છે અને ધીરાને તારા આશીર્વાદ છે. અવિચારી અધીરા તારી દૃષ્ટિએ અપવિત્ર છે. જ્ઞાનના ઉજ્જવલ પ્રકાશમા જાજ્વલ્યમાન તને હું સ્વીકારૂં છુ—તે તું, તેમને દોડવા દે અને દોડી દોડીને તેમને તેમનો આત્મા ખોવા દે. આશ્ચર્યચકિત થઈ હું તેમને શાન્તિથી જોઈ રહુ છુ. મારે સમયની ખોટ નથી કારણ કે મારી પાસે અનત કાલ છે.—એક રોજિંદા કામદારની માફક તેં આ જગતની વેઠ ઉતારી નથી, હજારો દિવસ અને હજારો વરસ, તું સમુખ દૃષ્ટિએ ધ્યાનમગ્ન બેસી રહ્યો; પછી ધીરે રહીને ફરીને તેં રચના શરૂ કરી અને હજારો દિવસ અને હજારો વરસ સુધી તું સયોજન કરતો જ રહ્યો. સર્વ ઉદ્‌ગમ લાંબો લાંબો છે, અને ધીરજમય છે. ધીમે ધીમે મૂળ ઊગે છે, જેથી ટોચ સુધી વૃક્ષ ફાલે ફૂલે છે; ધીમે ધીમે, થર ઉપર થર, પર્વત ઊગે છે, ધીમે ધીમે પ્રજાઓ જમાના ઉપર જમાના વચ્ચે જાય છે; રૂઢિ ધીમે ઊગે છે, નિયમો ધીમે ઊગે છે, પ્રજાઓનું સંગીત અને ઇતિહાસપુરાણ ધીમે ઊગે છે.]

આને જ મળતુ બંગાળી સાહિત્યમા એક બાઉલ ગીત છે.—એટલું બધું મળતું કે આ ગીત આ જર્મન કવિએ વાચ્યું હશે એમ માનવાને લલચાઇએ.

निठुर गरजी,

तुइ कि मानस-मुकुल भाजूबि आगुने ?

तुइ फुल फुटाबि, बास छुटाबि सबुर बिहुने ।

+ ધીમાશ કે ધીમાપણાના અર્થમા

देख् ना आमार परमगुरु सँाइ,
से युगयुगान्ते फुटाय मुकुल ताड़ाहुड़ा नाइ।
तोर लोभ प्रचण्ड, ताइ भरसा दण्ड
एर आछे कोन् उपाय ?
कयसे मदन, दिस्‌ने बेदन, शोन् निवेदन,
सेइ परम गुरुर मने,
सहजधारा आपनहारा ताँर वाणी शोने,
रे गरजी !

ઓ નિષ્ઠુર ગરજવાન,
તું શું મન-મુકુલને અંગારમાં શેકશે ?
તારી અધીરાઈમાં તું એની પાંદડીઓ વીંખી નાખીશ, ગંધનો નાશ કરીશ.
જોતો નથી કે મારા પરમગુરુ સાંઈ એક કળીને વિકસાવવાને યુગોના યુગો લે છે.
તેને જરા યે ઉતાવળ નથી હોતી.
તારો લોભ પ્રચંડ છે એટલે જ તારે દંડ× વિના બીજો ઉપાય નથી, તારી તે શી ગતિ થશે ?
મદન વીનવીને કહે છે કે મારા પરમગુરુના મનને વેદના પહોંચાડીશ નહિ.
જે સહજ પ્રવાહમાં પોતાને વહેતો મૂકે છે તે જ તે પરમગુરુની વાણી સાંભળી શકે છે—ઓ ગરજવાન !

કવિવર રવીન્દ્રનાથ ઠાકુરે તેનું અંગ્રેજી નીચે પ્રમાણે કર્યું છેઃ—

O cruel man of urgent need, must you scorch with fire the mind which still is a bud ? You will burst it into bits, destroy its perfume in your impatience

Do you not see that my Lord, the Supreme Teacher, takes ages to perfect the flower and never is in a fury of haste ?

But because of your terrible greed you only rely on force, and what hope is there, you, O man of urgent need?

"Prithee" says Madan the poet, "Hurt not the mind of my Teacher. Know that only he who follows the simple current and loses himself, can hear the voice, O man of urgent need."

અધીરા પશ્ચિમને પૂર્વની ધીરજનો સંદેશ આ જર્મન કવિ આપતો હોય એમ નથી લાગતું ? જો કે એ જ ધીરજના તામસિક સેવનથી પૂર્વ દેશો અત્યારે આળસુ બન્યા છે.

× એટલે બલ, લગભગ બલાત્કાર એવો અર્થ છે.

પુસ્તકપરિચય અને સ્વીકાર

ભણકાર બીજી ધારા:—કર્તા અને પ્રકાશક: બલવંતરાય કલ્યાણરાય ઠાકોર ઠે. સુનારવાડો, ભરૂચ. છૂટક નકલનું મૂલ્ય રૂ. ૦-૧૨-૦; ભણકાર (મૂળ ચોપડી) સાથે રૂા. ૨-૬-૦

ભણકાર પ્રસિદ્ધ થયા પછીનાં પ્રો. ઠાકોરનાં કાવ્યોનો આ સંગ્રહ છે. મૂલ ભણકારની પેઠે આમાં ઘણાં ખરાં ગંભીર વિચારપ્રધાન કાવ્યો છે, જે કાવ્યસાહિત્યમાં પ્રો. ઠાકોરનો વિશિષ્ટ ફાળો છે. મૂળ ભણકાર કરતાં આમા કદાચ વિષયવૈવિધ્ય વધારે છે. અને મૂળ ભણકારની પેઠે આમાં પણ કર્તાએ કાવ્યનાં છંદ રીતિ વગેરેમાં અને વિષયમા નવીન પ્રયોગો કર્યા છે. આપણે થોડા દાખલા લઇએ પ્રથમ આ દુકાળનું વર્ણન જોઇએ.

ઘેટા ને બકરાં મેરી રેલ જ્યાં ઓસરી નહીં,
આવી ત્યાં સેંકડો ભેંસો પાડા પાડી બરાડતી:
કાળાં ચામ તળે આખો દેખાતો હાડમાળખો.
હાડે તે શૃંગભારે ત્યાં ડોકે ત્રુટું ત્રુટું થતો,
ડીલે ડીલ ઘસી ચાલે ને ઘસે ભીંત થાંભલા·
-કાળી બેડોળ બેસૂરી આ રેલે લોક ચોંકિયા.
ભેંસોના પૂર વચ્ચે ત્યાં દેખાયા જોડ સાંઢિયા.
શેરીની વસતી આંખી ઓટલે બારીએ છજે:
અગાશીએ હતી જામી મ્હડપાતા કૈંક છાપરે
સર્વેએ સાંઢિયા ખુંધે દીઠો બાંધેલ માંચડો,
જેમાં ઢોલ લઈ બેઠો હતો એકલ ભીલડો
પાળો દોરી વડે એક દોરતો બેય ઊંટને
અને આ ભાલ ઘોઝાળો મંચે જાગ્યો દઢાસને,
ચારઠે યુગ્મ માતંગી સિંહાસને વિરાજતો
હોય રાજાજ, એવો આ ઢોલ વાદક ર્હાવતો.
કાતરે ઘોબિયે, ડીલે વાને નેણેય કારમો,
કારમો ઘોર સાદે યે પ્રલયપ્રતિમા સમો.
ઢોલે દાડી દઈ દેઈ આરડે એ ફરી ફરી,
"જુવો રે લોક આ સ્વારી જમદૂત દુકાળની!"

આપણા સાહિત્યમાં પ્રવાહી સળંગ ચાલી શકે અને અંગ્રેજી બ્લૅંક વર્સની ગરજ સારી શકે તેવી પદ્યરચનાને માટે અનેક અખતરા અને ચર્ચાઓ થઈ છે. તેમા અનુષ્ટુપ કંઇક નિષ્કારણ દુર્લક્ષ પામેલો છે. મહાભારતમા અને પુરાણોમાં સળંગ રચના તરીકે તે સફળ રીતે વપરાયો છે. પછીના સર્ગબદ્ધ મહાકાવ્યોમા પણ તેનો ઉપયોગ થયો છે. બધા રસને તે અનુકૂળ છે. લાબાં સળંગ વાકયો તેમજ ટૂંકાં ચોટવાળા વાકયો બન્ને માટે તેનો ઉપયોગ સંસ્કૃત મહાકાવ્યો અને નાટકોમાં થયો છે. ઉપર આપ્યો તે પ્રવાહી સળંગ વહેતા અનુષ્ટુપનો દાખલો છે. સળંગ પદ્યરચના તરીકે તે સફળ છે, એટલું જ નહિ, પણ પ્રો. ઠાકોરની જે વિશિષ્ટ શક્તિ છે તેનો પણ આ સારો દાખલો છે. કોઇ કવિ વિશે આપણે

કહી શકીએ કે તે ચિત્રો સારાં આપી શકે છે. તો પ્રો. ઠાકોર વિશે કહેવું જોઇએ કે તેઓ જીવન્ત ઘનરચનાઓ કરી શકે છે. તેમનું ઉપાદાન રંગ કે હવા નહિ પણ સ્પર્શક્ષમ વસ્તુ છે. અહીં દુકાળથી દૂબળી થયેલી ભેંસો અને તેના માલીક ભીલડાનું વર્ણન ઘન છતાં ગતિવાળું છે, વાસ્તવિક છતાં કવિત્વવાળું છે, અને તટસ્થ છતાં રસવાળું–કારમું છે. આ આખું કાવ્ય વર્ણનાત્મક અને વ્યાવહારિક મનનપ્રધાન છે. તો હવે કેવળ કલ્પનામાં વિહરતા એક કાવ્યનો દાખલો લઇએ. એ કાવ્ય 'રેવા' એટલે નર્મદાને સંબોધેલું છે. તેમાં પાંચ મંદાક્રાન્તાની સાથે છઠ્ઠી સ્રગ્ધરાની પંક્તિના સુભગ મિશ્રણથી નવો છન્દ ઉપજાવ્યો છે. અલબત્ત બીજા છન્દોના આવા મિશ્રણો આ પહેલાં થયાં છે, પણ આ પ્રયોગ ખરેખર કવિની કસોટી કરનારો છે એ જરા તેનું ઘડતર જોતાં સમજાશે.

રેવા ત્હારી કયમ કરૌં કહુ કેટલી ઓથ મ્હારે,
મ્હારી આયુસ્સરિત તર્ણી હે બેલડી સર્વ કાળે !
લે ને આજે, પ્રિય તુજ કને બેસુ થઇ નિરાંતે,
માડુ શ્રોત્રો તુજ લહરતા નર્તનો માહ્ય ખાંતે·
અર્ધાનેને પિયુ ઘટભરી મોહની લોલ ત્હારી,
આત્મા હમા ડુબાડું–વિકલ ઉર તણી વેદના હાર, વ્હાલી.

પ્રસંગોપાત્ત કવિ જુવાની વિશે લખે છેઃ

આવ્યા વેગે વરસ ધસતા સાહસોત્સાહ કેરા,
હૈયું ઝંખે અમિત અતળા ઊડવા બૂડવા જ્યાં:
વર્ષાભીની ધસતી ન્હડતી જેમ રેવા તું રેલે.
કાંઠા ભેદે, ઉપવનવનો ખેતરો ગામ વેડે,
તો યે દેતી રસકસ નવાં જીવનો હાથ બ્હોળે
છેના સૃષ્ટિ વિશે કે ક્ષણિક તદપિ તાજી જુવાનીની તોલે.

નદી જેમ પૂર આવ્યે કાંઠા ભેદીને રેલે તેમ જુવાની પણ ડહાપણની મર્યાદા તોડે છે અને તેથી જીવનના નવા પ્રદેશો રસકસવાળા થાય છે.

'તાજી' શબ્દમાં યતિભંગ થાય છે, એ પ્રો. ઠાકોરનો જાણી જોઇને કરેલો પ્રયોગ છે. જેઓ મંદાક્રાન્તા કે સ્રગ્ધરા રાગ વિના નહિ ગાઇ શકતા હોય તેમને તો આ ખટકશે પણ અર્થને અનુકૂળ થઇ પઠન કરતાં આ યતિભંગથી 'તાજી' શબ્દ વધારે ધ્યાન ઉપર આવે એવો લાગશે. આવા બીજા પ્રયોગો પણ આ કાવ્યમાં છે.

અને કાવ્યાનુભવ ઉપરની થોડી પંક્તિઓ જોઈએઃ

લીધો તુને મુજ સહ વળી કાવ્યસૌંદર્યગાહે,
—ભાગ્યો સામે જ્યહિં ઝઘડતા જીવી જાણેજ વીર.
નિર્દોષે જ્યાં વિપદ્ દુખતા નેત્ર થભે ન નીર
કે જ્યાં ઊર્મિફુવારા નભ પણ અજવાળે અનેરી પ્રભાએ.

ખરેખર પ્રો. ઠાકોરની આ પંક્તિ પણ ઊર્મિફુવારો જ છે. એના જેવી જ સાહિત્યમાં અમર સ્થાન પામે એવી સ્રીમાહાત્મ્યની પંક્તિઃ—

હારન્તા જીતનારી ડુબવૌં તરવનારી સદા નારી દીઠી.

સ્રીમાહાત્મ્ય વિશે આ કાવ્યમાં થોડું પણ ગંભીર લખ્યું છે પણ દુર્ભાગ્યે આ કાવ્ય ભણકારની 'એક તોડેલી ડાળ'ની પેઠે અપૂર્ણ રહ્યું છે.

ભણકારની માફક આ સંગ્રહમાં પણ કેટલાંક અંગ્રેજી ગદ્ય કે પદ્ય કાવ્યો પરથી રચેલાં કાવ્યો છે. મૂળ ભણકાર કરતાં આમાં એક નવીનતા એ છે કે આ સંગ્રહમાં જેને વ્યાવહારિક ભૂમિકાનાં કાવ્યો કહીએ તેવાં પણ છે. 'દુષ્કાલ' ના કાવ્યમાં છેવટના ભાગ તરફ દુષ્કાળના ઉપાયોની ચર્ચા એ પ્રકારની છે. એવું બીજું કાવ્ય 'ગાંડી ગુજરાતને બોધસંપુક' છે. અલબત્ત ઉદારતા માટે અને પરપ્રાન્તીઓ તરફ પણ સમાનતા અને ઉદારતા માટે વખણાએલી ગૂજરાતમાં પોતાના બાળકોની બેકદરદાની, ઉપેક્ષા, કંઈક અનતા, અને સ્વમાનનો અભાવ રહેલો છે. એ આપણા પ્રાન્તના દોષ ઉપર પ્રો. ઠાકોરે બરાબર આંગળી મૂકી છે. 'અંગત મુક્તકો' પણ કંઈક વિચિત્ર પ્રકાર છે. વળી છન્દના નવા પ્રયોગમાં તેમનો ગુલબંકી છંદ વિચારવા જેવો છે. પ્રો. ઠાકોરે એ છન્દના ઘણા પ્રયોગો કર્યા છે, ને બીજા પણ કેટલાક લેખકોએ એનો ઉપયોગ કર્યો છે. તે સળંગ ચાલી શકે છે, તેમાં પંક્તિનું માપ વધી ઘટી શકે છે, એક છન્દની નાની મોટી પંક્તિઓથી વિચિત્ર રચના થઈ શકે છે, તેનો ઘાટ સાદો છે, પણ તે સાદાઈને લીધે જ તેમાં એકતાનતા (monotony) આવી જાય છે, અને તેની ચાલ ટૂંકી, ધીરો લાંબી ફાળે દોડતો હોય તેવી નહિ પણ ખદતો હોય તેવી ટૂંકી છે, વિશાલ ભાવને તેથી તે અનુકૂળ નથી લાગતો, અને તેમાં લગા ના હ્રસ્વદીર્ઘ ક્રમના અક્ષરોવાળા શબ્દો જ માત્ર આવી શકે છે, એટલે સાદું છતાં તેનું રૂપ ઘણા શબ્દોને પ્રતિકૂળ છે. પૃથ્વીનો જે પ્રયોગ પ્રો. ઠાકોરે મૂળ ભણકારમાં કર્યો છે તેના તેવા જ દાખલા આ બીજી ધારામાં પણ તેટલા જ સફળ છે. અંતમાં પ્રો. ઠાકોરે સૉનેટ ઉપર એક નાનો લેખ લખ્યો છે. તેમાં તેમણે અંગ્રેજી પદ્યરચનાના નિયમોમાં કેટલીક છૂટો મૂકી છે તે ગૂજરાતી ભાષા માટે આવશ્યક છે. ૧૪ પંક્તિ, અગેય પદ્યરચના, વિચારની પ્રધાનતા, અને વિચારની ઊર્મિનો એક ચમત્કારક વળાંકો, એટલા તત્ત્વ એમણે આવશ્યક માન્યા છે. સૉનેટનો પ્રયોગ કરવો હોય કે ન કરવો હોય, ૧૪ પંક્તિ રાખવી હોય કે વધુ ઓછી, પણ ઉપર ગણાવેલા આતર ગુણો ઉચ્ચ કાવ્યને ઈષ્ટ છે—કેટલાકમાં આવશ્યક છે, એમાં શંકા નથી.

દરેક કાવ્ય ઉપર જુદું જુદું લખવાને પૂરતો અવકાશ નથી. પણ ઉપર જણાવ્યા તે સિવાય પણ, ગંભીર મનન નીચે કોમળ લાગણીવાળું 'વડલાને,' આંસુના મોતી જેવું 'વિરહનું આંસુ,' આર્ય સ્ત્રીનું આભિજાત્ય બતાવતું 'નર્મદા ભટ્ટ,' સદ્‌ગત કાન્તને અનુલક્ષતું 'કોકિલ વિલાપ' 'પ્રીતિના સ્વાતંત્ર્યહેલા' અને તે ઉપરાંત ચિંતન કાવ્યોમાં 'પ્રાર્થના' 'અતલ નિરાશા' 'અચલ શ્રદ્ધા' વગેરે બીજાં કાવ્યો પણ તેમના કવિયશને વધારનારાં છે.

આ સંગ્રહમાં વ્યાવહારિક ચિંતનના કેટલાક કાવ્યો છે છતાં લેખક, પહેલા પદમાં જીવને કહે છે તેમ, 'આત્મ જ્યોત' જોવા તરફ વધારે વળ્યા છે.

આત્મ જ્યોત જોરે જતુ પામરઃ

અને તેમ છતાં તેમનો જીવનહર્ષ ખાસ ઓસર્યો લાગતો નથી. 'ધર્મપાલન'માં એ ધર્મબુદ્ધિ અને જીવનહર્ષ બન્ને સમતોલ દેખાય છેઃ

જીતવું દિલ જીતવાનું કામ છે,
જિંદગી જિંદાદિલીનું નામ છે.

આ કાવ્યનું સંગીત જેમ બે બિન્દુઓ વચ્ચે હીંચોળા લે છે તેમ તેનો અર્થ પણ ધર્મપાલન અને ઉત્સાહ વચ્ચે હીંચોળા લે છે. તેમની ધર્મભાવના ઉત્સાહને હણતી નથી. એ જ ખરો ધર્મ છે.

મૂળ ભણકાર કરતા આ ભાગમાં ટિપ્પણ ઓછું છે પણ તે વધારે આપવા અમારી વિનંતી છે. તેના બે કારણોઃ એક તો હજી આપણો કવિતા વાંચનાર વર્ગ શિખાઉ ઘણો છે, અને બીજું કર્તાના કેટલાક પ્રયોગો વિલક્ષણ છે.

શીળી સંધ્યા પર અવનવાં રંગભેરગી ધારે

એ પંક્તિમા 'પર' એટલે 'પૌછાં' અર્થ પ્રસિદ્ધ હોવા છતા, થોડા જ કલ્પી શકે છે. અને ફિલસુફીની ભાષા અને શબ્દો ગૂજરાતીમાં રૂઢ નહિ હોવાથી અને વાચનારને પરિચિત નહિ હોવાથી તેમના મનનકાવ્યો ટિપ્પણની મદદ માગે છે.

આપણા ઘણા કવિતાના વાચકોને, જરા પણ પ્રયત્ન વિના સમજાય અને ગલગલી કરે એવી જ કવિતા વાચવી ગમે છે. તેઓ પ્રો. ઠાકોરની કવિતા ક્લિષ્ટ છે એવી ફરિયાદ કરે છે. આમા ઘણે અંશે, વિદ્યાર્થી અવસ્થામા ઉચ્ચ ગૂજરાતી કવિતાના સંસ્કારો પડયા હોતા નથી એ એક કારણ છે, અને અર્થાનુકૂલ રીતે કાવ્યનું પઠન આવડતું હોતું નથી એ બીજું કારણ છે. અમે જોયું છે કે વિદ્યાર્થીઓ જેમ જેમ આવા કાવ્યોનો અભ્યાસ વધારતા જાય છે તેમ તેમ તેમને આનો રસ સમજાય છે અને જુવાન કાવ્યલેખક વર્ગમાં ઘણા લેખકો પ્રો. ઠાકોરે ઉદ્ધૃત કરેલ પૃથ્વીમા સફળતાથી, અને વાક્યોમા ક્યાંઇ પણ દુરન્વય કે વિષમ ક્રમ આવવા દીધા સિવાય, લાંબા સળંગ પૃથ્વીખંડો લખે છે. કર્તાની શૈલીમાં વિલક્ષણતા નથી એમ અમારૂ કહેવું નથી, — કયા નવા પ્રસ્થાનકારમા વિલક્ષણતા નથી હોતી? — તેમ જ તેમના કાવ્યોના બધા લક્ષણો હોય તો જ કાવ્ય કાવ્ય કહેવાય એમ પણ અમે નથી કહેતા, તેમનાથી અન્ય પ્રકારના કાવ્યો હોઇ શકે, પણ તેમના કાવ્યો સમજી શકે નહિ, તેમાં રસ લઇ શકે નહિ તેવાને અમે સાચા કાવ્યરસિક, કાવ્યાભ્યાસી કે કાવ્યવિવેચક કહી શકતા નથી. કાવ્ય એટલે કંઇક પોચી પોચી લાગણીવાળી વાણી અને હવાઈ વસ્તુ એમ મનાતા જતા આપણા જમાનામા અમે ખાસ પ્રો. ઠાકોરના કાવ્યો વાંચવાની ભલામણ કરીએ છીએ.

તણખા, અને તણખાઃ મંડળ બીજું.—કર્તા ધૂમકેતુ' સોલ એજન્ટઃ ગૂજરાત સાહિત્ય મંદિર. રીચિરોડ–અમદાવાદ. કિંમત દરેકનો દોઢ રૂપિયો.

તણખા બીજા મંડળ સાથે તણખા પહેલા ભાગની બીજી આવૃત્તિ થઇ તે જાણી અમને હર્ષ થાય છે. પહેલા ભાગનો લાંબો પરિચય અમે પ્રસ્થાનમાં (જુઓ. પુસ્તક ૨, પૃ. ૨૭૨) પૂર્વે કરાવી ગયા છીએ. આ બીજું મંડળ પહેલા જેવડું જ છે અને તેમા ૨૩ નવી વાર્તાનો સમાવેશ થાય છે.

શ્રીયુત ધૂમકેતુ વાર્તા સાહિત્યમા અમુક પ્રકારની શૈલી, ભાષા, લાગણીઓ વગેરેને માટે હવે પ્રસિદ્ધ છે. પહેલા ભાગમા તે જેવાં પ્રતીત થાય છે તેવાં જ આ બીજા ભાગમાં પણ થાય છે. વાર્તાના ગુણદોષ કહો કે બલાબલ કહો કે શક્તિ અને મર્યાદા કહો તે સર્વ પહેલા ભાગ જેવાં જ છે. વાર્તાનો રસ, તેને વિકસાવવાની રીત, તેમા લાગણીઓ અને પોતાના અવલોકનો ગૂંથવાની રીત એની એ જ છે. દરેક વાર્તામાં કર્તાનો અમુક

અભિપ્રાય કે અવલોકન કે સત્ય હોય છે તે તેમા સ્પષ્ટ દેખાય છે. પહેલા ભાગ જેવો જ આ ભાગ પણ લોકપ્રિય થશે એમ અમે આશા રાખીએ છીએ.

કાઠિયાવાડની જૂની વાર્તાઓ ભાગ ૨ જો:—યોજનાર : હરગોવિન્દ પ્રેમશંકર ત્રિવેદી. કિંમત રૂા. ૨-૮-૦

આ વાર્તાના પહેલા ભાગથી આ લેખક કેટલાકને જાણીતા છે પણ કહેવું જોઇએ કે સદ્‌ગત રણજીતરામભાઈએ પણ લોકવાર્તા તરફ વાચકવર્ગનું ધ્યાન નહોતું ખેંચ્યું તે પહેલાથી આ લેખકે ખાસ શોખથી આવી વાર્તાઓનો સંગ્રહ કરવા માંડેલો. સદ્‌ગત રણજીતરામભાઇએ જે જે વાર્તાઓ લખી છે (જુઓ રણજીતકૃતિ'સંગ્રહ પૃ. ૩૪૦) તે સર્વે આ સાહિત્યોપાસક પાસેથી લીધેલી. તેમની સેવા ગૂજરાતની આધુનિક જાગૃતિ પહેલાંની છે, માટે જ આજે આપણે તેમને પૂરા ઓળખતા નથી. પણ પ્રો. ઠાકોર જેમણે તેમના પુસ્તકનો ઉપોદ્‌ઘાત લખી આપ્યો છે તે, સદ્‌ગત કાન્ત અને બીજા કેટલાક સાહિત્યરસિક વર્ગમાં ' શિવાજી અને ઝેબઉન્નિસા ' કાવ્યના કર્તા તરીકે અને કંઠસ્થ સાહિત્યના સંગ્રાહક અને રસિક કાવ્યોપાસક તરીકે તે ઘણા વખતથી જાણીતા છે.

આ પુસ્તક, પહેલા ભાગ જેટલું જ આવકારને લાયક છે. આ કેવળ દૂહાનો સંગ્રહ નથી પણ કાઠિયાવાડની જૂની વાર્તાઓનો સંગ્રહ છે. લેખકે કાઠિયાવાડમાં ફરીને ચાલુ દૂહા નીચે રહેલી હકીકત મેળવીને, તેને પોતાની કલ્પનાથી રંગીને તેની સુસંબદ્ધ વાર્તાઓ કરી આમાં સંગ્રહી છે. લેખકની ભાષા વિષયને અનુરૂપ જુસ્સાવાળી છે. અને કાઠિયાવાડના ઇતિહાસ અને જૂની પરિસ્થિતિની પોતાની માહીતીથી લેખક વાર્તાને પ્રાચીનતાનો અને વાસ્તવિકતાનો રંગ આપી શક્યા છે.

લેખકે પોતે રચેલા પ્રારંભમાં મૂકેલા દૂહા ઉપરથી જૂના કાવ્ય સાહિત્યનો તેમનો પરિચય અને તેમાં તન્મય થવાની તેમની શક્તિ દરેક વાચનાર જોઇ શકશે.

પુસ્તકનો ઘાટ છપાઇ બધું પુસ્તકાલયને શોભે તેવા છે. દરેક ગૂજરાતી સાહિત્યના શોખીનને અમે આ પુસ્તક વાચવાની ભલામણ કરીએ છીએ.

સૌરાષ્ટ્રની રસધાર ધારા ૧. :–સંપાદકઃ ઝવેરચંદ મેઘાણી. પ્રકાશકઃ અમૃતલાલ દલપતભાઇ શેઠ. સૌરાષ્ટ્ર મુદ્રણાલય રાણપુર. મૂલ્ય એક રૂપિયો. પાકું પૂઠું સવા રૂપિયો.

સૌરાષ્ટ્રની પહેલી રસધારની આ બીજી આવૃત્તિ છે પણ તેમા સંપાદકે કેટલાક ફેરફાર કર્યા છે. કેટલીક વાર્તા સોરઠની નહોતી તે કાઢી નાંખી છે, અને બધી વાર્તાને, પોતાને અત્યાર સુધી મળેલા અનુભવ પ્રમાણે, વધારે રસિક કરવા, જૂની વાર્તા કહેવાની ઢબે ફરી લખી છે. આમ કરતાં કેટલીક વાર્તા કાઢી નાંખવી પડી છે.

આ વાર્તાઓ લોકપ્રિય થઇ છે. અને આ બીજી આવૃત્તિ પણ પૂર્વ જેવો જ સત્કાર પામશે. ખાસ પ્રાંતિક શબ્દોનો કોશ આપ્યો હોત તો સારૂં.

લોકવાર્તાના ઉપયોગ વિશે ઘણી ચર્ચા ચાલે છે માટે ટૂંકમાં એટલું કહેવું આવશ્યક છે કે આ વાર્તાઓ ઇતિહાસ નથી, તેમ શુદ્ધ સાહિત્ય પણ નથી, તેમ આ વાર્તામાં આવતા મનોભાવો કે રિવાજો અવશ્ય આપણી પ્રાચીન સંસ્કૃતિનો આદર્શ નથી, તેમ આ ઉપરથી સૌરાષ્ટ્રની કોઇ નોખી જ સંસ્કૃતિ હતી એમ પણ નથી તેમ જ આમાં જે કંઈ છે તે સર્વ કલાત્મક જ છે એમ પણ નથી. અને છતાં આ બધી વસ્તુઓનું એ એક વિલક્ષણ

મિશ્રણ છે. મધ્યકાલીન માનસનો અભ્યાસ કરવાને આ વાતો સારી સામગ્રી છે. તેના કયા કયા અનિષ્ટ અંશો આપણામા હજી ટકી રહ્યા છે, અને તેમાંના કયા ઇષ્ટ અંશો આધુનિક સુધારાના ધસારામાં કે ઘસારામા લુપ્ત થયા છે અને તેમાના કયા અંશોને લીધે એ માનસ નવા જમાનામાં નિષ્ફળ નીકળ્યું એ દૃષ્ટિ પણ વાંચતાં રાખવા જેવી છે. બાકી હવે ગૂજરાતે માત્ર આમા નવીનતાનો રસ લેવો ન ઘટે.

સોરઠી બારવટીયા ભાગ ૨ જો:—સંપાદક, પ્રકાશક ઉપર પ્રમાણે. મૂલ્ય એક રૂપિયો. પાકું પૂઠું સવા રૂપિયો. સળંગ કપડું દોઢ રૂપિયો.

જોગીદાસ ખુમાણે, જોધો માણેક, મુળુ માણેક અને જસાજી વેજાજીની ત્રણ વાતોઓ આમા છે. વાર્તાઓ રસીલી છે. સંપાદકે અન્ય અંગ્રેજી કર્તાઓનાં અવતરણો સરખામણી માટે આપેલા છે અને ઇતિહાસના પ્રમાણો પણ ટાંકેલા છે.

ચુંદડી:—સપાદક પ્રકાશક, ઉપર પ્રમાણે. કાચું પૂંઠું મૂલ્ય દસ આના. પાકું પૂંઠું, ચૌદ આના. આ બીજી આવૃત્તિ જ તેની લોકપ્રિયતા બતાવવા પૂરતી છે.

ચુંદડી: ભાગ બીજો:—પ્રકાશક મૂલ્ય ઉપર પ્રમાણે. પહેલા ભાગની ઢબે જ આ સંગ્રહ થયો છે. આમા મારવાડી તથા પારસી લગ્નગીતો પણ છે. તથા થોડા ખાયણાનાં ગીતો છે. આ ખાયણાના ગીતો માત્ર સુરત તરફ જ નથી ગવાતાં, કાઠિયાવાડમાં પણ સાંભળ્યા છે. ઢાળ એનો એ જ, પંક્તિઓ પણ ઘણીખરી એની એ જ સાંભળી છે.

નરવીર લાલાજી:—લેખકો: ઠક્કરભાઇ કોઠારી અને ઝવેરચંદ મેઘાણી. મૂલ્ય દસ આના. પાકું પૂંઠું ચૌદ આના.

હિંદના રાજકારણના એક સ્તંભરૂપ લાલાજીનું આમાં ટૂંકમાં જીવન આપેલું છે. સદ્‌ગતના જીવનની અનેક દિશાઓ આપી છે. સદ્‌ગતના અનેક ફોટાઓ પણ આપ્યા છે. પુસ્તક સુવાચ્ય છે.

विजयी बारडोली (હિંદી):—લેખક: શ્રી વૈજનાથ મહોદય બી. એ. મુદ્રક અને પ્રકાશક જીતમલ લૂણિયા સસ્તા-સાહિત્ય ગૈરા અજમેર. પૃષ્ઠ સંખ્યા લગભગ ૫૦૦ મૂલ્ય રૂ. ૨)

રાષ્ટ્રજાગૃતિ માસિકનું આ ૭મુ પુસ્તક છે. લેખકે બારડોલી સત્યાગ્રહ ખબરપત્ર, યંગઇન્ડિયા, નવજીવન વગેરે પ્રમાણભૂત સાહિત્યમાંથી આ દળદાર પુસ્તક લખ્યું છે. હિન્દી ભાષા વિશે અમે અભિપ્રાય આપી શકતા નથી પણ અમને પુસ્તક સાદી સરલ ભાષામા લખાયેલું જણાયુ છે. પુષ્કળ ફોટાઓ આપીને બને તેટલો તાદૃશ ખ્યાલ આપવા પ્રયત્ન કર્યો છે.

जीवन-साहित्य ભાગ ૧ અને ૨. મૂળ લેખક: આચાર્ય કાલેલકર. અનુવાદક: શાસ્ત્ર-નિષ્ણાત, કલાભૂષણ પંડિત શ્રીનિવાસાચાર્ય દ્વિવેદી. પ્રકાશક: સસ્તા-સાહિત્ય-પ્રકાશક મણ્ડલ, અજમેર. મૂલ્ય દરેકનું રૂ. ૦॥.

આ પુસ્તકની ટૂકી ભૂમિકા શ્રીયુત બાબૂ રાજેન્દ્રપ્રસાદજીએ લખી છે. સાહિત્યના અનુવાદો જૂદા જૂદા પ્રાન્તોને જોડનારી સાંકળ છે. ગૂજરાતીમાંથી અનુવાદને માટે આ સંસ્થાએ જે પુસ્તક પસંદ કર્યું છે તેને માટે તેને ધન્યવાદ ઘટે છે.

सामाजिक कुरीतियाँ—અનુવાદક: પં૦ માધવપ્રસાદ મિશ્ર. પ્રકાશક: સસ્તા-સાહિત્ય મંડલ, અજમેર. મૂલ્ય ૦॥=.

ટૉલ્સ્ટૉયના Social evils and their remedy નો હિન્દી અનુવાદ.

आत्मकथा (प्रथम खण्ड):—અનુવાદક: પં. હરિભાઉ ઉપાધ્યાય. મૂલ્ય ૦॥=
પૂજ્ય ગાંધીજીની આત્મકથાનો આ અનુવાદ છે. અનુવાદક ગૂજરાતને પણ જાણીતા છે. તેઓ ગૂજરાતી સારૂં જાણે છે એટલે હિંદીના અભ્યાસ માટે પણ આ પુસ્તક ઘણું ઉપયોગી થઇ શકે.

दक्षिण आफ्रिकाका सत्याग्रह (दूसरा भाग):—અનુવાદક: બૈજનાથ મહોદય. પ્રકાશક: સસ્તા-સાહિત્ય પ્રકાશક મંડલ અજમેર. મૂલ્ય ૦॥ પૂ. મહાત્માજીના પુસ્તકનો અનુવાદ.

क्या करें ? (प्रथम भाग):—અનુવાદક: ક્ષેમાનન્દ 'રાહત'. પ્રકાશક ઉપર પ્રમાણે. મૂલ્ય ૦॥= ટૉલ્સ્ટૉયના "What shall we do then" (ત્યારે કરીશું શું ?) એ પુસ્તકનો અનુવાદ.

यूरोपका इतिहास (भाग १-३):—લેખક: રામકિશોર શર્મા બી. એ. 'વિશારદ'. મૂલ્ય અનુક્રમે ૦॥=, ૦॥-, ૦॥-. પ્રાચીન ગ્રીક સંસ્કૃતિથી શરૂ કરીને ૧૯૨૭ સુધીના સમયનો આ ઇતિહાસ છે. ગૂજરાતીઓ પણ વાંચી શકે એવી હિંદી છે.

भारतके स्त्री-रत्न (भाग १-२):—અનુવાદક: શ્રીયુત રામચન્દ્ર વર્મા, શ્રીયુત શંકરલાલ વર્મા મૂલ્ય અનુક્રમે રૂ. ૧) અને ૦॥-. આપણા ઇતિહાસ પુરાણમાં આપેલ પ્રતાપી સ્ત્રીઓની કથાઓ.

आश्रमहरिणी—અનુવાદક: શ્રીયુત સીતારામ વિષ્ણુપન્ત સરવટે. મૂલ્ય રૂ. ૦। પ્રસિદ્ધ વાર્તાકાર શ્રીયુત વામન મલ્હાર જોશીની નાની પણ સુંદર મરાઠી વાર્તાનો અનુવાદ.

हाथ की कताई-बुनाई.—હિંદી અનુવાદક: શ્રી રામદાસ ગૌડ એમ. એ પ્રકાશક સસ્તા-સાહિત્ય-પ્રકાશક મંડલ, અજમેર. મૂલ્ય ૦॥=. ખાદી ઉપરના, શ્રીયુત એસ. વી. પુન્તામ્બેકર અને શ્રી. એમ. એસ. વરદાચારીના ઇનામી નિબન્ધનો અનુવાદ.

तामिल वेद.—અનુવાદક: ક્ષેમાનન્દ 'રાહત'. પ્રકાશક ઉપર મુજબ. મૂલ્ય રાજ્ય સંસ્કરણનું રૂ. ૦॥=, સાધારણ સંસ્કરણનું ૦॥ દાક્ષિણાત્ય ઋષિ તિરુવલ્લુવરનો ઉપદેશ. હિંદી અનુવાદમાં પણ મૂળનો પ્રસાદ, વિશાલતા, કવિત્વ, ધાર્મિકતા પ્રતીત થાય છે.

तरंगित हृदय (प्रथम भाग):—લેખક શ્રીયુત 'અભય' વિદ્યાલંકાર. પ્રકાશક ઉપર પ્રમાણે. મૂલ્ય ૦॥=. આમાં લેખકના વિચારતરંગો સંગ્રહેલા છે.

गोरों का प्रभुत्व:—લેખક: બાબૂ રામચન્દ્ર વર્મા. પ્રકાશક સસ્તા-સાહિત્ય-મંડલ, અજમેર. મૂલ્ય ૦॥=The Rising Tide of Colour નામના પુસ્તકને આધારે લખેલ જગતના રાજકારણ ઉપરનું પુસ્તક.

शैतान की लकडी.—લેખક: બૈજનાથ મહોદય. પ્રકાશક ઉપર મુજબ. મૂલ્ય ૦॥ =. આપણા સમાજનાં બધાં અનિષ્ટો વ્યસન વ્યભિચાર વગેરે આંકડા સાથે બતાવ્યા છે અને તેનાથી ચેતવા શું કરવું જોઇએ તેની સૂચનાઓ આપી છે.

कलवार की करतूत:—અનુવાદક: ક્ષેમાનન્દ 'રાહત'. પ્રકાશક ઉપર પ્રમાણે. મૂલ્ય રૂ. ૦)-॥. ટૉલ્સ્ટૉયના First Distiller નામના નાટકનો અનુવાદ જેમાં દારૂ પીવાનાં ખરાબ પરિણામો બતાવ્યાં છે.

નોંધ

બારડોલી રિપોર્ટ

બારડોલીના લોકોની લડતને પરિણામે સરકાર તરફથી બારડોલી અને ચોર્યાસી તાલુકાના બીજા સેટલમેન્ટની ફરી તપાસ કરવા સરકાર તરફથી જે ખાસ ઑફિસરો નીમાયા હતા તેમનો રિપોર્ટ અને તેની સૂચના સરકારે મંજુર કરી છે અને હવે તે રિપોર્ટ બહાર પડી ગયો છે. આ ઉપરથી જેની સામે લોકો તરફથી વાધો લેવામા આવ્યો હતો તે સેટલમેન્ટ સરકારે રદ કર્યું છે અને નવું સેટલમેન્ટ કર્યું છે જેથી બારડોલી તાલુકામાં ૬ ટકા જેટલો અને ચોર્યાસીમા ૫·૨૪ ટકા જેટલો એકંદર વધારો જૂના આકાર ઉપર થયો છે.

આ તાલુકાઓને જે આર્થિક અન્યાય ભરેલું નુકશાન થાત તે આથી ઘણે અંશે થતું અટક્યું છે. પણ બારડોલીના આખા વૃત્તાન્તનો એ મુખ્ય ફાયદો ન ગણાવો જોઇએ. મુખ્ય ફાયદો એ છે કે સરકારી રાજ્યના રેવન્યુના ઇતિહાસમા પહેલી જ વાર સરકારે ખુલ્લી તપાસ કરી અને લોકોની હકીકત રૂબરૂ તથા તેમના પ્રતિનિધિઓ પાસેથી સાભળી. અને હર્ષ પામવા જેવું એ છે કે સરકારના અમલદારો પણ સમજી શક્યા કે રૈયતનો વાધો સાચો હતો અને તેમણે વાધા ભરેલુ સેટલમેન્ટ રદ કર્યું.

આ તપાસ ઉપરથી બારડોલી તાલુકાની સામાન્ય તપાસ કેવી ખોટી અને બિનજવાબદારીથી કરેલી હતી તે બહાર પડ્યુ છે. પણ વિચારવાનું તો એ છે કે જે આ એક તાલુકામાં બન્યું તે અપવાદ નહિ પણ સામાન્ય ધોરણ હોવું જોઇએ. સરકારે સેટલમેન્ટ *કરવાની રીત આપખુદીવાળી અને મનસ્વી રાખી* છે, તેમાં ભૂલ પકડવાના સામાન્ય ઉપાયો જેવા કે ખુલ્લી તપાસ, કોર્ટની હકૂમત, ધારાસભાની ઉપરી સત્તા, જેવું પણ રહેવા નથી દીધું તેનું સ્વાભાવિક પરિણામ આવું જ આવે. કારોબારી અમલદારનું વલણ હમેશાં રેવન્યુ વધારવા તરફ જ સાધારણ રીતે હોય. અને એ વલણ ઉપર યોગ્ય અંકુશ ન મૂકવાનું પરિણામ રૈયત તરફ અન્યાય સિવાય બીજું કાંઇ ન હોઈ શકે.

વળી બારડોલીના રિપોર્ટ ઉપરથી એ પણ સમજવાનું છે કે સરકાર પોતાની પ્રતિષ્ઠાની ખાતર રૈયતને દગદાટી દઇને ગમે તેટલી ખોટી *હકીકત પણ છાવરવા હમેશાં તત્પર હોય છે.* આ ખાસ સમિતિના રિપોર્ટથી હવે તો એ સિદ્ધ થયું છે કે મિ. જયકરે અને મિ. ઍન્ડરસને જે પહેલું સેટલમેન્ટ કર્યું તે તદ્દન ખોટા આકડા ઉપર કર્યું હતું, મિ. જયકરને એ આંકડા પણ બરાબર તપાસવા જેટલો વખત નહોતો, તેમની પાસે જેટલો વખત હતો તેમા પણ તેમણે કશી તપાસ કરી નહોતી, અને એ ખોટી હકીકત ઉપર રચેલ અભિપ્રાગો અને સૂચનાઓ અને નિર્ણયો કશા પણ ધોરણસર નહોતા. અને છતા બારડોલી સત્યાગ્રહ સમયે મામલતદાર કલેક્ટરથી માંડીને નામદાર ગવર્નર તો શું પણ લૉર્ડ વિન્ટર્ટન સુધીના બધા જવાબદાર અમલદારો બારડોલીની રૈયતનું સેટલમેન્ટ ન્યાયી છે એટલું જ નહિ પણ ઉદાર છે એમ જ કહેતા હતા. આ સરકારી રાજ્યપદ્ધતિનું જ એક ભૂંડામાં ભૂંડું લક્ષણ છે. આનો અર્થ •

એ છે કે જ્યાં સુધી ન્યાય શો છે એ વિચારવાની ફરજ ન પડે ત્યાં સુધી સરકાર પોતાની મેળે કશો વિચાર કરે એમ નથી. વળી એ પણ વિચારવાનું છે કે જે આંકડાઓ ઉપર આધાર રાખીને આપણે હમેશાં દલીલો રચીએ છીએ તે મૂળમાં જ કેવા ખોટા હોવાનો સંભવ છે. જેમ કેટલાક અંધશ્રદ્ધાળુ લોકોને પ્રમાણગ્રંથોમાં કહ્યું એ સાચું માનવાની ટેવ પડી હોય છે તેમ કેટલાકને સરકારી રિપોર્ટમાં હોય તે સાચું માનવાની ટેવ પડી હોય છે. તેવાઓ હવેથી સરકારી આંકડાની વધારે પરીક્ષા કરતા થાય તો સારું.

અને જે રાજ્યપદ્ધતિમાં આવી દેખીતી એક ભૂલ સુધારવાને માટે આખો સત્યાગ્રહ કરવો પડે, બધી રૈયતને કાયદાનો વિરોધ કરવો પડે તે રાજ્યપદ્ધતિને વિશે શું કહેવું ? જેમ રોગીલું શરીર પોતાનો દોષ તુરત સુધારી શકતું નથી અને આખું શરીર ગાંડું પડે છે, તાવ આવે છે અને અસ્વસ્થ થાય છે, તેમ એક નાનો સરખો દોષ સુધારવાને આખી રૈયત અને રાજ્યતંત્ર અસ્વસ્થ થાય ત્યારે જ એ દોષ સુધરે એવું આ તંત્ર છે. એ તંત્રનો રોગ છે, અને રોગ ન મટે તો તંત્રને મટવું પડે એ કુદરતી કાયદો રાજતંત્રને પણ લાગુ પડે છે.

સુધરવું કે નહિ એ તે તંત્રે વિચારવાનું છે. દરમિયાન આ ઉપરથી લોકોએ સમજવું જોઈએ કે પોતાની લડતો શુદ્ધ સત્ય ઉપર જ રચવી જોઈએ. મહાત્માજીનો સત્યનો આગ્રહ કેટલો આવશ્યક છે તે અહીં બરાબર સમજાય છે.

આ લડતનો એક ઘણો જ સદ્ભાગી અંશ એ છે કે આખી લડત મહાત્માજીના કશા પણ કાર્યભાગ વિના વિજયી થઈ છે. તે બતાવે છે કે સત્યાગ્રહની લડત લોકો સમજીને લડે તો લડી શકાય તેવી છે. આ આખી લડત સફળ થયાનો જશ જેટલો રૈયતને અને તેમની સાથે રહી કામ કરનારાઓને છે તેટલો જ શ્રીયુત વલ્લભભાઈને છે. રા.

ગૂજરાતમાં કેળવણીની અવદશા

આખા ગૂજરાતની વસ્તી લગભગ એક કરોડ માણસની ગણાય છે પણ તેમાં ઘણાં નાનાં મોટાં દેશી રાજ્યોનો પણ સમાવેશ થાય છે. ઘણાંખરાં રાજ્યોમાં કેળવણી અત્યંત પછાત છે. એ બધાંના આંકડા મળી શકે તેમ નથી. તેથી મુંબઈ ઇલાકાના ઉત્તર વિભાગના આંકડા લેવા પડશે, એટલે ખરું જોતાં જે સ્થિતિ જણાઈ આવશે તેના કરતાં ખરી વસ્તુસ્થિતિ વધારે ખરાબ છે. આ આખા ગૂજરાતને મુંબઈ યુનિવર્સિટી સાથે સંબંધ રાખવો પડે છે. એક કરોડ માણસોને માટે એક યુનિવર્સિટી પણ નથી.

ઉત્તર વિભાગમાં આશરે ૩૦ લાખ માણસોની વસ્તી છે, તેમાં ૩,૩૦૪ ગામગામડાં છે, તેમાં ૧,૫૦૮ ગામડામાં શાળાઓ છે, એટલે ૧૮૦૦માં નથી. આ ગામગામડાંઓમાં ૨,૪૧૮ ગૂજરાતી અને અંગ્રેજી શાળાઓ કૉલેજ વગેરે છે અને તેમાં ૨,૧૦,૨૫૧ છોકરા ભણે છે.

દરેક દેશમાં કુલ વસ્તીનો ૧૫ ટકા જેટલો ભાગ પ્રાથમિક શાળાઓમાં હોવો જોઈએ. અહીં આખો ભણતો વર્ગ ૭ ટકા જેટલો છે.

બીજી બાજુ પ્રાથમિક કેળવણીની નીચે પ્રમાણે હકીકત છે:-

	શાળાની સંખ્યા	વિદ્યાર્થીની સંખ્યા
છોકરાઓ	૧૯૨૮	૧,૫૭,૫૨૨
છોકરીઓ	૩૪૪	૩૩,૪૩૫
કુલ	૨,૨૭૨	૧,૯૦,૯૫૭

આ કોઠા પરથી જણાશે કે છોકરીઓ માટે શાળાઓ ઘણી જ થોડી છે અને છોકરાઓ કરતાં છોકરીઓ માત્ર પાંચમા ભાગમાં શીખે છે. એ છોકરાં શું શીખે છે તે તપાસીશું તો જણાશે કે તેઓ મોટા ભાગે તો નીચલા ધોરણોમાં હોય છે.

	બાળવર્ગ	નીચલો પ્રાથમિક	ઉપલો પ્રાથમિક	બાલવર્ગ અને પહેલો વર્ગ
છોકરા	૨૭ ટકા	૮૯ ટકા	૧૧ ટકા	૪૪ ટકા
છોકરી	૪૦ ,,	૯૩.૫ ,,	૬.૫ ,,	૬૦ ,,

બાલવર્ગ અને પહેલા વર્ગના છોકરાઓને નહિ જેવું વાચતા આવડે છે એટલે આ શાળાઓમા કેટલા છોકરા વાંચી શકે તેનો ખ્યાલ સહેજે આવી જશે.

- કન્યાઓને માધ્યમિક કેળવણી આપવાને માટે એક શાળા અમદાવાદમા ચાલે છે. પણ ટ્રેઇનિંગ કોલેજના પુછડા જેવી છે અને તેનો ખર્ચ માત્ર રૂ. ૧૭,૬૪૪ થાય છે; જ્યારે ગ્રાંટ તરીકે મુબઇ અને પૂનામા પુષ્કળ નાણુ સરકારી તીજોરીમાથી ખર્ચાય છે. મહારાષ્ટ્રમા સરકારના ખર્ચે થાણા, નાશીક, અહમદનગર, ધારવાર અને બીજાપુરમા મિડલ સ્કૂલો ચાલે છે ત્યારે આખા ગૂજરાતમા તેવી એક પણ નથી. **ધારાસભાના ગૂજરાતી બોલતા બધા સભાસદોના લક્ષ પર આ હકીકત ફેરી-ફેરીને લાવવાની** જરૂર છે. ગૂજરાતને ચોખ્ખો અને દેખીતો અન્યાય થઈ રહ્યો છે. ભરૂચમા એક બીચારી શાળા છે તેને સરકાર તરફથી ગ્રાંટ પણ મળતી નથી (૧૯૨૫-૨૬). મુંબઈ, પૂના, મન્માડ, શોલાપુર, બેલ્ગામમા ગ્રાંટ મળે છે.

એકંદરે ઉત્તર વિભાગમા ગૂજરાતી અને અંગ્રેજી બન્ને કેળવણીમા ઘણી જ થોડી પ્રગતિ થાય છે. આપણે ત્યાં આટલી બધી પારસી કન્યાઓ અને સ્ત્રીઓ ભણે છે, પ્રજા પૈસેટકે સાધારણ સુખી છે પણ સરકારની અવકૃપા તથા પક્ષપાતને લીધે તેમ જ ગૂજરાતી પ્રજા અને તેમના ધારાસભાના સભ્યોની બેદરકારીને લીધે ગૂજરાત કેળવણીમા નહિ જેવી પ્રગતિ કરે છે. ક્યાં છે લોકકેળવણી (Mass-education) માટે વ્યવસ્થા, ક્યા છે મોટી વયનાં સ્રી પુરુષોને કેળવણી આપવા માટેના સાધનો, ક્યા છે પુસ્તકાલયો અને વાચનાલયો માટે ઉત્તેજન? દેશી તથા વિદેશી નોકરશાહીને ગમે તે રસ્તે મોટા પગાર ખાવા છે, અને પ્રજાની ઉન્નતિને આડે આવવું છે. અને ધારાસભામાં જવાથી જાણે સ્વર્ગમાં પહોચ્યા હોય અને ખૂબ પ્રતિષ્ઠિત બન્યા હોય તેવું આપણા પ્રતિનિધિઓ માનીને કાંઈ જ આગ્રહપૂર્વક કામ કરતા નથી. સુ. મ.

*

ઇટાલીમાં શિક્ષણપ્રચાર

દૃઢ નિશ્ચયના શુભ પરિણામ

જે પ્રજામાં નિશ્ચયબળ છે અને જે સ્વ-સુધારણા માટે પ્રામાણિક પ્રયાસ કરે છે તે કેટલો સુધારો કરી શકે છે તે ઈટાલીમાં વધેના શિક્ષણપ્રચારના આંકડા પરથી જાણી શકાશે. યૂરોપ ખંડમા ઇટાલી પછાત ગણાતો દેશ છે, અને ત્યાની પ્રજા એકંદર ગરીબ છે. એ દેશમાં ભયંકર કુસંપ હતો. જો આપણે ખોટી તકરારોમા શક્તિ ગુમાવી ન દઇએ અને ખૂબ આગ્રહપૂર્વક સુધારો કરવાનું હાથમાં લઇએ તો આપણો દેશ ઓછો અભણ રહે, આપણી સ્ત્રીઓની શક્તિ ખીલે, આપણાં છોકરાં વધારે આરોગ્યવાન અને કેળવાયેલાં થાય, આપણી ગરીબાઈ ઓછી થાય. દેશને સંસ્થાનિક સ્વરાજ્ય જોઇએ છે કે સંપૂર્ણ સ્વતન્ત્રતા, એવા વાયડા પ્રશ્નોને દરિયામાં ડૂબાડી દેવા જોઇએ, કારણ કે દેશને તો જ્ઞાન, આરોગ્ય, ધન અને કામ જોઇએ છે.

ઇટાલીમાં શિક્ષિતપણાનો પ્રચાર

	લાખમાં			સેંકડે ટકા		
	પુરુષ	સ્ત્રી	એકંદર	પુરુષ	સ્ત્રી	સરેરાસ
૧૮૭૨	૪૮	૨૮	૭૨	૩૮	૨૪	૩૧
૧૮૮૨	૫૫	૩૭	૯૨	૪૫	૩૧	૩૮
૧૯૦૧	૭૮	૬૩	૧૪૧	૫૮	૪૬	૫૨
૧૯૧૧	૯૬	૮૬	૧૮૨	૬૭	૫૮	૬૨
૧૯૨૧	૧૨૧	૧૧૪	૨૩૫	૭૫	૬૯	૭૨

આ આંકડાઓ ઉપરથી જણાશે કે દરેક દશકામા દશ ટકા જેટલો સરેરાશ વધારો શિક્ષિતપણામાં થયો છે. એટલે આજે લગભગ ૮૦ ટકા જેટલી પ્રજા શિક્ષિત થઈ હશે. પુરુષવર્ગમા વધારો થયો છે તેના કરતાં સ્ત્રીઓ હજી પાછળ છે તે છતાં દરેક દશકામા તેમની સંખ્યામા વધારે સુધારો થતો જાય છે અને હાલની ગતિએ સ્ત્રીપુરુષોની સંખ્યા ૧૯૪૧મા સરખી થઈ જશે.

ગ. મ.

સરસ્વતી ગ્રન્થમાલા માટેના

અભિપ્રાયો

ગુજરાતમાં આજસુધીમા આરંભાયેલી અને અસ્તિત્વ ધરાવતી તમામ ગ્રન્થમાળાઓમા, સાહિત્યના પ્રકાર અને સસ્તાપણામા કદાચ સૌને પાછળ મૂકી દેતી આ સરસ્વતી ગ્રન્થમાળાના પ્રથમ પુસ્તક તરીકે મહાદેવ દેસાઈની કલમના પ્રસાદરૂપ 'વીર વલ્લભભાઇ' મળે છે . . . ઇચ્છીએ કે ગુજરાત આ નવીન ગ્રન્થમાળાનો પૂરેપૂરો લાભ ઉઠાવશે
સૌરાષ્ટ્ર

આ ગ્રન્થમાળાની યોજના પણ આદરણીય છે. દોઢ રૂપિયામા આવા ૭૦૦ પૃષ્ટોના પુસ્તકો એક વર્ષમા આપવાની તેની યોજના છે . . . તે જોતા તેને સસ્તુ સાહિત્ય ફેલાવવાની જ એક યોજના કહેવામા વાંધો નથી.
પ્રજાબંધુ

પ્રસ્થાનની રૂ ૧-૮-૦ મા વાર્ષિક બાર પુસ્તકો મેળવવાની યોજનાને પણ સૌ સત્કારશે એમ આશા રાખીએ છીએ
પ્રતાપ

ગુજરાતમાં સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય તરફથી સસ્તું સાહિત્ય બહાર પાડવામા આવ્યુ, ત્યાર પછી નવજીવન પ્રકાશન મંદિર તરફથી તેથી પણ સસ્તુ સાહિત્ય બહાર પાડવામા આવ્યુ; અને હવે પ્રસ્થાન કાર્યાલય તરફથી તેથી પણ સસ્તું સાહિત્ય બહાર પાડવામા આવે છે તે જોઈ કયા સાહિત્યપ્રેમીને આનંદ નહિ થાય?
નૂતન ગુજરાત

[સંપૂર્ણ યોજના વગેરે માટે લખો]

આજે જ રૂપિયો દોઢ મોકલી ગ્રાહક થાઓ.

બહાર પડેલાં પુસ્તકો

૧ વીર વલ્લભભાઈ	મહાદેવ દેસાઇ	કિં ૦-૨-૬	ટપા.	૦-૦-૬
૨ રાજાજીની વાતો	ચક્રવર્તિ રાજગોપાલાચારી	૦-૩-૦		૦-૦-૬
૩ અમેરિકાનું સ્વાતંત્ર્ય યુદ્ધ	જીવણલાલ દીવાન	૦-૪-૦		૦-૧-૦
૪ જાતકકથાસંગ્રહ ભા. ૧	ધર્માનંદ કોસમ્બી	૦-૩-૦		૦-૦-૬
૫-૬ ક્રાન્તિ	પીટર ક્રોપોટકિન	૦-૬-૦		૦-૧-૦

પ્રસ્થાન કાર્યાલય : પારસી અગિયારી સામે : અમદાવાદ

મુંબાઈના એજન્ટઃ—સી. જમનાદાસની કું, પ્રિન્સેસ સ્ટ્રીટ.

ક્રાન્તિ આવે છે!

सरस्वती ग्रन्थमाला.

[હિંદમાં રૂા. દોઢ પરદેશમાં રૂા. અઢી]

બહાર પડ્યું છે :

પુ૦ ૫-૬

પીટર ક્રોપોટકિન કૃત

ક્રાન્તિ

ડાક્ટરો, વૈજ્ઞાનિકો, વકીલો, ઇજનેરો, શિક્ષકો, કલાકારો, મજૂરો

વગેરેની

આજના યુગધર્મમાં શી ફરજ છે તે બતાવતા ત્રણ હૃદયસ્પર્શી પ્રાણવાન લેખો.

તથા

લેખકની રોમાંચક જીવનકથા

ગૂજરાતના દરેક જુવાને આ પુસ્તક વાચવું જ જોઇએ.

ઘરમાં વસાવવું જ જોઇએ.

પૃ. સંખ્યા ૧૦૪;	એન્ટીક કાગળ
છૂ કિં ૦-૬-૦	ટ. ખ ૦-૧-૦

પ્રસ્થાન કાર્યાલય
પારસી અગિયારી સામે
અમદાવાદ

તૈયાર થાય છે:

પુસ્તક ૭ મું

“૧૮૫૭”!

[બળવાની બીજી બાજુ]

બળવા વખતે ગોરા અમલદારોએ હિંદીઓ પર ગુજારેલા અત્યાચારોના રોમાંચક પ્રસંગો અંગ્રેજોના હાથે જ લખાયેલા ઇતિહાસોમાંથી.

પુસ્તક ૮ મું :

ક્રાન્તિકારી રશિયન લગ્ન

કોલેજમાં અભ્યાસ માટે તથા સામાજિક અને રાજદ્વારી ક્રાન્તિ માટે કાર્ય કરવા ઇચ્છતી ભાવનાશાળી છોકરીઓને તેમના રુઢિચૂસ્ત માબાપોના પંજામાંથી જુવાન નિહિલિસ્ટો હરકોઇ ઇલાજે, ખોટા લગ્નો કરીને પણ, કેમ છોડાવતા અને દેશકાર્યમાં પરોવતા તેની એક સાચી રંગ-સાહસ-વીરતાભરી કથા.

રૂપિયો દોઢ ભરી ગ્રાહક તરીકે નામ નોંધાવો

વર્ષ ૪ : જેઠ : પુ૦ ૮

અંક ૮ ૧૯૮૫ અંક ૨

卐 પ્રસ્થાન 卐

दृष्टिपूतं न्यसेत्पादम्।



તંત્રીઓ

રામનારાયણ વિશ્વનાથ પાઠક

રસિકલાલ છોટાલાલ પરીખ

પ્રકાશક

પ્રસ્થાન કાર્યાલય

અમદાવાદ

વાર્ષિક રૂ. ૫-૦-૦ છ માસના રૂ. ૩-૦-૦

દેશાવર રૂ. ૬-૮-૦ છુટક નકલ રૂ. ૦-૯-૦

અનુક્રમણિકા

પુસ્તક ૮ જેઠ : ૧૯૮૫ અંક ૨

૧ રાણકદેવી (કાવ્ય) : શેષ ૭૩

૨ ભગવાન ચૈતન્યદેવ : નર્મદાશંકર પંડ્યા ૭૭

૩ આપણી કવિતાસમૃદ્ધિ :- [ચાલુ લેખમાળા] ૮૪

૪ કેટલાંક હિન્દી લોકગીતો : } રમણિક કિશનલાલ મહેતા / ઝવેરચંદ મેઘાણી ... ૮૮

૫ ટ્રૉટ્સ્કી : ૯૭

૬ કોલ (કાવ્ય) સ્નેહરશ્મિ ૧૦૦

૭ હિંદની પ્રાંતિક ભાષાના આદિ કવિઓ · ડુંગરશી ધરમશી સંપટ ... ૧૦૧

૮ અલમોરાથી પત્રો ભગવતી ૧૦૯

૯ કડવો ઘૂંટ (વાર્તા) : સંજય ૧૧૬

૧૦ લોકચર્ચા .

મારી સુરતની યાત્રા : રામાનંદ ચેટરજી ૧૨૯

ગૂજરાત તરણ સંઘ : ગોવિન્દ ૧૩૨

૧૧ પુસ્તકપરિચય અને સ્વીકાર રા. ૧૩૫ .

ભજનિકા, રાસચન્દ્રિકા, રાગતરંગિણી

ગોપીનાં ગીતો, રામકુંજ

૧૨ નોંધ · ૧૪૩

મુંબાઇમાં મિલોની હડતાળ; ઑલ ઇન્ડિયા કોંગ્રેસ કમિટી; ઇંગ્લાંડમાં મજૂર પક્ષનું પ્રધાનમંડળ; ગુજરાતમાં કેળવણીની સ્થિતિ

શુદ્ધિ · પૃ. ૭૬ ઉપરની ફૂટનોટમાં પ્રથમ ' ગુજરાત ' શબ્દ ઉમેરી વાંચવું.

પ્રકાશક રણછોડજી કેસુરભાઇ મીસ્રી પ્રસ્થાન કાર્યાલય. પારસી અગિયારી સામે, ખમાસા ચોકી, અમદાવાદ

મુદ્રક · ગજાનન વિશ્વનાથ પાઠક : આદિત્ય મુદ્રણાલય, રાયખડ રોડ, અમદાવાદ

卐 પ્રસ્થાન 卐

પુસ્તક ૮ જેઠ: ૧૯૮૫ અંક ૨

રાણકદેવી

આ પાસ, નેત્રદમતી, જલહીન, તપ્ત,
રેતી તણો પટ વિશાલ શું ધાય ખાવા !
ને બીજી પાસ વઢવાણ પડેલ મન્દ
વચ્ચે પ્રચંડશિર દેરું ઊભું એકલું. ૧

ના નેત્ર-આંજતી સગર્વ ઊંચાઈ ભવ્ય,
ના નેત્ર-ભૂલવતું ઝીણું વિચિત્ર શિલ્પ,
ના નેત્ર-રીઝવતી કોઈ કલા અનેરી,
સાદું તથાપિ ઊભું શીર્ષ પ્રચંડ ધારી. ૨

ના કીર્તિલેખ લખી નામ કરે પ્રશસ્તિ,
ના સ્થાન કોઈ મમતાળુ ય રાજવીનું.
ના ધર્મનું, ધરમઢોંગનું, તોય લોક
જાણે પ્રતાપવતી રાજસતીનું દેરું. ૩

એ અદ્વિતીય તનુ સુંદરતા નથી જ
સૌરાષ્ટ ભૂપ પટરાણીની જે પ્રસિદ્ધ,
વૈધવ્યનો ન પણ શોક, પરાભવે ના,
છે માત્ર મૂર્તિ નિજ પુણ્યપ્રકોપ કેરી. ૪

છૂટા બધા સઘન કેશ શિરેથી નીચે
સ્કન્ધે પડી વહી જતા ચરણો સુધી એઃ
ના કેશવાળી કદી સિંહણને સુહાતી,
કાલિન્દી એ ન વહતી હિમમાલથી એ. ૫

આંખો વિશાલ, તજી ચંચલતા, અચંડ,
છે લક્ષ્યહીન, અનિમેષ, કરાલ, ફિક્કી;
વન્દે નહિ શિવનું લિંગ પડયું સમક્ષ,
દેખે ન મૂર્તિ નિજ બાલની જે સમીપ. ૬

પીળાં કરેણ ફૂલની ધરી માલ કંઠે
ને ચૂંદડી ધરી શી સોરઠી લોણકીની,
સૌભાગ્યનાં સકલ ચિહ્ન કરાલ દીસે,
અંગાંગમાં બાળુકતો પણ અગ્નિ ભાસે. ૭

× × ×

ત્યારે હતો સકલ આ રમણીય દેશ,
સ્વાતંત્ર્ય શૌર્ય નિજ સાહસથી સુહાતો.
લક્ષ્મી સરસ્વતી ય બેનપણી બનીને,
વાસો, અહીં વસતી’તી ગુજરાતું, દેશે. ૮

સંહારી શત્રુ, શુભ શાંતિ જમાવી લોકે,
વિસ્તારી રાજ્ય, શણગારી સહસ્રલિંગે,
હૈમ[1] પ્રદીપ પ્રગટાવી સરસ્વતીનો
સાર્થક્ય કીધું નિજ નામનું સિદ્ધરાજે. ૯

પોષી સમાન જિન બ્રાહ્મણ બેઉ ધર્મ,
આપી ઉદાર બહુ દાન સમસ્ત દેશે,
જીતી અનેક સમરાંગણ ગુર્જરેશે,
કીર્તિતણું અમરપાત્ર ઘડાવ્યું રૂડું. ૧૦

કિન્તુ અનેક રિપુને રણ જીતનારે,
જીત્યા ન આત્મરિપુ અંતર જે વસેલા,
આવી જઈ વિજયના મદમાં ભૂંડાએ,
હાથે કરી યશનું પાત્ર જ કાણું કીધું. ૧૧

૧ હૈમ એટલે (૧) સોનાનો (૨) હેમાચાર્યરૂપી.

શ્રીકૃષ્ણપાવન સુરાષ્ટ્ર પરે ચડયો એ,
ને બાર વર્ષ ઘનઘોર ચલાવી ઘેરો,
લેઉં જૂનાગઢ કંઈ છલથી બલેથી,
ને યુદ્ધમાં સુભટ યાદવસિંહ રોળ્યો. ૧૨

એંગારની વિજયશ્રી વરિયો મનસ્વી,
ને ભોગવી ક્ષણ ક્ષણે લસતી નવીન
એ રમ્ય લક્ષ્મી ગિરનારની,[2] તોય કીધી
ઉદ્દામ વૃત્તિ સતી શીયળ લોટવાની. ૧૩

ઉતારી પર્વતથી એ અબળા અનાથ,
ડોલ્યાં ગિરિ શિખર રાણકદેવી જાતાં.
છોડાવિયો સરસ સોરઠ ભાવભીનો,
નિઃશંક સાવજ સરિજ્જલ જ્યાં પીએ છે.[3] ૧૪

માની ન ઠેઠ સુધી, હારી નહિ, ઠગી ના,
તો યે ન દીઠું સત સોરઠિયાણી કેરું;[4]
કામાન્ધ ક્રોધવશ થૈ નૃપ સિદ્ધરાજે
નિઃશસ્ત્ર બાલ હણી ક્ષત્રિય રીત લોપી. ૧૫

તો યે ડરી ન સતી, એકલી વીરમાતે
વીરોનું મૃત્યુ મરતાં સુતને શિખાવ્યું.
હીણું કરી, ન કરી સિદ્ધ કર્યું, સતીની
નિષ્ઠાથી હારી, પણ ના હઠથી હઠ્યો એ. ૧૬

પુણ્યપ્રકોપ પ્રગટયો, ધરી અગ્નિરૂપ,
પ્રજ્વાલતો જગત ત્યાં સતી દેહમાંથી.
સંકેલી ઉગ્રશિખ, મોર કલાપ પેઠે,
એ અગ્નિમાંહીં નિજ દેહ જ ભસ્મ કીધો. ૧૭

× × ×

---

૨ क्षणे क्षणे यन्नवतामुपैति तदेव रूपं रमणीयतायाः એ ગિરનાર વિશેની માઘની પંક્તિ ઉપરથી. ૩ " સરવો સોરઠ દેશ, જ્યાં સાવજડાં સેજલ પીએ." એ દૂહાની પંક્તિ ઉપરથી. ૪. " ઊભો ત્યાં સિધરાજ, સત જોવા સોરઠિયાણીનું." એ દૂહાની પંક્તિ ઉપરથી.

પાનાં અનેક ઇતિહાસ તણાં ફર્યાં છે,
સ્વાતંત્ર્ય, શૌર્ય, નથી સાહસ એ સુહાતાં:
ચેતાવવા વિજય-અન્ધ નૃપો તથાપિ,
પૃથ્વીની તર્જની શું દેરું હજી ઊભું છે. ૧૮

શેષ.

સં. ૧૯૭૯ દ્વિતીય જ્યેષ્ઠ પુ. ૩ અંક ૪. પૃ. ૨૯૮ મે પ્રથમ છપાયેલું, પણ તેમાં છાપના દોષો હોવાથી અહીં ફરી પ્રસિદ્ધ, થોડા ફેરફાર સાથે.

ભગવાન ચૈતન્યદેવ

ચૈતન્યદેવના ચરિત્ર લેખકને શિર ભારે જવાબદારી રહેલી છે. એમના જીવનના વિવિધ પ્રસંગોના મર્મ સમજીને સમજાવવાની યોગ્યતા પામવા સારૂ વર્ષો પર્યંત સાધના કરેલી હોવી જોઇએ. જેમના ઉદ્‌ગારો અને આચરણોનું રહસ્ય એમના રાતદિવસના સાથીઓમાંથી પણ માત્ર બે જ વ્યક્તિઓ સમજવાને સમર્થ નીવડી હતી. તેને આજે પૂરાં સાડી ચારસો વર્ષના કાળ પછી અને એમના જીવન ગ્રંથોમાંથી પ્રાપ્ત થતા વર્ણનોને આધારે આલેખવાનું કામ કેટલું દુર્ઘટ છે એ સમજી શકાય એવું છે. પણ બીજા ધર્મ સંસ્થાપકોના કરતા ચૈતન્યદેવની જીવનકથાના લેખકનું કામ એક રીતે વધારે નિર્ભય થઈ ગયું છે. એમની સાથે ને સાથે જ લાંબા વખત સુધી રહેલા સંત પુરુષોમાંના કેટલાક એમના અલૌકિક જીવન પ્રસંગોની ઘણી કાળજીપૂર્વક નોંધ કરી ગયા છે. એ બધી સામગ્રીનો આધાર લઇને તેમજ ચૈતન્યદેવના કેટલાક વિદ્યમાન સાથીઓને મુખેથી સાંભળેલી વિગતોનો બુદ્ધિપૂર્વક ઉપયોગ કરીને કૃષ્ણદાસ કવિરાજ ઈ૦ સ૦ ૧૫૮૦ માં એટલે ચૈતન્યદેવની માનવલીલાના અવસાન પછી ૫૦ વર્ષે "ચૈતન્ય-ચરિતામૃત" નામનો ગ્રંથ રચી ગયા છે. આવો આધારભૂત અને લગભગ સમકાલીન ગ્રંથ બુદ્ધ, જીસસ, મહંમદ અથવા શંકરાચાર્યને વિષે લખાયો નથી. એવો જ બીજો આદરણીય ગ્રંથ "ચૈતન્ય ભાગવત" છે. બીજાં પણ આઠ દશ પુસ્તકો એમની આસપાસના ગાળામાં જ રચાએલાં છે. એ બધામાંથી પ્રાપ્ત થતી હકીકતોને આધારે આ લેખ લખવામાં આવે છે.

બંગદેશના હિન્દુ નૃપતિઓની રાજધાની કલકત્તાથી ઉત્તરમાં ૭૦ માઇલને અંતરે આવેલા નવદ્વીપ શહેરમાં હતી. રાજધાની હોવા ઉપરાંત સરસ્વતીની ઉપાસનામાં કાશી અને મિથિલાનું તે પ્રતિસ્પર્ધી હતું. તેરમી શતાબ્દિ પછી રાજધાની ગૌડ નગરમાં ગઇ પણ વિદ્યાપીઠ તરીકે નવદ્વીપની પ્રતિષ્ઠા જેમની તેમ રહી હતી અને આજે પણ ન્યાયશાસ્ત્રના બે ત્રણ ધુરંધર પંડિતો તેની પ્રાચીન કીર્તિના અવશેષ જાળવી રહ્યા છે. એ શહેરમાં શકે ૧૪૦૭ (ઇ૦ સ૦ ૧૪૮૬) ના ફાલ્ગુન માસની પૂર્ણિમાની સાંજે જગન્નાથ મિશ્રનાં પત્ની શચીદેવીએ એક તેજસ્વી બાળકને જન્મ આપ્યો. માતાએ તેનું નામ નિમાઈ પાડ્યું, અને પાછળથી તે ગૌરાંગ, ગૌરહરિ, વિશ્વંભર એવા અનેક નામથી ઓળખાયા. સન્યાસ દીક્ષા લીધી તે દિવસે તેમને તેમના ગુરુએ "કૃષ્ણ ચૈતન્ય" નામ આપ્યું અને તેને ટુંકાવતાં થએલું "ચૈતન્ય" એવું નામ ઈતિહાસના વાંચકોને જાણીતું છે.

એમના પહેલા ૨૪ વર્ષના જીવનના મુખ્ય પ્રસંગો એમના પાડોશી અને ભક્ત મુરારિ ગુપ્ત લખી ગયા છે. દુર્ભાગ્યે એ અતિ અગત્યનો લેખ આજે પ્રાપ્ત નથી. પણ ચૈતન્ય ભાગવતકારે એનો ઠીક ઉપયોગ કરી લીધો છે. આ ગ્રંથની રચનાનો કાળ ચૈતન્યદેવના જીવનના ઉત્તરાર્દ્ધની આસપાસનો છે. એ અરસામાં એમને કૃષ્ણના અવતાર તરીકે

ઘણા ભક્તોએ સ્વીકાર્યા હતા અને ત્રણ ચાર ઠેકાણે એમની મૂર્તિનું પૂજન પણ થવા પામ્યું હતું. આથી કરીને એમના બાળજીવનનાં વર્ણનોમાં કૃષ્ણના બાળજીવનની કેટલીક વિગતોની પુનરાવૃત્તિ જોવામા આવે છે; ભક્તોએ અજાણ્યે કરેલી અતિશયતાનો અંશ બાદ કરતા તટસ્થ વાચક એટલું તો જોઈ શકે છે કે ચૈતન્યદેવ અલૌકિક રૂપ અને બુદ્ધિ સંપન્ન હતા. ગાળેલા સોનાના રસથી ઘડ્યું હોય એવું દીપ્તિમાન એમનું અંગ હતું. એમના નેત્રોમાંથી પ્રેમની ધારા ઝરતી. એમની વાણીમા અને સ્પર્શમાં અજબ જાદુ ભર્યાં હતાં. એ જાદુના પ્રભાવથી રાજેન્દ્રો રાજવૈભવ તજીને કૌપીનધારી વૈરાગી બની ગયા અને વજ્ર જેવાં કઠિન હૃદય કૃષ્ણભક્તિના રસમાં ગળી ગયાં.

ઘણી જ નાની વયમા એમણે વ્યાકરણનું અધ્યયન પૂરૂં કર્યું અને ન્યાયશાસ્ત્રનું શરૂ કર્યું. થોડા જ વખતમાં એમની બુદ્ધિની તીક્ષ્ણતા વડે એમનાથી ઘણી મ્હોટી વયના પંડિતો એમના તરફ માનની દૃષ્ટિથી જોતા થયા. એમના સહપાઠીઓમાં નવ ન્યાયનો પિતા રઘુનાથ અને સ્મૃતિકાર રઘુનંદન હતા. યુવાન નિમાઇએ ન્યાયશાસ્ત્ર વિષે એક સ્વતંત્ર ગ્રંથ રચવા માંડ્યો હતો. તે જ વખતે રઘુનાથ પોતાના વિખ્યાત "દીધિતિ"ની રચના કરી રહ્યો હતો. રઘુનાથે પોતાના સહાધ્યાયી નિમાઇની હસ્તલિખિત પોથી એક વાર દીઠી અને હતાશ થયો. તેને રાજી કરવા ઉદાર ચરિત નિમાઈએ પોતાનો ગ્રંથ ગંગામાં ફેંકી દીધો અને રઘુનાથને ન્યાયશાસ્ત્રમા અક્ષય કીર્તિ મેળવવાનો અવકાશ આપ્યો. એ જ અરસામાં નિમાઈ પંડિતે વ્યાકરણશાસ્ત્રની પાઠશાળા સ્થાપી અને અધ્યાપક તરીકે ભારે નામના મેળવી. દિગ્વિજયી પંડિત કેશવ કાશ્મીરીને કાવ્યની ચર્ચામાં પરાસ્ત કરીને તેમણે નવદ્વીપના પંડિતસમાજની લાજ રાખી તે દિવસથી તેમને નવદ્વીપના તેમ જ બંગ દેશના પંડિતોમા પહેલું સ્થાન મળ્યું.

આ પ્રમાણે વિદ્યા વિલાસમા તેમના ત્રેવીશ વર્ષ વ્યતીત થયાં. અલૌકિક રૂપ, યૌવન, વિદ્યા, બુદ્ધિ, કીર્તિ—આટલું બધુ હોવા છતા અભિમાને તેમના હૃદયમા પ્રવેશ કર્યો ન હતો. તે નમ્રતા અને સૌજન્યની પ્રતિમા સમા હતા. પરાજિત થએલા પ્રતિસ્પર્ધીના દિલમા પણ પરાજયનો ડંખ સાલે નહિ એવી તેમના તરફ તેમની વર્તણુક હતી. તેમના વિનોદી સ્વભાવને લીધે કેટલાક ભારેખમ પંડિતો તેમની નિંદા પણ કરતા. તરવાનો એમને ભારે શોખ હતો, જે આખર સુધી રહ્યો. પહેલીવારની પત્નીનો સ્વર્ગવાસ થવાથી સેંકડો કરુણ કાવ્યોનો વિષય થઇ પડેલા વિષ્ણુપ્રિયાને પરણ્યા અને સુખપૂર્વક ગૃહસ્થાશ્રમ ભોગવ્યો.

પણ પ્રેમભક્તિના જે મહાસ્રોતે એમના હૃદયગિરિમાથી નીકળીને આખા બંગાળા અને ઓરિસ્સાને પ્લાવિત કરી નાખ્યા તેના ઉદ્‌ભવની આગાહી એમનાં ત્રેવીશ વર્ષના જીવનમાંથી થતી નથી. કેવા કેવા ધાર્મિક અનુભવોના સ્તરોમાથી એમનું મન પસાર થયું હતું તે વિષે એમના ચરિત્ર લેખકો આપણને કશી માહિતી આપી ગયા નથી. તેમણે તો પરમતત્ત્વ, અદ્વય, પૂર્ણબ્રહ્મ, કૃષ્ણ તરીકે તેમને ઓળખ્યા અને ઓળખાવ્યા હોવાથી તેમને માટે તેમના ઇષ્ટ દેવતાની પૂર્વાવસ્થાઓની સમીક્ષા કરવાનું અશક્ય હતું. અને થયું છે પણ તેમ જ. આકાશમાં કોઇ જ્વલંત નક્ષત્ર ઊગે અને આખું નભોમંડળ પ્રજ્વળી ઊઠે તેમ ચૈતન્યદેવે ધર્મના ક્ષેત્રમા પ્રવેશ કરતાં જ બંગાળા અને ઓરિસ્સાનું વાતાવરણ પલટાઇ

ગયું. પ્રેમભક્તિનો મહાસાગર ઊછળ્યો અને તેના તરંગો મદ્રાસ, મહારાષ્ટ્ર, ગુજરાત અને પંજાબ આદિ દૂર દૂરના પ્રાંતો સુધી ફરી વળ્યા.

ત્રેવીશ વર્ષની વયે પિતાનું શ્રાદ્ધ કરવાનો મનસુબો કરીને ચૈતન્યદેવ વિષ્ણુગયાની યાત્રાએ ગયા. ત્યા વિષ્ણુના ચરણ ચિહ્નના દર્શન કરતાની સાથે જ એમના જીવનનું એક નવું પ્રકરણ ઊઘડયું. તેમનાં નેત્રામાંથી પ્રેમાશ્રુની ધારા વહેવા લાગી અને શાસ્ત્રકારોએ પ્રેમોદયના ચિન્હસ્વરૂપ જે આઠ સાત્ત્વિક ભાવો ગણાવ્યા છે તે બધા તેમના દેહમા પ્રકટી નીકળ્યા. મહા તપસ્વી વૈષ્ણવ સાધુ ઈશ્વરપુરી પાસે તેમણે એ જ જગાએ કૃષ્ણ મંત્રની દીક્ષા લીધી અને કૃષ્ણને મળવાની ઉત્કંઠાથી વૃન્દાવન તરફ દોડયા. પણ તેમના સાથીઓએ તેમને જેમ તેમ સમજાવી પટાવીને પાછા નવદ્વીપ તેડી આણ્યા.

પણ તે તો નર્યા બદલાઈને જ આવ્યા. પહેલાની ચપળતા ગઈ, વિનોદી સ્વભાવ ગયો, સાહિત્યચર્ચાનો શોખ ગયો, વિતંડાવાદ ગઈ—બધુ જ ગયું. હવે તે ગંભીર મ્લાન વદને ક્ષમણે હાથ દઈને કૃષ્ણ વિરહિણી ગોપીની માફક " હા ! કૃષ્ણ ! હા ! કૃષ્ણ ! " એવા શત્રુના હૃદયને પણ પીગળાવે એવા શોકોદ્ગાર કહાડતા બેસી રહેતા અને કોઈ વાર જ્યારે હૃદયમા દુ:ખનો વેગ સમાતો નહિ ત્યારે જાણે સેંકડો વીંછીના ડંખની વેદના થતી હોય તેમ જમીન પર આળોટીને આક્રન્દ કરતા. આ સ્થિતિમા અધ્યાપનનું કામ તેમનાથી બને એવું હતું જ નહિ. તેથી શિષ્યોને આશીર્વાદ દઈ તેમણે પોતાની પાઠશાળા બંધ કરી.

બંગાળા શાક્તપ્રધાન દેશ છે. બૌદ્ધધર્મના ધ્વંસ પછી વેદોક્ત શક્તિપૂજાની સાથે ઘોર વામાચારનાં તત્ત્વો ભળી જઈ એક પ્રકારના બીભત્સ ધર્મનું સ્વરૂપ ત્યાં પ્રચલિત થવા પામ્યુ હતું. કુલીન બ્રાહ્મણથી માંડીને શૂદ્ર સુધીના ઘણા ખરા હિન્દુઓ આવા જ પ્રકારના ધર્માચરણથી સંતોષ માનતા હતા. તેમના કરતા સંખ્યામા ઓછા પણ વિદ્યા અને બુદ્ધિને પ્રતાપે લબ્ધપ્રતિષ્ઠ થએલા પંડિતોનો એક વર્ગ હતો. તેમણે શુષ્ક તર્કવાદની ઝાડીમાં શુદ્ધ ભક્તિના કોમળ પ્રવાહને ગૂચવી નાખ્યો હતો. તે બધાની વચમાં કૃષ્ણના ભક્તોનું એક ન્હાનું મંડળ ભાગવત, જયદેવનું ગીતગોવિન્દ, અને વિદ્યાપતિ તથા ચંડીદાસનાં પ્રેમભક્તિથી નીતરતાં કાવ્યોમાંથી પ્રેરણા અને બળ મેળવતું પોતાનું કામ કર્યે જતું હતું. બંગાળાના ધાર્મિક ઇતિહાસમાં અમર થએલા અદ્વૈતાચાર્ય અને શ્રીવાસ પંડિત આ ભક્તમંડળના આત્મા હતા. ચૈતન્યદેવમાં થએલું નવું પરિવર્તન તેમણે વધાવી લીધું અને તેમાંથી નજીકના ભવિષ્યમા કોઈ ને કોઈ અદ્ભુત પરિણામ આવશે એવી આશાથી તેમણે ચૈતન્યદેવને પોતાના કીર્તનોમા સામેલ થવા નોતર્યા.

ઝાડી અને ખડકોના સ્તરમા ગૂંચવાએલો જલસ્રોત અનુકૂળ માર્ગ મળતાં જ વેગભેર ઊછળી પડે તેમ ઘણા દિવસથી એમના હૃદયમાં દબાએલો, ગૂંગળાએલો ભાવનો પ્રવાહ ભક્તોનાં લલિત કીર્તનોની સહાય પ્રાપ્ત થતાં નૃત્યરૂપે મૂર્તિમંત થયો. તે વખતે એમના શરીરમાંથી વહન કરતું અવર્ણનીય ઓજસ એવું ચેપી હતું કે તેનાથી એમના હૃદયમાં તરંગાયમાન થતા પ્રત્યેક ભાવ એમની આસપાસના બધા ભક્તોમાં ઉદય પામવા લાગતા. આખી રાત આ પ્રાણોન્માદકારી નૃત્ય ચાલતું અને તેમાં ઉપસ્થિત થએલા બધા જ આ સ્થૂળ જગતથી પર એવી કોઈ અતીન્દ્રિય સૃષ્ટિમાં પ્રવેશ કરતા. તેમનાં દિશા અને

કાળનાં બંધનો સરી જતાં. આ દશ્ય જગત્ તેમની આગળથી વિલુપ્ત થતું અને પ્રેમ તથા આનંદથી સચરાચર ભરેલી કોઈ દિવ્ય ભૂમિકામાં તેમનું માનસ રમણ કરતું. દિવસે પણ તેમની ખુમારી ઓસરતી ન હતી. નિશાબાજ વ્યક્તિની માફક તેઓ લથડીઆં ખાતા, હસતા, કૂદતા અથવા નાચતા જોવામા આવતા.

પુષ્પ ખીલે અને જેમ ગણગણાટ કરતા ભમરા દોડી આવે, દીપક પ્રગટે અને હજારો પતંગિયાં ચાલ્યા આવે તેમ નવદ્વીપમા પ્રેમભક્તિના વિરાટ સત્રનો આરંભ થતા જ દૂર દૂરના ભક્તો દોડી આવ્યા અને ચૈતન્યદેવના છત્ર નીચે એકઠા થયા. મહા અવધૂત નિત્યાનંદ, જનકના જેવો વિદેહી પુંડરીક વિદ્યાનિધિ, સૌથી પહેલા બંગાળી પદ્ય "કૃષ્ણ ચરિત્ર"—નો કર્તા માલાધર બસુ, શ્રીખંડના ભક્ત કવિ નરહરિ સરકાર, ઇસ્લામનો પરિત્યાગ કરવા માટે હસતે મુખડે ભર બજારમાં ચાબુકનો માર સહન કરનાર મુસલમાન વૈષ્ણવ હરિદાસ, અને એવા તો બીજા કેટલાએ સર્વસ્વ ત્યાગી ભક્તોનું મંડળ ચૈતન્યની આસપાસ શોભવા લાગ્યું; અને હવે અહોરાત્ર કીર્તનોની રમઝટ જામી.

થોડા જ દિવસમાં તેમનાં કીર્તનોમાં એક નવીન તત્ત્વનો આવિર્ભાવ થયો. ઓગળેલા મીણમાં અથવા ફોટોગ્રાફની પ્લેટમાં બાહ્યવસ્તુની પ્રતિકૃતિ અંકિત થઈ જાય તેમ કૃષ્ણલીલામા તન્મય થઈ ગએલા ચૈતન્યદેવનાં શરીર અને મન કૃષ્ણલીલાની વિવિધ કલાઓને મૂર્તિમંત કરવા લાગ્યાં. યશોદાના વાત્સલ્ય ભાવને લગતાં પદ ગવાતાં કે ઝટ ચૈતન્યદેવ યશોદાના ભાવથી અનુભાવિત થઈને મૂર્તિમાન વાત્સલ્યરસ બની જતાં, એ જ પ્રમાણે રાધા અને કૃષ્ણની પૂર્વ રાગથી માંડીને પ્રેમની અંતિમ અવસ્થા સુધીની બધી અવસ્થાઓનું માધુર્ય પોતે ચાખીને ભક્તોને ચખાડતા. રોજ રોજ કૃષ્ણલીલાની પુનરાવૃત્તિ થવા લાગી. અને નવદ્વીપ વૃન્દાવન બની ગયું. પરન્તુ આ મંડળમાં કોઈ પણ સ્ત્રીની હાજરી ન હતી. તેમા પ્રવેશ કરવાનો અધિકાર માત્ર કસોટીએ ચડેલા ભક્તોનો જ હતો. આટલું છતાં તેની અસર નવદ્વીપ શહેરમા તથા આજુબાજુના ગામડાંઓમાં થવા પામી. સંખ્યાબંધ કીર્તનમંડળીઓ બધાઈ અને રાત્રે મૃદંગ અને કરતાલના મધુરરવથી આખું વાતાવરણ ગાજી ઊઠતું. એ રીતે પ્રચાર કરવાનો રીતસર પ્રયત્ન કર્યા વિના નવવૈષ્ણવોનું એક દળ બંધાતુ ગયું.

ત્યાર પછી ચૈતન્યદેવના કાર્યકલાપમા વળી એક નવીન શક્તિનો ઉદય થતો જોવામા આવ્યો. અસામાન્ય શક્તિસંપન્ન પુરુષને ઇશ્વરના અવતાર તરીકે સ્વીકારવાની મનોવૃત્તિ આ દેશમાં લાંબા કાળથી ચાલી આવી છે. તેમાં ચૈતન્યદેવ જેવા રૂપ, વિદ્યા, બુદ્ધિ આદિ સર્વ ગુણ સંપન્ન મહૌજસ પુરુષોત્તમને લોકો ઇશ્વરના અવતાર તરીકે માને એમાં કશુ જ આશ્ચર્ય નથી.. વાને વેગે વાત ઉડી કે નવદ્વીપમાં બ્રાહ્મણરૂપે કૃષ્ણ પ્રગટ થાય છે. રોજ રોજ મનુષ્યોનાં ટોળાં એમના ઘર આગળ એકઠાં થવા લાગ્યા. સૌનો તે પ્રેમથી સત્કાર કરતા અને અતિ નમ્ર ભાવે કહેતા કે કૃષ્ણના મધુર નામનો આશ્રય લઈને તે પ્રેમસિન્ધુના પ્રેમ રાજ્યમાં પ્રવેશ કરીને અખંડ સુખના ભોક્તા થાઓ. હજારો ઉપદેશથી જે પરિણામ ન આવે તે આ પ્રેમમૂર્તિના થોડાક પણ અમૃતનાં બિન્દુ જેવા શબ્દોથી આવી જતું. અને કોણ જાણે કઈ શક્તિ એ શબ્દોની સાથે સાંભળનારના હૃદયમાં પ્રવેશ કરતી કે જેમ એક ચુંબકને અડીને બીજા લોહખંડ ચુંબક બની જાય તેમ આ શબ્દોને સાંભળનારમાંના ઘણાક

ઓછે વધતે અંશે માનવ હૃદયમાં પલટો કરનાર ચુંબક જેવા બની જઇ બીજા કેટલાએ લોકોમાં ભક્તિસંચાર કરતા. આ રીતે પ્રેમભક્તિનો એક ન્હાનો તરંગ જે નવદ્વીપમાં ઉત્પન્ન થયો તેની મર્યાદા દિવસે દિવસે વધારે વિશાલ બનતી ગઈ અને પતિતપાવની ભાગીરથીના પ્રવાહની માફક સહસ્ર ધારાઓમાં વિભક્ત થઇને તેણે આખા બંગદેશને ભક્તિપ્લાવિત કરી દીધો.

કાવ્ય અને સંગીત એ બેઉ કલાઓ સનાતન કાલથી ભક્તિનું સાહચર્ય કરતી આવી છે; અને તેમા વળી કોઈ અલૌકિક ચેતના સમાજને હલમલાવી મૂકે ત્યારે એ બેઉ કલાઓને અસાધારણ વેગ મળ્યા વગર રહેતો નથી. વસંતનાં પગરણ મંડાય એટલે વૃક્ષો નવ પલ્લવિત થાય, ભમરાઓ ગુંજારવ કરે અને શત શત કોકિલાઓ વનસ્થલી ગજવી દે તેમ બંગદેશમાં કવિઓનો ફાલ ઊભરાયો. હૃદયના ઊછળતા ભાવોને તેમણે હજારો લલિત પદોમા ઢાલવ્યા. એ કાવ્યસંભાર એટલો વિપુલ છે કે બંગ સાહિત્યપરિષદ પચાસ પુસ્તકોદ્વારા તેનું સંસ્કરણ કરવા મથી રહી છે.

વળી બધે બન્યુ છે તેમ આ ચળવળમાં પણ સામાજિક વિપ્લવનાં બીજ હતાં. સૈંકડો વર્ષોથી પદદલિત થએલો અબ્રાહ્મણ વર્ગ જાગૃતિનાં ચિહ્ન બતાવવા લાગ્યો. ચૈતન્ય દેવના પ્રેમરાજ્યમાં જાતિનિર્વિશેષ સૌને સમાન સ્થાન હતુ. વિશેષમા તે પતિતના પિતા હતા; હીણાએલા તજાએલાના આશ્રયસ્થાન હતા; અને અસ્પૃશ્ય જાતિના તારણહાર હતા. નિત્યાનંદને તેમનો આદેશ હતો કે પાપીઓને પહેલા ઉદ્ધારજો. ચાડાલોને તથા અસ્પૃશ્યોને પણ છોડતા નહિ. એ આદેશને માથે ચડાવીને પાપીઓને તારતા, અસ્પૃશ્યોને પ્રેમાલિંગન દેતા નિત્યાનંદ બંગદેશને ખૂણે ખૂણે ફરી વળ્યા. હજી પણ તેમના મહિમાનું કીર્તન કરતાં વૈષ્ણવો ગાય છેઃ—

"નિતાઇ દેશે દેશે બેડાય,
ડેકે ડેકે ગલા ભાગા,
કેંદે કેંદે આખિ રાગા.
આય પતિત ! આય બોલે,
આમિ તોકે 'કોરિ કોલે.
× × ×
જગત્ જાકે દૂર ફેલે,
અસ્પૃશ્ય અદશ્ય બોલિ ઠેલે ફેલે
નિતાઇ તાકે કોરે કોલે."*

* નિતાઇ દેશેદેશ વિચરે છે.
પોકારી પોકારીને જેનું ગળું બેસી ગયું છે.
રડી રડીને જેનાં નેત્રો રાતા થઈ ગયાં છે.
તે કહે છે "ઓ પતિત ! તું મારી પાસે આવ ! હું તને આલિંગન દઈ.
× × ×
જગતના લોકો જેમને અસ્પૃશ્ય અને અદશ્ય સમજીને દૂર રાખે છે.
તેમને દયાળુ નિત્યાનંદ આલિંગન દે છે"

આવાં કારણુને લઇને બંગાળાના કોઇ કોઇ સમાજસુધારકો ચૈતન્યદેવને સમાજ સુધારક માની લે છે. એમના ઉપદેશથી અને તેથી એ વધારે એમના દૃષ્ટાંતથી સામાજિક સુધારણાને ખૂબ વેગ મળ્યો હશે એ વાત ખરી. પણ આ પરિણામ તરફ તેમનું લક્ષ્ય ન હતું. પ્રેમ એ તેમના જીવનનું સૌથી મોટું પ્રેરક બળ હતુ. એ પ્રેમને વશ થઇને તેમણે નીચ પદદલિત જાતિઓને તારી અને કીડીઓથી ખદબદતા શરીરવાળા રક્તપીતીઆઓને પ્રેમાલિંગન દીધું.

ચૈતન્યદેવ બ્રાહ્મણોનું ખૂબ સન્માન કરતા તોપણ તેમની આવી પ્રવૃત્તિ તેઓ સાખી શકયા નહિ. પ્રથમ તેમણે ઉપહાસ કરવા માડયો; પછી નિંદા કરવી શરૂ કરી; અને ત્યાર પછી આ નવીન ચળવળને દાબી દેવા માટે નવદ્વીપના મુસલમાન કાઝીની મદદ લીધી. કાઝીએ કીર્તનો બંધ કરવા માટે મનાઈ હુકમ પ્રગટ કર્યો. તેના ઉત્તરમા ચૈતન્યદેવે વૈષ્ણવોને આજ્ઞા કરી કે આજે આપણે કાઝીના મકાનમાં જ હરિકીર્તન કરવું અને તેમણે કર્યું પણ ખરૂં.

ગયાથી પાછા આવ્યા પછીનું લગભગ એક વર્ષ ચૈતન્યદેવે ઉપર વર્ણવેલી પ્રવૃત્તિમાં વીતાડયું. પછી તેમણે સંન્યાસ ધર્મ ગ્રહણ કરવાનો વિચાર જાહેર કર્યો. સીત્તેર વર્ષની વયના માતા, યૌવનને ઊમરે ઉભેલાં પત્ની અને સેંકડો ભકતો, એ બધાને માટે આ સમાચાર વજ્રપાત સમા હતા. પણ તેમની બીજાને સમજાવવાની શક્તિ એવી અદ્દભુત હતી કે આખરે સૌએ તેમને પ્રસન્ન મનથી સંસારત્યાગ કરવાની રજા આપી. ત્યાર પછી તે બે મહિના ઘેર રહ્યા, જો કે પોતાના ગૃહત્યાગનો દિવસ તેમણે પોતાના મનમાં નક્કી જ કરી રાખ્યો હતો. તે દિવસે પણ માતા, પત્ની, મિત્રો, ભકતો સૌની સાથે હમેશની માફક વર્ત્યા. તેમના ચહેરા ઉપરથી કોઈ ને પણ શંકા ન ઉદ્દભવી કે થોડા જ કલાક પછી તે નવદ્વીપની સદાને માટે વિદાય લેવાના છે. રાત્રે વાળુ કરીને સુવા ગયા રાતને પાછલે પહોર તે ઊઠીને ઊભા થયા અને નિશ્ચિતપણે ઊંઘતાં વિષ્ણુપ્રિયાને મૂકીને ઘર બહાર આવ્યાં. માઘ માસની ઠંડીમા ગંગાનો વિશાલ પ્રવાહ તરી જઇ તે સવાર થતા જ નવદ્વીપથી વીશેક માઇલને અતરે આવેલા કટવા ગામમા આવી પહોચ્યા.

કટવામા ગંગાને કિનારે કેશવ ભારતી નામના સંન્યાસી રહેતા હતા. તેમની પાસેથી ચૈતન્યદેવે સન્યાસદીક્ષા લીધી. એ દીક્ષાનો પ્રસંગ એમના જીવનનો અતિ કરુણ પ્રસંગ છે ત્યાં હાજર રહેલા હજારો નરનારીઓના હૃદય ઉપર એ દશ્યે કાયમની છાપ પાડી દીધી; અને આજે ચારસો વર્ષ પછી પણ જ્યારે ગિરીશ ઘોષે રચેલા "નિમાઈ સંન્યાસ" નાટકનો અભિનય થાય છે અથવા એ પ્રસંગનાં કરુણ પદો વૈષ્ણવ સાધુઓ ગાય છે ત્યારે કરુણ રસનો અપૂર્વ તરંગ પેદા થાય છે અને શ્રોતાને ભક્તિભાવમા તરબોળ કરી દે છે. એ પ્રસગનું સ્મરણ ચૈતન્યદેવની કેશસમાધિ જાળવી રહી છે.

દીક્ષા લીધા પછી ભગવા વસ્ત્ર પહેરી હાથમા દંડ કમંડલુ લઈ ચૈતન્યદેવ ઊભા થયા અને નમ્રભાવે બોલ્યા "માતાઓ અને પિતાઓ! સંન્યાસી તરીકે તમારી પાસે ભિક્ષા માગવાનો મને અધિકાર છે. તમે સૌ હવે ઘેર જાઓ અને અનન્ય ભાવે કૃષ્ણનું ભજન કરો એ ભિક્ષા હું તમારી પાસે માગી લઉં છું." આટલું કહી તેમણે વૃન્દાવન તરફ દોટ મૂકી. તેમની પાછળ લોકોનું ટોળું દોડયુ. થોડીજ વારમા તેમને સૌને પાછળ મૂકી ચૈતન્યદેવ પશ્ચિમ તરફ દોડવા લાગ્યા. તેમની લાગટ પૂઠ પકડી રાખનાર માત્ર નિત્યાનંદ અને નવદ્વીપથી દોડી આવેલા બીજા ચાર ભકતો જ રહ્યા.

આ પ્રમાણે બે દિવસ અને બે રાત્રિ સુધી હાલ જેને બર્દવાન (Burdwan) કહે છે તેની આજુબાજુનાં જંગલોમાં આગળ ચૈતન્યદેવ અને પાછળ તેમના ભક્તો દોડયા; અને આટલું દોડવા છતા પણ તેઓ ઉન્મત્ત ભાવે વૃન્દાવન તરફ દોડયા જતા ચૈતન્યદેવને પકડી શકયા ન હોત. પરંતુ ધીમે ધીમે તેમની એક પછી એક બાહ્ય ઇન્દ્રિયોનો વ્યાપાર બંધ થવા માંડયો. તેમની ઇન્દ્રિયો, ચિત્તવૃત્તિ, પ્રાણ સૌ એક પ્રકારની મહાસમાધિમા વિલીન થઈ ગયાં. એક રહી માત્ર કૃષ્ણચેતના તેના પ્રેર્યા તે પડતા આખડતા ગમે તેમ દોડયા જતા હતા. માર્ગમા એક જગ્યાએ કેટલાક ગોપબાળ ગાયો ચરાવતા હતા. ચૈતન્યદેવને જોતાં તેમના મુખમાથી એકાએક હરિનામનો ઉચ્ચાર નીકળી ગયો. મધુર હરિનામનો ધ્વનિ કાને જતા મુરલીનો નાદ સાભળી હરણું કાન માડે તેમ તેમણે કાન માંડયા. ભક્તોના પોકારથી, ભૂખ, શ્રમ, અને ઉજાગરાથી તેમ જ નેત્રો બંધ થતા વારંવાર પડતા આખડતાં વાગવાથી પણ તેમને બાહ્ય જગતનું ભાન થતું ન હતુ. છતાં હરિનામે તેમના ચિત્તને બાહ્ય જગત તરફ ખેંચી આણ્યું. કૃષ્ણ અને વૃન્દાવનના ખ્યાલોથી રંગાએલા તેમના ચિત્તને ગોપ અને ગાયોનાં ધણ જોતા પોતે વૃન્દાવનની નજીકમા છે એમ જ લાગ્યું, અને તેમણે વૃન્દાવનનો માર્ગ પૂછયો. તેમણે બે દિવસ સુધી દોડયા કર્યું હતું તો પણ એક પ્રકારની સમાધિ અવસ્થામા નેત્રો બંધ કરીને આડા અવળા દોડેલા હોવાને લીધે ચૈતન્યદેવ કટવાથી ઝાઝા દૂર ગયા ન હતા. તેમની લગોલગ આવી પહોચેલા નિત્યાનંદે કરેલી ઇશારતને સમજી જઇને ગોપબાળકોએ નવદ્વીપથી પાચ છ માઇલને અંતરે આવેલા શાંતિપુરનો માર્ગ બતાવ્યો. થોડે દૂર ગયા પછી તેમણે ગંગાનો વિશાળ પટ દીઠો; પણ તે યમુના છે એમ જાણીને હર્ષોન્મત્ત બની જઈ સ્નાન કરવા ઉતરી પડયા. એટલામા તો અદ્વૈતાચાર્ય અને બીજા ભક્તો ત્યા આવી પહોચ્યા. તેમણે તેમને સમજાવીને શાંતિપુર તેડી આણ્યા અને થોડા દિવસ રાખ્યા.

ચૈતન્યદેવના ગૃહત્યાગથી નવદ્વીપમા ખળભળાટ મચી રહ્યો. તેમના ત્યાગે વિરોધીઓના દિલને પણ પીગળાવ્યા. તેમના જનની, પત્ની અને ભક્તો તો પાણી વગર માછલીની માફક તરફડતા હતા. ચૈતન્યદેવ સંન્યાસ લઈને શાંતિપુર આવ્યા છે એ સમાચાર જાહેર થતાં આખું નવદ્વીપ અને તેની આસપાસની વસ્તી તેમનું દર્શન કરવા દોડયા; અને શાતિપુરમા જનનાનો સમુદ્ર ઊછળ્યો. આઠ આઠ દિવસ સુધી હરિકીર્તનની રમઝટ જામી અને હજારો સ્ત્રી પુરુષો ભક્તિના રંગથી રંગાઇ ગયાં.

લાડકોડથી ઉછેરેલો એકનો એક પુત્ર, અસાધારણ વિદ્યા અને કીર્તિ સંપાદન કર્યા પછી પોતાની ભર જુવાનીમાં માતા અને નવવિવાહિતા પત્નીને તજીને સંન્યાસધર્મ ગ્રહણ કરે અને કાષાય વસ્ત્ર ધારણ કરીને માતા આગળ આવીને ઊભો રહે તે અતિ કોમળ અને કરુણ પ્રસંગનું વર્ણન કરવાનું રહેવા દઇ સંક્ષેપમા એટલું કહેવું બસ થશે કે માતાની ઇચ્છાને માન આપીને ચૈતન્યદેવે જગન્નાથપુરીમા સ્થાયી નિવાસ કરવાનું કબુલ રાખ્યું. બંગાળાના વૈષ્ણવસમાજને જાળવવાનો અને તેની અભિવૃદ્ધિ કરવાનો ભાર વયોવૃદ્ધ અને બહુમાન્ય અદ્વૈતાચાર્યને સોંપીને ચૈતન્યદેવ પુરી તરફ પ્રયાણ કરવા તૈયાર થયા. આ વખતે તેમણે પોતાની સાથે નિત્યાનંદને તથા બીજા ચાર ભક્તોને આવવાની રજા આપી. (અપૂર્ણ)

નર્મદાશંકર પંડયા

આવાં કારણને લઇને અગાળાના કોઇ કોઇ સમાજસુધારકો ચૈતન્યદેવને સમાજ સુધારક માની લે છે. એમના ઉપદેશથી અને તેથી એ વધારે એમના દૃષ્ટાંતથી સામાજિક સુધારણાને ખૂબ વેગ મળ્યો હશે એ વાત ખરી. પણ આ પરિણામ તરફ તેમનું લક્ષ્ય ન હતું. પ્રેમ એ તેમના જીવનનું સૌથી મોટું પ્રેરક બળ હતું. એ પ્રેમને વશ થઇને તેમણે નીચ પદદલિત જાતિઓને તારી અને કોઢીઓથી ખદબદતા શરીરવાળા રક્તપીતીઆઓને પ્રેમાલિંગન દીધું.

ચૈતન્યદેવ બ્રાહ્મણોનું ખૂબ સન્માન કરતા તોપણ તેમની આવી પ્રવૃત્તિ તેઓ સાંખી શક્યા નહિ. પ્રથમ તેમણે ઉપહાસ કરવા માંડયો; પછી નિંદા કરવી શરૂ કરી; અને ત્યાર પછી આ નવીન ચળવળને દાબી દેવા માટે નવદ્વીપના મુસલમાન કાઝીની મદદ લીધી. કાઝીએ કીર્તનો બંધ કરવા માટે મનાઈ હુકમ પ્રગટ કર્યો. તેના ઉત્તરમા ચૈતન્યદેવે વૈષ્ણવોને આજ્ઞા કરી કે આજે આપણે કાઝીના મકાનમાં જ હરિકીર્તન કરવું અને તેમણે કર્યું પણ ખરૂં.

ગયાથી પાછા આવ્યા પછીનું લગભગ એક વર્ષ ચૈતન્યદેવે ઉપર વર્ણવેલી પ્રવૃત્તિમા વીતાડયું. પછી તેમણે સંન્યાસ ધર્મ ગ્રહણ કરવાનો વિચાર જાહેર કર્યો. સીત્તેર વર્ષની વયના માતા, યૌવનને ઊમરે ઉભેલાં પત્ની અને સેંકડો ભક્તો, એ બધાને માટે આ સમાચાર વજ્રપાત સમા હતા. પણ તેમની બીજાને સમજાવવાની શક્તિ એવી અદ્ભુત હતી કે આખરે સૌએ તેમને પ્રસન્ન મનથી સંસારત્યાગ કરવાની રજા આપી. ત્યાર પછી તે બે મહિના ઘેર રહ્યા, જો કે પોતાના ગૃહત્યાગનો દિવસ તેમણે પોતાના મનમાં નક્કી જ કરી રાખ્યો હતો. તે દિવસે પણ માતા, પત્ની, મિત્રો, ભક્તો સૌની સાથે હમેશની માફક વર્ત્યા. તેમના ચહેરા ઉપરથી કોઈને પણ શંકા ન ઉદ્ભવી કે થોડા જ કલાક પછી તે નવદ્વીપની સદાને માટે વિદાય લેવાના છે. રાત્રે વાળુ કરીને સુવા ગયા. રાતને પાછલે પહોર તે ઊઠીને ઊભા થયા અને નિશ્ચિતપણે ઊંઘતા વિષ્ણુપ્રિયાને મૂકીને ઘર બહાર આવ્યાં. માઘ માસની ઠંડીમા ગંગાનો વિશાલ પ્રવાહ તરી જઇ તે સવાર થતાં જ નવદ્વીપથી વીશેક માઇલને અંતરે આવેલા કટવા ગામમા આવી પહોચ્યા.

કટવામા ગંગાને કિનારે કેશવ ભારતી નામના સંન્યાસી રહેતા હતા. તેમની પાસેથી ચૈતન્યદેવે સન્યાસદીક્ષા લીધી. એ દીક્ષાનો પ્રસંગ એમના જીવનનો અતિ કરુણ પ્રસંગ છે. ત્યા હાજર રહેલા હજારો નરનારીઓના હૃદય ઉપર એ દશ્યે કાયમની છાપ પાડી દીધી; અને આજે ચારસો વર્ષ પછી પણ જ્યારે ગિરીશ ઘોષે રચેલા "નિમાઈ સંન્યાસ" નાટકનો અભિનય થાય છે અથવા એ પ્રસંગનાં કરુણ પદો વૈષ્ણવ સાધુઓ ગાય છે ત્યારે કરુણ રસનો અપૂર્વ તરંગ પેદા થાય છે અને શ્રોતાને ભક્તિભાવમા તરબોળ કરી દે છે. એ પ્રસગનું સ્મરણ ચૈતન્યદેવની કેશસમાધિ જાળવી રહી છે.

દીક્ષા લીધા પછી ભગવા વસ્ત્ર પહેરી હાથમાં દંડ કમંડલુ લઈ ચૈતન્યદેવ ઊભા થયા અને નમ્રભાવે બોલ્યા. "માતાઓ અને પિતાઓ ! સંન્યાસી તરીકે તમારી પાસે ભિક્ષા માગવાનો મને અધિકાર છે. તમે સૌ હવે ઘેર જાઓ અને અનન્ય ભાવે કૃષ્ણનું ભજન કરો એ ભિક્ષા હું તમારી પાસે માગી લઉં છું." આટલું કહી તેમણે વૃન્દાવન તરફ દોટ મૂકી. તેમની પાછળ લોકોનું ટોળું દોડયુ. થોડીજ વારમાં તેમને સૌને પાછળ મૂકી ચૈતન્યદેવ પશ્ચિમ તરફ દોડવા લાગ્યા. તેમની લાગટ પૂઠ પકડી રાખનાર માત્ર નિત્યાનંદ અને નવદ્વીપથી દોડી આવેલા બીજા ચાર ભક્તો જ રહ્યા.

નિશાન સ્મૃતિ કશું પણ રહેવા ન પામે. કવિ તો અભિમન્યુ ચક્રાવાના જ્ઞાન સાથે જન્મેલો તેમ કવિત્વશક્તિ સાથે જન્મે છે, અખૂટ અજન્મ ખજાનો સાથે લાવે છે, તેમાંથી ઝમાનો જેટલો અધિકારી તેટલું જ મેળવી શકે, બાકીનું રહે અણઉઘડ્યું સ્ફુટ ચિહ્ન–વ્યાપાર તજેની ગુહામા, એ વર્ણન એ ઝમાનાના કોઇને વિષે સાચું હોય, તો તે બાલાશંકર વિષે સાચું લાગે છે.

છંદ—લદાદાદા એ ૭ માત્રાના એકમ બે=એક ચરણ; બે ચરણે એક લીટી, બે લીટીએ કડી. તાલ ૨૭ અને ૬ઠી માત્રાએ. કોઈપણ દાને ઠેકાણે લલ આવી શકે; લલદાલદામાં તાલ ૧લી અને ૫મીએ, કે ૩૭ અને ૬ઠીએ (દાખલો–બસ બેકદર : દરિયાવની) : આમ આ જાતની ગઝલમાં વૈવિધ્ય શક્ય નથી એમ નથી, પણ વસ્તુતઃ ગઝલોમાં વૈવિધ્ય ઓછું જ જોવામા આવે છે. આ કૃતિની ત્રીશ લીટીમાં ૧૨૦ દાદાદા જ છે. સરસ્વતીચંદ્રની " દિધાં છોડી પિતામાતા " મા ' હવે સુકુમાર ઉર ફાટી ' અને ' કુમુદની ગંધ અહિ વાયે ' એ બે જ ચરણમાં એક દાને સ્થાને લલ આવે છે. પહેલા એકમના છેલ્લા શબ્દનો અંત્ય લઘુ બીજા એકમનો પ્રથમાક્ષર બને (બે એકમો વચ્ચેનો વિરામ હળવો પડે), એ જુદી જાતનું વૈવિધ્ય પણ વધારે આવે તો રચના સુધરતી નથી. એટલે આ જાતના ગઝલબંધમાં ભેદ ગણવા હોય તો પ્રાસભેદ પ્રમાણે જ ગણાવી શકિયે. કડીમા બે પ્રાસ હોય–૧લા અને ૨જા ચરણનો, અને ૩જા ૪થાનો; અથવા ૧લા ૩જાનો અને ૨જા ૪થાનો; એક જ હોય–૨જા ૪ થાનો; અથવા ગઝલે ગઝલે છેલ્લા શબ્દનો આગલી કે પછીની ગઝલના છેલ્લા શબ્દ સાથે પ્રાસ હોય, અથવા તો જેટલી કડીઓ (ગઝલો) હોય તેમા સર્વત્ર છેલ્લો શબ્દ એ ને એ ફરી ફરીને આવ્યા કરે, એમ આખી કૃતિ એક અંકોડો પણ ગાહેલી હોઈ શકે. " જ્યાં જ્યાં નઝર " એ સુરસિંહજીની જાણીતી ગઝલમાં આવો અંકોડો " આપની " શબ્દ છે.

અર્થ—૨ પ્યારાએ, જગતના નાથે જે ત્હારે માટે પ્યારું ત્હારે પ્યારું ગણવા લાયક ગણ્યું.

૩ દુઃખનું નિવાસ સ્થાન જ, જેમાથી આપણને દુઃખ જ મળે એવું.

૮ દુનિયાની નજરે જે સારું અને જે નઠારુ, એ જોડકું, એ દ્વંદ્વ ત્યજ.

૧૧ ત્હારા ચિત્તમા જ ત્હારો જન્મવૈરી ક્રોધ વસે છે.

૧૨ મહાલક્ષ્મી મોટામાં મોટો લાભ

૧૩ ઉન્મત્ત આ શબ્દ આ આખા વાતાવરણમા સવાદી નથી. રહે ડૂબ્યો નિજાનંદે એમ અર્થ કરવો.

૧૫ જો કોઇની તો પણ બદલામા મીઠી વાણી જ કહેજે. આપણે જવાબદાર માત્ર આપણે શું બોલિયે છીયે તેના ભગવાન ગૌતમબુદ્ધની એક સુંદર આખ્યાયિકા છે. એ જતા હતા ત્યાં એક જણ આની સાથે થયો, વળગ્યો, છોડે જ નહીં, અને બધો વખત એણે બુદ્ધને પેટ ભરીને ગાળો દીધા કરી. બુદ્ધે સાંભળ્યા જ કર્યું; મો ઉપર અપ્રસન્નતા પણ લગારે નહીં, પછી પેલો થાકીને અટક્યો ત્યારે બુધ્ધે કહ્યું. " ભાઈ, ત્હમે સંસાર વ્યવહાર તો જાણો છો; સંસારમાં એક માણસ બીજાને અમુક વસ્તુ આપે તે બીજાને જોઇતી ના હોય અને બીજો ન લે, તો તે વસ્તુનું શું થાય ? " પેલો સમજ્યો નહીં અને કહે, " શું થાય વળી–રહે જેની મૂલ હતી તેની પાસે ! " તુર્ત બુધ્ધે સસ્મિત કહ્યું, " તો,

ભાઇ, આ ત્હમે કલાક બે કલાક મ્હને પહેરામણી ઉપર પહેરામણી આપી, તેમાંની એકે મ્હારે નથી જોઇતી. લ્યો એ ત્હમારી બધીયે ઉદારતા પાછી!"

૧૭-૧૮ આપણે વીનવિગે તો ઉલટું કિસમત આઘું નાસે છે; ન માગ્યે જ દોડતું આવે છે. આવે તથાપિ એનો રજ વિશ્વાસ ન કરવો.

૧૯-૨૦ દુન્યવી પ્રેમ. બેવફા સામું માણસ થશે, અને તુ બેવફા એમ ત્હારી નિંદા કરશે નફામા. તેજાના બને અર્થ બેસે. નિંદાના ભાલા ભોકાશે; અથવા ત્હારે માથે નિંદાના વાવટા ઉડશે.

૨૧-૨૨ એ દુન્યવી સત્ય તો કીમિયા જેવું જ અસત્ય છે. એનાથી દૂર રહેજે. તથાપિ એની મઝા ભલે જો. અને જે છે, જે સત્ય છે, તે બોલી નાખવા ઉતાવળ શા માટે જો? કહેવાશે કરારે, (યોગ્ય અધિકારી મળ્યો છે એવી ખાતરી કરી લઇને તેને જ).

૨૭-૨૮ **નામનાં પુષ્પો**, નામ, ૧૦૮ નામ, ૧૦૦૦ નામ, અસંખ્ય નામ, એ જ પુષ્પો, કાવ્યકલાએ માલામા પરોવીને...

૩૦ **મસ્તી** નિજાનંદ, ખુદખુમારી.

⁂ આ ગઝલ "હરિ પ્રેમ પંચદશી" નામે પાલીતાણા શંભુપ્રેસમા છપાઇ ઈ સ. ૧૯૦૭ મા અનતરાય માધવજી દવેએ પ્રગટ કરેલી નહાની ચોપડીમાથી લીધી. ચોપડીમા આ ૨૧ મી કવિતા છે; અને પહેલી ૨૩ કવિતા તથા અતે કલાત કવિ એટલી જ બાલાશંકરની કૃતિઓ છે. પૃ. ૧૧૨ થી ૧૩૧ લગીમા છાપેલી બીજી કૃતિઓ મણિલાલ નભુભાઈ, મણિશંકર રત્નજી ભટ્ટ, આદિ વિવિધ કવિઓની છે. પહેલી ૨૨ કૃતિઓમાની દરેક ૧૫ કડીની છે; એટલે હરિપ્રેમ પચદશી તે પદર કૃતિઓ નહીં પરતુ પંદર પદર કડીની કૃતિઓનો સગ્રહ એમ જણાય છે. બાલાશકરની કવિતાઓ જે જળવાઈ રહી હોય તે-નો આખો સગ્રહ રા. રા. નર્મદાશંકર મહેતા જલદી બહાર પાડે તો સાર.

૬

જગન્નાથ દામોદરદાસ ત્રિપાઠી ("સાગર"): અંતઃશ્રુતિ

'મ્હને તુ ચાહે છે?' શ્રુતિપર પડયો શબ્દ પ્રભુનો,
અને મેં માન્યું કે મુજ હૃદય મ્હારું પ્રતિક્ષણે;
મ્હને લાગ્યુ કે હું પ્રભુ પ્રતિ બહુ પ્રેમ ધરતો,
પ્રભુને ના ચાહું? ક્યમ કદિ બને એ મુજ થકી'

'મ્હને તુ ચાહે છે?' ફરિથિ ભણકારો કઇ થયો.
વિચારોમા ડૂબી મગજ મુજ કૈ બ્હાવરું બને:
ન ચાહું કે ચાહું પરમ પ્રભુને હુ હૃદયથી?
પુછ્યું મેં પોતાને, પણ ન કઈયે સ્પષ્ટ સમઝ્યો.

ખરું ચ્હાવું તે શું? મુજ મન વિચાર્યું સ્થિર કરી;
અને એ પ્રશ્ને તો મમહૃદયનું લોહી ઉકળ્યું:
ઘણી અંધારીઓ દૂર થઈ, કઈ તેજ પ્રકટ્યું'
અને અંતરતેજે સકલ જગ તેજોમય દીઠું

હતુ શુદ્ધ જ્યોતિ: વિભુમય હતુ વિશ્વ સહુ આ:
વિહારી વ્યાપેલો વિકસિત વિલાસે હૃદયમાં;
ચિદાત્મા હું-તુંમા કરુણ વિભુ પ્રેમે વર્સી રહ્યો;
પ્રભો, ઓ, ત્હારાથી અખિલ જગ ચૈતન્યમય છે!

દિઠી ત્હારી સ્નેહી કરુણ સમદૃષ્ટિ સહુ પરે:
અણુ યે ના ખાલી: નિરખુ વિભુને વ્યાપ્ત સઘળે.
તું ચાહે છે સૌને વળિ જગત આ તુંમય બધું:
છતા હું અજ્ઞાની તુજ જગતને ચાહી ન શકું.

ચહું છુ શબ્દોથી: હૃદય પણ ચાહે નહિ ત્હને!
અને એવું, ક્યાં કે તુજ-મુજ બન્યાં એક જ નહીં!
હવે લાગે છે કે હજિય પ્રભુને ચાહી ન શકું,
છતા યે છું જૂઠો, પતિત, ઠગતો 'ચાહું' કહીને!

ચહું જો સ્વામીને કયમ નવ ચહું આ જગતને ?
નથી એ બે જુદા : જગત હરિ બે એકરૂપ છે !
અને શી, આજ્ઞાઓ પરમ પ્રભુની શબ્દ શ્રુતિએ
સ્મૃતિએ છે.—તોયે કમનસીબ પાળી નવ શકું

અંતઃશ્રુતિ પિછાનું છું : અરેરે, ખેદ થાય છે :
'પ્રભુને ચાહું છું' કહેતુ હૈયું જાતે ઠગાય છે.

વિષય—ભક્ત કે પ્રભુપ્રેમી કોણ તેની દરેક અંતઃકરણમાં સાબીત કસોટી. આ લેખકનો ગઝલો અને કેટલીક સંગીતરચનાઓ ઉપર સારો કાબુ છે. પણ એના વિચાર શૈલી કે અનુભવમા નવીનતા નથી. વળી બે ચાર વિચારણા એને રોમેરોમ એવી વ્યાપેલી કે ગમે તે વિષય ઉપાડે તેમા તે આવ્યા જ કરે છે. એની કૃતિઓ છેક જ ભુલાઈ જાય તે પહેલા એમાથી થોડી વાચક વર્ગમાં વધારે જાણીતી કરવાની જરૂર હોવાથી એની એક અહીં સંગ્રહી છે. કલાપી વિશે લાગણી ભરી કવિતાઓ લખનારામાના એક લેખે તથા સૂફીવાદ ફારસી ઉર્દુ શૈલી અને ફારસી ઉર્દુ શબ્દો ગુજરાતી કવિતામા ઘણા વધારે દાખલ કરવા મથનાર લેખે ગુજરાતી કવિતાના વીશમીસદીના પ્રથમ પાયાના ઇતિહાસમા એનું નામ ટકશે.

વૃત્ત—શિખરિણી, છેલ્લો, અનુષ્ટુપ.

અર્થ—૨ અંતઃકરણમાથી સવાલ ઉઠયો તેને પ્રભુનો (અંતર્યામીનો) પ્રશ્ન, ભણકાર, આદિ કહ્યો છે તે યોગ્ય છે. શ્રુતિ-(૧) કાન (૨) પ્રભુવાક્ય, વેદવાક્ય, ધર્મનો પાળવાનો જ એવો આદેશ. પ્રથમ તો એ સવાલ મ્હને બેહુદો જ લાગ્યો.

૩ મુજ મન સ્થિર કરીને મેં એ પ્રશ્નને વિચાર્યો અને મ્હારી પોતાની નાલાયકી સાથે મ્હારા દંભનાં વાસ્તવિક દર્શન થતાં...અંધારી ભ્રાતિઓ, દંભો.

૬ ચાહું છું ચાહું છું એમ શબ્દો બકયા કરું છુ. પણ પ્રેમ તો ઉરધર્મઃ તે કયા ? નથી જઃ જગત પર મ્હારો પ્રેમ હોય તો જ ઈશ્વર ઉપર પ્રેમ છે એવો દાવો કરી શકું અને હું-મ્હારું વિરુદ્ધ તું-ત્હારું એ ભેદબુદ્ધિ એ અહમભિમાન એ એકલપેટાપણું જીતાય નહીં ત્યાંલગી જગત ઉપર સમદર્શી વાસ્તવિક પ્રેમ થાય જ કયાથી ? તો પ્રભુને ચાહું છું એવો જે હું દાવો કરું છું તે દંભ છે, અને જેમ એ દાવો વધારે વાર કરું છું તેમ હું વધારે પતિત છું એ જ સાચી વાત છે.

૭ **કમનસીબ** આ આખી કૃતિમાં આ શબ્દ સૌથી વધારે નબળો અને ખોટો છે. પણ પોતાની પતિતતા નસીબ ઉપર કે બીજા કોઈ ઉપર ઢોળી દેવાની આપણી હિંદીઓની બુરી લત હજારો વર્ષોથી જામી ગયેલી છે. ચારિત્રહીન જોઇએ, કમનસીબ નહીં. પતિતતાનો એકરાર આ એક શબ્દથી પાછો અર્ધ તો ભુસાઇ જાય છે.

કેટલાંક હિન્દી લોકગીતો

એક વિરહિણી સ્ત્રી છે. એનો પતિ પરદેશથી બાર વર્ષે પાછો આવ્યો છે. તેણે પોતાની ગેરહાજરી દરમ્યાનની પોતાની સ્ત્રીના ચારિત્ર્ય સંબંધી કરેલી તપાસની કાર્યવાહીનું વર્ણન સ્ત્રીઓએ નીચે મુજબ કર્યું છે. આ ગીત બિહાર પ્રાન્તનું-બિહારનું છે.

રામા બારહ બરિસ કે ઉમિરિયા ત
હરિ મોરા બિદેસે ગઇ લેં હો રામ;
રામા બારહ બરિસ પર આઇલેનિ
બગિયા મેં ગોનિ ડાલેનિ હો રામ;
રામા નગર બોલાઈ ભેદ પુછલેં
ધનિયા કવને રંગે હો રામ.

બાબૂ રાઉર ધન હથવા કે શંકરિ
મુँહવાँ કે તેજવંતી હો રામ;
બાબૂ બડ઼ે રે ઘરે કે બિટિયવા
તીનૌ કુલવા રાખેલિ હો રામ;

રામા ઉહવાँ સે ગોનિયા ઉઠવલેંત
દુઅરા પ ગોની ઢારેં હો રામ;
રામા ચેરિયા બોલાઇ ભેટ પુછલેં
ધનિયા કૌને રંગે હો રામ;

બાબૂ રાઉર ધની આँગુઠ મોરિ ચલે
ઘુંઘુટ કાઢ઼ી ચલે હો રામ;
બાબૂ બડે રે સહેબવા કે ધિઅવા
તીનહુँ કુલવા તારેલી હો રામ.

રામા ઉહવાँ સે ગોનિયા ઉઠવલેનિ
અँગના મેં ગોની ઢારેં હો રામ;
રામા મઇયા લે દઉડ઼લિँ પિહુવા
બહિનિયા લેઇ પનિયા હો રામ;

રામા મઇયા બોલાઇ ભેદ પુછલે
ધનિયા કૌને રંગે હો રામ;
બેટા તોરી ધના બરલિ બિરોગ
નજરિ નીચે કે ચલે હો રામ;

બેટા દેહિયા તો ગઇલિ ઝુરાઈ
પૈ મુંહૌં જોતિ બાઢલિ હો રામ;
બેટા બડે રે સજ્જનૌં ક ધિઅવા
તીનોં કુલવા રાખેલી હો રામ;
રામા ઉઠવૌં સે ગોનિયા ઉઠવલેનિ
સેજિયા પર ગેની ધારે હો રામઃ
રામા સૂતલ ધનિયૌં જગવલેનિ
જાંઘે બઇઠવલેનિ હો રામઃ
રામા બહિયૌં પકરિ ભેદ પુછલેં
કહુ ધના કૂસલ હો રામ :
પરભૂ રઉરા બિન પાન ન ખઇલી
સોપરિયા નાહીં તુરલી હો રામ :
પરભુ ઔંગન મેરા લેખે રન બન
દુઅરા સપન ભાઇલે હો રામ :
સ્વામી સેજિયા પ લોટૈ કાલી નાગિન
ત રઉરે દરસ બિનૂં હો રામ :
ત રઉરે સરન બિનૂં હો રામ! ૧૦

[અર્થઃ મ્હારી બાર વર્ષની ઉમ્મરે મ્હારા પતિ વિદેશમાં ગયા. બાર વર્ષ પછી આવ્યા ત્યારે બાગમા મુકામ કર્યોઃ અને એમણે નગરના લોકોને બોલાવીને પૂછ્યું કે "મ્હારી સ્ત્રીની ચાલચલગત કેવી છે?"—૧

નગરના લોકોએ કહ્યું: "હે ભાઇ! ત્હમારી સ્ત્રી અત્યંત સુલક્ષણા છે. એના મુખ પર ઘણું તેજ છે. હે ભાઇ! એ તો મ્હોટા ઘરની દીકરી છે. એણે ત્રણે કૂળની રક્ષા કરી છે."—૨

પતિ ત્યાંથી મુકામ ઉઠાવીને પોતાના દ્વાર-ડેલીના-આગળ આવ્યો અને ત્હેણે દાસીને બોલાવી પૂછ્યું: "મ્હારી સ્ત્રીના રંગઢંગ કેવા છે?"—૩

દાસીએ કહ્યું: "બાબુજી! આપના પત્ની અંગુઠો દાબીને-ઘુંઘટ કાઢીને ચાલે છે. તે મ્હોટા ઘરની કન્યા છે. એણે ત્રણે કૂળનો ઉદ્ધાર કર્યો છે.—૪

ત્યાંથી મુકામ ઉઠાવીને પતિ આંગણાંમાં આવ્યો. એને જોતાં જ માતા બેસવાને માટે આસન, અને બ્હેન પાણી લઇને દોડી આવી.—૫

એણે માતાને પૂછ્યું: "મ્હારી સ્ત્રીની રહેણી કરણી કેવી છે?" માએ કહ્યું: "બેટા! ત્હારી સ્ત્રી ત્હારા વિરહે ઝૂરતી સદા ગે નીચી નજરે ચાલે છે."—૬

"હે બેટા! એનું શરીર તો ખૂબ જ સૂકાઇ ગયું છે; પરન્તુ એના મુખ પર પતિવ્રતધર્મની જ્યોતિ વિલસી રહી છે. એ ઉમદા કૂળની દીકરી છે. એણે ત્રણે કૂળની રક્ષા કરી છે.—૭

પતિ ત્યાંથી ઊઠીને પોતાના સૂઈ રહેવાના ખંડમા આવ્યો. એની પત્ની સૂતી હતી. એને જગાડીને ગોદમાં લઇ, એનો હાથ સાહી પૂછ્યું: "કહે, કેમ છે?" ઓએ કહ્યું:

"હે નાથ ! આપના વિના મ્હેં નથી તો પાન ખાધું, કે નથી સોપારી પણ ભાંગી.—૮-૯

"આંગણું તો મ્હારે માટે સૂનસાન જંગલ અને દ્વાર સ્વપ્ન સમાં બની રહ્યાં હતાં. આપના વિના શય્યા કાળી નાગણ સમી લાગતી હતી." ૧૦]

૯ સ્ત્રી પ્રત્યે પુરુષનો સન્દેહ પ્રાયઃ સર્વત્ર જોવામાં આવે છે. એક બાજુ આ સન્દેહ, બીજી બાજુ ધૈર્યની પરાકાષ્ઠા. બાર બાર વર્ષ સુધી સ્ત્રી, પતિની રાહ જોતી દિવસ ગણતી બેસી રહેતી હતી. આ દુઃખ શું ઓછું કહેવાય ? એમાં યે વળી પાછો ચરિત્રવિષયક સન્દેહ ! સ્ત્રી જાતિમાં જ એ બધું સહન કરવાની શક્તિ છે. પુરુષોમાં લક્ષ્મણ જેવા કોઈક જ વિવાહિત પુરુષ આટલા દીર્ઘકાળ પર્યન્ત બ્રહ્મચર્ય જાળવી શકે; અને તેમ છતાં યે કોઇ એના ચરિત્ર પરત્વે સન્દેહ દાખવે તો તે ક્રોધના વેગને ખાળી શકે કે કેમ એમાં યે શકા છે. વિધાતાએ સ્ત્રીના હૃદયમાં એ અદ્ભુત શક્તિ આપી છે. સંસારભરમાં એની તુલના નહિ જ થઈ શકે.[1]

---

૧ પ્રત્યેક હિન્દી લોકગીતની સામે એ જ ઘટનાનું એકેક ગૂજરાતી ગીત ધરવાનું અશક્ય છે. તેથી આ સર્વ ગીતોમાંનો એકેક ભાવ તારવીને અનુક્રમે તેવો ભાવ વ્યક્ત કરનારાં ગૂજરાતી ગીતો બતાવવા ઠીક પડશેઃ—

પોતાની પત્ની ઉપર પરદેશથી આવતા પતિને કુશંકા થાય એવી ઘટનાઓ આહીના ગીતોમા પણ પડી છે, અને પત્ની નિર્દોષ હોવા છતા ગેરસમજને વશ થઈ ઈર્ષ્યાળુ પતિ ક્રુર સાહસ કરી બેઠો છે. દૃષ્ટાંત : બાર વરસે ઘેર આવેલો પતિ પત્નીના કંઠના હારમાથી મોતી નીકળી ગયા નિહાળી શંકાને વશ થાય છે :

> **બાર બાર વરસે પથમલ પધાર્યો**
> **ઘોડાં બાંધ્યાં ઘોડહાર, પથમલ ભલે પધાર્યો.**
> **ડેલીએ તે બેસતા હો દાદાજી !**
> **કે'જો વહુવારૂના બોલ, મોતીઅલ કયાં વેરાણાં !**
> **હું રે શું જાણું મારા પથમલ મોભી !**
> **જઇ તારી માતાને પૂછ-એ સહુ જાણે છે રે !**
> **× ×   × ×   × ×**
> **ઢીંગલે પોતીએ રમતાં હો એની બા !**
> **કે'જો વવારૂના બોલ, મોતીઅલ કયાં વેરાણાં !**
> **દીયેર લોજાઇ બે હોળીએ રમતાં**
> **હૈયે પડિયલ હાથ, મોતીઅલ ત્યાં વેરાણાં !**
> **તરવારુંની તાળી પડે છે,**
> **લોહીના વરસે મેઘ, બે ભાઇ હોળી રમે છે**
> **સોનલાવરણી ચેહુ બળે છે,**
> **રૂપલાવરણો ધૂંહ, બે ભાઇ ભેળા બળે છે.**

(રણજીતરામ સંપાદિત "લોકગીત")

પોતાના ભાઇની અને પોતાની પત્નીની વચ્ચે અનિષ્ટ સંબંધની શંકા થતાં, ભાઈ સાથે લડીને મારે છે તેમજ મરે છે. આ ઉપરાત બીજા અનેક ગીતોમાં પુરુષને એનાં સગાવ્હાલાંઓએ એની નિર્દોષ પત્ની પર સંદેહ ઉપજાવ્યો હોવાનો ઉલ્લેખ છે; પરન્તુ સગાસંબંધીઓએ કે અન્ય પ્રજાજનોએ કોઈ સ્ત્રીના સચ્ચારિત્ર્યની સાક્ષી પૂરી હોવાનો સુંદર ભાવ તો એક પણ ગૂર્જર ગીતમા નથી એમ લાગે છે.

(૨)

યુક્ત પ્રાન્તમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને કાયસ્થોમાં ઓછામાં ઓછા ૫૦ ટકા લગ્ન એવાં થાય છે કે જેમા કન્યાનું વય વર કરતાં અધિક હોય છે. આ અર્થાત્મક કુપ્રથાનું જે દુષ્પરિણામ આવે છે તે કોઇ પણ સમજદાર વ્યક્તિથી છૂપું નથી. બાલક પતિ પામીને યુવતી સ્રીને જે માનસિક વેદના થાય છે એનું વર્ણન કલ્પનાદ્વારા આપી શકાય તેમ નથી. એ તો અનુભવે જ સ્હમજાય. સ્રીઓ એ અનુભવે છે; અને તેઓ જ એ વર્ણનની અધિકારિણી છે. આ સંબંધમાં એક ગીત નીચે મુજબ છે :

છોટે બલમા હમાર મોરિ ગુઇયાં,
નહકઇ આયઉँ ગવનવાँ.
ચીલર અસ દુઈ દેવર હમરે,
મુસવા બલમા હમાર મોરી ગુઇયાં રે „ —૧—
તેલવા લગાય બુકૌવા લગાયઉँ
ખટિયા પ દિહેઉँ ઓલારિ „ „ —૨—
નેપે નેપે આઈ બિલરિયા,
લઈગૈ બલમા ઉઠાઈ „ „ —૩—
સાસુ મોરી રોવઉँ નનદ મોરી રોવઈ
રોવઈ હમારિ બલાઇ „ „ —૪—
કોઠવા મેં ઢૂંઢેઉँ અટરિયા મૈં ઢૂંઢેઉँ
ખટિયા કે તરે ચિલ્લાઇँ „ „ —૫—

[ભાવાર્થ : હે મ્હારી સખી ! હું સાસરે નાહક આવી, મ્હારા પતિ નાનકડા છે છછુંદર જેવા મ્હારા બે દિયર છે, અને ઉંદર જેવા પતિ. તેલ અને ઉબટન લગાવી મ્હેં એમને ખાટલામાં સુવાર્યો. –૧-૨. છાની માની બિલાડી આવી અને તે પતિજીને ઉઠાવી લઇ ગઈ. –૩–. મ્હારી સાસુ રોવા લાગી, નણંદ પણ રોવા લાગી; હું શા માટે રોઉં! મ્હારી બલા રૂવે. –૪–. મ્હેં કોઠા પર શોધ્યા, અટારી પર શોધ્યા; પણ પતિદેવતા તે ખાટલાની નીચે પડયા પડયા બૂમ પાડી રહ્યા હતા. –૫–.]

પાઠકોને આ વાંચીને હસવું આવશે; પરન્તુ આ હાસ્યરસમાં એક ગાઢ અન્તઃપીડા છૂપાયલી છે, જે શોધવા ઇચ્છતા હૃદયવાનને "રોવઇ હમારિ બલાય" મા સ્પષ્ટ જણાશે. આ ગીત સ્રીઓમાં ગવાતું હશે ત્યારે, જેના પતિ સાચે જ ઉંદર જેવા નાનકડા હશે એવી સ્રીઓના મનની દશા કેવી થતી હશે એનો ખ્યાલ પણ આપી શકાય તેમ નથી.[૨]

---

૨. કજોડાંનાં ગીતોઃ હા, ગૂજરાતમાં પણ છે. સ્વામીની ઉમ્મર વિષે આંહી જેવી અત્યુક્તિ થઇ છે, તેવી જ નીચેના બે ગૂર્જર ગીતોમાં પણ જડે છેઃ—

પારણામાં પરણ્યો

કજોડાની દુઃખકથાઃ સ્રી જોબનવતી અને સ્વામી હજુ ઘોડીયામાં હીંચકેઃ કજોડાંના કરુણ રસ આ અભાગિની યુવતી દયામિશ્રિત હાસ્યરસમાં પલટી નાખે છે. અંતરમાંથી તિરસ્કારનાં ઝેર ઓસર

(૩)

સ્ત્રીઓમાં માતા બનવાની ઇચ્છા સ્વાભાવિક હોય છે. કોઈ એક સન્તાનહીન સ્ત્રી ગંગાજીને પ્રાર્થના કરી રહી છે:

જાય છે. નાનકડા સ્વામી ઉપર જનેતાનો સ્નેહ જાગે છે. હોરો હોરો પારણું ઘડાવ્યું. બમણી હોરો રંગાવ્યું. તેમાં સ્વામીને સુવાડી, માથે ઉપાડી રોજ ખેતરમાં મજૂરી કરવા જાય. ઝાડની ડાળીએ પારણું લટકાવે. પતિ રડે એટલે વટેમાર્ગુઓને એક એક હીંચકો નાખતા જવા વીનવે અને ગમ્મત કરીને પોતાની કથા જણાવી આપે.

ખેતર વચાળે ખીજડી રે હીંચકોર્ય નાનેરૂ બાળ.
(તેની) અવળા સવળી ડાળ રે
પરણ્યો પીંગલે રે હીંચકોર્ય નાનેરૂ બાળ.
ભાઇ રે સૂતારી વીરા વીનવું રે હીંચકોર્ય નાનેરૂ બાળ.
પીંગલા ઘડી ઘડી લાવ્ય રે
પરણ્યો પીંગલે રે હીંચકોર્ય નાનેરૂ બાળ.
ભાઈ રે રંગારી વીરા વીનવું રે હીંચકોર્ય નાનેરૂ બાળ.
પીંગલા રંગી રંગી લાવ્ય રે
પરણ્યો પીંગલે રે હીંચકોર્ય નાનેરૂ બાળ.
માથે ઉપાડ્યું પીંગલું રે હીંચકોર્ય નાનેરૂ બાળ.
હાલી ચણ્યાને ખેતરે
પરણ્યો પીંગલે રે હીંચકોર્ય નાનેરૂ બાળ.
ડાળ્યે વળગાર્યું પીંગલું રે હીંચકોર્ય નાનેરૂ બાળ.
પરણ્યો પોઢ્યો પીંગલે રે હીંચકોર્ય નાનેરૂ બાળ.
વાટે આવે વાટમાર્ગુ રે હીંચકોર્ય નાનેરૂ બાળ.
એક હીંચકરો નાખ્ય રે
પરણ્યો પીંગલે રે હીંચકોર્ય નાનેરૂ બાળ.
કોઇ કે' એનો બેટડો રે હીંચકોર્ય નાનેરૂ બાળ.
કોઈ કે' એનો વીર રે
પરણ્યો પીંગલે રે હીંચકોર્ય નાનેરૂ બાળ.
નથી વીરો ને નથી બેટડો રે હીંચકોર્ય નાનેરૂ બાળ,
સગી નણદનો વીર રે
પરણ્યો પીંગલે રે હીંચકોર્ય નાનેરૂ બાળ.

(રઢીયાળી રાત. ભા. ૨ પૃ ૧૫ આવૃત્તિ પહેલી)

હૈયામાં વાગે :

કજોડાનું બીજું રુદન: પહેલી સ્ત્રીની માફક આ સ્ત્રી પોતાના સંતાપમાંથી વિનોદ તો એ ચી શકતી નથી. પોતાનો રોષ નિર્દોષ બાલ-સ્વામી પર ઉતારે છે, પણ ત્યાં તુર્ત જ અનુકંપા વછૂટે છે. પતિને મરાતો માર પોતાના જ હૃદયમાં વાગે છે ! એનું હૃદય નફટ બની શકતું નથી:—

બાર વરસની ગણગારી ગૂજરી,
સવા વરસનો પરણ્યો રે હવે કેમ રે'વારો !
પાણીડાં જાઉં તો પીટ્યો છેડે વળગ્યો આવે,
છેડો તરછોડું તો ઢોર મારી નાખે રે, હવે કેમ રે'વારો—બાર૦

ગંગા જમુનવા કે બિચવઁા તેવઈયા એક તપુ કરઈ હો:
ગંગા! અપની લહર હમૈં દેતિઉ ત માંઝાધાર ડૂબિત હો. ૧.
કી તોહિ સાસ-સસુર દુખ કી નૈહર દૂરિ બસૈ:
તેવઈ કી તોરે હરિ પરદેસ કવન દુખ ડૂબઉ રે. ૨.
ગંગા! ના મોહિ સાસ-સસુર દુખ નાહીં નૈહર દૂરિ બસૈ:
ગંગા! ના મોરે હરિ પરદેસ કોખિ દુખ ડૂબબ હો. ૩.
જાહુ તેવઇયા ઘર અપને હમ ન લહરિ દેબઇ હો:
તેવઈ! આજુ કે નવએઁ મહીનવઁા હોરિલ તોરે હોઇહૈં હો: ૪.
ગંગા! ગહબરિ પિઅરી ચઢઉબૈ હોરિલ જબે હોઇહૈં હો:
ગંગા! દેહુ ભગીરથ પૂત જગત જસ ગાવઇ હો. ૫.

[ભાવાર્થ: ગંગા જમુનાની મધ્યમા કોઇ સ્ત્રી તપ કરી રહી છે. ગંગાજીને તે પ્રાર્થના કરે છે કે "હે ગંગાજી! ત્હમે ત્હમારી એક લહરી આપો તો હું એમા ડૂબી મરૂ."

ગંગાજીએ પૂછ્યુ: "શું ત્હને સાસુ-સસરાનું દુઃખ છે? કે પિયર દૂર છે? કે ત્હારો પતિ પરદેશમાં છે? કયા દુઃખના કારણે તું ડૂબી મરવા ઇચ્છે છે?"

સ્ત્રીએ કહ્યું: મ્હારે સાસુ સસરાનું દુઃખ નથી: મ્હારૂં પિયર પણ દૂર નથી: તેમ જ મ્હારા સ્વામી પણ વિદેશમાં નથી. હું સન્તાન વિહોણી હોવાના દુઃખે ડૂબી મરવા ઈચ્છું છું."

ગંગાજીએ કહ્યું: "હે સ્ત્રી! તું ત્હારે ઘેર પાછી જા. હું લહરી નહિ આપું. જા, આજથી નવમે માસે ત્હને પુત્ર થશે".

સ્ત્રીએ કહ્યું: "મ્હને પુત્ર થશે તો હું ત્હમને ઘેરા રંગની પીળી પોતી ચઢાવીશ. હે ગંગાજી! પુત્ર આપો તો ભગીરથ જેવો આપજો, જેની કીર્તિ સકળ સંસાર ગાયા કરે."]

કેવી મનોહર ભાવના છે! હિન્દુ સ્ત્રીનો આદર્શ કેટલો ઉચ્ચ હોય છે! પ્રથમ, સ્ત્રી પુત્રને કાજે તપ આદરે છે. પુત્રપ્રાપ્તિનું વરદાન મળે છે ત્યારે પુત્ર કેવો જોઇએ? ભગીરથ જેવો. ભગીરથ જેવો યશસ્વી પુત્ર ન હોય તો પુત્રવિહોણા રહેવું જ ઇષ્ટ છે. ભારતીય સ્ત્રીઓનો આ આદર્શ ખરૂ જ પ્રાચીન છે. આ લક્ષ્ય જ્યા સુધી માતાઓની દૃષ્ટિ આગળ હતુ ત્યાં સુધી સાચે જ સકળ સંસાર ભારતના યશોગાન ગાતો હતો. આજે તો નથી એ આદર્શ કે નથી એ ભારત. કેવળ ગીતોમાં, અને તે પણ ગ્રામગીતોમા—હિન્દુસમાજની આ પ્રાચીન સંસ્કૃતિની એકાદી ક્ષીણ રેખા નજરે પડે છે.[3]

રોટલો ઘડું તો પીટયો ચાનકી રે માગે,
તાવેથાનો ગોદો મેલુ હૈયામા વાગે રે, હવે કેમ રે'વાશે—બાર૦
ધાન ખાડુ તો પીટયો ઢોકળું રે માગે,
વેલણાનો ગોદો મેલું હૈયામાં વાગે રે, હવે કેમ રે'વાશે—બાર૦
દળણું દળુ તો પીટયો પાટલી રે તાણે,
ધડ દઇને ઢાંકો મેલું હૈયામા વાગે રે, હવે કેમ રે'વાશે—બાર૦
(ર. રા. ભા. ૨. પૃ. ૧૭ આવૃત્તિ પહેલી)

૩. સંતાન વિહોણી સ્ત્રીની સંતાન માટે ઝંખના: દેવ દેવીઓ પાસે આજીજી: એનાં બે ત્રણ ગીતો "રઢીયાળી રાત"ના સંગ્રહમાંથી નીચે ટાંકેલ છે:

(૪)

હિન્દુસ્તાનમાં ખાસ કરીને ઉત્તર ભારતમાં, શ્રાવણમાસ અત્યંત મનોહર હોય છે. આકાશમાં ઘેરાયેલાં વાદળ, પૃથ્વી પર ફેલાયેલી હરિયાળી, પાણીથી ઊભરાઈ રહેલાં નદી-નાળાં અને તળાવ, પૂર્વો હવા, ખેતરોમાં કામ કરતી સ્ત્રીઓનાં ગીત, બાગમાં પડેલા ઝૂલા અને ત્હેના પર બેસી કન્યાઓનું ગાતાં ગાતાં ઝૂલવું: એ બધું કયા સહૃદય માનવીનું મન ન મોહી લે? શ્રાવણમાસમાં પરણેલી કન્યાઓ ઘણું ખરૂં મહિયરમાં રહે છે. તે હિંચકતી વખતે પોતાના ભાઈને સમ્બોધીને એક ગીત ગાય છે. એના અન્તમાં "બીરન" શબ્દ આવે છે, એનો અર્થ 'હે ભાઈ!' થાય છે. આથી એ ગીતનું નામ "બિરના" પડ્યું

---

૧. દીકરાની ઝંખના

પુત્રહીન માતાથી હવે તો મેણાં સહેવાતાં નથી. રાંદલ માની પાસે એ કેવો દીકરો માગી રહી છે! ઘરની લીંપી ગાર ઉપર પોતાની નાની નાની પગલીઓ પાડનારો, રોટલા ઘડતી વખતે નાનકડી ચાનકી માગનારો, દળતી વખતે ઘંટીના થાળામાં લોટની જે શગ ચડતી હોય તે પાડી નાંખનારો, ખોળો ખુંદીખુંદીને ધોયેલો સાડલો બગાડનારો ને છાશ કરતી વખતે માખણ માગનારો: આ પ્રત્યેક કામ કરતી વખતે એને એવો દીકરો સાંભરે છે. નાના મસ્તીખોર ને લાડકવાયા બાળકનું આ સ્પર્શી ચિત્ર છે. લગ્ન અથવા સીમન્ત પ્રસંગે ઘરમાં રન્નાદે માતાની સ્થાપના કરતી વેળા ગાવાનું ગીત છે.

લીંપ્યું ને ગુંપ્યું મારૂં આંગણું;
પગલીનો પાડનાર દ્યોને રન્નાદે!
વાંઝીયા-મેણાં માતા દોહ્યલાં!
દળણાં દળીને ઉભી રહી:
પાલ્યુનો પાળનાર દ્યોને રન્નાદે!—વાંઝીયાં૦
પાણીડાં ભરીને ઉભી રહી;
છેડાનો ઝાલનાર દ્યોને રન્નાદે!—વાંઝીયાં૦
મહીડાં વલોવી ઉભી રહી;
માખણનો માગનાર દ્યોને રન્નાદે!—વાંઝીયાં૦
રોટલા ઘડીને ઉભી રહી.
ચાનકીનો માગનાર દ્યોને રન્નાદે!—વાંઝીયાં૦
ધોયો ધફોયો મારો સાડલો;
ખોળાનો ખુંદનાર દ્યોને રન્નાદે!—વાંઝીયાં૦

(ર. રા. ભા. ૧. પૃ. ૭ર આવૃત્તિ ૩.)

૨. વાંઝીઆ.

સંતતિ ન હોવી, એ આપણા સંસારમાં અભાગણી સ્ત્રીનો અપરાધ મનાયો છે. સંતતિની લાલસાએ શોક્યના ત્રાસ જન્માવ્યા છે. વાંઝણી સ્ત્રી પોતાનું એ અમંગળપણું ટાળવા કેવી માનતાઓ આદરે છે! કેવાં અપમાન સહે છે! કુદરત પણ એને તરછોડે છે. ને આખરે દેવ પાસેથી પુત્ર લાધતાં જ એનાં માનપાન તત્ક્ષણ વધી જાય છે! લોક-કવિએ સમાજની એ સ્વાર્થાંધતા ઉપર કરૂણ કટાક્ષ કર્યો છે:—

છે. આ ગીત બહુ જ ધીમેથી ગાવામાં આવે છે. લહરાતી પૂર્વી હવામાં આ ગીત એટલું સુન્દર અને ચિત્તાકર્ષક લાગે છે કે એ સાંભળનાર વ્યક્તિ સહુ હર્ષવિષાદ વિસરી જઈ તન્મય બની જાય છે. એ "બિરના" ગીત અહીં આપ્યું છે :)

બિરના ઝીની ઝીની પતિયા અમિલિ કંઈ,
બિરના ડોભાઈ બરિયવા ક પૂત, બલૈયા લેઉઁ બીરન. —૧—

બિરના હાલી હાલી ડોભઉ બરિયા પૂત,
મોરા બીરન જેવૈંનવા ક દાઢ, બલૈયા લેઉઁ બીરન. —૨—

બિરના હાલી હાલી જેવૈંઉ બિરન મોર,
બિરના તુરુક લડ઼ઈયા ક દાઢ, બલૈયા લેઉઁ.
બિરના મુગલ લડ઼ઈયા ક દાઢ, બલૈયા લેઉઁ બીરન. —૩—

બિરના મુગલ કી ઓરિયૈં તૌ સાઠિ જને,
મોરા ભૈયા અકેલઈ દાઢ, બલૈયા લેઉઁ બીરન. —૪—

બિરના મુગલ જુઝહિઁ સબ સાઠિ જને,
મોરા બીરન સમર જીતિ દાઢ, બલૈયા લેઉઁ બીરન. —૫—

ગગા તે માટી ચીકણી ધન્ય રમતાં રે,
એના ચૂલા નખાવોને ચાર કે મા'દેવ જાતું રે.
પેલે તે ચૂલે ખીચડી ધન્ય રમતાં રે,
બીજે તે કઢીઅલ દૂધ કે મા'દેવ જાતું રે.
ત્રીજે તે ચૂલે લાપસી ધન્ય રમતા રે,
ચોથલે તાવેલ ઘી રે કે મા'દેવ જાતું રે.
ત્યાથી તે દડવડ ચાલીઆં ધન્ય રમતા રે,
જઈ પડ્યા સસરાને પાય કે મા'દેવ જાતાં રે.
સસરો તે મેણાં બોલીઆ ધન્ય રમતા રે,
વાંઝીઆં મ્હોં કોણ જોશે કે મા'દેવ જાતા રે.
ત્યાથી તે દડવડ ચાલીઆ ધન્ય રમતા રે,
જઇ પડ્યા સાસુને પાય કે મા'દેવ જાતાં રે.
સાસુ તે મેણાં બોલીઆ ધન્ય રમતાં રે,
વાંઝીઆં મ્હોં કોણ જોશે કે મા'દેવ જાતાં રે.
ત્યાંથી તે દડવડ ચાલીઆ ધન્ય રમતા રે,
જઈ પડ્યાં દાદાને પાય કે મા'દેવ જાતાં રે.
દાદા કે' નહિ મારી દીકરી, ધન્ય રમતા રે,
માડી કે' નહિ મારાં પેટ, કે મા'દેવ જાતા રે.
ત્યાથી તે દડવડ ચાલીઆ ધન્ય રમતા રે,
આવ્યા આંબલીઆની છાંય કે મા'દેવ જાતાં રે.
લીલૂડા આંબા સૂકાઇ ગીયા ધન્ય રમતાં રે,
કોયલડી કરે રે કલપાંત કે મા'દેવ જાતા રે.

ત્યાંથી તે દડવડ ચાલીઆં ધન્ય રમતા રે,
આવ્યાં સરોવરીઆની પાળ્ય કે મા'દેવ જાતાં રે.
ભર્યાં સરોવર સુકાઇ ગીયાં ધન્ય રમતાં રે,
માછલડી કરે રે કલપાંત કે મા'દેવ જાતા રે.
ત્યાંથી તે દડવડ ચાલીઆ ધન્ય રમતાં રે,
જઈ પડ્યાં મા'દેવ પાય કે મા'દેવ જાતાં રે.
માદેવે દીધો દીકરો ધન્ય રમતાં રે,
ભવના તે ભાગેલ મેણા કે મા'દેવ જાતાં રે
ત્યાથી તે દડવડ ચાલીઆ ધન્ય રમતાં રે,
આવ્યાં સરોવરીઆની પાળ કે મા'દેવ ગ્યા'તા રે.
સૂકા સરોવર ભરાઇ ગીયા ધન્ય રમતાં રે,
માછલડી કરે રે કિલોલ કે મા'દેવ ગ્યા'તા રે.
સૂકલ આંબા લીલા થયા ધન્ય રમતાં રે,
કોયલડી કરે રે ટૌકાર કે મા'દેવ ગ્યા'તા રે.
દાદો કે મારી દીકરી ધન્ય રમતા રે,
માતા કે મારલું પેટ કે મા'દેવ ગ્યા'તા રે.
સસરો લખી કાગળ મોકલે ધન્ય રમતાં રે,
મારા ઘરના દીવા ઘરે આવો કે માં'દેવ ગ્યાં'તાં રે.
સાસુ લખી કાગળ મોકલે ધન્ય રમતાં રે,
મારાં ઉઘાડાં ઘર ઘરે આવો કે મા'દેવ ગ્યાં'તાં રે.
પરણ્યો લખી કાગળ મોકલે ધન્ય રમતા રે,
મારા ઘરનાં તેજ ઘરે આવો કે મા'દેવ ગ્યાં'તાં રે.

(રઢિયાળી રાત ભા. ૧, પૃ. ૬૭ આવૃત્તિ ૩)

બિરના કોખિયા બખાનઉઁ મયરિયા કે,
જેકર પુતવા સમર જીતિ ઠાઢ, બલૈયા લેઉઁ બીરન —૬—
બિરના બહિયા બખાનઉઁ બહિનિ કે,
જેકર ભઇયા સમર જીતિ ઠાઢ, બલૈયા લેઉઁ બીરન. —૭—
બિરના મૅગિયા બખાનઉઁ ધના રાની,
જેકર સામી સમર જીતિ ઠાઢ, બલૈયા લેઉઁ બીરન —૮—

[ભાવાર્થ: બ્હેન કહે છે કે "હે ભાઇ! [૧]બારી-નો પુત્ર આમલીની ન્હાની ન્હાની પાંદડીઓની પાતળ બનાવી રહ્યો છે. હે ભાઇ! હું ત્હમારા ઓવારણાં લઉં છું. -૧-.

હે બારીના પુત્ર! તું જલ્દી જલ્દી પાતળ તૈયાર કર. મ્હારો ભાઈ ભોજન કરવાને ઊભો છે. -૨-.

હે ભાઈ! ત્હમે જલ્દી જલ્દી જમી લ્યો. તુર્ક કે મોગલ લોકો લડાઇ માટે ઊભા છે -૩-
મુગલ પક્ષમા સાઠ જણ છે. એમની સ્હામે મ્હારો ભાઇ એકલો જ ઊભો છે. -૪-.
સૌ મોગલ ખપી ગયા. મ્હારો ભાઇ યુદ્ધ જીતીને ઊભો છે. -૫-.
એ માતાની કૂખને ધન્ય છે કે જેનો પુત્ર યુદ્ધ જીતીને ઊભો છે. -૬-.
એ બ્હેનનું અહોભાગ્ય છે કે જેનો ભાઇ યુદ્ધ જીતીને ઊભો છે. -૭-.
એ સ્ત્રીની માગણી ધન્ય છે કે જેનો સ્વામી યુદ્ધ જીતીને ઊભો છે. -૮-.]

આ ગીત કેટલું માર્મિક છે! મુસલમાનોના રાજ્યકાળમાં આ ગીત રચાયું હોય એમ લાગે છે. એક વ્યક્તિ પોતાના સાઠ શત્રુઓને એકલો મારીને વિજયી બનીને ઊભો છે. એની માતા, બ્હેન અને સ્ત્રીને-કોને-શું એ ઓછા ગર્વની વાત છે? બ્હેનનું વીરતાભર્યું હૃદય જુઓ, કે તે સાઠ સાઠ શત્રુઓને દરવાજા પર ઊભેલા જોઇને પણ ભયભીત નથી થતી; અને પોતાના એકલા ભાઇને કેહે છે કે "જલ્દી ભોજન કરી લ્યો, બહાર શત્રુ ઊભા છે, એમને જઇને પરાસ્ત કરો!" "મોરા ભઇયા સમર જીતિ ઠાઢ" એ દશ્ય જોવાનો અવસર આપણી બ્હેનોને ફરી કયારે મળશે? પહેલી પંક્તિમાં આમલીની પાંદડીઓનાં પાતળ બનાવરાવવા એ હિન્દુ સ્ત્રીની કલાપ્રિયતાનું દ્યોતક છે.[૪]*

ટ્રોટ્સ્કી

રશિયાની ઝારશાહીની જડો ઉખેડનાર મહાન ક્રાંતિકાર લેનીનનો જમણો હાથ, યુરોપનાં મિત્રરાજ્યોના પઠ્ઠાઓ—જનરલ રેંગન, ડેનકિન અને કોલચેક—ને ધૂળચાટતા કરનાર અને જગતના મૂડીવાળા સામ્રાજ્યવાદીઓના હાથ ભોંઠા પાડનાર ટ્રોટ્સ્કી આજે ઘરબાર વિનાનો થઈ પોતાના દેશમાંથી દેશપાર થયેલો છે. આજે અફાટ રશિયામાં તેને માટે માથું મૂકવા સ્થાન નથી. જગતના દેશો તેને પોતાને ત્યાં રહેવા જેટલી જગ્યા આપતા પણ કંપે છે. જર્મનીએ તેને પોતાના પ્રદેશમા દાખલ થતો અટકાવ્યો અને નોર્વેની પાર્લામેન્ટ પણ તેને પોતાના દેશમા વસવાની રજા આપવા તૈયાર નથી.

કોમરેડ ટ્રોટ્સ્કીનું મૂળ નામ બ્રાન્સટીન હતું. તે મધ્યમ વર્ગના યહુદીનો પુત્ર છે. એનો જન્મ એલિઝાબેથગ્રેડની પાસે ઇ. સ. ૧૮૭૭ માં થયો હતો. તેને પહેલાં ઓડેસા શહેરની નાની શાળામાં અને પાછળથી ત્યાંની જ વિદ્યાપીઠમા કેળવણી મળી હતી.

નવજુવાન બ્રાન્સટીનનો આત્મા સદાનો જ ક્રાંતિકારી અને અદમ્ય રહ્યો છે. ઈ. સ. ૧૮૯૮ માં યુનિવર્સિટી છોડયાને થોડા વખત પછી તે ક્રાંતિ કરવાના આરોપસર પકડાઇ ગયો અને ઝારશાહીની પેટન્ટ શિક્ષાપદ્ધતિ અનુસાર તેને સાઇબિરીયામા દેશપાર કરવામા આવ્યો. પણ તેના જેવો સ્વાતંત્ર્યપ્રિય અને તેજસ્વી યુવાન ઝારશાહીના કઠણમાં કઠણ બંધનમાં પણ જકડાઇ રહે એ અસંભવિત હતું. ઇ. સ. ૧૯૦૨ માં તે સાઇબીરિયાથી છટકી નાઠો અને એક બનાવટી પાસપોર્ટની મદદથી ઇંગ્લાંડ જઇ પહોંચ્યો. આ પાસપોર્ટ ઉપર એણે પોતાનું કાલ્પનિક નામ 'ટ્રોટ્સ્કી' લખ્યું હતું તે દિવસથી તેણે પોતાનું ખરૂં નામ છોડી દીધું અને આ નવું નામ જ સ્વીકારી લીધુ. યુવાન બ્રાન્સટીને દુર્દાંત ટ્રોટ્સ્કીના વેશે નવો જન્મ લીધો.

જો કે ટ્રોટ્સ્કી તદ્દન જુવાનિયો હતો તો પણ તે થોડા જ દિવસમાં પોતાની પ્રતિભાથી લંડનમા ભાગી ગયેલા રશિયન સામ્યવાદીઓની ટોળીમા તે મુખ્ય સભ્ય બની ગયો. એ ટોળીના નેતાઓમા પ્લેખનોવ અને લેનિન પણ હતા. રશિયન ક્રાંતિકારીઓના સૌથી પ્રસિદ્ધ અને ઉગ્ર સમાચારપત્ર 'ઇસ્ક્રા' (ચિનગારી) ના સંપાદન કાર્યમા એ લેનિનનો સહાયક હતો.

ઇ. સ. ૧૯૦૫ મા ટ્રોટ્સ્કી પાછો રશિયા ગયો અને સેંટ પિટર્સબર્ગના 'સોવિયેટ ઓફ વર્કર્સ ડેપ્યુટિઝ'નો સભ્ય થયો. એક દિવસ તે એ 'સોવિયેટ'ની એક સભાના પ્રમુખ તરીકે કામ કરતો હતો તેવામા તે સભા સાથે જ તેને ગિરફતાર કરી લેવામા આવ્યો. પછી તેને દેશપાર કરીને સાઇબીરિયાના ટોબોલસ્ક શહેરમાં મોકલી આપવામાં આવ્યો. પણ ઝારશાહીને કમનશીબે તેનામાં ચાલાકીની માત્રા પ્રમાણ કરતા વિશેષ હતી અને ટોબોલસ્ક પહોંચતાં જ તે ત્યાંથી છ પાંચ ગણી ગયો. ત્યાંથી તેણે જે ડૂબકી મારી તે ઠેઠ ઑસ્ટ્રિયાની

રાજધાની વીએનામાં જઇને નીકળ્યો. ત્યાં તે કેટલાંય સમાચારપત્રોમાં કામ કરતો રહ્યો અને થોડા દિવસ તો તેણે એક રાસાયણિક કારખાનામાં પણ નોકરી કરી હતી.

એ વખતે રશિયન ક્રાંતિકારીઓમાં બે પક્ષો હતા: એક મેન્શેવિક (લઘુમતી) અને બીજો બોલ્શેવિક (બહુમતી). ટ્રાટ્સ્કી આ બેમાંથી એકેમાં ભળ્યો નહિ અને પોતે બંને પક્ષો વચ્ચે રહ્યો. ઇ. સ. ૧૯૧૦ માં તે કોપનહેગન (ડેનમાર્ક)માં મળેલી આ બંને પક્ષોની સભામાં ભળ્યો હતો. પછી કેટલાક દિવસ પેરી અને ઝયરિયમાં ક્રાંતિકારી પત્રો કાઢતો રહ્યો.

ગઈ યુરોપની મહાન લડાઇમાં તેણે મહાન યુદ્ધનાં કારણો વિષે એક પુસ્તક લખ્યું. તેથી તેને આઠ માસ સુધી જેલમહેલની હવા ખાવી પડી. તે માત્ર જર્મનીનો જ વિરોધી ન હતો, પરન્તુ યુદ્ધની બાબતમાં મિત્ર રાજ્યોનો પણ વિરોધી હતો એ જ કારણે ઈ૦ સ૦ ૧૯૧૬ માં તેને ફ્રાંસમાંથી પણ કાઢી મૂકવામા આવ્યો.

હવે ટ્રાટ્સ્કીએ સ્પેનનો રસ્તો પકડયો. પરન્તુ ત્યાં પણ તેને પકડવામા આવ્યો. છતાં થોડા જ દિવસોમા તેને અમેરિકા ચાલ્યા જવાની પરવાનગી મળી ગઈ. અમેરિકામાં તે 'નોવી મીર' (નવીન સંસાર) નામે ક્રાંતિકારી પત્રનું સંપાદન કાર્ય કરતો રહ્યો.

ઈ૦ સ૦ ૧૯૧૭ ના માર્ચમા ઝારશાહીના પાપનો ઘડો ફૂટયો. રશિયાએ અત્યાચારોથી ત્રાસી જઇને પોતાના બાદશાહને પોતાની પીઠ ઉપરથી હેઠો પાડી રોળી નાખ્યો. પ્રસિદ્ધ રશિયન ક્રાંતિની ભડભડતી જ્વાલાઓથી આખું યુરોપ થથરી ઊઠયું. ક્રાંતિની ખબર મળતા જ ટ્રાટ્સ્કી રશિયા જવા ચાલી નીકળ્યો. પરન્તુ રસ્તામા હેલીફેક્સમાં ઝારના મિત્ર બ્રિટિશ સરકારે તેને કેદ કરી લીધો. પણ રશિયાની અસ્થાયી સરકારના કહેવાથી તેને રશિયા જવાની પરવાનગી આપવામાં આવી.

રશિયા જઇને તે લેનિનની બોલ્શેવિક ટોળામાં જોડાઇ ગયો. તે દિવસોમાં રશિયાનું ભાગ્ય રમતના દડાની માફક ચંચળ અવસ્થામાં હતું. આજે આ પક્ષના હાથમા, તો કાલે વળી પેલા પક્ષના હાથમાં. આખરે બોલ્શેવિકોએ બીજા પક્ષોની વિરૂદ્ધ ભારે જોરથી વિદ્રોહ કર્યો. તેને પરિણામે રશિયાની રાજસત્તાનું સૂત્ર બોલ્શેવિક ટોળીના હાથમાં આવી પડયું. આ બળવાને સફળ બનાવવાનું જેટલું શ્રેય લેનિનને છે તેટલું જ શ્રેય ટ્રાટ્સ્કીને પણ છે.

બોલ્શેવિકોની નવી સરકારમાં ટ્રાટ્સ્કીને પરદેશ ખાતાના પ્રધાનનું પદ મળ્યું હતું. રશિયા અને જર્મની વચ્ચે જે સંધિ થઇ હતી તેમાં તે રશિયન પ્રતિનિધિઓમાં મુખ્ય હતો. કેટલાક સમય પછી તેને લડાઈ ખાતાનો પ્રધાન નિમવામાં આવ્યો. એ સ્થાનેથી તેણે જે કાર્ય કર્યું તેથી દુનિયા આભી બની ગઇ. તેણે બોલ્શેવિકોની સુપ્રસિદ્ધ "લાલ સેના" નું એવું તો સુંદર સંગઠન કર્યું કે તેની સામે મુડીવાળાઓની સેનાઓ હારી ગઈ. એ સેનાએ પોલેંડ પર ચઢાઇ કરી હતી, એણે જ જનરલ ડેનકિન અને રેંગલને પછાડયા હતા અને એણે જ કૉલચેકનું કપાળ ફૂટી નાખ્યું હતું.

ટ્રાટ્સ્કી લેનિનનો જમણો હાથ હતો. લેનિનના મગજમા વિચારો ઉત્પન્ન થતા હતા અને ટ્રાટ્સ્કી તે વિચારોને કાર્યમાં ઊતારી બતાવતો હતો. સામ્યવાદીઓના બીજા

નેતાઓ ટ્રૉટ્સ્કી કરતા તો કેટલાય જૂના હતા પરન્તુ ટ્રૉટ્સ્કી પોતાની પ્રતિભાને બળે તે બધાઓથી આગળ વધી ગયો હતો. સામ્યવાદી ટોળીના બીજા નેતાઓને આ વાત બહુ ખટકતી હતી. તેઓએ એના ઉપર કેટલાક આરોપો મૂકયા. સ્ટેલિને અને ઝીનોબીફે કોમ્યુનિસ્ટ પાર્ટીની સભામાં એના પર ભૂંડી રીતે હુમલો કર્યો. એ વખતે ટ્રૉટ્સ્કી બિમાર હતો, તેને પોતાની બિમારીને કારણે કોકેશસ પહાડ પર જવું પડ્યું. તેની ગેરહાજરીમાં વિરોધીઓએ એના મિત્રો અને પક્ષપાતીઓને જુદે જુદે અધિકારેથી ખસેડી નાખ્યા તો પણ તેને લેનિનની મદદની પૂરેપૂરી આશા હતી અને તેથી જ તે નિશ્ચિંત હતો. પણ એ જ વખતે લેનિનનું મૃત્યુ થયુ.

લેનિનના અવસાન સાથે જ ટ્રૉટ્સ્કીનો સિતારો પણ અસ્ત પામ્યો. એની વિરૂદ્ધની ચળવળ જોર પર આવી. તેને યુદ્ધ-મંત્રીની જગ્યાએથી ખસેડવામા આવ્યો, કેન્દ્રિય સમિતિમાથી કાઢી મૂકવામા આવ્યો અને આખરે ઇ૦ સ૦ ૧૯૨૭ મા કોઈ અજ્ઞાત જગ્યાએ કેદ કરી દેવામા આવ્યો......આજ કાલ ટ્રૉટ્સ્કીનો મુખ્ય વિરોધી સ્ટેલિન રશિયાનો કરતાહરતા છે. થોડો વખત થયા રૂટર કોઈ વાર ખબર આપતો હતો કે ટ્રૉટ્સ્કી બિમારીથી મરી ગયો છે, અને કોઈ વાર ખબર આપતો હતો કે તેને ગોળી મારવામાં આવી છે, પણ એ બધુ જુઠું હતું. આજે પણ ટ્રૉટ્સ્કી તાજોમાજો છે, માત્ર તેને રશિયાથી દેશપાર કરવામા આવ્યો છે.

તે તુર્કસ્તાન જઈ પહોચ્યો છે. તેણે જર્મન સરકાર પાસે જર્મનીમા રહેવાની રજા માગી હતી પણ જર્મન સરકારે તેની અરજી સ્વીકારી નહિ. નોર્વેએ પણ તેની પ્રાર્થના પાછી ઠેલી.

રશિયાના ક્રાંતિકારી નેતાઓમાં ટ્રૉટ્સ્કી સૌથી વધુ પ્રતિભાશાલી છે. તે ભારે પ્રભાવશાલી વક્તા છે. તેની કલમમાં અજબ જોર છે. નાની નાની પુસ્તિકાઓ અને ચોપાનિયાં લખવામા તો તે એક્કો છે અને વાદવિવાદમા કોઇથી ગાંજ્યો જાય એવો નથી. એણે અનેક પુસ્તકો લખ્યાં છે.

—વિશાલ ભારત

કૌલ

સ્મરે છે કે પેલો જુગ જુગ જૂનો કૌલ તુજને ?—
દીધેલો એકાન્તે ગહન રજનીના તટ પરે !
હતા થંભ્યા તારા નિજ પથ મહીં દૃશ્ય નિરખી,
ઊભો હાડો ઘેરો ઉદધિ પણ ત્યાં સ્તબ્ધ બનીને.

સખે ! ત્યારે ત્હેં તો ગ્રહી મુજ કર પ્રેમ થકી ત્યાં,
કહ્યું'તું કે "જૈશું સફર કરવા વ્યોમ–સરમાં,
"ઉષા–રંગી હોડી સજી નીકળશું સૂર્ય ઊગતાં,
"અને એકાન્તે ત્યાં રમત રમશું રમ્ય નભમાં."

દઈ આવાં આવાં વચન વિચર્યો "સ્હેજ ફરવા"
અને મ્હારી સંગે રજની નભ નિઃસીમ જ રહ્યાં;
વીત્યાં વર્ષો રે ! કૈં જુગ જુગ વીત્યા કાલ ગણતાં,
અને આશા કેરા ખુટ્યા સઉ ગયા રમ્ય મણકા !

ન જાણું ક્યારે એ વિજન પથમાં દીપક થશે,
ન જાણું ક્યારે એ વચન સહુ તું યાદ કરશે !
છતાં હું તો નિત્યે અનિમિષ દૃગે રાહ નિરખી,
રટી ત્હારાં નામો તપીશ અહીં કાળાન્ત અવધિ !

સ્નેહરશ્મિ

હિંદની પ્રાંતિક ભાષાના આદિ કવિઓ

હિંદ એક દેશ છે એ સંબંધી આપણા રાજ્યકર્તાઓએ ઘણીવાર શંકા દર્શાવી છે. અનેક ભાષાઓ, અનેક નાતો, અનેક ધર્મો અને રિવાજો વગેરેમાં વહેંચાયલા દેશમાં કોઇ પણ પ્રકારની એકતા ન હોઇ શકે એમ માનવું એ એમના હિતનું છે. પણ આ બહારના રીતરિવાજોને ભેદીને જરા અંદર જોઇએ, હિંદના જુદા જુદા પ્રાન્તોના સંસ્કારો જોઇએ તો તરત સમજાશે કે કોઇ વિલક્ષણ રીતે હિંદ એક દેશ હતો અને છે.

આનું સર્વથી અગત્યનું ચિહ્ન જુદા જુદા પ્રાન્તોનું સાહિત્ય છે. હિન્દની ભાષાઓ જુદી જુદી છે એ ખરૂ, રશિયા સિવાયના યુરોપ જેવડા મોટા ખંડમા અનેક ભાષાઓ હોય એ સ્વાભાવિક છે, પણ એ ભાષાનું સાહિત્ય જોઇએ તો તરત સમજાશે કે આટલા દૂર દૂરના પ્રાન્તોમા એક જ સમાજહૃદય હમેશાં ધબકતું હતું.

હિંદની પ્રાન્તભાષાઓ કયારથી હાલનું વિશિષ્ટ સ્વરૂપ પકડવા માંડી એ સંદિગ્ધ છે પણ આશરે ૧૦ માથી ૧૨ મો સૈકો એ હાલની પ્રાન્તિક ભાષાઓનો પ્રારંભ કાલ ગણી શકાય. આ રીતે હિંદ જ્યારે ભાષામા પ્રાન્તિક વિશિષ્ટતા વિકસાવવા માંડ્યું ત્યારે પણ તેનું સંસ્કારી હૃદય એક જ હતું તે દરેક ભાષાના આદિ કવિના કાવ્યો જોવાથી માલુમ પડશે.

વળી એ પણ ધ્યાન ખેંચે એવું છે કે બધા પ્રાન્તના આદિ કવિઓએ ઘણે ભાગે પોતાની પ્રેરણા રામાયણ મહાભારતનાં વિરાટ કાવ્યોમાંથી મેળવી છે. જેમ ભવ્ય હિમાલયમાથી બરફ પીગળી હિંદની પૂર્વ પશ્ચિમ વહેતી નદીઓને જલપૂર્ણ કરે છે તેમ આ પ્રાચીન કાવ્યો જ પ્રાન્તીય કવિઓનાં કાવ્યોને રસપ્રપૂર્ણ કરે છે. દરેક પ્રાન્તના આદિ કવિએ રામાયણ મહાભારતમા સચવાયેલી આપણી પ્રાચીન સંસ્કૃતિને પ્રાન્તિક ભાષાના તેમજ પ્રાન્તિક રીતરિવાજોના બાહ્ય પોશાકમાં સમાજ પાસે રજુ કરી.

આ પ્રાન્તીય આદિ કવિઓ સંસાર કે રાજ્યની ઉથલપાથલથી નિર્લિપ્ત હતા. એ સુકવિઓએ રચેલું સાહિત્ય સંસાર કે રાજ્યનાં પરિવર્તનો, આસપાસનાં રાજ્યના પરિવર્તનો, બખેડાઓ, બંડો, બીજી પ્રજાઓના આક્રમણો, જુલમો, વગેરે પ્રવૃત્તિઓ શાંત સ્વભાવવાળા, મહાકવિઓને નિર્લેપ જ રાખતા હતાં. મુગલ શહેનશાહત, મરાઠા રાજ્ય, પાછા વળી યુરોપિયન સામ્રાજ્યરૂપી ઉથલપાથલોએ કવિઓના હૃદયકમળોને નિર્લેપતા જ શીખવી હતી.

બંગાલી સાહિત્યના આદિ અને શ્રેષ્ઠકવિ ચંડીદાસ ચૌદમી સદીના છેલ્લા ભાગમાં નાન્પુર ગામમાં જન્મ્યા હતા. એ સર્વશ્રેષ્ઠ ગીતિ લેખક હતા. પ્રેમનો અપૂર્વ વિકાસ કરી કવિએ શ્રી કૃષ્ણ ચરિત્રામૃત ગાયું છે. તેણે રાધાકૃષ્ણના પ્રેમના પાઠ મધુર ભાષામાં ગાયા છે. પ્રેમની વિહ્વળતા, અત્યંત ઉત્સુકતા, વિનંતી, આકાંક્ષા, રોષ, માનભંગ, વિયોગ, મિલન વગેરે મનોભાવોને કવિએ સરસ કળાથી વર્ણવ્યાં છે. સંગીતને તો તેણે પોતાના પહોતી

નસેનસમાં ઊતાર્યું છે. એનાં પ્રેમભક્તિથી લદબદતાં પદો જયદેવ, સુરદાસ, દયારામ, તુકારામનાં પદો કરતા જરાપણ ઉતરતા નથી. પરંતુ ભાવમાં, ભક્તિમાં, તલ્લીનતામા, પ્રેમોન્માદમાં કવિ અવધિ કરે છે. એમાં આધ્યાત્મભાવ પણ ભરેલો છે. કવિ રાધાવિરહ ગાય છે કેઃ—

નયન તરલ, વહે પ્રેમવારિ, અધિર કુલેર બાલા;
ખને ખને ઉઠે, વિરહ આગુન, દુગુન હોઇલ જ્વાલા!
મલય-ચંદન, મૃગમદ જત, અંગેતે આછિલ ચાખા;
હૃદય-કાંચુલી, તિતિલ સકલ, તાહા ના દીગેળ રાખા!
પ્રેમ ઢળ ઢળ, જે મન બાઉલ, વનેર હરિણિ તારા;
વ્યાધ બાણ ખઇઆ, ઘાઇલ હોઇયા,
ચારિ દિકે ચાહિ સારા!

× × × ×

મદન, વસંતસખા, વ્યગ્ર કૌતૂહલે, લુકાએ બસિયા છિલ બકુલેર તળે.
પુષ્પાસને હેલાય હેલિયા તરૂપરે; પ્રસારિયા પદયુગ તવ તૃણસ્તરે!

એક બીજાથી સરસ હજારો પદોની રચનામાંથી સહેજ ઉતારો કવિના ચાતુર્ય, કળા, સૌંદર્ય, રસની ઝાંખી કરાવવા બસ નથી. ચંડીદાસ બંગાળી ભાષાનો મહાન કવિ છે. એનો પ્રભાવ બગાળના ઘણાખરા કવિવરો ઉપર પડયો છે. રવીન્દ્રનાથ ઉપર તો એ કવિની વિશાળ છાયા ચાલુ છાઈ રહી છે. ચંડીદાસનો રામી નામની ધોબણ સાથે સંબંધ હતો. એ બાઈ પણ મીરાંબાઈની પેઠે બંગાળની પ્રસિદ્ધ ભક્ત-કવિ થઇ છે.

મિથિલાના વિદ્વાન, શાસ્ત્રજ્ઞ, અલંકારશાસ્ત્રી વિદ્યાપતિ એ પણ બંગાળી ભાષાના મહાકવિ ગણાય છે. એઓ શ્રી ચંડીદાસના સમકાલીન અને કૃષ્ણભક્તિમા તલ્લીન હતા. ભાવમા ચંડીદાસ ચડે અને કળામા વિદ્યાપતિ વધે, એ રીતે બંગાળી વિદ્વાનોનું માનવું છે. એની રાધા જયદેવની રાધા જેવી જ છે. કવિ વિરહગીત ગાતાં ગાતાં ભક્તિ અને પ્રેમમાં મસ્ત બની વિદ્વત્તા શાસ્ત્રજ્ઞાન સૌને હડસેલી ભગવદ્મય બની ગયા છે. ઉપમાઓ, અલંકારો, કવિતાના નિયમો, શબ્દચાતુર્ય એ સર્વે કવિના આવેશમય અશ્રુજળમાં ભીંજાઇ અતિ મનોરંજક માધુર્ય ધારણ કરે છે. ઉપમાના ચક્રવર્તિ કાલિદાસના રાજ્યસિંહાસનને કવિ દબાવી પોતાનું સ્થાન કરી લે છે. કવિ રાધા પાસે કહેવરાવે છેઃ—

સખિ કિ પુછસિ અનુભવ મોય,
સોઇ પિરિતિ અનુરાગ બાખાનિતે તિલે તિલે નૂતન હોય.
જનમે અવધિ હામ રૂપ નેહારિનુ નયન ના તિરપિત ભેલ,
સોઇ મધુર બોલ શ્રવણહિ શુનનુ શ્રુતિ પથે પરશ નાગેલ.
કત મધુ-યામિની રભસે ગોયાઇનુ ના બુઝનું કૈછલ કેલિ
લાખ લાખ યુગ હિયહિય રાખનુ તબુ હિયા જીડનના ગેલિ.
કત વિદગ્ધ જન રસ અનુગમન અનુભવ કાહે ન પેખે
વિદ્યાપતિ કહે પ્રાણ જુડાઇ તે, લાખે ન મિલલ એકે.

શ્રી તુલસીદાસ કૃત રામાયણુ જેટલી જ બંગાળમાં આદરને પ્રાપ્ત થયેલી રામાયણુના કર્તા કૃતિવાસ ઓઝા પંદરમી સદીના પ્રારંભમાં થઇ ગયા છે. એ સારા વિદ્વાન અને શાસ્ત્રજ્ઞ હતા. શ્રી વાલ્મીકિની રામાયણથી કૃતિવાસ રામાયણુ ઘણી રીતે ભિન્ન છે, છતા તે અપૂર્વ કૃતિ છે. કાસીદાસનું મહાભારત પણ બંગાળી જનસમૂહમાં બહુ આદરથી વંચાય છે.

વ્રજ ભાષામા શ્રીમદ્ વલ્લભાચાર્યના અષ્ટ છાપ, ગૂજરાતીમાં શ્રી સ્વામિનારાયણુના અષ્ટ સખાઓએ સુંદર વૈષ્ણુવ સાહિત્ય રચી તે તે ભાષાને શૃંગારી છે. તેવી જ રીતે બંગાળી ભાષાને શ્રી ચૈતન્ય મહાપ્રભુના અનુયાયીઓએ પણુ ઘણી જ દીપાવી છે. ગોવિંદદાસ, કૃષ્ણુ-દાસ, બલરામદાસ, જ્ઞાનદાસ, વૃંદાવનદાસ વગેરે ભક્ત કવિઓ બંગાળી સાહિત્યમાં અતિ ઉચ્ચ સ્થાન ભોગવે છે. તેમાં ગોવિંદદાસ તો વિદ્યાપતિની સમતોલે આવે એવી શ્રેષ્ઠતા ધરાવે છે.

તામિલ ભાષા અતિ પ્રાચીન અને સંસ્કૃત ભાષાથી સ્વતંત્ર રીતે ઉદ્‌ભવ પામી છે. એ ભાષામાં અસલ શબ્દો અને તેના પર્યાયો સંસ્કૃતથી સ્વતંત્ર છે. એની પ્રાચીનતા કાળના ગર્ભમાં છુપાયેલી છે. તામિલ ભાષાનું સાહિત્ય ઘણું ખેડાયું છે. બીજી ભારતની ભાષાઓ સંસ્કૃતનું દુધ પીને પુષ્ટ થઈ છે જ્યારે તામિલની માતા અજ્ઞાત જ છે. તામિલ ભાષાના શેકસપીયર તરીકે ગણાતા તિરૂવલ્લુવર અછૂત જાતિના હતા. તેઓએ " નાલડિયાર અથવા તિરૂકકુરલ " નામના ગ્રંથની પાડય રાજાને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ રૂપી ચારે પુરુષાર્થનો ઉપદેશ આપવા રચના કરી છે. એ ગ્રંથ તામિલ ભાષાનો પંચમ વેદ છે. તિરૂવલ્લુવર તામિલમાં કવિસમ્રાટ ગણાય છે. એ ગ્રંથ ધર્મશાસ્ત્ર અને નીતિશાસ્ત્ર ગણાય છે. હિંદની ઘણીખરી ભાષાઓમાં એનો અનુવાદ થયો છે. એની સરલા ગાંભીર્ય-યુક્ત અને મધુર શૈલીથી આ ગ્રંથ શ્રી તુલસીદાસજીની રામાયણુ હિંદીમાં અથવા શ્રી જ્ઞાનેશ્વરની ભગવદ્‌ગીતા મરાઠીમાં જે આદરને પાત્ર થઇ છે તેટલો જ આદર તામિલમાં એને મળે છે. એના ઉપર અનેક ટીકાઓ લખાઇ છે.

કમ્બર કવિએ શ્રી વાલ્મીકીય રામાયણુના ૭ કાંડોનો પદ્યાનુવાદ કર્યો છે. આ અનુવાદ વાલ્મીકિ રામાયણુને અનુસરે છે પરંતુ પ્રત્યેક પદ્યમાં કવિની અલૌકિક પ્રતિભા ઝગમગે છે. અને ઘણે સ્થળે કવિ વર્ણનમાં શ્રી વાલ્મીકિથી પણુ ચડી જાય છે. કવિએ વિષય અનુસાર જુદા જુદા લલિત છંદોનો પ્રયોગ કર્યો છે. તામિલ સાહિત્યમા એ ગ્રંથને અતિ ઉચ્ચ સ્થાન આપવામાં આવ્યું છે.

વિલ્લિપુત્તુરાર નામના કવિએ સંસ્કૃત મહાભારતનો તામિલમાં પદ્યાનુવાદ કર્યો છે. એનું સ્થાન પણુ તામિલમા અતિ ઊંચું છે.

આન્ધ્ર અથવા તેલુગુ ભાષા સંસ્કૃતની દુહિતા છે. એ ભાષામા ૧૫૦૦૦ જેટલા સંસ્કૃત શબ્દો વપરાયા છે. લગભગ બે કરોડ માણુસો એ ભાષા બોલે છે.

આન્ધ્ર અથવા તેલુગુ ભાષાના આદિ કવિ શ્રી નન્નય ભટ્ટારક અગિયારમી સદીના મધ્ય ભાગમાં રાજા વિષ્ણુવર્ધનિના દરબારમાં રહેતા હતા. રાજાજ્ઞાથી એમણે શ્રી મહા-ભારતનો તેલુગુ ભાષામા પદ્યાનુવાદ તૈયાર કર્યો. એની ભાષા ગંભીર, વિચારમય અને શુદ્ધ છે.

શ્રી નન્નય ભટ્ટારકે શ્રી મહાભારતના આદિ, સભા અને વનપર્વના કેટલાક અંશોનો અનુવાદ કર્યો છે. એમણે ઘણી સ્વતંત્રતાથી મૂળને મૂકીને પોતાની સ્વેચ્છાનુસાર કવિતા કરી છે, એની કવિતામાં એટલી બધી સરલતા છે કે વગર ટીકાએ જનસમૂહ તે સમજી શકે છે.

શ્રી નન્નય ભટ્ટારકના પછી બસો વર્ષે શ્રી તિક્કન સોમયાજી થયા. એમણે ઉદ્યોગ પર્વથી લઇને શ્રી સ્વર્ગારોહણ પર્વ સુધી શ્રી મહાભારતનો પદ્યાનુવાદ કર્યો છે. તિક્કનની કવિતા ઘણી સરસ અને મધુર જણાય છે. તેલુગુ ભાષામાં ઘણા ગ્રંથો છે, પરંતુ સમાલોચકોનો મત છે કે તિક્કનની કવિતાની સામે ઊભી શકે એવી વિરલ કવિતા લખાઇ છે. એની વિશેષતા એ છે કે પિંગલના નિયમો જાળવવા માટે એને વ્યર્થ શબ્દો ગુંથવા પડયા નથી. તિક્કનના પચાસ વર્ષ પછી "એરા પ્રેગ્ગાડા" કવિએ અધૂરૂં વનપર્વ પૂરું કર્યું ! એની શૈલી પણ પ્રભાવશાલી છે. તેલુગુ ભાષાના વિવેચકો આન્ધ્ર મહાભારતને સંસ્કૃત મહાભારતથી ચઢીઆતું માને છે.

નિર્ધન અને ખેતીનો ધંધો કરતા "પોતના માત્ય" તેલુગુમા અદ્વિતીય કવિ થઈ ગયા છે. એની કવિતા પ્રેમ રસમા લદબદે છે. એમણે શ્રી સંસ્કૃત ભાગવતને અનુસારે પદોની રચના કરી છે. શ્રી તુલસીદાસ, શ્રી સુરદાસ, મીરાંબાઇ, ચંડીદાસની પેઠેજ એ કવિએ આન્ધ્ર દેશને ભક્તિ નદીમાં પ્રેમપૂર્વક સ્નાન કરાવ્યું છે. એ કવિના મહિમાની અનેક ચમત્કારી દંતકથાઓ આંધ્ર દેશમા પ્રચલિત છે. નરસિંહ મહેતાની પેઠે એનું વ્યાવહારિક જીવન દુઃખમય પરંતુ સ્વતંત્ર અને પવિત્ર હતું. ભાષાના સમગ્ર બળથી તેણે કૃષ્ણચરિત્ર ગાયાં છે. આન્ધ્ર દેશમા પ્રેમલક્ષણા ભક્તિનાં બીજ વાવી એ દેશવાસીઓનાં હૃદયોમા ઉચ્ચ સ્થાન મેળવનાર કવિ ભક્ત "પોતના માત્ય"જ છે.

હિંદી ભાષાના આદિ કવિ ચંદ બરદાઈ ગણાય છે. તેમનો "પૃથ્વીરાજ રાસો" સને ૧૧૬૧ માં રચાયો છે. ભાષામા જોસ, વીર્ય ઘણું છે. ઉપમાઓ અને અલંકારોથી એ ગ્રંથ ભરેલો છે. તેમા પ્રાકૃતના હજારો શબ્દો છે.

પરંતુ હિન્દી ભાષામા શ્રી. તુલસીદાસજીનું સ્થાન અદ્વિતીય છે. એમના શ્રીરામચરિતમાનસના જેવો સુંદર ગ્રંથ ભારતની કોઇ પણ ભાષામાં રચાયો નથી. યુરોપમાં જેટલો બાઇબલનો આદર છે, તેથી વિશેષ આદર ઉત્તર ભારતમાં શ્રી. રામચરિતમાનસનો છે. પ્રત્યેક ઘરમાં રામાયણની નકલ મળશે જ. ઉત્તર ભારતમાં શ્રી રામલીલાના મેળાઓ જેણે જોયા છે તેઓ જ શ્રીરામાયણની લોકપ્રિયતા સમજી શકે. તુલસીદાસ એટલે પ્રેમની અવધિ એમની ભાષા મનમોહિની, સરળ, રસિક અને સુંદર છે. ભાવ ઊંચા તથા આકર્ષક છે. મહાત્મા ગાંધીજી શ્રી ગીતા અને શ્રી તુલસીકૃત રામાયણને હિંદુધર્મના સર્વશ્રેષ્ઠ ગ્રંથો માને છે.

વ્રજબોલી એ હિંદી ભાષાનો સંસ્કૃત વિભાગ છે અને વ્રજ બોલીમાં શ્રીમદ્ વલ્લભાચાર્યની ભક્ત મંડળી અષ્ટછાપ પ્રસિદ્ધ છે. આ અષ્ટછાપમાં (સુરદાસ, કૃષ્ણદાસ, પરમાનંદદાસ, કુંભનદાસ, ચતુર્ભુજદાસ, છીતસ્વામી, નંદદાસ અને ગોવિંદદાસ) સુરદાસ નવગ્રહોમાં સૂર્યની પેઠે પ્રકાશી ઊઠે છે. શ્રી કૃષ્ણભક્ત કવિઓમા શ્રી જયદેવ પછી શ્રી સુરદાસનું સ્થાન છે. એમના પદોમા ભાષાનું લાલિત્ય, ભક્તિરસની સાથે મળી સહૃદયી વાચકને ઉન્નત ગિરિશૃંગ ઉપરે બેસાડે છે. સુંદર રાગ રાગિણીઓમાં ગૂંથાયેલાં આ પદો સંગીતશાસ્ત્રની સંપૂર્ણ કળાથી વિકસી નીકળ્યા છે. ઉત્તર હિંદના ઘણાખરા ગવૈયાઓ અને નર્તકીઓ સુરદાસનાં પદોને પોતાના સંગીતમાં પ્રાધાન્ય આપે છે. પુષ્ટિ સંપ્રદાયની હવેલીઓમા અને ભક્ત મંડળીઓમાં શ્રી સુરદાસજીનાં પદો વિશેષ ભાગે ગવાય છે.

શ્રી કબીરજીનું સ્થાન કવિ તથા ધર્મ-ગુરુ તરીકે ઘણું ઊંચું છે. નિરાકાર રામને એમણે ભોખ્યા છે. મીરાંબાઇએ સુંદર કૃષ્ણ-કાવ્ય લખ્યાં છે. એમનું આસન સુરદાસની બહુ જ પાસે છે.

ઉત્કળ, ઓડિયા અથવા ઉડિયા ભાષા હિંદના જે વિભાગમાં બોલાય છે તેનો વિસ્તાર ૮૨,૦૦૦ ચોરસ માઈલ-છે બોલવા વાળાની સંખ્યા ૯૦ લાખની છે. બંગાળનો થોડો ભાગ તેમાં આવે છે અને મદ્રાસ ઇલાકાનો ઉત્તર ભાગ પણ તેમાં કેટલેક અંશે આવેલો છે. તેમાં શ્રી જગન્નાથજીનું પ્રખ્યાત ધામ આવ્યું છે. ઓડિયા ભાષા બંગાલી અને હિંદીના આશ્રય હેઠળ ઊછરી છે.

ઓડિયા ભાષાના પ્રતિભાશાળી કવિ શૂદ્ર મૂનિ શારલાદાસ સને ૧૪૩૫ થી ૧૪૬૬ મા થઇ ગયાં છે. ઓડિયા ભાષાના કવિઓમા એમનું સર્વ પ્રથમ સ્થાન છે. એમણે મહાભારતનો પદ્યમય અનુવાદ કર્યો છે. પરંતુ મૂળ સંસ્કૃત મહાભારતનો એ કવિ સંપૂર્ણ અનુયાયી નથી. એણે ઘણાં મૂળ વિષયોને મૂકી દીધા છે, અને કેટલા યે પ્રસંગો પોતાની કલ્પનાશક્તિથી ઊભા કર્યા છે. એની ભાષા અતિ સરલ અને સુંદર છે. વર્ણન સ્વાભાવિક, આડંબરશૂન્ય અને ભાવપૂર્ણ છે, અને જે જે સ્થળોએ કવિને પોતાની કલ્પનાશક્તિ સ્વચ્છંદ ભાવથી ચલાવવાનો પ્રસગ સાંપડ્યો છે, તે તે સ્થળોનું વર્ણન અત્યંત સુશ્રાવ્ય અને મનોહર બન્યું છે. એની કવિતાનો નમૂનો—

શારલા ચંઠી નામ અટઇ સેહિ દેવી, તાહાર દાસ મૂ જે શારલાદાસ કવિ
પ્રસન્ને આગ્યા મોતે દેલે શારકે ભરી; લભતુ યશ માહાભારત ગ્રંથ કરી.

ઓડિયા ભાષાના વાલ્મીકિ બલરામદાસે શ્રીરામચરિત ગાયું છે. બંગ સાહિત્યમા જે સ્થાન કૃત્તિવાસ પંડિતનું છે, હિંદીમા જે સ્થાન ગુંસાઇ તુલસીદાસજીનું છે અને મહારાષ્ટ્રમા ભાસ્કર કવિનું છે તે જ સ્થાન ઓડિયામા બલરામદાસનું છે. એ કવિ સોળમી સદીમા થઈ ગયો છે. એમના કાવ્યની રચનામા શબ્દાલંકાર કે શબ્દાડંબર બિલકુલ નથી. બલરામદાસ લોકોના કવિ હતા. સાધારણ જનસમૂહ માટે જ તેમણે રામાયણ રચીને ગાઇ છે. એમણે લોકોમાં દેશપ્રેમ જાગૃત કર્યો છે. એની રચનાની થોડી લીટીઓના નમૂનાઃ—

એમંત કોશલ્યા જે બહુત તિઆરીલા;
લક્ષ્મણ કુ હુકારિજે અનેક કહિલા !
જાઅ બાબૂ લક્ષ્મણ રામકુ સેબિ યાઆ,
દુઃખ કાલરે જે એકા સંગે દિન નિઅ !
શ્રી રામ કોપિબે બાબૂ કોપન કરિબુ,
સીતા દોષ કલે બાબૂ દોષ ન ધરિબુ !
એ તે બોલિ શ્રી રામ મઉલ દેવી ધરિ;
તિનિ જણંકટ મુખ આઘ્રાણ સેં કરિ !
શુભ યોગે જાઉ બાબૂ પિતા સત્ય રખ;
બાહુડિબુ આસિ જે આંભકુ પરછે દેખ !

ભક્ત કવિ જગન્નાથદાસે પણ હરિભક્તની મંદાકિની વહેવરાવી છે. એમણે શ્રીમદ્ ભાગવતનો ભાષાનુવાદ સરલ, સરસ અને સુંદર ભાષામાં કર્યો છે. શ્રીમદ્ ભાગવતના એવા

ચમત્કારી અનુવાદ અતિ વિરલ જ છે. બાળક, વૃદ્ધ, યુવક, સ્ત્રી, પુરુષ ગામે ગામે ઘરે ઘરે, આ અમર કવિની કૃતિ ઓડિઆ દેશમા વ્યાપક છે. કવિ કથે છે:—

શ્રી ભગવાનુવાચ—

સકલ ભૂતે વાસ મોર; મૂઁ સર્વે અંતર-બાહાર।
ઉદ્દવાં કર મોતે ધ્યાન મો બિનૂ કીછી નાહિ આન।
મુહિ નિર્મલ નિરાધારે; બસઇ સકલ શરીરે।
સ્વભાવે મુહિ વિશ્વરૂપી દેખ ગગન જેન્હે વ્યાપી।
એણુ મુ સર્વ ભૂતે થાઈ, પર અપર મોર નાઇ।
એ ઘેનિ સકળ સમાને, દેખ તૂ પ્રેમ તત્ત્વજ્ઞાને।
બ્રહ્મ, ક્ષત્રિય, વૈશ્ય, શદ્ર, ચાંડાલ પતિત વા ક્ષુદ્ર।
સર્વ સમાન દેખ ચિત્તે, શુણુ કહઈ કિછિ તોતે।

નેપાળનું રાજ્ય ભારતની ઉત્તરમાં આવેલુ છે. અહીંની રાજયભા[illegible] અથવા ગોરખા ભાષા કહે છે. નેપાલી ભાષાની લતા હિંદી ભાષાના વૃક્ષના આશ્રયે રહી વિકસી છે. એ ભાષામા કાવ્ય, કોષ, વ્યાકરણુ અને ગદ્ય પદ્ય ગ્રંથો ઠીક પ્રમાણુમાં છે. છતા એ ભાષા સાહિત્ય દૃષ્ટિએ હજી બાલ્યાવસ્થા હમણાં જ ઓળંગતી હોય એમ જણાય છે. હમણા એ લતાને ખાતર પાણી આપી સારી રીતે પુષ્ટ બનાવવાનાં સબળ પ્રયત્નો થાય છે.

ભાનુભક્તાચાર્ય નેપાળનો આદિ શ્રેષ્ઠ કવિ હતો. તે મોટો કર્મનિષ્ઠ બ્રાહ્મણુ અને રાજ્યમાં મોટા અધિકાર ઉપર નિયુક્ત હતો. રાજ્યની અવકૃપા થવાથી કારાવાસની સજા થઈ, ત્યાં વૈરાગ્ય અને ભક્તિ હૃદયમાં ઉપજ્યાં. તેના ફળ રૂપ પોતાના હૃદયની શાંતિ માટે કવિએ "રઘુનાથ ગાથા" ને ભાષાનિબદ્ધ કરી. અાધ્યાત્મ રામાયણના આધાર ઉપર પ્રથમા એમણે રામકથા ગાઈ. નેપાળની આબાલ-વૃદ્ધ-વનિતા આ રામાયણનું રસાસ્વાદન પ્રેમથી કરે છે. એનાં કાવ્યમા આધ્યાત્મિક ઉપદેશ ભર્યો છે, ભક્તિરસ દરેક પદમાં ઝરે છે, શૃંગારરસ એની રચનામાં ઘણો ઓછો છે. એ નેપાલીઓનો અત્યત પ્રેમપાત્ર કવિ છે. જે આદર સમર્થ રામદાસના ગ્રંથોને મહારાષ્ટ્રમા મળે છે, અને જે સન્માન શ્રી તુળસીદાસજીના ગ્રથોને હિંદીમા મળે છે એવો જ આદર શ્રી ભાનુભક્તાચાર્યના ગ્રથોને નેપાળમા મળે છે.

સૂબા હોમનાથજીએ રામાશ્વમેધ અને મહાભારતના કેટલાંક પર્વોનો અનુવાદ નેપાલી ભાષામા કર્યો છે. પરંતુ એવી રચનાઓમા શ્રીમદ્ ભાગવતના દશમસ્કંધનો અનુવાદ જે "શ્રીકૃષ્ણુ ચરિત્ર"ના નામથી પ્રસિદ્ધ છે તે વધારે પ્રચલિત છે.

પંજાબી ભાષા પંજાબના ઘણુાખરા ભાગમાં બોલાય છે. એની લિપિ ગુરુમુખી છે. હિંદની એ દુહિતા છે. છતા પંજાબમાં એણે સ્વતંત્ર ઘર વસાવ્યું છે અને ધીમે ધીમે વિકાસ પામતુ જાય છે. હજી ગૂજરાતી, હિંદી, મરાઠી, કે બંગાળીની હરોળમાં ઊભી શકે એટલી એ પ્રભાવશાળી નથી થઈ પરંતુ એમા પણુ વિકાસ જોવામાં આવે છે.

ગુરુ નાનકદેવજી એ ધર્મના સંસ્થાપક, સુધારક અને કવિભક્ત હતા. એમણે શીખ અથવા ખાલસા પંથ સ્થાપ્યો છે અને શીખોના વેદ સમાજ શ્રી "ગ્રંથસાહેબ"ની સંકલના

કરી છે. એની પુનઃ સંકલના સને ૧૬૬૧ માં ગુરુશ્રી અર્જુનદેવજીએ પહેલી પ્રત પૂર્ણ થયાં પછી સો વર્ષે કરી હતી. એ ગ્રંથમાં શ્રી નામદેવજી, શ્રી કબીરજી અને બીજા ભક્તોની વાણી સાથે જ્ઞાન ભક્તિનાં ઝરણા વહેવરાવ્યા છે. તેમાં પણ શ્રી નાનક ભક્તિરસના જ મોટે ભાગે પોષક થાય છે. "ગ્રંથસાહેબ" સાહિત્યની દષ્ટિએ પણ સારી રચના ગણાય છે. શીખોને ઉત્સાહ, વીર્ય, પરાક્રમ, એકતા અને દઢ નિશ્ચય આપનાર આ ગ્રંથને ગણવામાં આવે છે. શીખોના ગુરુદ્વારાઓમાં મૂર્તિ રાખતા નથી પરંતુ તેને બદલે આ ગ્રંથ સહેલથી સ્થાપન કરી તેની પ્રેમથી પૂજા, અર્ચના અને સેવન કરે છે.

ભારતની જે થોડી ભાષાઓ વિકાસમા પોતાની બીજી બહેનપણીઓથી વિશેષ આગળ વધી છે તેમા મરાઠી પણ એક છે. દસમી સદી પછી એ ભાષામા ગ્રંથરચના શરૂ થઈ હોવાનુ વિદ્વાનોનું અનુમાન છે. એ ભાષાના પદ્ય સાહિત્યમા રામદાસ, તુકારામ, નામદેવ, જ્ઞાનદેવ, મુક્તેશ્વર, વામન પંડિત, રઘુનાથ પંડિત, મોરોપંત, શ્રીધર, મહીપતિ, મુકુન્દરાજ, અમૃતરાય, મુક્તાબાઈ, એકનાથ આદિ સાધુસંતો અને કવિવરોએ પોતાની અમૃત તુલ્ય પ્રસાદીથી મરાઠી ભાષાની અમૂલ્ય સેવા બજાવી છે. વ્યાવહારિક જ્ઞાન સાથે પરમાર્થિક કલ્યાણ સાધ્યું છે. મરાઠીનું આ સાહિત્ય આધ્યાત્મ વિષયક અને પૌરાણિક હોવા છતાં સમાજશાસ્ત્ર, રાજ્યનીતિ, સાહિત્ય, વ્યવહાર, તે સમયના રીતરિવાજ, આર્થિક સ્થિતિ અને બંધારણ ઉપર ઠીક અજવાળુ નાખે છે.

બૌદ્ધધર્મના હ્રાસ પછી વેદાન્તની સાથે સાથે ગીતાના ભાગવત ધર્મનું જે પુનરુજ્જીવન થયું ત્યારે શ્રી જ્ઞાનેશ્વર મહારાજે ભગવદ્‌ગીતાને "**देशीकार लेणे करून**" સ્વદેશી અલંકારો સજાવ્યાં. અને **महाठियों चिया नगरी** મરાઠાઓની નગરીમા ગીતાની બ્રહ્મવિદ્યા અને ભક્તિ રસામૃતના અમૃતથી સૌને તૃપ્તિ આપી. શ્રી જ્ઞાનેશ્વરની ભગવદ્‌ગીતા એ ટીકા કે અનુવાદ નથી, પણ સ્વતંત્ર ગ્રંથ છે એવી પ્રાસાદિક રચના કોઇ મહાન સમર્થ પુરુષ જ યુગયુગાતરે રચી શકે છે. વૈરાગ્ય યુક્ત ભક્તિરૂપે કરીને જ યવન, બ્રાહ્મણ, ચાડાળ સર્વને સમાન ગણી જ્ઞાનને પોષી એમણે આ ગીતાધર્મનો ધગધગતો ઉપદેશ પ્રજામા ફેલાવ્યો.

શ્રી સમર્થ રામદાસ સ્વામીએ કર્મમાર્ગનું ખરૂં મહત્ત્વ શુદ્ધ અને પ્રાસાદિક, મરાઠી ભાષામાં વર્ણવ્યું છે. તેમા પણ ઉત્તરાર્દ્ધમાં તો તેમણે શ્રી ગીતાના નિષ્કામ કર્મયોગને જ પ્રાધાન્ય આપ્યું છે. શ્રી સમર્થનો ઉપદેશ શિવાજીને મળ્યો, અને તેના ફળ રૂપે મહારાષ્ટ્રના સામ્રાજ્યનો ઉદ્‌ભવ થયો. કર્મયોગના તત્ત્વો સુષુપ્ત દશામાથી પુનઃજાગૃતિને પામ્યાં. મરણ પર્યંત બ્રહ્મચર્ય પાળી શ્રી સમર્થે જ્ઞાનનો પ્રચાર કરી જગતના ઉદ્ધારના કાર્યો કર્યા છે.

तुका म्हणे जें जें बोला । तें तें साजे या विठ्ठला એટલે "કહે તુકો જે જે બોલો તે શોભે સઘળું વિઠ્ઠલને" એ શ્રી તુકારામ બુવા શ્રી નરસિંહ મહેતા, શ્રી મીરાબાઇ, શ્રી સુરદાસ વગેરેના સમાન આસને બેસનાર પરમ ભક્ત હતા. એમનાં પદો પ્રેમલક્ષણા ભક્તિથી ભરેલાં છે.

જાવા અને બાલીના દ્વીપોમાં કોઈ પ્રાચીન કવિએ રામાયણની પદ્યમય રચના કરી છે. એ રામાયણને જાવાવાસીઓ "રામ કવિ" કહે છે. મૂલ રામાયણના ભાવોને પરિવર્તન કરી એની રચના થઇ છે. એમાં ઉત્તરકાંડ નથી. એમાં સંસ્કૃતના ઘણાં શબ્દો છે. એ રામાયણ ૭ કાડો અને પચીસ સર્ગોમા સંપૂર્ણ થઈ છે. એ રામાયણનો ત્યાં ઘણો પ્રચાર છે અને આબાલવૃદ્ધોને નિત્ય શ્રવણમનનનું એ પુસ્તક ગણાય છે.

ગૂજરાતી ભાષાના આદિ કવિ તે શ્રી નરસિંહ મહેતા. પુરાણોના સર્વસાક્ષી, સર્વાન્તર્યામી પરમાત્માને એમણે દાસ્ય ભાવે ભજ્યા. એમણે શ્રીમદ્ ભાગવતની શ્રીકૃષ્ણ લીલા શુદ્ધ પ્રેમ-ભક્તિથી ગાઈ છે. ગોકુળ અને વૃંદાવનમા ગાયો ચારતા શ્રી બાળકૃષ્ણની ગોપીઓ સાથે લીલા, રાસ, પ્રેમ, મિલન, વિયોગ, હાસ્ય, રોષ એમણે મધુર પદોમાં વર્ણવ્યા છે. વૈરાગ્ય મિશ્રિત ભક્તિને પોતાના જીવનમા ઉતારી એમણે "સંસારસુ સરસો રહે, પણ મન મારી પાસ" એ ઉક્તિનું સાર્થક કર્યું. બીજા ભક્તોની પેઠે નરસિંહ મહેતાનું જીવન પણ ચમત્કારોથી ભરપૂર છે. એઓ પરમભક્ત, પ્રાસાદિક કવિ, ઉચ્ચ ચારિત્ર્યવાન અને પોતાના ઇષ્ટને માટે ઘર, સ્ત્રી, બાળકો, વૈભવ, માન આબરૂ, લોકલાજ, સુખ, શાંતિ, વ્યવહાર વગેરે સર્વેનો ત્યાગ કરનાર પરમ સાધુજન હતા. તેમની કવિતામાં ભક્તિ સાથે જ્ઞાન અને વૈરાગ્યનું મિશ્રણ છે.

પ્રેમાનંદ એટલે ગૂજરાતી ભાષાનો યુગસ્રષ્ટા કવિ. જુના કે નવા યુગના ગૂજરાતી કવિસંઘમાથી મહાકવિ પ્રેમાનંદ સર્વોપરી કવિરત્ન. ચંડીદાસ વગેરેની સાથે બેસી શકે એવા કવિ પ્રેમાનંદ. એનાં કાવ્યોમા ગૂજરાત, ગૂજરાતીઓ અને ગૂજરાતણોની આબેહુબ છબીઓ ચીતરાઈ છે. તેની કવિતામા ભાવ અને રસની સચોટ જમાવટ છે. અને ભલે શૃંગાર હોય કે હાસ્ય હોય કે કરુણ હોય કે વીર રસ હોય પરંતુ સર્વ સ્થળે રસ ઉછાળા મારે છે. કવિના કાવ્યોને ગૂજરાતે પ્રેમથી વધાવી લીધા છે અને કથાઓ માંડી પ્રજાજીવનમાં ભાગ આપ્યો છે. ચૈત્રી શુક્લ પક્ષમાં ઓખાહરણ, વર્ષોમાં દશમ સ્કંધ, સીમન્ત પ્રસંગે મામેરું, સુદામાચરિત્ર, સુભદ્રાહરણ, નરસિંહ મહેતાની હુંડી, વિવેકવણઝારો, સ્વર્ગની નીસરણી ગામેગામ ગવાય છે અને એમનું નળાખ્યાન તો ગૂજરાતણોનો પ્રિયમા પ્રિય ગ્રંથ છે.

સિંધી ભાષા અને કચ્છી ભાષા એ એક ઢાલની બે બાજુઓ છે. એ ભાષાઓનું સાહિત્ય હજી બાળ દશામાં જ છે. પરંતુ તેને વિકસિત કરવાના શુભ પ્રયત્નો ચાલુ જ છે. સિંધી ભાષાના આદિ અને સર્વશ્રેષ્ઠ કવિ, પરમ સુફી શ્રી શાહ અબ્દુલ લતીફ છે. માશુકરૂપે એમણે ઇશ્વરની પરમોપાસના કરી છે અને નીતિ, વ્યવહાર, ધર્મ, અર્થ, કામ અને મોક્ષનો ઉપદેશ કર્યો છે. એ કવિ સને ૧૬૮૯ મા જન્મ્યા હતા. એમનો હિંદુઓ અને મુસલમાનો વચ્ચે સમાન આદર હતો અને એમની કાફીઓ સિંધમાં આબાલવૃદ્ધ સર્વે સારા ભાવથી ગાય છે. કવિ કથે છે કે—

મંઝે મુંહજે રૂહ, જે વઞે સાજન વિસરી,
ત મર લગે લુહ, થર બા બોહે થી મગ.

[મારા હૃદયમા રહેલા પ્રિયતમને જો ભૂલી જાઉં તો મારી દશા રણના ભયંકર તાપમાં સપડાયલા બાબીહા પક્ષીના જેવી થાય.]

એ પ્રમાણે આ યુગસ્રષ્ટાઓએ ભક્તિ, જ્ઞાન, પરમાર્થ, કલ્પના, કાવ્યનાં ઝરણાં પ્રગટાવી, રસપ્રેરણા રેલી છે. સાધુત્વ, સૌંદર્ય અને વીરત્વથી પ્રજાજીવનને ઉલ્લાસવંતો બનાવ્યો છે. રસવાટિકાઓમાં આ રસમાળીઓએ રસલતાઓ વાવી તેનાં ફૂલડાંના પમરાટથી ભારતની પ્રજાની સર્વ ઇન્દ્રિયોને તૃપ્ત અને ઉત્તેજિત કરી છે. એ મહા અવધૂતોને વંદન હો. ઇતિ શિવમ્.

ડુંગરશી ધરમશી સંપટ

અલમોરાથી પત્રો

નયન તેવાડી દિવાલ
હીરા ડુંગરી,
અલમોરા
R. K. Ry. (U. P.)

ભાઈશ્રી...,

અલમોરાથી લિ૦ ભગવતીના વંદે માતરમ્ સ્વીકારશો.

અમે સોમવારે સવારે અમદાવાદથી દિલ્હી મેલમા ૮–૩૦ વાગે ઉપડયા. આ ગાડીમાં આગ્રાનો એક ડબ્બો હોય છે જેથી આગ્રા આવવા માટે બાંદીકુઈથી તે ડબ્બો આગ્રા મેલમા જોડાઇ જાય છે અને આ પ્રમાણે મંગળવારે સવારે ૭–૩૦ વાગે અમે આગ્રા પહોંચ્યા. આબુ તથા મારવાડ જન્કશને રબડી, દહીંવડા તથા શરબત સરસ મળે છે અને તેનો અમે સારી રીતે ઉપયોગ કર્યો. આગ્રામાં સ્ટેશન પાસે જ આવેલી ધી ન્યુ મહારાજા હોટેલમા ઊતર્યા. આ બાજુ હોટેલની પદ્ધતિ ઘણી ઉત્તમ હોય છે. આ હોટેલમા જુદા જુદા દરની ઓરડીઓ છે. આઠ આનાની, રૂપિયાની, બે રૂપિયાની તથા ત્રણ રૂપિયાની. અમે એક રૂપિયાવાળી ઓરડી લીધી. નહાવાની તથા જાજરૂની ઉત્તમ સગવડ હતી. હોટેલમાં જમવાનું મરજિયાત છે. આગ્રામાં પણ રબડી તથા દહીંવડા તથા ભાતું ખાધું. પણ આગ્રામાં તાપ તો અસહ્ય હોય છે. બપોરે બહાર નીકળી ન શકાય. સાંજે પાા વાગે અમે સ્ટેશન ઉપર આવેલા. આગ્રાનો કિલ્લો જોવા ગયા અને ત્યાંના સુમન બુર્જમાથી તાજનાં દર્શન પણ કીધાં. આગ્રાથી રાતના ૮–૫૦ વાગે કાઠગોદામની સીધી ગાડી મળે છે. અમે આ ગાડીમા બેઠા. અહીંથી રોહીલખંડ કુમાઉં રેલ્વે શરૂ થાય છે. આ તરફની રેલ્વેની ઝડપ ખૂબ હોય છે. મંગળવારે રાત્રે આગ્રાથી બેઠેલા ને બુધવારે સવારે ૧૦–૩૦ વાગે કાઠગોદામ આવ્યા. અહીંથી નૈનીતાલ તથા અલમોરાની મોટરો મળે છે. થર્ડ કલાસનું રેલ્વેનું ભાડું અમદાવાદથી કાઠગોદામ સુધીનું રૂ૦ ૧૪ થાય છે. કાઠગોદામથી નૈનીતાલની મોટર એકથી દોઢ રૂપિયામા મળે છે અને અલમોરાની મોટર રૂ૦ ૩) મા મળે છે. કાઠગોદામ ઉપર મારા મિત્ર ઉત્તમચંદ અમને લેવા આવેલા. અમે લગભગ ૧૧ાા વાગે કાઠગોદામથી ઉપડયા અને લગભગ ૭ વાગે અલમોરા આવ્યા. કાઠગોદામથી લગભગ ૮૫ માઇલ ઉપર અલમોરા આવેલુ છે. રસ્તામા થોડો સમય વરસાદ પડયો અને જાણે અમોને હિમાલય આવકાર આપતો હોય તેમ પુલની માફક બરફના કરા પણ આકાશમાથી અમારી મોટર ઉપર વર્ષ્યા. અહીંઆ આવીને અમે ધી એમ્પાયર ઓફ ઇન્ડિયા હોટેલમાં રૂ૦ ૨) ની સારામાં સારી ફર્નીશ્ડ ઓરડી લીધી. અમે બુધવારે રાત્રે આ ઓરડીમા રહ્યા. બીજે દિવસે અમો મકાનની શોધમા નીકળ્યા અને થોડું ફર્યા બાદ અલમોરાની સારામા સારી અને પાઇનનાં ઝાડોનાં જંગલમાં આવેલી એવી ઊંચી હીરા ડુંગરી ઉપર મકાન મળ્યું. આ મકાનનું સીઝનનું ભાડું રૂ૦ ૪૦૦) છે. આ મકાન એક કાસ્મીરી ભાઈએ ભાડે રાખ્યું છે અને

એનો પા ભાગ અમે રૂ૦ ૭૫ મા લીધો છે. એક ઓરડો, એક રસોડું, એક કોઠાર, એક કમોડ, નહાવાની ઓરડી અને મોટો વરંડા. શુક્રવારથી અમોએ અહીંઆ રહેવાનું શરૂ કર્યું.

અલમોરા લગભગ ૫૫૦૦ ફીટની ઊંચાઇ ઉપર છે અને પાઈનનાં ઝાડોને લીધે ક્ષયના રોગીઓ માટે અહીંની હવા ઉત્તમ ગણાય છે. આ ડીસ્ટ્રીક્ટ નગર હોવાથી મોટું બજાર છે અને દરેક વસ્તુ મળી શકે છે. અહીંઆ ઠંડી ખૂબ પડે છે અને બપોરે પણ સ્વેટર તથા ગરમ બાંડીયું પહેર્યું હોય છતા ઠંડી લાગે છે. રાત્રે તો સારા પ્રમાણમાં પાથરવાનું તથા ઓઢવાનું જોઇએ. અહીંઆ હાથપગ ધોવા તથા પીવા માટે પાણી પણ એટલું ઠંડું હોય છે કે તે વિના ચલાવી લેવાનું મન થાય. આ મકાનમા આખો દિવસ ઠંડો પવન આવ્યા કરે છે અને દરિયા કિનારે જેવો અવાજ થાય તેવો અવાજ જંગલમાંથી પવન આવે ત્યારે થાય છે. આસપાસના પર્વતોનું દસ્ય પણ અતિશય મનોરંજક છે. આખો દિવસ ફર્યા કરીએ એવું થાય છે અને બપોરે બે વાગે પણ લહેરથી ફરી શકાય છે. અમદાવાદની ગરમી તથા પરસેવો અહીંઆ હોતો નથી, પણ એક બે વસ્તુઓની હાડમારી પણ છે. એક તો પાણી. ખૂબ દૂરથી પાણી લાવવાનું હોય છે; અને બીજું અત્યારે સીઝન ન હોવાથી શાક તથા ફળ મળતા નથી. અમારે રોજ બટાટાનું શાક ખાવાનું હોય છે. ફળમા લીલાં આલુ તથા કાફળ તથા હિસ્સાલુ. થોડા દિવસ બાદ જુન માસમાં ખૂબ શાક તથા ફળ મળશે એમ અહીંના માણસો કહે છે. અમે રૂ૦ ૧૪) નો એક નોકર રાખ્યો છે અને તે પાણી, ધોવાનું તથા વાસણ કરે છે.

અલમોરા કરતા નૈનીતાલ વધારે સુંદર છે અને ૭૦૦૦ ફીટની ઊંચાઇ ઉપર છે. વળી સરકારનું થાણું હોવાથી ઇલેક્ટ્રીસિટી વગેરે સગવડ અહીં કરતા વધારે છે. ત્યા સુંદર તળાવ છે અને તળાવની આસપાસ મકાનો આવેલા છે. ત્યાં પણ રહેવા માટે હોટેલની વ્યવસ્થા ઉત્તમ હોય છે. રૂ૦ ૨) કે ૩) મા બે ઓરડાઓ, વરંડા તથા રસોડું મળી શકે. અહીં આવવું હોય તો રસોઇઆની ખાસ જરૂર છે. અહીંની પહાડી રસોઇ આપણને બીલકુલ ફાવે તેમ નથી. એટલે રસોઇની વ્યવસ્થા આપણે ખાનગી કરી લેવાની.

તે ઉપરાત ગીરજની માફક અહીં વસ્તુઓ ભાડે મળતી નથી એટલે વાસણ વગેરે આપણે સાથે લાવવું પડે. અને વધારે બેડીંગ તથા ગરમ કપડા સિવાય ન અવાય.......
......એજ.

૨

હિમાલય વિલા
હીરા ડુંગરી
અલમોરા (R. K. Ry.)
તા. ૨૩-૫-૨૯

ભાઇશ્રી...,

અલમોરાથી લી૦ ભગવતીના વંદેમાતરમ્ સ્વીકારશો.

અહીં હવાપાણી ખૂબ મજાના છે અને ફરવાના છાયાવાળા રસ્તાઓ પણ સુંદર છે. અહીં પીંડરી ગ્લેશીયરની મુસાફરી સુંદર ગણાય છે. તે ઉપરાત અહીંથી દશ દિવસમાં બદ્રીનારાયણની યાત્રાએ પણ જઈ શકાય છે. અર્થાત્ અહીંથી નાની મોટી મુસાફરીઓ ગોઠવવી ઘણી સગવડવાળી છે.

અલમોરા વિષે થોડું તો મેં આગલા પત્રમાં લખ્યું હતું પરંતુ તમારી માગણીને માન આપી તે બાબતમાં વધુ લખવાની આજે રજા લઉં છું.

રોહીલખંડ કુમાઉ રેલ્વેનું છેલ્લું સ્ટેશન કાઠગોદામ છે અને ત્યાંથી અલમોરા આવવાનું હોય છે. આવવા માટે બે જાતના રસ્તા છેઃ એક મોટર રસ્તો અને બીજો પગદંડી અથવા પગરસ્તો. પગરસ્તે આવીએ તો અલમોરા માત્ર ૩૫ માઇલ છે અને મોટર રસ્તે આવીએ તો લગભગ ૮૫ માઇલ થાય છે. કાઠગોદામથી અલમોરાની મોટર રસ્તામાં મળી જાય છે. અમે કાઠગોદામથી ઉપડયા ત્યારે ડુંગરાઓ ઉપર એક જુદી જ જાતની હવા અનુભવવા માંડયા. કોઈ કોઇ ઠેકાણે સુંદર સુગંધ પવનની સાથે આવતી. તે ઉપરાંત મેં નહિ જોયેલી એવી એક બીજી વસ્તુ પણ હતી. ડુંગરાઓ ઉપર જાણે આપણે ઘરમાં લીંપીએ ત્યારે ઓકળીઓ પાડીએ છીએ એવી જાતના પગથીઆં પાડેલા હોય છે. આ પગથીઆં જેવી ઓકળીઓ એ અહીંનાં ખેતરો. તેમાં આપણા બળદની જોડ ન ફરી શકે એવા તો તે સાંકડા હોય છે. આ બધા પર્વતોમા લગભગ દરેક ટેકરી ઉપર લોકોએ વસવાટ કરેલો છે અને ચાર પાંચ ઝુંપડીઓ થઇ એટલે એક ગામ થઇ ગયું.

અહીં આવ્યા પહેલા મારી એવી કલ્પના હતી કે અહીના પહાડી લોકો પહાડ તથા હવાને લીધે ખૂબ જોરાવર હશે તથા તેમનો બાંધો પણ ખૂબ મજબુત તથા મોટો હશે. પરંતુ અહીંના પહાડી માણસોને જોઇને મારી કલ્પના ખોટી ઠરી અહીંનાં માણસોનાં કદ નાનાં છે અને તેમના મ્હોં ઉપર નૂર દેખાતું નથી. તેમની રીતભાત ઉપરથી આપણે જોઇ શકીએ કે તે ઘણા આળસુ અને ધીમા (slow) છે. પણ પુરુષો કરતાં સ્ત્રીઓ વધુ મજબુત હોય છે, તેમનો બાંધો સુંદર હોય છે અને તેઓ વધુ ખૂબસુરત પણ હોય છે. અહીંની સ્ત્રીઓનો રંગ ગોરો હોય છે અને વિલાયતની સ્ત્રીઓની માફક મ્હોં પર લાલી લાવવા માટે રૂઝ (લાલ રંગ) ચોપડવાની જરૂર પડતી નથી. તેમના મ્હોં ઉપર સુરખી હોય છે અને શરીરનો બાંધો સરસ હોવાથી દીપી ઊઠે છે. નાકમા મોટી બંગડીથી પણ મોટી વાળી હોય છે. કપાળે કંકુનું લાબું ટીલું અને માથામા સિંદુર હોય છે. અહીં ઊંચા કુટુંબ એટલે પૈસાદાર કુટુંબની સ્ત્રીઓ પડદો પાળે છે પરંતુ સામાન્ય માણસોની સ્ત્રીઓને પડદો પાળવો પાલવે તેમ નથી. અહીંઆની સ્ત્રીઓ વધુ મજબુત હોય છે અને પુરુષો પ્રમાણમા ફીક્કા હોય છે. તેનું મુખ્ય કારણ એ છે કે અહીં ખેતીનો બધો બોજો સ્ત્રી ઉપર જ હોય છે. ખેતી કરવી, પાણી ભરવું, લાકડાં લાવવા, ઘાસ લાવવું, ઘર સંભાળવું, રાંધવું, છોકરા રાખવાં એ બધુ સ્ત્રીને માથે. વળી બરફમા પણ સ્ત્રીથી બૂટ કે ચંપલ ન પહેરાય. બરફમાં ઉઘાડા પગે પાણી ભરવા જવું પડે. પુરુષ મજુરી કરે, અથવા નોકરી કરે અથવા ઠીક પ્રમાણમાં જમીન હોય તો બેસી રહે, પાના રમે અને હુક્કો તથા સીગારેટ પીએ. વધુ જમીન હોય તો વધુ સ્ત્રી પરણી લે પહાડીને કેટલી સ્ત્રીઓ છે એમ પૂછવાને બદલે તે કેટલા ખેત છે એમ પૂછીએ તો ચાલે. બે ખેત એટલે બે સ્ત્રી. પણ પોતાને તો લ્હેર કરવાની, રોફ મારવાનો, હુક્કો પીવાનો અને પડી રહેવાનું.

વળી અહીંઆની ગરીબી પણ ખૂબ છે. તેથી તેમને દુધ, ઘી વગેરે પોષક તત્ત્વો મળતાં હોતાં નથી. સવારે ભાત તથા મસુરની દાળ અને સાંજે રોટી તથા તરકારી. અહીંની પહાડી સ્ત્રીઓનો પોષાક પણ સુંદર હોય છે. તેઓ જ્યારે ઉત્સવ પ્રસંગે કપડાં

પહેરે છે ત્યારે બસ રંગની છોળો ઊડે છે. દશ પંદર સ્ત્રીઓ મેળામાં જતી હોય એટલે બસ જોઇ લો. ખાસ પ્રિય રંગ પીળો, પછી લાલ, લીલો વગેરે. એક લાંબા ઘેરવાળો ચણીયો, એક કબજો અને નાની ઓઢણી. એ ઉત્સવ પ્રસંગે અને સામાન્ય રીતે ઓઢણી કેડે કમરકસ તરીકે બાંધી રાખે છે. તેમાં દાતરડું રાખે છે અને એક છેડો ઓઢણી તરીકે અને બીજો કેડે બાંધવા માટે. પણ દરેક સ્ત્રીને કીડીયાનો અને પેલા મોટા લાલ કીડીયાનો તો ખૂબ જ શોખ. તે વિના ચાલે જ નહિ.

પુરુષો પાયજામો, જેકીટ અને હાફકોટ પહેરે છે. પણ તેમનો પહેરવેશ જરા યે શોભતો નથી. ટોપી પણ એક ઉંચીયા દિવાલની અને મુખ્યત્વે ગંદી હોય છે.

તેઓ પહાડી ભાષા બોલે છે. એટલે હિંદી, ગૂજરાતી, મરાઠી, બંગાળી વગેરેનો અશુદ્ધ ખીચડો. "નારાયણ ત્રિવાડી દેવાલય" ને બદલે "નેન તેવાળી દિવાલ". અહીંઆના તરવાડીઓ એ ગૂજરાતમાંથી અને પત મહારાષ્ટ્રમાંથી આવીને વસેલા એમ એ લોકો કહે છે. ગૂજરાતી શબ્દો પણ પહાડીમાં ઘણા મળી આવે છે. અહીંઆની ભાષામાં વિવેક જરા વધારે પડતો માલુમ પડે છે. અહીંઆ જ્યારે એક મિત્ર બીજાને મળે ત્યારે નમસ્કાર કરીને 'વંદે' એ શબ્દો બોલવાનો રિવાજ છે. આખું બોલે તો "વંદે માતરમ". આ રિવાજ અસહકારના જન્મ પછી આ ભાગોમાં શરૂ થયેલો છે. અહીંઆ ૧૯૨૨ માં સત્યાગ્રહ થયેલો અને તેમાં લોકોનો વિજય પણ થયેલો. પરંતુ તે વાત તો હવે પછીના કાગળમાં લખીશ.

અહીંઆનાં મકાનની બાંધણી પણ જરા નોખી છે. છાપરા ઉપર ઘણુંખરૂં પત્થર હોય છે અને જવલ્લે જ પતરા હોય છે. દરેક ઘરમાં અને લગભગ દરેક ઓરડામાં વિલાયતની માફક શિયાળા Fire-place અને ધુણીયું હોય છે. બારીઓ સામાન્ય રીતે નાની હોય છે.

અહીંઆ પણ અંગ્રેજ સરકારની હકુમત ચાલે છે અને તેથી અહીંઆનાં માણસોને બે ધંધા સિવાય બીજો કોઇ દ્રવ્યોપાર્જનનો રસ્તો ખુલ્લો નથી: Drawers of water and Hewers of wood પાણી ભરવું અને લાકડા કાપીને વેચવા. તે સિવાય બીજો એકકે ધંધો એમની પાસે રહ્યો નથી. અહીં સ્થાનિક ઉદ્યોગ કોઇ પણ જાતનો નથી. જેની પાસે જમીન હોય તે ખેતી કરે અને ન હોય તે મજુરી કરે, ભીખ માગે, ટંકીમાં દારૂ ગાળે અને બિચારો છૂટે. અને ખેતીનો આધાર વરસાદ ઉપર જ. કુવા તો સ્વપ્ને પણ ન હોય. પર્વતની જમીન હોય લોહીનું પાણી કરીને જમીન તૈયાર કરી હોય વરસાદ, હીમ, જંગલી જાનવરોની દયા ઉપર પાકનો આધાર હોય, એટલે કમાણી જેવું તો કંઇ છે જ નહિ. તે છતા જમીન મહેસુલ તો ખરી અને હવે થોડા સમય પછી મહેસુલની ફરી તપાસ થવાની છે એમ સાંભળ્યું છે.

અહીંના ઢોર જોઇને તો હસવું કે દયા ખાવી તે સમજાતું નથી. બળદ એટલે આપણા ત્યાંના પાતળા દૂબળા વાછરડા. એ એમનું કદ. ગાયો પણ એવી. બહુ બહુ તો એક શેર અને વધુ કરે તો દોઢ શેર દુધ આપે. પણ બીજું શુ થાય? ગાય, ભેંસ અને બળદ માટે ઘાસના સાસા હોય છે. ચીડ (Pine), દેવદારૂ, યુકેલીપ્ટસ વગેરે ઝાડોનાં વન હોય છે. પહેલાં લોકો આ જંગલને બાળી નાખતા અને તે જગ્યાએ વરસાદને લીધે લીલું ઘાસ ઊગતું. પણ સરકાર માબાપે જંગલાતી કાયદો કાઢયો છે. કોઇ પણ માણસ એક પણ ઝાડને બાળી ન શકે અથવા કાપી ન શકે. અને કદાચ એકાદ ઠેકાણે આગ લાગે તો આખા

ગામે જઈને તેને સત્વરે હોલવી નાખવી, નહિ તો આખા ગામને શિક્ષા કરવામા આવે છે ' એટલે અહીં ઘાસ ઉગાડવું અથવા ગૌચર રાખવું એ હવે અશક્ય થઇ પડયું છે. અને તેને અંગે જાનવરોનો બાંધો બગડતો જાય છે, તેમનું જોર ઓસરતું જાય છે અને માણસોનું પણ તેમ જ.

અહીંના માણસોના બે ધંધાઓ મેં તમને બતાવ્યા પણ એક ત્રીજો ધંધો બતાવવો રહી ગયો. તે ઘોડા રાખવા અને ઘોડાઓ ઉપર માલ લાદીને મજુરી કમાવી. તે સિવાય બીજો એકકે ધંધો તેમને માટે રહ્યો નથી. અલમોરા તો મોટું નગર છે એટલે બજાર પણ આખા ડીસ્ટ્રીકટમા મોટામાં મોટું. આખું યે બજાર ફરી વળ્યો. દરેક વસ્તુ અથવા લગભગ ૯૫ ટકા જેટલી વસ્તુઓ વિલાયતી હોય છે. અહીં કોઇ પણ જાતનો ગૃહ-ઉદ્યોગ નથી અને આપણી મૂર્ખામી તો જુઓ! અહીં ગરીબ માણસો પણ બીડી નહિ પીવાના, સીગારેટ પીવાના. Red Lamp, Pedoo, Honey Dew, Scissors, Silver cloud એ અહીંઆ વપરાશના ક્રમમાં નજરે પડે છે. Red Lamp અને Pedoo સસ્તી હોય છે પણ ઘણી જ હાનિકર્તા હોય છે. ઘણી નાની ઉમરના નિશાળમા જતા છોકરાઓ પણ સીગારેટ પીએ છે. ઘેરથી પૈસો મળ્યો કે છાનીમાની તેની સીગારેટ લઇને પીવાના. અથવા બે ત્રણ જણાં મળી તેની થોડી ફૂંકોનો સ્વાદ ચાખવાના. નાના છોકરાઓની આટલી બધી સંખ્યા બીજે કોઇ પણ ઠેકાણે આટલા પ્રમાણમાં સીગારેટ પીતી નહિ હોય. બસ બધાનાં મ્હોંમાં સીગારેટ જ નજર પડશે. આટલો ગરીબ દેશ છતાં આટલી બધી સીગારેટની ખપત! ચ્હા, પાન, સીગારેટ, દારૂ, માંસઃ એ અહીંના થાંભલાઓ. રાનીખેત પાસે એક મોટી brewery દારૂ ગાળવા માટે છે અને આ ડીસ્ટ્રીકટને ભીની (wet) રાખવાનો પ્રયત્ન કરે છે. અહીંઆ બ્રાહ્મણો ડુંગળી ન ખાય, લસણ ન ખાય, ઇંડાં ખાવા તરફ અણગમો બતાવે પણ માંસ તો કોઇ નહિ. એક ઝટકાથી કાપેલું માંસ નિષ્પાપ ગણાય. બધા તે ખાઈ શકે.

મોટર અને મીશનરી એ બન્ને આ પહાડોમાં ખૂણે ખૂણે વિલાયતી સંસ્કૃતિ, વિલાયતી ચીજો અને વિલાયતી રીતભાત અને ખાસ કરીને વિલાયતના દુર્ગુણોનો પ્રચાર કરે છે. મોટરના આવવાથી મજુરી તથા ઘોડાઓની જરૂરિયાત ઓછી થઈ અને તે ઉપરાંત મોટરના ભાગો (spare parts), પેટ્રોલ અને તે દ્વારા બધી વિલાયતી વસ્તુઓએ અહીંના નાનામાં નાના ગામડામાં પ્રવેશ કર્યો છે. અહીંઆના વણકરો તથા બીજા ઉદ્યોગવાળાઓનો રોટલો ગયો અને સીગારેટ, કોટ પાટલુન, રીસ્ટ વોચ, પેન, કેનેડાના રબ્બરના બૂટ વગેરે ખર્ચાળુ વસ્તુઓએ ઘર ઘાલ્યું. અર્થાત મોટરથી મજુરી ગઇ, ધંધો ગયો અને ખર્ચ વધ્યું.

અહીંઆનું જંગલાઇ (Forest Dept.) ખાતું એ સરકારને ઘણું લાભદાયક ખાતું છે. ચીડ અને દેવદારનાં ઝાડોનો જે રસ ઝરે છે તેને એકઠો કરવામાં આવે છે અને તેમાંથી ટર્પેન્ટાઇન વગેરે રસાયણો કાઢવામાં આવે છે. તેમાંથી સરકારને લાખો રૂપિયાની ઉપજ થાય છે. આપણે ત્યાં જે દેવદારના ખોખાં આવે છે તે સાચું જોતા ચીડ પાઇનનાં ખોખાં હોય છે. દેવદાર તો તેથી વધુ સખત અને કિંમતી હોય છે. અહીં તિમુર નામનું એક ઝાડ

થાય છે અને તેનું જો દાતણ કરવામાં આવે તો અચુક પાયેરીયા મટી જાય છે. સ્વાદ પણ સુંદર પીપરમીટ જેવો હોય છે.

કહેવાય છે કે લડાઈના વખતમાં મેસોપોટેમિયાના લશ્કરમાં પાયેરીયા ફાટી નીકળેલો અને તે વખતે રાનીખેતથી તિમુરનાં દાતણોની પેટીઓ એક માણસે મેસોપોટેમિયા મોકલેલી તેથી ત્યા લશ્કરનો પાયેરીયા મટેલો અને તે માણસને સરકારે ઈલકાબ આપેલો. તેને હવે Red Saheb of Timur એ નામે લોકો ઓળખે છે. મેં પણ તેનું દાતણ કરી જોયું છે અને તે સારૂં લાગે છે.

અલ્મોરા આવતાં રસ્તામાં નૈનીતાલ અને રાનીખેત એ બે સુંદર સ્થળો આવે છે. પણ આ બન્ને સુંદરમા સુંદર જગ્યાઓ સરકારે પોતાના માટે રાખી છે. નૈનીતાલ એ સંયુક્ત પ્રાન્તના ગવર્નરની સીટ છે અને તેથી ખૂબ ખર્ચાળ છે અને રાનીખેતમા ગોરાની પલટણ રહે છે. બાકી રાનીખેત અને ખાસ કરીને ત્યાનો ચોવટીઆ ડુંગર ઘણો જ સુંદર છે. પણ ત્યાં આપણા કુટુંબો રહી શકતા નથી કારણકે ફરવાના રસ્તાઓ તથા બજારમાં બધે ટોમી (Tommy) ફરતા રખડતા હોય છે અને તેથી સ્ત્રીઓ સાથે ફરવું જોખમકારક ગણાય છે. વળી તેઓનું (¹) રાજ્ય હોવાથી તેઓ બજારમાં પણ ફાવે તેમ વર્તે છે એટલે રાનીખેતમાં આપણી વસ્તી ઓછી છે.

અલમોરામાં પણ સુંદરમા સુંદર જગ્યાઓ કાં તો મીશનરીના હાથમાં અથવા પલટણના હાથમા છે. હીરા ડુંગરી લગભગ ક્સાઇઓના હાથમા છે. અને બ્રાઉટર કોર્નર એ કેન્ટોનમેન્ટ માટે છે. અલમોરામા ત્રણ મીશન છે. તેઓ બે મોટી હાઈસ્કૂલો અને એક મોટી છોકરીઓની નિશાળ ચલાવે છે. તે ઉપરાંત પ્રચારકાર્ય માટે હિંદી માણસો રાખે છે, જે લોકો મેળાઓ વગેરે પ્રસંગોએ પ્રચારકાર્ય કરે છે. વળી ખ્રિસ્તી થયેલા હિંદીઓને સગવડો પણ વધુ મળે છેઃ જમીન લેવામા સગવડ કરી આપે છે, મફત ભણાવે છે અને તેથી ઘણા લોકો ઈસાઈ થઈ જાય છે.

અહીં એક સરકારી હાઇસ્કૂલ તથા ઇન્ટરમીડીએટ સુધીની કૉલેજ છે. શિક્ષકો મુખ્યત્વે સીગાર તથા વિલાયતી ડ્રેસના આડતીઆ હોય છે અને પરદેશી સંસ્કૃતિ તથા પહેરવેશના પ્રચાર માટે આજની શિક્ષણની સંસ્થાઓ એ વધુમાં વધુ જવાબદાર છે. અને આ બધું જોઉં છું, આપણા ભાઈઓને પરદેશીઓનું અંધ તથા બેહુદુ અનુકરણ કરવામાં અભિમાન ધરાવતા જોઉં છું, ત્યારે શિક્ષણનું સમાજમાં સ્થાન તથા રાષ્ટ્રીય શિક્ષણની આવશ્યકતા વિષે ભાન થાય છે. રાષ્ટ્રીય શિક્ષણ સિવાય સમાજનો પાયો જ ઘડી શકાવાનો નથી અને હિંદનો ઉદ્ધાર થવાનો નથી એની પ્રતીતિ અહીંઆની ખ્રિસ્તી તથા સરકારી નિશાળના શિક્ષકો, અધ્યાપકો તથા વિદ્યાર્થીઓને જોઇને થાય છે.

અહીંના સૂર્યોદય તથા સૂર્યાસ્ત પણ ઘણા સુંદર લાગે છે. અને ખાસ કરીને સૂર્યાસ્ત. સાચે જ જટાધારી મહાદેવ, અડગ અને અવ્યય જટામાં ચંદ્રને ધારણ કરીને ધ્યાનમાં બેઠા હોય તેવો દેખાવ અજવાળી રાત્રે પહાડો તરફ નજર કરીએ ત્યારે નજરે પડે છે. અલમોરાની રક્ષા માટે ચારે દિશાઓના ચાર પહાડો ઉપર ચાર દેવીઓની સ્થાપના કરવામાં આવી છે. અમારૂં મકાન પાતાળ દેવી પાસે છે. સામે છે કાસાર દેવી. અને બીજી બે

દેવીઓનાં નામ છે સહાયદેવી અને નંદાદેવી. ભક્તો ભક્તિ અને ખીસ્સાના પ્રમાણમાં માતાને બકરાંઓનો ભોગ ધરાવે છે અને પહાડમાં તો હિંદુઓ પણ અને બ્રાહ્મણો પણ માંસ ખાય એ તો તમે જાણો જ છો. અહીંના માણસો એમ માને છે કે અહીંની ઠંડીના લીધે બીડી, હોક્કો, સીગારેટ, ચ્હા, તથા માંસ ન ખાઇએ તો જીવાય જ નહિ. પણ તેમ છતાં તે ન વાપરનારા માણસો પણ મળી આવે ખરા.

અહીંના માણસો તાપ અથવા ગરમીથી ખૂબ જ ગભરાય છે. જરા તાપ પડે એટલે બબડવા માંડવાના. અહીંના તાપમાં હું ઉઘાડે માથે ફરૂં એ તેમને ઘણું વિચિત્ર લાગે છે, પણ તેમને કયાથી ખબર હોય કે અમે તો ૧૧૦ અને ૧૧૪ વેઠેલા એટલે અહીંનો તાપ તો આપણે મન ભાજીમૂળા. પણ તેઓ શરદીથી જરા યે બ્હીતા નથી અને બરફમાં સામાન્ય સુતરાઉ કપડે અને ઉઘાડા પગે ફરનારા માણસો પણ મળી આવે અને સ્ત્રીઓ માટે તો તે સહજ ગણાય.

પણ આજની ટપાલમાં કાગળ નાખવો હોય તો આટલેથી અટકવું જોઇએ. તમે કહેલું કે ત્યાંની હકીકત લખજો એટલે લેતા જાઓ. આપણે બંદા તો નવરા જ છીએ અને રખડેલ પણ છીએ એટલે બધી માહિતી મળ્યા કરે છે. વળી અહીંના કાર્યકર્તાઓ સાથે ઓળખાણ થઈ છે એટલે અહીંઆની સ્થીતિથી વાકેફ થવું મુસ્કેલ નથી. પણ હજુ તો ખૂબ જ લખવાનું બાકી રહી ગયું. પરંતુ જેમ કેટલાંક માસિકોમા આવે છે "આ સુંદર વાર્તાનો વધુ રસિક ભાગ આવતા અંકમાં," એ રીતે હું પણ અહીંની કેટલીક સંસ્થાઓ, મેળાઓ, ભાટીયા તથા હુણીયા વેપારીઓ, દેવદાસીઓ, સાધુસંતો (અને આ સત્સંગ તો ખૂબ જ રસિક અને લાભદાયક છે. દા. ત. રામકૃષ્ણ મીશન અને અમેરિકન સ્વામી અતુલાનંદજી, તથા ઇંગ્લીશ મિસિસ ફૂક ઉર્ફે આનંદી મૈયા, કૃષ્ણ ભક્ત, લખનૌ યુનીવર્સિટીના વાઇસ ચાન્સેલરનાં ધર્મપત્ની મિસિસ ચક્રવર્તી તથા પહેલાના લખનૌના પ્રોફેસર મિ. નિકસન જેઓ હાલમા કૃષ્ણ ભક્ત તરીકે સંન્યાસ લઇને ગોપાળના નામથી મિસિસ ચક્રવર્તી પાસેથી દીક્ષા લઇને રહે છે, તથા વિલાયતના પાદરી મિ. પૂલ જે હાલમાં મોટા શાક્તમાર્ગી બનેલા છે વગેરે સંતોનો મને લાભ મળેલો છે) વગેરે સંબંધી આવતા કાગળમા લખીશ. તે ઉપરાંત અહીં કેટલીક સેવાનું કાર્ય કરતી વ્યક્તિઓની પણ ઓળખાણ કરાવીશ. પછી પેલા સત્યાગ્રહનો ઇતિહાસ પણ આપીશ. અહીંના કેટલાક રિવાજો પણ મઝાના છે અને સૌથી વધુ રસિક તો અહીંની રાસલીલા તથા રામલીલા. આં બધું આવતા પત્રમાં.

કડવો વંદો

પ્રિયંવદા ખૂબ વેગથી હિંચકા ખાતી હતી. લીંબડાની ડાળ જાણે તુટુ તુટુ થતી હતી. નીચે જમના, પગીની છોકરી, ઊભી હતી અને પ્રિયંવદા બ્હેન ઊભા ઊભા હિંચકા ખાતા હતા તેમને બેસીને ધીમેથી હિંચકા ખાવા વિનવતી હતી. પ્રિયંવદા વેગના તાનમાં કશું ગણકારતી ન હતી. ત્યાં ડાળમાંથી વિચિત્ર અવાજ થયો; જમનાને લાગ્યું કે હિંચકો તુટયો–અને તેણે ચીસ પાડી. ચીસ સાંભળી પ્રિયંવદા ચમકી–અને સમતોલપણું ચુકી. પણ તુરત જ તે ચતુરાઈથી પાછું મેળવી હિંચકો ધીમો કર્યો; અને હસવા લાગી. જમનાએ હિંચકાને પકડી રાખવા બે ત્રણ વાર પ્રયત્ન કર્યો; એમ કરતાં તેને જરા વાગ્યું. એટલે પ્રિયંવદાએ પોતે જ હિંચકો બંધ કર્યો.

પ્રિયંવદાએ પૂછ્યું.—" જમના વાગ્યું કે ? રોકવા શું કરવા આવી ? લોહી નીકળ્યું ને ? "

જમના—" બ્હેન તમે આવડા મોટા હિંચકા ખાઓ છો તે બાને કહી દઈશ. "

જમનાએ જમીન ઉપરથી જરા ધુળ લઈ લોહી નીકળ્યું હતું ત્યા લગાવી દીધી.

પ્રિયવદા દોરડામાં પાટીઉ બાંધી કરેલા એ હિંચકા ઉપરથી ઊતરી. સ્વાભાવિક રીતે ખીલતું ઘાટીલું શરીર તનદુરસ્ત હતું. વ્યાયામથી મુખ ઉપરની સ્વાભાવિક સુરખીમાં લાલી આવી હતી. દોરડા સાથે ઘસાવાથી લાલ થએલી હથેળીઓ જમનાને બતાવતી પ્રિયંવદા કહેવા લાગી:—

" જો મેં કેવી મેંદી લગાવી છે ! મેંદીનો રંગ કેવો લાગ્યો છે. જમના પેલું મેંદીનું ગીત ગા જો. એમાં શું આવે છે ? ' હાં રે એનો જોનારો પરદેશ કે મેંદી રંગ લાગ્યો ?' જમના હવે તુ હિંચકા ઉપર બેસ. હું તને હિંચકા ખવડાવું. તું પડીશ તો હું તને ઝીલી લઈશ. "

જમનાને બેસવા ઈચ્છા હતી. ખરી રીતે એ હિંચકો જમનાના બાપ નાથા પગીએ પોતાનાં છોકરાં માટે બાંધ્યો હતો. પ્રિયંવદાના ઉછળતા લોહીને બંગલામાં અને બગીચામાં બાંધેલા સહીસલામતીવાળા હિંચકા ખાવામાં રસ આવતો ન હતો. તેના પિતાએ નવીન ઢબનો બાગ કરવા અનેક વૃક્ષોનો ઉચ્છેદ કરાવેલો—પણ કોઈ અજ્ઞાત કારણથી બંગલાના ચોગાનના એક ખુણામા જ્યા પગી રહેતો હતો ત્યાં લીંબડાની એક ઘટા રહી ગએલી. પ્રિયંવદાને આ ઘટા અને આ હિંચકો બહુ ગમતાં.

જમના—" ના બ્હેન ! એ તો હું મારી મેતે ખાઈશ. તમારી પાસે હિંચકા નંખાવાય ? કોઈ જુએ તો ? "

પ્રિયંવદાએ જમનાનો ' મેતે ' શબ્દ પકડી કહ્યુ. " હવે મેતે મેતે શું કરે છે ? કોઈ જોશે તો શું થઈ ગયુ ? " પ્રિયંવદાએ જમનાને ઉંચકી હિંચકા ઉપર બેસાડી, પણ જમના ઊતરી પડી.

" ના બા ! કોક જુએ તો કહે કે જમના પીયુ બ્હેન પાસે હિંચકા નખાવતી'તી " જમનાએ કહ્યું.

" હટ–બ્હીકણ ! " કહી પ્રિયંવદાએ ઢીલો થઇ ગએલો અંબોડો બરાબર કર્યો.

અંબોડો બરાબર કરી વસ્ત્રો ઠીક કર્યાં, અને જમનાને કહ્યું: " ચાલ, પાટીઆ ઉપર બેસ. દોરડા બરાબર ઝાલજે એટલે નહિ પડાય. "

" ના, બા. હું તો નહિ બેસુ. અમે નોકર માણસ ! કોક શેઠાણીને કહી દે." જમનાએ દૃઢતાથી જવાબ આપ્યો.

પ્રિયંવદા ચીડાઈ ગઈ: " હું કહું છું તો પણ તું ના કેમ પાડે છે ? હું તારાથી વધારે સારાં કપડા પ્હેરૂં કે વધારે મોટા ઘરમાં રહું એટલે શું થયું ? જેવાં તને રમવાનાં અને હિંચવાના કોડ છે એવાં મને છે. અને આ તો તારા બાપે બાંધેલો હિંચકો છે..." પ્રિયંવદા બોલવા માંડતી ત્યારે અટકવા માટે તેને ભારે પ્રયત્ન કરવો પડતો.

જમના મુંઝાવા લાગી. એને પ્રિયંવદાની વાત સાચી લાગી. પણ હિંમત ન ચાલી. પણ પીયુ બ્હેનને આવેશમાં આવેલા જોઇને તેમને ખુશ કરવા કહ્યું: " બ્હેન, એમાં ખીજાઓ છો શું ? લ્યો, આ બેઠી ! "

" તને ના ગમે તો મારે તને કાંઇ હિંચકા નાખવા નથી. તું તારી ' મેતે ' ખા. " એમ કહી પ્રિયંવદા એક લીમડા નીચે લિંપેલા ઓટલા ઉપર બેઠી.

જમના મુંઝાઇને ઊભી રહી. પ્રિયંવદાએ શાન્ત થઇ તેને ફાવે તેટલા હિંચકા ખાવા કહ્યું. જમના હિંચકા ખાવા લાગી. પ્રિયંવદા એને જોતાં જોતાં એ પ્રસગના વિચારમાં મગ્ન થઈ ગઇ.

પ્રિયંવદાની ઉમ્મર અઢાર વર્ષની હતી; જમનાની ચૌદ વર્ષની હતી.

જમનાની મા હયાત ન હતી. તેની મા મરી ગઈ હતી કે એના બાપને મુકી નાંશી ગઈ હતી એની માહીતી એ શ્રીમંત દુનીઆમાં કોઈને ન હતી. નોકર નોકરી કરે અને એનો પૂરતો પગાર લે—એનાથી વધારે માનવી સંબંધ આપણા નવીન શ્રીમંતોને પોસાતો નથી.

જમનાને એના બાપે એક વાર પરણાવી હતી. પણ તેનો ધણી દારૂડીયો થઇ ગયો હતો—અને એક વાર તેણે જમનાને ખુબ મારી એટલે તે બાપ પાસે નાશી આવી. નાથા પગીએ તેના વ્હેવાઈ સાથે એકાદ બાબતમાં વાંધો પાડી જમનાને સાસરે મોકલવા ના પાડી હતી; અને તેને બીજે વળાવવાના વિચારમાં હતો. વહુને માર પડે એ બીજો ધણી કરવાનું ક્યાંય પણ પૂરતું કારણ ગણાતુ નથી. જમના ઘર ચલાવતી એટલે નાથા પગીને તેને બીજે વળાવવાની ઉતાવળ ન હતી.

પ્રિયંવદાના પિતા ધીરજલાલ શેઠને વારસામાં સારી મીલ્કત મળી હતી; અને પોતે પણ એ મીલ્કતમાં સારો વધારો કર્યો હતો. ગૂજરાતમાં કહેવાય છે તે રીતે તે મીલ-માલેક હતા.

ધીરજલાલને જીવનની દરેક બાબતમા નવીનમા નવીન વિચાર ધારણ કરવાનો શોખ હતો. આ શોખ કોઇ ઊંડી સત્યાસત્યની શ્રદ્ધામાંથી ઉત્પન્ન થએલો ન હતો; પણ આગળ પડવાનો એ એક રસ્તો છે તેમ તે સમજતા. આજ કારણથી જ્યારે ગાંધીજીની ઘોષણાથી ખાદી ફૅશનમાં આવી ત્યારે પોતે મીલ ચલાવતા છતાં ખાદી પ્હેરીને જ બ્હાર નીકળતા. પણ વિચારોના પરસ્પર સંબંધ અને એમાથી ઉપજતા નવા કર્તવ્યોનું, નવી જવાબદારી-ઓનું અને નવાં જોખમોનુ તેમને ભાન ન હતું. કેટલાક સુધારકો પોતાની છોકરીઓને

મોટી ઉમ્મર સુધી કુંવારી રહેવા દેતા એટલે એમણે પ્રિયંવદાને મોટી થવા દીધી હતી. પ્રિયંવદાને કેળવણી પણ છોકરાની ઢબે જ અપાઈ હતી, અને તેની માતા ચંચળબાઈએ ચાર દીકરા પછી આવેલી દીકરીને છોકરાની છૂટથી ઉછેરી હતી.

ચંચળબાઈ સાધારણ સ્થિતિના પિયરની હતી; અને જો કે નવી ઢબને અનુસરી ધીરજલાલ શેઠ એમને આધુનિક સ્ત્રીસન્માન આપવા પ્રયત્ન કરતા હતા પણ પોતે એ ગરીબપુત્રીને શ્રીમંતપત્ની બનાવી હતી એ વાત ભુલે એમ ન હતું. ચંચળબાઈ જેની બધી બાહ્ય સ્થિતિ સંતોષકારક હતી,—તે આ ગૂઢભાવ સમજતાં હતા. ઘણીવાર તેને સ્વાભાવિક માની હિન્દુ સ્ત્રીની પતિ તરફની નિયતવૃત્તિમાં કૃતજ્ઞતાની લાગણી તે ઉમેરતાં હતા. પણ કોઈકવાર ન સમજાય એવી રીતે કાંઈ પણ કારણ વિના એમને ઓછું આવતું—માઠું લાગતું, અને જાણે ઘરમાં પોતે એક નોકર હોય એમ તેમને લાગ્યા કરતું. પુત્રો થયા પછી પણ આ માનસિક સ્થિતિ કોઇક વાર આવી જતી. પુત્રોનાં વર્તનમાં પણ તેને કોઇક વાર લાગતું કે જાણે તે શ્રીમંતના પુત્રો છે. પુત્રી થયા પછી એના મનમાં એક જાતનું આશ્વાસન—એક જાતની શાન્તિ— આવ્યાં હતા. ત્યારપછી તે કૌટુમ્બિક પરિસ્થિતિમાં સ્વાભાવિકતા અનુભવતાં હતા. પણ પ્રિયંવદા મોટી થતાં—સંસ્કારી કેળવણી પામતાં—ને પરણવા લાયક થતાં—પોતાની જુવાનીની મૂર્તિ સમી એને જોતાં—એ જૂની વેદના પાછી એમને થઈ આવતી; અને ઘણીવાર પ્રિયંવદા માની પાસે લાડમાં બેઠી હોય અને ખભા ઉપર પાણીના ટીંપા જેવું કાંઇક પડતાં ચમકીને જુએ તો માની આંખમાં આંસુ દેખાય! પ્રિયંવદા આનું કાંઈ સ્પષ્ટ કારણ સમજતી નહતી; તો પણ તેને માની આ સ્થિતિ જોઈ દુઃખ થતું—અને આંસુનું કારણ માને પૂછાય એવું નથી તે સ્ત્રીસહજ સંસ્કારથી સમજતી.

પ્રિયંવદાની ઉમ્મર અઢાર વર્ષની થઈ હતી, પણ તે તેના ઉછેરના અને કેળવણીના કારણથી, એ ઉમ્મરની બીજી હિંદુ કન્યાઓની જેમ લગ્ન માટે પાકટ થઇ ગઈ ન હતી. હજી એ અલ્હેતી, તોફાની અને મોજી હતી; જો કે એ ઉમ્મરને સહજ એવા વિચારવમળમાં તે ઘણીવાર તરફડીયાં મારતી. નાતમાં તે પોતાની નિખાલસ અને સ્વ છંદને અનુસરનારી રીતભાતથી ચાવી થઇ હતી. અને જ્ઞાતિના સ્ત્રીપુરુષોની ભલભલા કવિઓ પાસે પણ માગ મુકાવે એવી કલ્પનાથી જે અનેક વાતો પ્રિયંવદા માટે રચાઇ હતી તે ચંચળબાઈ દ્વારા ધીરજલાલ શેઠના કાને આવી હતી. આ સાંભળતાં શેઠનો ગ્રામ્ય આત્મા ખળભળી ઊઠતો હતો; અને નવા વિચારો એ પ્રસંગમાં કાંઈ મદદ કરી શકતા ન હતા. ધીરજલાલ શેઠના સંસ્કારો અભણ માણસના હતા. એમનું બાહ્યજીવન, અનુકરણથી, આધુનિક સંસ્કૃતિનું હતું. આથી આ નવી રીતે જીવન ગાળતાં સંજોગોને લીધે જે પરિણામો આવે તે સહન કરવાની તેમની તૈયારી ન હતી.

ચંચળબાઇ જે જૂના હિંદુ સંસ્કારનું સહજ જીવન ગાળતા હતાં અને જે નાતના ગપ્પાને જાણવા જણાવવા ઉત્સુક રહેતાં તે, તે બધાં વજુદ વિનાના હોય છે એમ પણ જાણતાં હતાં. પણ પ્રિયંવદા પરણવા લાયક થઇ છે—એ ચિન્તા એમને પણ થયા કરતી.

પિતા પોતાની સ્થિતિના શ્રીમંત વર શોધતા હતા; મા દીકરીને સુખી કરે એવા 'મુરતીઆ' તરફ નજર રાખતી હતી. આવા અનેક ભાવી પતિ થવાની અભિલાષવાળા

'મુરતીઆ' પ્રિયવદાને મળવા આવતા-પ્રિયવદા એમનાં હેતુ જાણતી—અને સૌને બનાવવામાં ઉડાવવામા મઝા માણતી.

પ્રિયંવદા કોઇને પરણવા, તત્પરતા ન બતાવતી તેથી મા-બાપ મુંઝાતા. જીવનના આ એક વિષયમાં શેઠ-શેઠાણી સમદુઃખ અનુભવતાં. શેઠે અત્યાર સુધી જીવનની બધી પરિસ્થિતિ પોતાને અનુકૂળ, સુખરૂપ કેમ થાય એ દૃષ્ટિથી જ ગોઠવી હતી. આ એક છોકરી એમની-રચનામાં કંટકરૂપ હતી. પ્રિયવદા એમને અણગમતી થઈ ગઇ હતી. પ્હેલાં બહુ લાડ કરેલાં એ દીકરી તરફ પોતાને આવું કેમ થાય છે એ વિચારથી કોઇકિ વાર તે ઉદાસીન બનતાં. પણ તે ઉદાસીનતાનો અંત ચીડમાં આવતો. પ્રિયંવદાને ઘણીવાર તે અડધી ચીડમા અને અડધી મશ્કરીમા, તેની એક ગાશી તેને પ્રિયવંદા કહેતી તે યાદ કરાવી, ધીરજલાલ કહેતા કે તે પ્રિયવદા નહિ પણ કટુવંદા કડવો વંદો હતી. આવા પ્રસંગે ચંચળબાઇને, અસંસ્કારી ભાષા બોલતી પોતાની બ્હેનનો વ્યંગ્યમાં થતો ઉપહાસ ખુંચતો; પણ પ્રિયંવદા બાપને સંભળાવતી કે "પપ્પા તમે એકલા એકલા વંદા ખાતા હો એમ લાગે છે. નહિ તો તમને શી રીતે ખબર પડે કે હું કડવો વદો છું." આવા પ્રસંગો ઉપર ધીરજલાલની ધીરજ ખુટી જતી અને ચંચળબાઇ ધીરજથી પ્રસંગ બદલી નાખતાં.

ધીરજલાલને ઘણીવાર લાગતું કે જ્ઞાતિના રીવાજ પ્રમાણે પ્રિયંવદાની સગાઇ પહેલેથી કરી હોત તો ઠીક.

ચંચળબાઈ સમજતા હતા કે આવી રીતે ઉછરેલી છોકરીને સુખી કરે એવો વર મળવો દુર્લભ હતો. શ્રીમંત વર્ગમાં તો તેને આશા જ ન હતી.

પ્રિયંવદાને માબાપની આ અકારણ ચિન્તાથી કોઇક વાર હસવું આવતું—કોઇક વાર દુઃખ થતું.

જમના ધીમે ધીમે હિંચકા ખાતી હતી. પ્રિયંવદા વિચાર કરતી હતી.

ધીરજલાલ શેઠના ઘરમા નવી ઢબના વિચારોની ખોટ ન હતી. નવીન વિચારોની ચર્ચા કરનારાઓમાં એ વિચારની અસર હોય છે તેના કરતા કેટલીક વાર એના સાંભળનારાઓમાં તે ઊંડી અસર કરે છે. ધીરજલાલ એમના મિત્રો સાથે જે ઉપલકીઆ વાતો કરતા તેનાં વિચારબીજો પ્રિયંવદાના વિકાસી ચિત્તમાં કોઇને કલ્પના ન આવે એ રીતે, *ઊગતાં હતાં. પોતે ન જાણે અને માબાપ ન જાણે એ રીતે રૂઢિનાં અને પરંપરાનાં બંધનો* એના મનમાથી સરી પડયાં હતા.

જમાનાને એટલો આગ્રહ કર્યો છતાં પોતાને હિંચકા નાખવા ન દીધા એ સ્થિતિનું કારણ તે સમજતી હતી. નોકર અને શેઠના ભેદો માણસની માણસાઇને પણ ભેદી નાખે છે; એનો સ્પષ્ટ દાખલો પોતે જોયો. શેઠોએ નોકરોને પ્હેલાં પોતાનાથી એટલા જુદાં માન્યા કે હવે શેઠ વર્ગમાથી કોઈ એ ભેદ તોડવા જાય તો નોકરો એ ભેદ છોડવાને અશક્ત હતા. માણસ માણસ વચ્ચે એક જાતની સૂક્ષ્મ અસ્પૃશ્યતા વિકાસ પામતી હતી. આ વિચાર ઉપરથી પ્રિયવદાનું મન નાતજાતના ઉંચનીચના ભેદો ઉપર ગયું; તે ઉપરથી સ્ત્રીપુરુષની પ્રધાનગૌણતાના વિચાર કરવા લાગ્યુ; અને તેમાથી વળી સ્ત્રીપુરુષના લગ્ન સંબંધનાં વિચાર કરવા લાગ્યુ, અને તેમાંથી પોતાના માતપિતાનું જીવન જોવા લાગ્યું; અને બ્હારથી સુખી દેખાતા જીવનને, માતાનાં ન સમજાય એવાં આસુ દ્વારા જોતા તેમાં તેને વિલક્ષણ તિરસ્કાર

ઉત્પન્ન કરે એવી તડો દેખાવા લાગી. આ વિચારમાંથી તે ભાવી જીવનનાં વિચારમાં ડુબ્યું અને એમાંથી જાતજાતની લગ્નમા લેવાતી છૂટ સંબંધી વિચાર તેને આવવા લાગ્યા. આ પ્રમાણે પ્રિયંવદાનુ મન શાખામૃગની જેમ વિચારની એક ડાળેથી બીજી ડાળે કુદકા મારતું હતું.

પશ્ચિમમાં સૂર્ય આથમતો હતો. તેનું તેજ આગળનાં લીંબડાનાં પર્ણોમાંથી નીકળી પ્રિયંવદાના વિચારમગ્ન મ્હેરા ઉપર પડતું હતું. જમના જેને આવી વસ્તુઓ નીરખવાનો અભ્યાસ નહતો તે પણ આંતર અને બાહ્ય પ્રકાશથી દીપતા મુખને હિંચકો બંધ રાખી નીરખવા લાગી. હિંચકો બંધ થતાં પ્રિયંવદાનું ધ્યાન જમના ઉપર ગયું અને તે શું નિરખતી હતી એ પૂછ્યુ.

" તમારૂં મ્હોંડું નિરખતી'તી. " જમનાએ કહ્યું.

" તું મારો વર થવાની છું તે મારૂં મ્હોંડું નિરખે છે ?" પ્રિયંવદાએ હસતાં હસતાં કહ્યું.

" બ્હેન બહુ રૂપાળાં લાગો છો ?" જમના હિંચકાથી ઊતરી પ્રિયંવદા સામે ઓટલા નીચે બેઠી.

" બ્હેન લગન કયારે થવાનાં છે ?" જમનાએ ગોઠડી શરૂ કરી, અને સ્ત્રીત્વની સમાન ભૂમિકા ઉપર આવતાં ઘડીભર શેઠનોકરનો ભેદ ભુલી ગઇ.

" કોઇ પરણનાર મળે ત્યારે પરણીએ ને ?" પ્રિયંવદાએ મ્હોંનો ચાળો કર્યો અને જમના હસી પડી.

" તમને પરણનારની શી ખોટ. એ તો તમે પરણવાની ના પાડો છો એમ બધા કહે છે." જમનાએ જરા છૂટથી વાત કરવા માંડી.

" તને કોણે કહ્યું કે હું ના પાડું છું." પ્રિયંવદાએ ભવા ચડાવી પૂછ્યું.

" એ તો એક દહાડો બા કહેતા 'તા.'' જમનાએ કહ્યુ.

" બા શું કહેતા હતા ?" પ્રિયંવદાએ જિજ્ઞાસાથી પૂછ્યું.

જમનાએ હસીને કહ્યુ. " એ તો બા એમ કહેતાં'તા કે આ ભણતર એવું કેવું કે કોઈ વર જ ના ગમે ?"

પ્રિયંવદા થોડીક વાર ગંભીર થઈ બેઠી. " જમના તું સાસરેથી કેમ નાસી આવી ?"

" મારો પીટયો દારૂ પી આવીને મારતો 'તો, તે એવો માર રોજ કોણ ખાય ? અને પૈસો લાવવાની ત્રેવડ્યે ન મળે. હું મજુરીએ જઈ પૈસા લાવું એ પડાવી લે અને ન આપું તો ગાળો દઇ ઝુડવા માંડે." જમના એ બનાવને કહેતાં કહેતાં ગુસ્સે થવા લાગી.

" તે અત્યારે તો તારો ધણી તને મારતો નથી ને ? ગુસ્સો કોના ઉપર કરે છે ?" પ્રિયંવદા હસવા લાગી. " હવે ફરીથી સાસરે નહિ જવાની ?"

' હવે જાય છે મારે ભૂતરાત. મારા બાપાએ બીજું હારૂં ઠેકાણું હોધી રાખ્યું છે " જમનાએ ખાત્રીથી જવાબ આપ્યો. થોડીક વાર પછી બોલી, " પણ પીયુ બા, તમે કેમ પરણતાં નથી ?"

" હું પરણું અને મારો ધણી મારે તો ? મારા બાપા કાંઈ બીજો ધણી શોધી કહાડે ? " પ્રિયંવદાએ કહ્યું.

" બા, પણ તમારા ઊંચા વરણમા એવું થાય ? એ તો અમારા હલકા વરણમાં ચાલે" જમના ડહાપણથી બોલી,

"પણ અમારા ઊંચા વરણમાંએ ધણી બાયડીને મારે છે એ ખરો અને તમારા વરણમાં ન થાય એવા ઠંડા જુલમો પણ કરે છે" પ્રિયંવદાએ કહ્યું.

"એ તો વાંક પડે તો કોક દહાડે મારે એ ખરો" જમનાએ તાત્વિક તટસ્થતાથી કહ્યું.

પ્રિયંવદાએ હસીને કહ્યું: "ત્યારે કાલાવી બાઇ નાસી શું કરવા આવ્યાં ?"

"પણ એ તો મારો પીટયો કશું રળે નહિ. પછી ખાવું શું ?" જમનાએ બચાવ કર્યો.

બંગલા તરફથી એક નોકર આવ્યો. પ્રિયંવદાએ પૂછ્યું: "કેમ ?"

"બ્હેન સાહેબ, ગંગારામ શેઠના દીકરા રમેશ શેઠ આવ્યા છે. દીવાનખાનામાં બેઠા છે" નોકરે કહ્યું.

"તને કોણે મોકલ્યો ?" પ્રિયંવદાએ મિજાજમાં પૂછ્યું.

"મોટા ભાઇએ" નોકરે દબાઇને જવાબ આપ્યો.

"જા, રમેશ શેઠને અંહી મોકલ." પ્રિયંવદાએ કહ્યું.

નોકર સલામ કરી ચાલતો થયો.

થોડીક વારે મૂછો બોડેલા મ્હેરાવાળો, ફૂલેલા ગાલવાળો, હાથમાં ઇવિનીંગ કેપ રાખી એક યુવાન એ બાજુ આવ્યો.

પ્રિયંવદા ઊભી ન થઇ. ઓટલા ઉપર બેઠા બેઠાં કહ્યું: "પધારો રમેશ શેઠ."

રમેશ શેઠ પાસે આવ્યા. પણ બેસવાની કયાઇ જગા ન હતી. પ્રિયંવદા સાથે ઓટલા ઉપર બેસવાની હિંમત ચાલતી ન હતી.

"બોલો કયાં બેસશો શેઠ ? પેલા હીંચકા ઉપર બેસશો ? જો જો સંભાળીને બેસજો; પાટીઉં ભાગી ન જાય" પ્રિયંવદાએ એમની સ્થૂલતા ઉપર કટાક્ષ નાખી સ્મિત કરી કહ્યું.

જમના ઊભી થઈ ખુરશી લેવા જતી હતી એને રોકીને પ્રિયંવદાએ કહ્યું: "બેસને. અમારે કાંઈ ખાનગી વાતો નથી કરવાની."

આ સાંભળી રમેશનું મ્હોડું ખસિયાણુ થઈ ગયું. તે હીંચકાના પાટીઆ ઉપર કઢંગી રીતે બેઠો; અને શું બોલવું એ ન સૂઝવાથી નીચે જોઈ રહ્યો.

"આ વખતે તમે ઇન્ટરમા નપાસ થયા ખરૂં ?" પ્રિયંવદાએ વાત શરૂ કરી.

"હાજી. લોજીકમાં પાચ માર્ક માટે ઊડી ગયો" રમેશે જવાબ આપ્યો.

"ત્યારે હવે શું કરો છો ? ઇન્ટરમાં તમે બીજી વર્ષ હતા ખરૂં ?" પ્રિયંવદાએ આડા અવળા બેદરકારીથી પ્રશ્નો પૂછવા માંડયા.

"ફાધર કહે છે કે મિલમા ધ્યાન આપો. એટલે મિલમાં જાઉં છું. મહિને ચાલીસ રૂપીઆમાં જોઇએ તેટલા ગ્રેજ્યુએટો મળે છે, તો શા માટે એમાં શક્તિ ખર્ચી નાખવી એવી બધાની સલાહ છે" રમેશ શેઠે જવાબ આપ્યો.

"તમારી પોતાની શી મરજી છે ?" પ્રિયંવદાએ ફરી પૂછ્યું.

પણ રમેશ આ પ્રશ્નનો કાંઈ જુદો જ અર્થ સમજ્યો; અને એના મ્હોડા ઉપર શરમની છાયા આવી ગઈ; અને બોલતાં મૂંઝાવા લાગ્યો.

"મારી તો મરજી છે. ફક્ત આપ હા પાડો એની જ વાર છે." રમેશે હિંમતભેર કહ્યું.

"હું તમને શા માટે ના પાડું. તમારે ભણવું કે ન ભણવું એ તમારી મરજીની વાત છે. તમને કયા હરિલાલની જેમ ભણવા માટે પૈસાની ખોટ પડે એમ છે ? એ બિચારો દરેક વખતે ફર્સ્ટ કલાસ આવે તોયે બીજું વર્ષ ભણાશે કે નહિ તેની તેને

ચિન્તા હોય. આ વર્ષે તે ગ્રેજ્યુએટ થયો. ખરોને? મારા બાપુએ એને મદદ ન કરી હોત તો સીનઅર બી. એ.નું વર્ષ ન ભરી શકત!" પ્રિયંવદાએ રમેશની મૂંઝવણ જાણ્યા છતાં કાંઈ ન સમજી હોય એમ વાત ચાલુ રાખી.

રમેશ ચીડાયો: "આપને હરિલાલ ઉપર જ પ્રેમ છે તો પછી મને શા માટે મળવા બોલાવ્યો? મારી મશ્કરી કરો છો?" રમેશ ઊભો થઈ ગયો.

પ્રિયંવદાએ એને ઊધડો લેવા માંડયો: "રમેશ શેઠ તમે શું બોલો છો? મેં તમને ક્યારે બોલાવ્યા હતા? અને હરિલાલ ઉપર પ્રેમ ને એ બધુ શું બકો છો? કોઈ અંગ્રેજી નવલકથાનો પાઠ તો નથી ભજવતા ને? તમે કોના આગળ વાત કરો છો? હું તમારી પરીક્ષાની વાત કરૂં છું અને તમે પ્રેમ પ્રેમ કરો છો. પછી તમે પાસ શી રીતે થાઓ!"

રમેશને લાગ્યું કે પ્રિયંવદાને હરિલાલ ઉપર પ્રેમ નથી એટલે ફરીથી એકવાર પ્રયત્ન કરવાનું ભાન થયું: "પ્રિયંવદા, એમ દાઝયા ઉપર ડામ ન દો. હું તમારી ખાતર જ નપાસ થયો છું. તમારા વિચારમાં ને વિચારમા મને કાંઈ યાદ જ રહેતું નથી. તમારે જો આમ જ કરવું હતું તો તે દિવસે મોટરમાથી શું કરવા મારા સામુ જોઈ હસ્યાં?"

પ્રિયંવદા ખડખડાટ હસી પડી. રમેશ ભોંઠો પડયો. જમના આશ્ચર્યચકિત થઈ એક લીંબડા પછવાડેથી આ દૃશ્ય જોતી હતી.

થોડીકવાર બન્નેએ મૌન રાખ્યું.

"બાએ આપને ચ્હા પાઇ કે નહિ? ના પાઇ હોય તો આપણે મગાવીએ" પ્રિયંવદાએ પૂછ્યું.

"મારે તમારી ચ્હા પીવી નથી. હું જાઉં છું. તમારા ભાઈએ મારૂં અપમાન કર્યું છે તે હું મારા બાપુને જણાવીશ. જો તમારે મારી સાથે છેવટની વાત ન્હોતી કરવી તો શું કરવા એમણે મને અંહી આવવા કહ્યુ?" રમેશ ચીડાઇને બોલ્યો.

પ્રિયંવદાએ ગંભીર થઈ કહ્યું: "મારા ભાઈએ તમને શા માટે અંહી આવવા નિમંત્રણ આપ્યુ હશે તે હું જાણુતી નથી. તે તમારે મારા ભાઇને પૂછવું જોઇએ, મને નહિ. તમે મારા ધણી થવાનો અભિલાષ રાખો તે પ્હેલા થોડીક બુદ્ધિ મેળવવા પ્રયત્ન કરો."

રમેશ પ્રિયંવદાને જોઇ વિહ્વલ થઈ ગયો હતો; અને જેમ જેમ તેની કામના પૂરી થવાની આશા ઓછી થતી દેખાતી હતી તેમ તેમ તે જંગલી થતો હતો. પ્રિયંવદાના આ શીતળ ચાબખાથી તેનો ગુસ્સો ભભૂકી ઊઠયો. તે લાલપીળો થઈ ગયો. જમના આ દૃશ્ય જોઈ એકદમ પ્રિયંવદા પાસે દોડી આવી. તેનો ધણી જ્યારે તેને મારતો ત્યારે પહેલા તે આવો થઇ જતો.

'બા, રમેશ શેઠ આમ કેમ કરે છે?' જમનાએ પુછ્યું.

'હું એમની સ્ત્રી થાઉં અને એમની ઇચ્છાને વશ ન થાઉં ત્યારે એ શું કરે એની મને સૂચના કરે છે!' પ્રિયંવદાએ જમનાને ઉત્તર વાળ્યો. રમેશને કહ્યું: "રમેશ શેઠ સભ્યતા શીખો. તમે અત્યારે મારા બંગલામા છો. ધારૂં તો ધક્કા મારી બહાર કાઢું."

રમેશે કહ્યું: "તમારા બાપે તમને બહુ ફટાડયા છે. પસ્તાશો."

પ્રિયંવદાએ હસતા હસતાં કહ્યુ: "પધારો મારા આશક. હવે આપ આપના ઘેર પધારો. હું પસ્તાઇશ ત્યારે તમારી માશુક થઇશ. હવે આપ પધારો." અને એટલા જોરથી તે હસી કે રમેશ ત્યાથી રોષમા ધૂંધવાતો ચાલ્યો ગયો.

જમના—" પીયુ બ્હેન, બળ્યું આવું શું કર્યું બધાં કહે છે કે બાર મહિનાથી રમેશ શેઠની અને આપની પરણવાની વાત ચાલે છે. અને લગભગ નક્કી થઈ ગયું છે. અને તમે તો એમને ગુસ્સે કરી જવાં દીધા."

" એ નક્કી જેવું હતું એટલે જ શેઠ સાહેબે આટલો રોફ કર્યો. પણ નક્કી કોણે કર્યું ? મે તો કોઇ દિવસ હા પાડી નથી!" પ્રિયંવદાએ દૃઢતાથી કહ્યું.

" એમા તમારી હાને શું કરવી'તી ?" જમનાએ સહજ રીતે કહ્યું.

એક નોકરે આવી કહ્યું: " પીયુ બ્હેન, બા સાહેબ બોલાવે છે."

પ્રિયંવદાએ લીંબડાની ઘટામાથી બ્હાર નીકળી ક્ષિતિજ તરફ અને આજુબાજુ જોયું. સાંજ પડી ગઇ હતી. સૂર્યાસ્તની છેવટની રક્ત શ્યામલ તેજછટા અદશ્ય થાય એ પહેલા પ્રિયંવદાની આખમાં રમી ગઈ. મધરાતે જેને બોલવાની મઝા આવે છે એ ઘુવડે વિચિત્ર જાતનો અવાજ કર્યો અને મૂક થઇ ગયો. દૂરથી મોરની કેકા સંભળાઇ. ઊનાળાનો અંત આવતો હતો. પ્રિયંવદાની પટુ ઇન્દ્રિયો કુદરતના સૂક્ષ્મ આદોલનો ઝીલતી—અને તેમાથી એક પ્રકારની સ્વાભાવિક સ્વૈરતા ઝીલતી.

૨

ચંચળબાઇ અને ધીરજલાલ શેઠ બન્ને એક બીજા ઉપર ખીજાએલાં હતાં. બન્ને સામસામા ખુરશી ઉપર બેઠાં હતાં. વચમા ગોળ ટેબલ હતું.

" પણ મેં તમને કયાં કહ્યું'તું કે તમે છોકરીને સુધરેલી ઢબે કેળવણી આપો ? ઘરમાં દરેક નવી વાત તમે જ દાખલ કરી છે!" ચંચળબાઈએ ફરિયાદ કરી.

" તમને બધા ગમારને માણસ બનાવ્યા એનો શિરપાવ આપો છો ?" ધીરજલાલ ચીડાઇને બોલ્યા.

" અમને ગમાર જ રહેવા દેવાં'તા. મને કોઈ દિવસ બૂટ પહેરવાનો કે ટેનિસ રમવાનો શોખ નહતો. તમે તે બધુ બળજોરીથી શિખવાડયું છે." ચંચળબાઇએ જવાબ આપ્યો. પ્રસંગ બગડશે એ જોઈ શાન્ત થઇ ચંચળબાઇએ કહ્યું: " પણ તમે શું કરવા આટલા બધા ગુસ્સે થાઓ છો ? પીયુ પરણવાની કયાં ના પાડે છે ?"

" તેણે ગઇ કાલે ગંગારામ શેઠના પુત્ર રમેશનું અપમાન કરી ધક્કા મારી બહાર મોકલવા ધમકી આપી કાઢી મૂક્યો એ તમે નહિ જાણતાં હો ? તમારા ખોટા લાડથી એ આટલી બધી ઉદ્ધત થઈ છે. આ રાજારામ વકીલ આદિની પુત્રીઓ ગ્રેજ્યુએટ થઈ છે પણ સરસ રીતે પોતાની નાતમા જ સારા વરને પસંદ કરી પરણી છે. એમને કોઇને કેમ તમારી દીકરીના જેવા કોડ થતા નથી ? મામા ખાનદાની હોય તો દીકરીમાં આવે, ને ?" ધીરજલાલ શેઠ આવેશમા ને આવેશમા ન બોલવાનું બોલી ગયા.

" હું પાંચ છોકરાંની મા થઈ તો યે તમે હજી મારી પિયરની ગરીબાઇ કે તમારી શ્રીમંતાઈ ભુલ્યા નથી. હું પ્રિયવદાને કોઇ શ્રીમંતના ઘેર પરણાવવાની નથી. તમારાથી થાય તે કરજો!" જીંદગીમા કદાપિ પહેલી વાર ચંચળબાઈ માણસાઈ ને આવશ્યક સ્વમાનથી બોલ્યાં.

ધીરજલાલ થોડીક વાર શાન્ત રહ્યા. પછી અભિમાનથી ભવા ચડાવી બોલ્યા—" વારુ. ત્યારે ભીખારીને પરણાવજો. પેલા હરિલાલને એટલા માટે મારી પાસે મદદ અપાવી હશે ? તો શા માટે કબુલ નથી કરતા કે પ્રિયંવદાને તમે જ ચડાવી રમેશનું અપમાન કરાવ્યું!"

થોડીકવાર બન્નેએ મૌન રાખ્યું. ધીરજલાલ ફરીથી બોલ્યાઃ

" ગંગારામ શેઠને મેં વચન આપ્યું છે; અને તેમણે રમેશને વિલાયત ભણવા મોકલવાનું વચન આપ્યું છે. આનાથી વધારે તમારે મા–દીકરીને શું જોઇએ છે ?"

પ્રિયંવદા આવી. " પપ્પા, કડવો વંદો બોલે ?"

પુત્રીને જોઈ માબાપ શાન્ત થયાં. ધીરજલાલે પ્રિયંવદાને પટાવવા પ્રયત્ન કરવા માંડયોઃ " કડવો વંદો બહુ ચીકણો ન થાય તો બોલે. "

" અમારે મા દીકરીને શું જોઇએ છે તે પૂછો છો ? પણ અમારે બન્નેને એક જ જોઇએ છે એની તમને શી રીતે ખબર પડી ?"

" એટલે ?" ધીરજલાલે ચડતી ચીડ રોકવાનો પ્રયત્ન કરતા ઉદ્‌ગાર કાઢયો.

" તમે મને હું અણસમજણી હતી ત્યારથી જ કહેવા માંડયું હતું કે મરજીમા આવે તેને પરણવું. આપણા લગ્નના બંધન ઘણા કઠણ છે એવી પણ તમે અનેકવાર ચર્ચાઓ કરો છો. તો પછી શા માટે રમેશ જેવા બુલડૉગને પરણવાનું મને કહો છો ?" પ્રિયંવદાએ સહજ શાન્તિથી કહ્યું.

ધીરજલાલ ચીડાયા. " તેં કાલે રમેશનું અપમાન કર્યું હતું ખરું ને ? ધક્કા મારવાની ધમકી આપી હતી. એ સભ્ય કુટુંબના ફરજંદનું લક્ષણ કહેવાય ?"

પ્રિયંવદા પિતાની સામે ઊભી હતી તે માની સોડમા ભરાઈ ગઇ. જ્યારે જ્યારે ધીરજલાલ ખરેખર રોષમા આવતા ત્યારે પ્રિયવદા સહજ પશુલાગણીથી માનો આશ્રય શોધતી. પ્રિયંવદાએ કાંઈ જવાબ ન આપ્યો એટલે ધીરજલાલ વધારે ચીડાયા અને ફરીથી એ પ્રશ્ન પૂછ્યો. પ્રિયંવદા છંછેડાઈ.

" હું સભ્ય કુટુમ્બનું ફરજંદ છું કે નહિ તે હું શું જાણું ? તે તમે જાણો ! પણ સભ્ય કુટુમ્બનું ફરજંદ પોતાના ઘરના આંગણામાં કોઈ કામી આખલો આવે તો જરૂર ધોકા મારી બહાર કાઢે. મેં રમેશને ધોકા ન માર્યા એટલા પૂરતી હું સભ્ય કુટુમ્બનું ફરજંદ નહિ. " પ્રિયંવદા બોલવાના વેગમાં ચઢી હતી, અને તેની જીભ કાતરની માફક ચાલતી હતી.

ચંચળબાઇએ તેનો હાથ દબાવી બોલતી રોકી, અને ધીરજલાલને શાન્ત કર્યા.

ચંચળબાઇ–" પણ હવે ત્યારે કરવું છે શું ? રમેશને ન પરણાવીએ તો શું ? હરિલાલ ગરીબ છે એટલે શુ થયું ? તમારે વિલાયત જઈ આવેલો વરને પરણાવવી હોય તો આપણે હરિલાલને વિલાયત મોકલીશુ. "

" છેવટે તમારી ગરીબની જાત તે ગરીબ જ શોધે !" ધીરજલાલથી વળી બોલી જવાયુ.

" હું રમેશને કદાપિ નહિ પરણુ " પ્રિયંવદા લાલચોળ થઈ બોલી અને ઊભી થઈ જવા લાગી.

ધીરજલાલ ક્રૂધ્ધ ઉઠયા. ઊભા થઇને પ્રિયંવદાનો હાથ ઝાલી ઊભી રાખી. પ્રિયંવદા બોલી ઉઠીઃ " લ્યો મારો. તમે બધા એક સરખા પશુઓ છો !"

ધીરજલાલે હાથ છોડી દીધો અને ચંચળબાઇને કહ્યું : " રમેશને નહિ પરણાવો તો તમારી નાતમા આ છોકરીને કોઇ નહિ પરણે. "

ધીરજલાલ ચીડાઇને ખંડની બ્હાર જવા ઊભા થયા.

ચંચળબાઈ વિષના ઘૂંટડા ગળી જઈ બોલ્યાં: " એની તમે ચિન્તા ન કરશો. હરિલાલ પરણવા ખુશી છે. પ્રિયંવદા બહાર જા."

પ્રિયંવદા ખંડ બહાર ગઇ.

" તમે શું કરવા પ્રિયવદાને એની મરજી વિરુદ્ધ પરણાવવા ઇચ્છો છો ? શ્રીમંતને ત્યાં જ દીકરી સુખી થાય એમ શું કરવા માનો છો ? " ચંચળબાઇએ આજીજી કરી.

ધીરજલાલ પાછા ફરી ખુરશી ઉપર બેઠા. " તમે મારા ઘરમાં દુઃખી થયા છો ? તમને શ્રીમંતો ઉપર તિરસ્કાર છે એ હું જાણું છું.. પણ એ શા માટે છે તે હું સમજી શકતો નથી. "

" તે હું એ સમજી શકતી નથી. પણ શ્રીમત માણસ એની શ્રીમંતાઈની પાર જઈ શકતો નથી; અને ગરીબ માણસને માણસાઇથી ચાહી શકતો નથી. " ચંચળબાઇએ અજાણતા જ પોતાના જીવનનો નીચોડ કાઢી બતાવ્યો.

ધીરજલાલ શેઠ છત સામું કેટલીક વાર જોઈ રહ્યા. ચંચળબાઇની વાત સાચી લાગતી હતી. પોતાની પત્ની, પોતાના ફરજંદની માતા ગરીબ પિયરની હતી એ વાત મનમા દાબી દેવા તેમણે અનેકવાર પ્રયત્ન કર્યો હતો; પણ જરાક મતભેદનો પ્રસંગ પડતા ચંચળબાઇનું મ્હોં પાડી નાખવા એ વાત તે એક કે બીજા રૂપે કહી દેતા. ચંચળબાઇના નૈસર્ગિક વહાલનો પોતે એ રીતે બદલો આપતા હતા એ વિચાર તેમને ખૂચ્યો. દીકરીના તોફાને આજે તેના ચિત્તને ક્ષુબ્ધ કર્યું હતું. એ ક્ષોભને લઇને પોતાની આ મલિનતા પણ તેમને જણાઈ. આધેડ વયના ધીરજલાલ સામેની ખુરશીએથી ઊઠી આધેડ વયનાં ચંચળબાઇ પાસેની ખુરશીએ બેઠા, અને ચંચળબાઇનો હાથ પોતાના હાથમાં લઈ ચૂમ્યો.

" તું કહે એ રીતે પ્રિયંવદાનું લગ્ન કરીશું. પણ મને ખાત્રી નથી કે પ્રિયંવદા કોઇને પણ પસંદ કરશે. "

" તે મારૂં કામ " ચંચળબાઇએ ખાત્રીથી કહ્યું.

પુત્રીના લગ્નના પ્રશ્ને માબાપના લગ્નનો એક અન્તરાય દૂર કર્યો !

૩

પ્રિયંવદા અને હરિલાલ બાગમાં ફરતાં હતાં. બન્ને, ખૂણામાં રહેલી લીંબડાની ઘટા તરફ જતા હતા. પ્રિયંવદા છૂટથી અનેક પ્રશ્નોની ચર્ચા કરતી હતી, હરિલાલ પણ પ્રિયંવદાને માઠું ન લાગે એની સંભાળ રાખી રદિયા આપતો હતો.

ઓચિંતું પ્રિયંવદાએ એકદમ હરિલાલ સામું જોઈ પૂછ્યું: " તમે કોલેજમાં ફેલો નીમાયા-એટલે તમે ભણવામાં હુંશિયાર ખરા. પણ તમારૂં શરીર આવુ માયકાંગલા જેવુ કેમ છે ? "

આવા પ્રશ્નનો, પતિ થવાના અભિલાષવાળો જુવાન શો ઉત્તર આપે ? હરિલાલ હસ્યો. લગ્નના સંબંધની તાત્ત્વિક ચર્ચા ચાલતી હતી તેમાથી એકદમ પ્રિયંવદાએ આ પ્રશ્ન પૂછ્યો હતો. સ્વાભાવિક રીતે જ હરિલાલના મનમાં આશા બંધાઈ.

" હવે કસરત વગેરે શરુ કર્યા છે એટલે શરીર સરસ થઇ જશે. " આ ઉત્તર હરિલાલે આપ્યો ત્યારે પ્રિયંવદાને હરિલાલનું મોઢું મૂર્ખ જેવું લાગ્યું.

"તમે પેલા ભવભૂતિનો શ્લોક ટાંકી કહો છો કે પ્રેમનો આધાર બાહ્ય ઉપાધિ-બાહ્ય કારણો ઉપર નથી. પણ મને તો લાગે છે કે પ્રેમનો આધાર બાહ્ય ઉપાધિઓ ઉપર જ હોય છે. આ તમારા જેવા નબળા માણસને શું કોઈ સ્ત્રી રાજીખુશીથી પરણે ?" પ્રિયંવદાના શબ્દોએ હરિલાલના હૃદયમાં વજ્રાઘાત કર્યો. ઘડીભર તેની બુદ્ધિ મૂંઝાઈ ગઈ. પ્રિયંવદા તરફ તેને અભિલાષ હતો તે એ જાણતો હતો; અને અત્યારે પ્રિયંવદાની સાથે બાગમાં ફરવાનો ધન્ય પ્રસંગ મળ્યો હતો તે સમયે પ્રિયંવદાના યૌવનના પરાગથી તે મુગ્ધ થયો હતો. આથી તેની તીક્ષ્ણ બુદ્ધિ પણ વધારે તીક્ષ્ણ થઈ કામ કરતી હતી. પણ પ્રિયંવદાના છેવટના શબ્દોએ એને મૂક કરી નાખ્યો.

પ્રિયંવદાએ ફરી પૂછ્યું: "કેમ ખરું કહું છું ને. તમારો તો દૃષ્ટાંત છે. પણ સારા લગ્ન માટે સ્ત્રી પુરુષના શરીર તો સારા જોઈએ જ ને ?"

"જોઈએ" હરિલાલે મંદતાથી જવાબ આપ્યો.

બન્ને લીંબડાની ઘટામાં દાખલ થયાં. પ્રિયંવદા પરિચિત હીંચકા ઉપર બેઠી. હરિલાલને ઓટલા ઉપર બેસવા કહ્યું. જમના એના ઘરમાં કાંઈક ગીત ગણગણતી હતી તેને બોલાવી.

"આજકાલ લોકગીતોની ફેશન થઈ છે એટલે મારા પપ્પાએ લોકગીતની કેટલીક જંગલી લીટીઓ લલકારે છે" પ્રિયંવદાએ સ્મિત કરી કહ્યું. "પણ આ જમના એક ગીત ગાય છે તે તમે સાંભળ્યું નહિ હોય !"

હરિલાલે સ્વસ્થતા પ્રાપ્ત કરી કહ્યું: "મારે સાંભળવું છે. સારું હશે તો કોઈક માસિકમાં મોકલીશ."

"જમના પેલું 'મારગડો ભૂલી' ગા !" પ્રિયંવદાએ આજ્ઞા કરી.

જમનાએ ગાવા માંડ્યું.

વાડામાં જાવંતરી વાઈ
પરોઢીએ ટોવાને[1] મોકલી
અરેરે મારગડો ભુલી !
સાસરીએ સસરોજી ભૂંડા
સાસુડી મારી વેરણ થઈ લાગી
અરેરે મારગડો ભૂલી—

જમના ગાતી હતી અને પ્રિયંવદાએ બોલવાનું શરૂ કર્યું: "દરેક પરણેલી હિંદુ સ્ત્રીની આ આર્ત હાય છે એમ મારી ભાભીઓનાં મોઢાંથી હું કહી શકું છું. દરેકને એમ જ લાગે છે કે તે 'મારગડો ભૂલી' છે."

"પણ એમ શા માટે માનવું ? આપણે ત્યાં સમાજસુધારો થાય એટલે આપણાં ઘણાં દુઃખો દૂર થાય ?" હરિલાલે કહ્યું.

"દાખલા તરીકે ?" પ્રિયંવદાએ પૂછ્યું. . .

જમનાએ આ બન્નેને ચર્ચા કરતાં જોઈ ગાવાનું બંધ કર્યું; અને એક લીંબડાને ટેકીને ઊભી રહી.

---

૧. ટોવું એટલે પક્ષીને ઉડાડી મૂકવા.

હરિલાલે કહ્યું: "દાખલા તરીકે લગ્ન જો પસંદગીથી અને પ્રેમમૂલક થાય તો પછી અસંતોષ ક્યાંથી રહે?"

પ્રિયંવદા હસી પડી. "પણ પ્રેમ એ વસ્તુ એવી છે કે જે કોઈ સમજી શકતું નથી એમ તમે કહો છો. અને એવી કોઈ ન સમજે એવી વાત ઉપર આખા સંસારનો પાયો કેમ રચાય? વળી આ પ્રેમની વાતમાં તો હમેશાં સ્ત્રીને ફસાવવાનું હોય છે. માટે જ તે કહે છે: 'અરેરે મારગડો ભૂલી!' જમના કેમ ગાતી બંધ થઈ ગઈ?"

"તમે સાંભળો ત્યારે ગાઉં ને? તમે તો વાતો કરવા લાગ્યાં!" પોતાના ગીતની ઉપેક્ષા થએલી તે જમનાએ જણાવી.

"પણ હું તો સંસારસુધારામાં માનું છું. હિન્દુસ્થાનને એ વિના સ્વરાજ્ય નહિ મળે" હરિલાલે કહ્યું.

"તે વળી બીજી વાત" પ્રિયંવદાએ કહ્યું. "સંસારસુધારામાં તમે જે કાંઈ ઇચ્છો છો તે હિન્દુસ્થાનની વસ્તીના મોટા ભાગમાં છે."

હરિલાલે ચકિત થઈ પૂછ્યું: "કેવી રીતે?"

"કેવી રીતે? જુઓ સાંભળો. સ્ત્રીપુરુષના સંબંધમાં સુધારકો જે છૂટ ઇચ્છે છે તે હિન્દુસ્થાનની હલકી ગણાતી કોમોમાં છે. અને હિન્દુસ્થાનની વસ્તીનો મોટો ભાગ એમનો છે. એ કોમોમાં સ્ત્રી જો પૂરતી જોરાવર હોય તો પુરુષને મારી શકે, તમારા જેવાને તો જરૂર મારે." પ્રિયંવદા હસી પડી. "વળી સ્ત્રીપુરુષને ન ફાવે તો વિલાયત કરતાં વધારે સહેલાઈથી છૂટાછેડા થઈ શકે. એમનામાં નિરાધાર વિધવાઓ મોટા ભાગે પુનર્વિવાહ કરે છે! આનાથી બીજું તમારા સુધારકોને શું જોઈએ છે? તમે કહેશો કેળવણી. કેળવણી એ ઘરેણું છે. મુખ્ય વસ્તુ છે એટલે બસ. મને તો આખો હિન્દુ સમાજ આવો હોય તો ગમે!"

હરિલાલ જે પુસ્તકકીટ હતો તે આ બધું સાંભળી ચમક્યો. "તમને આ કોણે કહ્યું?"

"આ જમનાની કથની સાંભળો. જમનાનો ધણી દારુડિયો નીકળ્યો અને એને માર મારતો હતો એટલે એના બાપે ઘેર બોલાવી લીધી; અને હવે બીજે પરણાવશે. કહો તમને આ રીવાજ ગમે કે નહિ?" પ્રિયંવદાએ આંખો ઝીણી કરી પુછ્યું.

હરિલાલ અવાક્ થઈ ગયો. ધીમે ધીમે દોલા ઉપર હાલતા યુવાન તનદુરસ્ત મોહક શરીરમાંથી કેવા વિચિત્ર ભાવો નીકળતા હતા. પ્રિયંવદા જો પરણે અને કાંઈ મતભેદ પડે તો પોતાને માર પણ ખાવો પડે એ વિચાર પણ હરિલાલને આવ્યા વિના રહ્યો નહિ. તો પણ બહાદુરીથી બોલ્યો: "જરૂર, શા માટે નહિ!"

પ્રિયંવદા એકદમ બોલી ઊઠી. "મને પરણવાની લાલચ છે એટલે હા પાડો છો કે ખરેખર એમ માનો છો? આપણી વચ્ચે ન બને તો શું તમે મને છૂટથી બીજે પરણવા દો?"

"એટલે તમે મારી સાથે શરત કરવા માગો છો? તમને મારા ઉપર પ્રેમ નથી? મારે નથી પરણવું." હરિલાલ હારી જઈ બોલ્યો.

"અને તમને મારા ઉપર પ્રેમ છે એમ તમે માનો છો? મૂર્ખ છો? હું તમારી ખુશામતનો અર્થ ન સમજું એવી નથી." પ્રિયંવદા ચીડાઈ ગઈ.

સામેથી ધીરજલાલ અને ચંચળબાઈ આવતાં હતાં.

પ્રિયંવદાએ જોરથી હીંચકા ખાવા માડયા. હરિલાલ એ શરીરના દર્શનથી વિહ્વળ થયો હતો, પણ એમા રહેલા માનસથી મૂઢ થતો હતો.

ચંચળબાઈ સફળતાની આશાએ આવ્યાં. હરિલાલનું મુખ જોઈ એમને કાંઈ સમજાયું નહિ. ધીરજલાલ પ્રિયંવદા જે રીતે હીંચકા ખાતી હતી તે ઉપરથી સમજી ગયો કે પ્રિયંવદા હજી નથાઈ ન હતી.

પપ્પાને જોઈ પ્રિયંવદાએ હીંચકો બંધ રાખ્યો. "પપ્પા, કડવો વંદો પરણવા તૈયાર છે પણ તેને કોઈ પરણવા તૈયાર નથી." પ્રિયંવદા ખડખડાટ હસી. ચંચળબાઇ આનો કાઇ અર્થ ન સમજી શકયાં.

પ્રિયંવદાએ કહ્યુંઃ "પપ્પા, આ નાથાપગીને જમના જેટલી વ્હાલી છે તેટલી હું તમને વ્હાલી નથી!"

"તેં કેમ જાણ્યું?" ધીરજલાલે હસતાં હસતાં પૂછ્યું.

"જુઓ આ જમનાને એનો ધણી દારૂ પીને મારતો હતો એટલે નાથા પગીએ એને પોતાને ઘેર બોલાવી લીધી અને બીજે વળાવવાની જોગવાઈ કરી. એવું તમે કાંઈ કરી શકો?" પ્રિયંવદાએ પૂછ્યું.

ચંચળબાઈ મામલો સમજી ગઈ. અને જીંદગીમાં કદાપિ પહેલીવાર દીકરી ઉપર ખૂબ ચીડાઈઃ "પીયુ, તું બહુ ફાટી ગઈ છું. કેમ કાંઈ મર્યાદા સમજે છે કે નહિ?"

પ્રિયંવદાએ માની આંખ સામુ જોયુ. પોતાના વિચારો સાચા હતા કે નહિ તે તેને સમજાયું નહિ. તેને થયુ "અરેરે મારગડો ભૂલી!"

બગીચાના આ ભાગમા નવીન ઢબનો સ્વીમીંગ બાથ કરવાનો હોવાથી ધીરજલાલે નાથા પગીને બોલાવી લીંબડા કાપી નાખવાનો હુકમ કર્યો.

"પપ્પા, આ લીંબડાઓને હું પરણી છું. એટલું જૂનું રહેવા દો! હું હીંચકા કયાં ખાઇશ?"

ચંચળબાઇએ ચીડાઇને કહ્યુંઃ "નહિ કાલેને કાલે એ કપાવી નાંખો. હવે એને કાંઈ પણ છૂટ આપવાની નથી."

પ્રિયંવદા ચકિત થઇ ગઈ.

"પપ્પા, હું પેલા બુલડૉગને પરણીશ. અથવા તમે કહેશો એ કૌતરાને પરણીશ. પણ આ લીંબડા રાખજો, અને જ્યારે મારો ધણી મને મારશે ત્યારે અહીંઆં આવી હીંચતી હીંચતી ગાઇશ કે—

અરેરે મારગડો ભૂલી—
અરેરે મારગડો ભૂલી—

સંજય*

---

* તા. ૨૨-૬-૨૯ના 'નૂતન ગુજરાત'માં કોઇ લેખકે સંજય નામથી લેખ લખ્યો છે તે આનાથી ભિન્ન છે. આ પહેલાં આ લેખકે 'પ્રસ્થાન'મા ત્રણ વાર્તા લખી છે. તન્ત્રી

લોકચર્યા

૧. મારી સુરતની યાત્રા

ગઇ તા. ૩૦–૩૧ મી માર્ચ અને ૧ એપ્રિલને રોજ ગૂજરાતના પ્રાચીન શહેર સુરતમાં અખિલ ભારતીય હિન્દુ મહાસભાનું બારમું અધિવેશન થયુ હતું. હુ તેનો સભાપતિ ચૂંટાયેલો હોવાથી યથા સમયે ત્યા પહોચવાને માટે ૨૭ માર્ચે કલકત્તાથી ઉપડયો.

× × ×

સુરતમાં શહેર બહાર એક સાફ સુધડ બે માળના મકાનમા અમારો ઉતારો હતો. લક્ષાધિપતિ શેઠ શ્રી ચુનીલાલ દલાલને માથે અમારી સુશ્રૂષાનો ભાર હતો; અને તેમણે અમારું સારું જતન કર્યું હતું. અમે સુરતમાં કુલ ૬૨ કલાક રહ્યા તેમા આહાર નિદ્રા સિવાયનો બધો વખત હિન્દુ મહાસભાના કામમા જતો. રાત્રે આ કામને માટે પણ પૂરતો સમય મળતો નહિ. એક દિવસે તો રાત્રે ૧ વાગ્યા પછી વિષયવિચારણી સભાનું કામ પુરું થયુ એટલે શહેર જોવાને વખત ન મળ્યો. આમતેમ જતા આવતા જે કાંઇ નજરે પડ્યુ તે જ માત્ર જોયુ છે. સુરત પ્રાચીન શહેર છે. એ પહેલાં કોટ અને ખાઈથી રક્ષાયેલું હતું. આજે પણ ઠેકાણે ઠેકાણે તેના અવશેષો રહેલા છે. શહેર ગંદું છે. પહેલાં એ બંદર હતું. આજે તો સમુદ્ર કેટલાક માઇલ દૂર ચાલ્યો ગયો છે.

હિન્દુ મહાસભાનું કાર્ય શરુ થતાં પહેલા **वंदे मातरम्** ગવાયું. સૂર બંગાળના જેવો ન હતો. આ ગીત સાચી રીતે જોતાં સમગ્ર હિન્દના સર્વધર્માવલમ્બીઓનું રાષ્ટ્રીય ગીત થવાને યોગ્ય નથી. રવીન્દ્રનાથનું ‘ જનગણમનઅધિનાયક ’ એના કરતાં વધુ સારું છે.

અહીંઆ ખાવાપીવાની બાબતમા કોઈ કોઈની જાતિ વિષે કુતૂહલ બતાવતું નહિ. જુદા જુદા પ્રાંતનાં અને જાતના પ્રતિનિધિઓ એક જ પંક્તિમા ભેળા બેસી ભોજન કરતા. અહીંઆ રહ્યા તે દરમ્યાન હિન્દુ મહાસભાની બેઠક સિવાય અખિલ ભારતીય અસ્પૃશ્યોદ્ધાર પરિષદનું ત્રીજુ અધિવેશન થયુ હતું. ડૉ. નારાયણ દામોદર સાવરકર એના પ્રમુખ ચૂંટાયા હતા. હિન્દુ મહાસભા કરતાં પણ આમા પ્રેક્ષકો અને શ્રોતાઓની સંખ્યા વધુ થઇ હતી. બન્ને સભાઓમા પુષ્કળ સ્ત્રીઓ હતી. હિન્દુ મહાસભામાં સ્ત્રીઓએ પણ ભાષણ કર્યાં હતા. લાલા લજપતરાયના મૃત્યુ માટે શોક બતાવ્યા પછી અસ્પૃશ્યોદ્ધાર પરિષદમા નીચેનો ઠરાવ પસાર થયો હતો:—

“ આ પરિષદ જાહેર કરે છે કે અસ્પૃશ્યતા હિન્દુ ધર્મનું આવશ્યક અંગ નથી, પરંતુ થોડા વખતથી જ શરૂ થયેલું મિથ્યા ભ્રમોત્પાદક અને કલંકયુક્ત રૂઢિ છે. અત્યારે એનો જલદી ત્યાગ કરવાથી જ હિન્દુ જાતિની આત્મશુદ્ધિ થશે.”

એ સિવાય બીજા પણ અનેક ઉપયોગી ઠરાવો થયા હતા. સુરતમા હિન્દુ સ્ત્રીઓની એક સમિતિના આમંત્રણથી હું તેમને મળવા ગયો હતો. સભા એક દેવમંદિરને લગતા વિશાળ વરંડામાં થઇ હતી. ગૂજરાતની હિન્દુ સ્ત્રીઓમા પડદો નથી. સેંકડો સ્ત્રીઓ હાજર થઈ હતી. તેમના પ્રમુખ એક વયોવૃદ્ધ હિન્દુ મહિલા હતાં. ઉમ્મર આશરે સિત્તેરેક હશે. મને ઉદ્દેશીને તેમણે ગૂજરાતીમાં સૌજન્ય-સૂચક નાનું સરખું ભાષણ કર્યું. મને કાંઈક બોલવાનું કહેવામા આવતા હુ અંગ્રેજીમાં થોડું બોલ્યો. ડૉ. મુંજેએ તે હિન્દીમા સમજાવ્યુ. મારા ભાષણમાં મુખ્ય વાત એ હતી કે ગૂજરાતમા સ્ત્રીઓને સ્વતંત્રતા હોવાથી તેઓને બધી રીતે આત્મોન્નતિ અને લોકહિત સાધવાને પૂરી સગવડ છે. એથી તેઓએ એવો દાખલો બેસાડવો જોઈએ કે જેથી ઉત્તર હિન્દની સ્ત્રીઓને લાભ થાય.

એક દિવસ દલિત કોમના કેટલાંક બાળકોએ ડ્રીલ વગેરે બતાવ્યું એમને માટે સ્કૂલ ચલાવવાને શેઠ નારાયણલાલ પિત્તી માસિક હજાર રૂપિયાની મદદ આપે છે. સુરતની મગનલાલ કોલેજના

અધ્યાપક શ્રી જયેન્દ્રરાય ભગવાનલાલ દૂરકાળે મને પોતાની કૉલેજ અને વનિતાવિશ્રામ બતાવ્યા. વનિતા વિશ્રામ પહેલાં અસહાય વિધવા હિન્દુ બાળિકા અને સ્ત્રીઓને ભણવા અને રહેવાને માટે સ્થાપવામાં આવ્યું હતું. હવે કુમારી અને સધવા બાળાઓ અને સ્ત્રીઓને પણ દાખલ કરવામા આવે છે. વિશાળ બાગમાં તે આવેલું છે. એમાં મકાન બાંધવાને અને કામ ચલાવવાને લાખો રૂપિયા ભેગા કરવામાં આવ્યા હતા. મકાન મોટું અને સુંદર છે. સ્નાનગૃહ, રસોડું, ભોજનગૃહ, ભંડાર વગેરે સ્વચ્છ, વિશાળ અને વ્યવસ્થિત હતા. સામાન્ય શિક્ષણ, સંગીતનું શિક્ષણ અને શિવણકામ વગેરે ગૃહ કર્મના શિક્ષણનાં જુદા જુદા ઓરડાઓ ઉપરાંત રામાયણની કથા સાભળવાનો વિશાળ ખંડ, વ્યક્તિગત પૂજાપ્રાર્થના માટે નાનો સુંદર ઓરડો, બધી વિદ્યાર્થિનીઓને એકત્ર ઉપદેશાદિ સાભળવાનો ખંડ વગેરે છે. એક શિક્ષિકાએ મને આ બધુ બતાવ્યુ. કેટલીક વિદ્યાર્થિનીઓએ સ્તોત્રો અને કવિતા બોલી બતાવ્યા. તેઓમાં કેટલીક ઉમરે પહોંચેલી હતી. બીજી કેટલીક વિદ્યાર્થિનીઓએ ગીતની સાથે ગુજરાતમા સર્વશ્રેણીના હિન્દુઓમા પ્રચલિત ગરબાનૃત્ય બતાવ્યું. આ વનિતાવિશ્રામ મુખ્યત્વે કરીને સ્ત્રીઓના ઉદ્યોગ અને દાનથી સ્થપાયુ છે અને ચાલે છે.

અમે જે દિવસે રાતે સુરતથી ઉપડ્યા તે દિવસે રાત્રે આઠ વાગે હિન્દુ મહાસભાની સ્વાગત સમિતિના સભાપતિ ડૉ. રાયજીએ પોતાને ઘેર ગરબા જોવાને અને ગીત સાંભળવાને અમને નોતર્યા. રસ્તાની બાજુમા વિશાળ આગણામા ગરબા ગવાયા. ગુજરાતના લોકો આને ગરબા જ કહે છે, નૃત્ય કહેતા નથી. આસો મહિનાના નવરાત્રના દિવસોમા એ ખાસ કરીને ગવાય છે. ડૉ. રાયજીને ઘરના ગરબામા હિન્દુ મહાસભાના પ્રતિનિધિઓને નોતરવામા આવ્યા હતા. તે ઉપરાંત તેમના સગાવહાલાંનાં ઘરની સ્ત્રીઓને પણ નોતરવામાં આવી હતી. સ્ત્રીઓને બેસવાની જગા હિન્દી પદ્ધતિ પ્રમાણે જુદી હતી પરંતુ કોઈ પણ જાતનો ચક કે પડદો નો'તો. ગરબામા ગોળાકારે ફરી ફરીને સુશોભિત અને ભવ્યતાયુક્ત અંગભંગી સાથે ગીત ગાવામા આવે છે. ગીત જાત જાતના હોય છે. આજકાલ નવી જાતના ગીતો પણ રચાય છે: જેમકે સ્વદેશી વિરોના ગીતો, બારડોલી સત્યાગ્રહ વિશેનાં ગીતો. ડૉ. રાયજીના ઘરના ગરબામા તેમની વડી વિવાહિતા કન્યા શ્રીમતી કુમુદ શિરીષકાન્ત દેસાઇ, તેમની જ્યેષ્ઠપુત્રવધૂ શ્રીમતી મલ્લિકા મનોજ રાયજી અને બીજી ઘણી પ્રતિષ્ઠિત હિન્દુ કુટુંબની સ્ત્રીઓએ ભાગ લીધો હતો. ડૉ. રાયજી બ્રાહ્મણ છે. આ ગરબામા જેઓએ ગાયું હતુ તેમનો અવાજ બહુ જ મીઠો હતો. વનિતાવિશ્રામના ગરબામા જે વિદ્યાર્થિનીઓના ગીત સાભળ્યાં હતાં તે એટલાં મીઠા ન હતા. આ ભેદનુ કારણ હુ બતાવી શકતો નથી. ગરબા પૂરા થતા સ્ત્રીઓનો આભાર માની હું થોડુ બોલ્યો. ત્યારપછી ડૉ. રાયજી તરફથી ગરબામા ભાગ લેનાર દરેક સ્ત્રીને એક એક સુંદર વાટકી મે ભેટ આપી. એ ત્યાનો પ્રચલિત રિવાજ છે.

અહીંથી અમે સીધા સ્ટેશને જઇને ગાડીમા બેઠા. સરસામાન પહેલેથી જ સ્વયસેવકો મારફત ત્યા મોકલી દેવામા આવ્યો હતો.

સુરતમાં હતા ત્યારે જ અમને અમદાવાદ પ્રાર્થના સમાજના મંત્રી શ્રી. ગટુલાલ ધ્રુવે નિમંત્રણ આપ્યુ હતુ એટલે અ સુનીતિકુમાર ચટ્ટોપાધ્યાયે, અ. કાલિદાસ નાગે અને મેં ત્યાં ઉતરવાનું નક્કી કર્યું હતુ.

અમારામાના બીજા બધાઓએ વડોદરા જોઇને અમદાવાદ જવાનું નક્કી કર્યું. સવાર થયુ ન થયું એટલામાં અમદાવાદ સ્ટેશને ગાડી આવી પહોંચી. જોઇએ છીએ તો શ્રી. ધ્રુવ અમારા ડબ્બા આગળ ઊભા હતા ઓળખાણ થતા મને ખબર પડી કે તેઓ સ્વર્ગસ્થ સર રમણભાઇની પત્ની લેડી વિદ્યાગૌરીના ભાઈ છે.

× × ×

અમદાવાદનું પ્રાચીન નામ કર્ણાવતી છે. અહીં મુસલમાનોનાં રાજ્ય દરમ્યાન બંધાયેલાં અનેક કબરો અને મકાનો છે. તેમાં કોઈ કોઇની પથ્થરની જાળીનું કામ બહુ જ સુંદર છે. તેવી જ પિત્તળની

જાળી પણ કોઈ કોઈ કબરોમાં જોવામાં આવે છે. ઘણાં મકાનોનું સ્થાપત્ય જોયા પછી લાગે છે કે મીસ્ત્રીઓ અને કારીગરો હિન્દુ હતા. સાબરમતી નદીને કિનારે શાહીબાગ છે. એનો જે વરંડા નદીની સામે છે ત્યાં બેસીને રવીન્દ્રનાથે ક્ષુધિત પાષાણ (Hungry Stones) લખી હતી. ત્યારે તેમના વચેટ ભાઇ સત્યેન્દ્ર ઠાકુર અહીં નોકરીએ હતા.

શહેરના જે જે બાગોમાં મિલો છે તે તે બાગોની સુંદરતા અને સ્વચ્છતાનાં વખાણ કરી શકાય એમ નથી. એ વ્યાપારનું મોટું મથક છે. અહીંની દુકાનોનું એક વિશેષત્વ એ નજરે પડયું કે ઘણીખરી દુકાનોનાં નામનાં પાટિયાં માત્ર ગુજરાતીમાં જ લખેલાં હોય છે, અંગ્રેજીમાં નહિ. આમ હોવું જ સ્વાભાવિક છે. બંગાળમાં ઘણે ઠેકાણે અંગ્રેજીમાં નામ લખ્યા વિના ચાલતું જ ન હોય તેમ બંગાળીની દુકાનોનાં નામ એવાં રાખવામાં આવે છે કે ઘરાકના મનમાં દુકાનદાર અંગ્રેજ છે એવો ભાસ થાય.

પહેલે દિવસે રાત્રે લેડી વિદ્યાગૌરીએ ગુજરાતી સ્ત્રીમંડળ તરફથી અમારે માટે ગરબાનૃત્યની વ્યવસ્થા કરી હતી. તેમાં ઘણી પ્રતિષ્ઠિત કુટુંબની સ્ત્રીઓએ ભાગ લીધો હતો. નૃત્ય શબ્દ સાથે આપણા દેશમાં હલકાઈનો ભાવ જોડાયેલો છે, તેથી તેનો ઉપયોગ કરવાનું મન થતું નથી. છતાં બીજા શબ્દને અભાવે તે જ વાપરવો પડે છે.

મેં જેટલું જોયું છે તેટલા ઉપરથી વિચાર કરતાં મને ગરબામાં અનિષ્ટકર કે નિંદનીય કંઈ જ જણાયું નથી. પરંતુ એ ઉપરથી એવો સિદ્ધાન્ત બાંધી ન શકાય કે બધી જાતના નૃત્યને ટેકો આપવો જોઈએ.

બીજે દિવસે શ્રીમતી સરલાદેવી અંબાલાલ સાથે તેમનું કુટુંબનું વિદ્યાલય જોવા અમે ગયા. એમણે ખૂબ સૌજન્યથી બધું બતાવ્યું. × × ×

આ પછી શ્રી. અંબાલાલ સારાભાઇ સાથે વાતચીત થઇ. પછી એમની સાથે મહાત્મા ગાંધીજીનો સાબરમતી આશ્રમ જોવા ગયા. ત્યાં પહોંચતાં માલૂમ પડયું કે મહાત્માજી નહાવા-ખાવા ગયા છે એટલે ત્રણ વાગ્યા પહેલાં તેમની મુલાકાત નહિ થાય. કોઈ કોઇએ કહ્યું કે તેમની પાસે આપનું નામ લખીને મોકલો તો વખત છે ને જલદી પણ મળી શકાય. પરંતુ એમ કરીને તેમના કાર્યક્રમનો ભંગ કરવો અમને ઉચિત ન લાગ્યું. તેથી આમતેમ ફરી આશ્રમનાં મકાનો જોઈ પાછા જવાનું નક્કી કર્યું. એટલામાં ખબર પડી કે મહાત્માજી શિર પર ટુવાલ નાખી ભોજનગૃહ તરફ ચાલ્યા આવે છે. જરા નજીક આવ્યા એટલે અમે નમસ્કાર કર્યા, તેમણે સામા નમસ્કાર કર્યા. સામેથી તેમના મુખ ઉપર તાપ પડતો હતો તેથી તદ્દન નજીક આવી તેમણે કહ્યું. "આઘેથી ઉઘાડું શિર જોઇને હું સમજી ગયો હતો કે કોઈ બંગાળી-પ્રેક્ષક આવ્યા છે." પાસે આવ્યા એટલે તેમણે મને ઓળખ્યો. થોડી વાતચીત થઈ. કેટલાક બાળકો "બાપૂ" કહેતાં કહેતાં ત્યાં આવી ઊભા રહી ગયા. મેં તેમાંનાં એક સૌથી નાના બાળક તરફ જોઇ કહ્યું: "આ સભાપતિ થશે." મહાત્માજીએ હસીને કહ્યું- "એમાં કાંઈ આશ્ચર્ય નથી." અને પછી પૂછયું: "ક્યારે પધાર્યા? કેટલા દિવસ રહેશો?" મેં કહ્યું: "કાલે આવ્યો છું, આજે જઇશ." એટલે એમણે કહ્યું: "આ તો અમદાવાદ અને મારા પ્રત્યે ભારે અન્યાય કહેવાય."

મિ. જે. ટી. સન્ડરલેન્ડનું પ્રસિદ્ધ પુસ્તક "પરાધીન ભારત" (India in Bondage) ની ટાઇપ કરેલી એક નકલ તથા બીજી આવૃત્તિની એક છાપેલી નકલ લેખકની સૂચનાથી તેમના અભિપ્રાય માટે મેં મોકલી હતી. એમણે પોતે જ તે વાતનો ઉલ્લેખ કરીને કહ્યું: "તે સાથે લઈને હું બ્રહ્મદેશ ઘૂમ્યો, ભારતમાં ફરી વળ્યો, પરંતુ હજી સુધી તે વાંચવાનો મને અવકાશ મળ્યો નથી. આખું પુસ્તક વાંચ્યા પછી જ કાંઈ કહું તો જ મારા અભિપ્રાયની કાંઈ કિંમત હોય. મિત્રોએ મારા ઉપર કાર્યનો એટલો ભાર મૂકેલો છે કે મને બીલકુલ ફુરસદ મળતી નથી, મને દયાપાત્ર સમજવો જોઈએ." મેં કહ્યું "આપને સમય મળે ત્યારે જોઈ જશો. ઉદ્વિગ્ન થવાની જરૂર નથી." પછી સુનીતિ બાબુ અને કાલિદાસનો પરિચય કરાવ્યો અને તેમને શા માટે સુરતમાં નિમંત્ર્યા હતા તે

પણ જણાવ્યું. સાથે એ પણ જણાવ્યું કે હિન્દુ મહાસભાના મંડપમાં બધા લાઠીના ખેલ જોવામા રોકાયાં હતા, તેથી બૃહત્તર ભારતના વિષયની મેજિક લેન્ટર્નદ્વારા વ્યાખ્યાનની ગોઠવણ ન થઈ શકી. તે ઉપરથી મહાત્માજીએ હસીને કહ્યું: "આજકાલ લોકોનુ વલણ લાઠી તરફ જ વધારે છે." રસ્તામાં ઊભા ઊભા આ વાત થતી હતી. વળી તેમના ભોજનમાં મોડું થતું હતું તેથી મેં ત્યાંથી નીકળવાની તૈયારી કરી. તે સમજી ગયા અને અમે લોકોએ હજી સુધી સ્નાન-ભોજન નથી કર્યું એમ જાણીને તેમણે આશ્રમમાં જ સ્નાન-ભોજન કરવાનો આગ્રહ કર્યો. મેં કહ્યુ: "હજી તો વિદ્યાપીઠ જોવી બાકી છે, અને જેમને ત્યા ઊતર્યાં છીએ, તેઓ પણ અમારી રાહ જોતા હશે."

"ક્યાં ઊતર્યા છો" એ પ્રશ્નના ઉત્તરમાં મેં તે જણાવ્યું. આ પછી નમસ્કાર કરી, સંતુષ્ટ ચિત્તે અમે વિદ્યાપીઠ તરફ રવાના થયા. તે સમયે લગભગ ૧૧ વાગી ગયા હશે.

આશ્રમથી અમદાવાદ જવાના રસ્તા પર વિદ્યાપીઠનું મકાન આવેલું છે. વિદ્યાપીઠની ઇમારત પાકી, બે માળાની અને ખૂબ મોટી છે. વચમાં ચોક છે. ચોક જોતાં જ કેમ્બ્રીજની ટ્રિનિટિ કૉલેજનું આંગણું યાદ આવ્યું. તે આનાથી પણ મોટું છે. કૉલેજના આચાર્ય તથા એક અધ્યાપકે અમને ત્યાંનું પુસ્તકાલય બતાવ્યું. તેમાં સારા સારા અંગ્રેજી અને બીજી ભાષાઓના પુસ્તકો જોવામા આવ્યા. ખાસ કરીને ભારતવર્ષીય વિદ્યાપીઠના પોતાના પ્રકાશનો પણ જોયા. પૂછવાથી માલૂમ પડ્યું કે હજી ત્યાં લગભગ ૧૦૦ વિદ્યાર્થીઓ,—જેમાં મુસલમાનો પણ છે, અને ૭ વિદ્યાર્થિનીઓ પણ છે—અભ્યાસ કરે છે.

વિદ્યાપીઠમાંથી પાછા ફરતા પહેલા શ્રી. કનુ દેસાઇનો ચિત્રખંડ પણ જોયો. તેઓ શાન્તિનિકેતનમાં હતા. અહીં ચિત્રવિદ્યા શીખવે છે. કેટલીક સુંદર છબીઓ એમણે આંકી છે. ગરબાનું એક મોટું રંગીન ચિત્ર શરૂ કર્યું હતુ તે પૂરું થયે મને મોકલી આપવા કહ્યું છે.*

આ પછી લગભગ ૧ વાગે અમદાવાદ પાછા આવી સ્નાન ભોજન કર્યું

આગલે દિવસે પ્રાર્થના સમાજમા મારું ભાષણ હતું. હું અંગ્રેજીમાં બોલ્યો હતો. હું જો ગૂજરાતી જાણતો હોત તો ગૂજરાતીમા જ બોલત. સ્ત્રીઓ પણ હાજર હતી. ગૂજરાતમા હિંદુ પુરુષો અને સ્ત્રીઓમા શિક્ષણનો પ્રચાર વિશેષ હોવાનુ કારણ સ્ત્રીસ્વાતંત્ર્ય છે. સાંજે સુનીતિ બાબુ, કાલિદાસ નાગ અને મેં બૃહત્તર ભારતના વિષયમા મેજિક લેન્ટર્નની સાથે વ્યાખ્યાન આપ્યું. સ્ત્રી પુરુષોની ભીડ ખૂબ હતી. ત્યાંથી અમે સીધા સ્ટેશન પર ગયા અને આબૂ તરફ રવાના થયા. × × ×

'પ્રવાસી'માંથી — રામાનંદ ચેટરજી

૨. ગૂજરાત તરુણ સંઘ

(એક પત્રમાંથી)

સુણાવ તા. ૧૨-૬-૨૯
બુધવાર

ભાઇશ્રી,

તું પોતે અમારા ગૂજરાત તરુણ સંઘના સંમેલનમાં હાજર રહ્યો નહિ અને હવે તું તેનો હેવાલ માગે છે. પણ તે કેવી રીતે આપું? સંમેલનમા જે પ્રકારનું વાતાવરણ જામે છે તેનું પ્રતિબિંબ કાગળ ઉપર મૂકતા મને તો નથી ફાવતું. છતા તારો આગ્રહ જ છે તો લખી કાઢું છું.

આ અમારા ગૂજરાત તરુણ સંઘનું પ્રથમ સંમેલન હતું. તેને માટે તા. ૨૦-૨૧-૨૨ મે ૧૯૨૯ એ ત્રણ દિવસો નક્કી કર્યા હતા. વાત્રક નદીને કાંઠે આવેલ ઉત્કણ્ઠેશ્વર મહાદેવ નામના રમણીય સ્થળે એકસોને પચીશ તરુણ તરુણીઓ, દહાડે દિવસે નવજુવાન થતા જતા 'પાટીદાર'ના વયોવૃદ્ધ તંત્રી શ્રી નરસિંહભાઈ ઇ. પટેલના નેતૃત્વ હેઠળ, એ ત્રણ દિવસોમા ભેગાં થયાં હતાં. માત્ર શુદ્ધ ખાદીધારી હરકોઈ વ્યક્તિ સંમેલનમા ભાગ લઇ શકે એમ જાહેર કરેલુ હોવાથી સૌ શુદ્ધ ખાદીધારી

* આ ચિત્ર છેલ્લા 'પ્રવાસી'મા આવ્યુ છે.—અનુવાદક

જ હતાં. આ એકસો પચીશમાં પુરુષ હતા ને સ્ત્રીઓ પણ હતી, ખેડૂત હતા, વેપારી હતા ને નોકર વર્ગના માણસો પણ હતા, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ પણ હતા; નાતો ગણીએ તો કહેવાતો અસ્પૃશ્યો હતા (એમા ચારેક તો બહેનો હતી), બ્રાહ્મણો હતા, પાટીદાર હતા, રજપૂત હતા, વાણિયા હતા, દરજી હતા ને સોની પણ હતા, ઠેઠ સુરતથી માંડીને અમદાવાદ સુધીના (એક બે તો કાઠિયાવાડના પણ) હતા.

ગૂજરાત તરુણ સંઘ નાતજાતો માનતો ન હોવાથી સંમેલનમા પંક્તિભેદ નહોતો પળાયો. સૌ એક જ રસોડે જમતા. સૌએ જુદા જુદા કામ-પાણી ભરવું, રસોઇ કરવી, પીરસવું, વાસણ ઘસવાં, સાફસુફ કરવી, દાણા વીણવા-વગેરે વહેંચી લીધા હતાં. કપડવણજના સેવાસદની આમા સારી મદદ હતી. સંમેલનનો ત્રણ દિવસનો કાર્યક્રમ-રોજ સવારે તથા બપોરે બંધારણ ચર્ચા, વિષયચર્ચા, નવજુવાનોનો પરસ્પર પરિચય, સભ્યોના ખાટામીઠા અનુભવોનું કથન અને રોજ સાંજે અને રાત્રે પર્યટન, રાસ, સંગીત, વિનોદગીતો, વાર્તાકથન એમ અનેકવિધ હતો. રજનાત્મક કાર્યક્રમમાં તા. ૨૧ મીની સાંજનું એકાંત અને રમણીય એવા કેદારનાથ નામના સ્થળનું પર્યટન અને તા. ૨૨ મીની રાત્રે રચાએલ રાસ જેમા બ્હેનો, ભાઈઓ અને શ્રી નરસિંહભાઇ જેવા વૃદ્ધજન પણ ભળ્યા હતા એ બે ખાસ ઉલ્લેખ કરવા યોગ્ય છે.

ગૂજરાત તરુણ સંઘની વિશેષતા એ છે કે તેનો સભ્ય જીવનના દરેક ક્ષેત્રમા બળવાખોર છે. હાલમાં આપણા દેશમા નજરે પડે છે કે રાજકીય ક્ષેત્રમા ઉદ્દામ મતના માણસો સામાજિક ક્ષેત્રમા તદ્દન મવાળ હોય છે અને ઉદ્દામ સમાજ સુધારકો રાજકીય બાબતમા સરકારના બગલબચ્ચા હોય છે. તેવું આ સંઘની બાબતમા નથી. તેનો ઉદ્દેશ જ રાજકીય, સામાજિક, ધાર્મિક અને અન્ય દંભો અને અન્યાયો સામે ખુલ્લો બળવો (સવિનય ભંગ) જગાડવાનો છે. ગૂજરાત તરુણ સંઘના સભ્યો માને છે કે સાચો સ્વતન્ત્ર માણસ તો જીવનના દરેક ક્ષેત્રમા ચાલતા અન્યાય કે દભની સામે બળવાખોર હોય. આ સંઘમા દાખલ થવા માટેનું જે પ્રતિજ્ઞાપત્ર છે તે પણ આની સત્યતા સિદ્ધ કરે છે.

સંઘના પ્રતિજ્ઞાપત્ર ઉપર તે જ સહી કરી શકે છે કે જે ધાર્મિક બાબતોમા-શુકન અપશુકન, બાધા આખડી ફલજ્યોતિષ, ગ્રહણ સ્નાન અને એવા બીજા વહેમો તેમ જ અસ્પૃશ્યતા ન માનતો હોય; સામાજિક બાબતોમાં-મરણ પાછળના જ્ઞાતિભોજન ન કરતો હોય, ન લેતો હોય, ભોજનની બાબતમાં પંક્તિભેદ ન પાળતો હોય, કન્યા કે વરની ઉમ્મર અનુક્રમે પંદર કે વીસ વર્ષ પુરાની ન હોય તો તેવાં લગ્નોમા ભાગ ન લેતો હોય, વર કે કન્યાવિક્રય ન માનતો હોય અને તેવા લગ્નોમા ભાગ ન લેતો હોય, રોવા કૂટવાનો રિવાજ ન માનતો હોય અને બાળવિધવાઓના પુનર્લગ્નમાં તેમજ વિધવા વિવાહ અને વર્ણાન્તર લગ્નમા સમત હોય; રાજકીય બાબતોમા-સમ્પૂર્ણ સ્વાતન્ત્ર્ય (હાલમા મહાસભા કહે છે તેવું સ્વરાજ) ઇચ્છતો હોય, શુદ્ધ ખાદી જ પહેરતો હોય અને સ્વદેશી વ્રત પાળતો હોય અને આ ઉપરાંત ચા, તમાકુ કે કોઈ પણ કેફી પદાર્થનું સેવન ન કરતો હોય અને સંઘના ધ્યેયનો પ્રચાર કરવાની પ્રતિજ્ઞા લેતો હોય.

સંમેલનમા જેટલી જાતના માણસો આવ્યાં હતા તેટલી જ જાતના-સ્ત્રીઓ, પુરુષો ને અત્યજો મળી-લગભગ પચાસ સભ્યો હાલમા આ સંઘમાં છે ઉપરના પ્રતિજ્ઞાપત્ર ઉપર તે જ સહી કરી શકે છે કે જે આ પ્રતિજ્ઞાઓનું પાલન સહી કરતા પહેલાથી કરતો હોય (સહી કર્યા પછી પાલન કરવાનો પ્રયત્ન કરવાનો હોય તે નહિ).

સંઘનો પોતાનો એવો કોઈ જાહેર કાર્યક્રમ નથી છતા સંઘનો દરેક સભ્ય સર્વ પ્રદેશમા બંડખોર હોવાથી સંઘની પ્રવૃત્તિ ચાલ્યા જ કરે છે. અને આ બાબતની પ્રતીતિ તો સંમેલનમા જ્યારે સભ્યોનો પરસ્પર પરિચય કરાવવાનો અને અનુભવ કથનનો કાર્યક્રમ ચાલ્યો ત્યારે થઇ. એ બધાનું વર્ણન આ પત્રમા થઇ શકે એમ નથી છતા કંઇક ખ્યાલ આવે તેટલા માટે થોડીક રૂપરેખા આપું છુ.

એક બ્હેન પોતાના ગામના તળાવ ઉપર કે બીજી જગ્યાએ જઈ ગામના દુરાચારી બદમાશોને

લલચાવી પોતાના ઘરમાં લાવે છે અને બારણાં બંધ કરી નેતરની સોટી વડે તેમને તેમના કૃત્યો માટે ઠીક ઠીક પ્રસાદ આપે છે. આ બ્હેનના આવા કૃત્યોથી આખું ગામ ચોખ્ખું થયું છે.

એ બ્હેનના જ પતિ નાનપણથી જંગલોમાં ફરેલા, શિકારી જીવન ગુજારેલું, લૂટારાઓ સાથે ધીંગાણા કરેલા તે આજે મહાત્મા ગાંધીજીના પ્રભાવે ખાદીકાર્યમા દટાઈ ગયા છે, તદ્દન નિરામિષાહારી થઈ ગયા છે અને જ્યા જ્યા જુલમ જુએ ત્યા ત્યાં દોડી જાય છે. એમની કથા તો અદ્ભુત છે.

એક ખાનદાન અને રૂઢિચુસ્ત કુટુંબના ભાઇએ પોતાનું લગ્ન પચીસ વર્ષની ઉંમર પૂરી થયા પછી એવા જ કુટુંબની એક ખાનદાન કન્યાને પોતે જ શોધી બે મિત્રો સહિત જઇને લગ્નનો નકામો કર્મકાંડ કર્યા સિવાય કર્યું હતું. તેમની વાત તો રસિક છે.

એક ભાઇએ, બ્રાહ્મણકુલમા જન્મ્યા છતા યજ્ઞોપવિત એ આ જમાનામા માત્ર નિરર્થક નહિ પણ કોમીવાદને વધારનાર એટલે અનર્થક ગણી તેને તિલાંજલિ આપી છે. તેમની આપવીતી સાભળવા જેવી છે. સવિનય ભંગ એ કેટલું મીઠું અને સચોટ શસ્ત્ર છે એનો ખ્યાલ એ વાત સાભળીને આવ્યો.

આ ઉપરાત વડીલે અરીણુ ખાધુ છતા ખાદીનો ત્યાગ ન કરનાર અન્ત્યજ ભાઇની વાત, બાળલગ્નની વિરુદ્ધના કાયદાની હિમાયત કરવા માટે નાતબહાર થયેલ એક પાટીદાર ભાઈની વાત, બારમો ન કરનાર ને ન કરવાનો પ્રચાર કરનાર એક ભાઇની વાત અને એવી બીજી વિવિધ વાતો સાભળીને ઘણાને એમ થયેલું કે આ સંઘ દીર્ઘાયુ થાઓ અને બલવાન થાઓ.

પણ આ બધા કરતાય પ્રમુખ શ્રી નરસિંહભાઈ પટેલે પોતાના બાળપણથી માંડીને સરકાર સાથે અથડામણો કરી ત્યાં સુધીની કહેલ પોતાની અને પોતાના સહધર્મચારિણીની વાત તો આપણને કોઇ નવલકથાની યાદ દેવડાવે એટલુ જ નહિ પણ દુનિયામા ' Live dangerously '* નો પયગામ આપે એવી છે.

સમેલનનો મુખ્ય કાર્યક્રમ આ હતો. આ ઉપરાત સ્ત્રી-પુરુષનું પરસ્પર પ્રત્યેનું વર્તન, લગ્ન અને તેની જરૂર-તેના પ્રકાર એ વિષયોની ચર્ચામાથી પણ પુષ્કળ શીખવાનુ મળ્યુ. વખત ખૂટ્યો ન હોત તો હિન્દુ-મુસલમાન, સ્વરાજ્ય માટે તરુણો શું કરી શકે, સંતતિ નિયમન એમ બીજા કેટલાક વિષયોની ચર્ચા પણ થાત.

રોજ સવાર સાજ પોતાના જ હાથે તૈયાર થયેલ રસોઇનુ ભોજન, બપોરે પોતાના જ જીવનમાથી ઉઠતા પ્રશ્નોની ચર્ચામાથી મળતુ જ્ઞાન અને રાત્રે વિનોદ, સગીત ને રાસમાથી મળતો નિર્દોષ આરામ: એ બધામા ત્રણ દિવસો ક્યારે આવ્યા અને ગયા તેની ખબર પડી નહિ અને સમેલનના સભાસદો નવો પ્રાણ, નવું બળ અને નવો ઉત્સાહ મેળવી

ગાધી તોરા રાજમા ધોળી ટોપીનો ઘેર .
રૂડો ગાંધીડો '

એ મારવાડી ગીતના આલાપ લેતા લેતા સ્વસ્થળે પહોચી ગયા.

લિ૦
ગોવિંદ

* જોખમ ખેડવા એ જ ખરી જિંદગી છે.

પુસ્તકપરિચય અને સ્વીકાર

ભજનિકા:—કર્તા: અરદેશર ફરામજી ખબરદાર, માઉંટ-રોડ મદ્રાસ. મળવાનું ઠેકાણું: ખડાયતા પ્રેસ, ચાર રસ્તા, અમદાવાદ. મૂલ્ય (કાચું પૂંઠું) રૂ. ૦-૧૪-૦, (પાકું પૂંઠું) રૂ. ૧-૪-૦.

આપણા સાક્ષર કવિ શ્રી ખબરદારનાં નવાં ભજનોનો આ સંગ્રહ છે. પ્રસ્તાવનામાં તેઓ લખે છે કે આ ભજનો 'ઘણે ભાગે તીવ્ર વેદના કાળમા' લખાયાં છે પણ ભજનોમાં ક્યાંઇ એવા દર્દની ફરિયાદ કે તેથી ઊપજતી અશ્રદ્ધા નથી, પણ દરેક જગાએ ઇશ્વરને મેળવવાની શ્રદ્ધા પ્રતીત થાય છે.

તેમનાં ભજનોમાં ઇશ્વર સંબંધી પ્રાચીન ભજનોમાં આવે છે તેવા વિચાર, તેવી ઢબ શૈલી વગેરે સાથે નવીન વિચારો અને ભાવનાઓ પણ છે. જેમકે—

મીન રહે પાણીમાં પ્યાસી
એવી ફોગટ છોડ ઉદાસી

એ પંક્તિઓમાં સ્પષ્ટ રીતે

પાનીમેં મીન પ્યાસી
હા રે મને દેખતડા રે આવે હાસી રે, પાનીમેં૦

એ ભજનનો પડઘો છે. તો બીજી તરફથી 'દોટ' અને 'કેડો' એ કાવ્યો The Hound of Heaven ઉપરથી સૂચિત થયાં છે. એ સૂચન છે તો,

જેનું જીવન રંક, પરંતુ વિચાર મહાન

એમા કવિ વડ્ઝવર્થની Plain living and high thinking એ સુપ્રસિદ્ધ પંક્તિનું ભાષાન્તર છે, જોકે Plainને માટે 'રંક' શબ્દ બરાબર નથી. આમ કહેવાનો અમારો અભિપ્રાય, હાલ અતિ ચર્ચાતી 'સાહિત્યચોરી' આરોપવાનો લેશ પણ નથી. પૂર્વના કે પશ્ચિમના વિચારો કે સંસ્કારો હોવા છતાં કાવ્યો કે ભજનો તેમનાં સ્વતંત્ર જ છે, અને ભજનોમાં આવતો પ્રધાન સૂર,' જે ઇશ્વર માણસની ભીતર જ રહ્યો છે, તે પૂર્વનો અને આપણો હિંદનો, ગુજરાતનો છે.' થોડા બીજા દાખલા લઇએ:

ઝૂલે ઝૂલે આ વિશ્વનું વૃક્ષ
કોટિક ડાળે ઝૂલે
મારે અંતર લક્ષ અલક્ષ
ત્યાં ઉઘડે જ્યોતિ ફૂલે.

સરખાવો ऊर्ध्वमूलमधःशाखः । यषोऽश्वत्थः सनातनः ॥

સંગ્રહમાં બધા રાગો ભજનને અનુકૂળ છે. વળી ધોળ વાપર્યા છે તે પણ ગુજરાતી ભાષાને અનુકૂળ ભજનની ઢબનાં છે. અને કેટલાક તો બરાબર ગવાતાં ભજનોના જ રાગો છે. જેમકે

કોઇને નડી હોય તો કહેજો, મારા સાહેબની સુરબુટ્ટી,

એ આખું ભજન તથા 'દિલની વાતો' 'સંતાકુકડી' વગેરે ભજનોમાં ભાવ આધુનિક હોવા છતાં ભજનની ધાટી બરાબર જળવાઈ રહી છે.

કીધા તેં જળ સંઘરતા દાનેશ્રી મેહુલા
　　તેને ચીરતી શાને કીધી તાતી વીજ ?
અમૃત જેવી મીઠી અમ હૈયે શ્રદ્ધા ભરી,
　　તેમા ઝેર સમા શે ઉગતાં શંકા બીજ ?
સુરજન ! પ્રભુજીને છાનું જઇ પુછજો એટલું !

એમાં સ્પષ્ટ રીતે જીવનને ઝેર કરતાં વીસમી સદીના શંકા સંદેહનો ઉલ્લેખ છે. એક સ્થળે કવિશ્રી ન્હાનાલાલ સાથેનો તેમનો વિચારભેદ જોવા જેવો છે.

ચાલો ચાલો તોય ન ખૂટતા રે,
લાગે વેંત ભર્યો બસ દૂર જો;
પળપળ કળણે પગ રહે ખૂચતા રે,
દિશ દર્શનમા તો નિજ નૂર જો.
　　એવા પ્રભુ પથે છે ચાલવું રે.

અને કવિશ્રી ન્હાનાલાલઃ—

બાધી બાધી દિશાઓ નમી જતી રે,
પન્થ અજવાળે શશિયર ભાણજો;
ઢોળે તેજ અનુપ કંઇ તારલા રે,
વ્હાલી કરજો મધુર પ્રયાણ જો:
　　મધુરા પન્થ પ્રભુ દરબારના રે.

બન્નેનો રાહ એક જ છે. શ્રીયુત ખબરદારને ઉપરની કડી લખતાં નીચેનીનું સ્મરણ હોય તો નવાઇ નહિ. બન્નેનો વિચારભેદ પણ સ્પષ્ટ છે. બન્ને જુદી વાત કહે છે, અને આ વિલક્ષણ જગતમાં બન્ને વાત ખરી છે એમ જ કહેવું જોઇએ.

બધા ભજનો એક સરખાં રસપૂર્ણ નથી—ન હોય એમાં નવાઇ નથી. કવિ હમેશા એક જ ઊંચાઇએ ઊડી શકતો નથી. ભક્તિભાવને અનેક કાવ્યોમાં રસની કોટિએ લઈ જવો દુર્ઘટ છે. વળી આ કાવ્યોમાં ઘણી જગાએ ધ્રુવપદ જોઇએ તેટલું ચમત્કારક અને આખા કાવ્યને એક અર્થમાં વીંટી લે એટલું સમર્થ નથી. ઘણી જગાએ જોઇએ તેટલું રાગમા પ્રવાહી પણ નથી.

તતનો અંત કો સંત ન પામ્યા,
　　પીર પેગંબર નામ—કથા એ૦
નવ લખ તારા લખી લખી હાર્યા,
　　અકથ રહ્યા એ કલામ—કથા એ૦

આ પંક્તિઓ જેટલી સંગીતમાં પ્રવાહી અને અર્થમાં ચમત્કારક છે તેટલી તેની ધ્રુવ પંક્તિ

કથા એ પ્રભુ ! કોણ કથી ગયો આમ ?

એ નથી. ઘણી જગાએ શબ્દો પ્રવાહી થંભ એક ન થતાં લયને વિઘ્નકર્તા થાય છે.

આખો સંગ્રહ શ્રીયુત ખબરદારના બીજા સંગ્રહો જેવો લોકપ્રિય થશે એમ અમને આશા છે.

રાસ સાહિત્ય

રાસચન્દ્રિકા ભાગ પહેલો:—કર્તા: અરદેશર ફરામજી ખબરદાર, માઉંટ રોડ, મદ્રાસ. મૂલ્ય, કાચું પૂંઠું રૂ. ૦-૧૪-૦; પાકું પૂંઠું રૂ. ૧-૪-૦.

આપણા સાહિત્યમાં કવિશ્રી ખબરદારે અનેક પ્રકારનાં કાવ્યોના પ્રયોગો કર્યા છે તેમાં રાસના પ્રકારના પણ પુષ્કળ પ્રયોગો કર્યા છે તે આ સંગ્રહ પરથી જણાય છે. રાસનું વસ્તુ ઘણે ભાગે સ્ત્રીજીવનના ઉલ્લાસ આશા નિરાશા કોડ ઉત્કંઠા વગેરેનું સામાન્ય રીતે હોય છે. પણ આમાં તેથી જરા જુદા પ્રકારનાં પણ આવે છે જેવા કે 'ગરાસિયો ને ગરાસિયણ' 'ગુર્જરી વીરાંગના' 'દાંપત્યનો વિજયકાળ'. બધામાં રાસને અનુકૂળ કલ્પના છે. ખાસ કરીને 'પનિહારી ચંદા' અમને નવી જ કલ્પનાનું કાવ્ય લાગ્યું છે. ચંદા પોતે જાણે બેડું ભરીને જાય છે અને તેના બેડામાંથી ચાંદનીરૂપી સુધા બધે છલકાય છે એ કલ્પના નવી તેટલી જ મનોહર છે. પણ કોઈ કોઇ જગાએ વિષમ કલ્પના પણ જણાય છે. જેમકે તે પછીના જ કાવ્યમાં

> એની જીભે વસે શું મધ તીણાં કે બોલનાં બાણ વાગ્યાં.

એમાં 'તીણાં મધ' એ રુચિકર કલ્પના નથી. તેમજ

> હૃદય સુધા છલકાય, અધરરસ ગાગરીએ રે.

તેમા 'અધરરસ ગાગરી' એ પણ સુરુચિકર નથી.

ભજનિકાની પેઠે આમાં પણ એક કાવ્યની કલ્પના કવિ ન્હાનાલાલની કલ્પના સાથે સરખાવવા જેવી છે.

> નેની, વિશ્વ આ વિશાળ તો કેવું દિસે રે લોલ,
> તો યે સમાતું એ આંખની કીકી વિષે રે લોલ.

કવિ શ્રી ન્હાનાલાલની કડી :—

> કૃપાનાથે બ્રહ્માંડ એવું કાં કીધું રે લોલ?
> નયન આવડું, ને જગ તો મ્હોટું બધું રે લોલ.

બન્નેનો રાગ એક છે. ન્હાનાલાલની પંક્તિની અસર સ્પષ્ટ છે. પણ ન્હાનાલાલમાં માત્ર પ્રશ્ન છે—ભેદનો પ્રશ્ન છે, ખબરદારમાં પોતાની રીતે તેનો જવાબ છે. ભજનિકાની પેઠે અહીં પણ કોઇ જગાએ ધ્રુવપદ અર્થમાં સમર્થ અને ચમત્કાર નથી. એ જરા લોકગીતોની પ્રણાલિકાથી ઉલટું છે કારણકે ઘણાં લોકગીતોમા માત્ર ધ્રુવ પદમાં જ અર્થ અને કાવ્યત્વ હોય છે. બાકીની કડીઓ અર્થહીન જોડકણાં હોય તો ચાલે છે.

> બોલે તે તો છે ઘેલી બાપડી
> તમારી સાથે
> બોલે તે તો છે ઘેલી બાપડી

એ ધ્રુવમાં કશી વિશેષ રમણીયતા નથી. અને પછીની કડીઓ પણ નિર્બળ છે.

> મીઠું મીઠું બોલી તમે હૈડું હરી લ્યો છો,
> ભૂખમા ખવાડો પછી થાપડી...... તમારી

આ 'થાપડી' 'આપડી' 'તરાપડી' 'નીમ્માં પડી' એ પ્રાસો પણ નવીન છતાં રમણીય નથી.

આ સંગ્રહ આપણા રાસસાહિત્યમાં અગત્યનો ઉમેરો છે. તેના રાગો રાસના છે. અમે આશા રાખીએ છીએ કે આ રાસસંગ્રહ રાસ લેનાર બહેનોમાં પ્રિય થઈ પડશે.

રાસતરંગિણી :—કર્તા : સ્વ. દામોદરદાસ ખુશાલદાસ બોટાદકર. પ્રકાશક : અમૃતલાલ વલ્લભદાસ દાણી, મહિલા વિદ્યાલય, ભાવનગર. કિંમત દસ આના.

આ રાસસંગ્રહની આ ચોથી આવૃત્તિ થાય છે એ જોતાં સદ્‌ગત કવિની કદર તેમના જીવતાં ન થઈ તેનો બધો દોષ ગુજરાતી વાચક વર્ગ ઉપર ઢોળવો યથાર્થ નથી લાગતું. થોડે અંશે તેનું કારણ કવિનું પોતાનું અતડાપણું, શરમાળપણુ પણ હશે. આ સંગ્રહમાં પહેલાંના બધા કાવ્યો ઉપરાંત એક નવું 'બાપુ' સંગ્રહાયું છે.

સ્વ૦ બોટાદકરના રાસો જોતાં જરૂર માનવું પડે કે આ યુગ રાસયુગ છે—જો કે એમ સમયના ટૂંકા ટૂંકા વર્તુલો પાડી દરેકને યુગનું નામ આપવાની અમે વિરુદ્ધ છીએ. સદ્‌ગતનાં આ પહેલાંના બધાં કાવ્યો જોતાં,—તેની શૈલી, પ્રધાનપણે સંસ્કૃત છન્દો, ગુજરાતી શબ્દ મળતો હોય ત્યા પણ અરૂઢ દેખાય એવો સંસ્કૃત પ્રયોગ, અને છતાં સંસ્કૃત શબ્દો વાપરવાની તેમની 'ફાવટ', એ સર્વ જોતાં એ કવિ રાસો લખે એ તરત માનવામાં ન આવે. પણ લોકપ્રિયતાના મોજા પર ચઢેલા રાસોએ કવિને પણ આકર્ષ્યા અને તેમની રાસ–તરંગિણી તેમના બીજાં કાવ્યો કરતાં શતગુણ લોકપ્રિય થઈ પડી.

પણ જરા વધારે વિચારતાં સહેલથી સમજાય એમ છે કે આ કવિ રાસ પણ લખે ખરા. ગ્રામજીવન તરફનો તેમનો આદર અને મૃદુ ભાવ, આદર્શયુક્ત દૃષ્ટિ, એ સર્વ તેમને સહેજે રાસલેખનમાં પ્રેરે એવા છે. અને રાસમાં પણ તેમણે સંસ્કૃત શબ્દોનો ઓછો ઉપયોગ નથી કર્યો એ છેવટે આપેલા શબ્દકોષથી જણાશે. રાસ વાંચતાં એ ન જણાતું હોય તો તેનું કારણ એટલું જ કે કવિને છન્દ ઉપર એટલું પ્રભુત્વ છે (સંસ્કૃત વૃત્તોમાં પણ એટલું જ પ્રભુત્વ તેમણે દર્શાવ્યુ છે) કે રાસના મૃદુ સંગીતમાં સંસ્કૃત શબ્દ આગળ જરા પણ ઠોકર નથી વાગતી. રાસો લોકપ્રિય થયા છે, ત્યારથી જે વિપુલ રાસ-સાહિત્ય આપણે ત્યા લખાયું છે તે સર્વમા કદાચ બોટાદકરના રાસો ગાવામાં સૌથી સરલ પ્રવાહવાળા, અથવા ઓછામાં ઓછાં સ્ખલનોવાળા હશે. જૂના રાસોનો રાગ, પ્રવાહ, સુકુમારતા, એ હજી ઘણા ઓછા લેખકોને સિદ્ધ થયા છે,—બોટાદકરથી વધારે કવિયશ મળેલા લેખકોમા પણ.

સંગ્રહના 'સત્કાર'મા શ્રીયુત મેઘાણી ન્હાનાલાલથી રાસયુગ મંડાયો ગણે છે. અહીં રાસ શબ્દથી કંઈક ભ્રમ થયો અમને લાગે છે. શ્રીયુત ન્હાનાલાલ પછીથી જ રાસ શબ્દ આ રીતે વપરાવા લાગ્યો એ ખરૂં, પણ ખરી રીતે આ રાગનું સાહિત્ય અવિચ્છિન્ન ચાલતું રહ્યું છે. દયારામે ગરબીઓ ગાઇ તે પછી દલપત–નર્મદે, શ્રીયુત નરસિંહરાવે, સદ્‌ગત ભીમરાવે, અને પ્રધાનપણે સંસ્કૃત વૃત્તોમા લખનાર કવિઓએ પણ એકાદ બે આ પ્રકારનાં ગીતો લખ્યાં છે. પણ કવિ ન્હાનાલાલના રાસો પછી રાસ શબ્દ પ્રચલિત થયો, અને પછી એ નામથી એ સાહિત્ય લખાવા માંડયું અને વધારે લોકપ્રિય થયું એટલું જ. અને અત્યારે પણ ગરબી ગરબો, રાસ રાસડો, કોને કહેવો; અને કોને ન કહેવો એ સંબંધી અતંત્રતા જ છે,—સાહિત્ય અને સંગીત બન્નેમા

શ્રીયુત મેઘાણી, ન્હાનાલાલ અને બોટાદકરની તુલના કરી ભેદ એ બતાવે છે કે

ન્હાનાલાલ ગગનવિહારી છે અને બોટાદકરમાં આકાશ અને ધરતી બન્નેના ગીતનું મિલન થાય છે. આ વિધાન વિચારવા જેવું છે. કવિશ્રી ન્હાનાલાલે પણ ભાઇબ્હેનના પ્રેમનાં, વાત્સલ્યના, દાંપત્યસ્નેહનાં, સંયુક્તકુટુંબભાવનાનાં ગીતો લખ્યા છે. અને સ્વ૦ બોટાદકરે જે આ જ વિષયોનાં ગીતો લખ્યાં છે તે પણ આદર્શનાં જ છે, સંયુક્ત કુટુંબોમાં આવા દૈવી અને આહ્લાદકર ભાવો ગુજરાતમાં સોએ એક કુટુંબમાં પણ નથી એ તો આપણો અત્યારનો જ નહિ પણ પ્રેમાનન્દે 'મામેરૂં' લખ્યું તે પહેલાનો અનુભવ છે. મુખ્ય તફાવત એ નથી પણ તફાવતનું કારણ જુદું છે અને તે આ પ્રકારના સાહિત્યના મૂળમાં રહેલું છે. આ લોકગીતને મળતું સાહિત્ય એવું છે કે તેમાં અતિરૂઢ અને જનતાને સુગ્રાહ્ય થઈ ગયેલો ભાવ જ સૌકર્યથી ગાઈ શકાય છે. આપણા સમાજમાં ઉત્પન્ન થતા નવા પ્રશ્નો, નવા ભાવો, માનવ-જીવનના અગોચર ઊંડાણમાં રહેલી અભિલાષા આ જાતના સાહિત્યમાં ઉતારવી અતિ કઠિન છે. આપણા સમાજને હજી સ્પષ્ટ નહિ દેખાયેલા, હજી માત્ર દૃષ્ટિમર્યાદામાં જેની જરા ઝાંખી જ થઇ હોય એવા પ્રશ્નોને એવી જ ઝાંખી રીતે કવિ ન્હાનાલાલ કોઈ વાર ગીતમાં ઉતારે છે માટે તે ગગનવિહારી લાગે છે. એક ટૂંકું જ દૃષ્ટાન્ત લઇએ.

વીજલડી હો! ઊભા જો રહો, તો
ઉરની પૂછુ એક વાતલડી રે;
દિનને દિનાનાથે અજવાળા આપિયાં,
અન્ધારી કેમ કીધી રાતલડી રે?

આમા વીજળીને પ્રશ્ન પૂછવાની વાત આવે છે એ ઉપરથી કલ્પના ગગનવિહારી અને ધરતીથી અદ્ધર ઊડનારી લાગે. પણ આમાં કવિએ જયાના મનનો ઊંડો પ્રશ્ન પૂછ્યો છે. સંસારમાં પુરુષને પોતાનું જીવન યથેચ્છ રીતે ઘડવાનો માર્ગ દિવસ જેવો સ્પષ્ટ છે, સ્ત્રીનો માર્ગ હજી અંધારામાં છે. સ્ત્રીપુરુષના જીવનનો આ ઊંડો ભેદ શો છે; શા માટે છે એ પ્રશ્ન જયા પૂછે છે. અને જગતમા કોઈ જવાબ દેનાર નથી માટે આભની વીજળીને પૂછે છે. આ પ્રમાણે આપણા આધુનિક જીવનનો અહીં એક પ્રશ્ન છે. કવિએ બહુ દૂરની વ્યંજનાથી તે પૂછેલો છે, અને રાસમાં આ કરતા વધારે સ્પષ્ટ રીતે તે પૂછી શકાય એમ અમને દેખાતું નથી. સદ્‌ગત બોટાદકરના આખા સંગ્રહમા આટલો ઊંડો કોઇ પણ પ્રશ્ન છેડાયો નથી. તેઓ રાસસાહિત્યની સામાન્ય મર્યાદામાં રહે છે અને માટે ધરતી ઉપર લાગે છે; તેમણે જે આર્ય-ભાવનાઓ ગાઇ છે તે પરિચિત છે, સર્વને સુગ્રાહ્ય છે, પણ તે પણ કોઇ પણ રીતે વાસ્તવિક અસ્તિત્વવાળી તો નથી જ. તેમ જ આપણા વાસ્તવિક જીવનના પ્રશ્નોને સ્પર્શતી પણ નથી.

તેમ છતા એ ભાવનાના ગીતો સુંદર છે અને ઉપરના વિચારો તેના રસાસ્વાદમાં આડા ન આવવા જોઇએ. થોડાં દૃષ્ટાન્તો લઇએ. એક સ્થળે કવિએ પ્રેમમીમાંસાને જરા સ્પર્શ કર્યો છે તે દૃષ્ટાન્ત પહેલું લઇએ. બ્હેન, ભાઇબીજને દિવસે ભાઇની રાહ જુએ છે અને ભાઇ હજી નથી આવ્યો તેના કારણોની કલ્પના કરતા વિચારે છે કે કદાચ ભાભી તેને આવવા નહિ દેતી હોય. ત્યારે એક જ વ્યક્તિ ઉપરના બ્હેનના અને પત્નીના પ્રેમોના હક્કોનું સમાધાન શી રીતે કરવું?

તારો પતિ, મારો બન્ધવો રે એવા ભેદ અનેરા,
ભાગ નથી કાંઇ ભાવમાં રે પન્ય નેહના ન્યારા,
દૈવે દીધો મુજ દેખતા રે તે તો તારો ને તારો,
ભાઇના ભાવે જીવતો રે દિન એક અમારો.

સમાધાન બહુ સરલ છે. પછી ભાઇ આવે છે. બહેન એને દૂરથી ઓળખે છેઃ

એ જ હલક ભરી હાંકણી રે મારા વીરની મીઠી.

બોટાદકરે 'રાસ'ના શંકરાભરણમા લખ્યું હતુંઃ

દૂરતર બાલરોદનશ્રવણસભ્રમા
સકળ સહિયર તણો સંગ છોડી;
ભવ્ય વાત્સલ્યભરી અજબ ઉત્કંઠથી
ચપલગતિ ઘર જતી કોઇ દોડી.

એ જ ભાવ, એ જ વસ્તુ સ્ત્રીગીતમા કેવી સાદી રીતે તેમણે મૂકી છે તે જોવા જેવુ છે. એ વસ્તુ 'વાત્સલ્ય'મા ચાર કડીમાં વિસ્તરે છે. સ્થલસંકોચને લીધે અમે માત્ર એક જ ઉતારીશુંઃ

કાટા કાકરા રે એને અડકે નહિ પગમાય,
ચરણે ચાલતી રે જાણે પ ખણી ઉડી જાય !
નિરખે નેણથી રે એને દુનિયા નહિ દેખાય,
વત્સવિજોગણી રે જાણે ધેન ઉમળકે ધાય.

બીજાં ઘણા દૃષ્ટાન્તો આપી શકાય પણ આટલા લોકપ્રિય કવિ વિશે વધારેની જરૂર નથી.

ગૌરીનાં ગીતોઃ—કર્તાઃ દેશળજી પરમાર. આઠ આના.

આ રાસસંગ્રહનો કેટલોક ભાગ ચૌદેક વરસ જેટલો જૂનો છે. બાકીનાં પાછળથી થયેલા ઉમેરણો છે. કર્તાની મૂળ પ્રેરણા કવિ ન્હાનાલાલનાં 'ન્હાના ન્હાના રાસ'ની છે. રાસો બધા ટૂંકા અને ખાસ કરીને વિદ્યાર્થિનીઓને ધ્યાનમાં રાખીને રચાએલા છે. બધાના ઢાળ જૂનાં લોકગીતોના કે તે ઉપરથી ઉપજાવેલા રાહોના છે. 'ઢીંગીબાઇ', 'હોડલી', 'રીસામણી', 'પતંગિયાનું ગીત' વગેરે કેટલાક ખાસ ધ્યાન ખેંચે એવા છે. કર્તાને રાસોની હથોટી સારી છે પણ કાવ્યોના ભાવો રસની ઘનતા સુધી સર્વત્ર પહોંચના નથી. પણ એક પ્રકારની સુકુમારતા સર્વત્ર છે.

એક વીણ્યા હરકની ગુંજી રે, નહિ ભૂલું;
ફુંક દીધે એ ગાવા માંડી રે, નહિ ભૂલું.

પણ વીણા કાંઇ ફૂંકથી ગાવા માંડતી નથી. ગુજરાતીમાં 'ફૂંક'નો પ્રયોગ અંગ્રેજીના અનુકરણથી આવેલો છે. ક્રિશ્ચનોની માન્યતા છે કે ઇશ્વરે માણસને ઘડીને તેના નાકમાં ફૂંક મારી તેથી માણસ શ્વાસ લેવા માંડયો અને તેનામાં ચેતના સ્ફુરી. તેથી પશ્ચિમના સાહિત્યમાં 'ફૂંક' ક્રિયાપદમાં પ્રેરણા અને ચેતના પ્રગટાવ્યાનો અર્થ આવ્યો છે. પણ આપણા સાહિત્યમાં એ ક્રિયાપદમાથી એ અર્થ આવી ર[illegible]થી. તેમ સર્વત્ર

રીતે પણ એ ક્રિયાપદમાં કોઇ એવો અર્થ વ્યક્ત કરવાની શક્તિ નથી. જો કે અનુકરણથી ઘણા લેખકો આ ક્રિયાપદ એવા અર્થોમા વાપરે છે.

બાળકોને માટે આ સંગ્રહ નિર્દોષ છે.

રાસકુંજઃ—સંગ્રાહિકાઃ સૌ શાન્તિ બરફીવાળા કી. રૂ. ૧|

રાસસાહિત્યનો શોખ થયો ત્યારપછીથી અનેક રાસસંગ્રહો થયા છે તેમા આ સંગ્રહ કદાચ સૌથી મોટો છે. આમા ૬૪ નાનાવિધ રાસ રચનારાઓના ૧૭૩ રાસો સંગ્રહેલા છે. અને આ સમાલોચના લખાય છે તે પહેલા રાસ લેનારામાં આ સંગ્રહ પરિચિત થઈ પણ ગયો છે.

આ સંગ્રહ રાસ લેનાર બહેનોના ઉપયોગ અર્થે તૈયાર થયો છે તેથી એને કવિતાની દૃષ્ટિએ વિલોકવો એ યથાર્થ નથી. એટલે આ સંગ્રહમાં જે જે રાસો છે તે બધા કવિતાની દૃષ્ટિએ એક સરખા નથી. કોઈ ખરેખર રસની કોટિએ ગયેલ છે, તો કેટલાક કેવળ જોડ-કણાં જેવા જ છે એટલું નોંધી આગળ ચાલીશું.

કેવળ સંગ્રહની દૃષ્ટિએ જોતાં એક બે બાબત વિચારવા જેવી લાગે છે. પ્રથમ તો એ કે આમા કેટલાક એવાં ગીતો સંગ્રહાયા છે કે જેને ગરબી કે રાસ ન ગણી શકાય. તેમ છતાં તે ગીતો રાસમંડળીઓમા ગવાય છે તેનું કારણ એ છે કે આ ગરબી–રાસ ગાવાની પરંપરા અમુક વચગાળામા કેટલીક ઊંચી ગણાતી કોમોમા ને કેટલાંક કુટુંબોમાં વિચ્છિન્ન થઈ ગઈ હતી. તે કોમો કે કુટુંબો રાસમા રસ લેવા લાગ્યાં ત્યારે જે ખરેખરા રાસ નહિ એવાં ગીતો પણ તેમણે રાસ કે ગરબી ગરબા તરીકે ગાવા માંડયા. તેથી ખરી રીતે આ પ્રકારમાં અત્યારે અવ્યવસ્થા થઈ છે. આ પહેલાંના સંગ્રહોમા પણ અમારે આ તરફ સંગ્રાહકોનું ધ્યાન ખેંચવું પડયું છે. શ્રીયુત નરસિંહરાવભાઈએ પણ આ જ બાબત બતાવી છેઃ આપણે ગરબા ગરબી અને રાસને ગુજરાતનુ વિશિષ્ટ સગીતધન કહીએ છીએ એનો અર્થ જ એ કે આપણું સગીત વિશિષ્ટ છે અને કેટલાક ગીતો આપણા જ તાલ અને આપણા જ રાગમા શોભે છે તેવા બીજામાં શોભતાં નથી. તે આપણે જ સંગીતના રાસેતર પ્રકારને રાસમા ઊતારી બગાડીએ તો તેથી જતે દહાડે આપણા વિશિષ્ટ સાહિત્યની અવગણના થાય અને એ પ્રકાર સેળભેળ થઈ ને બગડે. નાટકે જેમ શુદ્ધ સંગીતને બગાડયું છે તેમ રાસની અવ્યવસ્થા રાસ અને ઇતર સંગીતને પણ બગાડે. આ સ્થિતિમાં અમે માનીએ છીએ કે આ સંગ્રાહક બહેને પ્રચલિત લોકમતને અધીન ન થતા એવાં ગીતોનો રાસસંગ્રહમાથી બહિષ્કાર કર્યો હોત તો આ સંગીત ઉપર એક ઉપકાર થાત અને રાસની એક શુદ્ધ પ્રણાલિકા પડત.

આ અવ્યવસ્થા થવાનું એક બીજું કારણ એ છે કે રાસ કે ગરબા જે જૂની ઢબે ગવાતા હતા તે ઢબે હવે ગવાતા નથી. જો એ ઢબે હજી પણ ગવાય તો ગાનાર પોતે જ સમજી જાય કે અમુક ગીત ગરબી છે કે નથી. હજી પણ અમારો તો અનુભવ એવો જ છે કે જો ખરા નૃત્ય સાથે ગવાય, તેની અસલ ત્વરિત ઢબે જ ગતિ, ફુદડી, તાળી ઠમકો બધુ લેવાય, તો સાચી ગરબી કે રાસ જ 'ચકે છે' ખોટી નથી ચકતી. સાચી રીતે ગરબી લેવાય તો તરત સમજાય કે

સુખદ આ વસન્તમા ભુલી ભાન વિવશ ઇ ંકા બની, સજની?

એ ગીત

આશા ભર્યાં તે અમે આવિયાં

જેવી ચકતી નથી. ગાનારને આ ન સમજાતું હોય તો તેનું એક જ કારણ છે કે ગરબીનો આત્મા જે તાલ છે, તે અત્યારે ગૌણ થઈ, ગરબીમાં સંગીત પ્રધાન બન્યું છે, અને ગતિ મન્દ થઈ છે. રાસલેખક કવિ પણ આ ભેદ સમજતો નથી કારણકે જૂના કવિની પેઠે તેને પોતાને રાસ લીધાનો અનુભવ નથી. કવિશ્રી ન્હાનાલાલનો અભિલાષ, જે "મ્હને યે રાસે ફરતાં આવડતું હોત તો હું એ ય એમાં ઉતર્યો હોત" એ યથાર્થ છે.

આવા સંગ્રાહોમાં મૂળ લોકગીત આખું આપ્યું હોત અને પછી તેના ઢાળવાળાં આધુનિક ગીતોને એ અસલ લોકગીતની પંક્તિનું જ ઓળખાણ આપ્યું હોત વધારે સારું. આ સંગ્રહમાં આધુનિક ગીતોના પ્રથમ પંક્તિના પ્રતીકથી બીજાં ગીતો ઓળખાવ્યાં છે તેનું કશું જ કારણ અમને સમજાતું નથી. અલબત આ રચનામાં પણ અસલ ગીત શોધી શકાય છે. પણ અસલ ગીતનો આગ્રહ કરવાનું અમારું કારણ એ છે કે નવાં ગીતોનો લય અને પ્રવાહ અમને જૂના જેટલો સ્નિગ્ધ અને પ્રસન્ન લાગતો નથી. કવિશ્રી ન્હાનાલાલનો "પોતાના રાસો વિશેનો અભિપ્રાય, જે "(મારો પહેલો રાસ સંગ્રહ) ઠીક છે; લોકને એ રાસ ગમ્યા;...પણ સુન્દર મનોહારી જૂના રાસોનો ઉમંગઉછળતો ઉપાડ એમાં નથી." એ ઉપચાર નથી, સાચો છે.

જગમાં વિધાત્રી જળરેખા આંકે

એમાં

મારગડે મ્હને જાવા દિયો

ની સંગીતપ્રવાહિતા નથી. લઘુ ગુરુ અને સંયુક્ત વ્યંજનોની રચનામાં ક્યાંક એવો દોષ આવે છે જેથી સંગીતપ્રવાહ સ્ખલિત થાય છે. માટે અમે અસલ લોકગીત પ્રથમ મૂકી તેને જ સર્વત્ર મૂળ નમૂનો ગણવાની ભલામણ કરીએ છીએ. અને એ મૂળ ગીતોનું નોટેશન કરવું એ કેવળ સંગીતશાસ્ત્રનો પ્રશ્ન નથી. સંગીતની રીતે

હાં રે મ્હારો વ્હાલોજી આવ્યાની વધામણી હોજી રે

આ પંક્તિમાં 'આ' ઉપર મધ્ય તાલ આપી શકાતો હશે, પણ તે કરતાં 'વ્યાં' ઉપર આપવાથી પંક્તિનું ઉચ્ચારણ વધારે સારું અને અસ્ખલિત થાય છે કે નહિ એ અર્ધો ભાષાનો અને અર્ધો નૃત્યગીતનો પ્રશ્ન છે. એ પ્રશ્ન હજી જ્યાં રાસો જૂની પરંપરાથી ગવાતા હોય ત્યાં જઈ તેનો અભ્યાસ કરવાથી જ ઉકલે. વળી 'જી' 'રે' જેવાં ગીતપૂરકો ક્યાં શોભાનાં છે, ક્યાં આવશ્યક છે, અને ક્યાં કેવળ યાદચ્છિક છે તે પણ અસલ ગીતના અભ્યાસથી નક્કી કરી અનાવશ્યકને કૌંસમાં મૂકવાં જોઈએ. ઉપરની પંક્તિમાં પહેલો 'જી' એવો યાદચ્છિક લાગે છે. એ સિવાયની પંક્તિ અમે સાંભળી છે અને તેનો પ્રવાહ વધારે પ્રસન્ન અમને જણાયો છે. પણ આ અમારા અધિકારનો પ્રશ્ન નથી, અમે માત્ર આ પ્રશ્નો તરફ સંગીતકોવિદોનું ધ્યાન જ ખેંચી શકીએ. આ વિષયમાં અનેક પ્રશ્નો છે તે ઉપર તેઓ જ પ્રકાશ પાડી શકે.

પુસ્તક ઉપર કવિશ્રી ન્હાનાલાલની પ્રસ્તાવના છે તે ઘણો જ મનનીય લેખ છે. ગીતમાં હીંચ આવી કેવા ફેરફાર કરે છે તે તેમણે દૃષ્ટાંતોથી ઘણું સારું સમજાવ્યું છે. રાસ-જિજ્ઞાસુ બહેનો તેમના લેખથી રાસનું અસલ સ્વરૂપ ઓળખવાને પ્રેરાઈ, રાસના નિધાન-રૂપ લોકગીતો વગેરે સાથે કલામૈત્રી કરશે તો કલા અને સમાજ બન્નેમાં નવીન જીવન આવશે એમ અમે માનીએ છીએ.

સંગ્રાહક બહેને ઉદારવેલ શ્રમ માટે અમે અભિનન્દન આપીએ છીએ. અત્યાર સુધીના રાસસંગ્રહોમાં તેમનાં પુસ્તકો વિશિષ્ટ સ્થાન લે છે, અને તેઓ પોતાનો રાસનો અભ્યાસ ચાલુ રાખી આ પ્રદેશ ઉપર નવો પ્રકાશ પાડશે એમ આશા રાખીએ છીએ.

નોંધ

મુંબઇમાં મિલોની હડતાલ

મુંબઈની મિલોની દશા અત્યંત ચિંતાજનક છે. છેલ્લી હડતાલની અસરમાથી વેપાર રોજગાર હજી ઊંચો નથી આવ્યો એટલામા બીજી મોટી હડતાલ પડી છે. હડતાલનું કારણુ વાડિયા મિલ સમૂહે અમુક કામદારોને પાછા રાખવા ના પાડી એ છે. મુબઈમા કુલ બે લાખ જેટલા મિલ મજુરો ગણાય તેમાથી માત્ર ૭૦૦૦૦ મજુરો મિલમા જાય છે. ચોમાસું બેસી ગયું છે અને હવે જો બધી મિલો કામ નહિ કરે તો સંચા બગડી જશે, આપણા દેશનો આ એક જ સદ્દર ઉદ્યોગ પાયમાલ થશે અને ફરી પગભર થતાં તેને વરસો જોઇશે.

આ સ્થિતિમાં શું થવું જોઈએ, આ સંબંધી મિલમાલિક પક્ષ શુ કહે છે અને ગિરણી કામગાર સંઘ જે પાંચ માગણીઓ કરે છે તેમાંથી કેટલું ખરૂં કે ન્યાયી અને કેટલું અન્યથા એટલું જ વિચારવાનું નથી. પણ આ સમગ્ર પરિસ્થિતિ વિચારવી જોઈએ.

અમને લાગે છે કે આ સ્થિતિનું ખરૂં કારણુ મજુરોમા પોતાના વર્ગીય અસ્તિત્વનું ભાન થયું છે એ છે. અને જેમ દરેક નવી અસ્મિતાને લોક સ્વીકારવા તત્પર હોતા નથી તેમ અહીં પણુ મિલમાલેકો તેને વખતસર સ્વીકારી શકયા નથી એ જ તેનું કારણુ છે. આમાં અમે કશું અનિષ્ટ જોતા નથી. મિલમાલકોને પોતાના વર્ગનું સ્વાભિમાન છે તેવું મજૂરપક્ષને પણુ આટલે દિવસે આવે તેમાં કશું નવાઇ જેવું નથી. મજૂરો આટલી લાંબી હડતાલમાં પણુ ટકી રહ્યા છે માટે તેમને રશિયાના કૅામ્યુનિસ્ટોની મદદ હોવી જોઇએ એવા અનુમાનો કરવાથી કશો અર્થ સરવાનો નથી. મજૂરોમાં મોટી ચળવળ કે ધાંધલ કરનારા મનાતા તેમના નેતાઓ અત્યારે મીરતમા પોતાની સામેના કેસનો બચાવ કરે છે છતાં આ હડતાલ કોઇ પણુ તેના વિના ચાલે છે એ એમ જ બતાવે છે કે મજૂરોમા સ્વાભિમાનવૃત્તિ સંગીન રૂપે સ્થપાઇ છે માટે તેને સ્વીકારી આપણાં મનનમાં સ્થાન આપવું એ એક જ એનો ઉપાય છે. આટલા દિવસો સુધી હડતાલ ટકી શકી છે માટે ઘણા ખરા મજુરો ભયથી કામ પર નહિ જતા હોય એ અનુમાન પણુ ખોટું છે. બારડોલી વખતે રૈયતનું નૈતિક બળ સરકાર ઘણા વખત સુધી નહોતી માની શકી, અને ત્યા પણુ ધાધલિયાઓનું જ આ સઘળું કારસ્થાન છે એમ સરકારે ઘણો વખત સુધી કહ્યું, ટાઇમ્સ ઑફ ઇંન્ડિયા'એ કોમ્યુનિઝમની બૂમ સુદ્ધા પાડી, પણ ખરી વાત બારડોલી ખેડુતોના નૈતિક બળની હતી. તેમ અહીં પણુ છે. સરકાર તો પરદેશી છે એટલે આપણામાં નવાં ઘડાતા નૈતિકબળો ન સમજી શકે પણુ મિલમાલિકો પણુ નથી સમજી શકતા તેનું એક જ કારણુ છે કે મિલમાલિકો પોતાના મજૂરો સાથે કોઇ દિવસ ભળ્યા નથી, તેમણે માત્ર ઑફિસમા બેસીને પોતાનો નફો બાંધ્યો છે. અમદાવાદની મિલોની વ્યવસ્થામા સુધારાને ઘણો અવકાશ છે પણુ અહીં એક તત્ત્વ સારૂં છે કે અહીં મિલમાલિકો મિલમાં જવા આવવાનું અને મજૂરોને મળવાનું રાખે છે તેથી મજૂરોનું માનસ તેઓ વધારે સારી રીતે સમજી શકે છે. મુમ્બઈના મિલમાલિકો તેમ કરતા નથી અને તેથી તેમને મિલ, મેને-

જેની ચકતી નથી માનારને આ ન સમજાતું હોય તો તેનું એક જ કારણ છે કે ગરબીનો આત્મા જે તાલ છે, તે અસારે ગૌણ થઈ, ગરબીમા સંગીત પ્રધાન બન્યું છે, અને ગતિ મન્દ થઈ છે. રાસલેખક કવિ પણ આ ભેદ સમજતો નથી-કારણકે જૂના કવિની પેઠે તેને પોતાને રાસ લીધાનો અનુભવ નથી. કવિશ્રી ન્હાનાલાલનો અભિલાષ, જે "મ્હને યે રાસે ફરતા આવડતું હોત તો હું એ ય એમાં ઉતર્યો હોત" એ યથાર્થ છે.

આવા સંગ્રાહોમા મૂળ લોકગીત આખું આપ્યું હોત અને પછી તેના રાહવાળી આધુનિક ગીતોને એ અસલ લોકગીતની પંક્તિનું જ ઓળખાણ આપ્યું હોત વધારે સારું. આ સંગ્રહમાં આધુનિક ગીતોના પ્રથમ પંક્તિના પ્રતીકથી બીજાં ગીતો ઓળખાવ્યાં છે તેનું કશું જ કારણ અમને સમજાતું નથી. અલબત આ રચનામાં પણ અસલ ગીત શોધી શકાય છે. પણ અસલ ગીતનો આગ્રહ કરવાનું અમારૂં કારણ એ છે કે નવાં ગીતોનો લય અને પ્રવાહ અમને જૂના જેટલો સ્નિગ્ધ અને પ્રસન્ન લાગતો નથી. કવિશ્રી ન્હાનાલાલનો "પોતાના રાસો વિશેનો અભિપ્રાય, જે "(મારો પહેલો રાસ સંગ્રહ) ઠીક છે; લોકને એ રાસ ગમ્યા;...પણ સુન્દર મનોહારી જૂના રાસોનો ઉમંગઉછળતો ઉપાડ એમાં નથી." એ ઉપચાર નથી, સાચો છે.

જળમાં વિધાત્રી જળરેખા આંકે

એમાં

મારગડે મ્હને જવા દિયો

ની સંગીતપ્રવાહિતા નથી. લઘુ ગુરુ અને સંયુક્ત વ્યંજનોની રચનામાં ક્યાંક એવો દોષ આવે છે જેથી સંગીતપ્રવાહ સ્ખલિત થાય છે. માટે અમે અસલ લોકગીત પ્રથમ મૂકી તેને જ સર્વત્ર મૂળ નમૂનો ગણવાની ભલામણ કરીએ છીએ. અને એ મૂળ ગીતોનું નોટેશન કરવું એ કેવળ સંગીતશાસ્ત્રનો પ્રશ્ન નથી. સંગીતની રીતે

હાં રે મ્હારો વ્હાલોજી આવ્યાની વધામણી હોજી રે

આ પંક્તિમાં 'આ' ઉપર મધ્ય તાલ આપી શકાતો હશે, પણ તે કરતા 'વ્યાં' ઉપર આપવાથી પંક્તિનું ઉચ્ચારણ વધારે સારૂં અને અસ્ખલિત થાય છે કે નહિ એ અર્ધો ભાષાનો અને અર્ધો નૃત્યગીતનો પ્રશ્ન છે. એ પ્રશ્ન હજી જ્યાં રાસો જૂની પરંપરાથી ગવાતા હોય ત્યા જઈ તેનો અભ્યાસ કરવાથી જ ઉકલે. વળી 'જી' 'રે' જેવાં ગીતપૂરકો ક્યાં શોભાનાં છે, કયા આવશ્યક છે, અને ક્યાં કેવળ યાદચ્છિક છે તે પણ અસલ ગીતના અભ્યાસથી નક્કી કરી અનાવશ્યકને કૌંસમાં મૂકવા જોઈએ. ઉપરની પંક્તિમાં પહેલો 'જી' એવો યાદચ્છિક લાગે છે. એ સિવાયની પંક્તિ અમે સાંભળી છે અને તેનો પ્રવાદ વધારે પ્રસન્ન અમને જણાયો છે. પણ આ અમારા અધિકારનો પ્રશ્ન નથી, અમે માત્ર આ પ્રશ્નો તરફ સંગીતકોવિદોનું ધ્યાન જ ખેંચી શકીએ આ વિષયમાં અનેક પ્રશ્નો છે તે ઉપર તેઓ જ પ્રકાશ પાડી શકે.

પુસ્તક ઉપર કવિશ્રી ન્હાનાલાલની પ્રસ્તાવના છે તે ઘણો જ મનનીય લેખ છે. ગીતમાં હીંચ આવી કેવા ફેરફાર કરે છે તે તેમણે દૃષ્ટાંતોથી ઘણું સારૂં સમજાવ્યું છે. રાસ-જિજ્ઞાસુ બહેનો તેમના લેખથી રાસનું અસલ સ્વરૂપ ઓળખવાને પ્રેરાઈ, રાસના નિધાન-રૂપ લોકણો વગેરે સાથે કલામૈત્રી કરશે તો કલા અને સમાજ બન્નેમાં નવીન જીવન આવશે એમ અમે માનીએ છીએ.

સંગ્રાહક બહેનો ઉઠાવેલ શ્રમ માટે અમે અભિનન્દન આપીએ છીએ. અત્યાર સુધીના રાસસંગ્રહોમાં તેમનાં પુસ્તકો વિશિષ્ટ સ્થાન લે છે, અને તેઓ પોતાનો રાસનો અભ્યાસ ચાલુ રાખી આ પ્રદેશ ઉપર નવો પ્રકાશ પાડશે એમ આશા રાખીએ છીએ.

રા.

નોંધ

મુંબઇમાં મિલોની હડતાલ

મુંબઈની મિલોની દશા અત્યંત ચિંતાજનક છે. છેલ્લી હડતાલની અસરમાથી વેપાર રોજગાર હજી ઊંચો નથી આવ્યો એટલામાં બીજી મોટી હડતાલ પડી છે. હડતાલનું કારણ વાડિયા મિલ સમૂહે અમુક કામદારોને પાછા રાખવા ના પાડી એ છે. મુંબઈમાં કુલ બે લાખ જેટલા મિલ મજુરો ગણાય તેમાથી માત્ર ૭૦૦૦૦ મજુરો મિલમા જાય છે. ચોમાસું બેસી ગયુ છે અને હવે જો બધી મિલો કામ નહિ કરે તો સચા બગડી જશે, આપણા દેશનો આ એક જ સદ્ધર ઉદ્યોગ પાયમાલ થશે અને ફરી પગભર થતા તેને વરસો જોઇશે.

આ સ્થિતિમાં શું થવું જોઈએ, આ સંબંધી મિલમાલિક પક્ષ શું કહે છે અને ગિરણી કામગાર સંઘ જે પાચ માગણીઓ કરે છે તેમાથી કેટલું ખરૂં કે ન્યાયી અને કેટલું અન્યથા એટલું જ વિચારવાનું નથી. પણ આ સમગ્ર પરિસ્થિતિ વિચારવી જોઈએ.

અમને લાગે છે કે આ સ્થિતિનું ખરૂં કારણ મજુરોમાં પોતાના વર્ગીય અસ્તિત્વનું ભાન થયુ છે એ છે. અને જેમ દરેક નવી અસ્મિતાને લોક સ્વીકારવા તત્પર હોતા નથી તેમ અહીં પણ મિલમાલેકો તેને વખતસર સ્વીકારી શક્યા નથી એ જ તેનું કારણ છે. આમાં અમે કશુ અનિષ્ટ જોતા નથી. મિલમાલેકોને પોતાના વર્ગનું સ્વાભિમાન છે તેવું મજૂરપક્ષને પણ આટલે દિવસે આવે તેમા કશું નવાઇ જેવું નથી. મજૂરો આટલી લાંબી હડતાલમા પણ ટકી રહ્યા છે માટે તેમને રશિયાના કૉમ્યુનિસ્ટોની મદદ હોવી જોઇએ એવાં અનુમાનો કરવાથી કશો અર્થ સરવાનો નથી. મજૂરોમાં મોટી ચળવળ કે ધાંધલ કરનારા મનાતા તેમના નેતાઓ અત્યારે મીરતમા પોતાની સામેના કેસનો બચાવ કરે છે છતા આ હડતાલ કોઇ પણ નેતા વિના ચાલે છે એ એમ જ બતાવે છે કે મજૂરોમાં સ્વાભિમાનવૃત્તિ સંગીન રૂપે સ્થપાઇ છે માટે તેને સ્વીકારી આપણાં મનનમાં સ્થાન આપવું એ એક જ એનો ઉપાય છે. આટલા દિવસો સુધી હડતાલ ટકી શકી છે માટે ઘણા ખરા મજુરો ભયથી કામ પર નહિ જતા હોય એ અનુમાન પણ ખોટું છે. બારડોલી વખતે રૈયતનું નૈતિક બળ સરકાર ઘણા વખત સુધી નહોતી માની શકી, અને ત્યા પણ ધાધલિયાઓનું જ આ સઘળું કારસ્થાન છે એમ સરકારે ઘણો વખત સુધી કહ્યું, ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'એ કૉમ્યુનિઝમની બૂમ સુદ્ધાં પાડી, પણ ખરી વાત બારડોલી ખેડુતોના નૈતિક બળની હતી. તેમ અહીં પણ છે. સરકાર તો પરદેશી છે એટલે આપણામાં નવા ઘડાતાં નૈતિકબળો ન સમજી શકે પણ મિલમાલિકો પણ નથી સમજી શકતા તેનું એક જ કારણ છે કે મિલમાલિકો પોતાના મજૂરો સાથે કોઇ દિવસ ભળ્યા નથી, તેમણે માત્ર ઓફિસમા બેસીને પોતાનો નફો ખાધો છે. અમદાવાદની મિલોની વ્યવસ્થામા સુધારાને ઘણો અવકાશ છે પણ અહીં એક તત્ત્વ સારૂ છે કે અહીં મિલમાલિકો મિલમાં જવા આવવાનું અને મજૂરોને મળવાનું રાખે છે તેથી મજૂરોનું માનસ તેઓ વધારે સારી રીતે સમજી શકે છે. મુંબઈના મિલમાલિકો તેમ કરતા નથી અને તેથી તેમને મિલ. મેને-

જેરોના હજારોના પગારો આપવા પડે છે. મજૂરો સાથે લડવા કરતાં મિલમાલિકોનું ખરું કામ તો હજી મિલની વ્યવસ્થામાં કરકસર કેમ કરી શકાય તે વિચારવાનું છે. અને મિલમાલિકો અને મજુરસંઘ બન્નેની ખરી ફરજ આવી હડતાલોમાં ૧ શિ ૬ પેન્સનો હુંડિયામણનો દર કેટલે દરજ્જે જવાબદાર છે તે વિચારી, તે દર ફેરવવા સરકાર ઉપર દબાણ કરવાની છે.

હાલ મુંબઈની જુદી જુદી સંસ્થાના નેતાઓ સાથે નામદાર ગવર્નર સાહેબ આ બાબતમાં મસલત ચલાવે છે. સંભળાય છે કે મજૂર ચળવળને દબાવી દેવાના પગલાં લેવાની ભલામણ થાય છે. પણ મજૂરોને કામ પર ન ચડવા સમજાવવા માટે પહેરો ભરવો (Picketing) એ કોઈ પણ દેશમાં ગેરકાયદેસર મનાયું નથી. કદાચ એમ કહેવામાં આવે કે મજૂરોને ડરાવીને કામ પર નથી ચડવા દેતા અને એ કાર્ય ગેરકાયદેસર છે અને તેને કાયદાની સત્તા કે બળથી દબાવવું જોઈએ. પણ અમારૂં કહેવું એ છે કે કોઈ પણ વસ્તુને દબાવી દેવાનો રસ્તો એટલો સહેલો લાગે છે કે એકવાર કાયદેસર રીતે બળ વાપરવાનું નક્કી કર્યા પછી તે બળનો ઉપયોગ કાયદાની હદમાં નથી રહેતો, અને કાયદાના બહાના નીચે ગમે તેટલે દૂર જાય છે. કાયદાની સીમા સચવાતી હોય ત્યારે પણ શુદ્ધ ન્યાયની સીમા સચવાતી નથી જ. કાયદેસર રીતે પહેરો ભરતા લોકો ઉપર પોલીસ મૂકવી એ તેમને ઉશ્કેરવા બરાબર છે અને તેથી પહેરો ભરનારા ન કરતા હોય તોપણ કાયદાની હદ ઓળંગી જાય એ સ્વાભાવિક છે. એટલે જરા પણ બળથી કામ કરવું એ આ સ્થિતિમાં અમને કોઈપણ રીતે સલાહભરેલું લાગતું નથી.

અને મજૂર પક્ષને પણ અમારૂં એ જ કહેવું છે કે જરા પણ બળ કે હિંસાનો ઉપયોગ કરવો તે બળની નહિ પણ નિર્બળતાની નિશાની છે, તેમણે હડતાલ પાડી છે તો તેમણે તેનાં પરિણામ સહન કરવા જેટલી ધીરજ રાખવી જ જોઈએ. કોઈ પણ પક્ષ સરકારની મદદ લે તે કોઈ પણ રીતે સલાહ ભરેલું નથી. આપણને સરકારની મદદ સિવાય આપણા ટંટા પતાવતાં આવડવા જ જોઈએ. મહાસભાની લવાદી બન્નેએ સ્વીકારી હોત તો સારું પણ ન સ્વીકારી તોપણ, ટંટા પોતાની મેળે પતાવવો, બહારની મદદ ન લેવી અને હિંસાનો આશ્રય ન કરવો એ મહાસભાના સિદ્ધાન્તો તો તેમણે પાળવા જ જોઈએ. મજૂરવર્ગને આપણા રાષ્ટ્રીય જીવનનું એક જીવન્ત બળ ગણીને વિચાર કરવો જોઈએ. એ બળ આપણી પરિસ્થિતિમાંથી સ્વાભાવિક રીતે ઉત્પન્ન થયું છે, આકસ્મિક નથી, દાબવાથી નાશ પામવાનું નથી. માટે રાષ્ટ્રવિકાસમા તેનો ઉપયોગ કરવો જોઈએ.

* * *

ઑલઇન્ડિયા કૉંગ્રેસ કમિટી—આ માસમાં ઑલઇન્ડિયા કૉંગ્રેસ કમિટીની એક બેઠક મેના છેલ્લા અઠવાડિયામાં થઈ. તેમાં તામિલ નાડુ કૉંગ્રેસ કમિટી તરફથી એવો ઠરાવ આવેલો હતો કે કૉંસિલમાં જવાના પક્ષના કૉંગ્રેસ સભાસદોને પ્રધાનપદ લેવાની છૂટ હોવી જોઈએ પણ દરમિયાન નામદાર વાઈસરૉયે લેજિસ્લેટિવ એસેમ્બ્લીની મુદત લંબાવી તેથી તે ઠરાવ પાછો ખેંચી લેવાયો. નામદાર વાઇસરૉયનું આ પગલું કોઈ રીતે વાજબી ગણી શકાય એવું નથી. પ્રજાએ જેમને અમુક સમયને માટે પોતાના પ્રતિનિધિઓ ગણીને મોકલ્યા તેઓ તેથી વધારે વખત માટે પ્રતિનિધિ બની શકે નહિ. એસેમ્બ્લીની મૂળ મુદત દરમિયાન સાઈમન કમિશન નીમાયું છે અને ત્યારથી પ્રજામાં તે પ્રશ્ન ખૂબ ચર્ચાયો છે તેથી સાઈમન કમિશનનો રિપોર્ટ બહાર પડે ત્યારે તે સંબંધી

પ્રજાને નવા પ્રતિનિધિઓથી પોતાનો મત દર્શાવવાનો હક છે. તે હક નામદાર વૉઇસરૉયે આ પગલાથી છીનવી લીધો છે એમ ગણ્યું જોઇએ. ઑલ ઇં. કૉં. કમિટિએ બદલાયેલી પરિસ્થિતિમાં શું કરવું તેનો વિચાર કરવાનું કામ વર્કિંગ કમિટીને સોંપ્યું અને તેનો ઠરાવ એવો થયો છે કે કૉંગ્રેસના મેંબરોએ કૌંસિલનો બહિષ્કાર કરવો અને પ્રજાને તૈયાર કરવાને કૌંસિલ બહાર કામ કરવું. આ સંબંધી શ્રીયુત મોતીલાલ નહેરુએ જે જાહેરપત્ર બહાર પાડ્યો છે તેને કૌંસિલવાદીઓ માન આપશે એમ આશા રાખીએ છીએ. કૌંસિલવાદીઓ કૌંસિલ પ્રવેશથી અત્યાર સુધીમાં કશું જ કરી શક્યા નથી એમ કહીએ તો ચાલે વળી કૉંગ્રેસનો જ ઠરાવ છે કે આવતા વરસ સુધીમા જો સાંસ્થાનિક સ્વરાજ ન મળે તો સંપૂર્ણ સ્વાતંત્ર્ય માટે કૉંગ્રેસે પ્રયત્ન કરવો અને તેને માટે દેશને હવે તૈયાર કરવો જોઇએ.

આખા દેશને તૈયાર કરવાને માટે કૉંગ્રેસે વધારે મજબૂત થવું જોઈએ અને તેનું પ્રતિનિધિત્વ વધારે વિસ્તૃત થવું જોઈએ. તે માટે પૂ ગાંધીજીએ હાલની સરકારની દમનનીતિ તરફ ધ્યાન ખેંચી ઠરાવ મૂક્યો છે તે ઘણો જ કાર્યકર છે. આ ઠરાવ પ્રમાણે આખા હિંદમાં થઇને દર ચારસો માણસે એક માણસે મહાસભાના સભ્ય થવું જોઇએ. અસહકારની શરૂઆતમાં એક કરોડ સભ્યો પણ થઈ ગયા છે. તેની સાથે સરખાવતાં અહીં તેથી ઓછી સંખ્યાને માટે ઠરાવ થયો છે પણ આ ઠરાવથી હિંદનો દરેક ભાગ દરેક પ્રાંત અને દરેક ગામ કૉંગ્રેસ સાથે પોતાના પ્રતિનિધિઓથી જોડાશે એ મહત્ત્વનું છે. એમ થાય તો જ દેશ એક થઈને એક વ્યક્તિની પેઠે આવતે વરસે લડી શકે

શ્રીયુત શ્રીપ્રકાશનો એક ઠરાવ કમિટીમા આવેલો હતો. તે પર પણ ધ્યાન આપવા જેવું છે. તેમનો ઠરાવ એવો હતો કે હિંદ ઉપર ગાત્ર પરદેશી ધોંસરી એ એકજ અનિષ્ટ નથી પણ તેના પર બીજાં સામાજિક બંધનો રૂઢિઓ પણ એવાં લદાયલાં છે જે તેનું લોહી ચૂસે છે. આવાં બંધનો અને રૂઢિઓને સરકાર પોષણ આપે એ સ્વાભાવિક છે. માટે કૉંગ્રેસે આ પ્રકારનાં અનિષ્ટો નાશ કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. દેશમા દારિદ્ર્ય અને ભૂખમરો છે તે મટાડવા માટે આખા સમાજનું પરિવર્તન કરવાની જરૂર છે અને કૉંગ્રેસે દરેક હિંદીને એટલું આશ્વાસન આપવું જોઈએ કે સ્વરાજમા દરેકને પેટપૂરતી મજૂરી મળી રહેશે, ખેડુતોને પૂરતી જમીન મળી રહેશે, વેપારના આડતિયા (middlemen) થી તેમનું રક્ષણ થશે, અને વારસા વગેરેના જે રિવાજોથી માણુસ માણુસ વચ્ચેની આર્થિક સ્થિતિમા મોટો તફાવત પડે છે અને ચાલુ રહે છે તે રિવાજો, વારસા ઉપરના ભારે કર જેવા ઉપાયોથી બને તેટલા નબળા કરવામાં આવશે. આ ઠરાવ પસાર થયો છે પણ તેમા જણાવેલા વારસા ઉપરના ભારે કર વગેરે સાધનો સંબંધી ભાગ કાઢી નાખીને ઠરાવ પસાર થયો છે. કારણકે એ ભાગ નહેરુ રિપોર્ટથી વિસંવાદી છે. પણ કૉંગ્રેસના કાર્યક્રમમા અને તેના પ્રચારકામમાં એ યાદ તો રાખવું જ જોઈએ કે સ્વરાજપ્રાપ્તિની કેવળ ધાર્મિક ફરજ વ્યક્તિને અસર ન કરે એ સ્વાભાવિક છે. જે પ્રજા ભૂખ અને પીડાથી કચરાએલી છે તેને ધર્મની પણ પહેલા અર્થની જરૂર છે. એટલે પ્રજાને સ્વરાજથી શો ફાયદો થશે તે પ્રથમ જણાવવાની જરૂર છે. અલબત આમાં અમે કોઇ રીતે ધર્મની વિરુદ્ધ કહેતાં નથી પણ હાલના સંજોગોમાં ધર્મદષ્ટિ ઉપર નહિ પણ અર્થદષ્ટિ ઉપર ભાર મૂકવાની જરૂર છે એટલું જ અમારૂં વક્તવ્ય છે.

દેશના ઇતિહાસમા આ એવો સમય છે જ્યારે સમસ્ત દેશે કૉંગ્રેસને ટેકો આપી કૉંગ્રેસને મજબૂત બનાવી તે દ્વારા પોતે મજબૂત બનવું જોઇએ. દરેક વ્યક્તિ સભ્ય બનીને અને સ્વદેશી કાપડનો ઉપયોગ કરીને કૉંગ્રેસનો કાર્યક્રમ સફળ કરશે એમ આશા રાખીએ.

***

ઈંગ્લંડમાં મજુર પક્ષનું પ્રધાનવટું:—

ઈંગ્લંડની પાર્લમેન્ટની ચૂંટણી થઈ ગઈ અને તેને પરિણામે મજુર પક્ષ બહુમતિમાં આવ્યો અને તેને પ્રધાનવટું મળ્યું એ આ માસનો એક અગત્યનો બનાવ ગણાય. ચૂંટણીમાં લિબરલ પક્ષને બહુમતીમાં આવવાનો સંભવ હતો જ નહિ, હરીફાઈ માત્ર કૉન્ઝર્વેટિવ અને લેબર (મજૂર) પક્ષો વચ્ચે જ હતી. બહુમતી વિના પણ કૉન્ઝર્વેટિવો પ્રધાનવટું રાખશે એમ વચ્ચે સંભળાયું હતું પણ છેવટે મજૂરપક્ષના નેતા મિ. રેમ્સે મેકડોનલ્ડે નવું પ્રધાન મંડળ રચ્યું છે. આ મંડળમાં આ વખતે સૌથી પ્રથમ એક બાઈને સ્થાન મળ્યું છે. મંડળના બીજા હોદ્દેદારોમાં મિ. ફિલિપ સ્નોડન, મિ. સિડની વેબ વગેરે નામાંકિત વ્યક્તિઓ છે.

લેબરપક્ષ પાર્લમેન્ટમાં અસ્તિત્વમા આવ્યો ત્યારથી પાર્લમેન્ટના વહીવટમાં એક નવી મુશ્કેલી ઊભી થઇ છે. આજ સુધી પાર્લમેન્ટ બે પક્ષોથી ચાલતી અને જેની બહુમતી હોય તે પ્રધાનવટું લેતો. પણ જ્યારથી ત્રણ પક્ષો ..ા ત્યારથી એવો એક પણ પક્ષ ભાગ્યેજ હોય કે જેના એકલાના મતો બીજા બન્ને કરતાં વધારે હોય. એટલે લઘુમતીના પક્ષોમાં પોતે પ્રધાનવટું કરે એટલું બળ ન હોય પણ બન્ને લઘુ પક્ષો ભેગા થઈને ગમે ત્યારે સત્તાધારી પક્ષને હરાવી શકે. આમ જો થયા જ કરે તો રાજતંત્ર અટકી પડે. આવી સ્થિતિમાં પણ તેઓ રાજકારભાર ચલાવી શકે છે તે તેમની વ્યવહારકુશળતા છે. આવી સ્થિતિ પાર્લમેન્ટોના વહીવટમા આ પહેલી નથી. ફ્રાન્સમાં અનેક પક્ષો છે અને તેથી ત્યાનાં પ્રધાન મંડળોનું આયુષ્ય ઘણું ટૂંકું રહે છે. ગયે વખતે મજૂર પ્રધાનમંડળનું આયુષ્ય ટૂંકું રહ્યું તેનું આ એક કારણ હતું.

એક રીતે વહીવટ પાછો બે પક્ષથી ચાલે પણ ખરો. જો લિબરલો પોતાની માન્યતાની અનુકૂળતા પ્રમાણે કૉન્ઝર્વેટિવ અને લેબરમાં વહેંચાઇ જાય તો જતે સમયે એમ બને પણ ખરું. આ વખતે જ એક લિબરલે મંજૂર પ્રધાન મંડળમાં નીમણુક સ્વીકારી છે, પણ તેમ થવું હશે તો પણ તેને વાર લાગશે. અત્યારે તો લિબરલ પક્ષે મિ. લૉઇડ જ્યૉર્જને પોતાના નેતા નિમ્યા છે. અને લઘુમતી હોવા છતાં પોતે જે પક્ષમાં જાય તેની હાર થવાની એટલે આ પક્ષથી સરકાર પક્ષે પણ ડરતાં રહેવું પડશે, એવી અગત્યની સ્થિતિ તેની રહેશે.

આ મંડળ પાસે સૌથી મોટો પ્રશ્ન ઇંગ્લંડની બેકારીનો ઉપાય કરવાનો છે. તેને માટે મિ મેકડોનેલ્ડે એક વેપાર ઉદ્યોગ સંબંધી વિચાર કરવાને મંડળ (Economic General Staff) ઊભું કર્યું છે: જેને તેઓ દેશનું આર્થિક ભગજ કહે છે.

કૉન્ઝર્વેટિવ કરતાં લિબરલોની અને લિબરલો કરતાં લેબરની હિંદ તરફની દૃષ્ટિ કંઇક સારી એમ સામાન્ય રીતે મનાય છે. મિ. રૅમ્સે મેકડોનલ્ડે પહેલાં એક વાર હિન્દને સાંસ્થાનિક સ્વરાજ (Dominion status) આપવાને મજુરપક્ષની ઇચ્છા છે એમ જણાવેલું પણ ખરૂં. પણ ઈંગ્લંડના પક્ષોની લડતોમાં આવાં અનેક વચન ઉચ્ચારેલાં વાક્યોનો ઘણો ઓછો અર્થ થાય છે એમ હિન્દ સમજે છે. ઈંગ્લંડના મુખ્ય પ્રશ્નો ઉપર ત્રણેય પક્ષોને જબરદસ્ત મતભેદ છે પણ હિન્દ વિશે ત્રણેયની એક સરખી ઉદાસીનતા છે. મજુરપક્ષના કાર્યક્રમમાં હિંદને કોઇ ખાસ સ્થાન નથી. હિંદના વજીર મિ. વેજવુડ બેનનું નામ તેમની આ નીમણુક પહેલાં આપણે હજી સુધી હિન્દની કોઇ વાતમાં સાંભળ્યું નથી. તેમને વિશે બીજું પણ એટલું જ સંભળાયું છે કે તેમણે હવાઈ મુસાફરીમાં નામના મેળવી છે. આપણા ઇલાકાના નામદાર ગવર્નર વિષે પણ આપણે એવું જ સાંભળ્યું હતું. હિન્દના પ્રશ્નોમાં ન્યાય કરવાને

તટસ્થ વ્યક્તિ જોઇએ એ ખરું. પણ તટસ્થતા એક વસ્તુ છે અને હિન્દ તરફની ઉદાસીનતા બીજી જ વસ્તુ છે. આ નીમણુંક પહેલાં હિન્દના વજીરને પદે કોઇ અડગ, બહાદુર, સમર્થ વ્યક્તિની જરૂર છે એમ ઇંગ્લંડના વર્તમાનપત્રો કહેતાં હતાં તેનો અર્થ એવો નથી કે ઇંગ્લંડનો મત હિન્દની વિરુદ્ધ હોય તો પણ ન્યાયની ખાતર હિન્દને તેના હક્કો આપવામા આ વ્યક્તિ નિડરતા બતાવે; તેનો અર્થ તો એવો જ થવાનો કે આ હોદ્દેદાર એવો હોવો જોઇએ કે હિન્દ ગમે તેવી ચળવળ કરે તોપણ પોતે અડગ રહી હિન્દને દાબી દેવાને સદા તત્પર રહે.

અને મજુરપક્ષની હિન્દને માટે કંઈ પણ કરવાની ઇચ્છા હોય તો પણ પાર્લમેન્ટમા તેમની બહુમતી એટલી ઓછી છે કે કોનઝરવેટિવ અને લિબરલ એ બન્ને પક્ષોની સામે થઈને તેઓ કાઇ નહિ કરી શકે. લિબરલની સંખ્યા ઘણી ઓછી છે પણ ગમે તે વખતે કોનઝરવેટિવની સાથે ભળી જઈને તેઓ મજુર સરકારને હરાવી શકશે એટલે એક રીતે લિબરલો હમેશાં પાર્લમેન્ટમાં ધાર્યું કરનારી લઘુમતી રહેશે. ગયે વખતે મજુર સરકારનું આયુષ્ય ઘણું ટૂકું હતું, તેમ આ વખતે ન થાય માટે મજુર સરકાર બહુ સંભાળથી કામ કરશે.

અલબત મજુર સરકાર છે એટલે મજુરોને માટે સારા કાયદા ઘડવા તત્પર રહેશે. અને તેવી નીતિ શરુ થઈ ચૂકી લાગે છે. મજુરોને માટે કામ કરવાના દિવસના આઠ કલાક અને અઠવાડિયાના ૪૮ કલાકનો નિયમ સ્વીકારવા બ્રિટિશ પ્રતિનિધિએ આંતર રાષ્ટ્રીય મજુર પરિષદમાં પોતાનો મત દર્શાવ્યો છે. આ આઠ કલાકનો નિયમ ૧૯૧૯ માં વૉશિંગ્ટન કનવેનશનમા પસાર થયો હતો પણ તે પછી સ્વીકારાયો નહોતો. વળી મિ. મેકડોનલ્ડે અમેરિકાના એલચી સાથે નૌકાસૈન્ય ઓછું કરવાની મસલત ચલાવી છે. અને તેનું સંતોષકારક પરિણામ આવશે એમ મનાય છે.

આમ થઈ શકે તો માણસાઇની ખાતર રાજકારણમાંથી વિગ્રહોનો બહિષ્કાર નથી થઇ શક્યો તે હવે કરકસરની ખાતર પણ થાય. એ જ રીતે આ મજુર સરકાર હિન્દ માટે ઉદારતા સમભાવ કે ન્યાયીપણાથી કરવાનું ન કરે તે અત્યારની સ્થિતિમાથી બચવાને કરવી પડતી કરકસર માટે કરે. જો મજુર સરકારને સમજાય કે હિન્દનું મન સંપાદન કરવું એ ચાલુ બેકારીનો એક ઉપાય છે, તો તે જરૂર હિન્દની માગણીઓનો વિચાર કરે. એટલે મજુરપક્ષ સત્તામાં આવ્યો તેટલા જ ઉપરથી હિન્દે આશાઓ બાંધી દેવી ન જોઇએ. છેલ્લા આકડા જોતા ઇંગ્લંડની બેકારી વધી છે ઘટી નથી, બેકારી ઘટાડવા માટે આ સરકાર રશિયા સાથે ફરી વેપાર સંબંધ બાધવાનું પણ નહિ ચૂકે એમ લાગે છે. ઉપજનું એકકે એક સાધન વધારવા પ્રયત્ન કરશે. અને જો કે ઇંગ્લંડના માલની ખપતનો બધો આધાર હિન્દ ઉપર છે એમ માનવું ભૂલભરેલુ છે. પણ વેપારી ઇંગ્લંડ હિન્દ જેવા ઘરાકને છોડી નહિ જ દે માટે હિંદે પરદેશી માલના બહિષ્કારને બરાબર અમલમા મૂકી પોતાની સ્વરાજ મેળવવાની ઇચ્છા દર્શાવવી જોઈએ. મહાસભાનો પણ એ જ ઠરાવ છે.

* * *

ગુજરાતમાં કેળવણીની સ્થિતિ

આ વખત અમદાવાદમા કેટલીક ખાનગી હાઇસ્કૂલોએ ફી વધારી તેની સામે યુવકસંઘે વિરોધ કર્યો એ બનાવથી આપણી કેળવણીની સ્થિતિ સંબંધી દરેકે વિચાર કરવો જોઈએ. અહીં ખાનગી શાળાઓ ફી વધારી શકે કે નહિ અને કેટલી વધારવી જોઇએ એ મુખ્ય પ્રશ્ન નથી. તેમ આ વખતે તેમાની કેટલીક શાળાઓએ લવાદીથી ચુકાદો મેળવ્યો તે આ પરિસ્થિતિનો છેવટનો ઇલાજ પણ નથી. ખાનગી શાળાઓ ફી વધારે તો તેથી સરકાર તે નિમિત્ત લઇ સરકારી શાળાની ફી વધારશે એ ભય સાચો છે. સરકાર તો ફી વધારવાને બહાનું શોધી રહી છે. તેમ જ ખાનગી શાળાઓ જો ચાલુ ફીમાંથી પોતાનો નિર્વાહ ન ચલાવી શકતી હોય તો તેને ફી વધાર્યા સિવાય છુટકો નથી એ પણ એટલું જ સાચું છે.

વર્ષ ૪ | : આષાઢ : | પુ૦ ૮
અંક ૯ | ૧૯૮૫ | અંક ૩

卐 પ્રસ્થાન 卐

। दृष्टिपूतं न्यसेत्पादम् ।

તંત્રીઓ :
રામનારાયણ વિશ્વનાથ પાઠક
રસિકલાલ છોટાલાલ પરીખ

પ્રકાશક
પ્રસ્થાન કાર્યાલય
અમદાવાદ

૭ માસના રૂ. ૩-૦-૦
છુટક નકલ રૂ. ૦-૮-૦

અનુક્રમણિકા

પુસ્તક ૮ આષાઢ : ૧૯૮૫ અંક ૩

(૧) સોલંકી રાજા જયસિંહ : ગૌરીશંકર હીરાચંદ ઓઝા ૧૪૯
(૨) જીવનચક્ર : ધૂમકેતુ ૧૫૯
(૩) રાષ્ટ્રમાં લઘુમતીવાળી કોમો : રા વિ. ૧૬૩
(૪) ભગવાન ચૈતન્યદેવ : નર્મદાશંકર પંડ્યા ૧૬૮
(૫) જીવન સખીને (કાવ્ય) : સુંદરજી ગો બેટાઈ ૧૭૮
(૬) આપણી કવિતાસમૃદ્ધિ · [ચાલુ લેખમાળા] ૧૭૯
(૭) અટારીએથી : ' વિહગ ' ૧૮૪
(૮) બોલ્શેવિઝમ . શ્રી રમેશચંદ્ર મજમુદાર ૧૮૮
(૯) સ્વૈરવિહાર : સ્વૈરવિહારી ૧૯૫
(૧૦) જ્ઞાનગોચરી ·
(૧) ભારતવર્ષ પર સેમીરમિસની ચઢાઈ : રમણીક અ. મહેતા ... ૨૦૩
(૨) ગેટે અને નેપોલિયન · " ... ૨૦૭
(૩) રશિયન છાયાચિત્ર : " ... ૨૦૮
(૪) ખોરાકની અસર : મૂળજીભાઈ હી. ચોકસી ... ૨૦૮
(૫) તમારો શ્વાસ ખુશબોદાર છે ? : પોપટલાલ પટવારી ૨૦૯
(૧૧) પુસ્તકપરિચય અને સ્વીકાર · ૨૧૦
શ્રીમદ્ ભગવદ્‌ગીતા, રૂદ્રાધ્યાય, ગીતાભ્યાસ, જ્ઞાનયોગ, કેટલાક રોગો ભા. ૧–૨, લગ્ન અને ભવિષ્યની માતા, ગર્ભવિદ્યા, જર્મનિની ભૂમિકા
(૧૨) નોંધ · ૨૧૮
આદિત્ય પત્રિકાનું બધારણ, બ રડોલીની એક વધુ કનેહ, શ્રીમાન પુરષોત્તમ વિશ્રામ માવજીનું અવસાન.

પ્રકાશક· રણછોડજી કેસુરભાઇ મીસ્રી પ્રસ્થાન કાર્યાલય, પારસી અગિયારી સામે, ખમાસા ચોકી, અમદાવાદ
મુદ્રક· ગજાનન વિશ્વનાથ પાઠક : આદિત્ય મુદ્રણાલય, રાયખડ રોડ, અમદાવાદ.

卐 પ્રસ્થાન 卐

પુસ્તક ૮ | આષાઢ : ૧૯૮૫ | અંક ૩

સોલંકી રાજા જયસિંહ (સિદ્ધરાજ)

ગૂજરાતના સોલંકી (ચૌલુક્ય) રાજાઓમા જયસિંહ (સિદ્ધરાજ) મોટો પ્રતાપી વીર ધાર્મિક દાની અનેક દેશ જીતનારો અને પ્રજાપાલક હતો. એનો દેહાંત થયે ૭૮૬ વર્ષ થઈ ચૂક્યાં છે તો પણ ગૂજરાત કાઠિયાવાડ કચ્છ માળવા રાજપૂતાના આદિ દેશોમાં એની કીર્તિની સુવાસ આજ સુધી વિદ્યમાન છે અને ગૂજરાત આદિમા ગામડાના લોકો પણ 'સધરા જેસિંગ' (સિદ્ધરાજ જયસિંહ) નામથી આજ સુધી એને યાદ કરે છે. આવા પ્રતાપી રાજાનું કોઈ પણ જીવનચરિત્ર આજ સુધી પ્રસિદ્ધ થયું નથી આથી જ તેની સાથે સંબંધ ધરાવતી મુખ્ય મુખ્ય ઘટનાઓનો સંગ્રહ, સંસ્કૃત આદિ ભાષાઓના અનેક ગ્રંથો તથા શિલાલેખો આદિથી આ લેખ દ્વારા કરવામાં આવે છે.

જયસિંહના બિરુદ 'મહારાજાધિરાજ,' 'પરમેશ્વર,' 'પરમભટ્ટારક,' 'ત્રિભુવનગણ્ડ,[૧]' 'બર્બરકજિષ્ણુ,[૨]' 'અવન્તીનાથ,[૩]' 'સિદ્ધચક્રવર્તી[૪]' અને 'સિદ્ધરાજ' એટલા મળે છે. આમાથી છેવટનો બિરુદ તો એટલો પ્રસિદ્ધ છે કે મોટે ભાગે એ એના નામને બદલે વાપરવામાં આવે છે અથવા તો એના નામની પૂર્વે લગાવવામાં આવે છે.

જયસિંહની બાલ્યાવસ્થા

ગૂજરાતના રાજા ચૌલુક્યરાજ કર્ણદેવની પછી એનો પુત્ર જયસિંહ (સિદ્ધરાજ) ત્રણ વર્ષની નાની ઉમરે વિ૦ સં૦ ૧૧૫૦ (ઇ. સ. ૧૦૯૩) માં ગાદી-નશીન થયો. આવા સમયમા સ્વાર્થી લોકો ફાવી જાય એ સાધારણ વાત છે. એવું જ જયસિંહના સમયમા પણ થયું. આચાર્ય હેમચંદ્રે લખ્યું છે:—" કર્ણના દેહાત પછી દેવપ્રસાદ[૫] પણ તરત જ સરસ્વતીના તટ

૧ ત્રણ ભુવનોમા વીર. ૨ બર્બરકને જીતનાર. ૩ માળવાનો સ્વામી. ૪ સિદ્ધોમા ચક્રવર્તી જેવો.
૫ દેવપ્રસાદ કર્ણદેવના ભાઈ ક્ષેમરાજનો પુત્ર અને જયસિંહનો પિતરાઈ ભાઈ હતો.

ઉપર અગ્નિપ્રવેશ કરી સ્વર્ગનો માર્ગ લીધો.[6] " આવી રીતે એ બળી મુઓ તે માટે કોઇને કોઇ કારણ અવશ્ય હોવું જોઇએ. સંભવ છે કે એણે રાજાને બાળક જોઈ એનું રાજ્ય પડાવી લેવાનો પ્રયત્ન કર્યો હોય અને તેમાં નિષ્ફળ જવાથી એને એમ કરવું પડ્યું હોય. પ્રબંધચિંતામણિમાંથી એમ જણાય છે કે કર્ણ મરી ગયો કે તરત એના મામા, ઉદયમતીના ભાઈ, મદનપાલનું જોર વધવા લાગ્યું અને તેણે અત્યાચારો કરવા માડયા. એક દિવસે તેણે નગરના સુપ્રતિષ્ઠિત લીલા નામના રાજ્યવૈદ્યને, પોતાને ઘેર બોલાવ્યો અને કેદ કરવાનો ભય દેખાડી તેની પાસેથી ૩૨,૦૦૦ હજાર રૂપિયા લઇ લીધા. આથી તે વૈદ્ય તેર દિવસ પછી મરી ગયો. આને લીધે મંત્રી સાંતૂએ તે અત્યાચારી મદનપાલને મરાવી નાંખ્યો[7]. પછી સાતૂ ઉદયન મુજાલ આદિ મંત્રીઓની મદદથી જયસિંહની માતા મીનળદેવી રાજ્યકાર્ય ચલાવવા લાગી.

જયસિંહની માતાએ સોમનાથની જાત્રાનો કર માફ કરાવ્યો

જયસિંહની માતા મીનળદેવી મોટી ભેટ લઈ સોમનાથની યાત્રાએ ચાલી, અને બાહુલોડ[8] નગરમા પહોંચી. ત્યાં જાત્રાળુઓ પાસેથી રાજ્ય તરફથી કર લેવાતો હતો. જે જાત્રાળુ કર આપી શકતા ન હતા તેમને પંચકુળ[9] લોકો સતાવતા અને સોમનાથની યાત્રા કરાવ્યા વિના જ પાછા મોકલતા. આથી તેઓ બહુ દુઃખી થતા હતા. એમના દુઃખે દુઃખી થઈને મીનળદેવી પણ જાત્રા કર્યા સિવાય પાછી ફરી. માર્ગમા એને સિદ્ધરાજ મળ્યો. અને તેણે મીનળદેવીને પાછા ફરવાનું કારણ પૂછયું. મીનળદેવીએ કહ્યું કે જ્યાં સુધી જાત્રાળુઓ ઉપરનો કર માફ ન કરવામાં આવે ત્યાં સુધી તે સોમનાથને નમસ્કાર નહિ કરે અને ભોજન પણ નહિ લે. આ સાંભળીને જયસિંહે પંચકુળ લોકોને બોલાવ્યા અને કરનું આજ્ઞાપત્ર જોયું. તો તેને માલુમ પડયું કે આ કરમાથી રાજ્યને ૭૨,૦૦,૦૦૦[10] ની વાર્ષિક આવક થતી હતી. આમ છતા પણ પોતાની માતાને પ્રસન્ન કરવા તે આજ્ઞાપત્ર તેણે તત્ક્ષણ ફાડી નાંખ્યું

---

૬ દ્વયાશ્રય મહાકાવ્ય સર્ગ ૧૧, શ્લોક ૧૧૫.

૭ મેરુતુગરચિત પ્રબંધચિંતામણિ પૃ. ૧૩૪-૩૬

૮ આ આજકાલ 'ભોળાદ'ના નામથી પ્રસિદ્ધ છે અને ગૂજરાત તથા કાઠિયાવાડની સીમા ઉપર ધોળકાથી ૨૨ માઇલ નૈઋર્ત્ય ખુણામા છે.

૯ રાજ્યનો કર ઉઘરાવનારી રાજસેવકોની સસ્થા. પંચકુળનો અપભ્રંશ 'પંચોળી' બન્યું છે. પંચોળી શબ્દ મેવાડ અને મારવાડમા સાધારણ અને કાયસ્થ જાતિ માટે વપરાય છે, પરંતુ ખરી રીતે તેનો કોઈ એક જાતિ સાથે સબંધ નથી. જેનો કોઇ પૂર્વજ પંચકુળના પદ ઉપર હોય તેના વંશજ આજ સુધી પંચોળી કહેવાય છે. કાયસ્થ ઉપરાંત બ્રાહ્મણ, ગૂજર, મહાજન તથા બીજી જાતિઓમાં પણ આજસુધી પંચોળી અટકવાળા પુરુષો મળે છે. કાયસ્થ જાતિના લોકો રાજપૂતાના આદિમાં બહુધા રાજસેવામા જ રહેતા અને એમાંથી મોટો ભાગ વખતોવખત રાજ્યનો કર ઉઘરાવતા હતા. તેથી તેઓ એ ભાગમા પંચોળી કહેવાવા લાગ્યા.

૧૦ બોતેર લાખ દ્રમ્મ હોવા જોઈએ. આ સંખ્યા પણ અતિશયોક્તિ વિનાની હોય એમ લાગતી નથી.

અને જાત્રાનો કર જતો કર્યો. પછી મીનળદેવીએ જયસિંહની સાથે સોમનાથની જાત્રા કરી, ત્યાં સુવર્ણ ભેટ કરી અને સોનાની તુલા[૧૧] કરાવી.

માળવાના રાજા નરવર્માની ગૂજરાત ઉપર ચઢાઈ

જયસિંહ ઉપર જણાવેલી જાત્રા કરવા ગયો હતો તે સમયે માળવાના પરમાર નરવર્માએ ગૂજરાત ઉપર ચઢાઈ કરી. મંત્રી સાંતૂએ એને પૂછ્યું: "કયી શરતે આપ અહીંથી પાછા જાઓ?" રાજાએ જવાબ આપ્યો: "તમે જો તમારા સ્વામીનું સોમનાથની જાત્રાનું પુણ્ય[૧૨] મને આપી દો તો હું પાછો જાઉં."

આથી મંત્રીએ એના પગ ધોઈ તે પુણ્યના દાનનું જળ રાજાના હાથમા મૂકયું. આથી તે પાછો ફર્યો. આ વૃત્તાત સાભળી જયસિંહ જ્યારે એના પર ચીડાયો ત્યારે તે મંત્રીએ જણાવ્યું: "મહારાજ, આપ જો એમ માનતા હો કે મારૂં આપેલું આપનુ પુણ્ય બીજાને મળી શકે છે તો લ્યો; હું તે રાજા તથા બીજા પુણ્યવાન પુરુષનું પુણ્ય પણ આપને અર્પણ કરુ છુ. આપણા દેશ ઉપર ચઢી આવેલા શત્રુના સૈન્યને પાછું કાઢવા કોઈ ને કોઈ ઉપાય તો કરવો જ જોઈએ ને?" આમ કહી એણે રાજાનો ક્રોધ શાન્ત કર્યો.[૧૩]

નરવર્માની આ ચઢાઈથી ગુસ્સે થઈ જયસિંહે તે વખતે બંધાતા સહસ્રલિંગ નામના ધર્મસ્થાનની જવાબદારીનો ભાર મંત્રીઓ તથા શિલ્પીઓને સોંપી માળવા તરફ પ્રયાણ કર્યું ૧૨ વર્ષ સુધી લડાઈ ચાલી પણ ધારાનો કિલ્લો સર ન થયો. આથી ત્યાથી પાછા ફરવાનો વિચાર પોતાના મંત્રી મુંજાલને જણાવ્યો. મંત્રીએ પોતાના જાસુસો મારફત જાણ્યું કે દક્ષિણ બાજુએથી હુમલો કરવાથી કિલ્લો તોડી શકાય, બીજી કોઈ રીતે નહિ. આ વાત તેણે રાજાને જણાવી.

આ ઉપરથી જયસિંહે પોતાના સૈન્ય સહિત તે બાજુએથી હુમલો શરૂ કર્યો. પછી યશઃપટહ નામના હાથીથી ત્યાની ત્રિપોલીઓના બન્ને કમાડ તોડાવી સિદ્ધરાજે કિલ્લામાં પ્રવેશ કર્યો અને યશોવર્માને પકડ્યો. તે દેશને પોતાના અધિકારમા લાવ્યા પછી જયસિંહ

---

૧૧ પ્રબંધચિંતામણિ પૃ. ૧૩૯–૪૦

૧૨ „ પૃ. ૧૪૨

૧૩ પ્રબંધચિંતામણિ પૃ. ૧૪૨ પ્રબંધચિંતામણિકારે ગૂજરાત ઉપર ચઢાઈ કરનાર માળવાના રાજાનું નામ યશોવર્મા લખ્યું છે, જે ભ્રમ જ છે. વસ્તુતઃ આ ચઢાઈ નરવર્માએ કરી હોવી જોઇએ. કારણકે નરવર્માના રાજ્યકાળના બે શિલાલેખ મળ્યા છે. એક વિ. સં. ૧૧૬૪ (ઇ. સ. ૧૧૦૭)નો છે. વિ. સં. ૧૧૯૦ કાર્તિક સુદ ૮ મે નરવર્માનો દેહાત થયો. એની પછી એનો પુત્ર યશોવર્મા માળવાનો રાજા થયો. જયસિંહ સિદ્ધરાજનો દેહાન્ત વિ. સં. ૧૧૯૯ માં થયો. ઉજ્જૈનથી મળેલા વિ. સં. ૧૧૯૫ જ્યેષ્ઠ વદી ૧૪ના જયસિંહના એક શિલાલેખ ઉપરથી જણાય છે કે એણે માળવાના રાજા યશોવર્માને જીત્યો હતો અને એ સમયે એના તરફથી ત્યાનો શાસક નાગર મહાદેવ હતો. આથી નિશ્ચિત થાય છે કે વિ. સ. ૧૧૯૫ થી પૂર્વે લડાઇ સમાપ્ત થઈ જવાથી માળવા ઉપર જયસિંહનો અધિકાર હતો. ગૂજરાતના ઐતિહાસિક સંસ્કૃત ગ્રન્થો ઉપરથી જણાય છે કે માળવાના રાજાએ ગૂજરાત ઉપર ચઢાઈ કરેલી તેનો બદલો વાળવા માટે જ જયસિંહે આ ચઢાઇ કરી હતી અને ૧૨ વર્ષ સુધી લડયા પછી જયસિંહનો માળવા ઉપર અધિકાર થયો. યશોવર્મા રાજા થયો તે પછી બાર વર્ષ સુધી જયસિંહ જીવતો પણ નહોતો. ખરી રીતે માળવાની સાથેના યુદ્ધનો પ્રારંભ નરવર્માના સમયમા થયો અને યશોવર્માના સમયમા એની સમાપ્તિ થઈ અને માળવા ઉપર જયસિંહનો અધિકાર થયો.

યશોવર્મા રૂપી પ્રત્યક્ષ જયધ્વજ સાથે અનહિલવાડ પહોંચ્યો, અને તેણે મોટી ધામધુમથી નગરમાં પ્રવેશ કર્યો. આ પ્રસંગે સિદ્ધરાજ હાથી ઉપર બેઠો હતો અને પોતાની પછવાડે યશોવર્માને હાથમાં લાકડાની[૧૪] નાગી તલવાર આપીને બેસાડયો હતો. પછી તેણે યશોવર્માને પોતાના બધા રાજમહેલ તથા સહસ્રલિંગ આદિ ધર્મસ્થાન બતાવ્યા.[૧૫] આ ઉપરથી એમ જણાય છે કે યશોવર્મા બહુ વીરતાથી લડયો હતો અને આ યુદ્ધમાં વિજય પ્રાપ્ત થવાનું મુખ્ય કારણ મંત્રી મુંજાલે શત્રુના પક્ષવાળાઓને ગુપ્ત રીતે પોતાના પક્ષમાં લીધા હતા તે હતું. જયસિંહે યશોવર્માને કેદ તો કર્યો પરંતુ તેની સાથે તેની મોટાઈને યોગ્ય ઉદાર વર્તણુક પણ તેણે ચલાવી.

ઉપરની ચઢાઈ વિષે અરિસિંહ લખે છે: "જયસિંહે ધારાપતિ યશોવર્માને પોતાને ત્યાં કેદ રાખ્યો.[૧૬]" અને દ્વયાશ્રય કાવ્યથી સમજાય છે: "જયસિંહે માળવા ઉપર ચઢાઈ કરી ઉજ્જૈનનો વિજય કર્યો અને ધારાનગરી પડાવી લઈ યશોવર્માને કેદ કર્યો."

સોમેશ્વર પોતાની કીર્તિકૌમુદીમાં લખે છે: "જયસિંહે પરમાર રાજા નરવર્માને પોપટની પેઠે લાકડાના પાંજરામાં કેદ કરીને તેની પાસેથી ધારાનગરી છીનવી લીધી."[૧૭] અને એ જ લેખક સુરથોત્સવ કાવ્યમાં માળવાનો રાજા તેની રાણીઓ સાથે કેદ થયો એમ બતાવે છે.[૧૮]

જિનમંડનરચિત કુમારપાલપ્રબંધથી[૧૯] જણાય છે કે સિદ્ધરાજ જયસિંહે ૧૨ વર્ષ સુધી લડીને માલવદેશની રાજધાની ધારાનગરી જીતીને રાજા નરવર્માને જીવતો પકડી લીધો. એ

૧૪ પ્રબંધચિંતામણિ ઉપરથી જણાય છે કે જયસિંહે પોતાની પાછળ હાથી પર બેસનાર પોતાના શત્રુ યશોવર્માના હાથમાં નાગી તલવાર આપવાનું પણ કર્યું હતું, પરંતુ મંત્રી મુંજાલે એમાં જોખમ દેખીને તેનો વિરોધ કર્યો અને પોતાના સ્વામીની પ્રતિજ્ઞાના પાલનને માટે તેના હાથમાં લાકડાની બનાવેલી તલવાર આપી હતી. પૃ. ૧૪૫ થી ૧૪૭.

૧૫ પ્ર. ચિ. પૃ. ૧૪૨ થી ૪૯.

૧૬ क्ष्माभार भूभारमयो जयश्रीनिकेतनं श्रीजयसिंहदेवः ।
भाले रराज प्रतिराजकस्य राज्यप्रतिष्ठातिलको यदङ्कः ॥ २४ ॥
यदीयकारागृहमाप्य धारापतिर्यशोवर्मनृपः सिषेवे ॥ ३४ ॥
अरिसिंह; सुकृतसंकीर्तन; सर्ग २।

૧૭ मालवस्वामिनः प्रौढलक्ष्मीपरिवृढः स्वयम् ।
समित्यपरमारो यः परमारानमारयत् ॥ ३० ॥
क्षिप्त्वा धारापतिं राजशुकवत् काष्ठपञ्जरे ।
यः काष्ठपञ्जरे कीर्तिराजहंसीं न्यवीविशत् ॥ ३१ ॥
राकेव नगृहे धारा नगरी नरवर्मणः ।
दत्ता येनाश्रुधारास्तु तद्वधूनां सहस्रधा ॥ ३२ ॥
कीर्तिकौमुदी; सर्ग २।

આમાં નરવર્મા પાસેથી ધારાનગરી છીનવી લીધી એમ લખ્યું છે તે ભ્રમ જ છે.

૧૮ मोतः स्फीतबलोऽपि मालवपतिः कारां च दारान्वितः ।
सुरथोत्सव; सर्ग १५ श्लोक २२।

૧૯ સોમસુંદર સૂરિના શિષ્ય જિનમંડને વિ૰ સં. ૧૪૯૨ માં કુમારપાલપ્રબંધની રચના કરી હતી.

યુદ્ધમાં એની તલવાર બાર વર્ષ નાગી રહી, તેથી કોપીને તેણે પ્રતિજ્ઞા કરી કે નરવર્માની ખાલથી મારી તલવારનું મ્યાન મઢાવીશ; તેથી તેના કેદ થયા પછી તે તેના પગની ખાલ ઉખાડવા લાગ્યો. તે ઉપરથી મંત્રીઓએ નિવેદન કર્યું: "મહારાજ, નીતિશાસ્ત્રમાં રાજાને મારવાનો નિષેધ છે માટે તેને મારવો ઉચિત નથી." તે ઉપરથી તેણે તેને લાકડાના પાંજરામાં કેદ કર્યો.[20]

જયસિંહસૂરિના લેખથી માલુમ પડે છે કે "રાજા જયસિંહે બાર વર્ષ સુધી લડાઈ કરીને ધારાનગરીને જીતી અને નરવર્માને કેદ કર્યા પછી તેનું ચામડું પોતાની તલવારના મ્યાન પર મઢાવીને પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરી.[21]

ચારિત્રસુંદર ગણિનું લખવું છે કે આલિગ[22] નામના મંત્રીને રાજ્યરક્ષાનો ભાર સોંપીને જયસિંહે મોટી સેના સાથે માળવા પર ચઢાઈ કરી. બાર વર્ષ સુધી લડયા પછી ધારાનો રાજા નાશી ગયો પણ કેટલાક દિવસો પછી તેણે સિદ્ધરાજની અધીનતા સ્વીકારી લીધી. તે ઉપરથી તેણે (સિદ્ધરાજે) તે રાજ્ય તેને પાછું આપ્યું.[23]

ઉપર લખેલા લેખકોમાંથી મેરુતુંગ, અરિસિંહ તથા હેમચંદ્ર ઉક્ત લડાઈ યશોવર્મા સાથે થઈ એમ બતાવે છે અને સોમેશ્વર, જિનમંડનગણિ અને જયસિંહસૂરિ નરવર્માની

---

૨૦ કુમારપાલપ્રબોધ પૃષ્ઠ ૮ પં. ૧ જિનમંડને વિ. સં. ૧૪૯૨માં કુમારપાલપ્રબંધની રચના કરી. તેના અગાઉના ૧૩૦ વર્ષ પહેલાના મેરુતુંગે યશોવર્માની ખાલથી સિદ્ધરાજે તલવાર મઢાવવાની તેની પ્રતિજ્ઞાનો ઉલ્લેખ કર્યો નથી. પણ તેથી ઉલ્ટું યશોવર્માની સાથેનો તેનો ઉદાર વ્યવહાર બતાવે છે જે વધારે વિશ્વસનીય છે. જયસિંહનો ઇતિહાસ લખનારા બીજા કોઈ સંસ્કૃત લેખકે પણ એવી પ્રતિજ્ઞાનો ઉલ્લેખ કર્યો નથી. તેથી એવી સ્થિતિમા જિનમંડનનુ ઉક્ત કથન અમે કપોલકલ્પિત સમજીએ છીએ.

कृत्वा विग्रहमुग्रसैन्यनिवहैर्यो द्वादशाब्दमयं
प्राग्द्वारं विदलय्य पट्टकरिणा भङ्क्त्वा च धारापुरीम्।
बध्वा श्रीनरवर्मभूधवमदः पादाग्र...र्जितं
कोषं स्वं परिधाय खड्गमभवत्तीर्णप्रतिज्ञाभरः ॥ ४१ ॥

कुमारपालचरित, सर्ग १

૨૨ ચારિત્રસુંદરગણિ આલિગને જયસિંહનો મંત્રી બતાવે છે પરતુ આલિંગ (આલિગ) નામના પુરુષને કુમારપાળે પોતાનો મંત્રી બનાવ્યો હતો. પ્રબંધચિંતામણિની એક પ્રત (પૃ. ૧૪૫-૪૬)મા જયસિંહના સમયમા આલિગ નામના પુરોહિતનું નામ મળે છે.

૨૩ श्रीआलिगाख्यं सचिवं विमुच्य स्वदेशरक्षार्थमसौ कृतार्थः।
नृपो विशालेन बलेन साकं स मालवं कालसमो जगाम ॥ ३४ ॥
कृत्वा विग्रहमुग्रमाग्रहवशाज्जग्राह धारां धराधीशो द्वादशवत्सरैर्बहुतरं बिभ्रच्चिरं मत्सरम्।
आलोक्यातुलविक्रमं बहुबलं श्रीगुर्जरेशं पुनर्नष्ट्वा मालवपालकः स समयाभिज्ञोऽभजन्मण्डपम् ॥ ३५ ॥
अथ निजमभिमानं मालवेन्द्रः स हित्वा क्रमयुगमनमच्छ्रीसिद्धराजः समेत्य।
शरणमिह महान्तो दूमितानां महद्भिर्धरणिनिपतितानां भूमिरेवावलम्बः ॥ ३६॥
प्रादाद्राज्यं प्रणतजनतावत्सल. सिद्धराजस्तस्मै श्रीमानुचितचतुरो मुक्तगर्वाय सर्वम् ॥ ३७ ॥

સાથે થઇ એમ માને છે. ઉજ્જૈનથી મળેલા વિ. સં. ૧૧૯૫ ના જયસિંહના સમયના શિલાલેખમાં તેણે યશોવર્મા ઉપર વિજય કર્યો એવું લખ્યું છે. અને એ જ સમયમા તલવાડા (વાંસવાડા) ના રાજ્યમાથી મળેલી એક ગણપતિની મૂર્તિ નીચે કોતરેલા લેખમાં—જેનો સંવત નષ્ટ થઈ ગયો છે—નરવર્માનું માનમર્દન કર્યાનો ઉલ્લેખ છે. અમે ઉપર બતાવી ચૂક્યા છીએ કે આ લડાઈ નરવર્માના સમયમા શરૂ થઇ અને યશોવર્માના સમયમાં સમાપ્ત થઇ. એના વર્ણન કરનારાઓમા માત્ર હેમચંદ્ર જયસિંહનો સમકાલીન હતો, જેણે લખ્યું છે કે જયસિંહે યશોવર્માને જીતીને કેદ કર્યો, જે માનનીય છે. પછીના લેખકોમાંથી જેમણે નરવર્માને કેદ કર્યાની હકીકત લખી છે તેમનું કથન માનવા યોગ્ય નથી.

આ લડાઇમા વિજયી થયા પછી જયસિંહે "અવન્તીનાથ" બિરુદ ધારણ કર્યું અને માળવા પર ગૂજરાતના સોલંકીનો અધિકાર થઇ ગયો. આ લડાઇના સમયે નાડોલના ચૌહાણ રાજા આશારાજ[૨૪] (આસરાજ), જે જયસિંહનો સામંત હતો, તેણે ઘણી વીરતા બતાવી જેનાથી પ્રસન્ન થઇ સિદ્ધરાજે (જયસિંહે) તેને સુવર્ણ કળશ આપ્યો, એમ સૂંધાના લેખથી જણાય છે.[૨૫]

આ વિજયથી ચિતોડના કિલ્લા ઉપર તથા માળવા સાથે મળી ગયેલા તેના નિકટના પ્રદેશ ઉપર પણ જયસિંહનો અધિકાર થઈ ગયો.[૨૬] જયસિંહ પછી તે કિલ્લા પર કુમારપાલનો અધિકાર થયો. ચિતોડથી કુમારપાલના બે શિલાલેખ મળ્યા છે. તેના (કુમારપાલ) પછી તેના ભાઇ મહિપાળનો પુત્ર અજયપાળ ગૂજરાતના રાજસિંહાસન પર બેઠો. સંભવ છે કે સામંતસિંહની સાથેની લડાઇમા અજયપાળ ઘાયલ[૨૭] થયા પછી ચિતોડ પર મેવાડના રાજાઓનો ફરી અધિકાર થયો હોય.

જયસિંહ બાર વર્ષ સુધી માળવાની લડાઈમા રોકાયો હતો એ નિશ્ચિત છે તો પણ ચારિત્રસુંદર ગણિ લખે છે: "કર્ણાટ, લાટ, મગધ, અંગ, કલિંગ, બંગ, કાશ્મીર, કીર, મરુ, માલવ, સિંધુ, આદિ દેશોને બાર વર્ષમા જીતીને સિદ્ધાધિપ (જયસિંહ) પોતાને નગર પાછો આવ્યો."

कर्णाटलाटमगधाङ्गकलिङ्गवङ्गकाश्मीरकीरमरुमालवसिंधुमुख्यान् ॥
देशान् विजित्य तरणिप्रमितैः स वर्षैः सिद्धाधिपो निजपुरं पुनराससाद ॥३८॥

कुमारपालचरित सर्ग १. वर्ग २

ઉક્ત સૂરિનું આ લખવું કેવળ કપોલકલ્પના છે. કારણ કે આ ચઢાઈમાં જયસિંહે માત્ર માળવાની જ જીત કરી હતી.

૨૪ આશારાજ નાડોલના ચૌહાણ રાજા અણહિલ્લનો પૌત્ર, જેન્દ્રરાજનો પુત્ર અને જોજલનો નાનો ભાઇ તથા ઉત્તરાધિકારી હતો. તેને અશ્વરાજ અને આસરાજ પણ કહેતા.

૨૫ श्रीआशाराजनामा समजनि वसुधानायकस्तस्य च (व) न्धुः
साहाय्यं मालवानां भुवि यदसिकृतं वीक्ष्य सिद्धाधिराजः ।
तुष्टो धत्ते स्म कुम्भं कनकमयमहो यस्य गुप्यत्प्ररुद्दर्थं
तं हर्तुं नैव शक्ताः कलुषितहृदयः शेषभूपालवाग्भिः ॥ २६ ॥

एपिग्राफिया इंडिका; भा० ९ पृ० ७६.

૨૬ મેવાડના ગુહિલવંશી રાજા બાપા (કાલભોજ) એણે ચિતોડનો કિલ્લો મોરિયો (મૌર્યવંશીઓ) પાસેથી લીધો એમ પ્રસિદ્ધ છે. ફરી માળવાના પરમાર રાજા મુંજે મેવાડ પર ચઢાઇ કરીને તેની રાજધાની આઘાટપુર (આહાડ)ને તોડ્યું (એપિગ્રાફિયા ઇંડિકા પુ૦ ૧૦, પૃ. ૨૦–૨૧ શ્લોક ૧૦) તે સમયથી ચિતોડનો કિલ્લો તથા માળવા સાથે મળી ગએલો તેની આસપાસનો પ્રદેશ

આ લડાઇ કયી સાલમાં પૂરી થઈ એ હકીકત કેયા યે લખેલી બરાબર મળતી નથી. વિ. સં. ૧૧૯૧ મા માળવા પર જયસિંહનો અધિકાર હતો એવું તેના ઉત્તરાધિકારી મહાકુમાર લક્ષ્મીવર્મદેવના દાનપત્રથી નિશ્ચિત છે.[૨૮] અને વિ. સં. ૧૧૯૫ના ઉજ્જૈનના ઉપર્યુક્ત શિલાલેખમાં જયસિંહનું ઉપનામ "અવંતીનાથ" મળે છે તથા યશોવર્માની હારનો પણ ઉલ્લેખ છે. તેથી ઉક્ત એ સંવતોની વચ્ચેના કોઇ વર્ષમા આ યુદ્ધ સમાપ્ત થયું હશે.

ચારિત્રસુંદર ગણિ લખે છે કે "માળવાનો રાજા પોતાનું અભિમાન છોડીને જયસિંહના પગે પડયો જેથી તેણે તેનું રાજ્ય તેને પાછું દીધું." કેટલોક સમય કેદ રહ્યા પછી યશોવર્માએ અધીનતાનો સ્વીકાર કરી લીધાથી જયસિંહે તેને તેના રાજ્યનો કેટલોક ભાગ પાછો આપ્યો હોય એવો સંભવ છે.

જયસિંહનો સૌરાષ્ટ્ર-વિજય

જયસિંહની વીરતાના કાર્યોમા બીજું સોરઠ (સૌરાષ્ટ્ર)ના ચૂડાસમા (યાદવ) રાજા ખેંગાર પર ચઢાઈ કરવી એ છે. આ લડાઈના સંબંધમાં ગુર્જરેશ્વર પુરોહિત સોમેશ્વર પોતાની 'કીર્તિકૌમુદી' મા લખે છેઃ—

"જયસિંહે મોટા પરાક્રમી સૌરાષ્ટ્રના રાજા ખેંગારને દ્વેષને વશ થઇને પીસી નાખ્યો.[૨૯] પ્રબંધચિંતામણિકારે પોતાના ગ્રન્થમાં આ સ્થળે કાંઈક ગરબડ કરી છે. પહેલા તે

મુંજની સત્તા નીચે આવ્યો એમ જણાય છે. મુંજનો નાનો ભાઇ સિંધુરાજનો પુત્ર ભોજ, જેનું ઉપનામ 'ત્રિભુવનનારાયણ' હતું, તેણે ચિતોડ પર વિશાળ શિવાલય બનાવ્યુ. જેને "ભોજજગતી" પણ કહ્યુ છે. તેનો જીર્ણોદ્ધાર મહારાણા મોકલે કરાવ્યો. આબૂ પરના પ્રસિદ્ધ વિમળશાહના જીર્ણોદ્ધારની વિ. સં. ૧૩૭૮ની પ્રશસ્તિથી જણાય છે કે "ચંદ્રાવતીનો પરમાર રાજા ધંધુક વીરોનો અગ્રણી હતો. જ્યારે તેણે રાજા ભીમદેવ (સોલંકી)ની સેવા સ્વીકારી નહિ ત્યારે રાજા ભીમદેવ તેના પર ક્રુદ્ધ થયો જેથી તે મનસ્વી પુરુષ ધારાના રાજા ભોજ પાસે ચાલ્યો ગયો. પછી રાજા ભીમે પ્રાગ્વાટ (પોરવાડ) વંશના મંત્રી વિમલદેવને અર્બુદ (આબુ)નો દંડપતિ (સેનાપતિ, હાકીમ) બનાવ્યો. તેણે વિ. સં. ૧૦૮૮માં આબુના શિખર પર આદિનાથનું મંદિર બંધાવ્યુ. એ પ્રસંગ સંબંધી જિનપ્રભ સૂરિ પોતાના 'તીર્થકલ્પ'માં લખે છે "જ્યારે ગુર્જરેશ્વર [ભીમદેવ] રાજાનક ધાંધુક [રાજા ધંધુક] ઉપર ગુસ્સે થયા ત્યારે મંત્રી વિમલ તેને [ધંધુકને] ચિત્રકૂટ [ચિતોડ]થી લઇ આવ્યો અને ભક્તિથી તેને પ્રસન્ન કરી તેની આજ્ઞાથી વિ. સં. ૧૦૮૮મા આબૂ ઉપર ખૂબ પૈસા ખરચી વિમલવસહી નામનું મંદિર બંધાવ્યુ." [નાગરીપ્રચારિણી પત્રિકા ભા. ૩ પૃ. ૪–૬] એ બન્ને કથનો સાથે ધ્યાનમા લેતા એમ સમજાય છે કે ગૂજરાતના સોલંકી [ચૈલુક્ય] રાજા ભીમદેવ સાથેનો સંબંધ બગડતા આબૂના પરમાર રાજા ધંધુક માલવાના પરમાર રાજા ભોજની પાસે ચાલી ગયો. તે સમયે તે ચિતોડમાં રહેતા હતા. ભોજના પછી યશોવર્મા સુધી ચિતોડ પર માલવાના પરમારોનો અધિકાર રહ્યો હતો. જ્યારે સોલંકી જયસિંહે માલવાને પોતાના રાજ્ય સાથે મેળવી દીધું ત્યારથી ગૂજરાતના સોલંકીઓનો અધિકાર તે કિલ્લા પર થયો.

૨૭ રાજપૂતાને કા ઇતિહાસ ભા૦ ૧ પૃ. ૪૪૮–૫૦.

૨૮ ઇંડિયન એંટિક્વેરી ભા૦ ૧૯ પૃ. ૩૫૩.

૨૯ अपारपौरुषोद्गारं खङ्गारं गुरुमत्सरः ।
सौराष्ट्रं पिष्टवानाजौ करिणं केसरीव यः ॥ २९ ॥
कीर्तिकौमुदी; सर्ग २।

લખે છે કે [૩૦]અભીર જાતિના રાણક [૩૧](રાણા) નવઘણથી પોતાની સેના અગિયાર વાર પરાજિત થયાથી વર્ધમાન[૩૨] વગેરે નગરોમાં ગઢ બનાવીને સિદ્ધરાજે પોતે તેના પર ચઢાઇ કરી અને તેના (નવઘણ) ભાણેજ[૩૩]ના સંકેત અનુસાર તેના કિલ્લામાં પ્રવેશ કરીને તેને મારી નાખ્યો. પછી ફરી આગળ ચાલીને પ્રબંધચિંતામણિકાર તેની રાણીના શોકોદ્‌ગારના દૂહામાં ઉક્ત રાજાનું 'કીર્તિકૌમુદી'કારે લખ્યું છે તેમ, નામ નવઘણ નહિ, પણ ખેંગાર લખે છે તે બરાબર છે. વાસ્તવિક રીતે, જયસિંહની ચઢાઈ નવઘણ પર નહિ, પણ ખેંગાર ઉપર હોવી જોઈએ.

કાઠિયાવાડની લોકપરંપરા પ્રમાણે જયસિંહે એકથી વધારે વાર કાઠિયાવાડ પર ચઢાઇ કરી હોય એમ માલમ પડે છે. ભાટોની વાતોમાં પણ લખેલું મળે છે કે "સિદ્ધરાજે નવઘણની તલવાર છીનવી લીધી અને તેણે ગોંમા તરણું લીધા પછી તેને છોડી દીધો. તે ઉપરથી નવઘણે એવી પ્રતિજ્ઞા કરી કે પાટણના દરવાજા તોડીને એનો બદલો લઇશ આ પ્રતિજ્ઞાને તો જીવતાં પૂરી કરી શક્યો નહિ જેથી અંત સમયે તેણે પોતાના ચારે પુત્રોને પોતાની પાસે બોલાવ્યા. એમાંથી સૌથી નાના ખેંગારે[૩૪] પ્રતિજ્ઞા પૂર્ણ કરવાનું પણ લીધું. તે ઉપરથી નવઘણે તેને જ પોતાનો વારસ ઠરાવ્યો. ખેંગાર બહુ પ્રતાપી હતો, તેણે રાણકદેવી[૩૫] નામની એક સુંદર સ્ત્રી, જેની સાથે જયસિંહ વિવાહ કરવા ઇચ્છતો હતો, તેને તે જબરજસ્તીથી ઉઠાવી લઇ ગયો અને તેની સાથે વિવાહ કરી લીધા. એ ઉપરથી ક્રુદ્ધ થઇ જયસિંહે ખેંગાર ઉપર ચઢાઇ કરી પણ ૧૨ વર્ષ સુધી લડવા છતાં તે જૂનાગઢમાં પ્રવેશ કરી શક્યો નહિ. તે પછી ખેંગારના બે ભાણેજ દેહલ અને જેહલ (દેસલ અને જયસલ) જે કોઇક કારણથી ખેંગારથી નારાજ

---

૩૦ અહીર. પ્રબંધચિંતામણિકારે જૂનાગઢના ચૂડાસમા [યાદવ] રાજાને અભીર લખ્યા છે અને હેમચંદ્રે તે જ વંશના રાજા ગ્રાહરિપુને પણ,—જે મૂળરાજ સાથે લડ્યો હતો—આભીર બનાવ્યો છે, પરંતુ ચૂડાસમા રાજાઓના શિલાલેખોમાં પણ તેમને યાદવ લખ્યા હોવાનું મળે છે અને બીજા રાજપૂતો પણ તેમના યાદવ હોવાનું સ્વીકારે છે. એથી સંભવ છે કે હેમચંદ્ર અને મેરુતુંગે આભીરોને યાદવોની શાખા માનીને એમ લખ્યું હોય.

૩૧ રાણા.

૩૨ વઢવાણ [કાઠિયાવાડમાં]

૩૩ ભાટોની કથાઓ [ખ્યાતો] મુજબ જૂનાગઢ [ગિરનાર]ના રાજાના બે ભાણેજ દેશલ અને વેશલ જયસિંહ [સિદ્ધરાજ]ના જ કુટુંબી હતા. તેઓ યુદ્ધના સમયે પોતાના મામાને છોડી જયસિંહના મદદગાર બની ગયા હતા એમ પ્રતીત થાય છે.

૩૪ ભાટોની કથાઓમાં તો ખેંગારને નવઘણનો સૌથી નાનો તથા ચોથો પુત્ર લખ્યો છે પણ ગિરનાર પરના નેમિનાથના મંદિરની પ્રશસ્તિમાં તેને નવઘણનો પૌત્ર અને મહીપાલનો પુત્ર લખ્યો છે.

૩૫ રાણક દેવડી (રાણકદેવી)ને ભાટ લોકો સિંધના પરમાર રાજાની પુત્રી બતાવે છે. સાથે જ એમ પણ લખે છે કે એના ગ્રહ જોઇને જ્યોતિષીઓએ કહ્યું હતું કે જેના ઘરમાં આ છોકરી રહેશે તેનું રાજ્ય નષ્ટ થઈ જશે. એ ઉપરથી તેના બાપે તેને જંગલમાં રખાવી, ત્યાંથી એક કુંભાર ઉઠાવીને તેને પોતાને ઘેર લઇ આવ્યો અને તેણે તેનું પાલન-પોષણ કર્યું. પછી તે કુંભાર એ છોકરીને સાથે લઇને સોરઠના મજેવડી ગામમાં ચાલ્યો ગયો. રાણક દેવડીનું નામ આજ સુધી સોરઠમાં પ્રસિદ્ધ છે અને તેના સંબંધી અનેક કથાઓ ત્યાંના વાર્તાઓમાં પ્રચલિત છે.

હતા તેઓ રાત્રે કિલ્લામાંથી નીકળીને સિદ્ધરાજને મળ્યા અને એમણે તેને કિલ્લામાં દાખલ કરી દીધો. પછી યુદ્ધ થયું તેમાં ખેંગાર માર્યો ગયો. સિદ્ધરાજ રાણકદેવીને લઇને વઢવાણ આવ્યો ત્યાં તે સતી થઇ.[૩૬]

ભાટોની આ કથામાં થોડું સત્ય જરૂર છે. એથી માલમ પડે છે કે જયસિંહની પહેલી ચઢાઇ નવઘણ પર હતી પણ બીજી તેના પૌત્ર ખેંગાર પર થઇ જેમા ખેંગાર માર્યો ગયો. જયસિંહના સમયના વિ. સં. ૧૧૯૬ (ઇ. સ. ૧૧૩૯) ના દોહદ[૩૭] ના લેખમા સુરાષ્ટ્રના (સોરઠ) રાજાના કેદ કર્યાનું લખ્યું છે.[૩૮] તે રાજા નવઘણ જ હોય એમ પ્રતીત થાય છે. સંભવ છે કે પ્રબંધચિંતામણિકારે એ જુદી જુદી ઘટનાઓને ભુલથી એક માની લીધી હોય અને કીર્તિકૌમુદીમા માત્ર પાછલી ચઢાઈનો જ ઉલ્લેખ થયો હોય. આ ઘટનાઓ ક્યારે થઇ તે બરાબર બતાવી શકાતું નથી.

મેરુતુંગાચાર્ય પ્રબંધચિંતામણિમાં લખે છેઃ "આ વિજય પછી જયસિંહે જામ્બના[૩૯] વંશજ સજ્જનને સુરાષ્ટ્ર (સોરઠ)ના દંડાધિપતિ[૪૦] નિયત કર્યો. તેણે પોતાના સ્વામીની આજ્ઞા વિના પણ ત્રણ વર્ષની તે દેશની આવક વડે ઉજ્જયંત[૪૧] પર્વત ઉપર નેમીશ્વર[૪૨] ના લાકડાના મંદિરની જગાએ પત્થરનું મંદિર બનાવી દીધુ. ચોથા વર્ષે રાજા જયસિંહે તે (સજ્જન)ને પાટણ બોલાવી ત્રણ વર્ષની આવક માગી. તે ઉપરથી તેણે નિવેદન કર્યું કેઃ "મહારાજ, આપ કાં તો ત્રણ વર્ષની આવક લ્યો અથવા તો ઉજ્જયંત પર્વત પરના મંદિરના જીર્ણોદ્ધારનું પુણ્ય ગ્રહણ કરો." તેની આ ચતુરાઈથી ચકિત થઈને જયસિંહે મંદિરના જીર્ણોદ્ધારનું પુણ્ય જ સ્વીકારીને તેને ફરી એ જ દેશના અધિકાર ઉપર નીમ્યો[૪૩]

આ વિષયમા જીનમંડન કુમારપાળપ્રબંધમાં લખે છે "રાજા કરણદેવે સૌરાષ્ટ્ર દેશ જીતીને વામનસ્થળીમા[૪૪] જઈને સજ્જનને તેનો દંડનાયક નીમ્યો. તેની પછી મદનપાળ[૪૫]

---

૩૬ અમદાવાદમા છપાયેલ (કૃષ્ણકવિકૃત) રત્નમાળાના ૮ મા રત્ન પછી ફિન્લોક ફાર્બ્સની સંગ્રહિત ઐતિહાસિક કથાઓ તથા દંતકથાઓ. પૃ. ૨૪૯–૨૭૦.

૩૭ ગૂજરાતના પંચમહાલ જીલ્લાના દોહદ તાલુકાનુ મુખ્ય મથક.

૩૮ श्रीजयसिंहदेवोस्ति भूपो गुर्जरमंडले ।
येन कारागृहे क्षिप्तौ सुराष्ट्रमालवेश्वरौ ॥ १ ॥

ઇંડિયન એંટિક્વેરી ભા. ૧૦ પૃ. ૧૫૯

૩૯ જાંબ અનહિલવાડ વસાવનાર ચાવડા વંશના સંસ્થાપક વનરાજનો મહા અમાત્ય હતો. તે ઘણી જ વીર પ્રકૃતિનો મહાજન હતો. પ્રબંધચિંતામણિ પૃ. ૩૨–૩૪.

૪૦ શાસક; હાકિમ.

૪૧ ગિરનાર પર્વત–જે સોરઠમા જૂનાગઢ શહેરથી લગભગ ૨ માઈલ પર છે.

૪૨ જૈનોના ૨૨ મા તીર્થંકર નેમિનાથ.

૪૩ પ્રબંધચિંતામણિ પૃ. ૧૫૯–૬૦.

૪૪ જૂનાગઢથી ૯ માઈલ પશ્ચિમની વનસ્થલી. [વણુથળી]

૪૫ આ કદાચ કર્ણદેવની માતા ઉદયમતિના ભાઈ હોય, જેને જયસિંહના રાજ્યના પ્રારંભકાળમા મંત્રી સાંતે મરાવી નાંખ્યો હતો. જિનમંડને આ ઘટના કર્ણદેવના સમયની માનીને મદનપાલ આ સમયે હયાત હતો એમ લખ્યું છે.

નામના માંડલિક રાજાની વિનંતીથી તે ધનેશ્વરસૂરિ[૪૬] ની સાથે રૈવતાચલ[૪૭] પર ચડયો. ત્યાં તેણે નેમિનાથનું લાકડાનું મંદિર જીર્ણોવસ્થામાં જોયું. ભદ્રેશ્વરસૂરિની પ્રેરણાથી સજ્જને રાજાને તે મંદિરનો જીર્ણોદ્ધાર કરવાની પ્રાર્થના કરી, તે ઉપરથી તે ઉદાર રાજાએ સૌરાષ્ટ્ર (સોરઠ)ની આવકમાંથી તે મંદિરનો જીર્ણોદ્ધાર કરવાની આજ્ઞા આપી. જે ઉપરથી સજ્જને પથ્થરનું મંદિર બંધાવવાનું શરૂ કર્યું. પણ તે તૈયાર થયા પહેલાં તે મરણ પામ્યો જેથી તેના પુત્ર પરશુરામે પિતાની આજ્ઞાને અનુસરીને તેને તૈયાર કરાવીને તેની પ્રતિષ્ઠા કરાવી[૪૮].

આ રીતે મેરુતુંગ, સજ્જનને સોરઠનો દંડાધિપતિ નીમનાર જયસિંહને અને જિનમંડન કર્ણદેવને માને છે. એમાંથી મેરુતુંગનું લખવું બરાબર લાગે છે કારણ કે સૌરાષ્ટ્રનો જીતનાર જયસિંહ (સિદ્ધરાજ) જ હતો. જિનમંડન માને છે કે જયસિંહ ત્રણ વર્ષની ઉમ્મરે અનહિલવાડની ગાદી પર બેઠો અને કર્ણદેવે કર્ણાવતી નગરી વસાવીને ત્યાં ૨૯ વર્ષ રાજ્ય કર્યું[૪૯] તે તેની ભૂલ છે. ઉપર બતાવી ચૂકયા છીએ તે પ્રમાણે, કર્ણદેવે ત્રીસ વર્ષની આસપાસ રાજ્ય કર્યું અને તેના દેહાંત સમયે જયસિંહ ત્રણ વર્ષનો હતો.*

અપૂર્ણ

ગૌરીશંકર હીરાચંદ ઓઝા

---

૪૬ કદાચ શત્રુંજય માહાત્મ્યના કર્તા ધનેશ્વર આજ હોય. જો એમ હોય તો એ માનવું પડશે કે તે જયસિંહ (સિદ્ધરાજ)ના દેહાન્ત સુધી હયાત હતો. ઉપર્યુક્ત પુસ્તકમાં એણે કુમારપાળનું બયાન લખ્યું છે. એથી સ્પષ્ટ જણાય છે કે એ પુસ્તક જો કે બહુ પુરાણું માનવામાં આવે છે, તોપણ વાસ્તવિક રીતે તે કુમારપાળના સમયની પૂર્વેનું હોય શકે નહિ.

૪૭ ગિરનાર પર્વત સામાન્ય રીતે ગિરનારને જ રૈવતાચલ માનવામાં આવે છે પરન્તુ ખરી રીતે તો ગિરનારની નીચેની એક પહાડીનું એ નામ છે.

૪૮ જિનમંડન કૃત કુમારપાલપ્રબંધમાં કર્ણદેવનું વૃતાંત.

૪૯ કુમારપાલપ્રબંધમાં આપેલો કર્ણદેવના વૃતાંતનો ઉતરતો ભાગ.

* નાગરીપ્રચારિણી પત્રિકા ભાગ ૧ અં. ૩. કાર્તિક સં. ૧૯૫૫ માં હિન્દીમાં આવેલા લેખનો અનુવાદ.

જીવનચક્ર

" 'હાઇસ્કુલો' અને 'કૉલેજો' માં અપાતી કેળવણી નકામી છે, અને એવી કેળવણી લીધેલો માણસ દુનિયામા પોતાનો માર્ગ કાઢી શકતો નથી, આવો વિચાર અત્યારે સૌ કોઈ કરે છે. બીજી તરફથી આપણે ત્યાં કેળવણીનું પ્રમાણ ઘણું ઓછું છે અને કેળવણી વિના આપણો ઉદ્ધાર નથી એ વિચાર પણ એટલો જ પ્રચલિત છે. આ બેમા સત્ય શું ? એક તરફથી એમ કહેવામાં આવે છે કે કોઇપણ મેટ્રિક કે ગ્રેજ્યુએટ કરતા વેપારીની દુકાને માત્ર પાંચ વર્ષ પલોટાયેલો માણસ વધુ વ્યાવહારિક છે, તે પોતાનો માર્ગ કાઢી શકે છે, અને પોતાનો જીવનનિર્વાહ કરી શકે છે. આ વિચાર વસ્તુસ્થિતિને બરાબર રજુ કરે છે ખરો, પણ દુનિયામાં જે અનેકવિધ પ્રગતિ થઈ રહી છે, અને જે પ્રગતિની સાથેસાથ ઊભા રહ્યા વિના, કદાચ હિંદુસ્તાનનું નામનિશાન પણ રહેવાનો સંભવ નથી, એ પ્રગતિ વિષે લેશ પણ દરકાર કર્યા વિના જ આ વિચાર ઘડેલો છે. બીજી તરફથી જોઈએ તો હાઇસ્કુલો ને કૉલેજોમાં અપાતી કેળવણી માત્ર નકામી હોત તો વાંધો થોડો હતો; તે નકામી તો છે જ પણ એ ઉપરાત નુકશાનકારક છે. વિચાર કર્યો વિનાના માણસો તો એમ જ બોલે છે કે આટલા બધા વિષયો—અને આ એલજીબ્રા—અને આ 'જ્યોમેટ્રી' આ બધાનું વ્યવહારમાં શું કામ છે ? હવે ખરી વાત એ છે કે આપણે જેને વ્યવહાર કહીએ છીએ, અને જે વ્યવહારમા પાવરધો હોય તે જુવાન હોશિયાર ગણાય છે એ વ્યવહાર જ નથી. એ તો આપણી સામાજિક નિર્બળતા છે. સામાજિક નિર્બળતાને કાંઇ વ્યવહાર કહી શકાય નહિ. એવા વ્યવહારમાં માણસ કુશળ ન હોય તો એ એની વિદ્યાનું ભૂષણ છે. આ કેળવણીમાં વાંધો હોય તો તે વ્યવહાર ભૂલાવે છે એનો વાંધો નથીઃ પણ નવું કાંઇ કરી શકે એટલો પ્રાણ આ કેળવણીની પ્રથાને લીધે જુવાનમા રહેવા પામતો નથી એ વાંધો છે. એટલે પ્રાણહરણ થયા વિના આ કેળવણી મળી શકતી નથી માટે જ તે નકામી છેઃ એમા અપાતો દરેકે દરેક વિષય રાષ્ટ્રના કલ્યાણને માટે ઉપયોગી છે. પ્રગતિ સાધવા ઇચ્છનારે એ દરેક વિષયને થોડો થોડો અને એક વિષયને સંપૂર્ણ જાણવો જ પડશે. પણ હાલની કેળવણીની સંસ્થાઓએ જ્ઞાનની 'ભૂખ' કરતાં, જ્ઞાનના 'દેખાવ'ને એટલું વધારે મહત્ત્વ આપ્યું છે કે જાણ્યે અજાણ્યે દરેક જુવાન એ રસ્તા પર જાય છે. અને એ રસ્તા પર નિષ્પ્રાણ શુષ્કતા જ પ્રસરેલી છે. * * એટલે હાલની પરિસ્થિતિમાં જ્યા સુધી બીજો સારો માર્ગ ન મળે ત્યાં સુધી, જુવાનોના હિતેચ્છુંઓએ ઉપદેશવાનો, અને જુવાનોએ સાધવાનો આ એક જ માર્ગ છેઃ જે એક વિષયમાં 'ભૂખ' જાગી છે તે એક વિષયને જ્ઞાનપિપાસુ બનીને સંપૂર્ણ મેળવવો; 'દેખાવ'ની ખાતર, 'પરીક્ષા'ની ખાતર, ભવિષ્યની 'નોકરી'ની ખાતર એક પણ દિવસ હાઇસ્કુલ કૉલેજમા ન ગાળવો; પણ જ્યાં સુધી એ બન્નેમાથી પોતાના માર્ગને અનુકૂળ જ્ઞાન પૂરેપુરૂં મેળવ્યું નથી ત્યાં સુધી ત્યાં જ 'જ્ઞાનભિખ્ખુ' બનીને રહેવું. વિષય પર કેમ પ્રભુત્વ મેળવવું તે પોતાના હાથમા છે. જે વિષયમા રસ છે તે વિષે ચારે તરફથી વિદ્યાર્થી અવસ્થામાં જ

મેળવાય તેટલું મેળવી લેવું. મેળવેલું, પોતાનું બનાવેલું, એટલું જ પોતાનું છે એમ માનતાં થઇ જવું. અને જીવનમાં એ ઉપયોગી થઇ પડશે જ એ નિઃસંશય છે.

* * * *

વિદ્યાર્થીનું પ્રાણહરણ કરનાર વસ્તુ 'સમજ્યા વિનાની ગોખણપટ્ટી' છે. સમજેલ અને સમજવાથી કાંઈક રસિક થયેલો કોઈ પણ વિષય વિદ્યાર્થીને શ્રમ આપી શકતો નથી. અલબત, એવું બને કે સંગીત અથવા શિલ્પ કરતાં ગણિત મુકાબલે વધારે શુષ્ક લાગે; પણ એટલી શુષ્કતા—જે મગજની કસોટી માટે મહત્ત્વની છે તેનો અનાદર કરવાની જરૂર નથી. હમણા જ વિજ્ઞાનના એક વિદ્યાર્થીએ પ્રોફેસરને પૂછ્યું: 'સાહેબ! આ વિષયમાં આટલું વાચ્યા છતા કાંઈ આવડતું નથી તેનું કારણ શું?' પ્રોફેસરે જવાબ આપ્યો: 'જે વિષયને માટે તમારું માનસ તૈયાર નહતું, તે વિષય તમારે વાંચવો પડયો માટે જ એ અરસિક બન્યો અને તમને ન આવડયો. તમે અત્યારે હવે એ રસપૂર્વક સમજી પણ શકશો ને કદાચ કાઇક નવું મેળવી પણ શકશો.'

આપણા વિદ્યાર્થીસમૂહને નિષ્પ્રાણ કરનાર આ વસ્તુ જ છે. તૈયારી વિના પરાણે યાદ કરવી પડતી વસ્તુઓ!

* * * *

ઊનાળાથી થાકી ગયેલો મનુષ્ય ઘણી વખત બૂમ મારે છે કે હવે તો ઊનાળો જાય ને ચોમાસું આવે તો સારું; એ જ પ્રમાણે એ ચોમાસા વિષે પણ કહેવાનો છે. મનુષ્ય સ્વભાવ જ કાઇક એવો છે કે જ્યારે વર્તમાન પરિસ્થિતિથી તે કંટાળે છે ત્યારે તેના ગુણદોષનો તુલનાત્મક અભ્યાસ એ કરી શકતો નથી. એ અભ્યાસ કરવા જેટલી ધીરજ એનામા રહેતી નથી; છતા એ અભ્યાસ આવશ્યક તો છે જ. આપણા સામાજિક દૂષણો—જેને કોઇ 'ભૂષણ' કહેતું જ નથી—ઘણા છે. એમનાથી આપણે કંટાળ્યા પણ છીએ. એમનો વિનાશ કરવો છે અને કરવો જ પડશે. પરંતુ સમાજ એ કાઇ શુષ્ક વન નથી કે એમા ચારે તરફથી આગ લગાડીને એનો નાશ કરી શકાય. સમાજને બદલવાની રીત, મનુષ્યને બદલાવવાની રીત જેવી જ અનેકવિધ પગથાર વાળી છે. એમાં પ્રેમ હોય, જ્ઞાનનો દિપક ધરવાનો હોય, સહાનુભૂતિ ભરેલી મશ્કરી હોય, દુનિયાની પ્રગતિનો અંગુલિનિર્દેશ હોય, પરિસ્થિતિનો અચ્છો ખ્યાલ હોય, અને સમાજમાં હજી પણ ઘર કરી રહેલા ચેતનના બિંદુઓને જાળવી લેવાનો વિવેક હોય. સમાજને ફેરવવા ઇચ્છનાર મનુષ્યમા અખૂટ ધૈર્ય, અખંડ ઉદ્યોગ અને અગાધ પ્રેમ જોઈએ. એ માત્ર ભૂતકાળના ગૌરવમાં નહિ માને; પણ એટલા માટે જે ભૂતકાળ વિષે કાંઈ પણ નિર્ણય બાંધવો મુશ્કેલ છે, તેનો તિરસ્કાર કરીને જ એ વર્તમાનનો પાયો પણ નહિ ચણે.

* * * *

કોઈ પણ ખોરાકને રાંધીને ખાવાથી તે બગડે છે. એ વિષે જુદા જુદા અનુભવો એકઠા થવાની જરૂર છે. આપણો ખોરાક ઘણો વખત થયા એકનો એક જ ચાલ્યો આવે છે. કપાસના છોડવા તાજેતાજા ખાવાનો અનુભવ એક વૃદ્ધ વકીલે કર્યો હતો. એક માસ સુધી એ પ્રયોગ નિયમિત કરવામા આવ્યો હતો. હમેશા વીસથી પચીશ તાજા છોડવાં, જેમાં કપાસ ન દેખાતો હોય તેવાં લેવા. સાંજે તે ખાવાં. ને પછી કાંઈ પણ ખાધા વિના અથવા થોડું ખાઇને સૂઇ જવું. આ પ્રયોગ માટે બ્રહ્મચર્ય આવશ્યક છે. આ પ્રયોગથી આંખનું તેજ વધે છે.

* * * *

વિપ્લવવાદીઓની પ્રવૃત્તિ માટે એક નવો શબ્દ યોજીને એ પ્રકારનું માનસ સ્પષ્ટ રીતે સમજવાની જરુર છે. અત્યારે બીજા શબ્દને અભાવે એ માનસિક દશા માટે 'ભયંકર રમણીયતા' એ શબ્દ યોજ્યો છે. ભયંકર રમણીયતા એટલે શું એનો કાંઇક આછો ખ્યાલ આપવાનો આ પ્રયત્ન છે.

સંધ્યાકાળે જ્યારે માણસો નદીનો કાંઠો છોડીને ઘર તરફ વળી જાય છે અને કોઈ પાછળ રહેલું એકાદ બકરું કે ઘેટું પણ બેં બેં કરતું ચાલ્યું જાય છે, ત્યારે બાકી રહેલ નિરવ કિનારો, શાંત વહેતું નીર અને ચુપચુપ ઊભેલા ઝાડ એક જાતની કહી ન શકાય તેવી શોકમિશ્રિત રમણીય છબી રજુ કરે છે; હરિયાળા ડુંગરાઓ પર જ્યારે 'તડકી અને છાંયડી' ની ભાત પૂરાય છે ત્યારે પણ કોઈ અકથ્ય શોકમિશ્રિત રમણીય છબી બની રહે છે; એ સંવેદનનું કારણ જાણવું મુશ્કેલ છે. કદાચ અત્યંત તર્કપ્રિય વિદ્વાન એવું કારણ આપી પણ શકે; પરંતુ એવું સ્વાભાવિક કારણ એવું લાગે છે કે પહેલું ચિત્ર જાણે આપણને જીવનનો અંત—જેને કરુણ માનવાની આપણને ટેવ પડી ગઇ છે—તે બતાવે છે. જ્યારે બીજું ચિત્ર જીવનનાં તેજ અને છાયા, સુખ અને દુઃખ, ચડતી અને પડતીનો અવિચલ નિયમ દર્શાવે છે. પરંતુ બધાને જ આ પ્રકારની લાગણી થાય એ સંભવિત નથીઃ એટલે કદાચ કોઇને આ ખોટો તર્ક પણ લાગે. એ ગમે તેમ હોય, પરંતુ વીણાના છેલ્લા લય પામતા સ્વરના જેવી આ દર્દ ભરેલી મીઠાશ—પ્રકૃતિની આ છબીમા નહિ તો બીજી કોઇ છબીમાં—અને બીજી કોઇ છબીમા નહિ તો પોતાના જ સ્વભાવના બે પરસ્પર વિરોધી તત્ત્વોમા કોઈ પળે તો પ્રત્યક્ષ થઇ હશે. ચિંતન જેના સ્વભાવમા જ નથી એવા મનુષ્યને વખતે એવી પળ ન પણ આવી હોય, પરંતુ દરેક મનુષ્ય પોતપોતાની રીત પ્રમાણે ચિંતન કરે છે જઃ અને એ રીતે એના જીવનમા આ અનુભવને સ્થાન છે. આ શોકમિશ્રિત રમણીયતાનો નિર્દેશ કરવાનો હેતુ એટલો જ છે કે જીવનમા જેમ આ અનુભવને સ્થાન છે તેમ જ એના વિરોધી જેવા જણાતા પરતુ અત્યંત તેજસ્વી એવા બીજા અનુભવને પણ સ્થાન છે. અને તે ભયંકર રમણીયતા. અત્યારનો યુગધર્મ આ અનુભવનું સ્પષ્ટીકરણ માગે છેઃ અત્યારનો સમયપ્રવાહ આ અનુભવ વિષે વિશેષ જાણવા ઇચ્છે છે.

કોઇ પૂછે કે જુવાનની એક સર્વસામાન્ય વ્યાખ્યા શી? બધાને માન્ય થઇ પડે તેવો જવાબ આપવો મુશ્કેલ છેઃ પણ કાંઇક આવો જવાબ વખતે સર્વમાન્ય થઇ પડવાનો સંભવ છે. ફુંફાડા મારતો ભયંકર વિષધર, નગ્ન દેહલતા પર વિંટળાઇને હોઠ પર હળાહળ ઝેરનું-ચુંબન કરવા, જે વખતે ફેણ ચડાવે છે તે વખતે હાનીબાલની બેન સોલોમ્બો, જેવી નિશ્ચલ અડગતાથી આ ભયંકર મૂર્તિને ભેટે છે તેવી—હાડ ઠંડા કરી મૂકે એવી નિશ્ચલ અડગતા—જીવન અને મૃત્યુનો ખેલ કરતી વખતે પણ જેના જીવનમા રહી શકે તે માણસ નિત્યયુવાન છે. જેમ લોહચુંબક લોઢાને આકર્ષે છે તેમ ભયંકર રમણીયતા જુવાનીને આકર્ષે છે. હિમાલયનાં ગગનચુંબી શિખરો ઉપર જ્યારે આછી ગુલાબી અને પવન જેવી પાતળી ચાદર પથરાય છે ત્યારે એ ભયકર રમણીયતાને પ્રત્યક્ષ કરવાનું સ્વપ્નું કોઇ તેજસ્વી જુવાનને જ આવે છે. કોઈ એવું દૃસ્ય જોઈ કવિતા કરે; કોઇ લેખ લખે; કોઈ ફિલ્સુફીભર્યું ચિંતન કરે; પણ એ જૂએ અને એ ભયંકર રમણીયતાની પાછળ જીવનને પાસા જેવું ગણીને ફેંકે એ તો કોઇ પૃથ્વીના શણગાર જેવા જુવાન જુગારીનું કામ છેઃ બીજાના એ કામ નહિ. કર્મ—જીવનનો પ્રધાન સૂર જ કર્મ—એ યૌવનનું પ્રથમ ચિહ્ન છે.

આ ભયંકર રમણીયતામા એવી તે શી મોહિની છે કે દેશોદેશના નવજુવાનો બસ

પોતાની અધિષ્ઠાત્રી દેવી તરીકે, નહિ કોઈ સૌમ્યકાંતિવાળી કલ્યાણી, નહિ કોઇ શાંતિપ્રિય આનંદભરી મૂર્તિ, નહિ કોઈ ધ્યાનમગ્નસ્થ પ્રજ્ઞાપારમિતા, નહિ કોઇ ધર્મચક્રપ્રવર્તન કરનાર સત્ત્વશાળી બુદ્ધ, પણ આ ભયંકર રમણીયતાને જ સ્વીકારે છેઃ- એવી તે આ ભયંકર રમણીયતામાં શી મોહિની છે કે બસ નવજુવાનને કાં હિમાચલનું શિખર સર કરવાનું સ્વપ્ન આવે છે અથવા તો જુલમગાર સત્તાને જ્યાં હોય ત્યાંથી નમાવવા જુવાની અને જીન્દગી વેડફી નાખવાની તાલાવેલી લાગે છે?

હિમાલયને સર કરતાં બરફની હાડગાળે તેવી ઠંડી નીચે મરવાનું અથવા તો રાષ્ટ્રોદ્ધારને માટે હાડ થીજાવી નાખે તેવી ફાંસીએ લટકવાનું—આવી જુદી જણાતી પણ એક જ મનોદશામાંથી પ્રગટતી આ તેજસ્વી પ્રવૃત્તિ-કેમ વારંવાર પ્રગટે છે? મરે છે અને છતાં કેમ જીવે છે? અગ્નિનો સાગર છે એમ જાણવા છતાં એ ભયંકર રમણીયતાની મોહિનીમાં પડનારા મારુતીઓ વારંવાર કયાંથી આવે છે? આ ભયંકર છે એમ જાણવા છતાં એવું તે શું સૌંદર્ય એમાં છે કે જે વારંવાર જુવાનોને આકર્ષે છે?

જેવી શંકરની કાલ્પનિક મૂર્તિ છે, જેવી દુર્ગાની માનસિક મૂર્તિ છે, જેવી શાકરાણી ચિત્રકાર કે કવિની કલ્પનામાં છે, જેવી દ્રૌપદી વ્યાસના માનસમાં ને સીતા વાલ્મિકીના હૃદયમાં છે તેવી આ ભયંકર રમણીયતા દરેકે દરેક જુવાનના હૃદયમાં છે: એ જુવાનીનો લોહીના જેવો જ અંશ છે. જો કલ્પના નાશ પામે તો ભયંકર રીતે રમણીય ગણાતું જીવન નાશ પામે. એ રહેવાનું જ. એ ભયંકર પણ રહેવાનું અને એ રમણીય પણ લાગવાનું. કોઈ પણ કાયદો, કોઇ પણ લસ્કર, કોઈ પણ સત્તા એ સ્વપ્નને વેડફી નહિ જ શકે. બહારવટીઓ અનાદિ અનંત છે.

ત્યારે હવે સવાલ એ થાય છે કે આ રમણીય ભયંકરતાના પૂજારીઓ—હિમાલયના સૌન્દર્ય પર પ્રાણ ન્યોછાવર કરનારા—રાષ્ટ્રની ઇમારત થાય માટે પોતે પાયામાં ખપી જનારા, આકાશનો માર્ગ વીંધતા પ્રાણ ખોનારા, આવા જીવનનો જુગાર ખેલનારાઓ માટે, શાંત સૌમ્ય ધર્મ કે રાજનીતિમાં કયાંય સ્થાન ખરૂ કે?—આપણા ઠંડા મગજમાં એમને માટે શબ્દો તો છે જ-સાહસ, ગાડું શૌર્ય-અને રાજદ્વારી વિપ્લવવાદીઓ માટે તો-આડે માર્ગે ચઢી ગયેલા-એવા શાંત શબ્દો છે જ. પણ આ શબ્દોમા તેજ છે કે ખોટો ચળકાટ દેખાય છે?-વિપ્લવ ખરાબ છે: આડો માર્ગ છે: અને સ્કુલોમા ઇતિહાસ ચાલતો હોય તેમા 'કેવળ મૂર્ખતા' એમ પણ લખાયું છે કે જેથી ઇતિહાસ મંજૂર થઇ જાય. પણ એ પ્રાણાર્પણ કરનારાઓનો બરાબર ન્યાય છે?

મધરાતે કોઇ મેઘલી રાતે બહાર પગ ન મૂકી શકે એવો માણસ જ્યારે ગૌતમ બુદ્ધના જીવનમાંથી ગોખી કાઢેલા શબ્દો વડે કોઈ પણ દેશના કોઈ પણ વિપ્લવવાદીની કિમ્મત આંકવા બેસે છે ત્યારે એનો મૂકેલો આંક હમેશાં ખોટો જ હોય છે: રાજનીતિ હોય કે ન હોય, પણ કોઇ પણ દેશના કોઇ પણ વિપ્લવવાદી વિષે એકદમ જ એમ અભિપ્રાય આપવો કે એ સાચો માર્ગ નથી—એમાં શૌર્ય નથી—એ અહિંસાવાદીની મોટામાં મોટી હિંસા છે.

આવી ભયંકર રમણીયતાનો મોહ એ કોઈ જાતનો રોગ નથી; ઊંધું માનસ નથી; આડે માર્ગે ચડેલી શક્તિનો પ્રાદુર્ભાવ નથી; એ છે વિરલ મનુષ્યના જ જીવનમાં દેખાતી અન્યાય સામે, કે મુશ્કેલી સામે મીટ્ટી મીટ્ટી થઇને મટી જવાની અતિ ઊગ્ર પણ તેજસ્વી જ્વાલા. એ જ્વાલા કેમ પ્રગટે છે, કયારે પ્રગટે છે ને કેવી રીતે શાંત થાય છે એ વિષે વળી કોઈ વાર.

ધૂમકેતુ

રાષ્ટ્રમાં લઘુમતીવાળી કોમો

જ્યારે જ્યારે હિંદના સ્વરાજના બંધારણની ચર્ચા થાય છે ત્યારે લઘુમતીવાળી કોમોને કોઈ ખાસ હકો હોવા જોઈએ કે નહિ એ વિશે તીવ્ર ચર્ચા ચાલે છે. ખાસ કરીને હિંદમા વસતી બે મુખ્ય કોમો હિન્દુઓ અને મુસલમાનો વચ્ચે આ ચર્ચા થાય છે. અને તેમાં હમેશા મુસલમાન ભાઈઓ પોતાને માટે જુદાયદો મતદાર વર્ગ માગે છે અને પ્રતિનિધિઓની અમુક સંખ્યા માગે છે. આ માગણી રાષ્ટ્રીય દૃષ્ટિએ કેટલી યોગ્ય કે વાજબી ગણાય તે વિચારીએ.

લઘુમતીવાળી કોમો માત્ર હિંદમા જ છે એમ નથી, તેમ જ એનો પ્રશ્ન આ પહેલી જ વાર આવે છે એમ પણ નથી. લઘુમતીવાળી કોમ કોને ગણવી અને રાષ્ટ્રમાં તેને કેવા હકો કયા વિષયમા આપી શકાય એ પ્રશ્ન યુરોપમાં ચર્ચાયો છે અને તેનો નિર્ણય થઇ તે પ્રમાણે ત્યાંનાં રાષ્ટ્રો અત્યારે કારભાર ચલાવે છે.

છેલ્લા મહાન યુરોપીય વિગ્રહને અંતે જ્યારે પારિસમાં સુલેહ પરિષદ ભરાઈ ત્યારે આ પ્રશ્ન ઉપસ્થિત થયો હતો. જગતમાથી વિગ્રહ કાઢવાનો એક મુખ્ય ઉપાય એ છે કે દરેક પ્રજાને આત્મનિર્ણય કરવાનો હક આપવો. અને તેથી દરેક ભિન્ન ભિન્ન પ્રજાને તેની વસતી પ્રમાણે સ્વાભાવિક રાષ્ટ્રસીમા ઠરાવવી. આવી રીતે ઘણી પરાધીન પ્રજાઓને સ્વરાજ મળ્યું. પણ આ પ્રમાણે રાષ્ટ્રસીમાઓ બાંધતાં એવા પણ દાખલા નજરે પડયા કે કેટલીક નાની જાતિઓને સ્વતંત્ર રાષ્ટ્ર આપી શકાય તેમ નહોતું અને તેથી તેમને બીજી વધારે મોટી જાતિ કે પ્રજાઓની સાથે એક જ રાષ્ટ્રમાં મૂકવી પડી. તેથી સુલેહ પરિષદે રાષ્ટ્રસીમાં ઠરાવતાં બે નિર્ણયો ઉપર આધાર રાખ્યો. (૧) દરેક પ્રજાને આત્મનિર્ણય કરવાનો હક છે અને તેથી તેને સ્વરાજ હોવું જોઈએ. (૨) એક જ રાજ્યમા આવતી લઘુમતીવાળી કોમને રક્ષણ મળવું જોઈએ. યુરોપની પુનર્ઘટનામા પોલેન્ડ, ઝેકોસ્લોવેકિયા, અને સર્બ–ક્રોટ–સ્લોવીન આવાં રાજ્યો છે. પ્રજાસંઘને (League of Nations) પણ આ લઘુ કોમોના સંરક્ષણને માટે જુદું ખાતું કાઢવું પડયું છે. પ્રજાસંઘના સભ્ય થવાને કોઇ પણ રાજ્યે લઘુ કોમોના રક્ષણ વિશે ખાત્રી કરી આપવી પડે છે. લઘુ કોમોના રક્ષણનો સવાલ આન્તરરાષ્ટ્રીય ગણાય છે. પણ આ રક્ષણ, ભાષા જાતિ અને ધર્મ ઉપર બંધાયેલી લઘુ કોમોને મળે છે, રાજકારણમા લઘુમતીમાં આવી ગયેલ કોઈ પક્ષને મળતું નથી. લઘુ કોમોના સિદ્ધાન્તો એટલા સર્વમાન્ય થયા છે કે લગભગ સર્વત્ર તે વિશેની કલમોની ભાષા પણ એક સરખી છે.

પ્રથમ સર્બ–ક્રોટ–સ્લોવીન રાજ્યનું બંધારણ જોઈએ. ૧૯૨૧ માં તેનું બંધારણ નક્કી થયું. એના બંધારણમાં એક વિચિત્રતા છે કે તેમા દિવાને ખાસ જેવી કોઈ સંસ્થા નથી. વળી આની વિશેષતા એ છે કે આ રાજ્ય જુદા જુદા ધર્મ, રિવાજ અને રહેણીકરણીવાળી જાતિઓનું બનેલું છે. વિગ્રહ પહેલા દક્ષિણની સ્લાવ જાતિ થોડી સર્વિઆમા આવતી હતી અને બાકીની થોડી આસ્ટ્રિયામાં અને આસપાસ વિખરાએલી હતી અને અનેક

રાજ્યોની તડકી છાયડી તેના ઉપર ફરતી રહી હતી. મિત્ર રાજ્યોએ જાહેર કર્યું કે તેઓ આ જાતિને ઑસ્ટ્રિયાની ધોસરીથી મુક્ત કરાવશે એટલે એ જાતિ એકત્ર થઇ અને તેણે ઉપરના રાજ્યમાં રહેવાનું નક્કી કર્યું. આ રાજ્યના બંધારણમાં, નાની કોમોને રક્ષણ આપવા સાથે જુદી જુદી જાતિઓમાં એકરાષ્ટ્રની ભાવના પોષાય એ ઉપર ખાસ લક્ષ આપવામા આવ્યું છે તે નીચેની કલમો પરથી જણાશે.

કલમ ૪. રાજ્યમા માત્ર એક જ પ્રજા ગણાશે.

કલમ ૧૨. દરેકને મનગમતો ધર્મ પાળવાની છૂટ રહેશે. સ્વીકારેલા બધા ધર્મો કાયદાની નજરે એક સરખા ગણાશે અને તે "જાહેરમા પાળી શકશે." ગમે તે ધર્મ પાળવાથી દિવાની કે રાજકારણી હકના ભોગવટામા વાંધો આવશે નહિ.

કલમ ૧૬. આખા દેશમા કેળવણી એક સરખા ધોરણે અપાશે—સ્થાનિક પરિસ્થિતિને અનુકૂળ થવા કાંઈ ફેરફાર કરવા પડે તે સિવાય.

એક રાષ્ટ્ર ભાવના અને પરધર્મ સહિષ્ણુતા પોષાય એવી રીતે જાતિનુ અને નાગરિક બુદ્ધિ વિકાસનું શિક્ષણ અપાશે.

પ્રાથમિક શિક્ષણના ફરજિયાત અને અપવાદ રહિત બિરતારને માટે રાજ્ય જવાબદાર રહેશે રાજ્ય એકરાષ્ટ્ર ભાવનાને ઉત્તેજન આપશે.

જાતિ અને ભાષાની લઘુ કોમોને પ્રાથમિક શિક્ષણ અમુક અમુક પરિસ્થિતિમાં કાયદાને આધારે, સ્વભાષામાં અપાશે.

લઘુ કોમવાળું બીજું રાજ્ય પોલેન્ડનું છે. મહાન વિગ્રહ પહેલાં તે લગભગ એક સૈકો રશિયા, પ્રશિયા અને ઑસ્ટ્રિયામાં વહેંચાએલું રહ્યું હતું. પ્રથમ ૧૯૨૫માં જર્મનીએ પોતે એક બંધારણ ઘડીને તેને આપ્યું અને એ બંધારણ પ્રમાણે તેને સ્વતંત્ર જાહેર કર્યું. પોલેન્ડે તે બંધારણ સાથે અસહકાર કર્યો, અને પોતાને માટે જુદું બંધારણ ઘડ્યું. જર્મનીને ૧૯૧૭માં નવું બંધારણ ઘડવાની ફરજ પડી અને તે પણ બરાબર ન ચાલ્યું. વિગ્રહ દરમિયાન પોલેન્ડને વહેંચી લેનાર દરેક રાજ્યે તેને સ્વતંત્રતા આપવાની જાહેરાત કરી. જર્મનીની હાર પછી જનરલ પિલ્સુડસ્કીએ એકાધિપતિનું પદ (dictatorship) ધારણ કર્યું અને એક બંધારણ ઘડ્યું. તેમાં લઘુ કોમોને માટે નીચેના ઠરાવો છે.

કલમ ૧૦૯. દરેક નાગરિકને પોતાનું પ્રજાત્વ અને પોતાની ભાષા અને રિવાજો વિકસાવવાનો હક છે.

કલમ ૧૧૦. ભાષા કે ધર્મ ઉપર રચાએલી લઘુ કોમોને, **પોતાને ખરચે**, ધાર્મિક કે સામાજિક સંસ્થાઓ કે શાળાઓ કે કેળવણીની સંસ્થાઓ ચલાવવાનો અને તેમા પોતાની ભાષાનો અને ધર્મ-ક્રિયાનો છૂટથી ઉપયોગ કરવાનો, બીજાના જેટલો જ હક છે.

પણ જર્મન અને સોવિયેટ રશિયાએ ફરિયાદ કરી કે લઘુ કોમોને પૂરતું રક્ષણ મળતું નથી અને તેથી ૧૯૨૪ માં પોલિશ સિવાયની કોમોને માટે વધારે ઠરાવ કરવાની જરૂર જણાતાં વિશેષ કાયદા પસાર કરવામા આવ્યા. તેમાં એવું ઠરાવ્યું કે જે પ્રદેશમાં પોલિશ સિવાયની કોમ આખી પ્રજાના ૨૫ ટકા જેટલી હોય તે પ્રદેશમાં, ૪૦ છોકરાનાં માબાપ અરજી કરે તો શિક્ષણ બધી રીતે પોલિશ હોવા છતાં, લઘુ કોમની ભાષામાં આપવાને ખાનગી શાળાઓ કાઢી શકાય. પોલીશ ઇતિહાસ અને પોલીશ ભૂગોળ શીખવવી જ જોઇએ અને તે હમેશાં પોલીશ ભાષામાં.

રાષ્ટ્રમાં લઘુમતીવાળી કોમો

એસ્થોનિયન પ્રજાસત્તાક રાજ્યમાં એસ્થોનિયન લોકો ૯૫ ટકા જેટલા છે અને રશિયન જર્મનોની ઘણી નાની લઘુમતી છે. વિગ્રહ પહેલા રશિયનો અને જર્મનો આમના પર રાજ્ય કરતા અને ત્યારે કેળવણી રશિયન અને જર્મનદ્વારા જ અપાતી. પણ વિગ્રહ પછી એસ્થોનિયનોએ આ લઘુ કોમોને સારા હકો આપ્યા છે.

કલમ ૧૨. લઘુમતીવાળી જાતિઓને સ્વભાષાદ્વારા શિક્ષણની બાહેધરી આપવામાં આવે છે.

કલમ ૨૧. લઘુમતીવાળી જાતિઓને, રાષ્ટ્રહિતને પ્રતિકૂળ ન હોય તે રીતે, પોતાની સંસ્કૃતિના વિકાસને માટે સ્વતંત્ર સસ્થાઓ કાઢવા હક છે.

કલમ ૨૨. જે જિલ્લામાં એસ્થોનિયનોની બહુમતી ન હોય પણ કોઇ લઘુ કોમની બહુમતી હોય ત્યાનો સ્થાનિક વહીવટ લઘુ કોમની ભાષામા કરવો.

ઝેક અને સ્લોવેક પ્રજાઓ ઘણો સમય ઓસ્ટ્રિયા–હંગરીના સામ્રાજ્ય તળે છુંદાઇ હતી. તેથી તેને જ્યારે ઝેકો–સ્લોવેકિયાનું સ્વતંત્ર રાષ્ટ્ર કરવાનો પ્રસંગ આવ્યો ત્યારે તેમણે લઘુ કોમો માટે ઘણો આદર દર્શાવ્યો છે. તેમના બધારણની લઘુ કોમો સંબંધી કલમો જોઈએ.

કલમ ૧૩૨. જે શહેરો અને જિલ્લાના રહેવાસીઓનો મોટો ભાગ જાતિ ધર્મ અને ભાષાની બાબતમા લઘુકોમનો હોય, અને જ્યા રાજ્ય મ્યુનીસિપાલીટી કે બીજા જાહેર બજેટોમા કેળવણીને માટે ઇલાયદી રકમ આકારેલી હોય ત્યા, જાહેર વહીવટના ધારાની હદમા રહીને, તેવી રકમોનો યોગ્ય ભાગ લઘુ કોમોને આપવામા આવશે.

કલમ ૧૩૩. કલમ ૧૩૨ ના સિદ્ધાન્તોનો અમલ કરવાને અને તેમા વપરાયેલા "મોટો ભાગ" એ શબ્દોની વ્યાખ્યા કરવાને ખાસ કાયદા ઘડવામા આવશે.

આ સિદ્ધાન્તો એટલા સર્વમાન્ય થયા છે કે મહાન-વિગ્રહ પછીના કોલકરારોમાં એનો જ અમલ થયો છે. આ રીતે ૧૯૨૨ મા જર્મન પોલીશ સુલેહમા તેનો ઉલ્લેખ જોઇએ છીએ.

કલમ ૧૦૬. ભાષાની લઘુમતીવાળી કોમના ૪૦ વિદ્યાર્થીઓના વાલીઓની અરજી ઉપરથી તે ભાષાની શાળા ખોલવી. તે ન થઈ શકે તો તે ભાષાના અને તેમના ધર્મના વર્ગો ખોલવા માટે ઓછામાં ઓછા ૧૮ વિદ્યાર્થીઓ અને ધર્મશિક્ષણના વર્ગો માટે ૧૨ વિદ્યાર્થીઓ જોઈએ.

કલમ ૧૦૯. લઘુ કોમોની શાળાને વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમા જિલ્લાના બજેટમાથી વશરે નાણાં મળશે.

કલમ ૧૧૮. લઘુકોમના ૩૦૦ વિદ્યાર્થીઓ હોય તો માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણની સરકારી શાળા, ૩૦ હોય તો નીચલાં ધોરણોમા ઈલાયદો વર્ગ, ૨૦ હોય તો ઉપલાં ધોરણોમા ઈલાયદો વર્ગ, ૨૫ હોય તો ભાષાશિક્ષણનો વર્ગ, ૧૮ હોય તો ધર્મશિક્ષણનો વર્ગ સરકારી શાળાઓમાં ખોલવા.

કલમ ૧૨૯. સરકારી માધ્યમિક અથવા ઉચ્ચ શિક્ષણની શાળાની જગાએ લઘુ કોમ ખાનગી શાળા કાઢે તો તેને જાહેર ફન્ડમાથી નાણા મળે પણ તેને માટે કુલ વિદ્યાર્થીઓ ૧૫૦ જોઇએ અથવા નીચલા ચાર ધોરણોમાં વર્ગ દીઠ ૩૦ જોઇએ અથવા બીજા વર્ગોમા ૨૦ જોઇએ

હંગરીમાં પણ ૧૯૨૩–૨૪ મા પસાર થયેલા કાયદામા ૪૦ વિદ્યાર્થીઓનો નિયમ છે.

આ કાયદા ઉપરથી લઘુમતીવાળી કોમો સંબંધી કેવા કાયદા જોઇએ તેનું ધોરણ આપણે નક્કી કરી શકીએ છીએ. અને હિંદે પણ જગતના ધોરણે ચાલવું હોય તો એવા જ નિયમો ઘડવા જોઇએ.

પ્રથમ એ વિચારીએ કે હિંદમાં હિંદુઓની બહુમતી કેટલી છે? ઉપર આપણે જે મિશ્રકોમોવાળાં રાજ્યો જોયા તેમા પોલેંડમા પોલીશો ૬૯ ટકા, ઝેકો–સ્લોવેકિયામા ઝેકો–

સ્લોવેકો ૬૪ ટકા, સર્બ-ક્રોટમાં સર્બ ક્રોટો ૭૩ ટકા છે. ત્યારે હિંદમાં હિંદુઓ ૭૫ ટકા છે. અર્થાત્ બીજા કોઈ પણ દેશ કરતાં હિંદુઓની બહુમતીના ટકા વધારે છે એટલે કે ઉપરના દેશોમા બહુમતીને જે હકો મળેલા છે તેથી આ દેશમાં હિંદુઓને ઓછા આપવાનું કારણ નથી. ઊલટું ઉપર જણાવેલાં યુરોપી રાજ્યોમાં આવેલી બહુમતી કૃત્રિમ છે, ત્યારે હિંદમાં હિંદુઓ જ મૂળ વતની છે, અને હિંદના ઇતિહાસમાં અસલથી ચાલતા આવેલા છે.

લઘુકોમનો પ્રશ્ન ઝેકો-સ્લોવેકિયામા સૌથી વધારે અગત્યનો છે કારણ કે ત્યાં ૨૩ ટકાની લઘુકોમ જર્મનોની છે, જેઓ આગળ વધેલા અને બળવાન છે. હિંદમાં મુસલમાનોના ૨૪ ટકા છે. લઘુકોમના પ્રશ્નનો ફડચો ઝેકો-સ્લોવેકિયામા સૌથી ઉત્તમ રીતે આવેલો મનાય છે.

હવે ઉપરના આંકડાના અભ્યાસથી જણાય છે કે હરકોઈ લઘુકોમ અમુક પ્રમાણમા હોય ત્યારે જ તે સંરક્ષણ માગી શકે. આ પ્રમાણ આપણે જોયું તેમ દરેક દેશના બંધારણમા નિયત થયું નથી. પણ ઉપર જોયું કે પોલેન્ડના બંધારણમાં બહારના દબાણથી ૨૫ ટકા જેટલી લઘુમતીને રક્ષણ આપેલું છે. ઝેકો-સ્લોવેકિયામાં જર્મનોને લાભ આપવા આ પ્રમાણ ઘટાડીને ૨૩ ટકા કરેલું છે. અને હંગરીમાં તે પ્રમાણ ૨૦ ટકા કરેલું છે. આ આન્તરરાષ્ટ્રીય વ્યવહારમા ૨૦ ટકા ઓછામાં ઓછું પ્રમાણ છે.

આ આંકડાઓનો વિચાર કરતાં જણાય છે કે હિંદની કુલ વસ્તીમાં મુસલમાનો ૨૪ ટકા છે એટલે આખા હિંદના બંધારણપ્રબંધમાં તેમનું અસ્તિત્વ સ્વીકારવું જોઇએ. પણ દરેક જુદા જુદા પ્રાન્તમાં તેમને કશો ખાસ હક મળી શકે નહિ. જુદા જુદા પ્રાન્તોમાં મુસલમાનો કાંતો ઘણી જ નાની લઘુમતીમા છે અથવા બહુમતીમાં છે. ઉત્તર-પશ્ચિમ સરહદી પ્રાન્તમા, પંજાબમા, અને બંગાળમા તેમની બહુમતી છે. આતરરાષ્ટ્રીય વહીવટમાં બહુમતીએ રક્ષણ માગ્યાનો તો કયાંઈ દાખલો જ નથી. લઘુ કોમ તરીકે તેમનું મોટામાં મોટું પ્રમાણ સંયુક્ત પ્રાન્તોમાં છે અને ત્યા તે ૧૫ ટકા જેટલુ જ છે. અને તે ૧૫ ટકા પણ બધે સરખા વહેંચાએલા નથી. શહેરોમાં અને ઉત્તર તરફ તેમનું પ્રમાણ વધારે ઘન થયું છે. એટલે પ્રાન્તોમા જો લઘુમતીવાળી કોમનો પ્રશ્ન કયાંઇ પણ ઊભો થતો હોય તો તે હિન્દુની લઘુમતીનો છે. કારણ કે તેમની પંજાબમાં ૪૪ અને બંગાળમા ૪૬ ટકાની વસ્તી છે એટલે ઉપર યુરપે સ્વીકારેલા ૨૦ થી ૨૪ ટકા કરતા ઘણી વધારે છે. એટલે મુસલમાનોને રક્ષણ જોઇતું હોય તો તે માત્ર સમસ્ત હિંદના કારભારમા મળી શકે. પ્રાન્તોમા તો માત્ર હિંદુઓને જ મળી શકે.

સ્થાનિક વહીવટમા ભાગ મેળવવાને તો લઘુમતીનું પ્રમાણ ઉલટુ વધારે જોઇએ છીએ. સિદ્ધાન્ત એવો જણાય છે કે લઘુ કોમ એક જ સ્થાનમાં ભેગી વસ્તી હોય તો જ તેને વહીવટમા ખાસ ભાગ મળી શકે. ઘણી જ આછી વસ્તીને આવા હકો મળી શકે નહિ. એસ્થોનિયા અને હંગરીના બંધારણમા તો સ્પષ્ટ ઉલ્લેખ છે કે ખાસ હકો મેળવવા લઘુ કોમે એક સ્થાને ભેગા વસવું જોઇએ. પોલેન્ડના એક જિલ્લામાં જર્મનભાષી વસ્તી ઓછી હોવાને સબબે પોલીશ સરકારે તે વસ્તીના બાળકોને પોલીશ ભાષાની શાળાઓમા મોકલવાની ફરજ પાડી. તે જ રીતે લીથુઆનિયન સરકારે પોલીશ બોલતી વસ્તી ઓછી જણાતાં

પોલીશ લઘુ કોમને પોતાની ભાષામા શિક્ષણ આપવાનો હક છીનવી લીધો. ઑસ્ટ્રિયાની એક લઘુ કોમે પ્રજાસંઘને પોતાના રક્ષણ માટે ફરિયાદ કરી ત્યારે ઑસ્ટ્રિયાની સરકારે ખુલાસો કર્યો કે એકની વસ્તીનું પ્રમાણ જોઇએ તેટલું મોટું નથી. સંખ્યાના નિયમો ઘણા જ ચોક્કસ છે. પ્રાથમિક શાળા માટે ૪૦ વિદ્યાર્થીઓ જોઇએ પણ માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ માટે ૩૦૦ વિદ્યાર્થીઓ જોઇએ. જાહેર શાળામાં પ્રાથમિક શિક્ષણ માટે ભાષાના વર્ગ માટે ૧૮ અને ધર્મના શિક્ષણ માટે ૧૨; માધ્યમિક શિક્ષણ માટે ભાષાના વર્ગ માટે ૨૫ અને ધર્મશિક્ષણ માટે ૧૮. હિંદુ–મુસલમાનોના સંબંધમા આ આકડાનો ઉપયોગ કરતા યાદ રાખવું જોઇએ કે આ બધા દેશોમા પ્રાથમિક શિક્ષણ ફરજિયાત છે અને કેળવણીમાં ઘણે આગળ ગયેલા આ દેશો છે. ત્યારે હિંદમા તો એવું કશું નથી. અને અહીં ધર્મશિક્ષણ તો છે જ નહિ. એટલે ધર્મશિક્ષણની ખાતર મુસલમાન ભાઇઓ ઉર્દુનો આગ્રહ ન કરી શકે. અને ભાષાની બાબતમા પણ તેમનો ઉર્દુનો આગ્રહ ખોટો છે કારણ કે સયુક્ત પ્રાન્તો અને પન્જાબ સિવાય બીજા બધા પ્રાન્તોમા મુસલમાનો પ્રાન્તિક ભાષા બોલે છે, તેમા જ વ્યવહાર કરે છે, અને ઉર્દુ તેમની ભાષા ન ગણી શકાય.

વળી એ યાદ રાખવું જોઇએ કે આવું રક્ષણ માત્ર ભાષા ધર્મ અને જાતિની ખાસિયતોથી બનેલી કોમને જ અપાય. અબ્રાહ્મણ જેવી માત્ર સામાજિક કોમને એ લાભ ન મળી શકે. તેમ જ મુસલમાનો કાંઈ જાતિથી બીજા હિંદુઓથી ભિન્ન નથી. કારણ કે ઘણાખરા મુસલમાનો, હિંદુઓમાથી જ ધર્માન્તર કરીને મુસલમાન થયેલા છે. હિન્દમાં આરબો કે મોગલો આવેલા હતા તેઓ એક જાતિ તરીકે ભિન્ન રહ્યા નથી. બીજામાં ભળી ગયા છે.

સૌથી અગત્યનું એ છે કે યુરોપના લઘુ કોમોના જે જે દાખલા બતાવ્યા તેમા ક્યાંઇ પણ ઇલાયદું કોમી મતદાર મંડળ કે કોમના પ્રતિનિધિઓની અમુક સંખ્યા રાજકારણમા કબુલાઇ નથી. કારણ કે આવું રક્ષણ રાષ્ટ્રની એકતાને હાનિકારક છે. દરેક દેશમા રાષ્ટ્રહિતને અનુકૂળ રીતે જ કોમી રક્ષણ અપાય. સર્બ–ક્રોટ–સ્લોવેનના રાષ્ટ્રમા તો સ્પષ્ટ ઉલ્લેખ છે કે આખા દેશમાં પ્રજા એક જ છે અને તે એક પ્રજા–ભાવનાને હાનિ ન થાય એવી રીતે જ કોમોને રક્ષણ આપેલું છે. ઇલાયદું મતદાર મંડળ, કે અમુક *કોમી પ્રતિનિધિત્વ એ તો રાષ્ટ્રઘાતક છે; અને એવી માગણી હિંદુસ્તાનમાં જ થાય અને તે આ* અંગ્રેજ સરકાર જ સાંભળે. ×

× 'હિન્દુસ્તાન રિવ્યુ'મા આવેલા પ્રો. રાધા કુમુદ મુકરજીના Protection of Minorities, A World Problemના લેખને આધારે.

ભગવાન ચૈતન્યદેવ

[ગતાંકથી ચાલુ]

પુરી પહોંચતા સુધી તેમનો કાર્યક્રમ બધે જ એક સરખો ચાલુ રહ્યો. આખો દિવસ તેઓ પ્રવાસ કરતા અને રાત્રે માર્ગમાં આવતાં ગામોમાં વિશ્રાન્તિ લેતા. પણ તેમની વિશ્રાન્તિ એટલે હરિકીર્તન અને નૃત્ય. પુરી નજીક આવી પહોંચતા ચૈતન્યદેવ ભક્તોને પાછળ મૂકીને પોતે એકલા જ પ્રેમોન્મત્ત અવસ્થામાં મંદિર તરફ દોડી ગયા, અને મૂર્તિને આલિંગન દેવા જતાં બેશુદ્ધ થઈને જમીન પર ઢળી પડ્યા. આ જ વખતે ત્યાં આગળ બંગાળાના નવ્યન્યાયના પિતા રઘુનાથના વિદ્યાગુરુ વાસુદેવ સાર્વભૌમ જે ઓરિસ્સાના રાજા પ્રતાપરુદ્રના આશ્રયથી ન્યાય અને વેદાંતનું વિદ્યાલય ચલાવતા હતા તે હાજર હતા. તેમને આ અજાણ્યા તરુણ સંન્યાસીની પ્રેમવિહ્વળ અવસ્થા જોઈને સાનંદાશ્ચર્ય થયું. પ્રેમભક્તિના આવેશને લીધે ભક્તોની આવી દશા થાય છે એવું જે તેમણે વાંચ્યું હતું તે આજે નજરોનજર દીઠું. શિષ્યોની મારફતે તેમણે બેશુદ્ધ થએલા ચૈતન્યદેવને પોતાને ઘેર ઉંચકી લેવડાવ્યા, અને તેઓ શુદ્ધિમાં આવ્યા પછી તેમની ભિક્ષા અને વાસસ્થાનની વ્યવસ્થા કરી દીધી.

પંડિત વાસુદેવને ચૈતન્યદેવ તરફ જોતા વારને જ પ્રીતિ ઉત્પન્ન થઈ અને તેમની નમ્રતાએ ખૂબ વધારો કર્યો. પણ તે ધુરંધર પંડિતને વિદ્યાનું ભારે અભિમાન હતું, અને નૃત્ય તેમ જ કીર્તન જે ચૈતન્યદેવનાં પ્રાણ સમાન હતા તેમના તરફ ભારે અણગમો હતો. એક દિવસ વાતમાં ને વાતમાં વાસુદેવે કહ્યું : "કૃષ્ણચૈતન્ય ! તમે ભર જુવાનીમાં સંન્યાસ ધર્મ લીધો છે. ઇન્દ્રિયોનું દમન કરવું એ તમારો ધર્મ છે. વેદાંતનું શ્રવણ એ તેનો સર્વોત્તમ ઉપાય છે. માટે તમારાં નૃત્ય કીર્તન અને ભાવોન્મત્તતાને છોડી દઈને સ્થિર ચિત્તે મારી પાસેથી વેદાંતનું શ્રવણ કરો." ચૈતન્યદેવે તેમની લક્ષણગત નમ્રતાપૂર્વક ઉત્તર આપ્યો: "તમે ખરૂં જ કહો છો. લાગણીના આવેશમાં મેં સંન્યાસ ધર્મ ગ્રહણ કર્યો. હવે તો જે થયું તે થયું જ. મારે માટે જે યોગ્ય માર્ગ તમે બતાવશો તેનું હું અનુસરણ કરીશ. મને તમારા પુત્ર જેવો જ ગણજો."

બીજે દહાડેથી વાસુદેવ સાર્વભૌમે વેદાંતનું પ્રવચન શરૂ કર્યું. વેદાંત એટલે વ્યાસ સૂત્રો ઉપર શંકરાચાર્યે લખેલું ભાષ્ય. સાત દિવસ સુધી આ વ્યાખ્યાનમાળા ચાલુ રહી. તે દરમ્યાન વાસુદેવ પંડિત જ્યારે તક મળે ત્યારે ભક્તિ જ્ઞાનથી નીચી કોટિની છે, શંકરાચાર્યે નિર્દિષ્ટ કરેલો અદ્વૈતભાવ એ પરમ સિદ્ધિ છે અને કૃષ્ણ તથા તેની વિવિધ લીલાઓ માયાના પ્રદેશની છે એવી વાતો ઉપર ભાર મૂકવાનું ચૂકતા નહિ. કૃષ્ણપ્રેમમાં તન્મય બનેલા ચૈતન્યદેવનાં મર્મસ્થાન આવાં પ્રત્યેક વચનથી વીંધાઈ જતાં. પણ પોતાનાં મનની વ્યથા મનમાં સમાવીને તેમણે મૂંગે મ્હોડે સાંભળ્યા જ કર્યું.

આખરે વાસુદેવથી જ રહેવાયું નહિ. આઠમે દિવસે પ્રવચન શરૂ કરતાં પહેલાં તેણે ચૈતન્યદેવને પ્રશ્ન કર્યો:

"તમને મારા વ્યાખ્યાનમાં સમજ તો પડે છે ને ?"

" સૂત્રોનો અર્થ સમજાય છે, પણ તમારા વિવેચનનો નહિ."

" એટલે ? "

" એટલે સૂત્રોનો અર્થ દીવા જેવો સ્પષ્ટ છે. તમારા વિવેચનમાં તમે તેમના મુખ્યાર્થને મચડી નાખીને ગૌણ અર્થનું પ્રતિપાદન કરવાનાં ફાંફાં મારો છો."

સેંકડો ધુરંધર પંડિતોનો વાદયુદ્ધમાં પરાજય કરનાર વાસુદેવે આવાં પ્રગલ્ભ વચનો જિંદગીમાં પહેલી જ વાર સાંભળ્યાં. તેનો ક્રોધ ભભૂકી ઊઠયો. મ્હોડે હજી પૂરી મૂછ ફૂટી નથી એવો નાદાન છોકરો મારી સાથે અભિમાનપૂર્વક વાત કરવાની હિંમત ચલાવે ?

" ત્યારે હવે તમે સમજાવશો ? " વાસુદેવે ગર્જના કરી.

નમ્રતાથી પણ પ્રૌઢ પંડિતને શોભે એવા ધૈર્યથી, સ્થિર ચિત્તે ચૈતન્યદેવે આ આહ્વાન સ્વીકાર્યું અને " **अथातो ब्रह्मजिज्ञासा** " એવા પહેલા સૂત્ર ઉપર વિવેચન કરવા માંડયું.

તેમના વિવેચનના આરંભથી જ વાસુદેવે પોતાના હરિફની બુદ્ધિનો ચમત્કાર દીઠો. થોડી વાર પછી તેને સમજાઇ ગયું કે આ નાદાન છોકરો બુદ્ધિમાં અને વિવાદપટુતામાં મારી બરોબરીનો છે; અને જેમ વ્યાખ્યાન આગળ ચાલ્યું અને શંકરાચાર્યની એકેએક યુક્તિના કટકે કટકા થતા તેણે જોયા ત્યારે તેનું તેજ હરાઇ ગયું; તેના બધાં હથિયાર હેઠે પડયાં; અને જેમ કંસે પોતાની છાતી પર ચઢી બેઠેલા બાળક કૃષ્ણમાં પૂર્ણ બ્રહ્મની વિરાટ શક્તિનું દર્શન કર્યું તેમ વાસુદેવે પોતાની સામે બેઠેલા સંન્યાસીની જગ્યાએ એક મહા તેજસ્વી ષડ્ભુજ મૂર્તિ દીઠી. એ મૂર્તિના ઉપરના બે હાથમાં ધનુષ્ય બાણ હતાં; વચલા બે હાથમાં વેણુ હતી અને નીચેના બે હાથમાં દંડ અને કમંડલું હતાં. વાસુદેવે બેસાડાવેલી ચૈતન્યદેવની આવી ષડ્ભુજ મૂર્તિ હજી જગન્નાથ મંદિરમાં છે અને રામ, કૃષ્ણ અને ચૈતન્યની એકરૂપતાનો મર્મ વ્યક્ત કરે છે.

આ પ્રસંગે વાસુદેવના જીવનમાં પ્રલય કરી નાખ્યો. તે ગર્વિષ્ઠ પંડિત દીન ભક્ત બની ગયો. તેણે ચૈતન્યદેવને કૃષ્ણ તરીકે જાહેર કર્યા અને પોતાની બુદ્ધિ તેમ જ જ્ઞાનનો ઉપયોગ ભક્તિનો મહિમા ગાવામાં જ કર્યો. તેનું રચેલું " ગૌરાંગ શતક " તેની શ્રદ્ધા, ભક્તિ અને સ્પષ્ટવક્તાપણાનું નિદર્શન છે. વૈષ્ણવ ધર્મને માટે આ મહાન વિજય હતો. વાસુદેવ સાર્વભૌમ એટલે તે સમયના ભારતના મોટામાં મોટા પંડિતો અને નૈયાયિકોનો સમ્રાટ. તેનું પ્રેમભક્તિના પંથમાં પરિવર્તન કરીને ચૈતન્યદેવે ભાગવત ધર્મના પ્રચારની આડે આવતું મોટામાં મોટું વિઘ્ન દૂર કર્યું અને તે માત્ર અશિક્ષિત, બુદ્ધિહીન લોકોને જ ગાંડાતૂર બનાવીને નચાવે કુદાવે છે એવું કહેનાર પાંડિત્યાભિમાનીઓના મ્હોડાં બંધ કર્યાં.

આ બનાવ બન્યા પછી ચૈતન્યદેવ પુરીમાં એકાદ માસ વધુ રહ્યા. ત્યાર પછી તેમણે દક્ષિણ ભારતમાં ભ્રમણ કરી આવવાની ઇચ્છા જાહેર કરી. ભક્તિદેવી કોઇ તેજઃપુંજ જેવા માનવ શરીરને ધારણ કરીને વિચરતી હોય એવો તેમનો આ પ્રવાસ વખતે દેખાવ હતો. જ્યાં જતા ત્યાં લોકોનાં ટોળાં પ્રેમની આ અલૌકિક મૂર્તિને જોવા દોડયાં આવતાં અને જ્યારે તેમના સૌના તરફ અમીભરી દૃષ્ટિ કરીને તે ચાલ્યા જતા ત્યારે

જાણે સૌનું સર્વસ્વ હરાઇ ગયું હોય, અથવા કોઇ પોતાનો અતિ અતિ પ્રિય જન ચાલ્યો જતો હોય એમ માતૃહીન બાળકોની માફક દયામણે મ્હોડે તેમના તરફ જોઇ રહેતાં. મોટાં નગરોમા અથવા સંત સાધુઓના આશ્રમોમાં જૈનો, બૌદ્ધો, શૈવો, યોગીઓ, એવા અનેક મતાવલંબી પંડિતો તેમની સાથે વિવાદમાં ઉતરવાની સ્પૃહાથી તેમની પાસે આવતાં. પણ આ પ્રેમમૂર્તિને માટે વિવાદમા ઉતરવાનું શક્ય ન હતું. તેમનાં નેત્રોમાંથી ઝરતો પ્રેમનો અમૃતપ્રવાહ, "હા ! કૃષ્ણ !" એવા કૃષ્ણવિરહના ઊંડા દર્દભર્યા ઉદ્ગાર, અને તેમના શરીરનાં રોમેરોમમાંથી વહન કરતું સ્નિગ્ધ કોમળ ઓજસ તર્કવાદીઓની યુદ્ધલાલસાને શમાવી દેતા અને અગ્નિની પાસે આવતા મીણ પીગળી જાય તેમ તેમના દિલ પીગળી જતા.

ચૈતન્યદેવની દક્ષિણ ભારતની યાત્રા અનેક મધુર પ્રસંગોથી ભરપૂર છે. તેમાંની એક ચિત્તપાવન કથા કહેવાની લાલચ છૂટી શકાતી નથી. મદ્રાસ ઇલાકામાં આવેલા વરાહતીર્થથી થોડેક દૂર વાસુદેવ નામનો કોઇ રક્તપીતીઓ સંત રહેતો હતો. આ મહા રોગ તેને આખે શરીરે વ્યાપી ગયો હતો. તેના ઊંડા અને રસીથી ભરેલા વ્રણોમા કીડા ખદબદતા હતા. તેની કમકમાટી આણે એવી દુર્ગન્ધથી કોઈ તેની પાસે ઊભું પણ ન રહેતું. તેણે સાભળ્યું કે કોઇ દિવ્ય કાન્તિવાળા સંન્યાસી વરાહતીર્થમાં આવ્યા છે. બાળક માતાને ઓળખે તેમ તેણે પોતાના હૃદયેશ્વરને ઓળખી લીધા અને વરાહતીર્થની વાટ લીધી. પણ તે બિચારો ત્યા પહોચ્યો તે પહેલા ચૈતન્યદેવ ત્યાથી ઉપડી ચૂક્યા હતા. નિરાશ થએલા વાસુદેવે એક આર્ત પોકાર કર્યો. પર્વતની ખીણોમા ચરતી ગાય વાછરડાનો હમ્મારવ સાભળી કાન માંડીને દોડી જાય તેમ ચૈતન્યદેવ ત્યાં દોડતા પાછા આવ્યા અને "મને અડશોમા, અડશોમા" કહેતા વાસુદેવને છાતી સરસો દબાવી દીધો. બેઉ લથબથ થઇને પૃથ્વી પર ઢળી પડયા અને વાસુદેવ શુદ્ધિમા આવીને જુએ છે તો તેની કાયા કાચન જેવી થઇ ગએલી ! તે બોલ્યો "આ શું કર્યું ? પ્રભુ ! હું રોગી હતો પણ તેથી નિરભિમાની હતો. હવે મને અભિમાન આવશે અને તેથી મારૂં પતન થશે." "ગભરાઈશ નહિ, ભાઈ! કૃષ્ણ નામના પ્રભાવથી તને અભિમાન નહિ આવે. જા ભક્તિ કર અને બીજાઓને તેનો ઉપદેશ કર" એમ કહી ચૈતન્યદેવ પાછા ચાલતા થયા.

અકબરે ઓરિસ્સાનું સ્વાતંત્ર્ય છીનવું લીધું તે પહેલા ત્યાંના હિન્દુ રાજાઓના રાજ્યની દક્ષિણ સીમા મદ્રાસ ઇલાકામા ગોદાવરીના કિનારા સુધી ગઇ હતી, અને વિદ્યાનગર જેને પ્રો૦ જદુનાથ સરકાર વર્તમાન રાજમહેન્દ્રી તરીકે ઓળખાવે છે, તો ઓરિસ્સાના દાક્ષિણાત્ય પ્રાંતોની રાજધાનીનું શહેર હતું ચૈતન્યદેવ દક્ષિણને પ્રવાસે નીકળ્યા તે વખતે વિદ્યાનગરના સુબાની જગ્યાએ રામાનંદરાય હતા. તેમણે મર્મજ્ઞ રસિક વૈષ્ણવ અને સંસ્કૃત કવિ તરીકે ઠીક ખ્યાતિ મેળવી હતી. તેમનું ગીતગોવિન્દની શૈલિમા લખાયલું "જગન્નાથ વલ્લભ" નામનું ગેય સંસ્કૃત નાટક બંગાળા ઓરિસ્સાના વૈષ્ણવ મંડળમાં ખૂબ આદરથી વંચાય છે. વિદ્યાનગરમાં ચૈતન્યદેવને તેમની સાથે જે પરિચય થયો તે કાયમનો રહ્યો અને તેમની માનવલીલાનાં બાકીનાં વર્ષો દરમ્યાન રામાનંદે તેમના આત્યંતિક મર્મજ્ઞ સખા અને સેવકનું સ્થાન લીધુ. વિદ્યાનગરમા એ બેઉની વચ્ચે ચાલેલા સંવાદમાથી વૈષ્ણવ ધર્મનાં મૂલ્યવાન રત્નો બ્હાર આવ્યા છે.

ચૈતન્યદેવે પૂછ્યુ: "રાય મહાશય ! સાધ્ય અને સાધનનો નિર્ણય કરો." રાય

કહેઃ "પોતપોતાના વર્ણાશ્રમ પ્રમાણે વિષ્ણુની ભક્તિ કરવી એ ઉત્તમ સાધ્ય છે." ચૈતન્ય દેવે ડોકું ધુણાવ્યું અને કહ્યુંઃ "એથી વધારે સારું જાણતા હો તો કહો." ત્યારે રામાનંદે નિષ્કામ કર્મનો અને તે પછી ઇશ્વરને સર્વ કર્મ સમર્પણ કરવાનો માર્ગ બતાવ્યો પણ ચૈતન્યદેવને સંતોષ થયો નહિ. તેમણે તો "હજી આગળ જાઓ, હજી આગળ જાઓ", એમ કહેવાનું ચાલુ રાખ્યું. તમામ લૌકિક અને વૈદિક ધર્મોનો પરિત્યાગ કરીને અનન્ય ભાવે ઇશ્વરનું શરણ લેવું એ પરમ ધર્મ છે એવું જ્યારે રામાનંદે કહ્યું ત્યારે ચૈતન્યદેવે પહેલી જ વાર થોડોક સંતોષ બતાવ્યો. પણ હજી એ આગળ જાઓ એવી માગણી કરી. હવે રામાનંદે ભગવદ્‌ગીતાએ પ્રબોધેલા ધર્મની અંતિમ મર્યાદા ઓળંગીને ભાગવતના ધર્મમાં પ્રવેશ કર્યો. પ્રથમ દાસ્ય, પછી સખ્ય, ત્યાર પછી વાત્સલ્ય અને છેવટે મધુર ભાવનો મહિમા ગાયો. ઇશ્વરની સાથે સ્વામી સેવકનો સંબંધ ઘણો સુંદર છે, પણ તેના કરતાં યે મિત્રભાવ વધારે મધુર છે. તેમા ભક્ત અને ભગવાનની વચ્ચેનું અંતર ઓછું થાય છે અને નિઃસ્વાર્થ પ્રીતિને વિશેષ અવકાશ મળે છે. તેના કરતા એ વળી કોઇ માતા અથવા પિતા પોતાના બાળક પ્રતિ રાખે એવો વાત્સલ્ય પ્રેમ ભક્તને ભગવાનની સાથે વધારે કોમળ અને મધુર પ્રેમબંધનથી બાંધી લે છે. એથી એ વધારે ઊંચા પ્રેમના સ્વરૂપનું દૃષ્ટાંત એક ક્લેતી બાલાની તેના પ્રિયતમ ઉપરની પ્રીતિ છે. તેની અંદર અગાઉના ત્રણે સંબંધો આવી જાય છે અને તે ઉપરાંત વાણીથી નહિ વર્ણવી શકાય એવા અત્યંત ગાઢ પ્રેમસંબંધનું દર્શન થાય છે. આ છેલ્લી પ્રેમની અવસ્થા જ્યારે રામાનંદે વર્ણવી ત્યારે ચૈતન્યદેવને ખૂબ સંતોષ થયો. પણ હજી એક પગલું આગળ જાઓ એવી માગણી કરી, ત્યારે છેવટે રામાનંદે પોતાના અંતરનો અતિ ગૂઢ મર્મ જાહેર કર્યો અને રાધાનો પ્રેમ જે મધુર ઉજ્જ્વલ રસની પરાકાષ્ટા છે તેનું સ્વરૂપ વર્ણવ્યું. એ પ્રેમ એટલે રસનો મહોદધિ. સંસારમાં જોવામાં આવતો મધુરમા મધુર અને પવિત્રમાં પવિત્ર પ્રેમ જેની એક કણિકા છે, જે બ્રહ્માંડ-નાયકને રસલોલુપ બનાવે છે, જેના એક બિન્દુમાં આખા વિશ્વને રસમા ડુબાડી દેવાનું સામર્થ્ય છે તે પ્રેમ-તે મહાભાવનું વર્ણન થતાં વક્તા અને શ્રોતા બેઉ રસોન્મત્ત બની ગયા. ચૈતન્યદેવે રાયને પ્રેમાલિંગન દીધુ. રાયને આનંદની લહેર આવી ગઈ, અને તેણે ચૈતન્યદેવની જગ્યાએ એક અદ્‌ભુત દૃશ્ય દીઠું. કૃષ્ણની મેઘશ્યામ મૂર્તિના અંગપ્રત્યંગની સાથે વીંટાઇને તેની સાથે એક-મેક થએલી રાધાની કનકોજ્જ્વલ મૂર્તિ દીઠી. બેઉ મૂર્તિઓ ઘડીમા એકાકાર થઇ જતી, ઘડીકમા જરા પૃથક્ દેખાતી. એવી તેમની અલૌકિક ભેદાભેદ લીલા એ જ ચૈતન્ય દેવનું અતિ નિગૂઢ સ્વરૂપ છે તે ચતુર રામાનંદે જાણી લીધું. થોડી વાર આ સુખનો આસ્વાદ તેને લેવા દીધા પછી ચૈતન્યદેવે તેમને પુનઃ શુદ્ધિમા આણ્યા.

આઠ દિવસ સુધી રામાનંદ સાથે ગાળ્યા પછી ચૈતન્યદેવ આગળ ચાલ્યા. રામેશ્વર અને કન્યાકુમારી વટાવીને તેમણે ત્રાવણકોરમા પ્રવેશ કર્યો. કાવેરીને કાંઠે રંગપટ્ટણમા ચાતુર્માસ ગાળ્યા. પછી મહારાષ્ટ્રમાં દાખલ થયા. પંઢરપુર, નાસિક તથા બીજાં સ્થળોમાં ફરતા ફરતા તેઓ નર્મદાના કિનારા સુધી આવી ગએલા એવો ઉલ્લેખ છે. દાક્ષિણાત્ય પ્રદેશોમાંથી તેઓ પોતાની સાથે બે અમૂલ્ય પુસ્તકો ખૂબ જતન કરીને લેતા આવ્યા. એક બિલ્વમંગલનું રચેલું "કૃષ્ણકર્ણામૃત" અને બીજું "બ્રહ્મસંહિતા". ચૈતન્યદેવ એ બેઉ પુસ્તકોની ભારે પ્રશંસા કરતા અને એમના સંપ્રદાયને લગતું જે સાહિત્ય પેદા થયું છે તેની ભીત્તિ આ બેઉ પુસ્તકો ઉપર રચાએલી છે.

દોઢેક વર્ષની ગેરહાજરી પછી ચૈતન્યદેવ પાછા પુરી આવ્યા. હવે તેમની પ્રવૃત્તિનું કેન્દ્ર નવદ્વીપમાંથી ખસીને પુરીમાં સ્થિર થયું, અને તેમના ભક્તોમાંથી પણ ઘણાક ત્યાં ખેંચાઇ આવ્યા. રામાનંદ રાયે તરત જ પોતાના હોદ્દાનું રાજીનામુ આપી દીધું, અને પુરી આવી રહ્યા. તેમના જેવા જ બીજા મર્મજ્ઞ ભક્ત અને સાથી સ્વરૂપ દામોદર ચાલ્યા આવ્યા. ઓરિસ્સાનો રાજા પ્રતાપરુદ્ર પણ એ ભક્તમંડળમાં સામેલ થયો. ઓરિસ્સાની ભીંશં માધવી દાસી, બ્રહ્માનંદ ભારતી, પરમાનંદપુરી, ગદાધર પંડિત, ઠાકુર હરિદાસ વક્રેશ્વર, એવા એવા અનેક ભક્તોનું તારામંડળ ચૈતન્યદેવની આસપાસ એકઠું થયું. રથયાત્રાને ટાંકણે બંગાળાના ભક્તો પુરી આવતા અને થોડો વખત ત્યાં રહીને પાછા જતા. કવિ કર્ણપુરનો પિતા શિવાનંદ સેન બધા યાત્રાળુઓની વાટ ખરચીનો ભાર ઉપાડી લેતો. તેનો પુત્ર કર્ણપુર પણ પિતાની સાથે એકવાર આવેલો. તેને બાળપણમા ચૈતન્યદેવની સમક્ષ રચીને ગાઈ સંભળાવેલા શ્લોકનો પહેલો શબ્દ "કર્ણપુર" હતો તે ઉપરથી તેમણે જ એનું નામ કર્ણપુર પાડયું. પાછળથી તેણે સંસ્કૃત કવિ તરીકે નામના મેળવી. તેના રચેલાં પુસ્તકોમાંથી "ચૈતન્ય ચંદ્રોદય" નાટક અને "ચૈતન્ય ચરિત" કાવ્ય એ બે સંસ્કૃત સાહિત્યમા તેનું સ્થાન સાચવે છે.

ઉપર ગણાવેલા નિકટના ભક્તો ઉપરાંત બીજા પ્રાંતના સંતો પણ ચૈતન્યદેવનો મહિમા સાંભળીને આકર્ષાતા હતા. રથયાત્રાને ટાંકણે પુરીમા દેશ દેશના યાત્રાળુઓ એકઠા થતા. તેઓ પોતાને દેશ જઈને પુરીની આ મહિમાવાન વ્યક્તિની વાતો પોતાના દેશજનોને કહેતા. એ અને થોડાં જ વર્ષમા તેમનું નામ અને કીર્તિ આખા ભરતખંડના પંડિતો અને ધાર્મિક મંડળોમાં ખૂબ જાણીતા થઈ ગયાં.

હવે તેમને વૃન્દાવન જવાની રઢ લાગી. વારંવાર તે સ્થાનને યાદ કરી કરીને નિઃશ્વાસ નાખતા. વૃન્દાવન જઇ આવેલો કોઇ યાત્રાળુ ત્યાની રજની એક કણિકા તેમને આપતો તો કોઇ મહામૂલ્યવાન વસ્તુ મળી હોય તેમ ગાંડા ગાંડા થઈ જતા. આખરે તેમણે વૃન્દાવન જવા પુરી છોડયું. પોતાના રાજ્યની ઉત્તર સીમા સુધી રાજા પ્રતાપરુદ્રે ઠેકાણે ઠેકાણે તેમના ઉતારાનો બંદોબસ્ત કરી દીધો. ઓરિસ્સાની હદ વટાવ્યા પછી તેમણે નૌકામાં બેસીને ગંગાને કાંઠે કાંઠે પ્રવાસ કર્યો. નદીને બેઉ કિનારે લોકોની મેદની એકઠી થતી, અને "હરિબોલ"ના ધ્વનિથી આકાશ ગાજી રહેતું. તેઓ જેમ જેમ આગળ જતા ગયા તેમ તેમ તેમની સાથે આવનાર લોકોનું ટોળુ મોટુ થતુ ગયું અને જ્યારે બંગાળાની રાજધાની ગૌડ આગળ આવી લાગ્યા ત્યારે તો એક સૈન્યના જેવો દેખાવ થઈ ગયો. બંગાળાના તે વખતના સુલતાન હુસેનખાનના મંત્રીઓ તેમની મુલાકાતે આવ્યા. એ બે ભાઇઓ સંસ્કૃત અને ફારસીના ભારે પંડિતો હતા. સુલતાને તેમને "દબિરખાસ" અને "સાકર મલિક" એવી પદવીઓ આપી હતી મોટા ભાઇએ ચૈતન્યદેવને કહ્યુ કે વૃન્દાવન જેવા સ્થાનમાં આટલા બધા લોકોના ટોળાને સાથે લઈને જવું યોગ્ય નથી. તેમને પોતાને પણ આ સલાહ ગમી અને ત્યાથી જ પાછા ફર્યા. બીજે વર્ષે માત્ર એક જ સેવકને સાથે રાખીને તેઓ છોટાનાગપુરના જંગલોને રસ્તે થઇને કાશી ગયા. ત્યાંથી પ્રયાગ અને પછી વૃન્દાવન આવી પહોંચ્યા.

તેમની વૃન્દાવનની યાત્રા એ તેમના જીવનનું અતિ અદ્ભુત અને ગંભીર પ્રકરણ છે. તેમણે પુરી છોડયું તે વખતથી જ તેમની બાહ્યચેતના લગભગ લુપ્ત થઈ હતી અને

તેટલા જ પ્રમાણમાં કૃષ્ણચેતના ગાઢ બની ગઇ હતી. મૂર્તિમંત પ્રેમ નરતનુ ધારણ કરીને નૃત્ય કરતો કરતો જતો હોય તેમ તે ચાલ્યા જતા હતા. વનપશુઓ તેમની સામે જોઇ રહેતાં, પછી પાસે આવતાં અને પિતાની આગળ બાળકો લાડ કરે તેમ પોતપોતાના સ્વભાવ પ્રમાણે લાડ કરતાં અને ખેલતાં. વાઘ અને ચિત્તા હિંસક વૃત્તિને ભૂલી જઇ હરણને ચુંબન કરતા અને હરણ પણ નિર્ભયપણે તેમની સાથે ગેલ કરતા એવું વર્ણન છે. આખે રસ્તે પ્રેમનું વાતાવરણ વ્યાપ્ત રહેતું. વૃન્દાવન પહોચતાં તેમની કૃષ્ણચેતના એકદમ ગાઢ બની ગઇ. કેટલીએ વાર તેઓ યમુનાનાં કાળાભુરા પાણીમા દોડી દોડીને ડુબકીઓ મારતા, અને બેશુદ્ધ અવસ્થામાં તેમને બહાર આણવા પડતા. વૃક્ષોને આલિંગન દેતા, ગાયોને, હરિણોને પંપાળતા ચુંબતા તેઓ વ્રજમાં બધે ફરી વળ્યા. યમુના પુલિન, વૃક્ષરાજી, ગોવર્દ્ધનગિરિ, ગાયોનાં ધણ, ગોપબાળના વેણુનાદ, મયૂર અને કોકિલાના ટુહુકાર, ચંદ્રોદય, એવાં પ્રાકૃતિક દશ્યો કૃષ્ણભાવનાથી રંગાઇ ગએલા તેમના માનસ આગળ કૃષ્ણલીલાના વિવિધ પ્રકરણો રજૂ કરતા અને તેમને ઉન્મત્ત બનાવી દેતાં. એ ઉન્મત્ત અવસ્થા દિવસે દિવસે એટલી હદ સુધી વધી પડી કે તેમને સમાલી રાખવાનું વસમુ થઈ પડયું. આખરે તેમના સેવકે તેમને સમજાવી પટાવીને વૃન્દાવન છોડાવ્યું.

પાછા ફરતી વખતે ચૈતન્યદેવ કાશીમાં થોડા દિવસ રહ્યા. શંકરાચાર્યના જમાનાથી કાશી અદ્વૈતવાદી સંન્યાસીઓનો એક મજબુત કિલ્લો બની ગયું હતું. સોળમી શતાબ્દિના આરંભમાં એ સંન્યાસી મંડળના નેતા પ્રકાશાનંદ સરસ્વતી હતા. એ વૃદ્ધ, શાસ્ત્રજ્ઞ તપસ્વીને કોણ જાણે શાથી ચૈતન્યદેવના તરફ ભારે ઘૃણા પેદા થઇ હતી. જ્યારે વાસુદેવ સાર્વભૌમના ધર્મપરિવર્તનના સમાચાર તેણે સાંભળ્યા ત્યારે તો તેના ખીજવાટનો પાર રહ્યો નહિ. પછી તો તેણે ચૈતન્યદેવને જાદુગર કહીને જાહેરમાં વગોવવા માંડયા. તેજ જાદુગર હવે સંન્યાસીઓના ગઢમાં આવ્યો અને કાશીના શાંત જ્ઞાનમાર્ગથી ભરેલા વાતાવરણમાં પ્રેમભક્તિનો તરંગ ઉત્પન્ન કરવા લાગ્યો. તે જાણીને તેણે પોતાના મંડળને ચેતવણી આપી કે કોઇએ એ જાદુગર પાસે જવું નહિ. જે જશે તે એની જાળમાં ફસાશે. વાસુદેવ નૈયાયિક પંડિત પણ બચ્યો નથી પણ એક પ્રસંગ એવો બન્યો કે જેથી કાશીના બધા સંન્યાસીઓની મિજલસમા ચૈતન્યદેવને જવું થયુ. વૃદ્ધ પ્રકાશાનંદે તે જાદુગરને જોયો. તેની કોમળ પ્રેમાળ કાંતિ અને કૃષ્ણપ્રેમની ખુમારીથી ઘેરાએલાં નેત્રો જોતાં જ તે પોતે પણ વાસુદેવની માફક તેની જાળમાં ફસાયો અને પોતાનું જ્ઞાન, યોગસાધના, પ્રતિષ્ઠા સર્વનો ત્યાગ કરીને તે કૃષ્ણપ્રેમના પ્રવાહમા તણાતો થઈ ગયો. તેણે "ચૈતન્ય ચંદ્રામૃત" નામના સંસ્કૃત કાવ્યમાં પોતાના અનુભવો ખુલ્લા દિલથી જાહેર કર્યા છે. ભક્તિમાર્ગના પ્રચારમા ન્યાય અને વેદાંતના પંડિતો તરફથી તીવ્ર વિરોધ થતો હતો, તેનું બળ વાસુદેવ સાર્વભૌમ અને પ્રકાશાનંદ સરસ્વતી એ બે મોટામા મોટા મહારથીઓને પ્રેમભક્તિની લગની લગાડીને ચૈતન્યદેવે ઘણું જ હળવું કરી નાખ્યું. બાકી રહેલા કાર્યો તેમણે તે તે કાર્યને યોગ્ય પુરુષો પસંદ કરીને તેમની મારફતે સિદ્ધ કરાવ્યા. હવે રાધાના પ્રેમમા વિવિધ સ્વરૂપ અને ભાવ જેવું ભક્તિશાસ્ત્રોમા માત્ર રેખાંકન જ કરવામા આવ્યું છે; તેમને પોતાના આચરણ દ્વારા વ્યક્ત કરીને જગતને એ અમૂલ્ય વસ્તુનું દાન કરવાનું કામ જે એમના સિવાય બીજા કોઇથી થઇ શકે એવું ન હતું તે જ માત્ર તેમને માટે અવશિષ્ટ રહ્યું.

ચૈતન્યદેવના રચનાત્મક કાર્યોના ત્રણ વિભાગ પડી શકે છે. (૧) વૃન્દાવનનો પુનરુદ્ધાર (૨) વૈષ્ણવસાહિત્યનું સર્જન (૩) ભક્તિધર્મનો પ્રચાર. મુસલમાનોના આક્રમણ પછી વૃન્દાવન જંગલ બની ગયું હતું. તેના મંદિરોનાં નિશાન રહ્યાં નહતાં. પ્રાચીન મૂર્તિઓને જમીનમાં અગર ઝાડીમાં સંતાડી દઇને સેવકો નાસી છૂટયા હતા. કૃષ્ણની લીલાને લગતાં સ્થળો વીસરાઈ ગયા હતાં. વૃન્દાવનને ફરીથી જાગતું કરવાની, ત્યા કૃષ્ણનાં વિવિધ સ્વરૂપોની પુનઃ સ્થાપના કરવાની અને ત્યાં ભક્તિમાં આરૂઢ થએલા શાસ્ત્રજ્ઞ, અને સર્વસ્વ ત્યાગી સંતોને વસાવીને તેને ભક્તિનું જીવતું જાગતું કેન્દ્ર બનાવવાની તેમને મોટામાં મોટી અભિલાષા હતી. સંન્યાસ લેતા પહેલા જ તેમણે લોકનાથ નામના એક તેજસ્વી યુવકને વૃન્દાવન મોકલી દીધો. તેમનાથી છૂટા પડતી વેળા લોકનાથ ગળગળો થઈ ગયો. પણ ચૈતન્યદેવે કહ્યું: " લોકનાથ ! આપણે આ જગતમા મનસ્વીપણે વર્તવાને નથી આવ્યા. આપણે આપણી ફરજો અદા કરવાની છે. જા, હું પણ ત્યાં થોડા વખતમાં જ આવું છું." પણ વૃન્દાવનમાં રહેવા જવાનું તો તેમનાથી બન્યું નહિ; તેથી આ કાર્યને સફળ કરે એવા શક્તિસંપન્ન પુરુષોને તેમણે શોધી શોધીને વૃન્દાવન મોકલી દીધા. બંગાળાના સુલતાનના બે બ્રાહ્મણ મંત્રીઓ જેમનો ઉલ્લેખ પૂર્વે થઇ ગયો છે તેમને જ એમણે પહેલા પકડયા. તેમની યોગ્યતા ચૈતન્યદેવે પહેલી જ મુલાકાતમાં જોઇ લીધી હતી. આ જાદુગરે એ બે ભાઇઓના હૃદયને એટલો વેગ આપ્યો કે તેમણે મંત્રીપદને ફાટેલા ચીથરાની માફક ફગાવી દીધુ અને ઘેરથી એક કોડી પણ લીધા વગર વૃન્દાવનની વાટ લીધી. થોડો વખત તેમને પોતાની સાથે રાખી જે જે ગ્રંથોની રચના કરવાની હતી તેમની રૂપરેખા બતાવી દીધી. અગત્યની સૂચનાઓ આપી અને તેથી એ વધારે કાર્યસાધક એવો પોતાનો આશીર્વાદ આપ્યો. દક્ષિણનો પ્રવાસ કરતા તેમણે ગોપાલભટ્ટ નામના બ્રાહ્મણ કુમારને વૃન્દાવન જવાની પ્રેરણા કરી. કાશીમાથી તેમને રઘુનાથ ભટ્ટ મળી આવ્યા. બંગાળાના એક ધનવાન જમીનદારનો એકનો એક પુત્ર રઘુનાથદાસ ભરજુવાનીમાં સંસારમાથી મુક્ત થવાને તરફડાટ કરતો હતો. તે ઘેરથી નાસીને ચૈતન્યદેવને શરણે આવ્યો તેને પણ થોડાં વરસ પોતાની પાસે પુરીમાં રાખીને તૈયાર કર્યો અને વૃન્દાવન મોકલાવ્યો. પેલા બે મંત્રી ભાઇઓ જેમનાં નામ ચૈતન્યદેવે રૂપ અને સનાતન રાખ્યા હતા તેમના ભત્રિજા જીવને પણ કાકાઓનો રસ્તો ગમ્યો. તે પણ કાશીમા વેદ અને વેદાંગનું અધ્યયન કર્યા પછી વૃન્દાવન ગયા. આ રીતે ચૈતન્યદેવે વૃન્દાવનને પોતાનો દુર્ગ બનાવ્યો અને તેમા આવા ૭ જબરજસ્ત સેનાપતિઓની નીમણુક કરી.

આ કૌપનધારી વૈરાગી ગોસ્વામીઓએ એક નિષ્ઠાથી સોંપેલું કામ બજાવ્યું. રાજમહેલ જેવાં મંદિરો રચાવ્યાં, લુપ્તપ્રાય થએલા વ્રજના તીર્થસ્થાનોને અજવાળામા આણ્યા અને તે ઉપરાંત જે સાહિત્યનો ભંડાર તેઓ મૂકી ગયા છે તેની વિપુલતા અને વિવિધતા આપણને આશ્ચર્યચકિત કરી દે છે. ભિક્ષા પર નિર્વાહ કરીને, ઝાડ તળે, ગુફાઓમા અથવા મઢૂલીઓમાં રહીને, પોતાનું ભજન કરતા જઇને, વળી દેશદેશના જુદા જુદા મતના પંડિતો મળવા આવે તેમનું સમાધાન કરવાનો અવકાશ મેળવીને, આ વિદ્વાન વૈરાગીઓએ સરસ્વતીની ઉપાસના કરી અને તેને ભક્તિદેવીની સહચરી બનાવી. ભાગવતના ઉપર ત્રણ ત્રણ ટીકાઓ, કાવ્યો, નાટકો, દાર્શનિક પ્રબંધો, વૈષ્ણવ આચારને લગતી નિયમાવલિ, સ્તોત્રો, ચંપુ, પ્રહસન, પ્રસ્થાનત્રયી ઉપર ભાષ્યો વગેરે સાહિત્યના એકેએક અંગ ઉપર તેમણે પોતાના હાથ

અજમાવ્યા અને સંસ્કૃત વ્યાકરણને પણ છોડયું નહિ. ખૂબીની વાત એ છે કે આ દરેક વિષયના ગ્રંથોમા–વ્યાકરણમા સુદ્ધાં–તેમણે એક ભક્તિ ઉપર જ અચળ લક્ષ્ય રાખ્યું.*

હવે બાકી રહ્યું પ્રચારકાર્ય. એ દિશામાં ચૈતન્યદેવે અવધૂત નિત્યાનંદને પોતાના સેનાપતિ બનાવ્યા. એમના કાર્યના સંબંધમા પ્રો૦ જદુનાથ સરકાર લખે છે: "He was to Chaitanya more than what Paul was to Jesus." એમના પછી એમના વિદૂષી પત્ની જાહ્‌નવી દેવી અને પુત્ર વીરભદ્રે એ કાર્ય જારી રાખ્યું. નરોત્તમ દાસે આસામમાં શ્યામાનંદે ઓરિસ્સામા, શુજામાલીએ ગુજરાત, સિંધ અને પંજાબમાં ચૈતન્યદેવના શુભ સંદેશનો પ્રચાર કર્યો.×

સંન્યાસ લીધા પછી બાર વર્ષમા ચૈતન્યદેવે આ બધા કામ સમાપ્ત કર્યાં. એમના બાકીનાં બાર વર્ષના જીવનની કથા અતિ ગંભીર, કરુણ અને મધુર છે. એમના હૃદયના ભાવોનું ઊંચામા ઊંચી કવિતા અથવા ચિત્રકલાદ્વારા માત્ર સૂચન જ કરી શકાય. જે વસ્તુનો એમણે અનુભવ કર્યો તે આ જગતથી પર છે. માનવસ્વભાવ સદંતર બદલાઇ જઈને જ્યાં સુધી શુદ્ધ પ્રેમમય ન બની જાય ત્યાં સુધી એ વસ્તુની ધારણા તેનાથી થઇ શકતી નથી. કોણ જાણે શાથી ચૈતન્યદેવ ક્ષણે ક્ષણે વિક્ષિપ્ત બનીને દેહનું ભાન ભૂલી જતા હશે? કયું દિવ્ય સ્વરૂપ એમના મન, ઇન્દ્રિય અને પ્રાણનું હરણ કરીને એમને ગાઢ મૂર્ચ્છામા નાખી દેતું હશે? અથવા પુરીના ઘેરાભરા જલધિમા ઝંપાપાત કરવા પ્રેરતું હશે? શું એમને પવનની લહરીમા, પત્રોના ખેલનમા અથવા સાગરના ગંભીર ગર્જનમા તે રાસેશ્વરના વેણુનાદ સંભળાતા હશે અને પુરુષ પ્રકૃતિના સનાતન રાસક્રીડન તેમનાં પ્રેમાંજનથી અંજાએલાં નેત્રો જોતાં હશે?

બાર બાર વરસ તેમણે કૃષ્ણવિરહની ધગધગતી જ્વાલામાં તપી તપીને વીતાડયાં. દિવસ ઊગતો અને સાંજ પડતી અને પાછુ પ્રભાત થતુ પણ તેમના નેત્રમાથી આંસુનું નીર સુકાતુ નહિ. નિદ્રા તો લગભગ ઊડી જ ગઈ હતી અને સહજ ઝોકું આવી જતું તો તેમાં યે કૃષ્ણનાં સ્વપ્ન તો ખરા જ. માદા બાળકને માતા સાચવે તેમ સ્વરૂપ અને રામાનંદ તેમનું જતન કરતા અને તેમને સાંત્વન આપવાની યુક્તિઓ શોધવામા પોતાની બધી ચતુરાઇનો ઉપયોગ કરતા. બેઉ તેમના હૃદયની નાડીએ નાડીને પારખી ગયા હતા; અને વળી સારા ગાયક હોવાથી જે વખતે ચૈતન્યદેવના હૃદયમા જે ભાવનું સ્ફુરણ થતું તે ભાવનું ઉદ્દીપન કરે એવાં પદો ગાતા. વિદ્યાપતિ, ચંડીદાસ, જયદેવ અને રામાનંદનાં પોતાનાં રચેલાં કેટલાંક પદો ચૈતન્યદેવને અત્યંત પ્રિય હતાં; અને રામાનંદ અથવા સ્વરૂપને મુખેથી તેમનું શ્રવણ એ એક જ વ્યાપાર તેમના સંતપ્ત હૃદયને આરામ આપતો

* આ ગ્રંથોમાંના કેટલાકની નામાવલિઃ—

ક્રમસંદર્ભ, તોષણી, બૃહત્ ભાગવતામૃત, હરિભક્તિ વિલાસ, ભક્તિ રસામૃત સિન્ધુ, લલિત માધવ, વિદગ્ધ માધવ, દાનકેલિકૌમુદી, ગોવિન્દ ભાષ્ય, ચૈતન્ય ચરિતામૃત, ગોવિન્દલીલામૃત, સ્તવ માલા, વિલાપ કુસુમાંજલિ, સ્તવકલ્પદ્રુમ, ગોપાલ ચંપુ, ઉજ્જ્વલ નીલમણિ, માધુર્ય કાદબિની, ષટ્સંદર્ભ, વૃન્દાવન શતક, ચૈતન્ય ચંદ્રામૃત અને હરિનામામૃત વ્યાકરણ

× કેટલાક કારણોને લીધે ગુજરાતમાં એ પ્રચારકાર્ય અટકી પડ્યું. હાલમા માત્ર સુરત, નવસારી અને વડોદરા રાજ્યમા આવેલા માલસરમા એ સંપ્રદાયનાં મચ્ચ છે.

હતો. મોડી રાત સુધી એ બેઉ સાથીઓ તેમની પાસે બેસતા, અને કૃષ્ણવિરહિણી રાધા પોતાની લલિતા અને વિશાખા નામની મર્મ સખીઓની આગળ જેમ પોતાના હૃદયની જ્વાલા ઠાલવતી તેમ ચૈતન્યદેવ આ બેઉ સાથીઓ આગળ પોતાના કૃષ્ણવિરહની ગાથા ગીતા.

તે કહેતા: "ઓ સ્વરૂપ ! ઓ રામાનંદ !* અરે ! કૃષ્ણને માટે મારા હૃદયમાં પ્રેમનું એક બિન્દુ પણ નથી. હું તો માત્ર દેખાવ કરુ છું. મારા સૌભાગ્યનું પ્રદર્શન કરું છું. જો મારો પ્રેમ સાચો હોત તો કૃષ્ણના વિયોગથી આ પ્રાણ ક્યારનો નીકળી ગયો હોત !" આમ તે કોઇ વાર પોતાની યોગ્યતાને નિંદતા, કોઈ વાર પોતાના કમનસીબને ઠપકો આપતા. વળી કોઇ વાર કૃષ્ણના રૂપગુણનાં, તેના પ્રેમના માધુર્યના વખાણ કરતા. કોઈ વાર કૃષ્ણના ઉપર રીસ ચડાવીને મર્મોળા વેણુ કહાડતા. પણ તરત જ પોતાના મનને ઠપકો આપતા અને કહેતા કે એમા કૃષ્ણ શું કરે ? એનો કશો દોષ નથી. દોષ મારા ટૂંકા ભાગ્યનો. કોઇ વાર પવનના સુસવાટમાં અથવા પાદડાના ખડખડાટમાં તેમને કૃષ્ણના પગલાના ભણકારા સંભળાતા અને તેમના ગૌર મુખ ઉપર લજ્જાના શેરડા આવી જતા. તે કહેતા: "સ્વરૂપ ! શું એ આવતા હશે ? હું રીસ ચડાવીને બેસી રહીશ. નહિ બોલું. જોઉં, શું કરે છે પછી ?" પણ એ તો માત્ર પાદડાનો જ ખડખડાટ હતો એમ જાણુ થતા નિરાશ થઇ જતા અથવા કૃષ્ણના ઉપર ક્રોધ ચડાવતા અને કદી પણ તેનું મુખ નહિ જોઉં એવું બોલી દેતા. પણ પળ વારમાં પ્રેમ ક્રોધને ધકેલી મુકતો અને તે કહેતા:—

"ભેટ ભલે પાયઢળેલીને પીંસે,
મર્મે વીંધે દર્શહીણી કરી મને;
કરે ભલે તે મનધાર્યું લંપટ
તથાપિ તે પ્રાણપતિ ન અન્ય કો." ૧

સંધ્યાના આકાશમાં ક્ષણે ક્ષણે રંગો બદલાય તેમ તેમના ચિત્તાકાશમા પ્રેમના અવનવા રંગો દશ્યમાન થતા. કોઈ વાર ભક્તિનું મોજું આવી જતું. મધુર ભાવની જગ્યાએ દાસ્યભાવ આવી જતો. તે વખતે ચૈતન્યદેવ દીન સેવકની માફક દાસ્ય ભક્તિની યાચના કરતા:—

"ન લક્ષ્મી, કુટુબી, સુન્દરી, કવિતાની જગદીશ છે સ્પૃહા;
પણ જન્મ ધરી ધરી તને ભજુ હુ ભક્તિ અહૈતુકી કરી. ૨

---

* न प्रेमगन्धोऽस्ति दर्शापि मे हरौ
क्रन्दामि सौभाग्यभरं प्रकाशितुम् ।

નોધ:—આ તથા બીજા શ્લોક ચૈતન્યદેવના સ્વમુખના જ છે.

१ आश्लिष्य वा पादरतां पिनष्टु मा
मदर्शनान्मर्महतां करोतु वा ।
यथातथा वा विदधातु लम्पटो
मत्प्राणनाथस्तु स एव नापरः ॥

न धनं न जनं सुन्दरीं कवितां वा जगदीश कामये ।
मम जन्मनि जन्मनीश्वरे भवताद्भक्तिरहैतुकी त्वयि ॥

" નયને પુર અશ્રુનાં વહે, વચનો ગદગદ કંઠ ગૂચવે,
પુલકાવલિ યુક્ત દેહ આ તુજ નામ સ્મરણે થશે કદા ? " ૩

વળી એમ બોલતા બોલતા કૃષ્ણવિરહ ગાઢ થતો અને કૃષ્ણ સિવાય બીજા કશાથી પણ પૂરી ન શકાય એવી ખોટ તેમને લાગતી ત્યારે તે કહેતા :—

" ગોવિન્દ વિરહે લાગે ક્ષણ તે યુગ જેવડી,
નેત્રો વર્ષાઋતુ જેવાં ને સૂનું વિશ્વ આ બધું. " ૪

આવા પ્રકારના " પ્રલાપ "માંથી આગળ જતાં ઉન્માદ અવસ્થા આવી. એક વાર મોડી રાત્રે ઊઠીને બેઠા થયા અને કૃષ્ણને માટે કલ્પાંત કરવા લાગ્યા. તે વખતે તેમના મનને કેટલું તીવ્ર દુઃખ થયું હશે કે જેથી તેમણે સામેની ભીંત સાથે પોતાનું કપાળ અને મ્હોડું ઘસી ઘસીને લોહીલુહાણ કરી નાખ્યાં ? કોઈ વાર દાત અકડાઇ જતા, ગાત્ર શિથિલ થઇ જતું અથવા લાકડા જેવું કડક થઇ જતું. હાથપગ જોરથી ખેંચાતા અને મ્હોમાંથી ફીણના ગોટા નીકળતા. આવી અવસ્થા થયા પછી તો તેમને કદી એકલા રખાતા નહિ. તો પણ એકવાર રાત્રે નાઠા. શોધ કરતા બેશુદ્ધ હાલતમાં જગન્નાથના મંદિરના સિંહ દરવાજા આગળથી જડયા. એક વાર રાસપૂર્ણિમાની રાત્રે સમુદ્ર કિનારે ફરતાં ફરતાં શું થઇ આવ્યું કે તેમણે દોટ મૂકી સમુદ્રમાં ઝંપલાવ્યું. ભરતી જોસથી ચડતી હતી તેથી પુરીથી થોડાક માઇલ દૂર ખેંચાઈ ગયા. ત્યાંથી માછીની જાળમાં તેમનું બેશુદ્ધ શરીર ઝીલાઈ ગએલું હોવાથી ભક્તોને પ્રાપ્ત થયું અને હમેશની માફક તેમની આગળ કૃષ્ણ સંકીર્તન કરી તેમને શુદ્ધિમાં આણ્યા.

આ પ્રમાણે કૃષ્ણવિરહની અંદરથી અતિ મધુર પણ બહારથી ધગધગતી આગમાં ચૈતન્યદેવ બાર વરસ સુધી તપ્યા અને પ્રેમભક્તિની પૂર્વે કોઇએ નહિ અનુભવેલી, નહિ સાંભળેલી અવસ્થાઓનું પ્રત્યક્ષ દર્શન કરાવ્યું. એમણે પોતાની માનવલીલા કેવી રીતે સંકેલી લીધી તે વિષે એમના ચરિત્રલેખકોએ મૌન ધારણ કર્યું છે એટલે એ વિષે ઊડતી લોકકથાઓ ઉપરાંત કશી આધારભૂત વિગત આપી શકાતી નથી.

ચૈતન્યદેવ આજે આપણી નજર આગળ નથી અને છે પણ ખરા. તેમણે આપેલો વેગ ઓછો થતો થતો હજી કાંઇક રહેવા પામ્યો છે. આજે પણ કોઈ કોઇ સાધુચરિત વૈષ્ણવોના કીર્તનોમાં તેમના પ્રેમોન્માદની છાયા અને એ સાધુઓનાં દીન, નમ્ર વર્તનમાં તેમણે પ્રબોધેલો દીનતાનો આદર્શ આપણે જોઈ શકીએ છીએ.

નર્મદાશંકર પંડયા

---

૩ नयनं गलदश्रुधारया वदनं गद्गदरुद्धया गिरा ।
पुलकैर्निचितं वपुः कदा तव नाम स्मरणे भविष्यति ॥

४ युगायितं निमेषेण चक्षुषा प्रावृषायितम् ।
शून्यायितं जगत् सर्वं गोविन्दविरहेण मे ॥

જીવનસખીને

(વસંત૦)

(૧)

જો, વિસ્તર્યું વિમલ વ્યોમ વિરાટ કેવું
વિશ્વેશના ગહન અંતરશું સુહાતું !
સૌન્દર્યના સુભગ, શાન્ત, સુરમ્ય જ્યોતિ
હું અંતરે ગ્રહી રહું, ગ્રહે તું અહેતી !

(૨)

કેવાં વિરાટ કવિ અંતરની ગુહામાં
સોહે સનાતન ઉડુગણકાવ્ય ઊંડાં !
એકેકની અપ્રતિમા પ્રતિભા નિહાળી
આહ્લાદથી ઉછળતાં મુજ આત્મવારિ.

(૩)

કે કાળથી વિલસતી રહી વિશ્વશીર્ષે
એ દિવ્ય કાવ્યગણની પ્રતિભા પ્રશાન્ત;
આજેય એ નવલ કૈં પ્રતિભા વિલાસ;
એવા અનંત કંઈ ઉદ્દગમ ગૂઢ એના.

(૪)

ઉલ્લાસિની પરમ પાંખ સખી ! પ્રસાર,
ને ઊડ એ ગહન અંતરને સુપંથ;
પીશું અનંત બળ તારકકાવ્યમાંથી,
ને રેલશું જગત અદ્દભુત ચેતનાથી.

સુંદરજી ગો. બેટાઈ

આપણી કવિતાસમૃદ્ધિ*

૭

વિશ્વસમુત્ક્રાંતિ

અરદેશર ફરામજી ખબરદાર

સાગર કુદે નિજ તાનમાં, ભરતી ભરે, ખાલી કરે,
ને ગૂઢ લેખે જગતનો ઇતિહાસ તટ પર ચીતરે;
ફરી એ જ સાગરતીર હું આવી પડુ તે વાચવા,
પળએક કંઈ સમજું જરા ત્યા હૃદય લાગે નાચવા.

એ પળ વિષે પડી રેતમાં હુ જોઉં ઊંચે ને નીચે,
રજની ધીમે અંધારજલ આકાશથી જગ પર સીંચે:
રેહાડો મિનારા વૃક્ષ સૌ, દુનિયા બધી તેમાં ડુબે,
એ નિત્ય પ્રલય નિરખવા તારા નભે નીકળી ઉભે.

દુનિયા ડુબે દુનિયા તરે: એ જોય માનવ સર્વદા:
આ વિશ્વના પલ્લા તણી દાંડી રહે નવ સ્થિર કદાઃ
દુનિયા તરે દુનિયા ડુબેઃ માનવ ઉઠે માનવ સુવે,
ને ભાર વ્હેતા પ્રાણીશું ચાલી જતું સઘળુ જુવે.

દુનિયા ડુબે દુનિયા તરે: તરતા ડુબે ડુબતા તરેઃ
ડુબતાં વીણે મોતી અને તરતા ઝીલે તારા કરે!
એ વીણતુ એ ઝીલતું આ વિશ્વ ચાલ્યું જાય છે,
અગણિત વર્ષ-થયાં ઉભય પલ્લા હિંડોળા ખાય છે.

દુનિયા બધી અધુરી દિસે: માનવ બધું સમજે નહીં:
આ સત્ય શું, આ શુદ્ધિ શું, કરીને પડે શકામહીં.
અધુરે દિસે નજરે બધું તે પૂર્ણ સર્વ થશે, બધી,
છુટી પડી લાગે કડી, સંધાય ત્યારે સાંકળી!

નહિ સત્ય દુર્ગમ કોયથી, નહિ શુદ્ધિ દુર્ઘટ કો દિસે:
જોતા બધા તારા જુવે, કુસુમો બધા કાજે ખીલેઃ
કર્તવ્ય કરતો માનવી નિજ ભાગ નાખે તે વિષે,
શંકા કરે નહિ કે ન ભેદાભેદ જાણે કો મિષે.

માટીથકી કંચન જડે, પત્થર વિષે રત્નો મળે,
હા, તેમ માનવ દેહમાંથી દેવ આખર ઝળહળે!
સુખદુઃખનું આ વૃક્ષ વધતુ મંજરી ભર ધારશે,
ફલફુલથી ઝૂકી રહી આનંદ દિવ્ય પ્રસારશે.

કંઇ પર્વતો પિગળી જઈ ઝાકળસમા ઊડી જશે,
પડશે ધરા સાગરમુખે, સાગર હઠી ખાલી થશે,
ખરશે ઉડુ, રવિ શાંત થશે, પડશે શશી કાળોખમાં
પણ માનવી કર્તવ્યવશ વધતો જશે નિજ તેજમાં!

જે તેજ વેરાયું જગે તે બિદુરૂપ રહ્યું બધે,
આ વિશ્વમા તારાસમું નિયમે રહી આગળ વધેઃ
અંધારમા ઘસડાય, પણ છે દૃષ્ટિ દૂર દિશાભણી,
કો મહાતેજ વિષે જઈ મળશે બધી જ્યોતિકણી!

નીચે પડી આ રેતમા જોઉં ઉંચા આકાશને
આતુર નયન નિરખું ગગનમંડલ રમાતા રાસને;
બ્રહ્માંડ કુલ ચમકારતુ જ તણાય ઉડી તાનમા
ને આ ધરા પણ દોડતી લઇ જાય સૌ તે સ્થાનમા.

તો હે મહામુખ સાગરા! તુજ ઘોષ નિત્ય ગજાવજે!
એ ઘોષમા અમને સદા કર્તવ્ય અમ સમઝાવજે!
તુજ નિત્યજાગૃત હૃદયનું બલ આપજે અમને જરા,
આ પળસમી કંઈ ધન્ય પળ દેજે ઘણી, હે સાગરા!

અંધારમા આ તારલા નિજ પંથમા વાધે ક્રમે,
આકાશ ભરતા દિવ્યતેજે જઈ પ્રભાતે સહુ શમે:
ત્યમ આ ધરા પર ઘૂમતા, હે સાગરા, આપણ જશું
તે દૂર દિવ્ય પ્રસંગમાં તુ, હું, બધા સાથે થશું.

---

* 'પંચદંડ અને બીજાં કાવ્યો', ના પુસ્તકમા કર્તાએ 'સુરત સોનાની મૂરત' એ કાવ્ય ઉપરના ટિપ્પણમાં આ લેખમાળામાં આવેલા એ જ કાવ્યના વિવેચનનો ઉપયોગ કર્યો છે અને ઋણસ્વીકારમાં અમારા નામનો નિર્દેશ કર્યો છે. લેખમાળા શરૂ થઈ ત્યા જ અમે તંત્રી તરીકે આ લેખમાળાને આવકાર આપ્યો છે જે સૂચવે છે કે લેખક અમારાથી ભિન્ન છે છતા ભ્રમ થાય છે તો ફરી સ્પષ્ટ કરીએ છીએ કે આ લેખમાળાના લેખક અમે નથી. લેખકને પોતાનું નામ પ્રસિધ્ધ કરવાની ઇચ્છા નથી એટલે અમે તે આપી શકતા નથી.

રા. વિ. પ્રા. તંત્રી.

(૨) આ વિશ્વના પલ્લાતણી દાંડી રહે નવે સ્થિર કદા.

અહીં યતિ ૧૬ મીએ નથી, ૧૪ મીએ કે ૧૮ મીએ છે. ૧૬ મીએ જ જોઇએ એ પ્રમાણે જે કોઈ આ પંક્તિ ગાય, તે યતિ શબ્દ આપણે જે અર્થે વાપરિયે છિયે તે અર્થમાં યતિભંગ કરે.

(૩) ડુબતા વિશ્વે મોતી અને તરતાં ઝિલે તારા કરે.

અહીં યતિ ૧૪ મીએ ? છટ ! 'અને' પહેલાં એટલે ૧૧ મી માત્રાએ આવે, અને સ્વલ્પ આવે તો ૨૧ મીએ આવે.

(૪) શંકા કરે નહિ કે ન ભેદાભેદ જાણે કો વિશે.

યતિ ક્યાં:—૭ મીએ ? ૧૨ મીએ ? ૧૪ મીએ ? ૧૬ મીએ ? ૧૮ મીએ ? છટ ! સારો વાંચનાર હશે તે આ પંક્તિમાં ૯ મી માત્રાએ અને ૨૩ મી માત્રાએ જરા શ્વાસ લેશે, બીજે કોઈ સ્થાને નહીં.

આ દાખલા યથાર્થ વિચારી લે તેને માટે વધારે લખવાની જરૂર નથી. ચાર એકમોની લીટી કેમકે બીજા સંધિએ (૧૪ મી માત્રાએ) પણ યતિ આવશ્યક નહીં, અને ત્રીજા સંધિએ આવો સાદો ઉભડક પણ ગવાય–ગુંજાય એવો સંગીતમેળ આવે નહીં. ચાર એકમોની જ લીટી કેમકે નહીં તો દાદાલદા એકમના અનિયમિત પુનરાવર્તનોવાળો બંધ થઈ જાય, આ બંધનું વિશિષ્ટત્વ ન રહે. ચાર પંક્તિની કડી કેમકે આરોહાવરોહ માટે પૂરતો માગ મળે. લીટી છેડે વિરામસમર્થક પ્રાસ પણ જોઇએ; તેની છાપ જેમ પૂરી પડે તેમ ઇષ્ટાપત્તિ, માટે છેડે લગાની ભલામણ. લીટી વચ્ચે પ્રાસ આણો, લીટીના અંત સાથે પછીની લીટીના પ્રથમ દ્વિતીય એકમાતને નચવો, એ પ્રમાણે હરિગીત નામનો આ વિશિષ્ટ બંધ ખીલતો નથી, બીજો કોઇ બંધ, દાદાલદા છટની બીજી કોઇ સંખ્યાવાળું બીજું કોઈ ચણતર ખીલતું હોય તે જુદી બાબત છે.

અર્થ:—૧ ગૂઢલેખે, અસ્પષ્ટ નિશાનીઓ વડે. ૨ કર્તાએ આખી કૃતિમાં ફેર્તો લખ્યું છે, તેને ફેંત કરી નાખવાની છૂટ લીધી છે. દિવસે બધું સૂર્યપ્રકાશમાં ફુંદુંફુદું ઉપસી આવે તે નિત્યસર્ગ. રાતે અંધારામા પાછું અવ્યક્ત થઈ જાય તે નિત્ય પ્રલય. આ નિત્યસર્ગે તારાઓનો તો પ્રલય, ત્યારે નિત્યપ્રલય તે તારાઓનો સર્ગ. ૩ ઉન્નતિ અવનતિ જાણે રાતદિવસ કે ભરતીઓટની માફક એક નિયતિક્રમ. પણ આમ માત્ર અસ્તોદયક્રમ જોનારું નેત્ર, વિશેષ ન જોઇ શકતું નેત્ર, ભાર વહેતાં પ્રાણીનું બેઅક્કલ નેત્ર ગણાવાને પાત્ર છે. ૪ કેમકે નિત્યપ્રલયમાં પણ જેમ તારાઓનો ઉદય છે, તેમ દરિયાતળે જતો માનવ મોતી મોટા લાભ અદ્વિતીય સુંદરતાવાળી ચીજો પણ કમાય છે; ઉન્નતિ કરતો માણસ તારા ખોતો નથી ઉલટાને ખાટે છે. તથાપિ એકંદરે તો બેઅક્કલ નેત્રની માફક અક્કલવાળી આંખને પણ ઉદયાસ્તની ભરતીઓટના ક્રમ જેવો જ વિશ્વક્રમ લાગે છે. ૫ આ તે શું સત્ય કહેવાય, આ તે કઈ શુદ્ધિ કહેવાય, એવી શંકાઓથી વિચારશીલ માણસ પણ મુક્ત નથી થઇ શકતો, કેમકે માણસનું નેત્ર સમગ્ર દર્શન કરી શકતું નથી, પરિમિત દર્શન, એકદેશી દર્શનનું જ તેનું ગજું છે. અને તોપણ ભાવિમાં દૂર સુદૂર ભાવિમા એક પળ આવશે જ્યારે બધી છુટી છુટી કડીઓને માણસ આખી સાંકળી રૂપે–આ કેઑસ (chaos)ને કૉસ્મોસ (cosmos) રૂપે આ

અપૂર્ણને સંપૂર્ણ રૂપે જોઇ શકશે, કેમ જે તે પળે વિશ્વ અને તેમાની દરેક વસ્તુ ન્હાનામા ન્હાની તેમ જ મોટામાં મોટી સંપૂર્ણતાએ પહોચેલી હશે. ૬ જે જે માણસને નેત્ર છે તે,—અને નેત્ર કોને નથી વારુ એટલે,—દરેકે દરેક માણુસ તારાઓને પણ જોવાની શક્તિ ધરાવે છે. જડ કુદરતની બ્રહ્માંડના બીજા સર્વ અંશોની પ્રગતિ અને ખીલવટ ચાલે છે તેની સાથે સાથે માણુસ–જાતિની પણ ચાલી રહી છે. માણુસ જે કઈ કર્તવ્ય કરે છે તેથી જે સંકુચિત તાત્કાલિક અર્થને કાજે એ કરતો હશે તે અર્થ સધાય છે તેની સાથે સાથે તેની પોતાની ઉન્નતિનો પણ સધાય છે. ભેદાભેદ; ભેદો, ઉચ્ચનીચ આદિ તફાવતો. ૭ **મંજરીનો ભર,** થોકે થોક મંજરી. ૮ આ સમુત્ક્રાંતિમા જડ વિશ્વમાંની કેટલીક મોટામાં મોટી વિભુમા વિભુ જેવી દેખાતી વસ્તુઓ નાશ પણ પામે. પરંતુ માનવજાતિની ઉત્તરોત્તર સમુત્ક્રાતિ જ થવાની નિ:સંશય. ૯ આ કડી ઉપલા વિજ્ઞાનવાદી વાતાવરણ સાથે આપણું વેદાંતી વલણ પણ સંવાદી છે એમ આપણને સુઝાડે છે. ૧૦ **આતુર નયન;** (૧) આતુર એવાં નયને, (૨) આતુર નયન છે જેનાં એવો હું, એમ ગમે તે રીતે સમાસ છૂટો પાડો, અર્થ એક જ છે. રાસ, આ સમુત્ક્રાતિ, આ અનિવાર્ય પ્રગતિ જે ગગનમડલે એટલે આખા વિશ્વમા ચાલી રહેલી છે.

[આવતા અંકમાં બેહેરામજી મેહેરવાનજી મલબારી તથા નરસિંહરાવ દીવેટિયાના નમૂના આવશે.]

અમેરિકામાં ભણતા વિદ્યાર્થીઓ

આ દેશમા ભણતા પરદેશી વિદ્યાર્થીઓની દેશવાર સંખ્યા નીચે પ્રમાણે છ:—

કેનેડા ૧૧૭૩, ચીન ૧૧૦૯, જાપાન ૮૧૪, ફિલિપાઇન્સ ૮૦૪, રશિયા ૫૦૬, ઈંગ્લેંડ ૩૬૯, જર્મની ૩૬૦, મેક્સિકો ૨૭૧, પોર્ટોરિકો ૨૫૦, હિંદુસ્તાન ૨૦૮, ઈટાલી ૨૦૩, હવાઇ ૧૪૪, કોરિયા ૧૩૧, ફ્રાન્સ ૧૨૨, ગ્રીસ ૧૨૦, પોલેન્ડ ૧૧૭, સ્વીત્ઝરલેન્ડ ૧૦૧, અને પછી બીજા દેશો આવે છે. કુલ પરદેશી વિદ્યાર્થીઓની સંખ્યા ૧૯૨૮–૨૯ મા ૯૧૧૩ છે અને દેશોની સંખ્યા ૧૦૧ છે.

સ્ટેટ વાર પરદેશી વિદ્યાર્થીઓની સંખ્યા નીચે પ્રમાણે છ :—

ન્યૂયોર્ક સ્ટેટસ ૧૯૪૮, કેલિફોર્નિયા ૧૧૮૮, મેસાચ્યૂસેટ્સ ૯૭૫, ઇલિનોય ૭૬૭, વૉશિંગ્ટન ૪૩૫, પેન્સિલવેનિયા ૪૩૨, મિશિગન ૩૮૭, વગેરે.

યુનિવર્સિટી અને કૉલેજવાર સંખ્યા નીચે પ્રમાણે છ:—

કોલમ્બિયા યુનિવર્સિટી, ન્યૂયોર્ક ૮૭૩, યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા ૬૫૧, ન્યૂયોર્ક યુનિવર્સિટી ૪૬૨, યુનિવર્સિટી ઓફ વૉશિંગ્ટન ૩૨૦, હાર્વર્ડ યુ૦ ૨૯૮, શીકાગો યુ૦ ૨૬૬, મિશિગન યુ૦ ૨૬૫, મેસાચ્યૂસેટ્સ ઇ૦ ઓફ ટેકનોલોજી ૨૧૦, મિનેસોટા યુ૦ ૧૯૯, પેન્સિલવેનિયા ૧૯૮, કોર્નેલ યુ૦ ૧૮૫ વગેરે.

અમેરિકાના પત્રમાંથી] નંદલાલ શાહ

અટારીએથી

મારૂ ઘર એવી રીતે આવેલુ છે કે તે રાજમાર્ગને મળનારા એક નાના માર્ગમા હોવા છતા રાજમાર્ગથી દૂર ન કહી શકાય. એ આખું જીર્ણ થઈ ગયું છે છતાં તેની એક નાની અટારી એવી તો સુંદર અને મજબુત બનેલી છે કે તેના વડે જ અમારા રસ્તાના મકાનોમાં અમારૂં ઘર સૌથી વધારે આકર્ષક બની રહેલ છે. એ અટારી પાછી એવી જગાએ, એવા ઝૂકાવથી લટકેલી છે કે તેમાં બેસીએ ત્યારે રાજમાર્ગ પરના જીવન્ત દશ્યો એક પછી એક દષ્ટિપટ પર એવા તો પસાર થતાં જાય છે કે તે જોવામા વખત ક્યાં ચાલ્યો ગયો તેની ખબર ન પડે. બસ સવારથી જ જાણે કે આખું ઘર છોડીને એ અટારીનો જ ઉપયોગ થતો હોય. તેમ લાગે. સવારે ઊઠીને દાતણ કરવાની ક્રિયા સાથે જ એનો ઉપયોગ શરૂ થાય. એમાંથી પ્રવેશતું અજવાળું ઘરના ઊંડાણમાં એવી રીતે પડે છે કે, જે ક્રિયાને જેટલું અજવાળું જોઇએ તેટલું મળી રહે. મારી છોકરી ઝીણું ઝીણું ભરત ભરવા માટે અટારીના બારણા પાસે બેસે, તો વાસણ માંજવા ઘરના પાછલા ભાગમા બેસે. છોકરાઓ પોતાનાં લેશન કરવા અટારીમા જ બેસે છે, તેમ જ હું પણ લખવા વાંચવા આ અટારીમાં જ બેસું છું. તેમાંથી અંદર આવતી હવાની માત્રા પણ જોઇએ તેટલી ચઢઉતર મળી રહે છે. આમ આ અટારીનો ઉપયોગ ઘરના માણસો વારા ફરતી કર્યા જ કરે ને તે દરમિયાન સસારના અનેક જીવન્ત દશ્યો પસાર થતાં જોવાતાં જાય!

સવારમા દાતણ કરતાંમા જ કેટલાય સુંદર અને અસુંદર દશ્યો જોવાય. સવારમાં મ્હોસૂજણાને વખતે મારો દૂધવાળો આવે ત્યારે બારણું ઉઘાડતા જ, સામેનો ફુલવાળો પોતાની દુકાન ઉઘાડતો હોય. પછી ટપ લઇને એક મુસલમાનની હોટેલ ઊઘડે, હિંદુની ન ઊઘડે. તમે તેનું કારણ પૂછવા જશો એની મને ખાત્રી છે, પણ એ તમે તમારી મેળે જ સમજી જશો. આ દુકાનો ઉઘડવા સાથે જ રસ્તો સાફ થવા માંડે છે. સાફ કરનારા ભંગીઓ જ્યારે કચરો વધુ દેખે ત્યારે કચરા તરફ રહેનારાને ગાળો દેતા જાય અને સાફ કરતા જાય. જે દિવસે કચરો ઓછો હોય તે દિવસે ખુશ હોય. કોઇવાર સાવરણા ફેરવતા ફેરવતા ગાતા પણ હોય, વાળતા જાય ને કચરાની ઢગલીઓ કરતા જાય, એમા જ્યારે પેલી મુસલમાની હોટલ પાસે ઢગલી થઈ જાય ત્યારે ચાહ અને પાઉ ખાવા બેસે, મુસલમાની હોટલની બોણી શરૂ થઈ જાય. હવે તમે સમજ્યા હશો કે મુસલમાની હોટલ શા માટે વ્હેલી ઊઘડી? અને નહિ તો પણ હિંદુઓને ત્યા અસ્પૃશ્યોને એટલી અપમાનકારક રીતે ખાવાનું લેવું પડે છે કે તેઓ ત્યાં જતા જ નથી, મને વિચાર થાય છે કે આ અપમાનથી બચવા માટે અસ્પૃશ્યોએ જ હોટલ કાં ન કાઢવી, અને એને એવી તો સુઘડ રાખવી કે સ્પૃશ્ય હિંદુઓ તેમાં જાણતા કે અજાણતા જઈ ચા પી આવે. પણ હું પાછો મારી અસલ વાત પર આવું. આમાનો એક ઢેડિયો ઘણો શોખીન–કચરો વાળના ગાતો હોય. સવારનો નાસ્તો થઈ ગયા બાદ પાન ખાય, પછી બીડી સળગાવે, પછી કચરાનો ટોપલો માથે લે, પછી બીજા હાથમાં

ફુલવાળાને ત્યાંથી થોડાંક ફુલો લે ને પછી તાન્નેમાન્ને થઇને ગાતો ગાતો ચાલ્યો જાય. એ વખતે મને રસ્કીનનું એક વાક્ય યાદ આવે "He who takes pleasure in his work is an artist." જે માણસ પોતાના કામમા આનંદ માણે તે કલાકાર.

પેસો સાફ કરી ચાલ્યો જાય, પછી તરત જ નવા ગંદવાડની શરૂઆત થાય. પોતાને ત્યા ગંદવાડ ન થવા દેવાના ઈરાદાથી એક તરફવાળા પોતાની દાતણુની ચીરો સામી તરફ ફેંકે, અને સામેના પાછા પોતાની સામેના તરફ ફેંકે. કહો, સરખે માથે થઇ રહ્યું!! કચરો ફેંકનારાઓને ખબર જ નથી પડતી કે પોતાના કચરાની ઢગલી પોતાના જ ઘર પાસે કરવાથી જેટલો ગંદવાડ થાય તેના કરતાં આમ સામસામે ફેંકવાથી વધુ ગંધવાડ થાય છે. ગમે તેવી સુંદર બારી કે ગોખ કે ઓટલાને આપણે અનેક રીતે બગાડીએ છીએ. દાતણુ કરતી વખતે દાતણુ ઠોક ઠોક કરી તેના કુચાનાં છોતાં ગમે તેવા સુંદર કઠેડાને ચોંટાડીશું, પાન ચાવતાં બેઠો હઇશું તો ગમે ત્યાં પીચકારીઓ મારીશું કે બીડી ફૂંકતા હઇશું તો ગમે તેવા સારા ફરનીચર પર બીડીના ચપકા દઈશું. પૂજ્નમાંની ગમે તેવી સુંદર છબી પર ચંદનના લપકા લગાવીશું, અને ગમે તેવી આરસની ફરસબંધી પર "પવિત્ર" કરવા ગાયનું લીંપણુ કરીશુંઃ કોઈ સૌભાગ્યવતી કંકુમેનો ચાંલ્લો કરી કંકુવાળી આંગળાઓ ગમે તેવી સુંદર ભીંતે લુછી કે માથું ઓળી વાળ ગમે ત્યાં ખોસી ભીંતને સૌભાગ્યવતી કરશે. આવો આપણો સ્વચ્છતા અને ધર્મ વિષેનો ખ્યાલ છે. આ બધી ગંદી ક્રિયાઓ અન્ય મુખ્ય પ્રવૃત્તિઓ સાથે એવી તો સ્વાભાવિક રીતે જ થયે જાય છે કે તેના પર કોઈનું ધ્યાન જ નથી જતું. પણ વાચકને તે તરફ ન રોકતાં મોટા મોટા બનાવો દેખાડું.

* * *

મ્યુનિસિપાલિટી ભલે કાયદા કરે કે રસ્તા પર મકાનનો કોઇ પણ ઝુકાવ રસ્તા પરથી ૧૨ ફુટની ઉંચાઇની નીચે ન થઈ શકે, પણ જ્યારે દુકાનો ઊઘડે છે ત્યારે દુકાનવાળાઓ પોતાના માલનું પ્રદર્શન એકબીજાની સ્પર્ધામા ખૂબ ઝુકાવમા રાખે છે. ફૂલવાળાઓ પોતાના ફૂલનાં ડાલાં ખૂબ બહાર કાઢે, કપડાંવાળાઓ કપડા બહાર લટકાવે, છત્રીને લાકડીઓવાળા છત્રી ને લાકડી બહાર લટકાવે—અમારી સામેના એક વ્હોરા ભાઈ પોતાના ગમે તેટલા ભારે લોઢાના તબકડાં એક સાકળમાં આંકડીઆઓ રાખી હોળીના હારડાની માફક ધરાર લટકાવે. પાન-વાળાઓ કોઇની દુકાનની એક પાટલીના ભાગ પર એક કબાટ જેવી દુકાન કરીને બેસે, પછી એ કબાટનાં બારણાં રસ્તા પર ઊઘડે—આમ પોતાના માલના પ્રદર્શનની હરીફાઇમાં હરવા ફરવામાં રાહદારીઓને કેટલી અડચણુ થાય છે એનો વિચાર ન આવે તો પછી સૌન્દર્યનો ખ્યાલ તો શેનો જ હોય? મ્યુનિસિપાલિટીના ઝુકાવનો કાયદો ખરી રીતે આ ઝૂલતા પ્રદર્શનોને પણ લાગુ પાડવો જોઇએ. જોઇએ તો એ ભલે રાત્રે કે જ્યારે અવરજવર ન હોય ત્યારે થતાં.

પોતાના માલની આથી પણ વધારે ચોંકાવનારી જાહેરાત રસ્તા પરનાં સામસામેના મકાનોને દોરડાં બાંધી લટકાવવાની છે. કહે છે કે સીનેમાવાળાઓ આમ લટકાવવા દેવા માટે એ ઘરવાળાને સીનેમા જેવાનો પાસ આપે છે. પણ જ્યારે "દાળ, ભાત, શાક, શીરો પૂરી લાડુ ભજીયાં" નાં પાટિયાં પણ લટકેલાં જેવામા આવે છે ત્યારે મને વિચાર થાય છે કે એ ઘરવાળાઓની સાથે આ જાહેરાત વાળાએ શી ગોઠવણુ કરી હશે? એમને શીરો

અટારીએથી

મારું ઘર એવી રીતે આવેલું છે કે તે રાજમાર્ગને મળનારા એક નાના માર્ગમા હોવા છતાં રાજમાર્ગથી દૂર ન કહી શકાય. એ આખું જીર્ણ થઈ ગયું છે છતાં તેની એક નાની અટારી એવી તો સુંદર અને મજબુત બનેલી છે કે તેના વડે જ અમારા રસ્તાનાં મકાનોમા અમારું ઘર સૌથી વધારે આકર્ષક બની રહેલ છે. એ અટારી પાછી એવી જગાએ, એવા ઝૂકાવથી લટકેલી છે કે તેમાં બેસીએ ત્યારે રાજમાર્ગ પરના જીવન્ત દશ્યો એક પછી એક દષ્ટિપટ પર એવાં તો પસાર થતાં જાય છે કે તે જોવામાં વખત ક્યાં ચાલ્યો ગયો તેની ખબર ન પડે. બસ સવારથી જ જાણે કે આખું ઘર છોડીને એ અટારીનો જ ઉપયોગ થતો હોય. તેમ લાગે. સવારે ઊઠીને દાતણ કરવાની ક્રિયા સાથે જ એનો ઉપયોગ શરૂ થાય. એમાંથી પ્રવેશતું અજવાળું ઘરના ઊંડાણમાં એવી રીતે પડે છે કે, જે ક્રિયાને જેટલું અજવાળું જોઇએ તેટલું મળી રહે. મારી છોકરી ઝીણું ઝીણું ભરત ભરવા માટે અટારીના બારણા પાસે બેસે, તો વાસણ માજવા ઘરના પાછલા ભાગમાં બેસે. છોકરાઓ પોતાનાં લેશન કરવા અટારીમા જ બેસે છે, તેમ જ હું પણ લખવા વાચવા આ અટારીમાં જ બેસું છું. તેમાથી અંદર આવતી હવાની માત્રા પણ જોઇએ તેટલી ચઢઉતર મળી રહે છે. આમ આ અટારીનો ઉપયોગ ઘરનાં માણસો વારા ફરતી કર્યા જ કરે ને તે દરમિયાન સંસારનાં અનેક જીવન્ત દશ્યો પસાર થતા જોવાતા જાય!

સવારમાં દાતણ કરતામા જ કેટલાય સુંદર અને અસુંદર દશ્યો જોવાય. સવારમા મ્હોસૂઝણાને વખતે મારો દૂધવાળો આવે ત્યારે બારણું ઉઘાડતા જ, સામેનો ફુલવાળો પોતાની દુકાન ઉઘાડતો હોય. પછી ટપ લઇને એક મુસલમાનની હોટેલ ઊઘડે, હિંદુની ન ઊઘડે. તમે તેનું કારણ પૂછવા જશો એની મને ખાત્રી છે, પણ એ તમે તમારી મેળે જ સમજી જશો. આ દુકાનો ઉઘડવા સાથે જ રસ્તો સાફ થવા માંડે છે. સાફ કરનારા ભંગીઓ જ્યારે કચરો વધુ દેખે ત્યારે કચરા તરફ રહેનારાને ગાળો દેતા જાય અને સાફ કરતા જાય. જે દિવસે કચરો ઓછો હોય તે દિવસે ખુશ હોય. કોઇવાર સાવરણા ફેરવતા ફેરવતા ગાતા પણ હોય, વાળતા જાય ને કચરાની ઢગલીઓ કરતા જાય, એમાં જ્યારે પેલી મુસલમાની હોટલ પાસે ઢગલી થઈ જાય ત્યારે ચાહ અને પાઉ ખાવા બેસે, મુસલમાની હોટલની બોણી શરૂ થઈ જાય. હવે તમે સમજ્યા હશો કે મુસલમાની હોટલ શા માટે વ્હેલી ઊઘડી? અને નહિ તો પણ હિંદુઓને ત્યા અસ્પૃશ્યોને એટલી અપમાનકારક રીતે ખાવાનું લેવું પડે છે કે તેઓ ત્યાં જતા જ નથી, મને વિચાર થાય છે કે આ અપમાનથી બચવા માટે અસ્પૃશ્યોએ જ હોટલ કાં ન કાઢવી, અને એને એવી તો સુઘડ રાખવી કે સ્પૃશ્ય હિંદુઓ તેમાં જાણતાં કે અજાણતા જઈ ચા પી આવે. પણ હું પાછો મારી અસલ વાત પર આવું. આમાનો એક ઢેડિયો ઘણો શોખીન—કચરો વાળનાં ગાતો હોય. સવારનો નાસ્તો થઈ ગયા બાદ પાન ખાય, પછી બીડી સળગાવે, પછી કચરાનો ટોપલો માથે લે, પછી બીજા હાથમા

લાગત કે કોઇનો સ્વયંવર થતો હશે અને આ બધા વરઘોડા ઉમેદવારોના હશે. કેમ જાણે કે બધા પ્રતિસ્પર્ધીઓ હોય તેમ એક જ વખતે બધા વરઘોડાઓ જુદી જુદી જગાએથી ઉપડી આ શેરીમાં કંઇ એવી રીતે એકઠા થઇ ગયા કે આખો રસ્તો બંધ થઇ ગયો. કોઇ ગાડી ક્યાંઇથી ચસકી ન શકે. એમાં વળી એક જગાએ મોટાં શીંગડાવાળા ભાસના બળદોનાં ગાડાં ભરાઈ ગએલાં, ને એક જગાએ એક મીયાભાઇનો રેંકડો (સૂરતી ગાડી) કે જેની ધરી ગાડીથી ઘણી બહાર નીકળેલી હોય છે—તેનું એક પૈડું એક ચાર પૈડાંવાળી વિક્ટોરીઆના પાછલા પગમાં ભરાઈ ગયું. ત્રીજી તરફ દસેક ગધેડાં રેતી લઇ જતાં હશે તેમાંનું કોઇ એક ફેરીઆને અથડાયું ને તેના ગૂણા ઢળી ગયા ને ફેરીવાળાનાં બોર બધાં ય ઢળી ગયાં. ગધેડાવાળી બાઈ રેતી એકઠી કરવા લાગી ને પેલો પોતાના બોર વીણવા લાગ્યો ત્યાં કંઇક બોલાચાલી થઇ ને માણસો ટોળે વળ્યાં. ને ચોથી તરફ વરઘોડાનાં બેન્ડે ઘોંઘાટ મચાવી મૂકેલો, તે કોઇ કોઈનું સંભળાય તો બેન્ડ બંધ થાય ને ? આમ અનેક જાતનો ઘોંઘાટ અને ગરદી વટાવતો હું ડોક્ટરના દવાખાના પાસે આવ્યો ત્યાં બે મોટરો બીજાં વાહનો જોડે એવી રીતે સલવાઇ ગએલી કે મારાથી ડોક્ટરના દવાખાના પર ન જઈ શકાય. હું ચાલતો હતો તેની સામી બાજુએ દવાખાનું આવેલું, અને મારી અને તેમના બારણાની વચ્ચે વાહનો એકબીજામાં હાથકડી દઇને ગમે તેમ મોઢા કરીને ઊભેલાં, રસ્તાને છેડે જો મોકળાશ થાય તો વાહનો ચસકી શકે, ને તો હું ચસકી શકુ એવું થઇ ગયું, એટલે આપણે તો દવાખાનાની સામેના ઘરમાં લગ્નપ્રસંગે બધા ઓટલા પર બેઠા હતા ત્યાં જઇને બેઠા. ત્યાં હું પણ એક આમંત્રિત ગૃહસ્થ ગણાયો. ત્યાં એક બીજો મારો મિત્ર મારા જ કારણે આવી બેઠેલો તેમને મેં ઇસારો કર્યો એટલે એમણે પણ પોતાને આમંત્રિત ગણાવી દીધા. થોડીવાર પછી અમારા કપાળે પણ ચાંલ્લા થયા, નાળીએરો અપાયાં તે અમે પણ લીધાં, અને પછી છેવટે કઢેલા દૂધથી પણ અમારો સત્કાર થયો. પછી પાનબાન ખાધાં વચ્ચે વચ્ચે જેની મોટર ફસાઇ હતી તે શેઠ મ્યુનિસિપાલિટીનો વાંક કાઢતા હતા, એક બીજાએ એમને કહ્યું કે "તમે જરા ચાલી નાંખવાની તસ્દી લીધી હોત તો આ વેળા ન આવત." પણ એ એમ શેના ચાલે ! આમ ઇધર તીધર વાતો કરતાં દોઢેક કલાકે રસ્તાનાં મ્હોં ખૂલ્યે દવાખાના આગળથી વાહનો ચસકી શક્યા ને હું દવાખાને જઇ શક્યો.

* * *

દવા લઇને હું ઘેર ગયો ત્યાં બૈરી રાંધી કરીને તોબરો ચઢાવી અટારીએ મારી રાહ જોતી બેઠેલી જોઈ, દાખલ થતાં જ મને ઉધડો લીધો—"દવા લેવા ગયા હતા ત્યાં આ કપાળમાં ચાંલ્લા શા ? આ નાળિએર શાં ?" એટલે મેં કહ્યું: "તારા ઉપર બીજી નથી લાવવાનો." એણે કહ્યું: "તો એમાં મને તો એક કામ કરનારી મળશે. ભેંશના શીંગડા ભેંશને ભારે છે એમાં મને શું ? પણ તમે મોડા કેમ આવ્યા ?" મેં કહ્યું: "મુર્ખી ! તું એકવાર પીરસ, બહુ મોડું થયું છે—પછી જમતા બધી વાત કહીશ." જમવા બેઠા, મેં બધી વાત કરી. ત્યારે કહેઃ "તમે ઓફિસમાં શું બ્હાનું કાઢશો." મેં કહ્યું: "હું એમ કહીશ કે આજે રસ્તો મોકળો કરવા માટે રોકાયો હતો, મ્યુનિસિપાલિટીના જ કામે મોડો થયો છું." પછી કહેઃ "પણ પેલા વરરાજાઓના મૂરતનું શું થશે !" મેં કહ્યું: "અરે બેવકુફ, એ તો પરણાવનાર ચૂકશે એનો પણ રસ્તો કાઢશે. નેજાનાં ગાડાં નેજામાં થોડાં જ રહે છે !!" પણ મને લાગે છે કે હવે કહેવત એવી થવી જોઇએ કે સાંકડી શેરીની મોટરો સાંકડી શેરીમાં થોડી જ રહે છે !

"વિહંગ"

વીતી લે કે વેળા નિરવધિ શતશૃંગ ફરતાં.

× × ×

વર્ષો સહસ્ર કુદતા મૃગલાની ફાળે.

× × ×

હજારો વર્ષો એ પણ પછી હવે તો વહી ગયા!

× × ×

સહસ્રશત શલ્યમા હૃદયની પથારી થતી.

× × ×

કઈ લાખો નિરાશામા અમર આશા છુપાઈ છે.

× × ×

છેવટે :

અનન્ત મુખડા અનન્ત સુખડા જહીં સાંપડે

કલાપી

મારી ભલામણ છે કે કવિઓને કશું કામ બતાવવાનું ન મળે ત્યારે તેમને સંખ્યા ઉપર કાવ્યો કરવાનું કહેવું. કવિતા ચાલ્યા જ કરશે કારણ કે સંખ્યા અનંત છે. ત્યારે હવે તમને મારી કવિતા સામે વાંધો નહિ હોય :

આઠ આઠ પાનના મેં ફરમા મગાવ્યા;
પ્રૂફો જોઈ જોઈ થાક્યો કે,
પૂર્ણિમા પાછી ઊગી રે.

એક જગાએ રવીન્દ્રનાથ ઠાકુર કહે છે "ચલત રાજકુમારી" એ ગીતમાં આલાપ ઉપર આલાપ ચાલ્યા જ કરે છે. રાજકુમારી નથી ચાલતી પણ રાગ જ ચાલ્યાં કરે છે. આપણે સ્વરાજ માટે ચર્ચા કરીએ છીએ તેથી સ્વરાજ ડગલું પણ નથી ચાલતું પણ ચર્ચા ચાલ્યા કરે છે. તો મારું પણ કાવ્ય ન ચાલ્યું પણ સ્વૈરવિહાર તો ચાલ્યો. તે હજી આગળ ચાલત, પણ યાદ આવે છે કે :

પૂર્ણિમા પાસે આવી રે.

સ્વૈરવિહારી

લાગન કે કોઇનો સ્વયંવર થતો હશે અને આ બધા વરઘોડા ઉમેદવારોના હશે. કેમ જાણે કે બધા પ્રતિસ્પર્ધીઓ હોય તેમ એક જ વખતે બધા વરઘોડાઓ જુદી જુદી જગાએથી ઉપડી આ શેરીમાં કંઇ એવી રીતે એકઠા થઇ ગયા કે આખો રસ્તો બંધ થઇ ગયો. કોઇ ગાડી ક્યાંઇથી ચસકી ન શકે. એમાં વળી એક જગાએ મોટાં શીંગડાવાળા ભાલના બળદોનાં ગાડાં ભરાઈ ગએલાં, ને એક જગાએ એક સીંધાભાઇનો રેંકડો (સૂરતી ગાડી) કે જેની ધરી ગાડીથી ઘણી બહાર નીકળેલી હોય છે—તેનું એક પૈડું એક ચાર પૈડાંવાળી વિકટોરીઆના પાછલા પગમાં ભરાઈ ગયું. ત્રીજી તરફ દસેક ગધેડાં રેતી લઇ જતાં હશે તેમાંનું કોઇ એક ફેરીઆને અથડાયું ને તેના ચૂણા ઢળી ગયા ને ફેરીવાળાનાં બોર બધા ય ઢળી ગયાં. ગધેડાવાળી બાઈ રેતી એકઠી કરવા લાગી ને પેલો પોતાના બોર વીણવા લાગ્યો ત્યાં કંઇક બોલાચાલી થઇ ને માણસો ટોળે વળ્યાં. ને ચોથી તરફ વરઘોડાનાં બેન્ડે ઘોંઘાટ મચાવી મૂકેલો, તે કોઇ કોઈનું સંભળાય તો બેન્ડ બંધ થાય ને ? આમ અનેક જાતનો ઘોંઘાટ અને ગરદી વટાવતો હું ડોકટરના દવાખાના પાસે આવ્યો ત્યાં બે મોટરો બીજાં વાહનો જોડે એવી રીતે સલવાઇ ગએલી કે મારાથી ડોકટરના દવાખાના પર ન જઈ શકાય. હું ચાલતો હતો તેની સામી બાજુએ દવાખાનું આવેલું, અને મારી અને તેમના બારણાની વચ્ચે વાહનો એકબીજામાં હાથકડી દઇને ગમે તેમ મોઢા કરીને ઊભેલાં, રસ્તાને છેડે જો મોકળાશ થાય તો વાહનો ચસકી શકે, ને તો હું ચસકી શકું એવું થઇ ગયું, એટલે આપણે તો દવાખાનાની સામેના ઘરમાં લગનપ્રસંગે બધા ઓટલા પર બેઠા હતા ત્યાં જઇને બેઠા. ત્યાં હું પણ એક આમંત્રિત ગૃહસ્થ ગણાયો. ત્યાં એક બીજો મારો મિત્ર મારા જ કારણે આવી બેઠેલો તેમને મેં ઇસારો કર્યો એટલે એમણે પણ પોતાને આમંત્રિત ગણાવી દીધા. થોડીવારે પછી અમારા કપાળે પણ ચાંલ્લા થયા, નાળીએરો અપાયાં તે અમે પણ લીધાં, અને પછી છેવટે કઢેલા દૂધથી પણ અમારો સત્કાર થયો. પછી પાનબાન ખાધાં વચ્ચે વચ્ચે જેની મોટર ફસાઇ હતી તે શેઠ મ્યુનિસિપાલિટીનો વાંક કાઢતા હતા. એક

બોલ્શેવિઝમ

ઓગણીસમી સદીમાં જગવિખ્યાત કાર્લ માર્કસે (૧૮૧૮–૧૮૮૭) જે સમાજવાદનો (socialism) પ્રચાર કર્યો તેનો સંપૂર્ણ કે આંશિક સ્વીકાર કરી યુરોપના જુદા જુદા દેશોમાં જુદાં જુદાં સમાજવાદી મંડળોની સ્થાપના થઇ. લગભગ દરેક દેશમાં એવાં બે કે વધારે મંડલો જોવામા આવે છે. કોઇ નરમ પક્ષના હોય તેઓ કાર્લ માર્કસના વિપ્લવવાદને સંપૂર્ણ રીતે સ્વીકારવાને તૈયાર હોતા નથી. કોઈ ગરમ પક્ષના હોય અને કોઈ વળી મધ્યમ પક્ષના પણ હોય. રશિયામાં જે બધા સમાજવાદી પક્ષો હતા તેમાં સૌથી ગરમ પક્ષના જેઓ હતા તેઓ જ બોલ્શેવિક કહેવાયા. 'બોલ્શેવિક' શબ્દનો અર્થ majority–બહુમતી એવો થાય છે. સમાજવાદીઓની કોઇ એક પરિષદમાં કોઇ વિષયની ચર્ચામાં બીજા પક્ષો કરતાં એ લોકોની વધુમતી થઈ હતી. એ પરથી જ એ લોકોનું નામ બોલ્શેવિક પડયું.

કાર્લ માર્કસના મત પ્રમાણે યંત્રો અને કારખાનાંઓને લીધે મનુષ્ય સમાજ મૂડીદાર અને મજૂર એવા બે ભાગમા વહેંચાઈ ગયો છે. મજૂરો માથાનો પસીનો પગે ઉતારી કઠોર મહેનત કરીને જે માલ ઉત્પન્ન કરે છે તે બદલ જેમ તેમ કરીને આહારાચ્છાદન મળી રહે એટલી મજૂરી તેમને મળે છે. અને છતા તેમની જ મહેનતથી ઉત્પન્ન થયેલા માલના બાકીના ભાગમાંથી મૂડીદારોનું ધન વધ્યે જાય છે. આ ભયંકર હરિફાઇથી મજૂરોની સ્થિતિ દિન પરદિન બગડતી જાય છે અને મૂડીદારોની મૂડી વધતી જ જાય છે. વળી મૂડીદારોમાંના થોડાકની સંપત્તિ ક્રમશઃ વધતી જવાને લીધે મધ્યમ વર્ગના લોકો નાનાસુના ધંધા દ્વારા નફો મેળવી શકતા નથી, કારણ કે વૈજ્ઞાનિક શોધોને પરિણામે જેની પાસે જેટલી મૂડી વધારે તેટલો તે યંત્ર–કારખાનાની મદદથી માલ સસ્તો પેદા કરી શકે. એટલે સ્વાભાવિક રીતે જ થોડી મૂડીવાળા માણસો હરિફાઈમાં હારી જઈ મૂડીદારોના વર્ગમાથી બહિષ્કૃત થઈ મજૂરોના વર્ગમા આવતા જાય છે. આવી રીતે દુનિયાની બધી સંપત્તિ ધીમે ધીમે થોડાએક મૂડીદારોના હાથમાં આવતી જાય છે. બીજી બાજુ મજૂરોની સંખ્યા અતિશય વધી રહી છે. પરિણામે એક બાજુ મૂઠીભર મૂડીદારો–ભોગવિલાસની રેલછેલ; અને બીજી બાજુ દારિદ્ર, દુઃખ, ભૂખમરો અને મૃત્યુ. એક બાજુ રાજમહેલ જેવા બંગલાઓમાં મૂડીદારો પૃથ્વીના સર્વે ઐશ્વર્યના ભોગમાં આળસમાં દિવસો કાઢે છે, બીજી બાજુ મજૂરો દિવસને રાત હાડતૂટ મહેનત કર્યા પછી અંધારી કોટડીમાં ખોરાક અને વસ્ત્રને અભાવે ગમે તે રીતે દુઃસહ જીવન ગુજારે છે–નથી ઘરમાં પ્રકાશ, નથી તંદુરસ્તી; નથી શિક્ષણ, નથી આનંદ કે નથી ઉત્સાહ, માત્ર પશુની માફક જીવે છે એટલું જ. વર્તમાન માનવ સમાજનું આ અતિ વાસ્તવિક ચિત્ર અપૂર્વ ઉદ્દીપનાપૂર્ણ ભાષામાં જગત સમક્ષ પ્રગટ કરી કાર્લ માર્કસે ઉચ્ચ સ્વરે પ્રશ્ન કર્યોઃ "પણ શું આ જ માણસની છેલ્લી દશા છે?" તેમણે પોતે જ તેનો ઉત્તર દીધો છેઃ "માનવ ઇતિહાસ જોઇએ છીએ તો જણાય છે કે યુગે યુગે આર્થિક સ્થિતિનાં વૈષમ્યથી સમાજમાં આવા વિરોધી વર્ગો ઉત્પન્ન થાય છે. પણ એનું અચૂક પરિણામ (૧) વર્ગોવર્ગ વચ્ચે અથડામણ, અને (૨) એ

અથડામણને પરિણામે અત્યાચારીની પડતી અને પીડિતોની ચડતી, એ જ આવે છે. મધ્ય યુગમાં કુલીન વર્ગની સાથે 'ધનવાન' વર્ગને આવી અથડામણ થઈ હતી. તેને પરિણામે કુલીન વર્ગનો ધ્વંશ થયો અને 'ધનવાન' વર્ગની સ્થાપના થઈ. વળી આજે મૂડીદારો અને મજૂરો વચ્ચે અથડામણ અનિવાર્ય થઇ પડી છે. આ અથડામણ જ માનવસમાજની અંતિમ અથડામણ છે કારણ કે એ અથડામણને પરિણામે મૂડીદારો નાશ પામશે અને આખું જગત મજૂરોના હાથમાં આવશે. ત્યાર પછી વર્ગવર્ગનો ભેદ રહેશે નહિ એટલે કોઈ પ્રકારની અથડામણનો પણ સંભવ રહેશે નહિ.

માર્કસનો મૂળ સિદ્ધાંત ધનિક વર્ગને ઊખેડી નાખી મજૂરીને પ્રતિષ્ઠિત કરવાનો હતો. બોલ્શેવિકો પણ એ જ મંત્રથી પ્રેરણા પામ્યા હતા. તેથી જ જ્યારે નરમ પક્ષનો મજૂર નેતા કેરેન્સ્કી રશિયાના પહેલા વિદ્રોહ પછી ધનિકોના સહકારથી નવું રાજ્ય બંધારણ ઘડવા લાગ્યો ત્યારે બોલ્શેવિકોના નેતાઓ તેની સાથે એકમત થયા નહિ. તેઓ માર્કસનો મત આગળ કરીને ફરી ફરીને કેરેન્સીને સમજાવવા લાગ્યા કે મૂડીદારો સાથે મજૂરોનો મેળ અસંભવિત છે, માટે મૂડીદારોને દૂર રાખી માત્ર મજૂરોની મદદથી જ રાજ્યબંધારણ ઘડવું પડશે. અહીં જ વર્તમાન Democracy ગણવાદની સાથે બોલ્શેવિકોનો વિરોધ છે. કેરેન્સ્કી ગણવાદ તરફ ખેંચાયો અને પરિણામે બોલ્શેવિકોએ સમાજવાદીઓમાં પોતાના મતનો પ્રચાર કરી કેરેન્સ્કીની સત્તા ધીમે ધીમે ઘટાડી નાખી. આખા રશિયામાં મજૂર, સિપાઇઓ અને ગરીબ ખેડૂતોના જે સંઘો ઊભા થયા હતા તે બધાએ ધીમે ધીમે બોલ્શેવિકવાદનો સ્વીકાર કર્યો (Soviet). આખરે ૭ મી નવેમ્બરને દિવસે બોલ્શેવિકોએ કેરેન્સ્કીની મંત્રણા સભા ઉપર હુમલો કર્યો. સામાન્ય લોકો અને લશ્કર તેમના પક્ષમાં હોવાથી એક રીતે જોતા લોહી રેડયા વિના જ બોલ્શેવિકોએ પોતાની આણ વર્તાવી. કેરેન્સ્કી ગમે તેમ કરી જીવતો નાસી છૂટયો.

બોલ્શેવિકોએ જે નવી રાજ્યપદ્ધતિ શરૂ કરી તેમાં મૂડીદારોનો કશો હાથ રહ્યો નહિ; માત્ર ખેડુતો અને મજૂરો ઉપર જ એનો આધાર હતો. દરેક ગામમા અને દરેક કારખાનામાં એક એક સંઘ (સોવિયેટ) સ્થાપવામા આવ્યો. એ બધાના પ્રતિનિધિઓનો જીલ્લા સંઘ (Volost) બન્યો અને જીલ્લા સંઘની ઉપર પ્રાંતિક સંઘ (Uyezd). તેની ઉપર વિભાગી સંઘ (Gubernia) અને તેની ઉપર દેશીય સંઘ (Russian Socialist Federal Soviet Republic) અને એ બધાની ઉપર રશિયા અને બીજા પાંચ રાજ્યો મળીને જે Union of Socialist Soviet Republics થઈ હતી તેનો સંઘ. આવી રીતે દરેક ગામ કે કારખાનામાં જે મજૂરોનો સંઘ હોય છે, તેનાં જ પ્રતિનિધિઓ લઇને સર્વોપરિ અને તે દરમ્યાનની જુદી જુદી સમિતિઓ રચવામાં આવી છે. એમાંની કોઇમાં પણ મૂડીદારોને મત આપવાનો કે સભ્ય થવાનો લાગ મળે એમ નથી. માત્ર મજૂરો એટલે કે સ્ત્રી પુરુષના ભેદ વિના જેઓ રશિયામાં વસીને પોતાની મહેનતથી આજીવિકા મેળવે છે તેઓ જ આ બધા હકો ભોગવી શકે. ધર્મગુરુઓને પણ આ બધા હક્કો મળતા નથી.

આવી રીતે માત્ર મજૂરોના પ્રતિનિધિઓ પોતે જે કોંગ્રેસ કે રાષ્ટ્રીય મહાસમિતિમાં છે - તે જ. આખા રશિયાની રાજ્યશક્તિનું કેન્દ્ર અને આધાર છે એમ કહેવાય ખરું, પરંતુ ખરી રીતે જોતા વરસમાં એક કે બેથી વધારે વાર એ મહાસમિતિની બેઠક

મળની નથી એટલે રાજ્યકાર્ય ચલાવવાને માટે એ મહાસમિતિ એક કેન્દ્રીય કાર્યવાહક સમિતિની ચૂંટણી કરે છે. જ્યારે રાષ્ટ્રીય મહાસભાની બેઠક મુલતવી રહે, ત્યારે આ સમિતિના હાથમા જ બધો રાજ્યભાર સોંપાય છે. એ સમિતિ પણ સંખ્યા બહુ મોટી હોવાને લીધે (એના સભ્યોની સંખ્યા ત્રણસો ઉપર છે) પ્રત્યક્ષ રીતે રાજકાજ ચલાવી ન શકતી હોવાથી પોતામાંથી એક Council of Peoples commissar's અર્થાત્ 'પ્રધાનમંડળ'ની ચૂંટણી કરે છે. એ સંઘનો દરેક સભ્ય (Commissor) કોઈ અમુક વિભાગનો જવાબદાર પ્રધાન બને છે. જેમકે કેળવણીખાતાનો પ્રધાન, વેપારનો પ્રધાન, વગેરે; એ દરેકને પોતપોતાની જુદી જુદી સલાહકાર સમિતિ હોય છે. તેઓની સાથે મસલત કરી તેઓ પોતપોતાના વિભાગનું કામ ચલાવે છે. પરન્તુ મોટે ભાગે રાજકાજની ખરી જવાબદારી પ્રધાનમંડળ ઉપર જ નાખવામા આવેલી હોય છે; એટલે કે પ્રધાનમંડળ ઇંગ્લાંડની કેબિનેટને બહુ મળતું આવે છે અને દરેક પ્રધાન જુદા જુદા સેક્રેટરી ઑફ સ્ટેટ જેવા છે, અને મહાસભા અને કાર્યવાહક સમિતિ નામની સર્વોપરિ સત્તા અને રાજ્યાધિકાર ધરાવતી હોવા છતા કાર્ય કરતી વખતે તો ઇંગ્લાંડની કેબિનેટની માફક રશિયામાં પણ પ્રધાન મંડળ જ મુખ્ય છે—કર્તાહર્તા છે.

બોલ્શેવિકોએ જે નવી પદ્ધતિ શરૂ કરી છે તેથી ગરીબ મજૂરો ખરી રાજસત્તા મેળવી શકશે એવો સંભવ જણાય છે. જો આવી વ્યવસ્થાથી દેશમાં સુખ, શાંતિ અને મોટે ભાગે લોકોનું સર્વ વાતે સાચું કલ્યાણ થાય તો જગતમા એનો પ્રચાર જરૂર થાય ૧૯ મી સદીમા ફ્રેન્ચ વિપ્લવને પરિણામે રાજસત્તાનું કેન્દ્ર aristocracy ના હાથમાંથી 'ધનવાન' વર્ગના હાથમા જઈ પડ્યું હતુ. જો રશિયાના બોલ્શેવિકનો વિરાટ પ્રયત્ન સફળ નીવડે તો નજીકના ભવિષ્યમાં ચિરનિપીડિત મજૂરોની જાગૃતિની આશા રાખી શકાય. જો તેમ થાય તો કાર્લ માર્કસે જે સ્વપ્ન જોયું હતું તે સાચું પડશે અને પૃથ્વીના ઇતિહાસમાં એક નવો અધ્યાય શરૂ થશે. એ રીતે જોતા રશિયાના બોલ્શેવિક વિદ્રોહ માત્ર રશિયાની જ નહિ પણ સમસ્ત જગતના ઇતિહાસની એક અપૂર્વ ઘટના છે.

આજે દશ વર્ષથી વધુ સમય થયાં રશિયામાં બોલ્શેવિક નીતિની સ્થાપના થઈ છે. પહેલા દશ વર્ષમાં દેશની સ્થિતિમા શો ફેરફાર થયો છે તેની જ હવે ચર્ચા કરીશું. એ દશ વર્ષના ઇતિહાસને સામાન્ય રીતે બે યુગમા વહેંચી શકાય. પહેલાં ચાર વર્ષો એટલે ૧૯૧૭થી ૧૯૨૧ અને પાછલા ૭ વર્ષો એટલે ૧૯૨૧ થી ૧૯૨૭ પહેલા યુગનો ઇતિહાસ દુઃખ દુર્દશા અને ગરમ પંથના બોલ્શેવિકોની અગ્નિપરીક્ષાનો ઇતિહાસ. એ યુગમાં યુરોપના બીજા દેશોની ઉશ્કેરણી અને સહાયથી જૂના રાજતંત્રના કેટલાક રશિયન સેનાપતિઓ (કોલચેક, ડેનિકિન, યુડેનિચ વગેરે)એ બોલ્શેવિકોની જડ ઉખેડી નાખવાની ઇચ્છાથી જુદી જુદી બાજુએથી રશિયા ઉપર હુમલા કર્યા. નવો સ્થપાએલો બોલ્શેવિક પક્ષ આ બધા હુમલાઓ સામે પોતાનો બચાવ કરી શકશે કે કેમ એ બહુ શંકાસ્પદ વાત હતી, પરંતુ રશિયાના ખેડૂત અને મજૂર વર્ગે બોલ્શેવિકોને સાથ દીધો તેથી આ બધા હુમલો કરનારાઓના પ્રયત્નો તદ્દન નિષ્ફળ ગયા...એ ઉપરથી સ્પષ્ટ રીતે સાબીત થાય છે કે ગમે તે કારણથી રશિયાનાં સામાન્ય લોકો બોલ્શેવિકોને સત્તા મળી તેના વિરોધી નથી અને તેઓની સમગ્ર ઇચ્છાશક્તિ બોલ્શેવિકોની સત્તા દૃઢ થાય એ વાતને અનુકૂળ છે: આ અંતર્વિદ્રોહના સમયમાં

જ બોલ્શેવિકોએ ઉગ્ર સમાજવાદની સ્થાપના કરવાનો પ્રયત્ન કર્યો. આજ સુધી જે બધા મતવાદો માત્ર વિચાર અને ચર્ચાના જ વિષય હતા, કાર્લ માર્કસે પોતાના Das Kapital અને Communist Manifesto નામના પુસ્તકોમા જે સામાજિક નીતિ અને અર્થનીતિનો પ્રચાર કર્યો હતો તે બધાને આચારમાં પરિણત કરવાના પ્રયત્ન બોલ્શેવિકોના હાથમાં રાજસત્તા આવતાં તરત જ તેમણે શરૂ કર્યો. માર્કસનો પહેલો સિદ્ધાંત જે ધનવાન વર્ગની જડ ઉખેડવાનો અને ગરીબોને (Proletariat) સર્વ સત્તા આપવાનો, તે કેવી રીતે કાર્યમાં પરિણત થયો તે પહેલાં કહેવામાં આવ્યું છે. માર્કસનો બીજો સિદ્ધાંત એ હતો કે બધી જાતની સંપત્તિ (જમીન કારખાના વગેરે)મા બધાનો સરખો ભાગ રહેવો જોઇએ. એ સિદ્ધાંતને અનુસરીને બોલ્શેવિકોએ જૂના જમીનદારોના બધા હકો અને અધિકારો છીનવી લીધા, અને દેશની બધી જમીન સર્વ સાધારણની મિલકત છે એવું જાહેર કર્યું. ખેડૂતોની સાથે એવી ગોઠવણ કરવામાં આવી કે તેઓએ ખેતી કરી પોતાને જોઈતું અનાજ રાખી બાકી સરકારમાં ભરી દેવું અને તેના બદલામા તેમને જરૂરી એવા સાધનો સરકાર પૂરાં પાડે. પણ ખેડૂતો સમાજવાદનું મહત્ત્વ સમજી ન શકયા. જમીનદારોની જડ ઉખેડવામાં તેઓ બોલ્શેવિકોની સાથે સહમત થયા, પણ તે પછી એ બધી જમીન ઉપર તેમનો હક ન રહેતા, તેમની મહેનતથી ઉત્પન્ન થયેલા અનાજ ઉપર પણ બીજાનો હક્ક શી રીતે બેસે તે તેઓ સમજી ન શકયા. આથી કરીને જ્યારે બોલ્શેવિક સરકારે વધારાનું અનાજ માગ્યું ત્યારે ખેડૂતોએ તે આપવાની ના પાડી. આ બાજુ ખોરાકની અછત હતી એટલે સરકારે લશ્કર મોકલીને થયેલું અનાજ બળજોરીથી મંગાવી લેવા માંડયું. ખેડૂતો પોતાને જોઇએ એટલું જ અનાજ કરવા લાગ્યા. બાકીની જમીન પડતર પડી રહેવા લાગી. પરિણામે અનાજની ઉપજનું પ્રમાણ એકદમ ઘટી જવાથી દેશમા દુકાળ પડયો.

બીજી બાજુ કારખાનાઓમાં પણ ઉગ્રરૂપે સમાજવાદની સ્થાપના કરવાથી ત્યાં પણ એવી જ ધાંધલ શરૂ થઇ. મૂડીદારોને હાંકી કાઢી મજુરોના હાથમા કારખાનાંઓનો બધો કારભાર સોંપવામા આવ્યો. સમાજવાદીઓ માને છે કે આવી રીતે મજૂરોને કારખાનાની માલકી આપવાથી તેઓ માત્ર ભારવાહી પશુઓની જેમ જીવન ગુજારશે નહિ પણ નવા હકો અને જવાબદારીઓની સાથે સાથે તેઓની કાર્યશક્તિ પણ વધારે ખીલશે. પરંતુ પરિણામ ઉલટું જ આવ્યું. પોતાના હાથમા બધી સત્તા આવતા અજ્ઞાન મજૂરોએ મજૂરીના દર વધાર્યા અને મજૂરીના કલાક ઓછા કરી નાખ્યા. ઓછી મજૂરી અને વધારે પગાર તો માણસ માત્રને ગમે એમા તો કોઈ શક જ નથી; પરતુ અર્થશાસ્ત્રના કઠોર નિયમો એવા છે કે આ સ્થિતિ લાંબો કાળ ટકતી નથી. દરેક કારખાનામા બનતા માલની જાત અને પ્રમાણ જેમ ઊતરતા ગયાં તેમ તેમ મજૂરોના પગાર વધવાથી ખર્ચ વધવા લાગ્યો. પરિણામે કારખાનાઓ નાશ પામવાનો ભય ઊભો થયો. આખરે બોલ્શેવિક સરકારે પોતે એ કારખાનાઓ ચલાવવાનો ભાર લીધો. મજૂરો કામ કરવા તૈયાર ન થાય તો જોરજુલમથી કરાવવા માંડયું. દરેક કારખાને લશ્કર ગોઠવાયું, જેથી કોઇ આળસુ બની કામની ચોરી ન કરે. આ વ્યવસ્થા પણ ફળદાયી નીવડી નહિ એ કહેવાની જરૂર જ ન હોય.

આવી રીતે ૧૯૧૭થી ૧૯૨૧ સુધીના ચાર વર્ષો ઉગ્ર સમાજવાદની સ્થાપનાના વ્યર્થ પ્રયત્નોમાં વીતી ગયાં. આખરે બોલ્શેવિક પક્ષના નેતા લેનિને આ માર્ગ છોડીને નવી અર્થશાસ્ત્રીય નીતિનો પ્રચાર કર્યો. એ જ તેની New Economic Policy (ટૂંકમાં

N. E. P.) નામે પ્રખ્યાત છે અને ૧૯૨૧ની સાલથી આજ સુધી રશિયામાં તેણે નવો યુગ ઉતાર્યો છે.

૧૯૨૧ની સાલમાં શરૂ કરેલી નવી નીતિ (N. E. P.) મુજબ રશિયાના ખેડૂતોને તેઓના તાબાની જમીન ઉપર સંપૂર્ણ હક આપી દેવામાં આવ્યા. જો કે નામમાં તો સરકાર જ બધી જમીનની માલીક રહી. જમીન ઉપર થયેલાં અનાજનો હક છોડી દઇને સરકારે તેને બદલે કર નક્કી કર્યો. પહેલાં એવો નિયમ હતો કે પોતાની જમીન પોતે જ ખેડવી જોઇએ, ભાડે આપેલા મજુરોદ્વારા કોઈ પણ ખેતી કરી શકે નહિ. એ નિયમ પણ ઘણે ભાગે બદલાઈ ગયો. આ બધા ફેરફારોને પરિણામે રશિયાની ખેતીવાડીની સંપત્તિ હવે દર વર્ષે વધતી જ જાય છે.

કારખાનાઓ અને વેપાર ઉદ્યોગ સંબંધી પણ સામ્યવાદ (Communism)મા મૂળગત ફેરફારો કરવામાં આવ્યા અને પહેલાંની માફક માત્ર કારખાનાં અને વેપારની ઉન્નતિ તરફ લક્ષ રાખીને જ કુશળ માણસોદ્વારા તે ચલાવી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી. નાના નાનાં કારખાનાઓ સરકારે તેમના જૂના માલીકોને પાછા આપી દીધાં. મોટાં મોટાં કારખાનાં પણ ખાનગી કંપનીઓને ચોક્કસ મુદતને પટે આપવામા આવ્યા. કોઈ ખાસ મોટું કારણ ઊભું થાય તો સરકાર એ કારખાનાઓની આંતરિક વ્યવસ્થામાં માથું મારી શકે એથી વ્યવસ્થા કરવામા આવી હતી. મજૂરોની સંપૂર્ણ સત્તા લોપ પામી. સામ્યવાદની નીતિ પ્રમાણે એન્જીનિયર, મિકેનિક, મેનેજર વગેરે પોતાના વિષયમા પ્રવીણ માણસોને પણ અત્યાર સુધી મજૂરોના જેટલો જ પગાર મળતો હતો અને તેઓને પણ મજૂરસંઘની સૂચના અનુસાર ચાલવું પડતું હતું, પણ હવે તેમના પગારો વધ્યા, અને કારખાનાઓની વ્યવસ્થા તેમના હાથમા આવી. દરેક કારખાનું સ્વતંત્ર રીતે ચાલે અને ધંધામાં લાભ થાય એ જ મુખ્ય લક્ષ થયું પરંતુ તેમના લાભમાંથી સરકારને અમુક ભાગ આપવો જોઇએ એવો નિયમ રહ્યો.

બહારનો પૈસો વેપારની ઉન્નતિ માટે ઉપયોગમાં લઈ શકાય એટલા માટે ઇજારા પદ્ધતિ શરૂ કરવામા આવી મોટી મોટી કંપનીઓને જમીનના મોટા ટુકડાઓ ઇજારે આપવામાં આવ્યા. એટલે કે તે જમીનમાં ખેતી કરવાનો અને તેમાંની ખનીજ પેદાશ કાઢવાનો હક ચોક્કસ મુદતને માટે તેમને આપવામાં આવ્યો. એવી રીતે પરદેશી મૂડીની મદદથી રશિયાની ખનીજસંપત્તિ વધી રહી છે. આ બધી કંપનીઓને જે દ્રવ્ય મળશે તેમાથી ઠરાવેલો ભાગ સરકારને મળશે.

દેશના મોટા મોટા ધંધાઓ, જેવા કે રેલ્વે, બેંક વગેરે અને પરદેશો સાથેનો વેપાર આજે પણ સરકારના હાથમા છે. પરંતુ હવે કાંઈ પહેલાંની માફક સરકારી અમલદારોના હાથમાં તેનો કારભાર સોંપાયેલો નથી. સારી વેપારી પદ્ધતિ મુજબ એ સંસ્થાઓ ચલાવાય અને એમાથી લાભ થાય એવા ઉદ્દેશથી ટ્રસ્ટ અને સિન્ડિકેટ સ્થાપવામાં આવ્યાં છે. એક જાતના અથવા પરસ્પર સહાયકારી ઉદ્યોગો અને વેપારોની કંપનીઓનું ટ્રસ્ટ બનાવવામાં આવ્યું છે અને કેટલાક ટ્રસ્ટો ભેગાં કરીને એક સિન્ડિકેટ કરવામાં આવે છે. વેપારમાં પ્રવીણ માણસોના હાથમાં જ આ બધાંની વ્યવસ્થા સોંપવામા આવેલી છે.

આ બધા ફેરફારોને પરિણામે ૧૯૨૧ પછી રશિયાના હુન્નરો અને ઉદ્યોગ તેમ જ વેપારની પુષ્કળ ઉન્નતિ થઈ છે એ વિશે સંદેહ નથી.

બીજી તરફ આ બધાંનો વિચાર કરતા જણાશે કે સામ્યવાદના જે મૂળ સિદ્ધાંતોનો રશિયામા પ્રચાર કરવાનો બોલ્શેવિકોએ પ્રયાસ કર્યો હતો તેમાં તેઓ સફળ થયા નથી. ૧૯૧૭ થી ૧૯૨૧ સુધી સામ્યવાદની અગ્નિપરીક્ષાનો કાળ ગણાય. એ કાળને જ ઉગ્ર સામ્યવાદનો (Militant Communism) યુગ કહેવામાં આવે છે. એ યુગમા રશિયાની ભારે દુર્દશા થઈ હતી. પરંતુ બોલ્શેવિકો આ દલીલ સ્વીકારતા નથી. તેઓ કહે છે કે એ યુગના ઇતિહાસથી એવું સિદ્ધ થતું નથી કે સામ્યવાદ સિદ્ધાંત અથવા તત્ત્વની દૃષ્ટિએ ખોટો છે. સામ્યવાદનાં પરિણામો એ સમયમા સારાં આવ્યાં નહિ તેનાં બે કારણો છે. એક તો રશિયાના સામાન્ય લોકો શિક્ષણમાં યુરોપના બીજા દેશોની સરખામણીમાં એટલા તો પાછળ છે કે તેઓ સામ્યવાદનો મહિમા હજી પણ સારી રીતે સમજી શક્યા નથી. વિશેષ કરીને જે દેશમાં કારખાનાઓ સ્થપાયાને બહુ વખત થયો નથી અને કારખાનાઓની સંખ્યા પણ બહુ જ ઓછી છે, તેમ જ જે દેશમા ગરીબ મજૂરો કરતાં ખેડૂતોની સંખ્યા અનેક ગણી મોટી છે તે દેશ સામ્યવાદના પ્રથમ પ્રચારને માટે યોગ્ય ક્ષેત્ર નથી. કારણ કે સાધારણ રીતે ગરીબ મજૂરો જ આ બધા મતોના મુખ્ય પોષક હોય છે. સામ્યવાદ સફળ ન થવાનું બીજું કારણ આખા યુરોપની હરીફાઇ હતું. યુરોપના બીજા દેશોના ધનિકોએ રશિયા સાથેના રાજકીય અને આર્થિક બધા પ્રકારના સંબંધ તોડી નાખી તેનો બહિષ્કાર કરી તેને રંજાડવાનો પ્રયત્ન કર્યો, એટલું જ નહિ પણ કાવત્રાં કરી અને આર્થિક સાહાય્ય કરી રશિયાની અંદર આંતરિક ઝઘડાઓ ઉત્પન્ન કર્યાં. ૧૯૧૮ થી ૧૯૨૦ સુધીના ત્રણ વર્ષમા ઇંગ્લાંડ, ફ્રાન્સ, અને અમેરિકાના દ્રવ્યની મદદથી રશિયન સેનાપતિ કોલચેક, ડેનીકીન, યુડેનીચ, બ્રેન્ગેલ-એ ચારેએ ચોતરફથી રશિયા ઉપર હુમલા કર્યાં. ખાસ કરીને યુરોપના બીજા દેશો સાથે વેપારવણજનો સબંધ ન રહેવાથી મૂડી અને યત્રોના અભાવે રશિયાની ખેતી અને વેપારની ભારે અવદશા થઈ છે. આજકાલ પૃથ્વીના બધા જ દેશો એક બીજા સાથે એવા ગાઢ સંબંધથી બંધાએલા છે કે બધા અથવા ઘણા દેશો ભેગા થઇ કોઈ એક દેશનો બહિષ્કાર કરે તો તેના વેપારવણજ અને આર્થિક ઉન્નતિ એક રીતે અશક્ય થઇ પડે. રશિયાના બોલ્શેવિકોએ આવી મુશ્કેલીના સંભવની તદ્દન ઉપેક્ષા કરી હતી એમ નથી. પણ એઓને ખાત્રી હતી કે રશિયામા જેવી રીતે ગરીબ મજૂરોએ પોતાનો હક સ્થાપન કર્યો તેવી રીતે જર્મની, ઓસ્ટ્રિયા, ફ્રાન્સ, ઇંગ્લાંડ વગેરે દેશોમા પણ લડાઇથી કંટાળેલા મજૂરો બળવાખોર બનીને રાજસત્તાનો કબજો લેશે. એ ઉદ્દેશથી તેમણે આ બધા દેશોના મજૂરોમા બળવાનો સંદેશ પણ પહોંચાડયો છે. પરંતુ એ બાબતમાં તેમની આશા અફળ ગઈ.

પરંતુ અત્યાર સુધી સફળ ન થવા છતા પણ તેઓએ એ આશા છોડી નથી અને એ જ તેમની વિદેશો સાથેની નીતિનો મૂળ મત્ર રહ્યો છે. બોલ્શેવિકો એ વાત સારી રીતે જાણે છે કે જ્યાં સુધી યુરોપના બીજા દેશોમા ધનિકો પ્રબળ રહેશે ત્યાંસુધી રશિયામાં સામ્યવાદનો પ્રચાર તો દૂર રહ્યો પણ બોલ્શેવિકોની રાજસત્તા પણ નિરાપદ નથી. એટલા માટે બીજા દેશોમાં સામ્યવાદનો પ્રચાર કરવો એ જ આત્મરક્ષાનો એક માત્ર ઉપાય છે એમ તેઓ માને છે. જુદા જુદા દેશોનાં સામ્યવાદી મંડળોને ભેગા કરવાના ઉદ્દેશથી મોસ્કોમા એક આંતરરાષ્ટ્રીય મજૂર મહાસંઘની સ્થાપના થઈ છે. એ જ પ્રખ્યાત થર્ડ ઇન્ટરનેશનલ. એ

મહાસંઘનું કેન્દ્રસ્થાન મોસ્કો શહેર છે અને રશિયાની સામ્યવાદી રાજસત્તા જ એનો મુખ્ય આધાર છે. અવારનવાર મોસ્કો શહેરમાં એ સંઘના જુદા જુદા દેશના પ્રતિનિધિઓની બેઠક થાય છે અને તેમા કયા ઉપાયોથી જુદા જુદા દેશોમાં સામ્યવાદની સ્થાપના થઈ શકે તેની ચર્ચા થાય છે. દ્રવ્ય અને જાસુસો દ્વારા જુદા જુદા દેશોના મજૂરોમા બળવો જગાડવો એ જ એમનો મુખ્ય ઉદ્દેશ છે. લાયક જાસુસો ઉત્પન્ન કરવાને માટે મોસ્કો શહેરમાં જુદા જુદા દેશની ભાષા અને વર્તમાન રાજકીય અને આર્થિક સ્થિતિ સંબંધી રીતસરનું શિક્ષણ આપવાની વ્યવસ્થા છે. જ્યાં જ્યાં મજૂરોની હડતાલ પડે ત્યા ત્યાં આર્થિક સહાય્ય દ્વારા તે હડતાલનો પ્રચાર કરવો અને તેને ટેકો આપવો એ પણ એમની કાર્યપ્રણાલિમાં મુખ્ય ભાગ ભજવે છે. જ્યારે ૧૯૨૧ મા નવી અર્થનીતિ (N. E. P.) નો પ્રચાર થયો ત્યારે બીજી જાતિઓ સાથે રાજકીય સંબંધ બાંધવાના ઉદ્દેશથી બોલ્શેવિક સરકારે ખુલ્લી રીતે બીજા દેશોમા બળવો ફેલાવવાનો પ્રયત્ન છોડી દીધો. આ પછીથી થર્ડ ઈન્ટરનેશનલ–ત્રીજો આંતરરાષ્ટ્રીય મજૂર મહાસંઘ જ એ કામ કરી રહ્યો છે. અને બોલ્શેવિક સરકાર સાથે તેને કોઈ જાતનો સંબંધ રહ્યો નથી. એને પરિણામે ૧૯૨૨ માં યુરોપના ઘણા દેશોનો રશિયા સાથેનો વેપારવણજનો સંબંધ બંધાયો. ૧૯૨૪ પહેલાં જ્યારે મજૂર પક્ષના નેતા રામ્સે મેકડોનાલ્ડ ઇંગ્લાંડના મુખ્ય પ્રધાન થયા ત્યારે તેમણે રશિયાની સાથે વિધિવ રીતે રાજકીય સંબંધ બાંધ્યો. (De jure recognision) ઈંગ્લાંડનું અનુકરણ કરીને ૧૯૨૪ના અધવચમાં ઈટલી, નોર્વે, ઓસ્ટ્રિયા, ગ્રીસ, ડાનઝીગ, સ્વીડન, ચીન, ડેનમાર્ક, મેક્સિકો, ફ્રાંસ વગેરે દેશોએ પણ એ રીતે રશિયા સાથે રાજકીય સંબંધ બાંધ્યો. એવી રીતે ૧૯૨૪ માં રશિયા ફરીથી યુરોપના રાષ્ટ્રસંઘ (League of Nations) મા દાખલ થયું.

પણ જો કે આ બાબતમાં પહેલ કરનાર ઇંગ્લાંડ જ હતું તો પણ ઇંગ્લાંડની આજની કોન્ઝરવેટીવ સરકાર કદી પણ રશિયાની સાથેનો સંબંધ અમીદ્રષ્ટિએ જુએ એમ નથી. પરિણામે રશિયા સાથે વેપારવણજ બંધ થવાથી ઇંગ્લંડને આર્થિક નજરે ભારે ખોટ ગઈ છે અને ઇંગ્લંડે ખોયેલો આ વેપાર હાથ કરવાને જર્મની પુષ્કળ પ્રયત્ન કરી રહ્યું છે. એટલા માટે હાલમાં ઇંગ્લંડનો વેપારી વર્ગ અસ્વસ્થ થઇ ગયો છે અને થોડા સમય પહેલાં એક પ્રતિનિધિ મંડળ આ વેપારી સંબંધ શી રીતે પાછો ઊભો કરી શકાય એનો ઉપાય શોધવા રશિયા ગયું હતું. આ પગલાની સૂચના અને સંમતિ ઇંગ્લંડની સરકારે જ પરોક્ષ રીતે આપી છે અને રશિયા સાથે ફરીવાર રાજકીય સંબંધ બાંધવાનું આ પહેલું ચિહ્ન છે એમ કહી શકાય.*

'માનસી ઓ મર્મવાણી' જ્યેષ્ઠ ૧૭૩૬ શ્રીરમેશચન્દ્ર મજુમદાર

* લેખ લખાયા પછી નવી ચૂંટણી થઈ ગઇ છે તેમાં મજૂર પક્ષ રાજસત્તા પર આવ્યો છે એટલે લેખકે લેખને અંતે બાંધેલું અનુમાન બળવત્તર બને છે. —અનુવાદક

સ્વૈરવિહાર

અલબત્ત તખલ્લુસનો રિવાજ ઘણો સારો છે. કાવ્યમાં જેમ આપણે બ્રહ્માની ભૂલ સુધારીએ છીએ તેમ તખલ્લુસમાં આપણે આપણી ફૈઇની ભૂલ સુધારીએ છીએ. બ્રહ્માએ સૃષ્ટિ કરી કરીને જોઈએ તેવી સારી નથી કરી માટે આપણા કવિઓ નવી સૃષ્ટિ રચે છે, અને ફૈઈએ આપણને જોઈએ તેવું સારૂં નામ નથી પાડયું હોતું માટે આપણે તે સુધારીને તખલ્લુસ ધારણ કરીએ છીએ. તખલ્લુસમાં વળી બીજી ખુબી એ છે કે એક જ માણસ અનેક નામો ધારણ કરી શકે છે. આ નામલીલા પોતે જ કાવ્ય જેવી છે પણ તેમાં એક મુશ્કેલી છે. એક જ તખલ્લુસ બે માણસો ધારણ કરે ત્યારે શું કરવું? ગયા 'પ્રસ્થાન'ના વાર્તાલેખક "સંજય"ના સંબંધમાં એવી મુશ્કેલી ઊભી થઈ હતી. આ રીતે કોઈ વાર એક માણસે ધારણ કરેલ તખલ્લુસથી પણ ગોટાળો થાય, જેવો ગોટાળો તખલ્લુસના ઇતિહાસમા થોડા વરસો ઉપર જ થયો હતો. કોઈ લેખકે 'ગગનવિહારી' નામ ધારણ કર્યું હતું અને એ જ નામ આપણા એક લેખકનું ખરેખરું નામ છે. તખલ્લુસ બે નહિ ને એક જ હતું પણ ગોટાળો અરધો નહોતો, થયો, આખો થયો હતો. હમણાંમાં એ તખલ્લુસ જોયાનું સ્મરણ નથી. પણ આનું કરવું શું?

રાજાઓ એકનું એક નામ ધારણ કરીને ગાદીએ બેસે છે અને તે દર્શાવવા પહેલો, બીજો, ત્રીજો એવી સંજ્ઞા વપરાય છે, જેમકે શાલિવાહન પહેલો, બીજો અથવા એડવર્ડ પાંચમો વગેરે. પણ સાહિત્યકારો એમ ક્રમ સ્વીકારે જ નહિ ને! એ રાજાઓ બુદ્ધિ વગરના એટલે સ્વીકારી લે. સાહિત્યકારોમાં તો અમુક કલ્પના કોણે પહેલી કરી એ હમેશાં તકરારનો વિષય છે. એ કલ્પનામાં કંઈ દમ છે કે નહિ એ પ્રશ્ન નથી હોતો. વસ્તુ કરતાં કાલ ઘણી વાર વધારે મહત્ત્વનો થઇ પડે છે. બ્રાહ્મણ ધર્મ સાચો કે જૈનધર્મ, દિગંબરો સાચા કે શ્વેતાંબરો એ પ્રશ્ન નથી હોતો, પણ બ્રાહ્મણધર્મ પહેલો કે જૈન ધર્મ પહેલો, પહેલા દિગંબરો કે પહેલા શ્વેતાંબરો, એ મુખ્ય તકરારનો વિષય હોય છે! એ રીતે ધર્મ બીજી વસ્તુઓથી વિલક્ષણ છે. બીજી બધી વસ્તુ તાજી, છેવટની, up to date અદ્યતન વખણાય ત્યારે ધર્મ જેમ જૂનો તેમ વખણાય. એટલે તખલ્લુસધારીઓ તખલ્લુસ સાથે નંબર નહિ ધારણ કરી શકવાના, પહેલો કોણ એ પ્રશ્ન હમેશાં રહેવાનો. દરેક ધર્મે પ્રાચીનતાની હરીફાઈમાં શોધી કાઢયું કે પોતે અનાદિ છે. પણ તખલ્લુસમા તેમ થઇ શકે તેમ નથી.

તખલ્લુસ એ એક મોટી શોધ છે. જેમ બીજી શોધો રજિસ્ટર કરાવાય છે તેમ તખલ્લુસ પણ રજિસ્ટર કરાવાતું હોય તો તેની ચોરી થવાનો સમ્ભવ ન રહે. પણ તેમાં પણ મુશ્કેલી આવવાની. તખલ્લુસવાળાને સરકાર પાસે પણ તખલ્લુસ ખુલ્લું કરવું પડે તે અસહ્ય લાગે. ખરૂં પૂછાવો તો તખલ્લુસ માનસ એક મુગ્ધા કુમારિકાના માનસ જેવું છે. સ્ત્રીલિંગી ઉપમાનથી કોઈ લેખક-વૃષભ કે લેખકર્ષભે માઠું લગાડવાનું નથી. કલા માત્ર એવી છે. કલા જેમ સૌન્દર્યને છુપાવે છે અને સાથે સાથે સૂચવે છે, મુગ્ધા જેમ સૌન્દર્યને છુપાવે છે અને છતાં તેને કોઇ જોઇ તે ઉપર મુગ્ધ થાય એવી ગૂઢ અજ્ઞાત આશા રહે છે, તેમ તખલ્લુસધારીને પણ પોતાનું નામ છુપાવવાની ઈચ્છા સાથે તેને બીજાઓ શોધી કાઢે એવી ગૂઢ, કદાચ અજ્ઞાત, ઇચ્છા હોય છે. તે બિચારો જાતે શી રીતે પોતાનું નામ રજિસ્ટર કરાવવા જાય!

પણ સાહિત્યની અભિવૃદ્ધિની ખાતર પણ જો લેખક એકવાર વપરાએલું નામ કે તખલ્લુસ ન વાપરે તો સારું. સાહિત્યની બે પ્રકારની સંપત્તિ છે. એક વસ્તુસંપત્તિ એટલે સાહિત્યનો જથ્થો. જેમ વધારે લખાય તેમ આ સંપત્તિ વધે. બીજી પુરુષ-સંપત્તિ એટલે કેટલા લેખકો છે તે. જેમ વધારે લેખકો લખે તેમ આ સંપત્તિ વધે. (ત્રીજી પ્રતિભા સંપત્તિ કેટલાક માને છે પણ અહીં તેની સાથે મારે સંબંધ નથી.) હવે તખલ્લુસોથી વસ્તુસંપત્તિ વધશે જ એમ તો કહી શકાય નહિ પણ જેમ બજારમાં ચેક, હૂંડીઓ, બિલો, પ્રોમીસરી નોટો વગેરે કાઢવાથી ચલણી નાણું વધે છે, તેમ તખલ્લુસો વાપરવાથી સાહિત્યની પુરુષસંપત્તિ વધે છે. અને એક જણે વાપરેલું નામ વાપરવાથી તે વધતી અટકે છે. એટલે જો તખલ્લુસ ધારણ કરનાર બીજાં નામો અને તખલ્લુસોનું ધ્યાન રાખે તો તખલ્લુસોથી સાહિત્યની પુરુષસંપત્તિ જે વધવી જોઇએ તે વધી શકે. અલબત લેખકોને બીજાનું વાચવાની નવરાશ હોતી નથી—બિચારાઓને લખવા આડે વિચારવાની પણ ફુરસદ નથી મળતી ત્યાં વાંચવાની ક્યાંથી મળે?—પણ તખલ્લુસને માટે આખો લેખ વાંચવાની જરૂર પડતી નથી, માત્ર દરેક માસિકનાં પાંના ફેરવી જાય અને લેખને ઉપર નીચે જોઈ જાય તો બસ. એથી માસિક જોઇ ગયા કહેવાશે એ વિશેષ લાભ. લેખક સંમેલને લેખકોની યાદી કરી તેને બદલે જો તખલ્લુસોની યાદી કરી હોત તો વિશેષ ફાયદો ન થાત? **इति तखल्लुस प्रकरणम् ।**

× × ×

अ લેખકે **ब** લેખકને ગાળ ભાંડી: "આપનું લખાણ વિદ્વદ્ભોગ્ય છે."

ब લેખકે **अ** લેખકને ગાળ ભાંડી: "તમારું લખાણ લોકપ્રિય છે, લોકભોગ્ય છે."

ગમે તે શબ્દને જો તિરસ્કારપૂર્વક બોલીએ તો તે શબ્દના વ્યંગ્યમાં તિરસ્કાર પેસી જાય છે. આ રીતે નવી ગાળો હમેશા ઉત્પન્ન થવાની. કાવ્ય વધતું અટકશે પણ માલિ-સાહિત્ય કદી અટકવાનું નથી. ગાળોનો ઇતિહાસ અને રહસ્ય બહુ જાણવા જેવાં છે પણ તેની કોઇ વાર વાત. આ પ્રમાણે સારા દેખાતા શબ્દોમા કે અર્થ વગરના શબ્દોમાં પણ ગાળોનો અર્થ પેસી ગયો છે તે વ્યાકરણના અભ્યાસીને જાણીતુ છે. એવો જૂનામાં જૂનો શબ્દ કદાચ 'બાષ્કલ' છે. એ તો બિચારો વૈદિક ઋષિ હતો, ઘણો વિદ્વાન હતો, પણ તેના શત્રુઓએ એટલો બધો તિરસ્કાર કર્યો કે એ તિરસ્કાર એના નામમા પેસી ગયો. ઊંચી નાતોમાં—દાખલા તરીકે મારી નાતમાં એ શબ્દ ગાળ તરીકે વપરાય છે, જોકે બાષ્કલ કોણ હતો તે અત્યારે ભૂલાઈ ગયું છે. અંગ્રેજીમા 'ડન્સ' Dunce (=બેવકૂફ, ઠોઠ) એ ગાળ Duns નામના એક વિદ્વાન નૈયાયિકના નામ ઉપરથી નીકળી છે એ સુપ્રસિદ્ધ છે. હું માનું છું ગુજરાતીમાં બોલાતી 'ડફ' એ ગાળ કદાચ ભરૂચના **दद्द** રાજાના નામ ઉપરથી નીકળી હોય. એ **दद्द** સાહેબે કાંઈક મૂર્ખાઇ કરીને કદાચ રાજ્ય ગુમાવ્યું હોય અને ત્યારથી એ શબ્દ મૂર્ખાઇવાચક થઇ ગયો હોય. તો ભરૂચે બે નામ આપ્યાં કહેવાય: એ

છે. 'ઠોઠ' શબ્દ પણ મૂર્ખતા જ સૂચવે છે. 'ડફ્ફુ' તો કહી ગયો. અને 'ઢેઢ'ને અત્યારે તિરસ્કારવાચક ન ગણીએ તો પણ 'ઢ'નો અર્થ પણ મૂર્ખ થાય છે. અને 'ણુ કોઈનો નહિ' એ પણ 'ણ'ને માટે પ્રશંસાવાચક ઉક્તિ નથી. મૂર્ખ કે વિફરેલ, જેના ઉપર વિશ્વાસ ન મૂકી શકાય, એવાને માટે આપણે કહીએ : "ભાઈ એ કોઈનો નથી."

ઘણા માણસો કહે છે કે દસ્કત ઉપરથી લખનારનું ચારિત્ર જાણી શકાય છે. એ વાત એક બાજુ રહી. પણ દરેક અક્ષરને અમુક અમુક લક્ષણ હોય છે એમ હું માનું છું. દાખલા તરીકે 'ક' જાણે કે ખેસ નાંખીને પોતાની મહત્તાના સ્વભાનથી સરિયામ રસ્તે ફરવા નીકળ્યો હોય એમ લાગે છે. 'ખ' જાણે કે બહુ જ કામઢો બરની અમેરાઈઓ સાફ કરતો હોય એવો મને લાગે છે. 'ળ' જાણે હાથી કોઈના પર કળશ ઢોળવા ઊંચી સૂંઢ લઈને નીકળ્યો હોય એવો લાગે છે, જો કે અત્યારના જમાનામા રેલ્વેના એન્જિનને પાણી પાવાના નળ જેવો તે લાગતો હશે. માટે જ કદાચ 'ળ' સમજાવવા નળનું ચિત્ર લોકો આપતા હશે 'પ' જાણે પ્યાલો ધરીને આપણી પાસે ઊભો હોય એવો લાગે છે. 'ધ' જાણે પહેરણ પહેરવા એક હાથ ઊંચો કરીને ઊભો હોય એવો જણાય છે. કોઈને માઠું લાગે નહિતર સાચું કહું તો મને શ્રીનાથજીની મૂર્તિ એ વખતે યાદ આવે છે. એ મૂર્તિનો અર્થ અને તેનું સૌંદર્ય કોઈ સમજાવે તો ઘણું સારું. 'હ' જાણે એક પગે ઠેકતો હોય તેવો નથી જણાતો? 'હરણ'નો છે એટલે એમ હશે.

આ કક્કાથી, કેટલુંક જે ભાષાશાસ્ત્રથી નથી સમજાતુ તે સમજી શકાય છે. દાખલા તરીકે વાગ્વ્યાપારના નિયમો પ્રમાણે નજીકના વર્ગોમા વર્ણોના ફેરફાર થાય છે. કનો ચ થાય, તનો ટ થાય, પણ કોઈપણ વ્યાપારથી ક નો ફ ન થઈ શકે. છતા અંગ્રેજી શબ્દ ફ્લૉવર (Flower= ફૂલ)નું ગંજીપામાં કિલેવર થયુ છે. ફ ચઢતો ચઢતો છેક ઉપર શી રીતે ગયો? ભાષાશાસ્ત્ર તેનો ખુલાસો ન કરી શકે પણ મારો ખુલાસો એ છે કે ક ખેસ નાંખી ફરવા નીકળેલો તેનો ખેસ જમીન ઉપર જરા ઢસરડાયો. તેથી ફ થયો છે. તે ખેસ ઊંચો લે એટલે પાછો ક થાય. હજી એક મુશ્કેલી રહે છે. 'કૉપરબ્રાસ'નું 'કોકરબરાસ' એમાં પ નો ક શી રીતે થયો? સરખાવો ભવાઈની લીટી :

કોકરબરાસના ઘૂઘરા રે
પગ પછાડતી જાય.

આ ઉપરથી એમ પણ લાગે છે કે ભવાઈસાહિત્ય કોકરબરાસ દાખલ થયા પછી પણ વધ્યું છે. પણ કોકરબરાસ કઈ સાલમા આપણા દેશમાં દાખલ થયું તે જાણવામાં નથી.

હું કવિ નથી, પણ હોત તો બીજા કવિઓએ જેમ જ્ઞાનનો કક્કો લખ્યો છે તેમ હું અજ્ઞાનનો લખત. અને તેમા 'ધૃષ્ટ' શબ્દ 'ધ્રૂષ્ટ' બોલાય છે, 'મેધાવી' શબ્દ 'મેધાવી' બોલાય છે, એ બધુ અંદર બતાવત. 'પણ વો દિન કબ કે...'

× × ×

આપણે સ્વૈરવિહાર તો હમેશાં જ્યા કોઈ ન ચાલ્યું હોય એવે રસ્તે કરીએ છીએ. ખરી રીતે જ્યારે મારી બુદ્ધિ અવળી થાય છે, તે આડમાર્ગે, આડવાટે જાય છે ત્યારે સ્વૈરવિહાર ચાલે છે. ગંગા ઉત્તરથી દક્ષિણ વહે છે પણ અવળી વહી ઉત્તરવાહિની થાય છે ત્યા વધારે પવિત્ર મનાય છે, તેમ મારી બુદ્ધિ અવળી વહે છે ત્યારે મને વધારે આનંદ

આવે છે. પણ આ વરસાદના દહાડામા લોકોએ ખેતરો આસપાસ વાડો કરી દીધી છે, બધે ઘાસ ઊગી ગયું છે એટલે સ્વૈરવિહાર થઇ શકતો નથી. હવે મારે પણ બધાની વાટે વાટે ચાલવું પડશે અને રસ્તાની ધૂળ ખમવી પડશે.

હવે લેખકોમા સાધારણ રિવાજ છે કે જ્યારે તેમની પાસે કાંઇ વિચાર ન હોય, જ્યારે વિચારધન ખૂટે ત્યારે ઈશ્વરનું નામ લેવું,-ઈશ્વરની વાત કરવી.

'અહા! ઈશ્વરની શી લીલા છે! અહા ઈશ્વરની શી ખૂબી છે'......' જ્યારે નિબંધમાં 'ઈશ્વર' આવવા માંડે ત્યારે વિચારો ખૂટયા છે એમ અનુમાન બાંધી લેશો તો હું ખાત્રી આપુ છું કે તમે ૭૫ ટકા સાચા પડશો. જ્યારે દિદનો માણસ ઈશ્વરની બહુ વાતો કરે છે ત્યારે, જ્યારે કોઇપણ માણસ ધર્મસંપ્રદાયમાં કામ કરવા માંડે છે ત્યારે, મને જરૂર એમ થાય છે કે તેની પોતાની શક્તિ ખૂટી ગઈ છે. કારણકે શાસ્ત્રમાં કહ્યું છે કે ઈશ્વર બુદ્ધિને તળિયે છે. જ્યારે પાણી ખૂટે ત્યારે કુવાનું તળિયું દેખાય, તેમ વિચારો, સ્વતંત્ર કલ્પના ખૂટે ત્યારે ઇશ્વર આવે, જ્યારે મહાન થવાનાં સર્વ સાધનો ખૂટે ત્યારે માણસ પોતાના સંપ્રદાયમા મોટો થવા પ્રયત્ન કરે. તેમ મારે પણ વિચાર ખૂટે ત્યારે મારે માટે પણ ઈશ્વિર વિશે લખવું એ એક ઉપાય રહે છે. પણ સ્વૈરવિહારના વાંચનારાને—જો કોઇ તે વાંચતુ હોય તો—ખાત્રી આપુ છું કે સ્વૈરવિહારમાં લખવાનું ખૂટશે ત્યારે પણ હું ઈશ્વર સંબંધી વાત કદી નથી કરવાનો. અને સ્વૈરવિહાર કોઇ વાચતું હશે કે નહિ, છતાં પણ લખ્યા કરવાનો જ, કારણકે, જેમ હિતોપદેશમા કહ્યું છે કે **अजरामरवत्प्राज्ञो विद्यामर्थं च चिंतयेत्।** 'જાણે પોતે અજર અને અમર હોય તેમ વિદ્યા અને પૈસાની ચિંતા કરવી', તેમ અમો લેખકોનો એક સિદ્ધાન્ત છે કે જાણે દુનિયાં બધી અમારું વાચે છે, વાંચવાને તલસે છે, અમારા લખાણ વગર દુનિયા ઊંધી વળી જવાની છે, એમ માનીને જ અમારે લખ્યા કરવું. એટલે હું પણ મારે લખવાનું હશે કે નહિ હોય, તો પણ સ્વૈરવિહાર લખવાનો જ.

હવે અમે લેખકોને જ્યારે લખવાનું ન હોય ત્યારે અમારો બીજો ઉપાય—અમારા ધંધાની ખાનગી કૂંચી કહી દઉં છુ—અમારા પોતા વિશે વાત કરવી એ છે. કોઇ પણ માણસ વિશે બોલવા ઊભા થયા હોઇએ તોપણ અમે બસ અમારા વિશે જ બોલવા માંડવાના. છેવટે ઘણા મોટા માણસ વિશે બોલવાનું હોય, 'મેં એમને શીખવ્યું' એમ ન કહી શકાતું હોય, તો અમે એમ કહેવાના કે 'મેં એમને કવિતા લખવાનું, કે વાર્તા લખવાનું, ઉત્તેજન આપ્યું, કે સૂચવ્યુ'. ધારો કે મારે કાન્ત ઉપર બોલવાનું હોય તો હું એમ કહું કે 'મેં કાન્તને કહ્યું કે તમારી પ્રતિભાશક્તિને તાજી કરવા કાશ્મીર જાઓ. પછી કાન્ત કાશ્મીર ગયા' વગેરે. પણ અત્યારે એવો પણ કોઇ પ્રસંગ નથી એટલે એમ પણ બોલી શકાય તેમ નથી.

લેખકોનો ત્રીજો ઉપાય, કાંઇ લખવાનું ન હોય ત્યારે કાવ્ય લખવાનો છે. તેમા પણ પરલક્ષી કાવ્ય નહિ પણ આત્મલક્ષી, તે પણ બને તો રાસ, કારણ આ 'રાસયુગ છે,' અને તે પણ બને તો કોઇ બીજા કવિની પંક્તિ લઇને, અને તેમા પણ બને તો કવિશ્રી ન્હાનાલાલની પંક્તિ કે ટેક લઇને લખવાનો છે. અત્યારે સ્વૈરવિહાર નથી કરી શકતો ત્યારે એમજ કરું. દાખલા તરીકે

આઠ આઠ પાનના મેં ફરમા મંગાવ્યા;
પ્રેસ જોઈ જોઈ થાકયો કે
પૂર્ણિમા પાછી ભગી રે.

શ્રીયુત નરસિંહરાવભાઇની સાથે હું માનું છું કે 'પાન' એ શબ્દ 'પાંદડું' અર્થમાં રાખવો જોઇએ અને 'પાનું' 'પૃષ્ટ'ના અર્થમાં. પણ અહીં 'પાનું' શબ્દ બંધ બેસતો નથી, અને કાવ્યમા 'પાન'નો વ્યંજનાથી 'પાંદડું' અર્થ થઇ શકે છે, અને કાવ્યમાં જરા પણ સૃષ્ટિસૌંદર્ય ન હોય તો રાસ બને કેવી રીતે ? પ્રસ્થાન પૂર્ણિમાએ બહાર પડે છે એટલે પૂર્ણિમા તો સહેજે આવી પણ 'પાન' પણ આવી ગયું તે કેટલું સુંદર ! અને પેલી ગાનારી કમળની ૧૬ પાદડી ગણતાં થાકી હશે તે કરતા ૮ પાનાનાં પ્રૂફો વાંચતાં હું જરૂર વધારે થાકું છું. હું તો માનું છું કે ઇશ્વર ભણેલાને સજા કરતો હશે ત્યારે તેની પાસે પ્રૂફો વંચાવતો હશે. સ્વર્ગમાં પણ લોકોને ન્યૂસપેપર તો વાચવા જોઇતાં જ હશે, ત્યારે તેના પ્રૂફો નરકમા ભણેલા પાસે વંચાવતો હશે.

પણ કોઇ વાંધો લે કે 'સોળ' શબ્દ કાવ્યમાં આવી શકે, પણ 'આઠ' ન આવી શકે. કારણકે 'સોળ' કળા છે. તો તેને સાબીત કરી આપી શકું છું કે 'આઠ' પણ કાવ્યમાં વપરાય છે.

ખરી રીતે આ વધારે મોટો પ્રશ્ન છે. કાવ્યમાં કઇ કઈ સંખ્યાઓ આવી શકે ? આ પ્રશ્ન જ વિચારીએ. જુઓ પ્રથમ 'એક'નો દાખલો લઉ.

એક—એક... ..

નહિ. શૂન્યથી શરુ કરવું જોઇએ. હવે જો અખો જરા ઉઘાડું તો શૂન્ય શબ્દના ઘણા ય દાખલા જડે. પણ સ્વૈરવિહારમાં પુસ્તકોનો ભાર હું રાખતો નથી એ તમે જાણો છો એટલે બીજી લીટી લઇએ.

શૂન્ય મુખ ચિદાકાશ, મહાકાલની ગુફા સમુ.
આવણી અમાસ. ન્હાનાલાલ.

આ ઉપરથી અપદ્યાગદ્યને પણ હું કાવ્યમા સ્વીકારું છું એની તમને ખાત્રી થશે. પણ તમારે આનો અર્થ ન પૂછવો. એક અંગ્રેજ વિવેચકે કહ્યું છે કે અર્થ વિનાનું પણ કાવ્ય હોઇ શકે. તેનો આ દાખલો મને લાગે છે. કવિશ્રીને ઘણાએ આનો અર્થ પૂછયો છે પણ હજી કોઇએ સાંભળ્યો નથી. કારણકે કવિશ્રી તો કવિતાના

થાળ ભરીને જગ પાડવે,
એમને પૂછવાની આણ,
ઉત્સવ જોઇને આનન્દીએ.

તમે બધા કબુલ કરો કે એનો અર્થ નથી આવડતો, પછી હું કોઇક વાર કરી આપીશ. ત્યા સુધી તો એ શૂન્યમૂખ પંક્તિનો અર્થ શૂન્ય જ ભલે રહ્યો. હવે 'એક' લઇએ.

એક—એક વીરો હતો, વીરો હતો;
તેની બેનીને પાટ જઇ બેઠો હો
એક એક વીરો હતો—વીરો હતો.

હવે 'બે' લઇએ.

બબ્બે નાવે હું અનાથ થઈ.
ઈન્દુકુમાર ન્હાનાલાલ.

અથવા એક બાઇએ ખાનગી જીવનમા ઉચ્ચારેલા વાકયનું અવતરણ તેમની પરવાનગી વિના ઉતારૂં તો,

બબ્બે બાકસે હું ન-બાકસી થઇ.

પ્રસંગ એવો હતો કે એ બાઇ ઘરમાં સ્ટવ પાસે એક અને બીજા ખંડમાં દીવા પાસે એક એમ બે બાકસ રાખતી, છતા તેને એક પણ બાકસ જડયું નહિ, ત્યારે તેના મોંમાથી સહજ ઉદ્ગાર નીકળી ગયોઃ

બબ્બે બાકસે... ...

પણ એક ગીતમાંથી દાખલો લઉં.

એક અધારી ઓરડી ને
બીજી અધારી રાત વ્હાલા'

કોણ જાણે કેમ 'ત્રણ'ની પંક્તિ યાદ આવતી નથી. જો કે એ સંખ્યા તો ઘણી જગાએ આવતી હશે. માત્ર એક યાદ આવે છે.

ત્રિવેદી યે ત્હમે છો, ને ત્રિવેદી કુલનો છુ હું:
એક વેલી તણા પુષ્પો. કો સારૂં નરસું કહું?

ચાર–પાચ–છ–સાત. તમે કયાકથી શોધી લેજો. જરા તમારે પણ મદદ તો કરવી જ જોઇએ. મારે મુખ્ય તો 'આઠ'નું કામ છે.

આઠ કુવા નવ વાવડી રે

"તાંબાકૂંડી"ની માફક આ પક્તિ અનેક લોકગીતોમા આવે છે. તે સિવાય

અઠકુળ પર્વત ડોલિયા
ડોલિયા નવકુળ નાગ.

આઠ અને નવ બન્ને જગાએ ભેગા આવ્યા. એકલો 'નવ' જોઇતો હોય તો 'નવ લખ તારા' ઘણી પંક્તિઓમા આવે છે. શ્રીયુત ખબરદારના કાવ્યોની હરકોઇ ચોપડી ઉઘાડી જોવી. 'દશ'.

ઝીલું નહીં તો ઝરી જાઇ રે લોલ
ઝીલું તો વહે દશ ધાર
જગમાલણી રે બ્હેન... ... .અમૃત૦

શ્રીયુત નરસિંહરાવભાઇ 'દશ' સામે વાંધો લે છે તે જો દશને બદલે નવ હોત તો મને દાખલો શોધતાં કેટલી મુશ્કેલી પડત? 'અગિયાર' યાદ નથી પણ 'બાર' તો પુષ્કળ

બાર બાર ગયા વર્ષો રાત્રિઓ પડતા સુની
બાર બાર વહ્યા વર્ષો વાદળી વરસી લીની.

× × ×

બારે મેઘો મદથી ઉલટયા ગર્જના ઘોર સાથે

વળી 'તેર' 'ચૌદ' 'પદર' યાદ નથી. અરે ભૂલ્યો! ગમે તે તિથિઓની ગરબી જોશો તો પંદરે તિથિઓ તેમાં આવતી હશે. અહીં સુધીની સંખ્યાઓને માટે એ જ જોઇ લેવું. "સોળ":

સોળ સોળ પાંદડીનાં કમળો મગાવ્યાં.

'સત્તર' શબ્દ બોલવામાં બહુ વાપરીએ છીએ પણ કાવ્યમાં મળવો મુશ્કેલ છે. એક રૂક્મિણી હરણની કડીમાં સત્તર અને અઢાર બન્ને છે.

સત્તર વાર તે ભડ ભાગ્યો આવ્યો અઢારમી વાર
કટક લઈને પાછા ફરિયા, રામ શ્યામશરીર

અઢાર માટે :

એમ અષ્ટાદશાધ્યાયી ગીતા જીવનની લખી

અને કવિ હંસરાજે મહાત્માજીને જેલમાં જવાની તારીખ અઢાર વિશે એક ગીત લખ્યું છે તે યાદ નથી. પછીની સંખ્યાઓ બહુ કવિત્વ યોગ્ય નથી લાગતી. પણ ન ધારીએ એવી જગાએથી કલાપીમાંથી એ સંખ્યાઓ મળે છે.

ત્રેવીશ વર્ષ મહીં સ્વપ્ન અનેક વીત્યાં,
વીતી અનેક દુઃખની ય પરંપરા ત્યાં.
શું તેટલો જ ઇતિહાસ હશે અમારો ?
શું લ્હાણુ કાલની મળી બસ એટલી જ ?

× × ×

ફૂટી ગયેલ ઘટની ઘટમાલ જેવાં
મારાં ફર્યાં વરસ જીવનબાગ સૂક્યો.
એકેય બિન્દુ નવ ચોવીશ ચક્રમાંથી,
વા કોઈ એ ન ઘટમાલ સુધારનાર.

કોણ જાણે કેમ કલાપીના સંગ્રહમાં આ કાવ્યો નથી આવતાં ! તે પછીની સંખ્યા ચાળીશ.

બારે રાશી દશે દીશા, ષટ્ ઋતુ, બાર પૂર્ણિમા
ચાળીશે સખીઓ તુજને વધાવે છે, મનોરમા !

પહેલાં યાદ આવ્યું હોત તો '૭' અને 'દશ' માટે પણ કામ આવત. પછી :

પચ્ચાશ પચ્ચાશ ધડાઓ વગડાવો... ... ...

આ સંખ્યાકાવ્યો ઉપરથી એક વાત સ્પષ્ટ થાય છે કે કવિઓ જો પોતાની જન્મતિથિઓ ઉપર કાવ્યો કરતા રહે તો સહેજે ૭૦–૮૦ સુધીની સંખ્યાઓ આવી જાય. બીજું એ કે સંખ્યા સાહિત્યમાં કવિશ્રી ન્હાનાલાલનો ફાળો સૌથી મોટો છે. હું તેમને સંખ્યાકવિ કહેવાને લલચાઉં છું. તે અદ્વૈત વેદાંતી તો નથી જ. અને પુરુષ અને પ્રકૃતિની બેલડીની વારંવાર વાત કરે છે એટલે ખરેખર સાંખ્ય કવિ જ છે. તેમનાં ભાષણો જોશો તો પણ તેમાં દરેક વાક્યે નહિ તો પારિગ્રાફે એક સાલ આવવાની. અને તેમના પારિગ્રાફો ! એ ત્રણ વાક્યો થાય એટલે પારિગ્રાફ પડયો જ છે. માણસો હાથ જોઇને કે માથું જોઇને કે અક્ષર જોઇને સ્વભાવ કહી આપે છે, પણ હું પારિગ્રાફ જોઇને, કે 'પણ' કે 'અને' કે 'જોકે' કે 'અરે' કે એવાં અવ્યયોની ગણત્રી ઉપરથી લેખકનો સ્વભાવ કહી આપું છું. કોઇને લેખ જોવરાવવા આવવું હોય તો જરૂર આવવું. ફીની ચિંતા રાખવાની જરૂર નથી. વગર ફીએ પણ જોઇ દઉં, પણ તેમાં પગાર વધવાની કે છોકરા થવાની કે કીર્તિ મળવાની કે તમારી જયંતી ઉજવવાની વાત નહિ આવે.

પણ થોડી સંખ્યા હજી જોઇએ :

વીતી જો કે નેજા નિરવધિ શતશૃંગ ફરતાં.

× × ×

વર્ષો સહસ્ર કૂદતા મૃગબાની ફાળે.

× × ×

હજારો વર્ષો એ પણ પછી હવે તો વહી ગયા!

× × ×

સહસ્રશત શલ્યમા હૃદયની પથારી થતી.

× × ×

કઈ લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે.

× × ×

છેવટે :

અનન્ત મુખડા અનન્ત સુખડા જહીં સાપડે

કલાપી

મારી ભલામણ છે કે કવિઓને કશું કામ બતાવવાનું ન મળે ત્યારે તેમને સંખ્યા ઉપર કાવ્યો કરવાનું કહેવું. કવિતા ચાલ્યા જ કરશે કારણ કે સંખ્યા અનંત છે. ત્યારે હવે તમને મારી કવિતા સામે વાંધો નહિ હોય :

આઠ આઠ પાનના મેં ફરમા મગાવ્યા;
પૂરો લઈ લઈ થાકયો કે,
પૂર્ણિમા પાછી ઊગી રે.

એક જગાએ રવીન્દ્રનાથ ઠાકુર કહે છે "અક્ષત રાજકુમારી" એ ગીતમા આલાપ ઉપર આલાપ ચાલ્યા જ કરે છે. રાજકુમારી નથી ચાલતી પણ રાગ જ ચાલ્યા કરે છે. આપણે સ્વરાજ માટે ચર્ચા કરીએ છીએ તેથી સ્વરાજ ડગલું પણ નથી ચાલતું પણ ચર્ચા ચાલ્યા કરે છે. તો મારું પણ કાવ્ય ન ચાલ્યું પણ સ્વૈરવિહાર તો ચાલશે. ને હજી આગળ ચાલત, પણ યાદ આવે છે કે :

પૂર્ણિમા પાસે આવી રે.

સ્વૈરવિહારી

જ્ઞાન ગોચરી

(૧) ભારતવર્ષ પર સેમીરમિસની ચઢાઇ

[હિંદ ઉપરનાં પરદેશી આક્રમણોમાં આ આક્રમણની કથા ઘણાને અજ્ઞાત હશે. અલેકઝાંડરના આક્રમણથી આ વધારે રસિક છે, અને ઓછું સાહસિક નથી. એની ઐતિહાસિકતા હજી વિશેષ પુરાવાની અપેક્ષા રાખે છે. તંત્રી]

ઇતિહાસવેત્તાઓએ અસીરિયાના પ્રતાપી શાસક રાજા નીનસ અને એની રાણી સેમીરમિસના સંબંધમા ડાયડોરસ નામના પ્રાચીન લેખકની લખેલી પૌરાણિક કથાઓને ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ માની છે. એણે ઇતિહાસમા એની ચર્ચા પણ કરી છે. અહી આ લેખમા એનું દિગ્દર્શન કરાવવાનો યત્ન કર્યો છે.

ડાયડોરસનું કથન છે કે અસીરિયાનો પ્રથમ રાજા નીનસ થયો. તે સ્વભાવે યુદ્ધપ્રિય અને કીર્તિલોલુપ હતો. એણે પોતાના રાજ્યકાળમા અનેક મહત્ત્વપૂર્ણ અને ઉલ્લેખ કરવા યોગ્ય કાર્યો કીધા, જેથી એની કીર્તિ દેશદેશાન્તરોમાં ફેલાઇ. શાસનાધિકાર પ્રાપ્ત થતા જ એણે એક અત્યત વિશાળ સુસગઠિત સેના લઇ દિગ્વિજય કરવાને સારૂ પ્રયાણ કર્યું. સૌથી પ્રથમ એણે બેબિલોન રાજ્ય પર ચઢાઈ કરી અને ત્યાંના રાજાને બાળબચ્ચા સહિત પકડીને કતલ કરી નાખ્યાં. પછી તે અરમીનિયામા ગયો. ત્યાનો રાજા બરજનસ એના આક્રમણથી ભયભીત બનીને તેને શરણે આવ્યો અને અખૂટ ધન આપીને એની અધીનતાનો સ્વીકાર કર્યો. એ દિવસોમા મેડિયાનો રાજા ફારનસ અત્યત બળવાન મનાતો હતો. એનું બળ તોડવાને નીનસે મેડિયા પર ચઢાઈ કરી અને યુદ્ધમાં રાજા–રાણી અને એમના સાત પુત્રોને કેદ કરી, રાજ્ય પર પોતાનો અધિકાર જમાવ્યો. એ વિજયથી નીનસની મહત્ત્વાકાંક્ષા ખૂબ જ વધી, અને તે ભારતવર્ષ અને બૈકટ્રિયા સિવાય સમસ્ત એશિયાઈ રાજ્યોને પોતાની છત્રછાયામાં લઇને સત્તર વર્ષ પછી પોતાની રાજ્યધાનીમાં પાછો આવ્યો. હવે એને પોતાની રાજ્યધાનીને સર્વાંગ સુન્દર બનાવવાની ઈચ્છા થઈ આવી. આ કાર્યમા પણ એને ઉચિત સફળતા મળી, અને ફરાત નદીના કિનારે ૪૮૦ ફર્લાંગની પરિધમાં એની ઇચ્છાનુસાર એક નગર તૈયાર થયું. એ નગરની આસપાસનો કોટ ૧૦૦ ફુટ ઊંચો, અને ૨૫ ફુટ પહોળો હતો અને એના પર ૨૦૦ ફુટની ઊંચાઈના પંદરસો બૂરજ હતા. ત્યાર બાદ એને બૈકટ્રિયા રાજ્ય પર વિજય મેળવવાનો અને ત્યાંની દિવ્ય સુન્દરી સેમીરમિસને હસ્તગત કરવાનો વિચાર આવ્યો. આથી તે પ્રથમ કરતાં યે અધિક મોટું સૈન્ય લઇને ગયો અને અત્યંત મુશ્કેલીઓ અને આફતો પાર કરી પોતાના મનોરથમાં સફળ થયો.

નીનસના મૃત્યુ પછી એની રાણી સેમીરમિસ, જેના નામનો અર્થ સીરિયાની ભાષામા "કબૂતરી" થાય છે, અસીરિયાના રાજ્યસિંહાસન પર આવી. એણે પોતાના પતિની લાશને શાહી મહેલમા દફનાવીને અને એ ઈમારતને માટીથી ભરીને તેના ઉપર નવ ફર્લાંગ ઊંચી કબર બનાવવાની આજ્ઞા આપી. કહેવાય છે કે ફરાત નદીના કિનારે એ કબર હજુ યે ઊભી છે અને એક શાહી બૂરજની માફક નજરે પડે છે.

પતિની માફક પત્નીમા પણ અસાધારણ ઉત્સાહ અને ઉચ્ચ અભિલાષાઓ હતી. સેમીરમિસ પણ સસારમા પોતાનું નામ અમર કરવા ઈચ્છતી હતી. એથી ઉત્સાહથી પ્રેરાઇને એણે બેબિલોન પ્રાન્તમા અનુપમ નગર રચવાનો વિચાર કર્યો. આ કાર્યને સારુ દેશદેશાન્તરથી કુશળ કારીગર, નિપુણ કલાકોવિદ અને ધુરન્ધર શિલ્પીઓને બોલાવવામાં આવ્યા; જેમની સંખ્યા મજૂરો સાથે ગણતાં લગભગ વીસ લાખની થતી હતી. નગરનું નિર્માણ કરવાને સારૂ ઉત્તમોત્તમ અને બહુમૂલ્ય સામગ્રી પણ બ્હારથી મગાવવામા આવી જેની કિંમતનો આંક મૂકવો અસંભવિત લાગે છે. ડાયડોરસનું કથન છે કે એ અદ્વિતીય નગરની મધ્યમા થઈ ફરાત નદી વહેતી હતી. એના ઉપર પાંચ

ફર્લાંગ લાંબો અને ત્રીસ ફૂટ પહોળો પૂલ બાંધેલો હતો અને એના બંને છેડે રાજમહેલ બાંધેલા હતા. એ પૂલ અને રાજમહેલ બાંધવામાં કારીગરોએ પોતાની સમગ્ર કલા ઠાલવી હતી. એ જોઇને દર્શકોના મનમા આનન્દ થતો. મહેલની ચારે બાજુએ ૩૦ ફર્લાંગના ઘેરાનો કોટ હતો; અને એના પર ઊંચા મિનારા બાંધેલા હતા, જેના પર હિંસક પશુપક્ષીઓની જીવન્ત મૂર્તિઓ રંગબેરંગી મૂકેલી હતી. અને નગરનો જે કોટ હતો તે વૃત્તાકાર હતો, જેનો પરિધ ૬૦ ફર્લાંગ હતો. તેના ઉપર જંગલી પશુ પક્ષીઓના યુદ્ધ, અશ્વારુઢ સેમીરમિસના ભાલાથી થતો ચિત્તાનો વધ, નીનસ અને સિંહની કુસ્તી વગેરે રંગીન દૃશ્ય જીવિત હોય તેવા આલેખેલા હતાં. નગરનો આ બહારનો કોટ એટલો બધો ઊંચો હતો કે ગગન સાથે વાતો કરતો હોય એમ લાગતુઃ એની પહોળાઈના સંબંધમા લખાયું છે કે એના પર છ રથ એક જ હારમાં સરળતાથી દોડાવી શકાતા હતા. કિલ્લા ઉપર ૨૪૦ ભવ્ય મિનારા હતા જે એક બીજાથી લગભગ દોઢ ફર્લાંગના અન્તરે હતા. આ નગરના મધ્યભાગમા ભગવાન બૃહસ્પતિનું એક વિશાળ મન્દિર હતું. એમાં વિશુદ્ધ સુવર્ણની ચાલીસ ફૂટ ઊંચી મૂર્તિ હતી. મૂર્તિની સામે ૪૦ ફૂટ લાંબી અને ૧૫ ફૂટ પહોળી સુવર્ણની એક ચોકી રાખી હતી, જેના પર સોનાના મોટા મોટા ઘટ તથા પૂજાના અન્ય પાત્ર રાખવામાં આવતા. આ નગર સર્વોત્કૃષ્ટ હોવાની ચર્ચા સિકન્દરના ઇતિહાસલેખકોએ પણ કરી છે. જે ઉપરથી પ્રતીત થાય છે કે ભારતવર્ષ તરફ આવતી વેળા એણે એ જોયુ હશે. આ તો થઇ કેવળ એક નગરની વાત આવી જાતના અનેક નગર ફરાત અને દજલાના તટવર્તી સ્થળોમા એણે નિર્માણ કરાવ્યા. એનો બંધાવેલો એક સ્તૂપ તો એક જ પત્થરમાથી કોરાવ્યો છે, અને તે ૧૫૦ ફૂટ ઊંચો, ૫ ફૂટ પહોળો અને એટલો જ મોટો છે. હજુ યે એ હયાતી ભોગવે છે. એની ગણના હજુ યે સાત આશ્ચર્યમાં કરવામાં આવે છે.

આ બધામાથી પરવાર્યા બાદ સેમીરમિસ અત્યંત વિશાળ સૈન્ય લઇ મીડિયા ગઇ અને ત્યાં બાગિસ્થાન પર્વતની તળેટીમા પોતાનો મુકામ કર્યો. ત્યા એણે ભગવાન બૃહસ્પતિને સારુ ૧૨ ફર્લાંગ લાંબો એક બાગ બનાવરાવ્યો. બાગની તરફ પર્વતનો જે દિવાલ સમો ભાગ હતો એના પર તેણે પોતાની અને પોતાના એક હજાર શરીરરક્ષકોની મૂર્તિઓ કોતરાવી. ત્યાથી તે મીડિયાના ચાન નામના નગરમા ગઈ અને એની નજીકના પર્વતની ઉચ્ચ સમભૂમિ પર એણે એક વિસ્તૃત બાગ અને વિશાળ ભુવન બંધાવ્યા. એ સ્થાનની મનોહર છટાથી તે એકલી બધી મુગ્ધ બની ગઈ કે ત્યાથી જવાનું એને મન ન થયુ અને ભોગવિલાસમા કાલક્ષેપ કરતી તે ત્યા દીર્ઘકાળ પર્યંત રોકાઈ.

ત્યાથી સેમીરમિસ ઇકવતનની તરફ રવાના થઇ. માર્ગમા જરસ્યૂમનો પર્વત આવ્યો જે માઇલો પર્યન્ત લાંબો, અત્યંત ઊંચો અને દિવાલની માફક ઊભો ઢાળવાળો હતો. એ પાર કરવાને સારુ પર્વતનો પરિક્રમા કરવી એ પોતાના દરજ્જાની વિરુદ્ધનું માન્યુ; અને તેથી પર્વત કોતરાવીને એક સુન્દર માર્ગ બનાવરાવ્યો. એ રસ્તો હજુ યે કાયમ છે અને તે "સેમીરમિસના માર્ગ"ના નામે સુવિખ્યાત છે. એ માર્ગે થઇને તે ઇકવતનમા આવી. અહીંના નિવાસીઓને પાણીના અભાવે અત્યંત હાડમારી પડતી હતી. એ દૂર કરવાને સારુ એણે એક દૂરના પર્વતમાથી, જ્યા જલનો વિપુલ સંગ્રહ હતો, નગર પર્યન્ત ૪૦ ફૂટ ઊંડી અને ૧૫ ફૂટ પહોળી એક નહેર ખોદાવી. ત્યાથી તે ઈરાન તથા પોતાના અન્ય રાજ્યોમા વિચરતી તથા પ્રજાના દુખોનું નિવારણ કરતી મિસર દેશમા પહોચી. મિસરનો લીબીયા પ્રાન્ત એના અધિકારમા નહોતો. આથી એનો અધિકાંશ ભાગ પોતાના અધિકારમા લઇને ત્યાના ભગવાન બૃહસ્પતિના પ્રસિદ્ધ મન્દિરમા પોતાનું મૃત્યુવિષયક ભવિષ્ય જાણવાને સારુ ગઈ. મન્દિરના દૈવી શક્તિસંપન્ન પૂજારીએ એને કહ્યુ કે "તમારો પુત્ર નિનાયસ તમારી વિરુદ્ધ ષડ્યન્ત્ર કરશે ત્યારે તમારું મૃત્યુ થશે; અને મૃત્યુ બાદ એશિયાના કેટલાક રાજ્યોમા દેવીની માફક તમારી પૂજા થશે." ત્યાથી તે ઇથોપિયા અને અનેક આશ્ચર્યજનક સ્થળોએ ઘૂમતી-ફરતી ઘણા લાંબા વખતે પોતાની રાજ્યધાનીમાં પાછી આવી.

સેમીરમિસે ઘણા વખતથી સાંભળ્યુ હતુ કે જગતમા ભારતવર્ષ જ એક એવો દેશ છે કે જે વિદ્યા, બુદ્ધિ અને કળાકૌશલનું અદ્વિતીય પુણ્યક્ષેત્ર તથા જીવનને અલૌકિક આનન્દ તથા વૈભવ આપનારું સાક્ષાત્ સ્વર્ગ છે. ત્યાં નથી જલાશયોની તાણ કે નથી દુષ્કાળની આશંકા.' જેવાં 'ફળફૂલ

ત્યાં ઉત્પન્ન થાય છે, તેવા સંસારના અન્ય દેશવાસીઓને તો શું, પરંતુ દેવતાઓને પણ દુર્લભ છે. સોનું, ચાંદી, રત્ન આદિ અમૂલ્ય પદાર્થોથી ત્યાંની ખાણો ભરી છે. ત્યાંના જંગલોમાં અસંખ્ય હાથી છે; અને તેના જેવા હાથી અન્ય ક્યાંયે જગતભરમા શોધ્યા પણ જડે નહિ." આવી આવી વાતો હમેશાં તેના કાને આવતી હોવાથી, એના મનમાં લોભાગ્નિ પ્રજ્જ્વલિત થયો અને એણે ભારતવર્ષને જીતીને પોતાના સામ્રાજ્યમા ભેળવી, પોતાની કીર્તિ સદાને માટે અમર કરવાનો દૃઢ સંકલ્પ કર્યો. એ સંકલ્પને કાર્યરૂપમાં પરિણત કરવાને એણે આજ્ઞા દીધી કે સામ્રાજ્યભરમાં જેટલા સાહસી અને હૃષ્ટપુષ્ટ માણસો મળે, એ બધાં યે સૈન્યમાં દાખલ થઇ જાય. સૌને નવીન અસ્રશસ્ર અને બખ્તરો આપવામા આવે. ભારતવર્ષની નદીઓ પાર કરવાને સારુ સામ્રાજ્યના સમુદ્રતટવર્તી પ્રાન્તોમાથી ઇમારતી લાકડું મંગાવી નૌકાઓ તૈયાર કરાવવામાં આવે. આ બધુ થયું તો ખરું; પરન્તુ ભારતવર્ષના પ્રબળ હાથીઓનો સામનો કરવાને સારુ શું કરવું? એની પાસે હાથીઓ ન હતા. એ ઊણપની પૂર્તિ કરવાને, અથવા તો ભારતવાસીઓના મનમા ભય ઉત્પન્ન કરવાને સારુ, એણે ત્રીસ લાખ કાળા બળદોનો સંહાર કરાવ્યો, અને એમના ચામડામાંથી નકલી હાથી તૈયાર કરાવવાની યોજના કરી. હાથી બનાવવાનું કાર્ય અત્યંત છૂપી રીતે કરાવવામા આવ્યું કે જેથી શત્રુપક્ષના જાસૂસો એ રહસ્ય જાણી ન જાય.

યુદ્ધની તૈયારી કરવામાં બે વર્ષ વીતી ગયાં. ત્રીજે વર્ષે તે પોતાની સેના લઇને બૈક્ટ્રિયા પ્રાન્તમા આવી. ક્રેસિમસ લખે છે કે એનાં સૈન્યમા ત્રીસ લાખ પાયદળ, વીસ લાખ ઘોડા, એક લાખ રથ, એક લાખ ઊંટ, બે હજાર નૌકાઓ તથા અસંખ્ય નકલી હાથીઓ હતા.

ભારતવર્ષના રાજા શતાબ્રુવત્સને જ્યારે સમાચાર મળ્યા કે રાણી સેમીરમિસ લડવાને સારુ વિશાળ સૈન્ય લઇ આવી રહી છે, ત્યારે તે પણ શત્રુનો સામનો કરવાને તૈયારીઓ કરવા લાગ્યો. એ દિવસોમા નદીનાળાઓના તટવર્તી સ્થાનોમા મનુષ્યની ઊંચાઈના નેતવૃક્ષ બહુ થતા હતાં. એનાં લાકડામાંથી એણે ચાર હજાર નાવ તૈયાર કરાવી. નવાં નવાં શસ્ત્રાસ્ત્રો, રથ, આદિ તૈયાર કરાવ્યાં અને દેશના મહાન યોદ્ધાઓને શત્રુપક્ષના મદમર્દન કરવાને સારુ એકત્ર કર્યા. અસંખ્ય જંગલી હાથીઓ પકડાવીને તેમને યુદ્ધકળા શીખવી; અને એવી રીતે લડાયક હાથીઓમા વૃદ્ધિ કરી.

યુદ્ધની સંપૂર્ણ તૈયારી કરી લીધા બાદ શતાબ્રુવત્સે સેમીરમિસને પોતાના દૂતદ્વારા એક પત્ર મોકલાવ્યો. એમા લખ્યું હતું કે "મહારાણી, શુ વિધાતા તમારા સામ્રાજ્ય અને તમારી પ્રિય પ્રજાનું અમંગળ ચાહે છે, કે તમારા મનમા ભારતવર્ષ સાથે વિના કારણે યુદ્ધ કરવાની ઇચ્છા થઇ આવી છે? ભારતવર્ષ કાંઈ તમારો શત્રુ નથી. એણે કદિ યે તમારા સામ્રાજ્ય અને તમારી પ્રિય પ્રજાનું અનિષ્ટ નથી કીધું. તો પછી તમે ભારતરૂપી માર્તન્ડને પકડવાને સારુ દળબળ સહિત ઊડતાં શા સારુ આવી રહ્યા છો? આપની આ ધૃષ્ટતા અક્ષમ્ય છે. ભારતવર્ષ એ સહન નહિ કરી શકે. એનું પ્રબળ તેજ તમને સસૈન્ય ભસ્મ કર્યા વિના નહિ રહે. તમારો દેશ તમારી પર ઘૃણા દાખવશે અને વિના કારણે પોતાની પ્રજાના રક્તની નદીઓ વહેવડાવ્યાનું કલંક તમારા માથે આરોપશે. ભારતવર્ષની સાથે બાથ ભીડવી એ પોતાના હાથે જ પોતાનું પતન કરવા જેવું છે એ શું તમે નથી જાણતા? માટે સાવધ થાઓ, અને તમારી અસંખ્ય સેનાને પ્રાણદાન દેવાનું પુણ્ય લઈ, જે જગાએ આ પત્ર મળે ત્યાંથી જ પાછા જાઓ; અન્યથા સમરભૂમિમા આવ્યા બાદ પ્રાણ બચાવવાનો અવસર ફરીથી નહિ મળે."

પત્ર વાચીને સેમિરમિસ હસી પડી; અને પત્રના ઉત્તરમા લખ્યુ કે "ભારતીય નરેશની શૂરતા અને યુદ્ધકૌશલની પરીક્ષા લેવાને હું અત્યંત ઉત્સુક છુ. આશા છે કે તેઓ તૈયાર રહેશે." આવો ઉત્તર પાઠવીને તે આગળ વધી. જ્યારે તે સિન્ધુ નદીની નિકટ આવી પહોંચી ત્યારે નદીમા શત્રુપક્ષની સહસ્ર નૌકાઓ યોદ્ધાઓ સહિત જલક્રીડા કરી રહી હતી. એણે પણ પોતાની નૌકાઓ જળમા વહેતી મૂકી અને ઉત્તમોત્તમ અનુભવી સૈનિકોની સાથે એમાં સવાર થઈ; અને જરૂરિયાતના

પ્રસંગ સારુ એક સૈન્યસમૂહ તટ પર તૈયાર રાખી તે આગળ વધી. સાથે જ ઉભય પક્ષના રણમદ-મત્તવીરોનાં હૃદયો પણ આલ્હાદથી ઊછળવા લાગ્યા. આકાશ જયજયકાર તથા રણવાદ્યોના ભયંકર નાદથી કંપી ઊઠ્યું. સૈનિકોના રુધિરથી નદી રક્તવર્ણી થઇ ગઇ; અને એમની વેષભૂષાની પ્રતિચ્છાયાથી એણે વિકરાળ રૂપ ધારણ કર્યું. એની આ વિકરાળતા કેટલા સમય સુધી રહી એની ખબર નથી; પરન્તુ એ અવસરે એના પર સહસ્રો સૈનિકોનું બલિદાન દેવાયું-લેવાયું. હજારો નૌકાઓ એના વક્ષસ્થળમાં લીન થઇ ગઇ. અને અસંખ્ય ભારતીય બન્દીવાન બન્યા. નદીની મધ્યમાંના ટાપુઓ અને તટવર્તી નગર એ દિવસે વિદેશીઓના બન્યા; અને એમની સ્વતંત્રતા કેટલાક વખતને સારુ પરતંત્રતામાં ફેરવાઇ ગઈ. શતાયુવત્સ આ સમસ્ત દૃશ્ય પોતાની આંખોએ નિરખી રહ્યો હતો: અને આખરે પોતે ભયભીત બની નાસી રહ્યો છે એમ શત્રુઓને બતાવવા માટે, એણે પોતાના સૈન્યને પાછા ફરવાની આજ્ઞા આપી. તે જાણતો હતો કે એમ કરવાથી શત્રુ જાળપાશમાં ફસાઇ નદીપાર ઊતરશે અને એનો બદલો પોતાની ઈચ્છાનુસાર તેને મળશે.

અને બન્યું પણ એવું જ. જ્યારે સેમીરમિસે જોયું કે શત્રુઓ નાસી રહ્યા છે ત્યારે ઉત્તેજિત બની તે અત્યંત શીઘ્રતાથી નદી પર નૌકાઓનો એક વિશાળ પુલ બનાવીને અને એના રક્ષણનો ભાર ૬. લાખ સૈનિકોને સોંપીને બાકીના લશ્કર સાથે શત્રુનો પીછો પકડવાને તે આગળ વધી. યુદ્ધક્ષેત્રમાં આવી એણે નકલી હાથીઓનો સમુદાય શત્રુઓને ભયભીત કરવાને સારુ સૈન્યના અગ્ર ભાગમાં મૂક્યો. અહીં એક વાત સ્પષ્ટ કરવી આવશ્યક છે કે એ હાથીઓની મધ્યમાં સૈનિકો છુપાયેલા હતા, જેઓ જીવિત હાથીઓની માફક એના અંગોનું સંચાલન કરતા હતા. પ્રથમ તો આ હાથીઓનું વિશાળ ઝૂંડ પોતાની તરફ આગળ આવતું જોઇને ભારતીય વીરો ગભરાગણમાં પડ્યા. એમના વિજયની આશા પર નિરાશાની રેખા તરવરવા લાગી; અને તેઓ આશ્ચર્ય પામવા લાગ્યા કે અસીરિયામાં હાથીઓનો આટલો મોટો કાફલો ક્યાંથી આવ્યો. પરન્તુ આ ભેદ અનાયાસે ખુલ્લો પડી ગયો; પછી તો પૂછવું જ શું? શતાયુવત્સે પોતાનું સૈન્ય આગળ ધપાવ્યું. સેમીરમિસે પણ એમ જ કીધું. આગળ વધતાં વધતાં જ્યારે તેઓ એક બીજાની સન્મુખ આવી પહોંચ્યા ત્યારે શતાયુવત્સે ઘોડા અને રથને પોતાની મુખ્ય સેનાના અગ્રભાગમાં રાખ્યા. સેમીરમિસે જોયું કે શત્રુ હવે શસ્ત્ર પ્રહાર કરનાર છે એટલે એણે પણ સૈન્યના અગ્ર ભાગમાં નકલી હાથી ઊભા કરી દીધા. એટલામાં ભારતીય ઘોડેસ્વાર શત્રુઓ પર તૂટી પડ્યા, પરન્તુ એમની ભારે દુર્દશા થઇ. સ્વારોના ઘોડાઓને જે દૂરથી હાથી દેખાતા હતા તે સમીપ પહોંચતા વિચિત્ર પ્રકારનાં જીવધારી દેખાવા લાગ્યાં. એવા પ્રાણીઓનો સામનો કરવાનો અભ્યાસ ન હોવાથી તથા એમના દેહમાંથી નીકળતી તીવ્ર દુર્ગન્ધ ન સહી શકવાથી તેઓ ભડક્યા અને પડતા આખડતા તથા સ્વારોને પગ નીચે કચડતા, જ્યાં માર્ગ જડ્યો ત્યાં નાસી છૂટ્યા. સેમીરમિસને અનાયાસે આ સુન્દર તક મળી આવી. તે છૂટી કાઢેલા સૈનિકોને લઈને બચેલા સ્વારો પર તૂટી પડી અને એમની જીવનલીલા પૂર્ણ કરી નાંખી. શતાયુવત્સ આ અનિશ્ચિત હારથી કાંઈક આશ્ચર્ય પામ્યો; પરન્તુ એની પરવા ન કરતાં એણે શત્રુઓને યોગ્ય ઉત્તર આપવાને પાયદળ સૈન્યને આગળ ધપાવ્યું અને સેનાના મુખ્ય ભાગમાં હાથીઓને ગોઠવી દીધા, એટલું જ નહિ, પરન્તુ તે પોતાના હાથી પર બેસીને પોતાના વ્યૂહની વામ બાજુમાં આવી ઊભો રહ્યો અને યુદ્ધસંચાલનનું કાર્ય સ્વયં કરવા લાગ્યો. હવે સેમીરમિસના હાથીઓનું કશું ન વળ્યું. તે રમકડાં જ હતા અને રમકડાંની માફક જ ક્ષણભરમાં નષ્ટ થઇ ગયા. શતાયુવત્સનો હાથી આગળ ને આગળ વધતો જ ગયો અને થોડીવારમાં તો શત્રુના વ્યૂહને ભેદીને હાહાકાર મચાવી દીધો. એ સમયે કેટલા યે અસીરિયાના યોદ્ધાઓ હાથીના પગ તળે છુંદાઇને મૂઆ. કેટલા યે હાથીના દંતૂશળથી ભોંકાઇને ગરજુને શરણ થયા અને કેટલા યે એમની સૂંઢના ઝપાટાથી આકાશમાં અદ્ધર ઊછળી પૃથ્વી પર પટકાઇને મૃત્યુવશ થયા. ભારતીય યોદ્ધાઓએ શત્રુઓની સારી પેઠે ખબર લીધી અને રણક્ષેત્રમાં એમની લાશોનો મોટો ઢગ રચી મૂક્યો.

અસીરિયાની સેના ભયભીત થઈ ગઈ હતી - એટલે તે આગીવાર ઘેરી શકી નહિ અને જીવ લઈને નહાસવા લાગી. આ અવસરે શતાબ્રુવત્સ અને સેમીરમિસનો ભેટો થઇ ગયો. શતાબ્રુવત્સે એના પર તીરોનો મારો ચલાવ્યો અને એના હાથ તથા ખભાને વીંધી નાંખ્યા. જો સેમીરમિસનો ઘોડો અત્યંત તેજીથી નાસી છૂટયો ન હોત તો સેમીરમિસનો અન્ત આવત અથવા તો જીવતી કેદ પકડાઈ જાત, એમા સન્દેહ ન હતો.

સેમીરમિસ પુલ પાસે પહોંચી અને જોયું તો એના બચેલા સૈનિકો પુલ ઉતરવાને સારુ ખૂબ અધીર બની ગયા હતા અને એકબીજાને ધક્કા મૂકી મારી આગળ જવાની કોશિશ કરતા હતા. પુલની પહોળાઈ તેઓ બધા સાથે નીકળી શકે એટલી નહોતી; અને તેથી ઘણા સૈનિકો હોશાતોશીમા કચરાઈ મૂઆ; અને ઘણા નદીમાં પડી જળચર પ્રાણીઓના ભોગ થઈ પડયા. શતાબ્રુવત્સે નાસતા શત્રુઓનો પીછો લેવાનો વિચાર કર્યો: પરન્તુ એના બુદ્ધિમાન મત્રીઓએ એને એમ ન કરવાની સલાહ આપી. આથી તે વિજયડંકો બજાવતો પાછો ફર્યો. આ તરફ સેમીરમિસ પોતાના ભાગ્યને દોષ દેતી કેવળ ૧/૩ સૈનિકોને લઈ પાછી પોતાના દેશ તરફ ચાલી નીકળી. આ પરાજયથી એને એટલી લજ્જા આવી ગઈ કે તે દિવસથી એણે યુદ્ધનું નામ સુદ્ધા પણ ન લીધું.

કેટલાક વખત પછી એક દિવસ એક હબસી ગુલામના આઘાતથી સેમીરમિસ બહુ જખમાઇ. અપરાધીને પકડવામા આવ્યો અને એણે પ્રકટ કર્યું કે એના પુત્રના ષડ્યંત્રથી એણે એ કૃત્ય કર્યું હતું. સેમીરમિસને ભગવાન બૃહસ્પતિના પૂજારીઓની ભવિષ્યવાણી યાદ હતી. એણે તે વખતે એક દરબાર ભરાવ્યો અને પોતાના પુત્રને રાજતિલક કરાવી, હાજર રહેલી પ્રજા તથા રાજાઓને નવા સમ્રાટની આજ્ઞાનું પાલન કરવાની શિક્ષા આપી. પછી તે ૬૨ વર્ષની ઉમ્મરે ૪૨ વર્ષ રાજ્ય કરીને મૃત્યુ પામી +

(સરસ્વતી)

(૨) ગેટે અને નેપોલિયન

આજદિન સુધી ગેટે અને નેપોલિયનને લોકો ક્રમશ: કવિ અને વીર સેનાપતિ તરીકે જ ઓળખે છે; પરન્તુ હમણા શોધખોળના પરિણામે જણાયું છે કે ગેટે સુન્દર ચિત્રકાર અને નેપોલિયન સારો લેખક પણ હતો. એક સૈકા બાદ ગેટેના ચિત્રોની એક અપ્રકટ ચોપડી મળી આવી છે. આ પુસ્તકમાં અનેક પ્રાકૃતિક અને મનોરમ્ય દશ્યોના 'સ્કેચ" છે. "વીમર"થી "જેના" જતી વખતેની એની યાત્રા દરમ્યાન આ ચિત્રો એણે દોર્યાં હતા અને પોતાની વૃદ્ધાવસ્થામા એ આ ચિત્રો જોઈ આનન્દ અને ઉત્સાહ પ્રાપ્ત કરતો હતો. આ ચિત્રો "વીમર"ના "ગેટે-સંગ્રહાલય"માં રાખવામા આવ્યાં છે.

આ તરફ નેપોલિયનની લખેલી નવલકથા તુર્તમા જ પ્રકટ થવાના સમાચાર "વારસા" (પોલેન્ડ)થી આવ્યા છે. નેપોલિયન જ્યારે યુવક હતો અને તોપખાનાનો અમલદાર હતો ત્યારે, આ નવલકથા લખાઇ હતી. એમા એણે પોતાના જીવનના માનસિક આન્દોલનની કથા કહી છે. એ સમયે એના યૌવનોન્મુખ હૃદયમાં સ્નેહની જે ચિનગારી પ્રકટી હતી અને જેણે પાછળથી એના જીવનભરની અદમ્ય સાહસની કમાઇને એક ક્ષણમાં ભસ્મ કરી હતી તેની અસારતા દાખવી તેનું વર્ણન કરવાની ઉત્કંઠા તે રોકી શક્યો નહિ. માનવહૃદયની ઉથલપાથલની શક્તિ અને ગતિનું જેમને જ્ઞાન છે તેઓ આ પ્રેમકથા વાચી આશ્ચર્ય તો નહિ જ પામે.

નવલકથા તુર્તજ-થોડી મુદતમા પ્રકટ થનાર છે. એની ભાષા જોરદાર, પ્રભાવશાળી છે અને શૈલી આકર્ષક છે. એ પ્રકટ થશે ત્યારે બર્નાર્ડ શોના વિશ્લેષક ચિત્રની સાથે એનો સમન્વય કરીને નેપોલિયનના આન્તરિક જીવન પર પ્રકાશ નાંખી શકાશે.

(ત્યાગભૂમિ)

+ મૂળ લેખક: વનમાલીપ્રસાદ શુક્લ.

(૩) રશિયન છાયાચિત્ર

છેલ્લાં દશ વર્ષોમા રશિયાએ અનેક ક્ષેત્રોમાં જે ઉન્નતિ સાધી છે એમાં સીનેમા ફીલ્મના ક્ષેત્રની ઉન્નતિ પણ ગણી શકાય. હમણાં થોડા સમય ઉપર સીલિયા સિમ્પસને રશિયાનો પ્રવાસ કર્યા બાદ "ધી સ્પેક્ટેટર"માં લખ્યું હતું કે "For the Russian Film industry, although of course it is still in its healthy experimental stage, it has already achieved a standard of production rarely excelled by even the best German Films."

ગયે વર્ષે "અક્ટોબર" નામની એક ફીલ્મ, સોવિયેટ શાસનના દશમા વાર્ષિકોત્સવ નિમિત્તે તૈયાર કરવામાં આવી હતી. એમા ધધાદારી નટોને બદલે ખેડૂતો અને દેશભક્ત નેતાઓએ અભિનય કર્યો હતો. યુરલ પ્રાન્તના એક ગ્રામવાસી ખેડૂતે લેનિનની અને ટ્રોટ્સ્કીએ પોતે પોતાની ભૂમિકા ભજવી હતી. એમા સાદાઈનો આદર્શ હતો. એ જોતા દેશના જીવનના સાચાં દશ્યો જણાતા હતા.

જનતામાં વ્યવસાય અને દેશી ઉદ્યોગ ધંધા તરફ અનુરાગ ઉત્પન્ન કરવા સારુ કેટલી યે ફીલ્મો તૈયાર કરાવવામા આવી છે; અને તે સર્વત્ર, પ્રચારની દષ્ટિએ મફત દેખાડવામાં આવે છે.

ખેડૂતોને સમજાવવા માટે ખાસ માણસોની નીમણુક કરવામા આવે છે. આ ફીલ્મોદ્વારા ઘણુ સુન્દર પ્રચારકાર્ય થઈ રહ્યુ છે. જનતામા શિક્ષાનો પ્રચાર વધતો જાય છે અને તે દેશનાં આન્દોલનોથી સમ્પૂર્ણ વાકેફ રહે છે.

ભારતના ફીલ્મ ઉદ્યોગનો આવો સદુપયોગ ક્યારે થશે ?

(ત્યાગભૂમિ) રમણીક અ. મહેતા

(૪) ખોરાકની અસર

જુદી જુદી જાતના ખોરાકની જે અસર થાય છે તે ઉપરથી નીચે પ્રમાણે સત્ય તારવી શકાય છે.

(૧) કોઇ પણ દેશની પ્રજામા જે જાતનો ખોરાક સામાન્ય રીતે ખાવામા આવતો હોય તેનાથી મનુષ્યની વૃદ્ધિ ઘણુ ખરું થાય છે.

(૨) જે વ્યક્તિ અને પ્રજા કેવળ વનસ્પતિ ખોરાક અથવા તેની સાથે ઈંડા અને દૂધ ખાય છે તે બીજા લોકો જે મુખ્યત્વે માસાહારી હોય છે તેના કરતા વધારે સુખી અને મજબુત હોય છે.

(૩) જે પ્રજાનો ખોરાક મુખ્યત્વે વનસ્પતિનો છે તેમનામાં માસાહાર કરતા ઘણું ખરું જ્ઞાનતંતુ, જઠર, ચાદા અને મગજની અશાતિના રોગો જોવામાં આવતા નથી.

(૪) જે વ્યક્તિ અને પ્રજાનુ જીવન કરકસરવાળું હોય છે તે બીજાના કરતા વધારે જીવે છે.

(૫) જે લોકો ફળ અને અનાજ ઉપર નિર્વાહ કરે છે તે કુસ્તીના દાવમાં બીજા કરતાં ચઢી જાય છે; તેમજ તેઓ ઘણી સખત મહેનત અને જોઈતા ફેરફાર કરી શકે છે.

(૬) ઘણા મજબુત અને ઊચી કોટિના પ્રાણીઓના ખોરાક ઉપરથી તેમજ મનુષ્યના શરીરની રચના જે માસાહારને અનુકૂળ નથી તે ઉપરથી ઉપર જણાવેલા સત્યનું સમર્થન થાય છે.

(માનવ ઉત્પત્તિના મૂળ કારણ ઉપરથી)

મૂળજીભાઈ ડી. ચોકસી

(૫) તમારો શ્વાસ ખુશબોદાર છે ?

આપણામાંના ઘણાનો શ્વાસોચ્છ્વાસ ગંધાય છે. કોઈની પાસે બેઠા હોઇએ અને કંઇ વાત કરવા મોઢું પાસે લઈ જઇએ ત્યારે તરત મોઢું પાછું ખેંચી લેવાનો અનુભવ કોને નહિ થયો હોય? બરનાર મૅકફેડને આને માટે સપ્ટેમ્બરના 'ફીઝિકલ કલ્ચર'માં થોડી સૂચનાઓ સાથે એના ઉપાયો બતાવતો એક નાનો લેખ લખ્યો છે તેમાંથી ફેરફાર સાથે ઉપયોગી ભાગ નીચે આપું છું.

ખુશબોદાર શ્વાસ માણસની પ્રતિભામાં ઓર ઉમેરો કરે છે અને મોટે ભાગે તો એ તંદુરસ્તીનું ચિહ્ન છે. ખરાબ શ્વાસ અજીર્ણનું ચિહ્ન છે. શરીર એ એક જાતનું યંત્ર છે. જો એની બરાબર સંભાળ રાખી હોય તો એ એની મેળે જ સારી સ્થિતિમાં રહે છે. પણ અપથ્ય ખોરાકો, જુદી જુદી જાતના નડે એવા ખોરાકો, બરાબર ચાવવાનો અભાવ અને અકરાંતિયાપણું આ બધા એ યંત્રને કાટેથી ઉતારી પાડવામાં મોટો ભાગ ભજવે છે.

પણ મોઢામાંથી દુર્ગંધ મારવી એનું મુખ્ય કારણ તો ગંધાતી હોજરી—નહિ પચેલા ખોરાકના જથ્થાને લઇને—છે. અને આમાંથી બહુ જ થોડા બચેલા હોય છે. કેટલીક વખત સળેખમને લઇને શ્વાસોચ્છ્વાસ ગંધાય છે, પણ મોટે ભાગે તો વધતા યા ઓછા પ્રમાણમાં આનું મૂળ હોજરી જ હોય છે.

મોટો ભાગ ઘણું કરીને બધા વખતે આ અણગમતી પીડામાં સપડાયેલો હોય છે. અને દરેકમાં તરત જ માલૂમ પડે એવા કારણો પણ હોય છે. કેટલાકમાં પૂરતા પાણીના અભાવે આંમ થાય છે. એ લોકો પૂરતું પાણી પીતા નથી. આને લઇને શરીરનું યંત્ર બરાબર સાફ થતું નથી. શિરાઓમાં ઝેર ભેગું થાય છે, અને પરિણામે આંતરત્વચા વાટે ચીકણા પદાર્થરૂપે અથવા પરસેવારૂપે તે ઝેર બહાર નીકળે છે.

આનું એક ચિહ્ન જીભ ઉપર થર બાઝી ગયેલો હોય એ પણ છે. એની સાથે હોજરી પણ ઘણી વખત મંદ થઇ ગયેલી હોય છે. કમભાગ્યે ઘણાને તો આની ખબર જ પડતી નથી. તેમના મિત્રો આનો ઉલ્લેખ કરતા ગભરાય છે. પોતાનાં ઘરના માણસો પણ મોટે ભાગે આ પડદો નહિ ઊંચકે.

તમને જો લાગે કે તમે આ રોગથી પીડાઓ છો તો તમારી પાસેનાને સાચેસાચું કહી દેવાને જણાવો. તમારો શ્વાસ વાસ મારતો હોય તો તમને ચોકખે ચોકખું જણાવી દેવાનું તેમને કહો, અને પછી તમારી ફરજ છે કે જે ભેગા થયેલા ઝેરને લઇને આ બધું ડખલ ઊભું થયું છે એ ઝેરને દૂર કરવાનો પ્રયત્ન કરો.

પહેલું તો જાણે પાણી પીવાનો મારો રાખો. ભારેમાં ભારે જરૂર એ જ છે. ખોરાક ઓછો કરો. એ પણ જરૂરનું છે. આપણે જેને જાડો ખોરાક કહીએ છીએ એવો ખોરાક ખાઓ. બધી જાતની લીલી ભાજી ખાઓ. આવા વખતે કાચો ખોરાક કે કુદરતે પકાવેલો ખોરાક બહુ જ મદદ કરે છે. એ મુખ્ય નામ અને અંદરના યંત્રને સાફ રાખવામાં ખૂબ મદદ કરે છે.

સ્ફૂર્તિ આવે એવો ખોરાક ખાઓ. મેળવણ કરેલો ખોરાક લેવો બંધ કરો. ઘણી જાતની વાનીઓ લેવાનું માંડી વાળો અને ભૂખ વિના ખાઓ નહિ. ભૂખ વિના ખાવાનું પાપ તો સાધારણ રીતે બધે નજરે પડશે. કસરતની પણ જરૂર તો ખરી જ. એના વિના તમે શરીરને સાફ અને ખુશબોદાર નહિ રાખી શકો. ચાલવાની કસરત બહુ ફાયદો કરે છે. વારેવારે ઊંડા શ્વાસોચ્છ્વાસ લો. બને તેટલું ફેફસાંને તાજી હવાથી પૂરેપૂરા ભરો. અઠવાડિયામાં ગરમ પાણીથી સાબુ સાથે બે ત્રણ વખત ન્હાવાનું, ઠંડા પાણીથી ન્હાવાનું, વગેરે પણ શરીર સાફ કરવામાં ઠીક ભાગ ભજવશે.

એટલે હવે જણાયું હશે કે એ રોગને દૂર કરવાને માટે મુખ્ય વસ્તુ શરીરના દરેક ભાગને પૂરેપૂર ચેતન આપવું એ છે. બહારથી અને અંદરથી શરીરને બરાબર સાફ રાખો.

આ સૂચનાઓનો જો બરાબર અમલ થાય તો પછી શ્વાસોચ્છ્વાસ ગંધાવાની વાત સ્વપ્ને પણ ન રહે.

(ફિઝીકલ કલચર) પોપટલાલ પટવારી

પુસ્તકપરિચય અને સ્વીકાર

શ્રીમદ્ ભગવદ્ગીતા:—શ્રી શંકરાનંદી ટીકા સહિત પ્રથમ વિભાગ (પહેલા ૭ અધ્યાય) અનુવાદક: મોતીલાલ રવિશંકર ઘોડા, વકીલ, બી. એ. એલ એલ. બી. જુનાગઢ. હાલ નડિયાદ. પ્રકાશક: એમ. સી. કોઠારી. રાવપુરારોડ, વડોદરા. કિં. ૩-૪-૦

શ્રી. સયાજી સાહિત્ય માળાના ૧૩૨મા પુષ્પ તરીકે આ પુસ્તક છપાયું છે.

ભગવદ્ગીતા ઉપર પ્રતિદિન જે અનેક પુસ્તકો પ્રગટ થતાં જાય છે તે ઉપરથી એ સાતસો શ્લોકના નાનકડા ગ્રન્થે આ જમાનામા પણ લોકોના મન ઉપર કેટલો કાબુ જાળવી રાખ્યો છે એ જોઈ શકાય છે. ગીતાના સ્થળે સ્થળે થતાં પ્રવચનો પણ એ જ વાતનું સાક્ષ્ય પૂરે છે. આ ગ્રન્થ પણ પ્રવચનનું પરિણામ છે. રા. રા. મોતીલાલ રવિશંકર ઘોડાને ૧૯૨૧ મા જામનગરના પ્રસિદ્ધ સદ્બોધ પ્રવર્તક ગુરુ કૃષ્ણલાલજી ભગવાનજી પાસે શંકરાનંદી ગીતાનું પ્રવચન સાભળવાનો અમદાવાદમા સુયોગ પ્રાપ્ત થયો. જેને પરિણામે એમણે શંકરાનદીનો ગુજરાતીમા અનુવાદ કર્યો.

ભગવદ્ગીતા ઉપર જુદા જુદા મતના આચાર્યોની ટીકાઓ છે, એટલું જ નહિ પણ એક જ મતની પણ અનેક ટીકાઓ છે. ભગવાન શંકરાચાર્યની ટીકા પ્રસિદ્ધ છે. એનો ગુજરાતી અનુવાદ પણ ઘણા વર્ષો પહેલાં થયો છે. આ ઉપરાંત શાંકર મતના અનેક વિદ્વાનોએ ગીતા ઉપર ટીકાઓ લખી છે. આ અનુવાદના શ્રીયુત નર્મદાશંકર દેવશંકર મહેતાએ લખેલા ઉપોદ્ઘાતમા શાંકર મતને અનુસરતા અભિનવ ગુપ્ત (ઈ. સ. ૯૯૩) થી આરંભી દૈવજ્ઞ સૂરિ (ઈ સ. ૧૬૫૦ પછી) સુધીના ૭ ટીકાકારોનાં નામ લખ્યા છે. આ ટીકાઓની વિશેષતાની ચર્ચા માટે અહીં સ્થાન નથી. પણ જેનો અનુવાદ અવલોકનવિષય છે તે શંકરાનંદ સ્વામીની તાત્પર્ય બોધિની ટીકા આ ટીકાની એક છે. આ ટીકાના લેખક શ્રી શંકરાનંદ સ્વામી પંચદશીના પ્રસિદ્ધ લેખક શ્રી વિદ્યારણ્ય સ્વામીના ગુરુ હતા અને ઇ. સ. ૧૩૫૦ ની આસપાસમાં થઈ ગયા.

આ શંકરાનંદી ટીકાની વિશેષતા વિષે શ્રી. નર્મદાશંકર દેવશંકર મહેતાએ ઉપોદ્ઘાતમાં વિવેચન કર્યું છે. એનો સાર એટલો જ છે કે સમગ્ર ગીતા ગ્રંથનું તાત્પર્ય શંકરાચાર્યને અનુસરીને માન્યા છતાં પ્રત્યેક અધ્યાયનું વિશિષ્ટ અવાન્તર તાત્પર્ય માનીને તે દર્શાવવાનો શ્રી શંકરાનંદ સ્વામીએ પ્રયાસ કર્યો છે. પણ મને શંકરાનંદી વાચતાં ગીતાના શાંકર ભાષ્યમા કહેલા અર્થમાં પાછળથી ઊઠતી શંકાઓનું કેવલાદ્વૈતી દૃષ્ટિથી યોજેલી યુક્તિઓ વડે ખંડન કરીને શંકરોક્ત અર્થને પુષ્ટ કરવાનો શંકરાનંદીનો ઉદ્દેશ જણાય છે. આ યુક્તિઓ એ જ શંકરાનંદીની વિશિષ્ટતા છે. મધુસૂદન સરસ્વતી શાંકરમતાનુયાયી વેદાંતી હોવા છતાં ભક્ત છે અને કેટલીક વાર શંકરાચાર્યથી જુદા પડીને અર્થ કરે છે. શંકરાનંદ સ્વામીએ મુખ્ય સિદ્ધાન્તની બાબતમા એવી સ્વતંત્રતા દર્શાવી નથી. ભગવદ્ગીતા અ-૧૮, શ્લોક ૬૬ ની જુદી જુદી ટીકાઓ જોવાથી આ કથનની યથાર્થતા તરત દેખાશે. ગૌણ બાબતમાં

શંકરાનંદીમાં પણ સ્વતંત્રતા હોવાનો સંભવ છે અને શંકરાચાર્યે કર્યું હોય તેથી વિશેષ વિવરણ તો ઘણા શ્લોકો ઉપર મળે છે.

ગુજરાતીમાં અનુવાદ માટે આ ટીકા બહુ અનુકૂળ નથી. ગીતા પોતે અનુવાદને અતિ અનુકૂળ છે. ગીતા, ઉપનિષદો અને કેટલાંક સંસ્કૃત કાવ્યો એવી સરલ અને પ્રસન્ન શૈલીમાં લખાએલાં છે કે એનાં અનુવાદો સરલ અને સુબોધ થઇ શકે. કોઈ કોઇ ટીકાઓ પણ સાદી શૈલીમાં લખાએલી છે. પણ શંકરાનંદી એવી નથી. શંકરાનંદીની ભાષા ખાસ અઘરી કે કાદમ્બરી જેવી સમાસપ્રચુર નથી. પણ એમાં જે યુક્તિઓ આપી છે તેની શૈલી અનુવાદને અનુકૂળ નથી. પ્રસ્તુત અનુવાદ વાચવાથી આ મુશ્કેલી સમજાશે.

આ રીતે અનુવાદ કરવા માટે અનુકૂળ નહિ એવા આ ગ્રંથનો અનુવાદ કરવામાં શ્રી મો. ર. ઘોડાએ ખૂબ પરિશ્રમ કર્યો છે. ખરી રીતે આ અનુવાદ સામાન્ય રીતે વાચવા માટે નહિ પણ ભણવા માટે છે અને એ કારણથી અન્વય, મૂળ શબ્દોનું અવતરણ, શ્રુતિ સ્મૃતિ વચનો સંસ્કૃતમાં આપ્યા પછી એનો અનુવાદ વગેરે પદ્ધતિ સ્વીકારી લાગે છે. આ અનુવાદની મદદથી શાંકરવેદાંતથી તથા ઉપર કહેલી શૈલીથી પરિચિત અને સાધારણ સંસ્કૃત જાણનાર અભ્યાસી ગુરુની મદદ વિના પણ શંકરાનંદી સમજી શકે એમ હું માનું છું. વેદાંતની પ્રક્રિયાઓથી તથા પરિભાષાથી સારી રીતે પરિચિત હોય પણ સંસ્કૃત સારું ન આવડતું હોય એવો વેદાંતાભ્યાસી પણ કદાચ આ અનુવાદનો લાભ લઇ શકે.

અનુવાદના ગુણદોષ વિષે ઝાઝું કહેવાનું નથી. અનુવાદ બનતા સુધી મૂળને અનુસરતો કરવાનો અનુવાદ કે પ્રયાસ કર્યો છે. પરિણામે ઘણે સ્થળે મૂળની વાક્ય રચના આવી ગઇ છે. અને ગુજરાતી ભાષાના સ્વરૂપને એ રચના અનુકૂળ ન હોવાથી વાક્ય વિચિત્ર લાગે છે અને અર્થ દુર્લભ થઈ પડે છે. દા. ત. અ. ૨ ના શ્લો. ૧૮ નું વ્યાખ્યાન પા. ૮૭ ઉપર જુઓ, અથવા એ જ અધ્યાયના શ્લો. ૨૧ નું વ્યાખ્યાન પા. ૯૮ ઉપર અથવા શ્લો. ૨૮ નું વ્યાખ્યાન પા. ૧૧૩ ઉપર જુઓ. મને લાગે છે કે આ પ્રકારનાં વાક્યોમાંથી કેટલાકને સાદી ગુજરાતી શૈલીમાં ઉતારી શકાત અને એમ થયું હોત તો ગ્રન્થ વધારે સુવાચ્ય થાત.

અનુવાદકે શંકરાનંદી ટીકામાં આવેલાં શ્રુતિ સ્મૃતિનાં ઉદાહરણોની અનુક્રમણિકા આરંભમા આપી છે એ અભ્યાસીને ઉપકારક છે. ગ્રન્થની છપાઈ સારી છે જો કે કેટલેક ઠેકાણે અશુદ્ધિ જોવામાં આવે છે. કાગળો સારા અને પૂંઠું પાકું છે.

રુદ્રધ્યાયઃ—સંપાદક અને અનુવાદકઃ ડોલરરાય રંગીલદાસ માંકડ, એમ. એ. અને

રુદ્ર, શિવ અને લિંગ સંપ્રદાયઃ—લેખકઃ ચંદ્રશંકર અમૃતલાલ બૂચ, બી. એ. પ્રકાશકઃ નાગરિક પ્રકાશન મન્દિર, પ્રીન્સેસ સ્ટ્રીટ, કરાંચી. કિં. ૦–૧૨–૦

નાગરોના ઇષ્ટદેવ હાટકેશ્વર છે એ પ્રસિદ્ધ છે. શિવ અને શક્તિની ભક્તિ નાગરોમાં જૂના કાળથી સારી રીતે પ્રચલિત છે, અને રુદ્રાધ્યાય પ્રાચીન પદ્ધતિ પ્રમાણેની શિવપૂજાનું અતિ આવશ્યક અંગ છે. જૂની પરંપરામા ઉછરેલા ઘણા બ્રાહ્મણો (નાગરોનો સમાવેશ બ્રાહ્મણોમાં થઈ જાય છે) ને તો રુદ્રાધ્યાય મોઢે હોય છે. બીજાઓ જરૂર પડયે ગમે તે આવૃત્તિના પાના પાસે રાખતા હશે. પણ આવાં પુસ્તકોની વિવેચનયુક્ત આવૃત્તિઓ પ્રગટ થવાની જરૂર છે અને આ જોડીઆ નાગર લેખકોએ રુદ્રાધ્યાયથી મંગલાચરણ કર્યું એ યોગ્ય જ કર્યું છે.

રુદ્રાધ્યાયનું જે પૃથક્કરણ રા. ડોલરરાય માંકડે 'પ્રાસ્તાવિક'માં આપ્યું છે તે યથાર્થ લાગે છે. વચલા આઠ જ અનુવાકો એ મૂળ શતરુદ્રીય. અને એ રચના ઋગ્વેદના મંત્રોનાં કાળ પછી અને વાજસનેયી સંહિતા તથા તૈત્તિરીય સંહિતાઓ તૈયાર થઈ તે પહેલાં કોઈ રુદ્રભક્તના હૃદયની ઊર્મિ છે. અને પાછળથી ઋગ્વેદની ઋચાઓના બે અનુવાકો આરંભમાં તથા છેલ્લો અનુવાક ઉપસંહાર તરીકે ઉમેરાયા હોય એમ લાગે છે. પણ શતરુદ્રીય નામ છે માટે એમાં સો નામો હોવાં જોઈએ છતાં અત્યારે વધારે મળે છે માટે એમાં પાછળથી 'કર્મકાંડી બ્રાહ્મણોનો હાથ જરૂર ફર્યો છે' એમ માનવાનું કારણ મને તો લાગતું નથી. ખરી રીતે યોજનાપૂર્વક સો કે વધારે નામોનો સંગ્રહ આ છે, એમ માનવાનું કારણ નથી. એક કે વધારે ભક્તોએ જેટલાં યાદ આવ્યા તેટલા રુદ્રનાં નામો આ સાદા યજુઓમાં ગમે તેમ ગોઠવ્યા, પાછળથી અનેકના અર્થમાં શત શબ્દ વાપરીને કોઈએ એ સગ્રહને શતરુદ્રીયનામ આપ્યું. શતરુદ્રીય નામ પણ વાજસનેયી અને તૈ. સં. કરતા અર્વાચીન છે. એ નામ ઉપર વધારે વજન દેવાની જરૂર નથી.

મૂળ મંત્ર પ્રેસની અગવડને કારણે સ્વર રહિત છાપી તેની નીચે ગુજરાતી અર્થ આપ્યો છે. અર્થ સાચો અને સુબોધ છે. અને અર્થ નીચે જ ઝીણા ટાઇપમા આપેલી સંક્ષિપ્ત ટીકા લેખકના અભ્યાસની દ્યોતક છે અને વાંચનારને વિચારપ્રેરક છે. નિવેદનમા લેખકોએ વિદ્વાનો પણ આનંદ લઈ શકે એવી સંકલના કરવાનો ઉદ્દેશ રાખ્યાનું કહ્યું છે, તે આ ટીકાઓ દ્વારા સમજવાનું છે. અલબત્ત બધી ટીકાઓ આ વિષયમાં તજ્જ્ઞોનો અંતિમ મત દર્શાવે છે એમ નથી કહેવાતું. આવા ગવેષણા વિષયમાં મતભેદનો અવકાશ હોય જ. પણ આ ટીકાઓ આ ગ્રંથનું ઉત્તમાગ છે એમ કહેવામાં વાધો નથી.

શિવભક્તિના પ્રચારનો ઇતિહાસ પણ જાણવો જોઈએ એમ ગણીને રા. રા. ચંદ્રશંકર અમૃતલાલ બુચે પચ્ચીસેક પાનાનો રુદ્રશિવ અને લિંગ સંપ્રદાય ઉપર એક નિબંધ લખીને રુદ્રાધ્યાય સાથે જોડયો છે. આ નિબંધ આ વિષયનો એક અભ્યાસ છે. એટલે એમાં દર્શાવેલા મતને આ લેખકનો પણ છેવટનો મત હું નથી ગણતો. શૈવ સાહિત્ય ઘણું વિશાળ છે, એનો વૈષ્ણવ વગેરે ઇતર સાહિત્ય સાથે તુલનાત્મક દૃષ્ટિથી તથા આ નિબંધમાં દેખાય છે તે કરતાં વધારે તટસ્થ ઐતિહાસિક દૃષ્ટિથી અભ્યાસ કર્યાં પછી શૈવધર્મના ઇતિહાસ ઉપર, આ લેખક પાસેથી જ વધારે પ્રકાશ મળશે એમ આશા છે.

ગીતાભ્યાસ-જ્ઞાનયોગ:—લેખક: ચુનીલાલ શામજી ત્રિવેદી, ખંભાત, કિં. રૂપિયો એક.

'શ્રીમદ્ ભગવદ્‌ગીતાના જ્ઞાનયોગના તત્ત્વજ્ઞાનનો આપણા રોજના જીવનમાં વ્યવહારુ ઉપયોગ' દેખાડવા માટે આ ગ્રંથ લખ્યો છે એમ કર્તાનો દાવો છે. અને ગીતા સંબંધી જ (૧) ગીતાભ્યાસ, (૨) ગીતાભ્યાસ-કર્મયોગ, (૩) કર્મ અને પુનર્જન્મ અને (૪) યોગાભ્યાસ, એ ચાર ગ્રન્થો લખી પ્રસિદ્ધ કરવાની કર્તાની ઇચ્છા જણાય છે.

ઉપનિષદો (ભગવદ્‌ગીતા પણ ઉપનિષદ્ ગણાય છે) અને ભગવદ્‌ગીતા એ એવા કાવ્યો છે કે એનાં ભિન્ન ભિન્ન દૃષ્ટિથી ભિન્ન વ્યાખ્યાનો થઇ શકે અને શંકરાચાર્યાદિ પ્રાચીન આચાર્યોએ તથા લોકમાન્ય તિલકાદિ અર્વાચીન વિચારકોએ ગીતાનું ભિન્ન ભિન્ન તાત્પર્ય દર્શાવનાં વ્યાખ્યાનો કર્યા છે, એ પ્રસિદ્ધ છે. પણ ગીતાનાં આ

વ્યાપક સ્વરૂપને પરિણામે ગીતાનો અભ્યાસ કરવા માંડનાર દરેક અભ્યાસીને પોતાને ગીતામાથી બીજાઓને ન મળેલું રહસ્ય મળ્યું છે એવો ભ્રમ ઉત્પન્ન થાય છે. વસ્તુતઃ ઘણી-વાર તો પોતાના દેશકાળમાં પ્રચલિત થયેલા નવા વિચારોનો ગીતાના અનિશ્ચિતાર્થ શબ્દોમાં આરોપ કરીને આ નવું રહસ્ય મેળવેલું છે. આ ગીતાભ્યાસ પણ અમને, એવો પ્રયત્ન લાગે છે. એ અભ્યાસનો એક પ્રકાર છે, પણ એમાં સ્વતંત્ર દર્શનની આશા નથી.

ગ્રંથકારે કુલ ૧૪ પ્રકરણો પાડીને ગીતામા આવેલા ગ્રંથકારના મતે જ્ઞાનયોગને લગતા વિષયોની ચર્ચા કરી છે. 'પ્રકૃતિ પુરુષ વિવેક' (પ્ર-૬), 'ત્રિગુણ વિચાર' (પ્ર-૭), 'ત્યાજ્ય તમોગુણ,' 'પ્રવૃત્તિમય રજોગુણ,' 'સત્વગુણ એટલે સુખશાંતિનો ઝરો' (પ્ર-૮, ૯, ૧૦) વગેરે પ્રકરણનામોથી તે તે પ્રકરણમાં ગીતાના કયા કયા અધ્યાયના કયા કયા શ્લોકના વિષયની ચર્ચા હશે એ સામાન્ય ગીતાભ્યાસીઓ સમજી શકે ખરાઃ પણ ગ્રંથકારની વિશિષ્ટ શૈલીનો ખ્યાલ આ પ્રકરણનામોથી આવવો શક્ય નથી. એ માટે તો ગ્રંથ જ વાંચવો જોઇએ. દા. ત. શ્રદ્ધાનો અને ઇંદ્રિય સંયમનો ગીતામાં બોધ આપેલો છે, એ પ્રસિદ્ધ છે. આ બે વિષયોને લગતા ગીતાના વચનોનું 'શ્રદ્ધાવાન અને સંયતેન્દ્રિય' નામના ત્રીજા પ્રકરણમાં, ગ્રન્થકારે વિવેચન કર્યું છે, તેમાં જ્ઞાન (આધુનિક કેળવણી પણ) મેળવતાં પહેલા શ્રદ્ધાની તથા ઇંદ્રિય સંયમની કેળવણી માણસે શા માટે લેવી જોઇએ એ દર્શાવવાનો પ્રયાસ કર્યો છે. આ લેખકે કરેલી દલીલો કેટલી સચોટ છે? અથવા એમની ટીકા ગીતાના શબ્દાર્થને કેટલે અંશે અનુસરે છે? અને કેટલું પોતાના ઘરનું ઉમેરે છે? અથવા એમની દૃષ્ટિ કેટલી સત્યનિષ્ઠ છે? વગેરે સમાલોચના કરવા જતાં ઘણો વિસ્તાર થઈ જાય અને એટલા વિસ્તાર માટે અહીં અવકાશ નથી અને મને તેની જરૂર પણ લાગતી નથી. પરંતુ ગીતાનો આ એક અભ્યાસ છે. અને આવા અનેક અભ્યાસો સહી શકે એવી વસુંધરા ભગવદ્ગીતા છે.

પણ આ પુસ્તકમાં એક વસ્તુ મને બહુ ખુંચી છે. આ ગ્રંથકારને કાંઇક એવો ભ્રમ થઈ ગયો છે કે ગુજરાતી સામાન્ય શબ્દો પણ અર્થબોધક્ષમ નથી, ગુજરાતી શબ્દોનો અંગ્રેજી અનુવાદ આપવામાં આવે તો જ અર્થબોધ થાય. કોઈ પારિભાષિક અંગ્રેજી શબ્દ માટે નવો ગુજરાતી શબ્દ યોજવામાં આવે ત્યારે મૂળ અંગ્રેજી શબ્દ તેના ગુજરાતી અનુવાદની બાજુમાં કૌંસમા મૂકવામા આવે એ સમજાય એવું છે પણ આ ગ્રંથકારે તો સામાન્ય, સુબોધ અને સ્પષ્ટાર્થ ગુજરાતી શબ્દોના અંગ્રેજી પર્યાયો મૂક્યા છે, દા. ત. જ્ઞાનરૂપઅસિ (Sword of Knowledge), સુધરેલ (civilised), માનસિક સ્થિતિ (mentality), વિચાર અને વાણી (thought and speech), કાર્ય (action), વિરોધ (contradiction), ઉદાસીનતા (Indifference), કુદરતના કાયદાઓ (laws of nature), વિજ્ઞાનના નિયમો (laws of Science), વગેરે ગમે તેમ ચુંટેલા દાખલાઓ પૂરતા સૂચક છે. મને તો એમ લાગે છે કે અંગ્રેજી વિચાર માટે નવો ગુજરાતી શબ્દ યોજવાની અહીં વાત નથી પણ ગુજરાતી અથવા ગીતાના એટલે સંસ્કૃત વિચાર માટે અંગ્રેજી શબ્દો લેખકે યોજ્યા છે. આમ કરવાનું પ્રયોજન શું? 'વિરોધ' શબ્દ ન સમજે અને Contradiction સમજે એવો કોઇ આ ગ્રંથનો વાચનાર હશે

ખરો ? અને ક્વચિત્ પાશ્ચાત્ય ફીલસુફીની પરિભાષાની દૃષ્ટિથી ખોટા પર્યાયો આવ્યા હોવાનો મને વહેમ છે. ત્યારે સંસ્કૃત શબ્દોના કેટલાક ખોટા પર્યાયો આવ્યાની ખાત્રી છે. દા. ત. કૂટસ્થ એટલે Rock seated (પા. ૬૯). અક્ષેદ્ય Immutable (પા. ૭૪), અપાન-વાયુ inhaling, પ્રાણવાયુ Exhaling (પા. ૨૦૭) વગેરે, છપાઇ વગેરે સારું છે અને કદના પ્રમાણમાં કિંમત વધારે ન ગણાય.

દુ. કે. શાસ્ત્રી

કેટલાક રોગો ભાગ ૧-૨:—લેખક: ડૉ. ચંદુલાલ સેવકલાલ દ્વિવેદી. એમ. બી. બી. એસ. શ્રી સયાજી સાહિત્યમાળા-પુષ્પ ૧૪૦ તથા ૧૪૭ કિ. ૦-૧૨-૦ અને ૦-૧૩૦.

ભાષાંતર શાખાએ પ્રસિદ્ધ કરેલા આ બંને ગ્રંથો એક અંગ્રેજી ગ્રંથનું ભાષાંતર નથી, કિન્તુ મૌલિક છે એ હર્ષની બીના છે અને તેટલી સરળ ભાષામાં લેખકે જુદા જુદા રોગો તથા તેમનાં ચિન્હો અને ઉપયોગી દવાઓ વિષે સૂચનાઓ આપી છે. ખાસ કરીને, દરદીઓ તરફ ધ્યાન રાખી આ ગ્રંથ લખાયો છે તે દૃષ્ટિબિન્દુ સ્તુત્ય છે. રોગોનો અનુક્રમ કંઈ ખાસ સંકેત પ્રમાણે નથી, પરંતુ જેમ યોગ્ય લાગ્યું તેમ તેઓને ક્રમવાર લીધા છે. આમુખમાં કહેલી એક બાબત જોડે અમો સંમત થઇ શકતા નથી. "આયુર્વેદિક દવાઓનો લાભ લોકોને પૂરતો મળી શકતો નથી. અને વિદેશીય પદ્ધતિ પ્રમાણે તૈયાર થયેલી દવાઓનો ઉપયોગ કરવો પડે છે."

આ ટીકા ફક્ત મોટા શહેરોને જ લાગુ પડે છે. હજારો ગામડાંઓ હજુ વધુ ઓછું ભણેલા વૈદ્યને હાથે મળતી દવા પર જ આધાર રાખે છે. મધુપ્રમેહની સારવારમાં ઈન્સ્યુલીન તથા ફીરંગ (Syphilis)ની ચિકિત્સામાં ખીરમયનું નામ ન જોઇ આશ્ચર્ય થાય છે. પરંતુ એકંદરે, આ સફળ પ્રયાસ-માટે લેખકને અમો ધન્યવાદ આપીએ છીએ, અને વાંચકોને આ ગ્રંથો વાંચી જવા ખાસ આગ્રહ કરીએ છીએ.

લગ્ન અને ભવિષ્યની માતા.—શ્રી સયાજી સાહિત્યમાળા પુષ્પ ૧૪૮મુ. અનુવાદક: ગોરધનલાલ નરોત્તમદાસ શાહ બી. એ. અધ્યાપક. પુ. શિ. પ. પાઠશાળા, વડોદરા કિં. ૧-૧-૦

આ ગ્રંથ એચ. એસ. ડેવિડ્સન કૃત 'મેરેજ એન્ડ મધરહૂડ' નામક અંગ્રેજી ગ્રંથનું ભાષાંતર છે. મૂળગ્રંથના રહસ્યને જાળવી રાખી અહીંની પરિસ્થિતિને અનુકૂળ પડે તેવા ફેરફારો પાદનોંધમાં આપ્યા છે. પાદનોંધો તથા તેમાં ચર્ચેલા પ્રશ્નો પરથી જણાય છે કે ભાષાંતરકારે પોતાનો પ્રયાસ સફળ કરવા ઘણો શ્રમ કર્યો છે. પાદનોંધો અથવા ટિપ્પણીઓ છોડી દઇને અમો મૂળ ગ્રંથ વિષે જ થોડું કહેવા માગીએ છીએ.

મૂળ અંગ્રેજી પુસ્તક કઈ સાલમાં છપાયું તે તેમાં જણાવ્યું નથી. તેમાં ચર્ચેલા કેટલાક પ્રશ્નો પરથી તે જૂનું છે એ દીવા જેટલું સ્પષ્ટ દેખાય છે. છતાં ભાષાંતરકાર બચાવ કરવા ખાતર કહે છે કે 'પુસ્તકની ઉપયોગિતા ઓછી થતી નથી.' શા માટે થાય ? ભલે એમાં કેટલાક વિચારો જૂના હોય તેમાં શું ? વડોદરા રાજ્યની વિદ્યાધિકારી કચેરીની ભાષાંતર શાખાને કોઇ નવું પુસ્તક હાથ ન લાગ્યું ! એ પુસ્તકનું ભાષાંતર કરવા કોઇ વૈદ્યકીય જ્ઞાનવાળો માણસ પણ ન મળ્યો ? વિજ્ઞાનની પ્રગતિના જમાનામાં નવા અને જૂના ગ્રંથનો તે વળી ભેદ હોય ? ભેદ હોય તેમ શું થયું ? પૂરીઓ તો તેલમાં પણ તળાય તેમ ઘીમાં પણ તળાય. ટાઢી પણ ખવાય અને ઊની પણ ખવાય. અમો ભાષાંતર શાખાને નમ્ર વિનંતિ કરીએ છીએ કે ઈ. સ. ૧૯૦૫ની અંદર લખાએલું આકાશયાનવિદ્યાનું

('Aeronauties') એકાદ પુસ્તક પણ કોઈ કુશળ અધ્યાપક પાસે ગુજરાતી ભાષામાં તૈયાર કરાવવું!!!

મૂળ ગ્રંથ સગર્ભાવસ્થાના ચિન્હોથી શરુ થઇ તુરતના જન્મેલા બાળકના રોગોની ચર્ચામા પૂરો થાય છે. એટલે કે એ સામાન્ય વાંચકો માટે લખાએલો સૂતિકાશાસ્ત્ર (midwifery)નો સાર છે. લેખકે એ કાર્ય બને તેટલો ઓછો કંટાળો ઉપજાવી પાર પાડયું છે. સગર્ભાવસ્થાના રોગો, સૂતિકાજ્વર, પ્રસૂતિ દરમ્યાન થતી ઊલટી, તથા પ્રસૂતાના પેડુ પર બાંધવાના પાટા સબંધી વિચારો જોતાં જણાય છે કે ગ્રંથ જૂનો છે. અને એને પસંદ કરવા માટે ભાષાંતર શાખાને જેટલો ધન્યવાદ આપીએ તેટલો ઓછો છે!

ટિપ્પણીઓમાં થએલા વિષયાંતર માટે ભાષાંતરકારે ક્ષમા માગેલી હોવાથી અમારે કંઈ કહેવાનું નથી. પરંતુ જ્યારે એક વિદ્વાન 'અત્રેની પરિસ્થિતિ અનુસાર પરણેલી યુવતીના કર્તવ્યો સમજાવવા પ્રયત્ન' કરે છે ત્યારે તે પ્રયત્ન કેવો છે તે જાણવાની ઇચ્છા અમો રોકી શકતા નથી.

ભાષાંતરકારે ઉપોદ્ઘાતમા પોતાના વિચારો સમતોલપણે જણાવી આપણા ગૃહસંસારના ઇષ્ટાનિષ્ટ અંશો જણાવ્યા છે. ટિપ્પણીઓમાં અત્યારનાં સૂતિકાગૃહોનો લાભ લેવાની તથા બાળકોને ધવડાવવાની જરૂરિયાત પર ભાર મૂકયો છે. પોતાનો મુખ્ય વિષય વૈદક ન હોવા છતાં અન્ય મિત્રોની મદદથી મૂળ ગ્રંથ પર વિશેષ પ્રકાશ પાડવા પ્રયાસ કર્યો છે. પરંતુ કેટલેક ઠેકાણે તેમની સ્થિતિ હાસ્યાસ્પદ થઈ પડી છે. કારણ એ કે તેમને પ્રાચીનતા તરફ અસાધારણ પક્ષપાત છે.

"પશ્ચિમની પ્રજા ગમે તે જાતની સ્ત્રી સ્વતંત્રતા માટે ભલે બૂમ મારે; સંસારરથનાં પતિપત્ની એ બે સમાન પૈડાં છે. એ વાત અત્રે પણ માન્ય છે જ. દરેક પોતાના કર્તવ્ય ક્ષેત્રમા મહાન છે, સ્વતંત્ર છે ... "રામને મન એક સીતા જ, સીતાને મન એક રામ જ" કયાંઈએ પણ માલૂમ ન પડતી આ સ્વતંત્રતાની ભણુગા ફૂંકવાથી શો લાભ? કોઈ પણ સ્ત્રીને પુછો કે તમારે કેટલી સ્વતંત્રતા છે? રામને મન સીતા એક જ હતાં એ વાત સાચી, પરંતુ રામના પિતાને ત્રણ ધર્મપત્નીઓ હતી!!! સીતા એક જ હતાં માટે તેમને અયોધ્યાના એક હલકા આદમીના શબ્દોને ખાતર જંગલમાં, અને તે પણ વળી સગર્ભાવસ્થામા, એકલા અસહાય છોડી દેવામાં આવ્યાં હતાં. અમો પ્રાચીનતાના પૂજારીઓને વિનવીને કહીએ છીએ કે ફક્ત ત્વલંત ભૂતકાળની જ વાતો શા માટે કર્યા કરો છો? સપ્તપદીની ભાવના લેખક સમજાવે છે. કરોડો હિન્દુઓની અસંખ્ય જ્ઞાતિઓમાથી કેટલી તે પ્રતિજ્ઞાઓ સાંભળે છે? પાળવાની તો વાત જ કયાં? રજસ્વલાની અસ્પૃશ્યતાનાં કારણોમાં લેખકે, વિજ્ઞાન, વહેમ અને પુરાણની મદદ લીધી છે. એ પ્રસંગે તેઓ વિજ્ઞાન શાને કહે છે તે પણ જણાઇ આવે છે. રજસ્વલાને માનસિક અને શારીરિક આરામની જરૂરિયાત સૌ કોઈ સ્વીકારે છે. પરંતુ એને અસ્પૃશ્ય માનવી જોઈએ, રજોદર્શન દોષ રૂપ છે, તેના શરીરમાંથી મેનોટૉકસીન (Menotoxins) નીકળે છે વગેરે વાતો આ ટિપ્પણીઓના વિજ્ઞાનમાથી જ મળે છે!

કૃત્રિમ સંતતિનિયમન (Birth control)ના ઉપાસકોને, ભાષાંતરકારે ધમકાવી નાંખ્યા છે. તેમના તરફેણની એક પણ દલીલ લેખકને ગળે ઊતરી નથી.

એમણે સંયમને જ ઇષ્ટપદ આપ્યું છે. દુર્બળ પ્રજા સંયમી બની શકે નહિ એ વાત તેઓ કબૂલતા નથી. સ્ત્રીની વ્યાધિગ્રસ્ત હાલતમાં, પચીસના પગારમાં પાંચ છોકરાનું પૂરૂં

કરનારની બાબતમા, તેમણે સંતતિનિયમન સ્વીકાર્યું હોત તો મહેરબાની ચાત. "ઈશ્વરે સર્વનું પોષણ કરવા સમર્થ છે" "કીડીને કણ ને હાથીને મણ" સાગરના ૬૦૦૦૦ પુત્રો વગેરે વાતો કરોડો દરિદ્રીઓના દેશમા હવે માન્ય થઈ શકશે નહિ. હા. આ ગ્રંથ વાચનાર સ્ત્રીઓ કદાચિત આ વિચારો વધાવી લેશે!

કંઈ પણ પાથર્યા સિવાય સ્ત્રીને જમીન પર છતી સુવાડવામાં આવે અને પ્રસવ કરાવવામાં આવે એ પદ્ધતિ ઇચ્છવા લાયક નથી. ભાષાંતરકારને કદાચિત એ પદ્ધતિથી હાનિ જણાતી નહિ હોય; કારણ એ રીત આ દેશની છે અને તેનો બચાવ થવો જ જોઈએ!! એક ઠેકાણે સ્વચ્છતાની હિમાયત કરવી અને બીજે ઠેકાણે એના તરફ આંખ મીંચામણાં શા માટે?

બાળકને બીવડાવવું નહિ એ બાબત સમજાવતાં ભાષાંતરકાર કહે છે કે "મોન્ટેસરીએ આ બાબત યૂરોપમા ખૂબ ચર્ચી તે અનુસાર બાળકેળવણીનો ક્રમ રચ્યો છે. ભારતવાસીને આ બાબત નવીન નથી." (જુ. પા. ૧૮૨) જો વિદ્વાન લેખક એમ કહેવા માગતા હોય કે બીવડાવવું નહિ એ બાબત નવીન નથી તો અમો તેમની સાથે મળતા છીએ, પરંતુ જો મોન્ટેસરી કેળવણી પદ્ધતિનો પાયો ફક્ત બીકના અભાવ પર રચાએલો તેઓ માનતા હોય અને તે પદ્ધતિ પણ ભારતવાસીને નવીન ન હોય તો તેઓ ભીંત ભૂલે છે.

જ્યારે મૂળ પુસ્તકમા, આ દેશની પરિસ્થિતિને અનુકૂળ ફેરફારો સૂચવવા આટલા બધી ટિપ્પણીઓ લખવી પડી, બીજા ગ્રંથો પણ જોવા પડયા, ત્યારે એક મૌલિક ગ્રંથ જ લખ્યો હોત તો ઠીક થઈ પડત. સામાન્ય રીતે કહીએ તો, ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ થએલા આ જાતના બીજા ગ્રંથો કરતા આ ગ્રંથ બિલકુલ ચડિયાતો નથી. 'ધાત્રીશિક્ષા' કે 'સારી સંતતિ' જેવા ગ્રથોની સસ્તી આવૃત્તિ કઢાઠી હોત તો વિદ્યાધિકારીની કચેરીએ વધુ સારી સેવા બજાવી હોત. પરંતુ આ તો ભાષાતર ભાષાતર ભાષાંતર!!!

ગર્ભવિદ્યાઃ-શ્રી સયાજી સાહિત્યમાળા-પુષ્પ ૧૩૬ મું. અનુવાદકઃ પ્રાણલાલ પ્રભાશંકર બક્ષી. બી. એસ સી. પાનાં ૧૦૭ કિંમત ૦-૧૨-૦

'પીપલ્સ બુક્સ' માહેના ગર્ભવિદ્યા (Emlryology) નામના પુસ્તક પરથી આ ચોપડી લખાઈ છે. લેખકે આ કઠીન વિષયને ગુજરાતી ભાષામાં ઉતારવા ઘણો શ્રમ લીધો જણાય છે. છેવટના પ્રકરણોમાં ગર્ભવિદ્યા સાથે તત્ત્વજ્ઞાનના તથા સામાજિક પ્રથાઓના પ્રશ્નોને ભેળવી દીધા છે. 'આયુર્વેદમાં ગર્ભવિદ્યાનું રહસ્ય' એ મથાળાવાળું એક સ્વતંત્ર પ્રકરણ છે. એમાં ગર્ભવિદ્યાને લગતા ખાસ વિચારો-તત્ર प्रथमे मासि कलढं जायते (सु० शा० अध्याय ३) વાળા શ્લોકોના અર્થ આપવામાં આવ્યા નથી. વળી ગર્ભમાં શરીરનો પહેલો કયો ભાગ ઉત્પન્ન થાય છે એ પ્રશ્નની ચર્ચા પણ આપવામાં આવી નથી, જ્યારે બીજી ભળતી બાબતો આપવામા આવી છે.

"પ્રાચીન કાળમાં આપણા પૂર્વજો ગર્ભવિદ્યાનું રહસ્ય પૂરેપૂરૂં સમજી શકયાં હતા." આ વિચાર જોડે અમો સંમત થઇ શકતા નથી. ગર્ભવિદ્યા (Emlryology) અને સગર્ભા સ્ત્રીનું રક્ષણ તથા માવજત આ બન્ને બાબતો જુદી જુદી છે. આધુનિક વિજ્ઞાનની કોઈ પણ શાખા વિષે લખતાં તેના લેખકે એક સાવચેતી રાખવાની જરૂર છે કે તેનો વિષય-પ્રદેશ કયો છે. નહિ તો તે શુદ્ધ વૈજ્ઞાનિક વિચારોને બદલે આડાઅવળા વિચારો રજુ કરશે. 'પ્રાચીન માતાઓ માર્ફતે' આપણે ગર્ભવિદ્યાનું જ્ઞાન નહોતા મેળવતા; પરંતુ સગર્ભા સ્ત્રીની સંભાળ રાખવાનું જ્ઞાન મેળવતા હતા.

કેટલીક જગાએ, પરિભાષાની મુશ્કેલીને લીધે અથવા લેખકના પ્રમાદને લીધે ખોટી બાબતો ચોપડીમાં ઘુસી ગઈ છે. દાખલા તરીકે, (જુઓ પા. ૩૧.) બીજ કોષો (Germ Cells) શરીરની અમુક **શિરાઓમાં** રહેતાં નથી. તેઓ તો વૃષ્ણ ગ્રંથિ (Testis) અગર બીજાધાર ગ્રંથિ (Ovary) માં રહે છે. અંડકોષો (Ova) સ્ત્રીના ગર્ભાશયમાં રહેતા નથી તેમ ત્યાંથી છૂટા પણ પડતા નથી. તેઓ બીજાધાર ગ્રંથિ (Ovary) માં રહે છે અને પરિપક્વ થયે છૂટા પડે છે (જુઓ. પા. ૪૫). ઉપર મેં જણાવ્યું તેમ પારિભાષિક શબ્દોમા ગરબડ ઘણી થઇ છે અને તે ગુજરાતી ભાષાની હાલની સ્થિતિ જોતાં અનિવાર્ય છે. 'રેત્ર' (Sperm) એ નવો શબ્દ છે, તેમ જ ખોટો છે. શુક્રબીજ શબ્દ વધારે સારો છે. મૂત્રાશય એટલે (Kidney) કીડની નહિ કિન્તુ બસ્તિ. 'કીડની' માટે વૃક્ક અથવા મૂત્રોત્પાદક પિંડ એ વધારે સારો શબ્દ છે. Neural Groove (ન્યુરલ ગ્રુવ) એટલે નાડીરેખા નહિ કિંતુ નાડી **પરીખા**. Groove એટલે રેખા નહિ. Pancreas (પેન્ક્રીઆસ) એટલે ટ્રોમ નહિ પણ કલોમ. જો કે આ અર્થ પણ ખોટો છે. અગ્ન્યાશય એ શબ્દ વપરાવો જોઈએ. પેશી અને ધાતુ એ બન્ને સમાનાર્થ શબ્દો નથી. પેશી એટલે માસપિંડ. Anatomy (એનેટોમી) એટલે વ્યવચ્છેદ વિદ્યા નહિ કિન્તુ 'શારીર શાસ્ત્ર'. એ શબ્દ સુશ્રુત તથા ચરકમા રૂઢ થઈ ગયેલો છે.

પરંતુ આ શબ્દોની તકરારે બાજુએ મૂકીને જોઇએ તો, લેખકે વિષય સમજાવવામાં ઘણો શ્રમ લીધો છે એ નિર્વિવાદ છે. આ પુસ્તકમા થોડાં પાના ઓછાં કરીને ત્રણ ચાર સાદા ચિત્રો આપવામાં આવ્યાં હોત તો સારું. ગુજરાતી ભાષાના વિજ્ઞાનના સાહિત્યમા પ્રાથમિક પુસ્તક તરીકે આ લઘુ ગ્રંથને અમો આવકાર આપીએ છીએ. જિજ્ઞાસુ વાચકો એમાથી ઘણું નવીન જાણશે. બાલકૃષ્ણ અમરજી પાઠક

ભૂમિતિની ભૂમિકા:—લેખક: ચીમનભાઈ ડાહ્યાભાઈ પટેલ. પ્રકાશકઃ સી. એચ. દવે એન્ડ કં. બુકસેલર્સ, આણંદ. પૃ. ૫૬. કિ. ૪ આના.

ભૂમિતિના શિક્ષણમા થયેલા છેવટના સુધારા મુજબ ભૌમિતિક સિદ્ધાંતો શીખવવા પહેલાં ભૌમિતિક આકૃતિઓ દોરવાના સાધનો (કંપાસ બૉકસ) નો ઉપયોગ શીખવવામાં આવે છે અને તે વડે આકૃતિઓના ગુણધર્મોનું જ્ઞાન વ્યાવહારિક રીતે વિદ્યાર્થીને આપવામાં આવે છે. આ વિભાગને 'વ્યાવહારિક ભૂમિતિ' (પ્રૅક્ટિકલ જ્યોમેટ્રી) કહે છે. આ વિભાગ ઉપર આ પુસ્તક ગુજરાતીમાં રચવામાં આવ્યું છે.

વિષય સરળ અને રસિક રીતે સમજાવવામાં આવ્યો છે. સાધનોના ઉપગોગ પછી ત્રિકોણ, બહુકોણ, વર્તુળ વગેરે દોરાવીને તેમના ગુણધર્મોનું જ્ઞાન આપવાનો પ્રયત્ન કર્યો છે તે સફળ થયો છે. પુસ્તકમાં એક પણ આકૃતિ આપવામા આવી નથી. વિષય સમજાવતી વખતે કેટલેક ઠેકાણે આકૃતિ આપી હોત તો વિદ્યાર્થીને માટે વધારે સરળતા થાત. બીજી આવૃત્તિમા આ ખામી સુધારી લેવામા આવશે એમ અમે ઇચ્છીએ છીએ.

પૃ. ૪૫ મે concurrent ને માટે વાપરેલો એકબિંદુગામી શબ્દ વધારે-પડતો લાંબો છે. Concurrence ને માટે આપણામાં જૂનો 'સંગમ' શબ્દ છે (જેમકે 'ત્રિવેણી સંગમ'). આ ઉપરથી 'સંગામી' શબ્દ concurrent ને માટે વાપરી શકાય.

ભૂમિતિ શીખવવાની શરૂઆત કરતી વખતે વર્ગમાં ચલાવવા માટે આ પુસ્તક પૂરતું લાયક છે એમ અમે માનીએ છીએ, તેથી આ વિષયના શિક્ષકોને અમે આ પુસ્તકની ભલામણ કરીએ છીએ. હરિહર ભટ્ટ

સંગઠિત કરવાને સૂચના કરી હતી. બારડોલીની માફક સત્યાગ્રહના ઠરાવો થયા હતા, અને બાગલાણ, પાલગઢ, વસઈ અને દેવગઢ તાલુકાઓ પૈકી દેવગઢની સત્યાગ્રહની લડતની આગેવાની લેવા શ્રીયુત વલ્લભભાઈએ કબૂલ્યું હતું.

પણ આવું કંઈ પણ થાય તે પહેલાં આ વખતે સરકાર ચેતી ગઈ, અને ૧૯૨૪ પછીની નવી બારડોલી અને ચોરાસી તાલુકા સિવાયની બધી આકારણી રદ્દ કરી છે. શ્રીયુત છોટાલાલ આર. શ્રોફ એમ. એલ. સી. ના પત્રના જવાબમા નામદાર ગવર્નરે જણાવ્યું છે કે રેવન્યુને લગતું ૧૯૨૮નું ૧૪ મુ બિલ સરકારે મોકૂફ રાખ્યુ છે અને કૌંસિલની આ બેઠકમાં તેને કૌંસિલ સમક્ષ રજુ કરી શકાશે નહિ; પૂરતા ધ્યાન અને વિચાર પછી જ નવું બિલ રજુ કરવામાં આવશે. દરમિયાન ઉપરના તાલુકા સિવાયની નવી આકારણી અમલમાં નહિ આવી હોય ત્યાં નહિ મૂકાય. બારડોલી ચોર્યાસીની ફરી તપાસમા જે સિદ્ધાંતો પ્રકાશમા આવ્યા તે ધ્યાનમા લઇ બધી આકારણીની ફરી તપાસ થશે.

અલબત આથી રૈયતના મનનો ઉભરો તાત્કાલિક શમશે, પણ તેથી ખેડૂતવર્ગના સંગઠનનો જે ઠરાવ થયો છે તેમાં જરા પણ શિથિલતા લાવવાની જરૂર નથી. બારડોલીનો અનુભવ છે કે ફરી તપાસમા પણ પ્રજા તરફના કાર્યકર્તાઓએ પોતાની હકીકત ખેડૂતો પાસેથી મેળવવામા અને તેને રજુ કરવામાં ઘણો શ્રમ ઉઠાવવો પડે છે. તેને માટે સંગઠન અને વ્યવસ્થા જોઈશે. વળી જ્યાં સુધી રેવન્યુની આવી પદ્ધતિ સુધરે નહિ, બીજા કરો જેવો તે પણ એક કર ગણાય ધારાસભાની સત્તા નીચે આવે નહિ, ત્યા સુધી કાંઈ રાહતો મળે તે માત્ર તાત્કાલિક સમજવી જોઇએ નામદાર ગવર્નરનો પત્ર બારડોલી ફેરતપાસના અધિકારી મિ. મેકસવેલની સહીનો છે. આ ઠરાવ થવામાં મિ. મેક્સવેલનો અંગત અનુભવ ઘણે અંશે કારણભૂત હશે. અર્થાત્ આ રાહત મળી છે તે માત્ર અંગત કારણોને લીધે મળી છે, પણ તંત્ર પદ્ધતિ હજી એની એ છે, અને ત્યાં સુધી મહેસૂલને માટે પોતાની લડત આપવા ખેડૂતવર્ગે સદા તત્પર રહેવું પડશે.

શ્રીમાન પુરુષોત્તમ વિશ્રામ માવજીનું અવસાન

શ્રીમાન પુરુષોત્તમ વિશ્રામ માવજીના અવસાનથી ગુજરાતે એક ખરા કલાપ્રેમીને ગુમાવ્યો છે. સદ્ગત એક શ્રીમંત ભાટિયા કુટુંબમા જન્મેલા હતા અને જો કે તેમનો અભ્યાસ ખાસ વિશેષ નહોતો પણ તેમને સ્વાભાવિક રીતે જ કલા અને ઇતિહાસ તરફ વિરલ આકર્ષણ નાની વયથી થયું હતું અને તેને માટે તેમણે પુષ્કળ પ્રયત્ન અને ધનનો ત્યાગ કરેલાં છે. આપણા દેશમાંથી નષ્ટ થતી જતી કલાના વિરલ નમૂનાઓ તેમણે સંઘર્યા છે. સદ્ગતને વર્તમાન કલાનો પણ એટલો જ શોખ હતો અને પૂર્વ પશ્ચિમ બન્નેના કલાકારોના ઉત્તમ નમૂનાઓ એમના સંગ્રહાલયમાં છે. તેમને પ્રાચીન સંસ્કૃતિના અભ્યાસનો અને ખાસ કરીને દક્ષિણના મરાઠા ઇતિહાસના સંશોધનનો ઘણો શોખ હતો. મરાઠા ઇતિહાસના સ્મારક અવશેષો શિવાજીના વાઘનખ, તેનો અંગરખો વગેરેનો એક આખો વિભાગ તેમના સંગ્રહાલયમાં છે. આ બધા શોખો સાહિત્ય પ્રવૃત્તિ કરવાને પણ તેઓ પ્રેરાયા છે. કલાના ઉત્કર્ષ માટે તેમણે 'સુવર્ણમાલા' નામનું સામયિક, જે છેવટે માસિક થયા પણ પામ્યું હતું, અને લક્ષ્મી આર્ટ પ્રેસની સ્થાપના કરી હતી. દારિકામા તેમણે એક મ્યુઝિયમ બનાવરાવ્યુ છે. પાછળથી સદ્ગતની આર્થિક સ્થિતિ બગડી ત્યારે પણ કલા માટેના તેમના પ્રયત્નો એવા જ સતત જારી હતા. છેવટે તેમને પોતાના મ્યૂઝિયમનો થોડો ભાગ વેચવો પડયો ત્યારે પણ તેમણે તે હિંદ બહાર ન જાય એવી શરતે જ આપ્યો. અમે આશા રાખીએ છીએ કે તેમના આ અદ્વિતીય સંગ્રહની વ્યવસ્થા, તેમના ઉત્તરાધિકારીઓ સદ્ગતે અત્યાર સુધી દર્શાવેલા દેશપ્રેમ અને આગ્રહને અનુકૂળ રીતે જ કરશે. સદ્ગતનો કલાપ્રેમી આત્મા એ પરમકલાકારના સાંનિધ્યમા અમર શાન્તિ પામો.

સ ર સ્વ તી ગ્ર ન્થ મા લા મા ટે ના

અભિપ્રાયો

ગૂજરાતમાં આજસુધીમા આરંભાયેલી અને અસ્તિત્વ ધરાવતી તમામ ગ્રન્થમાળાઓમા, સાહિત્યના પ્રકાર અને સસ્તાપણામા કદાચ સૌને પાછળ મૂકી દેતી આ સરસ્વતી ગ્રન્થમાળાના પ્રથમ પુસ્તક તરીકે મહાદેવ દેસાઈની કલમના પ્રસાદરૂપ 'વીર વલ્લભભાઇ' મળે છે . . . ઇચ્છીએ કે ગૂજરાત આ નવીન ગ્રન્થમાળાનો પૂરેપૂરો લાભ ઉઠાવશે.

સૌરાષ્ટ્ર

આ ગ્રન્થમાળાની યોજના પણ આદરણીય છે. દોઢ રૂપિયામા આવા ૭૦૦ પૃષ્ટોના પુસ્તકો એક વર્ષમાં આપવાની તેની યોજના છે . . . તે જોતા તેને સસ્તું સાહિત્ય ફેલાવવાની જ એક યોજના કહેવામાં વાધો નથી.

પ્રજાબંધુ

પ્રસ્થાનની રૂા. ૧-૮-૦ મા વાર્ષિક બાર પુસ્તકો મેળવવાની યોજનાને પણ સૌ સત્કારશે એમ આશા રાખીએ છીએ

પ્રતાપ

ગૂજરાતમાં સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય તરફથી સસ્તું સાહિત્ય બહાર પાડવામાં આવ્યું; ત્યારપછી નવજીવન પ્રકાશન મંદિર તરફથી તેથી પણ સસ્તુ સાહિત્ય બહાર પાડવામા આવ્યુ; અને હવે પ્રસ્થાન કાર્યાલય તરફથી તેથી પણ સસ્તું સાહિત્ય બહાર પાડવામા આવે છે તે જોઈ કયા સાહિત્યપ્રેમીને આનંદ નહિ થાય?

નૂતન ગુજરાત

[સંપૂર્ણ યોજના વગેરે માટે લખો]

આ જે જ રૂ પિ યો દો ઢ મો ક લી ગ્રા હ ક થા ઓ.

બહાર પડેલાં પુસ્તકો

૧	વીર વલ્લભભાઇ	મહાદેવ દેસાઇ	કિં ૦-૨ ૬	ટ.ખે.	૦-૦-૬
૨	રાજાજીની વાતો	ચક્રવર્તિ રાજગોપાલાચારી	૦-૩-૦		૦-૦-૬
૩	અમેરિકાનુ સ્વાતંત્ર્ય યુદ્ધ	જીવણલાલ દીવાન	૦-૪-૦		૦-૧-૦
૪	જાતકકથાસંગ્રહ ભા. ૧	ધર્માનંદ કોસંબી	૦-૩-૦		૦-૦-૬
૫-૬	ક્રાન્તિ	પીટર ક્રોપોટકિન	૦-૬-૦		૦-૧-૦

પ્રસ્થાન કાર્યાલય : પારસી-અગિયારી સામે : અમદાવાદ

મુંબાઈના એજન્ટઃ—સી. જમનાદાસની કું., પ્રિન્સેસ સ્ટ્રીટ.

ધી યુનાઈટેડ ઇન્ડિયા લાઇફ એસ્યુરન્સ કું૦ લી૦

સ્થાપના ૧૯૦૬ — હેડ ઓફિસ: મદ્રાસ

ચાલુ વીમા	રૂ.	૧,૦૦,૦૦,૦૦૦	થી વધારે
વીમાનું ટ્રસ્ટફંડ	રૂ.	૩૦,૦૦,૦૦૦	થી વધારે
વાર્ષિક આવક	રૂ.	૬,૦૦,૦૦૦	થી વધારે

ભંડોળની તદ્દન સલામત રોકત; વીમાના ઓછા દર; દાવાની ઝડપી પતાવટ; વીમાપત્ર ધરાવનારાઓનો વહીવટમાં સીધો હાથ; દીલસોજ અને કાબેલ કારોબાર.

વધારામાં વાર્ષિક મોટો નફો

હયાતીના વીમા ઉપર રૂ. ૧૮; જીંદગીના વીમા ઉપર રૂ. ૨૨–૮–૦

એ યુનાઈટેડ ઇન્ડિયાનાં ખાસ આકર્ષણો છે.

વીમાની તથા એજન્સીની વધુ માહિતી માટે લખો:

સંઘવી એન્ડ કું. ચીફ એજન્ટસ
૪૮૭–૮૯ દોશીવાડાની પોળ,
અમદાવાદ

જોઇએ છે: ગુજરાત, કાઠિયાવાડ અને કચ્છમાં ગામેગામ તથા મોટાં શહેરોમાં લાગવગ ધરાવતા પ્રામાણિક સબ-એજન્ટો અને જનરલ-એજન્ટો: ઉદાર શરતોથી.

વર્ષ ૪ : શ્રાવણ : પુ૦ ૮
અંક ૧૦ ૧૯૮૫ અંક ૪

卐 પ્રસ્થાન 卐

। दृष्टिपूतं न्यसेत्पादम् ।

તંત્રીઓ
રામનારાયણ વિશ્વનાથ પાઠક
રસિકલાલ છોટાલાલ પરીખ

પ્રકાશક
પ્રસ્થાન કાર્યાલય
અમદાવાદ

વાર્ષિક રૂ. ૫-૦-૦ છ માસના રૂ. ૩-૦-૦
દેશાવર રૂ. ૬-૮-૦ છુટક નકલ રૂ. ૦-૮-૦

અનુક્રમણિકા

પુસ્તક ૮ શ્રાવણ : ૧૯૮૫ અંક ૪

(૧) ત્યાગખત : (કાવ્ય) સ્નેહરશ્મિ ૨૨૧
(૨) સોલંકી રાજા જયસિંહ (સિદ્ધરાજ) : ગૌરીશંકર હીરાચંદ ઓઝા ૨૨૫
(૩) દેશદર્શન : સુમન્ત મહેતા ૨૩૨
(૪) વિપ્લવીઓનું ગીત : ૨૩૮
(૫) હિંદની ખાંડનો ઇતિહાસ અને સ્થિતિ . ડુંગરસી ધરમસી સંપટ ૨૩૯
(૬) આપણી કવિતાસમૃદ્ધિ : [ચાલુ લેખમાળા] ૨૪૭
(૭) અમેરિકાના પત્રો : નંદલાલ મ. શાહ ૨૫૨
(૮) પોષાક અને ખાદી . ડૉ માધવજી ખી મચ્છર ૨૫૬
(૯) અલમોરાથી પત્ર · ભગવતી ૨૬૧
(૧૦) લોકચર્યા .
આપણી પ્રજાકીય સંસ્થાઓ : સુમન્ત મહેતા ૨૬૬
(૧૧) જ્ઞાનગોચરી :
(૧) 'ફળની ગણી' : પોપટલાલ પટવારી ૨૭૧
(૨) મૃત્યુ પર વિજય : રમણીકલાલ ક્રી મહેતા ૨૭૨
(૩) આગળીઓથી સાંભળો : „ ૨૭૨
(૪) ભારતવર્ષના જૂના કાગળપત્રો અને પુસ્તકો : „ ૨૭૨
(૧૨) પુસ્તકપરિચય · ૨૭૪
રાસકુંજની મરિયમ: પૌરાણિક કથાકોષ; સંરક્ષણવાદ; સંસ્કૃતિની ઉત્પત્તિ, ખેતીના ઉપદ્રવો, નેલ્સનનું જીવનચરિત્ર; ગદ્યાવલિ; ક્રાન્તિ.
(૧૩) નોંધ ૨૮૨
'પ્રસ્થાન'ના વાચકોને; ધારાસભાઓનો બહિષ્કાર; સ્વમાન માટે કુરબાની; ઇજ્જત સાથે સમાધાની; સરકાર અને સુદીદાર, સમન્વય અને સમતિક્રમ; કેટલીક ભલામણો; ભાવનગરમાં બાળલગ્નનો કાયદો; વડોદરામાં બાળલગ્ન પ્રતિબંધક કાયદો; મુંબઇ એકત્ન સંઘ; મીઠું; ધમકી બીલ.

: સૂચના :

કાર્યાલયને અંગેની ગ્રાહકોને જાણવા યોગ્ય ખબરો જાહેરખબરનાં પાનાં ઉપર આવે છે, માટે તે પાનાં પણ ધ્યાનપૂર્વક જોઈ જવા વિનંતી છે.

પ્રકાશક : રણછોડજી કેશુરભાઇ મોદી · પ્રસ્થાન કાર્યાલય. પારસી અગિયારી સામે, ખમાસા ચોકી, અમદાવાદ
મુદ્રક : ગજાનન વિશ્વનાથ પાઠક · આદિત્યમુદ્રણાલય, રાયખડ રોડ, અમદાવાદ.

આ અંકનો વધારો.

પ્રસ્થાન કાર્યાલય
પારસી અગિયારી સામે,
અમદાવાદ તા. ૧૦-૮-૨૯

શ્રીમાન
શ્રીમતી

આવતા ભાદરવામાં પૂજ્ય ગાંધીજીની એકસઠમી જયંતી આવે છે. તે નિમિત્તે 'પ્રસ્થાન'નો ભાદરવાનો અંક ગાંધી અંક કાઢવા અમારી ઇચ્છા છે.

અમારા આ પ્રયાસમાં આપ સહકાર આપશો એમ આશા રાખીએ છીએ. પૂજ્ય ગાધીજી માત્ર હિંદની જ નહિ પણ અત્યારના જગતની એક મહાન વ્યક્તિ છે અને તેમના જીવનનો અભ્યાસ અનેક દૃષ્ટિબિન્દુથી થઇ શકે તેમ છે. આ સાથે કેટલાક દૃષ્ટિબિન્દુઓ અને લેખના વિષયોની સૂચના કરી છે પણ તે કોઈ રીતે સંપૂર્ણ યાદી નથી. આપ તેમાંના હરકોઇ એક વિષય કે આપને અનુકૂળ પડે તેવા કોઇ બીજા વિષય પર વિવેચક દૃષ્ટિએ લેખ મોકલશો તો અમો ઘણા જ આભારી થઇશુ.

સદર અંક ભાદરવા સુદ ૧ મથી છપાવા માંડશે એટલે તે પહેલાં આપનો લેખ મોકલી આપવા વિનંતી છે.

લિ. સેવકો
રામનારાયણ વિ. પાઠક
રસિકલાલ છો. પરીખ

યાદી

૧ ગાંધીજીનો ગૂજરાતી સાહિત્યમાં ફાળો
૨ ગાંધીજીની ગદ્યશૈલિ
૩ ગૂજરાતમાં ગાંધીજીની વિચારસરણીના પૂરોગામીઓ
૪ સમાજમાં સ્ત્રીના સ્થાન સંબંધી ગાંધીજીના વિચારો
૫ ગાંધીજી અને સમાજસુધારો
૬ ગાંધીજી : બારિસ્ટર તરીકે
૭ ગાંધીજી : ક્રાન્તિકાર તરીકે
૮ ગાંધીજીના કેળવણી સંબંધી વિચારો અને અખતરાઓ
૯ ગાંધીજીની ધર્મભાવના
૧૦ ગાંધીજીની જીવનની ફિલસુફી
૧૧ ગાંધીજીની જીવનની ફિલસુફીમાં બુદ્ધિ અને શ્રદ્ધાનું સ્થાન
૧૨ ગાંધીજીનો રાજકારણમાં ફાળો
૧૩ ગૂજરાત વિદ્યાપીઠ
૧૪ ગાંધીજીના ઉદ્યોગ સંબંધી વિચારો અને અખતરાઓ
(જેમકે ગોપાલન, ચર્માલય, વણાટ વગેરે)
૧૫ ગોરક્ષા
૧૬ સમાજહિત અને યંત્રો
૧૭ સત્યાગ્રહ તત્ત્વવિદ્‌ની દૃષ્ટિએ
૧૮ સત્યાગ્રહ અનિષ્ટ સામે યુદ્ધના સાધન તરીકે
૧૯ ગાંધીજી સાથેના પ્રસંગો
૨૦ હિંદી—રાષ્ટ્રભાષા
૨૧ ગાંધીજીની અન્નમીમાંસા (અખતરા સાથે)
૨૨ ગાંધીજીનું સંપત્તિશાસ્ત્ર
૨૩ આધુનિક સંપત્તિશાસ્ત્રમાં ગાંધીજીના વિચારોનું સ્થાન
૨૪ જીવનમાં કલાના સ્થાન સંબંધી ગાંધીજીના વિચારો

૨૫ ગાંધીજી અને પ્રાચીન શાસ્ત્રો
૨૬ ગાંધીજીની અહિંસા
૨૭ ગાંધીજી અને ખ્રિસ્તી ધર્મ
૨૮ ,, અને સનાતનધર્મ
૨૯ ,, અને ગીતા
૩૦ વિનયન (discipline)
૩૧ સત્યશોધનમાં ગાંધીજીની વૈજ્ઞાનિક વૃત્તિ
૩૨ ગાંધીજીના શહેરસુધારા સંબંધી વિચારો
૩૩ ગાંધીજીનુ સ્વભાવવૈશિષ્ટ્ય
૩૪ હિંદુ—મુસલમાન ઐક્ય
૩૫ અંત્યજસેવા
૩૬ સ્વદેશી
૩૭ લગ્ન અને બ્રહ્મચર્ય
૩૮ વિધવા
૩૯ સંતતિનિયમન
૪૦ શારીરિક મજૂરી
૪૧ વર્ણવ્યવસ્થા
૪૨ ગાંધીજી અને પ્રાચીન સંસ્કૃતિ
૪૩ ગાંધીજી અને ટૉલ્સ્ટોય
૪૪ ,, અને શ્રીમદ્ રાજચંદ્ર
૪૫ ,, અને થૉરો
૪૬ ,, અને ટાગોર
૪૭ ,, અને સંત ફ્રાન્સિસ
૪૮ ,, અને સોક્રેટિસ
૪૯ ,, અને તિલક
૫૦ ,, અને લેનિન

ઇત્યાદિ ઇત્યાદિ ઇત્યાદિ

પુસ્તક   શ્રાવણ : ૧૯૮૫

ત્યાગખત

ઘનઘોર મધરાતે,
આનન્દપુરે આજે,
મૃત્યું નીરવ શાન્તિ પાથારે
ગુરુ ગોવિન્દ જાગે !
દીન મુખ ગત રાગે
ચિન્તા-મગ્ન, નિદ્રા વિહીન
સહસા આઘાત લાગ્યે
શિષ્યો ચાલીસ ઢીલા મુખે સામે
ઊભા જાણે કશું માગે !

જીર્ણ દુર્ગ બહાર
ઘેરલામી અસિ અંગારા જશી
ઘુમે કરી હુંકાર !
પડકારે જાગી શીખ સરદારે
હોમી દીધા ઘરબાર !
તોય હજી અરિ અંગારા જશી
જીર્ણ દુર્ગ બહાર !

ગુરુને સિંહનાદ
શૌર્યપ્રદીપ ઊઠયા જાગી શીખ
તિમિરે અગ્નિઝાળ !
"દીન ! દીન !" સામે "જય ગુર !" નામે
ધસ્યાં બની રિપુ-કાળ !
"હવે આજ, નથી લેશ ખાજ—
સન્મુખે ઊભો કાળ
દિન પરે દિન રહી ખાજ હીન
લડયા તોય શીખ બાળ !

નીડર એ શીખ વીર
ત્રાસી ક્ષુધા દુઃખે, ભૂલી શુધબુધે
ગુરુને યાચે અધીર—
"ગઢ બચવાની આશા હવે નથી
"વ્યર્થ વહે રુધિર।
"એથી ભલુ હવે, જઈ બીજે સ્થળે
"લડંતુ રાખીને ધીર!"
કિન્તુ શાન્તિ—અજળ શાન્તિ
ગુરુદેવ મુખે દિવ્ય
નિરતેજ મુખે ઊભા સન્મુખે
ચાલીસ એ શીખ શિષ્ય!

અન્તે કો એક શિષ્ય
ભૂમિ પ્રતિ ભાળી, વહી દીન વાણી
ગુરુને કે' નામી શિર—
"પણ હવે અહીં રહેવાયે નહીં
"કરશો ના દેવ! રીસ!"
શાન્ત વચને ગુરુ કહે "સુખે
"વિચરો અમે તે દિશ—
"કિન્તુ એટલુ લખીને જાવ કે
"મને ત્યજી દો છો શિષ્ય!"

સહસા વજ્રાઘાતે
ધવાઇ ગિરિ કો, ધ્રૂજે, તેમ શીખો
કમ્પી ઊઠ્યા આ વાતે
કિન્તુ ક્ષુધાથી બની મૂઢ પાછ
ખત લખ્યો નિજ હાથે!
અંધારા મહીં ચાલ્યા ગુરુ ત્યજી
ચાલીસ રાતે

શીખોને'તે, મીઠા ગાતે
કાલુ કાલું બોલી, વહી વાણી ભોળી
વધાવે બાલકો સ્મિતે—
"ગુરુદેવ સાજા? હારી ગયો રાજા?
"કો' હારી ગયો શી રીતે?"

પ્રિયતમા ઊઠ્યારો,
કુસુમની માળા ગૂંથી ભોળી બાળા
વધાવાને ધસે આરો—
"કાન્ત વિજયી ઉતારું આરતી
"હૈયા કેરે ઉમળકે!"

હર્ષાશ્રુથી માતા,
બ્હેન સુધામુખી, આશિષે વધાવે—
વધાવે મિત્ર ભ્રાતા !
મુઢ જેવા બની, ભૂમિ નખે ખણી
શીખ ઊભા શરમાતા

અભ્રા કાળા ગગને
સહસા છવાયા, છવાઈ શ્યામતા
ચાલીસ તણા વદને !
ભાગ્યો તે ભરમ, કળાયો મરમ
સ્વજનો ગયા સદને !

એકલા અંધકારે,
ડૂબ્યા મહા દુખે, અવનત મુખે
શીખ ચાલીસે વિચારે !
લીધી નિશા-ઠર, જાણે કાળપૂર
આવ્યા પાછા રણ ઘાટે !
શત્રુ-સેનાની સામે,
ચાલીસે તે સાથે, જાણે એક હાથે
પ્રલય-અસિ ઉગામે—
"જય ગોવિન્દ !" "જય ગુરુ !" વદી
અરિ પુગાડે સ્વધામે !

શીખોએ ચાલીસ હાથે,
અતુલ શૌર્યે, ધસી ધસી કીધા
ક્રટિક ઘા અરિ માથે !
"તોબાહ ! તોબાહ !" પોકારી શત્રુ
ભાગ્યા સહુ ઊભી વાટે !

*   *

રજત અશ્રુ ધાર
સ્નિગ્ધ નયન સુહાગી વદન
વિંદુ રેડે અમીધાર,
આતુર ચરણે ગુરુ પળે રણે
દેવાને આશીર્વાદ !
ધરતી ખોળે તે શિષ્યો દેખીને
ગુરુ ભણે જયકાર.

વદને વદને ભાળી
શિષ્યોને ગુરુ ચુમીને કપાળે
અશ્રુ શકે ન ખાળી !
મહાનસિંહ હજુ શ્વાસ લે છે
વન્દે ગુરુને ભાળી,

અતિ ઉલ્લાસભર્યા સ્વરે
ભેટી પડી તેને, પૂછે ગુરુ હેતે
"ઈચ્છા શી તારે ઉરે?
"કહે ભાઈ, કરું તારે કાજ શું હું?
"કહે ને મુક્ત મને!"

"પૂજ્ય ઓ ગુરુદેવ!
"ઇચ્છા શી હવે? માગું ભવે ભવે,
"કેવળ તમારી સેવ!
"બાકી કૃપા રેખો ફાડી નાખો પેલો
"ત્યાગખત ગુરુદેવ!"

ઉત્સવ આવ્યો મુખે
અરુણ સમયે ઉષા જેવી લાગે,
સ્ફુરે તેમ ગુરુ મુખે
નિર્મલ સ્મિત, સ્નિગ્ધ અમિત!
વાણી સુધા ભરી
વહી વળી રહી
સુણતો શિષ્ય સુખે.

"દસ્તખત! જાણો ના?
"આજે જ સવારે બંદૂકે ડાસી
"અરિદળ પરે ફોડી દેતા ખરે!
"થયા ઢગ અરિયોના!
"તેથી રહ્યો બચી ગઢ હજુ સુધી
"એકે ય કણ ખર્યો ના!
"અને તમે આવ્યે મણા રહે કશી?!
"સાક્ષી જુવો પડયા આ!"—
અંગુલિ વડે હસીને બતાવે
ગુરુ શબ અરિ કેરા!

પામીને આશીર્વાદ
ગુરૂ મુખે આમ મહાનસિંહ
પામ્યો મોઘું વરદાન!
સ્મિત સુધા થકી વિધુ ત્યાં પ્રકાશ્યો
તારિકાએ કીધા ગાન!

સ્નેહરશ્મિ

સોલંકી રાજા જયસિંહ (સિદ્ધરાજ)

૨

ચૌહાણ અર્ણોરાજ પર ચઢાઇ

જયસિંહે અજમેરના ચૌહાણ રાજા અર્ણોરાજ[૧] (આના) પર પણ ચઢાઇ કરી હતી. પણ એનું વિશેષ વૃત્તાંત ક્યાંય મળતું નથી. સોમેશ્વર કવિ પોતાની કીર્તિકૌમુદીમાં લખે છેઃ

"જયસિંહે શાકંભરી[૨]ના રાજા અર્ણોરાજને હરાવીને નમાવ્યો. પણ પછીથી તેની સાથે પોતાની પુત્રીનો વિવાહ કર્યો."[૩] તેણે પોતાના સુરથોત્સવ કાવ્યમા પણ લખ્યું છે કે "સપાદલક્ષના અભિમાની રાજા (અર્ણોરાજ)ને (જયસિંહે) પોતાના પગ આગળ ઝુકાવ્યો.[૪]

આ ચઢાઇનું કાંઇ લખેલું પ્રમાણ મળતું નથી, પણ એમ માલુમ પડે છે કે સાંભરના ચૌહાણ રાજા દુર્લભરાજ (દૂસલ ત્રીજો), જેના પિતાએ કોઇક લડાઇમા જયસિંહના પિતાને હરાવ્યો હતો,[૫] (હમ્મીર મહાકાવ્યમા માર્યો હતો એમ લખ્યું છે, સર્ગ ૨, શ્લોક ૩૧,)

---

૧ અજમેર નગર વસાવનાર ચૌહાણ રાજા અજયદેવનો પુત્ર. સંસ્કૃત ગ્રન્થકારોએ તેનું નામ આનલ્લદેવ અને આનાક પણ લખ્યુ છે. પણ લોકપ્રસિદ્ધ નામ આના હતુ અજમેરની પાસે આનાસાગર તળાવ જે હજી છે તે તેણે બનાવ્યું હતુ. તે વિ. સ. ૧૨૦૭ અને ૧૨૧૦ (ઇ. સ. ૧૧૫૦ થી ૧૧૫૩) ની વચ્ચે પોતાના જ્યેષ્ઠ પુત્ર જગદેવને હાથે માર્યો ગયો.

૨ રજપૂતાનામા ચૌહાણોની પ્રથમ રાજધાની શાકંભરી (સાંભર) હતી. જેથી સાંભરના ચૌહાણ રાજાઓ અને સરદારો શાકંભરીશ્વર કહેવાવા લાગ્યા. અને આજ સુધી ભાટ વગેરે સંભરીરાજ કહીને તેમને સંબોધન કરે છે. અર્ણોરાજના સમયમા અજમેર ચૌહાણોની રાજધાનીનું નગર હતું. અને સાંભર પણ તેમના તાબામાં હતું.

३ अमर्षणं मनः कुर्वन्विपक्षोर्वीभृदुन्नतौ ।
अगस्त्य इव यस्तूर्णमर्णोराजमशोषयत् ॥ २७ ॥
गृहीता दुहिता तूर्णमर्णोराजस्य विष्णुना ।
दत्तानेन पुनस्तस्मै भेदोभूदुभयोरयम् ॥ २८ ॥
द्विषां शीर्षाणि लूनानि दृष्ट्वा तत्पादयोः पुरः ।
चक्रे शाकंभरीशोपि शंकितः प्रणतं शिरः ॥ २९ ॥
कीर्तिकौमुदी, सर्ग २ ।

४ दृप्तः सोऽपि सपादलक्षनृपतिः पादानतिं शिक्षितः
श्री सिद्धक्षितिपेन सैष विभवः सर्वोऽपि यस्याशिषाम् ॥२२॥
सुरथोत्सव काव्य; सर्ग १५, श्लोक २२

૫ પ્રબંધકોષના હસ્તલિખિત પુસ્તકના અંતમાં આપેલી સપાદલક્ષના ચૌહાણ વંશના રાજાઓની વંશાવલિ, જે પ્રબંધ ચિંતામણિ (પૃષ્ઠ ૫૨-૫૪)મા પ્રકાશિત થઈ છે. પૃથ્વીરાજ-વિજયમા દુર્લભરાજ [દૂસલ] ના ભાઈ અને ઉત્તરાધિકારી વિગ્રહરાજે ગુજરાતના રાજા કર્ણને કુતવાલાળ

તેનો બદલો લેવા ચૌહાણ રાજ્ય પર ચઢાઇ કરી હશે અને વિજય પછી સુલેહ થયા બાદ અર્ણોરાજની સાથે પોતાની પુત્રીનો વિવાહ કર્યો હશે.

સોમેશ્વરનો ઉપર્યુક્ત લેખ જરૂર સાચો[6] છે કારણકે કાશ્મીરી કવિ જયાનક રચિત પૃથ્વીરાજવિજય કાવ્ય[7]થી પણ માલૂમ પડે છે કે ગૂજરાતના રાજા જયસિંહે પોતાની પુત્રી કાચનદેવીનો અર્ણોરાજની સાથે વિવાહ કર્યો હતો અને તેનાથી સોમેશ્વરનો જન્મ થયો,[8] જેને જયસિંહે પોતાની પાસે રાખીને પાળ્યો પોષ્યો હતો.

સિંધના રાજા પર ચઢાઇ

કીર્તિકૌમુદીમાં લખ્યું છે: "અસંખ્ય અશ્વસેનાવાળા તથા અનેક રાજાઓ ઉપર વિજય કરવાવાળા જયસિંહે રામચંદ્રની પેઠે સિંધપતિ[9] (સિંધ દેશના રાજા)ને બાંધ્યો[10]" અને સુરથોત્સવ કાવ્યમા પણ મોટા પ્રતાપવાન સિંધુ (સિંધ) દેશના રાજાને બાધ્યાનું લખ્યું છે.[11]

આ ચઢાઇના વિષયમાં ઉક્ત ગ્રન્થોમાં બીજુ કાંઈ લખેલું મળી આવતું નથી, પણ ખુદ જયસિંહના સમયના વિ. સ. ૧૧૯૬ (ઈ. સ. ૧૧૩૯)ના દોહદના લેખમાં સિંધુરાજ (સિંધના રાજા)ને જીત્યાનું લખ્યું છે.[12] તેથી નિશ્ચિત થાય છે કે જયસિંહે સિંધ દેશ પર ચઢાઇ કરી હતી.

પરમાર ઉદયાદિત્યને અશ્વથી સહાયતા આપ્યાનો ઉલ્લેખ છે. [પૃથ્વીરાજવિજય, સર્ગ ૫, શ્લોક ૭૬-૭૮.]

૬ જયસિંહના જ સમયના દોહદના લેખથી વિદિત થાય છે કે તેની આજ્ઞાને ઉત્તરના રાજા શિરોધાર્ય કરતા હતા. **आज्ञां शिरसि शेपेव (?) वाहिता उत्तरे नृपाः ॥२॥**

इंडियन ऐंटिक्वेरी भा. १० पृ. १५९

અહી ઉત્તરના રાજાઓનો અર્થ ગૂજરાતના ઉત્તરના રાજાઓ એટલે ચૌહાણો હોવો જોઇએ.

૭ આ કાવ્ય શહાબુદ્દીન ગોરી સાથે લડનાર પ્રસિદ્ધ ચૌહાણ રાજા પૃથ્વીરાજના સમયમા લખાયું હતુ. અને ચૌહાણોના પ્રાચીન ઇતિહાસને માટે બહુ ઉપયોગી છે, પણ ખેદની વાત છે કે અત્યાર સુધી તેની માત્ર એક જ પ્રત મળી છે ને અપૂર્ણ છે, અને જેના ઉપર બીજી રાજતરંગિણીના કર્તા કાશ્મીરી પંડિત જોનરાજની ટીકા પણ છે.

૮ ભોજપત્ર પર લખેલી પૃથ્વીરાજવિજયની મળેલી અપૂર્ણ પ્રતમાં ઉક્ત આશયવાળો શ્લોક તો નષ્ટ થઈ ગયો છે, પણ તેના પરની ટીકા જે બચી ગઇ છે, તેમાં સ્પષ્ટ લખ્યુ છે:

गुर्जरेंद्रो जयसिंहस्तस्मै यां दत्तवान् सा कांचनदेवी राज्ञी च दिने च सोम सोमेश्वरसंज्ञमजनयत्" —પૃ. વિ. સર્ગ ૬; શ્લોક ૩૪ ની ટીકા.

૯ રામચંદ્રના સબંધમા 'સિંધુપતિ' નો અર્થ 'સમુદ્ર' અને જયસિંહના પક્ષમાં 'સિંધ દેશનો રાજા' છે.

१० असख्यहरिसैन्येन प्रक्षिप्तानेकभूभृतः ।
बद्धः सिंधुपतिर्येन वैदेहीदयितेन वा ॥ २६ ॥
कीर्तिकौमुदी, सर्ग २ ।

११ बद्धः सिंधुवसुंधरापतिरतिप्रौढप्रतापोऽपि यत् ॥ ९२ ॥
सुरथोत्सव काव्य; सर्ग १६

१२ अन्येप्युत्साहिता येन सिंधुराजादयो नृपाः ॥३॥
इ. ऐं. जि. १०, पृ. १५९ ।

મહોબેના રાજા મદન-વર્મા પર ચઢાઇ

રાજશેખર[13] પ્રણીત ચતુર્વિંશતિ પ્રબંધથી માલુમ પડે છે કે જયસિંહે મહોબે પર પણ ચઢાઇ કરી હતી. આ ચઢાઇનું વૃત્તાંત ઉક્ત ગ્રન્થમા આ પ્રમાણે આપ્યું છે:—

" એક દિવસ સંધ્યા સમયે ગૂજરાતના રાજા સિદ્ધરાજ (જયસિંહ) ની સભામા એક વિદેશી ભાટે આવી તેને આશીર્વાદ આપ્યો અને તેના ઐશ્વર્ય તથા સભાના અતૂલ વૈભવથી ચકિત થઇને કહ્યું :

' અહો ! પરમાર વંશના ધૂમકેતુ[14] થી સિદ્ધરાજની સભા મદનવર્માની[15] સભાની પેઠે વિસ્મય ઉત્પન્ન કરાવનારી છે. ' સિદ્ધરાજે મદનવર્મા કયાનો રાજા છે, એમ પૂછતાં તેણે ઉત્તર આપ્યો : ' મહારાજ ! પૂર્વ દિશામાં મહોબક[16] (મહોબા) નામનું નગર છે જ્યાના રાજા મદનવર્મા છે. તે દાની, ભોગી, ધર્મશીલ, નીતિજ્ઞ, અને નલ પુરૂરવા કે વત્સરાજના અવતાર સમાન છે. તેનું તથા તેના નગરનું યથાર્થ વર્ણન કરવું બહુ કઠીન છે. ' સિદ્ધરાજે પોતાના એક મંત્રીને ઉક્ત ભાટના કથનની સચ્ચાઈની પરીક્ષા કરવાની આજ્ઞા દઇને તેની સાથે મહોબે મોકલ્યો. મંત્રીએ ત્યા પહોચીને આખું નગર સારી રીતે જોયું. પછી ત્યાથી પાછા આવીને પોતાના સ્વામીને નિવેદન કર્યું કે ' મહારાજ ! હું જે સમયે મહોબે પહોચ્યો તે સમયે ત્યાં વસંતોત્સવ પળાતો હતો. વસન્ત, હિંડોલ વગેરે રાગો ગવાતા હતા. શૃંગારભૂષિત સુંદરીઓ અહીંતહીં વિચરતી હતી. કામદેવની ભ્રાન્તિ કરાવવાવાળા લાખો નવયુવકો વિલાસમા લીન દેખાતા હતા. પ્રત્યેક મહોલ્લામાં રગ છંટાતો હતો અને ઘરઘરથી સંગીતધ્વનિ સંભળાતો હતો. ત્યાં શાસનની એવી સુવ્યવસ્થા છે કે વેપારી લોકો રાતે દુકાનો ખુલ્લી મૂકી જાય છે, અને સવારે જઇને તેને સંભાળી લે છે. રાજાને મેં દીઠો તો નથી પણ તેના સબધી મેં એમ સાંભળ્યું કે તે ઘણો વિલાસપ્રિય અને વિષયાસક્ત છે. તે કદી સભામા બેસતો નથી. દિવસરાત આમોદપ્રમોદમાં મગ્ન રહે છે અને સાક્ષાત્ ઇન્દ્રના જેવા વૈભવો ભોગવે છે. '

આ સાભળીને સિદ્ધરાજે તરત પોતાની સેના સહિત મહોબે તરફ પ્રયાણ કર્યું અને તે નગરથી આઠ કોસ દૂર ડેરા નાખ્યા, જેથી નગરમા ખળભળાટ મચી રહ્યો. તે સમયે મહોબેનો રાજા એક હજાર સ્ત્રીઓ સહિત એક સુંદર બાગમા સ્હેલ કરતો હતો. પ્રધાનોએ ત્યા જઇને સિદ્ધરાજ ચડી આવ્યાની સૂચના તેને આપી અને તેને પાછો ફેરવવાનો ઉપાય પૂછયો. તેણે હસીને કહ્યું : ' એ તો એ જ સિદ્ધરાજ છે ને, જે બાર વર્ષ સુધી

---

૧૩ પ્રશ્નવાહન કુલની કોટિક ગણની મધ્યમ શાખામા હર્ષપુરીયગચ્છ બહુ પ્રસિદ્ધ હતો. તેનો પ્રસિદ્ધ આચાર્ય અભયસૂરિ ઉપનામ મલધારીની શિષ્યપરંપરામાં તિલકાચાર્ય સૂરિ થયો. રાજશેખર એ સૂરિનો શિષ્ય હતો. એણે દિલ્હીમા વિ. સ. ૧૪૦૫ [ઈ. સ. ૧૩૪૮] માં ' ચતુર્વિંશતિ-પ્રબંધ ' ની રચના કરી હતી.

૧૪ પૂછડીઓ તારો. એનો ઉદય અશુભ મનાય છે.

૧૫ મહોબેના ચંદેલ રાજા પૃથ્વીવર્માનો પુત્ર તથા અજમેરના પ્રસિદ્ધ ચૌહાણ રાજા પૃથ્વીરાજની સાથે લડનાર રાજા પરમર્દિ [પરમાલ] નો દાદો.

૧૬ બુંદેલખંડનું પ્રસિદ્ધ નગર મહોબા. એ નગર કલિંજરના ચંદેલોની રાજધાની હતું. તેણે બનાવરાવેલા મંદિર વગેરે હજી પણ ત્યા જોવામાં આવે છે.

ધારાનગરી પાસે પડી રહ્યો હતો ? તે કાર્પટિક[૧૭] રાજાને કહી દે કે જો તમે અમારા નગર કે ભૂમિ પર અધિકાર કરવા ઇચ્છતા હો તો અમે તમારી સાથે યુદ્ધ કરવાને માટે તૈયાર છીએ. પણ જો તમને ધનનો લોભ અહીં ખેંચી લાવ્યો હોય તો તે લઇને પાછા ચાલ્યા જાઓ. જો તે ધન માગે તો તેને આપી દેવું કારણ કે આપણી પાસે પુષ્કળ દ્રવ્ય છે, અને તે દ્રવ્ય માટે બહુ બહુ કષ્ટ ઉઠાવે છે ' સિદ્ધરાજે દૂત દ્વારા દંડ માગતા મંત્રીઓએ તેના તરફ મદનવર્માનો સંદેશો કહી મોકલ્યો, જે સાભળીને તેને બહુ વિસ્મય થયો અને તેણે ૯૬ કરોડ[૧૮] સુવર્ણ મુદ્રા માગી, જે તેને ભરી દેવામા આવી. તે પછી તેને મદનવર્માને મળવાની ઇચ્છા થઇ. મદનવર્માએ પોતાના મંત્રીઓ દ્વારા તેની ઇચ્છા જાણીને તેની સાથે મળવાનું સ્વીકાર્યું સિદ્ધરાજે પોતાના ચાર આદમીઓને સાથે લઇને ઉક્ત ઉદ્યાનમા મદનવર્મા સાથે મળવાને પ્રવેશ કર્યો અને તે સોનાના તોરણવાળા સાત દ્વાર, ચાદીના જલસ્થાન, અનેક દેશોની ભાષા જાણનારી સુંદરીઓ, નંદનોદ્યાનથી પણ અધિક સુંદર ઉદ્યાન, હંસ, સારસાદિ પક્ષી, સુવર્ણની સામગ્રી અને મનોહર પુષ્પોથી ભરેલી ટોકરીઓ વગેરે જોતો જોતો આગળ વધ્યો ત્યારે કેવળ મોતીઓના થોડા આભૂષણો ધારણ કરી સિંહાસન પર બેઠેલા સર્વાંગસુંદર યુવાન રાજા મદનવર્મા પર તેની દૃષ્ટિ પડી. તે તેને દેખતા ઊઠીને ઊભો થયો અને આગળ વધીને તેને મળ્યો. પછી તેને સુવર્ણના સિંહાસન પર બેસાડીને તેને કહ્યું: ' સિંહેન્દ્ર (સિદ્ધરાજ) ! આજનો દિન બહુ શુભ છે કે આપ અમારા અતિથિ થયા.' સિદ્ધરાજે ઉત્તર આપ્યો 'રાજન્ ! આપ મને કાર્પટિક કહો છો એટલે આપનો આ ભાવ બનાવટી છે.' આ ઉપરથી મદનવર્માએ મશ્કરી કરીને પૂછ્યુ ' સિદ્ધેશ ! આ આપને કોણે કહ્યુ ?' સિદ્ધરાજે ઉત્તર આપ્યોઃ 'આપના મન્ત્રીઓથી આ વાત માલૂમ પડી. આ પ્રમાણે મને અપમાનિત કરવામા આપનો શો અભિપ્રાય છે ?' મદનવર્માએ કહ્યુ ' દેવ ! આ કલિકાલ છે, આયુષ્ય અલ્પ છે, રાજ્યશ્રી પરિમિત છે, બલ તુચ્છ છે, આ જાણવા છતા પણ આપ રાજ્યશ્રીનો ઉપભોગ નથી કરતા અને વિદેશમા અહીંતહીં ભટકતા ફરો છો, માટે આપ કાર્પટિક નહિ તો બીજા કોણ છો ?' સિદ્ધરાજે ઉત્તર આપ્યો 'સાચુ છે, એવો કાર્પટિક તો હુ છુ. આપ વાસ્તવમા ભાગ્યશાળી છો કે આ પ્રકારે સુખોપભોગ કરો છો આજ આપના દર્શનથી મારુ જીવન સફળ થયું. આપ ચિરકાળ સુધી રાજ્ય કરો ' એટલું કહીને સિદ્ધરાજ ઊઠીને ઊભો થયો. તે પછી મદનવર્માએ પોતાનો કોષ, દેવાલય વગેરે તેને દેખાડીને પોતાના ખાસ સેવકોમાના ૧૨૦ સેવક[૧૯] આપ્યા, જેને સાથે લઇને તે અનહિલવાડ ચાલ્યો ગયો[૨૦]'. આ વર્ણન અતિશયોક્તિ

---

૧૭ અહીં એ શબ્દનો પ્રયોગ ' દરિદ્ર 'ના અર્થમા કરવામા આવ્યો છે એમ માલૂમ પડે છે. એ શબ્દનો બીજો અર્થ ' યાત્રી ' છે, પણ અહીં તે ઉપયુક્ત નથી.

૧૮ આ સખ્યા કલ્પિત છે, એમા સદેહ નથી. મદનવર્માએ કા તો તેને કાઈ પણ નહિ આપ્યુ હોય અથવા જો કાઇક આપ્યુ હશે તો તે ભેટ તરીકે, નહિ કે દડના રૂપમા.

૧૯ જિનમડનગણિના કુમારપાલ પ્રબધમા સેવકોની સખ્યા ૧૨૮ની આપવામા આવી છે

૨૦ ચતુર્વિંશતિ-પ્રબધનો ૨૧મો મદનવર્મ પ્રબધ. જિનમંડનરચિત કુમારપાલ-પ્રબંધમા પણ આ ચઢાઇનુ વૃત્તાત મળે છે, જે રાજશેખરના ચતુર્વિંશતિ-પ્રબંધમા આપેલા વિવરણને ઘણુખરુ મળતુ આવે છે અને તેના જ આધારે લખાયુ હોય એમ માલૂમ પડે છે.

વિનાનું નથી પણ એટલું સાચું છે કે મદનવર્મા મોટો સમૃદ્ધિશાળી તથા વિલાસપ્રિય રાજા હતો.

જયસિંહ સૂરી પોતાના કુમારપાલચરિત્રમાં લખે છે કે જયસિંહે મહોબા નગરના સ્વામી મદનવર્માને જીતીને તેની પાસેથી ૯૬ કરોડ સોનાના સિક્કા લીધા.[૨૧] અને સોમેશ્વર લખે છે કે જયસિંહે ધારાનગરનો નાશ કર્યો ત્યારે પડોશી રાજા હોવાના કારણથી મહોબકપૂરના રાજાએ આતિથ્યના મિષે તેને દંડ ભર્યો.[૨૨] પણ કલિંજરમાથી[૨૩] આ સંબંધી એક લેખ મળે છે જેમા લખ્યું છે કે જેમ કૃષ્ણે કંસને જીત્યો હતો તેમ મદનવર્માએ ક્ષણ ભરમાં ગૂજરાતના રાજાને જીત્યો.[૨૪]

આ સર્વ પ્રમાણોથી સિદ્ધ થાય છે કે જયસિંહે માળવા પર ચઢાઇ કરીને વિજય પ્રાપ્ત કર્યો હતો તોપણ તેણે મહોબે ઉપર પણ ચઢાઇ કરી. પણ તેમા જયસિંહ સૂરિ જે વિજય પ્રાપ્ત કર્યાની વાત લખે છે તે વિશ્વાસયોગ્ય નથી કારણ કે સોમેશ્વર, રાજશેખર અને જિનમંડનમાથી એકે પણ સ્પષ્ટ રૂપે વિજયનો ઉલ્લેખ કર્યો નથી. અને મહોબેના લેખમાં ગૂજરાતના રાજાને હરાવ્યાનો ઉલ્લેખ છે. સંભવ છે કે જયસિંહને મદનવર્મા સાથે મૈત્રી કરીને પાછા આવવું પડયું હોય. ૯૬ કરોડ મહોર વસુલ કર્યાની વાત કવિની કલ્પના માત્ર છે.[૨૫]

હેમચંદ્ર લખે છે કે સિદ્ધપુરના બ્રાહ્મણોએ અનહિલવાડમા આવીને જયસિંહ આગળ ફરિયાદ કરી કે " રાક્ષસોએ મોટો ઉપદ્રવ મચાવ્યો છે, સરસ્વતી નદીના તટ ઉપર આપે જે ' સત્રશાલા ' બનાવરાવી હતી તે તેમણે તોડી નાખી છે. " તે ઉપરથી તેણે (જયસિંહે) સેના સાથે તેના ઉપર ચઢાઈ કરી. રાક્ષસોના સ્વામી બર્બરકે એનો એવો સામનો કર્યો કે તેની સેનાના પગ ઊખડી ગયા. પોતાની સેનાની આવી દશા જોઇને રાજાએ પોતે શસ્ત્ર ધારણ કર્યું અને તેના પ્રતિહારે ભાગતી સેનાને હિંમત આપી જેથી સેનાએ ફરી એકત્ર થઇ લડવુ શરુ કર્યું. બર્બરક જયસિંહ તરફ વધ્યો અને તેણે પોતાની

બર્બરક ઉપર વિજય

---

૨૧ महोबकपुराधीशाज्जितान्मदनवर्मण. ।
कोटीं षण्णवतिं हेम्नां यस्तन्मानमिवाददे ॥४२॥

कुमारपालचरित, सर्ग १

જયસિંહસૂરિએ કુમારપાલચરિતની રચના વિ૦ સ૦ ૧૪૨૨ (ઈ. સ. ૧૩૬૫)મા કરી અને રાજશેખરનો ચતુર્વિંશતિ-પ્રબંધ તેનાથી ૧૭ વર્ષ પૂર્વે તૈયાર થયો હતો. એથી સંભવ છે કે જયસિંહસૂરિએ એ વૃત્તાંત ચતુર્વિંશતિ પ્રબંધમાથી જ ઉદ્ધૃત કર્યો હોય.

૨૨ धाराध्वंसप्रसंगेन यस्य सान्निध्यशङ्कितः।
प्राघूर्णकमिषाद्दंडं महोबकपतिर्ददौ ॥३३॥

कीर्तिकौमुदी; सर्ग २ ।

૨૩ બુંદેલખંડમા ચંદેલોનો પ્રસિદ્ધ કિલ્લો

૨૪ मुनान्नीयत गुर्ज्जरेशः क्षणेन कृष्णेन पुरेव कंसः।

બંગાળ એશિયાટિક સોસાયટીનું
ઈ. સ. ૧૮૪૮નું જર્નલ પૃ. ૩૧૮

૨૫ મદનવર્મા પરની જયસિંહની ચઢાઈનો ઉલ્લેખ કરનારાઓમા સૌથી પહેલો લેખક સોમેશ્વર છે. તેણે સ્પષ્ટ લખ્યું છે કે મદનવર્માએ આતિથ્ય, નહિ કે દંડ, ના રૂપમાં સિદ્ધાર્થને મહોરો આપી, બે રાજાઓ વચ્ચે સંધિ યા મૈત્રી થયા પછી એક રાજા પોતાને ત્યાં આવેલા બીજા રાજાનું આતિથ્ય કરે અને તેને કાંઈક આપે એ એક સાધારણ વાત છે.

તલવાર વડે તેના રથના ઘોડાને મારી નાખ્યા. જે ઉપરથી રથથી ઊતરીને તેણે બર્બરકના માથા ઉપર પોતાની તલવાર ઝીકી પણ તલવારના બે ટુકડા થઇ જતા તેણે દ્વંદ્વયુદ્ધ શરૂ કર્યું, જેમા બર્બરકને હરાવીને કેદ કરી લીધો. પછી તેની સ્ત્રી પિંગલિકાએ આવીને જયસિંહને પ્રાર્થના કરી કે આજથી તે દુરાચરણ છોડી સદાચાર ગ્રહણ કરશે અને આપનો દાસ થઈ રહેશે. તે પરથી રાજાએ તેને બંધનથી મુક્ત કરી સિદ્ધપુર પ્રદેશનો શાસક બનાવ્યો.[૨૬]

હેમચંદ્રના આ લેખથી સ્પષ્ટ થાય છે કે બર્બરક કોઇ રાક્ષસ અર્થાત મ્લેચ્છ (અસભ્ય જાતિનો સરદાર) હતો. બર્બરક નામની જંગલી જાતિના લોકો આજ સુધી કાઠિયાવાડમા વસે છે અને બાબરિયા કહેવાય છે. આ લોકોની વસ્તીને લઇ દક્ષિણ કાઠિયાવાડનો એક જિલ્લો 'બાબરિયાવાડ' નામથી પ્રસિદ્ધ છે. એટલે સંભવ છે કે જયસિંહ સાથે લડીને કેદ થનારો બર્બરક આ લોકોનો મુખી અથવા સરદાર હોય.

તામ્રપત્ર વગેરેમા જયસિંહના જે ખિતાબ લખેલા મળી આવે છે તેમા એક 'બર્બરક-જિષ્ણુ' (બર્બરકને જીતવાવાળો) પણ છે. આ ખિતાબ એ બનાવનું સ્મરણ કરાવે છે.

ઉક્ત પરાજય પછી બર્બરકે જયસિંહની સારી સેવા કરી હશે એમ જણાય છે. કારણ કે ગૂજરાતીઓની લૌકિક વાતો પરથી માલૂમ પડે છે કે જયસિંહે સ્મશાનમા કોઇ મનુષ્યના શબ ઉપર બેસીને કોઈ મંત્રનો જપ કર્યો, જેથી બાબરા નામનો ભૂત તેને આધીન થઈ ગયો હતો. તેના દ્વારા તે અનેક વિકટ કાર્યો સહજમાં સિદ્ધ કરી લેતો હતો[૨૭] અને અનેક પ્રકારની સિદ્ધિઓ બતાવતો હતો તેથી તેનું નામ 'સિદ્ધરાજ'[૨૮] પ્રસિદ્ધ થયું. લોકોની આ દંતકથાઓનો બાબરો ભૂત ઉપર્યુક્ત બર્બરક જ હોવો જોઈએ.

જયસિંહના અનેક ચમત્કારો જોઇને તેને વશ ભૂતો હતા એમ માત્ર અજ્ઞાન લોકોએ જ માની લીધુ છે એમ નહિ, પણ તેના દેહાત પછી પણ કેટલાક વિદ્વાન લેખકોએ પણ એ વાત સાચી માની હોય એમ માલૂમ પડે છે. સોમેશ્વર લખે છે 'જયસિંહ શ્મશાનમાં ભૂતોના સ્વામી બર્બરકને આધીન કરીને સિદ્ધરાજ કહેવાયો.'[૨૯] અને અરિસિંહે લખ્યું છે: 'જયસિંહ બર્બરકની ખાંધ ઉપર બેસીને આકાશમાં ફરતો હતો'[૩૦] આ પ્રમાણે તેની સિદ્ધિઓના સબધમાં પણ અનેક કથાઓ હેમચંદ્ર વગેરે ગ્રન્થકારોએ લખી છે.[૩૧]

---

૨૬ દ્વયાશ્રય કાવ્ય, સર્ગ ૧૨ (આદિથી અંત સુધી)

૨૭ ભાટોના પુસ્તકોમા લખ્યુ છે કે જયસિંહે જ્યારે સોરઠના રાના ખેગાર પર ચઢાઈ કરી હતી ત્યારે તેની સેનામા ૭૨૦૦ ભૂતો સાથે બાબરો ભૂત પણ હાજર હતો, જેણે વાઘેલ ગામમા ભૂતો મારફત એક જ રાતમા એક તળાવ બનાવ્યુ હતુ. (અમદાવાદથી પ્રસિદ્ધ થયેલ રત્નમાલાની છેવટની દંતકથાઓમા ખગારનુ ચરિત્ર પૃ. ૨૫૮)

૨૮ સિદ્ધરાજને બદલે 'સિદ્ધચક્રવર્તી' પણ લખેલુ મળે છે.

૨૯ श्मशाने यातुधानेन्द्रं बद्‌ध्वा बर्बरकाभिधम् ।
सिद्धराजेति राजेन्दुर्यो जज्ञे राजराजिषु ॥ ३८ ॥
कीर्तिकौमुदी, सर्ग २।

૩૦ यः सञ्चरन्बर्बरखेचरस्य स्कन्धाधिरूढो रचयाञ्चकार ।
मुखश्रिया सेन्दु दिवापि देहद्योतेन दोषापि नभः सभानु ॥ ३३ ॥
सुकृतसंकीर्तन; सर्ग २ ॥

૩૧ હેમચંદ્ર લખે છે: "રત્નચૂડ નાગના પુત્ર કનકચૂડની સહાયતા માટે જયસિંહે વજ્રમુખ

જયસિંહને તલવાડેના લેખમાં પરમર્દિનો મર્દન કરવાવાળો લખ્યો છે. આ લેખનો પરમર્દિ મહોબે (બુંદેલખંડ) નો પરમર્દિ દેવ, જે પૃથ્વીરાજ ચૌહાણ સાથે લડીને હાર્યો હતો, તે હોઈ જ ન શકે, કારણ કે તે તો સિદ્ધરાજના મૃત્યુ પછી વિ. સં. ૧૨૨૨ (ઈ. સ ૧૧૬૫) પછી ગાદી પર બેઠો હતો. જયસિંહનો સમકાલીન પરમર્દિ કલ્યાણ (દક્ષિણમા) નો સોલંકી રાજા વિક્રમાદિત્ય (છઠ્ઠો), જેનું બીજું નામ પરમર્દિદેવ હતું, તે હોવો જોઇએ. તેના સેનાપતિ આચે ગૂજરાત ઉપર ચઢાઈ કરી હતી એવો ઉલ્લેખ મળે છે.[૩૨] જિનમંડનોપાધ્યાય પોતાના કુમારપાલપ્રબંધમાં લખે છેઃ—

કલ્યાણના રાજા પરમર્દિની સાથે ચઢાઇ

"જે તલવારથી જયસિંહ હિમાલયથી આવેલી યોગિનીઓની સામે ચઢી ગયો હતો તે કલ્યાણકટક (કલ્યાણ) ના રાજા પર્માડિ (પરમર્દિ) ને સાથી આણેલી હતી." આ કથન અમારા ઉપરના અનુમાનને પુષ્ટિ આપે છે.

ઉપર લખેલી ચઢાઈઓ સિવાય, કીર્તિકૌમુદીમા જયસિંહે ગૌડ[૩૩] દેશના રાજાને પણ જીત્યાનો ઉલ્લેખ મળે છે,[૩૪] પરન્તુ તેનું વિશેષ વૃત્તાત કયાય મળતું નથી.

(અપૂર્ણ)

ગૌરીશંકર હીરાચંદ ઓઝા

[આવતા છેલ્લા હપ્તામાં જયસિંહની લોકપ્રિયતા, મુસલમાનો તરફનો વર્તાવ, તેનો વિદ્યાનુરાગ, તેનું વ્યક્તિત્વ, જગદેવ પરમાર વગેરે આવશે.]

જાતિની માખીઓથી ભરેલા અધારા કુવામા, જેમા પ્રવેશ કરવાથી અવશ્ય મૃત્યુ થતુ, પ્રવેશ કરી કુવાની ખારી માટી લાવી તેને આપી હતી" (દ્વયાશ્રય કાવ્ય, સર્ગ-૧૩) એજ પ્રમાણે એના સબધમાં ભૂત, શાકિની વગેરેને પણ મત્રબળથી વશ કર્યાની વાતો લખેલી મળે છે.

કુમારપાલપ્રબધમાં લખ્યુ છે. "જયસિહનો સિદ્ધચક્રવર્તીનો ખિતાબ હોવાનું સાભળીને હિમાલયથી બે યોગિનીઓ તેની સિદ્ધિની પરીક્ષા કરવાની ઇચ્છાથી આકાશમાર્ગે તેની સભામા આવી અને તેને કહ્યુ કે અમે તમારી સિદ્ધિ જોવાને આવી છીએ. એ સાભળીને રાજાએ પહેલાં તેમનું આતિથ્ય કર્યું પછી એક દિવસ તેમની સમક્ષ ચમત્કાર બતાવવાની ઈચ્છાથી એક ચળકતી તલવાર તે મૂઠ સુધી ખાઈ ગયો. તે તલવાર સાકરની બનાવેલી હતી. માત્ર તેની મૂઠ લોઢાની હતી. એ પછી મંત્રી સાતુએ તલવારની મૂઠ ધોઇ યોગિનીઓને આપી અને તેમને કહ્યુ કે તમે આ ખાઈ જાઓ એટલે તેમણે રાજાને કહ્યુઃ "રાજેન્દ્ર! આપ અપૂર્વ શક્તિ ધારણ કરવાવાળા છો અને 'સિદ્ધચક્રવર્તી' કહેવાવાને માટે તદન યોગ્ય છો." (જિનમડનરચિત કુમારપાલ-પ્રબધમાં જયસિંહનુ વૃત્તાંત.)

૩૨ મારો સોલકીઓનો પ્રાચીન ઇતિહાસ ભા. ૧ પૃ. ૧૧૭

૩૩ ગૌડ નામના એકથી અધિક દેશો ભારતવર્ષમા હોય એમ લાગે છે. પ્રસિદ્ધ ગૌડ દેશ [બગાલ] સિવાય અયોધ્યાની ઉત્તરમાં ઉત્તર કોશલનો એક ભાગ પણ ગૌડ દેશ કહેવાતો હતો. કનિંગહામનો આર્કિઆલોજિકલ સર્વેનો રિપોર્ટ ભા. ૧ પૃ. ૩૨૭

३४ गणेशस्येव यस्याग्रपुष्करस्य वृषस्थिते:।
आज्यसार: करस्थोभूद्गौडो मोदकवन्नृपः ॥ ३७ ॥

कीर्तिकौमुदी, सर्ग २।

દેશદર્શન

આખા દેશના જીવતા જુવાનિયામાં એક જ વિચાર રમી રહ્યો છે અને જેમનામાં પુષ્કળ હિંમત છે તે ચોખ્ખું કહી દે છે કે "ક્રાંતિ અમર રહો", "આપખુદીનું સત્યાનાશ જાઓ." દિલ્હીના નવા દિવાને-આમમાં ભગતસિંહ અને દત્તે જે નોટીસ વિચારપૂર્વક આપી તે સરકારે તથા દેશના ખરા અને કહેવાતા આગેવાનોએ લક્ષપૂર્વક સમજી લેવાની જરૂર છે. એ બન્ને જુવાન ભાઇઓનું કૃત્ય સ્પષ્ટ રીતે બતાવી આપે છે કે હિંદી જુવાનિયાને દેશની પરાધીનતા અસહ્ય થઈ ગઈ છે અને દેશને મુક્ત કરવા માટે જે પ્રયત્નો થઇ રહ્યા છે તેમા આગેવાનો જે નબળાઈ, મનની સંકુચિતતા, સ્વાર્થ-સાધના, કીર્તિલોભ, કે સત્તાલોભ બતાવી રહ્યા છે તેનાથી જુવાનો કંટાળી ગયા છે. આજના કેટલાક જુવાન આગેવાનો પણ મીઠાં મીઠાં મહાન આદર્શવાળા ભાષણો કરીને રખડયા કરે છે તેનાથી સમસ્ત જુવાનવર્ગ સંતોષાતો નથી. જ્યારે પેટમાં ખાડા પડયા છે ત્યારે આપણે રોટલો માગવો કે લાડુ તે માટે થતી નકામી મારામારી પરત્વે તેમને તિરસ્કાર છે. સારસ્થાનિક સ્વરાજ્ય અને સ્વતંત્રતાની લડત આ પ્રકારની છે. ખરો પ્રશ્ન તો ખાવાનું લેવાની તાકાદ વધારવાનો છે. તે બાબતની ચેતવણી ભગતસિંહ અને દત્તે આપી છે, અને જુવાનવર્ગ કહે છે કે 'સાભળો અને ચેતી જાઓ, નહિ તો ઊખડી જશો!'

જ્યારે દેશમા ભૂખમરો પ્રસરી રહ્યો છે, ભણેલા તેમ જ અભણ માણસોને ધંધો રોજગાર મળતો નથી, તેવે વખતે આપણી મહાસભા શું કરે છે? મુબઇમાં મહાસમિતિની સભા મળી હતી તેમાં એક ભાઈ હિંદીમા બોલ્યા એટલે બીજાએ તેલુગુમાં અને ત્રીજાએ તામીલમા ભાષણ કર્યા. સભામા હસાહસ થઇ રહી હતી અને પ્રમુખ છેલ્લી બે ભાષાઓ સમજતા નહોતા તે છતાં જ્યારે તામીલ બોલનાર પોતાનો વાંધો બતાવીને અટકયા ત્યારે તેમણે કહ્યું કે તમારે વધુ બોલવું હોય તો કહી દો! આવી રીતે દેશની તીવ્ર વેદના ભૂલી જઇને મહાસમિતિમાં ફારસો થાય ત્યારે જુવાનવર્ગ બંડ ઊઠાવે તેમા શી નવાઈ? આજે મહાસભામાં કોમીભેદની, ભાષાભેદની, પ્રાંતીયભેદની અને જુજ વિચારભેદની મારામારી ચાલ્યા કરે છે જો તેમા સમાધાની થાય છે તો તેનો પણ અર્થ નથી કારણ કે ઠરાવો કર્યા છતા તેનો અમલ કરવાની તત્પરતા નથી. મહાસભામાં ડિસિપ્લિન રહ્યો નથી. કારભારી મંડળના ઠરાવોની માત્ર અવગણના નહિ પણ જાહેર મશ્કરી કરવામા આવે છે. હિંદુ-મુસ્લીમ પ્રશ્ન વધારે વિકટ થતો જાય છે, પરદેશી કપડાના બહિષ્કાર માટે જોઇએ તેવી જુસ્સો અને ઉત્સાહ નથી, સમાનતા અને ભ્રાતૃભાવનો પ્રચાર-જેમાં અસ્પૃશ્યતા નિવારણનો પ્રશ્ન અગ્રસ્થાને આવે-તેમા જોઇએ તેવું જોર નથી. ધારાસભાઓમાં જઇને પ્રતિષ્ઠા તથા સત્તા મેળવવાના ફાંફા મારવામા આવે છે. આવું ઝેરી, કલેશમય વાતાવરણ આપણી રાજકીય પ્રવૃત્તિની અંદર થઈ ગયુ છે. ભૂખમરાનો એટલે ગરીબાઇનો પ્રશ્ન એ જ સૌથી મહત્વનો પ્રશ્ન છે. નહેરૂનો રિપોર્ટ સર્વે પક્ષે મજુર કરવો કે નહિ એ ગૌણ બાબત છે. જુવાનિયા હસીને પૂછે છે કે સાઈમન કમિશન જોડે અસહકાર કરીને આ બુઢિયા અમુક રિપોર્ટને માટે શા માટે મરી પીટે છે? અને એનો સ્વીકાર પ્રજા કરશે તો પણ

સરકાર પાસેથી હકો લેવા માટે જોર ક્યાં વધારીએ છીએ ? આપણા માંહેમાંહેના કંકાસને લીધે સરકારને ઉલટું ઘર આવ્યું છે. થોડી નોકરીઓને માટે તથા સભાના મતોને માટે મુસલમાનો વિનાની કોમો લડી મરે છે પણ એકંદરે જેનામા બુદ્ધિબળ હશે તે જ પ્રગતિ કરશે. મુસ્લીમ છોકરીઓને ભણાવવી એ વધારે મહત્વનો પ્રશ્ન છે, કોમી એખલાસ એ નહેરૂ રિપોર્ટ કરતાં વધારે આવશ્યક છે.

આપણા દેશની શક્તિ અનેક રીતે હણાઈ રહી છે. જે કામ અથવા સુધારો આપણે પોતે કરી શકીએ તે કરવાને બદલે સરકારના ઉપર તેનો દોષ નાખી દેવાથી પ્રજાને સુખ મળતું નથી. એક તરફથી ક્રાંતિ કરવાના જુસ્સાની જરૂર છે, બીજી તરફથી સામાજિક, જીવનમા જેટલો કચરો ભેગો થયો છે તેને ખસેડવા માટે પાવડા ને ટોપલી લેવાની જરૂર છે. સહકાર–અસહકાર, હિંસા–અહિંસાની બારીક કચકચમા જુવાનિયા રસ લેતા નથી.

નવો યુગ

આ નવા યુગના ચિહ્ન તરીકે દેશમા ઠેકઠેકાણે યુવકમંડળો સ્થપાયા છે. હિંદુસ્તાની સેવાદળ એ મહાન પ્રવૃત્તિ છે અને ભવિષ્યમા એ સારી સેવા કરી બતાવશે એવી આશા રાખી શકાય. વ્યાયામ શાળાઓની પ્રવૃત્તિ પણ એ જ પ્રકારની છે. આજના યુગમા ડિસિપ્લિન નથી અને તેથી હાલની ભયંકર અરાજકતા ચાલી રહી છે. હજારો યુવક મંડળો સ્થપાયાં છે અને સ્થપાતાં જાય છે, એમા સમાજનું ખમીર છે. શહેરોનાં મંડળોમાં આજે મોજશોખ અને કળાપ્રિયતા વધારે જોવામા આવે છે પણ પ્રસંગ આવે એ જુવાનિયા પ્રાણ પાથરશે બારડોલીની લડત પછી ગામડામાં જે મડળો સ્થપાય છે, જમીનવેરાના સુધારાને માટે, ન્યાતજાતના રિવાજો સુધારવા માટે, વ્યસનોને કાઢી નાખવા માટે, સેવા કરવા માટે—એ પણ વિશાળ બળ ઊભું થાય છે અને અંતે બિચારા બૉય સ્કાઉટો જે હજારોની સંખ્યામા તાલીમ મેળવી રહ્યા છે, એ આપણા જ ભાડુ છે, અને આ સુંદર મંડળમાંથી જ્યારે વિદેશી અને અધિકારી (એટલે સરકારી નોકરિયાત) વર્ગ જતો રહેશે ત્યારે તે તાલીમબદ્ધ યુવકો અતિ ઉપયોગી થઈ પડશે.

આ મોટું લશ્કર આજે પણ ઘણુ સારું કામ કરે છે. બારડોલી સત્યાગ્રહમા શ્રી. વલ્લભભાઈ અને થાણાઓના વિભાગપતિ વખતે મોટી વયના હશે પણ લશ્કર તો જુવાનિયાનું બનેલુ હતું. એ લડતને શરુઆતમાં તૈયાર કરનાર જુવાનિયા હતા. આજે ગામડે ગામડે કામ કરનાર એ વર્ગના છે. ખાદીના કામમા આજે સેંકડો નવજુવાનો થાણાં નાખીને બેઠા છે–બેઠા નથી પણ ગામડે ગામડે રખડીને સૂતર કંતાવે છે હાલની કામદાર વર્ગની લડત, મુબઇ, મદ્રાસ, જમશેદપુર, ઝરીઆ, કાનપુર, મીરત એમાં જુવાન યોદ્ધા પડ્યા છે અને જો સરકારના દુરાગ્રહને લીધે લડતનું સ્વરૂપ હિંસાત્મક થશે તો તેમા જુવાનિયા જ ઝંપલાવશે. કલકત્તાની મહાસભામાં જુવાનવર્ગનો બળવો જામ્યો હતો અને આવતી બેઠક વખતે તેમની બહુમતી થાય એ બનવાજોગ છે. દેશી રાજ્યોમાં પણ જુવાનિયા હવે ડેપ્યુટેશન અને સુક્કી પરિષદોથી થાકી ગયા છે અને કાંઇ નહિ તો વ્યક્તિગત સત્યાગ્રહ કરીને પ્રજામત કેળવવા તરફ તેમનું લક્ષ ગયું છે. રાજાઓમાંથી પણ જે જુવાન છે તેમની મનોદશા અને વૃત્તિ એમના બાપદાદા કરતા સારી છે. હજી તેમની વિલાસ-વૃત્તિ સંયમમાં આવી નથી પણ હવે તેઓ પ્રજામતને માન આપતા થાય છે, થોડી ઝાંઝક સેવા પણ કરે છે.

પણ યુવક મંડળોએ ન્યાતના રિવાજો બદલવામા ખૂબ સારુ કામ કર્યું-છે. આજે ઘણા યે ડોસા કુમળી કન્યાઓ જોડે પરણે છે પણ સમાજમા તેમને માટે ધિક્કાર ઉત્પન્ન થયો છે અને કાયદાથી અસમાન વયના લગ્નો, વૃદ્ધ લગ્નો અટકાવવાનો પ્રયત્ન થાય છે. ખોટા ખર્ચો કાઢી નાખવા માટે પણ યુવાનોએ બંડ કર્યા છે. બારમાં અને તેરમાં ઓછા થયા છે, લગ્નોના ખર્ચ પર થોડો કોઈ અંકુશ મૂકાયો છે. સાદા લગ્નોમાં ન્હાનમ ગણાતી નથી. કન્યાવિક્રય તરફ પણ અણગમો પેદા થયો છે, લગ્ન કરવાના સમયમા થોડો કાઇક સુધારો થાય છે. યુવકોને માટે જે ચીજ અત્યત રહેલી છે તે ઉપાડી લે તો કન્યાકેળવણીના પ્રશ્નનો નિકાલ થઇ જાય. જો આવા મંડળોનો દરેક સભ્ય પ્રતિજ્ઞા લે કે (૧) પોતે બાવીશ વર્ષ સુધી લગ્ન કરશે નહિ, અને નાના ભાઇઓના લગ્ન થતા હોય તો તેને અટકાવવા માટે અત્યંત આગ્રહ કરશે; (૨) અભણ કન્યાને પરણવાની ના પાડશે અને પોતાની બ્હેનોને ભણાવવા માટે આગ્રહ કરશે—તો આપણા સમાજની સ્થિતિ વીસ વર્ષની અંદર એવી સુધરી જાય કે તે વખતની મિસ મેયો વાહવાહ કરીને અમેરિકા પાછી વળે. આપણા સમાજની ઘણી નબળાઈ કન્યા કેળવણીના અભાવને લીધે છે. જ્યા સુધી આપણા નવજુવાનો નાની વયે, કમાતા થાય ત્યાર પહેલા, પરણે ત્યાં સુધી તેમનામા સાહસ અને બંડખોર વૃત્તિ ખીલવાનાં નથી એ ચોક્કસ છે.

સ્ત્રીઓમા નવા વિચારનો પ્રચાર ઘણો થઇ રહ્યો છે પણ તેની અસર હજી આમ વર્ગ પર થઇ નથી. સમાજમા તેમને ઉચ્ચ સ્થાન મળે, દરેક રીતે પરતંત્ર રહેવું ન પડે, માબાપની મિલ્કતમા તેમને ન્યાયસર હિસ્સો મળે, સારામાં સારી કેળવણીને માટે વ્યવસ્થા થાય અને જેમને ફુરસદ છે તેમને જાહેરજીવનમાં યોગ્ય સ્થાન મળે તેટલા માટે ખૂબ ચળવળ ચાલી રહી છે. એમ કહેવામાં ખોટું નથી કે લગભગ દરેક ઇલાકામાં કન્યા કેળવણીનો વધારો થતો જાય છે અને આજ સુધી બહુ પછાત હોવાને લીધે આજે છોકરાઓમા વધારો થાય છે તેના કરતા છોકરીઓમાં વિશેષ છે. પણ હજી તો એ વધારો પાશેરામા પહેલી પૂણી છે, અને જ્યારે જુવાન ભાઇ બ્હેનો કન્યા કેળવણીને માટે કફની પહેરશે અને પોતાનું જીવન તેમા રેડશે ત્યારે કન્યાઓને યોગ્ય શિક્ષણ પ્રાપ્ત થશે. સ્ત્રીઓની કેળવણી પરિષદમા હવે માત્ર શિક્ષણનો વિચાર થતો નથી, દરેક પ્રશ્નને ઉપાડી લીધો છે. જ્યા જ્યાં સ્ત્રીઓને જાહેર કામ હાથ આવ્યું છે, ત્યા ત્યાં, સભાઓમા, પરિષદોમાં, મ્યુનિસિપાલિટીમા, ધારાસભામા, સર્વત્ર—તેમણે ઉદ્યમ, અભ્યાસ, સહિષ્ણુતાના સદ્ગુણોના બળથી ઉત્તમ કામ કર્યું છે.

બીજા આપણા સત્તાધીશો

જેવી રીતે બિનજવાબદાર સત્તાધીશ બ્રિટિશ સરકારની સાથે હિંદી પ્રજાને લડવાનું છે તેવી જ રીતે દેશી રાજાઓની સાથે પણ લડવાનું આવી પડ્યું છે. દેશી રાજાઓના હાથમા માત્ર એક સત્તા આજે રહી છે. સુરાજ્ય કરવાની કે કુરાજ્ય કરવાની. ખરુ છે કે બ્રિટિશ સરકારે તેમને નિર્બળ, અજ્ઞાન, કુસંપી અને નમાલા બનાવી દીધા છે, પણ પોતાના રાજ્યમા તેમને સુધારા કુધારા કરવાની સત્તા છે અને જરા યે અતિશયોક્તિ વિના કહી શકાય કે રાજાઓની મોટી સંખ્યા કુમાર્ગે ચઢી ગઈ છે. તેમને ભોગવિલાસ અતિપ્રિય થયા છે. વહેમીલા લોકો એમ સૂચવે છે કે બ્રિટિશ સરકાર ઇચ્છે છે કે તેમનું રાજ્ય પછાત રહે. તેમની પ્રજા કકળતી રહે તો બ્રિટિશ રાજ્યની કિંમત સમજે. રાજાપ્રજા વચ્ચે

કુસંપ રહે તો રાજા સરકારનો આશરો માગે, અને હાલમાં લાલ અને પીળા હિંદને છૂટું પાડવાનો જે પ્રપંચ રચાયો છે તેમાં સરકારનો હાથ ઊંચો રહે અને રાજા તેમના નમ્ર ગુલામ થઇને રહે. પણ આવી રાક્ષસી ગણત્રી હમેશાં ખોટી પડે છે. હિંદુ મુસ્લીમને ૪૦ વર્ષ પહેલા જુદા પાડયા પણ પછી અંતે તો એકદીલીથી બન્ને કોમ સાથે થઈ, તેવી જ રીતે હિંદી રાજા અને હિંદી પ્રજા એકઠા થઇ જશે. આજે દેશી રાજાઓનો પ્રશ્ન ઘણો જ ગંભીર થઇ ગયો છે. બુદ્ધિશાળી પણ સ્વાર્થી અને આંધળા રાજાઓ સિડનહામ-ઓડવાયરના હાથમાં રમી રહ્યા છે, અને સ્વાર્થી દેશી રાજ્યપ્રધાનો દેશદ્રોહી થતાં અચકાતા નથી. પણ સંસ્થાનિક પ્રજામા બળ આવતું જાય છે. પતિયાળાના અરજદાર પોતાની સહી સાથે ખુલ્લી રીતે વાઇસરૉય તથા જગતને પોતાનાં દુખ જાહેર કરે તેવી રીતે જો બીજાં રાજ્યોમાં થાય તો સ્હેજે રાજાઓ નરમ થઇ જાય. તેમના જુલમોના વર્ણનોથી બહુ ફાયદો થવાનો નથી ચોક્કસ બાબતમાં સ્પષ્ટ તપાસ કરાવવી જોઇએ, પણ જ્યાં ગૃહસ્થોની સ્ત્રીઓ ઊપાડી જવામાં આવે છે ત્યાં તે સ્ત્રીઓના ધણી કે સગાં એવા રાક્ષસોની સામે થઇને પ્રાણ આપે અથવા છેવટે પ્રાણ લે એ ખુલ્લો માર્ગ છે. આવી-રીતે પ્રાણ લેવાની છૂટ દરેક દેશના કાયદામાં છે અને આપણા હિંદી અહિંસાપ્રધાન દેશમા જ પ્રાણ આપવાની વાતો થાય છે.

રાજાઓની માફક દેશભરમાં હજારો જમીનદારો છે જે પોતાનું હાડકું વાકું વાળતા નથી અને જમીન સાથે કે ભાગે આપીને આળસુ જીવન ગાળે છે. ખેડૂતમંડળો અને કિસાન સભાઓ એવા માણસોને ઠેકાણે લાવી દેશે પણ આજે એક મોટો પ્રશ્ન મિલમજૂરોનો ઉભો થયો છે. હજી તો આ દેશમાં ઔદ્યોગિક ખીલવણીનું પહેલુ પગલુ ભરાયુ છે તેટલામાં મિલ માલેક અને મજૂર વચ્ચે ગંભીર સાઠમારી શરુ થઇ ગઈ છે. જ્યા માલેકો પોતે મિલમાં દેખરેખ રાખે છે ત્યા એવા ટંટા ઓછા થાય છે, અથવા સમાધાની વહેલી થાય છે. મુંબઈ અને અમદાવાદની સ્થિતિ જુદી છે. મુંબઇનો માલેક હવે ઓફિસમાથી કારભાર ચલાવે છે, અને તેનો ઘણો વખત મોજશોખના જીવનમાં જાય છે; અમદાવાદનો માલેક હજી મિલમા રખડે છે; તે 'બડા સાહેબ' થઇ ગયો નથી. વળી મિલો સિવાય રેલ્વેના કામદારો પણ ઓછા કલાક, સારા પગાર, સ્વચ્છ મકાનની માગણીઓ કરી રહ્યા છે. અને એકંદરે કામદાર વર્ગમા સારું સંગઠન થઇ ગયું છે. આવાં મંડળોમા આંધળો દુરાગ્રહ ન આવે અને બનતા સુધી લવાદ મારફત સમાધાની કરવાની વૃત્તિ હોય તો સમસ્ત પ્રજાને નુકશાન થાય નહિ. ઘણા મિલમાલેકોએ અનહદ લુચ્ચાઇ કરી છે, તેમના કારભારમાં અવ્યવસ્થા છે, આડકતરી રીતે પ્રજાના પૈસા ખાઈ જાય છે પણ હવે તે ઊઘાડા પડશે એવા ચિહ્નો જણાય છે.

પંજાબમા અને કલકત્તામા મંદિરોની મિલકત પચાવી પડેલા મહંત કે આચાર્યોની સામે પણ ઝુંબેશ ઊપડી છે અને આપણા કમનસીબે બીજા બધા ઇલાકાઓમાં હજી તેનો પવન વાયો નથી. ઘણા યે મહંતો અને ગોસાંઇઓ—પછી તે ગમે તે સંપ્રદાયના હોય—તે રૂઢિચુસ્ત, પ્રગતિની વિરૂદ્ધ હોઈ જનસમાજને પછાત રાખવામા પોતાનું હિત જુવે છે. તેમાના ઘણા અભણ હોય છે. કેટલાકનાં ચારિત્ર અપવિત્ર હોઈ તેઓ સ્વચ્છંદી અને વિલાસી જીવન ગાળે છે. તેમની રહેણીકરણીમા સાધુતા જોવામાં આવતી નથી. ઘણા યે લુચ્ચા અને લફંગા હોય છે. સમાજે એવા માણસોને સુધારવા પડશે અથવા જો ન સુધરે તો ઊઠાડી મૂકવા પડશે. આજે અસંખ્ય સાધુઓ અને ફકીરો ગામડે ગામડે રખડીને પ્રજાને ત્રાસરૂપ થાય છે પણ જ્યા સુધી પ્રજા સમજે નહિ કે માત્ર સારા અને પાત્ર સાધુઓને જ દાન

આપવું જોઇએ, ત્યાં સુધી આવાં પ્રાણીઓ તાગડધિન્ના કરશે. પણ પ્રજાને સમજાવવા માટે ખૂબ પ્રચારકામ થવું જોઇએ, અને તે યુવક મંડળો જરૂર કરી શકે.

આવી રીતે સ્વાર્થી સરકાર, વિલાસી રાજાઓ, નિરુદ્યમી જમીનદાર, લુચ્ચા મિલ-માલેક, રંગીલા મહંતો અને ધર્માચાર્યો—એ સૌને સુધારવા માટે ઠેકઠેકાણે ઝુબેશ ઉપાડવામા આવી છે. સાથે સાથે આપણે કહી દેવુ જોઇએ કે આત્મસુધારણા સિવાય પ્રજાની સેવા થઈ શકતી નથી અને દેશસેવાનુ પહેલુ પગલું સંયમ અને સ્વાર્પણનું છે. જ્યા સુધી દેશ-સેવકે પોતાનું ચારિત્ર્ય પવિત્ર કર્યું નથી ત્યા સુધી તેને ઠોકર ખાવાના પ્રસંગો આવશે. દરેક માણસ મહાત્મા થઇ શકતો નથી પણ કેટલાક ગુણો દરેક માણસને માટે અને ખાસ કરીને જાહેરજીવનમાં કામ કરનારને માટે આવશ્યક છે.

મુબાઇ ઇલાકામાં જમીન મહેસુલના પ્રશ્ને નવું સ્વરૂપ લીધું છે. બારડોલીના સત્યા-ગ્રહની નિંદા કરવા માટે અને તેને બૉલ્શેવિઝમ સાથે સંબંધ છે એવી છાપ પાડવા માટે, મુબઈના એક દુષ્ટ પેપરે લેખો લખ્યા પણ તેનું પરિણામ એવું આવ્યું કે આખા મુબાઇ ઇલાકામાંથી અને બહારથી આગેવાનો બારડોલીની વ્યુહરચના જોવા માટે આવ્યા. બારડોલીમા તપાસ શરૂં થઈ, તપાસને અંતે સાધારણ સારુ નિવેદન પ્રગટ થયું અને ત્યાર પછી ગૂજરાત તથા મહારાષ્ટ્રમા સત્યાગ્રહના થાણા સ્થપાયા. આ બધી ચળવળના પરિણામે પ્રજાએ સંગઠન કર્યું અને સરકારે નવા નિયમો ઘડવાનું કબુલ કર્યું અને તે દરમ્યાન કોઈ પણ ઠેકાણે વધારો કરવાનુ મોકુફ રાખ્યું.

ઢાલની બીજી બાજુ

દેશની પ્રગતિ ઊજળી પ્રજામાં ઠીક થઈ રહી છે પણ કરોડો પછાત પ્રજાનું શું ? જ્યારે ૬૦૦૦ ગોરા મિશનરીઓ અને લાખેક દેશી કાર્યકર્તા ગામડામાં અને જંગલોમાં ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરીને પ્રજાને સુધારે છે ત્યારે આપણે હજી હમણાં જ શરુઆત કરી છે. ખરુ જોતા આપણે ત્યા તો એટલા બધા હિન્દુ, જૈન, મુસ્લીમ સાધુઓ છે કે જો તેમનામાં દેશસેવા કરવાની ભાવના જાગે તો દેશનું કલ્યાણ થતાં બહુ વાર લાગે નહિ. જે સાધુઓ માહોમાહે ટંટાફિસાદ કરી રહ્યા છે તેમને આપણે ગામડામાં જવાની વિનંતી કરીએ અને ફરજ પાડીએ તો કલેશ પણ ઓછો થાય, સાધુઓનાં જીવન ઉજ્વળ થાય અને પછાત પ્રજામાં ઉચ્ચ સસ્કાર આવે. આપણા ગૂજરાતમાં થોડા ભીલોમા, રાનીપરજમાં, પાટણવાડિયામાં સંસ્કાર રોપાયા છે, પણ હજી તો લાખો માણસો અજ્ઞાન અને ગરીબાઇમા સડયા કરે છે. અહિંસા અને પ્રેમભાવનાના ઉપદેશકો જ્યા ખરી જરૂર છે ત્યા શા માટે જતા નથી ?

આપણે ત્યા હજી યોગ્ય લાયકાતવાળા સ્વયંસેવકો પણ નથી. તેમને તાલીમ આપવા માટે નહિ જેવા પ્રયત્નો થાય છે. ગૂજરાત વિદ્યાપીઠે ગ્રામસેવાના શિક્ષણ માટે નવો અખતરો હાથમા લીધો છે. જે વર્ગની પાસે સામાન્ય સાદું જીવન ગાળવા જેટલો પૈસો છે તેમાંથી ઘણા યુવકોએ દેશસેવાની આગેવાની લેવી જોઇએ, અને ઉચ્ચ ભાવનાવાળા બીજા સેવકોને પગાર આપીને રોકવા જોઇએ. આજે આખા ગૂજરાતનું કામ અવ્યવસ્થિત છે, અને અંગ્રેજ સરકારે વ્યવસ્થા તથા તાલીમને લીધે ૩૧½ કરોડ હિન્દીઓને ગુલામ બનાવ્યા છે. એક મત એવો છે કે આજે તો છૂટીછવાઇ લડતો જ થઇ શકે અને સંગઠન તથા વ્યવસ્થા શક્ય નથી. દેશમાં સ્વતંત્ર થવાની ભાવના છે અને તેને લીધે જે

થોડું કાંઇ કામ થાય છે તેનાથી એ પક્ષને સંતોષ છે. પોતાના ઉત્સાહથી માત્ર બિનઅનુભવી માણસો છેતરાય. શાહમૃગની માફક રેતીમાં માથું દાટીને કહેવું કે જગતમાં બધું ક્ષેમકુશળ છે એવો "આશાવાદ" આપણે જોઇતો નથી. આપણે તાલીમ અને વ્યવસ્થાનો સંપૂર્ણ અમલ કરવાની જરૂર છે.

પ્રચારકાર્ય માટે વર્તમાનપત્રો અને માસિકોની સંખ્યા વધતી જાય છે, પણ રચનાત્મક ચર્ચાનું સંગીનપણું ધીમી ગતિએ આવે છે. ઉત્સાહ છે પણ અભ્યાસ અને અનુભવ ઓછાં હોવાને લીધે ઘણી ચર્ચા નકામી અથવા નુકશાનકારક પણ હોય છે. આજના યુગમાં આવી ઊણપો અનિવાર્ય છે. આજના યુગમાં ગતિ છે, વિવેકબુદ્ધિ ઓછી છે, તોળવાની ધીરજ ઓછી છે. ભાષણોનો અખતરો ઓછો થયો નથી. પરિષદોમા અને સભાઓમા લાંબાં લાંબાં ભાષણો અને નકામી ચર્ચા ઘણી થાય છે. વખતે એ પણ અનિવાર્ય હશે. જે કામ ચાર કલાકમા થઇ શકે તેને માટે ઉજાગરા કરીને બે દિવસ માથાકૂટ કરવી પડે છે. બહુમતીનું ધોરણ આજે આવશ્યક હશે પણ તે ઝેરી છે, અને ન્યાયી નથી. તેને લીધે જ, આજે આપણી ધારાસભાઓમા, મ્યુનિસિપાલિટીઓમાં, પંચાયતોમાં કલેશ અને કંકાસ પેઠા છે.

સંગીતનો ફેલાવો થતો જાય છે, ચિત્રકળાની કદર વધતી જાય છે, નૃત્યકળા તરફ જે ઉદાસીનતા હતી તે ઓછી થાય છે પણ નાટકોમા ઠીક સુધારો થયો છે એમ ભાગ્યે જ કહેવાય. સ્થાપત્ય તરફ ભણેલા માણસોનું પણ દુર્લક્ષ છે.

યોગ્ય કેળવણીનો સવાલ આખા દેશને માટે ઊભો રહ્યો છે અને 'રાષ્ટ્રીય' કેળવણીનો મોટો અખતરો પડતો મૂકાયો છે ગૂજરાત વિદ્યાપીઠમાં ગ્રામ ના માટે કેળવણી અપાય છે તે અમુક પ્રકારના કામ માટે બંધબેસતી થશે પણ એ આખા દેશને માટે નથી એ દીવા જેવું ચોખ્ખું છે. ભણેલા વર્ગમાં બેકારી વધતી જાય છે તે બતાવી આપે છે કે પ્રચલિત કેળવણી અત્યંત ખામીવાળી છે. આજે મુંબઇમાં મદ્રાસી ગ્રેજ્યુએટો માસિક રૂ૦ ૨૫ ના પગારે રહેવા તૈયાર છે. ઔદ્યોગિક ખીલવણી વિના તેને લગતી કેળવણી નકામી થઇ પડે છે અને 'સ્વદેશી' નાં બણગા ફૂંકયા પછી આપણે છત્રીના સળીઆ, બાઇસિકલ, ટાંકણી; વગેરે.સીજે પણ બનાવી શકતા નથી. વડોદરા અને ગૂજરાતી યુનિવર્સિટીની યોજનાઓ અભરાઈ પર ચડી છે, પ્રાથમિક કેળવણીની પ્રગતિ ઘણી ધીમી થાય છે અને કન્યા કેળવણી માટે મગરૂર થવા જેવું કાંઇ જ નથી. પ્રગતિ થોડી થોડી થાય છે પણ ઘણુ બળ નકામું વેડફી નંખાય છે.

આપણે આત્મબળ ખીલવવા માટે વિચારપૂર્વક તાલીમ લેવાની જરૂર છે. જેને સામાન્ય રીતે ધાર્મિક વૃત્તિ કહેવામા આવે છે તેને સચેત કરવાની આવશ્યકતા છે, ધર્મને સાચા સ્વરૂપમા સમજવા માટે આત્મશુદ્ધિની તાલીમ લેવી પડશે. હજી ધર્મના ખોળિયાને લોકો ધર્મ માને છે. ધર્મની બાબતમા કોઇથી ટીકા ન થાય એવી અસહિષ્ણુતા આવી છે. બધા વાડા બાંધીને બેઠા છે અને વાડાની આસપાસ મશીનગનો અને તોપો ગોઠવાઇ છે.

આ પ્રકારનું દર્શન મારી માનસિક દૃષ્ટિએ મેં જોયું છે. કોઇ બાબતમાં મારી ભૂલ પણ થતી હશે.

સુમન્ત મહેતા

વિપ્લવીઓનું ગીત

એ પેટ કે ગુલામો ! ઊઠો કિ વક્ત આયા
દુનિયાં કે બદનસીબો ! ઊઠો કિ વક્ત આયા.

રસ્મોરિવાજ સારે, તોડો જહાં કે જિતને
ઊઠો ગુલામી છોડો, પૈગામ નૌ યહ લાયા.

ઇન્સાફ હૈ ગરજતા, છોડૂંગા લેકે બદલા
દુનિયા નયી બનેગી, સુન લો હૈ યહ સુનાયા.

ફિર હો રહા હૈ પૈદા, અબ સે નયા જમાના
સબ કુછ ઉન્હી કા હોગા, અબ તક જો હૈ બે માયા.

ઊઠો ગરીબ ભાઈઓ ! અબ કમર બાંધ નિકલો
જંગ આખિરી લડો તુમ, ફર્માન યહ હૈ આયા.

જુલ્મો સિતમ હૈ જિતને, ઉનકો મિટા કર ઇકદમ
આરામ સે રહો તુમ, યહ ગીત હમને ગાયા !

હિંદની ખાંડનો ઈતિહાસ અને સ્થિતિ

ખાંડનો પ્રાચીન ઈતિહાસ

ઘરમાં વપરાશ માટે નીમકની પેઠે ખાંડ પણ એક મુખ્ય વસ્તુ છે, પરંતુ તેની પેદાશ અને ઉદ્યોગને માટે થોડાને જ માહિતી હશે. ખાંડની મૂળ ઉત્પત્તિ હિંદુસ્થાનમા જ થઈ હતી એ હવે લગભગ નિર્વિવાદ છે. શેરડી અને ખાંડ સંબંધી આર્યાવર્તનાં પ્રાચીન પુસ્તકોમા ઉલ્લેખો આવે છે અને વિદ્વાનોની માન્યતા પ્રમાણે આખી પૃથ્વીમાં માત્ર હિંદમા જ શેરડી ઊગાડી ખાંડ બનાવવામાં આવતી હતી. અહીંથી પછી તે બીજે પ્રચાર પામી. આ સંબંધી અનેક પ્રમાણો મળી આવે છે.

માનવધર્મશાસ્ત્રમા ખાંડનુ નામ અને શેરડીનો ઉપયોગ આવે છે. શાક્યો શેરડીનો વિશેષ ઉપયોગ કરતા હતા. ઇ. સ. પહેલા ૧૦૦૦ વર્ષ ઉપર લખાયેલા હિંદુશાસ્ત્રોમાં શેરડીનું વર્ણન છે. રોમન અને ગ્રીક ભોજનો અને વાનીઓનાં ઘણાં બારીક વર્ણનો મળે છે. પરંતુ તેમા ખાંડનો ઉપયોગ અથવા નામનિશાની નથી. હિંદમાંથી શેરડીના રોપ બીજા દેશોમાં લઇ જવામાં આવ્યા તેનું વિગતવાર વર્ણન મળી આવે છે. અને બીજા દેશાવરો ખાતે હિંદની શેરડી લવાઇ અને ત્યાથી ઘણાખરા દેશોમાં ફેલાઇ તે સંબંધી ખબરો પણ મળી શકે છે. બાઈબલમાં શેરડી દૂર દેશથી આવે છે એમ લખવામાં આવ્યું છે.

સિકંદરના વિજયોથી શેરડી પ્રથમ ગ્રીસ દેશમાં હિંદથી લાવવામા આવી હોય એવો સંભવ છે. નીઆરચસ (ખ્રીસ્ત પહેલા ૩૨૫ વરસો), ઇરેટોસ્થનીસ (ખ્રીસ્ત પહેલાં ૨૨૩ વરસ) ડાયસ્કોરીડસ (ખ્રીસ્ત પહેલા ૩૫ વરસ) વગેરે ગ્રીક લેખકો હિંદમાં વાસ જેવા સીધા સોટામા મીઠો રસ પેદા થાય છે તેની વિગત આપે છે. આરીઅન (ખ્રીસ્ત પછી ૧૪૫ વરસ), એપોરીડીસીઅસ પ્લીની વગેરે સર્વ લેખકો સફેદ સાંઠા જેવા છોડમાંથી મીઠો મધ જેવો રસ નીકળતો હોવાનું તથા તે માત્ર હિંદમાં જ પેદા થતો હોવાનું જણાવે છે. પાછળ આહમદ વગેરે આરબ લેખકો પણ ઔષધોમા ઉપયોગ થતા એ સ્વાદિષ્ટ રસને હિંદની મૂળ ઉત્પન્ન તરીકે જાહેર કરે છે.

પરંતુ ગ્રીક અને રોમન લેખકો ખાંડ બનાવવાની પદ્ધતિ જાણતા નહોતા. હિંદથી શેરડી અને તેનો ઉદ્યોગ પાલેસ્ટાઇનમા, ત્રિપોલીમાં અને સીરિયામા ગયો હતો. યુરોપનાં ધર્મયુદ્ધોના યોદ્ધાઓએ શેરડી સીરિયાના પ્રાંતમા આપી ઘણો સંતોષ મેળવ્યો હતો.

ચીનનો હિંદ સાથે પ્રાચીન વેપારી સબંધ હતો. ત્યાં ખાતે હિંદથી ઘણા જૂના જમાનામા શેરડી લઈ જવામાં આવી હશે. કારણકે ચીનના શહેનશાહોને હિંદની સરહદના પ્રાતો તરફથી શેરડીની ભેટ જતી હતી તે ત્યાંના ગ્રંથોમાં જણાવવામાં આવ્યું છે. ઈ. સ. ૧૨૭૦ માં દક્ષિણ ચીનમાં ખાંડનાં ઘણાં નાનાં નાના કારખાના હતા અને ખાંડ સસ્તે ભાવે મળી શકતી હતી.

જાવા સાથે હિંદની સંસ્કૃતિનો સંબંધ ઘણો જૂનો છે. ત્યા સૈકડો વર્ષો સુધી હિંદુ ધર્મ ચાલતો હતો. હિંદથી શેરડી ત્યાં ગઇ અને ઇ. સ. ૪૨૪મા ત્યાં શેરડીના ખેતરો હતાં એમ જણાય છે. હાલમાં હિંદને ઘણીખરી ખાંડ જાવા પૂરી પાડે છે.

સીરિયા ખાતેથી શેરડી સિસિલીના ટાપુમાં ગેઇ હતી. ત્યાંથી પોર્ટુગીઝો મડેરા અને સેન્ટ થૉમ્સ ટાપુમાં લઈ ગયા. અને ૧૫૦૬ માં ત્યાંથી કેનેરી ટાપુમાં અને સેન્ટ ડૉમીંગો ખાતે સ્પેનીશ લોકો લઇ ગયા. ડચ લોકો તરફથી સને ૧૫૮૦મા બ્રાઝીલ ખાતે શેરડી વાવવામાં આવી અને ૧૬૪૩ મા અંગ્રેજોએ શેરડીનાં ખેતરો બાર્બાડોઝ ખાતે તૈયાર કર્યા હતાં. સને ૧૬૪૮ મા ફ્રેંચોએ ગુંડાલુપા ખાતે એવું વાવેતર કર્યું.

શેરડી સિસિલીથી મડેરા થઇ કેનેરી ટાપુમાં ફેલાઈ. પછી પશ્ચિમ ઇન્ડીઝમાં આવી અને ત્યાંથી મેકિસકો, પેરૂ અને બ્રાઝીલમા તેણે મૂળ નાંખ્યાં. આ મધુર શેરડી પાછળ લોહીની નીકો વહી છે. મહત્ત્વાકાક્ષા, લડાઇઓ, લૂંટફાટો, ચાચિયાગીરી અને ખૂનો આ ખાંડના ઇતિહાસ સાથે સંકલિત છે. યુરોપિયન લોકોએ આ ખાંડની સાથે ગુલામગીરીના સિતમો, જુલમગારના જુલમો, સ્વચ્છંદી સત્તાધિકારીઓની અંધસત્તા જોડી દીધાં છે. મનુષ્ય જીવનની કાળામા કાળી બાજુ આ સફેદ ખાંડની સાથે જોડાઈ છે. એનો ઇતિહાસ બહુ રસિક અને બોધપ્રદ છે, પણ વિષયાંતર થવાથી આ સ્થળે આપવો યોગ્ય ધારતા નથી. શેરડીની મોટી જમીનદારીઓ યુરોપિયન લોકો ધરાવતા હતા. તેમાં ગુલામગીરી અને જુલમના અવર્ણનીય કિસ્સાઓની કાળી બાજુઓ અતિ ભયંકર છે. સને ૧૮૨૫ થી ૧૮૫૦ સુધીમાં ગુલામગીરી નષ્ટ થઇ. ત્યાર પછી આ સંકટો અને કાળા કર્મોનો અંત આવ્યો.

ખાંડ તે સમયે ઘણી કિંમતી વસ્તુ ગણાતી હતી. અંગ્રેજ, ફ્રેંચ, પોર્ટુગીઝ વગેરે દેશોમાં પરસ્પર ખાંડ માટે ઘણી સ્પર્ધા ચાલતી હતી. લડાઇઓ, મારામારીઓ, તોફાનો હમેશા થતાં. એકબીજાની વિરૂદ્ધ જગાતની જંગી દિવાલો ઊભી કરવામા આવતી હતી, કાયદાઓ રચાતા, પરદેશી ખાંડ લાવવાની બંધી કરવામા આવતી, વગેરે દરેક શસ્ત્ર દરેક રાજ્ય વાપરતું હતું.

મધ્ય યુગ

હિંદમા બંગાળા પ્રાંતમાં શેરડીનો મોટો પાક થતો હતો. તેમાં ઘણોખરો ભાગ હિંદમાં જ ખપી જતો હતો. હિંદમાં ખાંડ બનાવવાનો ખર્ચ હંડ્રેવેટનો પાંચ શિલિંગ આવતો, જ્યારે વેસ્ટ ઇન્ડીઝમાં ૨૦ શિલિંગ આવતો હતો. સને ૧૭૫૬ માં કલકત્તા હાથ આવ્યું ત્યારે ખાંડની નિકાસ માત્ર પચાસ હજાર મણની હતી. ઘણો માલ આફ્રિકાનાં બંદરો ખાતે ચઢાવવામા આવતો. પણ તેમા ૫૦ ટકા જેટલો મોટો નફો હતો. સને ૧૭૯૨ મા ખાંડનો મોટો વેપાર લંડન સાથે ચાલતો હતો તેમા ૧૦૦ એ ૧૦૦ ટકા નફો અંગ્રેજ વેપારીઓને મળતો હતો. તે વખતે લંડનમાં એક હંડ્રવેટ ખાંડનો ભાવ વધતામાં વધતો ૧૫૬ શિલિંગ હતો અને ઓછામાં ઓછો ૮૮ શિલિંગ હતો. લંડન ખાતે દર ટને ૩૮ પાઉંડ જેટલી મોટી જગાત હતી છતા લગભગ ૯૦ થી ૧૦૦ ટકા ચોખ્ખો નફો અંગ્રેજ વેપારીઓને મળતો હતો.

ઇસ્ટ ઇન્ડીયા કંપની ખાંડ લંડનમાં લીલામથી વેચતી હતી. સને ૧૮૦૩ માં બંગાળથી લંડન ખાતે ૨૭૫૦૦ હંડ્રવેટ ચડયા હતાં. સને ૧૮૦૪ માં ૭૮૫૦૦, સને ૧૮૦૫ માં એક લાખ હંડ્રવેટ ચડયા હતાં તેની કિંમત લગભગ ત્રણ લાખ પાઉંડ લંડનમા પેદા થઈ

હતી. તે સિવાય ખાનગી વેપારીઓ પોતાના થકી લંડન ખાતે અને અમેરિકા ખાતે મોટી રકમની ખાડ ચઢાવતા તે જુદી. સિલોન, અરબસ્તાન, ઇરાની અખાત અને આફ્રિકા ખાતે પણ ખાડ ઘણી ચઢતી હતી.

બંગાળમાં સાકર બનાવવાના કારખાના હતાં. દર મણનો ભાવ રૂ. ર૫ં થી રૂ. ૪૦ં નો હતો. આ રીતે હિંદ મોટી રકમની ખાંડ પરદેશ ખાતે ચડાવતું હતું અને હજારો વરસો સુધી દુનિયાના ઘણાખરા ભાગોને ખાંડ પૂરી પાડતું હતું. હજારો વરસો સુધી ચક્રવર્તિ પદ ભોગવ્યા પછી આજે હવે તેને દીન પરાધીનતા ભોગવવી પડે છે.

બીટરૂટ (ગાજર) ની ખાંડ

ઓગણીસમી સદીની શરૂઆત સુધી શેરડીમાંથી જ ખાંડ બનાવવામાં આવતી હતી, પરંતુ ગાજરમાંથી ખાંડ બનાવી એક જબરદસ્ત હરીફ શેરડી સામે ઊભો કરવામાં આવ્યો. ગાજરની ખાંડ ફ્રેંચ અને જર્મન તોપોના ભયંકર ધડાકા નીચે યુરોપ ખાતે જન્મી હતી. જર્મનીના ફ્રેડરીક વિલિયમ અને ફ્રાંસના મહાન નેપોલિયને એ ઉદ્યોગને પ્રેમથી પોષ્યો હતો. એ વખતે નેપોલિયને ઇક્ષુખાંડની સામે ગાજરની ખાંડનો પ્રતિબંધ નાખી તેને બહુ મૂંઝવ્યું હતું.

ખાંડનો ઉદ્યોગ તે વખતે અંગ્રેજ પ્રજાના કબજામાં હતો. ખાડ પેદા કરનારાં સંસ્થાનો તેના હાથમાં હતા જેથી અંગ્રેજોએ શરુઆતમા ખાડને ફ્રાન્સ ખાતે જતી બંધ કરી. નેપોલિયનને આ વસ્તુ અસહ્ય માલૂમ પડી. ફ્રેંચ પ્રજાએ ખાડ માટે બહુ બુમરાણ કરી મૂકી. નેપોલિયને તરત જ ફ્રાંસના મોટા રસાયનશાસ્ત્રીઓને બોલાવી બીજી કોઈ વનસ્પતિમાંથી ખાંડ બનાવવા માટે મોટે પાયે શોધખોળ કરાવરાવી આ શોધખોળનું પરિણામ તે ગાજરમાથી બનાવેલી ખાંડ.

નેપોલિયને આપેલી પુષ્ટિ પછી તેના મરણ બાદ ગાજરની ખાડનો ઉદ્યોગ અવનતિને પામ્યો. પરન્તુ પાછળથી રસાયનશાસ્ત્ર અને સરકારી મોટી મદદથી તે પુનર્જીવન પામ્યો અને હમણાં તે શેરડીનો સૌથી મોટો હરીફ છે. જે પ્રદેશમાં શેરડી સારી ઊગે છે તે પ્રદેશમા ગાજર સારાં ઊગતાં નથી, અને ગાજરની જમીનમા શેરડી સારી ઊગતી નથી. બનાવટી ખાડ બનાવવા માટે રસાયણશાસ્ત્રીઓ તરફથી ભગીરથ પ્રયત્ન ચાલુ છે. ભવિષ્યમા જગતને વાસ્તે એક નવીન અજાયબીનો સંભવ છે.

જગતનો ખાંડનો પાક

ક્યૂબા ખાતે લગભગ ચાલીસ લાખ ટનનો ખાડનો પાક થાય છે. જાવા કે જ્યાથી ઘણીખરી હિન્દના માટે ખાડ આવે છે, ત્યા ત્રીસ લાખ ટન ખાડ પેદા થાય છે. યુરોપમાં બીટની ખાડ લગભગ ૯૦ લાખ ટન થાય છે હિન્દનો પાક પચીસ લાખ ટનનો ગણાય છે. આખી દુનિયા રાા કરોડ ટન ખાડ પેદા કરે છે. દિન પ્રતિદિન તેની પેદાશ વધતી જાય છે. પરંતુ હિન્દની પેદાશ વધતી નથી. ખપત વધી છે જેથી પરદેશથી વધારે પ્રમાણમાં (દર વરસે ૧૦ લાખ ટન) માલ આવે છે.

જગતમાં ખાંડની ખપત

ડેન્માર્કમાં માણસ દીઠ ૧૦૦ રતલ ખાડ દર વરસે વપરાય છે. યુનાઇટેડ સ્ટેટસ ઓફ અમેરિકામાં ૯૫ રતલ. ઇગ્લાડમાં લગભગ ૧૦૦ રતલ. ફ્રાન્સમા ૫૦ રતલ. જર્મનીમા ૫૦

રતલ અને હિન્દમાં ૨૫ રતલ ખપત ગણાય છે. બાલ્કન્સમા માત્ર ૧૦ રતલ ખપત છે. હમણાં લગભગ પંદરથી વીશ લાખ ટન ખાંડ ખપત કરતાં વધારે પેદા થાય છે.

હિંદની ખાંડની પેદાશ

હિંદ હજારો વર્ષો થયાં પરદેશોને ખાડ પૂરું પાડતું આવ્યું છે. પરંતુ હમણાં સ્થીતિ પલટાઈ ગઇ છે અને તેથી મોટી રકમની ખાંડ પરદેશથી મંગાવવી પડે છે. તેનું મુખ્ય કારણ હિન્દમાં એ ઉદ્યોગમા કાંઇ પણ સુધારા વધારા થયા નથી, તે છે. પરદેશો ખાતે ખાંડની પેદાશ વધારવા માટે રસાયનશાસ્ત્રીઓ અને કારખાનાવાળાઓએ છેલ્લી શોધ-ખોળોને આધારે ફતેહમંદીથી કેવા પ્રયત્નો કર્યા તે ઉપરથી હિંદે ધડો લેવાનો છે. હિંદમા લગભગ ત્રીસ લાખ એકર જમીન ઉપર શેરડી વાવવામા આવે છે. જાવા ખાતે શેરડીનું વાવેતર માત્ર છ લાખ એકરમાં જ કરવામાં આવે છે છતાં ત્યાં ત્રીસ લાખ ટન જેટલો મોટો પાક પેદા કરવામાં આવે છે; જ્યારે હિંદમાં ત્રીસ લાખ એકરમાં પચીસ લાખ ટન પાક પેદા થાય છે. આનું કારણ નવી નવી રસાયન પદ્ધતિથી ખાતરોની શોધ, અને સારા બીજોની ચૂંટણી તથા છેલ્લી ઢબના સાચાકામનો ઉપયોગ એ છે.

દેશાવરોની પેદાશ સાથે હિંદની પેદાશની સરખામણી

દર એકરે હાવાઈ ખાતે ૪૪ ટન શેરડી પેદા થાય છે. પોર્ટોરીકો ખાતે ૨૦૫ ટન, લુઇસાનિયા ખાતે ૧૮ ટન, કયૂબા ખાતે ૨૧ ટન, ઑસ્ટ્રેલિયા ખાતે ૧૮૫ ટન અને હિંદ ખાતે દર એકરે માત્ર ૧૦ ટન શેરડીની રાસ આવે છે. આથી જણાય છે કે આપણો દેશ આ બાબતમા ઘણો જ પછાત છે અને પરદેશો જેટલી શેરડીની પેદાશ કરવા માટે આપણે ત્યા ખેતીવાડીમાં ઘણા સુધારાવધારા કરવાની જરૂર છે.

દર એકર દીઠ હાવાઈ ખાતે ૧૧૦૦૦ રતલ ખાંડ મળે છે. દર એકરે ૪૫૦૦ રતલ પોર્ટોરીકો ખાતે પેદા થાય છે. લુઇસાનિયા ખાતે ૨૬૦૦ રતલની સરેરાશ આવે છે. અને કયૂબા ખાતે ૫૦૦૦ રતલ ઉત્પન્ન થાય છે. હાવાઈના કેટલાંક સારા ખેતરોમાંથી દર એકરે ૧૬૮૦૦ રતલ ખાંડ મેળવાય છે. જ્યારે હિંદ ખાતે માત્ર ૨૨૦૦ રતલ ગોળ દર એકરે મળે છે. આનું કારણ શેરડીનો પરદેશો ખાતે મોટો ઊતાર અને ત્યાંનું સરસ સાંચાકામ છે.

હિંદની ખાંડની પેદાશ કેમ વધી શકે ?

હમણા હિંદ પરદેશ ખાતેથી દર વર્ષે દશ લાખ ટન ખાંડ મગાવે છે. પરંતુ હિંદમાં ખેતીના સુધારાવધારા થાય અને સારા સાંચાકામવાળી મિલો બંધાય તો હિંદ પોતાની માગ પ્રમાણે ખાંડ પૂરી પાડી શકે એટલું જ નહિ પરંતુ પરદેશો ખાતે પણ ખાંડ ચઢાવી શકે એટલો વધારો મેળવવાનું બની શકશે.

હમણાં હિંદમા ૧૮ લાખ ટન જેટલો ગોળ તૈયાર કરવામા આવે છે. પરંતુ સારા સાંચાકામની મિલો હોય તો હાલમાં વપરાતી શેરડીના બાર આના ભાગમાથી જ એટલો ગોળ બની શકે. બાકીની ત્રીસ લાખ ટન શેરડીમાથી મોટી રકમની સારી ખાંડ મળી શકે.

હમણાં સાત લાખ ટન ગોળમાંથી દેશી ઢબે સાચાની મદદ વગર અઢી લાખ ટન ખાંડ બને છે. પરંતુ સુધરેલી ઢબ મુજબ બનાવવામાં આવે તો સાડાચાર લાખ ટન ખાંડ બની શકે.

આ પ્રમાણે ગોળમાંથી ખાંડ બનાવવાની ક્રિયા સુધારવાથી અને શેરડીમાંથી ગોળ બનાવવાની ક્રિયામા છેલ્લી ઢબની મિલોથી કામ લેવાથી વાર્ષિક સાત લાખ ટન ખાંડનો વધારે ઊતારો આવવાનો સંભવ છે.

જો હમણાં શેરડીની વાવણી થાય છે તેમાં નવી નવી જાતની વધારે પેદાશ આપનારી શેરડી વવાય અને તે વિષયમાં જાવાને પગલે ચલાય તો દશ લાખ ટન ખાંડ દર વરસે મળી શકે.

જો સારી મિલો બંધાય અને તેની આસપાસની જમીન ઉપર શેરડીની નવી ઢબની ખેતી વધારવામા આવે તો બીજી પાચ લાખ ટન ખાંડ વધારે મળી શકવાનો સંભવ છે.

જો ખેડૂતો, ધનવાનો અને સરકાર: એ ત્રણેનો સુંદર સહકાર થાય તો હિંદમા ૨૦–૨૫ લાખ ટન ખાંડ દર વરસે વધી શકે. ચાલુ અને સહકાર ભર્યા દશ વરસના પ્રયત્નો પછી આવું પરિણામ મળે એટલે હિંદની મૂડી આસરે એક અબજ રૂપિયા આમા વપરાય અને શેરડીવાળી જમીન પાસે મોટી મિલો બંધાય તો જ આ પરિણામ આવે. સારી જમીન મેળવી તેને ખાતર અને નિયમિત પાણી આપી શેરડી પેદા કરવામા આવે તો પેદાશ ઘણી વધી જાય. આને માટે પરદેશ ખાતે ચડાવવામા આવતાં તલ અને કોપરાના ખોળ ઉપર નિકાસ કરવાની બંધી કરવી જોઇએ અને આ ખોળ ખાતર તરીકે ખેતરોમાં વપરાવાની ગોઠવણ થવી જોઇએ.

આવી રીતે પચીસ લાખ ટનની પેદાશ વધારવાથી ઘણા ફાયદા થશે. દેશ ખાંડની પરતંત્રતામાથી છૂટશે અને આપણા દેશના ત્રીશ લાખ મજૂરો અને ખેડૂતોને કામકાજ અને રોજી મળી શકશે. તે સિવાય ઓછામા ઓછા ૩૦૦ કારખાના માટે ૬૦૦ રસાયનશાસ્ત્રીઓ, ૧૦૦૦ ઇજનેરો, ૧૦૦૦ મેનેજર અને એસિસ્ટન્ટ મેનેજરો, ૩૦૦ સેક્રેટરીઓ, ૬૦૦ એકાઉટન્ટો વધી શકે. એ ઉપરાંત પચીસ લાખ ટન ખાંડના વહેવારને પહોચી વળવા માટે બેંકો, વીમા કુંપનીઓ પ્રમાણમા વધારવી જોઇશે. એ રીતે હિંદીઓને કામરોજગાર માટે સારું સાધન ઉત્પન્ન થાય.

જાવામાં શેરડીની ખેતી અને ખાંડ બનાવવાની રૂઢિ

આપણા દેશમા ખાંડની એકર દીઠ પેદાશ ઘણી ઓછી થાય છે તે ઉપરથી જણાયું. ક્યુબાથી ત્રીજો ભાગ, જાવાથી છઠ્ઠો ભાગ અને હાવાઇથી સાતમો ભાગ માત્ર એક એકર દીઠ આપણે પેદા કરી શકીએ છીએ. એ સ્થીતિમા આપણે સુધારા વધારા કરવાની જરૂર છે. તે માટે બીજા દેશો કેવી રીતે ખેતી કરે છે અને મોટા પાક ઉપજાવે છે તે જાણવા સારૂ આપણે જાવા ખાતે શેરડીનું વાવેતર, ખાંડ બનાવવાની રીત વગેરેનું ઊડતી નજરે અવલોકન કરીએ. એ ઉપરથી આપણને ઘણું જાણવાનું મળી આવશે.

જાવા ખાતે ખાંડ બનાવનારાઓના આર્થિક અને રાજકીય હકો એક જ મંડળ 'સુગર મેન્યુફેક્ચર્સ સિન્ડીકેટ' જુએ છે અને બીજી 'રીસર્ચ એસોસિયેશન' ખેતીવાડી અને બનાવટ પેદાશ વગેરે ઉપર ધ્યાન આપે છે. આ બન્ને મંડળો એક બીજાની સાથે હળી મળીને અને ઘણી વખત સાથે બેસીને કામ કરે છે. ઘણા ખરા ખાંડ પેદા કરનારા આ બન્ને મંડળોના સભ્યો છે.

બીજું મંડળ વધારે વ્યાપક અને ઉપયોગી છે. લાખો ગીલ્ડર (જાવાનો સીક્કો)

વાર્ષિક ફી તરીકે વસુલ કરી આ એસોસિયેશન વાપરે છે. તે ત્રણ ખાતામાં વહેંચાયેલી છેઃ (૧) ખેતીખાતું, (૨) રસાયનખાતું અને (૩) એન્જીનિયરીંગ ખાતું. આ સર્વે ખાતાઓમાં અનુભવીઓની નિમણુંક કરવામાં આવે છે. એક મોટા જમીનના ટુકડા ઉપર જુદી જુદી જાતોની શેરડી વાવવામાં આવે છે તેમાંથી મિશ્ર જાતો ઉછેરવામાં આવે છે. ખેતરમાં ખાતર, પાણી, હવા વગેરેના મોટે પાયે અખતરા કરવામાં આવે છે. તેની વિપુલ નોંધો રાખે છે. અને કોઇ મિશ્ર જાતિની શેરડીનું બીજ વધારે રસ આપનાર માલુમ પડયું કે તેનાં મોટા જથ્થામાં બીજો તૈયાર કરાય છે. શેરડીમા લાગુ પડતા રોગો, જીવડાં, જંતુઓ, એ સંબંધી પણ બારીક શોધખોળ ચલાવાય છે. કોઈ મિલવાળાના ખેતરમા વાવેલી શેરડીમાં પેદાશ સરખી ન થતી હોય તો આ તજ્જ્ઞો ત્યાં જઇ તપાસ કરી રોગ શોધી તેને દૂર કરાવે છે. સારી સારી જાતની શેરડીના રોપા શોધવા એ એનું મુખ્ય કામ છે. કેટલા વખતે પાણી પાવું, કેવું અને કેટલું ખાતર નાખવું, કયારે નીંદવું, કયારે અંદર સાંતરડા ચલાવવા તે સર્વે વિષયોમા એ ખાતાના તજ્જ્ઞો અનુભવી સલાહ હમેશાં આપે છે. અને વરસનો ઘણો ભાગ દરેક ખેતરની મુલાકાત લેવામાં આવે છે.

આ એસોસિયેશને જીલ્લાવાર અગિયાર ઑફિસરો નીમેલા હોય છે. દરેક જીલ્લાની ખેતી, પેદાશ, ઋતુ અને રોગ વગેરે ઉપર તે દેખરેખ રાખે છે અને એસોસિયેશનની મુખ્ય ઑફિસને રિપોર્ટ કરે છે. દરેક મિલનાં ખેતરોમાં પણ એક નાનો ઑફિસર હોય છે જે ડિસ્ટ્રીકટ ઑફિસરને પોતાની મિલનો રિપોર્ટ હમેશાં મોકલે છે. તે સિવાય નીચાણની જમીન, ઊંચાણની જમીન, ભેજવાળી જમીન, ઘણા વરસાદવાળી જમીન એ સર્વે સ્થળોએ ખેતરો નીભાવવામાં આવે છે. તેમાં જાતજાતની શેરડીના છોડો વાવી મજબુત, જાડા, રસવાળા સાંઠાની શોધ કરવામા આવે છે. આ સર્વે સ્થળે નિયમિત અને નિયત કરેલી પદ્ધતિ મુજબ કામ કરવામાં આવે છે. આખા ખાતાને નવી નવી શોધખોળ કરવાની જ ધુન લાગી હોય છે અને પરિણામમાં થોડી જમીનમા મોટો પાક નીપજે છેઃ કેટલે કેટલે દૂર છોડવા વાવવા, એક એકરમા આટલા જ છોડ નાંખવા, કેટલી વખત હળ ખેડી જમીન પોચી કરવી તે સૌ નક્કી કરવાનું પણ આ ખાતા ઉપર જ હોય છે. દરેક જમીન માટે કયું ખાતર વાપરવું તે સલાહ પણ આ એસોસિયેશન તરફથી અપાય છે.

એન્જીનિયરીંગ ડિપાર્ટમેંટના બે વિભાગ છેઃ એક સાધારણ અને બીજું વિદ્યુત્ સંબંધી. આ વિભાગના અનુભવીઓ દરેક મિલની જાતે મુલાકાત લે છે. મિલમાં સાંચાકામ તપાસવું, તેમા ખોડખાપણ કાઢવી, જૂના થયેલા સાંચાકામને કઢાવી નાખવું, નવા સાંચા ગોઠવવા, મિલમાં વધારો કરવો, પેદાશ ઘટી હોય તેનાં કારણો શોધી કાઢવાં, કેવી રીતે સસ્તે દરે શેરડી ખેતરમાથી મિલમા લાવી શકાય, અને કેવી રીતે ખાંડ સસ્તે દરે બંદર ઉપર પહોંચતી કરી શકાય એવી એવી સલાહ એ ખાતું આપે છે. વિજળી ખાતાના અનુભવીઓ કઇ કઇ મિલો વિદ્યુત બળથી ચલાવી શકશે તે નિર્ણય કરી સલાહ આપે છે, તેમ મિલમાં વીજળીના દીવા ગોઠવવાની બાબત પણ તેમની સલાહ મુજબ કરાય છે. આ દરેક વિભાગ પોતાનું કાર્ય અને તેના પરિણામો દર પખવાડિયે પ્રસિદ્ધ કરે છે. દરેક મિલવાળો દરરોજની નીપજના આંકડા આ એન્જીનિયરીંગ ખાતાને મોકલે છે તે સર્વે તપાસી યોગ્ય ફેરફાર કરવા એ ખાતું સૂચનાઓ મોકલે છે.

જાવાની જમીન ત્યાંના વતનીઓ સિવાય બીજા કોઇને વેચી શકાતી નથી જેથી મિલો-વાળા પોતાની મિલની આસપાસની જમીન ખેડૂતો પાસેથી પટે લે છે. સાડાત્રણ વરસથી તે ૨૧ વરસની લાંબી મુદત સુધી જમીન પટે લઇ શકાય છે. સરકાર તરફથી એની શરતો અને ઓછામાં ઓછા ભાવો નક્કી કરેલા હોય છે. એ જમીનમાં ખેડૂતને શું આવક થાય છે તે નક્કી કરી તેના ઉપર અમુક ટકા ચડાવી જમીન પટે વેચાય છે. દરેક મિલની સરેરાશ જાવાના ૧૨૦૦ એકર જેટલી આવે છે. અને એ ૧૨૦૦ જાવાના એકર માટે દરેક ખેડૂતની સાથે મિલવાળાને ખત કરવું પડે છે. જમીન નાના નાના ટુકડામાં વહેંચાયેલી હોવાથી એક એક મિલવાળાને ત્રણ ત્રણ હજાર ખતો કરવા પડે છે. શેરડીનો પાક ચૌદથી અઢાર માસે ખલાસ થવાથી ખેડૂતોને જમીન બીજા પાક માટે સોંપી દે છે અને ખેડૂત બીજો પાક ઉત્પન્ન કરી લે કે ફરી પાછી શેરડી વવાય છે.

શેરડીનાં આદળીઆમા અંકુરો પેદા થાય છે તે શેરડીનુ બીજ છે. રોગ વગરના તંદુરસ્ત અંકુરો મેળવી વાવવામાં આવે છે. ઘણુ કરી દરેક મિલ પાસે અંકુર-ઉત્પત્તિ-ક્ષેત્ર જૂદા જ હોય છે. ખેતરોમાં સાંચાકામ વાપરવામા આવતું નથી, પરતુ દરેક કામ જાતમહેનતથી જ કરાવાય છે. ખેતરની જમીન હાથમા આવ્યા પછી તરત જ વધારાનુ પાણી કાઢવા માટે ગટરો ખોદાય છે અને એ ગટરોનો સંબંધ મોટી ગટરો સાથે રાખે છે, જેથી ખેતરમાં પાણી ભરાતું નથી. આ ગટરો માપીને પદ્ધતિસર તૈયાર કરે છે. પછી ૧૨ થી ૩૦ ફૂટ લાંબા અને બે ફૂટ પહોળા તથા એક ફૂટ ઊંડા કયારડા બાંધે છે. એમા વાવેતર શરૂ થાય છે તે અક્ટોબર સુધી ચાલે છે. ખાઇઓ તૈયાર થયા પછી ૭ અઠવાડિયે કયારડાની કોર ઉપર અંકુરો વાવવામા આવે છે. પછી તરત જ પાણી પવાય છે. આઠ દશ દિવસને આંતરે સાધારણ પાણીની છાંટ દેવામા આવે છે. ઘાસનું નિંદામણ ચાલુ જ હોય છે. પછી ગંધકના પોટાસનું દર એકરે ૪૦૦ રતલ જેટલું ખાતર અપાય છે. રોપાની બન્ને બાજુએ નાના ખાડા કરી તેમા ખાતર પૂરાય છે.

જાવા ખાતે કુલ ૨૦૦ ઉપર મિલો છે. તેમાં છેલ્લામા છેલ્લી ઢબનું સાંચાકામ ગોઠવવામાં આવ્યું છે. ઘણી મિલો વિજળીની શકિતથી ચાલે છે. સ્વચ્છતા અને ચોખ્ખાઈ ઉપર ઘણો ભાર દેવામા આવે છે. એપ્રિલથી નવેંબર સુધી મિલોનું કામ ચાલે છે. ઘણું કરી દરેક મિલ ચાર માસ કામ કરે છે. નાની નાવોથી શેરડી મિલમાં લાવવામા આવે છે અને વિદ્યુત ક્રેન તેમાથી ઉપાડી પરબારી પિલવાના સાંચા ઉપર મૂકે છે. મોટી મિલ લગભગ ૫૦ હજાર ટન ખાંડ દર સીઝનમાં તૈયાર કરે છે. ૧૦૦ ટકા શેરડીમાથી ૧૦ ટકા ખાંડ અને ૩ ટકા ગોળ નીકળે છે. દરેક મિલમાં ૨૦ યુરોપિયન અને ૩૦૦ દેશીઓની સરેરાશ આવે છે. દેશી મજૂરોને રૂ. ૦।।। રોજ અપાય છે.

ઘણીખરી મિલો સાથે મળીને કામ કરે છે. તેઓએ માલ વેચવાને માટે પણ એક ટ્રસ્ટ ઊભું કર્યું છે. એ મિલોનો સર્વે માલ એ ટ્રસ્ટ વેચે છે એટલે આખી જાવાની ખાંડ બનાવવાની પદ્ધતિ સહકારી તત્ત્વ ઉપર ચાલે છે. આ સહકારી તત્ત્વથી જાવાનો ખાંડનો ઉદ્યોગ ખૂબ પ્રગતિશીલ બન્યો છે. સને ૧૮૯૪ માં દર એકરે ખાંડની પેદાશ ૨.૮૧ ટન હતી, હમણાં પાંચ ટન આવે છે. આ સહકારી તત્ત્વે જ આવા હરીફાઈના જમાનામા સરકારી મદદ વગર જાવાના ઉદ્યોગને સારી હાલતમાં રાખ્યો છે.

હિંદની ખાંડ શા માટે મોંઘી પડે છે?

જાવા, હવાઈ, કયૂબા વગેરે દેશોમાં ખાંડનું શાસ્ત્રીય રીતે સંશોધન થઇ પેદાશ વધારવામાં આવે છે પરંતુ આપણો દેશ એ વિષયમાં ઘણો પછાત છે. તેનું મુખ્ય કારણ હલકી શેરડીનું વાવેતર,- ખાતર વગેરેનો અભાવ, મિલોથી દૂર વાવેતર, અને હાલની ખાંડ બનાવવાની નુકશાની ભરેલી પદ્ધતિ વગેરે છે. આને લીધે આપણી અહીંની બનાવટની ખાંડ ઘણી મોંઘી પડે છે. જાવા અને કયૂબાનું સહકારી તત્ત્વ પણ આપણે ત્યાં નથી. જેથી પરદેશની લગભગ દશ લાખ ટન ખાંડ (જેની કિંમત વીસ કરોડ રૂપિયા થાય છે) આપણે ત્યાં લાવવી પડે છે. હજી યુરોપના પ્રમાણમાં આપણે ઓછી ખાંડ ખાઈએ છીએ પરંતુ ચાહની વધતી જતી વપરાશને લીધે થોડાં વરસોમાં આપણે ઘણી વધારે ખાંડ ખાઈશું, ત્યારે આપણે આથી પણ મોટું બીલ પરદેશીઓને ચુકાવવું પડશે. તે સિવાય પરદેશી ખાંડવાળાની એકસંપીની વાતો ચાલે છે. જો તેમ થશે તો હરીફાઈનું તત્ત્વ નાબુદ થઈ હમણાં જે એકદમ સસ્તી ખાંડ મળે છે તે મોંઘી મળશે અને હિંદીઓ વધારે નીચોવાશે.

ખાંડ ઉપર સરકારે દર હંડ્રવેટે રૂ. ૪।। જગાત નાખી છે. આવી મોટી જગાત હોવા છતા, આપણે ત્યા સસ્તી મજૂરી છતાં, આપણે ત્યાં જમીન ખાતર પાણીની વિપુલતા છતાં, આપણે ઘણી મોંઘી ખાંડ પેદા કરીએ છીએ તેનાં કારણો, તેમાં કેવી રીતે સુધારા વધારા કરી શકાય, સરકાર તરફથી તે વિષયે શું કરવામા આવ્યું છે, વગેરે વિષયોની વિગતવાર સમાલોચના જુદા લેખમા કરીશું. ગોળ અને ખાંડના વૈદકીય દૃષ્ટિથી ગુણ દોષ પણ તપાસીશું.

ડુંગરસી ધરમસી સંપટ

૮

બેહેરામજી મેહેરવાનજી મલબારી:

અદ્‌ભુત મિત્રભાવ.

કેમ અને ક્યારે મળ્યું મન ત્હારું મ્હારી સાથ?
દિલ સાથે દિલ મળ્યું? હાથ મળ્યો હાથ શું?
બેના એક ક્યારે અને કેમ બન્યા નેક મિત્ર?
ત્હારામાં સમાવા પ્હેલા મ્હારામા સમાત હું?
કોણથી કથાય એવો દૈવી એક્તાસ્વભાવ?
બેના એક થયા પ્હેલા એકના બે થાત શું?
હા, કશું અશક્ય નથી સર્વશક્તિમાન! ત્હને,
એકના બે કરી બતલાવે જગતાત તું!

એક ધર્મ, એક કર્મ, એક અધિકાર બેને,
એક કિરતાર, તારનાર એક જોઉં છું.
એક જ સંસાર, એક આચારવિચાર બેને,
એક અહંકાર—ત્હારામા હું મ્હારો ખોઉં છું:
આવેશ ઉદ્દેશ એક, વિશેષ કહું શું બીજું,
—ઐક્યઅવલોકનમાં ચિત્ર ચત્ત પ્રોઉં છું.
ઉમંગતરંગે ઉછળાઈ હું સમુદ્ર આહિ
શાંત સુવદન તું શશિ ઉપર મોહું છું!

શી એ મિત્રતા જ! જેમા જોઇ ન જુદાઇ કાંઇ:
ભલી જ ભલાઇ, ભાઇ, ત્હારીથી તણાઉં છું:
ત્રાહિ! ત્રાહિ! જગતવાઇથી પોકારતો હું,
આવી ત્હારી શીતળ છાયાતળે ભરાઉં છું:
શાન્તિ શીખવી તું નિવૃત્તિએ મન શુદ્ધ કરે,
એ ત્હારા અપાર ઉપકાર નિત્ય ગાઉં છું:
મિત્રનું ચરિત્રચિત્ર અલ્પ આ ઉતારી અત્ર
એકત્ર સંગથી તું બની પવિત્ર થાઉં છું.

શા હું ત્હારા હૃદય વિસ્તારના વિચાર કરું?
કેમ વર્ણવું, વીરા, ગાંભીર્ય મુખારવિંદનું?
કેમ અને ક્યારે ત્હારે મ્હારે પ્રીતિપાસો પડ્યો?
—હું ગુર્જર ગુંજકર, તું કમળ સિંધનું!
ધન્ય મિત્રતા એ સગા ભાઇથી સવાઈ એવી,
—દયારામ માહિં દેખું દયા મધ્યબિંદુ હું!
ના, ના, એ ભાટાઈથી સુગા કાં ભરાઈ જાય?
ત્હારામાં રમ્યો હું, તો તું પોતે પણ હું જ છું!

વિષય—મૈત્રીનો અજબ અભેદ. પ્રકૃતિભેદથી એકબીજા તરફ આકર્ષાતા બે માણસનો સબંધ પરિચય વધતાં હૃદયના અને આત્માના અવર્ણનીય અદ્વૈતમા ખીલી રહે છે, તેનું નામ જ મૈત્રી. દુનિયામાં લાંબી ટૂંકી મુદ્દતના અને વત્તીઓછી નિકટતાવાળા સાથસંગાથ તો અસંખ્ય પ્રકારના હોય છે, પણ એ સૌમા કૌસ્તુભમણિ તુલ્ય મૈત્રી તો અત્યંત વિરલ જોવામા આવે છે. આવી મૈત્રીના આવેશમય વર્ણનવાળી આ કૃતિ હોવાથી એને આ સંગ્રહમાં લીધી છે, જો કે મલબારીની કવિતામાં આનાથી વધારે જુસ્સાદાર અને વધારે લોકપ્રિય કૃતિઓ પણ છે.

છંદ—૩૧ અક્ષરનું ચરણ એવાં ચાર ચારણની એક કડી; અક્ષરોમાં ૩૧ મો ગુરુ જોઇએ, બાકી ગુરુ લઘુ માટે નિયમ જ નહીં, જો કે આનો તાલ છેક સાદો છે, તે પણ ન સાચવે એવો ગુરુલઘુઅનુક્રમ જ્યા જ્યાં આવી જાય ત્યાં ત્યાં છંદ કથળે જ. આમ ઘઉંમાથી કાંકરાની જેમ ફેંકી દેવાનાં ચરણો વલ્લભમા જોઇએ એટલાં છે. આવશ્યક વિરામ દરેક ચરણમાં બે જ, ૧૬ મા અક્ષર પછી, અને ૩૧ મા પછી. આવી અને આને મળતી (૩૦ થી ૩૩ અક્ષરના ચરણવાળી) વિવિધ રચનાઓ જાણીતી છે, જે. સર્વનું જાતિવાચક એટલે સામાન્ય નામ કવિત અથવા મનહર છંદ છે. પણ અહીં આપેલી વિગત

પ્રમાણેની વિશિષ્ટ રચનાને ઘનાક્ષરી છંદ કહે છે. બધી જાતનાં કવિત ચારે ચરણ બેવડા પ્રાસે સાંધેલાં હોય તો શોભે છે. ૩૨ અક્ષરનું ચરણ જેમાં ૩૨ મો લઘુ, એવા ઘનાક્ષરીને રૂપક ઘનાક્ષરી કહે છે. વિશેષ વિગત માટે જુવો રણપિંગલ, ભાગ ૧ લો.

કવિતના દરેક પ્રકારમાં દરેક અક્ષર ચીપીને બોલવો પડે, અને આથી કરીને જ આપણી કવિતામાં, હિંદી ભાષાનો આ લોકપ્રિય છંદ બહુ ઓછો વપરાય છે, કેમકે અક્ષરે અક્ષર ચીપવો એ આપણી ભાષાની ઉચ્ચારણ શૈલીને પ્રતિકૂલ છે. તથાપિ આ રચનામાં કેટલાક ગુણ મોટા છે, અને આપણા કવિઓ એને જરા વધારે વાપરતા થાય તો સારું.

અર્થ—૧. નેક, સાચા, પૂરેપૂરા નિખાલસ અને વફાદાર. "એકના બે થવું" એટલે ફરી જવું, વચનભંગ કરવો, બેવફા નીવડવું. થોડીવાર સાચી મિત્રતાના અદ્વૈતવાળી દેખાઈ પણ પછી તૂટી જાય એવી મિત્રતાઓ જ્યાં ત્યાં જોવામાં આવે છે. ઈશ્વર, એક તે એક, બે તે બે, પણ તું સર્વશક્તિમાન, તે તું એકના બે પણ વારંવાર બનાવી રહ્યો છે!—વક્રોક્તિ, કેમકે કર્તા જાણે છે જ કે બેવફાઈનું ઉત્પાદક કારણ ઈશ્વર નથી, માણસની પોતાની કુપાત્રતા જ છે. તો શું અમારા બેનો અભેદ પણ, પૂરેપૂરો જામવા ન પામ્યો હોત, તો તૂટી જાત ખરો કે? સંભવિત છે ખરું, ના કેમ કહેવાય! મતલબ કે છેલ્લી ત્રણ લીટીનો અર્થ જરા ક્લિષ્ટ છે. બતલાવે, બતાવે માટે સુરત ભરૂચમાં વપરાય છે.

૨. તારનાર Saviour, આ ખયાલ વૈષ્ણવ ધર્મ અને ખ્રિસ્તી ધર્મની વિચાર-માલામાંનો છે. અહંકારઃ ગર્વ કે અહંભાવ કરતા પણ વધારે વ્યાપક અર્થ લેવોઃ વ્યક્તિત્વ વિશિષ્ટત્વ માત્ર. આવેશઃ ઊર્મિ, જુસ્સા. ઉદ્દેશઃ લક્ષ્ય, ભાવના, જીવન શા અર્થે તેને લગતા સિદ્ધાન્ત.

અને આવા પૂરેપૂરા અદ્વૈતમા ખાસ તાજુબી એ છે કે મૂલ પ્રકૃતિએ હું ઊર્મિપ્રધાન તરંગી, ડહોળો, ઉછાંછળો છું, તું શાન્ત, નિર્મલ, સુધામય છે, મ્હારામા સમુદ્રના અવગુણ અને ત્હારામા ચંદ્રના ગુણ હોવાથી જ આપણ બેનું અદ્વૈત ઇંદુ–ઉદધિના જેવું કુદરતી અને ટકાઉ છે.

આ રીતે એટલે પોતાના અવગુણ અને મિત્રના ગુણ ઉપર ભાર દઇને બાંધેલી આ રૂપક–જોડ વખાણવા લાયક છે. એમાથી ધ્વનિ પણ સાફ નીકળે છે કે સ્થાયી મૈત્રી ઊંડા (પણ એક બીજા સાથે આખડી ન પડે એવા) પ્રકૃતિભેદનો પાયો માગે છે.

૩ જગતતત્રાઈ, જગતનાં દુઃખો જગતની લાહ્યોથી (ત્રાહિ) બચાવ! બચાવ! પરદુઃખે વારંવાર બળતો અને ઝળતો હોવાથી જ મ્હને ત્હારી શીતલ છાયા અને શુદ્ધ નિવૃત્તિ (સાત્વિકતા) કેટલી તો ઠારે છે તે માપવાને પણ હું અશક્ત છું. તું–સંગાથી, તું–મય, તું જ થઇને હું પણ ત્હારા જેટલો પવિત્ર બની શકું છુ.

૪ હૃદયવિસ્તાર, દિલની મોટાઇ, ઉદાર સમભાવ, largeness of mind and heart. ગુંજકર ભમરો, કવિ જેવો ઊર્મિલ અને ગણગણતો ભગતારામ. કમલમૂલ નાખી એક સ્થળે ચોટેલું રહે છે, આસપાસ પાણીની શીતલતામાં. દયા મધ્યબિંદુ, જેનો આત્મા, જેના ચારિત્રનું મધ્યબિન્દુ, જે સજીવન બિન્દુમાથી તમામ પ્રવૃત્તિકિરણો ચોદિશ ફેલાય; તે જાણે સ્વયમેવ દયા, મૂર્તિમંતી દયા, હે મિત્ર, ત્હારું નામ છે તેવાજ ત્હારા ગુણ છે.

પણ રખે આને ભાટાઈ કે ખુશામદ કે અતિશયોક્તિ ગણી સૂગાતો! હું તે તું, તું તે હું, ત્યાં કયો કયાની ભાટાઈ કરવાનો! પ્રેમોત્થ આનંદ કે શોકના અતિશયમા થોડીઘણી તાણીને ઘટાવેલી ઘટના અથવા દૂરાકૃષ્ટ વિચારણા (Conceits કન્સીટસ), થોડોઘણો પ્રલાપ, આવી જ જાય; તે કુદરતી અને અનિવાર્ય હોવાથી દોષ નહીં પણ વિષયને ઘનત્વ (Solidity સોલિડિટી) આપનારો ગુણ છે.

સાગર-શશી, શશી-કુમુદ, રવિ-કમલ, ચાતક-મેઘ, આદિ યુગલોનો ઉપયોગ કરવાની કવિતારૂઢિ સંસ્કૃત કવિતામાથી ગુજરાતીમાં આવી છે. એવી કવિતારૂઢિઓ (poetical conventions)નો જે ઝમાને કવિતામા અત્યંત ઉપયોગ જોવામાં આવે, તે ઝમાને કવિતાની સજીવનતા પૂરતી નથી ઘટી ગઈ છે, એમ જાણવું. સજીવન કલ્પનાશક્તિ પોતાના વક્તવ્યને માટે નવી નવી રચનાઓ જ પસંદ કરે. જૂના ઢાળાની, જૂની ઢબની, જૂનાં બીબાં પ્રમાણેની અને મોટે ભાગે જૂનાં શબ્દચોસલા વાપરી વાપરીને કવિતાનો મોટો જથો દાયકે દાયકે ઉપજાવવામાં આવે છે. પરંતુ એ જથામા ક વિ તા ભાગ્યે હોય. તાજેતર કવિતાના અનુકરણ પણ ઘણાં થાય. અને આમા બે વાત છે. ઉછરતો લેખક અનુકરણો દ્વારા સ્વતંત્ર લેખનશક્તિ અને સંકલનાશક્તિ ઉપજાવી શકે છે. પણ વર્ષો જાય તથાપિ જે લેખક અનુકરણ શક્તિથી આગળ વધેલો અને પોતાની કલ્પના ઉપર ઊભેલો દેખાય નહીં, તેવા લેખકની કવિતા ઉતરેલી માલા છે, નવી નથી

૯

રા. રા. નરસિંહરાવ ભોળાનાથ દીવટિયા: સંગીત તે આત્મા, કવિતા તે દેહ.

બન્ધુ હો! ગાન સુણી તે સાઝ
હૃદય મુજ દીન બન્યું સહરાજ.
મધુરતા-ઉદરે જન્મ્યાં બાળ,
હર્ષ ને શોક ઉભય, તે કાળ;
અને મુજ હૃદયે કરી રણભૂમિ
બાળ બે સબળ રહ્યાં તહિં ધૂમિ.
'મૌન સનાતનમા મધુર આ રવ થશે વિલીન!
ને શું ફરિ નવ મેં સુણવો એ?' એમ વિચારે દીન
બની હું સ્તબ્ધ રહ્યો ક્ષણવાર,
ગાન સુણ્યું ઊંડું અવર તે ઠાર—
બન્ધુ હો!

'વિરમતા ગાન વિરમિ સહુ જાય,
મધુરતા એ નવ સાચિ રખાય;
મધુરતા અનુપમ કેરો સાર
વિનશ્વર કેમ કર્યો કરતાર?
કવિત-પદ મુજ ટકશે કઈ કાળ,
ગાન તુજ શમશે શમતાં વાર:
વિનશ્વર આત્મા, સ્થાયિ શરીર:'
જોઇ અન્યાય થયો હુ અધીર.
તરંગ એવા મન ફિરી ઉછળી ઉપની આશ,
—ગાન મધુરતા રાખુ સનાતન, પામે ન કદિ વિનાશ,
વાસ કરિ અનન્તતાને દ્વાર,
કવિત સંગીત વસો ચિરકાળ—
બન્ધુ હો!

વિષય—રા. નરસિંહરાવના એક બે ભ્રમ, એમણે આખો જન્મારો કીમતી સત્ય લેખે સંઘરેલા એવા, "લિરિક"માં તપાસ્યા છે. અહીં એ ભ્રમો સાથેનો અને તેમના ઊંડા મૂલ જેવો બીજો એક ભ્રમ તપાસવો છે. કવિતા=સ્ફુટ (articulate) અર્થપ્રવાહ.

આ તે માત્ર શરીર, અને જે લય જે સંગીતમાં એ અર્થપ્રવાહ મૂર્ત થયો, તે કવિતાનો આત્મા ? ૭૮ ! રા. નરસિંહરાવનો આગ્રહ પણ દુરાગ્રહ છે, વાસ્તવ હકીકતથી ઉલટો જ છે. અર્થપ્રવાહ જ આત્મા, શબ્દો, લય, સંગીત, એ સર્વ જે મળીને આત્માને વ્યક્ત કરે છે, તે આત્માનું શરીર : અને આ પણ માત્ર ઉપમા, ઠેઠ સુધી ના તણાય એવી.

વળી કવિતા (" કવિત–પદ ") ટકાઉ, ચિરંજીવ, અમર : તો જે લય સંગીતાદિ વડે એ અર્થપ્રવાહરૂપ આત્મા મૂર્ત થાય છે, સ્ફુટતા પામે છે, તે તે લય સંગીતાદિ શરીર પણ તે કવિતા જેટલા જ ટકાઉ, ચિરજીવ, અમર છે. કવિતા રૂપ શબ્દરચના (" કવિત–પદ ") જ્યારે જ્યારે જોવામાં આવે, ત્યારે ત્યારે તે અર્થપ્રવાહ તેની સાથે જે જે વળગેલા હોય તે શબ્દસમૃદ્ધ લયપ્રવાહ (અને કેટલાક દાખલામા) સંગીત પ્રવાહ, એ સર્વની સાથે સાથે જ ગ્રહણ કરવામાં આવે છે : અર્થપ્રવાહ આ શરીરોપાધિ વડે જ પૂરો મૂર્ત, સ્ફુટ થાય છે. આત્માને સ્વપ્ન સત્ત્વ લેખે નહીં પણ પોતાના શરીરમા વસેલો ગ્રહણ કરવામા આવે તો જ સોળ આની ગ્રહણ થઈ શકે : ન અન્યથા. એટલે સિદ્ધ થાય છે કે " વિનશ્વર આત્મા, સ્થાયિ શરીર " એ જે કોટિ એમણે અહીં લડાવી છે, તે લાગુ જ પડતી નથી.

બેશક સગીતકલા પોતે કવિતાકલાથી જુદી અને સ્વતંત્ર છે. તેનો પ્રદેશ, તેનાં સાધનાદિ, પણ જુદાં અને સ્વતંત્ર છે. સ્ફુટ (articulate) અર્થ અને વિચારણા સંગીતના પ્રદેશનો બહુ ન્હાનો વિભાગ છે. અસ્ફુટ (inarticulate, instinctive, subconscious) પ્રેરણાઓ, વલણો, લાગણીઓ, જુસ્સા, ભાવ, અને ભાવનાઓ જ સંગીતકલાનું મોટું અને માનીતું ક્ષેત્ર છે. બરફમેરુ (iceberg)નો સાત–અષ્ટમાંશ દરિયાની સપાટી તળે ઊંડાણમા ડુબેલો રહે છે, એક–અષ્ટમાંશ જ સપાટી ઉપર અને સૂર્યના પ્રકાશમાં સ્ફુટ દેખાય છે, તેમ માનવજીવન અને પ્રકૃતિની અસ્ફુટતાઓ જ સગીતકલાનું પ્રધાન અને વિશિષ્ટ ક્ષેત્ર છે.

કવિતા પણ માનવજીવન અને પ્રકૃતિની અસ્ફુટતાઓને સ્પર્શે ખરી. ઊંચામાં ઊંચી કવિતા સ્પર્શે જ. અગમનિગમ (mystical) કવિતા ખાસ સ્પર્શે. પરંતુ કવિતાકલાનું પ્રધાન માનીતુ અને વિશિષ્ટ ક્ષેત્ર સ્ફુટવિચારણા સાથે ભળે એવી પ્રેરણાઓ, વલણો, લાગણીઓ, જુસ્સા, ભાવ, અને ભાવનાઓ છે. સ્ફુટ અર્થપ્રવાહ જ કવિતાકલાનું વિશિષ્ટ સાધન છે, જ્યારે સુરાનુપૂર્વીનું સાધન સંગીતકલાને માટે પૂરતું છે. અને અગમનિગમ કવિતા અસ્ફુટ પ્રદેશમા ઊડે છે, તથાપિ ફરીફરીને સ્ફુટ વિચારણાના પ્રદેશને સ્પર્શી જાય નહીં, તો તે કવિતા જ નથી; અગમનિગમ કવિતા કવિતામાથી શુદ્ધ સંગીતમાં અને શુદ્ધ સંગીતમાંથી પણ આન્તર સમાધિમા એટલે મૌનમાં ચાલી જાય છે : અગમનિગમને સ્ફુટ વિચારણાના પ્રદેશ અનુમાનિતા છે, એ જાણીતું છે.

૭૯—લાવણી અને સૂત્રવાળી લાવણીનાં મૂલ માપ માપે જુવો મલબારીની નીચેની કડીઓઃ—*

સ્તવારીખમા સાચ ન ક્યાંઇ, જાણ બધી મશ્કરી એ :
સમાં દિકા મે શાર આસમનાં, બીખ ગામનાં ચોરીએ !

* મલબારીની મૂલ પંક્તિ જરા જુદી છે.

(ઝૂલવાળી)

ડફ તબલા સારંગ સિતાર
પે'રા બરસી માઝમ-માર !
શરાબ શરબત લે !—પોબાર !
નાચ રંગ ને જર જુગાર !

ઇંદ્રપુરી સમ આ સહુ મહિમા, સરિત નાચતી ઈંદ્રાણી :
વાડી ગાડી લાડીમાં તે. જિંદગી કીધી ધુળધાણી—
સુરતી લાલા રહેલાણી !

દયારામની લાવણીઓ પણ આ માપની છે. ત્યારે મણિલાલ નભુભાઈ, નરસિંહરાવ, ભીમરાવ, આદિએ મુખ્ય પંક્તિજોડની લંબાઈમા ફેરફાર કર્યો છે. મૂલ માપ ૧૬ + ૧૪ માત્રાની બે પંક્તિનું, તથા ઝૂલ હોય ત્યારે ઝૂલની દરેક પંક્તિ ૧૬ માત્રાની રાખવાનું હતું. મણિલાલ આદિએ આ પંક્તિજોડમાંથી ૧ લી પંક્તિને ટુંકાવીને ૧૩ + ૧૧ માત્રાની અને બીજીને ૧૬ + ૧૧ માત્રાની કરી છે, અને આ ફેરફાર લાવણીના લયની સુંદરતાને ખીલવી આપે છે એ પણ દેખીતું છે. દયારામની 'હનૂમાનગરુડ સંવાદ' આદિ કૃતિઓને મથાળે "પદ—રાગ લાવણી" એમ લખેલું છે, પરંતુ લાવણીને હવે છંદ લેખે પણ સ્વીકારી લઈ પિંગલમાં દાખલ કરી દેવી જોઇએ. મુખ્ય પંક્તિજોડ પછી પાછી ઝૂલ લેખે એક બે કે ત્રણ પંક્તિ એમ ઇચ્છા પ્રમાણે આવી શકે છે.

આ કૃતિને ભ્રમ વર્વવનારી જણાવી છે એટલે ખાસ ઉમેરું છુ કે આમાં રા. નરસિંહરાવના ભાવપ્રભુત્વ અને લયપ્રભુત્વ આકર્ષક છે. સાથે સાચો અર્થપ્રવાહ પણ હોત તો એને કર્તાની ઉત્તમ કૃતિઓમા લેખી શકાત. અર્થનો પણ દલીલ ભાગ ખોટો છે એટલું જ વક્તવ્ય છે. અર્થનો લાગણીભાગ—બંધુસ્નેહ, અને બંધુના કંઠ અને ઉસ્તાદીના ગુણ ઉપર ફિદા ફિદા મનોવૃત્તિ,—એ તો યથાવત્ આલેખાયો છે જ. સ્ફુટ અર્થપ્રવાહના આમ ત્રણ અંશ છે તેમાથી વૈયક્તિક અંશ જો કે સાચા છે, તથાપિ સામાન્ય અંશ ખોટો આવી જતા, આખી કૃતિને ઉતારી પાડે છે.

અર્થ:—"હૃદયવીણા"નું અર્પણ કાવ્ય ત્રણ વિભાગવાળું છે. ત્રીજા વિભાગમાંની છેલ્લી કડી અર્પણનું કથન કરતી એટલે પ્રાસંગિક હોવાથી અહીં છોડી દીધી છે.

ફરી ફરિ કરી કરિ આદિ આપણે હ્રસ્વદીર્ઘ યથારુચિ બોલિયે છિયે, પણ કવિતામા અમુક સ્થલે હ્રસ્વ જ અને અમુક સ્થલે દીર્ઘ જ બોલાય એ પ્રમાણે એ શબ્દો મુકાયા હોય છે. આવે બધે ઠેકાણે એકસરખી જોડણી કરવાનો નિયમ પાળીએ, તો ઘણે ઠેકાણે ᴗ — ચિહ્નો તે તે સ્થલે ઉચ્ચારણ હ્રસ્વ કે દીર્ઘ છે તે બતાવવાને ઉમેરવા પડે; જ્યા જેવું ઉચ્ચારણ ત્યા તે પ્રમાણે હ્રસ્વ અગર તો દીર્ઘ લખવાની રીત રાખિયે—કવિતામાં—તો એટલાં ચિહ્ન ઓછા વાપરવાની જરૂર પડે. રા. નરસિંહરાવે જોડણીના વિષયમાં શુદ્ધિ માટે ભારે યુદ્ધ ખેડી નવો ચીલો પાડવાનું સાહસ ખેડ્યુ છે એ જાણીતું છે. કવિતાલેખનમા પણ એમણે ઉચ્ચારણ જોઇએ તે પ્રમાણે હ્રસ્વદીર્ઘલેખનનું સાહસ કર્યું હોત, તો ફાયદો થાત એમ લાગે છે. આ સંગ્રહમાં ઉપલો દાખલો છાપતાં કવિતા

લેખન ઉચ્ચારણ પ્રમાણે જોઇએ એ સૂત્ર પ્રમાણે જોડણી કરવામાં આવી છે:–આખા સંગ્રહમાં આ એક જ દાખલામાં.

૧. ત્હારા મધુર ગાનથી મ્હને આનંદ પણ થયો, શોક પણ થયો. હર્ષશોક બાલયુગલ આમ જન્મ્યું, તે "સબલ" મ્હારા હૃદયમાં સામસામાં લડવા લાગ્યાં. વર્ણન જરા ઉત્કટ છે. બાલને સબલ કહેવાથી ઉત્કટતા ઔચિત્યમાં ફરી જતી નથી. શી લડાઈ હતી એ? આ આવો અનુપમ ગાનપ્રવાહ એક જ વાર સંભળાય, એટલો ખમો ક્ષણભંગુર! એમ વિચારે એક વિચારે.

૨. છેલ્લી ત્રણ લીટી અર્પણ કાર્યને સ્પર્શે છે. અનંતતાને દ્વાર વાસ: સંગીત માધુર્ય સાચી રખાતું નથી એ તો ગવાતાં ગવાતાં જ ઊડી જાય; પણ (અહીં ઉમેરે છે) ઊડી જાય તે તો આ લોકમાંથી, આ કાર્યપથમાંથી. પરંતુ આ ઉપરાંત એક પરલોક પણ છે: આ ક્ષણભંગુર, તે સનાતન; આ સ્થૂલ, તે સૂક્ષ્મ; વગેરે. અસ્તુ.

[હવે પછી બાપુરાવ હિંમતરાવ દેસાઈ અને ગોવર્દ્ધનરામ માધવરામ ત્રિપાઠીના નમૂના આવશે.]

અમેરિકાના પત્રો

પત્ર ૧૭ મો

૧૨૪ હેકોક સ્ટ્રીટ
કેમ્બ્રિજ માસ,
તા. ૪ જુલાઇ, ૧૯૨૯

સ્નેહી ભાઈશ્રી

આ સાથે નાયેગરાના ધોધનો એક ફોટોગ્રાફ મોકલું છું. ફોટોગ્રાફમાં દેખાય છે તે કરતાં એનો દેખાવ વધારે ભવ્ય છે. લગભગ ૧૬૭ ફુટની ઊંચાઇથી બેશુમાર પાણીનો જે ધોધ પડે છે તે એટલો તો પ્રચંડ અને વિસ્તૃત છે કે જોનાર પળીભર થંભી જાય છે. કહેવાય છે કે આ ધોધ દુનિયામાં સૌથી મોટો ધોધ છે—ઊંચાઇની દૃષ્ટિએ નહિ, જલસમૂહની દૃષ્ટિએ. આનાથી ઊંચા ધોધો આફ્રિકામાં છે પણ આ ધોધમાંથી જેટલું પાણી વહે છે તેટલું બીજે કયાંય વહેતું નથી. એ પાણીના બળે ત્રણ પાવરહાઉસ ચાલે છે બે કેનેડાની બાજુ અને એક યુનાઇટેડ સ્ટેટ્સ—અમેરિકાની બાજુ. જો કે ૯૫ ટકા પાણી કેનેડાની બાજુ વહી જાય છે છતાં અમેરિકાનું પાવરહાઉસ સૌથી મોટું છે. એને શરૂ કરનાર માણસને દેવાળું કાઢવું પડેલું—લોકોને એની યોજનામાં વિશ્વાસ ન પડ્યો અને પૈસાને અભાવે એણે એ નામની કિંમતે વેચી નાખ્યું. નાયેગરા ફૉલ્સ પાવર હાઉસ કંપની એ ચલાવે છે અને બે લાખ હોર્સપાવર જેટલી શક્તિ ઉત્પન્ન કરે છે. નાયેગરાના ઉપર તળથી પાણીને લઇ તેને નળો વાટે ૨૩૫ ફુટ નીચે ઊતારે છે અને જળ ટરબાઇન (Water Turbine)ની પાંખો (blades) પર તેને પછડાવા દે છે. આથી ટરબાઇન ફરે છે અને એની ધરીએ ધરી સાથે જોડેલા જનરેટર (A. C. Generator 12000

volts: 25 cycle: 420 ámperes) ફરે છે. આ જનરેટર એ વિજળીનું ઉગમસ્થાન (generating source). જળમાં રહેલી ગતિશક્તિ (Kinetic Energy) એ એનું ઉત્પત્તિસ્થાન (Source of Power). બે લાખ હોર્સપાવર જેટલી શક્તિ આવાં ૨૧ જોડાંઓ (ટરબિન અને જનરેટરનું એમ એક જોડું) ઉત્પન્ન કરે છે. માત્ર ૭ માણસો આ ૨૧ દંપતીની સંભાળ રાખે છે. મકાન બહારથી સાવ સાદું લાગે છે. અંદર જઇને જોઈએ ત્યારે જ તેની ખરી ખૂબી સમજાય છે. સફાઈમા એ નમૂનેદાર છે. જોવા આવનાર માણસોને ખાસ રોકેલા માણસો (guides) આખું પાવરહાઉસ બતાવે છે, અને સામાન્ય માણસને રસ પડે તેવી મોટી મોટી બાબતોથી માંડીને ઝીણામાં ઝીણી વિગતો સુદ્ધાં સમજાવે છે. કેવળ આ જ કામ માટે સારો પગાર આપી કારખાનાવાળો ખાસ અનુભવીને રોકે છે કારણ કે આમવર્ગને પોતાના ધંધામા રસ ઉત્પન્ન કરવો એને અહીંના કારખાનાવાળા મોટું પ્રચાર-કાર્ય (propaganda) માને છે. અહીંના કોઇ પણ કારખાનામા તમને જોખમ થાય તો કારખાનાવાળા જવાબદાર નથી એવી લેખિત કબૂલાત લીધા પછી તમને આખા કારખાનામા ફેરવે છે અને ધધાની કેટલીક ખૂબીઓ (trade secrets) બાદ કરીને બાકી બધું બતાવે છે. તેઓ માને છે કે તેમના આ રીતે ખર્ચેલા પૈસા ઊગી નીકળે છે, કારણ કે એથી એમનું કારખાનુ પ્રસિદ્ધિમા આવે છે અને એમના શેરોનો જલદી ઉદ્ધાર થાય છે.

રવિવારને લીધે કેનેડાના બે કારખાના બંધ હતાં પણ એનો ધોધ બંધ ન હોતો. એ આખા ધોધનો આકાર ઘોડાના દાબલા જેવો છે (horse—shoe shape) અને જૂદે જૂદે ઠેકાણેથી એની અવનવી રમણીયતા આંખોને રંજન કરે છે તેમ જ શીતળ પણ કરે છે. એની ઝેણ (spray) એટલી બધી છે કે પાસેથી જોતા તો ઝેણનું એક મોટું વાદળ જ લાગે છે. એની પર જ્યારે સૂર્યના કિરણો પડે છે ત્યારે એના પ્રકાશથી પાસે ઊભા રહેનારની આંખો બંધ થઇ જાય છે. રાત્રે ચંદ્રના પ્રકાશમા આ કેટલું બધું સુંદર લાગે છે તે જોવાનું અમારા નસીબમા નહોતું, પણ તેની રમણીયતાની કલ્પના થઇ શકે તેમ છે. અંધારી રાત્રે વિજળીના ફરતા દીવાઓ (search lights) આ ધોધને અનેક રંગથી રંગે છે અને એની નીચે ફરતી નૌકામાંથી ધોધે જાણે રંગબેરંગી ફેંટો માથે ન બાંધ્યો હોય એવો ભાસ થાય છે. ધોધની પડખે જ કેનેડાની સરકારે સુરંગ ખોદી છે અને એ સુરંગને માર્ગે ધોધની નીચે ઊભા રહી એના પાદને સ્પર્શ કરવાનો લ્હાવો મળી શકે છે. આ ચરણસ્પર્શનો એક ડોલર (આશરે ત્રણ રૂપિયા) બેસે છે પણ તે કરવા જેવો છે. સુરંગમાં નીચે ઉતરવા માટે ઉતરણી (lift—લિફ્ટ) છે અને પાણીથી ભીંજાઈ ન જવાય તે માટે રબરનો ખાસ પોશાક પહેરાવીને જ સૌને નીચે ઉતારે છે. નીચે ઉતર્યા પછી સુરંગની ત્રણ બારીએથી ધોધનું દર્શન થાય છે. આ જગ્યાએ ઝેણ એટલી ઊડે છે કે આંખો આપોઆપ બંધ થઇ જાય છે અને ઊઘડે છે. પહેલી બારીએ ધોધ સુકુમાર બાળકની જેમ તમારા પર ઝીણી સેર ઊડાડે છે પણ બીજી બારીએ તે જરા વધારે તોફાની બની તમને નહવરાવે છે. આ સ્નાન રબરના પોશાકમાં રુચિકર છે કારણ કે માત્ર તમારું મુખ જ પલળે છે આ 'ગંગાપાન' કર્યા પછી ત્રીજી બારીએ ધોધની ઝાલક તમારા પર એવી જોરથી લાગે છે કે એક-બે મિનિટમા જ તમે તૃપ્ત થઇ પાછા ફરો છો અને હિંમત હોય તો ફરી પાછા એનો સામનો કરો છો. બારી ખાસી ૧૫-૨૦ ફૂટ

લાંબી હોય છે અને પત્થરની દિવાલ એટલી મજબૂત છે કે પડી જવાનો કે તણાઈ જવાનો ભય રહેતો નથી, છતાં યે મનમાં તો જાણે તમે ડૂબતા જ ન હો એવી ભ્રાંતિ થાય છે. ડૂબ્યા વિના ડૂબવાનો આનંદ મ્હાણવાની અનેરી મજા અહીં અનુભવાય છે અને ફીણના ધોળા ઉજ્જવળ વાદળમાં ન્હાતાં ન્હાતાં ગાત્ર શરદીનો ભય જ તમને વારે છે. આ નિકટ દર્શન કર્યા પછી તમને એમ લાગે કે હવે કાંઈ નવીન જોવાનું રહેતું નહિ હોય તો તમારી ભૂલ છે. બહાર નીકળો એટલે તુરત જ પાસેની વેધશાળા (Observatory) તમને આમંત્રણ આપે છે અને એની દક્ષિણા માત્ર ૫૦ સેન્ટ અથવા દોઢ રૂપિયો છે. નીચે રેડ ઇન્ડિયનોએ શોધેલો એક નાનકડો કૂવો છે અને તેના પાણીમાં ગંધક, મેગનેસિયમ અને લોઢું છે. બીજા પણ કેટલાક પદાર્થો છે પણ એ કૂવાનો રાખનાર કહે છે કે રસાયણશાસ્ત્રીઓ એનું પૃથક્કરણ હજુ સુધી કરી શક્યા નથી. આ પાણીને એક ભુંગળી વાટે બહાર આણે છે અને તેને સળગાવે છે ત્યારે ગંધક સળગે તેમ એક ભૂરો પ્રકાશ પાણીની આખી સપાટી પર ફેલાય છે. એ ઝાળ નીચેથી ભૂરી હોય છે અને ઉપરથી જરા પીળી હોય છે. ભૂરી ઝાળ દઝાડતી નથી તેમ બાળતી પણ નથી. એના પર રૂમાલ મૂકો તો યે તે સળગતો નથી. પણ જો એ પીળી ઝાળમાં મૂકો તો તુરત સળગી ઊઠે છે. આનો અખતરો-કૂવાનો રાખનાર કરી બતાવે છે અને એના ૫૦ સેન્ટ લે છે. આ ૫૦ સેન્ટના બદલામાં એ તમને એકેક ગ્લાસ પાણીનો પાય છે અને એ કહે છે કે સંધીવાના દરદીને એ પાણી પીવાથી આરામ થઈ જાય છે. અમને કોઈને સંધીવાનું દરદ તો નહોતું છતા અખતરાને ખાતર અમે સૌએ એકેક પ્યાલો પી જોયો. પાણી સ્વાદમાં સામાન્ય પાણી જેવું હતું અને ગંધકનો સ્વાદ ચોખ્ખો પરખાઈ આવતો. પાણી પીધા પછી અમારા પ્યાલા સળગાવીને એણે ધોઈ નાખ્યા. અને એ જોયા પછી અમને ખાતરી થઈ કે પાણીમાં સંધીવા મટાડવાનો ગુણ હોય કે ન હોય પણ ચેપી રોગના જંતુ નહિ ફેલાવવાનો ગુણ તો એમાં છે જ.

આ પછી અમે ઉપરના મેડા પર ગયા. આ સૌથી ઊંચી ટેકરી પર છે એટલે તેને વેધશાળા (observatory) કહે છે. અહીંઆ કેનેડાની હદ શરૂ થાય છે એટલે મેડા પર પીણાંની સારી વ્યવસ્થા છે. કહે છે કે અમેરિકાના તરસ્યા માણસો અહીં આવી ૧૦–૧૫ ડોલરનો દારૂ એક જ દિવસમાં ઉડાવી જાય છે અને પાછા ફરે છે ત્યારે નજર ચૂકાવીને થોડી ઘણી બોટલો પણ મોટરમાં રગ નીચે સંતાડીને લાગ ફાવે તો લઈ જાય છે.

વેધશાળા ઉપર અગાશીમાં ૭૫૦ પાઉન્ડ વજનનો એક રબરનો મોટો બોલ છે. એમાં હવા માટે ૩૨ ભૂંગળીઓ છે અને આખો માણસ વચમાં ઊભો રહી શકે એટલી જગ્યા છે. આ બોલમાં જૅન લુસિયેર (Jean Lussier) નામનો માણસ આજથી બરોબર એક વરસ ઉપર ભરાયો (July 4, 1928) અને નાયેગરાના ધોધ પર ઉપરથી પડ્યો અને તરી ગયો. બીજા ઘણાઓએ તરવાનો પ્રયત્ન કર્યો છે પણ માત્ર જાન ગૂમાવ્યો છે. અગાશી પરથી ધોધ પરની સપાટીનું દર્શન થાય છે અને પાવર હાઉસવાળા પાણી કેવી રીતે વાળે છે તે સ્પષ્ટ દેખાય છે. આગળ જતા ભમરિયો (whirlpool rapids) આવે છે. આ ભમરિયો એટલો વેગવાન છે કે કલાકના ત્રીસ માઇલની એની ઝડપ અંદાજ છે અને એમાં પડનાર કોઈ બચ્યું નથી. ડોલરની સાધુધુનીને તરી જનાર આ

નાયેગરાની ભમરીમાં ડૂબી મૂઓ એમ કહેવાય છે. નીચેના પથ્થરોને લીધે પાણી ખૂબ જ ચકાવો લે છે અને ખૂબ જ વેગથી ધસે છે. નીચે ઊતરીને એ ભમરિયો જોવાના પણ ૫૦ સેન્ટ બેસે છે. આપણે ત્યાં તીર્થસ્થાનોમાં જૂદા જૂદાં મંદિરોમાં જેમ ભેટ ચઢાવવી પડે છે તેમ અહીંઆ પણ જૂદાં જૂદા સ્થાનોમા ભેટ મૂકવી પડે છે. ગરીબ માણસથી કોઇ સારી ચીજ મફત જોવાય એવું હવે ક્યાંય રહ્યું નથી. આપણે ત્યા ભેટ ચઢાવનાર માણસને જેમ નજીક લઇ જઇ દર્શન કરાવે છે તેમ અહીંઆ પણ ભેટ લઇ ધોધના અને ભમરી વગેરેના નજીક દર્શન કરાવે છે. ફેર માત્ર એટલો જ કે અહીંની રીત વધારે વૈજ્ઞાનિક (scientific), આપણી રીત પ્રાચીન; બાકી ભીડ તો આપણા તીર્થસ્થાનો કરતાં અહીં વધારે હોય છે, કારણકે કુદરતી સૌદર્ય એ અહીંના લોકોને મન તીર્થસ્થાન કરતાં યે વિશેષ છે. છતાં આપણે ત્યાંના વાતાવરણમા જે ચિત્તની શાન્તિ અનુભવાય છે તે અહીંઆ નથી મળતી. આખા વાતાવરણમાં ધર્મની નહિ પણ ભોગની ભાવના પ્રધાન હોય છે અને એને લીધે જ્યાં નજર કરો ત્યાં ભોગવિલાસની ચીજો સહેજે નજરે પડે છે. આથી આવું અનુપમ દસ્ય જોયા પછી મનમાં જે અનુપમ આનંદ ઉભરાવો જોઇએ અને ચિત્ત સૌંદર્યના સ્પર્શથી નાચી ઊઠવું જોઇએ એમાનું કશું બનતું નથી. ખૂણે પડેલા નાનકડા સુરપાણનો ધોધ જોવાથી મનમાં જે શાન્તિ થાય અને ચિત્ત પ્રભુ તરફ વળે તે આવો અનુપમ નાયેગરાનો ધોધ જોવાથી વળતું નથી; માત્ર એ પાણીના વહેણનો જથો અને એ ફ્રેણના વાદળમા જ કોણ જાણે શાથી એ અટવાઇ જાય છે. આમા ચિત્તના ફેરફાર કરતાં વાતાવરણનો ફેરફાર વિશેષ કારણભૂત લાગે છે. કારણકે વાતાવરણ આખું ભોગપ્રધાન છે. એકે એવો એકાંત ખૂણો નથી જ્યાથી તમે નિરાતે કોઈ પણ કર્કશ ધ્વનિ સાભળ્યા વિના આખું દસ્ય જોઇ શકો અને એના સરજનહાર સાથે સાન્નિધ્ય અનુભવી શકો.

પણ એ અહીંના માનસનો અને આપણે ત્યાના માનસનો તફાવત છે. આપણાં પુસ્તકોમાં નાયેગરાનાં ઘણાં વર્ણનો છે. એક મિનિટમાં કેટલું પાણી વહે છે તેના આંકડા પણ નિર્માણ થયા છે અને નવાઇ તો ત્યારે લાગે છે કે ૮૫ માઇલની નાયેગરા નદીમાથી આટલું બધું જળ શી રીતે વહે છે? અને એ જળનો ધસારો એ કાળમીઢ પથ્થરો આટલાં બધાં વરસો થયા સહન શી રીતે કરે છે? પ્રભુની સૃષ્ટિનું આ એક અનુપમ દસ્ય છે અને જોનારને એની પોતાની નહિ તો એની શક્તિની ઝાંખ તો જરૂર કરાવે છે.

પોષાક અને ખાદી

શરીરના પોષણ અને પોષાકનો નિકટનો સંબંધ છે. પોષણ ઉપર આરોગ્યનો આધાર છે. ખોરાક ઇત્યાદિમાંથી મળતા પોષણથી એ રીતે આરોગ્ય પ્રાપ્ત થઇ જળવાય છે. શરીરમાં અને શરીરથી થતા વિધવિધ વ્યાપાર માટે જોઇતી શક્તિ મળે છે, અને બીજું શરીરના વ્યાપારથી શરીરમાં ઘસાયેલા ભાગો પાછા દુરસ્ત થાય છે, અને નાશ પામેલા કોષો નવા બને છે. પ્રતિક્ષણે શરીરના કોષોમાં ચાલી રહેલી આ ક્રિયાથી ગરમી ઉત્પન્ન થાય છે. આ ગરમી ખોરાકમાંથી મળતા પોષણથી ચાલુ રહે છે અને તેનું શરીરની શક્તિ તરીકે રૂપાન્તર થાય છે. આરામની સ્થિતિમાં આ ક્રિયા ઓછા પ્રમાણમાં થાય છે અને તેથી ગરમી ઓછી પેદા થાય છે. કામ કરતી વખતે આ ક્રિયા જોસથી ચાલે છે એટલે ગરમી વધારે પ્રમાણમાં ઉત્પન્ન થાય છે. આ ગરમી વધારે ઓછી ઉત્પન્ન થતા છતાં આપણા શરીરમાં એકધારી ૯૮° થી ૯૯° ડીગ્રી ફેરનહીટ ગરમી તંદુરસ્તીમાં હમેશા જળવાઈ રહે છે. ગરમીના નિયમનની આ ક્રિયા શરીરમાં બહુ અજબ રીતે થાય છે. શરીરની ગરમી એકધારી ચાલુ રાખવામાં આપણા શરીરની ચામડી મુખ્ય ભાગ ભજવે છે. ચામડી જ્ઞાનતંતુઓના સમૂહથી ભરપૂર છે. ગરમી વધારે લાગતાં આ જ્ઞાનતંતુઓ દ્વારા ચામડીની લોહીની નળીઓ પહોળી થઇ જાય છે અને તેમાં લોહી ઝાઝા પ્રમાણમાં આવે છે. ચામડી રાતી થઈ જાય છે અને ચામડીની સપાટી પર આવેલું લોહી હવાથી ઠંડું જોઇએ તે પ્રમાણમાં થઇ પાછું શરીરમાં ચાલ્યું જાય છે. હવા બહુ ગરમ હોય અને આટલા પ્રયત્નથી લોહી ઠંડું ન થાય તો તે જ જ્ઞાનતંતુઓ ચામડીમાં રહેલી અનેક પરસેવાની ગ્રંથીઓને ઉત્તેજી ચામડી ઉપર પરસેવો લાવે છે. આ પરસેવો હવાથી ઠંડો પડે છે અને પરિણામે ચામડી અને તેમાં ફરતું લોહી પણ ઠંડું પડે છે. આવી રીતે લોહી શરીરની સપાટી પર લાવી તેને એક કે બીજી રીતે ઠંડું કરી શરીર પોતાની વધારાની ગરમી ઓછી કરે છે. એ જ પ્રમાણે ઠંડીથી ચામડીમાં રહેલી લોહીની નળીઓ સંકોચાય છે અને લોહીનો મોટો જથ્થો શરીરના અંદરના ભાગમાં જઇ પોતાની ગરમી જાળવી રાખે છે. તે ઉપરાંત ઠંડીથી શરીર ઉત્તેજીત થાય છે અને તે સ્ફૂર્તિથી કામ કરવા મંડી પડે છે, એટલે શરીરની ગરમી વધે છે અને ઠંડીની અસર શરીર પર થતી નથી. આમ ગમે તે સ્થિતિમાં શરીરની ગરમીનો સંચો એવી રીતે કામ કરે છે કે તેની ગરમી એક ધારી રીતે જળવાઈ રહે છે.

આ પ્રમાણે શરીરમાં ઉત્પન્ન થતી ગરમી જ શરીરના વ્યાપારમાં શક્તિરૂપ હોઇ તેને એકધારી રીતે જાળવવાને શરીરમાં ચાલતા વ્યાપારને કપડાં વડે મદદ કરવી, અને જુદી જુદી ઋતુઓમાં ટાઢ, તડકો, વરસાદ, હવા ઇત્યાદિની ખરાબ અસરથી શરીરને બચાવી તેની ગરમી એકધારી રીતે જાળવી રાખી શરીરની શક્તિનો વ્યર્થ વ્યય થતો અટકાવવો અને તેનો સંગ્રહ કરવો, અને આ રીતે આરોગ્ય જાળવી રાખવું એ જ પોષાક જેવા કૃત્રિમ સાધનનું પ્રયોજન છે.

ખોરાકથી પોષણ મેળવી આરોગ્ય જાળવવા ખોરાકના જુદા જુદા પદાર્થો જ્ઞાનપૂર્વક જરૂર હોય છે. તેમજ પોષાક પણ પ્રથમ આરોગ્યના રક્ષણ માટે અને ત્યારપછી જ સામાજિક સભ્યતા ખાતર પહેરવાની જરૂર છે. ફેશન અને સુંદરતાનો સવાલ

પોષાકની બાબતમાં ગૌણ સ્થાને જ હોઇ શકે. જ્યાં જ્યાં આ બે ગૌણ બાબતોને પોષાકમાં પ્રધાનપદ આપવામાં આવે છે, ત્યાં ત્યાં પોષાક પહેરવામાં રહેલો આરોગ્યપ્રાપ્તિ અને આરોગ્યરક્ષણનો અગત્યનો હેતુ અદશ્ય થઇ જાય છે, અને ફેશનને પોષે છે કે અન્ય રીતે શરીરમાં વિકૃતિ પેદા કરી આરોગ્યનો નાશ કરે છે.

પોષાક સંબંધી એક જ્ઞાનપદ અને વિગતોથી ભરપૂર લેખ "પ્રેક્ટીશનર" નામના મેડિકલ જર્નલમાં ડૉ. લિયોનાર્ડ હિલે (Dr. Leonard Hill) લખ્યો છે તેના ઉપયોગી ભાગનો સાર નીચે આપ્યો છે.

વાળવાળી ચામડી અને તેની નીચે રહેલો ચરબીનો ભાગ એ શરીરનો કુદરતી પોષાક છે. ઠંડી ઋતુમાં રહેતાં જનાવરોની ચામડી ઉપરની રૂંવાટીના પોકળ ભાગોમા હવા એવી રીતે ભરાઇ રહે છે કે તે હવાને લીધે તેને જરાપણ ઠંડીની અસર થતી નથી. હવા બહુ જ ઓછા પ્રમાણમાં ગરમી ગ્રહણ કરનારૂં કુદરતી તત્ત્વ ગણાય છે (bad conductor of heat). રૂંવાટીના પોકલ ભાગોમા ભરાઇ રહેલી હવા બહારની ઠંડી કે ગરમીથી અવિકૃત રહી શરીરની ગરમીથી જેટલી તે ગરમ થઇ હોય તેટલી જ ગરમ રહે છે. આ પ્રમાણે તે "ઇન્સ્યુલેટર" તરીકે કામ કરે છે. પીછાં અને રૂંવાટીમાં ગરમી સંઘરી રાખવાની મોટી શક્તિ રહેલી છે. વળી વજનમા પણ તે બહુ હલકાં છે. હવાની ગરમી સંઘરવાની શક્તિ એક દોકડો ગણીએ તો ઊનમા ૭ દોકડા ગણાય, અને પાણીમા ૨૪૦ ગણાય. રૂંવાટીનો એક જથ્થો લઇએ તો તેમા બે ટકા જ સ્થૂળ પદાર્થ હોય છે. લોહીનો ૯૮ ટકા પોકળ ભાગ હોય છે, આ પોકળ ભાગમાં હવા ભરાઈ રહે છે, તેના ઉપર ટાઢની અસર થતી નથી. આથી ઉત્તર ધ્રુવના પ્રદેશો અને ઠંડા પ્રદેશોમાં રૂંવાવાળા અને ઊનના ગરમ કપડા પહેરવામા આવે છે.

ઊનના ગરમ કપડાં પોચાં અને સ્થિતિસ્થાપક હોઇ તેના તાતણા ચામડીથી દૂર રહે છે અને તે ખાલી જગ્યામા હવા ભરાઇ રહે છે એટલે શરીર જોઈએ તેવું જ ગરમ રહે છે. ઠંડીની અસર થતી નથી. સૂતરનું કાપડ ઊન જેટલું જ જાડું, શોષક અને પાખા વણાટવાળું હોય તો તે ઊનનાં કપડાં જેટલી જ ગરમી આપે છે, તેનાં છિદ્રોમાં ભરાઇ રહેલી હવાને લીધે ઠંડીની અસર નહિ થાય અને શરીર જોઇએ તેવું ગરમ રહેશે. ઊનના કપડા ધોવાથી જાડાં અને ટૂંકાં થઇ જઈ જલદી નકામાં થઈ જાય છે. સૂતરના કપડામા તેમ નથી. તેજ પ્રમાણે પાતળું, શોષક અને પાખા વણાટવાળું સૂતરાઉ કપડું ઊનાળામાં શરીરને સારી ઠંડક આપે છે. તેનાં છિદ્રોમાં પરસેવો ભરાઇ રહે છે અને બહારની હવાથી તે ઠંડું થઈ શરીરને ઠંડક આપે છે. આ પ્રમાણે જૂદી જૂદી ઋતુઓમા અનુકૂળ થાય તેવા સૂતરાઉ કાપડની બનાવટ કરવામાં આવે તો સૂતરાઉ કાપડ બધી ઋતુઓ અને જૂદી જૂદી હવામાં ઉપયોગી થાય. હિંદુસ્થાન જેવા ગરમ પ્રદેશમાં ગરમ કપડાનો ખપ બહુ જ ઓછો રહે. ગરમ પ્રદેશમાં રેશમી કાપડ ઠંડું હોવાથી પોષાક માટે તડકામાં પહેરવા માટે ઉપયોગી છે.

શુદ્ધ રેશમી કાપડમાં તેની સપાટી પર રહેલા ચળકાટથી સૂર્યનાં કિરણો પરાવર્તનથી પાછાં ફેંકવાની શક્તિ રહેલી છે એટલે તે તડકામા ગરમ થતું નથી. એટલું જ નહિ પણ શુદ્ધ રેશમમાં સૂર્યનાં કિરણોમા રહેલા ગરમ "અલ્ટ્રા વાયોલેટ" રેઝ (કિરણો) ઝીલવાની

શક્તિ બહુ ઓછી હોવાથી રેશમી કપડું ઠંડું ગણાય છે, માટે ઊનાળામાં તેનો ઉપયોગ યથાર્થ ગણાય.

જેવી રીતે પોષાક માટે કાપડની બનાવટ અને જાત સંબંધી સમજપૂર્વક વિચાર કરવાનો હોય છે, તેવી રીતે કાપડના રંગનો પ્રશ્ન પણ તેટલો જ મહત્ત્વનો અને ઉપયોગી છે. સૂર્યનાં કિરણોના શોષણનો આધાર રંગ ઉપર રહેલો છે. જો ધોળા રંગવાળા કાપડમાં તડકાની ગરમી શોષવાની શક્તિ ૧૦૦ ટકા જેટલી ગણીએ તો તે જ પ્રમાણે ઘેરા રંગવાળા કાપડમા ઉત્તરોત્તર ચડતી શક્તિ ૧૫૦ થી ૧૭૦ સુધી ગણી શકાય. અને કાળા રંગની તો ૨૦૦ કરતા પણ વધારે શક્તિ ગણાય. આથી ઠંડી ઋતુમાં અને ઠંડા પ્રદેશોમાં કાળાં કપડાં પહેરવાની જરૂર છે. ગરમ પ્રદેશ અને ઊનાળામાં, મુખ્યત્વે ધોળા અને સાધારણ રીતે ખુલ્લા રંગના કપડા પહેરવાની જરૂર છે.

ઘણી વખતે ફેશન કપડાને એવી રીતે બગાડી મૂકે છે કે પોષાકનો જ્ઞાનપૂર્વક વૈજ્ઞાનિક ઢબે ઉપયોગ થતો નથી. કેટલીક વખતે બહુ તંગ કપડાં પહેરવામાં આવે છે અને તેની ફેશનથી તબિયતને નુકસાન થાય છે. કપડા એવા છૂટા અને વજનમા હલકા જોઇએ કે શરીર છૂટથી હરીફરી શકે અને હલનચલન સાથે કપડાના છેડા છૂટથી ફરે, એટલે કપડાં અને શરીરની સપાટી વચ્ચે હવા આવ જા કરી શકે. પહોળું નીચું પહેરણ, ઢીંચણ સુધીની પહોળા પાયઆવાળી પાટલુનો, કોણી સુધીના અને પડખે ચીરાડોવાળા ખમીસ અને પહેરણો, નીચાં ગળાવાળા કપડા, કેડીઆં ઇત્યાદિ શરીરને તંદુરસ્તીની દૃષ્ટિએ બહુ ઉપયોગી છે. પાટલુનની અંદર ખમીસને ભરાવવા કરતા તેને બહાર છૂટું રાખવાથી હલનચલન સાથે તેના છેડા વતી શરીર ઉપર છૂટથી પંખાની માફક પવન આવે છે. ગરમ પ્રદેશોમાં છત્રી અને પંખા પણ પોષાક જેવી ઉપયોગી વસ્તુઓ છે.

કપડાં વજનમા હલકા હોવા જોઇએ. વળી પ્રમાણમાં એટલા હોવાં જોઇએ કે શિયાળાની ઠંડીમા શરીરને ટાઢ ન વાય, અને ઊનાળામાં વધારે પરસેવો કરી શરીરને અકળાવી ન નાંખે. વધારે પ્રમાણમા કપડા પહેરવાથી તેનો જરૂર વગરનો બોજો શરીરને ઉપાડવો પડે છે અને તે ઉપરાંત શરીર છૂટથી સ્ફૂર્તિથી ફરીહરી શકતું નથી. કસરતી જુવાન હમેશા બહુ થોડાં કપડા શરીર ઉપર રાખે છે. આથી તે છૂટથી કસરત કરી શકે છે. કસરતથી શરીરમાં ગરમી આવે છે અને ટાઢ ઊડી જાય છે એટલે કસરત કરનાર અને ઠંડી હવામા સ્ફૂર્તિથી કામ કરનારને થોડાં કપડા વડે પણ શરીરને જોઇતી ગરમી મળી રહે છે. આથી હવાખાવા કે ફરવા જતી વખતે સાથે ઓવરકોટ રાખવો એ તંદુરસ્ત માણસ માટે મૂર્ખાઇ ભરેલું છે. ઠંડીથી શરીરને ઉત્તેજિત કરી સ્ફૂર્તિથી કસરત મળે તેમ હરવું ફરવું એ જ જરૂરનું છે. જેનાં શરીર વૃદ્ધાવસ્થાથી કે દરદથી નાદુરસ્ત અને નબળા થઇ ગયાં હોય, અને જેમનામાં ઠંડીનો ઉત્તેજક ગુણ ઝીલી શરીરને કસરત કરાવી તેમાં ગરમી લાવવાની કુદરતી શક્તિ બહુ ઓછી હોય કે ન હોય તેમણે જ ખરી રીતે ઊનના ગરમ કપડાંની જરૂર છે. વળી જેમને સખત ઇજાથી આઘાત થયો હોય, કે જેમને શસ્ત્રક્રિયા માટે કલોરોફોર્મ જેવી માદક દવા સુંઘાડી હોય, કે જેમને પક્ષાઘાત થયો હોય અને તેથી શરીરની ગરમીનું પ્રમાણ જાળવવાની શક્તિ જતી રહી હોય, તેમણે ખાસ ગરમ કપડા પૂરતા પ્રમાણમા રાખવાની જરૂર છે.

સાધારણ રીતે નાનાં બાળકો અને છોકરાંઓ ઉપર ટાઢથી શરદી થવાની બ્હીકે ખૂબ કપડાં લાદવાનો રિવાજ પડી ગયો છે. આમ કરવાથી ટાઢ સામે ટક્કર ઝીલવાની બાળકોની કુદરતી શક્તિ ઓછી થતી જાય છે અને નાશ પણ થાય છે. અને તેથી ઋતુઓના ફેરફારે થતાં જરા જરા વારમાં સળેખમ, ઉધરસ ઈત્યાદિ દરદોમાં આવાં બાળકો સપડાઈ જાય છે. સેનેટોરિયમની ખુલ્લી હવામાં થોડાં કપડાં સાથે ખુલ્લા શરીરે રહેતાં બાળકોની તબિયત સાથે કપડાના કોટમાં વસતાં બાળકોની તબિયત સરખાવતાં ખાત્રી થશે કે જોઈએ તે કરતા ઝાઝાં કપડાં બાળકો ઉપર લાદી માબાપ તેમના આરોગ્યનું રક્ષણ કરવાને બદલે તેને નુકસાન કરે છે.

ખુલ્લામાં અને ઠંડીમાં બહાર કામ કરતા લોકો જેવા કે ભરવાડો, ખેડૂતો ઈત્યાદિનું વધારે સારું આરોગ્ય અને લાંબી જીંદગી સાથે જાહેરના ખેરાખાઉ સુધરેલા લોકોની તંદુરસ્તી સરખાવતાં તથા દુર્બળ બાંધાના શરીરવાળાને ખુલ્લી હવાથી થતા ફાયદાનો વિચાર કરતાં કપડાના કૃત્રિમ રક્ષણ ઉપર હદ ઉપરાંત ભાર મૂકી આરોગ્ય જાળવવા ઇચ્છતા માણસોના વિચારોની બેવકુફી સમજાશે.

મિલો અને કારખાનાઓમા કપડાં કાઢી નાખી, ચડ્ડી અને પહેરણ પહેરી મજૂરોને કામ કરવા દેવાથી, અને પંખા વડે ઠંડી હવા આપવાની ગોઠવણ કરવાથી મજૂરો કામ વધારે પ્રમાણમાં કરી શકે છે અને તે કામ પણ વધારે સારું થાય છે. તેમને સંચાઓની ગરમીથી પરસેવો નથી થતો અને કામ કરતા ઠંડક રહે છે એટલે તેમનું આરોગ્ય સારી રીતે જળવાય છે. વળી તેની જીંદગી પણ લાંબી થાય છે. જ્યારે ઋતુ ગરમી થતી હોય ત્યારે ફેશન કે રિવાજની દરકાર કર્યા વગર વધારે પડતા કપડા કાઢીને કામ પર બેસવું જોઈએ; કારખાનાં, દુકાનો અને કાર્યાલયોમા કામ કરનારાઓને વધારાના કપડા કાઢી કામ પર બેસવાની તથા ટૂંકું પાટલુન અને ટૂંકી બાંયના પ્હેરણ કે ખમીસ પહેરી કામ કરવાની છૂટ આપવી જોઈએ. તેઓ આ સગવડથી આરામ અને આનંદ સાથે કામ કરી શકશે અને તે કામ લેનાર માલેકને તેના કામથી લાભ અને સંતોષ થશે.

ડૉ૦ લિયોનાર્ડ હિલે કાપડની જાત સંબંધી જે સૂચનાઓ કરી છે તે ઉપરથી એ સહજ ફલિત થાય છે કે તંદુરસ્તી જાળવવા માટે જે મુખ્ય ગુણો કાપડમાં જોઈએ તે બધાય સંપૂર્ણ રીતે ખાદીમા છે. ડૉ૦ હિલે શોષક અને પાંખા વણાટવાળું કાપડ વાપરવાની ભલામણ કરી છે. ખાદીની બનાવટ જ એવી છે કે તેનામા પાણી શોષવાની શક્તિ વધારે પ્રમાણમાં આવે છે અને તેનું વણાટ પણ પાંખું જ હોય છે. ખાદી બનાવવા માટે વપરાતું હાથનું કાંતેલું સૂતર ખડબચડું હોવાથી અને તેવું જ વણાટમાં લેવાનું હોવાથી તેની શોષક શક્તિ પૂરેપૂરી જળવાઇ રહે છે. વળી ખરબચડું સૂતર અને હાથની શાળોમા વાણા ઉપર જેટલું દબાણ આવી શકે તેટલા દબાણથી કાપડનું વણાટ પાંખું જ થવાનું. આના વિરુદ્ધ દેશી કે વિદેશી મિલોના કાપડમા તેને લીસું ચળકતું સુંવાળું અને ઘટ્ટ બનાવવામા આવે છે તેથી તેમાંથી આ બન્ને ગુણો વધતા ઓછા પ્રમાણમાં નષ્ટ થાય છે. હાથનું કાંતેલું સૂતર ખડબચડું રહે છે અને તેવું જ વણાય છે; ત્યારે મિલનું સૂતર ખડબચડું ન રહે માટે તેને

કંતાયા પછી ખાસ કાંસકીવાળા સંચામાંથી એવી રીતે પસાર કરવામાં આવે છે કે તેના ઉપરથી તેની પૂમ અને ખડબચડાપણું જતાં રહે છે અને તાર એકધારો અને લીસો બને છે. ત્યાર પછી તેને વણાટમાં લેતાં હાથની સાળો કરતાં મિલના સંચાવાળી સાળોમાં વાણા ઉપર બહુ જોરથી દબાણ થાય છે અને તેથી હાથની સાળો કરતાં ખાસ કરીને વધારે ઘટ્ટ થાય છે. આ પ્રમાણે કાંતેલું સૂતર લીસું કરવાથી તેની શોષકશક્તિ જતી રહે છે, અને તેને ધીંગોધીંચ વણી સંચામા ઘટ્ટ કરવાથી તેનાં છિદ્રો બહુ જ નાનાં થઇ જાય છે. એટલે ડૉ૦ હિલે બતાવેલા બન્ને ગુણો આવાં કાપડમાંથી ઘણે અંશે નષ્ટ થાય છે. ખાદીનું ખમીશ પહેરી તડકામાં ફરી આવનાર માણસને જણાશે કે તેનો બધો પરસેવો ખાદીએ ચૂસી લીધેલો હોય છે અને તે એટલા પ્રમાણમાં શરીરને ઠંડક આપે છે કે તે પહેરનારને આનંદ થાય છે. ત્યારે તેનાથી જૂદો જ અનુભવ મિલનું લીસું કાપડ જેવું કે સેનાનું ખમીસ પહેરીને તડકામાં ફરી આવનારને થાય છે. ખમીસ પરસેવાથી તરબોળ થઇ જશે, શરીર ઉપર પણ પરસેવાના રેવઝેવ રહેશે અને શરીર પરથી પરસેવાથી લદબદતું ખમીશ કાઢી નાખવાની ફરજ પડશે. કારણ કે તે કાપડ લીસું હોવાથી તેની શોષકશક્તિ જતી રહી હોય છે અને છિદ્રો બહુ જ બારીક કે થોડાં હોવાથી પરસેવો રહેવાની જગ્યા પણ નથી હોતી.

ખાદીનો પ્રચાર વધતા અને તેને ઋતુઓની જરુરિયાત પ્રમાણે જાડી પાતળી બનાવવાથી આપણા દેશને ખાદીનું કાપડ જ ખરી રીતે ઉપયોગી થાય તેમ છે. તંદુરસ્તીની દૃષ્ટિએ તો હિંદુસ્તાનમા ખાદી પ્રથમ સ્થાન લઈ શકે તેમ છે. ગરમ હવાને અનુકૂળ થાય તેને માટે ઝીણામાં ઝીણી ખાદી કેટલી હદ સુધી કાઢી શકાય તેનો ખ્યાલ આપણને અસલની ઢાકાની મલમલ ઉપરથી આવે તેમ છે. જ્યારે વિલાયતમાં પણ મિલો નહોતી ત્યારે ઢાકાની પાતળી મલમલ બનાવવા માટે હાથકંતામણથી બારીકમા બારીક સૂતર આપણા જ દેશમાં તૈયાર થતું અને તેની મલમલ હાથની સાળોમાં તૈયાર થતી. આ ઉપરથી ખાદી ઉપર પૂરતું લક્ષ અપાય તો આપણી કાયમી જરુરિયાત અને શોખ દરેક રીતે ખાદી પૂરા પાડી શકે તેમ છે.

ડૉ. માધવજી બી. મચ્છર

અલમોરાંથી પત્ર

૨

હિમાલય વીલા
હિરા ડુંગરી
અલમોરા

ભાઈશ્રી.........

લિ૦ ભગવતીના વંદેમાતરમ્

જેઠ માસનું પ્રસ્થાન મળ્યું. જો કે ખૂબ જ મોડું મળ્યું. "કડવો વદો" તો અદ્દભુત છે. સામાન્ય રીતે કોઈ પણ વાતો બીજી વખત વાંચવી ગમતી નથી પરંતુ "કડવો વદો" તો વાંચવામાં ખૂબ જ મીઠો લાગે છે. સંજયે સાચે જ કમાલ કરી છે. તેને મારા તરફથી ધન્યવાદ આપશો.

મારા છેલ્લા પત્રમાં અલમોરાના કેટલાક સાધુસંતોનો પરિચય આપવાનું મેં વચન આપ્યું હતું. તે અનુસાર આ પત્રમાં હું અહીં વસતા એક પરમ વૈષ્ણવનો પરિચય આપવાની રજા લઉં છું.

તે એક ગોરો અંગ્રેજ છે. શરીર ઉપર ભગવાં કપડાં, ગળામાં તુલસીની માળા, કાને તુલસીનાં કુંડળ, કપાળે તિલક તથા અર્ચા, કાને ભરાવેલ કૃષ્ણપ્રસાદીનું ફૂલ, પગમાં ચાખડીઓ, હાથમાં ઝોળી બાંધેલી લાંબી લાકડી—આ એનો સ્વાંગ. તેને મંદિરમાં બધા ગોપાળ કહીને બોલાવે છે. તેનું સાચું નામ છે શ્રી કૃષ્ણપ્રેમ વૈરાગી. પૂર્વાશ્રમમાં તે હતો Prof. Ronald Nixon. M. A. (Cantab) લખનૌ તથા બનારસની વિદ્યાપીઠોમાં અંગ્રેજી સાહિત્યનો અધ્યાપક.

હાલમાં તે વૈરાગી થયો છે અને તેના ગુરુ શ્રી યશોદા મૈયા સાથે રહે છે. હું જ્યારે માજીના દર્શને જાઉં ત્યારે તેનો મેળાપ થાય. માજીનો અને ઠાકોરજીનો તે સાચો સેવક છે. ભક્તિરસમાં મસ્ત રહેતો તે સાચો ભક્ત છે.

થોડા દિવસ અગાઉ મેં ગોપાળજીને મારે ત્યાં જમવા આમંત્રણ આપ્યું. મારા ગોળામાં કઢી જોઈને તેણે આમંત્રણ સ્વીકાર્યું. જમી રહ્યા બાદ અમે વાતે ચઢયા.

મેં પૂછ્યુંઃ "તમારી જિંદગીનો વૃત્તાંત સાંભળવાની મારી ઇચ્છા છે. તમને વાંધો ન હોય તો કહો." એટલે તેમણે જણાવ્યુંઃ

"પહેલાં તો મહાયુદ્ધના સમયમાં હું લડાઈમાં કામ કરતો હતો. લગભગ ૧૭ વર્ષની ઉમરે હું લશ્કરમાં ભરતી થયેલો. તે વખતનું ત્યાંનું વાતાવરણ જ લડાઈમય હતું. તેમાથી બચવું મુશ્કેલ હતું. પોળે પોળે અને મહોલ્લે મહોલ્લે મોટી જાહેર ખબરો હતી કે England wants *you*. લડાઈમાં મને હવાઈ વિમાનનું કામ સોંપવામાં આવ્યું હતું. હું વિમાન ચલાવતો હતો અને જ્યારે જ્યારે જર્મનનું વિમાન જોવામાં આવતું ત્યારે ત્યારે તે ઉપર

હુમલો કરતો. આ રીતે લગભગ બે વર્ષ જીંદગી ગાળી. પણ તે વખત જ્યારે દિવસ શરુ થાય અને કામે ચઢું ત્યારે દરરોજ એમ થાય કે આજે સાંજ સુધીમા જો બચ્યા તો રાત્રે પથારીભેગા થઇ શકશું, નહિ તો રામ રામ. તેથી મને તે વખતે વિચાર આવવા લાગ્યા કે આ જાતની જીંદગીનો શો અર્થ ? આવા જીવનથી શો લાભ ? આટલા જોખમથી શો ફાયદો ? પણ તે વખતે મારા વિચારો આટલેથી જ અટકતા અને આગળ જઈ શકતા નહિ. વળી આ જાતની વાત કરનાર પણ તે વખતે બીજો કોઇ હતો નહિ.

આર્મીસ્ટીસ બાદ હું કેમ્બ્રીજમાં જોડાયો ત્યારે મને આ પ્રશ્ન ઉપર વિચાર કરવાનો પ્રસંગ મળ્યો અને મેં ઉપનિષદ્ તથા બુદ્ધ ધર્મના ગ્રંથો અંગ્રેજીમા વાચવા માડયા.

પ્ર૦—પણ ક્રિશ્ચિયાનિટીનો અભ્યાસ કરવાને બદલે તમે હિંદુ ધર્મ તરફ કેમ વળ્યા ?

જ૦—હા. તેનું કારણ છે. મારો ઇસાઇ ધર્મ ઉપરથી વિશ્વાસ ઊઠી ગયો હતો. વળી અમારા દેશમા જે જાતની જીંદગી ઇસાઈઓ જીવતા હતા તે પણ હું જોતો હતો. ત્યાં ધર્મની કોઇને પડી જ નથી. અને ત્યાના સંસારમાં ક્રૂરતા પણ ખૂબ જ હતી.

પ્ર૦—પણ તેથી કઇ ઇસાઈ ધર્મ ખોટો ઠરતો નથી. હિંદુ-ધર્મના નામે ક્યા ઓછો પાખંડ અને અત્યાચાર થાય છે ?

જ૦—હા, પણ ઇસાઇ ધર્મમા સંકુચિતતા તથા sectarianism છે. ઇસાઈ થયા સિવાય મોક્ષ ન જ મળે એમ તેમાં મનાય છે. હું તે વાત માનવા બીલકુલ તૈયાર નથી. હું માનું છું કે પ્રભુ અથવા મોક્ષ મેળવવાના ભિન્ન ભિન્ન રસ્તા હોઈ શકે છે અને અમૂક જ ધર્મ અને અમૂક જ પયગંબર દ્વારા મોક્ષ મેળવી શકાય તે વાત મને ખૂબ જ સંકુચિત લાગે છે.

તેથી હું હિંદુ ધર્મ તથા બુદ્ધ ધર્મ તરફ વળ્યો. તે સમયે મુંબઈ ઇલાકાના એક મહારાષ્ટ્રી મિત્ર મારા સહાધ્યાયી હતા. તે ખૂબ હોશિયાર હતા અને અમે ધર્મ તથા હિન્દુસ્તાન સંબંધી ઠીક ઠીક ચર્ચા કરતા. આ બન્ને પ્રશ્નોના સંબંધમાં મને તેમની પાસેથી સારા પ્રમાણમાં માહિતી તથા વાચવાની સૂચનાઓ મળતી. અને જેમ મારો ધર્મનો અભ્યાસ વધતો ગયો તેમ મારી જિજ્ઞાસા પણ વધવા માંડી. આ પ્રમાણે હું ત્યાંનો એમ. એ. થયો. ત્યારબાદ મને એમ લાગ્યું કે જો મારે હિન્દુધર્મનો અભ્યાસ આગળ વધારવો હોય અને સાચે જ કંઇ મેળવવું હોય તો મારે હિન્દુસ્તાન જવુ જોઇએ તે જ અરસામા મને ખબર પડી કે લખનૌમા ડૉ. ચક્રવર્તી વિદ્યાપીઠ ખોલવાનો વિચાર કરે છે અને તેમને લખવાથી હિન્દમા કંઇ કામ મળી શકે. મેં ડૉ. ચક્રવર્તી ઉપર મારી અરજી મોકલાવી અને તરત જ તેમનો જવાબ આવ્યો કે વિદ્યાપીઠમાં અંગ્રેજી સાહિત્યના અધ્યાપકની જગ્યા ખાલી હતી અને મારે તે કામ કરવું હોય તો તે મળી શકશે. બસ, મારે તો એટલું જ જોઇતું હતું. તેમને લખી જણાવ્યું કે મને તે જગ્યા ખૂબ ગમશે અને હું તરત જ ત્યાંથી ઉપડ્યો અને લખનૌમાં જોડાયો.

લખનૌમાં મેં લગભગ ૬॥ વર્ષ સુધી કામ કર્યું. હિન્દમાં આવ્યા બાદ હું મારો બધોય બચત વખત ધાર્મિક અભ્યાસ માટે વાપરતો હતો. ધીમે ધીમે મારું મન બુદ્ધ ધર્મ તરફથી પાછું વળવા લાગ્યું. મને બુદ્ધના પોતાના જીવન તથા ઉપદેશમા અને આજના બુદ્ધધર્મમાં ફરક લાગ્યો. આજના બુદ્ધો નાસ્તિક લાગ્યા. વળી તેઓ આત્માને પણ માનતા નથી એમ

જોયું અને તે ધર્મમાં સંકુચિતતાએ પગપેસારો કરેલો જોયો. તેથી મારું મન યોગ તથા ધ્યાનની દિશામા વળ્યું.

મને એમ ચોક્કસ થઇ ગયેલું કે મારે આ જન્મમાં કંઇક મેળવવું તો જોઇએ જ. હાં. મુક્તિ, મોક્ષ, નિર્વાણ—જે કહો તે. પણ મન કોઇ ઠેકાણે સ્થિર ચોટે તો ને ? તેથી હું જરા મૂંઝાયો.

પણ પ્રભુએ મારી દયા ખાધી અને મને સાચો રસ્તો જડયો. તે અરસામાં મારો શ્રી. યશોદામૈયા ઉર્ફે ડૉ. ચક્રવર્તીના પત્ની સાથે પરિચય થયો. અને તેમણે કહ્યું: "ભલા માણસ, કંઇ પણ મેળવવાનો વિચાર માત્ર છોડી દે. તું તારું બધું પ્રભુચરણે સમર્પણ કરી દે. તુ સર્વસ્વનું સમર્પણ કરી દઇશ અને સાચો હઇશ તો તને બધુ મળશે."

બસ, ત્યારથી હુ કૃષ્ણભક્ત થયો. મેં માજી પાસેથી દીક્ષા લીધી. મને તેમની પાસેથી બધું મળ્યું. દીક્ષા એટલે મન્ત્ર તથા કંઠી. આ ભગવાં તો મેં હમણા ધારણ કર્યાં.

મેં તમને કહ્યુ કે હું લખનૌમા લગભગ ૬ વર્ષ રહ્યો. પણ લખનૌમા મુસ્લીમ સંસ્કૃતિ વધુ પ્રમાણમા હતી અને હિન્દુ સંસ્કૃતિ ઓછી હતી. હિન્દુ ધર્મના અભ્યાસને અંગે મને હિન્દુ સંસ્કૃતિની ભૂખ લાગેલી અને તેથી લખનૌ છોડીને હું બનારસમાં જોડાયો. ત્યા દોઢ વર્ષ કામ કર્યું. ત્યા રહેવું મને ખૂબ ગમતું. કાશીમા ઉત્તમમાં ઉત્તમ સંન્યાસી પણ મળે અને દુષ્ટમા દુષ્ટ માણસો પણ ખરા. ત્યાની ગંદકી પણ અતિશય અને સૌથી વધુ ત્રાસ તો ત્યાંના પંડાઓ. પણ હું ત્યાં શહેરની બહાર રહેતો. દરરોજ ગંગાજીમા લગભગ બે માઇલ તરવા જતો અને ગંગાજીના પ્રવાહની મધ્યમાં જઇને ડુબકીઓ મારતો. તે લાભ હવે અલમોરામાં મળતો નથી.

કાશીમા હરિહર બાબા કરીને એક ઉત્તમ પ્રકારના સંન્યાસી હતા તે બારે માસ ગંગાજીમાં એક હોડીમા રહેતા. તેના જેવા સંન્યાસીઓ તો ભાગ્યે જ હશે. સૂર્ય સામે જોવાનું તપ કરી આંધળા થયેલા. અમે ઘણીવાર તેમના દર્શને જતા. ત્યા ઘણા માણસો તેમના દર્શન કરવા આવતા. પણ તેમની પાસે જઇને જો કોઇ ગાળો દે અથવા લપડાક મારે તો પણ તે જ હાસ્ય, અને કોઇ ચંદન કરી ભેટ ધરે તો પણ તે જ તટસ્થતા.

હા. પણ હું તો તમને કાશી વિદ્યાપીઠની વાત કરતો હતો. ત્યાં પણ હું વધુ વખત રહી શકયો નહિ. મને આ જાતની કેળવણીનો કઇ ફાયદો દેખાયો નહિ. મારા સારામા સારા વિદ્યાર્થીઓ લગભગ બધા જ વકીલો થયા છે. તેઓ જાણે છે કે તે ધંધો ઘણો ખરાબ છે, પણ બિચારા બીજું શું કરે ? બી. એ. થાય, એમ. એ. થાય અને બીજું કંઇ ન ફાવે એટલે વકીલ થાય. અને તેમને અંગ્રેજી સાહિત્ય જીંદગીમા જરા યે કામનું ન હતું તેથી હું ત્યાંથી પણ ભાગ્યો.

બનારસ છોડતા પહેલાં હું ત્યાના આચાર્યશ્રીને મળેલો અને મારો સંન્યાસ લેવાનો વિચાર તેમને દર્શાવેલો. પણ તેમણે તો આશ્રમધર્મ સંબંધી વાત કાઢી અને કહ્યું કે હજુ તો મારે સંન્યાસ લેવાની વાર છે કારણું હજુ તો હું જુવાન છું. પણ જુઓ તો ખરા. માણસ ૮૦ વર્ષની ઉમરે સંસારમાં રચ્યો રહે તો તેને કોઈ આશ્રમધર્મ યાદ દેવરાવવા જાય નહિ અને કોઇ જુવાન આશ્રમધર્મ ત્યજે અને સંન્યાસ લે તો બધા તેને સમજાવવા જાય. પણ મને લાગ્યું કે આ વૈરાગ્ય પાછો નબળો તો નહિ પડે ! એટલે ત્યાંથી

ઉનાળાની લાંબી રજાઓમાં કોઇને કીધા સિવાય અલમોરા આવી ગયો અને અહીંઆ આવી સન્યાસ લીધો. તે પછી મેં તે બાબત ત્યાં લખી જણાવ્યું.

પ્ર૦—તમારા માતાપિતા ધાર્મિક ખરાં કે ?

જ૦—મારા પિતા ધર્મિષ્ઠ છે પણ કોઈ ખાસ સંપ્રદાયમાં માનતા નથી. પણ મારી માતા તો Christian Scientist છે.

પ્ર૦—આ શબ્દપ્રયોગ તો આજે જ સાંભળ્યો.

જ૦—હા, મારી માતા દવા સિવાય રોગ મટાડે છે. જેમ ઇસુખ્રિસ્ત માંદાઓને સાજા કરતા તેમ. તે એક જાતની સિદ્ધિ છે અને ખરે જ તેનાથી ઘણા દર્દીઓને સારું પણ થાય છે.

પ્ર૦—ઠીક, પણ તમે કૃષ્ણભક્ત કેમ થયા તે હજુ સમજાતું નથી. બુદ્ધને યા ઈસુ ખ્રિસ્તને માની શકાય. કારણ તેમની જીંદગી એટલે સત્ય, અહિંસા વગેરે સિદ્ધાંતો. પણ કૃષ્ણમા તો એવું કાંઇ હું જોઈ શકતો નથી.

જ૦—ત્યાં જ તમે ભૂલો છો. તમે ઘોડાની આગળ ગાડી મૂકો છો. સાચું જોતાં માણસ પ્રથમ આવે અને પછી સિદ્ધાંતો. માણસ પોતાના સ્વભાવ પ્રમાણે સિદ્ધાંતો ઘડે અને તેથી માણસ અને તેનો સ્વભાવ એ બે જ પ્રધાન વસ્તુઓ છે. હું પાપ કે પુણ્ય માનતો નથી. સારી વસ્તુ માણસનો સ્વભાવ અથવા ભાવ છે. મને જો અમુક માણસનો સ્વભાવ ગમે તો પછી તેની બીજી બધી વસ્તુઓ તથા વર્તન તરફ હું બેદરકાર રહું છું. મારે મને તે બધું ગૌણ છે.

પરતુ કૃષ્ણ એટલે તો શ્રી ભગવાન પોતે. એટલે તમારા પ્રશ્નના જવાબમાં એટલું જ બસ છે કે હું કૃષ્ણને ભજું છું એટલે ભગવાનને ભજું છું.

પ્ર૦—તમારા કૃષ્ણ એટલે ભાગવતના કૃષ્ણ ?

જ૦—હા અને ગીતાજીના પણ. સાચું જોતાં ભાગવતમાંથી પણ ગીતાજીનો જ સાર નીકળે છે.

* * *

અનેક વિષયો ઉપર વાતો ચાલી. વૈષ્ણવ સંપ્રદાયના ભક્તિશૃંગાર ઉપર વાત ચાલતાં તેમણે કહ્યુંઃ

"અને કામ એ એવી જબરદસ્ત વસ્તુ છે કે જો તે કાબુમાં આવી જાય તો માણસને ખૂબ જ મદદગાર થઈ શકે. અને તેથી જ સ્ત્રી પુરુષના સંબંધને અમે અધર્મ અથવા નિંદ્ય ગણતા નથી; પરંતુ તે શક્તિને વેડફી નાખવાને બદલે તેને ઊંચે ચઢાવવાનો પ્રયાસ કરીએ છીએ. તે જ શક્તિ પ્રભુચરણે અને તેની સેવામાં સમર્પણ કરવાથી આપણો રસ્તો સહેલો થઈ જાય છે અને તેથી તો વૈષ્ણવો ટીલું કરે છે તે ઊર્ધ્વગામી કરે છે."

ત્યારબાદ મેં તેમને ડેકટેનીસ રમવા માટે આમંત્રણ આપ્યું. આ રમત આજકાલ અમને ખૂબ પ્રિય થઇ પડી છે અને સવાર સાંજ પડોશીઓ સાથે આ રમત અમે રમ્યા કરીએ છીએ. આ રમતનો ઇતિહાસ આપું ? એકાદ મહિના પહેલાં Mrs. Cooke ઉર્ફે આનંદમયી મૈયા મારે ત્યાં આવેલા. અમે તે સમયે ગીલ્લી દંડા રમતા હતા. ત્યારે તેમણે કહ્યું કે તમે બીજી કોઈ સારી રમત રમતા કેમ નથી ? મેં કહ્યું કે અમારી રમતો સામાન્ય

રીતે જનતાની દૃષ્ટિએ પસંદ કરેલી હોય છે. તે તદ્દન ઓછાખર્ચાળ હોવી જોઇએ, તે દ્વારા એક પાઇ પણ વિલાયત જવી ન જોઇએ, તે ગામડાઓમાં પણ રમી શકાય તેવી જોઇએ અને તેમાંથી પૂરતી કસરત મળવી જોઇએ. પછી ભલે તે રમત વિલાયતી હોય કે દેશી તેની અમને પરવા નથી. અમે તો પરદેશી રમતો પણ ઉપરની શરતોએ રમાય તેવી હોય તો એ ગૂજરાતમાં દાખલ કરવા તૈયાર છીએ. તેના જવાબમાં તેમણે ડેક્ટેનીસ રમતાં શીખવાડ્યું. હું ત્યા આવું ત્યારે આ રમત પ્રત્યક્ષ રમી દેખાડીશ અને જરૂર તમને પસંદ પડશે. શ્રી કૃષ્ણપ્રેમજી સાથે હું બે સટ રમ્યો અને ત્યારબાદ વળી પાછા અમો વાતે વળ્યાં.

તેમણે પૂછ્યું-ગૂંજરાતમાં વૈષ્ણવ ધર્મ વધુ પ્રમાણમાં છે એમ મેં સાંભળ્યું છે તે વાત સાચી છે?

જ૦—બીજા પ્રાંતોની મને ખબર નથી એટલે એ પ્રકારની તુલના તો કરી શકું નહિ પણ એટલું કહી શકાય કે અમારે ત્યાં વૈષ્ણવ ધર્મ ઠીક પ્રમાણમા છે. અમારે ત્યા શુદ્ધાદ્વૈતવાદ છે અને પુષ્ટિમાર્ગ વધુ પ્રબળ છે. મારા ધારવા પ્રમાણે તો આજના ધર્મમાં સાપ ગયા ને લીસોટા રહ્યા તે પ્રમાણે સાચો ધર્મ નથી પરંતુ માત્ર આચાર જ રહ્યો છે.

શ્રીકૃષ્ણપ્રેમ—ના; ના; ગૂજરાતમા ભક્તિનું પ્રમાણ વધુ છે. અને સાચુ કહું? આખી દુનિયામાં કયા યે હિન્દુસ્થાનમા છે એટલી ભક્તિ નથી અને તેથી તો હિન્દ હજુ જીવતું રહ્યું છે. નહિ તો જુઓ મીસરનો દાખલો.

મુસલમાનો વગેરેના ત્રાસમા હિન્દુ ધર્મ જીવી શક્યો અને વધ્યો. પરંતુ અંગ્રેજના રાજ્યમા તે મંદ થવા માડ્યો છે. કારણ અંગ્રેજ તે બાબતમાં તટસ્થ રહે છે અને આ તટસ્થતાનો ચેપ હિન્દમા બધાને લાગ્યો છે. હિન્દુઓની આ જાતની સભ્યતાભરી ઉદાસીનતા (polite indifference) એ ધર્મને વધુ ઘાતક છે. હું નાસ્તિકતા સમજી શકું છું પણ આ બેદરકારી મને અસહ્ય લાગે છે.

મેં પૂછ્યું—રૂસમા તો ધર્મની જડ કાઢવાનો પ્રયત્ન થાય છે. ત્યાં તો Religion is the opium of the people. ધર્મ કેફી પદાર્થ ગણવામા આવે છે.

જ૦—હા. તે વૃત્તિ પણ સારી છે. તે રીતે પણ ધર્મ યા પ્રભુનું સદૈવ ચિંતન થયા કરે છે. દા. ત. હિરણ્યકશિપુ પરંતુ આ ઉદાસીનતા તો વધુ ભયાનક છે.

પ્ર૦—તમારે ગૂજરાતમાં વૈષ્ણવોને બાળવામા આવે છે કે દાટવામા?

મેં કહ્યુ—અમારે ત્યા તો બાળવામા આવે છે. હું માનું છું કે બધા હિન્દુઓમાં બાળવાની પ્રથા છે.

જ૦—ના. બંગાળના વૈષ્ણવોને દાટવામા આવે છે. તેઓ તો એમ માને છે કે આ દેહમાં પ્રભુએ લીલા કરી છે એટલે આ દેહ પવિત્ર છે અને તેથી જે દેહમાં પ્રભુએ લીલા કરી છે તે દેહને બાળવાને બદલે તેઓ તેને તૂલસી મૂકીને દાટે છે.

દિલીપકુમાર રૉયને તો તમે ઓળખો છો ને? તેણે રોમાં રોલેન્ડ, મહાત્મા ગાંધી, બર્ટ્રેન્ડ રસેલ, રવીન્દ્રનાથ ટાગોર તથા અરવિંન્દ ઘોષ સાથેના વાર્તાલાપો લખી લીધા છે અને હવે તે Among the Great નામની એક ચોપડી વિલાયતમાં છપાવવા માગે છે. મને તે વાર્તાલાપોનું અંગ્રેજી જોઇ જવાનું કહ્યું છે. તે હાલમા પોન્ડીચેરી છે.

મેં પૂછ્યુ—ને પોન્ડીચેરી ક્યાંથી?

જ૦—થોડા સમયથી તે બાણુજી પાસે રહેવા ગયો છે. તેણે પોતાનું સર્વસ્વ આશ્રમને અર્પી દીધું છે અને ત્યા શિષ્ય તરીકે યોગ શીખવા રહ્યો છે. બાણુજી તો ભાગ્યે જ કોઇને મળે છે. ત્યાના આશ્રમની વ્યવસ્થા શ્રી પોલ રીશારના પત્ની કરે છે. અને જુઓ તો ખરા. તે કેવું સુંદર ગાતો હતો! બાણુજીએ બિચારાનું ગાવું બંધ કર્યું છે. તેના ગાયન ઉપર કોણ મુગ્ધ ન થાય? પણ હમણાં હમણા તે ઉત્સાદી ઢબ ઉપર જતો હતો અને તેને અંગે ભાવનું ખૂન થતું હતું.

મેં કહ્યું—તમે ભૂલતા હશો. દિલીપકુમારનો સ્વભાવ યોગ માટે ન હતો. તે તો કલાકાર છે.

જ૦—ના ભાઇ, ના. અમે તો સાથે રહ્યા છીએ. બિચારો લખે છે કે કોઇ વખત દરિયા કિનારે ફરવા જાઉં છું ત્યારે ગાવાની ઊર્મિ આવી જાય છે. થોડું શરૂ કરું છુ ત્યાં તો મનાઇ હુકમ યાદ આવે છે; સાચે જ તેના જેવા માટે આ મોટામા મોટી શિક્ષા ગણાય.

મેં કહ્યું—હું ધારું છું કે આ મનાઇ થોડા સમય માટે જ હશે.

જ૦—હા, કદાચ ત્યારબાદ તે વધુ દિવ્ય ગાન ગાઇ શકે! તેણે મને ત્યા આવવાનું આમંત્રણ આપ્યુ છે. પણ મારી પાસે તો ગાડીભાડાના યે પૈસા નથી અને મને તો ગુરુ મળી ગયા છે એટલે ત્યા જવાની જરૂર પણ નથી.

લોકચર્યા

[આ માસિકના વાચકોને અને ગુજરાતના જીવનમા રસ લેનારા સ્ત્રી પુરુષોને અમે વિનંતી કરીએ છીએ કે તેઓ અમને પોતપોતાના સ્થાનના લોકજીવનની સપ્રમાણ માહિતી આપી અમારા પ્રયત્નમાં તેમનો સહકાર આપે. એમાથી જાણવાયોગ્ય અને ચોક્કસ લાગશે એવી માહિતી આ વિભાગમાં આપવા પ્રયત્ન કરીશુ. તંત્રી]

આપણી પ્રજાકીય સંસ્થાઓ

(૧) સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી : સુરત

સુરતની સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી ૧૯૧૨ ની સાલમાં સ્થાપવામાં આવી હતી અને આજે તેને હસ્તક નીચેની સાત સંસ્થાઓ ચાલે છેઃ—(૧) કૉલેજ, (૨) હાઈસ્કૂલ. (૩) જૈન હાઇસ્કૂલ, (૪) મિડલ સ્કૂલ, (૫) હરિપુરા મિડલ સ્કૂલ, (૬) કતારગામની સ્કૂલ, અને (૭) દીવણુની સ્કૂલ. તે ઉપરાંત ચુનીલાલ શાહ માસ્તરના સ્મારક તરીકે ગોપીપુરામાં એક કસરતશાળા કાઢવામાં આવી છે. આ મંડળનો કારભાર બત્રીસ ગૃહસ્થોની સમિતિ કરે છેઃ તેમા ૧૪ સ્વયંસેવકો, ૧ કૉલેજના પ્રિન્સીપાલ, ૧૪ મંડળના સભ્યોમાંથી ચૂંટાયેલા અને ત્રણ હાઇસ્કૂલના પ્રતિનિધિઓ છેઃ એટલે એકંદરે શિક્ષણગણની બહુમતી છે. ચૌદ સ્વયસેવકોમાથી ૯ ગુજરાતી અને ૫ દક્ષિણના છે એ હકીકત લક્ષમા રાખવા

જેવી છે. સુરતથી કોકણપટ્ટીની શરુઆત થાય છે એમ કહેવાય છે પણ ભાષા ગુજરાતી બોલાય છે. પૃથ્વીના કોઇ પણ ભાગનો વિદ્વાન માણસ જે ગુજરાતી ભાષામાં પોતાનું બધું કામ કરી શકે તેને ગુજરાતમાં સ્થાન હોય. હવે અંગ્રેજી ભાષામા શીખવવાનું અને વિદ્યાર્થીઓને તે ભાષામાં જવાબ આપવા પડે છે એ રદ કરવું પડશે. ગુજરાતના જે ભાઇઓ શિક્ષણની બાબતમા રસ લેતા હોય તેમણે હવે કમર કસીને આટલો સુધારો કરાવી લેવાનો છે. સિંધમાં સિંધી અને મહારાષ્ટ્રમા મરાઠીનો જ પ્રચાર હોય.

મડળે આ ચૌદ રત્નોને એકઠા કર્યા છે તે ઉપરાત ચૌદ લાખ રૂપિયા પણ જમા કર્યા છે, જેમાથી જમીન, મકાનો તથા શીલકી સામાન પછવાડે પોણા નવ લાખ રૂપિયા ખર્ચાયા છે.

કોલેજમા ગયે વર્ષે ૨૫૫ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. છેલ્લાં બે વર્ષથી તેમની સંખ્યા ઓછી થતી જાય છે પણ આ નવા વર્ષમાં વધી હશે એવું માનીએ છીએ. ચાર કન્યાઓ કૉલેજમાં ભણે છે. આ કન્યાઓની સંખ્યા વડોદરાથી પણ ઘણી ઓછી છે એ સુરતની પ્રજાએ જાણવાની જરૂર છે. વડોદરાની વસ્તી માત્ર ૯૩,૦૦૦ ની છે તે છતા ત્યાં આશરે વીસેક વિદ્યાર્થિનીઓ કૉલેજમાં અભ્યાસ કરે છે.

આ મંડળનો ઉદ્દેશ કેળવણીને સુલભ તથા સોઘી કરવાનો છે, તે ઘણે અંશે પાર પડતો હશે, પણ કેળવણીનો ઉદ્દેશ ઉચ્ચ ભાવનાઓની ખીલવણી કરીને ઉચ્ચ ચારિત્ર ઘડવાનો છે. ઉચ્ચ ચારિત્રવાન શિક્ષકો આવી સંસ્થાઓમાં જોડાય છે કે કેમ તેની તપાસ થવી જોઇએ, તેવા શિક્ષકો વિદ્યાર્થીઓમા ભળી જઇને તેમનું ચારિત્ર ઘડે છે કે કેમ તે તપાસવાનું છે. કોઇ પણ ગામમા એક સારી કૉલેજ હોય તો તેના ૧૫–૨૦ અધ્યાપકોને લીધે આખા ગામનું વાતાવરણ બદલાઇ જાય. ઘણીએ સંસ્થા આપણી જાણમા છે કે જ્યા કાર્યકર્તાઓ પ્રાણ વિનાના હોઈ પોતાને સોપેલું કામ કરીને ઘેર જતા રહે છે. તેમને જે કેળવણી મળી હોય છે તેનો પૂરેપૂરો લાભ નથી મળતો વિદ્યાર્થીઓને કે નથી મળતો પ્રજા વર્ગને. સુરત સાર્વજનિક સોસાયટીના અમુક અધ્યાપકો અને શિક્ષકો શહેરના પ્રજાજીવનમા ઠીક રસ લે છે. હોલવાઈ ગયેલા દીવા અને તેલ ખૂટેલા દીવા શી રીતે પ્રકાશ આપી શકે ?

વિદ્યાર્થીઓ કયા પ્રકારની કસરત કરે છે અને કયી કયી રમતો રમે છે તેનો વધારે વિગતવાર અહેવાલ ભવિષ્યમાં લખાશે એવી આશા રાખીએ છીએ. જે વિદ્યાર્થીઓ કસરતને માટે નાલાયક હોય તે સિવાયના દરેકની શારીરિક કેળવણી બાબત ચોક્કસ નોંધ રહેવી જોઇએ. પૂણાની કૉલેજોમા ઘણી સારી વ્યવસ્થા થઇ છે અને કૉલેજના પ્રિન્સીપાલ ગાડગીલ રમતના શોખીન છે તેથી મંડળે આ તરફ પૂરતું લક્ષ આપવાની જરૂર છે.

(૨) ચરોતર એજ્યુકેશન સોસાયટી : આણંદ

" પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર, વ્યાપારિક અને ઔદ્યોગિક કેળવણીની વૃદ્ધિ કરવા અને જનસમૂહમાં જ્ઞાનનો પ્રચાર કરવાના ઉદ્દેશથી આ સસ્થા કાઢવામા આવી છે. એની શરુઆત ૧૯૧૬ માં થઇ હતી; હાલમાં પાચ કાયમી અને બે ઉમેદવાર સ્વયંસેવકો કામ કરે છે, બીજા બધા પગારદાર કાર્યકર્તા છે. શિક્ષણના કામ ઉપરાન દરેક સ્વયંસેવકે બીજી

પ્રવૃત્તિ ઉપાડી છે, દા. ત. 'જ્ઞાનપ્રચાર' માસિકનું તંત્રીપદ, ત્રણ વિદ્યાર્થીગૃહોનું ગૃહપતિપણું વગેરે.

મંડળને હસ્તક નીચેની સંસ્થાઓ છે—(૧) હાઇસ્કૂલ જેમાં ૪૨૧ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે, (૨) બાલગૃહશાળા જેમાં ૪૦ વિદ્યાર્થીઓ રહે છે અને કેળવણી અંગ્રેજી ચોથા ધોરણ સુધીની આપવાની સગવડ છે. (૩) ધંધાદારી વર્ગોમાં સંગીત, ચિત્રકામ, વ્યાયામ, બુકકીપીંગ (નામું) નું શિક્ષણ અપાય છે. વિદ્યાર્થી આશ્રમમાં ૧૦૪ વિદ્યાર્થીઓ રહે છે અને (૪) આખા ચરોતરની બધી શાળાઓના વિદ્યાર્થીઓ માટે વ્યાયામ વીર સંમેલન થાય છે. તેમાં મરદાની રમતો અને શરતો ખેલાય છે. "જ્ઞાનપ્રચાર" "બાલમિત્ર" એ બન્ને માસિકો સોસાયટી તરફથી પ્રગટ થાય છે અને બાલકોમાં સરળ વાંચન પૂરું પાડવા માટે 'બાલસાહિત્ય માળા' અને 'એક આનાની બાલસાહિત્ય માળા' પ્રસિદ્ધ થાય છે. એ બન્નેના એકંદરે ૧૫ પુસ્તકો પ્રગટ થયા છે. આ સંસ્થા મારફત બાવન વાંચનાલયો ચલાવાય છે. ચરોતરમાં ઘણી હાઇસ્કૂલો છે પણ આ સંસ્થા કેળવણીની પ્રવૃત્તિમાં સારા સંસ્કાર પાડવા તથા નવો જુસ્સો લાવવા ઇચ્છે છે. જ્યાં સુધી કન્યા કેળવણીના પ્રશ્નને તે હાથમાં લેશે નહિ ત્યાં સુધી ચરોતરમાં ઉચ્ચ સંસ્કારોનો પ્રચાર બહુ થવાનો નથી એ ચોક્કસ સમજી લેવું.

પછાત કોમોની ઉન્નતિ

(૧) ભીલ સેવા મંડળ—અમારી પાસે પાંચજો અહેવાલ આવ્યો છે. ભીલ ભાઈઓની સેવાને માટે વીસ વર્ષ અર્પણ કરવા બંધાએલા આઠ સ્વયંસેવકો શ્રી ઠક્કર બાપાની આગેવાની નીચે તનમનથી કામ કરી રહ્યા છે. મંડળ તરફથી દાહોદ અને ઝાલોદ તાલુકાઓમાં એકંદરે ૭ આશ્રમો અને આઠ શાળાઓ કાઢવામાં આવ્યાં છે. આશ્રમોમાં પણ શાળાઓ હોય છે, તે ઉપરાંત સુરત જીલ્લાનાં એક ગામડામાં શાળાને ગ્રાંટ આપવામાં આવે છે તેથી એકંદરે પંદર શાળાઓમાં ૫૧૨ છોકરાં કેળવણી લઈ રહ્યાં છે. ભીલોની સ્થિતિ તદ્દન દયાજનક છે. પહેરવેશમાં નાની લંગોટી અને માથે ચીંદરડીનું ફાળિયું બાંધ્યું હોય છે. ખોરાકમાં મકાઈ, બંટી, બાજરો અને ગુજરો દળીને તેની રાબ પીએ છે. કેળવણી તેમને પહોંચી શકી નથી. જે ભાઇઓ સ્વતંત્રતા કે સાંસ્થાનિક સ્વરાજ્યની બાબતમાં ધમપછાડા મારીને ભાષણો કરે છે તે ભીલ કોળી અંત્યજ ભાઇઓની સ્થિતિ બરાબર સમજે તો તેમને ખ્યાલ આવે કે હજી સ્વરાજ્ય કેટલું દૂર છે. આ પછાત કોમોની સંખ્યા લાખોની નહિ પણ કરોડોથી ગણાય એવી છે અને તેમને તો સામાન્ય જ્ઞાન અને રોટલો જોઇએ છીએ.

અજ્ઞાન હોવાને લીધે તેમનામાં ઉદ્યમ પણ નથી અને તેથી દારૂ પીવાનું વ્યસન ઘર ઘાલીને બેઠું છે.

ભીલ સેવા મંડળના પ્રમુખ શ્રી અમૃતલાલ ઠક્કરને આખું ગુજરાત પૂજે છે, તેમની પાસે કેટલાક ઘણા ઉત્સાહી અને સેવાની તીવ્ર ભાવનાવાળા સેવકો કામ કરી રહ્યા છે. મંડળની શાળાઓમાં કેળવણી મારફત સારા સંસ્કારો શીખવવામાં આવે છે અને આશ્રમોમાં ખાવાની તથા કપડાંની વ્યવસ્થા તદ્દન મફત રાખી છે. બાળકોને કેળવણીનાં સાધનો પણ મફત આપવાં પડે છે. ધાર્મિક ભાવના ખીલવવા માટે બે મંદિરો બંધાવ્યાં છે અને રામ

નવમીના મેળા વખતે ઘણા ભીલો એકઠા થાય છે ત્યારે ભજનો વગેરેથી જ્ઞાનપ્રચાર થાય છે. વૈદ્યકીય મદદ આપવાને માટે ત્રણ દવાખાનાં કાઢયાં છે અને તે ઉપરાંત દરેક આશ્રમમાથી સામાન્ય તાવ વગેરે રોગોને માટે મફત દવા આપવામા આવે છે. પછાત કોમોની ઉન્નતિમાં રસ લેનાર દરેક મનુષ્યે આ સંસ્થા જોવી જોઇએ.

ભીલો શરીરે કસાએલા હોય છે જો કે એમનો ખોરાક ઘણો જ અપૂરતો હોય છે. પ્રજા શૂરવીર અને સાહસિક હતી પણ હાલમા બહુ ડરકણ બની ગઇ છે. એમને માટે અખાડા કાઢવાની જરૂર છે. એ પ્રવૃત્તિ હાથમા લેવાઇ હોય એમ જણાતું નથી અને તેમની આર્થિક સ્થિતિ સુધરે તેને માટે પ્રયાસ નહિ થાય તો ગુજરાતી ત્રૈત્રણ ચોપડી શીખ્યાથી તેમનું દાળદર ફીટવાનું નથી. એમનામા માણસાઈનું ભાન થઈ સ્વમાન આવે એવું બળ આપવાની આવશ્યક્તા છે. દારૂના વ્યસનમાથી છૂટવું ઘણું અઘરું છે કારણ કે માયાળુ સરકાર ઠેકઠેકાણે પીઠાં ખોલીને દારૂની સગવડ કરી આપે છે. જ્યારે આપણા ગુજરાતી ભાઇઓ સમજશે કે આવી સંસ્થાઓ મારફત લાખો લોકોને બચાવી લેવાના છે ત્યારે એક સંસ્થાને બદલે અને પંદર શાળાઓને બદલે ૧૫૦ થશે. હાલમા તો અંગ્રેજ મિશનરીઓ આપણી પછાત કોમોમા વસીને લાખોને વટલાવીને માણસાઇમા આણે છે એટલે અમે દિલગીરી સાથે એવાં કામને પણ આવકાર આપીએ છીએ. દિલગીરી એટલી જ કે આપણી ગુજરાતી જનતા દયાહીન અને જડ થઇ ગઇ છે અને જૂઠા દાભિક માર્ગે અહિંસાનું પાલન કરીને ઇશ્વરને તથા પોતાને છેતરવાના નિષ્ફળ પ્રયત્નો કરે છે. જ્યારે જૂદા જૂદા સંપ્રદાયના હિન્દુઓ અને જૈનો, ગૃહસ્થાશ્રમી તથા સાધુઓ સાચો ધર્મ સમજતા થશે ત્યારે આજે પછાત ગણાતી કોમોની ઉન્નતિ થઇ જશે.

રાનીપરજમાં રેંટિયો : ૧૯૮૪નું નિવેદન

સુરત જીલ્લા અને નવસારી પ્રાંતમા, એટલે તાપી નદીની ખીણમાં જે પ્રજા જંગલમાં રહે છે તેમની ઉન્નતિને માટે વડોદરાની સરકારે પાંચેક બોર્ડિંગ સ્કૂલો ઘણા વર્ષો થયાં કાઢી છે, અને એક એવી શાળા કન્યાઓને માટે પણ છે. અંગ્રેજ સરકારે માત્ર એક જ બોર્ડિંગ સ્કૂલ ગોડસંબામા કાઢી છે. તે ઉપરાંત બારડોલી સ્વરાજ આશ્રમ સંઘે દસ આશ્રમો સ્થાપીને કેળવણી, ખાદીપ્રચાર, દારૂનિષેધ, વેઠનિષેધ, વગેરેનાં કામો ઉપાડી લીધા છે અને આ પુસ્તકમાં ખાદીપ્રચારનો અહેવાલ આપ્યો છે. આ આશ્રમો બારડોલી, મહુવા, માડવી, વ્યારા, એટલા ચાર તાલુકામાં નાંખ્યા છે. રાનીપરજમાં માત્ર કાંતનાર નીકળતા નથી. લોકો પોતાના ખેતીના ઉદ્યોગ સાથે ફુરસદના વખતમાં રેંટિયો ચલાવે છે, અને ઘણા કુટુંબોને બજારમાથી કાપડ વેચાતું લાવવું પડતું નથી. તેથી કપાસ સંઘરાવવો, અને કાતેલા સૂતરનું કપડું બનાવી આપવું એ સ્વયંસેવકોનું કામ છે. વણાટકામ માટે સરંજામ અને મદદ આશ્રમોમાં વ્યવસ્થા થઇ છે. પણ હાલમા ત્યાં અંત્યજ વણકરોને રોકયા છે. હવેથી રાનીપરજને વણતા થઇ જશે એવી ગોઠવણ થઇ છે. આ નિવેદનમાં કેટલાક આંકડા ઘણા જાણવા જેવા છે. આ વર્ષમાં રાનીપરજે ૫૨૪૦ રતલ સૂતર કાંત્યું હતું. એટલું લક્ષમાં રાખવાનું છે કે બારડોલીની લડતને લીધે આ વર્ષે ઓછું કંતાયુ છે—સંવત ૧૯૮૩માં ૮૩૩૯ રતલ તૈયાર થયું હતું. સૂતર ઉત્તરોત્તર સારું થતુ જાય છે.

તાલુકા	ગામો	કુટુંબો	રતલ
બારડોલી	૨૯	૧૮૧	૧૩૫૯
વ્યારા	૩૬	૨૦૯	૧૮૧૧॥
મહુવા	૩૫	૨૬૩	૨૧૧૧
સોનગઢ	૧	૧	૬॥
માંડવી–માંગરોળ	૧૭	૫૭	૪૫૧॥
કુલ	૧૧૮	૭૧૧	૫૨૪૦

જે રાનીપરજ વણકરોએ કામ કર્યું છે તેમને માસિક આવક રૂ ૧૨ થી ૧૯ સુધીની થાય છે તેની વિગતવાર હકીકત આ નિવેદનમા આપી છે. ગામડાની પ્રજાને શહેરમાં વસવા જવું ન પડે અને ખેતીના કામમા રોકાયેલી ન હોય ત્યારે મદદરૂપ ધંધા તરીકે આ કામ ઉપયોગી અને કમાણીવાળું નીવડયું છે.

વેડછીના આશ્રમમાં ઉદ્યોગશાળા કાઢી છે તેમાં ૧૭ વિદ્યાર્થીઓ વણાટકામ શીખે છે, ૨૨ વિદ્યાર્થીઓ કાંતવા અને પીંજવાનું શીખે છે અને પાંચ ભાઇઓ બારડોલીમાં સુતારી કારખાનામા શીખે છે. અભ્યાસક્રમ પાંચ વર્ષનો રાખ્યો છે તે છતાં ટૂંકો અભ્યાસ એક વર્ષનો છે. બૌદ્ધિક અને ધાર્મિક શિક્ષણ સવાર સાંજે વાર્તા ભાષણોથી અપાય છે. વગર ભણેલા માટે રાત્રિશાળા છે. ભોજનખર્ચ આશ્રમ તરફથી મળે છે તેથી હવે નવા વિદ્યાર્થીઓ દાખલ થઈ શકે એમ નથી.

ગુમન્ત મહેતા

જ્ઞાનગોચરી

(૧) 'ફળની રાણી'

ટમેટામા લોહીને સુધારવાનો ભારે ગુણ છે. એમા શરીરને ઉપયોગી વીટામીનનો -પોષક તત્ત્વનો-એટલો જથ્થો છે કે એને કેટલાક 'ફળની રાણી' કહે છે. નારંગીની સાથે એને મૂકી શકાય.

ટમેટાંનું મૂળ વતન અમેરિકા. અંગ્રેજો ત્યા ગયા એ પહેલા ત્યાંના લોકો અમેરિકામા ટમેટા વાવતા ત્યાથી તે યુરોપમા ગયા. તમાકુના જેવું જ એનું થયું. તમાકુ અને ટમેટાં બન્ને અમેરિકાથી યુરોપમા આવ્યા છે. યુરોપમા આવ્યા પછી ઘણા વર્ષો સુધી તો એના વિષે એવી માન્યતા રહી કે એને ખાય એ માણસ પાપી થઇ જાય છે.

પણ હવે તો ટમેટાંની ખેતી પુષ્કળ થવા લાગી છે. જરૂરી વીટામીન એમાં પૂરતું છે એ શોધ થયા પછી તો પૂછવું જ શુ? અને એનું એક બહુ ભારે સુખ છે. એની જરા સારી દરકાર અને સભાળ રાખી એટલે એનો પાક ઘણો સારો ઉતરવાનો. આપણામાંના ઘણાએ મોટાં ટમેટા જોયાં હશે. ટમેટાના ગુણગાન કરનાર એક લેખક તો દરેક જણને ઘરમાં એનો એક એક છોડ ઉછેરવાનું કહે છે.

સાધારણ હવાવાળા મુલકમા જો જમીનમાં સારો પાક નાંખીને વાવ્યા હોય તો પુષ્કળ થાય છે. એને પાણીનો પણ સારી પેઠે જરૂર ખરી. અને સૂર્યનો તડકો પણ માગે.

એક જ જમીનમાં બે વર્ષ સુધી ટમેટા ન વવાય તો સારું. બીજા વર્ષે એજ જમીન ઉપર વટાણા, કોબી વગેરે વાવવું ઠીક થઇ પડે. પણ બટાટા કે એવું ન વવાય. કારણ કે ટમેટામા જો કંઈ સડો પેઠો હોય તો એમા પણ તરત પેસે. કેલિફોર્નિયા યુનિવર્સિટીના પ્રોફેસર ટી. જે. રોઝા સલાહ આપે છે કે એક જ જમીનના ટુકડા પર ચાર વર્ષ સુધી ટમેટા નહિ વાવવાં. કારણ કે જો વાવીએ તો તેમા સડો પેસે છે. ટમેટાં જો બહુ દૂર લઈ જવાનાં હોય છે તો તેને જરા પાકયા પહેલાં ઊતારી લેવામા આવે છે, પણ એમા પૂરેપૂરાં પાકેલાના જેવી મજા ન મળે.

પૂરાં પાકેલાં ટમેટાંની મજા માટે તો દરેક માણસે ઘરે જ છોડ ઊગાડવો જોઇએ એમ એ લેખક સલાહ આપે છે. આને માટે એના છોડની કાળજી રાખવી પડે છે.

ટમેટામા શરીરને જોઇએ એવું મીઠું હોય છે એટલું જ નહિ પણ એમાં વીટામીન પૂરતા પ્રમાણમાં હોય છે એ આપણે પહેલા કહ્યું. અને બીજાં ફળોમા એને રાંધતા વીટામીન બળી જાય છે ત્યારે ટમેટાંમા નહિ જેવા વીટામીનનો રાંધતા નાશ થાય છે.

નાનાં છોકરાંઓને નારંગીના રસને બદલે ટમેટાનો રસ આપવાની સલાહ અમેરિકામાં દાક્તરો આપે છે.

પણ આપણે તો હજી ટમેટાના ગુણદોષ નહિ જેવાં જ જાણીએ છીએ.

પોપટલાલ પટવારી

(૨) મૃત્યુ પર વિજય

આજકાલ પાશ્ચાત્ય વૈજ્ઞાનિકો જે શોધખોળ કરી રહ્યા છે એ જોઇને આપણે આશ્ચર્યમાં ગરકાવ થઇએ છીએ. એમણે લગભગ બધાં યે કામ કરવાને સારુ યંત્રોની શોધ કરી છે. ઘણા વૈજ્ઞાનિકો કૃત્રિમ માણસ તથા કૃત્રિમ હૃદય બનાવવાનો ઘણા વખતથી યત્ન કરી રહ્યા હતા. હમણાં થોડા વખત પર એક વૈજ્ઞાનિકે એવો કૃત્રિમ માણસ બનાવ્યો હતો કે તે જીવતા માણસ જેવો જણાતો હતો. એની સાથે એક યંત્ર લગાડવામા આવ્યું હતું: અને તેથી તે પોતાના હાથનું હલનચલન કરી શકતો અને ચાલી પણ શકતો. હવે એક બીજા વૈજ્ઞાનિકે વિજળીના એક કૃત્રિમ હૃદયની શોધ કરી છે. આ કૃત્રિમ હૃદય ઘણા ડૉકટરોની હાજરીમાં એક મૃત્યુ પામેલા કુતરાના શરીરને લગાડવામા આવ્યું. હૃદયના ચલનથી કુતરાના રૂધિરમાં ગતિ ઉત્પન્ન થઇ અને કુતરાએ આંખો ખોલીને આસપાસ જોવા માંડયુ. આ ક્રિયા એક બે મિનિટ નહિ પરન્તુ કલાકો પર્યન્ત ચાલુ રહી હતી. હમણા એના બીજા પ્રયોગો પણ કરવામાં આવે છે અને એની ત્રૂટિઓ સુધારવા યત્નો થઈ રહ્યા છે. આ વૈજ્ઞાનિકોને એમના પ્રયત્નમા આગળ વધુ ફત્તેહ મળશે તો મૃત્યુ પર વિજય મેળવવો એ સહેલી વાત થઇ પડશે.

*

(ત્યાગભૂમિ)

(૩) આંગળીઓથી સાંભળો.

વૈજ્ઞાનિક લોકો કોઇ એવી શોધ કરવાની ધૂનમા છે કે જેથી સંસારમાંથી બહેરાપણાનો નાશ થાય. હમણા જ અમેરિકાના એક ડૉકટરે-રૉબર્ટ એચ. ગાલ્ટ-એક એવું યંત્ર બનાવ્યું છે કે એની સહાયથી આગળીઓનો સ્પર્શ કર્ણેન્દ્રિયનું કામ આપી શકે છે. સ્પર્શ, શબ્દ, રૂપ, રસ, અને ગંધ દ્વારા મનુષ્યની જ્ઞાનેન્દ્રિયો મગજને ખબર આપતી રહે છે. આ સૌ ઇન્દ્રિયોમા—એટલે કે નાક, કાન, આખ, જીભ અને સ્પર્શ-આ પાચ ઇન્દ્રિયોમા, સ્પર્શેન્દ્રિય અત્યંત બળવતી હોય છે. સ્પર્શેન્દ્રિય જ એક એવી ઇન્દ્રિય છે કે જે અન્ય ઇન્દ્રિયો નષ્ટ થતા પણ કામ કરી શકે છે. અમેરિકાના ઉપરોક્ત ડૉકટરે એક વખત વિચાર્યું કે કર્ણેન્દ્રિયનુ કામ શા માટે સ્પર્શેન્દ્રિય ન કરી શકે? એણે અનેક પ્રયોગો કરવા શરુ કર્યા, અને આજે પાચ વર્ષના પરિશ્રમના અન્તે તે એક એવું યન્ત્ર બનાવવામાં સફળ થયો છે કે જેની મદદથી બહેરા લોકો પોતાની આગળીઓ અને અંગુઠાથી સાભળી શકે છે. આ યંત્રનું નામ ટેલીટેકટર (Teletector) છે કેટલા યે બહેરા માણસો પર આ યંત્રની અજમાયશ કરવામાં આવી છે. થોડા જ અભ્યાસથી બહેરા લોકો આ યંત્રદ્વારા સાંભળતાં શીખી લે છે.

(પ્રતાપ)

*

(૪) ભારતવર્ષનાં જૂનાં કાગળ-પત્રો અને પુસ્તકો

લંડનમાં ઇન્ડિયા ઑફિસની એક લાયબ્રેરી છે. એમાં ભારતવર્ષના બહુ જ જૂના, ઐતિહાસિક, કિંમતી કાગળ-પત્રો, અને અપ્રાપ્ય પ્રાચીન પુસ્તકો છે-જે હિન્દમાથી લઈ

જવામાં આવ્યા છે. આપણા દેશના ઘણા લોકોને આની ખબર પણ નહિ હોય. આ પુસ્તકાલયમા હિન્દ સાથે સંબંધ ધરાવનારા દોઢ લાખ છાપેલાં પુસ્તકો છે. એ ઉપરાંત હસ્તલિખિત ૮૦૦૦ સંસ્કૃતનાં, ૭૦૦૦ ફારસીનાં અને ૫૦૦૦ અરબ્બીના પુસ્તકો પણ છે. જ્યારે હિન્દમાં ઇસ્ટ ઇન્ડિયા કંપનીનો અમલ હતો, ત્યારે હિન્દના નવાબો અને બાદશાહોનો કંપની સાથે જે પત્રવ્યવહાર થતો હતો–કંપનીના ડાયરેક્ટરોને નવાબ અગર તો બાદશાહ જે પત્ર લખતા હતા—તે કેવળ કાગળ પર લખેલા સાધારણ પત્રો નહોતા, એમા સોનાની પતરીઓની કિનારીઓ આવતી. સને ૧૭૯૫ માં કર્ણાટકના નવાબે જે પત્ર લખ્યા હતા, એમાનો એક તો એવો છે કે અક્ષરો પર સોનાની ભૂકી છાટવામા આવી છે. આ પુસ્તકાલયમા આ બધા પત્રો તથા બર્માથી બૌદ્ધોના ધર્મશાસ્ત્ર ત્રિપિટકની એક પ્રત લઈ જઇને રાખવામાં આવી છે. એ તાલપત્ર પર પાલી ભાષામા લખવામા આવ્યુ છે. એના ૨૯ ખંડ છે. આ ઉપરાત પાલી ભાષાનો એક મોટો ગ્રન્થ તિબેટની રાજધાની લાસામાથી લાવીને રાખવામાં આવ્યો છે. એના પાના ૨ ફૂટ લાબા અને ૬ ઇચ પહોળા છે. એના અક્ષર મોટા મોટા છે, અને એના પર સોનેરી ટાઈપ "એમ્બૉસ" કરેલા (ઉપસાવેલા) છે. આખું પુસ્તક એક મોટા પંખાની માફક ઊઘાડીને બંધ કરી શકાય છે. મુગલ સમ્રાટ શાહજહાંના મોટા પુત્ર દારા શિકોહે એક સુન્દર બહુમૂલ્ય ચિત્રમય પુસ્તક પોતાની પત્નીને ભેટ તરીકે આપ્યુ હતુઃ એ પણ આ પુસ્તકાલયમા છે. સત્તરમી સદીના મુગલ ચિત્રકારોના હાથની ઉમદા તસ્વીરો આ પુસ્તકની શોભામા વૃદ્ધિ કરે છે. સમ્રાટ શાહજહાં પણ બહુ સુન્દર અક્ષરો લખતા હતા. એમના પોતાના હાથનું લખેલું એક પુસ્તક પણ એ સંગ્રહસ્થાનમા છે. સને ૧૧૨૯ મા સોહરાવર્દી નામના એક ફારસી વિદ્વાને કુરઆન શરીફની એક ટીકા લખી હતી. એમા એવી જાતની શાહી વાપરવામાં આવી છે કે ૮૦૦ વર્ષ થયાં તો યે એ પુસ્તક હજુ આજે જ લખીને પૂરું કર્યું હોય એમ લાગે છેઃ શાહીના અક્ષરો એટલા તાજા હોય એમ જણાય છે. કાગળનો રંગ જો કે ફીકકો પડી ગયો છે, છતા યે હજુ એ એટલા મજબુત છે કે ખેંચવાથી ફાટતા નથી. આ અમૂલ્ય પુસ્તક પણ ઉપરોક્ત સંગ્રહમા છે. આ બધા ઉપરાત દેશી રજવાડાઓ સાથે અંગ્રેજ સરકારની જે સંધિઓ થઇ છે એના કાગળો પણ અહીં સુરક્ષિત રાખવામાં આવ્યા છે. ઇન્ડિયા ઑફિસની આ લાયબ્રેરી સરકારી હોવા છતા યે જનતાને સારુ ખુલ્લી છે. હિન્દના સબંધમાં ઐતિહાસિક માહિતી મેળવવાની અથવા શોધના કામની જેને ધગશ અને ઉત્સાહ છે એમને સારુ આ સ્થાન અત્યત મહત્વનું છે. આ પુસ્તકાલયમા હિન્દમા પ્રકટ થતા પુસ્તકોની એક એક પ્રત પણ રાખવામા આવે છે. જેમ હિંદના ચલણ માટેનું સોનું ઈંગ્લંડની બેંકોમાં રહે છે તેમ હિંદના લેખકો પાસેથી લીધેલા પુસ્તકોની પુસ્તકશાળા ઈંગ્લંડમાં રચાય છે!!

(સુધા)

રમણીક કી. મહેતા

પુસ્તકપરિચય

રાસકુંજની સરિગમ: તૈયાર કરનાર સૌ. શાન્તાબ્હેન બરરીવાળા, સાન્તાક્રુઝ.

પ્રસ્તુત પુસ્તક સૌ. શાન્તાબ્હેન ચુનીલાલ બરરીવાળાએ તૈયાર કર્યું છે. કવિશ્રી નરસિંહરાવ ભોળાનાથે પ્રસ્તાવના લખી તેને અપનાવ્યું છે. બીજા સાક્ષરોએ પણ આ પુસ્તકને ઉત્તમ રીતે આવકાર આપ્યો છે. ગુજરાતના રાસ તથા ગીતોનો સગ્રહ એટલે ગુજરાતનો કલાવંત આત્મા. અને શાન્તાબ્હેને આવા ગીતોનો સંગ્રહ કરી ગુજરાતના સંગીત રક્ષકો ઉપર બહુ મોટો અનુગ્રહ કર્યો છે. અત્યાર સુધી આવા ગીતોનું અંકન કરવાના પ્રયત્નો બે ચાર વ્યક્તિઓએ કર્યા છે. "અંકન" એટલે Notation ગીતોની લયબદ્ધ સારેગમ-ને. સૌ. શાન્તાબ્હેનને સગીતનો અભ્યાસ હોવાથી તેમણે જ એ કામ હાથમાં લીધુ એ યોગ્ય જ થયુ અને એમની એ સંગીતસેવા માટે હું અન્તઃકરણપૂર્વક તેમને ધન્યવાદ આપુ છુ

પણ ધન્યવાદ આપીને મારું કામ અહીં પુરું થતુ નથી. સ્વરલિપિને અગે મારે કઇ કહેવું જોઇએ. ઘણા દિવસથી હું જે વિચારોને માનતો આવ્યો છું તેને મેં પ્રસંગોપાત્ત મિત્રોને તથા જાહેર ભાષણમા પણ જાહેર કર્યા છે. છતા તેની નોધ અહીં લેવી મને યોગ્ય લાગે છે. આજકાલ જૂની પરંપરાના ઘણા સગીત કુશળ વિદ્વાનો માની બેઠા છે કે ગીતોનું યથાતથ Notation (સ્વરાંકન) થતું નથી, થવાનું નથી; એ દવા છે, દવાને કોણ લખી શકે?" "**तान इधरसे आई और उधरसे गई**" એમ કહી વાત ઉડાવી દે છે. પણ એ લોકો એમ નથી સમજતા કે આમ ઉડાવી દેવાથી કામ સરતું નથી. કોઇ પણ ભાષાનું અંકન જેટલે દરજ્જે સાધ્ય છે, તેનું હૃદ્ગત જેટલે દરજ્જે લખાણ ઉતારી શકાય છે, તેટલે જ અંશે અવાજનું' પણ લખાણ શકય છે. ભાષાની અંદર શબ્દો-અક્ષરો લખાય છે અને તે દ્વારા વાંચનાર મતલબ સમજે છે. અહીં અવાજની લંબાઈ, ઊંચાઇ, પહોળાઇને લખવાનું હોય છે. એ કામ ધારે તો આજકાલના સંગીતકુશળો કરી શકે છે, કારણ કે તેમને સ્વરનું યથાતથ જ્ઞાન હોય છે. તથાપિ જે આધુનિક દૃષ્ટિ જોઇએ તે ન હોવાથી એ વર્ગ એ કામ નથી કરી શકતો. નોટેશનની કલ્પના એ આપણા માટે તદ્દન પાશ્ચાત્ય નથી. સંગીત ઉપરના જૂના સસ્કૃત ગ્રથોમા તે જોવામા આવે છે. શિલાલેખોમા તેની કોતરણી પણ મળી આવી છે. પાશ્ચાત્યો આ બાબતમા આપણા કરતા ખૂબ આગળ વધ્યા છે. આપણે પણ વધી જાત પણ આપણી ગુલામી આપણને નડી છે. તો પણ હાલનો પવન કંઈ પ્રતિકૂળ નથી. અને એમ જ રહેશે તો થોડા દિવસ પછી આપણે જોશું કે આર્યસંગીતને માટે એક સુંદર અને ઘણે અંશે સપૂર્ણ એવી એક સંગીત લિપિ આપણી પાસે પડી છે.

એ દૃષ્ટિએ પ્રસ્તુત પુસ્તક એક ભવિષ્યની આશા છે. આજ તેનો શુભારંભ છે. એક સંસ્કારી બ્હેને આ કામ ઉપાડી લીધુ છે. નમ્રપણે પોતાની અશક્તિનું માપ જાહેર કરીને પણ આ સંગીતના પ્રાંતમા તેમણે પ્રવેશ કર્યો છે. માટે તેમને અભિનંદન. હવે મુખ્ય વાત :—

રાસકુંજની સારેગમ વાંચીને મને એમ થયું કે આમાનાં ગીતો નોટેશન માટે છે કે આમાંનું નોટેશન ગીતો માટે છે. એટલે કે આમાં સ્વીકારાએલી નોટેશન પદ્ધતિમાં ગીતો બંધ બેસે તે માટે કાં તો નોટેશનમાં ફેરફાર કર્યો છે, અથવા તો ગીતોનું મૂળ સ્વરૂપ—તેની ધૂન—નોટેશનમા આવતી નથી. માટે જેવું સ્વરૂપ આવ્યુ તેવું પસંદ કર્યું છે. નોટેશન ભલે કોઇ પણ પદ્ધતિનું હોયઃ ભાતખંડેનું, ખર્વેનું કે ગાંધર્વ મહાવિદ્યાલયનું હોય, પણ જેવા ઢાળો હોય તેવું આબેહુબ દર્શન સંગીત લિપિમાં હોવું જોઇએ. સૌ. શાન્તાબ્હેન તે ગીતોને સંગીત લિપિમા ઉતારવાની મુશ્કેલી વર્ણવે છે અને તે યોગ્ય છે. પણ જો એક માત્રાના અર્ધો, પા, અર્ધો પા, ઇત્યાદિ વિભાગ દર્શાવવા માટે જૂદા જૂદા ચિન્હોની યોજના કરી હોત તો આના કરતાં વિશેષ સૂક્ષ્મ રીતે ગીતોનું સ્વરાંકન થઇ શકયું હોત. પ્રસ્તુત સ્વીકારેલી સંગીત લિપિમાં આવાં ‿ અર્ધ ચંદ્રાકૃતિ જેવાં ચિન્હમાં જેટલા સ્વરો આવે તેટલા બધા એક જ માત્રામાં ગાવા એ લિપિનો દોષ છે. કારણ કે એક માત્રામાં જેટલા સ્વરો આવશે, તેમાનો પ્રત્યેક સ્વર સરખા જ સમય સુધી ટકે છે એવું કાઇ નથી હોતું. ઘણી વાર ૧ માત્રાના ૧/૨, ૧/૩, ૨/૩, ૧/૪, ૧/૬, ૧/૮, એવા હિસ્સાઓ પણ પડે છે તે વખતે બધા જ સ્વરોને એક માત્રાના એક જ ચિન્હની અંદર ગોઠવવા એ ઉચિત નથી. કારણ કે તેથી નોટેશન ખોટું જ થાય. "સર્વ જાણીતી અને લોકમાનીતી 'હીંચ' સંગીત લેખનમાં હું ઉતારી શકી નથી, એટલે સંગીત લેખનની કોઇ સ્વીકૃત પદ્ધતિ હીંચ દર્શાવવા માટે ઉપલબ્ધ નથી," એમ સૌ. શાન્તાબ્હેન કહે છે અને તેને માટે સંગીતશાસ્ત્રી ખર્વેનો આધાર પણ ટાંકે છે. મારા નમ્ર મત પ્રમાણે રાસ અને ગરબા ગાયનમાં બહુ તો ત્રણ પ્રકારની હીંચ આવે છે. અને તે દીપચંદી, દાદરા, અને ધુમાલી ખેમટા જેવા તાલોમાં. ઘણા ગરબા અને રાસ ગાયનોમાં એવી જ હીંચો આવે છે. હીંચ એ તો રાસ-ગરબાનું મુખ્ય અંગ છે એમ કહીએ તો ખોટું નથી. ગરબે રમતી ગોરીઓ હીંચ સાથે તાલી પાડે છે ત્યારે જ તાલમાં લય બરાબર સધાય છે. કહેવાની મતલબ એ છે કે ઉપલા ત્રણે તાલો શાસ્ત્રીય છે કે જેને સૌ. શાન્તાબ્હેન શાસ્ત્રીય માનતા નથી. અને તે કારણસર કોઈ પણ સંગીત લેખન પદ્ધતિ હીંચ બતાવવા માટે ઉપલબ્ધ નથી, એમ માને છે. મારા મત પ્રમાણે એ પણ બરાબર નથી. હીંચનું લેખન થઇ શકે છે. તે માટે લેખન પદ્ધતિમા તેવી વ્યવસ્થા હોવી જોઇએ. એક માત્રાના ૧/૫, ૧/૭, ૧/૯ જેવા સૂક્ષ્મ વિભાગનું પણ જ્યા અંકન થઈ ચૂકયું છે ત્યા હીંચનો એટલો મોટો સવાલ નથી. અલબત્ત આદી લયના ગીતો કરતાં હીંચવાળા ગીતોનું અંકન કઠણ છે. ઘણી વાર એમ જણાય છે કે જ્યારે નોટેશન કરવા બેસીએ ત્યારે ગીતમા રહેલી લયનું સૂક્ષ્મ સ્વરૂપ બરાબર નક્કી નથી કરી શકાતું. તેનું કારણ એક વાર જે ઢબે આપણે એકાદ ગીતની લીટી ગાઇ હોય તેને તે જ ઢબે બીજી વાર આપણે નથી ગાતા. બીજી વાર તો સહેજે જ થોડાક ફરક સાથે બીજી ઢબ આવે છે. તેથી નોટેશન કરવાનું કામ એકદમ સહેલુ પડતુ નથી. નોટેશન કરતી વખતે કેટલુ એકાગ્ર થવું પડે છે તે પ્રત્યક્ષ કરનારાઓ જ જાણે છે. સંપૂર્ણ નોટેશન પદ્ધતિમાં એક માત્રાના સૂક્ષ્મ વિભાગો, યતિઓ, વિશ્રાંતિઓ (rest) વગેરેની વ્યવસ્થા હોવી જ જોઇએ. ન હોય તો તે અપૂર્ણ છે. અને હીંચવાળા ગીતોનું અંકન થઇ પણ નહિ શકે. મેં મારા 'લોકસંગીત'મા જે પદ્ધતિ સંગીત લિપિ માટે સ્વીકારી છે તેમા હું જે કહું છું તે બધુ આવી જાય છે. સૌ. શાન્તા બ્હેને

પોતાની પ્રસ્તાવનામાં કહ્યું છે (જુઓ પ્ર. પા. ૧૧) તે પ્રમાણે ઠીંચના સંબંધી અહીં મારો અનુભવ મેં જણાવ્યો છે. આ પછી વિદ્વાન સાક્ષરશ્રી નરસિંહરાવ પોતાની પ્રસ્તાવનામાં કહે છે "પાશ્ચાત્ય (notation) સંગીત લિપિ આપણામા સંગીતને અનુકૂળ નથી" તે બરાબર છે. પરન્તુ આપણા સંગીતમાં મીંડ, ગમક, ગટકડી, ઈ. અંશો સંજ્ઞામા યથાવત બિંબિત કરાય એમ નથી. તેમજ તાન ઉપજ ઇ. ની સાધનામાં કંઇ ગાનના કલાકારને જે વ્યક્તિત્વ પ્રદર્શક સ્વતન્ત્રતા આપણા દેશની કલામાં છે, તેને માટે પણ સંજ્ઞા પદ્ધતિના બીજા પર્યાપ્ત નથી." એમાં એમ પ્રથમથી માની લીધું છે કે, મીંડ, ગમક, ગટકડીનું નોટેશન થઇ શકતું નથી. આમાં મતભેદ થઈ શકે છે. અથવા તો એમ પણ છે કે આપણા સંગીતમા જેટલી મીંડો, ગમકો. ગટકડીઓ છે તેનું વર્ગીકરણ હજુ સુધી કોઇએ કર્યું નથી. ગમક એટલે સ્વરના કંપો. તે ૧૪ પ્રકારના છે એમ શાસ્ત્રીય ગ્રંથોમા છે. તેના લક્ષણો પણ ત્યા આપ્યા છે. પરંતુ તેને કોઇએ અજમાવવાનો પ્રયત્ન કરેલો જણાતો નથી. એક તો શાસ્ત્રીય ગ્રન્થોની પરિભાષા સમજવી બહુ કઠણ હોય છે. અને ગ્રંથોની અંદર પણ એકમત નથી.

મારા મત પ્રમાણે મીંડ, ગમક, ગટકડી, વગેરે સંગીતના પ્રકારો મર્યાદિત છે, અનંત તો નથી જ. તે બધા પ્રકારોનું વ્યવસ્થિત રૂપમા અંકન થાય તો આપણી સંગીત લિપિનું કામ અસાધ્ય નથી. સાધ્ય નથી લાગતું તેનું કારણ તે દિશાએ હજુ કોઈએ પ્રયત્ન કર્યો નથી. જે કંઇ થોડા પ્રયત્નો થયા છે તે ગા. મ. વિ. ના નોટેશન પુસ્તકમા આપણને જોવા મળે છે.

શ્રી॰ નરસિંહરાવ કહે છે, "ગરબીઓમાં તાલઘટના બહુધા દ્રુત લયની શોભે છે, ક્વચિત્ મધ્ય લયની ગોઠે છે, પણ વિલંબિત લય તો ગરબી સંગીતના ક્ષેત્રની બહાર જ રહે છે." હું આ મતથી જરાક જુદો પડું છું. ગરબીઓમાં ત્રણે પ્રકારના લય આવે છે. દાખલા તરીકે:—

,, આશા ભર્યા રે અમે	વિલંબિત લય
,, આજની ઘડી રળીયામણી	,,
,, જોવા જગત ધૂણી	,,
,, હાકે રાજ્યાવઢીના	,,
,, મા પાવા તે ગઢથી ઊતર્યા	,,
,, ગોરસ લેઈ લેઇ પીજો	મધ્ય લય
,, લાલજી કારતક મહિને રથ	,,
,, પારણીએ ઝુલોડું નંદજીના લાલ	,,
,, રે શિર સાટે નટવરને વરિયે	દ્રુત લય
,, પ્રથમ પાર્વતીના પુત્રને પાયે નમુ રે,	,,

એ મુખ્યતઃ ધ્યાનમાં રાખવાની વાત છે, કે ગરબા અથવા રાસ રમતી વખતે પ્રથમ વિલંબિત પછી મધ્યમ અને ત્યાર પછી દ્રુત લય સામાન્ય રીતે લેવાય છે.

ઉસ્તાદી ગાયનમાં જે જાતના લયોનું દર્શન થાય છે તે જગતના લયોને અહીં સ્થાન નથી એ હું સ્વીકારું છું. તેમજ ઉસ્તાદી ગાયનમાં મીંડ, ગમક, કે ગટકડી જેવી રીતે આવે છે તેવી રીતે ગરબીઓમા લેવા જતાં તે ગરબી મટી ઉસ્તાદી ગાયન થઈ જશે તેમા પણ મારો મતભેદ નથી. હરિવંશમાં છાલિક્ય ગાયનનું વર્ણન આવે છે તેમાં શ્રી કૃષ્ણ સાથે ગોપીઓ રાસ ગરબીઓ રમે છે તેનું વર્ણન આવે છે. તેમા જૂદી જૂદી સખીઓ પોતાનું ગાયન રાસ ચાલતી વખતે શ્રી કૃષ્ણને સંભળાવે છે અને જૂદાં જૂદાં તાન, આલાપો તથા પલટાઓ લે છે. તે સાંભળી શ્રી કૃષ્ણ તેની પ્રશંસા કરે છે. તે ઉપરથી રાસ જેવા ગાયનમાં પણ તાન આલાપોનો સમાવેશ તે વખતના લોકો કરતા હશે એમ લાગે છે. પણ એ કંઈ મુખ્ય વસ્તુ નથી. અસ્તુ.

આગળ ચાલતા શ્રી નરસિંહરાવ દીપચંદી વિષે કહે છે "દીપચદીની તાલ ગરબે ફરતી યુવતીને અસાધ્ય છે." અહીં જરાક લખવાનો ગોટાળો થયો છે એમ લાગે છે. ઉત્સાદી ગાયનમા તાલની તાળીઓ તાલના ખડ ઉપર પડતાં અગવડ આવતી નથી. કારણ કે તે પ્રમાણે ઉત્સાદી ગાયનોની રચના હોય છે. અહીં ગરબા, રાસ, ગીતોની રચના જૂદા પ્રકારની હોય છે. દીપ્ચદીની દરેક તાલીમા દીપચદીની હીંચ અથવા વજન સાથે જ આવી જાય છે. જેમ:

ર	ઘૂ પનિ	રામ હે	દેયમા	રહેજો	રે
	×	×	×	×	×

દાદરા તાલમા તે જ પ્રમાણે—જેમ

દળ	હાલ્યાં ને	વાદળ	એ ઉમ	ટયા
	×	×		×

તે જ પ્રમાણે ઘુમાલીમા

સખી	પડવા	ની પડ	પ્રોત	ગતમત
	×		×	

ભૂલી કરે
×

ઇત્યાદિ.

ઉપલા ત્રણે તાલમાં હીંચનું દર્શન યથાતર્થ થાય છે. આ પ્રમાણે કુલ મળીને બહુ તો ત્રણ ચાર જાતના તાલ ગરબા રાસ જેવાં ગાયનોના હોય છે. અને તેનું સ્વરલેખન અસાધ્ય તો નથી જ.

નારાયણ મોરેશ્વર ખરે

પૌરાણિક કથાકોષઃ—પ્રથમ ખંડ અને દ્વિતીય ખંડ. કર્તાઃ ડાહ્યાભાઇ પીતામ્બરદાસ દેરાસરી બાર–ઍટ–લૉ. અમદાવાદ. છપાવી પ્રસિદ્ધ કરનારઃ ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી તરફથી હીરાલાલ ત્રીભોવનદાસ પારેખ બી. એ. આસિ. સેક્રેટરી, અમદાવાદ. કિંમત એક રૂપિયો દરેક ખડની.

આ કોષના બે ખંડો પ્રસિદ્ધ થયા છે. અને કોષ 'પૃથુ' શબ્દ સુધી એટલે અર્ધ ઉપરાત સુધી આવેલો જણાય છે. આવા કોષની ગુજેરાતીમા જરૂર તો હતી જ અને એ જરૂરે પૂરી પાડવા માટે કર્તાને અને પ્રકાશક સંસ્થાને અભિનદન ઘટે છે. આ કોષની રચનામા **भारतवर्षीय प्राचीन ऐतिहासिक कोश** તથા ડાઉસનની Hindu Classical Dictionaryનો આધાર લીધો છે પણ આ માત્ર ભાષાતર નથી. કર્તાએ મૂળ ગ્રન્થોમાંથી અવતરણો પણ લીધા છે.

ભાષા કોષને અનુકૂળ છે અને પ્રકાશક સંસ્થાએ તેની કિંમત કિફાયત રાખી તે સર્વને ઉપયોગી થાય તેમ કરેલું છે. હજી આના બીજા ભાગો બહાર પડવા બાકી છે, અને વિસ્તૃત ઉપોદ્ઘાત છેવટે બહાર પડવાનો છે એટલે અમે આનું લબાણથી અવલોકન કરી શકતા નથી માત્ર એક બે વસ્તુ સૂચવીએ છીએ. કર્તાએ ભૌગોલિક નામોનો પણ સમાવેશ કર્યો છે તે યોગ્ય કર્યું છે પણ તેમાંનાં જેટલાં સ્થલો અત્યારે નિશ્ચિત થઈ શકયાં હોય તેટલાંની ઓળખાણ, કનિંગહામ કે એવા બીજા કર્તાઓના આધારે હોત તો સારું. અને બીજું એ કે અત્યારે જોડણીની અનિશ્ચિત સ્થિતિમાં અમુક જ જોડણી રાખવાને તો અમે કહી શકતા નથી, પણ આના જેવી મોટી સસ્થા પોતા માટે અમૂક જોડણી નક્કી કરી પોતાનાં પુસ્તકો તે જોડણીમા જ છપાવે તો સારું. પ્રૂફ જોવાનું કામ ઘણું અઘરું અને કંટાળા ભરેલું છે, તેમાથી લેખકને રાહત આપી પોતે જ પ્રૂફો સુધરાવે અને એકધારી જોડણી કરે તો સારુ; કારણકે આ કોષ નાનાં બાળકોથી તે વૃદ્ધો સુધી સર્વના ઉપયોગમા આવવાનો છે,

સંરક્ષણવાદઃ–અનુવાદક ચંપકલાલ લાલભાઈ મહેતા બી. એ. એલ એલ. બી. પ્રસિદ્ધ કરનાર ઉપર પ્રમાણે. કિંમત બાર આના.

હોમ યુનિવર્સિટી લાયબ્રેરીની માળામા પ્રસિદ્ધ થયેલ લૉર્ડ હ્યુ સેસિલકૃત 'કૉનઝરવેટિઝમ' નામના પુસ્તકનો આ અનુવાદ છે. મૂળ પુસ્તક કરતા પણ આ પુસ્તકની કિંમત પ્રકાશક સંસ્થાએ ઓછી રાખી છે તેને માટે તેમને અભિનંદન ઘટે છે.

કર્તાને હાથે આ પહેલા પણ સારા અનુવાદો થયા છે અને આ અનુવાદ પણ સરલ અને વાચવા ગમે તેવી ભાષામા લખાએલો છે. અલબત અનુવાદક પોતે કહે છે તેમ વિષયની નવીનતાને લીધે અને અનુવાદના કેટલાક શબ્દો પૂરેપૂરા રૂઢ નહિ થયાને લીધે ભાષામાં કઢંગાપણુ આવ્યું છે. જેમકે અગ્રેજીમા 'valued friend' 'valuable contribution to debate' 'value of an argument' એવા વાક્યખંડો રૂઢ છેવા રૂઢ વાક્યખંડો ગુજરાતીમાં નથી. આપણે હમણા હમણામા 'ચર્ચામા કિમતી ઉમેરો' જેવા પ્રયોગો અંગ્રેજીના અનુકરણથી કરવા માંડયા છીએ પણ હજી 'વિવાદની કિમત' આપણામાં રૂઢ નથી. આપણે 'દલીલનું વજૂદ' જ કહીએ. અને 'મૂલ્યવાન પૂજ્ય મિત્ર' એ તો જરા પણ ચાલે તેમ નથી. તેને બદલે અનુવાદકે 'મોઘા મહેમાન' લખ્યું હોત તો ચાલત. એટલે આવી જગાએ દૃષ્ટાતમા અરૂઢ પ્રયોગ કરવા કરતાં એકાદ દૃષ્ટાત ઓછુ આપ્યું હોત તો ચાલત.બીજી મુસ્કેલી કેટલાક પારિભાષિક શબ્દોની છે. abstract philosophic treatise માં abstract ને માટે હજી સર્વમાન્ય શબ્દ ગુજરાતીમા રૂઢ થયો નથી પણ "'ગૂઢ' દાર્શનિક ગ્રંથ" એ તો બરાબર નથી. abstractને માટે 'કેવળ તાર્કિક' કે 'કેવળ તાત્ત્વિક' કે 'વસ્તુવિહીન તાત્ત્વિક' કહ્યું હોત તો અર્થ વધારે સ્પષ્ટ થાત. અને 'lacks proportion'ને માટે 'અન્યોન્ય સંબંધનો અભાવ' એ બરાબર નથી, 'સપ્રમાણતાનો ભંગ' કે 'પ્રમાણની ન્યૂનાધિકતા' એવો અર્થ અહીં ઉદ્દિષ્ટ છે.

આવી મુસ્કેલીઓ ભાષાન્તરને બદલે સ્વતંત્ર ગ્રંથ લખાય તો ઓછી થાય. વળી રાજકારણના વિષયમાં અને તેમા પણ રાજકારણના એકપક્ષની આમા ચર્ચા છે તેથી આવા પુસ્તકો એકપક્ષી અને ઇગ્લંડની જ દૃષ્ટિએ લખાએલાં હોય તેમા સંદેહ નથી અને આપણે આપણા પુસ્તકો આપણી એટલે હિંદની દૃષ્ટિએ લખવા જોઈએ તે પણ સ્વતંત્ર ગ્રંથમાં જ થઈ શકે. પણ તેમ ન બની શકે ત્યાં સુધી આવાં ભાષાન્તરો આવકારલાયક છે.

સંસ્કૃતિની ઉત્પત્તિઃ—(શ્રી સયાજી સાહિત્યમાળા પુષ્પ ૧૪૯મુ) અનુવાદકઃ રમણલાલ વસંતલાલ દેસાઇ એમ એ. પ્રકાશકઃ એમ. સી. કોઠારી, રાવપુરારોડ–વડોદરા. કિંમત રૂ. ૧–૧૩–૦.

લૉર્ડ એવબરીના 'ઓરિજિન ઑફ સિવિલિઝેશન' નામના પુસ્તકનો આ અનુવાદ છે. અનુવાદ સરલ ભાષામાં થયો છે અને વસ્તુ અને શૈલીથી પુસ્તક વાચવું ગમે તેવું છે. દિલગીરી માત્ર એટલી જ છે કે હિંદમા આ જાતના સંશોધનને પુષ્કળ અવકાશ હોવા છતાં તે કામ કોઇ હિંદી કરતું નથી અને આપણે આવા અગત્યના વિષયમાં માત્ર ભાષાન્તરથી સંતોષ માનવો પડે છે, દરેક લાયબ્રેરીમા રાખવા યોગ્ય પુસ્તક છે.

ખેતીના ઉપદ્રવોઃ—શ્રી સયાજી સાહિત્ય માળા પુષ્પ ૧૪૬ મુ. લેખકઃ છોટાભાઈ ઉમેદભાઈ પટેલ. પ્રકાશક લુહાણા સ્ટીમ પ્રિન્ટિંગ પ્રેસ, વડોદરા. કિંમત ૦–૧૪–૦

આ પુસ્તકનો વિષય ઉપયોગી અને જાણવા જેવો છે. લેખક વડોદરા રાજ્યના માજી પાકરોગશાસ્ત્રી છે. આવા પુસ્તકની ખરેખરી

ખોટ હતી અને તેને પૂરવા આ સ્તુત્ય પ્રયાસ છે. આપણા ખેડૂતોને પોતાના હિતને માટે પણ જોઇએ તેટલું જ્ઞાન નથી એ ખરું છે. પણ અત્યાર સુધીનો અનુભવ એવો છે કે તેને જો લાભની ખાત્રી થાય તો તે તેમાં સાધનોનો ઉપયોગ કરવામા ઘણે ભાગે પછાત રહેતો નથી. પણ મુશ્કેલી એ છે કે હજી આપણા દેશમા અખતરાથી સિદ્ધ થયેલ ઉપાયો અને સાધનો જ હજી ઘણા ઓછા છે, આ પુસ્તકમા ઘણી જગાએ એવા સાધનોનો અભાવ અને વિશેષ અખતરાની જરૂર વિશે લખેલુ છે. આ કામ ખેડૂતો કરે એ અપેક્ષા ખોટી છે. રાજ્યોએ દેશી માણસો પાસે આનો અભ્યાસ કરાવવો જોઇએ, અને એમ થઇ સિદ્ધ નીવડેલા પ્રયોગો જરૂર ખેડૂતવર્ગ સ્વીકારશે.

આ દિશામાં આ પુસ્તકને એક પ્રથમ પ્રયત્ન તરીકે અમે આવકાર આપીએ છીએ.

નાણું:—શ્રી સયાજીસાહિત્યમાળા–પુષ્પ ૧૪૨મું. અનુવાદકઃ સ્વ. રતિપતિરામ ઉદ્યમરામ પંડયા. બી. એ. પ્રકાશક એમ. સી કોઠારી રાવપુરારોડ, વડોદરા. કિંમત ૦–૧૨–૦

ભાષાન્તરને માટે આ પુસ્તકની પસંદગી અમને યોગ્ય લાગતી નથી. આવા વિષયનું ભાષાન્તર કરાવવા કરતા વધારે પૈસા અને શ્રમથી મૌલિક પુસ્તક કરાવવું જોઇએ. ભાષાન્તર પણ ઘણી જગાએ સુવાચ્ય નથી અને નવા પ્રયોગો ઘણી જગાએ કઢંગા છે. "ત્રાંબાના સિક્કાઓ માત્ર બે જ અર્થમાં વાપરી શકાય." ત્યાં અર્થ શબ્દ બરાબર નથી. કલદાર ચલણી સિક્કાઓ એ બરાબર છે, પણ 'દેખાવના સિક્કા' એ કઢંગો પ્રયોગ છે. પુસ્તકમાં અનુક્રમણિકા નથી મૂકી તેમજ પાછળ પારિભાષિક શબ્દોનો કોશ નથી, જે બન્નેની જરૂર છે.

આવાં પુસ્તકો મૌલિક લખાવવાનું કોઇ પ્રકારે ન જ બને તો યોગ્ય માર્ગ એ છે કે તે તે વિષયના આપ્ત વિદ્વાનોની સમિતિ પાસે અનુવાદયોગ્ય પુસ્તકો પસંદ કરાવવાં અને તેવા વિદ્વાનો પાસે જ આવા અનુવાદો કરાવવા.

સમાજશાસ્ત્રના સિદ્ધાન્તો:—શ્રી સયાજી સાહિત્યમાળા પુષ્પ ૧૩૪ મું. અનુવાદક: સવિતાબેન ત્રિવેદી, બી. એ. પ્રકાશક: એમ. સી. કોઠારી, રાવપુરા રોડ, વડોદરા. કિંમત ૦–૧૨–૦.

આ પ્રોફેસર ભાટેના મરાઠી પુસ્તકનો અનુવાદ છે. વિષય ઉપયોગી છે, અને અનુવાદ સરલ અને સુવાચ્ય થયો છે. પણ પુસ્તકમા પ્રસ્તાવના નથી, અને છાપ સુઘડ નથી. એક શબ્દકોષ પણ આવશ્યક છે.

પુસ્તક વ્યક્તિસ્વાતંત્ર્યની કલ્પનાથી આગળ આવ્યું નથી. એટલે ગયા શતકના મધ્યકાલની વિચારસામગ્રીથી લખાયુ છે. હાલ જે સમાજવાદો, અને સમાજની જબરદસ્ત હિલચાલો શરુ થઈ છે તેના સંબંધી આમા કશું જ નથી. છતા આ વિષય ઉપર ઘણા થોડા પુસ્તકો છે, એટલે ઠીક છે.

બાલભાગવત:—શ્રી સયાજી બાળજ્ઞાનમાળા પુષ્પ ૭૮ મું. લેખિકા: શ્રીમતી મંજુદેવી પંડયા. પ્રકાશક: પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ. વડોદરા. કિંમત ૦–૮–૦

પુસ્તક મરાઠીનું ભાષાન્તર છે અને ભાગવતની વાતો આમા સરલ અને રસિક કહેલી છે. બાળકોને માટેના પુસ્તકની છાપ આ કરતાં ઘણી વધારે સારી જોઇએ.

ચંદ્રગુપ્ત મૌર્ય:—લેખક. જયસુખરાય પુરુષોત્તમરાય જોષીપુરા. પ્રકાશક: પુસ્તકાલય સહાયક સહકારી મંડળી લિમિટેડ, વડોદરા. કિંમત ૦–૧૦–૦

હિંદના ઇતિહાસના આ મહાન સમ્રાટ વિશે આપણા વિદ્યાર્થીઓ જોઇએ તેવું નથી જાણતા એ ખરું છે અને તેની ખોટ પૂરી પાડવાના આ પ્રયત્નને અમે અભિનંદન આપીએ છીએ.

આ સમયનો ઇતિહાસ તર્કપૂત કરીને મૂકવો મુશ્કેલ છે. એક તરફ આ ઇતિહાસ, આપણાં પુરાણોમાં દટાયો છે, જેમાં પરદેશી વિજેતા એલેક્ઝાન્ડરનું નામ પણ નથી. બીજી તરફ એલેક્ઝાન્ડરની તવારીખ પણ વિજયના ઘેનથી એકપક્ષી અને અતિશયોક્તિ ભરેલી હોવાનો પૂરો સંભવ છે. ત્રીજી તરફ આ ઇતિહાસના સંશોધક પશ્ચિમના વિદ્વાનો હિંદની મહત્તા સ્વીકારવાને અતત્પર અને જ્યાં સ્વીકારવી પડે ત્યા પણ તે પશ્ચિમના સંસર્ગથી આવી છે એમ માનવાને અધીરા થઈ ગયેલા છે. આ અનેક મુશ્કેલીઓમાથી આપણા લેખકે કેવી રીતે રસ્તો કાઢયો છે તે આ નાના પુસ્તકની સમાલોચનામા નહિ ચર્ચી શકાય; કારણ કે કર્તા આ સંબધી મોટું પુસ્તક બહાર પાડવાના છે. કર્તા પ્રસ્તાવનામા કહે છે કે "આપણા વિદ્યમાન ઇતિહાસોમાં સિકદરની ચઢાઇનો મહિમા વધારી વધારીને ગવાતો રહેલો છે," તે યથાર્થ છે. અને આ ટૂંકી સમાલોચનામાં પણ એટલું કહી શકાય કે કર્તાએ ભલે સ્વતંત્ર રીતે પુસ્તક લખ્યુ છે પણ કેટલાક અનુમાનો અમને વિલક્ષણ અને અપ્રામાણિક લાગે છે. મગધ શબ્દને 'મગ' એટલે ઇરાનના સુર્યપૂજકો સાથે સંબંધ ગણીએ તો મગ (અનાજ)ને પણ સૂર્ય સાથે સંબંધ ધરાવતું ગણવું પડે. દેશ આખા-ની પડતી બૌદ્ધ અને જૈન ધર્મથી થઈ તે પણ જેટલું સહેલુ તેટલું જ ઉતાવળિયું અને અપ્રામાણિક અનુમાન છે. અને અમારે એ પણ કહેવું જોઇએ કે ચંદ્રગુપ્ત જેવા સમર્થ નાયકના ચરિત્રમા બનાવોનો ખુલાસો કરવા 'વિધાના' અને 'નસીબ'ને આવાહન કરવું એ અમને સર્વથા અનુચિત લાગે છે.

નેલ્સનનું જીવનચરિત :—શ્રી સયાજી સાહિત્યમાળા–પુષ્પ ૨૪૧ મું. અનુવાદકઃ (સ્વ) હીરાલાલ હરજીવન ગણાત્રા. પ્રકાશક: લુહાણા સ્ટીમ પ્રિન્ટિંગ પ્રેસ. રાવપુરા, વડોદરા. કિંમત ૧–૦–૦.

રૉબર્ટ સધેના પુસ્તકનો આ અનુવાદ છે. ભાષા એકધારી, સરલ અને સુવાચ્ય છે. મૂળ વસ્તુ ઘણું જ આકર્ષક છે અને અનુવાદ તેને અનુકૂળ રીતે થયો છે. પુસ્તક દરેક ઘરમાં રાખવા યોગ્ય છે.

ગદ્યાવલિ:–પાઠ્યપુસ્તક માલા. સંપાદક: આશાભાઇ નરસિંહભાઈ પટેલ. પ્રકાશક: ચરોતર એજ્યુકેશન સોસાયટી આણંદ. કિમ્મત રૂા. ૧–૧૨–૦

આ સંગ્રહ અંગ્રેજી ચોથા અને પાંચમા ધોરણમા ગુજરાતીના પાઠ્ય પુસ્તક માટે યોજાયો છે. આમા આધુનિક ગદ્યલેખકોના સારા પાઠો છે. એકંદર ચૂંટણી વિદ્યાર્થીઓને રસ પડે તેવી છે. પણ અમને લાગે છે કે દરેક હાઇ-સ્કૂલ આવો પ્રયત્ન કર્યા કરે છે તેને બદલે કેટલીક હાઈસ્કૂલો ભેગી થઇને એક વધારે સારો પ્રયત્ન કરે તો સારું.

પુસ્તકમાં જોડણી એકધારી રાખવા પ્રયત્ન કર્યો છે તે ઠીક છે પણ જોડણીના નિયમો પ્રથમ આપ્યા હોત તો સારું. 'સતત' જેવી જોડણીઓ હજી રહી ગઇ છે.

ક્રાન્તિ—સરસ્વતી ગ્રન્થમાલા પુ. ૫–૬ મૂળ લેખક: પીટર ક્રોપોટકિન. અનુવાદક: શંકરદત્ત પાર્વતીશંકર શાસ્ત્રી. પ્રકાશક: રણછોડજી કેસુરભાઇ મીસ્ત્રી, પ્રસ્થાન કાર્યાલય અમદાવાદ. કિંમત વાર્ષિક ફાળે ૦–૪–૦ અને ટપાલખર્ચ માફ; છૂટક ૦–૬–૦ ટપાલ ખર્ચ જુદું.

પ્રિન્સ ક્રોપોટકિનના કેટલાક ભાષણોનો આમાં અનુવાદ છે. અનુવાદ સરલ, પ્રવાહી અને વેગવાન ભાષામા સૌ સમજે તેવો થયો છે. સાથે ક્રોપોટકિનનું જીવનચરિત્ર આપ્યું છે તે પણ યોગ્ય કર્યું છે. વિષય અત્યારના આપણા

જમાનાને યોગ્ય છે. આટલી સસ્તી કિંમતે વેચવાનું સાહસ કરવા માટે પ્રકાશકને ધન્યવાદ ઘટે છે. આશા છે કે વાચકવર્ગ તે સાહસને ઉત્તેજન આપી તેને સફળ કરશે.

ક્રાન્તિકારી લગ્ન:—સરસ્વતી ગ્રન્થમાળા પુ૦ ૭. મૂળ લેખક: જેકૉફ પ્રેલૂકર. અનુવાદક અને પ્રકાશક: રણછોડજી કેસુરભાઇ મીસ્ત્રી, પ્રસ્થાન કાર્યાલય, અમદાવાદ. કિંમત વાર્ષિક ફાળે ૦–૨–૦ ટપાલખર્ચ માફ; છૂટક ૦–૩–૦ ટપાલખર્ચ જુદું.

રશિયાની ક્રાન્તિની શરૂઆતમા વિદ્યાભ્યાસની સગવડ ખાતર ક્રાન્તિકારીઓ કૃત્રિમ લગ્ન કરતા તેની આ એક કહાણી છે. આવું વૃત્તાન્ત એક અદ્દભુત રસની વાર્તાથી પણ વધારે ચમત્કારક છે. અને ખરેખર તેના નાયક નાયિકા માટે આદર અને આશ્ચર્ય ઉત્પન્ન કરે છે.

ભાષા, વસ્તુને અનુકૂળ વેગથી ચાલતી અને સુગમ છે. આવા પુસ્તકો આટલા સોંઘા મળે છે તે જોઇ ગુજરાતી વાચક વર્ગે મગરૂર થવું જોઇએ.

સ્મૃતિભ્રંશ અથવા શાપિત શકુન્તલા:—ગુજરાતીમા છાપા રૂપે અનુવાદ કરનાર: મન.સુખલાલ મગનલાલ ઝવેરી, જામનગર. મૂલ્ય બાર આના.

' જરૂર પડે ત્યા શબ્દની છૂટ લઈ રસને ઉતારવાનો આ પ્રયત્ન છે. લેખકનું ગદ્ય અને પદ્ય બન્ને સરલ છે. શબ્દાર્થને વળગવાનો આગ્રહ નથી એટલે ક્લિષ્ટતાનું એક કારણ ઓછું થાય છે. પણ કાલિદાસ એવા કવિ છે કે તેનો એક પણ શબ્દ જતો કરતા અર્થને અને રસને હાનિ થયા વિના ન રહે. એટલે કર્તા કહે છે તેમ, આને મૂળ સાથે તો ન જ સરખાવાય,_પણ જેમણે મૂળ વાચ્યું નથી તેમને માટે સારું છે. તેમના કાવ્યોમાથી એકનો નમૂનો:

લ્હેકાથી ડોક કેરા, રથ શુ ફરી ફરી,
 જોઈ કુદે ત્વરાથી,
ખાણોની બ્હીક ધારી, પુરવ તનુ વિશે
 પેસતો પાછલાથી;
હારી રે'તા મુખેથી, વિખરી અર્ધો પડ્યા
 દર્ભ જો ! અર્ધ ચાવ્યા,
આકારો ફાળ ઊચી ભરિ ભરિ ઉડતો·
 ભૂમિમાં સ્વલ્પ રે'તો.

× × ×

જોઈ સારી રીતે, તપોવન અગ્હે, ઉચું કુલે આપનું,
આની આપ વિશે સ્વતંત્ર નિરખી સ્નેહપ્રવૃત્તિ વળી;
બીજી રાણી શું આપ આ નિરખજો સામાન્ય સન્માનથી
ભાગ્યાધીન વધુ બીજુ, પીયરીઆથી તે ન બોલાય કૈં.

સાહિત્ય શોખીનોએ ઉત્તેજવા યોગ્ય આ પ્રયત્ન છે.

સંક્ષિપ્ત રામાયણ'—લેખક સ્વ૦ રતિપતિરામ ઉદ્યમરામ પંડયા બી. એ. કિં ૨–૦–૦.

લઘુ મહાભારત'—લેખક: સદર. કિંમત બાર આના બન્ને પુસ્તકો ઘરમા રાખવા જેવા છે.

हिंदी शिक्षिका'—પ્રયોજક અને પ્રકાશક, ડાહ્યાભાઇ રામશકર ઠાકર અને પ્રહ્લાદજી ગૌરીશંકર ઠાકર. દહેગામ. મૂલ્ય ૦–૧૨–૦.

ગુજરાતી જાણનારાને માટે હિંદી શીખવાને આ નાનું પુસ્તક ઉપયોગી છે. નામ સર્વનામ ક્રિયાપદનાં રૂપો હિંદી અને ગુજરાતી બન્ને આપ્યા છે તેથી શીખવું સરલ પડશે. હિંદી રાષ્ટ્ર ભાષા છે અને સર્વે શીખવા પ્રયત્ન કરવો જોઇએ.

ધર્મનાં દશ લક્ષણ'--લેખક રણછોડદાસ માધવદાસ પટેલ પ્રકાશક: નાર શિક્ષક સમાજ. અમૂલ્ય.

હાથી ધમ ધમ ચાલે.—ગાંડીવ બાલોદ્યાન માળાનું ૨૩ મુ પુષ્પ. હાથીની ચતુરાઇની કેટલીક બાળકોને ગમે તેવી વાતો.

ચીંપાડિ, ચીંપાડિ:—ગાંડીવ બાલોદ્યાનમાલા પુષ્પ ૨૨ મુ.

કાઉન્ટ ઑફ મોન્ટેક્રિસ્ટો:—બે ભાગ અને ચાર વોલ્યુમમાં. ગુજરાતી ભાષાન્તરકર્તા: એક ગ્રેજ્યુએટ, અમદાવાદ. કિંમત દરેક વોલ્યુમની રૂા ત્રણ

લલિત વાડમય ગ્રન્થમાલાના આ મણકા છે. મૂળ વાર્તા ચમત્કારક છે. અનુવાદમાં અસલ નામો એનાં એ રાખ્યા છે તે યોગ્ય કર્યુ છે. વાર્તારસિક વર્ગ આને સત્કારશે.

નોંધ

'પ્રસ્થાન'ના વાચકોને

જણાવતા અમને હર્ષ થાય છે કે ડૉ. સુમન્ત મહેતા જેઓ પહેલા 'પ્રસ્થાન'ના તંત્રી મંડળના પ્રમુખ હતા, પણ જેમણે પાછેથી ખરાબ તબિયતને લઇને એ પદ છોડયું હતું, તેમની તબિયત હવે સારી થઈ છે અને હવે મુખ્યત્વે અમદાવાદમાજ રહેવાના હોવાથી તેઓ 'પ્રસ્થાન'ને પોતાનો ફાળો આપ્યા કરશે. તેમનો વિચાર ગુજરાતની જાહેર સંસ્થાઓનો પરિચય આપવાનો છે અને તે કામ તેમણે આ અંકથી જ શરુ કર્યું છે તે લોકચર્ચા જોવાથી સમજાશે. ગુજરાતની જુદી જુદી જાહેર સંસ્થાઓના કાર્યવાહકોને અમારે જણાવવાનું કે સંસ્થાઓના નિવેદનો મળતા તેઓ વિવેચક દૃષ્ટિએ તે સંબધી નોંધ લખશે.

રા.

* *

ધારાસભાઓનો બહિષ્કાર

જો બ્રિટિશ સરકાર ૧૯૨૯ ની સાલ પુરી થાય ત્યાર પહેલા હિંદી પ્રજાની માગણીઓનો સ્વીકાર કરવા બાબત કોઈ યોગ્ય ચિહ્ન બતાવે નહિ તો આખા દેશમા અસહકાર જગાડીને કાયદાનો સવિનય ભગ કરવો એવો હિંદી પ્રજાનો નિર્ણય છે, અને સંસ્થાનિક સ્વરાજ્યને બદલે સ્વતંત્રતાનો સિદ્ધાંત મહાસભાએ–એટલે આખા દેશે સ્વીકારવો. આવો ઠરાવ થાય ત્યાર પહેલા દેશને પૂરેપૂરો જગાડવાની આવશ્યકતા છે તેથી પંડિત મોતીલાલજીએ ધારાસભાનો બહિષ્કાર કરવા વિષે સૂચના મૂકી હતી. આપણા દેશમા હજી ઘણા યે મનુષ્યો એવા છે કે જે એમ માને છે કે ધારાસભાઓ મારફત ઘણું કિંમતી કામ થઇ શકે. ધારાસભાની શક્તિનો આધાર સમસ્ત પ્રજાની શક્તિ પર રહ્યો છે એટલે જ્યા સુધી પ્રજાને વધારે સંગઠિત નહિ કરાય, વધારે બળવાન નહિ બનાવાય ત્યા સુધી ધારાસભાઓ બહુ કિંમતી સેવા કરી શકશે નહિ. ધારાસભાના મોહને છોડીને પ્રજામાં ભારે ચળવળ કરવા માટે આપણા દેશનેતાઓએ તૈયાર થવું જોઇએ; પણ જ્યારે આ બાબતની ચર્ચા ગયા મહિનાની ૨૭ મી તારીખે અલાહાબાદમાં મહાસમિતિની સભામાં થઇ ત્યારે તેની સામે ઘણો વિરોધ થયો અને આ તે ગાંધીજીએ એવો ઠરાવ રજુ કર્યો કે "હવે પ્રજાનુ સઘળું બળ દેશને તૈયાર કરવામાં વાપરવાનો સમય આવી પહોંચ્યો છે અને તા. ૩૧ ડીસેમ્બર પછી અહિંસાત્મક અસહકાર જગાડવાનો છે, પણ ઘણા સભ્યો તેની સામે પડયા છે માટે આ પ્રશ્નને લાહોરની સભા સુધી મુલતવી રાખવો."

પ્રજાનું કેટલું બળ છે, કેટલી નબળાઈ છે તેનું માપ કાઢ્યા સિવાય આવા અગત્યના ઠરાવ મહાસમિતિ આગળ રજુ થાય અને તેને પાછા ખેંચી લેવા પડે તેમાં પ્રજાની પ્રતિષ્ઠાને ચોક્ખી હાનિ પહોંચે છે એ ઠરાવને પ્રમુખ તથા ગાંધીજીનો ટેકો હોય તે છતા ખેંચવા પડે તે હકીકત જાણીને બ્રિટીશ સરકાર અને હિંદી સરકાર આપણી નબળાઈ જાણી લે છે. આપણે મોટી મોટી વાતો કરીએ અને બહુ શૂર ચડ્યું છે એવો દેખાવ કર્યા બાદ વાણિયાશાહી ઉસ્તાદીથી પાછા પડીએ તેમાં જરા યે શોભા નથી. એ ઉસ્તાદીની કિંમત જગત સારી રીતે સમજે છે.

પણ આશ્ચર્યની બાબત તો એ છે કે આ

ઠરાવ પસાર થયા પછી પંડિત મોતીલાલજીએ એક પત્ર "લીડર"મા પ્રગટ કર્યો છે. તેમાં એવું સૂચવ્યું છે કે આવતી ચૂટણીમાં દેશના બધા રાજકીય પક્ષોએ એક પક્ષ તરીકે બહાર પડી, બધી ચૂટાએલી બેઠકો કબજે કરવી અને તે દ્વારા સરકારને સાયમન સુધારા અમલમાં મૂકતા અટકાવવી અને સરકારને હંફાવવી. આના પરથી સમજી શકાય છે કે મોતીલાલજીનું લક્ષ અંતે ધારાસભા તરફ જ છે, અને ગાંધીજીથી દોરાઇને બહિષ્કારની વાતો કરી રહ્યા બાદ પાછા ધારાસભામા પરોવાઇ જવા ઇચ્છે છે. વૃદ્ધવર્ગ અને જુવાન સ્વાતંત્ર્યવાદી મત વચ્ચે આ મોટો ભેદ પડશે એવું અનુમાન થઈ શકે છે. પણ તેમા પણ રા. શ્રી નિવાસ આયંગર જે મોટા સ્વાતંત્ર્યવાદી હોવાનો દાવો કરે છે તે પણ ધારાસભાનો જાપ જપે છે. ત્યારે આ જૂના વિચારના આગેવાનો શું કરવા ઇચ્છે છે તે પોતે જાણે છે ખરા ?

અને બિચારા મોતીલાલજી સારી રીતે સમજે છે કે ધારાસભામા એમના પક્ષ સિવાય બીજા અનેક વિનીતો, સરકાર તરફી અને ખુશામતીઆ પણ આવશે અને તે અસહકાર અને બહિષ્કાર જેવા બંડખોર પગલાં લેવા તૈયાર નહિ હોય.

અમે તો ચોકખું માનીએ છીએ કે પ્રજાએ માત્ર બે કામ કરવાનાં છેઃ શહેરો અને ગામડાઓમાં જઇને પ્રજાને તૈયાર કરી તેમની પાસે ઠેકઠેકાણે અહિંસાત્મક બંડ કરાવવા અને રચનાત્મક કાર્યો કરવાં. હજારો સંસ્થા મારફત અહિંસાત્મક બંડનો ઉપદેશ કરવો, જુવાનિયાને તૈયાર કરવા એ રસ્તો ટૂંકો નથી, એ કાર્ય એક વર્ષનું નથી પણ જુદી બડાશો મારવી અને બળ વિનાની ધમકીઓ આપવા કરતાં હજાર દરજ્જે બહેતર છે. આપણે જે પ્રકારની રાષ્ટ્રીય કેળવણી ૧૯૨૦-૨૧ માં કલ્પી હતી તે મરણ પામી છે. નિશાળોમાં તેમજ કૉલેજોમા ભણતા જુવાન યોદ્ધા વિના બંડ થવાના નથી, એટલે આપણી ઉચ્ચ કેળવણીની બધી સંસ્થાઓમાં રાષ્ટ્રીય ઉચ્ચ ભાવના ફેલાવીને તથા દેશને માટે આત્મભોગ આપવાની આવશ્યક્તા સમજાવીને મોટું લશ્કર ભેગું કરવાનું છે. આવતા બાર મહિના આપણા દેશને માટે કટોકટીના છે અને તેવા માગલિક પ્રસગે દેશના જુવાનો રણયજ્ઞમા ઝૂમે એવું વાતાવરણ આપણે પેદા કરીએ છીએ. હવે મહાત્માજી પણ ગોળગોળ વાતો કરવાની મૂકી દઈને રણયજ્ઞમાં પડે એવી આશા રાખીએ છીએ. જો પ્રજા એમની સાથે મળવાને તૈયાર ન હોય,—જે અમે માનતા જ નથી,—તો એમનામાં એટલી શક્તિ છે કે પોતાનાથી થાય તેટલું કરીને જીવ આપે. અહિંસાત્મક લડતોમા મરવુ અને જીવ આપવો એ બંદૂકની ગોળીથી મરવા કરતા અઘરું અને દુઃખદ છે કારણ કે તેમા મોત તાત્કાલિક નથી આવતું. આવી લડતો માટે ઉદ્દામ પક્ષે ધારાસભાનું હવે નામ પણ ન લેવું જોઈએ.

સુ. મ.

***

સ્વમાન માટે કુરબાની

આજે લાહોરની જેલની અંદર ભગતસિંહ, બટુકેશ્વર દત્ત અને જતીન્દ્રનાથ દાસ અને બીજા અનેક ભાઇઓ પોતાના તથા દેશના સ્વમાન માટે ઉપવાસ કરીને જાન આપવા તૈયાર થયા છે. આપણા દેશમા ગોરા અને હિંદી કેદીઓને જૂદી રીતે રાખવામા આવે છે. જે માણસોએ રાજદ્વારી ગુન્હો કર્યો હોય તેમને ચોર તથા ખુનીની સાથે રાખી શકાય નહિ, અને આ ભાઇઓનો ગુન્હો કાઇ સાબીત થયો નથી. જે કેદીઓને સારુ શિક્ષણ મળ્યું હોય અગર જેમની હમેશની રહેણીકરણી ઉચ્ચ પ્રકારની હોય તેમને જૂદી સારી સગ-

વડો આપવી જોઈએ એમ જેલના નિયમોમાં ૨૫૯ લખ્યું છે. તે છતાં જ્યારે લાહોરની સરકાર તેમના પર અનેક જાતના જુલ્મો ગૂજારે છે ત્યારે તેમને વિરોધ દર્શાવવા ખાતર ઉપવાસ કરવો પડયો છે. આ ભાઇઓને જોઈતાં પેપરો વાંચવા મળતા નથી, તેમને મુલાકાત માટે પણ અડચણો નડે છે, પોતાના વકીલોને પણ સ્હેલાઇથી મળી શકાતું નથી.

ઉપવાસ કરતા કેદીઓને નાક અગર મ્હોંમા રબરની નળી ઘાલીને પ્રવાહી ખોરાક જોરજુલ્મીથી આપવામા આવે છે. ઇચ્છાની વિરૂદ્ધ અને બળજોરીથી ખોરાક આપતા તેમને અનેક જાતના ત્રાસ થાય છે. ખોરાક ઓછો જવાને લીધે અંતે મરણ તો પામવાના છે. આવા સંજોગોમા સરકારે શું કરવું જોઇએ એ પ્રશ્ન ખડો થાય છે. સરકાર તો "પ્રતિષ્ઠા"ના મંત્રો પર જીવન ગાળે છે. તેમણે પ્રતિષ્ઠાનું પૂછડું પકડયું છે તે છોડવું જોઇએ. આ ત્રણે ભાઇઓને યોગ્ય સગવડો કરી આપવી જોઇએ. તેમ નહિ થાય તો બીજા દેશોમા અનેક દેશપ્રેમી માણસોએ પ્રાણ આપ્યો છે તેમ આ ભાઈઓ આપશે અને જેવી રીતે આયર્લેંડના મેકસ્વીનીના મોતથી પ્રજામત કકળી ઊઠયો હતો અને પ્રજાનો સંકલ્પ વધારે મજબુત થયો હતો તેમ હિંદી પ્રજાનો સંકલ્પ વધારે જોરવાળો થશે. દરેક બલિદાનને લીધે હજાર જુવાનો લડતમા ઝપલાવશે એટલે એકંદરે તો સરકારને ભારે ખમવાનું છે.

પણ કોઈ વિદેશી સરકાર આવા પ્રસંગે સમજે છે ખરી? આપણા જુવાન ભાઇઓ પોતાનું કર્ત્તવ્ય સમજતા થઈ જાય એવી આશા રાખીએ છીએ. હિંદી સરકાર મોટી મોટી ગભરાયલી જણાય છે અને હવે એક જાહેરાત (૨૦-૮-૨૯) પ્રગટ કરે છે. તેમાં અનેક જાતની ગોળ ગોળ વાતો કરીને પછી પ્રજાને જાહેર કરે છે કે જેલને લગતા નિયમો ૧૯૨૨માં થયા હતા તેથી હવે ફરી તપાસ થવાની જરૂર છે. બધી પ્રાંતિક સરકારો સત્વરે આવા ફેરફાર સૂચવે એવી માગણી કરી છે. પ્રજામતથી ગભરાઇને હિંદી સરકાર આટલું પણ કરવાને તૈયાર થઈ છે તેથી અમે ખુશી દર્શાવીએ છીએ. જે થોડા હિંદીઓ એમ માનતા હોય કે આપણી પ્રજાને અન્યાય થતો હોય તે વખતે સરઘસો અને સભાઓ કરવામા અર્થ નથી તેવા લોકો પ્રજાકીય મત દર્શાવવાના ફાયદા જોઇ શકશે, અને તે છતાં આપણે જાણીએ છીએ કે જે કારણોને લઇને આવા ભલા ભાઇઓને કેદ સહન કરવી પડે છે તે રાજ્યતંત્ર બદલવું એ જ આપણો ધર્મ છે. ભગતસિંહ અને દત્તે ખરેખર આપણી પ્રજાને જગાડી છે અને માંહોમાંહે લડવાને બદલે, નાના ઝઘડાઓમાં શક્તિ ખર્ચી નાખવાને બદલે, સ્વતંત્રતા મેળવવા આજીજી કરી છે. તે નિષ્ફળ નહિ જાય એવું અમે માનીએ છીએ.

ગુ. મ.

* * *

ઈજીપ્ત સાથે સમાધાની

બ્રિટિશ સરકારે ઇજીપ્તને સ્વતંત્રતા આપવાનો વિચાર ૧૯૨૨ ની સાલમા કર્યો ત્યારે ચાર મહત્ત્વના પ્રશ્નો બાકી રાખ્યા હતા:-(૧) સુદાનની વ્યવસ્થા; (૨) ઇજીપ્તમાં વસેલા પરદેશી લોકો તથા લઘુ સંખ્યાક પ્રજાઓનાં સંરક્ષણ માટે વ્યવસ્થા; (૩) ઇજીપ્તના લશ્કરી સંરક્ષણ માટે વ્યવસ્થા; અને (૪) બ્રિટિશ સામ્રાજ્યના માર્ગોનું સંરક્ષણ. આ ચારે પ્રશ્નોમા હજી બ્રિટિશ સરકારે બહુ મચક આપી નથી તે છતાં જે કોલકરાર કરવાની ઇચ્છા દર્શાવી છે તે ફેંકી દેવા જેવી નથી. અને આટલી સૂચનાથી બ્રિટિશ સ્થિતિચૂસ્ત પક્ષમાં હોહાકાર થઈ રહ્યો છે. સમાધાનીની

૧૬ કલમોમાંથી કેટલીક મહત્ત્વની નીચે પ્રમાણે છેઃ (૧) ઇજીપ્તનો લશ્કરી કબ્જો બંધ થશે; (૨) ઇજીપ્ત હવેથી લીગ ઑફ્ નેશન્સમાં સ્વતંત્ર રીતે જશે; (૩) ઇજીપ્તમા રહેતા પરદેશીઓના રક્ષણની જવાબદારી સ્થાનિક સરકારને માથે રહેશે. લડાઈ જાગે તો બ્રિટન અને ઇજીપ્તે સપ રાખીને અરસ-પરસ મદદ કરવી, અને ઇજીપ્તે પોતાના બંદરો તથા વિમાનોના માર્ગ વિષે મદદ કરવી, (૪) જો ઇજીપ્તમા લશ્કરી તાલીમ આપવા માટે પરદેશી શિક્ષકોની જરૂર પડે તો માત્ર બ્રિટિશ રાખવા; (૫) સ્વેઝની નહેરના રક્ષણને માટે જે બ્રિટિશ લશ્કર રાખવુ પડશે તે નહેરની પાસે રહેશે, તે જગ્યાની રાજ્યસત્તા ઇજીપ્તની ગણાશે; (૬) ઇજીપ્ત સરકાર જો પરદેશીઓને પોતાની નોકરીમા રોકે તો તે સામાન્ય રીતે બ્રિટિશ હોવા જોઇએ; (૭) હાલમાં બીજી પરદેશી સરકારોને પોતાની પ્રજાને લગતા કેટલાક હક્કો છે તે જતા કરવાની સલાહ બ્રિટિશ સરકાર તે રાજ્યોને આપશે અને ઇજીપ્તની અદાલતોનો ઉપયોગ કરવાનું કહેશે અને એ દેશના કાયદાને કબૂલ કરે એવી વિનતી કરશે; (૮) બન્ને રાજ્યો અરસપરસ એલચી મોકલશે, પણ બ્રિટિશ એલચી જે કૈરોમાં જશે તેનું સ્થાન બીજા એલચીઓથી ઉચ્ચ ગણાશે; (૯) સુદાનને લગતી શરતોમા બન્ને પક્ષની સંમતિથી ફેરફાર થઇ શકશે

ઇજીપ્તના ઉદ્દામ પક્ષને ગળે આ શરતો જરૂર ઉતરશે નહિ તે છતાં એટલું કહેવાની આવશ્યકતા છે કે બ્રિટિશ સરકારે પોતાની સત્તા ઘણે અંશે ઓછી કરી નાંખી છે. તેમને એવી સત્તા હતી જ નહિ એવી દલીલ ઉદ્દામ પક્ષ રજુ કરે છે, પણ એ સત્તા અંગ્રેજોએ ઘણા યે વર્ષોથી ભોગવી છે અને આજે પણ ઇજીપ્તની પ્રજા લડાઇ લડીને એ સત્તા લઇ શકતી નથી. જે મધ્યમ વર્ગ છે તે આટલી સમાધાની સ્વીકારીને આગળ લડવાનું પસંદ કરશે. સરકારી નોકરીમા અને લશ્કરમા માત્ર બ્રિટિશ ઓફિસરો જ રાખવા જોઇએ (ઇજીપ્શિયન તો હોય જ) એટલે બ્રિટિશ સિવાયના યૂરોપિયન કે અમેરિકન ન હોય એ કલમ બહુ કડક છે, તે છતા ધીમે ધીમે એક પણ પરદેશી અમલદાર રાખવો જ ન પડે એમ વગર અડચણે થઈ શકે છે. આજે આર્થિક પ્રશ્નો અને ન્યાયના પ્રશ્નો વિષે સલાહકાર નીમવા પડે છે પણ થોડા સમય પછી તેની જરૂર જ નહિ રહે.

આપણો દેશ આટલી પણ સ્વતંત્રતા મેળવશે ત્યાર પહેલા કેટલા દુઃખો ભોગવવા પડશે, કેટલા બલિદાન આપવા પડશે, તે કોણ કહી શકે ? પણ દુઃખ અને બલિદાન, સ્વાર્થત્યાગ અને આત્મભોગ વિના કોઇ પણ વ્યક્તિ અગર કોઈ પણ પ્રજાનો ઉદ્ધાર થયો જ નથી. આપણા નવજુવાનો આ હકીકત પૂરેપૂરી સમજી જાય એવું ઇચ્છીએ છીએ.

સુ. મ.

* *

સરકાર અને મૂડીદાર

સરકાર અને મૂડીદાર એ બન્ને વિચિત્ર પ્રાણીઓ છે. સરકાર એ પણ મૂડીદાર સંસ્થા છે અને મૂડીદારો પોતાના હાથમા સત્તા કબજે કરવાના પ્રયત્નો કરે છે. આ બન્ને સત્તાઓના પ્રતાપને લીધે દેશની સ્થિતિ કેવી થઇ છે તેનો ખ્યાલ નીચે આપ્યો છેઃ—

(૧) બગાળામાં શણની મિલોમાં હડતાલ પડી છે તેને લીધે આશરે પોણા બે લાખ માણસો બેકાર થયા છે. સદ્‌ભાગ્યે તેમનું સંગઠન કરવાને અને પીઠ થાપડવા માટે કલ્કી અવતાર જેવી કુમારી પ્રભાવતી દાસગુપ્ત ઘૂમી રહી છે.

(૨) મુબાઈની હડતાલે કરોડો રૂપિયાનું નુકસાન મિલમાલેકો, શેરહોલ્ડરો, મજૂરો, મિલમાં ગૂંપાયેલા બીજા માણસોને કર્યું છે. તે ઉપરાત હવે મુબઇની સરકાર કાળા કાયદા કર્યે જાય છે.

(૩) મીરતમાં દેશના જુવાન ઉત્સાહી ભાઇઓને ગોંધીને તેમના પર લાખો રૂપિયાના ખર્ચે કેસ ચાલે છે.

(૪) લાહોરમા ધરપકડ અને દમદાટી પ્રવૃત્તિ કરી રહ્યા છે. ત્યાના આગેવાનોને મહાસભાના કામમા નડવા માટે પ્રયત્ન થાય છે એમ મનાય છે.

(૫) બંગાળામા રામાનંદ ચેટરજી જેવા પત્રકારને સજા કરવામા આવી છે. આંધ્રના અન્નપૂર્ણૈયા, મહારાષ્ટ્રના ખાડીલકર. મદ્રાસમાં પણ દમદાટી ચાલી રહી છે.

રેલ્વેના કામદારોને પણ સંતોષનું કારણ નથી. મુબઇની હડતાલથી આશરે ૭૦ લાખ રૂપિયાનું નુકસાન ૨૦ મિલમાલેકોને થયું હતું. જો આ નુકસાનીનો થોડો ભાગ મિલમજૂરોને આપો હોત તો કંકાસનું મ્હોડું કાળું થાત અને બધું આલમ ખુશી આનન્દથી રહી શકત. પણ મિલમાલેકો પણ 'પ્રતિષ્ઠા'ના ભૂતને માટે સખત થવા જાય છે. આ ભૂતને મારી નાખ્યા વિના છૂટકો નથી.

સ્. મ.

***

લગ્નવય અને સંમતિવય

લગ્નવય અને સંમતિવયને લગતા કાયદામાં વિશેષ ફેરફાર કરવાની જરૂર છે કે કેમ તેનો નિર્ણય તથા તપાસ કરવા માટે એક સમિતિ ગયે વર્ષે નીમાઇ હતી. ઉદાર વિચારના તેમજ રૂઢિચુસ્ત નાગરિકોની લેખિત તેમજ મૌખિક તપાસ કર્યા પછી તેમણે જે ભલામણો કરી છે તે જાણવા જેવી હોઇ અમે નીચે ટાંકીએ છીએ:—

કેટલીક ભલામણો

(૧) બાળલગ્નને નાબૂદ કરવા અને તેનો સાર્વત્રિક અસરકારક અમલ કરાવવા, કન્યા માટે લગ્નની ઉમર ઓછામાં ઓછી ૧૪ વર્ષની રાખવામા આવે છે.

(૨) લગ્નગ્રન્થિથી બંધાયેલાં સ્ત્રીપુરુષોમાં, પંદર વર્ષની નાની વયની પત્ની સાથે પતિ શારીરિક સંબંધ નહિ બાંધી શકે. પત્નીની સંમતિવય ઓછામાં ઓછી ૧૫ વર્ષની જોઇએ જ.

(૩) પંદર વર્ષની અંદરની પોતાની સ્ત્રી સાથે શારીરિક સંબંધ બાધવો એ ગુન્હો લેખાશે. અને તેમ કરનારને ઈ. પી. કો. ના ૨૦ માં પ્રકરણની કલમો અનુમાર ગુન્હેગાર ગણવામાં આવશે.

(૪) આવા ગુન્હાઓને 'લગ્નજીવનની ગેરવર્તણૂક' તરીકે ઓળખવામા આવશે.

(૫) ૧૮ વર્ષની અંદરની અવિવાહીત અથવા અપરિણીત સ્ત્રી સાથે શારીરિક સંબંધ બાધવો એ ગુન્હો ગણાશે. અપરિણીત સ્ત્રીને સંમતિવય ઓછામાં ઓછી ૧૮ વર્ષની જોઇશે.

(૬) કલમ ૧ માં બતાવ્યા મુજબ ૧૪ વર્ષની અંદરની કન્યાના લગ્ન કરવા માટે બન્ને પક્ષોને ક્રો. પ્રો. કોડની કલમ ૧૨૨, ૧૨૬, ૧૨૬ અ અને ૪૦૬ મુજબ જેલ અને દંડની સજા થશે.

(૭) કલમ ૨ માં બતાવ્યા મુજબ, ૧૨ વર્ષની અંદરની પોતાની સ્ત્રી સાથે શારીરિક સંબંધ બાંધવાનો ગુન્હો કરનારને દસ વર્ષની સખ્ત કેદની સજા અને તે ઉપરાંત દંડ થશે. ૧૨ અને ૧૫ વર્ષ વચ્ચેની પત્ની સાથે શારીરિક સંબંધ બાધવાના ગુન્હા બદલ સખ્ત અથવા સાદી એક વર્ષની કેદની સજા અને દંડ થશે.

(૮) લગ્નજીવનની ગેરવર્તણૂકના કિસ્સામાં નાની ઉમરની પત્ની ૧૫ વર્ષની થતાં સુધી તેના ધણીએ અગર ધણીના વાલીએ તે

બાઇના સ્વતંત્ર આવાસની, ખાનપાનની વગેરે સગવડ કરી આપવી પડશે.

(૯) ૧૫ વર્ષની અંદરની કન્યા સાથે લગ્ન થયા હશે, તો ફરિયાદ થતાં, કોર્ટ એ બાઇની સોંપણી કોઇ આબરૂદાર માણસ યા જાહેર સંસ્થાને કરશે, પછી કોર્ટ અવારનવાર એ બાઇના વિકાસ, રહેણી કરણી વગેરેથી વાકેફ રહેશે. એ સમ્બન્ધની હકીકતો પૂરી પાડવાની જવાબદારી એ બાઈ ને સંરક્ષણમાં લેનાર સંસ્થા યા વ્યક્તિને શિર રહેશે.

(૧૦) આવી બાળાઓને રક્ષણ આપનાર સંસ્થાઓને ઉચિત મદદ, ઉત્તેજન વગેરે આપવું જોઇએ.

(૧૧) આવા ગુન્હાઓની તપાસ અર્થે સ્ત્રી–પોલીસની સ્થાપના થવી જોઇએ. અને સ્ત્રીઓની તપાસ આ પોલીસ મારફત સ્ત્રી ડૉકટરો દ્વારા થવી જોઇએ. અને જ્યા સ્ત્રી પોલીસ નહિ હોય ત્યા એ કાર્ય આબરૂદાર સ્ત્રીઓને સોંપવામા આવશે.

(૧૨) આ કાયદો અમલમા મૂકાયે, કોઇ પણ માણસ હિન્દુ કાયદા પ્રમાણે ૧૫ વર્ષની અંદરની પોતાની સ્ત્રી સામે લગ્નહક્કના ભોગવટા માટે ફરિયાદ નહિ કરી શકે.

આ ઉપરાત બાળકોના જન્મની તથા લગ્નો વિષે પૂરી નોંધ સરકારના દફતરમા રહેશે જો આ સૂચનાઓનો સ્વીકાર થાય તો જરૂર આપણે એક મોટું પગલું આગળ વધીશું. પછાત પડેલી સડેલી પ્રજાને કાયદાનું રક્ષણ લેવું પડે છે એમ માનીએ છીએ.

સુ. મ.

* * *

ભાવનગરમાં બાળલગ્નનો કાયદો

ભાવનગર રાજ્યમાં પણ બાળલગ્ન પ્રતિબંધક ધારો કરવા માટે દરબાર તરફથી ખરડો રજુ થયો છે અને તેમા કન્યાઓને માટે ૧૪ અને પુરુષ માટે ૧૮ વર્ષ પૂરાં થયાં હોય તો જ લગ્ન થઇ શકે એવી કલમ છે. આવા કાયદાનો ભંગ થતા અટકાવવા માટે સખ્ત દંડ અને કેદની સજા કરવાની આવશ્યકતા છે. વડોદરા રાજ્યને આ બાબતમાં ઘણો કડવો અનુભવ થયો છે. એટલું પણ જરૂરનું છે કે સરકારે તેમજ સમાજે આ પ્રશ્ન વિષે ઘણી જાહેરાત કરીને પ્રજામત કેળવ્યા જ કરવો જોઈએ. પછાત પ્રજાને નુકસાન ન થાય એ સંભાળવાનું છે. ભાવનગરમા આ કાયદાનો ખરડો પ્રગટ થયો ત્યાર પછી ત્યાના સમસ્ત શહેરીઓ, સન્નારીઓ, પ્રજા પરિષદ, તથા કેટલીક સંસ્થાઓએ ખૂબ આવકાર આપ્યો છે. થોડા સ્થિતિચૂસ્ત માણસોએ વિરોધ પણ કર્યો છે પણ પ્રજાનો મોટો ભાગ આવા પ્રતિબંધની તરફેણમા છે. આપણે આશા રાખીશું કે એ કાયદો સત્વરે પસાર થાય.

સુ. મ.

* * *

વડોદરામાં બાળલગ્ન પ્રતિબંધક કાયદો

વડોદરા રાજ્યમા બાળલગ્નનો કાયદો પ્રતિબધ કરવા માટે ઘણા વર્ષોથી થયો છે અને હાલમા તેમાં જે ફેરફાર થયો તેમાં અનેક સુધારા દાખલ કરવામા આવ્યા છે. પણ આજ સુધી એ કાયદાનો ભગ થાય ત્યારે જુજ કે ભારે દડ કરવામા આવતો હતો અને તેથી રૂઢીચૂસ્ત માબાપો ખુશીથી તેવો દંડ ભરીને બાળલગ્ન કરતાં હતાં.

હાલમા એક મહત્ત્વનો સુધારો એવો દાખલ થયો છે કે જો આઠ વર્ષની અંદર લગ્ન કરવામા આવે તો તેને ગેરકાયદેસર ગણવું એટલે આઠ વર્ષની અંદરનાં લગ્નો કેવળ ફોક થઈ જશે. આ મહત્ત્વના પ્રશ્ન વિષે સરકારે જે જાહેરાત કરવા માંડી છે તેનો થોડો ભાગ નીચે આપ્યો છે. કેટલાક પત્રકારોએ પૂરું

સમજ્યા વિના એવી ટીકા કરી છે કે આજના જમાનામાં વડોદરા રાજ્યે લગ્નની ઉમર આઠ શા માટે રાખી ? કન્યાઓને માટે બાર વર્ષની મર્યાદા હતી તે પણ હવે વધારી ચૌદની રાખવામાં આવી છે; પણ કાયદાના સખત અમલને માટે હવે આઠ વર્ષની અંદરનાં લગ્નો નિરર્થક ગણાશે.

"થયેલા સુધારાથી મહત્વનો ફેરફાર એવો થયેલો છે કે, જે લગ્નમાં લગ્ન વખતે વધૂની કે વરની ઉમરના આઠ વર્ષ પૂરાં થયેલાં ન હોય, અને તે માટે ન્યાયાધીશની પરવાનગી મેળવેલી ન હોય, તેવું લગ્ન કરવામાં આવે તો તે ગેરકાયદેસર અને નિરર્થક ઠરાવેલુ છે, અને તેવું બાળલગ્ન કરનારને તથા મદદગારી કરનારને દંડ સાથે અથવા દંડ વગર એક માસની આસાન કેદની શિક્ષા થઇ શકે છે.

"આવુ લગ્ન નિરર્થક ઠરાવેલુ હોવાથી તેના લગ્નની વધૂને વહુ તરીકેના તથા તેમના સંતાનોને કાયદેસર સતાનો તરીકેના, હકકો પ્રાપ્ત થવામા હરકત આવવા સંભવ છે. આ કાયદો રાજ્યની તમામ પ્રજાને લાગુ છે. તેથી આ ચેતવણી આપવામા આવે છે કે કોઈપણ સખસે આઠ વર્ષ પૂરા થયા ન હોય એવા છોકરા કે છોકરીનું લગ્ન ન્યાયાધીશની પરવાનગી વગર સદરહુ તારીખે કે તે પછી કરવું નહિ, અને જો કરવામા આવશે તો ઉપર જણાવેલા ગંભીર પરિણામો ભોગવવાનો પ્રસંગ આવશે."

આ બધી હિલચાલ પરથી એટલું સ્પષ્ટ થાય છે કે લગ્નની વયને વિષે પ્રજામત ઠીક બદલાયો છે અને ધીમે ધીમે કોઇ પણ કન્યા ૧૮ વર્ષ પહેલાં અને યુવાન ૨૩ વર્ષ પહેલાં ન પરણે એવી સમજૂત કેલાઈ રહી છે. માનસિક કેળવણી અને શારીરિક ખીલવણીને માટે અત્યંત આવશ્યક છે કે સ્ત્રી પુરુષે ૧૮ વર્ષ સુધી માત્ર શરીર, અને મન ખીલવવામાં ગાળવાં જોઇએ અને ધંધાને માટે યોગ્ય કેળવણી અથવા તાલીમને માટે પુરુષે ૪-૫ વર્ષ ગાળવા જોઇએ. જ્યાં બાળલગ્ન થાય છે ત્યાં યુવાનો ભર્યું પુરુષાર્થ બતાવે એ બનવા જેવું નથી, અને પુરુષાર્થ માટે જાન આપવો પડે તો એક નાની વિધવા સમાજને માથે પડે છે. આજના ક્રાંતિયુગમા યુવાનો અને યુવતીઓ જેટલાં ઓછાં પરણે તેમ સારુ એમ અમે તો માનીએ છીએ. પણ જનસમાજ તેવો સિદ્ધાંત સ્વીકારવાને તૈયાર ન હોય. બાળલગ્ન અવશ્ય રોકવા જોઇએ. જે કાયદો ભાવનગર કે વડોદરામાં થાય તેવો જામનગર, રાજકોટ, વાંસદા, રાજપીપળા, વગેરે ગુજરાતનાં બીજાં દેશી રાજ્યોમાં શા માટે ન થવો જોઇએ ? સરકાર જો પહેલ ન કરે તો દરેક રાજ્યના યુવાનોએ આ પ્રશ્ન હાથમા લઈ રાજ્યોને હલાવવાં એવી અમારી સૂચના છે.

સુ. મ.

***

મુંબઈ ખેડૂત સંઘ

બારડોલીની લડત પૂરી થવા આવી હતી એટલામા મુંબઈ ઇલાકાના બીજા તાલુકાઓમાં જ્યા જમીન મહેસુલમાં વધારો કરવામાં આવ્યો હતો ત્યાં પણ ફેરતપાસની માગણીઓ આગ્રહપૂર્વક થવા માંડી. બ્રુમફીલ્ડ સમિતિનું નિવેદન પ્રગટ થયું ત્યાર પછી આખા ખેડૂત આલમમા નવું ચેતન આવ્યું અને ઠેરઠેર સત્યાગ્રહો કરવાના મોરચા બંધાયા. આ વિશાળ ચળવળથી ગભરાઇ જઇને સરકારે ધારાસભામાં કાયદાના સુધારા રજુ કરવાનું આડકરી વચન આપ્યું છે. પણ તે વખતે અને અન્ય પ્રસંગે જે ભાષણો અમલદારોએ કર્યાં તેના પરથી અનુમાન કરી શકાય છે કે તેમની બાજુ, હંમેશની માફક, ઉત્સાહને મંદ પાડી દેવાની અને અંતે પ્રજામાં ફાટફૂટ

ફેરાવીને થોડા ફેરફારથી જૂના કાયદા કરાવી લેવાની હોય છે.

પણ શ્રી વલ્લભભાઈની આગેવાની નીચે જે ખેડૂત સંઘની સ્થાપના થઈ છે તે એમ છેતરાશે નહિ. આ સંઘના કારોબારી મંડળે જે ઠરાવો તથા સિદ્ધાંતો સ્વીકાર્યા છે તે ઘણાં મહત્ત્વનાં હોઇ નીચે ટાંક્યાં છે:—

(૧) જમીનની માલેકી રાજ્યની નહિ પરંતુ જમીનદાર કે ખાતેદારની છે, પછી તે પોતે ખેડતો હોય કે ગણોતીઆ પાસે ખેડાવતો હોય.

(૨) જમીન મહેસુલ એ વેરો છે, ગણોત નહિ, તેથી જમીનમાથી મળેલા ચોકખા નફાના ટકા ઉપર તે લેવાવો જોઇએ.

(૩) ખેતી પાછળ થતા ખર્ચ જેવા કે મજૂરી, ઢોરની ખોરાકી વગેરે બાદ કરીને જમીનદાર પાસે જે આવક બાકી રહે તે ચોકખો નફો.

(૪) રૈયતવારી પ્રાંતમાં ગણોત ઉપર જણાવ્યા પ્રમાણે ચોકખી આવક ઉપર નથી હોતુ તેથી એક ગામના કે ગામોના જથ્થાના ચોક્કસ કે સરાસરી આકડા ઉપર આધાર રાખવો નહિ.

(૫) મૂળ કે સુધરેલી બધી આંકણીઓ ધારાસભાના કાણુમા હોવી જોઇએ.

(૬) મહેસુલ આકણી સંબંધમાં બધી વિગતો કે આંકડા મેળવતી વખતે પ્રજાના પ્રતિનિધિઓને છેવટ સુધી સાથે રાખવા અને આંકણીને લગતા કાગળીઆ સંબંધમા પૂરતી માહિતી કે જાહેરાત આપવી.

(૭) ઘી અને દૂધના વેચાણમાંથી કે બીજા ગૃહઉદ્યોગ જેવા પેટા ધંધાથી થતી આવક જમીન મહેસુલ નક્કી કરવા માટે જમીનના ચોકખા નફાની ગણત્રીમા સમાવવી નહિ.

આ નિયમો જાહેર કરવા માટે પગલા લેવા અને તે મુજબના કાયદાની લડત સાર લોકોને જાગ્રત કરવા. ખેડૂતો અને ગણોતીઆ વચ્ચેનો સંબંધ નક્કી કરવા એક પેટા સમિતિ નીમવી."

જો આપણે મુંબઇ ઇલાકાના ૧૧૮ તાલુકાઓમા ખરેખરી જાગૃતિ આણીએ તો સરકારની સાથે લડવું ઘણું સ્હેલ છે.

શ્રી. વલ્લભભાઇએ પૂનામાં ભાષણ કર્યું હતું તેમાં આપણા આજના કેટલાક દેશનેતાઓને ચૂંક આવે એવું કહ્યું હતુ. "શહેરીઓના સ્વરાજ્યમા મોટા મોટા પગાર હોય છે, પણ ખેડૂતોએ કલ્પેલા સ્વરાજ્યમા એવા મોટા પગારો મળવાના નથી." જો એવુ થાય તો આજના ઘણા મિનિસ્ટરો દેશસેવામાથી માફી માગી લેશે. આજ રુશિયામા, જાપાનમા, અને બીજા અનેક દેશોમા પ્રધાનોને ચાર પાચ હજાર રૂપિયાના પગારો મળતા નથી. શ્રી. વલ્લભભાઇ તો માત્ર ૩૦-૪૦ રૂપિયા આપવાનું કહે છે, અને વધારેમા વધારે રૂ. ૧૦૦.

હવે ધારાસભા વગેરેની વાતોને રજા આપીને આપણા દેશસેવકોએ સાત લાખ ગામડાને તૈયાર કરવાના છે. સાત લાખ કાર્યકર્તાનું લશ્કર ભેગું કરવાનું છે. શહેરમા કામ કરનારા ઘણા મળશે પણ ગામડાઓમાં લોકોને રસ નથી પડતો. તેનું કારણ એવું છે કે આજ સુધી આપણે લડતનું સ્વરૂપ બરાબર સમજતા નહોતા. હવે બારડોલીની ફત્તેહ અને ખેડૂતસંઘની સ્થાપનાથી આપણી લડતની વ્યૂહરચના સ્પષ્ટ થઇ છે. ગુજરાતના નવજુવાનો એક બે વર્ષને માટે "યાહોમ" કરીને આ કામ ઉપાડી લે એવી અમારી ઉમેદ છે.

સૂ. મ.

***

મીઠું

હિંદને આટલો મોટો દરિયાકાંઠો હોવા છતાં મીઠું પરદેશી વાપરવું પડે છે. છેલ્લા

પચાસ વરસથી હિંદને આ બાબતમાં સ્વતંત્ર કરવા લોકમત વારંવાર પ્રશ્ન ઉઠાવે છે પણ એક કે બીજે બહાને તેના પર ધ્યાન અપાતુ નથી. ૧૯૨૬ મા કર તપાસણી સમિતિએ આ વિષયમા તપાસ થવા ટરીફ બોર્ડને આ પ્રશ્ન સોંપવાનું સૂચવ્યું હતુ, પણ તે તેને સોંપવાને બદલે રેવન્યૂની સેંટ્રલ બોર્ડને સોંપાયો જેણે ઠરાવ્યુ કે આ પ્રશ્ન ટરીફ બોર્ડ આગળ મૂકવાને પ્રથમ દર્શને કાઇ કારણ નથી. હિંદુસ્તાનની સરકારે આ મત તરત સ્વીકારી લીધો. પણ લેજિસ્લેટિવ એસેમ્બ્લીમા મિ. કેલકરે આ સબધી ઠરાવ આણ્યો અને તે પસાર થયો તે પછી સરકારનુ આ તરફ ફરી ધ્યાન ગયુ છે.

હવે સરકાર પક્ષથી સ્વીકારાયુ છે કે આ વેપારને સરક્ષણની જરૂર છે. હિંદમા કુલ ખપતનું લગભગ ૩૧ ટકા મીઠું પરદેશથી આવે છે અને તે પૈકી ૪ ટકા જેટલું ઇગ્લંડથી આવે છે એટલે આમા ઇગ્લંડને ખાસ બહુ હાનિ નથી બંગાળાના લોકો સ્વદેશી મીઠું નહિ પસંદ કરે એમ કહેવાતું હતુ તે ખોટુ પડ્યુ છે કારણ કે ગઈ સાલ ઓખામંડળનુ ૩૪૦૦૦ બંગાળી મણ મીઠું ત્યા ખપ્યું હતું.

હજી પણ ટરીફ બોર્ડને જે પ્રશ્ન પૂછ્યો છે તે એ છે કે આહીંની બજારને માટે હિંદમા મીઠું પકવવું તે દેશહિતને અનુકૂળ છે કે નહિ ? કેટલો વિચિત્ર પ્રશ્ન ? હજી તો સરકારને આની ખાત્રી નથી થઇ ! દેશહિતને માટે ખરા પ્રશ્નો તો એ છે કે મીઠાના પાક કયા કયા કરવા, મોટા પાયા પર સારું ચોખ્ખું મીઠું કેમ પકવવુ, અને લોકોને તે સોઘું પરવડે એટલા માટે રેલ્વેના દરોમા શો ફેરફાર કરવો ? બધા દેશોમા હિંદમા જ મીઠા જેવી વસ્તુ ઉપર આવો કર છે, અને હિંદ જ બધા દેશો કરતાં સૌથી ઓછું મીઠું વાપરે છે. હજી પણ મીઠાનો દર જરા પણ ઘટતાં તેની ખપત એકદમ વધે છે જે એમ બતાવે છે કે આ ગરીબ દેશને મીઠા જેવી નિત્ય વપરાશની વસ્તુમાં પણ કરકસર કરવી પડે છે. અને માટે મીઠું સસ્તું કરવાનો અને દેશને માટે જોઇતી તેની સર્વ પેદાશ દેશમાંજ કરવાનો એક એક ઉપાય કરવો જોઇએ.

***

ધમકી બિલ :

મુબઇની ધારાસભામાં ધમકીનો ગુન્હો કૉગ્નીઝેબલ કરવાને બિલ રજૂ થયુ છે અને મૂઠી પક્ષ સરકાર સાથે આ બાબતમાં ભળી જતાં તેની એક પછી એક વાચના પસાર થતી જાય છે. અત્યારે ધમકીનો ગુન્હો કૉગ્નીઝેબલ નથી એટલે કે મેજિસ્ટ્રેટના હુકમ વિના આ ગુન્હા માટે પોલિસ ગુન્હેગારને કેદ કરી શકતો નહિ. હવે ચાલુ મિલોની હડતાલમા ઘણા મજૂરો ધમકીથી કામ પર નથી ચઢી શકતા એવા સબબે પોલિસ એવા ગુન્હા માટે તરત પગલા લઇ શકે માટે તે ગુન્હાને કૉગ્નીઝેબલ કરવાનુ આ બિલ છે. સ્વરાજ પક્ષના નેતાઓએ આની સામે ઘણો વિરોધ કર્યો છે છતા મિલમાલેકોએ પણ તેને ટેકો આપેલ હોવાથી વિરોધનું બળ ઓછું થયેલું છે. અત્યારે મિલમાલેકો માત્ર મિલો ચલાવવાના તાત્કાલિક લાભ સામુ જોઇને આ બિલ પસાર કરાવવાનું કરે છે પણ સરકારના હાથમાં આવું હથિયાર મૂકવું કોઇ રીતે વાજબી નથી. સરકારની ધારણા જ્યાં જ્યાં નિષ્ફળ જાય છે ત્યાં ત્યાં તે હમેશાં લોકોને ધમકી આપ્યાનું બહાનું જ આગળ ધરે છે. બારડોલીમા રૈયત જમીન મહેસુલ નહોતી આપતી ત્યારે પણ સરકાર પોતાનો પક્ષ ખરો કરવા થોડા માણસોની ધમકીને લીધે જ કર નથી આપતી એમ મનાવવા માગતી હતી. કાલ સવારે આવો જ પ્રસંગ મુબઈમાં ઊભો થાય તો સરકાર ધમકીનું જ બહાનું કાઢીને અનેકને

પોતાની ઇચ્છા મુજબ જેલમાં મોકલી શકે. અલબત આ બિલ અમૂક ગંભીર પ્રસગે જ અમલમા આવશે પણ પ્રસગની ગંભીરતા સરકારને લાગે તે સાચી, અને ગમે તે પ્રસંગને ગંભીર કરવો સરકારના હાથમા છે. વળી ધમકી માત્ર મોજુબાનીથી સાબીત થઈ શકતી હોવાથી તેને માટે કશા મુદ્દામાલની કે લેખી કાગળોની જરૂર ન હોવાથી, ઉદ્યોગી પોલિસ ગમે તે વખતે આવા કેસો કરી શકશે એમાં ઝાઝી શંકાને અવકાશ રહેતો નથી. મિલમાલેકોએ આખા દેશની દૃષ્ટિએ આ બિલને વિચારી તેની સામે વિરોધ કરવો જોઈએ.

રા.

* *

લોકમાન્યની સંવત્સરી

લોકમાન્યની પુણ્યતિથિ પ્હેલી ઑગસ્ટે પાળી. તે જ દિવસ અસહકારના જન્મદિવસ તરીકે, રાષ્ટ્રમા નવીન પ્રેરણાના પ્રસ્થાન તરીકે યાદ આવે છે. આવા પ્રસંગોના સ્મરણો આપણા ચિત્તના વિવિધ મળને દૂર કરી શુદ્ધ બનાવે છે માટે તેમને પૂર્વે આપણે પુણ્ય વિશેષણ મૂકીએ છીએ.

લોકમાન્ય આપણા રાષ્ટ્રીય જીવનના પુનરુદ્ધારના પ્રથમ બળ તરીકે આપણને યાદ રહે છે. જાણે એ બળનું સાતત્ય ઘડીભર પણ ન અટકે એમ એના અનુસંધાનમા લોકમાન્ય નામનું બળ પુનર્જન્મ લે છે. કુદરતમા રહેલા ફેરફારનો—જેને દાર્શનિકો પરિણામવાદથી સૂચવે છે—તેનો એક એ નિયમ છે કે મૂળ સ્વભાવ કાયમ રાખી સમયોચિત રૂપાન્તર લઇ લેવું—આ જીવનનો જ નિયમ છે. જે શુદ્ધ રાષ્ટ્રભક્તિ અને તેને અર્થે અનુપમ ત્યાગ લોકમાન્ય ટિળકના જીવનમા પ્રતીત થતાં હતા તેને સર્વસાધારણ બનાવવા એ નવીન અવતાર પ્રયત્ન કરતો હતો.

લોકમાન્યની પુણ્યતિથિ પ્રસંગે અનેક સ્થાને લોકોએ મળી તેમને યાદ કર્યા હશે. 'નવજીવન'માં જણાવ્યા પ્રમાણે ગૂજરાત મહાવિદ્યાલયમા પણ વિદ્યાર્થીઓએ પૂજ્ય ગાંધીજીના અધિષ્ઠાન નીચે એ પ્રસગે લોકમાન્યનું સ્મરણ કર્યું હતું. ગાધીજીએ એમની અદ્વિતીય શૈલીથી જે પ્રસંગોચિત કહ્યુ તે 'નવજીવન'માં તેમજ બીજા સાપ્તાહિકોમા આવ્યુ છે. આવા પ્રસગો તે તે મહાન પુરુષના અનુકરણયોગ્ય ગુણોનુ સ્મરણ કરી તે આપણા જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરી તેમને પૂજવા માટે છે. બધી સાચી પૂજા અને ભક્તિમા એ જ પરમ પ્રયોજન હોય છે. અને આવા સમયે દરેક વ્યક્તિ પોતાને અનુકરણયોગ્ય લાગે એ દૃષ્ટિથી તે મહાન પુરુષના જીવનને ઘટાવે એ યોગ્ય છે. તેથી લોકમાન્યના ગણાતા (તદ્દન ખોટી રીતે) '**शठं प्रति शाठ्यम्**' સૂત્ર વિષે વિદ્યાર્થીએ પૃછેલા પ્રશ્નના ઉત્તરમા ગાધીજીએ જે કહ્યુ તે તે બન્ને મહાન પુરુષનો યોગ્ય ખ્યાલ આપે એવુ હતું.

પણ આ પ્રસંગે ખૂંચે એવી એક બાબત વિદ્યાર્થીઓએ પોતાના વક્તવ્યોમા લોકમાન્યે આપેલા વિદ્યાના ભોગના ઉલ્લેખો હતા. આ વિષયનો ઉલ્લેખ અનેક વાર થાય છે તેથી તે વિચારવા યોગ્ય છે. લોકમાન્ય વ્હેવ્હાર માણસ હતા. અને તેથી પ્રત્યેક વ્હેવ્હારૂ માણસની જેમ પોતે જે પ્રવૃત્તિમા પડયા હોય તેને સફળ કરવા તે પ્રવૃત્તિને પ્રધાનપદ આપે અને બીજી પ્રવૃત્તિને ગૌણપદ આપે. આ રીતે લોકમાન્ય જ્યારે રાજકારણમા રચ્યાપચ્યા રહેતા ત્યારે વિદ્યાના વ્યસનને ગૌણ સ્થાન આપે એ તદ્દન સમજાય એવી બીના છે. પણ આમાં એ જાહેર જીવનને નામે ગ્રામ્યતા અને અજ્ઞાનમા અભિમાન લેતા આપણા રાજકારણી પુરુષોએ ધ્યાનમા રાખવા જેવું તો એ છે કે અતિ

વ્યવસાયી રાજકારણી જીવનમાં પણ પોતાના પ્રિય વિષયમાં up to date-છેવટમાં છેવટની માહિતી મેળવવા તે પ્રયત્ન કરતા. ગીતા વિષે છેવટમાં છેવટ શું શોધો થયા છે તે તેમને તમે રાજકારણી ભાષણની વચમાં પૂછો તો પણ તે કહી શકે એવા હતા.

બીજી દૃષ્ટિએ પણ આ મુદ્દો વિચારવા જેવો છે. લોકમાન્યે જાહેરજીવન શિક્ષક તરીકે તથા પત્રકાર તરીકે શરુ કર્યું એમનો પ્રથમ અભિલાષ વિદ્યા મારફત રાષ્ટ્રસેવા કરવાનો હતો. ડેક્કન એજ્યુકેશન સોસાયટીની સ્થાપના એમને આભારી છે. એ સોસાયટી-માંથી એમને જ્યારે છૂટા થવું પડ્યું ત્યારે જ એમણે રાજકારણી જીવન સીધી રીતે સ્વીકાર્યું એ પણ યાદ રાખવા જેવું છે. અને આશ્ચર્ય-કારક ઘટના તો એ છે કે અધ્યાપકનું કામ છોડ્યા પછી પણ તે ગમે તે પળે પોતાના વિષ-યના અધ્યાપક થઈ શકે તેટલી તેમની તૈયારી હતી ટૂંકામાં એમણે જાહેરજીવન વિદ્યાના ઉપાસક તરીકે શરુ કર્યું અને રાજકારણી-જીવનમાં પડ્યા પછી પણ એ ઉપાસના સતત ચાલુ રાખી. અધ્યાપકની વૃત્તિનો ત્યાગ તેમણે પરિસ્થિતિને લીધે જ કર્યો હતો એ કદી પણ ભૂલવા જેવું નથી. નહિ તો ગો. ભ. ગોખ-લેની જેમ અધ્યાપકના વીશ વર્ષ પૂરા કરીને જ તેઓ રાજકારણમાં આવત.

વિદ્યાર્થીઓ જ્યારે લોકમાન્યના વિદ્યા ત્યાગ વિષે વાત કરે ત્યારે તેમના જેટલું જ્ઞાન મેળવી એ વાત કરે એમાં ઔચિત્ય છે.

સ ર સ્વ તી ગ્ર ન્થ મા લા મા ટે ના

અભિપ્રાયો

ગૂજરાતમાં આજસુધીમા આરંભાયેલી અને અસ્તિત્વ ધરાવતી તમામ ગ્રન્થમાળાઓમાં, સાહિત્યના પ્રકાર અને સસ્તાપણામા કદાચ સૌને પાછળ મૂકી દેતી આ સરસ્વતી ગ્રન્થમાળાના પ્રથમ પુસ્તક તરીકે મહાદેવ દેસાઈનો કલમના પ્રસાદરૂપ 'વીર વલ્લભભાઇ' મળે છે . . . ઇચ્છીએ કે ગૂજરાત આ નવીન ગ્રન્થમાળાનો પૂરેપૂરો લાભ ઉઠાવશે

સૌરાષ્ટ્ર

આ ગ્રન્થમાળાની યોજના પણ આદરણીય છે. દોઢ રૂપિયામા આવા ૭૦૦ પૃષ્ટોના પુસ્તકો એક વર્ષમા આપવાની તેની યોજના છે . . . તે જોતા તેને સસ્તું સાહિત્ય ફેલાવવાની જ એક યોજના કહેવામા વાધો નથી.

પ્રજાબંધુ

પ્રસ્થાનની રૂા. ૧–૮–૦ મા વાર્ષિક બાર પુસ્તકો મેળવવાની યોજનાને પણ સૌ સત્કારશે એમ આશા રાખીએ છીએ.

પ્રતાપ

ગૂજરાતમાં સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય તરફથી સસ્તું સાહિત્ય બહાર પાડવામા આવ્યુ, ત્યારપછી નવજીવન પ્રકાશન મંદિર તરફથી તેથી પણ સસ્તુ સાહિત્ય બહાર પાડવામા આવ્યું; અને હવે પ્રસ્થાન કાર્યાલય તરફથી તેથી પણ સસ્તું સાહિત્ય બહાર પાડવામા આવે છે તે જોઈ કયા સાહિત્યપ્રેમીને આનંદ નહિ થાય?

નૂતન ગુજરાત

[સંપૂર્ણ યોજના વગેરે માટે લખો]

આ જે જ રૂ પિ યો દો ઢ મો ક લી ગ્રા હ ક થા ઓ.

બહાર પડેલાં પુસ્તકો

૧	વીર વલ્લભભાઈ	મહાદેવ દેસાઇ	કિં. ૦–૨ ૬	ટપ ૦–૦–૬
૨	રાજાજીની વાતો	ચક્રવર્તિ રાજગોપાલાચાર્ય	૦–૩–૦	૦–૦–૬
૩	અમેરિકાનું સ્વાતંત્ર્ય યુદ્ધ	જીવણલાલ દીવાન	૦–૪–૦	૦–૧–૦
૪	જાતકકથાસંગ્રહ ભા. ૧	ધર્માનંદ કોસમ્બી	૦–૩–૦	૦–૦–૬
૫–૬	ક્રાન્તિ	પીટર ક્રોપોટકિન	૦–૬–૦	૦–૧–૦
૭	ક્રાન્તિકારી લગ્ન :	જેકૉફ પ્રેલૂકર	૦–૩–૦	૦–૦–૬

પ્રસ્થાન કાર્યાલય : પારસી અગિયારી સામે : અમદાવાદ

મુંબાઈના એજન્ટ—સી. જમનાદાસની કુાં., પ્રિન્સેસ સ્ટ્રીટ.

ધિ યુનાઈટેડ ઇન્ડિયા લાઇફ એસ્યુરન્સ કું૦ લી૦

સ્થાપના ૧૯૦૬ —— હેડ ઓફિસ: મદ્રાસ

ચાલુ વીમા	રૂ.	૧,૨૫,૦૦,૦૦૦	થી વધારે
વીમાનું ટ્રસ્ટફંડ	રૂ.	૩૧,૦૦,૦૦૦	થી વધારે
વાર્ષિક આવક	રૂ.	૭,૦૦,૦૦૦	થી વધારે

ભંડોળની તદ્દન સલામત રોકાણ; વીમાના ઓછા દર; દાવાની ઝડપી પતાવટ; વીમાખત ધરાવનારાઓનો વહીવટમાં સીધો હાથ; દીલસોજ અને કાબેલ કારોબાર.

વધારામાં વાર્ષિક મોટો નફો

હયાતીના વીમા ઉપર રૂ. ૧૮; જીંદગીના વીમા ઉપર રૂ. ૨૨-૮-૦

એ યુનાઇટેડ ઇન્ડિયાનાં ખાસ આકર્ષણો છે.

વીમાની તથા એજન્સીની વધુ માહિતી માટે લખો:

સંઘવી એન્ડ કું.

ચીફ એજન્ટસ
રીચીરોડ,
અમદાવાદ

જોઇએ છે: ગુજરાત, કાઠિયાવાડ અને કચ્છમાં ગામેગામ તથા મોટાં શહેરોમાં લાગવગ ધરાવતા પ્રામાણિક સબ-એજન્ટો અને જનરલ-એજન્ટો: ઉદાર શરતોથી.

卐 પ્રસ્થાન 卐

ગાંધી મણિમહોત્સવાંક

પ્રસ્થાન કાર્યાલય · પારસી અગિયારી સામે

સિન્ધુને આરે

卐 પ્રસ્થાન 卐

ગાંધી મણિમહોત્સવાંક

પુસ્તક ૮ ભાદ્રપદ : ૧૯૮૫

सत्य-महिमा

युधिष्ठिर उवाच ।

सत्यं धर्मं प्रशंसन्ति विप्रर्षिपितृदेवताः ।
सत्यमिच्छाम्यहं ज्ञातुं तन्मे ब्रूहि पितामह ॥ १ ॥
सत्यं किंलक्षणं राजन्कथं वा तदवाप्यते ।
सत्यं प्राप्य भवेत्किं च कथं चैव तदुच्यताम् ॥ २ ॥

भीष्म उवाच ।

चातुर्वर्ण्यस्य धर्माणां संकरो न प्रशस्यते ।
धर्मः साधारणः सत्यं सर्ववर्णेषु भारत ॥ ३ ॥

યુધિષ્ઠિર કહેતા હવા :

વિપ્ર ઋષિ પિતૃ અને દેવતાઓ સત્ય ધર્મની પ્રશંસા કરે છે. હું સત્યને જાણવા ઇચ્છું છું તે, હે પિતામહ ! મને કહો. (૧) હે રાજન ! સત્યનું લક્ષણ શું છે, તે કેવી રીતે પમાય છે, સત્ય પામવાથી શું થાય છે અને કેવી રીતે થાય છે તે કહો.(૨)

ભીષ્મ કહેતા હવા :

ચાર વર્ણોના ધર્મોની સેળભેળ વખણાતી નથી. [પણ] હે ભારત ! સત્ય એ સર્વ વર્ણોનો સાધારણ ધર્મ છે.(૩)

सत्यं सत्सु सदा धर्मः सत्यं धर्मः सनातनः ।
सत्यमेव नमस्येत सत्यं हि परमा गतिः ॥ ४ ॥
सत्यं धर्मस्तपो योगः सत्यं ब्रह्म सनातनम् ।
सत्यं यज्ञः परः प्रोक्तः सर्वं सत्ये प्रतिष्ठितम् ॥ ५ ॥
रूपं यदिह सत्यस्य यथावदनुपूर्वशः ।
लक्षणं च प्रवक्ष्यामि सत्यस्येह पराक्रमम् ॥ ६ ॥
प्राप्यते च यथा सत्यं तच्च वेत्तुमिहार्हसि ।
सत्यं त्रयोदशविधं सर्वलोकेषु भारत ॥ ७ ॥
सत्यं च समता चैव दमश्चैव न संशयः ।
अमात्सर्यं क्षमा चैव ह्रीस्तितिक्षाऽनसूयता ॥ ८ ॥
त्यागो ध्यानमथार्यत्वं धृतिश्च सततं दया ।
अहिंसा चैव राजेन्द्र सत्याकारास्त्रयोदश ॥ ९ ॥
सत्यं नामाव्ययं नित्यमविकारि तथैव च ।
सर्वधर्माविरुद्धं च योगेनैतदवाप्यते ॥ १० ॥
आत्मनीष्टे तथाऽनिष्टे रिपौ च समता तथा ।
इच्छाद्वेषं क्षयं प्राप्य कामक्रोधक्षयं तथा ॥ ११ ॥

સત્ય સંત પુરુષોમાં સદાનો ધર્મ છે, સત્ય સનાતન ધર્મ છે; સત્યને જ નમસ્કાર કરવા જોઇએ, સત્ય જ પરમ ગતિ છે.(૪) સત્ય ધર્મ છે, તપ છે, સત્ય સનાતન બ્રહ્મ છે, સત્ય પરમ યજ્ઞ છે, સત્યમાં સર્વ પ્રતિષ્ઠિત થયું છે (૫) અહિંયાં સત્યનું જે રૂપ અને લક્ષણ છે તે હું યથાર્થ રીતે અને ક્રમશઃ કહીશ. અહિંયા પરાક્રમ સત્યનું [રૂપ] છે. (૬) જે રીતે સત્યની પ્રાપ્તિ થાય છે તે તારે જાણવું ઘટે છે; સર્વ લોકમા, હે ભારત ! સત્ય તેર પ્રકારનું છે. (૭) સત્ય એ સમતા છે તેમ જ દમ છે તેમા સંશય નથી; તેમ જ અમાત્સર્ય[1], ક્ષમા, હ્રી[2], તિતિક્ષા[3], અને અનસૂયતા[4].(૮) ત્યાગ[5], ધ્યાન, આર્યત્વ, ધૃતિ[6] અને સતત દયા, તેમ જ, હે રાજેન્દ્ર! અહિંસાઃ સત્યના એ તેર આકારો છે.(૯) સત્ય ખરે જ, અવ્યય છે; નિત્ય છે; તેમ જ અવિકારી છે, તે સર્વ ધર્મથી અવિરુદ્ધ છે; એ યોગથી મેળવાય છે.(૧૦) ઇષ્ટ એવી પોતાની જાત વિશે અને અનિષ્ટ એવા શત્રુને વિશે સમતા, તથા ઇચ્છા[7] અને દ્વેષનો ક્ષય કરીને કામક્રોધનો ક્ષય.(૧૧)

---

૧ માત્સર્ય એટલે મગરૂરી, અમાત્સર્ય એટલે તેનો અભાવ ૨ હ્રી એટલે શરમ, ખરાબ કામ કરતાં પોતાની મેળે શરમ આવે તે. ૩ સહન કરવું તે. ૪ અસૂયા એટલે બીજાના ગુણને દોષ તરીકે જોવાં તે—બીજાનો દ્વેષ. અનસૂયા એટલે તેનો અભાવ. ૫ દાન. ૬ ધૃતિ એટલે ધૈર્ય; નિર્ભયતાનો અર્થ તેમા આવી જાય છે. ૭ વાસના, આસક્તિ એવો અર્થ થાય છે.

दमो नान्यस्पृहा नित्यं गाम्भीर्यं धैर्यमेव च ।
अशाठयं क्रोधदमनं ज्ञानेनैतदवाप्यते ॥ १२ ॥
अमात्सर्यं बुधाः प्राहुर्दाने धर्मे च संयमः ।
अवस्थितेन नित्य च सत्येनामत्सरी भवेत् ॥ १३ ॥
अक्षमायाः क्षमायाश्च प्रियाणीहाप्रियाणि च ।
क्षमते सर्वतः साधुस्ततः प्राप्नोति सत्यताम् ॥ १४ ॥
कल्याणं कुरुते बाढं धीमान्न ग्लायते क्वचित् ।
प्रशान्तवाङ्मना नित्यं ह्रीस्तु धर्मादवाप्यते ॥ १५ ॥
धर्मार्थहेतोः क्षमते तितिक्षा धर्म उत्तम. ।
लोकसंग्रहार्थं वै सा तु धैर्येण लभ्यते ॥ १६ ॥

× ×

त्यक्तस्नेहस्य यस्त्यागो विषयाणां तथैव च ।
रागद्वेषप्रहीणस्य त्यागो भवति नान्यथा ॥ १७ ॥

× ×

आर्यता नाम भूतानां य. करोति प्रयत्नतः ।
शुभ कर्म निराकारो वीतरागस्तथैव च ॥ १८ ॥
धृतिर्नाम सुखे दुःखे यया नाप्नोति विक्रियाम् ।
तां भजेत सदा प्राज्ञो य इच्छेद् भूतिमात्मनः ॥ १९ ॥

દમ[૮], બીજાની સ્પૃહા ન રાખવી તે, નિત્ય ગાભીર્ય અને ધૈર્ય; અશાઠ્ય[૯] અને ક્રોધનું દમન, તે જ્ઞાનથી પમાય છે.(૧૨) દાન અને ધર્મને વિશે સંયમ [એટલે કે બડાઈ ન કરવી] તેને ડાહ્યા માણસો અમાત્સર્ય કહે છે. નિત્ય સ્થિર થયેલા સત્યથી અમત્સરી થવું.(૧૩) [પોતાની] ક્ષમા અને [પારકી] અક્ષમાથી ઉપજતાં પ્રિયો અને અપ્રિયોને સાધુ પુરુષ બધી તરફથી સહન કરી લે છે તેથી સત્યતા પ્રાપ્ત કરે છે.(૧૪) ધીમાન પુરુષ ખચીત કલ્યાણ કરે છે અને ક્યાંઇ પણ ગ્લાનિ પામતો નથી. હમેશાં શાન્ત વાણી અને મન વાળો રહે છે; ધર્મથી હ્રી મળે છે.(૧૫) લોકસંગ્રહને માટે, ધર્મ અને અર્થને માટે સહન કરી લે તે તિતિક્ષા [નામનો] ઉત્તમ ધર્મ છે; તે ધૈર્યથી મળે છે.(૧૬) જેણે આસક્તિ છોડી દીધી છે તેનો તેમ જ વિષયોનો ત્યાગ [તે સાચો ત્યાગ છે], રાગદ્વેષ વિનાનો હોય તેનાથી ત્યાગ થઇ શકે છે, અન્યથી નહિ.(૧૭) જે પ્રયત્નથી ભૂતોનું હિત કરે છે તે જ આર્યતા છે; અને [તે જ પુરુષ] નિરાકાર અને વીતરાગ છે.(૧૮) સુખમા અને દુઃખમાં જેના વડે પુરુષ વિકારને પામતો નથી તેનું નામ ધૃતિ છે. જે પોતાનું કલ્યાણ ઇચ્છતો હોય તેવા જ્ઞાની પુરુષે તેનું સેવન કરવું. (૧૯)

× અહીં ક્ષેપક જણાતાં શ્લોકાર્ધો છોડી દીધા છે.

૮ ઇંદ્રિયદમન. ૯ શઠપણુ નહિ તે.

सर्वथा क्षमिणा भाव्यं तथा सत्यपरेण च ।
वीतहर्षभयक्रोधो धृतिमाप्नोति पण्डितः ॥ २० ॥

अद्रोहः सर्वभूतेषु कर्मणा मनसा गिरा।
अनुग्रहश्च दानं च सतां धर्मः सनातनः ॥ २१ ॥

एते त्रयोदशाकाराः पृथक् सत्यैकलक्षणाः ।
भजन्ते सत्यमेवेह बृंहयन्ते च भारत ॥ २२ ॥

नान्तः शक्यो गुणानां च वक्तुं सत्यस्य पार्थिव ।
अतः सत्यं प्रशंसन्ति विप्राः सपितृदेवताः ॥ २३ ॥

नास्ति सत्यात्परो धर्मो नानृतात्पातकं परम् ।
स्थितिर्हि सत्यं धर्मस्य तस्मात्सत्यं न लोपयेत् ॥ २४ ॥

उपैति सत्याद्दानं हि तथा यज्ञाः सदक्षिणाः ।
त्रेताग्निहोत्रं वेदाश्च ये चान्ये धर्मनिश्चयाः ॥ २५ ॥

अश्वमेधसहस्रं च सत्यं च तुलया धृतम् ।
अश्वमेधसहस्राद्धि सत्यमेव विशिष्यते ॥ २६ ॥

षष्ट्यधिकशततमोऽध्यायः ॥

शान्तिपर्व, महाभारत.

હમેશાં ક્ષમાવાન અને સત્યપર થવું. હર્ષ ભય અને ક્રોધથી જે પાર ગયો છે તેવો પંડિત ધૃતિ પામે છે.(૨૦) મન, વાણી અને કર્મથી સર્વ ભૂતો તરફ અદ્રોહ, અનુગ્રહ અને દાન એ સત્પુરુષોનો સનાતન ધર્મ છે.(૨૧) એક જ સત્યનાં લક્ષણો રૂપ આ જુદા જુદા તેર આકારો અહીં સત્યને જ સેવે છે, અને હે ભારત! વધ્યે જાય છે.(૨૨) હે રાજા! સત્યના ગુણો કહેતા તેનો પાર પામી શકાતો નથી, તેથી વિપ્રો, પિતૃઓ અને દેવતાઓ સત્યની પ્રશંસા કરે છે.(૨૩) સત્યથી મોટો ધર્મ નથી, અસત્યથી મોટું પાતક નથી; સત્ય જ ધર્મની સ્થિતિ છે; માટે સત્યનો લોપ ન કરવો.(૨૪) સત્યથી દાન તથા દક્ષિણા સહિત યજ્ઞો ત્રેતાગ્નિહોત્ર, વેદો અને જે બીજા ધર્મના નિશ્ચયો છે તેને [માણુસ] પામે છે.(૨૫) હજાર અશ્વમેધ અને સત્યને ત્રાજવામા મૂકે તો હજાર અશ્વમેધથી સત્ય જ વધે.(૨૬)

૧૬૦ મો અધ્યાય.

શાન્તિપર્વ, મહાભારત.

પ્રાચીન હિંદુસંસ્કૃતિ અને ગાંધીજીનું વિચારપ્રસ્થાન

હિંદુસ્તાન જેટલા વિશાળ દેશમા ફેલાએલી અને કાંઈ નહિ તો એ પાચ હજાર વર્ષ જેટલો જેનો કાલવિસ્તાર છે એવી સંસ્કૃતિને વિષે કાંઇ પણ વિધાનો કરતા માણસને મુંઝવણ થાય છે. દેશ, કાલ અને જનસ્વભાવનું વૈવિધ્ય–એ ત્રણે સંસ્કૃતિનાં ઘટક તત્ત્વોએ હિંદુસંસ્કૃતિને જટિલ અને વિવિધ બનાવવામાં બાકી નથી રાખી. એટલે આ લેખમા હિંદુસંસ્કૃતિ વિષે આપણે જે કાંઇ જાણીએ છીએ તે પણ બધુ બતાવી ગાધીજીનું વિચાર-પ્રસ્થાન સમજવાનો પ્રયત્ન નથી. કેટલીક મુખ્ય બાબતો ઉપર જ લક્ષ્ય ખેંચવાનો ઇરાદો છે.

ગાધીજીને કર્મવીર કે કર્મયોગી તરીકે આપણે ઓળખીએ છીએ. આ ઓળખાણ, અથવા સંસ્કૃત શબ્દ વાપરું તો, આ ઉપલક્ષણ એકદરે ઠીક છે. આ કર્મયોગની દૃષ્ટિએ આપણી સંસ્કૃતિ તપાસીએ.

વૈદિક ઋષિઓની પ્રાર્થનાઓમા ઇષ્ટ દેવોની ઉપાસના છે. આ ઉપાસનામા જે માનસ વ્યક્ત થાય છે તેમાં એક બાબત ખાસ તરી આવે છે: તે કાલના આર્યોનું કર્મપ્રધાન જીવન. આ પ્રાર્થનાઓમાં ઐહિક જીવનના સુખ માટેના તેમના પ્રયત્નોનું આડકતરી રીતે અનુમાન થઈ શકે છે. પણ તેમા જે વાત સીધી રીતે સમજાય છે તે એ છે કે તેઓ દેવોને પોતાના ઐહિક કામોમાં મદદ કરવા વિનવે છે. કેટલાક દેવોનું સ્વરૂપ જાણવા તલસે છે, કેટલાક તેમની સાથે મૈત્રી બાધવા ઇચ્છે છે એ વાત સાચી. પણ ઋષિઓની પ્રાર્થનાઓમાં '**सुवीर्यस्य पतयः स्याम** (મં. ૪. સૂ. ૫૧. ૧૦) અમે સુવીર્યના પતિઓ થઇએ,' અને '**सुवीर्यं...रयिं** સુવીર્ય ... **संपत्ति**' (મં. ૯. સૂ. ૧૧.૯), અથવા '**सुवीर...रयिं** સુવીરોવાળું...ધન' (મં. ૧. સૂ. ૯૨. ૮.)નો સૂર વિવિધ રીતે સભળાય છે; અને પોતાની ઇચ્છા બતાવતા પોતાના વિશેષણ તરીકે '**वयं ते इंद्र विश्वह प्रियासः सुवीरासो विदथमावदेम** હે ઇંદ્ર! તને પ્રિય, વીરપુત્રોવાળા અમે હંમેશા સ્તવન ગાઇએ' (મં. ૨. સૂ. ૧૨. ૧૫.) આદિમાં સુવીર શબ્દ અનેક સ્થળે દેખાય છે.

આ દૃષ્ટિએ વિચારતા એમ સમજાય છે કે યજ્ઞયાગાદિનો વિકાસ પણ આ દુનિયામા વ્યક્તિને અને સમાજને જે અનેક કામો કરવાના છે તેમા દેવોની મદદ માગવા માટે થએલો છે. આ દેવો ખરેખર એમ મદદ કરી શકે છે કે નહિ તે વિચારવું અપ્રસ્તુત છે. દેવો મદદ કરી શકે છે એમ માનીને તેઓ ચાલતા; એટલે આપણે એ વિચારવાનું છે કે તેઓ દેવોની શા માટે મદદ માગતા? આનો ઉત્તર બ્રાહ્મણ ગ્રંથોમાં તથા તેને અનુસરી રચાએલા શ્રૌતસૂત્રો, ધર્મસૂત્રો આદિમા આપણને મળે છે. આમાં પણ સામાજિક તથા આધ્યાત્મિક હિતાહિતની દૃષ્ટિએ ઘણા પ્રશ્નો ઉત્પન્ન થાય છે. પણ તે બધામાથી આટલો નિષ્કર્ષ કહાડી શકાય છે કે લોકસંગ્રહની દૃષ્ટિએ પુરુષે 'કર્મ' કરવાં જોઇએ. દરેક વ્યક્તિને પોતા માટે તથા પોતાના સમુદાય માટે, આજની ભાષામાં બોલીએ તો, પોતા માટે તથા પોતાના સમાજ માટે અમુક વ્હેવ્હાર તથા દૈવી કર્મ કરવાં આવશ્યક હતાં, તે તેમનો ધર્મ હતો. જે

સમુદાયમાં આપણે જનમ્યા તેમા રહી તેના માટે તથા પોતા માટે અમુક ફરજો છે એ સમજવું એ સામાજિક જીવનનો પ્રથમ સિદ્ધાન્ત છે;–અને એ સિદ્ધાન્ત જો કે આપણે માગીએ તે શબ્દોમા લખેલો ન મળે તોપણ એ સિદ્ધાન્તની ઓછી વધતી સમજ ઉપર અથવા મુદ્દલ એ સમજ વિના પણ તેનાથી પ્રેરાઈ તેમનું જીવન ચાલતું એમ માનવાને ચિત્તશાસ્ત્રની દૃષ્ટિએ કાંઈપણ વાધો નથી. બ્રાહ્મણ ગ્રંથોમા વર્ણવેલી અનેક વિધિઓ, દીક્ષાઓ આદિનું આ તાત્પર્ય છે એમ મને લાગે છે. આ યુગમાં આપણા ગૃહસ્થજીવનનો પાયો નખાયો છે. અને આ જમાનામા જ પત્નીને સહધર્મચારિણી કહી છે તેનો અર્થ છે. પછી તો પત્નીના અને કુટુમ્બના અને સમાજના ત્યાગનો આદર્શ આવે છે. આ 'બ્રાહ્મણયુગ' તે 'કર્મયુગ' હતો એમ કહેવામાં ઇતિહાસને પણ બાધ આવતો નથી. આ કર્મનું સ્વરૂપ આપણને સર્વથા ઇષ્ટ ન હોય, પણ એ સાચી ખોટી પ્રવૃત્તિ સમાજને વ્યવસ્થિત, સુખી, અને મંગલમય કરવાના ધ્યેયથી હતી એટલું જાણવું અત્યારે બસ છે.

અહીંઆ માનવજાતિના ઇતિહાસનું બીજું એક પ્રેરક બળ કામ કરતું દેખાય છે. અને તે એ કે માણસના ચૈતન્યની સ્ફુરણા હંમેશ માટે અટકાવી શકાતી નથી. બહુ વિચાર કરવાથી માણસને હમેશા તાત્કાલિક સુખ મળે છે એમ નથી; છતાં, દુઃખી થવું પડે તોપણ માણસ પોતાની સ્ફુરણાને બહુ વાર રોકી શકતો નથી. ઈતિહાસમાં જે યુગપરિવર્તનો થાય છે તે આ સ્ફુરણાને આભારી છે. બ્રાહ્મણયુગમાં લોકસંગ્રહ માટે કર્મનો આગ્રહ હતો અને સમાજને વ્યસ્થિત, દૃઢ અને સ્થાયી રીતે સ્થિર બનાવવા અનેક પ્રયત્નો થયા. પણ આ પ્રયત્નોમા અનેક બાબતો એવી હતી કે જે માણસનો સ્ફુરતો આત્મા સહન ન કરી શકે. સૌથી પ્રથમ યજ્ઞયાગાદિના ઉપયોગ વિષે જ શંકા થાય એ સ્વાભાવિક હતું.* માણસ પોતાના કર્મથી હમેશા ફળ પ્રાપ્ત કરી શકતો નથી એ સૌને સમજાય એવી બાબત છે. પણ યજ્ઞ કર્યાથી પણ ધારેલા ફળ નથી મળી શકતાં એ બાબત પણ ધીમે ધીમે સમજાય એવી છે અને તે જમાનામા અમુક અમુક લોકોને સમજાતી હતી. વેદનો અર્થ કરીએ અને છતા એ તેનું બધા કાર્યો માટે પ્રામાણ્ય સ્વીકારીએ એ કેટલું અસંભવિત છે તે યાસ્કના નિરુક્તમા (૧.૧૫) આપેલા કૌત્સના મતથી સમજાય છે. બુદ્ધિશાળી માણસો શંકાઓ કરે છે અને ઘણીવાર સામાજિક અડચણોથી પ્રેરાઈ તેનું સમાધાન કરે છે પણ એ સમાધાન બરાબર થયું ન હોય તો ઓછા બુદ્ધિશાળી પણ વધારે સીધા માણસો એ શંકા સ્વીકારે છે અને એ સમાધાન સ્વીકારતા નથી. એટલે કર્મકાણ્ડની અને વેદપ્રામાણ્યની જડતાની પ્રથમ શંકા તો બ્રાહ્મણોએ જ કરેલી અને પછી વધારે સીધા સ્વભાવના ક્ષત્રિય આદિએ તે ઝીલી લઈ પોતાની જાતને જડતા, અને ન સમજાય એવી (સાચી હોય તો પણ) બાબતોમાથી મુક્ત કરવા પ્રયત્ન કર્યો એમ લાગે છે. આ પ્રયત્નોના પરિણામ આપણે ઈ સ. પૂર્વે પાંચમા, છઠ્ઠા, સાતમા સૈકાના તીર્થિકો, શ્રમણસંપ્રદાયો, આચાર્યો આદિમા જોઇએ છીએ; અને આ વિચાર-પરિવર્તનના નાયકોમા જો કે મુખ્ય ત્રણ નામ ક્ષત્રિયોનાં છે–જ્ઞાતપુત્ર વર્ધમાન, શાક્યપુત્ર સિદ્ધાર્થ અને ગીતામાં જેનો ઉપદેશ ગ્રંથબદ્ધ થયો છે તે યાદવપુત્ર કૃષ્ણ–છતાં આમા અનેક બ્રાહ્મણો તથા અનુયાયીઓ તરીકે અનેક વૈશ્યો અને શૂદ્રો પણ હતા તે ભૂલવાનું નથી.

આ વિચારપરિવર્તનમા મુખ્ય ત્રણ બાબતો દેખાય છેઃ વેદ આદિનું પ્રામાણ્ય ન સ્વીકારવું

* આવા વિચારો માટે સરખાવો માઠરવૃત્તિ કારિકાર, તથા ચાર્વાકમત સર્વ. દ. સં.

અથવા એના ઉપર બહુ ભાર ન મુકવો; જન્મ ઉપર આધાર રાખતી વર્ણવ્યવસ્થાનો અસ્વીકાર, અને ધર્મનું સ્વરૂપ યજ્ઞમાં આવી જાય છે એ માન્યતાનો ઓછોવધતો તિરસ્કાર.

ઠેઠ ઋગ્વેદના સમયથી જ એક વિચારપ્રવાહ એવો વ્હેતો દેખાય છે કે જે આત્માના સ્વરૂપના ચિંતનમાં મગ્ન છે. આ વિચારપ્રવાહ ઉત્તરોત્તર પુષ્ટ થતો જાય છે; અને કર્મકાણ્ડ જેમ વધારે જામતો જાય છે તેમ તેમ તે વિચાર વધારે ઉગ્ર સ્વરૂપ પકડતો દેખાય છે. બ્રાહ્મણ-ગ્રંથોના પરિશિષ્ટરૂપ ગણાતા ઉપનિષદોમા આ વિચાર એના ઉત્તમોત્તમ રૂપમા સંઘરાએલો દેખાય છે. સંસારની બીજી ચીજોની દરકાર કર્યા વિના આત્માની અથવા પરમ સત્યની આ આગ્રહી શોધ જૈન અને બૌદ્ધ સંપ્રદાયોમાં થતી દેખાય છે. જ્યારે આત્માની ખોળના અને તેનાં સાધનોનાં આ ઉપદેશો જ માણુસોનુ ધ્યાન રોકતા હોય ત્યારે સહજ રીતે જ લોકસંગ્રહ માટે આવશ્યક કર્મોની ઉપેક્ષા થાય. વિચારપરિવર્તનના આ મુમુક્ષુયુગે ' અનાસક્તિ ' ઉપર ખાસ ભાર મુકયો. માણુસ માટે દૈનિક લોકવ્યવહારમા રહી આવી ' અનાસક્તિ ' સાધવી કઠણ છે એટલે જેને એવી ' અનાસક્તિ ' સાધવી હોય તેઓ સામાજિક કર્તવ્યોનો ત્યાગ કરી ધ્યાનમા અને તપમા પોતાનુ જીવન ગાળતા. આ જમાનામા ત્યાગ અથવા સાસારિક ચીજોનો અપરિગ્રહ, અહિંસા, ઐકાન્તિક બ્રહ્મચર્ય આદિ ગુણો ઉપર ખાસ ભાર મુકવામાં આવ્યો. આપણી સંસ્કૃતિના આ વ્હેણુ વિષે એમ કહી શકાય કે તેણે આપણું આધ્યાત્મિક જીવન સમૃદ્ધ કર્યું, જો કે તેણે આપણી સામાજિક કર્તવ્યોની નિષ્ઠા શિથિલ કરી દીધી હશે.

આપણા દેશમા પ્રાચીન કાળથી વિવિધ અને વિરુદ્ધ જણાતા વિચારોનો સમન્વય કરવાનો પ્રયત્ન ચાલુ છે. હિંદુસંસ્કૃતિની આ એક ખાસીઅત છે કે તે પોતાનુ બાહ્ય રૂપ સાચવી અંદર અનેક ફેરફારો કરી શકે છે. આ રીતે વેદ–બ્રાહ્મણયુગના કર્મ ઉપરનો ભાર અને લોકસંગ્રહની દૃષ્ટિ, તથા ઉપનિષદ–શ્રમણયુગના આધ્યાત્મિક ચિંતન તથા ' અનાસક્તિ ' ઉપરનો ભાર–આ બન્નેનો સમન્વય કરવાનો પ્રયત્ન ગીતામા દેખાય છે. ગીતાનો કર્મયોગ–**अनासक्तः कर्म समाचर** એ શબ્દોમા આવી જાય છે.

શ્રીમદ્ભગવદ્ગીતાના તાત્પર્ય વિષે પ્રાચીન કાળથી અનેક ભાષ્યો લખાયા છે. આ પ્રત્યેક તાત્પર્ય ગીતામાથી શી રીતે સંભવી શકે છે એ એક કોયડો છે. પણ આ કોયડો ઉકેલવાની મુશ્કેલી જેઓ ગીતાને દર્શનશાસ્ત્રનો, તર્કબદ્ધ ફીલસુફીનો ગ્રન્થ ગણે છે તેમના માટે છે. ગીતા એ મહાભારત કાવ્યનો એક ભાગ છે અને તેમા યાદવપુત્ર કૃષ્ણચંદ્રનો ઉપદેશ કાવ્યની રીતે મુકવામા આવ્યો છે એમ જેઓ માને છે તેઓ ગીતાના પ્રત્યેક શબ્દમાંથી એક જ તાત્પર્ય કાઢવા પ્રયત્ન કરતા નથી. અર્જુન યુદ્ધ કરવાની ના પાડે છે અને ગીતા તેની પાસે યુદ્ધ કરાવી કાવ્યના વસ્તુને આગળ ચલાવે છે. પછીના કાવ્યશાસ્ત્રની પરિભાષામા બોલીએ તો ગીતા એક રીતે ' બિન્દુ 'નું કાર્ય કરે છે; એટલે કે જેમ પાણીમાં તેલનુ બિન્દુ ફેલાય તેમ ગીતાનુ તાત્પર્ય કાવ્યના વસ્તુને આગળ ફેલાવે છે. ગીતાનું આ સ્વરૂપ ધ્યાનમાં રાખી ગીતાનો પ્રધાન ઉપદેશ શો છે તેનો જો વિચાર કરીએ તો એક બે બાબતો સ્પષ્ટ દેખાય છે. સૌથી પ્રથમ એ કે માણુસ પોતાના માથા ઉપર આવી પડેલી ફરજ પોતાના ' ખાનગી વિચારો 'ના કારણુથી છોડી શકતો નથી, બીજું એ કે માણુસની ફરજ શું છે અને શું નથી, તેનો નિર્ણય કરવામાં ' લોકસંગ્રહ ' એ મુખ્ય તત્ત્વ છે. વેદ અને બ્રાહ્મણકાલનો યુદ્ધમાં દીક્ષિત થએલો ક્ષત્રિય યુદ્ધક્ષેત્ર ન છોડી શકે; ગીતા તે જ મતને

અનુસરી અર્જુનને યુદ્ધક્ષેત્ર છોડવાની મનાઈ કરે છે. પણ બ્રાહ્મણકાળ અને ગીતાના કાળની વચમાં અનેક નવા વિચારો થઈ ગયા હતા; અને ગીતાના સમર્થ વિચારકને તેની નોંધ લેવાની જરૂર હતી. 'અનાસક્તિ'નો ઉપદેશ આપનારા એ જાણતા હતા કે માણસને 'કર્મ' કર્યા વિના ચાલે તેમ નથી; તેઓએ કહ્યું કે 'જે કર્મના વિષે રાગ દ્વેષ રાખે છે તે જ બદ્ધ થાય છે' અને તેથી મોક્ષનો ઉપાય. કર્મમાં રાગ દ્વેષ ન રાખવો અર્થાત્ ફલ વિષે ઉદાસીન રહેવું એ વૃત્તિને ગણ્યો. પણ આ ઉપદેશકોને એમ લાગતું કે માણસ સંસારમાં રહ્યો રહ્યો સહેલાઈથી અનાસક્ત રહી શકતો નથી માટે તેઓએ તેના માટે એવી કર્મપરંપરા નક્કી કરી કે જેમાં મધ્યસ્થતા સાચવવી સહેલી પડે. આ કર્મપરંપરાને સંન્યાસમાર્ગની પરંપરા કહેવાય. આ જાતના માણસો મોટામાં મોટો જે ગુણ કેળવતા તે અહિંસાનો હતો. ગીતાએ કહ્યું કે જો માણસને કર્મ કરવાની જરુર છે, અને કેવળ કામ કરવાથી માણસ સંસારમાં બદ્ધ થતો નથી તો પછી માણસે શા માટે મુમુક્ષુની રીતે લોકસંગ્રહનાં કામો ન કરવાં? આજની રીતે કહેવું હોય તો આપણે એમ કહીએ કે જેમ ઉપવાસ આદિ તપનાં કામ પણ અનાસક્ત રીતે કર્યા હોય તો જ મોક્ષદાયક છે તો પછી ખેતી આદિનાં કામ પણ અનાસક્ત રીતે કરીએ તો શા માટે મોક્ષદાયક ન થાય—અને એ રીતે લોકસંગ્રહની દૃષ્ટિએ કરેલું યુદ્ધ પણ શા માટે મોક્ષદાયક ન થાય? આ અનાસક્ત દૃષ્ટિના સમર્થનમા ઉપનિષદ શ્રમણ સંપ્રદાય આદિના આખા આધ્યાત્મિક જ્ઞાનનો ઉપયોગ ગીતા, સાંખ્ય યોગ–આદિથી કરે છે, પણ તેનો વિનિયોગ લોકસંગ્રહની દૃષ્ટિએ કર્મમાં કરે છે, અને માણસ કાંઇ પણ ધ્યેય વિના કામ કરી શકતો નથી માટે તેનું બધું કર્મ ઈશ્વરને સમર્પિત કરવું એવો ગીતાનો ઉપદેશ છે. ગીતાનો કર્મયોગ એટલે કૃષ્ણને બધું સમર્પિત કરી લોકસંગ્રહનાં કામ કરવાં.

આ રીતે ગીતાના કર્મયોગમાં કર્મમીમાંસાની બે પરંપરાઓનો સમન્વય કરવાનો પ્રયત્ન દેખાય છે. લોકસંગ્રહ માટે દરેકે પોતપોતાનું કામ કરવું જોઈએ, અને મોક્ષ આ કામોના ફળ વિષે અનાસક્ત રહેવાનો પ્રયત્ન કરી સાધવો જોઇએ.

પણ અહિયા બે શંકાઓ ઉત્પન્ન થાય છે: અનાસક્ત રહીને એટલે કે ફલ વિષે ઉદાસીન રહીને અથવા ઈશ્વરને સમર્પીને કરેલું દરેક કર્મ મોક્ષદાયક છે? આજની પરિભાષામા બોલીએ તો શું એવી રીતે કરેલું દરેક કર્મ 'સાધુ' છે? એટલે કે અનાસક્ત રહીને ભાઈ ભાંડુ સગા વ્હાલાં આચાર્ય આદિને મારવાં એ યોગ્ય છે? અને બીજી શંકા એ કે લોકસંગ્રહનું ધ્યેય પણ આ પ્રમાણે અનાસક્તિથી ગમે તે 'કર્મ' કરવાથી સધાય છે?

આ લેખના આરંભમા કહ્યું છે તેમ ગાધીજીને આપણે કર્મવીર કે કર્મયોગી તરીકે ઓળખીએ છીએ; અને તેથી જ મેં આપણી સંસ્કૃતિનાં અનેક તાણાવાણામાંથી આ એક કર્મનો તન્તુ પકડી તેને તપાસવા પ્રયત્ન કર્યો છે. અહિં સુધી ખેંચાએલા આ કર્મના તન્તુને ગાંધીજી કેવી રીતે ખેંચે છે તે હવે જોઇએ.

ગીતા ઉપર અનેક ભાષ્યો રચાયાં છે. ગીતામાં કાવ્યની દૃષ્ટિએ આહ્લાદક રીતે જે અનેક મતોનો ઉપયોગ અર્જુન પાસે યુદ્ધ કરાવવા માટે કર્યો છે તેમાથી પોતાની રુચિ પ્રમાણે દરેક ભાષ્યકાર અમુક મતને પ્રધાન ગણી પોતાના સમ્પ્રદાયનું સમર્થન કરે છે. આ જમાનામાં આપણા દેશના વિદ્વાનોમાં ડૉ. સર રામકૃષ્ણ ભાંડારકર, જસ્ટીસ તેલંગ આદિએ ગીતાના કર્મયોગ તથા ભક્તિ ઉપર ખાસ ભાર મુકયો છે. લો માન્ય ટિળકે

તાત્પર્ય કાઢવાની શાસ્ત્રીય રીતનો ઉપયોગ કરી 'કર્મયોગ'ને ગીતારહસ્ય ગણ્યો છે. ગીતાનો કર્મયોગ બધી ફીલ્સુફીઓ કરતાં ચઢી જાય છે ઇત્યાદિ લોકમાન્યની વકીલાતને બાજુ ઉપર રાખીએ તો પણ ગીતાનું રહસ્ય કર્મયોગમા છે એ વિષે તેમના પ્રયત્ન પછી હવે બહુ શંકા રહેતી નથી.

ગાંધીજી પણ પોતાના વિચારોનું સમર્થન ગીતામાં શોધે છે.

ગાધીજીનાં જીવન અને ફીલ્સુફી એટલે સત્ય અને અહિંસા. એમના આચાર વિચારની વિશેષતા આ બન્નેને એક કરવામાં અને એક માનવામાં છે. તેઓ કેટલીક વાર સત્ય ઉપર તો કેટલીક વાર અહિંસા ઉપર ભાર મુકે છે, પણ એકંદરે એમને મન તે બન્ને એક જ વસ્તુ, એક જ તત્ત્વ છે. અહિંસાને તેઓ સત્યપ્રાપ્તિના સાધન તરીકે ગણે છેઃ જેમકે "સત્યમય થવાને સારુ અહિંસા એ જ એક માર્ગ છે" અને "એનું [સત્યરૂપી સૂરજનું] સંપૂર્ણ દર્શન સપૂર્ણ અહિંસા વિના અશક્ય છે" (પૃ. ૩૭૮, આત્મકથા દ્વિતીય ખંડ). આ જાતની વિચારસરણીમાં સાધ્ય–સાધનની એકતા પ્રતીત થાય છે. સાધ્યસાધન બન્ને શુદ્ધ હોવા જોઇએ, તેમાં વિસંવાદ ન હોવો જોઇએ તેમ તેઓ અનેક વાર કહે છે.

આ જાતના સત્ય અને અહિંસા સાધવા તેઓ નિવૃત્તિ માર્ગને અનુસરી વ્યવહાર છોડતા નથી. તેઓ નિવૃત્તિ માર્ગના તપ સંયમ આદિ જૈન વગેરે શ્રમણ સંપ્રદાયો જેટલી જ સખ્તાઇથી સ્વીકારે છે. ગાધીજીનો શબ્દ 'આત્મશુદ્ધિ' છે.

એમનું છેવટનું ધ્યેય, લોકાયત સિવાયના આપણા બધા દર્શનોની જેમ, મોક્ષ છે, પરમાત્મ દર્શન છે.

સંક્ષેપમાં એમની વિચારપરંપરા આ પ્રમાણે ગોઠવી શકાય. "શુદ્ધ થવું એટલે મનથી, વચનથી ને કાયાથી નિર્વિકાર થવું, રાગદ્વેષાદિરહિત થવું." "આત્મશુદ્ધિ વિના જીવ માત્રની સાથે ઐક્ય ન જ સધાય. આત્મશુદ્ધિ વિના અહિંસા ધર્મનું પાલન સર્વથા અસંભવિત છે. અશુદ્ધાત્મા પરમાત્માનાં દર્શન કરવા અસમર્થ છે." (આ ધ્યેય અને 'કાર્યક્રમ' ઉપનિષદના ઋષિઓ અને બીજા નિવૃત્તિપર શ્રમણ સંપ્રદાયોની સાથે સમાન છે.) "આવા વ્યાપક સત્યનારાયણના પ્રત્યક્ષ દર્શનને સારુ જીવ માત્રની પ્રત્યે આત્મવત્ પ્રેમની પરમ આવશ્યકતા છે. તે કરવાને ઇચ્છનાર મનુષ્ય જીવનના એક પણ ક્ષેત્રની બહાર નથી રહી શકતો તેથી જ સત્યની મારી પૂજા મને રાજ્યપ્રકરણમા ખેંચી ગઇ છે" (પૃ. ૩૭૮ એજન).

ગાંધીજીની આ વિચારપરંપરા એ જ એમનું ગીતાભાષ્ય છે એમ કહીએ તો ગાંધીજી કદાચ વાંધો ન લે.

આપણે ઉપર જોયું કે ગીતામા કર્મમીમાસાની બે પરંપરાનો સમન્વય કરવાનો પ્રયત્ન દેખાય છે. લોકસંગ્રહની દૃષ્ટિએ દરેકે લોકમા પોતાની જવાબદારી પ્રમાણે કામ કરવા જોઇએ; અને મોક્ષની સાધના આ કામોનાં ફલ વિષે અનાસક્ત રહી કરવી જોઇએ. ગાધીજીની વિચાર-પરંપરામાંથી પણ એ જ ફલિત થતું દેખાય છે. આત્મશુદ્ધિ સાધતાં જીવનનાં કાર્યો કરવાં જોઇએ; આમ કરવા માટે જીવનનું એક પણ ક્ષેત્ર છોડી ન શકાય.

પણ ગીતા કર્મ વિષે 'અનાસક્તિ'ને મોક્ષ માટે પૂરતી ગણે છે, અને અર્જુન જો ગીતા સમજ્યો હોય તો તેણે જે કાંઇ સંહાર કર્યો તે અનાસક્ત રહીને જ કર્યો છે એમ

આપણે માનવું જોઈએ. ગીતા માટે દરેક કર્મની કસોટી હિંસા–અહિંસા નથી. ગાધીજી માટે, હિંસાત્મક કર્મમા અનાસક્તિ અથવા રાગદ્વેષનો અભાવ હોઈ શકે એ માનવું અશક્ય છે. દરેક ભાષ્યકારને પોતાના વિચારોનું સળંગ સમર્થન ગીતામાં શોધતાં જેમ અમુક અમુક શાબ્દિક કલ્પનાઓ કરવી પડે છે તેમ ગાધીજીને પણ કરવી પડે છે. કૌરવ-પાણ્ડવના આખા યુદ્ધને તેઓ એક રૂપક ગણે છે. આ કલ્પનાની વાસ્તવિકતાની ચર્ચા આપણે નહિ કરીએ. પરંપરા અને સંભવ બન્ને એની વિરુદ્ધ પડે છે એટલું જ કહી આગળ ચાલીશુ. મને લાગે છે કે ગાધીજીના વિચારોની વિશેષતા જે રીતે એમણે લોકસંગ્રહ માટે કર્મ અને અહિંસા બન્નેનાં આગ્રહોનું સંયોજન કર્યું છે તેમા છે.

ગીતાના ઉપદેશ પરત્વે ઉપર બે શંકાઓ રજુ કરી છે. એ શંકાના ઉત્તરમા ગાંધીજીનું વિચારપ્રસ્થાન હું સમજું છું.

કેવળ અનાસક્તિ એ કોઈ પણ કર્મને 'સાધુ' બનાવવા માટે બસ નથી. એ કર્મનુ પોતાનું સ્વરૂપ પણ વિચારવાનું હોય છે. લોકમાં હિંસાદિ જે દુષ્કર્મ તરીકે પ્રસિદ્ધ છે તે અનાસક્તિપૂર્વક કરવાથી 'સાધુ' ન જ બની શકે, એવા કર્મથી મોક્ષ સંભવિત નથી, એવું કર્મ ઈશ્વરને સમપર્તિ કર્યું હોય તો એ પણ ન સ્વીકારે. પણ આમાં શબ્દજાળ જેવું લાગે ! વાસ્તવિક રીતે હિંસાદિ કર્મો જ એવાં છે કે જેમાં અનાસક્તિ અશક્ય છે; જો કે તર્ક પરંપરાથી એવી શકયતા સાબીત કરવી કઠિન નથી. ગાધીજી અર્જુનની હિંસાના વર્ણનને ઘટાવી શકતા ન હોવાથી જ આખા યુદ્ધ માટે રૂપકની કલ્પના કરે છે. પણ જે લોકો આવું રૂપક કોઇ પણ કારણથી સ્વીકારી શકતા નથી એમની દૃષ્ટિએ તો કહેવું જ જોઇએ કે ગાધીજી ગીતાનો ઉપદેશ સ્વીકારી તેને, અહિંસાની દૃષ્ટિએ, વધારે શુદ્ધ બનાવે છે.

અથવા આ વિચારને બીજી રીતે મુકીએ. ગાધીજી ગીતાને અનુસરી લોકસંગ્રહ માટે સામાજિક કર્મોને આવશ્યક ગણે છે, અને આ કર્મો વિષે અનાસક્તિની દૃષ્ટિ ખીલવવી આવશ્યક ગણે છે; પણ તેઓ ઉમેરે છે કે લોકસંગ્રહને માટે પણ સત્ય અને અહિંસાની વિરુદ્ધ હોય એવા કર્મો ન કરવાં જોઈએ. એમનો અહિંસા ઉપરનો આ ઐકાન્તિક આગ્રહ, શ્રમણ સંપ્રદાયોમાં બીજી રીતે પોષાએલા અહિંસાના સિદ્ધાન્તને વધારે અનુસરે છે.

ગાધીજી અહિંસા ઉપર આટલો ભાર મુકે છે તેનું બીજું કારણ એ છે કે સાચો સર્વ-વ્યાપી લોકસંગ્રહ અહિંસા વિના અશક્ય છે. એટલે કે–મુમુક્ષુની દૃષ્ટિ બાજુએ મુકી કેવળ લોકસંગ્રહમીમાંસાની દૃષ્ટિએ વિચાર કરીએ તો પણ અહિંસાનો આગ્રહ આવશ્યક છે–એવો ગાધીજીનો બીજી શંકાનો ઉત્તર થાય. ટુંકામા, આ બાબતમાં શાક્યપુત્ર સિદ્ધાર્થ ગૌતમનો ઉપદેશ : **नहि वेरेण वेराणि सम्मन्तीध कदाचन अवेरेण हि सम्मन्ति एस धम्मो सनन्तनो** વેરથી વેર શમતાં નથી અવેરથી વેર શમે છે, એ સનાતન ધર્મ છે' એ ઉપદેશ વધારે અનુકૂળ છે. એટલે કે એક રીતે એમ કહી શકાય કે ગીતામા બે કર્મ-મીમાંસાનો સમન્વય જે અસ્પષ્ટ રહ્યો છે તેને ગાધીજી ઉપરની રીતે સ્પષ્ટ કરે છે.

જેમ ગાધીજી આ રીતે ઉપનિષદ આદિ નિવૃત્તિપર સંપ્રદાયોની લાક્ષણિક અહિંસાને લોકસંગ્રહ માટેના કર્મોનો આવશ્યક ધર્મ ગણી પોતાનું વિચારપ્રસ્થાન સાંધે છે તેમ બીજી બાજુ સાંસારિક કર્મોથી નાસી એક અથવા બીજા પ્રકારના સંન્યાસમા રહી અહિંસાદિ ધર્મોનું પાલન કરવા મથતા નિવૃત્તિપર સંપ્રદાયોમાં પણ સુધારો કરે છે. આ સુધારો તેઓ

લોકસંગ્રહ ઉપર ભાર મુકી—ગાધીજીનો શબ્દ લોકસેવા છે–કરે છે. જે કાંઈ આધ્યાત્મિક ઉન્નતિ સાધવાની છે તે સામાજિક કર્મો કરતા સાધવાની છે.

ગાધીજીએ સાધેલુ આ વિચારપ્રસ્થાન કેટલું સાચું છે એ કહેવાનું આ લેખકનું ગજું નથી. પણ તેને એક શંકા રહે છે. અહિંસાદિ ધર્મો સંસારમા રહી સાધવા અશક્ય નહિ તો દુર્ઘટ લાગ્યા માટે નિવૃત્તિ–માર્ગનો ઉપદેશ થયો; અને લોકસંગ્રહ સાધવો હોય તો હિંસા–અહિંસાનો ઐકાંતિક આગ્રહ અસમ્ભવિત છે એમ ગીતાકારને લાગ્યું માટે જ કોઈ એવા એક ધર્મને બધા કામ માપવાનો ગજ ન બનાવ્યો. જગતની વાસ્તવિક સ્થિતિના આવા દર્શનથી જ આ બન્ને માર્ગો જુદા નહિ ચાલતા હોય ?

ભવિષ્ય આ બન્નેનો વાસ્તવિક સંબંધ સાધે એવું આપણે ઇચ્છીએ.

રસિકલાલ છો. પરીખ

ગાંધીજીનું ઘડતર

[કોઇ પણ મહાન પુરુષની હયાતી દરમિયાન તેના જીવન વિષે બારીક અવલોકન કરવું, એના ઘડતરમાં કયાં કયાં બળો અને સંજોગોએ ભાગ ભજવ્યો છે તેની તપાસ કરવી, તેની આત્મકથાનું પૃથક્કરણ કરવું એ મુશ્કીલ છે. એવા પુરુષનુ તથા તેના મિત્રો અનુયાયીઓનું મન દુખાવવાનો ભય રહે છે, અજાણ્યે અન્યાય કરવાની બીક રહે છે. ખરું જોતા તો કોઇ મનુષ્યે આત્મકથા લખવી એ જાહેર ચર્ચાને નોતરુ આપવા બરાબર છે. કોઇ પણ આત્મકથામાં પૂરેપૂરુ સત્ય હોવાનો સભવ ઓછો છે કારણકે કોઇપણ માણસ પોતાનાં બધાં પાસાં જોઇ શકતો નથી. સ્વભાવ પ્રમાણે પોતાના ભલાં અથવા ભૂંડાં લક્ષણો તરફ વધારે લક્ષ અપાઈ જાય છે અને તે ઉપરાત તે આખી જિંદગીના પ્રસંગોને આત્મકથા લખતી વખતની મનોદશા પ્રમાણે અવલોકે છે.

ગાધીજીનું જીવન મેં આદરપૂર્વક જોયું છે અને તે વિષે પ્રેમપૂર્વક વાંચ્યું છે, અને સાંભળ્યું છે. મારા મન પર જે છાપ પડી છે તે (કાંઈક સંકોચ સાથે) જણાવું છું. મહાન પુરુષો વ્યક્તિ મટી જઇને જાહેર સંસ્થા બની જાય છે અને તેથી તેની ચર્ચા કરવાનો પ્રજાને હક છે. ગાધીજીના ગુણદોષો સમજવા માટે કેટલીક સર્વમાન્ય વ્યાપ્તિઓ (Generalisations) અથવા કોઇ આખા વર્ગને લાગુ પડે એવી ટીકાઓ કરવા પડથા છે. એવી ટીકા મને ગમતી નથી કારણકે તે દરેકને લાગુ પડતી નથી. ચારે વર્ણની તથા અમુક ન્યાતોની અમુક ખાસિયતો, તેમની અમુક જાતની શક્તિ અશક્તિ લોહીમા ઊતરી આવે છે. વ્યક્તિના બંધારણમા અને ઘડતરમાં ઘણીયે ચીજ એવી છે કે જેના પર તે વ્યક્તિને કાબુ નથી. આજના સમાજમા વર્ણ પ્રમાણે કેટલાક ગુણદોષ આવી ગયેલા ચોખ્ખી રીતે જણાય છે. તેનો ઇનકાર પણ શી રીતે કરાય ?—સુ. મ.]

૧૮૯૩ની સાલમાં આશરે ૨૪ વર્ષની ઉમરે ગાધીજી દક્ષિણ આફ્રિકા ગયા. મુસાફરી દરમિયાન આગબોટમાં અને ત્યાર પછી જ્યારે ડર્બન પહોંચ્યા ત્યારે ત્યાં એમણે જોયું કે હિંદીઓને કોઇ માન આપતું નહિ. ગમે તેવો મોટો વેપારી હોય તો તે 'કુલી' એટલે

મજૂર ગણાય. ગાંધીજી ' કુલી બારિસ્ટર ' થયા. થોડા વખત પછી પ્રિટોરિયા જવાનું થયું ત્યારે પહેલા વર્ગની ટીકીટ લઇને ગાડીમાં બેઠા. મૅરીત્સબર્ગ છોડયું ત્યાર પછી જે બનાવ બન્યો તે આત્મકથામાંથી ઉતારું છું:—

એક અમલદાર આવ્યો. એણે કહ્યું, ' આમ આવો. તમારે છેલ્લા ડબામાં જવાનું છે. '

મેં કહ્યું, ' મારી પાસે પહેલા વર્ગની ટીકીટ છે. '

પેલે જવાબ આપ્યો, ' તેની ફિકર નહિ. હું તમને કહું છું કે તમારે છેલ્લા ડબામાં જવાનું છે.'

' હું કહુ છુ કે મને આ ડબામાં ડરબનથી બેસાડવામા આવ્યો છે ને હું તેમાં જ જવા ધારુ છુ '

અમલદાર બોલ્યો, ' એમ નહિ બને, તમારે ઉતરવું જ પડશે ને નહિ ઊતરો તો સિપાઇ ઉતારશે.'

મે કહ્યું, ' ત્યારે ભલે સિપાઈ ઉતારે, હું મારી મેળે નહિ ઊતરું.'

સિપાઇ આવ્યો. તેણે હાથ પકડયો ને મને ધક્કો મારી નીચે ઉતાર્યો. મારો સામાન ઉતારી લીધો. મેં બીજા ડબામા જવાની ના પાડી. ટ્રેન રવાના થઈ. હું વેટિંગરૂમમા બેઠો. મારી હાથપાકીટ સાથે રાખી. બાકી સામાનને હું ન અડકયો. રેલવેવાળાએ તે સામાન ક્યાંક મૂકયો.

આ મોસમ શિયાળાની હતી......તેથી ટાઢ ખૂબ લાગી. મારો ઓવરકોટ મારા સામાનમા હતો. **સામાન માગવાની હિમ્મત ન ચાલી. ફરી અપમાન થાય તો ?**

[આત્મકથા ખંડ ૧, પૃ. ૨૦૬]

* * *

તે રાત્રે ઠંડીમાં ઠુંઠવાતા મોહનદાસ ગાંધીએ અપમાનના ઘૂંટડેઘૂંટડા પીધા પણ તેણે જોઈ લીધું કે આ અપમાનમાંથી કોઇપણ (હિંદી) કુલી મુક્ત નહોતો. એ અપમાન ઊંડે રહેલા એક મહારોગનું લક્ષણ હતું. આ મહારોગ તે રંગદ્વેષ. એમ કહી શકાય કે આ ભયંકર રાત્રે સત્યાગ્રહનો જન્મ થયો.

* * *

ચાર્લ્સટાઉનથી જોહાનિસ્બર્ગ જતાં સીગરામમાં મુસાફરી કરવી પડતી હતી. અંદર બેસવાની ટીકીટ હોવા છતા એમને બહાર બેસાડયા અને પછી ગાડી હાંકનારના પગ પાસે એક મેલું ગુણીયું હતું તેના પર બેસવાનો હુકમ કર્યો. ગાંધીએ ના પાડી એટલે તેમના પર તમાચાનો વરસાદ વરસ્યો અને એમને નીચે ધસડવા માડયા. ગાંધીએ બેઠકની પાસેના પીતળના સળિયા પકડી રાખ્યા. એમને ગાળો પડતી હતી, માર પડતો હતો તે છતાં તે ચૂપ રહ્યા. " પેલો બળવાન અને હું બળહીન. " ઉતારુઓમાંના કેટલાકને દયા આવી, વચ્ચે પડયા, પેલા માણસને સમજાવ્યો અને ગાંધીને અંદર બેસવા દીધા. ગાંધીજી કહે છેઃ " હું તો મૂંગો જ રહ્યો અને મારી વહાર કરવા પ્રભુને અરજી કરતો રહ્યો." (પા. ૧૮૧)

અનેક દેશોના ઇતિહાસમા એવું બન્યું છે કે ઠીંગુજી વામને દૈત્યોના સંહાર કર્યો છે. ડેવીડ અને ગૉલીઆથની કથા પણ એવા જ પ્રકારની છે. એવા કથનોમા આપણે ન પડીએ પણ જીસસ ક્રાઇસ્ટ સાથેની સરખામણી કરવા જેવી છે. જે યાહુદી પ્રજા છિન્નભિન્ન થઇ ગઈ હતી, કુસંપથી માંહોમાંહ્ય લડી મરતી હતી, જ્યાં અધર્મ ફેલાઇ રહ્યો હતો, પ્રજાજનો રૂઢિરિવાજ અને બાહ્યોપચારમા અસત્ય જીવન ગાળતા હતા, રોમન રાજાના પ્રતિનિધિનું રાજ્ય જુલમ વર્તાવી રહ્યું હતું, જ્યારે પ્રજાજનોને નહોતી પોતાનો ઉદ્ધાર કરવાની તત્પરતા કે નહોતી તેમ કરવાની શક્તિનું ભાન,-તેવે વખતે જીસસ ક્રાઇસ્ટે બંડ ઉઠાવ્યું. એની લડત જુદા પ્રકારની હતી એમ કહેવાય છે. ખરું જોતા એમણે એટલું જ કહ્યું હતું કે

" The Kingdom of God is within you. " ઈશ્વરનું ધામ તમારા પોતાના હૃદયમાં છે. એ શબ્દોને જરા બદલીને ગાંધીજીએ કહ્યું છે કે સ્વરાજ તમારા હૃદયમાં છે. " The Kingdom of Swaraj is within you. અને ગાંધીજીનું સ્વરાજ એ કાંઈ રાજકીય નથી પણ આધ્યાત્મિક છે. ખરું જોતાં બન્નેનો અર્થ એક સરખો છે.

જીસસ ક્રાઇસ્ટ ગરીબમાં ગરીબ કુટુંબમાં જન્મ્યો હતો અને ઘણું કરીને નિરક્ષર હતો. જે પ્રજા અધોગતિની પરિસીમાએ પહોચી હતી તેમાના ગરીબ કચરાઇ ગએલા વર્ગની અંદરથી આ મહાન પુરુષ, જેના ઉપદેશથી ખ્રિસ્તી ધર્મ જન્મ્યો તે, પેદા થયો. ખરેખર કીચડની અંદરથી કમળ ઊગ્યું.

સેંકડો વર્ષથી ગુલામી ભોગવતા હિંદ દેશમા ઘણા યે સ્થાનિક મહાન પુરુષો થઇ ગયા છે. શિવાજી મહારાજે જાગૃત કરેલા મહારાષ્ટ્રીઓએ એક વખત લગભગ આખા દેશને કબજે કર્યો હતો પણ મહારાષ્ટ્રી અમલ બ્રિટિશ બળની સામે ટક્કર લેતા નાશ પામ્યો. મહાસભાને લીધે દેશમા ઐક્યનો સંચાર થતો હતો અને રાષ્ટ્રીય ભાવના જાગૃત થવા માંડી હતી, પણ લગભગ દરેક બાબતમા બ્રિટિશ પ્રજાનું અનુકરણ કરીને, તેમના હથિયાર વાપરીને સરકાર સાથે લડવાની તૈયારી ચાલી રહી હતી. માગણીઓ, અરજીઓ અને વિનંતીઓના વરસાદ સરકાર પર નાતાલના ત્રણ દિવસ સુધી વરસી રહેતા, પણ ચાલુ કાયમી રચનાત્મક કામ થોડું જ થતું હતું. પ્રજામાં ગુલામીનું ભાન આવ્યું હતું પણ તે ટાળવાને માટે શું કરવું તે બાબત અસ્પષ્ટ હતી. તેવે વખતે મોહનદાસ ગાંધી વિદ્યાર્થી અવસ્થામાં હતા.

કેટલાંક છોકરાંમા છેક બચપણમા એવી અદ્‌ભુત શક્તિ ખીલી હોય છે કે ૮–૧૦ વર્ષે સુંદરમાં સુંદર સંગીત ઉત્પન્ન કરી શકે. કેટલાક છોકરામા ઊંડામાં ઊંડું ગણિતનું જ્ઞાન કુદરતી જણાઇ આવે છે. આવી કોઇ શક્તિ (Genius) મોહનદાસમાં નહોતી. આત્મકથા વાંચતાં તથા સમકાલીન માણસોને પૂછતા એમ જણાય છે કે એ બહુ સામાન્ય કોટિનો છોકરો (mediocre) હતો. " હું ભાગ્યે જ સામાન્ય કોટિનો વિદ્યાર્થી ગણાતો હોઇશ." " મને સામાન્ય રીતે નિશાળના પુસ્તકો ઉપરાત કંઇ વાંચવાનો શોખ ન હતો." " મન આળસ કરે અને તેથી પાઠ ઘણીવાર કાચા રહે, ત્યા બીજું વાચવાનું સૂઝે શાનું ? " મૅટ્રિક પસાર કર્યા પછી કૅાલેજમા પ્રવેશ કર્યો પણ ત્યાં ભાષણો પૂરાં સમજાય નહિ, અને છેક બેરિસ્ટર થયા પછી પણ તેમને એક સલાહકારે પૂછપરછ કર્યા પછી કહ્યું હતું કે " તારું સામાન્ય વાચન બહુ થોડું છે. તને દુનિયાનું જ્ઞાન નથી. વકીલને તે વિના ન ચાલે. તેં તો હિંદુસ્તાનનો ઇતિહાસ પણ નથી વાંચ્યો." સ્વભાવે મોહનદાસ " અતિશય શરમાળ છોકરો " હતો અને નાનપણમાં એમણે કોઇપણ મિત્રો કર્યા હોય એવું એમને આજે સ્મરણ નથી. એ શરમાળપણું ઠેકઠેકાણે આત્મકથામાં જાહેર થાય છે. શરમાળપણાએ એમને અનીતિમાથી બચાવ્યા છે. પણ મહત્ત્વની ચીજ તો એ છે કે શરમાળ માણસોમા હમેશાં આત્મનિરીક્ષણ કરવાની ટેવ હોય છે. ચિંતન કરવાની ટેવને લીધે માણસમાં ગંભીરતા આવે છે, અને ધીમે ધીમે આત્મશ્રદ્ધા વધે છે. જે માણસે મોટપણમા નિડરતાના પાઠ ભણાવ્યા તે લખે છે કે " વળી હું બહુ બીકણુ હતો. ચોરના, ભૂતના, સર્પાદિના ભયોથી ઘેરાયલો રહેતો. આ ભય મને પીડતા પણ ખૂબ. રાતના એકલા ક્યાયે જવાની

હિમ્મત ન મળે. અંધારામાં તો ક્યાયે ન જાઉં... દીવા વિના સૂવું લગભગ અશક્ય. રખે અહીંથી ભૂત આવે, ત્યાંથી ચોર, ત્રીજી જગ્યાએથી સર્પ, એટલે દીવો તો જોઇએ જ."

ગાંધીજીના સ્વભાવનો, એમના ગુણદોષોનો વિચાર કરવો હોય તો એમના કુટુંબનો, પ્રાંતનો અને દેશનો પણ વિચાર કરવો આવશ્યક છે. વ્યક્તિના ગુણદોષ કૌટુંબિક વંશપરંપરાથી પણ ઉતરી આવે છે અને ન્યાત તથા દેશમાંથી પણ આવે છે. ગાંધી કુટુંબ ગાંધિયાણાનો વેપાર કરતું આવ્યું હશે એમ આત્મકથામા જણાવ્યું છે. તેમ હોય કે ન હોય તો પણ વેપારી તો હશે જ. વેપારીમાં હમેશા છૂટછાટ મુકવાની વૃત્તિ હોય છે. વાણિયા જાતમાં "અગમ બુદ્ધિ"[1] વધારે ખીલી હોય છે એ વાત અનુભવસિદ્ધ છે. જ્યારે અપમાન થાય ત્યારે વાણિયો જ વિચાર કરી શકે. ક્ષત્રિય અને એવી લડાયક કોમો સહેલાઇથી માર સહન ન કરે, સામાન્ય રીતે તે તો સામી "મુક્કી મારે ધમ્મ."[1] તેમાં વળી ગુજરાત એ બિચારો નરમમાં નરમ દેશ ગણાય. અહિંસાના પાલનમાં હિંસા કરતાં પણ વધારે શૌર્યની જરૂર છે તે આપણે જાણીએ છીએ, પણ જ્યારે આજના યુગમા અહિંસાની બારીક ચર્ચા થઈ નહોતી ત્યારે ગાંધીજીનો અહિંસાનો ઉપદેશ પંજાબના નરવીર લાલાજીના ગળે ન ઊતર્યો. પંજાબમાં તો "દાંત પાડે તેનો દાંત પાડવાનો અને આંખ ફોડે તેની આખ ફોડવાનો" ઉપદેશ લોકો સમજતા હતા. તેમાં વળી દેશી રાજ્યનું વાતાવરણ: ગુલામની ગુલામ પ્રજામા એમનો જન્મ થયો. એવા વાતાવરણમાં એ ઊછર્યા. અસ્તવ્યસ્ત થએલી, થાકી ગએલી, ગ્લાનિમાં ગરકાવ થયેલી હિંદી પ્રજા, તેમાં પોચો નરમ ગુજરાત પ્રાંત, ત્યાંની એક ગુલામી અવસ્થા ભોગવતા નાના દેશી રાજ્યમા, વાણિયાની ન્યાતમાં (જેમા 'મૂછ નીચી તો ભાઈ નીચી'નો સ્વીકાર કરવામાં ન્હાનમ ગણાતી ન હોય,) તેના સાધારણ સ્થિતિના પણ લગભગ ગરીબ કુટુંબમા આ બીકણ શરમાળ છોકરો ઊછર્યો. પચાશ વર્ષની વયે તેણે હિંદી સરકારને હચમચાવી નાંખી. સ્વદેશને એક દૈવી શસ્ત્રની બક્ષિસ કરી અને જગતને એક સર્જનજૂનો પણ તે છતાં નવો અહિંસાનો પાઠ નવા સ્વરૂપમાં સમજાવ્યો.

"પિતા કુટુંબપ્રેમી, સત્યપ્રિય, શૂરા, ઉદાર પણ ક્રોધી હતા." લાચથી દૂર ભાગતા, શુદ્ધ ન્યાય આપતા, લોભ નહોતો, અને ઝીણામા ઝીણા પ્રશ્નોના ઉકેલ કરવામાં કે હજાર માણસોની પાસે કામ લેવામાં તેમને મુશ્કેલી ન આવતી એમ આત્મકથામાં જણાવ્યું છે. ગાંધીજીની શક્તિનું મૂળ અહીં જોઇ શકાય છે. "માતા બહુ ભાવિક હતી, કઠણમાં કઠણ વ્રતો આદરતી અને નિર્વિઘ્ને પૂરાં કરતી, અને વ્યવહારકુશળ હતી." ગાંધીજીની ધાર્મિક વૃત્તિ માતૃપક્ષમાંથી ઊતરી આવી હશે એવું અનુમાન કરી શકાય.

કાઠિયાવાડ એ સાધારણ રીતે (સોરઠ અને કાંઠા સિવાય) પહાડી ઉજ્જડ પ્રદેશ છે. પહાડી ઉજ્જડ પ્રદેશની પ્રજામાં સ્વમાન અને સ્વદેશપ્રેમ વધારે ખીલ્યાં હોય છે એવી સામાન્ય માન્યતા છે. વિગતવાર દલીલો અને સરખામણીમાં હું ઊતરતો નથી, પણ

---

૧ સરખાવો ગુજરાતી કહેવત:— આગમ બુદ્ધિ વાણિયો
ને પછ્ઝ્મ બુદ્ધિ બ્રહ્મ
તરત બુદ્ધિ તરકડો
કે મુક્કી મારે ધમ્મ.

આ માન્યતા મને ખરી લાગી છે. ગમે તે કારણસર કાઠિયાવાડીમાં આગ્રહ હોય છે, અતિ આગ્રહ, પછી તે સારો આગ્રહ હોય કે દુરાગ્રહ હોય, પણ અતિ આગ્રહ હોય છે. ગાંધીજીમા આ ગુણ સારા પ્રમાણમાં જણાઈ આવે છે. દક્ષિણ આફ્રિકાની લડતમાં અને ત્યાર પહેલાં એમના આખા જીવનમાં આગ્રહ જોવામાં આવે છે. જ્યારે શ્રી. કસ્તુરબાને પહેલી વાર આફ્રિકા લઈ ગયા ત્યારે તેમને તથા છોકરાને કાઠિયાવાડી વાણિયા તરીકે કેમ દાખલ કરાય એવી માન્યતાથી પારસી પોશાકનું અનુકરણ કર્યું. પત્નીને સારુ પારસીઓના જેવી સાડી, છોકરાઓ માટે કોટપાટલૂન, બધાંને માટે બૂટમોજાં પહેરવાનો હુકમ થયો. હુકમના બળથી આગ્રહપૂર્વક તેનું પાલન કરાવ્યું. આ દાખલો ખરાબ આગ્રહ અને બળજોરીનો છે અને ત્યાર પછી સાચે માર્ગે આગ્રહ કેવી રીતે થયો છે તે હિંદી પ્રજા સારી રીતે જાણે છે. મોહનદાસ સ્વભાવે ટેકીલા હતા: જ્યારે ન્યાતે એમનો બહિષ્કાર કર્યો ત્યાર પછીથી બહેન કે કોઈ પણ સગાને ત્યા તેમણે છાની રીતે પાણી પીધું નથી.

આ આગ્રહ હોવા છતાં એમની વાણિયાની સમાધાની કરવાની વૃત્તિના અનેક દાખલા આત્મકથામાં નજરે પડે છે. જ્યારે મોહનદાસને બારિસ્ટર થવા માટે વિલાયત જવું હતું ત્યારે પોતાના કાકાને મળવા ગયા અને વિલાયત જવાની રજા માગી. કાકા જૂના વિચારના હતા અને વિલાયત જઈ આવેલા હિંદીની રહેણી કરણી તરફ તેમને અવિશ્વાસ અને અણગમો હતો. તે બધું સંભળાવ્યા બાદ કહ્યું કે હું તારા સાહસમા વિઘ્ન નાખવા નથી માગતો. હું તને દરિયો ઓળંગવાની રજા તો કેમ આપું? પણ હું વચમાં નહિ આવું. ખરી રજા તારી બાની. તે તને રજા આપે તો તું સુખેથી જજે. હું તને રોકવાનો નથી. આ ઉદારતા, સહિષ્ણુતા, યુવાન મોહનદાસમા ઊતરી હોય કે તેની છાપ પડી હોય એ બનવાજોગ છે.

ગાંધીજીની જુવાનીના સમયમાં કાઠિયાવાડમા આગગાડી બધે થઈ નહોતી, એ પ્રાંત ઘણીખરી રીતે પછાત ગણાતો હતો અને સામાજિક સુધારામાં રૂઢિચુસ્ત હતો. એ રૂઢિચુસ્તતા ગાંધીજીમાં હતી. ૧૯૧૬ ની સાલમાં જ્યારે ગાંધીજીના વિચાર બહુ જાણીતા નહોતા ત્યારે અમદાવાદમાં સામાજિક પરિષદની અંદર એમના કેટલાક વિચારો સામે સખત વિરોધ થયો હતો. ગાંધીજીને ચાતુર્વર્ણ્યની સંસ્થામા આજે પણ શ્રદ્ધા છે એમ કહે છે. સંયમની દલીલ વાપરીને આંતરકોમી લગ્નો તથા આંતરકોમી ભોજનને તેઓ ઉત્તેજન આપતા નથી. એમના આશ્રમમાં તો કોમી ભેદભાવને માટે સ્થાન નથી. શરૂઆતમા એમના વિચારોથી રૂઢિચુસ્ત લોકોને બહુ ઉત્તેજન મળ્યું હતું. જેમના પ્રચારકાર્યને લીધે સ્વભાષામાં શિક્ષણ આપવાનો તથા પરિષદોનું કામકાજ કરવાનો આગ્રહ થયો તેઓ લગ્ન પ્રસંગે સંસ્કૃત ભાષાના ઉપયોગ માટે આગ્રહ કરે છે. સામાજિક પ્રશ્નોના ઉકેલ માટે એમ કહી શકાય કે એમની વૃત્તિ જીસસ ક્રાઇસ્ટના જેવી છે. હું શાસ્ત્રનો નાશ કરવા આવ્યો નથી પણ તેને સાચા પાડવા માટે પ્રયાસ કરું છું. I have come not to destroy but to fulfil.

એમણે સાદાઈનું ધોરણ પોતાને માટે નક્કી કર્યું હતું તેનાથી જુદું જોઈ શકતા નહિ. તેનો એક દાખલો ૧૯૧૫ માં પાછા આવ્યા ત્યાર પછીનો ટાંકું છું.

દેશભક્ત ગૉખલે ઘોડાગાડી રાખતા. ગાંધીજીએ ફરિયાદ કરી કે તમે ટ્રામમાં કેમ જતા નથીઃ શું નેતા તરીકે તમારી પ્રતિષ્ઠા ઓછી થાય છે? જરા દિલગીર થઈને ગૉખલેએ જવાબ આપ્યો : "તમે પણ મને ન સમજી શક્યા? મને જે વડી ધારાસભામાંથી મળે છે તે મારા સારુ નથી વાપરતો. તમને જ્યારે મારા જેટલા લોકો ઓળખતા થશે ત્યારે તમારે પણ ટ્રામમાં ફરવું અસંભવિત નહિ તો મુશ્કેલ થઈ જશે. નેતાઓ જે કરે છે તે મોજશોખને સારુ કરે છે એ માનવાને કશું કારણ નથી, તમે જરૂર માનજો કે કેટલુંક ખર્ચ મારી સ્થિતિવાળાને માટે અનિવાર્ય છે."

ગાંધીજીના વિચારો અમુક રીતે દૃઢ થઈ ગયેલા હોવાને લીધે તેમનામાં અનેક જાતની માનસિક સંકુચિતતા છે પણ જેમ જેમ અનુભવ થતો જાય છે તેમ એમની વિચાર-સૃષ્ટિ વધારે વિશાળ અને ઉદાર થતી જાય છે. એમના વિચારનું અનુકરણ કરનારા માણસો માં આ શક્તિ નથી. જેનામાં વિચારસૃષ્ટિને વધારે વિશાળ કરવાની શક્તિ છે તે જ મહાન પુરુષ થઈ શકે છે. આ કારણને લીધે દરેક સંપ્રદાયના માણસો સંકુચિત મનના અને અનુદાર થઈ જાય છે. તેમનો ઝરો વહેતો નથી. તેમનું પાણી મેલું થઈ જાય છે. એવા અનુયાયીઓ અથવા શિષ્યો સમાજનું નેતૃત્વ લે ત્યારે સમાજ તેમનાથી કંટાળી જાય. જેને મેં માનસિક સંકુચિતતા કહી છે તેનો ખુલાસો બીજી રીતે થતો હોય તો તેની ચર્ચા થવી જોઈએ.

ગાંધીજીનું વાચન ઓછું હતું તે તેમણે આફ્રિકામાં અને ત્યાર પછી વધારી દીધું હતું. દરેક પુસ્તકમાંથી પોતાના વિચારને અનુકૂળ હોય તેવી જ હકીકત મેળવી લેવા તરફ વલણ હતું એમ એમની સાથે રહેનારા ભાઈ કહેતા હતા. ખરું જોતાં દરેક પ્રાણી આસપાસના વાતાવરણમાંથી પોતાને અનુકૂળ ખોરાક લઈને પોતાનું પોષણ કરે છે અને માનસિક ખોરાકને પણ આ નિયમ લાગુ પડે છે. જ્ઞાન અને વિચારસૃષ્ટિ એ બન્ને જુદી વસ્તુ છે. નાનપણમાં દરેક પ્રકારના જ્ઞાનને સંઘરી રાખવામાં આવે છે પણ જ્યારે વિચાર પુખ્ત થાય છે ત્યારે તેની ચોક્કસ સૃષ્ટિ (વ્યક્તિગત ફિલસુફી) ઉત્પન્ન થાય છે અને ત્યાર પછી નવા જ્ઞાનને એ સૃષ્ટિમાં યોગ્ય સ્થળે ગોઠવી દેવાય તો ઠીક, નહિ તો ફેંકી દેવું પડે છે.

વિજ્ઞાનશાસ્ત્રીની દૃષ્ટિએ ગાંધીજીના ઘણા યે પ્રયોગો જુજ કિંમતના છે. પોતે સ્વીકારેલા સિદ્ધાંતને પુરવાર કરવાની કોશીશ તેમાં જણાય છે. વિજ્ઞાનશાસ્ત્રીને ખુલ્લું મન રાખવું પડે છે.

ગાંધીજીની સાથે અંગત સમાગમમાં નહિ આવેલા એવા કેટલાક માણસો એવી ટીકા કરે છે કે એમના સત્યના પ્રયોગો લગભગ બધા નિષ્ફળ ગયા છે. રાષ્ટ્રીય કેળવણીના પ્રયોગે આડકતરી રીતે ઘણો ફાયદો કર્યો છે એમ હું માનું છું પણ વિનયમંદિરો, મહાવિદ્યાલયો અને વિદ્યાપીઠના અખતરા દેશને કમનસીબે સફળ નીવડયા નથી. શરુઆતમાં તો નિયામક સમિતિ પણ એવી હતી કે તેમાં બિલકુલ નાલાયક માણસોને માટે પણ સ્થાન હતું. છેક પહેલેથી કાર્યકર્તાઓની પસંદગી સારી હોવા વિશે ઘણાયેને શંકા હતી. આ બાબતની વધારે ચર્ચા નહિ કરીએ પણ તેમાં ગાંધીજીને માથે ઘણો દોષ પડે છે.

ખાદીનું કામ પણ સફળ થયેલું ન કહેવાય. હમણા જ્યારે ખાદીકામને રાજકારણથી છુટું પાડવામાં આવ્યું છે ત્યારે તે કાંઈક સંતોષકારક થાય છે. સાબરમતી આશ્રમને સત્યા-ગ્રહાશ્રમમાંથી બદલીને ઉદ્યોગમંદિર કરવું પડયું છે. એ અખતરા વિષે પુસ્તક લખી શકાય

પરંતુ આજે પણ ત્યાંનું વાતાવરણ ક્લેશમય, ચાડીચુગલીવાળું છે. ગાંધીજી બધી લગામ પોતાના હાથમાં લેવા જાય છે, બીજાને તૈયાર કરતા નથી એ એમની વ્યવસ્થાશક્તિ વિષે ભાગ્યે જ સારો મત બાંધી શકાય. દરેક વ્યક્તિનું કામ ગાંધીજીની ઢબે જ થવું જોઈએ એવું વાતાવરણ છે તેથી વ્યક્તિસ્વાતંત્ર્ય સાચવી રાખવાની ઇચ્છાવાળા કાર્યકર્તાઓ એમની સાથે ભળી શકયા નથી અને એમની સાથેના માણસોમા વ્યક્તિત્વ રહેતું નથી એવી બૂમ છેક ઈન્દુલાલના વખતથી ચાલી આવી છે. બીજા મહાન પુરુષો દરેક સંગાથીનુ વ્યક્તિત્વ વિસ્તારવાનું ઉત્તેજન આપે છે. દાખલા તરીકે નેપોલિયન બોનાપાર્ટ અને સ્વ. શ્રદ્ધાનંદ. ખોરાકના અખતરા વિષે બહુ ટીકા કરવાની જરૂર નથી. જે બીચારા છોકરાઓ આશ્રમમા પહેલા જોડાયા (૧૯૧૬) તેમને ઘી કે દૂધ ન મળ્યાં પણ કાબરીનું તેલ ખાવું પડયું. હવે વિદ્યાર્થીઓને દૂધ મળી શકે છે. ગાધીજીના પોતાના અખતરા બહુ સફળ નીવડયા નથી. એમને સમજાવવા માટે એક વૃદ્ધ ગૃહસ્થ ગયેલા તેમને ગાધીજીએ કહ્યું કે આખી જીંદગીમા એમનાં લોહીનું દબાણ આવું સારું નહોતું અને શક્તિ જળવાઈ રહી હતી. અને બે ત્રણ દિવસ પછી અખતરો નિષ્ફળ ગણાયો અને ગાધીજીના ખોરાકમા દૂધ દહીંને સ્થાન મળ્યું. કોઇ પણ માણસને પોતાના પર અખતરા કરવાનો હક હોય પણ સોપેલા છોકરાં પર નહિ.

જે બ્હેનોએ એમના આશ્રમમા રહીને ઉન્નતિ કરવાની આશા રાખી હશે તે કેટલાં સફળ થયાં એ બાબત વિચાર કરવા જેવી છે. પાશ્ચાત્ય સંસ્કૃતિથી કંટાળી ગયેલી સ્ત્રીને શાંતિ મળી હશે, પણ કોઇ પણ નેતૃત્વ લઇ શકે કે સંસ્થા ચલાવી શકે એવું બળ મેળવી ગઇ હોય એવું જાણવામાં નથી. જે વાતાવરણમા ગાધીજી ઉછરેલા તેની ઊંડી છાપ એમના પર પડેલી હોવાને લીધે એમના આ વિષયના વિચાર આજના જમાનાને અનુકૂળ નથી.

ગાંધીજી સકળગુણસંપન્ન છે એવો દાવો કોઇએ કર્યો નથી. એમને હજી ધર્મગુરુ મળ્યા નથી, એમણે ઇશ્વરને બરાબર ઓળખ્યો નથી, એમનામા અશાન્તિ છે, કાંઇક અસ્થિરતા પણ છે. હિંદુ સંન્યાસીના જેવાં ગાભીર્ય અને સૌમ્યની ખામી કાંઇક જણાય છે. ક્ષેત્રસંન્યાસ બરાબર લઇ શકયા નથી, પૂરતી વિરક્તતા પણ નથી. જો એમનામાં વધારે આત્મસમર્પણ હોત તો યોગ્ય પ્રસંગે જાહેર જીવનમાથી છૂટા રહ્યા હોત. આ એમની મોટી ખામી ગણાય.

એમના અખતરા કેટલે અંશે સફળ થયા એ બાબતની ચર્ચા પડતી મૂકીએ. ગાંધીજીએ અસહકારનું જબરુ હથિયાર પ્રજાના હાથમાં મૂકયું છે. કાયદાનો સવિનય ભંગ કરવાની અને જેલ જવાની કે મરવાની તૈયારી પ્રજામાં કેળવી છે. બારડોલીના સત્યાગ્રહે ૧૯૨૨ ના અખતરાની નિષ્ફળતા ઓછી કરી છે. અખતરા માટે પ્રજા તૈયાર છે કે નહિ તે પારખવાનું કામ નેતાનું છે. અખતરાઓ કરવા માટે પોતાને જોઇતું પૂરતું જ્ઞાન એટલે અધિકાર છે કે નહિ તે માપવાની જવાબદારી પણ પ્રયોગ કરનારની છે.

અમેરિકાનો પ્રખ્યાત લેખક અપ્ટન કલોઝ (Upton Close) જેણે મહાત્માજીની મુલાકાત સાબરમતીમાં લીધી હતી તે લખે છે કે જીસસ ખ્રિસ્તનો ઉપદેશ છે કે જો કોઇ માણસ એક ગાલે તમાચો મારે તો તેને બીજો ગાલ ધરવો. એ ઉપદેશના અમલથી બેડો બળવો કરી શકાય છે એ પહેલુ જોનાર માણસ મોહનદાસ ગાંધી છે, અને એ પણ

ઇશ્વરની બલિહારી છે કે જે ખ્રિસ્તી પ્રજાએ આ ઉપદેશનું જ્ઞાન હિંદુસ્તાનમાં ફેલાવ્યું તેની સામે ગાંધીએ એ જ ખ્રિસ્તનું હથિયાર વાપર્યું.

એમણે પ્રજામાં નૈતિક બળ રેડીને તથા સંયમના દષ્ટાંત બતાવીને આ દેશનું જીવન ઊંચું કર્યું છે તે વિષે કોઈને શંકા નથી. આ મહાન પુરુષના વખાણ કરવાં એ સહેલું છે, એમના વિચારો કે કૃત્યોને વખોડી કાઢવાં તે એથી યે વધારે સહેલું છે, પણ ન્યાયદષ્ટિથી કહ્યા વિના છૂટકો નથી કે માત્ર ૧૦–૧૨ વર્ષની અંદર ગાંધીજીએ હિંદીઓને સ્વરાજ્યની ઝાંખી કરાવી, દેશમા નિડરતા અને આત્મભોગના પાઠ પઢાવ્યા, અને લોકોને ભાષણોને બદલે કામ કરતાં શીખવ્યું.

જે ગુણદોષો એમને કુટુંબમાંથી મળ્યા, આસપાસના વાતાવરણમાંથી એમણે મેળવ્યા, પ્રાત અને દેશમાંથી આવ્યા, તેવી સામગ્રીથી મોહનદાસ ગાંધી જગતના મહાન પુરુષ થયા. એમની નબળાઇઓ પણ એ સામગ્રીની અપૂર્ણતાને લીધે જ હશે. એમની શક્તિ તથા એમના ગુણદોષનાં મૂળ કારણોની બારીક તપાસ થતી જાય તો તેમાથી ઘણું જાણવા જેવું મળે એમ છે. આજનું વાતાવરણ સાઠ વર્ષના વાતાવરણ કરતા તદ્દન જૂદું છે અને આજનાં છોકરા ગઇ કાલના કરતાં જૂદા પ્રકારના એટલે વધારે ઉત્તમ કોટિનાં થશે તે વિષે મને શંકા નથી એટલે કેળવણીની દષ્ટિએ પણ આ બાબતનું પૃથક્કરણ અને અભ્યાસ થવાની આવશ્યકતા છે.*

સુમન્ત મહેતા

ગાંધીજીનો બાલસ્વભાવ

મેં એવા કેટલાક પુરુષો જોયા છે કે જેઓ ઘરડી ઉમરે પણ છીછાછળા બાળકના જેવા ટીખળી અને આનંદી હોય છે. પ્રસિદ્ધ પુરુષોમા સર પ્રફુલ્લચંદ્ર રાય એવી વ્યક્તિ ગણાય છે. પણ પ્રફુલ્લ બાબુ ગંભીર પુરુષ પણ છે. જ્યારે ઉપર કહેલા ઘરડા બાળકોમા ગાભીર્ય જ ન હોય એવું યે કોઇક વાર લાગે. બાલસ્વભાવની આ એક બાજૂ કહી શકાય. પણ એની અતિશયતા ૪૫–૫૦ વર્ષ પછી શોભે છે જ એમ ન કહી શકાય. બીજાઓને એનો કંટાળો યે આવે એમ બને.

જેનામાં વિનોદવૃત્તિ મુદ્દલ જ ન હોય એવા કોઇ માણસો હશે કે કેમ તે હું જાણતો નથી. ગાધીજીએ જે લોકમાન્ય વિષે કહ્યું છે તે તેમને વિષે પણ લાગૂ પડે છે: તે એ કે " વિનોદશક્તિ લોકમાન્યમાં ન હોત તો તેઓ ગાંડા થઈ ગયા હોત—એટલો રાષ્ટ્રનો બોજો તેઓ ઊચકતા હતા." બાપુજીમા કેટલો બધો વિનોદ ભરેલો છે તે જોવા માટે એમની સાથે બહુ લાંબા પરિચયની આવશ્યકતા પડતી નથી. એમના વિનોદના ટૂચકાઓ કોઇ ભેગા કરે તો એક ઠીક દળનું પુસ્તક થાય એમ સંભવે છે. અલબત,

* મૂળ લખેલો હસ્તલિખિત ' સાબરમતી ' માટે.

લોકમાન્યના અને બાપુજીના વિનોદમાં ઘણું અંતર છે. મહારાષ્ટ્રના હાજરજવાબી, દંશયુક્ત, ધૂર્ત (પહોંચેલા) કટાક્ષની બાપુજીમાં આશા રાખવી વધારે પડતી ગણાય. વલ્લભભાઇના કટાક્ષો પણ મહારાષ્ટ્રના એ કટાક્ષથી જૂદા પડે.

પણ, આ લેખમાં હું જૂદા જૂદા નેતાઓના વિનોદની મીમાંસા કરવા નથી માગતો. વિનોદમાં અંશતઃ પણ માણસે પોતાનું ગાંભીર્ય દાબેલું હોય છે, અને તેમાં એની બાલવૃત્તિ દેખાવાનો વિશેષ સંભવ રહે છે, તેટલા માટે એનો ઉલ્લેખ કર્યો. છતાં બાલસ્વભાવની આ એક બાજૂ થઇ.

પણ બાલસ્વભાવની એક વિશેષ બાજૂ—જેને બાલસ્વભાવની ખાસિયત કહી શકાય—તે બાળકની નિર્વ્યાજ–નિષ્કપટ–સરળતા છે. એ સ્વભાવ કેટલેક અંશે ધૂર્તતાનો અભાવ, અથવા સામાની ધૂર્તતા સમજાતાં છતાં સામી ધૂર્તતા બતાવવાનો અણગમો, કેટલેક અંશે પોતામાં રહેલા વય, જ્ઞાન, દરજ્જો ઇત્યાદિની વિશેષતાના ભાનનો અભાવ તથા સામી વ્યક્તિ માટે સંકોચ રહિત આદર અથવા મિત્રભાવમાંથી પ્રગટે છે. જેણે જીવનમાં કાંઇક વિશેષ કરી બતાવ્યું છે, જે રાજકારણ જેવા વિષયોમાં પડે છે, જેણે દુનિયા ઘણી જોઇ છે, જેણે માન–મરતબો–લક્ષ્મી ઘણાં ભોગવ્યાં છે, તેનામાંથી બાલસ્વભાવની આ બાજૂનો ઘણી વાર લોપ થઇ જાય છે; તેથી જ્યારે આ પ્રકારનો બાલસ્વભાવ કોઈ મહાપુરુષમાં જણાય, ત્યારે જેમ દૂરબિનમાંથી જોતાં જ્યારે બરાબર અંતર ગોઠવાઈ જાય, ત્યારે નેત્રને એક જાતની સ્વસ્થતા અને સુખ લાગે છે, તેમ તેની આગળ ચિત્તને સ્વસ્થતા અને સુખ થાય છે. એ બાલસ્વભાવમાંથી કોઈ વાર વિનોદ પણ મળી રહે છે, અને તે બાલસ્વભાવ એ પુરુષને પ્રિય બનાવી મૂકયાં વિના રહેતો નથી.

બે વ્યક્તિઓ વચ્ચેનો સંબંધ ગુરુ–શિષ્યનો હોય, બાપ–દીકરાનો હોય, મા–દીકરાનો હોય, પતિ–પત્નીનો હોય કે સ્વામી–સેવકનો હોય, જ્યારે ગુરુમાં, બાપમાં, મામાં, પતિમાં, સ્વામીમાં બાલસ્વભાવનું દર્શન થાય છે, તે વખતે જ બેની વચ્ચે વધારે પ્રેમભર્યો દૃઢ મૈત્રીનો સંબંધ બંધાય છે, અને બે હૃદયો એક બનતાં જણાય છે. એથી ઊલટું, બે મિત્રોમાં પે બેદીલી ઉત્પન્ન થયાના પ્રસંગ, જ્યારે બેમાંથી એકમાં બાલસ્વભાવની સરળતા, નિરભિમાનતા ઓછી થઇ હોય અને બીજામાં રહી હોય ત્યારે થઇ આવે છે.

આ બાલસ્વભાવની માત્રા આપણામાંથી દિનપ્રતિદિન ઓછી થતી જાય છે એમ મારા મોટા ભાઇનો મત છે. થોડા વખત પર તેમણે મને કહ્યું હતું: “થોડાં વર્ષ પર ઘરડી ઉંમરના માણસો પોતાના પ્રૌઢ ઉંમરના છોકરાઓને જ નહિ, પણ મોટી ઉંમરના પાડોશીઓને પણ નિઃસંકોચપણે એમના હિતાર્થે ધમકાવી નાંખતા. ગામડાંઓમાં ઘરડો નોકર શેઠને શેઠના હિતાર્થે ધમકાવી નાખે એવા પ્રસંગો જોવાને મળે છે. એમને એવો ખ્યાલ નથી ઉપજતો કે એમના બોલથી સાંભળનારને ખોટું લાગશે. અને એમને પણ એમ ઠપકો આપે તેથી ખોટું લાગતું નહિ. એ ઠપકો હમેશાં વાજબી લાગતો હોય છે એમ ન કહેવાય. વિચારભેદને લીધે સાંભળનાર પોતાનું ધાર્યું કરતો, પણ વૃદ્ધોને એમ કહેવાનો અધિકાર છે એમ સમજી તે વિષે મનમાં કશું આણતો નહિ. પણ આજે ૧૬ કે ૧૮ વરસના પેટના દીકરાને પે કંઇ કહેતાં સંકોચ થાય છે. એ ખોટું લગાડતા શીખ્યો છે. પતિ–પત્નીને પણ એક બીજાના શબ્દમાંથી અપમાન લાગી આવે છે.”

સ્વાભિમાનની માત્રા આપણામા વધતી જાય છે, એમા કેટલું ઇષ્ટ–અનિષ્ટ છે એ ઠરાવવું મુશ્કેલ છે; પણ એ કેટલેક અંશે બાલસ્વભાવ અને સરળ સ્વભાવને વિરોધી થાય છે એ પણ સાચું છે. આથી જ જ્યા અનેક લોકો કૃત્રિમ ભાવથી અને સંકોચથી જ વર્તતા હોય, ત્યા બાપુજીના જેવું અદ્વિતીય સ્થાન ભોગવનારનો શુદ્ધ સરળ સ્વભાવ એ અતિશય પ્રેમ અને આનંદવર્ધક લાગ્યા વિના રહેતો નથી. એ સ્વભાવ વિરલ ઠેકાણે જ જોવામા આવે છે.

આપણી અપેક્ષા કરતા યે કોઇક વાર એ સરળતા વિશેષપણે પ્રગટી ઊઠે ત્યારે થોડો વિનોદ પણ થાય છે. છેલ્લી મહાસભામાથી પાછા ફર્યા બાદ થોડે દિવસે બાપુજીને હું મળ્યો ત્યારે કલકત્તામા એમને પડેલા શ્રમથી એમની તબિયત પર શી અસર થઈ એ મેં પૂછ્યું. એમણે કહ્યું: " આ શરીરમાં કાંઈ શક્તિ ભરેલી છે ! બધાને આશ્ચર્ય થયું, અને હું પણ આશ્ચર્યચકિત થયો ! એક દિવસ તો તે-વી-સ કલાક કામ કરવું પડયું. એકેએક જણ થાક્યા અને મગજ ચાલતુ નથી એમ કહેવા લાગ્યા; પણ મારું મગજ તો કામ કર્યે જ જાય છે ને ? ૨૩ કલાકે કામ પૂરું થયું, પછી મુકામે આવ્યો, કાંત્યું, પ્રાર્થના કરી, પછી સૂતો. આટલી શક્તિ તો અજબ કહેવાય ને ? " જાણે કોઇ ત્રીજા પુરુષની શક્તિનું વર્ણન કરી વિસ્મય બતાવતા હોય, તેમ આ પોતા માટેનું આશ્ચર્ય જે સ્વાભાવિક રીતે એમણે દર્શાવ્યું, તેનો ખ્યાલ જેણે સાંભળ્યું હોય તે જ કરી શકે.

એમની બાલ-સરળતાનું એક બીજું દૃષ્ટાંત. રોજ સાંજના આશ્રમમાથી સાબરમતી જેલ તરફ ફરવા જવાની એમને ટેવ છે. તે વખતે નાના બાળકોનું ટોળું ઘણુંખરું એમની સાથે હોય જ. છોકરાઓ જોડે ગેલ કરતાં કરતા જેલના દરવાજાને પહેલો કોણ હાથ લગાડે એવી કાંઇક સ્પર્ધા પણ જાગે. દરેક બાળક જેલના દરવાજાને હાથ લગાડીને પાછુ ફરે એવા નિયમ જેવું થઇ ગયું છે. બધાની જોડે બાપુજી પણ એ નિયમ બરાબર પાળી જેલના દરવાજાને હાથ લગાડી પાછા ફરે એ દૃશ્ય તો મનોરંજક થાય જ; પણ કોઇ વાર બાળકો સાથે ન હોય, પણ કોઇ મોટાઓ હોય ત્યારે પણ સહજ પણ એ ટેવને વશ થતા જોઇ વિશેષ આનદ થાય છે.

સામા માણસમા એટલી સરળતા ન હોય, તો બાપુજીની સરળતા કોઇ વાર એને મૂંઝવનારી યે થાય છે. બાપુજી પોતાની સરળતાથી કોઈ વાર શિક્ષકોને વિદ્યાર્થીઓ કે બીજાઓના દેખતાં જ ઠપકો દઇ નાખે છે. ઠપકો સાંભળનારમાં કાંઇક સ્વાભિમાનની માત્રા હોય છે. બાપુજી એને ઠપકો આપે તેનો એને રોષ નથી ચઢતો, પણ બધાંનાં દેખતાં ઠપકો મળે એ એને સહન નથી થતું એમ બને છે. આ સરળતા અનુકરણીય છે કે કેમ એ એક વિચારવા જેવો વિષય છે ; પણ બાપુજીમાં એ સહજ છે એ નક્કી. એક વૃદ્ધ ગૃહસ્થને પચાસેક વર્ષની ઉમરનો દીકરો હતો. અર્થાત્, દીકરાને પણ જુવાન દીકરા હતા. પણ ડોસાની સ્મૃતિમા અને નજરમા તો ધાવણો પૌત્ર અને પચાસ વર્ષનો દીકરો સરખા જ દેખાય. આથી કોઇ વાર એ ઘરડા થતા દીકરાને યે વઢે; અને દીકરાને એમ થાય કે, ' હવે હું ૫૦ વરસનો ઘરડો થવા આવ્યો તેને આમ તમે છોકરાઓના દેખતા બોલો એ ઠીક નહિ. મને એમા ઓછું આવે છે.' ડોસા બાપડા નરમ પડી જાય અને કહે, "ભાઇ, ભૂલ થઇ. હું શું કરું ? મારી આંખે હજુ તું નાનો બાળક જ દેખાયા કરે છે, અને તારા છોકરા અને

૧ આશ્રમમા ૨ વિદ્યાપીઠમાં ૪–૫ આશ્રમમાં બાળકો સાથે ફરતા
૬ ટાગોર, ગાંધીજી અને એન્ડ્રુઝ.

તારા વચ્ચે બાપ-દીકરાનો સંબંધ છે એમ યાદ નથી રહેતું. તું જેમ મારો છે, તેમ આ પણ મારા જ છે એમ લાગ્યાં કરે છે." આવું જ કાંઈક બાપુજીને વિષે થાય છે. શિક્ષકોને તથા બીજાઓને પોતાના પદનો ખ્યાલ રહે છે; બાપુજીને નાના-મોટા પણ એક જ-શિષ્ય કે વિદ્યાર્થી કે પુત્ર-વર્ગના લાગતા હોય છે.

બાપુજી જે કામ આરંભે છે તેમાં અત્યંત શ્રદ્ધા રાખે છે. લોકમાન્યને વિષે પણ એમ કહેવાય છે. પણ લોકમાન્યની શ્રદ્ધા આત્મવિશ્વાસની શ્રદ્ધા હોય એમ મને લાગે છે. જે કામનો માણસે બુદ્ધિથી સાંગોપાંગ વિચાર કરેલો હોય, અથવા જે કામ પોતે પહેલાં અનેક વાર કરી પાર પાડ્યું હોય, તેવું કામ ફરીથી કરતાં એ થશે જ એવી એને ખાતરી લાગતી હોય છે, તે શ્રદ્ધા આત્મવિશ્વાસની શ્રદ્ધા છે.

વૈજ્ઞાનિકની શ્રદ્ધા એથી જૂદા પ્રકારની હોય છે. એ શોધક અને વિચારક છે. અખતરા કરવા એને એ પોતાનો ધંધો સમજે છે. થોડો ઘણો વિચાર કરી, એ પ્રયોગ કરી જોવા તૈયાર થઇ જાય છે, અને પ્રયોગ માટે કેળવેલી ધીરજમાં એની શ્રદ્ધાનું દર્શન થાય છે. એની શ્રદ્ધા એના પ્રયોગ પરત્વે છે; એના ફળ પરત્વે નથી. એ વિષે એ તટસ્થ છે.

ભક્તની શ્રદ્ધા સાધનો પર નથી. એનું ફળ બરાબર જ આવશે એમ એને દૃઢ વિશ્વાસ છે; પણ એનું કારણ પોતે પણ નથી, તેમ એના સાધનો પણ નથી; એના ઇષ્ટદેવની **कर्तृं, अकर्तृं, अन्यथा कर्तृं** શક્તિ છે.

બાળકની શ્રદ્ધા એનાં કર્મનાં સાધન અને ફળ બન્નેમાં હોય છે, પણ તે આત્મ-વિશ્વાસત નહિ, પણ પરવિશ્વાસત હોય છે. શ્રી૦ રવીંદ્રનાથ ટાગોરનાં એક કાવ્યમા બાળક એની માને કહે છેઃ " તું પાસે છે, એટલે હવે દીવાની જરુર નથી. તું છે, એટલે હવે મને બીક નથી." આમ મા ઉપરનો વિશ્વાસ એ એનું શ્રદ્ધાબળ થાય છે. માએ કે શિક્ષકે કહ્યું છે કે કાર્ય અમુક રીતે કરવાથી સિદ્ધ થાય, તે શબ્દમાંની શ્રદ્ધાને લીધે એને પોતાનાં સાધન પર શ્રદ્ધા છે.

પૂ. બાપુજીને એમના સાધનો પર અખૂટ શ્રદ્ધા રહે છે; અને એ બાળકની જેમ નિઃશંક ભાવે મૂકાયેલી હોય છે. એનું બીજ એમને બહારથી મળ્યું છે, અને તેને એમણે ભક્તની જેમ પોષ્યું છે. પણ ભક્ત કરતાં યે એ હમેશાં વિશેષ આશાવાદી રહે છે, કારણ કે એ પોતાનાં સાધનોમા બાળકની જેમ શ્રદ્ધા રાખે છે. એક વાર આશ્રમના વિદ્યાર્થીઓમા કેટલાક દોષો જણાયાથી તેમણે સાત દિવસના ઉપવાસ આદર્યા. આશ્રમવાસીઓએ એમને તેમ ન કરવા માટે ઘણી દલીલો કરી; અનેક રીતે સમજાવ્યા; પણ એમને ન સમજાવી શક્યા. ઉપવાસ દરમિયાન વિદ્યાર્થીઓના કેટલાક બીજા દોષો પણ પકડાતા ગયા; કેટલાક વિદ્યાર્થીઓએ પોતે કબૂલ કર્યાં; કેટલાકને કબૂલ કરવા પડ્યા, કેટલાકે ખૂલ્લું થયું તેટલું કબૂલ કર્યું, ન પકડાયું તેટલું ઢાંક્યું. પણ જેમ જેમ આ વાતો બહાર આવતી જાય, તેમ તેમ પૂ. બાપુજીનો ઉપવાસની શક્તિ વિષેનો વિશ્વાસ વધતો જ જાય. ઉપવાસના કેટલા સુંદર પરિણામ આવતાં હતા તે જે ઉત્સાહથી બાપુજી વર્ણવતા, તેથી સાંભળનારાઓને પણ ઉપવાસ કરવાની હોશ થઇ આવતી, અને થોડો વખત એનો ચેપ પણ બીજાને લાગતો.

બાપુજીના અખતરાઓનો ચેપ આશ્રમમાં અથવા વાચકોમાંથી ઘણાને લાગે છે, તેનું કારણ તેઓ તેમ કરવાને બીજાને ઉપદેશ આપે છે તે નથી. ઘણી વાર, ઉપદેશ તો ન

ફરવાનો યે આપે છે. પણ જેમ બાળક પોતાને ગમેલી વસ્તુ અતિશય ઉત્સાહથી વર્ણવે, અને તેમાં પોતાનું હૃદય ઠાલવી દે, તેમ પૂ. બાપુજી પોતાના અખતરાઓનું, તેની અસરનું વગેરે વર્ણન એટલા ઉત્સાહથી કરે છે કે તેનો ચેપ લાગ્યા વિના રહેતા નથી.

આથી, બાપુજીને પાછા ફરવાની યે વારંવાર જરૂર પડે છે એ ખરું, પણ જે નિખાલસતાથી તેમણે ઝંપલાવ્યું હોય છે, તેટલી જ નિખાલસતા એ પાછા ફરવામાં બતાવે છે, એટલે એથી પણ એમને વિષે આદર અને પ્રેમ જ વધે છે.

એમના બાલસ્વભાવના એક બે દાખલાઓ આપી આ લેખ પૂરો કરું છું:

ખેતરને એક છેડે બાપુજી હોય, બીજે છેડેથી કોઈ બાળક 'બાપુજી! બાપુજી!' કરી બૂમ મારે; બાપુજી મોટેથી હોકારો આપે, "તું કે? આજે કેમ મોડી આવી? આજે તારી વાત છે?"—એ વખતે ખેડૂત જેવા દેખાતા આ ડોસાથી બ્રિટિશ સલ્તનતને ડરવું પડે છે એમ એમને ન જાણનાર કોઈ માણસ સાંભળે તો તેને મશ્કરી લાગે.

એક વાર બાપુજી આ રીતે હાથમાનો વાંસ ટેકાવતા ચંદ્રભાગાના નાળાં આગળથી ખેતરોમાં થઈને જતા હતા. એક છોકરો પાછળથી બૂમો મારતો હતો, તેને બાપુજી હોંકારો આપ્યા કરતા હતા. બાપુજીની મુલાકાતે આવેલા એક ગૃહસ્થ અને હું એક છાંયાવાળી જગ્યાએથી આ દશ્ય જોતા હતા. ઘણી વાર જોઈ રહ્યા બાદ એમણે કહ્યું, "કેવું અદ્ભુત દશ્ય છે! ઈશુ ખ્રિસ્તને ભરવાડની ઉપમા આપે છે, અને બાઈબલમાં ભરવાડનું દૃષ્ટાંત આવે છે, તેના જેવું જ આ લાગે છે."

બાપુજીના વિનોદના કેટલાક પ્રકારો ઠરેલા છે. દા. ત. કોઈ માંદાની ખબર કાઢવા જાય, ત્યારે એમનો પહેલો સવાલ, "કેમ? સિંહ કે શિયાળ?" એ ઘણુંખરું હોવાનો. અતિશય પરિચિત જન એમને પ્રણામ કરવા આવે ત્યારે એમની આશીર્વાદ આપવાની રીત લેનારને જરા કઠણ પડે એવી ગણાય ખરી! કારણ એનું સ્વરૂપ ઘણીવાર ટપલાનું, તમાચાનું, મુક્કાનું કે કાન આમળવાનું થાય છે અને તે વખતે એમની અહિંસાત્મક હિંસા કે હિંસાત્મક અહિંસાનો નાનકડો પદાર્થપાઠ મળે છે! મારે કમભાગ્યે બાપુજી મારી સાથે એટલો નિઃસંકોચ નથી બતાવતા, પણ મહાદેવભાઈની ટાલ પર ટપલો કે સતીશ બાબુના વાંસામાં મુક્કો પડતો જોઈ, મને તો એમની અદેખાઈ જ આવી છે. (સાથે, હું મુક્કો સહન કરી શકું કે કેમ એ વિષે સંદેહ તો રહે જ!)

બાપુજી દર અઠવાડિયે ચોવીસ કલાક મૌન સેવે છે અને એમના પોતાના અભિપ્રાય પ્રમાણે એ મૌનમાંથી અપાર શાંતિ અને રસના ઘૂંટડા મેળવે છે. છતાં મૌન રાખવું એ બાપુજીના સ્વભાવમાં છે એમ હું ન કહું. ગપાટાના નહિ, છતાં વાતોના બાપુજી ઠીક રસિયા છે એમ કહું તો એ એમનામાં રહેલી બાલવૃત્તિનો જ પુરાવો ગણાય. બાળકને મૂગા બેસી રહેવું ગમે એવું કદી સાંભળ્યુ છે? પણ એ મૌન એમને શાંતિ આપે એમાં નવાઈ નથી; કારણ એથી એમને એક જાતની વિશ્રાંતિ અને સ્વસ્થતા તો મળે છે જ, અને છ દિવસમાં તેઓ જે શ્રમ કરે છે, તેને અંગે તદ્દન આવશ્યક ગણાય.

બાપુજીના બાલસ્વભાવનો એક વિશેષ અને સચોટ પરિચય એમના 'મુક્ત હાસ્ય'માં થાય છે. જ્યાં સુધી એમનામાં એ 'મુક્ત હાસ્ય' રહ્યું છે, ત્યાં સુધી બાપુજીમાંથી બાલત્વ ચાલ્યું જવાનો સંભવ નથી.

કિશોરલાલ ઘ. મશરૂવાળા

ગાંધીજી અને જૈનત્વ

દુનિયામાં આજે જેટલા જાણીતા ધર્મપંથો છે લગભગ તે બધા ગાંધીજીને હૃદયથી અપનાવવા અગર પોતાના પંથના અનુગામી બનાવવા કે મનાવવા થોડો ઘણો પ્રયત્ન કરે છે. મુસલમાનો કેટલાંક વર્ષ અગાઉ ગાંધીજીને જ ખલીફા બનાવવાની વાતો કરતા. ખ્રિસ્તીઓ તો બહુ જ ઉમળકા સાથે ગાંધીજીને ખ્રિસ્તી બનાવવા પ્રયત્ન કરી પણ ચૂકેલા અને અત્યારે પણ ઘણાયે મનથી એમ ઇચ્છતા હશે. આર્યસમાજીઓ તો આવી બાબતમા પાછા પડે એવા છે એમ માનવા કોઇ ભાગ્યે જ તૈયાર હશે. ઘણા સમજનાર બૌદ્ધો ગાંધીજીમા બૌદ્ધધર્મની નવી આવૃત્તિનુ દર્શન કરી રહ્યા છે. જૈનોનો તો એ દાવો જ છે અને તેને ગાંધીજીના પોતાના જ કથનનો ટેકો છે કે તેમનામાં જૈનધર્મના કેટલાક વિશિષ્ટ તત્ત્વો અમૂક કારણોથી આવેલાં છે.

જે બધા ધર્મપંથવાળા ગાંધીજીમાં પોતપોતાના પંથનાં વિશિષ્ટ તત્ત્વો જોઇ રહ્યા છે અને તેને લીધે તેઓ ગાંધીજી પાસે પોતાનો પંથ સ્વીકારાવવા અગર તેમની પાસે પોતાના પંથનું મહત્ત્વ ગવરાવવા ઇચ્છે છે તે ધર્મપંથોમાં ફક્ત સુધારક અગર કયારેક ક્રાંતિકારક તરીકે પ્રસિદ્ધ થયેલા (ભલે આજે તે તદ્દન સ્થિતિચુસ્ત અને નિષ્ક્રિય થયા હોય) પંથોના જ નામ આવે છે. ગાંધીજી જન્મથી જે ધર્મપંથના છે તે ધર્મપંથના એટલે સનાતન ધર્મના લોકો ગાંધીજીને પોતાના પંથના સમજી બહુ હરખાતા કે મલકાતા નથી અને સનાતન પંથનો મોટો રૂઢિબદ્ધ ભાગ તો ગાંધીજીને પોતાના પંથના કહેતા ને મનાવતાં કદાચ સંકોચાય પણ છે. જ્યારે બીજા પંથવાળા કોઇપણ રીતે તેમના પંથ વિષે ગાંધીજી પાસે સહાનુભૂતિવાળા બે શબ્દો બોલાવવામાં અને કદાચ કડવી ટીકા સાથે સુદ્ધા તેમના શ્રીમુખથી પોતાના ધર્મપંથ વિષે કાંઇક મહત્ત્વપૂર્ણ સાંભળવામા ગૌરવ માને છે અને તે માટે ખૂબ પ્રયત્નશીલ રહે છે. ત્યારે ગાંધીજી ડાંડી પીટીને જે ધર્મને પોતાનો ધર્મ અને પોતાનો પંથ કહે છે તેમ જ જેને સંપૂર્ણ ધર્મ તરીકે ઓળખાવે છે તે જ ધર્મ અને પંથના લોકો ગાંધીજીને પોતાના ધર્મપંથના કહેતા અને મનાવતાં શા માટે સંકોચાતા હશે એ સવાલ થાય છે. આ સવાલ વિષમ છે પણ તેનો ઉત્તર તેવો વિષમ નથી.

ગાંધીજીનો આત્મા જેવો પ્રાચીનપણાનો પક્ષપાતી દેખાય છે તેવો તે ખરી રીતે નથી. તેમને કોઇ પણ વસ્તુ માત્ર જૂની હોવાને કારણે જ નથી ગમતી અને માત્ર નવી હોવાને કારણે તેઓ તેને ફેંકી નથી દેતા. તેમની કસોટી સખત છે અને ઉદારતા તો તેથી યે વધારે છે, એટલે દરેક વસ્તુને જીવનસુધારણાની તેમ જ પ્રજાજીવનમા ઉપયોગીપણાની દૃષ્ટિએ કસે છે; એ કસોટીમાં તેમને જન્મસિદ્ધ ધર્મપંથનાં ઘણાં તત્ત્વો ફેંકી દેવાં અગર બદલી દેવાં પડયા છે અને બીજા બીજા ધર્મપંથોનાં કેટલાંક તત્ત્વો એમ ને એમ અગર થોડા ઘણા ફેરફાર સાથે તેમણે સ્વીકાર્યા છે, જીવનમાં ઊતાર્યા છે અને કેટલીક બાબતોમાં તો તેમણે એ તત્ત્વોને પોતાનું વિશિષ્ટ સ્વરૂપ અર્પ્યું છે. સનાતન પંથ એટલે અચલ પંથ. તે બુદ્ધિપૂર્વક

ફેરફાર અને પરિવર્તન કરવાની પહેલ નહિ કરનારો પથ જે એવુ પરિવર્તન કરે તે તેની નજરે નાસ્તિક અગર સનાતન પથ બહારનો એટલે ગાધીજીને પોતાનો જન્મસિદ્ધ ધર્મપથ તો પચાવે એવી તેની આતરશક્તિ જ નથી સનાતનપંથી હોય અને ગાધીજીને પોતાના પંથના માને તો તેને જૂની સ્મૃતિઓ, પુરાણો વગેરે ફેંકી દેવુ પડે અગર તેમાના કેટલાક ભાગ ઉપર હરતાલ દેવી પડે એમ કરવા જતા તો તે અચલપથી મટી જ જાય. એટલે કોઇ પણ સનાતનપંથી એમ જ કહેવાનો કે ગાધીજી યુરોપમા જઇને અગર બાઇબલ વગેરે વિધર્મી શાસ્ત્રોનો સાદર અભ્યાસ કરીને તેમજ કદાચ સનાતન પથના પ્રૌઢ આચાર્યો પાસેથી વેદ, ઉપનિષદ્દનું ખરુ મર્મ નહિ સમજવાને કારણે સનાતન ધર્મના તત્ત્વો બરાબર સમજી શક્યા નથી અને એ તત્ત્વોનું મહત્ત્વ તેમના ધ્યાનમા ખરેખર ઊતર્યું નથી. જો કે બીજા સુધારક પથો પણ અનેક બાબતોમા રૂઢિચૂસ્ત અને અચલ જેવા હોય છે છતા તેમની મૂળ પ્રકૃતિમા સુધારકપણાનું તત્ત્વ હોવાથી તેઓ ગાધીજીની પ્રકૃતિને પોતાથી બહુ દૂર નથી લેખતા ગાધીજીના આત્મામા જે શોધનું અને ઉપયોગી વસ્તુને પચાવવાનું અસાધારણ બળ છે તેનો મેળ બધા જ સુધારક ગણાતા પંથોની મૂળ પ્રકૃતિ સાથે વધારે બેસે છે. આ જ કારણને લીધે સનાતન સિવાયના બધા જ ધર્મપથવાળાઓ ગાધીજીને પોતાની નજીક આણવા અગર પોતે ગાધીજીની નજીક જવા ઓછુ વધતું ઇચ્છે છે આ રીતે જૈન સમાજના બધા જ સારા વિચારકો ગાધીજીને જૈન માને છે અગર તેમનામા જૈનધર્મના મૂળભૂત સિદ્ધાતો ઓતપ્રોત થયેલા જુએ છે બીજા ધર્મપથો વિષે ન કહેતા આ લેખમા જૈનપંથ વિષે જ મુખ્યપણે કહું છુ તેના બે કારણો છે એક તો લેખની મર્યાદા અને બીજું કારણ બધી વસ્તુઓને એક સાથે ન્યાય એક જ જણ આપે તેમા અન્યાય થવાનો સભવ ત્યારે આપણે હવે જોઇએ કે ગાધીજીમા કયા એવા જૈનધર્મમાન્ય ખાસ તત્ત્વો ઓતપ્રોત થયા છે કે જેને લીધે જૈનો અગર કેટલાક જૈનેતરો એમને જૈન કહેવા અને માનવા પ્રેરાય છે .

જૈનધર્મના આચાર અને વિચાર સબધી બે તત્ત્વો એવા વિશિષ્ટ છે કે જેને લીધે એ ધર્મ બીજા પંથોથી જૂદો પડે છે એ બે તત્ત્વો એટલે અહિંસા અને એકાતવાદ આ બન્ને તત્ત્વો માત્ર મધ્યસ્થપણાની પ્રકૃતિમાથી જન્મ્યા છે અને વિકસ્યા છે. ગાધીજીની પ્રકૃતિમા મધ્યસ્થપણુ જો સહજ રીતે જ ન હોત તો આ બે તત્ત્વો તેમના જીવનમા ન આવત એમ મને ચોખ્ખું લાગે છે પ્રકૃતિના બંધારણમા મધ્યસ્થપણાના સંસ્કારો બીજરૂપે હતા એ એમની 'આત્મકથા' કહે છે સ્વાભાવિક મધ્યસ્થપણું હોવા છતા તેમને જૈન ધર્મના વિશિષ્ટ અભ્યાસી શ્રીમદ્ રાયચંદ્ર જેવાનો ગાઢ પરિચય થયો ન હોત તો પણ એ તત્ત્વો જે રીતે તેમના જીવનમા દેખા દે છે તે રીતે આજે હોત કે નહિ એ શકાસ્પદ છે. ગાધીજીના જીવનમા બધા ધર્મોને માન્ય અને છતા જૈનધર્મની ખાસ ગણાતી અહિંસા ઊતરી છે પણ તે જૈન બીબામા ઢળાએલી નહિ જૈનોનો એકાતવાદ ગાધીજીના પ્રત્યેક કાર્યમા અને પ્રત્યેક શબ્દમા દેખાય છે, પણ તે સુદ્ધા જૈન ભાષા અને જૈન રૂઢિના બીબામા ઢળેલો નહિ. પોતાની પ્રકૃતિમાથી જ જન્મેલા અને શ્રીમદ્ રાયચદ્ર આદિ જેવાના પરિચયથી કાઇક વિશિષ્ટ રીતે પોષણ પામેલા એ બે તત્ત્વો જો સાપ્રદાયિક બીબામા ઢળેલા જ ગાધીજીના જીવનમા આવ્યા હોત તો ગાધીજીના જીવન વિષે આજે વિચારવાનું રહેત જ નહિ તેઓ આપણા જેવા પ્રાકૃત હોત અને તેમના જીવનમાથી મેળવવાપણું ન જ હોત અથવા ઓછામા ઓછુ હોત.

ગાંધીજીએ અહિંસાને અપનાવી પણ તે એવી રીતે અપનાવી કે અત્યાર સુધીમાં કોઈ પણ સાધારણ કે અસાધારણ માણસે એ રીત અંગીકાર જ કરી નહોતી. અથવા કોઈને બહુ સ્પષ્ટપણે અને વ્યાપકપણે એ રીત સૂઝી જ નહોતી. હથિયાર ન પકડવાં, કોઈ સામે હાથ ન ઉગામવો, ઘરમાં, ગુફામાં કે જંગલમાં મૌન લઈ નિષ્ક્રિય થઈ બેસી ન રહેવું, બધા જ ક્ષેત્રોમા ઝઝુમવું અને છતા કોઈ પણ સ્થળે ન હારવાનો તેમ જ બધા ઉપર વિજય મેળવવાનો ઉત્સાહ અને નિશ્ચય એ ગાંધીજીની અહિંસાનું નવું અને સ્પષ્ટ રૂપ છે. પોતાના વિચારો અને સિદ્ધાંતોમાં અતિ આગ્રહી રહ્યા છતા કોઈ પણ કટ્ટરમાં કટ્ટર બીજા પક્ષકારની દલીલને સમજવાનો ઉદાર પ્રયત્ન અને સામાની દૃષ્ટિમાથી કાંઇ લેવા જેવું ન જણાય તોપણ તેને, તેના રસ્તે જવા દેવાની ઉદારતા, એ ગાધીજીના અનેકાંતવાદનું જીવતું દિવ્ય સ્વરૂપ છે. વિરોધી પક્ષકારો ગાંધીજીને ન અનુસરવા છતા કેમ ચાહે છે તેની કૂંચી એમના અનેકાતદૃષ્ટિએ ઘડાયેલા જીવનમાં છે. અનેકાતદૃષ્ટિ એટલે એક જ બાબત-પરત્વે અનેક વિરોધી દેખાતી દૃષ્ટિઓનો મેળ સાધવો તે, જેને સમન્વય કહી શકાય. આ દૃષ્ટિ ગાધીજીના વ્યાવહારિક જીવનમાં સંપૂર્ણપણે તરવરે છે. અહિંસાનું અને અનેકાતદૃષ્ટિનું બીજ ક્યાથી આવ્યું, કેમ વિકસ્યું એ જોવા કરતા એ ગાધીજીના જીવનમાં કઇ રીતે કામ કરી રહ્યું છે, એ જોવું બહુ જ જીવનપ્રદ અને અગત્યનું છે. ખરી રીતે તો હવે ગાંધીજીની અહિંસા અને ગાધીજીનો અનેકાત એ એમના જીવનની તદ્દન વિશિષ્ટ જ બાબત થઇ પડી છે અને તેથી જ તે જૈનપંથના બીબાબદ્ધ એ બે તત્ત્વો કરતાં જૂદી પણ પડે છે.

આમ હોવા છતા જ્યારે અહિંસાતત્ત્વની અપારતા અને અનેકાંતતત્ત્વની વિશાળતાનો વિચાર આવે છે ત્યારે ચોખ્ખું લાગે છે કે ગમે તેટલો વિકાસ કર્યા છતાં અને ગમે તેટલું ઉપયોગી પરિવર્તન કર્યા છતાં એ તત્ત્વોની બાબતમા ગાધીજી બીજા ધર્મપંથો કરતાં વધારેમાં વધારે જૈન ધર્મની જ નજીક છે. ગાધીજી જૈન કહેવાય તેથી જૈનપંથે મોટો વિજય સાધ્યો અગર જૈનપંથ બહુ કર્મઠ છે એમ અહીં કહેવાનું નથી. એ જ રીતે ગાધીજી જૈન ન કહેવાય તો યે જૈન પંથનાં વિશિષ્ટ તત્ત્વો જો સાચેજ ઉપયોગી હોય તો તેથી જૈનપંથનું ગૌરવ ઘટવાનું નથી. અહીં તો ફક્ત વિચારવાનું એટલું જ છે કે ગાંધીજીની પ્રકૃતિમાં જે જે વિશિષ્ટ તત્ત્વો ભાગ ભજવી રહ્યાં છે તે તત્ત્વોમાંના ક્યાં તત્ત્વો જૈન-ધર્મના મૂળ સિદ્ધાંતોમાં આવે છે. આ દૃષ્ટિએ હૂં ગાધીજીને ઉપર કહેલ બે તત્ત્વોની બાબતમાં જૈન સમજું છું.

હજારો જ નહિ પણ લાખો જૈનોને પૂછો તો એમ જ કહેવાના કે " જે વાછરડો મારે અને કુતરાં મારવાની સંમતિ આપે તે જૈનધર્મની અહિંસાવાળા શી રીતે હોઇ શકે?" પરંતુ મેં ઉપર સૂચન કર્યું જ છે કે હવે તો ગાંધીજીની અહિંસા એ તેમની વિચાર અને જીવનસરણીમાંથી સિદ્ધ થએલી અને નવું રૂપ પામેલી અહિંસા છે. ગાંધીજીને કેવળ શબ્દોમાં જ અહિંસાની ચર્ચા કરવી પડી હોત અને નાનાં મોટાં અનેક ક્ષેત્રોમાં વ્યવહારુ જીવનને લગતા કઠણ કોયડાનો ઉકેલ કરવાનો પ્રસંગ તેમને આવતો ન હોત તો તેમની અહિંસા જુદા જ પ્રકારની હોત અને તેમના અનેકાંતવાદમા જૈનશાસ્ત્રના 'અસ્તિ' 'નાસ્તિ' 'ધ્રુવ' 'અધ્રુવ' વગેરે વિરોધી શબ્દોના ચમકારા સિવાય બીજું આકર્ષક તત્ત્વ ભાગ્યે જ આવ્યું હોત. અહિંસા અને અનેકાંતવાદનો

આશ્રય લઈ તેમને બધા જ વ્યવહારુ કામો કરવાના હોય છે અને બધા જ કોયડાઓ ઉકેલવાના હોય છે એટલે તેઓ પોતાને જણાતો માર્ગ નિર્ભયપણે અને નમ્રપણે અમલમાં મૂકે છે. આ તેમની વિશિષ્ટ પ્રકૃતિ છે. એ પ્રકૃતિને કારણે તેમને પોતાના પંથના માનવા લલચાઈ જનાર પણ સારા સારા વિચારકો પાછા પડે છે અને તેમને પોતાના પંથના કહેતાં ખચકાય છે. ગાંધીજીના જીવનમાં જેટલી મૃદુતા છે તેથીયે વધારે કઠોરતા છે એટલે તેમનું તાદાત્મ્ય સાધવાની વૃત્તિ જતી પણ નથી અને છોડાતી પણ નથી. એમના જીવનમાં કાંઈક મોહકતત્ત્વ છે કે જેને લીધે જાણે અજાણે જનતાનો મોટો ભાગ તેમની આજુબાજુ વીંટળાય છે અને છતાં યે તત્ત્વ પચાવવા તૈયાર નથી.

આ જ ન્યાય જૈન લોકોને લાગુ પડે તે સ્વાભાવિક છે. તેઓ જ્યારે જ્યારે ગાંધીજીના લેખમાં અગર ભાષણમાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ જંતુને બચાવવાની વાત વાંચે અને સાંભળે છે, રાત્રે ન ખાવાપીવાની અને બની શકે તો રાતે દીવો સુદ્ધાં ન કરવાની અગર દીવામાં મરતાં પતંગિયાં બચાવી લેવાની ઝીણવટ તેમ જ ફૂલની પાંખડીને પણ ન દૂભવવાની બારીકી તેમના કથનમાં સાંભળે છે ત્યારે તેઓ એકાએક જાણે અજાણે કહી દે છે કે "ગાંધીજી તો ખરેખર જૈન દેખાય છે." વળી બીજે પ્રસંગે ગાંધીજી વાછરડા કુતરાં આદિની ચર્ચા ઊભી કરે છે ત્યારે તે જ જૈનો પાછા ઝપાટાબંધ પોતાનું આપેલું પ્રમાણપત્ર વીસરી જઈ એકાએક કહી દે છે કે 'ગાંધીજી તો હિંસક છે અને નાસ્તિક છે'. આ રીતે સત્વર અપાતા અને પાછા ખેંચી લેવાતા પ્રમાણપત્ર વિષે હું તટસ્થ છું.

હું તો ફક્ત એટલું જ જોઉં છું કે ગાંધીજીના જીવનમાં અહિંસા અને અનેકાંતનાં બે તત્ત્વો કઈ કઈ રીતે કામ કરી રહ્યાં છે અને જ્યારે એ જોઉં છું તેમ જ વિચારું છું ત્યારે મને ચોખ્ખું લાગે છે કે એ તત્ત્વોની બાબતમાં ગાંધીજીના જીવન ઉપર જૈનત્વની મોટી અને સ્પષ્ટ અસર છે. પછી ભલે તે ગમે તે રૂપમાં હોય. ખરી રીતે મહાન પુરુષ કોઈ ખાસ ધર્મનો કે પંથનો હોતો જ નથી. તે પ્રચલિત બધા પંથોની બહાર જ હોય છે, અને કાં તો તે બધા જ પંથોનો હોય છે. જો મહાન પુરુષ વિષેનું આ ત્રૈકાલિક સત્ય માનવામાં વાંધો ન હોય તો ગાંધીજી વિષે પણ છેવટે એટલું જ કહેવું બસ છે કે તેઓ જૈન નથી જ અને છતાં છે જ. આ 'અસ્તિનાસ્તિ' વાદમાં જ જૈનપણું આવી જાય છે.

પં. સુખલાલજી

"પરતાપઘઢમાં ગાંધીજી"

મ્હારા પરમ પ્રિય સ્નેહીભાઈ ડૉક્ટર સુમન્ત મહેતાનું મ્હારા ઉપર લખાણ આવ્યું કે મહાત્માજી સાથે મ્હારે કાંઇ પ્રસંગ પડયો હોય તે વેળાનો મ્હારો અનુભવ તથા તેમાં ગૂઢ રહેલું તત્ત્વ બીજાને માટે આલેખી શકાય તો "ગાંધી અંક" મા આદરણીય ઉમેરો થઇ શકે. ગાંધીજી દુનિયાનું એક "ઇન્સ્ટીટયુશન" છે. એ અગાધ સાગરમાં ચંચુપાત કરી, એ વેળાના અનુભવનું ચિત્ર આલેખવું એમાં મુશ્કેલી તો એટલી જ હતી કે પોતાની માનસિક ને ધાર્મિક ખીલવણીના પ્રમાણમા જ ઘહરું ડુબકું મારી શકાય; ને કદાચ તેથી જે અનુભવ થાય તે તલસ્પર્શી જ રહે તો તેથી સદરહુ વિષયને ન્યાય ન થઇ શકે! છતાં એ મહિમ્નસ્તોત્રના શબ્દમાં

ममस्त्वेतां वाणीं गुणकथनपुण्येन भवत:
पुनामीत्यर्थेऽस्मिन् मलमथन बुद्धिर्व्यवसिता ।

એ જ ન્યાયે, ઓગણીસમા વિષય "ગાંધીજી સાથેના પ્રસંગો" ઉપર કાંઇક લખું છું.

પોતાને મ્હેં **મલમથન** (અસલના **પુરમથન**ની જગ્યા) જાણી જોઇને કહ્યા છે. "વસ્તુ અસ્થાને" એટલે જ "મલ," તેના હતા. આપણી હાલની સસ્કૃતિમાં, વ્યક્તિગત તેમ જ સમષ્ટિગત, ઘણી ચીજ અસ્તવ્યસ્ત થઇ પડી છે, અસ્થાને જણાય છે તેને ઠીક કરવા માટે પોતે ભગીરથ પ્રયત્ન કરી રહ્યા છે. અસ્તુ!

૧૯૨૦ માં હું જીલ્લા પરતાપઘઢનો મુલ્કી અફસર (કલેકટર) હતો. તે વેળા સારા ઔધ (ખરો શબ્દ "અવધ" છે) ખેડૂતોમા ભારે હીલચાલ મચી રહી હતી. ખેડૂતોની કેટલીક રીતે હાલત ખરે દયાજનક હતી. વેઠ એવી લેવામા આવતી, વગર મૂલે એટલો માલ લેવામાં આવતો, કે ઠેકાણું નહિ. ખાતામાથી કહાડી મૂકી એક પલકારામા ખાતા પીતા ખેડૂતને તાલુકદાર રઝળતા કરી શકતા. ખેડૂત બીચારો કમાય, પણ તેની કમાણીના ભાગીદાર, ફરજિયાત ને મરજિયાત, એટલા બનતા કે તેને નસીબે જસમાં જૂતી ને મહેનતને અંતે ઉપવાસ જ રહેતો. કેટલાક માટે ભૂખમરો તો રોજનો સાથી. આવા વાતાવરણમા દાવાનળ પ્રેઠેમ જમીનદારી વિરુદ્ધ દહે લાગી. સરકારી અમલદારોની દાઝ ખેડૂત તરફ હતી. જમીનદાર પણ સમજતા હતા કે કેટલીક રીતે કાનૂન બદલવો જરૂરી હતો. કોશીશ એ જ હતી કે બન્ને તરફથી કાંઇક નમતું અપાય ને ચીરકાલીન સમાધાન થઇ જાય. કિસાનોએ ગણોત આપવું બંધ રાખ્યું. સરકારી નાણાંની ડીગ્રીનો અનાદર કરવા માડયો, નાણાં આપ્યે પણ જમીનદારની જમીન ખેડવા જવાનું ખેડૂતે બંધ કર્યું. આવી હાલતમાં ચંપારણ્યના ખેડૂતની બાયધરી કરેલી તેથી સર્વ કિસાન પ્રજામાં જાણીતા ગાંધીજીને તેઓ તરફથી નિમંત્રણ બનારસ મોકલવામાં આવ્યું કે પરતાપઘઢ આવી પ્રમુખસ્થાને બીરાજો ને કિસાનોની બધી માગણીઓ-ખાતામાંથી નિકાલવાનું બંધ, મેહસુલ બંધ, જમીનદારનું

કામ કરવાનું બંધ, વેઠ બંધ, સાયર રકમ આપવી બંધ, તે બધી જ વાત—સારી ને નરસી—બધીને અનુમોદન આપો. ઉત્તર વળ્યો કે પોતે આવશે. અલાહબાદ, જે ફક્ત ૩૮ માઈલ દૂર છે ત્યાંથી શ્રીમાન મોતીલાલજી નેહરૂ, તેમના પુત્ર જવાહિરલાલજી, મહમ્મદઅલી શૌકતઅલી તથા કર્નલ વેજવુડ આવશે. લગભગ પચાસ હજાર ખેડૂત તે સભામા સામિલ થશે એવી ખબર આવી હતી. તે જ સમયે મ્હને માલુમ પડ્યું કે ગોરાઓની તોપની પલટણ ફૈઝાબાદથી મિર્ઝાપુર એમનાં સાવત્સરિક અભ્યાસ માટે કુચ કરી રહી છે ને સભાને જ દિવસે પરતાપધઢ—જે રસ્તામાં આવે છે ત્યા મુકામ કરશે. એક તરફથી અજ્ઞાન ગોરા' બીજી તરફથી અજ્ઞાન ખેડૂત. આગ ને કપાસનો સંયોગ થતા જ ભભૂકો ઊઠી શકે. ખેડૂતના મનમાં વહેમ ધૂસી જાય કે મ્હેં કદાચ એમને ડરાવવા ફોજને બોલાવી તો ન હોય. આથી મ્હેં બનારસ કહેણ મોકલ્યું કે સભાનો દિવસ મુલતવી રાખો તો કેમ ! જવાબ આપ્યો કે છેલ્લી ઘડીએ કાર્યક્રમ બદલાય એમ નથી. મ્હેં લખ્યું કે ત્યારે મીટીંગ હું બતાવું તે સ્થાનમાં રાખો, ને વેળાસર સમાપ્ત થઈ જાય એનો સભાના વ્યવસ્થામંડળવાળા બંદોબસ્ત કરે. કબૂલાયું. હવે મ્હને ચટપટી થઇ કે ખેડૂતોના લાભ માટે હું કોશીશ કરી રહ્યો હતો તે ત્યાંના તાલુકદારોને મ્હારી વચમાની સમજુતિને લીધે જ ચાલતું હતું. બેમાંથી એક પણ પક્ષ (જમીનદાર કે કિસાન) બહેકે તો બાજી બગડી જાય. અવધની ગ્રહસ્થી બાબત ગાધીજીને કેટલી માહીતી હતી એનો મ્હને લેશ પણ ખ્યાલ ન હતો. પોતે કાંઇ વાંકુંચુંકું બોલી દે તો ! મ્હારું બધું કરેલું ધૂળ થઈ જાય ને ખેડુતોને ઉશ્કેરનાર પક્ષનો જય થાય. એમા ખાસ કરીને કેટલાક કિસાનોના તાતકાલિક નેતા બન્યા હતા તેમનું જો ફાવે તો ભારે અનર્થ. તે સ્વાર્થી હતા—એકનું નામ મ્હેં "check to China Silk" પાડ્યું હતું. જેમ જેમ કિસાનોનો ઝગડો વધતો ગયો તેમ તેમ આ વકીલની કમાણી વધી ને આખર હલકાં ગોદડા માટેનો ચેક ભાતના કપડાનો કોટ પહેરનાર ઊંચા વર્ગનું ચાઇના સિલ્ક પહેરવા લાગેલો. આથી મ્હેં નિર્ણય કર્યો કે ગાધીજીને મીટીંગ પહેલાં મળવું. મ્હેં સરકારને લખી દીધુ કે હું એમને મળીશ ને પરતાપધઢની હાલતથી વાકેફ કરીશ. પ્રશ્ન ઊઠયોઃ "હું જઇને મળું ? સરકારી અમલદારને બધાને, એક સરખા દુશ્મન ને પ્રજાના ઘાતક બતલાવનાર કેટલાક રાષ્ટ્રીય ચળવળના લશ્કરમાં આંધિયાઓ હતા. તે ભોકતે મ્હને હલકો પાડવાનો સારો લાગ મળે ! મ્હારે જાતે જઈ મળવાથી તાલુકદારો પર શી અસર થશે ! હુ "પોતાને" કેટલે અંશે મ્હારા મતના કરી શકીશ ! મ્હને એકાંતમાં વાત કરવાની તક મળશે. !!" આમ હું ગૂંચવાડામાં પડયો. અકબર બાદશાહના વખતમાં કહેવાય છે કે રાજા ઇંદ્રજીતસિંહના દરબારની એક પ્રખ્યાત કળાવતી પ્રવીણરાય પાતુરી નામની હતી. શાહી ફરમાન આવ્યો કે દરબારમાં હાજર થાય ! કળાવતી પતિવ્રતા વિદુષી હતી. પોતાનું શિયળ ન ચળે ને શાહી આજ્ઞાનો લોપ ન થાય. આ વિષય ઉપર ડામાડોળ તે કહે છેઃ

> સ્વારથ ઔર પરમારથ કો પથ ચિત્ત વિચારી કહૌ તુમ સોઈ.
> જામેં રહૈ પ્રભુકી પ્રભુતા અરૂ મોર પતિવ્રત ભંગ ન હોઈ.

ઉત્તર દેનાર મ્હારી પત્ની હતી. તેણે કહ્યુ : "યા હોમ ! લખો પત્ર ગાંધીજીને કે 'કૃપા કરી હમારે ઘેર આવી જાઓ.'" આર્યવરને ગૂજરાતીમાં મ્હેં ટૂંકો પત્ર લખ્યો. બધા દેશના નેતાઓ સ્હામેં આ પત્ર અપાયો. કોઇએ વિચાર્યું કે ૧૪૪ની કલમ પ્રમાણે મ્હેં સભા

નિષિદ્ધ કરી છે. કેટલાકે બીજા અનિષ્ટ તર્કો બાંધ્યા. જવાહિરલાલે પોતાને પૂછયુંઃ "કોનો પત્ર છે ?" "અહીંના કલેકટરનો." "શું લખે છે ?" "મ્હને પોતાને બંગલે બોલાવ્યો છે." "વાહ! ખૂબ! આપણે ચાલીશ માઇલ દૂરથી અહીં આવ્યા તે એ શું ત્રીસકદમ આવી મહાત્માજીને ન મળી શકે ?" જવાહિરલાલે ઉમેરી કહ્યુંઃ "જશો ના." ગાંધીજીએ સર્વ વાધા દૂર કરતું સ્મિત કરી કહ્યુંઃ "એમાં શું ? કલેકટર વિવેકથી આમંત્રણ આપે છે. ને વળી ગુજરાતીભાઇ છે." એક મોટરમા લાગલા જ સવાર થયા. શોફર જોડે એક જુવાનિયો શી વાત થાય છે તે જોવા સામિલ થઇ ગયો.

અત્યાર લગી મ્હારા કુટુંબીઓને મહાત્માજી જોડે પ્રસંગ પડયા હતા પણ મ્હારે કદાપિ એ મહાનુભાવ જોડે મળવાનો પ્રસંગ નહિ આવેલો. મોટર આવી. મ્હારા કોઠી-બંધ નોકર સ્તબ્ધ થઇ ઊભા. સેન્ટ્રીએ અનાયાસે સલામી આપી. માળીએ વગર કહ્યે દોડીને કલગી હાથમા મૂકી. અવધના કિસાનો રૂપી મજગોપિકાના જે ત્રણસે વાર દૂર પચાસ હજારથી વિશેષ સંખ્યામા વલોપાત કરી રહી હતી તેમને "મોહન મંત્ર" પઢનાર શું પધાર્યો ! ! આમ મ્હારા બંગલામાં રહેલા આદમીએ વિચાર્યું હશે. સ્વચ્છ વસ્ત્ર, સફેદ ચાંદનીશી ખદ્દર, પગમાં ચંપલ, માથે ધોળી ટોપી, ત્વરાથી મોટરમાંથી ઊતર્યા. "પડછાયો" પાછળ આવતો હતો તેની તરફ ભ્રુકુટિ ફેરવી જે સિંહાવલોકન કર્યું કે કમરા આગળ જ અટકી ગયો. પોતાને મ્હેં બહુ વિવેક ને નમ્રભાવે અંદર લાવી મ્હારા ઓફિસના ઓરડામાં બેસાડયા. એટલામા મ્હારી ધર્મપત્ની શ્રીમતી ઈરાવતી મહેતા અંદર આવી. સામાન્ય પ્રશ્નોત્તરી બાદ પહેલો જ સવાલ અનાયાસે એમના અનોખા સ્મિત સહિત કર્યોઃ "કાંતો છો ?" એણે ના પાડી. "કયારે શરુ કરશો ?" "છોકરાં ન્હાનાં છે એટલે–" "શુભ કામ શરૂ કરવા માટે શું મુહૂર્ત જોવું પડે છે ?" આ ટોણું એવા મીઠા સરળ સચોટ શબ્દમાં માર્યા કે સામાન્ય રીતે બોલવામા ન હારે એવી મ્હારી હાજર-જવાબી પત્ની મૂંગી જ રહી. પછીથી મ્હને એણે કહેલું કે કહેવા જતી હતી કે અહતંત્ર કાંતવાનું મ્હારૂં પહેલું કામ ! તે શું કમ છે ?" "તો બોલી કેમ નહિ ?" "મ્હને કાંઈ મોહિની જ લાગી, તેથી અંજાઇ ગઇ. મૂંગી થઇ ગઈ." ગાંધીજીની આકૃતિ કે આવયિક રચનામાં સામાન્ય રીતે સુઘટના વિશેષ જોવામાં નથી આવતી પણ તેમનું મુખ તે વેળા વિચારના આવેશમાં ને ધીમી આદરેલી ટોળમાં એટલું અલૌકિક સૌંદર્યથી ઝળકી રહ્યું હતું, તેમનું સ્મિત એવું લાલન કરી રહ્યું હતું, કે ખરે તેણે કહ્યુ તેમ જ, મોહિની લગાડી દીધી. ઝેર કરી નાખ્યા. આવી નિરુત્તરી બીજાએ અનુભવી હશે. એમનું કામણ તે આ જ. સામાજિક ને રાષ્ટ્રીય સભામાં આમ જ. પછી મ્હેં મ્હારૂં મહાભારત આરંભ્યું. આ પ્રસંગ એનું વર્ણન કરવ નો નથી. પોતે શું કહ્યું તે વિષય આવા લેખમાં અસ્થાને છે. એક મ્હારી દલીલ પોતાને ગમી લાગી. મ્હેં ખાસ કરીને જોર દીધું કે જો એકાએક તાલુકદારોની સીર–નિજ જોત ખેતર–ખેડવાની કિસાન છોડી દે તો તે ખેતર વગર ખેડેલાં પડી જ રહે. મહાન અનર્થ થાય ! કેમકે ગામડામાં અલ્કાઉ મજૂરવર્ગ બહુ જ કમ હોય છે. મે વ્યવહારુ રીત્યા કિસાન જ જમીનદારની સીર ખેડે છે. વેઠે ખેડે છે. તો તે વેઠને વેતન સહિતની સેવા બનાવી વ્યવહાર પ્રણાલી જારી રાખવી એમા જ વ્યક્તિ ને સમષ્ટિનો અર્થ સમાયલો છે. અવધના આર્થિક જીવનની સફલતા માટે જમીનદાર ને કિસાન બન્નેની હાલ તુરત

જરૂરત છે. એક અંગ એકાએક લુપ્ત થાય તો બીજું પાંગળું બને ને સમાજની સમૃદ્ધિ મૃતપ્રાય થઇ જાય. ખાતામાંથી કિસાનનો બહિષ્કાર કરવાનો કાયદો બદલો પણ ખેડુતને એકદમ માલિક બનાવ્યા તો પેટા ખેડુતોને એથી યે વધારે એ લોક કનડશે. ખેડુતોને એવી જ શિખામણ આપવી જોઇએ કે ખેડવું એ તો દેવની આરાધના કરવા જેવું છે. તે સેવાભાવમાં મગ્ન રહી પોતાનો આર્થિક મોક્ષ ને સમાજની સમૃદ્ધિ આણવાનાં છે. રહીમ ખાનખાનાંના શબ્દમાં—

રહિમન ઉતરે પાર, ભાર ઝોંકી, સમભારમેં

(કહેવાય છે, કે ખાનખાનાં અબ્દુલરહમાનના દહાડા પાતળા આવ્યા ત્યારે ભાડભૂંજાને ત્યાં નોકરી કરી લીધી. કોઈએ પૂછ્યું: "આ શું?" ઉત્તર વાળ્યો: "સંકટ પડે તો સહન કરી-પોતાનું કામ ખૂબ કરી, ભવસાગર તરવા મથી રહ્યો છું.")

ગાંધીજી ઊઠયા. મીટીંગમાં સામિલ થયા. વેજવુડે એમને પ્રલાયકું ભાષણ સંભળાવ્યું. મઝાકમાં પોતે બોલ્યા: "કહી લ્યો! કલેકટરે શિખામણ લાદી, હવે તમે પ્રવચન વરસાવો. પછી જ બોલીશ." બેઠા બેઠા બોલ્યા. મોરલીની ધૂનમાં જેમ ગોપગોપી તલ્લીન થઇ જાય તેમ શાંતિ પ્રવર્તી. પણ "મર્ગ અંબોહ જશન દારદ" (જથ્થામા મરવું તે તો મિજબાની) આવા હેતુથી ઝંપલાવવા તત્પર થઈ આવેલા કેટલાક જાહિલ કિસાનો ભાષણ સાંભળી કંઇક નિરાશ થયા. તેઓ ધારતા હતા કે મહાત્માજી કહેશે કે જમીનદાર પાસેથી ખેતર ખૂંચવી લ્યો. મહેસુલ ન આપો. તાલુકદારનાં ખેતર ન ખેડો. તેથી ઊલટું, એમણે તો અવધ સુંદરીનાં બે નયનઃ એક તાલુકદાર ને બીજી કિસાન, આવી ઉપમા આપી, જે પાછળથી ત્યાંના ગવર્નરે કાઉન્સીલના ભાષણમા પુનરુધ્ધૃત કરી હતી. પ્રુધોંના શબ્દમાં કહીએ તો La propenete c'est le vol. "મિલ્કત તે તો ચોરી છે" આવો બોધ સાભળવા તત્પર થયેલા કેટલાક કિસાન (ખાસ કરીને ચૌધરીસિંહ) સેવાભાવનો બોધ સાંભળવા તૈયાર ન હતા. આજે આગને શાત કરી તેમણે મોટી સેવા બજાવી. આજ વેળા મ્હને ખ્યાલ આવેલો ને પાછળથી તે સુદૃઢ થયેલો કે ગાંધીજી સ્વભાવથી યોજક છે. અસ્થાનનું સુસ્થાને મૂકવાવાળા છે. સમૂળું ભૂંસી નાંખનારમાનાં નથી. મિતાવલંબી છે. એરિસ્ટોટલના શબ્દમાં જેમ સાહસિકપણા ને કાયરપણાની વચમાં ઠીકઠીક "હિંમત"નો એ ફિલોસોફરનો ઉત્તમ ગુણ નથી મૂકાયો તેમજ! પણ "હિંમત" સાહસિકપણા તરફ કંઇક ઢળે છે, તેમ પોતાનું મિતાવલંબીપણું કહેવાય.

સાંજના મ્હેં તાલુકદારોની મહેફિલ રાખેલી. વેળાસર ગાંધીજીએ એક ડાબડી ખોલી બ્રેડ ને ટોમેટાના સાંડવીચ ખાઇ લીધા. એટલે મહેફિલમાં બોધ જ પીરસાયો ને તે જ ધરાઇને ખવાયો. ત્યારે મ્હારા પરમમિત્ર તાલુકદારોના શિરોમણી રાજા બહાદુર પરતાપ બહાદુરસિંહે મહાત્માજી આગળ ફળની ડાલી રજુ કરી. ફકીરને અમીર ફળ આપે એ તો સ્વાભાવિક, ને આ તો ગાંધીજીને અઠવાડિયાં લગી ચાલશે એમ કહી મોતીલાલજીએ ડાલીને મોટરમાં રખાવી લીધી. બધા ખૂબ હસ્યાં. મ્હારૂં માનવું છે કે એમની લખવાની શૈલી–જે સીધી સચોટ નસ્તરની માફક કાપતી જણાય છે તેવી જ એમની જીવનગતિ છે. ને મર્મ ને ટોળ એ "પ્રેસરવેટીવ"નું કામ કરે છે ને અત્યંત અને અગાધ દુઃખની આપત્તિમાં એમને સજીવન રાખે છે. મ્હેં પોતાને "મસમયન" કહ્યા તે શું ખોટા કહ્યા!

મુલ્કની મતા એળે જાય છે. તેનો સદુપયોગ કરવો. નકામી ગણાતી ચીજને સ્થાને મૂકી સુઘટિત કરવી એ જ એમનો જીવનાશય જણાય છે. રાષ્ટ્રીય રથના ઘોડા છારતંગ ન ચાલ્યા જાય તેથી રશ્મી ઠીક હાથમાં રાખી છે. એક ઘોડો મોઢો છે તેની ગતિને ઉદ્દેશી તે જ અશ્વની ગતિ પણ શૃંખલિત રખાઇ છે. બધા આથી ખૂશ રહે એ ન પોતાનો ઇરાદો, ન પરિણામ. જ્યારે નિરાશામા ગરમ પક્ષવાળો બોલી દે છેઃ

સર સૂખે પંછી ઉડે ઔર સરન સમાહિં!
દીનમીન બિનપચ્છકે કહુ રહીમ કહં જાહિં!!

ત્યારે એટલુ જ સમજવાનું છે કે ભલેને સ્વારથ-સાથી ઊડી જાય પણ સાગરશાયી મીન તો જાણે છે કે વારિલાઘવથી તરફડાટ તો થાય પણ સોસાયલું જળ વર્ષા રૂપે પાછું પડી સારા મુલ્કને ટાઢું પાડે છે, સજીવન રાખે છે. ગાંધીજીને સારો મુલ્ક સાથ લેવો છે.

બ્રાહ્મણનું તપોબળ, ક્ષત્રિયની હિંમત, વૈશ્યની કાર્યોચિતતાની સૂક્ષ્મદષ્ટિ ને શૂદ્રની ઉચ્ચ-નીચ કામ સૌ પવિત્ર માની પોતીકું કરવાની શક્તિ પોતાનામાં પૂરી છે. હાલ તો દત્તક નગરનો ઓપ પણ નાગરિક ઉપર આવ્યો છે. અમે સુરતવાસી લાલાજીની તબિયતવાળા, તે ગુણનો રહસ્યને, ઠીક પીછાણી ન શકીએ, પણ તેને લીધે રચનાત્મક પરિણામ આવે છે તેનો પૂરો અનુભવ છે. એક વેળા હતી કે જ્યારે શરુશરુમાં નવલરામભાઇ અમદાવાદ ગયા ત્યારે ત્યાંનું દલપતરામનું રગસિયાગાડું જોઇ એમણે મશ્કરી કરેલી. "ધીમા ધીમા સુધારો કરો, સાવધ રહી આગળ વધો, સાચવીને પગ ધરો, પડછાયાથી ડરો એ બધી ઝીણવટ ને ડહાપણ-પચ્ચીસીના ખેલથી વિમૂખ પોકાર નાંખનાર સાક્ષર વાર્તિકકારે-પોતાના મિત્ર નર્મદને ટોળમાં લખેલુ. આ દેશમાં અમને "યાહોમ કરીને પડો ફત્તેહ છે આગે" વાળાને કેમ પાલવશે!! કાચબાની દોડે સસલાને હંફાવ્યું, હરાવ્યું છે? શું તેના ગુણ દત્તક નાગરિકમાં નથી દેખાતા!!

વિનાયક નંદશંકર મહેતા

Lysistrata. Just as a woman, with nimble dexterity,
thus with her hands disentangles a skein,
Hither and thither her spindles unravel it,
drawing it out, and pulling it plain.
So would this weary Hellenic entanglement,
soon be resolved by our womanly care,
So could our embassies neatly unravel it,
drawing it here and pulling it there.

Magistrate. Wonderful, marvellous feats, not a doubt of it,
you with your skeins and your spindles can show;
Fools, do you really expect to unravel a
terrible war like a bundle of tow?

Lys. Ah, if you only could manage your politics
just in the way that we deal with a fleece?

Mag. Tell us the recipe.

Lys. First, in the washing-tub
Plunge it, and sour it, and cleanse it from grease,
Purging away all the filth and the nastiness;
then on the table expand it and lay,
Beating *out all that is worthless and mischievous,*
Picking the burrs and the thistles away.
Next, for the clubs, the cabals, and the coteries,
banding unrighteously, office to win,
Treat them as clots in the wool, and dissever them,
lopping the heads that are forming therein.
Then you should card it, and comb it, and mingle it,
all in our Basket of love and of unity,
Citizens, visitors, strangers, and sojourners,
all the entire undivided community.
Know you a fellow in debt to the Treasury?
Mingle him merrily in with the rest.

Also remember the cities, our colonies,
outlying states in the east and the west,
Scattered about to a distance surrounding us,
these are our shreds and our fragments of wool.
These to one mighty political aggregate
tenderly, carefully, gather and pull,
Twining them all in one thread of good fellowship,
thence a magnificent bobbin to spin,
Weaving a garment of comfort and dignity,
worthily wrapping the People the rein.

Mag. Heard any ever the like of their impudence,
these who have nothing to do with the war.
Preaching of bobbins, and beatings,
and washing tubs?

Lys. Nothing to do with it, wretch that you are!
We are the people who feel it the keenliest,
doubly on us the affliction is cast;
Where are the sons, that we sent to your battle fields?

Mag. Silence! a truce to the ills that are past.

Aristophanes

મહાત્મા ગાધીજીના કાર્યને "પ્રસ્થાન"ના વ્યવસ્થાપકો તરફથી જુદી જુદી દૃષ્ટિઓથી વિચારવાની સૂચના લેખકોને કરવામા આવી છે. આ વિચાર વ્યવસ્થાપકોની સૂચના પ્રમાણે સર્વગામી તો કદિ હોઇ શકે નહિ. છતાં મારી પોતાની દૃષ્ટિથી મહાત્માજીના સમગ્ર કાર્યક્ષેત્રનો અહીં થોડાએક વિચાર મૂકવામા આવ્યો છે.

ગાધીજીના કાર્યનું સૂક્ષ્મ નિરીક્ષણ કરવા માટે જ્યારે ગાંધીજી ગૂજરાતમા અને હિન્દુસ્તાનમા અગ્રેસરપણું ભોગવતા થયા ત્યારે વસ્તુસ્થિતિ કેવી હતી તેનો વિચાર કરવાની મને ખાસ જરૂર લાગે છે.

ઇ. સ. ૧૭૫૭ ના પ્લાસીના યુદ્ધ પછી અને ઇ. સ. ૧૭૬૪ ના બકસરના યુદ્ધ પછી હિન્દુસ્તાનમાં જે પરતંત્રતાના પગરણ મંડાયા તે ઇ. સ. ૧૮૦૩ માં પૂરાં થયાં મોગલ પાદશાહો ને તેમના કેટલાક અમલદારો, કોઇ કોઈ રજપુત રાજાઓ, શિવાજી ને પેશવાઓ, મહાદજી શિંદે અને નાનાફડનીસ આખા હિન્દના આગેવાનો કહી શકાય નહિ; પણ તેમણે પોતપોતાનાં ક્ષેત્રોમાં ઘણું પ્રતિષ્ઠિત કાર્ય કર્યું અને તેટલે અંશે તેઓ રાષ્ટ્રવિધાતા હતા તેમ આપણે વિના સંકોચે સમજી શકીએ. પણ ત્યાર પછી તો આપણી સર્જનશક્તિનો સૂર્ય આથમી ગયો; રાજા રામમોહનરાય જેવા આગેવાનો પેદા થયા; પણ તેમની હાક દેશને ખૂણે ખાચરે પહોચી શકી ન હોતી. "બળવા" પછી આગેવાનો થયા તેઓનો પેગામ હિન્દના સમગ્ર પ્રદેશમાં પહોચી શક્યો ન હોતો. રાનડે પ્રતિભાવાન હતા, પણ તેમની પ્રતિભા

શિક્ષિત પુરુષોને જાણીતી હતી; શિક્ષિત સમાજની બહાર નહિ. દાદાભાઈ નવરોજજી ને ફિરોજશાહ મહેતા રાનડેથી જરા આગળ વધ્યા હતા; પણ તેમનો પ્રભાવ જનતા ઉપર એટલો બધો પડતો નહિ. સુરેન્દ્રનાથ બેનરજી બંગાળાને પહોચી વળ્યા હતા, પણ તેમની પ્રતિભા જનતાના હૃદયને સ્પર્શી શકી ન હોતી. ગોખલે, એની બેઝન્ટ, અને બીજા મુત્સદ્દીઓ વિશે પણ એ જ કહેવાનું પ્રાપ્ત થાય છે. લાલા લજપતરાયની આગેવાની એક વાર હિન્દના દરેક ભાગને, તેમના આત્મભોગથી ને કષ્ટથી માન્ય થઇ હતી, પણ પશ્ચિમ અવસ્થામા હિન્દુ મહાસભાની સાથે તેમનો એકાકાર થતાં તેમના કાર્યક્ષેત્રમા એટલે અંશે સંકોચ પ્રવેશ થયો હતો. ને તેથી સમસ્ત હિન્દી જનતાની આગેવાનીથી તેઓ એકદમ ખસી ગયા હતા. સહેજ અપવાદ લોકમાન્ય તિલકનો આવી શકે.

આ આગેવાનોની પ્રતિષ્ઠા સ્થાનિક હતી, થોડેક અંશે રાષ્ટ્રીય હતી; પણ તેમનું ગૌરવ આંતરરાષ્ટ્રીય સમાજમાં તો થયું નહોતું.

ગાધીજી આ બધા આગેવાનોથી જુદા પડી જાય છે. તેઓ ગૂજરાતના આગેવાન છે; તેઓ હિન્દમાં પ્રથમ પુરુષ ગણાય છે; અને સમસ્ત જગતમા તેમની ખ્યાતિ પ્રસરી ગઇ છે. હિન્દુ સમાજે શિવાજી પછી આવો પુત્ર જગતને ખોળે ધર્યો નથી; હિન્દુસ્તાને અકબર પછી એવો આગેવાન આપ્યો નથી; ગાંધીજીમાં એવો ચમત્કાર કયો છે ? હિન્દનાં ને સામ્પ્રત આંતરરાષ્ટ્રીય સમાજમાં એવાં ગ્રાહક વિશિષ્ટ લક્ષણો કયાં કયાં જોવામા આવે છે ?

ઇ. સ. ૧૯૧૪મા જ હિન્દને એક સમર્થ આગેવાનની જરૂર હતી. એ વખતની મહાસભાની ને મુસ્લીમ લીગની બેઠકો એકદમ શુષ્ક પડી ગઈ હતી. યુરોપ–એશિયામા ભયંકર યાદવાસ્થળી સળગી ઊઠી હતી. એ વખતે હિન્દમાં સમર્થ આગેવાનીની અગત્ય હતી. પણ ગાધીજી હજુ પ્રકટ થયા નહોતા. તિલક છૂટા થયા; તે વખતે જ એની બેઝન્ટે હોમરૂલ લીગ"ની સ્થાપના કરી; લૉર્ડ સિંહા જેવા ધીમા, પ્રસ, પણ સમાજની આગેવાની લેવાને અશક્ત, પુરુષોના હાથમાં મહાસભાનું સુકાન ચાલ્યું ગયું હતું. દરમિયાન ગોખલેનું મૃત્યુ થયું; ત્યાર પછી તરત જ સર ફિરોઝશાહ મહેતા પણ મૃત્યુ પામ્યા. લૉર્ડ હાર્ડિંજની કુનેહભરી રાજ્યનીતિથી આપણા આગેવાનો હજુ દેશના નવયુવકોની અભિલાષાઓને મૂર્ત સ્વરૂપમાં મૂકતા અચકાતા હતા. તેઓ પણ કુનેહથી દેશનું "તંત્ર" ચલાવવા ઇચ્છતા હતા. પણ બે વર્ષમાં વસ્તુસ્થિતિ પલટી ગઇ. રોલેટ બિલ ધારાસભામાં મૂકાયા; આખો પંજાબ સળગી ઊઠયો એ વખતે ગાધીજી પ્રકાશમાં આવ્યા ને ત્યારથી તે અત્યાર સુધી તેમની આગેવાની એક યા બીજા પ્રકારે સતત ચાલી આવી છે.

આંતરરાષ્ટ્રીય સમાજમાં પણ ગાંધીજીની પ્રતિભા માન્ય થઈ ગઇ. મહાયુદ્ધથી કંટાળેલા સમાજને તેમનો અહિંસાવાદ ખાસ ગમી ગયો છે.

આપણા દેશની ને બીજા દેશોની રાજકીય ન્યૂનતાઓને પરિણામે ગાંધીજીના વ્યક્તિત્વના અમુક અંશોએ બન્ને સમાજો ઉપર આધિપત્ય મેળવ્યું, એ આપણે ઉપર જોયું. પણ ગાધીજીનું મહાત્માનું પદ તે ઉપરથી બરોબર સમજી શકાતું નથી. તેથી તે વિષે હજુ વધારે ઊહાપોહ કરવાની જરૂર છે.

ગાંધીજી અગાઉ જે આપણા નેતાઓ થયા તેમનો ત્યાગ ગાંધીજી જેટલો નહોતો. ગોખલેએ ફર્ગ્યુસન કૉલેજમાં સેવાભાવે નોકરી કરી, ને પછી "હિન્દ સેવક સમાજ" સ્થાપ્યો પણ તે ત્યાગથી જગત એટલું બધું અંજાયું નહોતું. લોકમાન્ય તિલકે હિન્દીઓને

કષ્ટ વેઠી " સ્વરાજ્ય " લેવાનો બોધ કર્યો. પણ તેમના ત્યાગને હિન્દુસ્તાન એટલું બધું સમજી શક્યું ન હોતું. ગાંધીજીની ત્યાગવૃત્તિ આ બધાની ત્યાગવૃત્તિ કરતા ચડી જતી હોવાથી હિન્દે તેમને મહાત્માપદ આપ્યું છે અને તે મહાત્માના પદથી હજુ સુધી તેમનું નેતૃત્વ પણ ટકી શક્યું છે. આ ત્યાગવૃત્તિ ખાસ હિન્દમા જ સન્માન મેળવી શકે છે, બીજે નહિ, એ આપણે ખાસ ધ્યાનમાં રાખવાની જરૂર છે. ને એવી ત્યાગવૃત્તિ ખાસ હિન્દમા જ સંભવે છે, બીજે નહિ એ પણ આપણે સમજવાની ખાસ જરૂર છે. હિન્દ આ ત્યાગવૃત્તિને ઘણા કાળથી માનતું આવ્યું છે; ગાંધીજીએ માત્ર એ ત્યાગવૃત્તિને રાજકીય બનાવી હિન્દુસ્તાનને અનન્ય બોધ આપ્યો છે. આપણા પૂર્વજો " ઘર બાળી તીરથ કરવાની " વાતો કરતા; ગાંધીજીએ " ઘર બાળી " હિન્દ માટે સ્વરાજ્યનુ તીર્થ કરવાની જ્યારે બાધા લીધી ત્યારે તેમનું નેતૃત્વ સિદ્ધ થઈ ચૂક્યું.

ગાંધીજીનું નેતૃત્વ અનેરા પ્રકારનું છે. તેઓ વીસમી સદીના કર્મયોગી છે એમ ઘણીવાર કહેવામા આવે છે. ગાંધીજી બહુશ્રુત નથી એ તો તેમનો દરેક શિષ્ય કબૂલ કરશે; ગાંધીજી પોતે પણ એ વાત અનેકવાર કબૂલ કરી ગયા છે. હિન્દની પ્રાચીન સંસ્કૃતિના બે વિશિષ્ટ લક્ષણો–અહિંસા ને ત્યાગવૃત્તિના તેઓ અવતારરૂપ છે એમ તેમના અનુયાયીઓ કહેશે; પણ હિન્દની પ્રાચીન સંસ્કૃતિના કોઈ પણ એકાદ ભાગનું તેમને સૂક્ષ્મ જ્ઞાન તો નથી ગાંધીજીને અર્થશાસ્ત્ર, ખાસ આવડતું નથી ને રેંટિયા સિવાય તેઓ અર્થશાસ્ત્રમા ખાસ માનતા પણ નથી. ગાંધીજીને રાજ્યનીતિ આવડતી નથી; તેનો તેમણે કોઈવાર સાધારણ અભ્યાસ પણ કર્યો હોય તેવું તેમનાં લખાણોમાં કે તેમની આત્મકથામા દેખાતું નથી. ઇતિહાસ ઉપર ગાંધીજીને સહેજ કંટાળો આવતો હશે ખરો. સાહિત્યનો રસ તેમને લાગ્યો હશે પણ સાહિત્યનો તેમનો અભ્યાસ ઊંડો તો નહિ હોય. ગાંધીજીને કળા વિષે કોઈ એકાદ કલાક બોલવાનું કહેશો તો તેઓ બોલશે ખરા પણ તેમના વિચારો કળાના રસિકોને બહુ માન્ય તો નહિ થઈ શકે. ગાંધીજી માત્ર કાયદાઓમા ઊંડા ઊતર્યા હોય એમ તેમના લખાણોમાથી તરત સમજાઈ આવે છે. તેઓ સારા વકીલ છે–તેઓ પોતાના પક્ષ માટે ઘણી ઝીણી દલીલો કરી શકે છે અને અનેકવાર એ દલીલોથી તેમને Casuistનું પદ આપવાનું મન વાચકને થઇ આવે છે.

ગાંધીજી બહુશ્રુત નથી તેમ તેઓ બહુ પ્રવાસી પણ નથી. હિન્દુસ્તાન દેશ આખો તો તેમણે હમણાં જ જોયો. દક્ષિણ આફ્રિકા તેમણે ખૂબ જોયો છે. ઇંગ્લંડનો તેમનો અનુભવ સારો કહી શકાય; તે સિવાય તેમનો પ્રવાસ બહુ નથી એમ કહેવામા વાંધો નહિ આવે.

પરિણામે, ગાંધીજીએ અનેક ભૂલો કરી દીધી છે. જો તેમને ઇતિહાસનું જ્ઞાન હોત અને જો તેમણે તુર્કી, ઇરાન ને અરબસ્તાનનો પ્રવાસ કર્યો હોત તો તેઓ ખિલાફતની પ્રવૃત્તિ કદિ ન કરત. તુર્કોને ને અરબ લોકોને જે સંસ્થાઓ નહોતી જોઇતી તે અને જે સંસ્થાઓને હિન્દુસ્તાન સાથે કશો સંબંધ નહોતો તે સંસ્થાઓને કાયમ રાખવા માટે ગાંધીજીએ દેશનો સારામાં સારો કાળ વીતાવી નાંખ્યો. હિન્દુસ્તાનને મહાત્માઓનું, સ્વામીજીઓનું ને મૌલાના–મૌલવીઓનું રાજ્ય જોઈતું નહોતું તે તેમણે થોડા વખત માટે આપ્યું ને તેનાં કોહેલાં ને કડવા ફળો હજુ આપણે ચાખ્યા કરીએ છીએ. મુસલમાનોનું ને હિન્દુઓનું

ઐકત્વ ખિલાફતથી સાધવાનો વિચાર તો ગાંધીજી જ કરી શકે ! હિન્દના મુસલમાનોની સંસ્કૃતિ ને તુર્કી, ઇરાન ને અરબસ્તાન તથા મધ્ય ને પશ્ચિમ એશિયાના મુસલમાનોની સંસ્કૃતિ વચ્ચે જમીન આસમાનનો અંતર છે તે ગાંધીજી ઇતિહાસથી અનભિજ્ઞ હોઇ બીલકુલ સમજી શકયા નથી. ગાંધીજીને અકબરના અમલનો થોડોએક બોધપાઠ લેવાની જરૂર હતી. "હિન્દુઓ ઇસ્લામને સમજતા થાય, મુસલમાનો હિન્દુત્વને સમજતા થાય, બંનેને સમાન સંસ્કૃતિનો બોધ આપવામા આવે, અને પરરાષ્ટ્રીય મોહજાળમાં ફસાએલી આપણી મુસ્લીમ જનતા હિન્દુસ્તાનને પોતાનું ધન ગણે," એ બાબતો હાથમાં લેવાની જરૂર હતી; તેને બદલે ગાંધીજીએ પરરાષ્ટ્રીય, વિજાતીય, અને હિન્દથી તદ્દન અતીત, એવી "ખિલાફત"ની પ્રવૃત્તિ ઉપાડી લીધી. મુસલમાનોએ હિન્દના કોઇ પણ આગેવાનોને એવી ભયંકર આગેવાની લેવાનું નિમંત્રણ પણ નહિ કરેલું. અજ્ઞાનજનિત પ્રવૃત્તિ કયા સુધી નભી શકે ? ખિલાફતીઓએ ખિલાફતને ને તે સાથે ગાંધીજીને પણ હાલ તો ઊડાડી દીધાં છે.'

ખાદીની પ્રવૃત્તિમા પણ એટલું જ અજ્ઞાન સમાએલું છે. Unemployment–બેકારીના ઉપાય માટે રેંટિયો "સુદર્શન ચક્ર" ને સ્થાને અત્યારે આવી ગયો છે; પણ બેકારી ઉપર યૂરોપ–અમેરિકામાં જે પુખ્ત વિચારોવાળું સાહિત્ય બહાર પડતું જાય છે તે ઉપર ગાંધીજીએ કે તેમના ખાદીભકતોએ જરાપણ લક્ષ આપ્યું નથી ! ખાદીભંડારોની વ્યવસ્થા હજુ અધૂરી જ રહી ગઇ છે. દેશને ખાદીનો બોધ દસ વર્ષ થયાં આપવામાં આવે છે, પણ ખાદીનો ઉપયોગ તે બોધ પ્રમાણે વધી શકયો નથી. બીજા સ્વદેશી કાપડને જે ઉત્તેજન જોઇતું હતું તે ઉત્તેજન ખાદીવાદીઓ અપાવી શકયા નથી, ખેડૂતોની ઔદ્યોગિક કુશળતાનો વિકાસ થઇ શકયો નથી, ને પરિણામે આપણી ખેતીની સુધારણાને પણ ઘણો ધોકો પહોચ્યો છે. ગ્રામજીવનના પુનરુદ્ધાર માટે અનેક બાબતોની જરૂર છે. બારડોલીમાં વલ્લભભાઇએ એ વિષે સારો પુરુષાર્થ કરી બતાવ્યો છે એ વાત ખરી છે, પણ જ્યારથી અસહકાર પ્રવૃત્તિ શરૂ થઇ ત્યારથી તે બધાનું સરવૈયું જો કાઢવામા આવે તો તે નિરાશાજનક છે એમ જણાઇ આવશે.

એ જ કારણથી આરોગ્ય, કેળવણી, ને સહકારની પ્રવૃત્તિઓ અત્યારે આપણને નિરાશ કરે છે. જ્યારે ગાંધીજી બહાર પડયા ત્યારે ગૂજરાતના યુવકોમાં ત્યાગવૃત્તિનું સારું વાતાવરણ હતું. જેમ ગાંધીજી ગોખલેને પોતાના ગુરુ માને છે તેમ આ યુવકવર્ગના કેટલાક માણસોએ એ વખતે પૂનાની ફર્ગ્યુસન કૉલેજમાં કેળવણી લીધી હતી અને ત્યાના વાતાવરણ જેવુ વાતાવરણ ગૂજરાતમાં ઉપસ્થિત કરવું એ તેમની અભિલાષાઓ હતી. ગાંધીજી હિન્દમાં તાજા આવ્યા હતા તેથી તેમને નવગૂજરાતની આ અભિલાષાઓની ખબર નહોતી; ગૂજરાતમાં તો તે વખતે આગેવાની નહોતી, એટલે આ અભિલાષાઓ થોડા વખત માટે અભિલાષાઓ રૂપે જ રહી. ભાઇ નગીનદાસ શાહ, પરિણામે પૂના જઇ રહ્યા. સુરતની સાર્વજનિક સોસાયટી પ્રશસ્ત કામ બતાવી શકી નહિ; અમદાવાદમાં લક્ષ્મીનંદનોને પૂના જેવુ વિદ્યાક્ષેત્ર કરવું ગમે ખરું ? ફર્ગ્યુસન કૉલેજથી પાછા આવેલા કેટલાક ઉત્સાહી પાટીદાર યુવકોએ "ચરોતર એજ્યુકેશન સોસાયટી" કાઢી, પછી આવ્યો અસહકારનો જમાનો. કોઇએક નવજુવાનોએ એ પૂરમાં ઝંપલાવ્યું. "ગૂજરાત વિદ્યાપીઠ"ની સ્થાપના થઇ. પંડિત જિનવિજય, પંડિત બહેચરદાસ વગેરે તેમાં જોડાયા. કેટલાએકો તેમાથી નીકળી ગયા; અત્યારે શી સ્થિતિ છે ? વિદ્યાપીઠ માત્ર નામ શોભાવી રહ્યું છે. એક જર્મનીનું જ

દૃષ્ટાંત લઈએ. નેપોલિયન સામેના વિગ્રહ દરમિયાન જર્મનીમા નવા શિક્ષણના જે પાયા નંખાયા હતા તે કદિ ભૂંસાયા નથી. પણ ગાંધીજી ઊંચી કેળવણીમા માનતા નથી; તેઓ બહુશ્રુતપણામાં માનતા નથી; એટલે કેળવણીની દશા તેમને હાથે પણ કેમ સુધરે ? ગૂજરાત હજુ પણ મહારાષ્ટ્ર ને બીજા પ્રદેશો કરતા ઊંચી કેળવણીમાં ઘણું પછાત છે. જે સમાજના ખરા આગેવાનો હાલ આ ઊંચી કેળવણી લીધેલા લોકોમાં પાકે છે તે દરેક દેશનો અનુભવ ઘણી વાર ભૂલી જવામાં આવે છે. મેં ઉપર કહ્યું તેમ ગાંધીજી દેશની ખરી સ્થિતિથી ઇ. સ. ૧૯૧૪ માં ને પછી પણ અજ્ઞાત હતા. એ અજ્ઞાન હજુ તેમની પ્રવૃત્તિઓની આડે આવે છે. કાઉન્સિલોમાં ન જવાનો તેમણે લોકોને આગ્રહ કર્યો. હિન્દની જનતા નિરક્ષર રહી, "મહાત્માઓ"ની પૂજારી રહી, અને રાજકારણમાંથી તો ઘણા કાળ થયાં વંચિત થઈ ગઇ છે. ઘણા સારા માણસો કાઉન્સિલોથી બહાર રહ્યા ને તેમાં જઇ જનતાનો કોપ માથે લેવા હિંમત ધરી શક્યા નહિ પરિણામે, કાઉન્સિલોમા મધ્યમ ને કનિષ્ઠ માણસો જઈ ચડયાં. બ્રાહ્મણ અબ્રાહ્મણ ને ખાસ કરીને હિન્દુ મુસલમાન ઝઘડાઓ જે હાલ થાય છે તે ઘણે અંશે આ ઉપદેશના પરિણામી છે એ આપણામાના સારા સારા લોકો વિસરી જાય છે.

કાઉન્સિલો બહાર રહી રચનાત્મક કાર્ય કેટલું થઈ શક્યું છે ? એક દસકાના અનુભવ પછી પણ કાર્ય સિદ્ધ થઇ શક્યુ નથી. રચનાત્મક કાર્યની ભાવના પણ ઘણી સંકુચિત રીતે કરવામાં આવી છે. આ જમાનામા દરેક કાર્ય માટે રાજ્યસત્તાનો સહકાર જોઇએ છીએ. પણ ગાધીજી તો એ સહકાર હજુ પણ સાધવા ઇચ્છતા નથી! ગાધીજી પોતે કોઇ રાજ્યસત્તામા માનતા નથી એટલે તેમને આ યુક્તિ પાલવે પણ એ વિચાર હમેશાં પ્રજા પાસે શા માટે પળાવવો જોઈએ ? આખો હિન્દી સમાજ સ્વરાજ્ય મેળવવા પ્રયાસ કરે ત્યા સ્વાભાવિક રીતે ને મોટે ભાગે આંતરકલહો, પક્ષાપક્ષી, ખટપટ, ક્ષુદ્રતા, મનનો સંકોચ ને એવી બીજી લઘુતાઓ દૂર થવી જોઇએ, પણ આપણા ગામડાઓમા હાલ શું જોવામા આવે છે ? અસહકારની પ્રવૃત્તિ પછી ઊલટું, આ લઘુતાઓ વધી છે અને સહકારથી કામ લેવાની રીત હજુ પણ જોવામાં આવતી નથી. જયારે ગાંધીજીના પક્ષકારો સ્થાનિક સંસ્થાઓમાં ધસ્યા ત્યારે તેમના કારભારમાં આગળ કરતા વધારે જોસ જોવામા આવ્યું હતું ને સરકારી નિવેદનોમાં પણ તે સુધારાનો સ્વીકાર કરવામા આવ્યો હતો. પણ તે જોસ કઢીના કે દૂધના ઉભરા જેવું ક્ષણિક હોવાથી અસહકારનો તાપ દૂર થતાં તે એકદમ શમી ગયું છે અને અત્યારે સુરત, અમદાવાદ, નડિયાદ, ને ભરૂચનો સ્થાનિક વહિવટ દસ દસ વર્ષની પ્રવૃત્તિઓ પછી પણ બહુ સુધર્યો નથી.

ઉપર મેં ગાધીજીની પ્રવૃત્તિઓની કેટલીએક અપ્રશસ્ત ન્યૂનતાઓ બતાવી છે; પણ તેથી એમ સમજવાનું નથી કે ગાધીજીની આગેવાની દેશને તદ્દન નિરર્થક નીવડી છે. ગાંધીજીએ ગૂજરાતને હિન્દમાં ગૌરવશાળી બનાવ્યું છે અને ગૂજરાતને હિન્દના શરીરમાં અત્યારે તો તિલકસ્થાન અપાવ્યું છે. ગાધીજીની પહેલા વિઠ્ઠલભાઇ ને વલ્લભભાઇ રાષ્ટ્રીય ઉપયોગિતા ધરાવતા થશે એમ બધા માનતા હતા. ગાધીજીએ એ માન્યતા એકદમ સિદ્ધ કરી બતાવી છે. ગૂજરાતીઓ પૈસો રળી જાણે છે પણ તેમનામા રાજકારણ કે દેશદાઝ નથી તે અન્ય પ્રાંતોની ઉક્તિઓને તેમણે ખોટી કરી દીધી છે. ગાંધીયુગ અગાઉ "એનકવાલિટિ" દસ રૂપિયાની ટોપીઓ વાપરવાવાળાઓ જ હતા તે ખાદીની સફેદ ટોપી

પહેરતા થઈ ગયા છે અને સરળતા સામે તેઓ ઉપહાસ કરતા તે સરળતા જ ગાંધીજીએ તેમને કંઠે રોપી દીધી છે. કોટ, પાટલૂન, બૂટ, મોજાં, ને ટાઇનો યુગ હવે હિન્દથી સદા માટે ચાલ્યો ગયો છે. ગાંધીજીએ ભલભલાને પણુ "ટોપી પહેરાવી દીધી" છે. ગૂજરાત વિદ્યાપીઠ સ્થાપી તેમણે કાકા કાલેલકર જેવા પ્રતિભાશાળી પુરુષોને ગૂજરાતને અપાવ્યા છે અને ઉપરાંત ગૂજરાતનો ને હિન્દનો પ્રાચીન યુગ હવે આપણે વધારે સંગીન રીતે સમજતા થયા છીએ. સત્યાગ્રહાશ્રમ સ્થાપી ગાંધીજીએ ગૂજરાતને ને હિન્દને અમર સંદેશ આપ્યો છે કે જે પ્રજાના આગેવાનો ને યુવકો એશઆરામ છોડશે, લોકોમાં લોકો જેવો વેશ રાખી હરશે ફરશે, ને તેમની ભાષામાં તેમને સ્વતંત્રતાનો, સદ્દવર્તનનો, ને સહજીવનનો મંત્ર આપશે, તે આગેવાનો ને યુવકો દેશને ખરો માર્ગ બતાવશે. રાજકારણમાં પણ સંન્યસ્ત સંભવે છે એ ગાંધીજી આપણને ખાસ શીખવે છે. ગાંધીજીએ હિન્દને કપાળે ચડેલી નામોશી દૂર કરી છે અને અત્યારે યૂરોપ અમેરિકામાં આપણો દેશ યોગ્ય સ્થાન લઇ શકે છે. ગાંધીજીએ આપણું લક્ષ હિન્દ બહાર વસતા આપણા ભાઇઓ તરફ દોરવ્યું છે. સચોટ, ટૂંકાં, અર્થપૂર અને સરળ વાક્યોમાં ઊંચામાં ઊંચા વિચારો લખી ગાંધીજીએ ગૂજરાતી ભાષાને નવો ઓપ આપ્યો છે ને પોતાના વતન કાઠિયાવાડના અર્થવાળા પરિભાષિક શબ્દો ગૂજરાતી ભાષામાં ભરી દીધા છે. આવેશ વિનાનાં, પણ હૃદયના મર્મોને વીંધી નાખનારાં કરુણ રસથી ભરપૂર અને સરળ ભાષણો આપવાનો યુગ ગાંધીજીએ ચલાવ્યો છે. બંગભંગ પછી મોટી મોટી સભાઓ ભરી વક્તાઓ દેશના દર્દો તેમના યુગમાં જ પ્રકાશ પાડતાં શીખ્યા છે. ફિતુર ઇરાદાપૂર્વક ફેલાવી અદાલતની ખબર આવતાં રાજ્યના કાયદાઓનો આશ્રય લેવાની દંભી પ્રથાને ગાંધીજીએ ઊડાડી મૂકી છે. સરકારી અમલદારોનો ખોટો "પો" હવે નાશ પામ્યો છે. ચારિત્ર ઉપર લોકોને માનદૃષ્ટિ થઇ શકી છે. સ્વરાજ્યનો મંત્ર હવે હિન્દને દરેક ઘરે પૂગી ગયો છે. ગૂજરાત કાઠિયાવાડનો સ્ત્રીવર્ગ ઉડાઉ થતો જતો હતો તે તેમણે બંધ કરાવ્યું છે અને એક વાર બૂટ મોજાં ને ભભકદાર સાડી પોલકામાં સજ્જ થતો અમદાવાદી ને સુરતી ને મુંબઇનો સ્ત્રીસમાજ હવે ચંપલ ને શ્વેત સાડી પોલકાંમાં ગામેગામ ફરતો થઇ ગયો છે. ગાંધીજીથી હિન્દનો મધ્યમ વેપારીવર્ગ દેશભક્ત થયો છે. ગાંધીજી દલિત વર્ગોના ને ગરીબોના તો બેલી ગણાય છે. તેમના સત્ય ઉપરના પ્રેમથી તો તેમને અપ્રતિમ પદ મળ્યું છે. ગાંધીજી સુધારક છે. બાળલગ્નના, વિધવા પુનર્વિવાહના, અંત્યજોદ્ધારના ને નાતોનાં તડ ખાસ તોડવાના તેઓ પ્રચંડ પક્ષપાતી છે.

પણ ગાંધીજી જૈન નથી; કોઇ જૈન યતિ કોહાટમાં હિન્દુ મુસલમાનો લડયા માટે દિલ્હી જઈ દિવસો સુધી અપવાસો કરશે નહિ. ગાંધીજી શ્રીમદ્ રાજચંદ્રના પરિચયી હતા પણ શ્રીમદ્ રાજચંદ્રે કાંઇ દેશને રાજકારણમાં કે સ્વરાજ્યમાં પ્રેર્યો નહોતો ને શ્રીમદ્ રાજચંદ્રનો કોઇ ખરો પક્ષપાતી તો ખેડા જીલ્લામાં ફરી લોકોને બ્રિટિશ સામ્રાજ્યના યુદ્ધમાં ઉતરવાનો ઉપદેશ આપે પણ નહિ. ગાંધીજી બાઇબલના અભ્યાસી છે પણ બાઇબલના સાચા અભ્યાસીએ તો ગયા મહાયુદ્ધ સામે પડવાની જરૂર હતી, તે માટે સરલતાઓ કરી આપવાનો તેનો ધર્મ સમજાઇ શકે નહિ. ગાંધીજી યંત્રો વિરુદ્ધ છે તેથી રસ્કિનના પક્ષપાતીમાં તેમને ગણવામાં આવે છે. પણ રસ્કિન કળારસિક હતો. ગાંધીજીમાં રસ્કિનની કળારસિકતા જોઇ શકાતી નથી. રસ્કિન વિદ્યારસિક હતો, વીરપૂજાનો પક્ષપાતી હતો, અને સમાનતા

તેને ગમતી નહિ..ગાંધીજીમાં આ લક્ષણો જોવામાં આવતાં નથી. ગાંધીજીને ટોલ્સ્ટૉય સાથે સરખાવવામાં આવે છે પણ ટોલ્સ્ટૉય સામ્યવાદી હતો, ટોલ્સ્ટૉયમાં તીવ્ર કલ્પનાશક્તિ હતી. ગાંધીજીમાં એવો સામ્યવાદ જોવામાં આવતો નથી; તેઓ તો વર્ણાશ્રમધર્મના પક્ષપાતી છે. વળી ગાંધીજીમાં ટોલ્સ્ટૉયની તીવ્ર કલ્પનાશક્તિ જોઈ શકાતી નથી. જો કે ટોલ્સ્ટૉયની સાથે તેમની તુલના કાંઈક વિશેષ પ્રકારે થઈ શકશે. ગાંધીજીના રેંટિયાવાદમાં, તેમના સત્યાગ્રહમાં, તેમના અહિંસાના સિદ્ધાંતોમાં, તેમની અસહકારની પ્રવૃત્તિઓમાં, તેમના સત્યાગ્રહાશ્રમના નિયમોમાં, તેમના આરોગ્યશાસ્ત્રમાં, દરેકમાં સ્વચ્છંદ ખાસ તરી આવે છે. દુનિયાના આદર્શ, નિઃસ્વાર્થી ને પ્રચલિત યુગ સામે વિરોધ જાહેર કરનારા દુનિયાના તમામ મહાત્માઓના નિયમોને પોતાના અનેરા પણ સ્વચ્છન્દી વ્યક્તિત્વ સાથે મેળવી દઈ તેમને જુદો આકાર આપવાનો ગાંધીજીનો સ્વચ્છન્દ મને તો હમેશા વિસ્મય પમાડે છે.

એક પ્રસિદ્ધ દક્ષિણી મિત્રે મને એક વાર પ્રશ્ન પૂછ્યો હતો : " Is Gandhi acting on intuition ? " મેં જવાબ આપ્યોઃ "He says that he is not a Yogi."

પણ ઉપર એક વાર કહેવામાં આવ્યું છે તેમ ગાંધીજીની આગેવાની અનેરી જ છે. ગાંધીજી લોકોને અમુક પ્રકારે સ્વરાજ્ય લેવા તૈયારી કરવાનું સૂચવે છે; લોકો કહે છે " અમે તૈયાર છીએ; અમને હવે જંગમાં ઊભા રાખો ને તમે મોખરે થાઓ." તે જ વખતે ગાંધીજી બોલી ઊઠે છેઃ " નહિ ભાઈઓ, મારી દૃષ્ટિએ તમે હજુ તૈયાર નથી; હજુ તમે તાલીમ લે લો; પછી હું તમારી આગળ થઈશ."

બારડોલી, ચૌરીચૌરા, ને હમણા જ મહાસભાના પ્રમુખ થવાની ના, એ શું સૂચવે છે ?

સીઝર, ક્રૉમ્વેલ, નેપોલિયન, ને બીજા આગેવાનોએ " ચાંદલો કરવા આવેલી લક્ષ્મી "ને ના પાડી નથી. પણ ગાંધીજી તો લક્ષ્મીજી આગળ મો ફેરવી બેસે છે. ને છતાં આગેવાનપણું લોકો પાસે કબૂલ કરાવે છે.

જૂનાગઢની બાહુદ્દિન કૉલેજના મારા પ્રોફેસર સદ્ગત મહાદેવ મલ્હાર જોશી એક વાર મને પૂછવા માંડ્યાઃ " Why is Mr. Gandhi disowning his own followers ? I have never read or heard of such a leader." મારી પાસે આ પ્રશ્નનો ઉત્તર, એ પ્રશ્ન થયો ત્યારે પણ નહોતો, ને હજુ પણ નથી.

लोकोत्तराणां चेतांसि कोऽपि विज्ञातुमर्हति ॥

અને છતાં ગાંધીજીના કાર્યક્ષેત્ર ઉપર દરેક અભ્યાસીએ ભવિષ્યમાં થોડોએક દૃષ્ટિપાત તો કરવો પડશે !

પ્રો. કેશવલાલ હિંમતરામ કામદાર

ગાંધીજી અને લેનિન

"Lenin and Gandhi were upheld by the emotion of ecstatic faith, the faith that their country was to redeem humanity... Like two prophets they stand at the opening of the twentieth century." R. Fulop-Miller

(Lenin and Gandhi)

બ્રિટિશ સામ્રાજ્યવાદીઓ ગમે તે કહે પણ આ યુગ ઇતિહાસમાં બે નામથી ઓળખાશે: આ ગાંધીનો અને લેનિનનો યુગ છે. વિભેદના આ જમાનામાં આ બંને પુરુષો સંયોગ સાધવા મથ્યા છે; ગાંધીજીએ નૈતિક પુનરુદ્ધાર દ્વારા અને લેનિને આર્થિક પુનર્ઘટના દ્વારા સામાજિક સંગતિ સ્થાપવાનો પ્રયાસ કર્યો છે. ભયભીત સામ્રાજ્યવાદીઓ તથા ધનવાનો આ બંને નેતાઓને વિનાશકો કહી એમની નિન્દા કરે છે. એમની ભાવનાઓની આડે આવતી નડતરોનો નાશ કરતા તેઓ અચકાયા નથી એ ખરું, પરંતુ તેઓ માત્ર અનિષ્ટનો સંહાર જ કરી શકતા હોત તો આટલા પ્રબળ નેતાઓ ન થાત. બંનેના જીવનમાં વિશિષ્ટ અને રચનાત્મક ફિલસુફી પ્રગટ થાય છે; બંનેને વર્તમાન સમાજ કરતાં ભિન્ન અને ઉચ્ચતર સમાજની કલ્પના છે અને એવો સમાજ રચવાની અભિલાષા છે. આ ફિલસુફી અને આ આદર્શ તેમને પ્રેરે છે. રાજકીય ક્ષેત્રમાં બંને નવી સૃષ્ટિ સરજનાર છે, ભાવનામય અને આદર્શવાદી છતા વ્યવહારુ કાર્યવાહકો અને સંચાલકો છે. બંનેમાથી એકેને લોકહિત સિવાય અન્ય કંઇ લક્ષ્ય નથી અને સ્વાર્થ કે સત્તાનો લોભ નથી.

આ સામ્ય બંનેને પ્રકૃતિમા અને વર્તનમાં પણ વિવિધ રીતે જણાય છે. મિ. બર્ટ્રાંડ રસેલ લેનિન સાથેના પોતાના મેળાપનું વર્ણન કરતા લખે છે:

'એને (લેનિનને) એશઆરામની કે સામાન્ય સગવડની પણ દરકાર નથી. આપણો મિત્ર હોય એવી સારી રીતે વાત કરે છે, ઉપરથી તો સરલ દેખાય છે અને ગર્વનો છાંટો યે નથી. એ કોણ છે તે જાણ્યા વગર જો કોઇ એને મળે તો એ આવી સત્તા ધરાવે છે એમ કોઈ ધારે નહિ. જાણે સર્વદા શાસન કરતો હોય એવો, શાન્ત, છેક ભયવિહીન, તલમાત્ર પણ સ્વાર્થવૃત્તિ વગરનો, એક મૂર્તિમાન સિદ્ધાન્ત હોય એવો તે જણાય છે... એનું બળ એની પ્રામાણિકતા, શૌર્ય અને અડગ શ્રદ્ધામાથી ઉદ્ભવે છે એમ મને લાગે છે.'[1]

આ વર્ણન ગાંધીજી વાસ્તે પણ કેટલું યથાર્થ છે ? પરદેશી અવલોકનકાર ઉપર ગાંધીજીની કેવી છાપ પડે છે એનુ એક જ દૃષ્ટાંત લઇએ. મટેલ અને ગૉર્ડન લૉ નામના અમેરિકનો લખે છે કે: "ગાધીજીએ પોતાના ઉપર જેવું પ્રભુત્વ મેળવ્યું છે" તેવું બીજા

૧ "The Practice and Theory of Bolshevism." by Bertrand Russell. પૃ. ૩૬-૩૭, ૪૨.

કોઈ મનુષ્યે મેળવેલું તેમણે જાણ્યું નથી; ગાંધીજીનું ચારિત્ર્ય "સ્વસ્થતાનો, માનસિક સાવધાનતાનો, અસાધારણ ભાવનામયતાનો તથા દઢ માન્યતાનો" ખ્યાલ આપે છે એમ તેમને લાગ્યું.[૨] જેવું ગાધીજીનું હાસ્ય ઘણાને ગૂઢ લાગે છે એવું જ લેનિનનું હાસ્ય હતું. એટલું પણ નિ:સંશય છે કે તેઓ બંને ગમે તેવા સંકટમા શાન્ત, વિપત્તિમાં ધીર અને હમેશ નિશ્ચલ રહેલા છે તે એમની અડગ શ્રદ્ધાને જ લીધે. બને પોતાનું લક્ષ્ય સાધવા માટે અવિરત પ્રયાસ કરવાની નિશ્ચય શક્તિ ધરાવે છે. આપત્તિને સમયે પણ લેનિનમાં કેટલું ધૈર્ય હતું એનું એક સરસ દૃષ્ટાન્ત છે. ૧૯૨૧ માં જ્યારે મોસ્કો ઉપર પણ શત્રુઓનો હલ્લો આવવા ભય હતો અને બધા ધારતા હતા કે સોવિયેટની સત્તા થોડા દિવસમાં જ નષ્ટ થશે ત્યારે લેનિનને ગામડાંમાં વિજળી દાખલ કરવાનો વિચાર આવ્યો અને વિજળી પૂરી પાડવાની આજ્ઞા પણ એણે કરી દીધી.[૩] દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહના સંચલનમાં, ચંપારણ્યમા, પંજાબના માર્શલ લૉના સમયમા અને અસહકારના વખતમા ગાંધીજીએ આવું અદ્ભુત ધૈર્ય બતાવ્યાના અનેક દાખલાઓ છે. ગાંધીજી કે લેનિન લોકોના ઉત્સાહથી અંજાઇ જતા નથી કે લોકપ્રીતિ મેળવવા સિદ્ધાન્તનો ભંગ કરતા નથી. ગાધીજી પેઠે લેનિનને પણ વક્તૃત્વશક્તિ અપ્રિય હતી અને શબ્દોની રમત ગમતી નહોતી. શબ્દજાળમાં કાર્ય-શક્તિ ગૂંચવાઇ જાય છે અને કાર્ય સિવાય અન્ય સર્વ વ્યર્થ છે એ તેનું સૂત્ર હતું. એથી જ ગમે તેવા ગાઢ મિત્ર સાથે સંબંધ તૂટે છતાં સિદ્ધાન્તનો ભોગ લેનિન પણ ગાધીજીની જેમ કદી આપતો નહિ. વખત આવે મિત્રોથી પણ વિખૂટા પડી એકલો તે લડી શકવા સમર્થ હતો. એણે એકવાર કહ્યું હતું : "હું કદાચ એકલો પડી જઇશ પણ મારો અભિપ્રાય નહિ તજું. એ જ અભિપ્રાય ફેલાવીશ અને સીધે માર્ગે ચાલ્યો જઇશ." લેનિનની આ આત્મશ્રદ્ધાનું શ્રેષ્ટ દૃષ્ટાન્ત તો બૉલ્શેવિક વિગ્રહ છે. જે ઑક્ટોબરમાં બૉલ્શેવિક વિપ્લવ થયો તે પહેલાં લેનિન એકલો જ એવા મતનો હતો કે કેરેન્સકીની સત્તા તોડી સોવિયેટનું રાજ્ય સ્થાપવાનો સમય આવી પહોચ્યો છે. બીજા ઘણાખરા બૉલ્શેવિક નેતાઓ આ માર્ગ લેવાની વિરુદ્ધ હતા અને થોડો સમય વાટ જોવાના પક્ષમાં હતા. પરંતુ લેનિન ડગ્યો નહિ અને આખરે સર્વને પોતાના પક્ષમાં જીતી લઈ એણે રશિયાની સત્તા હાથ કરી. આવી જ રીતે *એકલા રહીને મિત્રોની પણ વિરુદ્ધ થવાનું શૌર્ય ગાધીજીએ અનેકવાર દાખવ્યું છે એ તો* સુવિદિત છે. ગાંધીજી પોતાની ભૂલો સ્વીકારે છે તે કદી પણ ભૂલ કબૂલ ન કરતા આપણા કેટલાક નેતાઓને ખૂંચે છે પરંતુ લેનિનનું પણ આ એક લક્ષણ હતું. આત્મપરીક્ષા કરવાના અસામર્થ્ય વિશે લેનિન પુષ્કળ કટાક્ષ કરતો. એ લખે છે :

"પોતની ભૂલો પ્રત્યે એક રાજકીય પક્ષ જે વૃત્તિ દાખવે તે એના ગાંભીર્યનું ચિન્હ છે અને એનું કર્તવ્ય કરવાની શક્તિ સૂચવે છે. ક્ષતિનો સ્પષ્ટ સ્વીકાર એ ક્ષતિના કારણોની શોધ, એ ક્ષતિ કયા સંજોગોમાં થઇ એનું પૃથક્કરણ, એ ક્ષતિ સુધારવાના ઉપાયોનો અભ્યાસ—આ સર્વ એક સાચા અને ગંભીર પક્ષના લક્ષણો છે. એ જ કર્તવ્યનું પાલન છે. એ જ પ્રજાની અને લોકની કેળવણી છે."[૪]

---

૨ આ લેખ Miss Blanche watsonના Gandhi and Non-Violent Resistance માં છે.

૩ પંડિત જવાહીરલાલ નેહરુના "સોવિયેટ રશિયા"ના પુસ્તકમાં આ દૃષ્ટાન્ત પૃ. ૯૮ ઉપર છે.

૪ લેનિનના Worksની રશિયન આવૃત્તિમાથી ઉતારો Joseph Stalinના "Leninism"ના પુસ્તકમાં આપેલો છે. પૃ. ૯૨-૯૩.

જેવી રીતે લેનિન રાજકીય ક્ષેત્રમાં આવ્યો તેથી રશિયાના વાતાવરણમાં પરિવર્તન થઇ ગયું એવી જ રીતે ગાંધીજીએ જ્યારે હિંદના રાજકીય જીવનમા પ્રવેશ કર્યો ત્યારે રાષ્ટ્રીય પ્રવૃત્તિમા વિપ્લવ થયો. લેનિનની સ્પષ્ટ વિચારશકિતથી અને પ્રત્યક્ષ રીતથી જૂને ચીલે ચાલ્યા કરતા સંચલનને આઘાત પહોંચ્યો: કહ્યા પ્રમાણે કરે એવા તથા પોતાને જ પોતાના શ્રેષ્ઠ અનુયાયી બનાવે એવા વિલક્ષણ ગાંધીજીને જોઇ લોકોને સાનંદાશ્ચર્ય થયું અને બીજા લોકનાયકો મૂંઝાઇ ગયા. ગાંધીજી ગુજરાતના રાજકીય જીવનમાં ભાગ લેવા લાગ્યા એ સ્થિતિનું વર્ણન શ્રીયુત વલ્લભભાઈ પટેલે સરસ શબ્દોમાં કર્યું છે :

" તે વખતે આપણા રાજકીય જીવનમાં અતિશય મલિનતા હતી. આપણી પ્રજા તરફથી કામ કરનારાઓમા ઘણામાં અતિશય પાખંડ હતુ. એ અરસામાં મહાત્મા ગાધી આવ્યા ત્યારે રાજકીય જીવનમા સત્ય દાખલ થયુ.. મારી ખાત્રી થઈ કે હવે કંઈ સાચુ કામ થવાનુ છે. "[૫]

જેમ લેનિન માનતો એમ ગાંધીજી પણ માને છે કે ભાવના અને આદર્શના સ્વપ્ન જ જોવાનાં નથી પણ એને સૃષ્ટિમા ઉતારવા પુષ્કળ યત્ન કરવો પડે છે[૬]. ગાંધીજીને એમના માનવબન્ધુઓની વિપત્તિથી દુ:ખ થાય છે એવી જ પીડા લેનિનને થતી. હાલના સમયનું મુખ્ય સંકટ આર્થિક છે એવી બંનેની માન્યતા હોવાથી લોકસમૂહની આર્થિક સ્થિતિ સુધારવી એ સમાજનું પ્રથમ કર્તવ્ય છે એવો લેનિનનો અભિપ્રાય હતો અને ગાંધીજીનો છે.

પરન્તુ જગતના આ બે મહાન પુરુષોમાં જેમ આવું સામ્ય છે તેમ એ બન્ને વચ્ચે ભેદ પણ છે. તેમની દૃષ્ટિ અને સ્વભાવ ભિન્ન પ્રકારના છે; એમના સામાજિક સિદ્ધાન્તો તથા કાર્યપદ્ધતિમાં ઘણું અંતર છે. ગાધીજી તેમજ લેનિનના શૌર્ય અને નિશ્ચલતા તેમની અડગ શ્રદ્ધામાંથી ઉત્પન્ન થયેલાં છે. પરન્તુ એ શેના પરની શ્રદ્ધા ? ગાંધીજીને સૃષ્ટિની નૈતિક ઘટનામાં પરમ શ્રદ્ધા છે, જ્યારે લેનિનને કાર્લ માર્ક્સના આર્થિક સિદ્ધાન્તો પર દૃઢ વિશ્વાસ હતો.[૭] આ ભેદ કેટલેક અંશે બંનેના વ્યક્તિત્વને લીધે છે અને કેટલેક અંશે જાતિ તથા રાષ્ટ્રની ભિન્નતાને લીધે છે. ગાંધીજી હિન્દુ છે અને લેનિન રશિયન હતો તેથી એમના માનસમા ફેર હોય એ સ્વાભાવિક છે. તે ઉપરાંત ગાંધીજીનું વ્યક્તિગત ચારિત્ર્ય બાઇબલ, ગીતા આદિ ધાર્મિક ગ્રંથો તથા સૉક્રેટિસ, રસ્કીન, ટૉલ્સટૉય, થૉરો વગેરે 'એનાર્કીસ્ટ' તથા વ્યક્તિવાદી ફિલસૂફોના વિચારો વડે ઘડાયું છે. લેનિનની ગીતા તો કાર્લ માર્ક્સની "Das Capital" હતી તેમજ એનું આખું વલણ શાસ્ત્રીય અને વૈજ્ઞાનિક હતું. આ મૂળ માનસિક ભેદ બંનેની ભાવનાઓમાં, વિચારોમાં તથા કાર્યપદ્ધતિમા સ્પષ્ટ થાય છે. ગાધીજીની દૃષ્ટિ ધાર્મિક બલ્કે નૈતિક છે. " મારા પ્રયોગોમાં તો આધ્યાત્મિક એટલે નૈતિક; ધર્મ એટલે નીતિ; આત્માની દૃષ્ટિએ પાળેલી નીતિ તે ધર્મ."[૮] લેનિનને મતે તો ધર્મ એક પ્રકારનો નશો છે અને પરલોકમાં સુખ મળવાની લાલચ આપીને ગરીબ લોકોને આ જીવનમાં સંતુષ્ટ રાખવાનું છલ છે.[૯] ગાંધીજી અને લેનિન બંને રાજ્યના વિરોધીઓ

૫ શ્રીયુત મહાદેવ દેસાઈ કૃત " વીર વલ્લભભાઈ"માંથી આ ઉતારો લીધો છે.

૬ "Leninism is, from the organisational point of view, the putting of principle into practice." (Leninism by Stalin p. 166)

૭ "Lenin is a Marxist so of course his philosophy is based upon Marxism" ("Leninism". By Stalin ખાસ કરીને પૃ. ૭૬-૮૦, ૩૪૯)

૮ આત્મકથાની પ્રસ્તાવના પૃ. ૪.

૯ "Religion is the opium of the people". Marx.

છે. પરંતુ ગાંધીજી આત્મદર્શનના ઉપાસક હોઈ રાજ્ય વ્યક્તિના વિકાસમાં નડતરરૂપ બને છે એમ તેમને લાગે છે. કાયદાનાં બંધનો ઘડયા કરતા વ્યક્તિનું ચારિત્ર્ય સુધાર્યાથી સમાજ સુધરવાનો અધિક સંભવ છે એવો એમનો અભિપ્રાય છે. વળી અનીતિમય કાયદા કે રિવાજનો શાન્તિમય ભંગ કરવાનો નાગરિકોને સપૂર્ણ હક છે એમ તેઓ માને છે. લેનિન રાજ્યનો સંહાર કરવા માગે છે તે સોવિયેટરૂપી લોકસમૂહ (Proletariat)ની સ્વતત્ર અને નવી સંસ્થાઓ સ્થાપવા માટે. પ્રજાસત્તાક રાજ્યોમા પણ ખરી સત્તા પાર્લામેંટ આગળ નથી પરંતુ ધનવાનોના હાથમાં છે અને તેઓ રાજ્યસત્તાને ધારે તેમ નચાવી શકે છે, પોતાના લાભ માટે કાયદાઓ રચાવી શકે છે, પોતાની મિલકતના રક્ષણ માટે પોલિસ અને લશ્કરની સહાય મેળવી શકે છે અને પોતાના આર્થિક હિત માટે યુદ્ધ પણ કરાવી શકે છે.[૧૦] આધુનિક સમયમા મૌલિક સત્તા આર્થિક સત્તા છે અને એ આર્થિક સત્તા પ્રાપ્ત કરવા માટે મજૂરોએ રાજ્યનો નાશ કરી પોતાની સંસ્થાઓ સ્થાપ્યા વગર છૂટકો નથી. આ સંસ્થાઓમાં વ્યક્તિસ્વાતંત્ર્યને સ્થાન નથી. ટૂંકામા, ગાધીજી વ્યક્તિના નૈતિક વિકાસ માટે રાજ્યની સત્તાનો ઉપયોગ થાય એમ ઇચ્છે છે, જ્યારે લેનિનનું ધ્યેય મજૂરોના મંડળોની એક નવી રાજ્યપદ્ધતિ સ્થાપવાનું હતું. એ જ પ્રમાણે ગાધીજી અને લેનિન બંને હાલની આર્થિક પદ્ધતિની વિરુદ્ધ છે. પરંતુ ગાંધીજી જ્યારે આખી ઔદ્યોગિક પદ્ધતિની વિરુદ્ધ છે ત્યારે લેનિન માત્ર મૂડીવાદ (Capitalism)ની જ વિરુદ્ધ હતો. સમાજવાદ વગર જીવનની જરૂરિયાતોની યોગ્ય વહેંચણી થઇ શકે નહિ એમ લેનિન માનતો. પ્રત્યેક મનુષ્ય પોતાની શક્તિ અનુસાર સમાજના ઉત્પાદનનું કાર્ય કરે અને પોતાની જરૂરિયાતો પ્રમાણે સમાજના ધનમાથી પોતાનો ભાગ લે એ કૅામ્યુનિસ્ટોનું આર્થિક સૂત્ર છે. પરંતુ ઔદ્યોગિક પદ્ધતિ વગર અને મૂડીવાદની રીતિનું કેટલેક અંશે અનુકરણ કર્યા વગર સમાજવાદ અશક્ય છે એમ લેનિન કહેતો. યન્ત્રોનો ઉપયોગ, મોટા પ્રમાણમા અને જથ્થાબંધ ઉત્પાદન, એક કારખાનામા કામ કરતા ઘણા મજૂરો વગેરે ઔદ્યોગિક પદ્ધતિના લક્ષણો લેનિન સ્વીકારતો. તેને વાંધો હતો તે એ ધનની ઉત્પાદનની રીતિ સામે નહિ પણ એના વિભાગની રીતિ સામે. મૂડીદારોની સત્તા, ધનની અસમાનતા, ગરીબોની દારિદ્ર્યાવસ્થા ઇત્યાદિ સર્વ દૂષણો તે ટાળવા માગતો હતો. ખાનગી મિલકતનો નાશ કરી સર્વ મિલકત સમાજની માલિકીને સોપી દેવા અને સર્વ ઉદ્યોગો સોવિયેટના તંત્રને હાથે ચલાવવા માગતો. ગાધીજી મિલકત–જર કે જમીન–ની વિરુદ્ધ છે તે એ વસ્તુઓ વ્યક્તિગત છે માટે નહિ પરંતુ એક ધર્મગુરુની દૃષ્ટિએ; એટલે કે ઉપભોગને લીધે સ્વાર્થ, લોભ, કપટ, કલહ આદિ અનિષ્ટો ઉદ્ભવે છે માટે તેને ત્યાજ્ય લખે છે. એમનો આદર્શ સરલ જીવન હોઇ તેઓ મનુષ્યની હાજતો, જરૂરિયાતો અને સુખસગવડના સાધનો વધારવાની પક્ષમાં નથી અને એવી વૃદ્ધિને પ્રગતિ નથી કહેતા; પણ લોકોની રહેણીકરણી સાદી કરવા ઇચ્છે છે. સહેજ અત્યુક્તિથી કહીએ તો લેનિન મજૂરોને પણ મહેલોમા રાખવા માગતો ત્યારે ગાંધીજીનું ચાલે તો રાજાઓને પણ ઝૂંપડામા રાખે. દરેક ગામડું પોતાને જોઇતી જણસો ઉત્પન્ન કરે અને એક ગામડાના

૧૦ "In the parliamentary system, the actual work of the States is done behind the scenes...Parliament itself is given up to talk for the spec.al purpose of fooling the common people." (Lenin's "State and Revolution.")

લોકો પોતાની સર્વે જરૂરિયાતો બને ત્યાં સુધી પૂરી પાડે એવી ગાધીજીની આદર્શસૃષ્ટિ છે. ધનની વહેંચણીમા પણ સર્વને સરખું વહેંચાય એમ નહિ પણ ન્યાય્ય વહેંચણી થાય એવી એમની કલ્પના છે.[११] આથી લેનિન જ્યારે ગામડાને પણ વિજળી પૂરી પાડી ત્યા ઔદ્યોગિક પરિવર્તન કરવા પ્રયાસ કરતો ત્યારે ગાધીજી મિલના મજૂરોને પણ રેંટિયાના લાભ સમજાવે છે. આથી લેનિન મૂડીદારોને નાશ કરવા પ્રયત્ન કરતો ત્યારે માલિક અને મજૂર વચ્ચે પરસ્પર સહકાર અને સંપ થાય તથા ઉદાર અને માયાળુ સ્વામી તથા વફાદાર અને પ્રામાણિક સેવક વચ્ચે હોય એવો સંબન્ધ આપણાં કારખાનાંમા પણ થાય એવી ગાધીજીની ભાવના છે. મનુષ્યોની હાજતો ઓછી કરીને, જીવન સાદું કરીને, આર્થિક યન્ત્રણાનો વેગ થંભાવીને, આર્થિક ઘર્ષણો ઘટાડીને તેઓ આર્થિક પરિવર્તન કરવા માગે છે. લેનિનના મત પ્રમાણે તો મજૂરો, ખેડૂતો અને લોકસમૂહ પોતાના હાથમા સત્તા ન લે ત્યાં સુધી આર્થિક કષ્ટોનું નિવારણ કરવું અશક્ય છે.

આ ભિન્નતા બંનેની રીતિઓમાં પણ પ્રગટ થાય છે. જેવું ઝનૂન કેટલાક ધાર્મિક લોકોને પોતાના સંપ્રદાય માટે હોય છે એવું જ ઝનૂન લેનિનને કાર્લ માર્ક્સના સિદ્ધાન્તો વાસ્તે હતું, આથી જ એ થંડામા થંડો ઝનૂની (Coldest of fanatics) કહેવાયો છે. ગાધીજીમા આવા પ્રકારના ઝનૂનનો છાંટો યે નથી. કારણ કે ગાંધીજીની ફિલસુફીનું કેન્દ્ર સત્યની શોધ છે.[१२] એ સત્યાગ્રહના તથા આત્મબળના ઉપાસક છે એટલે મનુષ્ય વ્યક્તિત્વના ગૌરવનું પૂર્ણ ભાન એમને છે. આથી જ પોતાના સિદ્ધાન્તમાં દૃઢ માન્યતા હોવા છતા લેનિન જેવી અસહિષ્ણુતા એમનામા નથી. લેનિન એના વિરોધીઓ પ્રત્યે તદ્દન નિષ્ઠુર હતો. એક વાર સર્વ પક્ષનું ઐક્ય સ્થાપવાની સૂચના કરવા કેટલાક મિત્રો એની પાસે ગયા ત્યારે એણે સહેજ પણ ઉશ્કેરાયા વગર કહ્યું: " મારા વિરોધીઓ સાથે એક જ પ્રકારની સંધિ હું કરું છું અને તે એમના ચૂરેચૂરા કરી નાખવા." લેનિન પોતાના વિરોધીઓને હરાવવામા કે એમનો નાશ કરવામા કોઈ પણ પગલું લેતા અચકાતો નહિ. એક આર્થિક સિદ્ધાન્તનો પ્રચાર કરવા અને એક સામાજિક ઘટના રચવા તે જીવતો હતો અને તે માટે ગમે તેટલા મનુષ્યોનો તેમજ સિદ્ધાન્તોનો ભોગ આપવા તૈયાર રહેતો. ગાધીજીની ફિલસુફીમાં મૂળમા જ નૈતિક ભાવના હોવાથી એમનામા અનુકમ્પા તથા સહિષ્ણુતા છે. કોઇ પણ વિરોધી માટે અંગત આક્ષેપ ગાંધીજીએ કર્યો હોય કે કડવો શબ્દ પણ કહ્યો હોય એમ જાણ્યામા નથી. અનિષ્ટનો તિરસ્કાર કર્યા છતા એ અનિષ્ટ કરનાર પ્રતિ પ્રેમ રાખી શકાય એ એમનું પ્રથમ સૂત્ર છે. સત્યાગ્રહી જેમ પોતાના વ્યક્તિત્વનો વિકાસ કરવા ઇચ્છે છે તેમ અન્ય મનુષ્યોનાં ભિન્ન અને અપૂર્વ વ્યક્તિત્વ વાસ્તે એમને સન્માન હોય છે. આથી તેઓ પોતાનો અભિપ્રાય બળ વડે કે જોરજુલમથી કે દમન કરીને નહિ પણ બુદ્ધિના શસ્ત્રો વડે ફેલાવવા મથે છે. રાજકીય ક્ષેત્રમાં વ્યૂહરચના કેમ કરવી અને કેવી કુશલતાથી વિજય મેળવવો એનો લેનિને ઊંડો અભ્યાસ કર્યો હતો. અંતિમ લક્ષ્ય વિસાર્યા વગર સંજોગો જેમ બદલાતા જાય એમ એને અનુકૂળ રીતિ ઘડતાં જવી એ તેનો સિદ્ધાન્ત હતો. ઘણે પહેલેથી યોજના રચવાની એ વિરુદ્ધ હતો અને ભવિષ્ય માટે તૈયારી કરવામાં વર્તમાન ભૂલી જવાય છે અને સર્વ પ્રયાસ નિષ્ફળ નીવડે

११ મિ. રાકલાતવાળાને લખેલો ગાધીજીનો પત્ર જુઓ

१२ "એ સત્ય મને જડ્યુ નથી પણ એનો હુ શોધક છુ." આત્મકથાની પ્રસ્તાવના પૃ. ૫.

છે એમ તેને લાગતું. ક્રાન્તિના કોઇ કટોકટીના સમયે સ્થિતિ એવી અસ્થિર થઈ જાય છે કે આગળ ન વધાય તો પાછળ જ હઠવું પડે છે. આગળ વધીને સત્તા હાથ ન કરાય તો વિરોધીઓને હાથે હાર ખમી છેલ્લે દબાઇ જવું પડે છે એમ તે માનતો.[૧૩] આ સિદ્ધાન્તો લેનિન અમલમા મૂકતો; નહિ તો રશિયાનો વિપ્લવ થાત નહિ કે સોવિયેટનું રાજ્ય સ્થપાત નહિ. ગાંધીજીની રાજકીય રીતિ આથી તદ્દન ભિન્ન છે એમ કહીએ તો ચાલે. એમની નીતિની ભાવના એટલી દૃઢ છે કે એમની દૃષ્ટિએ લક્ષ્ય પ્રાપ્ત કરવાનો માર્ગ તે પણ લક્ષ્ય જેટલો જ મહત્ત્વનો છે. હિંસા કે અસત્યથી મળતું સ્વરાજ્ય એમને મન નિરર્થક છે. એમની રાજકીય, સામાજિક કે આર્થિક રીતિ નૈતિક ભાવના ઉપર જ રચાઇ છે એટલે નીતિની સીમા ઉલ્લંઘી શકે એટલી શિથિલ તે કદી હોઇ ન શકે. બલકે કેટલીક વાર તો એમના ઉપાયો મન્ત્રના ઉચ્ચાર જેવા સમાન રૂપના હોય છે. ૧૯૨૨ ના બારડોલીના નિર્ણયનો વિચાર લેનિન રાજકીય વ્યૂહરચનાની દૃષ્ટિથી કરત ત્યારે ગાંધીજીએ એ નિર્ણય પોતાની નૈતિક ફિલસુફીની સહાયથી કર્યો.

ગાંધીવાદ અને લેનિનવાદ વચ્ચે જે ભેદ છે એ માત્ર તેના સંચાલકોની ભિન્ન વૃત્તિ કે ફિલસુફીને લીધે જ નથી. આ બંને સંચલનો રાષ્ટ્રીય વિગ્રહના રૂપ છે એ પણ ભૂલવું ન જોઇએ. ગાંધીજીને માત્ર એક ગર્વિષ્ટ સામ્રાજ્યનો મદ તોડવાનો હતો એટલું નહિ પણ એક નિઃશસ્ત્ર પ્રજાની ગુલામી વૃત્તિનો, નૈતિક બીરુતાનો તથા પરસ્પર કુસંપનો પણ નાશ કરવાનો હતો. આવી પ્રજા પાસે રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય મેળવવા અહિંસાનો અપૂર્વ પ્રયોગ ગાંધીજી કરાવતા હતા ત્યારે ઇતિહાસમાં અતૂલ એવું આર્થિક પરિવર્તન કરવા લેનિન મથતો હતો. અહિંસાનો માર્ગ રાષ્ટ્રીય સંચલનમાં કેમ સ્વીકારાયો તે આવી તુલનાથી બરાબર સમજી શકાય. આવો એક બીજો વિરોધ પાશ્ચાત્ય સસ્કૃતિ પ્રત્યેના બંનેના વિચારોમાં છે. ગાંધીજી યુરોપની ભાવનાસૃષ્ટિના કે ધર્મના ઉત્તમ અંશો સ્વીકારવા તૈયાર હોય છે, પરંતુ યુરોપની યંત્રઘટના એમને રુચતી નથી; લેનિનને યુરોપનો યંત્રવ્યાપાર પ્રિય હતો અને રશિયામાં એ દાખલ કરવા ઉત્સુક હતો, પણ યુરોપના આદર્શો, નીતિ કે ફિલસુફી તેને ત્યાજ્ય હતા. ઉદાહરણ તરીકે ગાંધીજી ક્રાઇસ્ટના ધર્મને માન આપે છે કે રોમે રોલાંના વિચારો ગ્રહણ કરવામાં એમને વાંધો નથી. પણ યુરોપની ઔદ્યોગિક પદ્ધતિ એમને અપ્રિય છે. લેનિન પશ્ચિમની કાર્યદક્ષતા, સંચા, કારખાના વગેરે રશિયામા આણવા પ્રયત્ન કરતો પરંતુ કાર્લ માર્ક્સ અને તેના અનુયાયી વિચારકો સિવાય યુરોપની અન્ય સામાજિક ફિલસુફી તેને અસ્વીકાર્ય હતી. કેટલાક વિચારકોનો એવો મત છે કે હિન્દુઓની ધાર્મિક સહિષ્ણુતાને લીધે હિન્દની રાષ્ટ્રીય પ્રવૃત્તિ સારગ્રાહી છે જ્યારે માર્ક્સનાં સિદ્ધાન્તો પરની ઉન્મત્ત શ્રદ્ધાને લીધે રશિયાનો વિદ્રોહ પોતાના સંપ્રદાય સિવાય બીજા સર્વનો તુચ્છકાર કરે છે.[૧૪] આ

૧૩ લેનિનના વ્યૂહરચના વિરોના વિચારો તેમજ કેવી રીતિ અનુસરીને એણે સોવિયેટને સ્થાપી એના રસિક વર્ણન માટે જુઓ: Mauria Dobb ના Russian Economic Development Since the Revolution. (ખાસ કરીને પૃ. ૧૮-૧૯, ૬૧-૬૨, ૧૬૦.)

૧૪ "રશિયાના અને હિન્દના આધુનિક વિચાર આન્દોલનોની એશિયાના ભવિષ્ય ઉપર અસર" એ વિષય ઉપર ડૉ. હેન્રિ વૉર્ડ નામના એક અમેરિકન પ્રોફેસરે ૧૯૨૫ ની સાલમાં પેકિંગ યુનિવર્સિટિમાં ભાષણ આપ્યુ હતુ અને "Chinese Social and Political Science Quarterly" માં છપાયું હતું તેમાં આ અભિપ્રાય દર્શાવ્યો હતો.

પૃથક્કરણમા સત્યાંશ છે. પરંતુ પશ્ચિમની સંસ્કૃતિ તરફનો આ વૃત્તિભેદ બંને દેશોની ભિન્ન સ્થિતિને લીધે પણ છે. વાસ્તવિક રીતે ગાંધીજી પશ્ચિમની સંસ્કૃતિની જેટલા વિરુદ્ધ નથી એટલા એ સંસ્કૃતિ જે રીતે હિન્દમાં આવી છે એની વિરુદ્ધ છે. હિન્દમાં દાખલ થયેલા ઉદ્યોગવાદ વારતે મુખ્યત્વે પરદેશી રાજ્ય અને પરદેશી લોકો જવાબદાર છે અને એથી ઔદ્યોગિક પદ્ધતિ પણ એક વિદેશી તંત્ર તથા આર્થિક શાસનનું બીજું એક રૂપ તેમને લાગે છે. એક સ્વતંત્ર અને બળવાન પ્રજા પારકી સંસ્કૃતિના ઉત્તમ અંશો ઇચ્છાપૂર્વક તથા વિવેકપુરઃસર ગ્રહણ કરે એવી રીતે પશ્ચિમની સંસ્થાઓ હિન્દમાં નથી આવી; પરંતુ એક પરતંત્ર પ્રજાના નિર્વિવેક અને અવ્યવસ્થિત અનુકરણને પરિણામે તથા પરદેશી રાજ્યના આરોપણને પરિણામે પાશ્ચાત્ય સંસ્કૃતિએ હિન્દમાં પ્રવેશ કર્યો છે. આની સામે ગાંધીવાદનો સાચો વાંધો છે. આથી વિરુદ્ધ પરદેશી મૂડીદારોનો આશ્રય લીધા વગર રશિયામાં નવા ઉદ્યોગો થાય એવી લેનિનની ઇચ્છા હતી. પરંતુ પશ્ચિમનાં આર્થિક અનિષ્ટોની ઉત્પત્તિ કર્યા વગર પશ્ચિમનું વિજ્ઞાન ગ્રહણ કરવાનો પ્રયોગ કરવા લેનિન જેવી રીતે સ્વતંત્ર હતો તેમ ગાંધીજી નથી. કારણ કે હિન્દ સ્વતંત્ર નથી.

ગાંધીજી અને લેનિન વચ્ચેનો ભેદ એમની શક્તિને લીધે નહિ પણ એમની વૃત્તિને લીધે ઉદ્ભવ્યો છે; એમની પ્રકૃતિમાં ફેર છે, એમનો કાર્યક્ષેત્રમાં ભિન્નતા છે, એમના લક્ષ્ય વચ્ચે અન્તર છે તેમજ એમની સ્થિતિ અને સંજોગોમાં પણ ભેદ છે. લેનિનમાં ઘણા અસાધારણ ગુણો હતા છતાં તેના *ચારિત્ર્યમાં કોઇ પ્રકારની આધ્યાત્મિક ગૂઢતા નહોતી.* તે અસાધારણ શક્તિવાળો વિદ્રોહી તથા વિપ્લવવાદી હતો.[૧૫] ગાંધીજીનું વ્યક્તિત્વ વધારે ગહન છે. એ જૂના પ્રકારના ધર્મગુરુ નથી કારણ કે એમને દિવ્ય પ્રેરણા મળી છે એવો દાવો તેઓ કદી કરતા નથી; સત્ય સિવાય અન્ય લક્ષ્ય એમને નથી અને બુદ્ધિ સિવાય બીજો અધિકાર તેઓ આપતા નથી. તેઓ સામાન્ય રાજ્યવિદ્રોહી પણ નથી કારણ કે રાજકીય *વિજય કરતાં નૈતિક ઉન્નતિ એમની દૃષ્ટિએ ઉચ્ચતર છે.* તેઓ સાધારણ સમાજસુધારક કે લોકનાયક પણ નથી કારણ કે જે ઊંડાં તત્ત્વો અને શક્તિઓ સમાજને પણ રચે છે અને લોકપ્રવૃત્તિને પ્રેરે છે એને વિશુદ્ધ કરવાના અને ઘડવાના તેઓ પ્રયોગ કરે છે. એથી જ રોમે રોલાએ એમને "જીવતો કોયડો" કહ્યા છે. એ સાચું છે કે દરિદ્રતા એક મહાન અનિષ્ટ છે અને તેનો નાશ થવો જોઇએ. પરંતુ કેવળ આર્થિક સંપત્તિથી જ કંઇ પૃથ્વી ઉપર સ્વર્ગ નથી ઉતરવાનું. ગમે તેવી આર્થિક ઉન્નતિ છતા માનવજીવનના મૌલિક અને ગૂઢ પ્રશ્નો ઉકેલ્યા વગર રહી જાય એ સંભવિત છે. મનુષ્યોની ભાવના અને પ્રેમ, સૌન્દર્યનું સર્જન અને સત્યનું ચિન્તન, સહકાર અને બન્ધુતા—એ સર્વ ઉપર સમાજ રચાય છે અને પ્રગતિ પામે છે. નૈતિક ભાવના વગરનો મનુષ્યસમાજ પશુવૃત્તિ અને પશુબળથી જ ચાલી શકે. અને એ રીતે સ્ખલિત થતા સમાજને અટકાવતા અંતરાય ગાંધીજી છે.

ગગનવિહારી લ. મહેતા

---

૧૫ સ્ટેલીન કહે છે કે લેનિન લોકસમૂહનો શ્રેષ્ઠ વિચારક હતો; રોલાં કહે છે કે આ સૈકાનો એ સૌથી મહાન અને નિઃસ્વાર્થી કાર્યવાહક હતો; મેકસીમ ગૉર્કી કહે છે કે કોઈ ધાર્મિક યુગમાં લોકો એને મહાત્મા લેખત.

ગાંધીજન*

ગાંધીજન તો તેને કહીએ જે પીડ હિંદની જાણે રે;
દેશકાર્યમાં રહે લીન તો યે મન અભિમાન ન આણે રે:
ગાંધીજન. ૧

સકળલોક શું મૈત્રી સાધે નિંદા ન કરે કેની રે;
જીભ્હા થકી અસત્ય ન બોલે ધન ધન તેની કરણી રે:
ગાંધીજન. ૨

સમદષ્ટિ યશ તૃષ્ણા ત્યાગી કોમી ઐક્ય અનુરાગી રે;
વાચ કાર્ય મન રહે અહિંસક પરધન દારા ત્યાગી રે:
ગાંધીજન. ૩

જેલભીતિ વ્યાપે નહિ જેને સત્યાગ્રહમાં શૂરો રે;
ખાદીકામ શું તાળીરે લાગી દલિત વર્ગનો વીરો રે:
ગાંધીજન. ૪

અપરિગ્રહી ને કપટરહિત છે કામક્રોધને ડામે રે;
ભણે વૈષ્ણવ એને પગલે પળતાં સ્વરાજને હિંદ પામે રે:
ગાંધીજન. ૫

(મળેલું)

* ભક્તકવિ નરસિંહ મહેતાના 'વૈષ્ણવજન'ની અનુકૃતિ. અનુકૃતિની પ્રતિકૃતિની પહેલી કડી:

ગાંધીજન તો તેને કહીએ જે ગાંધીટોપી ઘાલે રે;
દેશકાર્ય જે કરે ન લેશ મદ અભિમાને મ્હાલે રે:
ગાંધીજન

સેવક

સોમાલી આદમ

ગાંધીજીને થએલી સજા દરમિયાન એમને રાખવાનું માન યરવડા જેલને મળ્યું હતું. એ માન જેટલે અંશે મગરૂર થવા જેવું હતું એટલે જ અંશે તે ગંભીર જવાબદારીભરેલું હતું. ગાંધીજી એ સમયે તો પ્રજાની પૂજ્ય મૂર્તિરૂપ હતા. આખું હિન્દુસ્તાન એમને માટે ઘેલું બન્યું હતું. અને હિન્દુસ્તાન બહાર પણ એમની કીર્તિ દેશેદેશ પ્રસરી રહી હતી. એવા માણસને રાખવાની જવાબદારી નાનીસૂની તો ન જ ગણાય. એમને માટેની બધી જ વ્યવસ્થા સંપૂર્ણ રીતે સંતોષકારક હોવી જોઇએ. કોઇને કાંઈ પણ ફરિયાદ કરવા જેવું ન જ રહેવું જોઇએ. તે સાથે જેલના નિયમોનો પણ બરાબર અમલ થવો જોઈએ. અને તેમાં પણ જેલના બીજા કેદીઓને તો એમની અસરમાંથી બચાવવા જોઇએ. ગાંધીજીના નામ ને પ્રભાવની વાતો તો અહીં પણ પહોંચી હતી જ. એમના સંસર્ગમાં થોડેઘણે અંશે પણ જે કોઈ આવે તેના પર કાંઇક અસર તો થઇ જાય જ એવી માન્યતા અહીં પણ થઇ ગઈ હતી. દેશપરદેશના અનેક મોટા માણસો પણ એમના તરફ ખેંચાય તો પછી આ બિચારા કેદીઓનું તો શું પૂછવું ? અને જો કેદીઓ બધા એમની અસર તળે આવી જાય તો પછી જેલના વહીવટનું શું ? ગાંધીજી સરકારના તો શત્રુ અને એમના આ વિચારો આ સમાજના ઉતાર એવા કેદીઓમાં પ્રસરે તો જેલનો વહીવટ અશક્ય જ થઇ જાય. એથી એ પ્રશ્ન તો જેલના તે સમયના વહીવટદારો માટે અતિશય ચિંતા ઉપજાવનારો થઇ પડયો હતો. એના ઉકેલમાં એ અમલદારોની બુદ્ધિ તથા શક્તિનો ઠીક વ્યય થયો હતો. એમને રાખવાને માટે એક એકાંત ભાગમા આવેલો આખો ' બ્લૉક ' ખાલી કરાવવામા આવ્યો હતો. એ બ્લૉકની સામે એક ત્રિકોણ ચોગાન હતું. એમાંની સામેની બાજુએ પત્થરની દિવાલ હતી એટલે માત્ર એક જ બાજુ ઉઘાડી હતી. ત્યાં તારની વાડ હતી. આ બ્લૉકમા વચ્ચેની બે ઓરડીઓ એમને વપરાશ માટે આપવામા આવી હતી. અને એમના ઉપર નજર રાખવા માટે એક ખાસ ' વૉર્ડર '–કેદી અમલદાર મૂકવામાં આવ્યો હતો. એ વૉર્ડર વિષે કાંઇક શંકા આવવાથી થોડા દિવસમાં એને બદલે એક બીજો વૉર્ડર મૂકવામાં આવ્યો હતો અને તે પણ સંતોષકારક નહિ જણાવાથી તેની જગ્યાએ એક ત્રીજો આવ્યો હતો. એવામા એ વિભાગની દેખરેખ રાખનાર જેલરની જ બદલી થઇ. અને નવા જેલરે ખૂબ વિચાર કરી એકને બદલે બે વૉર્ડરોની વ્યવસ્થા કરી. આમાંથી એક મહાર હતો ને બીજો સોમાલી. આ બન્ને વચ્ચે મેળ નહિ આવે અને તેઓ એક બીજા પર પણ નજર રાખતા રહેશે એટલે કશું અયોગ્ય નહિ થવા પામે એવા વિચારથી આ વ્યવસ્થા થઈ હતી. આમાંનો સોમાલી તે આદમ.

આદમની ઉંમર વીસેક વર્ષની હશે. એનું શરીર એકવડા પણ મજબૂત બાંધાનું અને વર્ણમાં કાળાશ પડતું હતું. એનો એક હાથ આંગળીઓ પર થએલી કાંઇક ઇજાને લઇને નકામા જેવો થઇ પડયો હતો. એ સ્વભાવે સરળ અને ભોળો હોવા છતાં શરૂઆતમા શંકાશીલ વૃત્તિનો અને સખત દિલનો જણાતો હતો. વૉર્ડરો કેદીમાંથી જ અમલદાર થએલા

જુહુમાં

આદિત્ય પ્રેસ

હોવાથી સાધારણ રીતે એમને નિયમોની પરવા હોતી નથી. ઉપરી અમલદાર હાજર હોય તેટલો વખત તો તેઓ પોતાનો ભાગ ભજવી બતાવે પણ પછીનું વર્તન તો એમના સ્વભાવ અનુસાર જ હોય. પરંતુ આદમ આથી કાંઇક જુદો જ જણાતો હતો. એણે જેલના નિયમો ખાસ કાળજીપૂર્વક જાળવવાનો જ નિશ્ચય કર્યો હોય એવું કાંઇક એના હાવભાવ તથા વર્તન પરથી જણાતું હતું. બ્લૉકમાં અમે બે કેદીઓ, એ બે વૉર્ડરો અને એક કેદી નોકર એ સિવાય બીજું કોઇ જ ન હતું. જેલના સુપરિન્ટેન્ડન્ટ, જેલર કે ડાક્ટર સિવાય બીજા કોઇને સાધારણ રીતે અમારી પાસે આવવાની રજા યે નહોતી. દૂધ રોટી વગેરે ખોરાક એક માણસ અમારા ચોગાન આગળ આવી વૉર્ડરને જ આપી જતો. આ સ્થિતિમા અમારા સંબંધી ખાસ ચિન્તા કરવાને કારણ તો નહોતું જ છતા યે આ બધા શું કરે છે, કેમ રહે છે, એક બીજા સાથે કેમ વર્તે છે, શી વાતો કરે છે એ બધા પર સાવચેત રહી નજર રાખવાનું આદમે ફરજરૂપ ગણ્યું હોય એમ જણાતું હતું. દિવસ રાત એની સમજ પ્રમાણે એ સખત ચોકી રાખવા પ્રયત્ન કરતો અને સાંજના રોજ જેલરને ખાનગીમા રિપોર્ટ આપતો. એકંદરે એના રૂઆબની એના સાથી તથા કેદી નોકર પર પણ અસર જણાતી. એના સાથીની પદ્દી એનાથી ઊંચી હતી છતાં એ પણ એનાથી ડરતો જ રહેતો

જેલમાં ગાંધીજીનો કાર્યક્રમ કેટલેક અંશે બહારના કરતાં પણ વધુ સખત હતો. બીજી કશી ઉપાધિ ન હોવાથી બધો સમય એમણે કામ તથા અભ્યાસ માટે ગોઠવી દીધો હતો. એથી કોઇને વાત કરવી હોય તો પણ તે માટે ભાગ્યે જ સમય મળે. એ સિવાય પણ જેલના નિયમોનું પાલન યોગ્ય રીતે કરવું જ જોઇએ એવો એમનો સિદ્ધાંત હોવાથી એમના સંબંધમાં દેખરેખને માટે અવકાશ જ ન હતો. પાંચ સાત દિવસમા જ આ સ્થિતિ આદમને સમજાઇ ગઇ અને તેની કાળજી ઓછી થતી ચાલી. ધીમે ધીમે એના સ્વભાવમાં પણ ફેરફાર થતો ગયો અને શરૂઆતની સંશયભરી કઠોરતાને બદલે એની આંખમાં કંઇક નરમાશ અને સદ્‌ભાવ દેખાવા લાગ્યાં. ગાંધીજીનું જીવન તો જેલમાં બધાને આશ્ચર્યકારક જ લાગે. એમની સજા સાદી કેદની હતી છતાં આખો દિવસ જ્યારે જુઓ ત્યારે તેઓ તો કામ જ કરતા હોય. પાંચ છ કલાક તો કાંતવા પીંજવાનું જ ચાલે. અને તેટલો જ સમય અભ્યાસમાં જાય. એમનો કાર્યક્રમ સવારના ચારને ટકોરે શરૂ થાય અને તે રાતના નવ વાગે પૂરો થાય. આમાં માત્ર કલાકેક બપોરના આરામ લે. આની અસર એમના વૉર્ડરો કે નોકરો પર જ નહિ પરંતુ આખી જેલ પર થતી. એમાંથી આદમ પણ ક્યાંથી બચી શકે ? વૉર્ડરોને માત્ર દેખરેખ જ રાખવાની હોય છે, કશું ખાસ કામ કરવાનું હોતું નથી, પણ ગાંધીજીના સહવાસમાં એમને પણ કામ કરવાની જરૂરિયાત સમજાવા લાગી. અને જેલરની પરવાનગી લઇ આદમે પૂણીઓ વાળવાનું શરૂ કર્યું. એક હાથે ઇજા થએલી હોવાથી કાતવા પીંજવાનું તો એનાથી થઈ શકે એમ નહોતું; કામ કરતાં કરતાં એણે સાથે કૈંક અભ્યાસ પણ કરવો જોઇએ એમ એને લાગ્યું. ગાંધીજી તે વખતે ઉર્દૂ કરતા હતા એટલે એમની સલાહથી એણે પણ તેમની સાથે ઉર્દૂ શીખવા માડયું. આને પરિણામે ગાંધીજીનો વિશેષ પરિચય એને થવા માડયો ને એથી એમના પ્રત્યેનો ભાવ પણ વધતો ગયો.

આદમ કેદી હતો પણ એણે કશું અનીતિભર્યું કામ કર્યું નહોતું. એનો ગુન્હો તો

માત્ર એટલો જ હતો કે તેણે લડાઇમાં અંગ્રેજોની સામે ભાગ લીધો હતો. એને પ્રથમ એડન રાખવામાં આવ્યો હતો ને ત્યાંથી પછી એને યરવડામાં લાવવામાં આવ્યો હતો. પરંતુ એને ક્યાં સુધી જેલમાં રહેવું પડશે એની કોઇને ખબર ન હતી. અંગ્રેજોને એ ખૂબ ધિક્કારતો હતો. લડાઈમાં ટર્કી વગેરે ઇસ્લામી પ્રજા અંગ્રેજની સામે લડી રહી છે એ તે જાણતો હતો. હિન્દુસ્તાનની પ્રજા પણ અંગ્રેજ સરકારની વિરુદ્ધ લડત ચલાવી રહી છે અને ગાંધીજી પોતે એ લડતના નેતા છે એની એને ખબર હતી. ગાંધીજી કેદમાં છે છતાં બહારના લોકો કામ કરી રહ્યા છે એવી વાત એ જાણતો. આ કામ સંબંધી ખબર જાણવાની ગાંધીજીને ઇચ્છા થતી હશે એમ એણે કલ્પી લીધું અને એક સવારે બે ચાર દિવસ પહેલાંનું 'ટાઇમ્સ' લઇ આવી ગાંધીજીના હાથમાં મૂક્યું. ગાંધીજી પ્રથમ તો વિચારમાં પડ્યા. પછી સમજ્યા અને એ છાપું એમને એમ એને પાછું આપ્યું. તેઓ તો શુદ્ધ ભાવથી બને તેટલે અંશે જેલના નિયમોનું પાલન કરતા હતા. એટલે એમનાથી આ રીતે છાપું જોવાય જ નહિ. અને એ એમણે આદમને સમજાવ્યું, પરંતુ એ વાત એને ગળે ઊતરી નહિ. અંગ્રેજ દુશ્મન છે, જુલમી છે, એ કદી કોઇનું યે સારું નહિ કરે, એની સાથે તે વળી ઇમાનની શી વાત એમ ચર્ચા કરવા માંડી. ગાંધીજીએ તો એ છાપું લઇ જવા જ કહ્યું એટલે લાચારીથી છાપું લઈ તે બહાર નીકળ્યો. એ દિવસે તો એ છાપું વંચાયા વગર જ સગડીમાં ગયું. પરંતુ એથી આદમના વિચારમાં કશો યે ફેર પડ્યો નહિ. એને તો એમ જ લાગતું કે એ રીતે છાપું જોવામાં કશી હરકત ન જ હોવી જોઇએ. એને પોતાને પણ લડાઇના ખબર જાણવાની ઉત્કંઠા હતી એટલે વળી બે ચાર દિવસ પછી ફરીથી બીજું 'ટાઇમ્સ' લઇ આવ્યો અને ગાંધીજીની પાસે જઇ કહેવા લાગ્યો કે એને પોતાને લડાઈના ખબર જાણવા છે. એનાથી વાંચી શકાય એમ નથી એટલે એટલા પૂરતું વાંચી સંભળાવી શકાય તો મહેરબાની. એ પર ગાંધીજી હસ્યા. એને સમજાવવું અશક્ય હતું અને એ વાત એક રીતે નિર્દોષ જેવી હતી. એટલે એમણે લડાઈના ખબર વાંચીને કહ્યા. એથી આદમને સંતોષ થયો અને ફરીથી પછી છાપું લાવવાની એને જરૂર જણાઇ નહિ.

ગાંધીજી એક મહા પ્રતિષ્ઠિત પુરુષ છે એ તો આદમે સાંભળ્યું હતું, પરંતુ તેઓ કેટલા ધર્મિષ્ઠ છે અને દયાળુ છે તે તો તેણે અનુભવથી જ જાણ્યું. એમના પ્રત્યેનો આદરભાવ વધતાં તે અનેક પ્રકારે એમની સેવા કરતો થઇ ગયો. ગાંધીજી સાધુ પુરુષ છે, ઇશ્વરને માનનારા છે, ઇમાન રાખનારા છે, એમને કામ તો કર્યાં જ કરવું જોઇએ પરંતુ એમનું શરીર કેટલું નબળું છે, ખોરાક પણ કેટલો ઓછો લે છે અને એમાં આટલું બધું કામ કરતા રહે તો તબિયત બગડશે એમ એને લાગ્યા કરતું. એ અરસામાં ગાંધીજીને કૈંક નબળાઈ પણ જણાઇ અને છતાં બીજે દિવસે એમણે રીતસર કામ શરૂ કર્યું એટલે આદમે એમને એક બે દિવસ કામ બંધ રાખવા વિનતી કરી. એના જવાબમાં ગાંધીજીએ તો તુરત સામો સવાલ કર્યો: 'સૂરજ કાઇ ઊગવાનું બંધ રાખે છે?' અને એ સાંભળી આદમ બિચારો વિલે મોઢે બહાર ગયો. પરંતુ એ કામ વધારે પડતું તો હતું જ. એમની તબિયત પર પણ જરા અસર થઇ અને બે ચાર દિવસ પછી વિશેષ બેચેની જણાઇ એટલે એમણે એક સવારે ખોરાક નહિ લેવાનો વિચાર જાહેર કર્યો. આ વાતની આદમને

ખબર પડી એટલે તે તરત જ તેમની પાસે પહોંચ્યો અને સવાલ કર્યો : 'ખોરાક કેમ મૂકો છો ? સૂરજ કાંઇ ઉગવાનું મૂકે છે ? જેમ કામનું તેમજ ખોરાકનું પણ થવું જોઇએ.' આ પ્રશ્નો પર ગાંધીજી ખૂબ હસ્યા. કાંઇક લીધું પણ ખરું પરંતુ સૂરજની માફક નિયમ જાળવવો હોય તો બધી જ બાબતનું પ્રમાણ જાળવવું જોઇએ એ વાત તો આદમે સચોટ રીતે કહી સંભળાવી. આવા પ્રસંગો તો વખતોવખત ઊઠતા. ત્યારે આ સોમાલી એમની તબિયત માટે પોતાથી બનતું કરતો. ગાંધીજી રોજ સવાર સાંજ દૂધ અને ચાર કડકા ટોસ્ટના લેતા. આદમ આ કડકા બને ત્યારે મોટા કરી એમનો ખોરાક વધારવા પ્રયત્ન કરતો. દૂધનું પણ એમજ. ગાંધીજીની તબિયતને માટે એને બિચારાને સૂઝે તે બધું કરવા મથતો. ગાંધીજીને આટલો સમય જેલમાં પડ્યા રહેવું પડે છે એ પણ એને અસહ્ય લાગતું. હિન્દુસ્તાનના લોકોને એમની કદર છે ? કદર હોય તો હજી સુધી કેમ છોડાવતા નથી, એવા પ્રશ્નો તે પૂછ્યા જ કરતો. આ વાતાવરણમા એની વૃત્તિ જ સાવ ફેરવાઇ ગઇ હતી. જેલરે તો એને જાસુસી કરવા મૂકેલો પરંતુ એ પ્રેરણા તો થોડાક દિન પણ ન ટકી હતી. મહિના એકમાં તો તે જાસુસી મૂકી સેવા તરફ વધ્યો હતો. ગાંધીજીએ પણ એના છૂટકારા માટે બનતો પ્રયાસ કર્યો હતો. બીજાની સેવા કરવી એ તો એમનો સહજ સ્વભાવ રહ્યો. એટલે આ સોમાલીનો ઈતિહાસ જણાતા એમણે એ સંબંધી સુપરિન્ટેન્ડન્ટને વાત કરી; એ વિષે તપાસ શરૂ કરાવી હતી. એનો નિર્ણય તો બીજી સરકારના હાથમાં હતો એટલે છેવટે શું થયું તે જણાયું નહિ. પરંતુ એટલું તો લાગે છે કે આદમ જ્યા હશે ત્યા ગાંધીજી સાથેના આ દિવસો યાદ કરતો જ હશે.

S. B.

મહાત્મા ગાંધીજી અને પુરુષાર્થ (પુરુષકાર)

જીવનમાં પ્રારબ્ધ તથા પુરુષાર્થ બેયને સ્થાન છે. પ્રારબ્ધ શબ્દની આ જમાનામા, ઘણાને સૂગ લાગે છે એટલે એ શબ્દથી મારે શું વિવક્ષિત છે તે કહેવું જોઇએ. જન્મ સાથે પ્રાપ્ત થયેલ શરીર તથા મનની શક્તિઓ–અશક્તિઓ અને જીવન સાથે નિત્ય અથડાતા બાહ્ય સંયોગો, એ બેય માટે એક જ પ્રારબ્ધ શબ્દ વાપર્યો છે. અને ચેતનાનો પ્રયત્ન તે પુરુષાર્થ–સાચો શબ્દ વાપરીએ તો પુરુષકાર.

જીવવા માટે, પ્રાણી માત્ર પ્રતિક્ષણ પ્રયત્ન કરી રહેલ છે.* પણ મનુષ્યેતર પ્રાણીઓનો પ્રયત્ન સ્વશરીરને તથા પ્રજાતંતુને જાળવવાની સહજ વાસનાઓ (instincts)થી પ્રેરિત હોય છે. એટલે એ પ્રયત્નો પ્રારબ્ધથી બહુ સ્વતંત્ર ન ગણાય; પણ માનવજીવન અતિ સંકુલ છે અને એમા સ્વતંત્ર પ્રયત્ન–પુરુષાર્થને વધારે અવકાશ છે એમ લાગે છે.

મહાત્મા ગાંધીજીનું જીવન માનવજીવનમા પુરુષાર્થનો ક્યાં અને કેટલો અવકાશ છે એ શોધવામાં સાધનભૂત થાય એવું છે.

સાહિત્યિક, સામાજિક, રાજકીય વિદ્યા સંબંધી કે જીવનની કોઈ પણ દોડમા અગ્રેસર થનારા માણસો એક પ્રકારનો પુરુષાર્થ કરે છે એમ કહેવાય છે. અને દોડમાં પ્રથમ પદ પ્રાપ્ત કરનારને–' રેકર્ડ ' તોડનારને, આ જમાનામાં તે ક્ષણે તો અપૂર્વ માન મળે છે. પણ સૂક્ષ્મ દૃષ્ટિએ જોનારને ઘણા અગ્રેસરોનું અગ્રસ્થાન અનેક પ્રકારના સંયોગોને આભારી હોવાના પુરાવા મળી આવે છે. એથી ઊલટું, કેટલાક અગ્રેસરો માટે સંયોગો ખાસ અનુકૂળ ન હોવા છતા અથવા સંયોગો કાંઇક પ્રતિકૂળ હોવા છતાં તેમણે અગ્રપદ પ્રાપ્ત કર્યું હોવાના પુરાવા મળશે. આ બીજા પ્રકારના સંયોગોથી સ્વતંત્ર માણસોને પણ તેઓને જન્મ સાથે મળેલી સહજ શક્તિઓની મદદ હોવાનો સંભવ ઊઘાડો છે, જેમ પેઢીઓથી ઘણું દોડવાની ટેવનો વારસ ઘોડો એવા વારસા વગરનાં કે ઓછા વારસાવાળાં ઘોડાંઓથી દોડવામાં આગળ નીકળી જાય છે તેમ, અમુક વિષયમા સહજ શક્તિવાળો માણસ પણ એ વિષયમા ફાવી જાય છે. પરંતુ માનવજીવનની સંકુલતાને લીધે માણસનો પ્રશ્ન ઘોડા કે બીજા કોઈ પ્રાણી જેટલો સરલ નથી.

અમુક ઘોડાના જાત, વારસો, ઊછેર, ઊંચાઇ, વજન વગેરે શાસ્ત્રદૃષ્ટિથી પકડી શકાય એવા તત્ત્વોની બરાબર ગણતરીથી, એ વિષયનો કોઇ પણ ઉસ્તાદ, એ ઘોડાની દોડની શક્તિ, આગળથી, લગભગ સાચી અટકળી શકે. અલબત્ત જીવનમરણના ઝગડાવાળા પ્રસંગોમાં ઊંચી કક્ષાના ઘણા પ્રાણીઓ અણધારી–અનનુમેય શક્તિ દેખાડી શકે છે, અને માણસ જાતમા તો એવે વખતે, બધી ગણતરી ખોટી પડયાના દાખલા ઘણા મળી આવશે, પણ માણસ વિષે ઘોડા પેઠે સામાન્ય દોડશક્તિનું માપ કાઢી શકાય એટલું ચિત્તશાસ્ત્ર

---

* नहि कश्चित्क्षणमपि जातु तिष्ठत्यकर्मकृत् । એ ગીતાના શબ્દો આ પ્રાકૃતિક સત્યને અનુલક્ષીને જ કહેવાયલા લાગે છે.

હજી આગળ વધ્યું નથી. વળી પ્રયત્નની સ્વતંત્રતા પણ આગળથી ગણતરી કાઢવામાં વિઘ્ન નાખનાર મોટું તત્ત્વ છે. પણ માણસમાં પ્રયત્નની સ્વતંત્રતા કેટલી છે અને પ્રારબ્ધવશતા કેટલી છે એ વિષે વાદવિવાદનો હજી અંત આવ્યો નથી.

મહાત્મા ગાંધીજીનું જીવન અને એમણે લખેલી આત્મકથા આ વિષય ઉપર ખાસ પ્રકાશ નાખે છે. અંતઃકરણમાં ઊંડી ડૂબકી મારીને યથાશક્ય તટસ્થ તથા નિરહંકારવૃત્તિથી ચિત્તની પ્રવૃત્તિઓનું અવલોકન કરનાર અને પોતાનાં અવલોકનો સ્પષ્ટ ભાષામાં પ્રગટ કરનાર જીવાત્માઓનાં સ્વચિત્તપ્રવૃત્તિનાં પૃથક્કરણો માનવચિત્તશાસ્ત્રના વિકાસમાં અતિ સહાયક થવાનો સંભવ છે. પણ સ્વચિત્તપૃથક્કરણ યથાર્થ કરી શકવા માટે માણસમાં તટસ્થતા, નિરભિમાનતા, સત્યનિષ્ઠા, અંતઃકરણમાં ઊંડા ઉતરવાની શક્તિ વગેરે ગુણો આવશ્યક છે. આ ગુણો જો કે વિરલ છે, પણ મહાત્મા ગાંધીજીમાં અસાધારણ પ્રમાણમાં છે, એટલે એમણે કરેલું સ્વચિત્તપૃથક્કરણ શાસ્ત્રને ઉપયોગી થવાનો ઘણો સંભવ છે. 'આત્મકથા'માં આ દૃષ્ટિએ ઉપયોગી થાય એવું ઘણું છે. અહીં ઉદાહરણ તરીકે આ લેખના અન્તમા એક જ વચન ઊતાર્યું છે.

મહાત્માજીનું રાજકીય નેતા તરીકે જે સ્થાન અત્યારે આ દેશમાં છે અથવા ૧૯૨૧-૨૨ મા હતું તેમાં અથવા દક્ષિણ આફ્રિકામા એમના સત્યાગ્રહને જે વિજય મળ્યો તેમા અને એમના અન્ય વિજયોમાં પણ સંયોગોએ કેટલોક ભાગ ભજવ્યો હશે, એમ માનવામાં વાંધો નથી. કોઇ એ ઇતિહાસનો અભ્યાસી પ્રયાસ કરે તો 'સંયોગો' નાં તત્ત્વને જુદું તારવી પણ શકે. વળી ગાંધીજીમાં દુર્દમનીય ઉત્સાહશક્તિ છે, સૂક્ષ્મ અને તલસ્પર્શી બુદ્ધિ છે, સામાન્ય રીતે વિરલ ગણાય એવી સ્મરણશક્તિ છે, ઇશ્વર ઉપર, પ્રતિજ્ઞામાથી ન ચળવામાં સહાય કરે એવી અચળ શ્રદ્ધા છે, અડગ ભાવનાભક્તિ છે અને એ સાથે વ્યવહારુ સામાન્ય સમજણ પણ છે. આ અને આવા બીજા ગુણોનો એક માણસમા યોગ હોય એ જ મોટી વાત છે. ગાંધીજીમાં આ ગુણો છે. આ ગુણોમા પાછળથી વિકાસ થયો હશે, પણ એનો મોટો ભાગ તો સહજ હશે ખરો, અને મહાત્મા ગાંધીજીને આ ગુણોએ હાલનું ઉચ્ચ પદ પ્રાપ્ત કરવામાં ઘણી મદદ કરી હશે એમ પણ માનવામા વાંધો નથી.

પરંતુ મહાત્મા ગાંધીજીની વિશિષ્ટતા—એમને દુનિયાના આ જમાનાના મહાપુરુષનું સ્થાન અપાવનાર વિશિષ્ટતા તો એમની સત્યનિષ્ઠામાં છે. અને એ સત્યનિષ્ઠા પ્રયત્નનું—પુરુષાર્થનું ફળ છે એમ એમના જીવનના સહૃ અભ્યાસીને લાગે છે અને તેઓ પોતે પણ સ્પષ્ટ કહે છે.

ગાંધીજીએ સત્યને ઓળખવા માટે અને ઓળખેલા સત્યને મન, વાણી અને કર્મમાં—જીવનની સર્વ પ્રવૃત્તિઓમા ઉતરવા માટે સતત પ્રયત્ન કર્યો છે. એમની આત્મકથા એટલે આ સતત પ્રયત્નનો ઇતિહાસ. ગાંધીજીએ જોયું કે આ જમાનામાં દેશસેવા ઇશ્વરદર્શનને જ પરમ શ્રેય માનનાર માટે પણ કર્તવ્યરૂપ છે અને એમણે દેશસેવાને જ પોતાનું જીવન અર્પણ કરી દીધુ. બ્રહ્મચર્યની દેશસેવામાં તથા ઇશ્વરદર્શનમાં આવશ્યકતા સમજાતાં બ્રહ્મચર્યને પાળવાનો પ્રયત્ન કરવા માંડ્યો. અહિંસાની શ્રેયસ્કરતા ન સમજાતાં જીવનમાં તથા વ્યવહારમાં અહિંસા એવી ઊતારી કે આ જમાનામાં અહિંસાના મહાન આચાર્ય થઇ પડયા. કોઇ પણ સત્ય સમજાતાં એ સમજીને બેસી રહેવું અથવા બહુ તો એ સત્યનો વાણીદ્વારા ઉપદેશ

કરવો અને એથી પણ આગળ વધીને એ સત્યથી વિરુદ્ધ આચરણ ન કરવું એટલે સામાન્ય રીતે સત્યનિષ્ઠાની છેલ્લી મર્યાદા આવી ગઈ; પણ ગાંધીજીની સત્યનિષ્ઠા સૂર્યપ્રકાશ પેઠે એના વર્તુલમાં આવનાર સર્વનો અભિભવ કરનારી અતિવ્યાપક છે. એટલે પોતાને મળેલા સત્યને પોતાના વ્યવહારમાં, અનુયાયીઓના વ્યવહારમાં અને જગતમાં જ્યાં પણ એમની અસર પહોંચી શકે તે સર્વના વ્યવહારમાં યથાસંભવ ઉતારવા માટે એમના પ્રયત્નો સતત ચાલુ રહે છે.

'આત્મકથા' વાંચતાં સ્પષ્ટ લાગે છે કે ગાંધીજીનું સમગ્ર જીવન પ્રયત્નપરાયણ છે અને એ પ્રયત્ન પાછળ અમાપ બળ એ મહાત્મા ખર્ચે છે. પ્રાચીન પરિભાષામાં કહીએ તો ગાંધીજી અર્થ અને કામનો ત્યાગ સેવે છે અને ધર્મ અને મોક્ષ માટે પરમ પ્રયત્ન સેવે છે.

ચિત્તશાસ્ત્રીની દૃષ્ટિએ ગાંધીજીએ પોતે કરેલું પોતાના ચિત્તનું નીચેનું પૃથક્કરણ બહુ સૂચક છે. તેઓ 'આત્મકથા' માં કહે છે :—

"મેં સગાં અને પરાયાં, દેશી અને વિદેશી, ગોરા અને કાળા, હિંદુ અને મુસલમાન અથવા ખ્રિસ્તી, પારસી કે યાહુદી વચ્ચે ભેદ નથી જાણ્યો. મારું હૃદય એવા ભેદને ઓળખી નથી શક્યું એમ કહી શકું છું. આ વસ્તુને મારે વિષે હું ગુણ નથી માનતો, કેમકે જેમ અહિંસા, બ્રહ્મચર્ય, અપરિગ્રહાદિ યમોને કેળવવાનો પ્રયત્ન કર્યાનું ને તે પ્રયત્ન હજી ચાલુ હોવાનું મને પૂર્ણ ભાન છે, તેમ આવો અભેદ કેળવવાનો મેં ખાસ પ્રયત્ન કર્યો હોય એવો મને ખ્યાલ નથી."

આત્મકથા ભા. ૨, પૃ. ૩૭

ગાંધીજીએ પ્રયત્નથી અહિંસાદિને પોતામાં કેટલી ઊંચી કોટિએ ઊતાર્યાં છે એ પ્રસિદ્ધ છે. અને એ સિદ્ધિ પ્રયત્નનું ફળ હોવાથી પ્રયત્ન કરનાર સર્વને લભ્ય છે એમ મહાત્માજી ઘણીવાર કહે છે અને વિચાર કરતાં આ જમાનામાં જીવનાર, ઉચ્ચતર પદના અભિલાષી સર્વને પ્રયત્ન માટે પ્રોત્સાહન આપનાર, ગમે તેવું ઉચ્ચ સ્થાન પ્રયત્નથી પ્રાપ્ય છે એવી આશા આપનાર ગાંધીજીનું જીવન છે. પ્રયત્નમાં ઉત્સાહ રેડવા માટે આ મહાત્માના જીવનનું દૃષ્ટાંત આપણી સન્મુખ છે એ જ આપણું આ જમાનામાં જન્મેલાનું મહદ્ ભાગ્ય છે.

દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી

મહાત્મા ગાંધીજી અને હિંદની સ્ત્રીઓ

ડૉ. મુથુલક્ષ્મી રેડ્ડીએ મદ્રાસની ધારાસભામા પતિત સ્ત્રીઓને લગતુ બીલ રજુ કરતા પહેલાં તેને સફળતા મળવા ગાંધીજીની આશિષ મેળવવા વિનંતિ કરેલી એ હકીકત વાંચતાં સ્વાભાવિક રીતે એ પ્રશ્ન ઉદ્ભૂત થાય છે કે ગાંધીજીએ કોના ઉપર પોતાનો પ્રભાવ નથી પાડ્યો ? ગામડે વસનારી તેમના દર્શને આવનારી સ્ત્રીઓથી માંડીને હિંદની સૌથી આગળ વધેલી સ્ત્રીઓ પણ તેમના તરફ પૂજ્યભાવે જુએ છે. રાજકારણ'ન સમજનારી, અર્થશાસ્ત્રની અનભિજ્ઞ સ્ત્રીઓએ તેમના રેંટિયાનો મંત્ર ઝીલ્યો છે. મુથુલક્ષ્મી અને સરોજિની નેડુ તેમના ચરણમા શિર ઝૂકાવે છે.

આપણા દેશમાં ચેતનનાં પૂર ગાંધીજીએ આણ્યાં છે અને તેમાં તેમણે સ્ત્રીઓને સાથે લીધી છે. બહેનોના સાથ વગર દેશની મુક્તિ નથી એ સત્ય તેમને બરાબર સમજાયું છે અને તે પ્રજામાં ઉતારવાની એક પણ તક તેમણે ગુમાવા દીધી નથી.

દક્ષિણ હિંદુસ્તાનની પ્રથમની મુસાફરી વખત તેમણે પતિત સ્ત્રીઓ તરફ પોતાનું લક્ષ દોરેલું અને તેમને સન્માર્ગે ચઢાવવા પ્રયત્ન કરેલો. પરંતુ વિલાસમાં ડૂબેલી સેંકડો રૂપિયા કમાનારી એ સ્ત્રીઓને ગળે આખો દહાડો બેસી ત્રણ ચાર આના માંડ કમાવાની સૂચના કેમ ઉતરે ? છતાં તેમાંની કેટલીકને તેમણે તેમના પાપના પંથેથી વાળેલી છે.

બાળલગ્નની અકાળ સંસારધૂંસરીથી કચરાતી હિંદી કન્યાઓ પ્રત્યે તેમણે સહાનુભૂતિ વારંવાર દર્શાવી, એ પ્રથા દૂર કરવા પ્રજાને વારંવાર સમજાવ્યું છે. તાજેતરમાં કન્યાની લગ્નવય કાયદાથી અઢાર વર્ષની થાય એ ઇષ્ટ છે એમ એમણે ધારાસભાના સભ્યોને પણ જણાવી દીધું છે.

આપણા દેશની સંખ્યાબંધ વિધવાઓનાં દુઃખ જોઇને એમના સરખા દેશપ્રેમી અહિંસકનું દીલ દાઝે જ એ સ્વાભાવિક છે. આ બાબતમાં લોકમત વિરુદ્ધ છતાં તેમણે વિધવાઓ ફરી લગ્ન કરી પોતાની ખુશી હોય તો ગૃહસ્થાશ્રમી થાય એ એમણે સ્પષ્ટ કહેલુ છે એટલું જ નહિ, પણ યુવકોને સલાહ આપી છે કે આવી દુઃખી વિધવાઓ સાથે લગ્ન કરી તેમના જીવન સુખમય બનાવવાં એ તેમની ખાસ ફરજ છે.

મજૂર વર્ગ અને અંત્યજ વર્ગ તો એમના પોતાના જ છે અને તે વર્ગની સ્ત્રીઓનુ હિત તેમને હૈયે સદાય હોય એમાં સંશય જ શો ?

આવા આપણા સાચા હિતચિંતકના મણિમહોત્સવ પ્રસંગ સમસ્ત હિંદના શુભાશીર્વાદ ભેગા હિંદની સ્ત્રીજનના અંતઃકરણપૂર્વક આશીર્વાદ જ્યાં હોય ત્યાંથી મળો અને સત્યાગ્રહના એ તપસ્વીને જગતકર્તા ચિરાયુ કરો એ તેની પાસે અંતિમ પ્રાર્થના.

વિદ્યાબહેન રમણભાઈ નીલકંઠ

ગાંધીજીનાં કેટલાંક સંસ્મરણો.

ગાંધીજી વિષે કાંઇક લખવું એમ રામનારાયણભાઇનું આમંત્રણ આવ્યું. આમંત્રણે સ્મરણપટના અંતરપડદા ખોલ્યા. અડધી રાત અર્ધસ્વપ્ન દશામાં સ્મૃતિ ઉપર અંકાયેલાં ચિત્રો એક પછી એક નજરે ચઢ્યાં. વીસ વર્ષોનાં સંભારણાં તાજાં થયાં. સને ૧૯૧૧નો ઉન્હાળો. સ્થળ કેમ્બ્રીજ વિશ્વવિદ્યાલય. દક્ષિણ આફ્રિકામાં વસતા હિંદીઓની હાડમારીઓ સંબંધી ચળવળમાં તે વખતના નવજુવાનોને રસ લાગેલો. લૉર્ડ હાર્ડિંગે વાઇસરૉયને છાજતું મુત્સદ્દીપણું છોડી હિંદીઓ પ્રતિ ખરી સહાનુભૂતિ દર્શાવતું ભાષણ કર્યું હતું ને તેથી જે વિલાયતમાં આશ્ચર્ય થયું હતું ને હિંદીવાનોને ખુશી થઇ હતી એ સહુ ફરી યાદ આવે છે. મોહનદાસ કરમચંદ ગાંધી દક્ષિણ આફ્રિકાથી હિંદીઓનું પ્રતિનિધિમંડળ લઇ ઇંગ્લાંડ ગયેલા. કેમ્બ્રીજની હિંદુસ્તાની "મજલિસે" ગાંધીજીને ભાષણ આપવા તેડ્યા હતા. પ્રાંતિક અભિમાનને લઇ હું પણ ગાંધીજીને લેવા સ્ટેશને ગયો હતો. હિંદુસ્તાનના સાર્વજનિક જીવનમાં ગુજરાતનો તે વખતે હિસ્સો નહિ જેવો હતો. દીવાન બહાદુર અંબાલાલ સાકરલાલનું નામ લઇ પરપ્રાંતી ગુજરાતીઓની હાંસી ઉડાવતા. મોહનદાસ ગાંધીનું નામ હજી ભારતના જાહેર જીવનમાં પ્રથમ શ્રેણીએ તો નહોતું. એમના પ્રથમ દર્શનથી કોઇને એમ લાગ્યું પણ નહોતું કે એ કોઇ દહાડો હિંદના રાજકીય વાતાવરણને ગાંધીમય બનાવી દેશે. મી. મોહનદાસ ગાંધી કાળા લીટીદાર પાટલૂનમાં, એ જ રંગના ફ્રૉકકોટમાં, માથે કાળા રેશમી ટૉપહેટ સહિત સજ્જ હતા. સાથે એક બે કાઠિયાવાડી મુસલમાન ને સદ્ગત સોરાબજી હતા. એમનો વેશ વર્ણસંકર હતો. તુર્કી ટોપી મુસલમાનોએ પહેરી હતી, ને પારસી સોરાબજીએ કદાચ મીસી કેપ પહેરી હતી.

બપોરે મીટિંગ હતી. સાઠ સીતેર માણસો હાજર હશે. ગાંધીજીનું ભાષણ સાંભળ્યું ત્યારે એમની વક્તૃતા કે ભાષા ઉપરની પ્રભુતાના કરતાં એમનાં આંતરિક ઉદ્ગારોની–એમાં તરી આવતા નિખાલસપણાની વધારે છાપ પડી હતી. એમના સાથીઓના ભાષણમાં પણ અમને એ જ ગુણ જણાયો હતો. એ પ્રસંગના સ્મરણોમાં ગાંધીજીને 'બાપુ' ને શ્રીમતી કસ્તુરબાને 'બા'નું સંબોધન ને એ સંબોધનોમાં સહેજે ટપકતી સ્વાભાવિકતા ને સ્નેહભાવનાથી મારા મન ઉપર ખાસ અસર થઇ હતી.

ગાંધીજીનો ફરી મેળાપ ૧૯૧૪માં થયો હતો. લંડનમાં બેઇઝ વૉટરના લતામાં એઓ રહેતા હતા. શ્રીમતી કસ્તુરબા ને કાલનબાક (ગાંધીજીના ડચ સાથી) સાથે હતા. અમે બે ત્રણ જણા રાતના પહોરે મળવા ગયા હતા. કાલનબાક હાથમાંનું સક્કરકંદ કરડતાં કરડતાં બારણું ઉઘાડવા આવ્યા હતા. આ વખતે ગાંધીજી એક કામળો ઓઢી નીચે બેઠા બેઠા કામ કરતા હતા. મને યાદ આવે છે કે તે વખતે રાજદ્વારી ચર્ચાને અંગે કાલનબાકે પૂછ્યું: "બાપુજી, જગતના ઇતિહાસમાં કાયદેસર ચળવળથી સ્વરાજ મળ્યું હોય એમ

સાંભળ્યું નથી" ને એમણે તે વખતે પીડાતા આયર્લૅન્ડનો દાખલો ટાંક્યો હતો. ગાધીજીનો જવાબ સાંભળીને અમે ક્ષણભર તો સડક જ થઇ ગયેલા. ગાધીજીએ કહ્યું: "કાલનબાક! હું માનું છું કે કાયદેસર ચળવળથી જ સ્વરાજ મળે." ગાંધીજીના બોલવામા કે લખવામાં ભાગ્યે જ ગેરસમજને કે દ્વિઅર્થીપણાને સ્થાન હોય છે. ગાધીજીના જવાબે ચર્ચાને બંધ કરી.

૧૯૧૫મા હું જ્યારે વિલાયતથી પાછો આવ્યો ત્યારે ફરી ગાધીજીને મળવાનો પ્રસંગ મળ્યો હતો. ગુજરાતમાંથી તે વખતે હું બીજો જ ને અમદાવાદથી પહેલો જ, આઇ. સી. એસ. માં પસાર થયો હોવાથી પ્રેમાભાઇ હૉલમાં એક મીટિંગ ભરી સદ્ગત સર ચિનુભાઈના હાથે મને એક ચાદીનું કાસ્કેટ મળ્યું હતું. મીટિંગમા ઉપર ગાધીજી એમના કાઠિયાવાડી પોશાકમાં–ધોળા અંગરખામાં ને ફેંટામા મારી પાસે જ બેઠા હતા. આપણી ટેવ પ્રમાણે સિવિલિયનોની બુદ્ધિનાં બહુ જ વખાણ થયા. તે વખતે હિંદુસ્તાનના જાહેર જીવનમા જીવન્ત મંત્ર ફૂંકાયો નહોતો. અંગ્રેજી વાગ્ધારાઓથી આપણે હરખાતા હતા. જ્યારે બહુ જ અતિશયોક્તિ થઇ ત્યારે મેં ગાધીજીને ઢાલની બીજી બાજુ દેખાડવા વિનંતી કરી ને ગાધીજીએ ટૂંકામા જ એ કામ આટોપ્યું. ગાધીજીએ કહ્યુ: 'તમે જે નાનાલાલનાં વખાણ કર્યા છે, એમાંનો જરા પણ અંશ સાચો હોય તો એ આઈ. સી. એસ. માં પાસ થયો તેથી આપણે એને ને આપણને અભિનંદન આપવા જેવું કાંઈ છે જ નથી, બલકે એથી નુકસાન જ છે.' ગાધીજીનાં વાકયોથી મને ઘણો આનન્દ થયેલો. હું વિલાયતમા સાડા છ વર્ષ ગાળી તાજો જ ઘેર આવ્યો હતો. વળી સરકારી નોકરીનો અનુભવ પણ નહોતો. ગાધીજીના ઉદ્ગારો બીજાઓને પસન્દ ન પડયા ને સર ચિનુભાઇએ કહેલું પણ ખરુ કે એમની ટીકા અસ્થાને હતી ને દેશને છેવટે શાસનના અનુભવી કાર્યકર્તાઓની પણ જરુર પડવાની જ. તે વખતના વાતાવરણમા ને હાલની પરિસ્થિતિમા જમીન આસમાનનું અતર છે. હું પણ બે ચાર વાકયો બોલેલો એથી મારા મિત્રો ભયભીત થયા હતા, કારણ એમણે કોઇ રિપોર્ટરને લખી લેતાં જોયો હતો! મને કયાં ખબર હતી કે સરકારી નોકર માટે જાહેર મીટિંગો કાર્યભૂમિ તરીકે ન શોભે? ૧૯૧૫ માં ગાધીજીનું કામ હજી તો આરંભમા જ હતું. કોને ખબર હતી કે પાચ વર્ષ પૂરા થતા પહેલા તો સદીઓમાં ન બને તેવું પરિવર્તન થઇ જશે?

ગાંધીજીનાં બીજાં સ્મરણો નહિ લખું. પચીસ ત્રીસ વર્ષ પછી ભારતનો જ્યારે ઇતિહાસ લખાશે ત્યારે ભારતના રાજનૈતિક વિકાસનાં વૃત્તાતમા ગાધીયુગ પ્રથમ સ્થાને ચર્ચાશે. એ યુગની અસરો હિન્દુસ્તાનના જીવનમા અનેક રીતે પ્રસરી છે. અત્યારે રાજનૈતિક પરિવર્તન વિશેષ જણાય એ સ્વાભાવિક છે. પણ વખત જતાં હું ધારુ છું કે આપણા સાધારણ ને સામાજિક જીવનમાં ગાંધીજીના વિચારોએ જે ફેરફાર–ક્રાન્તિ કહું તો યે ચાલે- ઉત્પન્ન કર્યો છે, તે વધારે વધારે ઉપયોગી ને માર્ગદર્શક જણાશે. આપણો રાજદ્વારી કોયડો કયારે ઉકેલાશે તે તો કોઈ કહી શકે એમ નથી પણ એટલું તો ખરું કે ગાધીજીને લઇ હિન્દુસ્તાનનું રાજનૈતિક જીવન તદ્દન બદલાઇ ગયું ભણેલા-અંગ્રેજી શિક્ષિત હિંદીઓનો ઇજારો હમેશ માટે બંધ થયો. મુગલોના આરંભકાલમાં જેમ આપણી સંસ્કૃતિ સંસ્કૃત મટી પ્રાકૃત બની ને ભક્તિભાવના સ્રોતમા જનસમુદાય તરબોળ થયો ને ભક્તિમાર્ગ જ્ઞાનમાર્ગથી પર ગણાયો તેમજ રાજદ્વારી જીવન ગાંધીયુગમાં ઘણે અંશે આમજીવન થયુ. સાધારણ જનતા એમાં રસ લેતી થઇ ને નેતાઓની આકર્ણીનું ધોરણ

બદલાયુ. શબ્દ ને આચરણની સમતા લોકો તપાસતાં સમજ્યા ને વાગ્વૈભવની પ્રતિષ્ઠા-ખાસ કરીને અંગ્રેજી ભાષાના પ્રભુત્વની કદર ઘટી. તેત્રીસ-કરોડ હિંદવાસીઓની દેશભાવના જગવવાનો ભારતના ઇતિહાસમાં આ પ્રથમ પ્રયાસ થયો. નેતાએ ખરી ઉપાસના ને તપના આદર્શો પ્રજા સામે મૂક્યા. રાંકડી ગુજરાતમાં નિર્ભીકતાનો પ્રાણ ફૂંક્યો. આપણા સામાજિક જીવનનાં પોલાણો ઉઘાડાં પડી ગયા. સેવાધર્મનું ક્ષેત્ર વધ્યું ને એક જ માણસે પોતાનાં અનુપમ ચારિત્ર્ય બળથી સદીઓ થયા ભાન ભૂલેલી જનતાને ઊભી કરી ને નૈતિક બળની અજેયતાને પ્રમાણસિદ્ધ કરી. પ્રજા જ્યારે ઉન્નતિપંથે વળે છે ત્યારે જીવનના અંગેઅંગ વિકસે છે. ગુજરાતી ભાષામાં નવીન તેજ આવ્યું. એક સ્વતંત્ર સંસ્કૃતિનું આત્મસન્માન પ્રગટ્યું. પ્રજાનો ઉત્સાહ ને સંયમ વધ્યાં. વ્યાધિગ્રસ્ત જનતામાં નવો જ આશાવાદ ઉદ્ભવ્યો. હિંદુસ્તાનના ખૂણે ખૂણે એ ચેતનના છાંટા ઊડયા. હવે હિંદના ભૂતકાળના ગીતગાન કરવાનો વખત ગયો. ભાવિવિધાન કરવા માટે જોઇતી વ્યવસ્થા ને વિધાયક શક્તિઓનો સંચય કરવાનો સમય આવ્યો જણાય છે.

સાબરમતીના તપસ્વીની તપશ્ચર્યા એળે નહિ જાય. એ તપશ્ચર્યાએ હિંદનું ભાવિ બદલી નાંખ્યું. પ્રજાના સામુદાયિક જીવનમા રાજદ્વારી ચર્ચાઓ વિશેષ રસભરી લાગે છે, પણ એથી જ કદાચ એ સહુનું જીવન ટૂંકું હોય છે. પ્રજાના સંચિત ને આંતરિક શક્તિઓનો પ્રભાવ બીજી રીતે જણાય છે. ભારતનું ભાગ્યચક્ર મધ્યકાલીન યુગમા જ્યારે ફર્યું ત્યારે એની આંતર ભાવનાઓ નીતિનાશને પંથે પડી. નાતજાતનાં, સ્પર્શાસ્પર્શના પ્રતિબંધો વધ્યા. "પડવા માંડેલી પડી પાછી, ટકી ન હર હર શિરે." વિનિપાત શતમુખ થયો. ધર્મને નામે અશ્લીલતા ને ઢોંગ વધ્યા. ગીતાવિધાયક કૃષ્ણવાસુદેવ-અનુપમ ત્યાગી ને વીર મટી ગોપી વલ્લભ બન્યા. બધી જ ભાવનાઓ બદલાઈ ગઇ. સમાજની વ્યવસ્થાશક્તિ છિન્નભિન્ન થઇ ગઇ. પણ જ્યાંસુધી શ્રદ્ધા ને ભાવના જીવતા છે ત્યાસુધી આશાને સ્થાન છે. ભાવનાને સુયોગ્ય પંથે ચઢાવવાનો પ્રશ્ન રહે છે. જ્યોતિ જાગતી હોવી જોઇએ. શતાબ્દિઓથી મંદ પડેલી જ્યોતિ જગાવવી એ સહેલી વાત નથી. એ જ્યોતિ ગાંધીજીએ જગાવી નહિ તો સાફ કરીને સકોરી તો ખરી જ. હિંદના ભાવિ જીવનનો ચક્રનેમિક્રમ હવે નીચે નહિ પણ ઊર્ધ્વગામી છે, એમાં તો શંકા છે જ નહિ.

દુનિયાને એક નવો જ આદર્શ ગાંધીજીવને અર્પ્યો. એમની ઉત્કટ ધાર્મિક ભાવના સાંપ્રદાયિક સંકુચિતતા છોડી વિશ્વતોમુખી બની, પણ સાથે એમની વણિકબુદ્ધિએ ભાવનાને સંયમમા રાખી નિશ્ચિત કાર્યપ્રદેશમા એનો ઉપયોગ કર્યો. એઓનું કાર્યક્ષેત્ર સીમાબદ્ધ હતું, તેથી જ એમની કર્મણ્યતા અનેક રીતે સફલ નીવડી. ત્યાગ, યોગ, નિડરતા ને કાર્યકુશલતાઃ આ ચારેનો અપ્રતિમ સમન્વય થયો. વીસમી સદીના યુગપ્રવર્તકોની નામાવલિમા ગાંધીજી શતાબ્દિઓ સુધી જીવશે ને આધુનિક હિંદના રાષ્ટ્રીય જીવનના તપસ્વી વિધાયક તરીકે અમર રહેશે, એમા તો શક જ નથી. અત્યાર સુધી વિશ્વની ઐતિહાસિક મહાપુરુષોની નામાવલિમાં ત્યાગીઓને કે રાજવીઓને જ સ્થાન હતું. પ્રજાનાયકોનું પ્રથમ સ્થાન તો વૉશિંગ્ટને જીત્યું એમ કહીએ તો ચાલે. ભાવિ આ નૂતન ત્યાગીઓના હાથમાં છે. ગાંધીજી જેવો પ્રજાનાયક ને ત્યાગી બીજે ક્યા મળશે ? ભારતભૂમિ રત્નગર્ભા વસુંધરા ન હોત તો આવું નરરત્ન ખોળે આવત જ નહિ. ઘણું જીવો ગાંધીજી !

નાનાલાલ ચમનલાલ મ્હેતા

મહાત્માજી કહેવાયા, તે પહેલાં

દક્ષિણ આફ્રિકાનો સત્યાગ્રહ, વિગતવાર વાંચ્યા છતાં મને બહુ અસર કરી શક્યો નહતો, પરન્તુ એને ટેકો આપવા જે અસંખ્ય સભાઓ દેશભરમાં થઇ હતી તેમાંની મુંબઈની સભામાં સ્વ. ફિરોઝશાહ મહેતાએ જે ભાષણ કર્યું હતું તેના શબ્દોએ મારું હૃદય વેધ્યું. એમણે કહ્યું હતું કે " ...મિસિસ ગાંધીએ પછી પૂછ્યુ કે 'ત્યારે શું હું ગાંધીની ધર્મપત્ની નથી ? રખાત છું ?' અને એમ પૂછીને પોતે સાચાં ધર્મપત્ની છે અને રખાત નથી એ સાબીત કરવા એ જેલમાં ગયાં." ઉપર મુજબના ભાવાર્થવાળા, ટૂંક વાક્યો વાપરીને મુંબાઇના એ સિંહે, દક્ષિણ આફ્રિકાની સત્યાગ્રહની લડતને એક જબરદસ્ત ભાષણથી ટેકો આપ્યો હતો. વળી સ્વ. ગોખલેના સર્ટિફિકેટે તો હદ કરી ! હું સ્વ. ગોખલેના અભિપ્રાયોને બહુ માન આપતો હતો. એમણે ગાંધીજી અને એમના ચારિત્ર્યને એ સમયે બહુ પ્રસિદ્ધ કર્યાં હતાં. તેવામાં ગાંધીજી સ્વદેશ પધારે છે એ વધામણી આવી અને મારા આનંદનો પાર રહ્યો નહિ. ભાઇ મેઢના પિતાને એક બે વખત મેં સ્ટેશન પર જતા જોયા અને જાણી લીધું કે અમુક દિવસે ગાંધી, સહકુટુંબ અમદાવાદ થઇને રાજકોટ જાય છે. બસ. એ જ દિવસ મેં સાધ્યો. સ્વ. અંબાલાલ સાકરલાલ દેવલોક પામ્યા હતા અને અમદાવાદના નેતા તે વખતે સ્વ. ગોવિંદરાવ પાટીલ વકીલ હતા. ગાંધીજીનો સંદેશો પ્રસિદ્ધ થઈ ચૂકયો હતો કે " મારે શોક છે અને મારા માનમાં કોઇએ સ્ટેશનો પર આવવું નહિ. " પાટીલે, અમને બધાને સ્ટેશને માનપત્ર આપવાની યોજના કરતા રોકયા હતા. પરન્તુ હું તો કોઇને જણાવ્યા વગર, એમની આવવાની તારીખ, મેઢના પિતાજી પાસેથી છાનીમાની જાણી લઇને બરાબર વખતે સ્ટેશન પર ગયો.

એમને મેં સ્વદેશી પોશાકમા થર્ડ કલાસમાથી વેઇટીંગ રૂમમા મેઢના પિતાશ્રીના આગ્રહથી આવતા જોયા અને તે જ દિવસથી મેં એમને માનસિક રીતે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. વણનોતર્યો હું વેઇટીંગ રૂમમા ઘૂસ્યો. એવી કળામા મેં કયારની યે પ્રવીણતા મેળવી હતી. ત્યાં કોઈ પિછાન કરાવનાર નહોતું અને હોત તો પણ મારી પિછાન તો કોઈ ન કરાવત. એટલે આપણે જાતે બોલવા માડયું :

" આજે આખું શહેર આપને મળવા આતુર હતું. માત્ર આપની ઇચ્છાને માન આપીને કોઇ આવ્યું નથી. પરન્તુ આપ આપની અનુકૂળતાએ અમદાવાદ જરૂર પધારજો. અમે એ બાબતનો આપના પર રીતસરનો પત્ર લખીશું."

આટલું સાભળી, ગાધીજી પ્રસન્ન થયા લ.ગ્યા અને મેં નિશ્ચય કર્યો કે પાટીલને ત્યાં આજે જ જઇને પત્ર લખાવું.

પછી તો એ ડબામા જઇને બેઠા પણ ગાડી કોઈ કારણસર એક કલાક મોડી થઇ. મેં તે દિવસે ડબાની પાસે આખો વખત ઊભા રહી ગાધીજીનાં પેટ ભરીને દર્શન કર્યા. સ્ટેશન પર બીજા થોડાક માણસો હતા પણ મુખ્ય તો સ્વ. મઝમુદાર બેરિસ્ટર હતા. શ્રી.

મઝમુદાર બેરિસ્ટર થવા ગયા ત્યારે તેઓ ગાંધીજીની સાથે હતા એટલે ઘણો વખત એ બે જૂના મિત્રોએ, હાસ્યવિનોદની ઘણી વાતો કર્યા કરી. ગાંધીજી એમના સાહેબશોખની મશ્કરી કરતા હતા અને મઝમુદાર ગાંધીજી થર્ડ ક્લાસમાં બેઠા હતા તેની મશ્કરી કરતા હતા. વળી વચમા વચમાં પૂછતાઃ "તારે કંઇ જોઇએ છીએ?" ગાંધી ના કહેતા હતા. મઝમુદારે અમને કહ્યું: "એનાં આ લક્ષણ એ ભણતો હતો ત્યારથી મૂળમાં ખરા." પાટીલને તે જ દિવસે મેં સ્ટેશન પરની બધી વાત કરી અને થોડાક દિવસમાં શહેર તરફથી આમંત્રણનો પત્ર પહોંચ્યો. ગાંધીજીએ જવાબમા અમુક તારીખે હું અમદાવાદ આવીશ એમ જણાવ્યું અને "મહાજન તરફથી નિમંત્રણ" નો ઉપકાર માન્યો. એ પત્રમાં એ "મહાજન" શબ્દે સૌનું ધ્યાન સારી પેઠે ખેંચ્યું હતું.

એમના આવવાની તારીખ, ઝડપબંધ પાસે આવતી જતી હતી. સમસ્ત શહેરના જાહેર સત્કાર અને સરઘસોની રચના કરવાની અમારા એક "સ્વદેશી મિત્રમંડળ"ને સારી પેઠે તાલીમ મળી ગઈ હતી. અમે હિન્દુ મુસલમાનોએ સ્વ. લાલા લજપતરાયનો એવો તો દબદબાભર્યો સત્કાર કર્યો હતો કે એની લાલાજીના પ્રેમાળ હૃદય પર ઊંડી છાપ પડી હતી. એ મંડળ, કેટલાક સમય અગાઉથી વડીલોનો આશીર્વાદ મેળવી શક્યું હતું. આ વખતે પૈસાની ફીકર નહિ કરવા સ્વ. પાટીલે અમને કહ્યું હતુ અને અપૂર્વ સત્કારની તૈયારીઓ કરવા રજા આપી હતી.

શહેરનો સ્ટેશન પરથી ભદ્ર સુધીનો તમામ રસ્તો ધજાતોરણોથી અને ફૂલપાનથી સુશોભિત થઇ ગયો હતો. દુકાનદારોએ કીમતી હારગોટા અને ટકોરખાનાં તથા વાજાં બેસાડી દીધા હતાં. રેશમી અને કસબી કાપડના વેપારીઓએ રંગબેરંગી અને ચમકતા તોરણોથી મારગો શણગાર્યાં હતા અને આખું શહેર આબાલવૃદ્ધ આફ્રિકામાં હિન્દનું નાક રાખનાર વીરને જોવા તલપાપડ થઇ રહ્યુ હતું. પરન્તુ સ્ટેશન પરથી જ ગાંધીજીએ પોતાનું પોત પ્રકાશ્યું. શણગારેલી ગાડીમા બેસવા એમણે ના પાડી આખરે બહુ આગ્રહથી એ થોડી વાર તેમા બેઠા. પરન્તુ વિદ્યાર્થીઓએ જ્યાં ઘોડા છોડી નાખી ગાડી ખેંચવા માંડી ત્યાં તો એ ગાડીમાથી ઊતરી પગે ચાલવા લાગ્યા. ટોળામા એમને સાચવવા એ મુશ્કેલ કામ થઇ પડયુ અને લોકોની એમને જોવાની અધીરાઇ વધતી ચાલી. હારગોટા આપવા અશક્ય થઇ પડયા.

આખરે એમને "પ્લુરીસી" શળનું દરદ થઇ આવ્યું અને જલદીથી પોતાને ઉતારે જવાની એ માગણી કરવા લાગ્યા. નાછૂટકે, એક દોડતી ગાડીમાં બેસાડી એમને મુકામ પર લઇ જવામાં આવ્યા પણ લોકોની નિરાશાનો પાર રહ્યો નહિ.

અમે પાટીલ સાહેબને ત્યા જઇ સખ્તમા સખ્ત ફરિયાદ કરી અને બીજે દિવસે, શહેરનું જાહેર માનપત્ર અપાય તે વખતે એ જ માર્ગે ધીમે ધીમે એમને લઇ જવા એમ ગોઠવણ કરવામાં આવી. બીજા દિવસની સરઘસની ગોઠવણ અમારું મંડળ સારી રીતે કરી શક્યું અને શહેરલોકને તથા નેતાઓને પણ સંતોષ થયો.

જાહેર માનપત્ર, મર્હૂમ સર ચિનુભાઇના હાથે ભગુભાઇના વંડામાં આપવામાં આવ્યું હતું અને એ વખતે ગાંધીજીનો જવાબ તથા બીજી રચનાથી સૌને ખુશાલી ઉપજી હતી.

ગુજરાત કલબમાં ગાંધીજીના માનમાં સ્નેહસંમેલન રખાયું. પરન્તુ ત્યાં કોઇ એમની સાથે વિવેકના બે ચાર શબ્દો ઉપરાંત વિશેષ કંઇ બોલતું નહોતું. સ્વ. અંબાલાલભાઇની ખોટ મને ત્યાં સાલી. અમદાવાદના તે વખતના કામ કરનારને કોઇ એમની આગળ પિછાન માટે લાવે નહિ, કે કોઇ ચાલુ રાજકીય પ્રકરણની કશી વાત એમની સાથે કરે નહિ. એથી ત્યાં પણ ધીમે રહીને હું જ ધૂસ્યોઃ

મેં પૂછ્યું "આપનો વિચાર અમદાવાદ કાયમ આવવાનો ખરો ?"

ગાંધીજીઃ "હજી કંઈ નક્કી નથી."

"પણ" મેં કહ્યું, "આપ જો આવો તો અહીં આપને જોઇએ એવી મદદ મળશે. અમદાવાદમાં, નાનાં મોટાં અનેક ઉપયોગી દેશસેવાનાં કામો થઈ રહ્યાં છે. સાચા દેશભક્તો, સાહિત્યસેવકો, પરોપકારી ગૃહસ્થો વગેરે અહીં છે. યુવકવર્ગ આપની આગેવાની નીચે રહી આપ કહેશો એવું કામ કરશે. અને ધન ? ધનનો તો આપના પગ આગળ ઢગલો થશે." ગાંધીજી કંઈક પીગળ્યા લાગ્યા. એટલે ધીમે ધીમે મેં જ ત્યાં હતા તેમાંથી 'સુંદરી સુબોધ'ના તંત્રી રા. બિન્દુભાઈ, મારા મિત્ર સ્વદેશી મિત્રમંડળના મંત્રી, કીરપાશંકર પંડિત વગેરેની ઓળખાણ કરાવી. ગુજરાત કૉલેજના કેટલાક વિદ્યાર્થીઓ ત્યાં હતા તેમાંથી એક બેને મેં બોલાવી, એમણે દક્ષિણ આફ્રિકા ફંડમાં ફાળો ઉઘરાવવા જે પ્રયાસ કર્યો હતા તે કહી બતાવ્યા. ગાંધીજીએ એ વિદ્યાર્થીઓનો ઉપકાર માન્યો અને કહ્યુંઃ "ગુરુકુળ વગેરેમાંથી તો વિદ્યાર્થીઓએ ભૂખ્યા રહી અમુક દિવસના જે પૈસા બચ્યા તે અમને મોકલાવ્યા. એટલે વિદ્યાર્થી વર્ગનો તો હું ઋણી છું." પછી પૈસાફંડ રાત્રિશાળામાંથી તૈયાર થયેલા અમારા એક માનીતા વિદ્યાર્થી વૃંદાવનદાસ અને બીજા એકને મેં, એ લોકો જે ટેબલ પર ખાતા હતા ત્યાં જઇને ઓળખાવ્યા. રાત્રિશાળાઓની વાત કરી. દાદાભાઈ લાયબ્રેરી, સ્વદેશી મિત્રમંડળ, ગોખલે સોસાઇટી ઇત્યાદિની કાર્યપદ્ધતિ કહી સંભળાવી. એટલામાં પેલા વિદ્યાર્થીઓ ગાંધીજીને અમુક મીઠાઇ વગેરે ખાવા આગ્રહ કરવા લાગ્યા. ગાંધીજીએ ફક્ત એક બે દ્રાક્ષ લીધી અને નાના મોટાનો ભેદ રાખ્યા વગર જેમની જેમની પાસે હું એમને લઇ ગયો તેમની સાથે એમણે સરળ ભાવે યથાયોગ્ય વાતો કરી. પૈસાફંડમાંથી ઊભી કરેલી દાદાભાઇ લાયબ્રેરી બતાવવાનો કાર્યક્રમ એ દરમિયાન અમે નક્કી કર્યો.

પછી એ લાયબ્રેરી જોવા એ આવ્યા અને ત્યાંની મુલાકાત-નોંધપોથીમાં એમણે પ્રશંસાની નોંધ પણ કરી.

આ બધા સમયમાં, સ્વ. ગોખલેનો એમનો અનુભવ મને પણ અક્ષરે અક્ષર ખરો માલૂમ પડ્યો. સ્વ. ગોખલેએ ગાંધીજી માટે કહ્યું હતું તે મને મારા પોતાના અનુભવથી પણ યથાયોગ્ય લાગ્યું હતું કે **"એ તો એ તત્ત્વના બનેલા છે કે જે તત્ત્વમાંથી ધર્મને માટે પ્રાણ આપનારા વીરો ઉત્પન્ન થાય છે. માટીમાંથી એ મહાન પુરુષો બનાવી શકે છે. એમની હાજરી જ પ્રેરક હોય છે. એમની સમક્ષ આપણાથી એક ખરાબ વિચાર કરી શકાતો નથી કે એક જૂઠો શબ્દ ઉચ્ચારાતો નથી.**

× × ×

ઇશ્વરકૃપાએ, પછી તો એમનું અમદાવાદમાં આવવાનું નક્કી થયું અને પહેલવહેલા

શેઠ મંગળદાસને ઘેર થોડો વખત એઓ ઊતર્યા. કવિ ન્હાનાલાલને એમણે કહી રાખ્યું હતું કે અમદાવાદમાં હજી કેટલાક એવા હશે કે જે એમને નહિ મળી શક્યા હોય એવા માણસોને મને મેળવજો. કવિએ એવાઓની યાદીમાં મારું નામ પણ લખ્યું હતું અને મને ગાંધીજીને મળવા જવા સંદેશો કહાવ્યો હતો. હું તરત જ ગયો અને " ન્હાનાલાલભાઇના કહેવાથી હું આવ્યો છું " એમ ગાંધીજીને મેં જણાવ્યું.

એ હસી પડયા અને કહે કે આપણે તો મળ્યા છીએ. પણ મેં મારા લાયક કામકાજ માગ્યું અને ત્યારથી જ મારા સદ્ભાગ્યમાં એ મહાપુરુષના ગાઢ સંબંધમાં આવવાનો યોગ મળ્યો.

શ્રીયુત જીવણલાલભાઇના કોચરબના બંગલામાં પછી એ ગયા અને સત્યાગ્રહ આશ્રમની નાના પાયા પર સ્થાપના થઇ. હું દરરોજ સાંજના કાંકરીએ ફરવા જતો હતો પણ હવેથી કાંકરીઆને બદલે સત્યાગ્રહ આશ્રમ જ મારું રોજનું પ્રિયસ્થાન થઇ પડયું.

ગાંધીજી જોડે ત્યાં અનેક વિષયો પર લંબાણથી વાતો થતી હતી. આરોગ્ય, ખોરાક, ધર્મ, રાજ્ય, સાહિત્ય, વૈદક, સમાજસુધારણા, ખેતી, વણાટ, કેળવણી, સેવા, વગેરે વિષયો પર પુષ્કળ વાતો કરવાનો એમને તે દિવસોમાં અવકાશ હતો. એ હજી મહાત્મા બન્યા નહોતા અને દેશની પ્રવૃત્તિઓમાં પોતાનું સ્થાન ક્યાં છે તે વિચારતા હતા. બાર મહિના સુધી દેશનું અવલોકન કરવાની સ્વ. ગોખલેએ એમને સલાહ આપી હતી અને ત્યાં સુધી જાહેરમાં એક પણ ભાષણ નહિ કરવાની એમને આજ્ઞા હતી. એમનું દેશનું અવલોકન હવે પૂરું થવા આવ્યું હતું અને જે દિવસે સ્વ. ગોખલેની આજ્ઞાનું વર્ષ પૂરું થયું તે દિવસે હું ગાંધીજીની પાસે હતો. મેં પૂછયું: " હવે આપ કહેશો ? દેશમાં આપે શું જેયું ? "

ગાંધીજી (નીસાસો નાખીને)." બધે નાટારંભ ચાલી રહ્યા છે. દેશને માટે કોઈ મરવા તૈયાર નથી."

મારું હૃદય વીંધાયું. પણ મેં પૂછયું: " આપ શું કહો છો ? લોકમાન્ય, માલવિયાજી, બંગાળી આગેવાનો એ બધાને આપ મળ્યા છો, છતાં આવું કહો છો ? "

ગાંધીજી: " હું બહુ દિલગીર છું. મોટા માણસોને માટે બોલતાં મને દુઃખ થાય છે. પણ હું બહુ વિચાર કરીને બોલ્યો છું."

મેં કહ્યું: " અને પેલા બૉંબ ફેંકનારા ? એ પણ શું મરવા તૈયાર નથી ? "

ગાંધીજી: " એ અપવાદ છે ખરા. એ મરવા તૈયાર છે પણ એમની રીત મને પસંદ નથી." અને પછી, શાન્તિને માર્ગે, માર્યા વગર, કોઈનાં લોહી રેડવાના જંગલી માર્ગ વિરુદ્ધ એમણે પોતાના અહિંસાવાદની ચર્ચા કરી અને કહ્યું: " દેશ મારો રસ્તો કેમ સ્વીકારે ? પણ હું દેશ આગળ એ મૂકીશ તો ખરો. અને જો સ્વીકારે, તો તો બતાવવા આશા રાખું છું કે એ માર્ગે સ્વરાજ્ય મળી શકે એમ છે. દક્ષિણ આફ્રિકામાં બન્યું તે અહીં પણ બને. હું ત્યાંની મૂડી પર જીવવા માગતો નથી. હવે મારે નવી મૂડી પ્રાપ્ત કરી નવી પેઢી જમાવવી છે. × × × કામ કરવાની ચાલુ પ્રથા પણ મને પસંદ નથી. હમણાં ભાષણો કર્યું, લખાણો લખ્યું, Agitation શરુ થાય, તો તો કેટલા યે વિદ્વાનો મારા સેક્રેટરી થતા આવે અને અહીં ગાડીઘોડા છૂટે, અને લોકો બોલે કે સ્વરાજ્ય આવી પહોંચ્યું."

એ દરમિયાન, સાંજે, રસ્કિનનું 'Unto This Last' અને ટૉલ્સટૉયનું 'મૂરખરાજ' ગાંધીજી વાચતા. પ્રાર્થના થતી અને પછી કોઈ મહેમાન પરોણા આવ્યા હોય તો તેમની સાથે ઓળખાણ પિછાન થતી. એવી રીતે ડૉ. દેવ, સ્વામી સત્યદેવ, મી. અને મિસિસ પૉલોક વગેરે આવી ગયાં હતા.

પોતાના સત્યાગ્રહ આશ્રમના નિયમો તથા અહિંસાત્મક અસહકારના સિદ્ધાંતો તે વખતે ગાંધીજીએ જાહેરમાં મૂકવા ઇચ્છયા અને ગુજરાત ક્લબમાં જ એ માટે ગોઠવણ કરવાનું હું માથે લેતો હતો. એ ક્લબ માટે મને કંઇ તે વખતે બહુ સારો અભિપ્રાય નહોતો અને આજે પણ નથી; પરન્તુ એટલા પણ ભણેલાગણેલા અને લાગવગવાળા માણસો બીજે કોઈ સ્થળે એકી વખતે મળવા મુશ્કેલ હતા અને ક્લબના મંત્રી તે વખતે સ્વ. ચીમનલાલ નરભેરામ ઠાકોર હતા. એ બહુ સારા માણસ હતા અને જ્યારે જ્યારે ગાંધીજીને ક્લબમાં આવવાનું હું પૂછતો ત્યારે એ તરત હા 'કહેતા. વળી એક વખત તો હું રીચીરોડને રસ્તેથી જતો હતો ત્યારે તેમણે મને દૂરથી બોલાવીને કહ્યુ : ' ડાક્તર, આમ જૂઓ. ગાંધી સાહેબને જ્યારે આવવું હોય ત્યારે તમારે હવે મને વગર પૂછયે એમને લાવવા. ક્લબમાં જ્યારે આવશે ત્યારે કોઇને કોઇ તો ત્યા પડયું જ હશે. એ આપણા ગુજરાતી એદીખાનામા તમને માણસોની ખોટ નહિ પડે."

ગાધીજીના સંબંધમાં ક્લબમાં બધાને મોટે ભાગે માન હતું, પણ ઘણાખરા એમને ભાવનામય અને અવ્યવહારુ ધારતા. ચક્રમ, ધૂની, જૈન જેવા મૂર્ખ અહિંસાવાદી અને હિંદુસ્તાનના રાજકાજમાં ના ચાલે એવા એમને કહેવામા આવતા.

એ દરમિયાન ગુજરાત સભાને પુનર્જીવન કરવાની વાત ચાલી. તેમા ગાધીજીને મંત્રી અને સ્વ. સર ચિનુભાઇને પ્રમુખ નીમવાના હતા. કોઇએ કહ્યુ : " સર ચિનુભાઈ ગાંધીના ઉપરી થવા યોગ્ય છે ?" તરત જ ગાધીજીએ બોલનારને રોકયા અને કહ્યું: તમે મારું અપમાન કરો છો. તમે એમ કહેવા માગો છો કે હું સર ચિનુભાઇના તાબામા રહીને કામ ન કરી શકું ?" પેલા ભાઇ પછી કંઈ બોલ્યા નહિ અને ગાધીજી મંત્રી નીમાયા.

એક વખત ગાધીજી કહે : " આજે પેલા કોશીઆએ મને મેણું માર્યું. અમે એને કૂવે લુગડાં ધોવા જઇએ છીએ. ટોપલો ભરીને આશ્રમને માટે કેળાં આવતાં જોયાં એટલે એ બોલ્યો : 'કેળાં આવ્યા કે ?' એ બિચારો ખરં કહે છે. એમને પેટ ભરીને ખાવાનું નથી મળતું અને અમે કેળા ખાઇએ, એ એની આંખમા આવે જ."

સત્યાગ્રહ આશ્રમમાં નિશાળ કાઢવાની હતી. કેળવણીના પ્રવીણોના એમને અભિપ્રાય જોઇતા હતા. શ્રીયુત કેશવલાલ ધ્રુવનું નામ મેં સૂચવ્યુ. અમુક દિવસે એમને મારે લઈ જવા એમ ઠર્યું. પરન્તુ ગાંધીજી, એમના જેવાની મહત્તા બરાબર સમજે તે માટે શ્રીયુત ધ્રુવનાં તમામ પુસ્તકોની પ્રસ્તાવનાઓ હું વાંચી ગયો અને એનો સાર એક દિવસ અગાઉ ગાંધીજીને કહી આવ્યો. ગાંધીજીએ આદરપૂર્વક એમનો સત્કાર કર્યો અને પોતાના કેળવણી વિશેના વિચારો કેશવલાલભાઇને ટૂંકમાં કહ્યા. કેશવલાલભાઇએ સર્વાંશે સંમતિ આપી અને ગાધીજીને પોતાના કાર્યમા વિજય ઇચ્છયો. પોતાને લાયક કામસેવા ફરમાવવા પણ કહ્યું અને છૂટા પડતા ગાધીજીએ આખો આશ્રમ એમને બતાવ્યો.

એક ઓરડીમાં ખાડાશાળ પડી હતી. ગાંધીજી તે વખતે વણકરનો પાઠ લેતા હતા અને જુદી જુદી શાળોના મુકાબલા કરતાં કેશવલાલભાઇને એમણે કહ્યું : "આ શાળ સૌથી સુંદર છે. એનો કાંઠલો આમથી આમ જાય છે તે વખતે મધુર લાગે છે." બીજે દિવસે મને ગાંધીજી કહે : "જોઈ આપણી દુર્દશા? કેશવલાલભાઇ જેવા સાક્ષર શાળની વાત ન જાણે! એવી આપણી કેળવણી."

પૉલોક સાહેબને અમદાવાદ દેખાડવાનું કામ મને સોપવામાં આવ્યું. મેં રાણીનો હજીરો, બાદશાહનો હજીરો, જુમા મસજીદ, કીનખાબ વણનાર શાળવીઓનાં ઘર, દેશી કાગળ બનાવવાના કારખાના, ગાલીચાના કારખાનાં, સોની, રૂપા કામ કરનારા ઇત્યાદિ બતાવ્યા અને પછી જૈનોનાં નવા દહેરાં, ફતાશાની પોળનું અને ખેતરપાળની પોળનું મંદિર બતાવી અમદાવાદનાં કળાકૌશલ્ય અને હુન્નરઉદ્યોગનો ખ્યાલ આપ્યો. મિસિસ પૉલોકને, એમાંની કેટલીક વસ્તુઓ ફરી બતાવી હતી અને બીજે દિવસે ગાંધીજી પણ અમારી સાથે આવ્યા અને કાગળ, ગાલીચા, કીનખાબ વગેરેના નમૂના જોઇ એમની અત્યારની દુર્દશાથી દુ:ખી થયા. સોમનાથ ભૂધર મીસ્ત્રીને ત્યા એમને લઈ જવામા આવ્યા હતા. એમની લાકડાની કોતરણી જોઇ મી. પૉલોકે કહ્યું: "આણે તો પોતાનો આખો આત્મા આમાં રેડયો છે!" જૈન દેવળોનું સુંદર જડિતકામ એમણે જોયું અને ખેતરપાળની પોળના મંદિરમાં એક ૭ પૈસાના ફાનસનો દીવો બળતો હતો તે જોઇ ગાધીજી કકળી ઊઠયા: "આવા સારા મંદિરમા મેલો દીવો જૂઓ! અહીં તો કોઈ રૂપાની દીવીમાં દીવો શોભે. પણ એવાં જ અમારાં જીવન છે!"

બહાર નીકળતાં, કેટલાક જૈનભાઇઓને મેં ગાંધીજીની વાત ગાડીમા બેસતા બેસતા કહી. એ કહેવા લાગ્યા: "અમે હમણા જ એ દીવો ફેંકી દઇએ છીએ."

એક કચ્છભૂજના વૃદ્ધ ડોસાને સુંદર આરીકામ કરતો પૉલોક સાહેબને બતાવ્યો. પૉલોકે એની પાસે બે ચાર કકડા રેશમ ભરેલા જોયા. એમણે કહ્યું: "આ કકડાઓના બદલામા હું કલકત્તાવાળું રાય બદ્રીનાથ બહાદુરનુ મંદિર આપી દેવા તૈયાર છું."

તે જ સાજે અમે કલાજીવનની વાતો કરતા હતા. ચાંદની છવાઇ રહી હતી. અને કોચરબ પારડીની સડક પર તે દિવસોમાં આટલી ધમાલ નહોતી. સડક પર અમે સાથે સાથે ફરતા હતા અને ગાધીજી, હષીકેશ અને લછમન ઝોલાના વર્ણનો કરતા હતા. પેલા મંદિરનું સર્વાગસુંદર રૂપ અને એમાં રહેલો ૭ પૈસાના ફાનસવાળો બાગલો દીવો હજી એમને ખૂચતો હતો. એ કહે: "લછમન ઝોલા આગળ ગંગાજી કેવાં ભવ્ય લાગે છે! પણ ત્યાં કોઈ તાલેવને લોઢાનો પૂલ બાંધી બધી કુદરત બગાડી નાંખી છે. વળી સ્વર્ગાશ્રમ જેવી જગાએ પતરાંના છાપરાં કર્યા છે! આસપાસના વાતાવરણમાં એ બહુ જ બદસુરત લાગે છે."

વળી શરુઆતમાં આશ્રમમા સાજની પ્રાર્થના થતી હતી, તે વખતે સંગીત, છેક બેતાલુ ચાલતું હતું. એક દિવસ સાંજના ગાંધીજી શહેર તરફ ગયા હશે ત્યારે વિક્ટોરિયા ગાર્ડન પાસેના ખ્રિસ્તી દેવળમા એ ઘણું કરીને ગયા હતા. ત્યાં મધુર સ્વરે સંગીત ગવાતું એમણે સાંભળ્યું અને સાંજની પ્રાર્થના વખતે એ કહેવા લાગ્યા: "આપણી પ્રાર્થનાનાં ગીતો પણ આપણે ઢંગધડા વગરનાં ગાઇએ છીએ. જેવું આપણું સંગીત બેતાલુ છે એવાં જ આપણાં જીવન પણ તાલ વગરના બન્યાં છે!" પછી એમણે વિષ્ણુશાસ્ત્રીજી પાસે એક સંગીતશાસ્ત્રીની માગણી કરી અને તે દિવસથી શ્રીયુત નારાયણ ખરે અહીં આવ્યા.

જીવન અને કલાના સંબંધ રચવા ગાંધીજી આવી જ તજવીજ રાખે છે.

એક વખત, ગાંધીજી ભાષાશુદ્ધિ વિશે વાત કરતા હતા. એમનું ગુજરાતી તે વખતે બહુ સારું નહોતું. પરન્તુ વાતમાં એક પણ ઈંગ્રેજી શબ્દ ન આવે તે માટે તેઓ ખૂબ પ્રયત્ન કરતા હતા. અમે બધા પણ એમની સાથે એ જ પ્રમાણે કેવળ ગુજરાતી શબ્દો વાપરવા તજવીજ કરતા એ એમને બહુ ગમતું. એવામાં એક વિદ્યાર્થી એમની પાસે આવ્યો અને કહે: "મારા ફાધરનો લેટર આપને મળ્યો છે?" એ સાંભળી ગાંધીજીએ એની સખ્ત ટીકા કરી. ગોધરામાં પહેલી ગુજરાત રાજકીય પરિષદ ગાંધીજીની જ પ્રેરણાથી મળી. એ પરિષદનું બધુ સ્વરૂપ ગાંધીજીની ઇચ્છા પ્રમાણે રચવામા આવ્યુ હતું. પરિષદનું તમામ કામ ગુજરાતીમાં ચાલ્યું. એની અસર પંચમહાલના ગામેગામમા ઉત્તમ પ્રકારની થઇ હતી. એક મોટા સરકારી અમલદારે પરિષદ પછી ઘણે દહાડે મને કહ્યું હતુ કે દેશમાં ખરી જાગૃતિ હવે આવશે. કારણ કે રાજકીય વાતો લોકસમુદાય હવે જ સમજ્યો છે.

પૂજ્ય કસ્તુરબા વિદ્વાન નથી એ એક સંયોગ ગુજરાતની સ્ત્રીઓની ઉન્નતિમા લાભદાયક નીવડયો છે. ગાંધીજી ગુજરાતમા આવ્યા તે પહેલા ઈંગ્રેજી ભણેલો પુરુષવર્ગ ઘણી વાતો ઈંગ્રેજીમાં જ કરતો. ઘેર, મિત્રો સાથે અને બહાર, લખવા વાચવાનું ઈંગ્રેજી ભાષામા એટલું બધું ચાલતું હતું કે સ્ત્રીઓને એમના વિચારતરંગોની કંઇ સમજણ પડતી નહોતી. વળી એ લોકો, પોતાના વિચારો નહિ સમજવા માટે સ્ત્રીઓનો તિરસ્કાર પણ કરતા. કોઈ મેળાવડા કે સભામા સ્ત્રીઓને લઈ જતા યે શરમાતા અને પછી સ્ત્રીઓ ખરે વખતે એમને ઉચ્ચ આદર્શો અનુસાર સેવામાર્ગમા કે સ્વાર્થત્યાગ કરતાં રોકતી હતી. ખેડા સત્યાગ્રહ વખતે એવું બહુ બન્યું. ત્યારપછી ગાંધીજીએ, રાજકાજની તથા જીવનની તમામ વાતોમાં સ્ત્રીઓને ભેળવવાની સલાહ આપી. કસ્તુરબાનું દૃષ્ટાંત સૌની સમક્ષ થયું અને એમની સલાહનો અમલ થતા જ સ્ત્રીઓ પુરુષોની ખરી સહધર્મિણીઓ બનવા લાગી છે.

પછી ખેડા સત્યાગ્રહનો પ્રસંગ આવ્યો. ચંપારણ્ય તથા ખેડાની લડતો પછી, ગાંધીજી મહાત્મા ગાંધી બની ગયા. મહાત્મા બન્યા પછીની એમની વાતો તો સૌ કોઈ જાણે છે એટલે અહીં આ લેખ સમાપ્ત થાય છે.

છેવટમા એક પ્રસંગ કહીશ. એલિસબ્રિજ પરથી અમે શહેરની એક જાહેર સભામા સાથે જતા હતા. દૂરથી ગાંધીજીએ, મને નવા આશ્રમની જગા દેખાડી. મેં કહ્યુ: "સાહેબ! એ તો દધીચી ઋષિનો જ ઓવારો. ત્યાં જ ચંદ્રભાગા ને સાબરમતીનો સંગમ થાય છે." બહુ કામના બોજાથી એ ઘણી વાતો તેવામા ભૂલી જતા હતા. દધીચીની આખી વાત એ ભૂલી ગયા હતા. મેં એ બધી કથા સંભારી આપી.' ગાંધીજી કહે: "હાડકાં આપ્યાં હતાં એ જ એ ઋષિને? ઠીક, આપણે પણ ઈશ્વર કરશે તો એ જ જીવન ફરી ભજવી બતાવીશું."

હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ

ગાંધીજીની અન્નમીમાંસા

"પ્રાણી માત્રના પ્રાણ અન્ન ઉપર નિર્ભર છે. શરીરનો રંગ, સૌસ્વર્ય-મધુર અવાજ, પ્રતિભા, સુખ, સંતોષ, પુષ્ટિ, બલ, મેધા-બુદ્ધિ જ અન્ન ઉપર નિર્ભર છે. લૌકિક અને પારલૌકિક કર્મોની પ્રતિષ્ઠા પણ અન્નને જ અધીન છે.

ચરકસંહિતા; સૂત્રસ્થાન અ. ૨૭

કોઈ પણ રાષ્ટ્રમા નવીન જોમ-નવીન પ્રાણ લાવવા માટે રાષ્ટ્રના લોકોના સમસ્ત જીવનમાં ભયંકર પરિવર્તન કરવું પડે છે. એના શિક્ષણમાં, એના સામાજિક વ્યવહારમા, એના આહારમા અને એના વિચારોમાં ફેરફાર કર્યા વિના રાષ્ટ્ર શક્તિસંપન્ન થતું જ નથી. **क्षात्रं हि राष्ट्रम्**' આ સૂત્ર ' જો ખરું હોય તો ક્ષાત્રસ્વભાવ સિવાય રાષ્ટ્રની તેજસ્વિતા સંભવતી નથી. ક્ષાત્રસ્વભાવ માટે રાષ્ટ્રીય શિક્ષણ આવશ્યક છે અને શિક્ષણ સાથે સાથે જ રાષ્ટ્રના આહારનો પ્રશ્ન પણ જટિલ રીતે સંકળાયેલો હોય છે, કારણકે આહારમાંથી જ પ્રાણીમાત્ર પ્રાણ મેળવે છે.

કાર્લાઇલ કહે છેઃ "નીતિશાસ્ત્ર ઉપર નહિ પણ પાકશાસ્ત્ર ઉપર આપણે આપણી ઇમારત બાંધવી જોઇએ."[૧] હું ધારું છું કે આપણા પૂર્વજો આ વાત સારી રીતે સમજી શકયા હતા અને એથી જ આપણો ખોરાક આટલા આટલા યુગો પછી પણ દરેક પરદેશી વિદ્વાનોનું ધ્યાન ખેંચનાર થઇ પડયો છે. આપણી આહારપદ્ધતિમાંની ઘણી બાબતો આધુનિક આહારશાસ્ત્રીઓની શોધો સાથે મળતી આવે છે. આપણા પૂર્વજોના દૂરંદેશીભર્યો ડહાપણ બદલ આપણે વ્યાજબી અભિમાન લઇ શકીએ છીએ. અલબત, અત્યારે આપણે એ પૂર્વજોનો વારસો બરાબર સાચવી શકયા નથી એ વાત સાચી છે, પરંતુ હિંદુ શાસ્ત્રોના અભ્યાસીને ચરકસુશ્રુત જેવાં પ્રાચીન શાસ્ત્રોમાંથી આહાર વિષે ઘણું નવીન જાણવાનું મળી શકે છે. મૈસુરમાં જે વખતે ફાર ઇસ્ટર્ન એસોસિયેશન ઓફ ટ્રોપિકલ મેડિસીનના સભ્યો ગયા હતા તે વખતે, સર બ્રજેન્દ્રનાથ શીલ એ સભ્યો સમક્ષ, 'પ્રાચીન હિંદની વૈદ્યકીય શોધખોળો' ઉપર બોલતાં બોલ્યા હતાઃ "ચરક અને સુશ્રુતની આહારવિધિ અથવા અન્નમીમાંસા વિટામિનના કોઈ પણ શોધકની શોધ કરતાં અથવા તો કેટલાક દરદો જે પોષણના અભાવે થનારાં છે તે દરદોના પોષકવાદના શોધકની શોધ કરતા અનેક દરજ્જે ચઢિયાતી છે."[૨] અને ઊંડું

૧ "Not on morality, but on cookery, let us build our stronghold."

Carlyle. (Sartor Resartus)

૨ "In fact, the dietetics of चरक and सुश्रुत may fairly pass the test of any upholder of vitamins or the investigator of the nutrition theory of the origin of diseases."

Modern Review; Feb. 1928, p 250.

ઉતરીને જોનાર વિચક્ષણ યુરોપીય વિદ્વાનોને પણ આ વાતની ખાતરી થયેલી છે.[૧]

દુર્ભાગ્યની વાત તો એટલી છે કે કોઇ પણ હિંદી ડૉક્ટરે, એકાદ અપવાદ સિવાય, આપણા આહાર ઉપર શાસ્ત્રીય પુસ્તક લખ્યું નથી. આપણી મેડિકલ કૉલેજોમાં પણ આ વિષે વિદ્યાર્થીઓને કંઇ જ શીખવવામાં આવતું નથી. પશ્ચિમના ધોરણે લખાયેલાં પુસ્તકોમાંથી આપણે વનસ્પતિ–આહારી હિંદુઓને જાણવાનું થોડું જ મળે છે. એ માટે આપણો ભંડાર જ આપણે ઉઘાડવો જોઇએ. અસ્તુ.

જ્યારથી વિટામિન્સ (પ્રજીવનકો) ની શોધ થઇ છે ત્યારથી પશ્ચિમના ડૉક્ટરો ' વિટામિન્સ 'ને સાતમે આકાશે ચઢાવી રહ્યા છે. માંસ ખાઇ ખાઇને થાકેલી પ્રજાને ' વિટામિન્સ ' નું પ્રલોભન મળતા વેંત જ તે શાકભાજી, ફળ ઇત્યાદિ તરફ વળી છે અને વિવેક ભૂલી તેના ગુણગાન ગાવા લાગી છે. તેઓ તો ' વિટામિન્સ ' ની શોધને અમૃત કૂપ જાણે મળી ગયો હોય એમ માને છે. પશ્ચિમનુ અનુકરણ કરનારા આપણા હિંદીઓ પણ અત્યારે સમજ્યે–વગર સમજ્યે પણ વિટામિન્સની બાંગ મારી રહ્યા છે. કોણ જાણે વિટામિન્સ જગતનો કેવો યે ઉદ્ધાર કરશે ! ગમે તેમ હો, પણ આ વિટામિન્સની શોધોએ વનસ્પતિ–આહારનું મહત્ત્વ વધાર્યું છે અને ભલભલાનું ધ્યાન ખેંચ્યું છે. મહાત્માજી ઉપર પણ આ ' વિટામિન્સ ' વાદની સારી અસર થઇ જણાય છે. રાંધવાથી વિટામિન્સ (મહાત્માજી ' વિટામિન્સ 'નો અર્થ ' જીવનતત્ત્વ ' કરે છે, કેટલાક વિટામિન્સ માટે ' પ્રજીવનક ' શબ્દ યોજે છે.) નો નાશ થાય છે એ માન્યતાના ભોગ મહાત્માજી પણ થયા છે. આ ઉપરાંત પણ મહાત્માજીના અન્નવિષયક અખતરાઓમાં ' અહિંસા ' ' સ્થૂલ બ્રહ્મચર્ય ' અને ' સાત્વિક જીવન ' ને સ્થાન છે[૨] એ ભૂલવું ન જોઇએ. મહાત્માજીના ' અગ્નિથી અસ્પૃષ્ટ આહાર ' ના લેખે ઘણાનુ ધ્યાન ખેંચ્યું છે એટલે આપણે એક ઊડતી નજર તે તરફ નાખીને આગળ વધીશું.

મહાત્માજીએ પોતા માટે જે ખોરાક યોજ્યો હતો તે પોષકદૃષ્ટિએ તો બરાબર જ હતો. ફૂટેલા ઘઉં, પીસેલી બદામ, વાટેલી ભાજી, ખાટાં લીંબું, નાળિયેરનું ખમણ, મધ–આ વસ્તુઓમાથી શરીરોપયોગી તમામ પદાર્થો મળી રહે છે. નત્રિલ (પ્રોટેન), કર્બોદિત (કાર્બોહાઇડ્રેટ), સ્નેહ (ફૅટ), સ્ટાર્ચ અને ખનિજ પદાર્થો શરીરના પોષણ માટે આવશ્યક છે. મહાત્માજીના ખોરાકમા આ બધા પદાર્થો આવી જાય છે એટલે પોષકદૃષ્ટિએ તો એ ખોરાકમાં કંઈ પણ ભૂલ જણાતી નથી.

પણ આહારશાસ્ત્રમાં કેવળ પોષકદૃષ્ટિ એકલી જ મહત્ત્વની બાબત નથી. ખોરાક લેનારની ઉમર અને પ્રકૃતિ, ઋતુ, દેશ, કાલ અને માત્રા–આ બધું જો જોવામા–ધ્યાનમા

---

૧ સર પાર્ડી લ્યુકીસ (ઇન્ડિયન મેડિકલ સર્વીસ) જેવો વિદ્વાન ઈંગ્લંડમાં બ્રિટીશ મેડિકલ એસોસિયેશન આગળ બોલતાં કહે છે:—

"Study Indian prejudices regarding diet. Don't make the grievous error of considering these as nonsensical. The longer you remain in India, the greater will be your appreciation of the wisdom of those ancients and the more you will realise that the west has still much to learn from the East."

(British Medical Journal, Oct. 1913.)

૨ નવજીવન (૧૬–૬–૨૯)માં 'વનપક વિ૦ રાંધેલું' એ નામનો લેખ.

લેવામાં નથી આવતું તો ગમે તેવો પોષકદષ્ટિએ ઉપયોગી ખોરાક પણ નથી શરીરને પોષણ આપી શકતો કે નથી સ્વાસ્થ્ય સંરક્ષણ કરી શકતો ૬૦ વર્ષની ઉમરે ખોરાકના અખતરા ન જ થાય. વાતલ પ્રકૃતિ (મહાત્માજીની પ્રકૃતિ હું ધારું છું તે પ્રમાણે વાતપ્રધાન છે) વાળા માણસે ફૂટેલા ઘઉં કે કોંટા ફૂટેલાં કઠોળ અને તે પણ આ ઉમરે ન લેવાં જોઇએ.

કોંટા ફૂટેલા ખોરાક પાછળ 'વિટામિન્સ' ના જાદુની અસર સ્પષ્ટ છે. આધુનિક આહારશાસ્ત્રીઓ માને છે કે કોટા ફૂટેલા ખોરાક (આપણે સાધારણ રીતે આ ખોરાકને વેઢાં નામથી ઓળખીએ છીએ) મા રક્તપિત્ત પ્રતિષેધક પ્રજીવનકો (એન્ટીસ્કૉર્બ્યુટિક વિટામિન્સ) છે. આયુર્વેદ તો સ્પષ્ટ કહે છે કે કોંટા ફૂટેલાં ધાન્ય (विरूढानि) વાતલ અને દુર્જર છે. કોઈ કોઇ દિવસ ખાવામાં વાંધો નથી. આ વેઢા એકલા (રાંધ્યા સિવાય) ખાઇ જોવાથી મારા કથનની વાચકોને ખાત્રી થશે. આપણે વેઢાંને ધીમા તાપે તેલ હિંગ અજમો વગેરેનો વધાર મૂકીને, નરમ બનાવી પછી ખાઇએ છીએ. આમાં ઊંડું રહસ્ય છે. કઠોળ માત્રમા ગંધકનું પ્રમાણ વધુ છે. ગંધક આતરડામાં ગયા પછીથી આંતરડાંમાં વાયુ (હાઇડ્રોજન સલ્ફાઇડ) ઉત્પન્ન કરે છે. આટલા જ માટે આપણે કઠોળ રાંધતી વખતે તેમા અજમો, લસણ અને તેલ ઠીક પ્રમાણુમા વાપરીએ છીએ. દાળમાં રાઈ, હિંગ અને મરચાંનો વધાર આપવાનું કારણ પણ એ ગંધકથી ઉત્પન્ન થતા વાત માટે પ્રતીકાર રૂપે જ છે.

રાંધવામા પ્રજીવનકો બળી જાય છે એ વાત પણ પાયા વગરની છે. એ, બી, સી, ડી અને ઈ આ પાચ જાતના વિટામિન્સ અત્યાર સુધીમા શોધાયેલાં છે. આ પાચ પૈકીમાંથી ફક્ત 'સી' વિટામિન સાધારણ તાપથી બળી જાય છે. બીજાં બધી જાતનાં પ્રજીવનકો ઠીક ઠીક પ્રમાણુમા ગરમી સહન કરી શકે છે. અને મનુષ્યજાતિના સદ્ભાગ્યે 'સી' પ્રજીવનક ઘણે ભાગે એમને એમ ખાઈ શકાય એવા સ્વાદિષ્ટ ફળોમાં જ જણાય છે. ટોમેટા જેમાં એ, બી અને સી ત્રણેય વિટામિન છે તે ૧૪૦ ડીગ્રી ફાર્નહાઇટ ગરમી, જરાકેય વિટામિનના નાશ વિના, સહન કરી શકે છે. ૧૪૫ ડીગ્રી ફાર્નહાઇટ સુધી ૦ાા કલાક સુધી ગરમ કરેલા દૂધમાં ફક્ત 'સી' વિટામિનનો નાશ થયેલો જણાય છે, 'એ' અને 'બી' નો નહિ.

હવે 'વાટેલી ભાજી' વિષે સાધારણ રીતે શાકભાજી આપણે 'એ' પ્રજીવનક માટે તેમજ તેમા રહેલાં કિંમતી ખનીજ પદાર્થો માટે ખાઇએ છીએ. ડૉ. કેલૉગ કહે છે કે ઈશ્વરે ભાજીપાલો પશુઓ માટે અને અન્ન અને ફળ જ મનુષ્યજાતિ માટે નિર્માણ કરેલાં છે. ડૉકટરના એ મત સાથે ભલે આપણે સંમત ન થઇએ, પણ એમાં કંઇ સત્ય તો છે જ. આયુર્વેદ તો कोऽरुक्–નિરોગી કોણ ? એ પ્રશ્નનો ઉત્તર हितभुक् मितभुक् अशाकभुक् એવો આપે છે. अशाकभुक् એટલે બિલકુલ શાક ન ખાવાં એવો અર્થ નહિ પણ શાક થોડું ખાવું (સુશ્રુતમાં ઘણી જગોએ अ નો અર્થ ईषत् અથવા अल्प કરવામાં આવેલો છે.) એવો છે. આયુર્વેદજ્ઞોએ अशाकभुक् કેમ કહ્યુ હશે ? અત્યારે તો સર્વત્ર 'શાક ખૂબ ખાવાં જોઇએ, લીલોતરી વધુ પ્રમાણમાં લેવી જોઇએ'ની બૂમો સંભળાય છે. વિદ્વાનો માને છે કે દરેક જાતની શાકભાજીમા કાષ્ટતત્ત્વ (woody matter) વધુ પ્રમાણમાં હોય છે, તેમાં રેસાઓ (fibres) ખૂબ હોય છે. આ રેસાઓ એટલા તો ચીવટ હોય છે કે તેને પચાવવા માટે પાચક રસોને ખૂબ જ શ્રમ ઉઠાવવો પડે છે. ભાજી એકલી જ ખાધી હોય તો તો પાચનયંત્રોને અને પાચકરસોને થોડો જ શ્રમ ઉઠાવવો પડે છે. બીજા ખોરાક

સાથે જ્યારે ભાજીપાલો લેવામાં આવે છે ત્યારે તેની પચનીયતા બહુ જ નિષ્ઠુર બને છે. અને પચ્યા સિવાય જ્યારે આ રેસાઓ આતરડામા પડી રહે છે ત્યારે ત્યાં કહોવાણ (Decomposition) ઉત્પન્ન થાય છે. વળી શાકભાજીમાં એક ગુણ એ છે કે પચાવ્યા સિવાયના કેટલાક પદાર્થોને પણ પોતા સાથે ભેળવી દઇ ઝાડાવાટે બહાર કાઢી નાખે છે. પરિણામે આપણે જેને 'સાફ ઝાડો' કહીએ છીએ તે આપણા જોવામા આવે છે. શાકભાજીથી ઝાડો સાફ નથી આવતો પણ ઝાડો વધારે થવો એ શાકભાજીનો પોતાનો જ ગુણ છે.

શાકભાજી માંસાહારીઓ માટે હિતાવહ છે. કારણ કે પ્રાણિજ નત્રિલ સાથે લીલોતરીના ખનિજ પદાર્થો મળે છે એટલે કહોવાણ થતું અટકે છે. હિંદુસ્તાન જેવા શાકાહારી (Vegetarian) પ્રદેશમાં શાકભાજીની જરૂર જ નથી, છતાં અત્યારે જ્યાં ને ત્યાં "શાક ખાઓ-લીલોતરી ખાઓ'ની બૂમો પ્રચલિત છે. પરિણામે આંતરડાના રોગો પણ ઠીક વધ્યા છે. સુપ્રસિદ્ધ ડૉ. ચંદ્ર ચક્રવર્તી તેમના 'ફૂડ અને હેલ્થ' નામના પુસ્તકમા શાકનો ઉપસંહાર કરતી વખતે નીચેના યાદગાર ઉદ્‌ગારો કાઢે છે:—

"હિંદુસ્તાન જેવા શાકાહારી દેશમા જ્યાં પ્રાણિજ નત્રિલ બહુ જૂજ જોવામા આવે છે અને દેશના મોટા ભાગને જ્યા કર્બોદિત પદાર્થો જોઇએ તેટલા મળી શકતા નથી ત્યા અર્થાત્ એવા દેશમા શાકનું વધુ પ્રમાણ ફાયદાને બદલે નુકસાનકર્તા જ થઇ પડશે.* કારણકે શાકો આતરડાની અળશિયા જેવી ગતિને ઉશ્કેરે છે અને આથી ખોરાક, શરીરમાં હજમ થયા સિવાય, વધુ ઝાડારૂપે શરીરની બહાર નીકળી જાય છે. માંસાહારી પ્રજાને જ શાકોની વધુ જરૂર છે કારણકે માંસાહારી લોકો ઘણું કરીને કબજિયાતથી પીડાતા હોય છે તેમ જ જરૂર કરતા વધુ પ્રમાણમાં તેઓ પ્રાણિજ નત્રિલ લેનાર હોય છે. જે લોકોને આંતરડાના રોગો, અતિસાર ઇત્યાદિ હોય તેઓએ ખાસ કરી શાક ન ખાવા જોઇએ."[1]

મહાત્માજી ભાજી વાટીને ખાતા હતા એટલે કાષ્ટમય તંતુઓ કંઇક અંશે નરમ બનતાં હશે, પણ તેમના જેવા મૃદુકોષ્ટવાળાને કાચી શાકભાજી ફાયદાને બદલે નુકસાન જ કરતી હશે.

અને એક બીજી વાત. મહાત્માજી જ્યારે જ્યારે કોઈ પ્રયોગ આદરે છે ત્યારે ત્યારે પ્રથમનો ક્રમ-દિનચર્યા-એકદમ બદલી નાખીને તે પ્રયોગ શરુ કરે છે. એકંદરે આ ઠીક નથી. ગમે તેવી ખરાબ વસ્તુનો ત્યાગ કરવો હોય તો તે પણ ધીમે ધીમે જ કરવો જોઇએ.

---

* મહાત્માજી આ વાત સમજે છે. "કઠોળની માત્રા ઓછી જ હોવી જોઇએ, શાક પણ ઓછું." નવજીવન (૧૧ ઓગસ્ટ, ૧૯૨૯)

1 Principally in a country like India, were so little animal protein is consumed, and in majority of cases, the nitrogenous standard is much below the minimum requirement of the body, an excessive quantity of vegetables would do more harm than good For vegetables excite the peristaltic movement, and food would thus be eliminated unabsorbed by frequent evacuations of the bowel. Vegetables are more important to the meat eaters, as they generally suffer from constipation etc."

Food & Health p. 90.

દારૂડિયાનો દારૂ કે અફીણીનું અફીણ મૂકાવવું હોય તો ધીમે ધીમે-ક્રમે ક્રમે મૂકાવવું જોઇએ. આજ રીતે સારી વસ્તુઓનો સ્વીકાર પણ ધીરે ધીરે-ક્રમે ક્રમે થવો જોઇએ. ચરક ૨૫૪ કહે છેઃ—

हितं क्रमेण सेवेत क्रमश्चात्रोपदिश्यते ।
प्रक्षेपापचये ताभ्यां क्रमः पादांशिकोभवेत् ॥

चरक-सू-स्था-अ॰ ७-३६

અર્થાત્ હિત વસ્તુનું સેવન પણ ક્રમે ક્રમે જ કરવું. એ ક્રમનો ઉપદેશ અત્ર કરવામાં આવે છે. કોઇ વસ્તુનો ત્યાગ કરવો હોય યા સેવન કરવું હોય તો પહેલો પા ભાગ, પછી અર્ધો ભાગ, પછી પોણો ભાગ એ જ ક્રમમાં ત્યાગ વા સેવન કરવું ઘટે છે.

મહાત્માજીની ઉમર, તેમના શરીરનો બાંધો, તેમનું સતત વ્યવસાયી જીવન, તેમની વાતલ પ્રકૃતિ–અને આ બધા સાથે તદ્દન અક્ષુણ્ણ પથ પર પ્રસ્થાન! પરિણામ જે આવ્યું છે તે જગત જાણે છે. પણ મહાત્માજી આ વિનિપાતને સમુન્નતિ સમાન જ ગણે છે અને એમના જેવા મહાપુરુષોની પ્રકૃતિમા એ જ શોભે.

ગમે તેમ હો, પણ મહાત્માજી અન્નનું રહસ્ય સરસ રીતે સમજે છે. 'ચાલીસ વર્ષથી' એ મહાનુભાવ આત્મા પ્રયોગો કરી કરીને શરીર કસી રહ્યા છે, કારણ કે 'આહારનો પ્રશ્ન ગંભીર અને વિચારણીય છે,' 'આ ક્ષેત્ર વિશાળ છે, રસિક છે ને ખેડવા યોગ્ય છે.' જે પ્રયોગો ડૉક્ટર વૈદ્યોએ કરવા જોઇએ તે એ મહાનુભાવ જાનને જોખમે કરી રહ્યા છે. એ પ્રયોગના પરિણામ ચોક્કસ નથી આવ્યાં, પણ તેથી તેની કિંમત જરાકે ય ઘટતી નથી. આ પ્રશ્ન ખરેખર વિચારણીય છે અને હિંદુસ્થાનના ડૉક્ટરો અને વૈદ્યો હિંદી પરિસ્થિતિ ધ્યાનમાં લઇને એના ઉપર તલસ્પર્શી સાહિત્ય લખે, આહારનું મહત્ત્વ જનસમાજને દર્શાવે એ શુભ દિવસની ઘણા લોકો રાહ જોઇ રહ્યા છે.

આ વિષયને આટલા ટૂંકા લેખમાં હું જોઇતો ન્યાય નથી આપી શકયો, આ તો ફક્ત મહાત્માજીના પ્રયોગો પરથી સૂઝેલા થોડાક વિચાર જ માત્ર છે.

બાપાલાલ ગ. વૈદ્ય

ગાંધીજીનાં સર્જનો

એક સર્જક એવો હોય છે જે જૂનાપુરાણા ઋષિના અનુભવને લોકો સમક્ષ મૂર્તરૂપ આપી સાબીત કરી બતાવે છે. બીજો સર્જક જુદા પ્રકારનો હોય છે જે પોતાના જાત અનુભવથી જૂનાપુરાણા શાસ્ત્રમા કાંઈક ઉમેરવાનું કે ફેરફાર કરવાનું સૂચવે છે. લોકો માને કે ન માને તો પણ એ આત્મશ્રદ્ધાથી ભરેલો સર્જક પોતાના જ નાદને સેવે છે. એવા નાદિઓના નાદને જેને પોતાનો કોઈ ખાસ નાદ નથી એવા પરીક્ષકો શાસ્ત્રના માત્ર અક્ષરોથી આંજી શકતા નથી. ઉદાત્તચરિત શ્રીમાન ગાધીજી પોતાની આત્મકથામાં આમ બન્ને પ્રકારની સૃષ્ટિ કરતા દેખાય છે. આર્યોના રૂપકાત્મક કે વાસ્તવિક લેખાતા મહાભારતાદિ ગ્રંથોમાં જણાવ્યું છે કે "પાંચે મહાભૂતોમા ચિત્શક્તિ તો રહેલી છે માત્ર તે અધિકતમોભિભૂત હોવાથી આપણી પેઠે વ્યક્ત થઈ શકતી નથી." આર્યોને પ્રત્યક્ષ અને આપણે માટે પરોક્ષરૂપ આ જ અનુભવને આજના સમર્થ વિજ્ઞાનશાસ્ત્રી વસુમહાશયે યંત્રોદ્વારા મૂર્ત કરી બતાવી સૌને સારૂ પ્રત્યક્ષ કરી મૂક્યો છે તેમ મધજાતકમા વર્ણવાએલ અસહકારના સિદ્ધાંતને કે લોકોમાં 'રૂસણા'ને નામે ખ્યાત થએલ અપ્રતીકારવાદના તત્ત્વને આજે મહાત્માજી પોતાના પુરુષાર્થદ્વારા પ્રજામા ઉતારવા મથી રહ્યા છે. રેંટિયાનું શાસ્ત્ર પણ તેમનું તે જ જાતનું સર્જન છે. મહાવીર અને બુદ્ધે જાતિવાદના પ્રચંડ મોજાને ખાળવા માટે જે પ્રયત્ન સેવ્યો હતો તે જ પ્રયત્ન આજે ગાધીજી એ જ ઉદ્દેશથી સેવી રહ્યા છે. મૈત્રીવૃત્તિ, ત્યાગભાવ, સેવાશીલતા, આકરા સયમ અને બ્રહ્મચર્ય વગેરે આત્મિક ગુણોમાં પણ તેઓ તેમના પુરુષોતમ કૃષ્ણ, બુદ્ધ કે મહાવીરથી ઉતરતા ભાસતા નથી. આમ છતાં ય તેમની એક આકર્ષક વિશેષતા આ નીચે આપી છે તે છે. કોઇ પણ સમયનો શિષ્ટતાની ટોચે પહોચેલો માનવ પોતાની પૂર્વપરંપરાને છોડી શકતો નથી. કૃષ્ણ કહે છે કે વેદનો મહિમા અગાધ છે, મહાવીર અને બુદ્ધ કહે છે કે અમે જે કાંઈ કહીએ છીએ તે કાંઈ નવુ નથી, પણ એ જ વાતને 'અમારા પૂર્વવર્તી અર્હતોએ અને બુદ્ધોએ કહેલી છે. આ રીતે જગતના આ મહાન પુરુષોએ પોતાના અનુભવ કરતા પરંપરાને આગળ મૂકેલી જણાય છે. તેઓ કોઈ પરંપરાની જાળમાં ફસાયા તો નથી જ પણ પરંપરાને મૂકી શકયા પણ નથી. આનું કારણ તેમની સામેનું લોકબળ હો કે ગમે તે હો, પણ તે બધાને પોતાના સાક્ષાત્કાર કરતા ય પરંપરામા અધિક પ્રામાણ્ય આરોપવું પડ્યું હોય એમ લાગે છે; જ્યારે ગાંધીજીએ પોતાના પ્રબળ, વિચારપૂર્ણ, નિર્મળ અને જ્વલત પુરુષાર્થદ્વારા એથી ઊલટું જ અહિંસાના સિદ્ધાંતમાં કહી અને કરી બતાવ્યું છે. અહિંસાના ઇતિહાસને તપાસ્યા વિના એમની એ શોધનું મૌલિકત્વ સમજી શકાય એવું નથી.

"**मा हिंस्यात् सर्वाभूतानि**" એ એક વેદવાક્ય છે. આમાં 'અહિંસા પરમો ધર્મઃ' ના સિદ્ધાંતનું સૂચન છે. બીજાં એવાં પણ વેદવાક્યો છે જે દ્વારા અનેક નરમેધો થએલા છે અને પશુમેધો પણ; અર્થાત્ તે જ વેદમંત્રોદ્વારા પુત્રપ્રાપ્તિ, શત્રુહનન, ધનલાભ અને એવા બીજાં ઐહિક હિતને સારૂ અસંખ્ય પશુઓનાં પ્રાણ લેતાં કોઇને નાનમ કે શરમ લાગી નથી. આ હિંસાના સમર્થન માટે જ પૂર્વમીમાંસાનો પાયો નખાયો. છતાં ય એ યુગ અહિંસા પરમો ધર્મઃ ને માનનારો હતો. હવે કૃષ્ણ, મહાવીર અને બુદ્ધનાં ઘોર તપોબળ,

અજોડ આત્મત્યાગ અને અદમ્ય ઉત્સાહથી એ યુગમાં પલટો આવ્યો અને એમ મનાવા લાગ્યું કે માણસજાતે પોતાના ક્ષુદ્ર સ્વાર્થ માટે યજ્ઞદ્વારા પશુઓનો નાશ કરવો એ અધર્મ છે. આ ઉપરાંત પેલા "**मा हिंस्यात्**" વાળા પ્રાચીન વેદવાક્ય ઉપર ખૂબ ભાર પણ મૂકવામાં આવ્યો અને એ વાક્યથી સૂચિત પ્રવૃત્તિને જ સ્વાભાવિક રૂપે મનાવવામાં આવી અને બીજાં બીજા હિંસાવિધાયક વાક્યોને ઔપાધિક-બનાવટી કહી જતાં કરવામાં આવ્યાં તથા ઇંદ્ર કે દેવાદિક સૃષ્ટિ જે યજ્ઞોથી સંતુષ્ટ થઈ ઇષ્ટપ્રાપ્તિનાં ખાસ સાધનો મનાતાં એવા લોકવ્હેમને નાબૂદ કરવા તે સૃષ્ટિનું સ્વરૂપ જ બદલી નાખવામાં આવ્યું. કૃષ્ણે ઇંદ્રયજ્ઞ બંધ કરી ગોવર્ધન મહિમા શરૂ કર્યો અને મહાવીરે તથા બુદ્ધે પણ યજ્ઞવાડીના ઝાંપા વસાવી દીધા. આમ પ્રાચીન અહિંસાની ભાવનામાં એક ક્રાંતિનું વાદળું ફરી વળ્યું. એ લોકોએ મુખ્ય તો ચિત્તશુદ્ધિને જ અહિંસારૂપે જણાવી સાથે અન્યપાલન વગેરે વૃત્તિઓને પણ જોડી દીધી. સમય વહેતાં તો જે મુખ્ય હતું તે તદ્દન ગૌણ બની ગયું અને જે ગૌણ કે આનુષંગિક હતું તે પરમ કર્તવ્યની કોટિમાં આવી પહોંચ્યું. આવી સ્થિતિમા ચિત્તશુદ્ધિરૂપ અહિંસાના મુખ્ય અંગને તેટલું જ પ્રધાન સ્થાન આપી એની સાથે અન્યપાલનની જેટલું જ મહત્ત્વવાળું અન્યદહનન અંગ ઉમેરાયું અને તેમ કરી તેમણે અહિંસાની સૃષ્ટિમા એક તદ્દન નવો જ વિચારપ્રવાહ શરૂ કર્યો. આજે ભલે આપણે સારૂ એ નવું તત્ત્વ વિવાદાસ્પદ હોય. પણ ચિત્તશોધકોએ એ તરફ ઉદાસીનતા રાખવી પોષાય તેમ નથી જ. અહિંસાના વિજ્ઞાનમાં ગાંધીજીએ કરેલું આ નવું સર્જન બીજાં બીજાં વૈજ્ઞાનિક સર્જનો કરતાં જરાય ઉતરતું નથી. અહિંસાના ચુસ્ત હિમાયતી પૈકી ×રામે, રાવણ સામે યુદ્ધ કર્યું, કૃષ્ણે મહાભારતમાં એક સારથિનું ઉચ્ચ પદ શોભાવ્યું, આદિનાથ-નાભિપુત્ર ઋષભદેવ, મહાવીર અને બુદ્ધના જમાનામા જ્યારે પોતાનાં સંતાનો, ભક્તો કે આ જ દેશની એક બીજી પાડોશી પ્રજાઓ વચ્ચે ભારે ખૂનખાર અને મનુષ્યો તથા ઇતર પ્રાણીઓનો સંહાર કરનારી ભયંકર લડાઇ થતી ત્યારે તેઓ બધા જ એક આદર્શ અહિંસક તરીકે તટસ્થ જ રહ્યા હતા. આમ એક યુગમાં અહિંસકોએ યુદ્ધો કર્યાં, બીજા યુગમાં અહિંસકો એમા ન ભળતાં તદ્દન તટસ્થ રહ્યા; ત્યારે આજે ત્રીજા યુગના આ મહાન અહિંસકે એ બન્ને કરતાં જે જુદો માર્ગ લીધો છે અને પ્રજાને એ રીતે કેળવવાની પોતાની શ્રદ્ધાને મેરૂ જેવી અચળ કરી રાખી છે એ પણ એમનું પારંપરિક છતાં તદ્દન નવું જ સર્જન છે.

બેચરદાસ જીવરાજ દોશી

× ઑગસ્ટના પ્રથમ સપ્તાહના 'નવજીવન'મા 'લોહી રેડયું'ના મથાળા નીચે લખેલા લેખમા ગાંધીજીએ રામ વગેરેને રૂપક કહી તેમની હિંસાનો બચાવ કરેલો છે તે કરતાં એમ કહેવું વધારે વ્યાજબી લાગે છે કે એ યુગના સંતોમાં આજના જેટલો અહિંસાવિજ્ઞાનનો વિકાસ થયો નહતો. રામ કૃષ્ણ વગેરે ઐતિહાસિક હો કે ન હો પણ મહાભારત અને રામાયણ જો આર્યોના ધર્મગ્રંથો હોય અને તેમાં જો તાત્કાલીન સામાજિક વાતાવરણ જ આવેલું હોય તો એમ જરૂર કહી શકાય કે તે જમાનાના મોટા મોટા અહિંસાવાદી પુરુષો પણ સામે લડયા વિના ધર્મરક્ષણ પણ ન કરી શકતા એટલે એમની કલ્પનામા ધર્મરક્ષણ માટે છેવટે માત્ર શુદ્ધ-નીતિપ્રધાન યુદ્ધ-જ આવતું; અને પછીથી તટસ્થ વૃત્તિ જાળવવા જેટલો અહિંસાનો વિકાસ થયો. પણ સામુદાયિક હિત માટે જાતે અસહકાર-સર્વથા અહિંસામય અસહકાર કરવાની કે પ્રજામા તે વસ્તુને મૂકવાની કલ્પના જ નહોતી. તે યુગની અહિંસાની વિચારણાને અંગે આ એક ખામી જ કહી શકાય.

ઓ ભવ્ય ડોસા !

(ઝૂલણા)

આજ શાં ભાગ્ય આ હિંદ—સૌ જગત-નાં,
વિશ્વના સંતનાં વર્ષ પહિ !
જૂજ સંતો તણી તપ-હુતાશે ટકી
એટલાં દિન લગી દેહ—યષ્ટિ.
જે થકી હિંદ-શિર ઉચ્ચ આલમ મહીં
જન્મ દિનથી વડા ઉત્સવો શા ?
હિંદ-સંકટ-હર ! વર્ષ શત જીવ, ઓ
દીન ભારત તણા ભવ્ય ડોસા !

આવો ઓ કવિવરો, દિવ્ય ગાયકગણો,
સૌ કલાના કલાકાર આવો,
કૈક સૈકા લગી તમ કલા કાજ કો
ઇશ વિણ નહિ મળે વિષય આવો;
જેહ જીવન-કલા સૌ કલા પ્રેરતી
તે કલા-હીન અમ જીવનો શાં !
જીવન અમ પ્રેરવા વર્ષ શત જીવ, ઓ
સત્ય-સૌન્દર્યના ભક્ત ડોસા !

જગતથી દૂર નિજ ધર્મજીવન મહીં
પ્રેમ-પથ બુદ્ધ મ્હાવીર ભાખ્યો;
જગત સમુદાયમાં, રાજ્યના કાર્યમાં
એહ સંદેશ અધુરો રહ્યો 'તો;
કિંતુ સર્વાંગ જીવન વિષે તેં કરી
પ્રેમના તત્ત્વની કાર્ય-ઘોષા.
(એ) તત્ત્વ ઝીલાવવા વર્ષ શત જીવ, ઓ
પ્રેમ શાશ્વત ભર્યો દિવ્ય ડોસા !

જગતને મોકલી'તી મહાસંસ્કૃતિ
ગૌતમે બોધિતરુ—છાંયમાંથી,
મોકલી'તી ઈશુએ મહાસંસ્કૃતિ
ક્રૂસ-અધિરૂઢ નિજ કાયમાંથી,
આજ સર્જે તું ભાવિ મહાસંસ્કૃતિ
સાભ્ર—ગંગા—તટે વિશ્વપોષા,
સંસ્કૃતિ-પૂર હજુ દૂર, એ લાવવા
વર્ષ શત જીવ, ઓ વિશ્વ-ડોસા!

દેહ-તલથી ઉંચે, બુદ્ધિ-તલથી ઉંચે,
આત્મબલ-તલ ઉપર તું ફરે છે;
બુદ્ધિની દૃષ્ટિના ક્ષિતિજની પેલી ગમ
સત્યનું ક્રાન્તદર્શન કરે છે:
મુઠ્ઠીભર અસ્થિની દેહ તુજ દૂબળી,
આત્માનાં દાખવ્યાં તેં બળો શાં!
(એ) શક્તિ ભરવા જગે વર્ષ શત જીવ, ઓ
દિવ્ય ભારત તણા ભવ્ય ડોસા!

હરિહર પ્રા. ભટ્ટ

મહાત્માજીની મૌલિક વ્યાખ્યાઓ*

અદ્વેષતા : નિર્દોષનો દ્વેષ ન કરવો એ અદ્વેષતાનો ગુણ સૂચવતુ નથી. દોષિતનો પણ દ્વેષ ન કરે તે જ અદ્વેષતાનો ગુણ શોભાવે છે.

અનર્થવાદ : ચૂલાનો નાશ અર્થશાસ્ત્ર નથી, એ અનર્થવાદ છે. તેને અર્થશાસ્ત્રનું નામ પણ ન શોભે. રેંટિયો બાળીને આપણે ભૂખ ને વ્યભિચાર વહોર્યા છે. ચૂલો બાળીએ તો મોત વહોરીએ.

અનુયાયી : જે ધર્મને ખાતર, દેશને ખાતર, સત્યને ખાતર મરવા તૈયાર ન હોય, જે પોતાની તુચ્છતા સમજી નમ્રપણે ન વર્તે તે મારો 'અનુયાયી' નથી.

અબળા : અબળા એ વિશેષણ આત્માને વિષે લાગુ ન જ પડે. એ તો શરીરને વિષે કહેવાતું છે. જે સ્ત્રી જાતિએ હનુમાનાદિ વીરોને પેદા કર્યા છે તે સ્ત્રીને અબળા કહેવામાં અજ્ઞાન રહ્યું છે.

અમરપણું : અમરપણું તો મરવામાં જ છે.

અશાંતિ : અશાંતિ સિવાય શાંતિ નથી, પણ અશાંતિ આપણી પોતાની. આપણાં મન જ્યારે વલોવાઇ જશે, આપણે જ્યારે દુઃખના અગ્નિમા ખૂબ તપશું, ત્યારે જ ખરી શાંતિ પ્રાપ્ત કરી શકવાના છીએ

અસહકાર : સરકાર સાથેના અસહકારની ખરી વ્યાખ્યા તો આ છેઃ રાજ્યકર્તાના એક પણ કાર્યમા પ્રજાની એક પણ વ્યક્તિ સહાય ન કરે તો એ ક્રિયા અસહકાર ગણાય.

અસ્પૃશ્ય : જો કોઇને અસ્પૃશ્ય ગણી શકાય તો તે અસત્ય અને પાખંડ રૂપી મેલથી ભરેલા લોકો છે.

અહિંસા : અહિંસાનો, શાંતિનો અર્થ નામર્દી નથી, તેનો અર્થ શુદ્ધ મર્દાનગી છે.

અંત્યજસ્પર્શ : અંત્યજસ્પર્શનો અર્થ એ છે કે જ્ઞાતિબંધન જેવી સ્વચ્છ નીતિમાં જે ઝેર વ્યાપી ગયું છે તે કહાડી નાંખવું, ઊંચ નીચની ભાવના ભૂલી જવી ને ભ્રાતૃભાવના બધે દાખલ કરવી.

આગેવાન : આગેવાન એ કે જે વધારે સેવા કરે.

આત્મઘાત : અસહકારને વખતે પ્રજા જો સરકારનું રક્ષણ શોધે તો તેણે આત્મઘાત જ કર્યો કહેવાય.

આત્મરાજ : આ જગતમાં બુદ્ધિ રાજ્ય નહિ કરે પણ આત્મા રાજ્ય કરશે. આત્મા રાજ્ય કરશે એટલે સદાચાર રાજ્ય કરશે.

---

* આ વ્યાખ્યાઓ મહાત્મા ગાંધીજીના શબ્દોમા જ સંગ્રહવામા આવી છે.

આદર્શ : આદર્શોનો સંપૂર્ણ અમલ થયે તે આદર્શ મટે છે. આદર્શ સીધી લીટી, આદર્શ કાટખૂણો કલ્પનામાં જ રહે છે.

આધુનિક સુધારો : આધુનિક સુધારો શી વસ્તુ છે ? તેનો અર્થ પાર્થિવપૂજા, પશુપૂજા.

આધ્યાત્મિક બ્રહ્મચર્ય : આપણે બ્રહ્મચર્યની વ્યાખ્યાને કેવળ સ્થૂલ સ્વરૂપ આપીને જેઓ પ્રતિક્ષણ ગુસ્સો કરતા આવ્યા છે, તેમને દોષિત ગણવા છોડી દીધા છે. સ્થૂલ બ્રહ્મચર્યનું પાલન જેમ સુખને સારુ આવશ્યક છે તેમજ આધ્યાત્મિક બ્રહ્મચર્યની પણ આવશ્યકતા છે.

આસ્તિકતા : આશાવાદ આસ્તિકતા છે.

ઈશ્વરદર્શન : હું એક ગરીબ હિંદીના જીવન સાથે મારા જીવનનું અનુસંધાન કરવા માગું છું. ઈશ્વરના દર્શન મને તો બીજી રીતે ન જ થાય.

ઈશ્વરની ઓળખ : આખા જગત પ્રત્યે પ્રેમ રાખતાં શીખવું તેમાં ઈશ્વરની ઓળખ છે.

ઈશ્વરનું કામ : જેઓ અત્યારે કાંતે છે તેઓ ઈશ્વરનું કામ કરે છે.

ઈશ્વરી આદેશ : હિંદુ મુસલમાનનું આટલી મોટી સંખ્યામાં હિંદુસ્તાનમાં મળવું, તેઓનું ત્રીજી સત્તાના ગુલામ બનવું, બન્નેનું જાગૃત થવું એ બધામાં જે અર્થ રહ્યો છે તે સમજવો હોય તે સમજે. હું તો તેમાં ક્ષણે ક્ષણે ઈશ્વરી આદેશ જોઉં છું.

ઉત્તમ પ્રચાર : ઉત્તમ પ્રચાર તે પુસ્તકપ્રચાર નથી પણ જે આચાર બીજાએ પાળવો જોઈએ એમ આપણે માનીએ છીએ તેનું સૂક્ષ્મપણે પાલન આપણે પોતે કરીએ. આ ઉત્તમમાં ઉત્તમ પ્રચાર છે.

ઊંચનીચ : એક ઈશ્વર ઊંચો, આપણે બધા નીચા. ઈશ્વરના દરબારમાં દરજ્જા હશે તો તે કર્મ પ્રમાણે. જેણે વધારે સેવા કરી હશે તે ઊંચા, જેણે ઓછી સેવા કરી હશે તે નીચા.

એકપ્રજા થવું : એકપ્રજા થવું એટલે ત્રીસ કોટિએ એક કુટુંબ બનવું. એક હિંદી પણ ભૂખે મરે તો આપણે બધા ભૂખે મરીએ છીએ એમ માનવું ને વર્તવું એમાં એક પ્રજા થવાપણું છે.

એકસંપ : એકસંપ એટલે એકમત નહિ. કપાળે કપાળે જુદા મત હોય છતાં એકસંપ હોય.

એકાન્તિક સત્ય : એકાન્તિક સત્ય તો મૌનમાં જ છે.

એમ. એ. : હું તો મનુષ્યનો ડર છોડી ઈશ્વરનો ડર રાખતાં શીખ્યો હોય તેને ખરો એમ. એ. કહું.

કર્તવ્ય : વેર લેવું કે કરવું એ મનુષ્યનું કર્તવ્ય નથી પણ ક્ષમા એ તેનું કર્તવ્ય છે.

કરુણાની મૂર્તિ : હિંદુસ્તાનના કરોડો હાડપીંજર કરુણાની મૂર્તિઓ છે.

કલ્પદ્રુમ : બુદ્ધિવાનની બુદ્ધિ કંઈક પણ શારીરિક કાર્ય કર્યાથી વધારે તેજસ્વી થાય છે ને તે કામ જો લોકોપયોગી હોય તો પુનિત પણ થાય છે. એવાં શારીરિક કાર્યોમાં રેંટિયો એ ચોખ્ખું, હળવું ને મધુર કાર્ય હોવાથી ઉત્તમ છે ને હિંદુસ્તાનની આધુનિક સ્થિતિમાં તો કલ્પદ્રુમ સમ છે.

કળા : તપસ્યા એ જીવનમાં સૌથી મોટી કળા છે.

કળાકાર : જેણે ઉત્તમ જીવી જાણ્યું તે જ ખરો કળાકાર.

કળાના ખજાના : મારે માટે તો જગતકર્તાએ રચેલા નભોમંડળમાં કળાના અનંત ખજાના ભરેલા છે. તે જોઈને મારી આંખ કદી થાકતી નથી. દરેક વખતે કાંઈક નવું નવું જોવાનું મળ્યા કરે છે. ઇશ્વરની એ શ્રેષ્ઠ કળાકૃતિ આગળ મનુષ્યની તુચ્છ કળા શા હિસાબમાં છે?

કળાનો વિકાસ : જેટલે અંશે એક પ્રજા બીજીને મારે છે, તેટલે અંશે કળા નથી વિકસતી, પણ પાખંડ વિકસે છે. જેટલે અંશે એક પ્રજા દુઃખ સહન કરે છે, મરે છે તેટલે જ અંશે કળાનો વિકાસ થાય છે.

કાંતવું : કાતવું એટલે રૂને જેમ ફાવે તેમ ખેંચવું એ નથી. કાંતવું એટલે તેની આગલી ક્રિયાઓ જાણવી.

કીચડ : જ્યાં સુધી રાજ્યતંત્ર અન્યાય બુદ્ધિથી ખરડાયેલું છે ત્યાં સુધી ધારાસભાને હું કીચડ સમાન જ ગણું છું.

કેળવણી : જ્યારે આપણે ધર્મને અર્થે કે ન્યાયને અર્થે આપણા છોકરાને નિશાળોમાંથી ઉઠાડી લઈએ અથવા મોટા હોવાથી પોતાની મેળે ઊઠી જાય, ત્યારે તેને ધર્મનું કે ન્યાયનું જે જ્ઞાન થાય છે તે જેવી તેવી કેળવણી નથી. તેને હું ખરી કેળવણી કહું છું.

ખંડણી : પરદેશી કાપડને સારુ સરકાર અહીં આવી ને તેને જ અર્થે હિંદુસ્તાન ઉપર અમલ ચલાવે છે. પરદેશી કાપડ એ જ આપણા ઉપરની મોટામાં મોટી ખંડણી છે.

ખાદી : ખાદી એટલે હાથે કાતેલા સૂતરનું હાથે વણેલું કાપડ.

ખુબસુરતી : પહેલાની સ્ત્રીઓ ગુણોમાં ખુબસુરતી માનતી. કપડાં પહેરીને સુંદર દેખાવું એમાં તો વેશ્યાનો ભાવ છે.

ખોટો સિક્કો : જે સાચું બોલી નથી જાણતો એ તો ખોટો સિક્કો છે. તેની કિંમત જ નથી.

ગાય : રેંટિયો એ પણ એક પૂજનીય ગાય છે. તેમની પાસેથી ઊજળું દૂધ જેવું સૂતર તમારી ઇચ્છાએ લઇ શકો છો.

ગાળ ખાવી : ગાળ ખાવી એટલે ગાળ દેનારની ઇચ્છાને વશ ન થવું એ છે. ગાળ ખાવી એટલે ગાળ દેનાર કહે તેમ કરવું એ અર્થ નથી.

ગાંધીરાજ્ય : ગાંધીને બળે મળેલું રાજ્ય એ ગાંધીરાજ્ય હશે, સ્વરાજ નહિ હોય. ગાંધીરાજ્યને તમે રાક્ષસી રાજ્ય સમજજો.

ગુરુ : ગુરુ તે કે જે તારે. પોતે તરી ન જાણે તે બીજાને શું તારે?

ગુલામોના ગુલામ : દેશી રાજ્યમાં રહેનારા તો ગુલામોના ગુલામ છે.

ગૌરક્ષા : ભંગીને જ્યારે હિંદુ પ્રેમે ભેટશે ત્યારે આકાશમાથી સુમનવૃષ્ટિ થશે અને ત્યારે જ ખરી ગૌરક્ષા થવાની છે.

ઘરના શણગાર: ચૂરો, રેંટિયો ઇત્યાદિ ઘરના શણગાર છે.

ઘવાવું: ઘવાવું એટલે આપણું બળ સિદ્ધ કરવું, ને બળ સિદ્ધ કરવું એટલે જીતવું.

ચક્રવર્તી: જે પુરુષ પવિત્ર થઇ જગતને ખાતર સર્વસ્વ અર્પે તે તો ચક્રવર્તીના કરતા પણ વધારે સત્તા ભોગવે છે.

ચોર: જે બલિદાન ન કરે તે માનવી ન કહેવાય. સ્વાર્થને ખાતર જીવનારાને શાસ્ત્રે ચોર કહ્યો છે.

જંગલ જવું: જો જંગલ જવું હોય તો ગામથી એક માઇલ દૂર જવું. ત્યાં વસ્તી ન હોવી જોઇએ, માણસોનો પગરવ ન હોવો જોઇએ.

જિતેન્દ્રિય: જે માણસ જીભે જૂઠું બોલતો નથી, ગંદુ ખાતો નથી, જે બૂરું જોતો નથી, જેની નજર સારૂ છે, જે માણસને પોતાની સ્ત્રી સિવાય બધી સ્ત્રીઓ મા બહેન સમાન છે, જેને પોતાનું મન કાબુમાં છે તે જિતેન્દ્રિય છે.

જેલની તૈયારી: જેલ જવાની તૈયારીનો અર્થ આપણે સમજી લઇએ. આપણે નિર્દોષ હોવા છતાં જેલ જવું એ ધન્ય દિવસ માનીએ; આપણા સગાંવહાલાં પણ તેથી દુઃખ ન માને, કલ્પાત ન કરે, ને જેલમાં પડતી અગવડોને આપણે સગવડ માનવા તૈયાર હોઇએ.

ડિગ્રી: આજે હિંદુસ્તાનને માટે રેંટિયો ચલાવવો એ જ ભારેમા ભારે ડિગ્રી છે.

તપશ્ચર્યા: આત્મપ્રહાર એ પણ એક જાતની તપશ્ચર્યા છે.

તલવાર: જીભ પણ તલવાર છે, હાથ પણ તલવાર છે અને લોખંડનો ધારવાળો ટુકડો પણ તલવાર છે. તલવાર એ પશુબળ છે.

તલવારબળ: આત્મબળ આગળ તલવારબળ તૃણવત્ છે. અહિંસા આત્મબળ છે; તલવાર શરીરનું બળ છે. તલવારનો ઉપયોગ કરી આત્મા શરીરવત્ બને છે. અહિંસાનો ઉપયોગ કરી આત્મા આત્મવત્ બને છે.

તિલક ગીતા: સ્વરાજ અમારો જન્મસિદ્ધ હક્ક છે, એ તિલક ગીતાનો પૂર્વાર્ધ છે, સ્વદેશી અમારી જન્મનિર્મિત ફરજ છે, એ ઉત્તરાર્ધ છે.

ત્રણ ચતુર્થાંશ સ્વરાજ: જ્યારે આપણી વાચા ખુલે, આપણાં વાજીંત્ર છપાય ને આપણે સંઘો છૂટથી બનાવી શકીએ ત્યારે આપણે છૂટા જેવા જ છીએ; ત્યારે ત્રણ ચતુર્થાંશ સ્વરાજ સ્થપાઇ ચૂક્યું.

ત્રિકાળદર્શી: જે સત્યને જાણે છે; મનથી, વાચાથી, કાયાથી સત્ય જ આચરે છે તે પરમેશ્વરને ઓળખે છે: તેથી તે ત્રિકાળદર્શી થાય છે.

ત્રિપુટી: કાઠિયાવાડી જો મેવા ઇચ્છે તો મુત્સદી મટી ભંગી, ખેડૂત, વણકર, કુંભાર, સુતાર ઇ. બને. તેમા તેના અક્ષરજ્ઞાનની ને મુત્સદી અનુભવની મેળવણી કરે. તે મેળવણીની સાથે સત્ય અને અહિંસા ભળે તો એ ત્રિપુટીમાંથી જે શક્તિ પેદા થાય તેનો મુકાબલો કોઇ રાજશક્તિ ન જ કરી શકે.

દમનનીતિ : દમનનીતિ એટલે આપણું મોઢું બંધ કરવું, આપણા સંઘો વીખેરવા ને આપણાં વાજંત્રો તોડી પાડવા.

દયાધર્મ : ભૂખ્યાનું પેટ ભરવું ને નાગાંને ઢાંકવા માટે જ આપણે ખાઇએ, પહેરીએ તેમા દયાધર્મનો સમાવેશ થઈ જાય છે.

દયાધર્મની પરિસીમા : દયાધર્મની પરિસીમા માકડ નહિ મારવામા નથી. માકડ ન મરાય એ ખરું છે, પણ માકડને ઉત્પન્ન પણ ન કરાય. જેટલું ઘાતકીપણું મારવામાં છે તેથી, વધારે ઘાતકીપણું ઉત્પન્ન કરવામા છે.

દારૂગોળો : આપણો દારૂગોળો સૂતરના દડા છે.

દિવાળી : દિવાળી એ રાક્ષસી રાજ્યનો અંત અને રામરાજ્યની સ્થાપના સૂચવે છે.

દિવ્ય શાંતિ : આ દિવ્ય શાંતિ એટલે જડતા નહિ, મૂઢતા નહિ, દુર્બળતા નહિ; એ તો શુદ્ધ ચેતના, જ્ઞાન અને શૂરવીરતા.

દેશદ્રોહી : જેઓ સ્વદેશી વસ્ત્રોનો–બ્હેનોએ કાતેલા જાડા પાતળા સૂતરના વણાયેલા કપડાંનો ત્યાગ કરે તેઓ તો દેશના દ્રોહી જ બન્યા ગણાય.

દોઢ અસત્ય : અર્ધ સત્યને મેં દોઢ અસત્ય કહ્યું છે કેમકે તે બન્નેને ભ્રમણામા નાખે છે.

ધગશ : ધગશ થવી એટલે આપણામા વરાળ પેદા થવી.

ધર્મ : એક સર્વોપરી અદૃશ્ય શક્તિને વિષે જીવતી અચળ શ્રદ્ધા એનું નામ મારે મન ધર્મ.

ધ્યેય : ધ્યેય એ કપડા જેવી વસ્તુ ન હોવી જોઇએ કે ઘડીમા પહેરાય ને ઘડીમા કાઢી નંખાય. ધ્યેય તે છે કે જેને માટે પ્રજાઓ જમાનાના જમાના સુધી મરી મથે છે.

નાટક : દંભ એ નાટક છે. નાટકનાં ઢાળેલાં આસુથી કંઇ જ્ઞાન આવે?

નાસવું : દાવાનળથી દૂર નાસો તેમ અસંતથી–અન્યાયથી નાસજો. નાસવું એટલે જ અસહકાર.

નિશાળની વ્યવસ્થા : નિશાળની વ્યવસ્થા એવી હોવી જોઇએ કે બાળકો રખડે નહિ ને ચારિત્ર્યવાન શિક્ષકોની નીચે પોતાનું ચારિત્ર્ય ઘડે. હિંદુ બાળકો ને બાળાઓ સંસ્કૃત શીખે ને ગીતા ભણે, મુસલમાન બાળો અરબ્બી શીખે ને કુરાન પઢે. બધા બાળકો સુંદર, મજબૂત, વળદાર, એકધારું સૂતર કાતે, કોઇ વળી તે ઉપરાંત પીંજે ને વણે પણ ખરા.

નીતિની કેળવણી : નીતિની કેળવણી એટલે ધર્મનું ભાન થવું.

નૈતિક રોગ : ચોરથી બચવું એ જેટલું જરૂરનું છે તેના કરતા ચોરને તેના ધંધામાંથી બચાવી લેવો એ વધારે જરૂરનું છે. ચોરી લૂંટારાપણું એ એક જાતનો નૈતિક રોગ છે.

પતિવ્રત : અખંડિત પતિવ્રતનો અર્થ તો એ જ હોઈ શકે કે એક વખતે જેને જ્ઞાનપૂર્વક પતિ ગણ્યો અને જાણ્યો તેનો દેહપાત થતાં પણ તેનું જ સ્મરણ રાખીને સંતોષ વાળવો; એટલું જ નહિ પણ તે સ્મરણમા આનંદ માનવો.

પરણવાની છૂટ : જે સ્ત્રી પોતાના ધણી સાથે 'મુદ્દલ' નથી રહી તેઓને પરણવાની છૂટ આપવી જોઇએ, એટલું જ નહિ પણ તેઓને પરણવાનું ઉત્તેજન આપવું જોઈએ. આવી સ્ત્રીઓ વિધવા ન જ ગણાવી જોઇએ.

પરમ પુરુષાર્થ : જે માણસ સત્ય, અહિંસાદિ પાંચ યમોને વિષે શ્રદ્ધા રાખે ને તે યથાશક્તિ પામે; જે માણસ આત્મા છે, પરમાત્મા છે, આત્મા અજ ને અમર છે તેમ છતાં દેહાધ્યાસથી સંસારમાં અનેક યોનિમાં આવજા કર્યા કરે છે, તેને મોક્ષ છે, અને મોક્ષ એ પરમ પુરુષાર્થ છે.

પરાવલંબનની પરાકાષ્ટા : સંન્યાસ એ પરાવલંબનની પરાકાષ્ટા છે.

પરીક્ષા : વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓની પરીક્ષા તેઓના જ્ઞાનથી નહિ પણ તેઓના ધર્માચરણથી જ થશે.

પવિત્ર ધંધો : ભંગીના ધંધાને આપણે નીચ માનીએ છીએ પણ ખરું જોતા એ તો શૌચનું કાર્ય હોઇ પવિત્ર છે. મા બચ્ચાનું મેલું ઉપાડે છે તેથી તે વધારે પવિત્ર ગણાઈ.

પંચયજ્ઞ : ગૃહસ્થને, સંસારીને હિંદુસ્તાનમાં પાચ યજ્ઞ આવશ્યક છે: ચૂલો, સાંબેલું, ઘંટી, બેડું ને રેંટિયો.

પાઠયપુસ્તકો : હું બાળકો પાસે પાઠયપુસ્તકો મૂકવા ઇચ્છતો નથી, શિક્ષકોને પોતાને તે વાંચવા હોય તો ભલે વાંચે. શિક્ષકોને સારુ આપણે ગમે તેટલું લખીએ, બાળકોને સારુ લખશો તો શિક્ષકોને યાન્ત્રિક બનાવશો. એથી શિક્ષકોમાં શોધકશક્તિ ને સ્વતંત્રતા મારી નાંખવાના છો.

પાપ : એક પણ જીવને દુભાવવો, દુશ્મન માનવો એ પાપ છે. જેમાં આત્માનું પતન છે તે પાપ છે.

પાપમુક્તિ : આત્મશુદ્ધિ એટલે જ પાપમુક્તિ.

પારસમણી : પ્રેમ તો પારસમણી છે.

પાંચમો વર્ણ : ચાર વર્ણ પતિત થયા એટલે એ ચારમાંથી પાંચમો ધર્મ વિરુદ્ધ વર્ણ પેદા થયો, ને તે અસ્પૃશ્ય મનાયો.

પાંજરાપોળ : પાંજરાપોળ કંઇ રેઢિયાર ઢોરોને રાખવાનું અને તેમને સુખે મરવા દેવાનું સ્થાન નહિ હોવું જોઇએ. પાંજરાપોળમાં હું આદર્શ ગાય બળદને જોવાની આશા રાખું. પાંજરાપોળ શહેરોની મધ્યમાં ન હોય પણ મોટાં ખેતરોમાં હોવી જોઇએ, અને તેમાં અઢળક પૈસા ખર્ચાવાને બદલે તેમાંથી અઢળક પૈસા પેદા થવા જોઇએ.

પિતૃભક્તિ : આ જમાનામાં જેમ રાજભક્તિની હદ આપણે આંકવી પડે છે તેમ પિતૃભક્તિની હદ પણ આંકયે જ છૂટકો. માબાપનો ઉત્પન્ન કરનાર પણ ઇશ્વર છે; અને ઇશ્વરની આજ્ઞા અને માબાપની આજ્ઞા વચ્ચે વિરોધ હોય ત્યાં ઇશ્વરની આજ્ઞાને વધારે માન આપવાનું હું કહી રહ્યો છું.

પુરુષાર્થ : આપણામાં આત્માને સૂવાની ટેવ પડી ગઇ છે, તેને વખતોવખત જાગૃત કરવો પડે છે, ને તે જ પુરુષાર્થ છે.

પુસ્તક : હું તો એક પુસ્તક પ્રજા આગળ મૂકું તેના પહેલા હજાર વાર વિચાર કરું. આપણે પુસ્તકો છાપી નાખીએ ને પ્રજા આગળ મૂકીએ એ ગરીબમાં ગરીબ બાળકને મળી શકે એવા જોઇએ. મારું ચાલે તો હું એક બે અને ચાર પૈસાનાં પુસ્તક કાઢું.

પૂજા : મારે વિષે તો હું જરા યે લાયક હોઉં તો એક જ પૂજા માગું છું. હું કહું છું તેમાંનું જે પ્રજાને પસંદ પડે છે તે સત્વર કરે ને સ્વરાજ મેળવે, એ જ ખરી ને યોગ્ય પૂજા છે.

પેટાયજ્ઞ : સાંભેલું, વડી ને ખેડું તે પેટા યજ્ઞ છે.

પૈસો : મજૂરી એ જ ખરો પૈસો છે.

પોષકપ્રવૃત્તિ : કાઠિયાવાડમા તો સ્વદેશી, અસ્પૃશ્યતા વિનાશ, મદ્યનિષેધ, રાષ્ટ્રીય કેળવણી ઇત્યાદિ પોષકપ્રવૃત્તિ જ ચાલવી જોઈએ.

પ્રજાભાવના : જો પ્રજાભાવના કેળવવા ઇચ્છીએ તો આપણો ધર્મ છે કે આપણે ગરીબને તો પહેલી સગવડ આપીએ.

પ્રભુની ઝાંખી : જ્યારે સૂતર સહેજે સીધું નીકળવા માંડશે ત્યારે પ્રભુની ઝાંખી હૃદયમાં થશે ને પ્રભુ સૂતરના તાર ઉપર પણ નાચતો જોવામા આવશે.

પ્રભુનો ચોર : જે પ્રભુપ્રાર્થના વિના, સંધ્યા સ્નાનાદિ વિના દહાડો ગાળે તે પ્રભુનો ચોર બને.

પ્રાર્થના : પ્રાર્થના એટલે ઈશ્વરની પાસે સંસારી સુખ કે બીજી સ્વાર્થ સાધવાની વસ્તુઓ માગવી એ નથી. પ્રાર્થના ક્લેશ પામેલા આત્માનો ગંભીર નાદ છે. વ્યક્તિ અથવા તો પ્રજા જ્યારે મોટા સંકટથી પીડાય છે, ત્યારે તે પીડાનું શુદ્ધ જ્ઞાન એ જ પ્રાર્થના.

પ્રેમ : જડ પદાર્થમાં એક બીજાને વળગી રહેવાની શક્તિ છે તેવી જ શક્તિ ચેતન પદાર્થમાં એટલે આપણામા હોવી જોઇએ. આકર્ષણ શક્તિનું નામ પ્રેમ છે.

બલિદાન : બલિદાનનો અર્થ એ છે કે બલિદાન કરનાર બીજાને ખાતર મરે છે કે બીજું દુઃખ ભોગવે છે. જે પોતાને ખાતર દુઃખ ભોગવે છે તે બલિદાન નથી કરતો.

બહાદુરી : બહાદુરીનો અર્થ ઠડાઇ નથી. જે પોતાના બળથી બીજાને કચરે તે બહાદુર નથી; પણ બળ હોવા છતા કોઇને ડરાવતો નથી ને નબળાનું રક્ષણ કરે છે તે બહાદુર છે.

બહિષ્કાર : બહિષ્કાર એટલે ધોબી, હજામ વ૦ બંધ કરવા એ નહિ. બહિષ્કાર એટલે તેને ત્યા પાણી ન પીવું, તેને ત્યા વિવાહ વહેવાર ન રાખવો, તેને ત્યાં જમણ વહેવાર ન રાખવો. બહિષ્કાર બે પ્રકારના છેઃ એક સભ્ય ને બીજો અસભ્ય. સભ્યનું મૂળ પ્રેમ છે, અસભ્યનું મૂળ તિરસ્કાર છે.

બળ : બળ રાક્ષસી શરીર મેળવવામાં નથી પણ મનની મજબુતીમા, આત્માની ઓળખમા, મોત પ્રતિની નિડરતામા રહેલું છે.

બ્રહ્મચર્ય : બ્રહ્મચર્યનો પૂરો ને બરોબર અર્થ બ્રહ્મની શોધ. બ્રહ્મ સૌમા વસે છે. એટલે તે શોધ અંતર્ધ્યાન ને તેથી નીપજતા અંતર્જ્ઞાનથી થાય. એ અંતર્જ્ઞાન ઇંદ્રિયોના સંપૂર્ણ સંયમ વિના અશક્ય છે તેથી સર્વ ઇંદ્રિયોનો મનથી, વાચાથી ને કાયાથી સર્વ ક્ષેત્રે, સર્વ કાળે સંયમ તે બ્રહ્મચર્ય.

બ્રહ્મચારી : જે પૂર્ણ બ્રહ્મચારી છે તેને માટે આ સંસારમાં કશું જ અસાધ્ય નથી. પણ આ આદર્શ સ્થિતિ હોઈ તેટલે સુધી પહોંચેલા માણસો જવલ્લે જ જોવામાં આવે છે. એને ભૂમિતિમાંની સરળ રેખાની ઉપમા આપી શકાય. તે માત્ર કલ્પનામાં જ રહે

છે, પ્રત્યક્ષ કદી નથી દોરી શકાતી અને આમ છતાં તે એક મહત્ત્વની વ્યાખ્યા છે અને ભૂમિતિમાં ભાગ ભજવે છે.

બ્રાહ્મણ : બ્રાહ્મણ એ કે જે ભંગીની સેવા કરે. ભંગીની કાંધ ઉપર ચઢીને સવારી કરે તે બ્રાહ્મણ નહિ.

ભગવાન : અપંગની સેવામાં ધર્મ છે. અપંગ રૂપે ભગવાન આપણને હમેશાં દર્શન દે છે.

ભણતર : આપણે મનુષ્ય બનવું એ પ્રથમ ભણતર છે.

ભાડુતી મદદ : જે મદદ બદલો માગે છે તે ભાડુતી મદદ ભાઇચારાની નિશાની નથી.

ભિક્ષુક : પરદેશી કાપડ આપણને કોઈ મફત આપે તો તે નકામું છે; એટલું જ નહિ પણ નુકસાનકારક છે; કેમકે ભેટ લઇને જીવનાર માણસ તો ભિક્ષુક બને છે અને ભિક્ષુક તો સદાયનો પરાધીન છે. તેણે તો પોતાનો આત્મા વેચ્યો છે.

મનુષ્ય : મનુષ્યમાં પત્થરનો અને ઇશ્વરનો મેળાપ થાય છે. મનુષ્ય એટલે ચેતનામય પત્થર. તેથી જ શાસ્ત્રોએ શીખવ્યું કે તે જ પૂરો જીત્યો જેણે દેહદમન કર્યું.

મરદ : લાકડી ઉગામીને મરવા તૈયાર હોય તેના કરતાં લાકડી છોડીને મરે તે મરદ છે.

મહાન ધર્મ : જગતને ખવડાવીને પછી પોતે ખાવું એ મહાન ધર્મ છે.

મહાયજ્ઞ : ખરું જોતાં મહાયજ્ઞ બે જ છેઃ ચૂલો ને રેંટિયો.

માળા : જ્યાં લગી હિંદુસ્તાનમાં ભૂખમરો વર્તે છે ત્યાં લગી હું રેંટિયા રૂપી માળા પસંદ કરું.

મુક્તિનું દ્વાર : સત્યનું આચરણ એ જ આપણી મુક્તિનું દ્વાર છે.

મેલ : પરદેશી કાપડ એ મેલ છે.

મેલી ક્રિયા : જેવી શૌચક્રિયા તેવી જ ખાવાની ક્રિયા છે. બન્ને મેલી ક્રિયા છે. તે એકાંતે જ કરવા લાયક છે.

મોટાઈ : અસહકારી સહકારીની ઉપર તીવ્ર મતભેદ છતાં, મહોબ્બત કરે, ધીરજ રાખે તેમાં વીરતા છે, તેમાં નમ્રતા છે. તેમને ત્યાં ઉઘાડે પગે જઇ તેમની સેવા કરવામાં મોટાઈ છે.

મોક્ષાર્થી : જે પુરુષ પોતાની ઇંદ્રિયોને કાબૂમાં રાખી સીધે માર્ગે દોરી જાય છે તે જ સ્વર્ગનો કે જન્નતનો અધિકારી બને છે, તે જ મોક્ષાર્થી કે ખુદાની પિછાન કરનારો બની શકે છે.

યમ : સત્યમાં અહિંસા, બ્રહ્મચર્ય, અસ્તેય આદિનો સમાવેશ થઈ જાય છે. કેવળ સમજાને ખાતર યમો પાંચ ગણાવ્યા.

યજ્ઞ : યજ્ઞના ઘણા મે અર્થ કરી શકાય છે, પણ સ્વધર્મને સામાન્ય એવો યજ્ઞનો એક જ અર્થ છે. અને તે એ કે ખરેખરી ઉન્નતિ સારૂ પ્રાણાર્પણ કરવા લગી તૈયાર થવું.

યુનિવર્સિટી : ઘર તમારી યુનિવર્સિટી છે

રામરાજ્ય : આપણે તો રામરાજ્યનો અર્થ સ્વરાજ્ય, ધર્મરાજ્ય, પ્રજારાજ્ય કરીએ છીએ. તેવું રાજ્ય જ્યારે પ્રજા ધર્મિષ્ટ, વીર્યવાન બને ત્યારે જ સંભવે.

રાવણરાજ્ય : બાવીસ કરોડ હિંદુઓ પોતાના પાંચમા હિસ્સાને-અંત્યજને દબાવે એનું નામ સ્વરાજ્ય નહિ પણ રાવણરાજ્ય.

રાષ્ટ્રસેવા : બીજા ભીનામાં પોઢતા હોય તો તેમને સૂકામાં સુવાડી પોતે ભીનામાં સુવાને કવિ દલપતરામે બાળપણમાં શીખવેલો માતૃપ્રેમ આપણામાં હોય તો જ રાષ્ટ્રસેવા થઈ શકે.

રાષ્ટ્રીય શિક્ષણ : રાષ્ટ્રને સારુ મરતાં શીખીએ, રાષ્ટ્રને સારુ દાઝ કેળવીએ એમાં જ રાષ્ટ્રીય શિક્ષણ રહેલું છે.

રાક્ષસ : આપણે જો રાક્ષસી પ્રવૃત્તિનો સ્વીકાર કરીએ તો આપણે રાક્ષસ થઇએ.

રાક્ષસી અર્થશાસ્ત્ર : ગઇ કાલે મારી પાસે પચાસ મણ સૂતર હતું તે હું બાવીશ રૂપિયે વેચતો હતો અને મને મણ દીઠ ચાર આના નફો પડતો હતો. આજે ખબર પડી કે અમેરિકાનો પાક બગડ્યો. એટલે મેં બાવીસના આડત્રીસ રૂપિયા ભાવ માંડ્યો. આ વધારાના સોળ રૂપિયા લેવાનો મને શો અધિકાર ? આ ઊંધા અર્થશાસ્ત્રથી, વણિકને ન શોભે એવા વ્યાપારથી, આખું જગત પીડાઇ રહ્યું છે. અમેરિકાની ગરજ તે આપણો અર્થ, એ શાસ્ત્ર માનુષી નહિ પણ રાક્ષસી.

રેંટિયો : રેંટિયો દાખલ કરવાનો અર્થ એટલો જ નથી કે તે બધાં કુટુંબમાં દાખલ થયો એટલે પત્યું. ખરો અર્થ તો એ છે કે તે બરોબર ચાલે અને તે કુટુંબ ખાદી પહેરતું થઇ જાય. દરેક રેંટિયો ઓછામાં ઓછો ચાર કલાક ચાલવો જોઇએ.

લડવૈયો : ખરો લડવૈયો એ છે કે મારીને મરતો નથી પણ મરીને જીવવાનો મંત્ર સાધી લે છે.

લક્ષ્મીપૂજન : રેંટિયાની પૂજા તે લક્ષ્મીપૂજન છે.

વર્ણાશ્રમ : મનુષ્ય માત્રમાં ચારે ગુણો હોવા જોઇએઃ જ્ઞાન, શૌર્ય, વાણિજ્ય ને સેવાભાવ. તે તે વર્ણોમાં પોતાનો વિશેષ ગુણ પ્રધાનપદ ભોગવે એટલો જ વર્ણાશ્રમનો અર્થ હોઈ શકે.

વંટોળીઓ : પશ્ચિમમાંથી આપણા ઉપર ભારે વંટોળીઆનો ધસારો આવ્યો છે. એ વંટોળીઆનું નામ છે જડવાદ, અથવા પૈસાને પરમેશ્વર માનનારો વાદ.

વ્યભિચાર : કોઇ કહે છે કે હું સાબુના કારખાનાં કરી દેશને ગુલામીમાંથી છોડવું, કોઇ કહે છે કે તાળાંનાં કારખાના કહાડી, કોઈ ચામડાનાં કારખાનાં કહાડી, કોઇ કહે છે વાંસની સાદડીઓ બનાવી. આનું નામ સમાજનો વ્યભિચાર.

વાચન : એક ખાંડી વજન જેટલાં પુસ્તકો વાંચો તે કરતાં તેમાથી એક અધોળ જેટલું વર્તનમાં ઉતારવાનો પ્રયત્ન કરો.

વ્યાપારી વૃત્તિ : પ્રેમ પોતાના કાર્યને તાજવામાં મૂકવા ન જ દે. જે જોખે છે તે પ્રેમ નથી. તે તો વ્યાપારી વૃત્તિ છે.

વ્યાવહારિક પદાર્થ : સત્યના જેવો દુનિયામાં બીજો વ્યાવહારિક પદાર્થ નથી.

વિદ્યા : **सा विद्या या विमुक्तये।** જે વિદ્યાથી ધર્મને સાચવી શકીએ તે જ વિદ્યા. એ જ વિદ્યા, જે ત્રિવિધ–આર્થિક, સામાજિક અને આધ્યાત્મિક મુક્તિ અપાવે. જે વિદ્યાથી આપણી મુક્તિ દૂર થાય છે તે વિદ્યા ત્યાજ્ય છે, તે વિદ્યા રાક્ષસી છે, તે વિદ્યા અધર્મ છે.

વિધવા દર્શન : વિધવાનું દર્શન મારે સારુ અપશુકનની નિશાની નથી. પ્રાતઃકાળમાં તેનું દર્શન કરી હું કૃતાર્થ થાઉં.

વિનોદ : મરણાંત લગી પાળ્યો એ જ ધર્મ, બાકી તો સગવડ કે વિનોદ.

વિવાહ : વિવાહનું બીજ આસક્તિમા રહેલું છે. તીવ્ર આસક્તિમાથી તેની ઉત્પત્તિ છે. તે આસક્તિ અનાસક્તિ રૂપે પરિણમી શરીરસ્પર્શનો ખ્યાલ પણ ન કરી–ન રાખી જ્યારે એક આત્મા બીજામાં તલ્લીન થાય ત્યારે તેમાં પરમાત્માના પ્રેમની કંઇક ઝાંખી થઈ શકે. વિવાહ ધાર્મિક ક્રિયા છે. પ્રેમ એક જ વખત પરણી શકે.

વીરતા : જે પશુબળ ન વાપરતો છતાં વશ થતો નથી પણ ઝુકે છે તે પૂરેપૂરી વીરતા બતાવે છે.

વીરનું લક્ષણ : અહિંસા–ક્ષમા વીરનું લક્ષણ છે.

વેદિયા : જે વેદાદિ ભણે છે પણ જે ધર્મ આચરતા નથી તે વેદિયા કહેવાય; તે નથી તરતા, નથી તારતા.

વૈધવ્ય : હિંદુ ધર્મે સંયમને ઊંચામાં ઊંચી કોટિએ લઈ ગયો છે અને વૈધવ્ય તેની પરિસીમા છે.

વૈષ્ણવ : જેનામાં પ્રેમ નથી તે વૈષ્ણવ નથી. જે સત્યનું પાલન નથી કરતો, જેણે સર્વ ઇંદ્રિયો ઉપર જય નથી મેળવ્યો તે વૈષ્ણવ નથી.

વૈશ્યધર્મ : વૈશ્યધર્મ એટલે મજૂરી બિલકુલ નહિ, એમ નથી. ખરો વૈશ્ય તો પોતાની ઉદારતામાં શૌર્ય–ક્ષત્રિયપણું બતાવે, વેપારમાં વિવેક બતાવે. યજ્ઞ તરીકે પણ થોડી મજૂરી દરરોજ કરી લેવી જોઈએ.

શસ્ત્ર : અસહકાર એ સોના જેવું શસ્ત્ર છે, દિવ્ય શસ્ત્ર છે. હિંદુઓને તે શ્રીકૃષ્ણે આપેલું છે; મુસલમાનોને મહંમદ પેગંબરે આપ્યું છે; પારસીઓને ઝંદાવસ્તામા મળેલું છે કે જ્યાં તમે અન્યાય જુઓ, કોઇ માણસમાં અન્યાયને મૂર્તિમંત જુઓ ત્યારે તે માણસનો ત્યાગ કરજો.

શાબ્દિક તાંતણા : શાબ્દિક તાતણા તો કોંગ્રેસે ૩૫ વરસ કાઢ્યા. એથી ભૂખ્યાં સંતોષાયાં નહિ, તેમ નાગાં ઢંકાયાં નહિ.

શાસ્ત્ર : જે આપણને મોક્ષ તરફ પ્રવર્તાવે છે તે શાસ્ત્ર.

શાસ્ત્રવાક્ય : દરેક સૂત્ર જેને વિષે શાસ્ત્રવાક્યનો દાવો કરવામાં આવે તેને સત્ય રૂપી એરણ ઉપર દયા રૂપી હથોડા વતી ટીપી જોવું. જો તે નક્કર લાગે ને તૂટી ન જાય તો યોગ્ય માનવું.

શાંતિ : શાંતિ એ બલિષ્ઠનું શસ્ત્ર છે ને તેના જ હાથમાં તે શોભે છે. શાંતિ એટલે ક્ષમા, ક્ષમા એ વીરનું ભૂષણ છે.

શિષ્ટાચાર : પાણી, ભોજન કે વિવાહવ્યવહાર ફાવે ત્યાં ન કરવો એને હું શિષ્ટાચાર ગણું છું. તેમાં આરોગ્ય ને પવિત્રતાની રક્ષા રહેલી છે.

શીત સવિનય ભંગ : સરકાર આપણાં મોં બંધ કરે છતાં આપણે બોલીએ, સભાબંધી કરે છતા સભા ભરીએ, છાપા બંધ કરે છતા તે લખી પ્રગટ કરીએ· આ બધો શીત સવિનય ભંગ છે.

શુદ્ધતા : શુદ્ધતાનાં જુદાં જુદા માપ નથી હોતાં. તેમાં જરા પણ અશુદ્ધિ હોય ત્યાં સુધી તે શુદ્ધતામાં નહિ જ ગણાય.

શુદ્ધ પુરુષાર્થ : મૃત્યુ આજ આવો કે કાલ, તેનો ભય રાખ્યા વિના આપણે આપણો ધર્મ પાળવો, ફરજ બજાવવી, એ શુદ્ધ પુરુષાર્થ છે.

શુદ્ધ યજ્ઞ : મરણભયને આપણે છોડવા મથી રહ્યા છીએ. એ તો શુદ્ધ યજ્ઞ છે.

શુદ્ધ સત્ય : પરિમિત સત્ય ઉપરાંત એક શુદ્ધ સત્ય છે જે અખંડ છે, સર્વવ્યાપક છે; પણ તે અવર્ણનીય છે, કેમકે સત્ય એ જ પરમેશ્વર છે.

શુદ્ધ ક્ષત્રિય : હું મારું, મારી સ્ત્રીનું, મારા દેશનું રક્ષણ કરવામા માથું આપું ત્યારે હું શુદ્ધ ક્ષત્રિય છું.

શૂન્ય : જે માકડને નથી મારતો, પણ પોતાના સ્ત્રીપુત્રને મારે છે તે જૈન નથી, તે હિંદુ નથી, તે વૈષ્ણવ નથી, તે શૂન્ય છે.

શૂરવીરની ભૂમિ : કાઠિયાવાડને મેં શૂરવીરની ભૂમિ તરીકે ઓળખેલ છે.

શૂરવીર સિપાઈ : વગર હથિયારે દુશ્મનની સામે ઉઘાડી છાતીએ મરવાની જે હિંમત કરી શકે છે તે શૂરવીરમા શૂરવીર સિપાઈ છે.

સપૂત : બાપના જીવનમાં જે પુત્ર બાપના સદ્ગુણોની નકલ ઓછી કરતા હોય તોપણ બાપ મર્યે તો સંપૂર્ણતાએ તેમ કરે તે સપૂત છે; નહિ કે જે ખૂબ રોકકળ કરી મૂકે અથવા ખૂબ ખ્યાતવરા કરવામાં મચી જાય.

સમાજસેવા : સેવાનો વિચાર કરતાં વકીલ, દાક્તર કે કલેક્ટર ભંગી કરતાં સમાજની જરા યે વધારે સેવા કરતા નથી.

સરકાર : જે લોકો પર કાબુ મેળવે તે સરકાર.

સત્ય : સત્ય શબ્દની ઉત્પત્તિ સત્‌માંથી છે. સત્ એટલે હોવું. ત્રણે કાળમાં એક જ રૂપે હસ્તી એક માત્ર પરમાત્માની છે.

સત્યાગ્રહ : જે સત્ય હોય તે કરવું તેનું જ નામ સત્યાગ્રહ. તેની સીમા કંઈ સરકાર ને પ્રજા વચ્ચેના સંબંધમાં સમાપ્ત નથી થતી. સંસારીને સારુ પણ એ જ અમૂલ્ય શસ્ત્ર છે.

સભ્યતા : સભ્યતા એ એકાંતિક બોલ નથી. તેનો અર્થ દરેક જગ્યાએ એક જ નથી થતો. પશ્ચિમની સભ્યતા તે પૂર્વની અસભ્યતા હોઈ શકે.

સમ્રાટ : જેનામાં સત્ય અને સેવા પૂર્ણપણે પ્રગટ થાય તે જગતના હૃદયનું સામ્રાજ્ય જરૂર ભોગવે ને ધારેલાં કાર્ય પાર પાડે.

સંપૂર્ણ સ્વદેશી : સંપૂર્ણ સ્વદેશીનો અર્થ એ છે કે દેશમાં માત્ર સાઠ કરોડ રૂપિયા દાખલ થાય, એટલું જ નહિ પણ તેની પાછળ બીજા કરોડો રૂપિયાનો ધંધો જાગે ને દેશમાં જે સુંદર કળા હતી તે પાછી દાખલ થાય.

સંયમ : પશ્ચિમનો સંયમ આવશ્યકતા–પોલિસી ઉપર રચાયેલો છે. પૂર્વનો સંયમ ધ્યેય સમાન છે.

સંસ્કારી પ્રજા : હિંદુસ્તાન જેવી સંસ્કારી પ્રજા મને દુનિયાના પડ ઉપર બીજી નથી દેખાતી.

સામ્રાજ્ય : સામ્રાજ્ય મેળવવામાં પશુબળ, સામ, દામ, દંડ, ભેદાદિ શક્તિઓનો પ્રયોગ હોય છે. એમાં કંઈ નીતિનું માપ નથી. ઉત્તમતાનું માપ તો નીતિ જ છે. અને નીતિની પાછળ રહેલું સામ્રાજ્ય એ જ ખરું સામ્રાજ્ય છે.

સિપાઇગિરી : ખરી સિપાઇગિરી મરવામાં છે, મારવામાં નથી. કોઇની આબરૂ સાચવવામાં છે, આબરૂ લૂંટવામાં નથી.

સુધારો : ખરો સુધારો તો એ છે કે જેમ સ્ત્રી તે પ્રમાણે પુરુષ પણ ઘરભંગ થાય તો ફરી ન જ પરણે.

સૂતર : સૂતર તે સૂતર હોવું જોઇએ. રૂમાંથી ગમે તેવો ધાગો તાણી કહાડયો તેને સૂતર કોઈ નહિ ગણે. સૂતર એ કે જે વણી શકાય. તે વળદાર, રેસા વિનાનું ને એકતારું હોવું જોઇએ; તે કીટીથી રહિત હોવું જોઇએ.

સૂક્ષ્મ મેલ : ભંગીને જે મેલ ચડે છે તે મેલ શારીરિક છે, અને તે મેલ તરત દૂર કરી શકાય છે. પણ જેઓને અસત્ય, પાખંડ ઇ. નો મેલ ચડે છે તે એવો સૂક્ષ્મ હોય છે કે તેને કહાડવો જ મુશ્કેલ પડે છે.

સૂક્ષ્મ વીર્ય : શાંતિ એ પણ એક સૂક્ષ્મ વીર્ય છે. તેનો સંચય કરનાર પ્રૌઢ બ્રહ્મચારી બને છે ને તેથી તેજસ્વી બને છે.

સોનારૂપાની ખાણ : ઈસ્ટ ઇન્ડિયા કંપની લાલચને લીધે જ અહીં આવી. તેણે તો અહીં સોના અને રૂપાની ખાણો જોઈ. તે ખાણો તે આપણાં શરીર અને તે પરનાં વસ્ત્રો. એ સોનારૂપા લૂંટવા સારું એ સલ્તનતે આપણને નગ્ન કર્યા.

સોંઘુંમોંઘું : ઘરનો ઘડેલો રોટલો બજારના ઘડેલા રોટલા કરતા હમેશાં સોંઘો જ હોય. મારા પાડોશી વણકરને હું બે આના આપું તે માન્ચેસ્ટરને અપાયેલા એક પૈસા કરતાં સોંઘું છે, કેમકે પેલા બે આનામાંથી તો મને જ વળતર મળશે.

સ્ત્રીકેળવણી : સ્ત્રી તો અર્ધાંગના છે, એ કેળવણી કોણ આપી શકે? થોડી સ્ત્રીઓ કર્વેની વિદ્યાપીઠની ગ્રેજ્યુએટ થાય તેમાં શું વળ્યું? તેથી કેળવણી નથી થવાની. સ્ત્રી અર્ધાંગના છે એ સમજાય એમાં જ ખરી કેળવણી છે.

સ્વદેશાભિમાન : પરદેશને નુકસાન પહોંચાડીને હું હિંદુસ્તાનને લાભ પહોંચાડવાનો દોષ ન કરું. આ ભાવનાને જ હું ખરું સ્વદેશાભિમાન કહું છું. પણ મારું સ્વદેશાભિમાન

જેટલું વિશાળ છે તેટલું જ સંકુચિત છે. આખી દુનિયાના કલ્યાણને વળગવામાં મને રસ આવતો જ નથી. મને તો મારા દેશના કલ્યાણમાં જ રસ આવે છે.

સ્વદેશી : સ્વદેશી એટલે સર્વ હિંદીએ હિંદુસ્તાનમાં પેદા થતી ચીજોનો જ ઉપયોગ કરવો. એમા આર્થિક સ્વાતંત્ર્ય રહેલું છે; તેથી સ્વદેશી એટલે આર્થિક સ્વતંત્રતા. આર્થિક સ્વતંત્રતા વિના સ્વરાજ્યનો કંઇ જ અર્થ નથી. સ્વદેશી એટલે સ્વરાજ્ય પણ કહેવાય.

સ્વરાજ : સ્વરાજ એ મનોદશા છે. એ જ્યારે ઘર કરશે ત્યારે તેની પ્રતિમા ખડી થશે.

(૧) સ્વરાજ એટલે પોતાની ઉપર મેળવેલું રાજ્ય.

(૨) પણ આપણે તો કંઈક ચિહ્ન, પ્રતિમા, કલ્પેલ છે. એટલે સ્વરાજ એટલે દેશનાં આયાત નિકાસ પર, લશ્કર પર, અદાલત પર પ્રજાનો સંપૂર્ણ અંકુશ.

(૩) પણ સાધુઓ વ્યક્તિગત સ્વરાજ અત્યારે જ ભોગવતા હોય તેવું બને, અને આપણી પાર્લામેંટ પણ બેસે છતા યે લોકોને મન તો સ્વરાજ ન હોય એવું યે બને અને તેથી સ્વરાજ એટલે અન્નવસ્ત્રની સોધારત. પણ તે એટલે સુધી કે કોઇને તેને અભાવે ભૂખ્યાં કે નાગાં ન રહેવું પડે.

(૪) આવા સંજોગો બને છતાં એક કોમ કે એક વિભાગ બીજાને દબાવે એવું પણ બને. તેથી સ્વરાજ એટલે એક બાળા પણ નિર્ભયપણે ઘોર અંધારામાં ફરી શકે એવી સ્થિતિ.

(૫) ઉપરની ચાર વ્યાખ્યાઓમાં બીજી અનેક વ્યાખ્યાઓનો સમાવેશ થતો જોવામાં આવશે છતાં પ્રજાના સ્વરાજમાં દરેક અંગને તેજ આવ્યું હોય ને આવવું જોઇએ. તો સ્વરાજ એટલે અંત્યજની અસ્પૃશ્યતાનો સર્વથા નાશ.

(૬) બ્રાહ્મણ બ્રાહ્મણેતરના ઝગડાની સમાપ્તિ.

(૭) હિંદુ મુસલમાનના મનના મેલનો સર્વથા નાશ. એટલે હિંદુ મુસલમાનની મર્યાદા રાખે ને તેને સારુ જાન દે, મુસલમાન હિંદુની મર્યાદા રાખે ને જાન દે.

(૮) સ્વરાજ એટલે હિંદુ, મુસલમાન, શીખ, પારસી, ઇશાઈ, યહૂદી, બધા ધર્મી પોતાના ધર્મનું પાલન કરી શકે ને એક બીજાની તેમ કરવામા રક્ષા કરે ને એક બીજાના ધર્મને માન આપે.

(૯) સ્વરાજ એટલે દરેક ગામ ચોર લૂંટારાના ભયથી પોતાની રક્ષા કરવા શક્તિમાન થાય ને દરેક ગામ પોતાને જરૂરના અનાજ ને વસ્ત્ર પેદા કરે.

(૧૦) સ્વરાજ એટલે દેશી રાજ્યો જમીનદારો અને રૈયતવર્ગ વચ્ચે મિત્રતા વર્તે, દેશીરાજ્ય કે જમીનદાર રૈયતને ન કનડે અને રૈયત રાજાને કે જમીનદારને ન પજવે.

(૧૧) સ્વરાજ એટલે ધનવાન ને મજુરવર્ગ વચ્ચે મિત્રતા. ધનવાન સારુ યોગ્ય દામ લઈ મજૂર ખુશીથી કામ કરે.

(૧૨) સ્વરાજ એટલે સ્ત્રીજાતિને માતા બહેન સમજી પૂરું માન આપવું તે. ને ઊંચ નીચના ભેદ નીકળી સર્વ ભાઇબહેન છે એવી ભાવનાથી વર્તવું તે.

સંગ્રાહકઃ ચંદુલાલ બહેચરલાલ પટેલ

ગાંધીજી અને ચૈતન્યદેવ

બુદ્ધદેવના પછી અઢી હજાર વર્ષના ગાળામાં જો કોઇએ ભરતખંડની જનતાનાં હૃદય ઉપર સૌથી વધારે અધિકાર જમાવ્યો હોય તો એક ચૈતન્યદેવ અને બીજા ગાંધીજી. ગાંધીજીના બંગાળાના અને પંજાબના પ્રવાસ વખતે તેમનાં દર્શન કરવાને માટે ઉત્કંઠિત થએલી જનતાના સમુદ્ર જેમણે જોયા હશે અને " મહાત્મા ગાંધીજીકી જય " એવા ગગનભેદી જયનાદ જેમણે સાંભળ્યા હશે તેમને જ ચૈતન્યદેવની દક્ષિણ ભારતની અને વૃન્દાવનની યાત્રા વખતે તેમની પાછળ ઘેલાની માફક દોડયાં આવતાં આબાલવૃદ્ધ સ્ત્રીપુરુષોની દર્શન-પિપાસાનો ખ્યાલ આવી શકે. એ બેના સિવાય બીજા કોઇ લોકનાયકના અથવા સંતનાં આટલા માન અને ભક્તિ સહિત પ્રજાએ ઓવારણાં લીધાં નથી. જયકલગીએ પાછા ફરતા કોઈ દિગ્વિજયી સેનાપતિને પ્રજાએ આવો ઉમળકાભર્યો આવકાર આપ્યો નથી. હિંદની જનતાએ એ બેઉ મહૌજસ્ પુરુષોત્તમને પોતાના હૃદયના સિંહાસન ઉપર પધરાવ્યા છે અને પૂજ્યા છે.

ગાંધીજી અને ચૈતન્યદેવના સ્વભાવમાં, વિચારશ્રેણીમાં અને કાર્યપદ્ધતિમાં ધ્યાન ખેંચી શકે એવુ સામ્ય જોવામાં આવે છે. ચૈતન્યદેવના જીવનનો અભ્યાસ કરતી વખતે પ્રસ્તુત લેખકને એ સામ્યનો પળેપળે અનુભવ થતો હતો. ગાંધીજીના ઉદ્દ્ગારોમાં ચૈતન્યદેવના અને ચૈતન્યદેવના કેટલાક ઉદ્દ્ગારોમાં ગાંધીજીના સૂર તેને સંભળાતા હતા. સંતપુરુષોના કેટલાક ગુણ તો સામાન્ય હોય જ પણ ગાંધીજીના હૃદયના ધબકારાની સાથે જેમના હૃદયના ધબકારાની બરાબર એકતાનતા થતી હોય એવા એક ચૈતન્યદેવ જ નજરે આવે છે.

રાજનૈતિક લડત એ ગાંધીજીના જીવનનો પ્રધાન સૂર નથી. વર્તમાન પરિસ્થિતિએ ગાંધીજીને બ્રિટીશ શાહીવાદની અને મૂડીવાદની સામે ધકેલ્યા છે. પણ એમના શાહીવાદની સામેના પડકારમાં અને એમના રેંટિયાના ગુંજનમા એમની આધ્યાત્મિકતાનો, ઊંડી ઇશ્વર ભક્તિનો અને અબાધ માનવપ્રેમનો રણકાર જેમને કાન છે તેઓ સાંભળી શકે છે. એમની સ્વરાજ માટેની લડત, અને એમની રેંટિયાની હિમાયત એ તો એમનાં સત્યનાં પૂજનનાં માત્ર પ્રતીકો જ છે; જનતાને પોતાનો પ્રેમ ભરી ભરીને પાવાના પાત્રો જ છે. બીજા કોઈ યુગમાં અને આથી જુદી પરિસ્થિતિમા જો ગાંધીજી જન્મ્યા હોત તો એમનાં આત્માનું ઓજસ્ કોઇ જુદા જ પદાર્થોદ્વારા પ્રતિબિંબિત થયું હોત.

ગાંધીજીને રેંટિયામા ભારતની આર્થિક સ્વતંત્રતાનું, ઉદ્યોગી અને નિર્વ્યસનીપણાનું, નીચ ઉચ્ચને બંધુભાવે જોડનાર સ્નેહની સાંકળનું, સત્યનું, દયાનું, અહિંસાનું, સુઘડ, સાદા અને સંતોષી ગૃહજીવનનું, અને તે સર્વ ઉપરાંત ભારતની પરતંત્રતાની બેડીઓને તોડી નાખનાર કોઇ મહાશક્તિના ઉત્પત્તિસ્થાનનું દર્શન થયુ. રેંટિયા જેવી નજીવી ચીજમાં આટઆટલી વિભૂતિઓનું દર્શન કરવાને માટે ગાંધીજીના જેવી જડ પદાર્થની છીપને વીંધીને માંહેનું મોતી પારખે એવી પયગંબરની દૃષ્ટિ જોઇએ. એમના જીવનની એક ધન્ય ક્ષણે એમને આ અદ્દ્ભુત વિભૂતિયોગનું દર્શન થયું એટલે એમણે રામની છબિને હૃદયમાં અંકિત કરનાર

મારુતિના જેવી નિષ્ઠા અને ભક્તિપૂર્વક તેની હૃદયમાં પ્રાણપ્રતિષ્ઠા કરી અને પોતાની લાક્ષણિક ઓજસ્વિતાથી દેશભરમા તેના અપાર મહિમાનું કીર્તન કર્યું. બાર બાર વર્ષ થયા એ સાબરમતીનો સંત રેંટિયાનો પેગામ સંભળાવે છે. તેને તો ખાદીમાં જ ભારતના સ્વાતંત્ર્યનું, ભારતની રમણીઓના શિયળનું, સ્વરાજનું અને સત્યયુગની—રામરાજ્યની પુનઃ સ્થાપનાનું દર્શન થાય છે. તે સાંભળીને કોઈ વિચારમાં પડે છે, કોઇ હસે છે, કોઇ મૂઢવત્ જોયા કરે છે પણ રેંટિયાનો એ આશાવાદી પયગંબર કંટાળ્યા વિના, નિરાશ થયા વિના, એકનો એક તરણોપાય બતાવતાં થાકતો જ નથી. કોઇ બાઇ પૂછે છે: " અમેરિકાને તમારો શો સંદેશ છે ?" રેંટિયો ફેરવતો સંત જવાબ દે છે: " આ રેંટિયાના ગુંજનનો." કોઈ પૂછે છે: " હિન્દુ મુસલમાનના કલહનો કાંઇ ઉપાય ?" સંત બોલે છે: " રેંટિયો."

એવી જ પયગંબરની દૃષ્ટિથી ચૈતન્યદેવે હરિનામના કીર્તનમાં જનતાના ઐહિક અને પારલૌકિક કલ્યાણનું દર્શન કર્યું. એટલી જ નિષ્ઠાથી, એટલા જ હૃદયના આવેગથી, એટલી જ શ્રદ્ધા અને દૃઢતાથી તેમણે " **हरिनामैव केवलम्** " નો સંદેશ સંભળાવ્યો. એ હરિકીર્તન દ્વારા તેમણે નીચઊંચના ભેદ ભૂલાવ્યા, સ્ત્રીઓને, શૂદ્રોને અને અંત્યજોને નવચેતન આપ્યું અને જ્યાં જ્યાં તેમના ઉપદેશની અસર પહોંચી શકી ત્યાં ત્યાં બધે પ્રેમ અને બન્ધુભાવનું વાતાવરણ જમાવી દીધું. બ્રાહ્મણ અને ચાંડાલ, હિન્દુ અને મુસલમાન–સૌએ પ્રેમસૂત્રથી સંધાઇને પૃથ્વી ઉપર સ્વર્ગ ઉતારી દીધું.

રેંટિયા અને હરિનામની પાછળ એક જ પ્રકારની ફિલસુફી રહેલી છે. એક જ પરિણામ લાવનાર બેઉ જુદા જુદા નુસખા (prescriptions) છે. સૂતર કાંતવાની સામાન્ય ક્રિયામાથી જેમ ગાંધીજી અનેક ઉપકારક ગુણો અને શક્તિઓનો ઉદય જુએ છે તેમ હરિનામના સતત ઉચ્ચારણમાથી લગભગ તેવા જ મહત્ત્વના પરિણામનો ઉદય ચૈતન્યદેવ જોઇ શકે છે. અને પોતપોતાના નુસખાની અમોઘતામા બેઉની શ્રદ્ધા પણ એક સરખી જ. એક કહે છે: " કાતો, કાતો, કાતો. એ સિવાય બીજો કોઇ તરણોપાય હું દેખતો નથી." બીજો કહે છે: " હરિનામનું કીર્તન કરો. એ સિવાય બીજો તરણોપાય નથી, નથી, નથી."

બાર બાર વર્ષ વીત્યાં અને હજી બીજાં વીતશે પણ ગાધીજી કાતવાનો આદેશ આપતાં કંટાળવાના નથી. ચૈતન્યદેવ તેમની આખી જિંદગીમાં છેવટ સુધી હરિનામનો આદેશ આપતા કંટાળ્યા ન હતા. કોઇ તેમને સંસારમાંથી ઊગરી જવાનો માર્ગ પૂછે છે. ચૈતન્યદેવ કહે છે: " હરિનામનો આશ્રય લો." ચૈતન્યદેવ નૌકામાં બેસીને ઓરિસ્સા જાય છે. ચાંચિયાઓનો ભય છે. તે કહે છે: " મોટે સાદે નામસંકીર્તન કરો. ભય માત્ર તમારાથી ભય પામીને પલાયન કરી જશે." રાજા સુબુદ્ધિરાયને મુસલમાનોએ બળાત્કારથી વટાળ્યો છે. ચૈતન્યદેવ કહે છે: " હરિનામનો જપ કરો. એ જ સારામાં સારું પ્રાયશ્ચિત્ત છે." ઉનાળાની સખત ગરમી પડે છે. સૌ બળ્યા બળ્યા થાય છે. ચૈતન્યદેવ કહે છે: " નામકીર્તન કરો. હમણાં જ ઠંડક થઇ જશે." આ મનોદશાને કોઇ લોકોત્તર ઘેલછા કહે અગર ગમે તે નામે ઓળખાવે; પણ તેમાં એક જ પ્રકારની મસ્તી છે; એક જ પ્રકારની શક્તિ કામ કરી રહી છે. ગાંધીજી અને ચૈતન્યદેવના નુસખા જુદા છે પણ એ નુસખાને આપનારનાં શ્રદ્ધા, દૃઢતા અને હૃદયના આવેગ એકસરખા છે; અને એમાં જ

તેમની સાચી મહાનુભાવતા રહેલી છે. બેઉના આવેગ અને બેઉના દિલના દર્દ તે કાંઇ જેવા તેવા ? એકે દેશને ખાદી પહેરતો કરવા નાનોશો કચ્છ જ પહેરવાનું વ્રત લીધું; ત્યારે બીજાએ લોકોને હરિનામ લેતા કરવાને માટે સંસાર તજ્યો અને સંન્યાસ દીક્ષા લીધી.

પારકાના હ્રદયને પીગળાવવા માટે પોતે જ દુઃખ વેઠી લેવાની તમન્ના બેઉની એક સરખી જ. સત્યાગ્રહ આશ્રમના નિભાવને માટે એક પાઇ પણ સિલકમાં ન હોય તો પણ રામજી નિભાવી લેશે એવી ગાંધીજીની અચળ શ્રદ્ધા છે તેવી જ ચૈતન્યદેવને પણ હતી. “ વિશ્વંભર કૃષ્ણ તેના ભક્તોની તમામ સાચી જરૂરિયાતો પુરી કર્યાં વગર રહે જ નહિ, ” એવું તે પોતાના સાથીઓને કહેતા અને પ્રવાસ વખતે વાટખરચીને સારુ એક કોડી પણ લેવા દેતા નહિ. રક્તપિતીઆઓને શરીરે હાથ ફેરવનાર અને અંત્યજોને અપનાવનાર ચૈતન્યદેવ અને ગાંધીજી બેઉ પ્રેમ અને દયાની અભિન્ન મૂર્તિઓ છે. નમ્રતા, ક્ષમા, સહિષ્ણુતા અને પોતાના દોષ જાણવાની તત્પરતા એ પણ બેઉમાં એક સરખા જ. નિર્વૈરભાવ અને પોતાનું અનિષ્ટ કરનારના પ્રત્યે પ્રેમ એ બે દૈવી ગુણો બુદ્ધ, જીસસ અને ચૈતન્યદેવના જેટલા જ ગાંધીજીએ પોતાના કરી લીધા છે. આજે ગાંધીજીનું હ્રદય ભારતવર્ષની પરાધીનતા જોઇને સળગી ઊઠે છે. પોતાની આસપાસના માનવીઓની પાશવ અવસ્થા જોઇને ચૈતન્યદેવને પણ તેટલું જ ઊંડું દર્દ થતું હતું અને એ દર્દની પીડાથી તેઓ રાતદિવસ તરફડતા હતા. પોતાના જીવનની છેલ્લી પળ સુધી ત્રિતાપથી જર્જરિત થએલી જનતાની કલેશકર સ્થિતિના ખ્યાલને તેમણે પોતાની નજર આગળથી ખસેડ્યો નથી. બીજાની ભૂલો અને નબળાઇની ખાતર ગાંધીજીએ ઉપવાસ કર્યાં છે; દારૂડીઆઓના ઘર આગળ જઈને ચૈતન્યદેવે તેમના પાપની ભીક્ષા માગી છે. તેમની યાચના કરી કરીને તેમના પાપનાં દાનનો સંકલ્પ તેમણે પોતાના હાથમાં લીધો છે. પોતાની નિંદા કરનારના મંદવાડ વખતે વણ તેડાવ્યા તેમની પાસે જઇને ચૈતન્યદેવ તેમના માથા ઉપર પોતાનો પ્રેમાળ હાથ ફેરવી આવ્યા છે.

પરન્તુ એ બધા કરતા પણ વિશેષ સામ્ય તો એ બેઉ મહાપુરુષોના સત્યાગ્રહમાં જોવામાં આવે છે. શાસનકર્તાના અન્યાયી વર્તન સામે ગાંધીજીનો સત્યાગ્રહ તો મુલ્કમશહૂર છે. પણ સત્યાગ્રહનો પ્રયોગ કરવામાં વૈષ્ણવો તેમના પૂર્વગામીઓ છે. હિન્દુસ્તાનના વૈષ્ણવોનો ઇતિહાસ સત્યાગ્રહનાં દૃષ્ટાંતોથી ભરપૂર છે એવી મતલબનું કાંઇક ગાંધીજી પોતે જ થોડા દિવસ અગાઉ ‘ નવજીવન ’માં લખી ગયા છે. શાસનકર્તાના ગેરવાજબી હુકમનો સવિનય નિરાદર કરીને ચૈતન્યદેવે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. કેટલાક તેજોદ્વેષી હિન્દુઓની શીખવણીથી ચૈતન્યદેવના જન્મસ્થાન નવદ્વીપના મુસલમાન કાઝીએ શહેરમાં ઘોષણા કરાવી દીધી કે કોઇ મોટે અવાજે કીર્તન કરે નહિ. મૃદંગ, કરતાલ વગેરે વાદ્યો સહિત જે કોઇ કીર્તન કરશે અથવા એવા કીર્તનમાં જે કોઇ હાજરી આપશે તે બધાને ગુનેગાર ગણીને શિક્ષા કરવામાં આવશે અથવા તો તેમને મુસલમાન કરી દેવામાં આવશે.

નમ્રતા અને દઢતા બેઉ પરસ્પર વિરોધી દેખાતા ગુણોનો ગાંધીજી અને ચૈતન્યદેવમાં સુંદર મેળ થએલો જોવામાં આવે છે. બેઉની નમ્રતા અને દીનતા અજોડ છે. છતાં જ્યારે તેમના મર્મસ્થાન ઉપર પ્રહાર કરવામાં આવે છે ત્યારે બેઉ નમ્રતા અને દીનતાની મૂર્તિઓ

સિંહના જેવું શૌર્ય દાખવે છે; ભક્તનો પુણ્યપ્રકોપ પ્રજ્વળી ઊઠે છે અને તેમની કોમળ, સૌમ્ય કાંતિ સાત્ત્વિક શૌર્યની પ્રતિભાથી પ્રતાપાન્વિત બની જાય છે.

ચંપારણ્યના માજિસ્ટ્રેટના હુકમનો ગાંધીજીએ જે ઉત્તર આપ્યો હતો તેવો જ ઉત્તર ચૈતન્યદેવે નવદ્વીપના કાઝીને સંભળાવી દીધો, અને પોતાના સાથીઓને સૂચના કરી દીધી કે આજે સાંજ પડ્યા પછી આપણે વાજતે ગાજતે નગર સંકીર્તન કરવા નીકળી પડવું અને આપણું રોજનું કીર્તન આપણા ઘરમાં નહિ પણ ખુદ કાઝીની હવેલીના ચોકમાં જ કરવું. બિનલડાયક અને નિઃશસ્ત્ર હિન્દુઓ માત્ર સત્યના શસ્ત્ર વડે પશુબળનું અભિમાન રાખનાર રાજસત્તાને નમાવી શકે છે અને પોતે અહિંસક રહીને પણ પોતાની ઇજ્જતનું અને સ્વાધીનતાનું રક્ષણ કરી શકે છે તેનું સક્રિય ઉદાહરણ ચૈતન્યદેવ ગાંધીજીના પૂર્વે ચારસો વર્ષ અગાઉ બતાવી ગયા છે. તેમણે પોતાની ઓજસ્વિની વાણીથી પોતાના સાથીઓના હૃદયમાં એટલું બળ પ્રેર્યું કે તેઓ હજારોની સંખ્યામાં જાહેર રસ્તા ઉપર કીર્તન કરતા કરતા ઠેઠ કાઝીની હવેલી સુધી પહોંચી ગયા અને ત્યાં પણ નિર્ભયપણે કીર્તન કરવા લાગ્યા. આખરે કાઝીને જ નમવું પડ્યું અને તેનો હુકમ હવામાં ઊડી ગયો.

ગાંધીજી આફ્રિકાથી હિન્દમાં આવ્યા ત્યારથી એ પુરાણા દિવસો તાજા થયા છે. બુદ્ધ, ચૈતન્ય અને ગાંધીની ત્રિપુટી વડે ભરતખંડ ત્રિવેણી ક્ષેત્રના જેવો પુનિત થયો છે. એ ત્રણેનાં તપ ભરતખંડની અમૂલ્ય સંપત્તિ છે. એ ત્રિવેણીગંગામાં સ્નાન કરીને ભરતખંડ પાવન થશે તો તેઓ પોતાનું અને જગતનું કલ્યાણ સાધી શકશે.

નર્મદાશંકર પંડ્યા

કામદાર પ્રશ્ન પરત્વે ગાંધીજી

ગાંધીજીના વ્યક્તિત્વ વિષે અનેક દૃષ્ટિએ વિવેચનો થયા છે, પણ કોઈ બાબત વિષે સમાજ વધુ અજાણ હોય તો તેમના કામદાર પ્રશ્ન પરત્વેના વિચારો સંબંધે છે. ગાંધીજીના સમાજરચનાને લગતા વિચારોનું આ એક પાસું છે અને તેથી એ સંબંધી ખાસ જુદી ચર્ચા આપણે તેમના લખાણોમાં જોતા નથી. સામ્યવાદમાં માનનારાઓએ આ સંબંધી અનેક ભ્રમો ઉત્પન્ન કર્યા છે. એટલે તે વિષે ઘણી ગેરસમજુત ઊભી થયેલી છે. ગાંધીજીની મજૂરસેવા બાર વર્ષ જેટલી લાંબી છે, અને તેમાં એમનો ફાળો અનન્ય છેઃ એટલે જો કે ગાંધીજીના લખાણો પરથી આપણને મજૂર પ્રશ્ન પરત્વેના તેમના વિચારો સ્પષ્ટપણે સમજાતા નથી છતાં આ સેવા વિષેનો સહેજ અભ્યાસ કર્યાથી તે સંબંધી કાંઈક ઝાંખી થાય છે.

ગાંધીજીએ ગૂજરાતમાં 'શ્રી ગણેશ' અમદાવાદના મીલ મજૂરોના 'ધર્મયુદ્ધ'થી કર્યું હતું. ૧૯૧૮ની આ 'એક ટેક'ની લડતમાંથી માંડી આજ સુધી તેમણે અમદાવાદના

મીલ મજૂરોના પ્રશ્નમા જીવન્ત રસ લીધો છે અને તેમને અમદાવાદ મજૂર મહાજનના આત્મા તરીકે યોગ્ય રીતે ઓળખવામા આવે છે. સદરહુ સંઘની વિશિષ્ટ કાર્યપદ્ધતિને, 'ગાંધી કામદાર હીલચાલ' એવું ટૉમશૉના ડેપ્યુટેશને નામ આપ્યું હતું એ સર્વાંશે સત્ય છે. ગાંધીજીની જીવન દષ્ટિ યાદ રાખીએ અને એમણે સદરહુ મજૂર સંઘ માટે યોજેલી કાર્યપદ્ધતિ સમજીએ તો એમના મજૂર પ્રશ્ન વિષેના વિચારો સંબંધી ઘણી ગેરસમજુત દૂર થાય.

સામ્યવાદીઓ મૂડીદાર અને મજૂર એવા સમાજના બે પરસ્પર વિરોધી વર્ગો માને છે અને એમનું આખું શાસ્ત્ર આ વર્ગવિરોધના વિચાર પર અવલંબેલું છે. ગાંધીજીને મન આવા પરસ્પર વિરોધી વર્ગો નથી. તેઓ માલિક અને મજૂરનો સંબંધ બાપ અને બેટા જેવો ગણે છે અને પ્રેમના પાયા પર એમની દરેક પ્રવૃત્તિને તેઓ તપાસે છે. રસ્કિનનું 'સર્વોદય' (Unto This Last) એ આ વિચારોનું મૂળ છે, જ્યારે સામ્યવાદીઓ કાર્લ માર્ક્સની 'Capital'–મજૂર ગીતામાથી પ્રેરણા–મેળવે છે. જીવનની આ ફિલસુરીમા જે કાંઇ વિસંવાદ હોય તો તેટલો વિસંવાદ આ બન્ને વિચારકોમાં છે.

'જગતના મજૂરો એક થાઓ' નો પ્રતિઘોષ કરતું '૧૮૪૮નું પ્રખ્યાત' સામ્યવાદી જાહેરનામું મજૂરોએ શું મેળવવાનું છે, એમના હકો શા છે, એ સમજાવે છે અને એ મેળવવા માટે તેમને કટિબદ્ધ થવા દુનિયાના સમસ્ત કામદાર વર્ગને હાકલ કરે છે. ગાંધીજીની જીવનદષ્ટિ ફરજો અદા કરવાના અને સ્વનિયમનના સિદ્ધાંત પર રચાઇ છે અને તેથી મજૂરોના હકો શા છે, અને તે મેળવવા તેમણે શું કરવું જોઇએ એ કહેવાના કરતાં તેમણે શી ફરજો અદા કરવાની છે તથા તે ફરજો બજાવવાથી એમને હકો મળી જ રહેશે એ જ બાબત પર તેઓ વધુ ભાર મૂકે છે. આમ હોવાથી લડત માટે આહ્વાન કરવાનું તેઓ સમજાવતા નથી, પણ લડત આવ્યે તેમા પ્રાણ પૂરવાની તેઓ અપૂર્વ તાલીમ આપે છે અને આડકતરી રીતે લડત અટકાવે છે પણ ખરા.

સહેજ વિચાર કરતાં જણાશે કે જીવનની આ બન્ને ફિલસુરીમાં દેખાય છે એવો વિરોધ નથી. મૂડીની અવ્યવસ્થિત વહેંચણીને સામ્યવાદીઓ મહા અનર્થનું મૂળ માને છે. બીજા વર્ગો ઉપર ચઢી બેસી એક વર્ગ તાજો થાય તેની સામે ગાંધીજીનો પણ મૂળ વિરોધ છે. મૂડીથી થતી એકહથ્થુ સત્તાનો વિરોધ બન્નેનો સરખો છે. સામ્યવાદી સમાજમાં ખાનગી મિલકતને સ્થાન નથી. અપરિગ્રહ વ્રતને અનુસરવાનું કહી ગાંધીજી ખાનગી મિલકત પર ભારે નિયમન કરે છે. જમીન અને મૂડી સમસ્ત પ્રજાની મિલકત છે અને તેનો ઉપયોગ સમસ્ત સમાજના હિતમા કરવો જોઇએ એવું સામ્યવાદીઓ માને છે અને ગાંધીજીના મંતવ્યો પરથી સમજવું કઠણ નથી કે તેઓ આ સબંધી સમાન વિચારના છે.

એકહથ્થુ મૂડીથી ઉપજતો સામાજિક અન્યાય અને તે મેળવનારને પ્રાપ્ત થતી અનિયંત્રિત સત્તા દબાયલા વર્ગના દુઃખનું કારણ છે. આ સામાજિક અન્યાય સામે ઝૂઝવા અને પોતાનો ન્યાયી હિસ્સો મેળવવા દબાયલા મજૂર પાસે એક માત્ર સંગઠનનું હથિયાર છે. આ સત્તાના આક્રમણો સામે રક્ષણ મેળવવા કામદારોએ સંગઠન કર્યે જ છૂટકો. આ દષ્ટિએ ગાંધીજી આવું સંગઠન કરે છે અને તેને પોષે છે. નફાના ઉત્પાદનમાં મજૂરોને

તેઓ ભાગીદાર માને છે તેથી આવા સંઘો મારફને એક જગ્યાએ એકઠી થતી મૂડી પર નિયમન કરે છે. વળી આવા સંઘોને જ આત્મશુદ્ધિનુ સરસ સાધન બનાવી મજૂર વર્ગની ત્રુટીઓ ગાંધીજી દૂર કરે છે, તેમનામાં સ્વમાનની જાગૃતિ આણે છે અને જીવનની તાલીમ આપે છે. ૧૯૧૮ની અમદાવાદના મજૂરોની લડતથી માંડી આજ સુધીની તેમની અમદાવાદની મજૂર પ્રવૃત્તિ તપાસીશું તો આ વિશેષ સમજાશે.

સામ્યવાદીઓ પોતાનાં વિશિષ્ટ મંતવ્યો અનુસાર મજૂર પ્રવૃત્તિ રચે છે. મજૂરો ગુલામીની જંજીરો તોડી નાખી સમગ્ર સંસારમા સર્વોપરી સ્થાન મેળવે તે માટે સાધન તો મજૂરોનું આ સંગઠન જ છે. સામાજિક અન્યાય ફિટાડવા, મૂડીદારોની સત્તા અને મદને કચરવા, નફાના ઉત્પાદનમા યોગ્ય હિસ્સો પડાવવા મજૂરો પાસે આ પ્રચંડ શસ્ત્ર છે. અને વખતને અનુકૂળ ક્રાન્તિકારી રીતે તેનો ઉપયોગ કરવા પાછા હઠતા નથી. 'ધીમે ધીમે સુધારાના સાર' તરફ એમનું લક્ષ નથી. એમને તો સમાજમાં પલટો કરાવવો છે અને વચગાળે મજૂરો દુઃખી થાય તેનો એમને પરિતાપ નથી, બલકે મજૂરોની છેવટની મોટી લડત માટે આવા ભોગો આપવા પડે તેને તેઓ વધાવી લે છે. અને ડિસિપ્લીન માટે મજૂરોને હંમેશ જાગૃત રાખે છે. સામ્યવાદીઓનું દૃષ્ટિબિંદુ આવું હોવાથી એમને અમદાવાદની ચળવળ મોળી માલમ પડે. મુંબઈની માફક હડતાળોનો અગ્નિ હમેશ ત્યાં તપતો ન રહે તેથી અસંતોષ રહે તે સમજાય એવું છે.

મજૂર સંઘો ચલાવવાની બન્નેની કાર્યપદ્ધતિમા ફરક જણાય છે તેના મૂળમા આ જુદી જુદી દૃષ્ટિ જ છે. અમદાવાદનું મજૂર મહાજન માલિકોનો સહકાર મેળવી ચલાવાય છે. સંઘના સભાસદોનું લવાજમ પણ માલિકો ઉઘરાવી સંઘની ઓફિસે મોકલી આપે છે. આને Yellow Unionism કહેવાય પણ તે સંઘના આદર્શો અને કાર્યપદ્ધતિને અનુસરતું તો છે જ. આ રીતે સંઘ ચલાવવાથી સંઘ પાંગળો થઈ જાય તે દેખીતું છે છતા સ્પષ્ટતાની ખાતર એટલું કહેવું જોઈએ કે મજૂરો આ પ્રમાણે પાંગળા થઈ જાય એમ ગાંધીજી ઇચ્છતા નથી. મજૂરો સમાન દરજ્જાના માણસ તરીકે ટટ્ટાર ઊભા રહે એવુ તે જરૂર ઇચ્છે છે અને તેઓને માલિકો અયોગ્ય રીતે દબાવે ત્યારે મજૂરોને પડખે રહી તેમને લડત આપવા તેઓ પ્રેરણા આપે જ. *મજૂર અને માલિકનો સંબંધ મીઠો કાયમ રહે એવી સ્થિતિ તેમને આવકારદાયક* છે. પણ આ મીઠા સંબધથી મજૂરોને શોષવું પડે તે તેમનાથી દીઠું ખમાય નહિ. માલિકો પાસેથી મજૂરોને સામાન્ય લાભો જેવા કે સુઘડ ઘરો, નિશાળો, ઘોડિયા ખાતાં, દવાખાના ઈત્યાદિ મળે, તે માટે તેઓ મદદ કરે, પણ એટલામા જ એમને બધુ મળી ગયુ એમ તેઓ નથી માનતા. કારખાનાના વહીવટમાં મજૂરોનો યોગ્ય અવાજ રજુ થાય, એના લાભમા એમને હિસ્સો મળે એમ તેઓ માનતા હોવાથી તેને માટે છેવટના હથિયાર તરીકે લડત કરતાં તેઓ તેમને અટકાવે નહિ.

ગાંધીજીની દૃષ્ટિ મજૂરોની આત્મશુદ્ધિ તરફ વિશેષ હોવાથી તેઓ આ સંઘો પણ એ જ રીતે ચલાવવા ઈચ્છે કે જેથી મજૂરોની આત્મસુધારણા થાય. અમદાવાદ મજૂર સંઘની આવકનો પોણા ઉપરાંત ભાગ મજૂરોની કેળવણી, દારૂનિષેધ આદિમાં વપરાય છે તે ઘણું સૂચક છે. લડાયક મજૂર હીલચાલમાં માનનારાઓ આ સમાજસુધારાની પ્રવૃત્તિઓ તરફ

કટાક્ષથી જુએ. પણ એ નિઃશંક છે કે તેનાથી મજૂરનેતા મજૂરોની નાડી પારખે છે અને મજૂરોના પ્રત્યક્ષ સંબંધમાં આવે છે એટલું જ નહિ, પણ હડતાળ જેવી લડતો માટે મજૂરોને ખૂબ સરસ તાલીમ આપે છે.

હડતાળો વિષે અને તે ચલાવવાની પદ્ધતિ વિષે ગાંધીજી ખાસ વિચારો ધરાવે છે. તકરારી બાબતનો નિકાલ પંચ મારફતે લાવવો જોઇએ એમ તેઓ માનતા હોવાથી મજૂરોને જ્યારે હડતાળ પાડવી જ પડે ત્યારે તેઓ આ પંચના તત્ત્વ માટે જ લડી લે એવું ગાંધીજી માને છે. ૧૯૨૨ ની અમદાવાદના મજૂરોની હડતાળ જેના પરિણામથી ૧૫$\frac{1}{2}$ ટકાનો મજૂરના પગારમાં ઘટાડો થયો હતો તે હડતાળ આ પંચના તત્ત્વ બાબતે જ હતી. હડતાળના વખતમા મજૂરો બીજો ધંધો કરી આજીવિકા જોવું અથવા તેનો થોડોક ભાગ પણ મેળવી લે, આળસુ થઈ બેસી ન રહે, આત્મશુદ્ધિ કરે એવું ગાંધીજી માને છે અને એ જ મુજબ ધર્મયુદ્ધની લડત તેઓ લડયા હતા. બીજા મજૂરનેતાઓની આ બન્ને સંબંધી જુદી માન્યતાઓ જણાય છે. જો કે બીજી જગ્યાની હડતાળો પંચની નિમણૂક કે એવી વાટાઘાટથી સમાપ્ત થાય છે પણ પંચના તત્ત્વના સ્વીકાર માટેની હોતી નથી. અમુક અન્યાયો દૂર કરાવવાની તેમા સીધી માગણી હોય છે. હડતાળો માટે મોટાં ફંડો મજૂર સંઘો ભેગાં કરી રાખે છે. અને તેના ઉપયોગ પર મજૂરો બહુધા આધાર રાખે છે. ગાંધીજી આવાં ફંડો ભેગા કરવાની વિરુદ્ધ છે અને મજૂરોનો પૈસો એમની કેળવણી અને જીવન માટેની તાલીમ માટે વપરાય એમ ઇચ્છે છે.

શ્રી. સકલતવાળા અને ગાંધીજી જોડે લંબાણથી કામદાર પ્રશ્ન સંબંધી પત્રવ્યવહાર થયો હતો. તેના ઉલ્લેખ વગર આ લેખ અપૂર્ણ ગણાય. શ્રી સકલતવાળા અહીં આવ્યા ત્યારે તેમણે જોયું કે અમદાવાદનો મજૂર સંઘ સમસ્ત હિંદની ટ્રેડ યુનિયન કોંગ્રેસમાં જોડાયો નથી અને તેનું કારણ ગાંધીજી છે. એટલે એમણે ગાધીજીને અરજ કરી તેમને સદરહુ સંઘને સમસ્ત દેશની આ હીલચાલ સાથે જોડી દેવા આગ્રહ કર્યો. તે વખતે ગાંધીજીએ જણાવેલું કે 'આપણી ચળવળને સ્થાનિક રૂપમા રાખી મજબુત કરવી એ જ આજે કર્તવ્ય છે. એને અંદરથી ઊગવા દેવી અને ફાલવા દેવી એ જ આવકારદાયક છે. આ બહોળી હીલચાલ મોટે ભાગે કૃત્રિમ છે. કેટલીક જગ્યાઓએ મજૂરસંઘોનું નેતૃત્વ સ્વાર્થીઓના હાથમાં છે અને કોઇકિ કોઈક જગ્યાએ સલામત હાથમાં નથી. આતરસુધારણાના પાયા પર જ આપણે આ ચળવળને ઉછેરીએ.' આમા તથ્યાંશ છે છતા મજૂર હીલચાલનું સ્વરૂપ જ એવું છે કે જેથી તેને ફળદાયી કરવા માટે આમ સ્થાનિક રાખવી ઉચિત નથી. સમસ્ત દેશની મજૂર હીલચાલે છેલ્લાં બે વર્ષમા જે પ્રગતિ કરી છે અને એને દબાવી દેવા માટે રાજ્યે હમણાં હમણાં જે પગલાં લીધાં છે તે જોતા અમદાવાદના મજૂર સંઘે સમસ્ત દેશની હીલચાલથી હવે અળગા રહેવું એ ભાગ્યે જ યોગ્ય લેખાશે. અમદાવાદની મજૂર હીલચાલ પણ હવે એટલે આવી છે કે તેણે સમસ્ત દેશની હીલચાલ જોડે સહકાર કરવો આવકારદાયક છે.

જીવણલાલ ક. ચાંપાનેરીઆ

ગાંધીજીનો રાજકારણમાં ફાળો

ગાંધી જયન્તી અંકમાં ગાંધીજીએ પોતે સ્વરાજ્ય દેવીને શું અને કેટલું અર્ધ્ય આપ્યું એનો કંઇક વિચાર અસ્થાને નહિ ગણાય. પણ તે પહેલાં એમના પુરોગામી પુરોહિતોએ એમને માટે કેટલી તૈયારી કરી તે જાણવું જરૂરનું છે. તેથી ભૂતકાળ તરફ નજર કરીએ.

૧૮૫૭ ના સ્વાતંત્ર્યયુદ્ધ પછી આશરે ત્રીસ વર્ષ સુધી અંગ્રેજી રાજ્ય ગાટેનો વાહવાહ યુગ ચાલ્યો. અંગ્રેજી રાજ્યમાં બધું જ સારું સારું છે, એણે દેશમા શાન્તિ સ્થાપી, આપણને જંગલીઓને સુધારવા માટે ઇશ્વરે જ ગોરા દેવદૂતોને મોકલ્યા એવી તે વખતની ભાવના હતી.

પણ એક જમાના પછી કેટલાક અતિ શિક્ષિત લોકોને ઝાંખું ઝાંખું લાગવા માંડ્યું કે ઊજળું એટલું દૂધ ન યે હોય. આના પડધા રૂપે ઇ. સ. ૧૮૮૫ માં મહાસભા સ્થપાઇ. તેના સ્થાપનારાઓમાં સહેજે આગળ તરી આવે એવા તો હિંદના દાદા દાદાભાઈ નવરોજજી હતા. એમનું 'Poverty & Un-British Rule in India' નામનું પુસ્તક યુગવર્તી (કે શકવર્તી ?) હતું. તે પુસ્તકે આપણી આંખ ઉઘાડી. મોહયુગને છેલ્લો જબરો ફટકો એ પુસ્તકે માર્યો. 'રાજકાર્યમાં કંઇક વધારે હિસ્સો' મેળવવાની મહાસભાની માગણીને એ પુસ્તકે મજબુત ટેકો આપ્યો. આમ દાદાભાઈનું નામ હિંદી રાષ્ટ્રના આદ્ય સ્થાપક તરીકે ચિરંજીવ રહેશે.

વીસમી સદીની શરૂઆતમાં જ ઇશ્વરે બીજો રાષ્ટ્રવિધાયક મોકલ્યો. તે હિંદી નહોતો અને એની ઇચ્છા કોઈ પણ રીતે હિંદી જનતાને સહાય કરવાની નહોતી. પણ પરિણામ ઉપરથી એને રાષ્ટ્રવિધાયક ગણવો જોઇએ. સદીની શરૂઆતમાં જ આવેલી લૉર્ડ કર્ઝનની કારકીર્દિથી હિંદના માનસમાં જે ફેરફાર પડ્યો તેનો આંક આપણે પૂરો આંક્યો નથી. નવા ઉદ્દામ પક્ષને જગાડવાનું માન એને ઘટે છે. અરવિંદ ઘોષ અને નવા બંગાળની ભેટ એણે જ ધરી. લોકયુગની શરૂઆત એના વગર થાત કે નહિ એ વિકટ પ્રશ્ન છે.

પરિણામે ઈ. સ. ૧૯૦૬ માં પહેલી વાર અને તે પણ હિંદના માનવંતા દાદાને શુભ મુખે જ સ્વરાજ્યની માગણી મહાસભાએ કરી, અને ૧૯૦૭ ની ઐતિહાસિક સુરતની મહાસભામાં વિનીત અને ઉદ્દામ પક્ષ વચ્ચે ફાટ પડી. કેટલાયના હૃદય તે વખતે ફફડ્યાં હશે. 'દેશની પ્રગતિ અટકી કે પાછળ હઠી' એવા નિરાશાવાદી વચનો ઘણાએ કાઢ્યા હશે. ખરું જોતાં એ પ્રસુતિવેદનામાંથી જ રાષ્ટ્રપૂજાધર્મનો જન્મ થયો. મહાસભાની કાર્યપદ્ધતિને ભિખારીની અને બાયલાની નીતિ કહી ધુતકારવામા આવી.* સ્વાશ્રય ઉપર આધાર રાખવો જોઇએ એવો આછો આછો ખ્યાલ યુવક વર્ગમાં આવ્યો. આ પરિવર્તન આણનાર મુખ્ય બે વ્યક્તિઓ: બંગાળામાં અરવિંદ ઘોષ અને મહારાષ્ટ્રમાં તિલક મહારાજ.

મોર્લી-મીન્ટોના સુધારાથી વિનીત પક્ષને પોતાની પાંખમાં લેવાની (Rallying the moderates) અને મુસલમાનોને રાષ્ટ્રીય ચળવળથી અલગ કરવાની સરકારી નીતિ સફળ થઇ. વિનીતોના તાબાની મહાસભાનો વિરોધ ઘણો મંદ થઈ ગયો પ્રેસ એક્ટ અને ૧૮૧૮ ની ત્રીજી કલમ વગેરેનો છૂટથી ઉપયોગ કરી ઉદ્દામ પક્ષને દબાવવામા

---

* "Constitutional agitation is that agitation which is consistent with the safety of the agitator, —B. C. Pal.

આવ્યો. આથી ૧૯૦૯ થી લગભગ ૧૯૧૫ સુધીનો સમય પ્રગતિ વિનાની શાન્તિનો છે. બોમ્બવાદીઓ જ વચમાં વચમાં સરકારને કનડતા.

૧૯૧૪ ના ઑગસ્ટમા લડાઇ થઇ. થોડા વખત પછી લખનૌમાં હિંદુ–મુસ્લીમ પૅક્ટ (કરાર ?) થયો. તે પછી થોડા જ વખતમાં એક અપૂર્વ વ્યક્તિએ હિંદના રણક્ષેત્રમાં ઝંપલાવ્યું. આગ્રહી સ્વભાવથી, અસામાન્ય જુસ્સાથી, કામમાં એકતાનતા અને ખંતથી શ્રીમતી ઍની બેસન્ટ જોતજોતામાં આપણા મહારથીઓની હારમા આવી ઊભાં. ઠેર ઠેર હોમ રૂલ લીગ સ્થપાયાં. યુવાનોને નવા જુસ્સાથી કામ કરવાની તક મળી. પણ સહેજ પણ માથું ઊંચકે તેને દબાવી દેવાની સરકારી નીતિનાં એ ભોગ થઇ પડયાં અને લૉર્ડ પેન્ટલેન્ડે એમને નજરકેદ કરી પ્રખ્યાતી (કે નામોશી ?) મેળવી.

હોમરૂલની ચળવળ ગમે તેવી પ્રચંડ દેખાતી હતી છતાં, જેમ ભરતીનો ભારે ક્ષોભ સમુદ્રના તળિયાને બહુ સ્પર્શ નથી કરી શકતો તેમ, આ ચળવળે હિન્દુ–માનવતા ઉપર થોડી જ અસર કરી. ચળવળ મુખ્યત્વે કરીને શિક્ષિત વર્ગની હતી...'હોમ રૂલ' શબ્દ ને તે પાછળનો વિચાર કંઇક પરભૂમિમાંથી આણેલાં હતાં. તેથી ૧૯૧૮ ની કલકત્તાની મહાસભામા શ્રી. દાસે જ્યારે શ્રીમતી ઍની બેસન્ટની સત્તાનો વિરોધ કર્યો ત્યારે તે આપોઆપ બંધ થઇ.

આ બધા વર્ષો દરમિયાન જો કોઇએ સરકારની ઊંઘ ખરેખર બગાડી હોય તો તે લોકમાન્ય બાળ ગંગાધર તિલકે. રાજકારણમાં એમનો ફાળો અનેરો છે. જ્યોર્જ જોસેફ 'યંગ ઇન્ડિયા' ના એક અંકમાં કહે છે તેમ, બળદના પૂછડા આમળતો ખેડૂત કે પરસેવાથી રેબઝેબ થયેલો મજૂર—એ જ હિંદી રાજકારણનો સાચો વિધાતા છે એવી શોધ એમણે જ કરી. પણ એ તો મહારાષ્ટ્રની જનતાના મોટા મોટાં ટોળાંનું શસ્ત્ર બનાવી સરકારની આંખ આગળ તેને હલાવવામાં જ સંતોષ માનતા.*

૧૯૧૮–૧૯ માં પંજાબના અત્યાચાર થયા. યુદ્ધ પૂરું થયું એટલે સરકારને હિંદની ગરજ રહી નહિ, ને સામ્રાજ્યવાદ માટે ખિલાફતનો ભોગ અપાયો. લોકો ઉશ્કેરાયલા હતા પણ તેમને માર્ગદર્શકની જરૂર હતી. તિલક મહારાજ ઇંગ્લન્ડથી આવ્યા પછી થોડી વાર, –થોડી જ વાર–કંઇક ઓછા માનીતા થયા હતા, મુસલમાનોને સંતોષે તેમ હતું નહિ, ને બીજો કોઈ અખિલ હિંદનાયક રહ્યો નહોતો.

રાજકારણની રંગભૂમિ ઉપર આટલા અંકો ભજવાયા પછી ગાંધીજી દેખા દે છે. દક્ષિણ આફ્રિકાના કડવા અનુભવોએ એમને શીખવ્યું હતું કે ગોરા લોકો પાસેથી કંઇ પણ હક મેળવવા હોય તો તે આજીજીથી કે ખાલી ધમકીથી કદી નહિ મળે. (ઘણું કરીને કવિવર ટાગોરે મોડરેટ અને એક્સ્ટ્રીમીસ્ટ માટે એક ઠેકાણે લખ્યું છે કે એક પોતાની પૂછડી પટપટાવી દીન યાચના કરે છે અને બીજો ઘુરકીને લાલ ડોળા કરીને શેઠ પાસે માગે છે.) આ બે ઉપરાંત ત્રીજો માર્ગ બોમ્બવાદીઓનો હતો. પણ ગાંધીજી માને છે કે હિંસા દ્વારા સ્વરાજ્ય અશકય છે અને શકય હોય તો અયોગ્ય છે.

---

* It was Tilak that discovered the true master in Indian Politics—the common man, the man behind the plough and in the village............(but) he was content to brandish the sheer size of the Indian crowd in the Englishman's face.

George Joseph ('Young India' 2-8-23)

તેથી દક્ષિણ આફ્રિકાનાં આત્મયુદ્ધોમાં તેમને જડયું હતું તે નવું શસ્ત્ર તેમણે હિંદમાં અજમાવ્યું. હિંદી રાજકારણમાં 'સત્યાગ્રહ' શબ્દ પહેલી વાર પ્રચલિત થયો. 'સરકાર શું કરશે? બહુ બહુ તો જેલમા પૂરશે કે મારી નાખશે? પણ કેટલાને મારશે? આખરે સરકાર થાકશે ને આપણી લડત જો સત્યની હશે તો એને નમતું આપવું જ પડશે. અરે! ફક્ત એક જ માણસ એવો હોય કે જે સંપૂર્ણ રીતે શુદ્ધ સત્યનું પાલન કરતો હોય તો તે એક જ આખી સલ્તનત માટે બસ છે. બોમ્બવાદીઓને જોઇતો ચમત્કાર આ સત્યાગ્રહમાં છે' એવા અર્થનું ગાંધીજીનું કહેવું છે.

સત્યાગ્રહનું બીજુ સ્વરૂપ તે અસહકાર. સત્યનો આગ્રહી, અસત્ય સાથે, અન્યાય સાથે, સહકાર કેમ કરી શકે? વ્યવહારુ રાજનૈતિક દષ્ટિ માટે એ કહે છે કે હિંદ જીતાયું તે હિન્દીઓની મદદથી અને અંગ્રેજી રાજ્ય નભે છે તે પણ હિન્દીઓના જ ટેકાથી. (ઇતિહાસકાર સીલીનો આ કથનમાં ટેકો છે) એ ટેકો ખેંચી લો એટલે પાનાના કિલ્લાની માફક એ સત્તા તૂટી પડશે. જેમ આયર્લૅન્ડ પહેલાં ફ્રાન્સ તરફ, પછી ઇંગ્લન્ડના લીબરલ્સ તરફ, પછી રૅડીકલ્સ તરફ અને પાર્લામેન્ટમાં અટકાવનીતિ (Obstruction tactics) તરફ, છેલ્લા અમેરિકા તરફ આતુર પણ વ્યર્થ નજર નાખીને કંટાળ્યું અને છેવટે તેણે Sinn Fein (Ourselves—આપણે પોતે જ) ની નીતિ ગ્રહણ કરી તેમ હિંદની નિરાશ થયેલી પ્રજા માટે સત્યાગ્રહ અને આ શસ્ત્રે સ્વાશ્રયનો જ પંથ બતાવ્યો છે. વળી આથી જ હિંદી રાજકારણ ધાર્મિક તત્ત્વના ઉન્નત પાયા ઉપર મૂકાયુ છે. રાજકારણને ધર્મની ઊંચી કક્ષા ઉપર સત્યાગ્રહના ઉપદેશથી લઈ જનાર ગાંધીજી જ છે. અલબત, એમાં યે કેટલાક બોમ્બવાદીઓ અને અરવિંદ ઘોષ એમના પુરોગામી છે, પણ તે થોડે અંશે.

પણ આ શસ્ત્ર તો ત્યારે જ વાપરી શકાય કે જ્યારે પ્રજામાં કંઇક તાકાત હોય, જ્યારે શિક્ષિત અશિક્ષિત વચ્ચેનો ભેદ તૂટી જાય, જ્યારે હિંદી માનવતા અસહ્ય ગરીબાઇને ફીટાડી કંઇક બીજા વિચાર કરી શકે, અને આપણી ગયેલી સંગઠન શક્તિ પાછી આવે. આ હેતુ પાર પાડવા માટે યુવાનોને તે પોકારી પોકારીને કહે છે: "જાઓ ગામડામા, ખેડૂત સાથે સંપ કરો; તમારા સંસ્કારોનો, તમારી કેળવણીનો લાભ તેમને આપો."

જ્યાં સુધી માણસ અતિ દરિદ્ર હોય ત્યાં સુધી એને બીજું સૂઝે જ નહિ એમ ગાંધીજી જાણે છે, તેથી રેંટિયાને એક પુર્તિકારક ઉદ્યોગ તરીકે એ આગળ ધરે છે. રાજકીય દષ્ટિએ રેંટિયો બહિષ્કારનો ટેકો છે. અને બહિષ્કાર એટલે અંગ્રેજના સુવાળામાં સુંવાળા ભાગ ઉપર–તેના ગજવા ઉપર કાપ. પણ એ તો રેંટિયાને મુખ્યત્વે કરીને ગરીબાઇના ઉપાય તરીકે જ સૂચવે છે. રેંટિયાની હરિફાઇથી મીલમાલેક અતિ લોભી નહિ થઈ શકે અને લોકોમા આર્થિક સ્વાધીનતાથી અને રેંટિયા માટે જરૂરી વ્યવસ્થાયંત્રથી શક્તિ આવશે એવી એમની દલીલ છે. ૧૯૨૨ પછી ગાધીજી ખાદી ઉપર ભાર મૂકે છે તે આ શક્તિ મેળવવા માટે. રાજકારણના એક અતિ જરૂરી અંગ તરીકે એ અંત્યજોદ્ધાર અને દલિતોદ્ધારને પણ આગળ ધરે છે તે પણ આ શક્તિને માટે.

કોણ કહેશે કે આ યોજનામાં ઉત્તમ રાજનીતિકૌશલ્ય નથી? અધૂરા અધૂરા એના ઉપયોગે પણ હિન્દને ઘણો ફાયદો કર્યો છે એની કેટલા નિષ્પક્ષપાતી માણસો ના પાડશે? ૧૯૧૯ ના અને ૧૯૨૯ ના હિંદમાં જબરો ફેર નથી પડયો? સત્યાગ્રહ શું કરી શકે તેના દાખલા પ્રેસ ઍક્ટ રદ થયો ત્યારથી એક પછી એક આપણી આગળ નથી આવી ગયા? અસહકારના કાર્યક્રમની એકેએક વિગતોમાં પૂરેપૂરી નિષ્ફળતા મળી હોય તો પણ પ્રજામાં

સ્વમાનની ભાવના, નિર્ભયતા અને સ્વાશ્રય ઉપર જ આધાર, અને બ્રિટિશ રાજ્ય માટે નૈતિક તિરસ્કાર નથી જાગ્યાં? આ માનસ--પરિવર્તન (Psychological Revolution) શું નાનીસૂની વાત છે?

છતાં પેલો નિરાશાવાદી ડોકું ધૂણાવશે. હિંસાવાદી, ગાંધીજીની રાજનીતિને ગગનગામી કહી વખોડશે. 'ગાંધીજીએ હિમાલય જેવડી ભૂલો કરી, હિંદુ-મુસ્લીમ ઐક્યની બાબતમાં કચુંબર કરી, બારડોલીમાં છેલ્લી ઘડીએ ખરી તકે 'પીછે હઠ' કરી, કેટલાય યુવાનોની જ્વલંત કારકીર્દિના નિષ્ઠુર હૃદયે ચૂરેચૂરા કરી નાંખ્યા અને છેવટે રખડાવ્યા, શાળા, કોર્ટ અને ધારાસભાના બહિષ્કારથી તો દેશની હાંસી જ કરાવી, જ્યારે ઉગ્ર કાર્યની જરૂર હતી ત્યારે પેલું પહેલી સદીનું રેંટુડું આગળ ધર્યું, માણસ બહુ ભલા પણ આ દુનિયા માટે નકામા, ઉલટું ઊંધુ મારનારા, હથિયાર વગર ઇતિહાસમા સ્વરાજ્ય મળ્યું જ નથી, તે એ મેળવવા નીકળ્યા ને પસ્તાયા, અભણ લોકોને ચઢાવી વાંદરાને નીસરણી આપી, રાજકારણમાં તો વારેવારે પોતાની ભૂલ કબૂલ કરી છેક બગાડયું એવું એવું કંઇ કંઇ ટીકાકાર પોતપોતાના સ્વભાવબુદ્ધિ અનુસાર કહેશે.

જવાબ સહેલા છે,—જો ટીકાકાર ધીરજથી સાંભળે તો. શું દરેક પ્રયત્ન પહેલી તકે સફળ થવો જ જોઈએ? ઇતિહાસમાં નથી બન્યું માટે નહિ બને એમ હોય તો દુનિયા ચાલે છે જ શું કામ? દક્ષિણ આફ્રિકા જેવો સમૂહગત સત્યાગ્રહ પણ તે પહેલાં ઇતિહાસમાં ક્યારે બન્યો હતો? ધારો કે ગાંધીજીએ કેટલીક હિમાલય જેવડી ભૂલો કરી હોય, બારડોલીની ખરી તક ગૂમાવી હોય, પણ તેથી શું એમના સૂચવેલા ઉપાય અવ્યવહારુ કહેવાય? અને બીજા કયા ઉપાયોથી તે શક્ય છે? પ્રચંડ શસ્ત્રધારી સરકાર સાથે નિઃશસ્ત્ર પ્રજા ચોરીછૂપીથી તે કેટલા શસ્ત્રો એકઠાં કરી શકે? બીજા દેશો શસ્ત્રોથી સ્વતંત્રતા મેળવી શક્યા કેમકે તેમની પાસે તો પહેલેથી જ શસ્ત્ર હતાં. એક આખા દેશને નિઃશસ્ત્ર બનાવ્યો એવો દાખલો પણ ઇતિહાસમાં કદાચ બીજો નહિ મળે, તેથી તેને માટે શસ્ત્ર પણ નવું જ જોઈએ ને? ચાળીસ વર્ષનો વિનીતવાદનો અનુભવ બસ નથી? કોઇ પર પ્રજાનું લોહી ચાખેલી પ્રજા પોતાનું હિત, ભલમનસાઈથી કે દલીલની સચ્ચાઇ સ્વીકારી, છોડી દે એ માનસશાસ્ત્ર વિરુદ્ધ નથી? લડાઈ કરતાં પ્રમાણમા ઓછો ભોગ માગે એવું અસહકારનું શસ્ત્ર પ્રજા ન વાપરી શકે તો બીજું કયું એથી સહેલું અને અસરકારક શસ્ત્ર છે? એકવાર નિષ્ફળતા થઇ માટે કંઇ એની પાછળ રહેલું તત્ત્વજ્ઞાન ખોટું થયું?

ગાંધીજીએ હિંદી રાજકારણમાં આમ અનેરી છાપ પાડી છે; નવો, શક્ય અને અસરકારક માર્ગ બતાવ્યો છે. ભવિષ્યમાં હિંદી રાજકારણના પ્રશ્નોનો ગમે તે નિકાલ આવે પણ એટલું તો ચોક્કસ છે કે ઇતિહાસકાર ગાંધીજીને હિંદી રાષ્ટ્રવિધાયકોમાં અગ્રસ્થાન આપશે. એમની નિર્મળતા અને અતૂલ આત્મબળને લીધે તો ખરા જ, પણ એક કુશળ રાજનીતિજ્ઞ તરીકે, નિરાશ પ્રજામાં આશા-જ્યોત પ્રગટાવનાર તરીકે, પરાવલંબી ને પરાશ્રયી લોકોમાં સ્વમાન અને સ્વાશ્રય જગાડનાર તરીકે, પરસ્પર કોમી વિખવાદના સમયમાં ઐક્યના એક સુત્રધારક તરીકે અને એકલા હાડકાં જ નહિ પણ કાયા, મન, બુદ્ધિ, દ્રવ્ય, બધું જ સ્વાર્પણ કરીને પોતે જ બનાવેલા સત્યાગ્રહ રૂપી વજ્રના આદ્ય વિશ્વકર્મા તરીકે, એમનું નામ ચિરંજીવ રહેશે.

હેમન્તકુમાર નિલકંઠ

ગાંધીજી અને સદ્ગત શ્રીમદ્ રાજચંદ્ર

"સંસારનું સરસો રહે ને મન મારી પાસ."

× × ×

"વેચાણ જનહિતનું હતું ઉર નેક નિત્ય ફકીરનું,
"ચિંતા થતી જન કષ્ટ જોતા તાપથી બળતુ હતુ,
"પણ હૃદય તેનું લીન રે'તુ નિત્ય હૃદયાધારમા,
"નિર્દોષ જીવન સૌખ્ય પામી પરમ તત્ત્વ વિચારમા.

× × ×

"એ પાડતી ગિરિધાર એ, ખીણ વાદળા વચ્ચે ઉભી,
" શાંતિ નિરંતર શિખર પર પણ શોભતી શાશ્વત દ્યુતિ.
"ત્યમ સંત એ જગજાળનાં જન દર્દ વચ્ચે શોભતો,
"જનસુખ તણી ફીકર કરી, મન જગપ્રભુને સોંપતો,
"પટક માથા પરી, અટક ચરણે હરિ, વાકયમા વાત સુણતા જ સાચી."

કર્નલ વેજવુડે હિંદમા આવતા ગાધીજી વિષે કાંઇક એવી કલ્પના કરેલી કે:—

"બારિસ્ટર ગાધી કોઇ મહાન દોરદમામવાળી, મજબુત, અક્કડ, ફેશનપ્રિય વ્યક્તિ હશે. એને આગણે મોટરો ઊભી હશે, એને મહાલયે નોકર ચાકરો ઊભરાતા હશે, એનો પડયો બોલ ઝીલનારા પણ એવા જ હશે. એટલે એ પશ્ચિમને રંગે પૂરેપૂરી રંગાએલી, બૂટ, કોટ, નેકટાઇ, કોલર, મોજામાં સજ્જ થએલી અને (આસુરી) સ્વદેશાભિમાનથી ક્રોધાન્વિત નયનોથી શોભતી કોઇ મહા લાવણ્યશાળી વ્યક્તિ હશે."

શ્રીમદ્ રાજચંદ્રને પણ કોઇ અજાણ્યો માણસ ધર્મગુરુ તરીકે સાભળે, તેમ જ કોઈ પંથ પ્રવર્તક—નાના વર્તુલમાં ધર્મ સુધારક–તરીકે સાંભળે તો સામાન્ય રીતે કલ્પે કે શ્રીમદ્ રાજચંદ્ર પણ:—

"આડંબરથી ભરપૂર, ચર્ચા કરનારા ભાવિક ભક્તોથી વીંટળાએલી, આજની સાધુતાના સુંદર વસ્ત્રોમાં સજ્જ થએલી, ગુરુપદના ઉપકરણોથી ઓપતી, મજબુત દેહલતાના લાવણ્યથી શોભતી અને ધામધૂમ અને ઉત્સવોથી—અલબત્ત સુધારક રીતે—આનંદતી કોઇ સંપ્રદાય ઉત્પાદક મહાવ્યક્તિ હશે."

આવો દર્શનપિપાસુ બંનેના દૂરથી દર્શન કરે છે, અને ચહેરાના બાહ્ય પ્રભાવથી વંચિત, સોનાના સળેખડા જેવી સૂકલકડી દેહલતાથી દીપતી અને તદ્દન સાદાઈમા સજ્જ થયેલી બે ચેતનમૂર્તિને જોતાં જ એની ધારણા બધા વિચારો હવામા જ ઊડી જાય છે, અને જ્યાં સુધી નયનેનયન ન મળે ત્યાં સુધી તો આ બે વ્યક્તિઓ એ જ હશે કે કેમ અથવા આમાં તે શું હશે એવી શંકાથી નિરાશામય અફળ આંટાની વેદના તેનું મન વિદારી રહે છે. પણ જ્યારે શંકાશીલ, નાસ્તિક કે અશ્રદ્ધાળુ મનુષ્ય એમનાં દર્શન કરી દૃષ્ટિપ્રસાદ મેળવે અને વાર્તાલાભ પામે કે તરત જ એની શંકા, નાસ્તિકતા કે અશ્રદ્ધા ઊડી જતાં વાર લાગતી નથી.

સૌરાષ્ટ્રને પશ્ચિમ સમુદ્રને કિનારે અને ઉત્તર સમુદ્રને કાંઠે જન્મેલી આ બેય મહાન વિભૂતિઓની સાદાઇ, સ્વકર્મમાં એકતાનતા, ધર્મશ્રદ્ધા, ધર્મસુધારક ભાવના, આધ્યાત્મિકતા અને એને માટે જ જીવન વ્યવહાર એ બધું જોતાં ગુજરાતની આ રામલક્ષ્મણની જોડી-સિદ્ધિ કાજે ગુર્જરાતની વનકુંજે સેવતી આ સંત બેલડી કોઇ અદ્દભુત સમર્થ વ્યક્તિઓ લાગે છે.

ધર્મ સંબંધી બંનેના વિચારો લગભગ સરખા જ છે. એની ઝીણવટમાં ઊતરવાનું આ સ્થળ નથી. અહિંસાના બંને અખંડ ઉપાસક છે. બંને માને છે કે સર્પ કરડે તો કરડવા દેવો પણ તેને મારવો નહિ, બંને વ્રતોના ઉપાસક છે, બંને ધ્યાન અને પ્રાર્થનામા રસ લેનારા છે, બંને સંસારી છે, બંને બાળબચ્ચાવાળા છે, અને છતાં બંને સંયમી અને બ્રહ્મ-ચર્યવ્રતના પાલનહાર બને છે. આમ બંનેમાં ધર્મકર્મની બાબતમાં અને માન્યતામા બહુ સમાનતા છે.

બને સાંપ્રદાયિકતાથી પર છે, અને બંનેને મન સત્ય ધર્મ જ પોતાનો ધર્મ માને છે, મમત પોતાનો નથી અને પરસ્પર સહિષ્ણુતાના, ધર્મ સહિષ્ણુતાવાળી સાચી મૈત્રિભાવનાના બંને પૂજારી છે. એટલે જ એક ઇશ્વરને કર્તા તરીકે માને છે, બીજા કર્તૃત્વને નથી માનતા; એક વર્ણવ્યવસ્થાને જુદે જ સ્વરૂપે માને છે, બીજા જાતિભેદને માનતા જ નથી; એક ઇશ્વરને જુદે જ સ્વરૂપે ઓળખે છે, બીજા એમ નથી ઓળખતા ; છતા બંનેનો ઉવટ સુધી, શ્રીમદ્દના દેહવિલય પછી પણ, સુમેળ જ રહે છે.

અંત્યજ અને વર્ણભેદનો શ્રીમદ્દને પણ તિરસ્કાર હતો. ગાંધીજી પણ એ બેય વસ્તુને ધિક્કારે છે. ગાધીજીનું ક્ષેત્ર હિંદુધર્મમા સુધારણાનું છે. શ્રીમદે એ જ કાર્ય જૈન ધર્મ માટે કર્યું છે.

ગાધીજી પોતે જ શ્રીમદ્દ માટે લખે છે કે:—

"તે ચારિત્રવાન અને જ્ઞાની હતા. × × × તેમની અવધાન શક્તિ ઉપર હું મુગ્ધ ન થયો પણ જેના ઉપર હુ મુગ્ધ થયો તે તો હતુ એમનુ બહોળુ શાસ્ત્રજ્ઞાન, એમનું શુદ્ધ ચારિત્ર અને એમની આત્મદર્શન કરવાની ભારે ધગશ. આત્મદર્શન ખાતર જ તે પોતાનું જીવન વ્યતીત કરતા હતા એમ મેં પાછળથી જોયું.

"હસતા રમતાં પ્રગટ હરિ દેખુ રે,
"મારું જીવ્યું સફળ તવ લેખુ રે,
"મુક્તાનંદના નાથ વિહારી રે,
"ઓધા જીવન દોરી અમારી રે."

એ પદ તે ઘણીવાર ગાતા અને તેમના હૃદયમાં અંકિત હતું.

"પોતે હજારોના વેપાર ખેડતા, હીરા મોતીની પારખ કરતા, વેપારના કોયડા ઉકેલતા, પણ એ તેમનો વિષય ન હતો. તેમનો વિષય, તેમનો પુરુષાર્થ તો આત્મ ઓળખ—હરિદર્શન—નો હતો. પોતાની પેઢી ઉપર બીજી કોઇ વસ્તુ હોય કે ન હોય પણ એકાદ ધર્મપુસ્તક અને રોજનિશી તો હોય જ. વેપારની વાત પૂરી થઇ કે ધર્મપુસ્તક કે નોંધપોથી ઉઘડે. એમની જાત શુદ્ધ જ્ઞાનીની હતી. × × × સામાન્ય રીતે મને ધર્મની વાતોમા રસ આવતો એમ ન કહી શકાય, છતાં રાયચંદ ભાઇની ધર્મવાર્તામાં મને રસ આવતો × × × દરેક ધર્મના આચાર્યોને મળવાનો પ્રયત્ન મેં કર્યો છે, પણ રાયચંદ ભાઇએ જે છાપ મારા ઉપર પાડી છે તે કોઈ નથી પાડી શકયા. × × × મારી આધ્યાત્મિક ભીડમાં હું તેમની સહાય લેતો.

"રાયચંદભાઈ વિષે મારો આટલો આદર છતાં તેમને હું મારા ધર્મગુરુ તરીકે મારા હૃદયમાં સ્થાન ન આપી શકયો. મારી એ શોધ હજી આજ પણ ચાલુ છે.

"મારા જીવન ઉપર ઊંડી છાપ પાડનાર આધુનિક મનુષ્યો ત્રણ છે: રાયચંદભાઇએ એમના જીવન્ત સંસર્ગથી, ટૉલ્સ્ટૉયે એના 'વૈકુંઠ તારા હૃદયમાં છે' એ નામના પુસ્તકથી, અને રસ્કિને 'અન ટુ ધિસ લાસ્ટ' (સર્વોદય) પુસ્તકથી ચકિત કર્યો છે."

આમ ગાંધીજી પોતે જ કહે છે, અને જયંતી વેળા પણ તેમણે એમની મુક્ત કંઠે પ્રશંસા કરી છે. શ્રીમદ્ રાજચંદ્રના વિચારોએ આ પ્રમાણે ગાંધીજીનું મન હરી લીધું છે.

હવે ગાંધીજીના થોડાક વિચારો નોંધી લઈશું.

"બ્રહ્મચર્યનું સંપૂર્ણ પાલન એટલે બ્રહ્મદર્શન."

શ્રીમદ્ એને જ આત્મદર્શન કહે છે. વળી ગાંધીજી કહે છે કે:—"સ્વસ્ત્રી પ્રત્યે પણ બ્રહ્મચર્યનું પાલન કરવું એ મને સ્પષ્ટ સમજાયું એમા રાયચંદભાઇની અસરનું પ્રાધાન્ય હતું."

વળી ગાંધીજી માને છે કે:—"સંયમથી ઇશ્વર હૃદયમાં પ્રગટ થાય છે, એનું અનુમાન તે (સંયમી) પરિણામ ઉપરથી કરી લે છે." આ ઇશ્વરપ્રાકટ્યને જ શ્રીમદ્ રાજચંદ્ર આત્મદર્શન કહે છે.

ગાંધીજી ખોરાક તેમ જ બ્રહ્મચર્યનો સંબંધ પણ ગાઢ ગણે છે. બ્રહ્મચર્યપાલન માટે ખોરાક ઉપર અંકુશ, સ્વાદેંદ્રિય ઉપર અંકુશ મૂકવાની અને ક્રોધ શમાવવા આત્મા પર–પોતા પર–ક્રોધ કરવાની આજ્ઞા કરે છે. રાજચંદ્રજી પણ એમ જ કરે છે અને કહે છે.

ગાંધીજી કહે છે કે:—"મેલું મન ઉપવાસથી શુદ્ધ થતું નથી. × × × વિકારી મન વિકારી ખોરાકને શોધે છે. × × × ખોરાકની અસર મન ઉપર થાય છે. × × એટલે ઓછામાં ઓછા વિકારી ખોરાકની, પ્રસંગોપાત નિરાહારની–ઉપવાસની આવશ્યકતા રહી છે. જેનું મન સંયમ પ્રતિ જાય રહ્યું છે તેને ખોરાકની મર્યાદા અને ઉપવાસ બહુ મદદ કરનારાં છે. × × × જો શરીરના ઉપવાસ સાથે મનનો ઉપવાસ ન હોય તો તે દંભમાં પરિણમે અને નુકસાનકારક થાય."

આવી જ માન્યતા શ્રીમદ્ રાજચંદ્રને પાને પાને આપણને નજરે પડશે. ગાંધીજીનાં આશ્રમવ્રતો અને શ્રીમદ્ રાજચંદ્રનાં જૈનવ્રતો જરા ય નોખા નથી. ગાંધીજી પોતે જ શ્રીમદ્‌નાં લખાણ માટે કહે છે કે:—

"સૌથી વધારે સંતોષ તો મને કવિશ્રી રાયચંદનાં લખાણોમાથી મળ્યો છે. તેમનાં લખાણ મારા વિચાર પ્રમાણે તો સર્વને માન્ય થઇ પડે તેવા છે. તેમની રહેણી ટૉલ્સ્ટૉયની જેમ ઊંચા પ્રકારની હતી."

આમ બંનેના વિચાર આચાર ઘણે ભાગે મળતા હતા. બંનેનું ધ્યેય એક જ હતું કે:— "જેણે આત્માને જાણ્યો તેણે સર્વ જાણ્યું."

વળી એક વાર જ્યારે ગાંધીજીએ રાજચંદ્રજી આગળ ઇંગ્લૅંડના પ્રધાન ગ્લૅડસ્ટનનાં પત્નીની સેવા વિષે વખાણ કર્યા, ત્યારે એમને રાજચંદ્રજીએ પૂછેલું કે:—"પતિની સેવા પત્નીભાવે સ્ત્રી કરે, તેના કરતાં હરકોઇ સ્ત્રી માત્ર પવિત્ર બંધુપ્રેમથી કોઇ પણ પુરુષની સેવા કરે, અથવા કોઇ પણ પુરુષ એમ હરકોઇ માનવીની સેવા કરે એ વધારે ઉત્તમ નહિ?"

આમ સેવા વિશે પણ શ્રીમદ્ રાજચંદ્રની ભાવના વિશાળ અને ઊંચી કોટિની હતી. બંને અડગ ત્યાગી છતાં બંનેને ઘડીભર માનવસ્વભાવની લાગણીઓ સ્પર્શતી પણ બંને તત્ત્વજ્ઞ અને આચારક હોવાથી તે લાગણીઓને શુદ્ધ સાચા સ્વરૂપમા વાળી દેતા. એમ બંનેની જીવનકથામાંથી–એકની આત્મકથા અને બીજાના પત્રોમાંથી આપણને માલૂમ પડી આવે છે.

પાયોનિયર કહે છે કે :—

"શ્રીમદ્ દેશની સ્થિતિથી દુ:ખી થતા, તેમને એ સ્થિતિ સુધારવાની હોંશ થતી અને એમણે સાધુ થયા પછી એ હોંશ પૂરી પાડવા ધારેલું."

આમ તેઓ દેશની દુર્દશાની અવગણના કરનાર પણ ન હતા.

બંને તરફ જૂની ઘરેડના લોકો ખાસ કરીને ઘણાક સાધુઓ અણગમાની તિરસ્કારની નજરે જુએ છે. કારણ કે બંને ધર્મ સુધારકો તો છે જ. બંનેની પ્રવૃત્તિ અને પ્રકૃતિ સાત્ત્વિક અને પવિત્ર છે, બંને મોક્ષપ્રાપ્તિના અભિલાષી છે. છતાં બંનેમાં ફરક છે: એક આખા ભારતમાં, જગતમાં મહાન રાજ્યદ્વારી તરીકે, ધાર્મિક સમાજસુધારક તરીકે, શિક્ષણશાસ્ત્રી તરીકે, શાંત અહિંસક બળવાખોર તરીકે અને જગતના એક મહાન ક્રાંતિકાર તરીકે પ્રસિદ્ધ થાય છે; અને બીજા ભારતમાં–ખાસ કરીને જૈનોના ધાર્મિક પુરુષ તરીકે, સાંપ્રદાયિકોને દૂર કરીને જૈનત્વનો જીર્ણોદ્ધાર કરવા મથનાર તરીકે, અને જૈનેતરોમાં વિશેષ કરીને શતાવધાની અને કવિ તરીકે પ્રસિદ્ધિ પામે છે.

આનાં કારણોનો આપણી અલ્પમતિ અનુસાર વિચાર કરીએ.

આપણાં શાસ્ત્રોમાં યોગની વાતો ઠીક સમજાવી છે, એમ સાધુઓ કહે છે. એની સ્પષ્ટ અને વિસ્તૃત ચર્ચા તો મહાત્માઓ કે તત્ત્વજ્ઞાનીઓ જ કરી શકે. આપણે તો એમાંથી આપણને ખપપૂરતી થોડીક સાદી વાત વિચારી લઈશું.

બે વ્યક્તિઓ આત્મમંથન માટે જ તલસે છે, બંનેનું ધ્યેય એક જ છે. બંને મહાન ચારિત્ર્યશાળી છે, છતા એક પ્રવૃત્તિવીર બને છે, બીજો નિવૃત્તિવીર બને છે.

પ્રવૃત્તિવીર કે કર્મયોગી વધારે પ્રસિદ્ધ થાય છે કારણ કે તે લોકો ઉપર પ્રત્યક્ષ ઉપકાર કરે છે અને લોકોના જીવન પ્રત્યક્ષ રીતે ઘડીને તેમને સવળે માર્ગે વાળે છે. શાંત સન્યરત યોગી સાહિત્યથી કે યોગદષ્ટિનાં આંદોલનથી અનિચ્છાએ જે લોકસેવા સાધે છે તેની અસર એટલી નીપજતી નથી. વળી ગીતાજીમાં પણ જ્ઞાન, ભક્તિ અને કર્મ ત્રણે હોવા છતાં, ગીતાજીનો ઉપદેશ, તેનું ફળ, તેની ભૂમિકા, અવસર અને ઉપદેશ્ય ક્ષત્રિયપાત્ર એ બધું જોતાં એવે ટાણે કર્મયોગની જરૂર શ્રીકૃષ્ણે અર્જુનને સમજાવી છે, એમ સ્પષ્ટ ભાસે છે. હિંદુશાસ્ત્રમાં પણ તીર્થંકરોની અને એવા મહાન કર્મયોગીઓની તેમજ અવતાર પુરાણમાં શ્રીકૃષ્ણની મહત્તા એ જ વસ્તુ પ્રતિપાદન કરે છે.

ગાંધીજી કહે છે કે:—"રાયચંદભાઈ હજારોના વેપાર ખેડતા હતા, હીરા મોતીની પારખ કરતા, વેપારના કોયડા ઉકેલતા; પણ એ તેમનો વિષય નહોતો...તેમનો વિષય આત્મઓળખ–હરિદર્શન હતો."

શ્રીમદ્ પોતે આત્મતત્ત્વની જ વાતો કરનારા, એને માટે જ મથનારા અને એ હેતુ માટે બીજી પ્રવૃત્તિમાં પડવું યોગ્ય નથી એમ માનનારા જણાય છે. એમની બધી પ્રવૃત્તિ સ્વકલ્યાણ તરફ જ ઢળે છે. સાધુતા, સમાજ કે રાજ્યના કારણોમાં ન પડે એવી તેમની ઘણી અંદરી માન્યતા થઈ ગઈ હોય એમ એમનાં લખાણો અને એમનું વર્તન કહે છે.

જો કે સાંપ્રદાયિકતા, સંકુચિત વૃત્તિ, ખોટી સાધુતા વગેરે ઉપર તેમજ અજૈનત્વ-શુદ્ધ અધાર્મિકતા-ઉપર એ ટકોર કરવા ચૂકતા નથી, અને એમ ઉદાર ભાવના અને શુદ્ધ ધાર્મિકતા પ્રસરાવવા મથે છે ખરા, તો પણ એમનો ઝોક એકદમ શાંત, કેટલેક અંશે નિષ્ક્રિય આધ્યાત્મિકતા તરફ ઢળતો જણાય છે. આનું કારણ પણ તેઓ પોતે જ એક ઠેકાણે શ્રીમાન હેમચંદ્રાચાર્યની અને આનંદઘનજીની સરખામણીમાં આપી દે છેઃ—

"શ્રીમાન હેમચંદ્રાચાર્ય મહાબળવાન પ્રભાવક ક્ષયોપશમવાળા પુરુષ હતા. 'અમારું ગમે તેમ થાઓ પણ વીતરાગ માર્ગનું રક્ષણ થવું જ જોઈએ.' જુદા જુદા દર્શનોનો યથાવત્ તોલ કરી, અમુક દર્શન સમ્પૂર્ણ સત્ય સ્વરૂપ છે એવો નિર્ધાર કરી શકે એવા ક્ષયોપશમ-વાન પુરુષ લોકાનુગ્રહ, પરમાર્થ પ્રકાશ આત્માર્પણ કરી શકે.

"શ્રી આનંદઘનજીએ સ્વપરહિત બુદ્ધિથી લોકોપકાર પ્રવૃત્તિ શરુ કરી, આત્મહિત ગૌણ કર્યું, પણ વિષમતા એટલી બધી વધી ગઇ હતી કે લોકો એમને ન ઓળખી શક્યા. પરિણામે તે લોકસંગ તજી દઇ વનમા ચાલી નીકળ્યા. છતા આનંદઘન ચોવિશી પદ આદિ વડે લોકોપકાર કરી જ ગયા."

આ વસ્તુ એટલી વાત તો સિદ્ધ કરે છે કે શક્તિ હોય તો લોકોપકાર કરવાની તેઓ વિરુદ્ધ ન હતાં. છતાં 'અમારું ગમે તે થાઓ' એ વાક્યથી લોકાનુગ્રહને અને આધ્યાત્મિકતાને તદ્દન જુદા પાડતાં હોય અને બેનો મેળ ન મળે એમ માનતા હોય એવો ભાસ થાય છે.

વળી જેની જેટલી શક્તિ હોય તેટલો તેણે ઉપકાર-સમાજ સુધારણા વગેરેનું કાર્ય કરવું રહ્યું એ વાત પણ તેઓ નથી સ્વીકારતા એમ નથી. અપ્રગટ ઉપકારને તેઓ પણ સ્વીકારે જ છે. પણ એમની આધ્યાત્મિક એકલતામા આત્મા સંબંધે એ જેટલા આશાવાદી બને છે, એટલા જ લોકકલ્યાણ માટે નિરાશાવાદી બને છે, એમ લાગ્યા વિના રહેતું નથી.

હવે આપણે ગાંધીજી વિષે વિચારીએ. એ પોતે તો કહે છે કેઃ—

"હું કોમી સેવામાં ઓતપ્રોત થઇ ગયો હતો તેનું કારણ આત્મદર્શનની અભિલાષા જ હતું. ઇશ્વરની ઓળખ સેવાથી થશે એમ ધારી મેં સેવાધર્મનો સ્વીકાર કર્યો હતો."

"સેવાધર્મનું પાલન કરતો હું આખ મીંચું એ સિવાય મને બીજી અભિલાષા નથી."

છતાં પોતે એમા જ આસક્ત થઈને એનાથી બંધાઈ ન જવા માટે પ્રયત્ન કરતાં કહે છે કેઃ "મન એ જ બંધન અને મોક્ષનું કારણ છે, એનો હું પૂર્ણ અનુભવ લઇ રહ્યો છું."

વળી એકલો આધ્યાત્મવાદી શુષ્ક બની જાય, તે કદાગ્ર ઢોંગી થઈ જાય માટે એ સમાજજનને વિસરતા નથી. શુદ્ધ વૈષ્ણવની વ્યાખ્યા કરતા નરસિંહ મહેતો ગાતાં ગાતાં કહે છે કેઃ—

"વૈષ્ણવ જન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે."

પરાઈ પીડ જાણનાર અને તેને મટાડવા યત્ન કરનાર સેવક આત્માર્થી નહિ?

ધર્મ અને રાજકારણનો વિચાર કરતાં તેઓ કહે છે કે-" શઠં પ્રતિ સત્યમ્." વળી કહે છે કે-"વ્યવસ્થિત સ્વરૂપની રાજદ્વારી મુક્તિની દશા એ વધુ ઊંચી મોક્ષદશાનું પૂર્વ પગથિયું છે."

અહીં બન્નેનો દષ્ટિભેદ દેખાય છે. ગાંધીજી રાજકીય મુક્તિને મોક્ષનું પ્રથમ પગથિયું માને છે અને તેથી શ્રીમદ્માં રાજકીય પ્રવૃત્તિ નહિ હોવાથી તેઓ તેમને ગુરુપદે સ્થાપી

શકયા નથી. અને સદ્દગત ગોખલે જેઓ રાજકીય પ્રવૃત્તિમાં જ હતા, શુદ્ધ આધ્યાત્મિક પ્રવૃત્તિમાં રસ લેતા નહોતા, તેમને તેઓ રાજકારણમાં પોતાના ગુરુ સ્થાપી શકયા. અત્યારની આપણી દશામાં ગાંધીજી રાજકારણને ધર્મગુરુનું કાર્યક્ષેત્ર ગણે છે. તેઓ ધર્મગુરુઓને કહે છે કે:—

"મારો સંદેશો સાધુઓ માટે વિશેષ છે. × × × જ્યાં સુધી સાધુઓ ધર્મના સિદ્ધાંતો સમજતા નથી અને તેનો ઉપયોગ રાજકીય પ્રશ્નોમાં કરતા નથી ત્યા સુધી જ મુશ્કેલી ઊભી થાય છે. જ્યાં સુધી સાધુઓ આમાં પોતાનો પુરો ઉપયોગ ન આપે, ત્યાં સુધી તેમનામા સાધુતા નથી આવી શકતી."

"સાધુઓને હું વિનવીને કહું છું કે જ્યાં સુધી પ્રજા બીકણ અને નિઃશસ્ત્ર છે અને સરકાર અને લૂંટારુઓનો કેર વર્તે છે ત્યાં સુધી તમે તમારો અધિકાર ઉપયોગમાં લઈ દેશના કામમાં પડી જાઓ. લુચ્ચા, ચોર, લંપટના દોષોનું હરણ કરવું એ તમારો ધર્મ છે. × × પડોશી પર અત્યાચાર થતો હોય ત્યારે રક્ષા કરવી એ તમારો ધર્મ છે. તમારી પાસે યમ–નિયમનાં દિવ્યશસ્ત્રો છે. એ શસ્ત્રોને યત્કિંચિત્ તપશ્ચર્યાથી તમે સહેજમાં સાચાં કરી શકો છો."

"સાધુઓની પાસેથી હું નિર્ભયતા અને દયાના પાલનની આશા રાખું છું."

આમ ગાંધીજી માત્ર રાજકીય હેતુ માટે ધર્મનો ઉપયોગ કરવા માગતા નથી, પણ પ્રજાજીવનમા ધાર્મિકતા પ્રસરે એટલા માટે એ શુભ હેતુ આડે આવનાર રાજકારણને પલટાવવા કે મિટાવવા ધર્મની મદદ માગે છે. કારણ કે સ્વતંત્રતા વિના મુક્તિની સાધના એમને મન અશકય છે.

વળી ઇતિહાસ બોલે છે કે યુગે યુગે ધાર્મિક પ્રવૃત્તિઓએ રાજકારણને સ્પર્શ કર્યો છે, અથવા રાજકારણ ધર્મને પગે પડયું છે. ભગવાન બુદ્ધ, પ્રભુ મહાવીર, પયગમ્બર સાહેબ વગેરેની ધાર્મિક પ્રવૃત્તિને ચરણે અશોક, શ્રેણિક અને ખલીફાઓ નમ્યા નથી? શ્રીમદ્ શંકરાચાર્યજીને પણ રાજ્યાશ્રય નહોતો? શ્રી શીલગુણસૂરિ તેમ જ હેમચંદ્રાચાર્યે રાજકારણથી અભડાવાનું પસંદ કર્યું હતું?

આમ એ મહાત્માઓને ચરણે રાજકારણ ગયું હતું, નમ્યું હતું. આજના સંતોએ પણ યમ નિયમના દિવ્ય શસ્ત્રોથી યત્કિંચિત્ તપશ્ચર્યાથી રાજકારણને પગે પડતું કરવું જોઈએ, કે જેથી ભારતવર્ષ અને સકળ જગત ધર્મભૂમિ બની રહે.

ગાંધીજીનો આવો સ્પષ્ટ ઉદ્દેશ છે, અને એ ઉદ્દેશની પ્રવૃત્તિ પણ આત્મકલ્યાણ માટે જ છે. એમની ક્રિયા શાંતિનો ઉપદેશ કરનારી છે. નિવૃત્તિ જેવી લાગે છે, છતા મિસિસ સારાહ ગરટ્રુડ મિલીન કહે છે તેમ "તેઓ અત્યારે એવા શાંત બન્યા છે કે તેમની નિવૃત્તિ વસ્તુતઃ ક્રિયાત્મક બની છે."

આમ ગાંધીજીની નિવૃત્તિએ પ્રવૃત્તિનું, પ્રજામાં ધર્મસ્થાપનાની પ્રવૃત્તિનું, સક્રિય સ્વરૂપ ધારણ કર્યું છે. શ્રીમદ્ રાજચંદ્રની નિવૃત્તિએ કાંઇક નિષ્ક્રિયતા અને શુષ્કતા આણી છે. આ ભેદ એમના અનુયાયીઓમાં પણ કેટલેક અંશે દેખાય છે.

છતાં આ બે મહાન વિભૂતિઓનાં તપ, ચારિત્ર્ય, સાદાઇ અને આત્મઝંખના તો સરખાં જ સતેજ છે, અને એમાં સાત્ત્વિક પ્રવૃત્તિ, યથાશક્તિ લોકસેવા ભળે તો ધર્મ જરૂર જગતનું હિત સાધી શકે.

પોપટલાલ પુંજાભાઈ શાહ

ગાંધીજી અને સમાજસુધારો

"હિન્દુ ધર્મ સંયમને ઊંચામાં ઊંચી કોટિએ લઇ ગયો છે અને વૈધવ્ય તેની પરિસીમા છે."

ગાંધીજી

ભારતની રાજકીય સ્વતંત્રતા લૂંટાઇ ગઇ ત્યારથી આપણું સામાજિક જીવન એક રગશિયા ગાડાની માફક વહન કરતું આવ્યું છે. અનેક જાતના વહેમોને લઇને રૂઢિની ગુલામીની જંજીર વધારે મજબુત બની અને આપણા સમાજજીવનમાં રસિકતા ઓછી થવા લાગી. કૌટુંબિક જીવનમાં પણ ઝેર રેડાયું. પણ આ દશા સેંકડો વર્ષોથી ચાલી આવેલી હોવાથી એ અસારતામાંથી બહાર નીકળવાની કોઇને જરૂર જ ન લાગી પરિણામે ઘણો ભાગ તો એવી અશાન્તિ, એવા વહેમો, એવી રૂઢિઓથી ટેવાઇ જઈ રાચવા લાગ્યો. દેશના સુભાગ્યે હિંદુ સંસારના આવા સામાજિક જીવન પર પ્રથમ વજ્ર ફેંકનાર સ્વામી દયાનંદ આવ્યા. બસ, ત્યારથી સામાજિક જીવનમા ચેતનનાં બીજ વવાયાં, રૂઢિના બંધનો શિથિલ થવા લાગ્યા. ટૂંકમાં આપણો દેશ કુંભકરણની નિદ્રામાથી બેઠો થયો.

સ્વામી દયાનંદે વેદ સિવાયની વાતો સ્વીકારવાની ઝાઝી જરૂર ન જોઇ. એમના બધા પ્રયત્નો વૈદિક જમાનાને પાછો લાવવા માટેના હતા. સમાજજીવનનાં અંગો જેવાં કે સ્ત્રી પુરુષના સમાન હકો, લગ્નનો આદર્શ, પતિપત્નીના વ્યવહારમાં સંયમ અને બ્રહ્મચર્ય, વિધવાનો પ્રશ્ન, અસ્પૃશ્યતાની આંટી, નાની નાની જ્ઞાતિ ને એવા બીજા વાડાઓ, વહેમો વગેરે વિશે સ્વામી દયાનંદે ઠીક પ્રકાશ પાડ્યો છે. પણ દેશકાળ ને નીતિ અનુસાર એ બધા પ્રશ્નોને ઝીણવટથી છણી, આદર્શ સામાજિક જીવનમા યોગ્ય પ્રકાશ પાડી નવીન શૈલીમાં મૂકનાર ગાધીજીની બરોબરી કોઇ કરી શકે એમ નથી. ગાધીજીએ સામાજિક જીવન તો શું પણ દેશકાળને લગતા દરેક ક્ષેત્રના પ્રશ્નો પર વિચારો કર્યા છે, મંથનો ચલાવ્યા છે ને દુનિયાભરમા આશાવાદના અમર ઝરાને વહાવ્યો છે. એમણે જાણીબૂઝીને એકે પ્રશ્નને જતો કર્યો નથી.

સ્ત્રી અને પુરુષ એ સમાજજીવનના જીવન્ત અંગો-જીવન્ત નાયકો. એ બંને એક સરખાં વિકસિત, એક સરખાં સ્વતન્ત્ર હોય તો જ સમાજ આદર્શ સ્થિતિપર છે એમ કહેવાય. આજે આપણા સમાજમાં સ્ત્રી હલકી કોટિની મનાય છે, એના હકોમાં અને પુરુષના હકોમાં ભેદભાવ રહેલો છે. આ આદર્શ સ્થિતિ નથી. સ્ત્રી પુરુષ વિના અપૂર્ણ છે અને પુરુષ સ્ત્રી વિના અપૂર્ણ છે એ ભાવ જ્યા સુધી જીવનવ્યવહારમા આચરવામાં ન આવે ત્યાં સુધી આપણો સમાજ પક્ષાઘાતના વ્યાધિથી પીડાતો રહેશે. આ વસ્તુનું સારું દિગ્દર્શન ગાંધીજીએ આપણને કરાવ્યું છે. સ્મૃતિશાસ્ત્રોના કર્તા ઘણે ભાગે પુરુષ જ હતા એટલે સ્ત્રી જાતિને ઘણી જગાએ એકતરફી ન્યાય મળ્યો. સમાજમા પુરુષ જેટલો સ્વતંત્ર રીતે વર્તે છે તેટલો જ સ્વતંત્ર રીતે વર્તવાનો સ્ત્રીને હક છે. આ દૃષ્ટિ આપણને ગાંધીજી પાસેથી મળી છે. ગાંધીજીના શબ્દોમાં જ કહીએ તો "આપણા વિષયનું પાત્ર અને આપણી રસોયણ મટી જાય, આપણી સહચરી, આપણી અર્ધાંગના, આપણા સુખદુઃખની ભાગિયણ ન બને ત્યાં લગી આપણા સર્વ પ્રયાસ મિથ્યા જણાય છે. કોઇ પોતાની સ્ત્રીને પશુસમાન ગણે છે. આ સ્થિતિને સારું કેટલાંક સંસ્કૃત વચનો અને તુલસીદાસનો એક પ્રસિદ્ધ દુહો બહુ જવાબદાર છે. તુલસીદાસે એક જગાએ લખ્યું છે કે **ढोर गँवार शूद्र अरु नारी, ये सब ताडनके अधिकारी!** તુલસીદાસને હું પૂજું છું, પણ મારી પૂજા

બાંધતી નથી. કાં તો ઉપરનો દૂહો ક્ષેપક છે. અને જો તુલસીદાસનો જ હોય તો તેમણે વગર વિચાર્યે પ્રચલિત રૂઢિને અનુસરી જોડી કાઢેલો હોવો જોઈએ." વળી આપણી આપણા સંસ્કૃત ગ્રંથો વિષેની અંધશ્રદ્ધા વિષે આગળ ચાલતાં ગાંધીજી લખે છેઃ "આપણા સંસ્કૃત ગ્રંથો વિષે તો એવો વહેમ પેસી ગયેલો જોવામાં આવે છે કે સંસ્કૃતમાં લખાયેલા શ્લોકો તો કેમ જાણે શાસ્ત્ર કથન જ હોય નહિ. આ વહેમ દૂર કરીને આપણામાં સ્ત્રીને હલકી ગણવાની પ્રથા છે તેને જડમૂળથી ઉખેડવી જોઇશે." આમ ગાંધીજી સમાજ સુધારાની બાબતમાં જેટલી ચીવટાઇ, જેટલી સચોટતા, ને દલીલ કરવામાં જેટલી વિશાળતા અને અભંગતા બતાવે છે તેટલી જ કુધારાપ્રતિ તિરછી નજર સાથ વજ્ર પણ ફેંકે છે. ઘણાને એ આકરું લાગ્યું છે. પણ સાચા સુધારાનો વિરોધી બધુ ઊંધી રીતે જ જુએ.

સંપૂર્ણતા સાધવા માટે સ્ત્રી પુરુષ લગ્નગ્રંથીથી જોડાય છે. લગ્નનો આદર્શ સંયમ છે. લગ્નમાં ગુણો–ભાવોની આપ લે સિવાય બીજી વસ્તુનો સ્થાન નથી. વાંકડો, સાટાં, દેજ, પહેરવા ખાવા પહેરવાની માગણી–શરતો લગ્નની પવિત્રતાનું ખૂન કરે છે. આદર્શ લગ્નમાં બાળલગ્નનો સમાવેશ ન થઇ શકે. બાળલગ્ન એ લગ્ન જ નથી. જે શાસ્ત્રો સ્ત્રીધર્મ પ્રાપ્ત થતાં પહેલા બાળાને પરણાવી દેવાની આજ્ઞા કરે છે તે શાસ્ત્રો જ નથી. પંદર વર્ષની અંદરની બાળાને પરણાવનાર માતાપિતા એ બાળાના સાચામાં સાચાં શત્રુ છે. બાળલગ્ન એ હિન્દુસમાજનું મોટામાં મોટું કલંક છે. આવા વિચારો ગાંધીજી પાસેથી આપણને મળ્યા છે. બાળલગ્નની શાસ્ત્રાજ્ઞાને અધર્મ ગણતા ગાંધીજી લખે છેઃ "એ અધર્મને પરિણામે આજે અસંખ્ય બાળાઓનો આપણે વધ કરીએ છીએ. ઇતિહાસ હિન્દુ પુરુષવર્ગને આ રિવાજને સારું નિંદશે. બાળવિવાહનું કડું ફળ આપણે પોતે જ ચાખી રહ્યા છીએ. હિન્દુ જુવાનોમાં ઘણા નિઃસત્વ, અપંગ ને ભયભીત છે તેનું આ બાળલગ્ન એક સબળ કારણ છે એનો ઇનકાર થઇ શકે એમ જ નથી."

ગૃહસ્થ જીવનનું સાચું ઘડતર સંયમ અને બ્રહ્મચર્યથી થાય છે. કારણ ગૃહસ્થ જીવન કંઇ સ્વેચ્છાચાર માટે નથી. સ્વેચ્છાચાર કદી ધર્મ ન હોઇ શકે. વળી હિન્દુધર્મમાં તો સયમને મર્યાદા જ નથી. આમ ગૃહસ્થજીવનનું સંયમ અને મર્યાદિત બ્રહ્મચર્યથી ઘડતર કરી બીજા આશ્રમ માટે સર્વેએ લાયક બનવાનું રહ્યું છે. સત્યાગ્રહ ચાલતો હતો તે વેળા બારડોલી આશ્રમમાં પ્રાર્થના સમયે બ્રહ્મચર્ય ને માંસાહાર તેમ જ બીજા અખાદ્ય પદાર્થો વિષે ચર્ચા થયેલી. તે સમયે ગાંધીજીએ કહેલું કે 'જેણે સભ્ય મંડળીમાં બેસવું છે તે કાંદા ન ખાઈ શકે, જેણે સંયમ પાળવો છે તે કાંદા ન ખાઇ શકે. આજે કાંદા ગરીબની કસ્તુરી ગણાય છે તે હું જાણું છું છતાં મારો અભિપ્રાય કાયમ રહે છે. વૈદક ગ્રંથોની માહીતી છતાં કાંદા વિષેનો મારો મત સ્થિર છે.' બ્રહ્મચર્ય વિષે બોલતાં કહેલુંઃ 'બ્રહ્મચારીથી માંસાહાર ન થાય.' મેં તે સમયે શંકા ઉઠાવતાં જણાવેલુંઃ "સ્વામી વિવેકાનંદે માંસાહાર ખાદ્ય પદાર્થમાં ગણ્યો છે. બ્રહ્મચારીને ખાવામાં પણ એમણે વિરોધ વાંધો નથી ઉઠાવ્યો તેનું કેમ?" ત્યારે ગાંધીજીએ કહેલુંઃ "હું જેવા બ્રહ્મચર્યની વાત કરી રહ્યો છું તેવા બ્રહ્મચર્યની વાત વિવેકાનંદે નથી કરી. 'એમણે ઊંડે ઊતરી કલ્પના પણ ન કરી હોય એથી એમણે માંસાહારનો વિરોધ ન લીધો હશે. એમણે સ્થૂળ બ્રહ્મચર્યનો જ ઉલ્લેખ કર્યો છે." આમ ગાંધીજી લગ્નથી માંડી નિર્મળ, સંયમી ને પવિત્ર જીવન જીવવા માટે સીડીઓ ગોઠવી આપે છે અને સામાજિક પુનર્ઘટનામાં મુખ્ય ભાગ ભજવે છે.

" હિન્દુ વિધવાને ઘડીને વિધાતાએ હાથ ધોઈ નાંખ્યા છે. "

આજે હિન્દુસમાજમાં વિધવાનો પ્રશ્ન એક વિકટ અને મહત્ત્વનો થઈ પડયો છે. સ્વામી દયાનંદે વિધવાવિવાહ વિષે પ્રથમ પડકાર કર્યો ત્યારે જૂની માન્યતાઓમા સજેલા આપણા સમાજે સ્વામીજી વિરુદ્ધ પોકાર ઉઠાવેલો. પુરુષને પોતાની સ્ત્રીના મરણ પછી બીજી કરવાનો હક હોય તો સ્ત્રીને પણ વિધવા થયે ફરી પરણવાનો હક છે. આ વસ્તુનું પ્રતિપાદન સ્વામી દયાનંદે કર્યું હતું. પણ તે સાથે અસલ ચાલતી (એમ લાગે છે) નિયોગની પ્રથાનો સ્વીકાર કરવાની દયાનંદ સ્વામીએ ઉપયોગિતા નિહાળી પોતાના ' સત્યાર્થ પ્રકાશ 'માં એમણે નિયોગનો ઉલ્લેખ કર્યો છે. પણ આજે નિયોગનો સ્વીકાર કરવામાં આપણને વધું સ્વચ્છંદ, વધુ સ્વૈરાચાર ને વધુ વ્યભિચાર દેખાય છે. એટલે નિયોગધર્મના પાલન વિના વિધવાના પ્રશ્નનો જે ઉકેલ ગાધીજીએ કર્યો છે તેવો સ્વામીજી કે બીજા કોઇથી થઈ શકયો નથી. જેમ ' સ્વદેશી વાપરો 'નું સૂત્ર બધા નેતાઓએ ઉપદેશેલું, પણ સ્વદેશીનો સાચો ને કાળાનુકૂળ (વ્યવહારુ) અર્થ ગાધીજીએ કરી આપ્યો તેવો કોઈથી થઇ શકેલો નહિ; તેમ વિધવાના પ્રશ્નનો તોડ ગાધીજીએ સુંદર રીતે આણ્યો છે. વિધવાના પ્રશ્ન પર પ્રથમ લખતાં ગાધીજીના વજ્રથી કઠણ ને પુષ્પથી પણ કોમળ એવા હૃદયમાંથી નીકળતું ' હિન્દુ વિધવાને ઘડીને વિધાતાએ હાથ ધોઈ નાખ્યા છે ' એ વાકય હૃદયમા રોમાચ ઊપજાવી સોસરું પેસી જાય છે.

આપણા સંસારસુધારક સ્વ. ગોવર્ધનરામ ત્રિપાઠીએ લખેલો ' હિન્દુ વિધવાનો વિલાપ ' સાચે જ આપણી આખમાથી અશ્રુ સારે છે. એઓ પણ મનાતા–કહેવાતા વૈધવ્યના વિરોધી હતા ને તેવી વિધવાઓને પરણાવી દેવાય તો ઠીક એમ એમનું હૃદય કબુલ કરતું હતું. પરંતુ એમની ' સરસ્વતીચંદ્ર ' નામની અમર નવલકથામાં સરસ્વતીચંદ્રને મનથી, વચનથી ને હૃદયથી વરી ચૂકેલી અને એના જ જાપ જપતી, પણ સંસારના કૃત્રિમ બધનોમા બધાઇને વૈધવ્ય સેવતી કુમુદસુંદરીને સરસ્વતીચંદ્ર સાથે, દાંપત્યજીવનનો ઉચ્ચતમ આદર્શ ચિતરનાર સ્વ૦ ગોવર્ધનરામભાઇ નથી પરણાવી શકયા. કુમુદની બહેન કુસુમ સાથે સરસ્વતીચંદ્રને પરણાવી એમણે વિધવા કુમુદને માત્ર હાર્દિક દિલાસો દીધો. આ બાબતમા વાતાવરણની ઉપરવટ થવાની એમની હિંમત નહોતી ચાલી એમ લાગે છે. જ્યારે ગાંધીજી પાસેથી આપણને એ પ્રશ્નને અંગે જોઇતું સઘળું મળી રહે છે તે જોઇએ—

વિધવા વિષે સમાજમાં ચાલતી માન્યતા પર ઘા કરતા ગાંધીજી હૃદયમાંથી વરાળ કાઢે છે: " જે કન્યા આજે પરણી આજે જ રાંડી તે વિધવા ગણાય ? વૈધવ્યની અતિશયતાને ધર્મનું નામ આપી આપણે મહાપાપ નથી કરતા ? જો વૈધવ્ય સુરક્ષિત રાખવું હોય તો પુરુષે પોતાનો ધર્મ વિચારવાની જરૂર નથી ? જેનુ મન વિધવા નથી થયું તેનું શરીર વિધવા રહે ? આજ પરણેલી બાળાના મનને ઓળખનાર કોણ છે ? તેના પ્રત્યે બાપનો શો ધર્મ છે ? કે બાપે તો દીકરીના ગળા ઉપર છરી ફેરવી તેની પ્રત્યેના પોતાના ધર્મનું પાલન કરી લીધુ ?......વિધવા એટલે તે સ્ત્રી કે જેનો પતિ મૃત્યુ પામ્યો છે–એ સ્ત્રી કે જેણે લાયક ઉમરે પોતાની ઇચ્છા કે સંમતિથી વિવાહ કર્યો છે ને જેણે સ્ત્રીપુરુષ વચ્ચેનો સંબંધ જાણ્યો છે. આ વ્યાખ્યામા અક્ષતયોનિનો કે માબાપે હોમી દીધેલી કુમળી વયની બાળાનો સમાવેશ થતો જ નથી ને થવો ન જ જોઈએ. એટલે બાળાઓના મનાતા વૈધવ્યનો બચાવ કરવો એ જ અનર્થ છે. પણ જ્યારે પુરુષે સુદ્ધાં વિધુર રહેવાની આવશ્યકતા

છે એવા કથન માત્રથી આવી બાળાઓને વિધવા રાખવાનું જ પ્રતિપાદન કરવામાં આવે છે ત્યારે તો તેમ કરનાર અનર્થમાં ઉદ્ધતાઈ અથવા ઘોર અજ્ઞાન ઉમેરે છે."

ગાંધીજીએ વૈધવ્યને હિન્દુધર્મના સંયમની પરિસીમા તરીકે વર્ણવ્યું છે. વિધવાનું પ્રાતર્દર્શન કૃતાર્થ કરે છે. વિધવાનું દર્શન એ અપશુકનની નિશાની નથી. વિધવાની આગળ પુરુષ પામર પ્રાણી છે. પણ એ વિધવા કઈ? સ્વેચ્છાએ વિધવા રહેલી વિધવા હિન્દુ ધર્મને શોભાવે છે!

પંદર વર્ષ સુધીની બાળાનાં લગ્ન ન કરવાં. આજ પહેલાંની પંદર વર્ષની અંદર થયેલી વિધવાને વિધવા કહેવાય જ નહિ. એને પરણેલી ન મનાય તેથી પરણાવવી રહી. પંદર વર્ષની બાળા લગ્ન પછી એક વર્ષની અંદર વિધવા થાય તો ફરી પરણવાનું તેને તેના વાલીઓએ ઉત્તેજન આપવું જોઇએ. જેટલી મર્યાદા વિધવાને લાગુ પાડી શકાય તેટલી મર્યાદા જ વિધુર ભોગવી શકે. એવી એવી હિન્દુસમાજની સુવ્યવસ્થાને ખાતર ગાંધીજીએ અનેક આદર્શ સૂચનાઓ કરી છે. ગાંધીજીએ છેવટે હાકલ કરી છે કે આજની આવી સ્થિતિમાં મારી બતાવેલી સૂચનાઓની મર્યાદા જાળવી દરેક અપરિણિત સુવકે વિધવા સાથે પરણવા બહાર પડવું જોઇએ. યોગ્ય જણાય તો વાડાઓ તોડી બીજી જ્ઞાતિમાંથી કન્યા લાવવામાં પણ ગાંધીજી સંમત છે. આ રીતે ગાંધીજી સમાજની કુરૂઢિઓમાંથી નીકળવા માટે યુવકોને બંડ-નિયત હદમા રહી-કરવાનું સૂચવે છે.

આપણા હિન્દુસમાજમાં આજે અસ્પૃશ્યતા નિવારણનો પ્રશ્ન અનેક આંટીઘુંટીઓથી ભરેલો છે. કેટલા યે સૈકા થયા ચાલી આવેલી એ કુપ્રથાને આપણે ધર્મને નામે સ્વીકારી છે. એની ઉત્પત્તિનાં આપણને સબળ કારણો નથી મળ્યાં. એની ઉત્પત્તિ ગમે ત્યાંથી-ગમે તે નિમિત્તે થઇ હો, પણ આજે અસ્પૃશ્યતા નભાવી લેવા જેવી વસ્તુ નથી રહી. અસ્પૃશ્યતાના બચાવમાં આપણો વિનાશ રહેલો છે. આપણા વિશાળ હિન્દુ ધર્મની અપૂર્ણતા રહેલી છે. અસ્પૃશ્યતા એ હિન્દુ ધર્મનું મોટામાં મોટું કલંક છે. અંત્યજ ભાઇઓની સેવા લેના આપણે તેઓની સાથેના વ્યવહારમા છેક વિવેકશૂન્ય બની આપણું પોતાપણું ગુમાવી બેઠા છીએ, સર્વને ઉત્પન્ન કરનાર સરજનહારને ભૂલ્યા છીએ. ધર્મના બ્હાના તળે આવો અધાર્મિક સ્વેચ્છાચાર આપણું પતન કરી રહ્યો છે, આપણને લાંછન લગાડી રહ્યો છે. અસ્પૃશ્યતાની પ્રથાને આપણા નાના મોટા દરેક સમાજસુધારકે નીંદી છે. માત્ર જૂના મતવાદીઓ જૂની આંખે એમાં શાસ્ત્રનું સમર્થન જુએ છે. દયાનંદ ને રાજા રામમોહનરાયથી માડી આપણા દલપત ને નર્મદ જેવા સમાજસુધારકોએ પણ અસ્પૃશ્યતાની બદીને દૂર કરવા સૂચવ્યું છે. દેશની પરતંત્રતા હૃદયમાં સાલતી હતી એવા નર્મદે સમાજસુધારા માટે, સ્વાતંત્ર્ય માટે "યાહોમ" કરવાનું આદર્યું છે. પણ ગાંધીજીએ તો આ પ્રશ્નને રાજકીય હેતુને આગળ કરી અપનાવ્યો. એટલે કે એ બધા સુધારકો કરતા ગાંધીજીનું દૃષ્ટિકોણ ઘણું આગળ વધી એ પ્રશ્નને જુએ છે. એ પ્રશ્નમાં ધાર્મિક અને સામાજિક હેતુઓ પ્રાધાન્ય ભોગવે છે. ને એ પાપે કરી આજે આપણે દુનિયાના બીજા દેશોમાં અસ્પૃશ્ય બન્યા છીએ એમ આપણને સમજાય છે. સ્વરાજ-રામરાજની તૈયારીના કાર્યક્રમમાં પણ આ પ્રશ્ને મહત્ત્વનું સ્થાન લીધું છે. કારણ આજે આપણે કહેવાતા ઉચ્ચ ધર્મીઓએ એ સાત કરોડના મોટા સમુદાયને આપણામાં નથી સમાવ્યો, ને એ આપણી દીનહીન દશા સૂચવે છે. વર્ણાશ્રમધર્મ અને વર્ણવ્યવસ્થાના મહાન હિમાયતી ગાંધીજી

કહે છે: " ચાર વર્ણ પતિત થયા એટલે એ ચારમાંથી પાંચમો ધર્મે વિરુદ્ધ વર્ણ પેદા થયો, ને તે અસ્પૃશ્ય મનાયો. પાંચમાને ઉત્પન્ન કરી તેને દાબી ચાર વર્ણ પોતે દબાયા ને પતિત થયા.......વર્ણ વિભાગમાં ભેદદષ્ટિ, અસમાનતા અગર ઊંચનીચપણુ કશું છે જ નહિ." અસ્પૃશ્યો વિષે આગળ ચાલતાં એઓ જણાવે છે: " જેઓ કોઇપણ વાતમાં આપણાથી જુદા નથી અને જેઓ અનેક દિશાઓમાં સમાજની ભારે સેવા બજાવી રહ્યા છે, તેવા મનુષ્ય જાતિના એક પ્રચંડ જનસમૂહને આપણે માણસમાંથી કાઢી નાખ્યાનું ઘોર પાપ કર્યું છે. આ પાપમાથી હિન્દુ ધર્મ જેટલો સત્વર ઊગરી નીકળે તેટલી તેની મોટપ અને પ્રતિષ્ઠા છે. આ હીન ભાવનાને ટકાવવાની તરફેણમાં એક પણ દલીલ મને હજુ જડી નથી. અને આવી પાપી પ્રથાની હિમાયત કરનારા શાસ્ત્રવચનો—જેના પ્રામાણ્ય વિષે શંકા છે—ને બાતલ કરતાં હું બિલકુલ અચકાતો નથી."

જ્ઞાતિઓ જ્યા સુધી સંયમનું સાધન છે ત્યાં સુધી જ એનું અસ્તિત્વ રહેવું જોઇએ; જ્ઞાતિમાં જે નાના પક્ષો (જાતિઓ) છે તે નીકળી જવા જોઇએ. એવી પેટા જ્ઞાતિઓનો સંગમ વધાવી લેવા જેવો છે. દેશ સમસ્તના સઘળા બ્રાહ્મણો એક થઇ અભેદભાવ અનુભવે તો જ એઓ પોતાનું સાચું સંગઠન કરી શકે, દેશસેવામાં વ્યવસ્થિત ફાળો આપી શકે. આજે એ શક્તિ માંહોમાંહેના દાવપેચમાં જ ખપી જાય છે. થિયોસૉફી સંપ્રદાયમાં દરેક ધર્મનો માણસ જોડાય શકે એ સંપ્રદાયની વિશાળતા છે. એના નૈતિક સિદ્ધાન્તો ઊંચા ને આચારણીય છે. પણ જ્ઞાતિના કે જાતિના સાંકડાવાડાથી દુઃખી થતા હિન્દુધર્મીને એ સંપ્રદાયમા જોડાવાથી બહુ ઓછું આશ્વાસન મળી શકે—કારણ એ સંપ્રદાય સામાજિક સુધારાની ઊંડાણમાં જઇ વ્યવસ્થિત માર્ગે સૂચવવાની—અમલમાં મૂકવાની હિંમત કરતો લાગતો નથી—એટલે કે બધે ઊંડાણમા એ પહોંચતો નથી. હા. એ તડા કે વાડાઓમા માનતો નથી છતા ગાંધીજીની જેમ વ્યવહારુ બની જરૂર જણાય ત્યાં યુવકોને બડખોર બનવાની સલાહ નથી આપતો. કેમકે ગાંધીજી લખે છે: " જાતિઓનો નાશ ઇષ્ટ છે......જે જ્ઞાતિ આખા દેશનો ઉપયોગ પોતાને સારુ કરે તેનો નાશ હોય, જે જ્ઞાતિ પોતાનો ઉપયોગ જગતના કલ્યાણને અર્થે થવા દે તે ભલે જીવો." અંત્યજોની સેવા કરતા કે જ્ઞાતિના વાડાઓ તોડતાં બહિષ્કૃત થવું પડે તો બહિષ્કૃત થઇને પણ નિર્ભય, અડગ ને નમ્ર રહેવામા શક્તિનો સંગ્રહ છે, વીરતાનું પોષણ છે.

બાળકોનાં નાક કાન છેદવાં કે ન છેદવા, શીતળા કઢાવવા કે ન કઢાવવા, વિધવાના કેશ કપાવવા કે ન કપાવવા, વગેરે નાના મોટા દરેક સામાજિક—સાંસારિક પ્રશ્નો પર ગાંધીજીએ પ્રકાશ પાડયો છે. કોઈ પણ બાળાનું એક પણ અવયવ છેદવું એને ગાંધીજી એક જંગલી કૃત્ય તરીકે વર્ણવે છે. વિધવાના કેશ કાપીએ તો પુરુષ વિધુર થયેથી તેને શી સજા કરીશું એમ ગાંધીજી ઉલટા પૂછે છે. વધુમાં, ગાંધીજી કહે છે કે રજસ્વલા સ્ત્રી પતિથી દૂર રહે છે એ સુયોગ્ય ને તંદુરસ્તીને લાભકારી વિધિ છે. પણ એનાં સગાસ્નેહી કોઈ અડકી ન શકે એ તદ્દન અજૂગતું લાગે છે. આમ ગાંધીજીના સમાજસુધારા વિષેના વિચારોમાંથી આપણે ઘણુ જાણી કુપ્રથાઓમાંથી બહાર નીકળી શકીએ છીએ. સમાજ સુધારાને અંગેનો ગાંધીજીનો ફાળો ભારે કિંમતી છે, કોઇ એની હારમા ઊતરી-ઊભી શકે એમ નથી. સમાજસુધારા અંગે જણાવવા જેવું ગાંધીજીએ શું બાકી રાખ્યું છે ? હિન્દુ ધર્મને, હિન્દુ સમાજને અને હિન્દુ સંસારને આ રીતે નવું અજવાળું—તેજ આપનારા ભારતના પયગંબર ગાંધીજી ઘણું જીવો.

બાપુભાઈ નારણજી વશી

વિધવા

વિધવાને 'ગંગાસ્વરૂપ' નું ઉપનામ અપાય છે. પરન્તુ ગાંધીજીએ નવું ઉપનામ આપ્યું છે. તેઓ વિધવાને 'ત્યાગમૂર્તિ' કહે છે. ઘણી રીતે એ ઉપનામ વધારે લાયક છે. જેને આપણે ગંગા જેવી નિર્મળ, પવિત્ર અને પૂજનીય માનતા હોઇએ તેને ગંગાસ્વરૂપ કહીએ. પરન્તુ આપણો સમાજ વિધવાને એવી પૂજનીય માને છે? સામાન્ય રીતે પુરુષોને મન વિધવા એટલે એક નિરાધાર અસહાય્ય રમકડું હોય છે. એ રમકડા સાથે પોતે ફાવે તેટલી છૂટ લઇ શકે અને કંટાળો આવે ત્યારે તરછોડી શકે. કારણ કે વિધવાનો પક્ષ લઇ, તેની વારે ધાનાર ભાગ્યે જ હોય. સ્ત્રીઓને મન વિધવા એટલે અપશુકન લાવનારી, મ્હેણા સાભળનારી ઘરની ગુલામડી. આખા ઘરનું વૈતરું તેની પાસે કરાવે, પેટપૂરતું પણ અનાજ ખાવા ન આપે અને ફાવે તેટલી ધમકી આપે છતા ઘર છોડીને જતી રહી શકે નહિ એવી બીજી ચાકરડી ગમે તેટલો પગાર આપતા પણ ક્યાથી મળે! આવી રીતે પુરુષો તેમજ સ્ત્રીઓ વિધવા તરફ તિરસ્કારથી જુએ છતા તેને ગંગાસ્વરૂપ કહે તે દંભ જ કહેવાય.

ગાંધીજીનું 'ત્યાગમૂર્તિ' ઉપનામ વધારે બંધબેસતું છે. અનેક ચીજોનો ત્યાગ બિચારી વિધવાને કરવાનો હોય છે. સૌથી પહેલો સુંદરતા કે શોભાનો ત્યાગ સમાજ તેની પાસે કરાવે છે. તેના કેશ કઢાવવા, ઘરેણાં વગેરે શણગાર ઉતારી લેવા, તેમજ વસ્ત્ર પણ બને તેટલા કદરૂપા પહેરાવવા એ બધું તે બાપડીની શોભા લૂંટવા ખાતર જ. ઉમરે તે એક વરસથી પણ નાની નિર્દોષ બાલિકા હોય કે સાત આઠ વર્ષની રમતી કૂદતી કન્યા હોય કે સોળસત્તર વર્ષની આશાભરી મુગ્ધા હોય કે વીસપચીસ વરસની કોડિલી યુવતી હોય કે પછી પાકી ઉમરની સમજુ સ્ત્રી હોય, પણ તે દરેકને માટે અસલના પુરુષોએ એક સરખી જ તરેહનું ત્યાગી, અનાકર્ષક અને કુરૂપ જીવન નક્કી કરેલું છે. સુંદરતા કે શોભા એ પ્રભુએ આપેલી વસ્તુ છે. એના ઉપર માણસ માત્રનો સરખો હક હોવો જોઇએ. પરન્તુ રૂઢિકારને એમ બીક લાગી હશે કે વિધવા પણ જો સધવાની માફક સુન્દરતા જાળવી રાખે તો વખતે પોતે વ્રતભંગ થાય અને ઇન્દ્રાસન હાથમાથી જાય. એટલે પોતાનું મન વશ ન કરી શકવાથી તેમણે સહેલો ઉપાય શોધ્યો કે વિધવાને એવી કુરૂપ રખાવવી કે કોઈ તેની તરફ આકર્ષાય જ નહિ અને વિધવાવિવાહના પાપમાં પડે જ નહિ. જો કે બાપડા રૂઢિકાર ભૂલી ગયા કે **किमिव हि मधुराणां मंडनं नाकृतीनाम्.**

બીજો ત્યાગ આનંદનો કરવાનો હોય છે. રૂઢિએ એમ નિર્માણ કર્યું કે વિધવાએ બહુ હસવું નહિ, રમવું નહિ, ગાવું નહિ તેમજ શુભ પ્રસંગોમા ભાગ ન લેવો. જ્યારે ત્યારે મન દબાવીને ઘરને ખૂણે પડી રહેવું. મોટી ઉમરની સમજુ સ્ત્રી વિધવા થાય તો તેને પોતાની મેળે જ વૈરાગ આવે, પતિના અવસાનથી તે એવી દુઃખી થાય કે તેને શુભ પ્રસંગો રુચે જ નહિ. પણ ગાંધીજી કહે છે તેમ "જેનું મન વિધવા થયું ન હોય" તેવી વિધવાને પણ લોકો જોરજુલમથી વૈરાગ પળાવે છે.

આ સિવાય વિધવાએ સ્વાદિષ્ટ ચીજોનો ત્યાગ કરવાનો, ઊંઘ અને ભૂખ ઓછા કરવાનાં વગેરે અનેક તરેહના ત્યાગ કરવાના હોય છે. ટૂંકમા, એ ખરેખરી 'ત્યાગમૂર્તિ' જ બને છે. સાદું જીવન ગાળવું, ખોટા એશઆરામ ન કરવા અને ઇન્દ્રિયો વશ રાખવી એ બધું સારું તો છે, પણ જેની એવી વૃત્તિ જ ન હોય તેની પાસે જોરજુલમથી એવો ત્યાગ કેમ કરાવાય ! વળી, ત્યાગ કરવાની શિખામણ દેનાર લોકો પોતે તો નાનામાં નાના ઉપભોગનો પણ ત્યાગ નથી કરતા, ત્યારે ઋષિઓને પણ કઠણ લાગે એવું તપોમય જીવન બિચારી નાની છોકરીઓ અને સ્ત્રીઓ પાસે બળાત્કારે ગુજારાવવાનો એમને શો હક !

અહિંસા એ ગાંધીજીનો મુદ્રામંત્ર છે. જ્યાં હિંસા થતી જુએ અથવા દલિત તરફ અન્યાય થતો જુએ ત્યા ગાંધીજીની દયામય નજર પડે છે. એટલે વિધવા તરફ તેમને પક્ષપાત હોય તેમાં નવાઇ નહિ. રાજકીય અને કેટલાક સામાજિક પ્રશ્નો તેમણે હાથ પર લીધા છે એટલે વિધવાના પ્રશ્ન તરફ એમણે બહુ લક્ષ આપ્યું નથી, પરંતુ વિધવાના પ્રશ્ન માટે તેમણે થોડુંક લખ્યું છે ખરું, અને તે ઉપરથી આપણે તેમના વિચાર જાણી શકીએ છીએ. તેઓ લખે છે: "વિધવા બહેનોને જોઉં છું ત્યારે મારુ માથું અનાયાસે નમે છે. વિધવાનું દર્શન મારે સારુ અપશુકનની નિશાની નથી. પ્રાતઃકાલમાં તેનું દર્શન કરી હું કૃતાર્થ થાઉં. ...વિધવાની પાસે પુરુષ પામર પ્રાણી છે. વિધવાના ધૈર્યનું અનુકરણ અસંભવિત છે."

વળી તેઓ લખે છે "ખરો સુધારો તો એ છે કે જેમ સ્ત્રી તે પ્રમાણે પુરુષ પણ ઘરભંગ થાય તો ફરી ન જ પરણે." પણ એ સુધારો તેમને અશક્ય લાગે છે. પુરુષોમાં સંયમ કેટલો થોડો છે તે તેમને ખબર હશે. તેથી જ તેઓ બીજો રસ્તો બતાવે છે કે બાળલગ્નો બંધ કરવાં, બાળવિધવાના પુનર્લગ્ન કરવા અને મોટી ઉમરે વિધવા થએલી બહેનોને જ્ઞાન વધારવાનાં સાધનો પૂરા પાડવાં. ગાંધીજીના આ મત સાથે તદ્દન સંમત થવાતું નથી. જો બાળલગ્ન સદતર બંધ થાય અને બાળવિધવાના પુનર્લગ્ન પણ થઈ શકે એટલો બધો સુધારો સમાજ કરી શકે તો પછી વિધુરના લગ્ન અટકાવવા જેટલો સુધારો કેમ કઠણ પડે ? જમાનાઓ થયાં વિધવા સ્ત્રીઓ સંયમ પાળી શકે છે અને પુનર્લગ્ન નથી કરતી ત્યારે તેવું જ વિધુર કેમ ન કરી શકે ? ગાંધીજી પુરુષ છે માટે તેઓ પુરુષને છુટા મૂકે છે. ગાંધીજીની જગાએ કોઇ સ્ત્રી હોત તો તેનો મત જુદો જ હોત.

પરન્તુ હાલના વ્યક્તિસ્વાતંત્ર્યના જમાનામા તો પુરુષ કે સ્ત્રી—વિધુર કે વિધવા કોઇને પણ માટે પુનર્લગ્ન કરવું કે ન કરવું એમ નિયમ કે બાધ હોઇ શકે નહિ. પદર વર્ષથી મોટી ઉમરે પરણેલી કન્યા વિધવા થાય અને તેને પુનર્લગ્ન કરવાનું મન થાય તોપણ તેને તે છૂટ આપવાનું ગાંધીજી લખતા નથી. કારણ કે "વૈધવ્ય તે તો હિન્દુ ધર્મનું ભૂષણ છે" એમ તેઓ માને છે. આ વાત એક રીતે ખરી છે. જેવી રીતે 'એકપત્નીવ્રત' એ ક્રિશ્ચિયન ધર્મનું ભૂષણ છે તેવી રીતે વૈધવ્ય હિન્દુ ધર્મનું ભૂષણ ગણી શકાય. મહાત્માજી કહે છે: "વિધવા એટલે તે સ્ત્રી કે જેનો પતિ મૃત્યુ પામ્યો છે—એ સ્ત્રી કે જેણે લાયક ઉમરે પોતાની ઇચ્છા કે સંમતિથી વિવાહ કર્યો છે. ને જેણે સ્ત્રીપુરુષ વચ્ચેનો સંબંધ જાણ્યો છે. આ વ્યાખ્યામાં અક્ષતયોનિનો કે માબાપે હોમી દીધેલી કુમળી વયની બાળાનો સમાવેશ થતો જ નથી અને થવો ન જ જોઇએ." એટલે તેવી વિધવાનું વૈધવ્ય તે હિન્દુ ધર્મનું ભૂષણ ગણી શકાય. પરન્તુ મારું માનવું એમ છે કે હિન્દુ ધર્મમાં પણ જેમ

એકપત્નીવ્રતનો માત્ર આદર્શ મનાયો છે પરંતુ કાયદો નથી, તેવી રીતે વૈધવ્યનો પણ 'આદર્શ' જ ગણવો જોઇએ. જે સ્ત્રી મનથી વિધવા નથી કે જે પુરુષ મનથી વિધુર નથી તેને પુનર્લગ્નનો બાધ ન કરી શકાય. જો બાળલગ્ન અટકે અને સ્ત્રીપુરુષ, પોતાની પસંદગીથી લગ્ન કરી શકે તો પછી વિધવા કે વિધુર થયા પછી તે પોતાના ગતસંબંધી તરફના પ્રેમને લીધે પુનર્લગ્ન કરવાનું મન જ નહિ કરે. તેનો પ્રેમ ઉપર ઉપરનો જ હોય અને લગ્ન ફરી કરવાની ઇચ્છા હોય તો તેને અટકાવવાનો પ્રયત્ન ન કરાય. એટલું કરી શકાય કે દરેક કન્યા અને દરેક યુવક મનમાં નક્કી કરે કે હું તો પંથવરને જ કે કુમારિકાને પરણું. તો પછી વિધુર અને વિધવા પુનર્લગ્ન્ કરી જ ન શકે અને વૈધવ્ય તથા વિધુરતાનો આદર્શ જળવાય.

પણ આ તો ભવિષ્યની વાત થઇ. જો કે એ ભવિષ્ય પણ બહુ દૂર ન હોવું જોઇએ. કારણકે યુવાન વર્ગમા હવે જોતજોતામા બહુ ચેતના આવી છે. એટલે એકપત્નીવ્રત કે કૌમારવ્રતનો આદર્શ હવે જલદી આવશે. તોય હાલ તો જેટલી વિધવા છે તેટલી માટે શું કરવું તે જોઇએ.

બાળવિધવાઓ પ્રત્યે ગાંધીજી કહે છે : "તેઓએ શાન્તિથી દુઃખ સહન કરવું. તેઓએ પુરુષ કે વડીલોની પાસે પોતાનું હૃદય ઠલવવું ને પોતાની બધી ઇચ્છાઓ રજુ કરવી. વડીલ ન સમજે કે ન માને તો નિશ્ચિંત રહેવું અને લાયક પતિ મળી આવે તો તેઓએ વિવાહ કરી લેવો. એવો પતિ શોધવાને સારુ જેમ દમયંતીએ, સાવિત્રીએ, પાર્વતીએ તપ કર્યાં તેમ તેઓ પણ આ યુગને અનુકૂળ ને આ યુગમાં શકય એવું તપ આદરે. એ તપ અભ્યાસ છે. વિધવાને સારુ અભ્યાસ–શારીરિક, માનસિક ને આધ્યાત્મિક–જેવી બીજી મનને સ્થિર કરનારી વસ્તુ નથી. શારીરિક તપ તેઓ પ્રત્યેક ક્ષણ રેંટિયાને આપીને કરે, માનસિક તપ અક્ષરજ્ઞાન મેળવીને કરે અને આધ્યાત્મિક તપ આત્મશુદ્ધિ કરીને, આત્માને ઓળખીને ારે. આ ત્રણ કાર્યમા વડીલો રોકે નહિ, અને રોકે તો યે નિરર્થક છે. એ ત્રણ વસ્તુનો ધિકાર બધાનો છે. તે ન મળે તો અવશ્ય વિધવા સત્યાગ્રહ આદરે."

માનસિક અભ્યાસમાં માત્ર અક્ષરજ્ઞાનનું જ કહ્યું છે. પરન્તુ સ્ત્રીઓ પોતાની બુદ્ધિ પુરુષોની માફક જ અનેક દિશામાં, શકય હોય તેટલે સુધી ખીલવે એવું હું તો માનું છું. કમનસીબે સ્ત્રીની બુદ્ધિ વિશે અને સ્ત્રીશિક્ષણ વિષે 'મહાત્માજીના વિચાર જરા સંકુચિત છે, બાકીની તેમની સલાહ વિધવા બહેનોને આવકાર યોગ્ય થઈ પડશે. હું તો વિધવા બહેનોને કહું છું કે તેમણે બને તેટલો અભ્યાસ કરવો. જેમની ઉમર પાકટ થઈ ગઈ હોય અને અભ્યાસમાં બુદ્ધિ ન ચાલે તેમણે સીવણ, ભરત, ગૂંથણ વગેરે કામ કરવું અથવા કાંતવું કે દળવું કે બાળકોને માટે રમકડાં બનાવી વેચવાં કે વિદ્યાર્થીઓને રસોઇ કરી જમાડવા, વગેરે કોઈપણ પ્રામાણિક ધંધો કે નોકરી કરવી. પોતાની જાતે કમાવવામાં કાંઇ નાનમ નથી. જે બહેન વધારે સુભાગી હોય ને અભ્યાસ આગળ વધારી શકે તેમણે શિક્ષિકા, નર્સ, ડૉક્ટર, વકીલ, બેરિસ્ટર, ટાઈપીસ્ટ કે શૉર્ટહૅન્ડ રાઇટર થવું. ગમે તે રીતે સમાજસેવા કરવી અને સાથે સાથે આર્થિક સ્વતંત્રતા મેળવવી અને પોતાનું મન સારા કાર્યમાં રોકવું. એમ કર્યાથી કુટુંબનાં સગાંના અણઘટતા દાબમાં રહેવું નહિ પડે અને આર્થિક પરતંત્રતાને લીધે ઘરમાં સસરા, જેઠ, દિયેર, સાવકા પુત્રો વગેરે તથા સાસુ, ભાભી વગેરે જે રીતે વિધવાની નિરાધારતાનો જુદી જુદી રીતે લાભ લે છે તે નહિ લઇ

શકે. વળી સારા કાર્યમાં મન રોકાવાથી વિધવા પોતાનું ને પારકાંનું ભલું કરી જીવન સાર્થક કરી શકશે.

સ્ત્રીઓને શિખામણ આપવાનો ધંધો ઘણા પુરુષો લઈ બેસે છે. 'સુન્દરી સુબોધ' અને 'સ્ત્રીબોધ' અને 'સ્ત્રી-હિતોપદેશ' એવા એવાં નામવાળાં માસિકો કહાડવાની પુરુષો ધૃષ્ટતા કરે છે. હજુ સુધી સ્ત્રીઓએ 'પુરુષ સુબોધ' કે એવું પત્ર કહાડયું નથી. કારણ સ્ત્રીઓ તો પહેલી જાતને સુધારી પછી પારકાંને ઉપદેશ દેશે. વિધવા તરફનું અમારૂં વર્તન, બાળલગ્નોમાં અમારો ભાગ, લગ્ન મરણનાં ખર્ચોમાં અમારી હઠ વગેરે વગેરે ઘણી બાબતોમાં અમારે હજુ સુધારવાનું બાકી છે, પરન્તુ મહાત્માજીના જ શબ્દો પુરુષોને બોધ તરીકે ઉપવટમાં ટાંકવાને મારું મન લલચાય છે. મહાત્માજી કહે છે: "પત્નીવ્રતા પુરુષો ક્યાં હશે? અને જો ન હોય તો પતિવ્રતા સ્ત્રીઓની પૂજા કરીને પુરુષોએ સંતોષ વાળી લેવાનો છે કે પોતે પણ પત્નીવ્રત દઢતાપૂર્વક પાળીને પતિવ્રતા સ્ત્રીઓની પૂજા કરવાની છે? અનુકરણના જેવી બીજી કઈ પૂજા હોય?"

પ્રેમલીલા મહેતા

સમાજમાં સ્ત્રીના સ્થાન સંબંધી મહાત્મા ગાંધીજીના વિચારો

હિન્દુસ્થાનની સ્ત્રીઓની અત્યારે એટલી અધમ, કફોડી દશા છે કે આપણે પૂછવું પડે છે કે સમાજમાં સ્ત્રીઓનું શું સ્થાન છે? બીજા દેશોમાં પણ આપણી છે તેવી જ સ્થિતિ તો હતી પણ એ સ્ત્રીઓએ પુષ્કળ પ્રયત્નો કરીને પણ પોતાનું સ્થાન પાછુ મેળવ્યું છે જ્યારે હિન્દુસ્થાનની ઊંઘ હજી ઊડતી નથી. સ્થાનભ્રષ્ટને કોઈ માન તો ન જ આપે પણ તેમની કોઈ ગણના પણ ન કરે. સ્ત્રીઓ સ્થાનભ્રષ્ટ થઈ છે તેમાં સ્ત્રી અને પુરુષ બંનેનો દોષ છે.

વેદકાળ અને તે પહેલાંના વખતમાં જોઇશું તો સમજાશે કે સ્ત્રીઓ અને પુરુષો બંનેની સ્થિતિ સરખી હતી, સરખા હકો ભોગવતાં અને બંને સરખું જ જીવન જીવતાં. તે વખતે સ્ત્રીઓ પણ પુરુષોની પેઠે બહારનું જીવન ગાળતી અને સ્વાશ્રયી રહી પુરુષો પણ સામાન્ય રીતે એક ઉપર બીજી સ્ત્રી કરતા નહિ. પછી જેમ જેમ આર્થિક જીવન ફરવા માંડ્યું તેમતેમ સ્ત્રીઓનું ઘર બહારનું જીવન ઓછું થયું અને ઘરની ચાર દિવાલોમાં તે વધારે ગુંચાતી ગઇ, પુરુષ કમાઇ લાવે અને સ્ત્રી ઘરની વ્યવસ્થા રાખે તે સ્થિતિ થઈ; જ્યારે પહેલાં બંનેનો આર્થિક જીવનમાં લગભગ સરખો ફાળો રહેતો. સ્ત્રી એટલું એક પગથિયું નીચે ઊતરી, ત્યાર પછી તેને પુરુષની ખુશામત કરવાની આવી. જેટલું પુરુષ આપે તેટલું જ તેનાથી લેવાય, તેથી પુરુષને ખુશ કરવાને માટે જે જે કરવું પડે તે તે કરવા લાગી, અને એક પછી એક પગથિયા ઊતરવા લાગી. જેમજેમ પુરુષ સત્તામાં વધારે આવતો

ગયો તેમતેમ તે પણ સ્ત્રીને દબાવવા લાગ્યો, અને એક બે ત્રણ એમ સ્ત્રીઓ પરણવાની છૂટ લેતો ગયો. સ્ત્રી એ સ્થિતિને તાબે થતી થઇ અને પછી તો જ્યાં સુધી સ્ત્રી રૂપાળી, યુવાન હોય ત્યાં સુધી ઠીક, પછી પાછી બીજી. આથી સ્ત્રીઓને પોતાનું સૌંદર્ય પુરુષોને ખુશ રાખવા માટે જાળવવાની ફરજ પડી. અત્યારે તો સ્ત્રી એટલે સંતાનપ્રાપ્તિનું, પુરુષોની વાસના અને વિલાસ તૃપ્ત કરવાનું સાધન અને વગર પૈસે આખા ઘરનું ઢોરની પેઠે કામ ઢસડનાર એક પ્રાણી. આ પ્રાણીનું સમાજમાં શું સ્થાન હોઈ શકે? તેણે ઘરની સંભાળ રાખવી, પતિરાજની તમામ સગવડો, પોતાની અગવડો વેઠીને પણ સંભાળવી, તેને જ માટે પોતાનું તનમન હંમેશ તૈયાર રાખવું, અને મોટામાં મોટું માન તે તેના પુત્રની માતા બનવું. પુત્રની માતાને તો વળી નામનું પણ માતા તરીકે સ્થાન મળે છે પણ જોગેજોગે છોકરાં ન થયાં તો તેવાનો આ લોક અને પરલોક બંને બગડયા. આ તેનું હાલનું સ્થાન.

આ પડેલી દશામાંથી સ્ત્રીને પાછી કેવી રીતે પોતાને સ્થાને લાવવી તેને માટે પ્રયત્નો થાય છે અને તે વખતે સ્ત્રીનું સ્થાન કયું, કયાં વગેરે પ્રશ્નો ઉદ્‌ભવે છે, અને અનેક આધારો ટંકાય છે. આમાં પૂજ્ય મહાત્મા ગાંધીજીના વિચારો પણ સ્ત્રીઓના ઉદ્ધાર વિષે કેવા છે તે જાણવા જોઇએ. કેટલાક કહે છે કે ગાંધીજીના વિચારો, સ્ત્રીઓ વિષે બહુ સંકુચિત છે. અલબત્ત, ગાંધીજીએ એકલી સ્ત્રીઓ માટે જુદું કાંઈ કર્યું નથી પણ તેમની સર્વદેશીય પ્રવૃત્તિમા સ્ત્રીઓનો પ્રશ્ન પણ તેમણે વિચારી લીધો છે.

તેમના પોતાના જ લખાણો ઉપરથી આપણે તેમના વિચારો જાણી શકીશું:—

સ્ત્રીની સ્ત્રી પ્રત્યે ફરજ

"જેમાં હિન્દુસ્તાનનો ઉદ્ધાર રહેલો છે અને જેના વિના હિન્દુસ્તાનનો ઉદ્ધાર ન થઇ શકે એવી ભારે છતા સાદી વાત તમારી સાથે મારે કરવી છે. પુરુષ પોતાના મૂઢપણાથી સ્ત્રી પ્રત્યેની પોતાની ફરજ ભુલી જાય, પણ તેથી સ્ત્રી પણ સ્ત્રી પ્રત્યેની ફરજ ભૂલે? (નવજીવન, તા. ૧૪–૯–૧૯૧૯)

સ્ત્રીઓ અબળા નથી

સ્ત્રીઓ પોતાને અબળા માની આવાં કામોમાંથી મુક્ત નથી થઈ શકતી. અબળા એ વિશેષણ આત્માને લાગુ ન જ પડે. એ તો શરીરને વિષે કહેવાનું છે. જે સ્ત્રીને પોતાપણાનું ભાન આવ્યું છે, તેનું સ્ત્રીત્વ તેના આત્મબળ વડે શોભે છે. પોતાના શરીરની નબળાઈ સ્વીકારી, નબળી બની, સ્ત્રી પોતાનું સ્ત્રીત્વ શોભાવી નથી શકતી. જેમ હાથીનું શરીર મનુષ્યના બુદ્ધિબળ આગળ કામ નથી કરતું તેમ મનુષ્યના એટલે સ્ત્રીપુરુષ ઉભયના આત્મબળ આગળ મનુષ્યનું બુદ્ધિબળ અને શરીરબળ તૃણવત્ થઇ જાય છે. તેથી હું પૂછું છું કે હિન્દુસ્તાનની સ્ત્રીઓ પોતાને અબળા માની પોતાની પ્રજાનું રક્ષણ કરવાનો અધિકાર નહિ તજે." (નવજીવન, તા. ૧૮–૭–૧૯૨૦)

સ્ત્રીઓ અને સ્વરાજ્ય

"સ્ત્રીઓનો પુરો હિસ્સો આ કાર્યમાં ન મળે ત્યાં સુધી સ્વરાજ્યની આશા રાખવી ફોકટ છે. તેનું સૂક્ષ્મ પાલન જેટલું સ્ત્રીઓ કરે છે તેટલું પુરુષો નથી કરતા. પ્રજાની સ્વતંત્રતા જાળવવી, ગઇ હોય તો એ મેળવવી એ ધર્મ છે એમ સ્ત્રીઓ ન જાણે ન કબૂલે તો પ્રજાની રક્ષા અસંભવિત છે. એટલે પ્રથમ સુધારો તો એ થવો જોઈએ કે સ્ત્રીએ

સ્વતંત્રતાનો મહામંત્ર લઇ તેને ધર્મ જાણી સેવવો, અને જે સ્ત્રીને એ જ્ઞાન થયું છે તેણે તે બીજી બહેનોને આપવું. સ્ત્રી જાતિમાં મોટું કાર્ય તો સ્ત્રી જ કરશે. પુરુષની શક્તિને હદ છે, તેનાથી સ્ત્રીના ઊંડામાં ઊંડા ભાવો ન જ વર્તી શકાય. સ્ત્રી પોતાનાં બાળકોનાં શરીરને ચોળે છે તે જ પ્રમાણે તેમનાં મનમાં સ્વતંત્રતા, નિર્ભયતા, દઢતા વગેરે ગુણો ઉતારે. (ન. જી, તા. ૩–૧૦–૨૦)

"જ્યારે હિન્દુસ્તાનની બહેનો જાગૃત થાય ત્યારે સ્વરાજને કોણ રોકી શકનાર છે? × × × સ્ત્રીઓએ પોતાના સર્વસ્વનું બલિદાન કરી પ્રજાનું રક્ષણ કર્યું છે. એ સ્ત્રીઓ જ્યારે હિન્દુસ્તાનનું દુઃખ સમજે ત્યારે તે દુઃખ કેટલા દહાડા નભી શકે?" (ન. જી. તા. ૨૮–૧૧–૨૦)

સ્ત્રીઓની ઉપેક્ષા

"જેમ ભાષાને વિષે તેમ જ સ્ત્રીઓને વિષે. આપણી માતૃભાષાને અને રાષ્ટ્રભાષાને તરછોડીને આપણા પ્રજાવર્ગથી શિક્ષિતવર્ગ જેમ વિખૂટો પડયો છે તેમ જ આપણે સ્ત્રીસમાજને તરછોડેલ છે. તેમનો રાષ્ટ્રીય જીવનમાં કાઇ હિસ્સો જ નથી એમ આપણે માની લીધું છે તેથી તેઓએ જાહેરજીવનમાં આજ લગી કશો ભાગ નથી લીધો." (ન. જી. તા. ૨૬–૧૨–૨૦)

સ્ત્રીઓની આર્થિક સ્થિતિ

"આપણી ગફલતથી કહો કે આળસથી કહો કે બેદરકારીથી કહો પણ ઘણી ગરીબ બહેનો સ્વતંત્ર ધંધાને અભાવે અત્યાચારનો ભોગ થઇ પડે છે."

વિધવાવિવાહ

વિધવાનો પ્રશ્ન હિન્દુસંસાર પાસે નાનોસૂનો નથી. સુધારકોએ એ પ્રશ્નનો એકદેશીય માર્ગ સૂચવી દીધો છે. વૈધવ્યમાં હું તો ઘણું રહસ્ય જોઉં છું. પુરુષો પણ ઘરભંગ થઈ પુનર્લગ્નનો વિચાર ન કરે એ વધારે સરસ ન હોત? પરંતુ એવા વિચારથી અથવા તો એ વિચારના અમલથી યે બાળવિધવાનો બળાપો કેમ બંધ કરી શકાય? હઠપૂર્વક વિધવાને પુનર્લગ્ન કરતી અટકાવવી એમાં ધર્મ હશે? વૈધવ્ય શોભાવી શકાય એવી સ્થિતિમાં વિધવાઓને મૂક્યા વિના વિધવાઓની પાસેથી પવિત્રતાની આશા રાખી શકાય?" (ન. જી. તા. ૧૨–૧૦–૧૯)

"જે સ્ત્રીની સાથે પુરુષે કેટલાંક વર્ષો સુધી મૈત્રી રાખેલી છે, જેના દુઃખે તે દુઃખી થયો છે, જેના સુખમાં ભાગ લીધો છે, જેની સાથે ભોગવિલાસ કર્યો છે, જેની સાથે ચોવીસે કલાક રહ્યો છે તે સ્ત્રીનો દેહપાત થતાં શું પુરુષે સામાન્ય મિત્રના વિયોગથી જેટલો શોક પાળે તેટલો પણ નહિ પાળવો? × × × પણ હિન્દુસ્તાનના પુરુષની ખાનદાની ઘણે ભાગે સ્મશાનની હદથી આગળ નથી જઇ શકતી, અને કોઇ કોઇ વખતે તો ચિતામાં પોતાની પવિત્ર સ્ત્રીના દેહની ભસ્મ થાય છે અને સ્મશાનની હદમાં જ નાતીલાઓ તેની સાથે નવા વિવાહની વાત કરતાં અચકાતાં નથી. અને ઘરભંગ થએલો પુરુષ તે સાંભળતાં શરમાતો નથી. આ દયાજનક સ્થિતિમાંથી હિન્દુસ્તાનને ઊગરી જવું આવશ્યક છે."

ફરજ અને હક

"પુરુષો પોતાની ફરજ બજાવે યા ન બજાવે, સ્ત્રીઓ પોતાના હક કેમ સિદ્ધ ન કરે? સ્ત્રીઓને મતાધિકાર જરૂર મળવો જોઇએ, પણ જે સ્ત્રીઓ પોતાના સામાન્ય હક

સમજતી નથી, અથવા સમજતી છતી તે હકો મેળવવા શક્તિ નથી ધરાવતી, એ મતાધિકાર લઇને શું કરશે? સ્ત્રીઓ મતાધિકાર ભલે મેળવે, ભલે હિન્દુસ્તાનની ધારાસભાઓમાં જાય, પણ સ્ત્રીઓની પ્રથમ ફરજ પુરુષો તરફથી જાણે અજાણે થતા અત્યાચારોમાથી બચી હિન્દુસ્તાનને શોભાવવાની ને વીર્યવાન બનાવવાની છે. જ્યારે અજ્ઞાની મા પોતાની તેટલી જ અજ્ઞાની છોકરીને તુરત ઘરભંગ થએલા પુરુષના વિષયાગ્નિમા હોમી દેવાને તૈયાર છે ત્યારે જ પુરુષો હજી વિયોગદુઃખનાં આસુઓ સુકાયાં નથી ત્યાં જ ફરી પરણવાનો વિચાર કરી શકે છે. મારી તો માન્યતા છે કે આવા પ્રકારના સુધારા કરવા એ સ્ત્રીઓનો હક છે, એટલું જ નહિ, પણ એ સ્ત્રીઓની ફરજ છે– પોતા પ્રત્યે, પુરુષ પ્રત્યે અને હિન્દુસ્તાન પ્રત્યે." (ન. જી. તા. ૧૬–૫–૨૦)

પૂજ્ય મહાત્મા ગાંધીજીના વિચારો ઉપરથી સમજાશે કે તેઓ એક પ્રખર સમાજ સુધારક છે. પચાસ વર્ષમા જેટલું આપણા સમાજસુધારકો નથી કરી શક્યા તેટલું એકલા મહાત્મા ગાંધીજીએ દશ વર્ષમાં કર્યું છે. તેમણે સ્ત્રીઓને જાહેરમાં ભાગ લેતી, નીડર અને સમજતી કરી છે. સ્ત્રીઓની ચળવળને માટે પુષ્કળ પ્રચારકાર્યની જરૂર છે, અને ગાંધીજી મોટા પ્રચાર કરનારા હોઇ તેમણે સૌથી વધારે પ્રચારકાર્ય કર્યું છે.

સ્ત્રી પોતાનું સ્થાન ત્યારે જ મેળવી શકે અને રાખી શકે, જ્યારે તેની આર્થિક અને સામાજિક પરતંત્રતાઓ દૂર થાય. આને માટે ધીમે ધીમે કામ કર્યાથી કે પુરુષો ઉપર આધાર રાખ્યાથી કદાપિ પણ સ્ત્રીઓનો ઉદ્ધાર થવાનો નથી. કેળવણી વધે અને ધીમે ધીમે બધાં સમજે ત્યાં સુધી વાટ જોયા કરવી એ કેળવાયેલી સ્ત્રીઓ માટે શરમની વાત છે. એનો અર્થ એમ નથી કે કેળવણી ન આપવી કે પુરુષોની મદદ ન જ લેવી. પણ જેમ રશિયાએ કર્યું તેમ સ્વાતંત્ર્યની ભાવનાનો પ્રચાર કરી વિપ્લવ વિના બીજો માર્ગ મને તો જણાતો નથી. અત્યારની હાલની સ્ત્રીઓની સ્થિતિ માટે સ્ત્રીઓમાં અસંતોષ ફેલાવો જોઇએ. જેવો અસંતોષ ફેલાયો કે સ્ત્રીઓમાં એકદમ જાગૃતિ આવવાની.

આ અસંતોષ તેમની આર્થિક પરાધીનતા માટે, સામાજિક જીવન જેવાકે લગ્ન, છુટાછેડા, પુનર્લગ્ન વગેરે બાબતો માટે ઉત્પન્ન થવો જોઇએ. આજે સ્ત્રીના સ્થાનમાં આડે આવતા જે જે અનિષ્ટ તત્ત્વો છે તે જો સ્ત્રીઓ જ દૂર નહિ કરે તો તે જવાનાં જ નથી. આને માટે સ્ત્રીઓએ હિમ્મતનો ગુણ તો પોતાનો કરવો જ પડશે. જ્યાં સુધી તે હિમ્મત અને આત્મવિશ્વાસ નહિ કેળવે ત્યાં સુધી તે પુરુષના અને સમાજના પંજામાંથી છૂટી શકવાની નથી.

સ્ત્રીની પરતંત્રતાનું મૂળ તેનો વિલાસ છે. વિલાસને લીધે જ તે પોતાના સ્થાનથી ભ્રષ્ટ થઇ છે અને બંધનમાં જકડાઈ છે. જો તે પુરુષના વિલાસનું સાધન મટે તો તેની સ્વતંત્રતા તેને પ્રાપ્ત થાય એ વસ્તુ આપણને મહાત્મા ગાંધીજીએ જ બતાવેલી છે. સૌંદર્ય ખાતર ભલે સ્ત્રી શણગાર સજે પણ તે પુરુષને આકર્ષવાને નહિ. સ્ત્રી એ માત્ર પુરુષને રમવાનું રમકડું નથી કે ગુલામ પણ નથી. તે પણ પુરુષની જેમ મનુષ્ય છે ને તેને મનુષ્યના બધા હકો હોવા જોઇએ, એ સ્ત્રીઓએ સમજવાનું છે. જો સ્ત્રીઓ આ વસ્તુ સમજશે તો પુરુષોને સમજવી પાડશે જ. સ્ત્રી એ કોઇના વિલાસનું સાધન નથી, એ માન્યતા જ્યાં સુધી સ્ત્રીઓમાં દૃઢ નહિ થાય ત્યાં સુધી સ્ત્રીસ્વાતંત્ર્યની બધી ચળવળ નિષ્ફળ જવાની. અને પુરુષ ત્યાં સુધી તે વસ્તુ નહિં માને ત્યાં સુધી તે ખરેખરો સંસ્કારી નહિ થાય.

સૌ. ઈન્દુમતી દીવાન

ગાંધીજી અને સ્ત્રીઓ

ગાંધીજીના જીવનની અને વિચારોની અસર સમસ્ત દેશની સ્ત્રીઓ ઉપર જેટલી થઇ છે તેટલી અસર હિંદના બીજા કોઇ મહાન પુરુષની પોતાના જ પ્રાન્તની સ્ત્રીઓ ઉપર થઇ શકી નથી. એનું મુખ્ય કારણ ગાંધીજીનાં અને બીજા નેતાઓના જીવનની વચ્ચે રહેલો તફાવત છે. ગાંધીજીનાં ચારિત્ર્યની પવિત્રતાએ સ્ત્રીઓના મન ઉપર ઊંડી છાપ પાડી દીધી છે એ નિઃસંશય છે. આપણા દેશની સ્ત્રીઓ સ્વભાવથી જ સ્વાર્થત્યાગી હોઈ ગાંધીજીના સ્વાર્થત્યાગ તરફ પૂજ્યભાવથી જુએ એમાં શું આશ્ચર્ય ? સ્ત્રીસ્વભાવની એક વિચિત્રતા એ છે કે તેઓ પોતે સંસારથી વિરક્ત હોતી નથી છતાં વિરકત પુરુષોને હંમેશ પૂજે છે. સામાન્ય સાધુ સન્તોનો હિંદુ સ્ત્રીઓ ખૂબ આદર સત્કાર કરે છે તો પછી ગાંધીજી જેવા, સંસારમાં રહેવા છતાં સંસારની માયાથી વિરક્ત એવા તપસ્વીની, ચરણરજ લેવા તેઓ આતુર હોય એમાં શી નવાઇ ?

સામાન્ય વર્ગના પુરુષોને પોતાના કુટુંબની સ્ત્રીઓ સિવાય બીજી સ્ત્રીઓ માટે માનની વૃત્તિ હોતી નથી. કેળવાએલા પુરુષોમાંથી ઘણાખરા તો સ્ત્રીઓને માત્ર જાહેરમાં માન આપે છે એટલુંજ, બાકી અંતરથી તેઓ સ્ત્રીને પોતાના કરતાં ઊતરતા પ્રકારનું પ્રાણી ગણે છે, એટલું જ નહિ, પરન્તુ એમાના કેટલાક તો ખાનગીમાં સ્ત્રીઓ વિષે ઘણી જ અશિષ્ટ ભાષામાં વાતો કરતા હોય છે. છતાં એટલું તો કબૂલ કરવું જોઇએ કે પુરુષોમાં એક અતિ નાનો વર્ગ એવો છે કે જેમને ખરેખરી સ્ત્રીસન્માનની લાગણી હોય છે. અલબત્ત ગાંધીજી તો આ ઉચ્ચ કોટિના જ છે. એમના જેટલું સ્ત્રીસન્માન બીજા ઘણા નેતાઓને હોય છે છતાં સ્ત્રીઓ તરફથી બદલામાં ગાંધીજી જેટલું માન બીજું કોઇ પામી શક્યું નથી કારણ કે ગાંધીજીને સ્ત્રીઓ માટે એકલી માનની લાગણી નથી પરન્તુ માન સાથે પ્રેમની લાગણી છે. બે ત્રણ વર્ષ ઉપર એક વખત અમદાવાદમા યુવક સપ્તાહમા યુવતીઓએ ભજવેલા નાટકમા ગાંધીજીએ પ્રમુખપદેથી કહ્યું હતું કેઃ "હું નાટક જોવા કોઇ દિવસ જતો નથી પરન્તુ સ્ત્રીઓના આમંત્રણને હું ના પાડી શકયો નહિ કારણ કે સ્ત્રીઓ પ્રત્યે મને એક જાતનો પક્ષપાત છે." 'નવજીવન'ના વાચકોને સારી રીતે જાણમાં હશે કે ગાંધીજીના પ્રવાસોના વર્ણનમા પણ સ્ત્રીઓ માટેનો એમનો સ્નેહ સ્પષ્ટ જણાઇ આવે છે.

ગાંધીજીની એક પણ રાજકીય કે સામાજિક ચળવળ એવી નથી કે જેમાંથી એમણે સ્ત્રીઓને અલગ રાખી હોય. રાષ્ટ્રીય તેમજ સામાજિક ઉન્નતિ માટે સ્ત્રીઓની સહાયની આવશ્યકતા તેઓ હમેશ સ્વીકારે છે. સ્ત્રીઓએ ગાંધીજીનો સંદેશો યોગ્ય રીતે ઝીલ્યો છે કે નહિ એ શંકા ભરેલું છે. એમાં સ્ત્રીઓનો ખાસ દોષ નથી. હંમેશ પરતંત્રતામા રહેતી સ્ત્રીઓને સ્વરાજ્યની શી કિંમત હોય ? તેમજ અજ્ઞાનથી અને રૂઢિ બંધનોથી વીંટળાએલી સ્ત્રીઓને દેશની આર્થિક ઉન્નતિમા કે હિંદુમુસ્લીમ ઐકયમાં શો હેતુ દેખાય ? એટલે એ ચળવળોમા સ્ત્રીઓ યોગ્ય ફાળો ના આપી શકી હોય તો એમના અજ્ઞાનનો એમાં દોષ છે. અંત્યજ ઉદ્ધારની કે સ્વદેશીની ચળવળ જેટલા ઉત્સાહથી ગાંધીજીએ ઉપાડી હતી તેટલા

ઉત્સાહથી જો સમાજમાં સ્ત્રીનું સ્થાન ઉચ્ચ કરવાની અથવા તો આપણા સંસારના દુષ્ટ રિવાજોના બંધનમાંથી સ્ત્રીઓને મુક્ત કરવાની ચળવળ શરૂ કરી હોત તો જરૂર સ્ત્રીઓ ગાધીજીને પુષ્કળ મદદ કરત. દરેક રાજકીય નેતા પાસેથી સમાજસુધારામાં મદદ કરવાની આશા ના રાખવી જોઇએ પરન્તુ ગાંધીજી જેવા સમાજસેવક તથા અન્યાયથી પીડાતાંની વારે ધાનાર પુરુષ પાસેથી સ્ત્રીઓ એટલી સહાયની આશા રાખે તો એમા કંઈ અયોગ્ય ગણી શકાય? વિધવાઓની સ્થિતિ સુધારવા વિષે તેમજ વિધવાવિવાહ વિષે ગાંધીજીએ પોતાનો અભિપ્રાય 'નવજીવન' દ્વારા અનેક વખત જાહેર કર્યો છે, પરન્તુ આપણા દેશમાં એકલી વિધવાઓની જ સ્થિતિ દયાજનક નથી કારણ કે હિંદુ સ્ત્રીઓમાં સોમાંથી સાઠ સ્ત્રીઓ સમાજના અનિષ્ટ રિવાજોનો તથા પુરુષોના જુલમનો ત્રાસ ભોગવતી હોય છે. એમની સ્થિતિ સુધારવા વિશેના વિચારો ગાંધીજી પોતાનાં લખાણ અથવા ભાષણો દ્વારા, જાહેર કરે તો સમાજસેવકોને તેમજ સ્ત્રીઓને તે ઘણા ઉપયોગી થઇ પડે. સંસારનાં સર્વ દુઃખ ટાળવાની વિનંતિ ગાંધીજીને કરવી એ બેશક અયોગ્ય છે; પરન્તુ જેમને હૈયે સ્ત્રીઓના દુઃખની દાઝ છે, અને જેમના વિચારોની અસર સંખ્યાબંધ સ્ત્રી પુરુષો ઉપર થાય છે તેમની પાસેથી ભારતવર્ષની વસ્તીના પીડિત અડધા ભાગનાં જીવન સુખી કરવાના કાર્યમાં સહાયની આશા રાખવાનો સ્ત્રીઓને હક છે.

ગાધીજીની ચળવળોમાં સ્ત્રીઓએ કેટલો ફાળો આપ્યો છે તે વિચારવા જેવું છે. અસહકારની ચળવળમા સ્ત્રીઓએ થોડો ઘણો ભાગ લીધો હતો એ નિર્વિવાદ છે. ખાદી પહેરવા અને સ્વદેશી માલ વાપરવામા સ્ત્રીઓએ શરૂઆતમાં જેટલી ઉત્સુકતા બતાવી હતી તેટલી પાછળથી તેઓ મક્કમ ન રહી શકી એ તો કબૂલ કરવું જ પડશે. એકલી ખાદી જ પહેરવાનો ઉપદેશ કરવાને બદલે જો શુદ્ધ સ્વદેશી કપડાં પહેરવાનો ઉપદેશ સ્ત્રીઓને કરવામાં આવ્યો હોય તો નિઃસંશય વધારે સારું પરિણામ આવે. દારૂનાં પીઠાં આગળ પિકેટીંગ કરવાના ગાધીજીના કાર્યમાં સ્ત્રીઓએ સારી મદદ કરી હતી. તે ઉપરાંત રૉલેટ ઍક્ટના સત્યાગ્રહમાં, પ્રિન્સ ઑફ વેલ્સના આગમન વખતની હડતાલમાં તેમજ બીજી અનેક ગૌણ ચળવળોમાં સ્ત્રીઓએ હંમેશ ગાધીજીને મદદ કરવાની તત્પરતા બતાવી હતી.

(૧) બારડોલી સત્યાગ્રહમાં જે ઉત્તમ પ્રકારની સેવા સ્ત્રીઓએ બજાવી હતી તેને માટે સ્ત્રીઓને તો ખરેખર ધન્યવાદ ઘટે છે. પરન્તુ એ જાતની તાલીમ આપવાનો યશ ગાધીજીને છે.

(૨) ગુજરાતી સ્ત્રીઓમા, છેલ્લા એક દસકામાં, જાહેરજીવનમાં ભાગ લેવાની ઇચ્છા, સેવાવૃત્તિ, પહેરવેશમા સાદાઇ અને વ્યક્તિસ્વાતંત્ર્યની ભાવના સ્પષ્ટ રીતે વધતા જતા જણાય છે. અને એ સર્વ માટે ગાંધીજીને ઘણે અંશે ધન્યવાદ ઘટે છે.

અસહકારની ચળવળ પછી જેવી ગુજરાતની સ્ત્રીઓમાં જાગૃતિ આવી છે એવી જાગૃતિ, એવું નવચેતન બીજા પ્રાન્તોની સ્ત્રીઓમાં આવ્યું છે કે નહિ તે અનુભવ વગર કહી ન શકાય. પંજાબ વિષે ચારે તરફથી એમ સંભળાય છે કે ત્યાંની સ્ત્રીઓમાં છેલ્લા દશ વરસમાં અજબ ફેરફાર થયો છે અને કેળવણીની દિશામાં તેઓએ ખૂબ પ્રગતિ કરી છે. અલબત્ત, આનો ધન્યવાદ પંજાબના નેતાઓને છે પરન્તુ ગાંધીજીએ સમસ્ત દેશમાં જે નવજીવન ફેલાવ્યું છે તે પણ એને માટે થોડે અંશે જવાબદાર છે. ગાંધીજીની ચળવળથી

આખા દેશની સ્ત્રીઓમા કંઇક હિંમત અને નિડરતા આવવા માંડયાં છે એ તો ચોક્કસ ખરું છે. માત્ર બંગાળી સ્ત્રીઓ, અથવા તો કલકત્તામાં વસતી, બંગાળી સ્ત્રીઓ ઉપર અસહકારની કે ગાધીજીના આચારવિચારની ઝાઝી અસર થઇ હોય એમ લાગતું નથી. આમ થવાનાં બીજાં ગમે તે કારણો હોય, પણ મને એટલું તો લાગે છે કે ગાંધીજીની અસર બંગાળામા પ્રસરવામા બંગાળીઓનું પ્રાન્તિક અભિમાન મુખ્ય અન્તરાયરૂપ છે.

ગાધીજીના સિદ્ધાન્તો સ્ત્રીઓને યોગ્ય રીતે સમજાવવા માટે તેમને કેળવણી આપી તૈયાર કરવાની જરૂર છે. એ કામ ઉચ્ચ કેળવણીનો લાભ જેમને મળ્યો હોય એવી સ્ત્રીઓએ માથે લેવું જોઇએ. દુર્ભાગ્યે એવી સ્ત્રીઓની સંખ્યા આપણા દેશમા બહુ જ જૂજ છે. અને જે છે તે પણ મોટાં શહેરોમા જ છે. એટલે નાનાં ગામોમા અને ગામડાંમા સેવા કરનાર સ્ત્રીઓ છે જ નહિ એમ કહી શકાય. જો ગાધીજીના સમાજસુધારાના અને સ્વદેશીના સિદ્ધાન્તો ગામેગામ સ્ત્રીઓ ગ્રહણ કરે તો આપણા ગૃહજીવન સુધરે તેમજ સમાજની સ્થિતિ આદર્શમય નહિ તો વધારે ઉચ્ચ તો જરૂર થાય.

સૌદામિની મહેતા

ગાંધીજી અને આપણી સામાજિક પુનર્ઘટના

મહાત્માજી દક્ષિણ આફ્રિકાથી આવી અત્રે નિવાસ કરી રહ્યાને આજે ૧૪ વર્ષ પૂરા થયા. આજે તેમનું વય ૬૦ વર્ષનુ છે. કવિશ્રી ન્હાનાલાલ કહે છે કે "૫૦ થી ૬૫ એ જ આયુષ્યને આંબે શાખો પાકવાની ઋતુ છે." મહાત્માજીની પકવ ઋતુનો લાભ મેળવવાનું સદ્ભાગ્ય ૧૯૧૯થી શરૂ થયું. ૧૯૧૯મા "નવજીવન" શરૂ થયું. પ્રથમ અંકમા મહાત્માજી લખે છેઃ "મારે હિંદને કંઇ આપવાનું છે તે બીજાની પાસે તેટલા જ પ્રમાણમાં નથી એમ હું પ્રત્યક્ષ જોઈ રહ્યો છું. ઘણા પ્રયત્ને મેં કેટલાક સિદ્ધાન્તો મારા જીવનમા ગોઠવ્યા છે ને તેને અમલમાં મૂકયા છે તેથી મને સુખ મળ્યું છે. મારા સુખનો અનુભવ હિન્દને કરાવવાની મને ભારે અભિલાષા છે. એનું એક સાધન વર્તમાનપત્ર છે." 'નવજીવન' આજે ૧૦ વર્ષથી મહાત્માજીના પકવ વિચારોનાં ફળો ગુજરાતને આપી રહ્યું છે. તેમા શંકા સમાધાન થાય છે, મુઝાએલાને માર્ગ દર્શાવાય છે, આપણા રાજકીય, ઔદ્યોગિક અને સામાજિક પ્રશ્નોની તેમાં ચર્ચા થાય છે અને મહાત્માજીની પકવ પ્રસાદી ગુજરાતને મળતી રહે છે.

૧૯૧૯થી ૧૯૨૨ સુધી મહાત્માજીની મુખ્ય પ્રવૃત્તિ રાજકીય ક્ષેત્રમાં હતી. રોલેટ એક્ટ સામે દેશને તૈયાર કરવાને મહાત્માજી ૧૯૧૯મા મેદાને પડયા ત્યારથી માડીને તેઓ ૧૯૨૨ના માર્ચમા જેલયાત્રાએ ગયા ત્યાં સુધી તેમણે દેશમાં અપૂર્વ જાગૃતિ આણી. તેમની પહેલાં કોઇ રાજકીય કાર્યકર્તા, દેશના દરેક ઇલાકા અને દરેક પ્રાંતમાં, શહેરે શહેરે અને ગામે ગામે ફર્યા નહોતા. લોકમાન્ય તિલક મહારાષ્ટ્રમા ઠીક ફરતા હતા, એની બીઝાંટે હોમરૂલની ચળવળ મુખ્ય શહેરોમાં ફેલાવી હતી પણ મહાત્માજીએ તો સ્વરાજ્યનો

મહામંત્ર દેશના ખૂણે ખૂણે પહોંચાડયો એમ સર ચીમનલાલ સેતલવાડ જેવા સહકારી આગેવાને ૧૯૨૩માં જાહેર રીતે કબૂલ કર્યું હતું. આ રીતે મહાત્માજીએ હિંદને રાજકીય જાગૃતિ આપી.

૧૯૨૨ સુધી મહાત્માજીને સામાજિક ક્ષેત્રમાં કામ કરવાની નવરાશ નહોતી મળી. તેઓએ અંત્યજોદ્ધાર અને અસ્પૃશ્યતા નિવારણનો પ્રશ્ન રાજકીય ક્ષેત્રમાં દાખલ કર્યો હતો. ૧૯૨૦ની નાગપુરની મહાસભાએ અસ્પૃશ્યતા નિવારણનો સ્વીકાર સ્વરાજ્યની મુખ્ય શરત તરીકે કર્યો હતો પણ મહાત્માજીને બીજા સામાજિક પ્રશ્નો–બાળલગ્ન, વિધવાવિવાહ, જ્ઞાતિબંધન વગેરેની ચર્ચા કરવાને બહુ અવકાશ નહોતો મળતો. લોકમાન્ય તિલક અને તેમના વિચારના રાજકીય કાર્યકર્તાઓનો મત એવો હતો કે સ્વરાજ્ય મળ્યા પછી સામાજિક પ્રશ્નો હાથ ધરવા અને તેથી લોકમાન્ય અસ્પૃશ્યતાનિવારણ તરફ સહાનુભૂતિ ધરાવતા છતાં તેમાં સક્રિય ભાગ લેવા તૈયાર નહોતા. મહાત્માજી લોકમાન્યના વિચારના નહોતા, તેઓ રાનાડેના મતના હતા છતાં પોતે રાજકીય પ્રવાહમાં તણાયા હતા અને તેમને સામાજિક કાર્ય કરવાને નવરાશ નહોતી મળી.

ચૌરીચૌરાના અત્યાચારે તેમની આંખ ઉઘાડી. લોકોને સ્વરાજ્ય જોઈતું હતું, તે માટે લોકો અધીરા થઇ ગયા હતા, પણ તેમને સ્વરાજ્ય મેળવવાની મહાત્માજીની શરતો પાળવી નહોતી. તેમને અહિંસાનો માર્ગ લાંબો અને વિકટ લાગ્યો. હિંદુ–મુસલમાનની એકતા હૃદયની નહોતી, ઉપરઉપરની હતી, સરકારી વિરોધ કરવા પૂરતી હતી. અસ્પૃશ્યતા કાઢી નાખવાને સનાતની હિંદુ–સમાજ તૈયાર નહોતો. હિંદુસમાજમાં સંગઠન નહોતું, બ્રાહ્મણ બ્રાહ્મણેતરના ઝઘડા મદ્રાસ અને મહારાષ્ટ્રમાં ફાટી નીકળ્યા હતા, દેશાભિમાનની લાગણી તીવ્ર નહોતી, જ્ઞાતિના નાના નાના વાડામાં વહેંચાઇ ગયેલો હિંદુસમાજ દેશના વિસ્તૃત ક્ષેત્રમાં ઘૂમવા તૈયાર નહોતો. દારૂની દુકાનોનું પિકેટીંગ સરકારની આવક ઘટાડવા પૂરતું જ થયું હતું, લોકસેવાની ખરી ભાવનાનાં દર્શન તેમાં નહોતાં થતાં. આ સર્વ જોઇ મહાત્માજી અંચાયા, થોભ્યા અને તેમને લોકમાન્ય તિલકની ભૂલ જણાઇ, પોતાની ભૂલ અને અધીરાઇ સમજાઇ. સ્વરાજ્ય લેનાર અને ભોગવનાર વ્યક્તિઓ સામાજિક અને ધાર્મિક ગુલામગીરીમાં સબડતી હોય ત્યાં સુધી તેને રાજકીય સ્વતંત્રતા કેમ મળે અને મળે તો કેમ પચે ?

આથી મહાત્માજીએ બારડોલીનું રચનાત્મક કાર્ય ઘડી કાઢયું અને પોતે તેની સફળતા માટે મેદાને પડયા અને જેલયાત્રાએ ગયા. તેમની ગેરહાજરીમાં અસહકારી દળમાં ભંગાણ પડયું. ધારાસભાનો બહિષ્કાર અભરાઇએ મૂકાયો અને મહાત્માજી ૧૯૨૪માં પાછા ફર્યા ત્યારે રાજકીય વાતાવરણ બદલાઇ ગયું હતું. આથી મહાત્માજી ઉદાસીન થઈ રાજકીય પ્રવૃત્તિમાં મંદ પડયા અને સામાજિક અને ધાર્મિક ક્ષેત્ર તરફ તેમનું લક્ષ વધારે વળ્યું. દેશમાં જાગૃતિ તો હતી જ, પણ રાજકીય કેફ ઊતરી ગયો હતો. મહાત્માજીને હવે ખરી તક મળી. તેમણે સમાજની ઊણપો જોઇ, વિચારી અને તેને સુધારવાને પોતાની શક્તિનો ઉપયોગ કર્યો. ગ્રામજીવન તરફ તેમનું લક્ષ ગયું, ગ્રામોદ્ધાર માટે તેમણે ખાદીની પ્રવૃત્તિ જોસભેર ઉપાડી લીધી અને ચરખાસંઘ સ્થપાયો. સત્યાગ્રહ આશ્રમનું નામ બદલી ઉદ્યોગાશ્રમ નામ પડયું. વિદ્યાપીઠ અને રાષ્ટ્રીય શિક્ષણનું દષ્ટિબિંદુ પણ બદલાયું. સમાજસેવા અને ગ્રામોદ્ધાર લક્ષમાં રાખીને હાલમાં તેની પુનર્ઘટના થઈ રહી છે.

મહાત્માજી હવે પોતાની શક્તિનો પૂરેપૂરો લાભ, સામાજિક પુનર્ઘટના માટે આપી રહ્યા છે. મદ્રાસ જેવા સનાતની ઇલાકામાં જઈ તેમણે બાળવિધવાઓને પરણવાને ત્યાંના યુવાનોને પડકાર કર્યો. વિધવાને ત્યાગમૂર્તિ કરી તેમણે તેની તરફ હિંદુ સમાજનું લક્ષ ખેંચ્યું. બાળલગ્નની વિધવાનાં લગ્ન ફોક છે અને તેના પુનર્લગ્ન કરવા એ ધર્મ છે એમ સ્પષ્ટ જણાવી તેમણે કવિ ન્હાનાલાલના કથનનું સમર્થન કર્યું કે દેહલગ્નની વિધવાને પુનર્લગ્ન વિના મોક્ષ નથી. આથી સનાતની હિંદુ સમાજને વિજળીનો આંચકો લાગ્યો. પણ એ પ્રશ્ને હિંદુ સમાજમાં આત્મનિરીક્ષણ કરાવ્યું. આજે કપોળ જ્ઞાતિમાં જે ખળભળાટ ઊઠયો છે તેનું માન મહાત્માજીને ઘટે છે. તેમણે વિચારને સળગાવ્યા. આજે ગુજરાતનો યુવાનવર્ગ ખાસ કરીને અમદાવાદનો યુવાનવર્ગ સામાજિક ક્ષેત્રમાં કાર્ય કરવા સજ્જ થયો છે તેનું માન પણ મહાત્માજીને જ છે. અમદાવાદમા પ્રાર્થના સમાજ ૬૦ વર્ષની ઉમરે પહોંચ્યો છે, અમદાવાદમાં વિધવા વિવાહ સહાયક સંસ્થા પણ છે, પણ તે બન્ને સંસ્થાઓએ અમદાવાદના કે ગુજરાતના સામાજિક જીવનમાં કાંઇ અસર કરી નહોતી. મહાત્માજીએ છેલ્લાં ૫ વર્ષમાં જે સામાજિક જાગૃતિનું કાર્ય કર્યું છે તેટલું કાર્ય કોઇ ગુજરાતી સુધારકે જીવનભરમાં પણ કર્યું નથી. ભાઈ રમણલાલ ભટ્ટ વિદ્યાપીઠના સ્નાતક છે. તેમણે અપૂર્વ હિમ્મત બતાવી બહેન યશસ્વતી સાથે પુનર્લગ્ન કરી આજના યુવકોને સારો દાખલો બેસાર્યો છે. અમદાવાદની પ્રાર્થના સમાજમાં જ્ઞાતિબંધન ઉપર આક્ષેપો ઘણા થયા હશે, પણ હજી સુધી ત્યાં વર્ણાન્તર લગ્ન થયાં નથી. પણ વિદ્યાપીઠના આ સ્નાતક ભાઇએ વર્ણાન્તર લગ્ન કરવાની હિમ્મત બતાવી છે. અમદાવાદના યુવકસંઘે હાલમાં સામાજિક કાર્યનું પ્રોગ્રામ ઘડયું છે તે કબૂલ થાય અને તેમાંથી અર્ધું કાર્ય પણ થાય તો મહાત્માજીને તેમના હિરણ્ય મહોત્સવ વખતે યુવકવર્ગે સુંદર અર્ધ્ય આપ્યો ગણાશે, અને મહાત્માજીએ અમદાવાદને પોતાનું નિવાસસ્થાન બનાવ્યા બદલ પૂર્ણ સંતોષ થશે. મહાત્માજીના 'નવજીવન'ના લેખો આજે ગુજરાતભરમાં રસથી વંચાય છે.

યુવાનો અને વૃદ્ધો તેમને પોતાની સામાજિક મૂંઝવણો પૂછી રહ્યા છે, મહાત્માજી તેમને માર્ગ બતાવી રહ્યા છે. ગુજરાતમાં જીવનશક્તિ આવતી જાય છે. બારડોલીમાં સામાજિક કાર્ય અર્થે આશ્રમ સ્થપાયો છે. દરબાર ગોપાળદાસ પાટીદાર યુવકોને હાકલ મારી રહ્યા છે, નરસિંહભાઈ "પાટીદાર" માસિકથી સામાજિક પરિવર્તન કરી રહ્યા છે, આર્યસમાજનાં ગુરુકુળો અને કન્યાગૃહોમા નવીન ગુજરાત ઘડાય છે, દલિતની—ભીલની સેવા ઠક્કર બાપા કરી રહ્યા છે, કવિ ન્હાનાલાલ ઇન્દુકુમાર, જયાજયન્ત, ઉષા વગેરે પ્રભાવશાળી ગ્રન્થોથી ગુજરાતનું સામાજિક નવવિધાન ઘડી રહ્યા છે, ડૉ. સુમન્ત વડોદરાની પ્રજા પરિષદને પ્રેરી રહ્યા છે, કાકા કાલેલકર વિદ્યાપીઠનું સુકાન ધરી રહ્યા છે, અને આ સર્વેની મધ્યમાં મહાત્માજી પણ ગુજરાતના કેન્દ્રરૂપ અમદાવાદમાં મુખ્ય નિવાસ દ્વારા ગુજરાતમાં અપૂર્વ ચેતન આપી રહ્યા છે.

આ રીતે મહાત્માજી ગુજરાતનું સામાજિક નવજીવન રચી રહ્યા છે પણ મહાત્માજી શુષ્ક સુધારક નથી, તેઓ કોઇ સુધારક સંસ્થાના સભ્ય નથી કે નેતા નથી. તેઓ જનતાને ભડકાવીને સુધારો કરવા માગતા નથી. તેઓ ધર્મ અને નીતિની મર્યાદામાં રહી સમાજની પુનર્ઘટના કરવા ઇચ્છે છે. વિધવા ત્યાગમૂર્તિ છે, ત્યાગી રહી સંયમી જીવન ગાળે તે વિધવા

પૂજ્ય વંદનીય છે, પણ જેને લગ્નનું ભાન પણ નહોય તેવી બાળા વિધવા થાય તો તેના પુનર્લગ્ન એ અધર્મ નહિ પણ ધર્મ જ ગણાય એમ મહાત્માજીએ ગુજરાતને સમજાવ્યું છે.

કપોળ ભાઈઓ આ વિચારોનું મનન શાંત ચિત્તે કરશે તો તેમને ખરો માર્ગ સૂઝશે. મહાત્માજીના મત પ્રમાણે તો સ્ત્રી પુરુષની લગ્નની વય ૧૮ ને ૨૪ થી ઓછી ન હોવી જોઇએ. જૂના રીતરિવાજોમા દેશકાળથી થવા જોઇતા સુધારાની આવશ્યકતા તેઓ સ્વીકારે છે. આ બાબતમા તેઓ શાસ્ત્રોનો ઉદારભાવે અર્થ કરવાને સનાતનીઓને વીનવે છે. તેઓનો મત તો એવો છે કે શાસ્ત્રોના વચનો બુદ્ધિને માન્ય હોય તો જ સ્વીકાર્ય છે. તેઓ કહે છે "શાસ્ત્રો વિચારશક્તિ અને સત્યને દાબી શકે નહિ. શાંત મનન અને અંતઃકરણના આદેશની વિરુદ્ધ કોઇ મનુષ્ય કે શાસ્ત્રનો આધાર અપાતો હોય તો તેના આધારની હું દરકાર કરુ નહિ." આ રીતે પોતે સનાતની-વર્ણાશ્રમી હિંદુમાં ગણાવાની ઇચ્છા રાખે છે છતા તે સનાતની હિંદુની ટૂંકી-જૂની દષ્ટિથી સામાજિક પ્રશ્નોનો ઉકેલ કરવા મથતા નથી. તેઓ તો સત્ય અને અતઃકરણના અવાજને માન આપી જૂનાં શાસ્ત્રોને નવા રૂપ આપવા તૈયાર છે. જ્ઞાતિબંધન માટે મહાત્માજીના વિચાર બહુ જ મનનીય છે. તેઓ કહે છેઃ "વર્ણબંધનને નામે વર્ણનો સંકર થઇ રહ્યો છે. વર્ણની મર્યાદા ગઇ છે, તેની અતિશયતા રહી છે. વર્ણબંધન ધર્મના રક્ષણ માટે સારું હતું તે અત્યારે વક્ર બની ધર્મને કોરી રહ્યું છે. વર્ણ ચાર હોય તેને બદલે અસખ્ય અને અગણિત થઇ ગયા છે. વર્ણ મટી જાતિના વાડા થયા છે. જ્ઞાતિઓ પ્રજાની નાશક થઈ છે. પ્રત્યેક ધર્મપ્રેમીને મારી વિનયપૂર્વક સલાહ છે કે તેણે જ્ઞાતિઓની નાના પ્રકારની ખટપટમા ન પડતા પોતાના કર્તવ્યમાં પરાયણ રહેવું. જે જ્ઞાતિ આખા જગતનો ઉપયોગ પોતાને સારુ કરે તેનો નાશ હોય. જે જ્ઞાતિ પોતાનો ઉપયોગ જગતના કલ્યાણ અર્થે થવા દે તે ભલે જીવો"

આ રીતે મહાત્માજી નામ માત્રે સનાતની છે, સંયમે સનાતની છે, પણ તેમનામા ઉદાર ધર્મભાવના છે. તે સત્યના પૂજારી છે, અંતઃકરણના અવાજ પાસે શાસ્ત્રના અવાજને ગૌણ ગણે છે, જ્ઞાતિના બંધનો પ્રજાજીવનની ખીલવણીમા અંતરાયરૂપ છે માટે તેનો નાશ ઇચ્છે છે, સર્વ ધર્મોનો સમન્વય ઇચ્છે છે હિંદુ, મુસલમાન, પારસી, ક્રિશ્ચિયન સૌ ઉદાર ધર્મભાવના ધારણ કરી પોતપોતાને માર્ગે પ્રગતિ કરે પણ એકબીજાનો દ્વેષ ન કરે, ધર્મના ઝઘડાઓ નિર્મૂળ કરે, અને વિશ્વમાં "એક કુટુમ્બી આપણે એક પિતાપરિવાર" એ ભાવના વધે ને પ્રજામા સહકાર વધે એવા વિચારો મહાત્માજી ધરાવે છે. આવા સંત ગુજરાતમા તપ કરી રહ્યા છે. ગુજરાત તેના તપ ઝીલે, તેના તેજ ઝીલે, તેને પગલે ચાલી ધર્મલાભ મેળવે તો મહાત્માજીને આનંદ થશે અને તેમને સંતોષ થશે કે ગુજરાતે તેમની સાચી જયન્તી ઊજવી. પ્રભુ આપણને બળ આપે કે આપણે મહાત્માજીના જીવનસૂત્રોને જીવનમા ઉતારીએ.

જી. બી. ત્રિવેદી

વેપારી આલમ ઉપર ગાંધીજીની અસર

વેપાર ઉપર અસહકારની હાનિકારક અસર થઇ છે એમ કેટલીક જગાએ બોલાતું સાંભળીએ છીએ. પણ સમસ્ત વેપારી આલમ ઉપર ગાંધીજીની એકંદરે શી અસર થઇ છે તે ખરેખરો વિચારનો પ્રશ્ન છે, અને તેની ચર્ચા આ પ્રસંગે અનુચિત નહિ ગણાય.

હિંદ ઘણા પ્રાચીન કાળથી મહાન વેપારી દેશ છે. દુનિયાની પ્રાચીનમા પ્રાચીન તવારીખમાથી પણ હિંદના વેપારનો ઉલ્લેખ મળી આવે છે. કાપડ, રેશમ, કરિયાણું, હાથીદાંત, જરીકામ અને અનાજથી ભરેલા હિંદી વહાણો માત્ર અરબસ્તાન નહિ પણ ઇજિપ્ત અને રોમ સુધી જતાં અંગ્રેજો અહીં આવ્યા તે પહેલાં ગુજરાતમા બનેલી છીંટ, ઢાકાની મલમલ, મુર્શિદાબાદનું રેશમ, બનારસી કિનખાબ, કાશ્મીરી શાલો, કચ્છનું ચાંદીનું નકસી કામ, ગોલકોંડાના હીરા, માળવાનું અફીણ, લંકાનાં રત્નો વગેરેનો ધીકતો વેપાર પરદેશ સાથે ચાલતો અને આપણી હૂંડીઓ બોખારા, સમરકંદ, બગદાદ, જંગબાર અને જાવામાં સીકારાતી. આપણા વેપારીઓની આંતરરાષ્ટ્રીય આંટ અવલ નંબરની ગણાતી. હિંદમા ઘણી પરદેશી પ્રજાઓ આવી છે, પારસીઓની પેઠે કેટલીકને હિંદ માતાએ ખોળે લીધી છે, કેટલીક વિજય મેળવીને આવી છે, તે પણ દેશની જ પ્રજા થઇને રહી છે, અને કોઇના સમયમા હિંદનો વેપાર ઓછો થયો નથી. માત્ર યુરોપિયનો આવ્યા તેમણે જ હિંદનો વેપાર તોડી પાડી હિંદની સંપત્તિ ચૂસી લેવાની રાજનીતિ દાખલ કરી છે. માત્ર ઢાકાની મલમલ એક કરોડ રૂપિયાની પરદેશ જતી. આ બધો વેપાર અંગ્રેજ વેપારીઓ હાથ કરવા લાગ્યા અને હિંદના માલ ઉપર બેસુમાર નફો મેળવવા લાગ્યા. સને ૧૬૭૬ મા ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ ભાગીદારોને શેર જેટલા પૈસા વાટી આપ્યા.

આ વેપારની સામે ઇંગ્લેંડે રક્ષણી જકાતની દિવાલો ઊભી કરવા માંડી. ૧૭૨૧ માં હિંદના કેલિકોનો ઉપયોગ કરનારને પાંચ પાઉન્ડનો અને વેચનારને વીસ પાઉન્ડનો દંડ કરવાનો કાયદો ઘડાયો. વિલાયતી યંત્રોથી બનતા માલને ઉત્તેજન આપવા, હિંદના માલ ઉપર ૧૦૦ ટકાથી ૬૦૦ ટકા સુધીની અને એક દાખલામા તો ૩૦૦૦ ટકા જેટલી જકાત નાંખી. બીજી તરફથી હિંદી વેપારઉદ્યોગને ગૂંગળાવી નાખવાને બની શકે તેટલા પ્રયત્નો કરવામાં આવ્યા.

વિલાયતી યત્રથી ઉત્પન્ન થયેલ કાપડની અમર્યાદ આમદાનીથી આપણો કાપડનો ધીકતો વેપાર નાશ પામ્યો. હિંદમાં વહાણો બનાવવાની ગોદીઓ સરકારે બંધ કર્યાથી વહાણો બનાવવાનો ઉદ્યોગ પડી ભાગ્યો. લોઢું વગેરે ધાતુઓ ગાળવાનાં કારખાના વિલાયતી માલ ઘણો આવવાથી બંધ થયાં. સોનેરી લેસ અને તારો બનાવવાના કારખાનાં પણ સસ્તા દેખાવડા પણ અણટકાઉ પરદેશી માલ પાસે ટકી શક્યાં નહિ. ચાર હજાર માઇલનો કિનારો ધરાવનાર હિંદના નીમકનાં કારખાનાં લીવરપુલના સસ્તા મીઠાએ બંધ કરાવ્યા. ઝરીઆ અને રાણીગંજના કોલસાના ઉદ્યોગને દક્ષિણ આફ્રિકાના રાજ્ય તરફથી ઉત્તેજન

અપાતી કોલસાની આમદાનીએ હાનિ પહોંચાડી. માટીનાં રમકડાં, કાચનો સામાન, દેશી ગળાનો રંગ, બંગાળના રેશમનો ઉદ્યોગ વગેરે ઘણા દેશી ગૃહઉદ્યોગોને યુરોપિયન હરિફાઇએ ભાંગી નાખ્યા. રૂ, ખીલા, ખાંડ જેવી ખાદ્ય-વસ્તુ, હિંદથી જતા ઘઉંની બની આવતી બીસ્કુટો, દીવાસળી, કાચની વસ્તુઓ, ધાતુઓ, કાગળો, પેન્સીલો જેવી સાધારણ વસ્તુઓ માટે પણ પરદેશ ઉપર આધાર રાખતાં હિંદીઓ શીખ્યા. રેલ્વેની રાજનીતિ પણ દેશી ઉદ્યોગને ઉત્તેજન ન મળે તે મુજબ રાખવામાં આવી. ગ્રામજીવનનો નાશ કરવાને દરેક રીતે પ્રયત્નો થયા. ગામડાની કારીગરી અને ગૃહઉદ્યોગો સમૂળગા નાશ થવાનો સમય આવી પહોંચ્યો.

પોતાના દેશમાં પેદા થતી કાચી વસ્તુઓનાં વેચાણ માટે પણ પરદેશી વેપારીઓ જ મુખ્ય હતા. પચાસ લાખ ટન ચોખા, દશ લાખ ટન ઘઉં, અળસી, સરસી, ભોંયશીંગ, શણ, હાડકાં, ચામડાં, તેલનાં બિયાં, તેલનો ખોળ, ઊન, કપાસ, વગેરે સર્વે કાચાં દ્રવ્યો યુરોપિયન વેપારીઓ પરચુરણીઆ દેશી વેપારીઓ પાસેથી ખરીદ કરી દુનિયાના સર્વે ભાગોમાં ચડાવતા હતા. યુરોપિયન વેપારીઓએ સ્ટીમરવાળાઓ સાથે ગોઠવણ કરી shipping ring એટલે પોતા સિવાય દેશી વેપારીઓને પરદેશ ખાતે વહાણોમાં માલ ચડાવવા દેવાની અડચણ ઊભી કરી હતી. દેશી વેપારીઓને Exchange Banks યુરોપિયન બેંકો સગવડો આપવા આનાકાની કરતી હતી. લંડનમાં દેશી વેપારીઓના માલ ઉપર મોટું વળતર આપવું પડતું હતું. ત્યાંના દલાલો પણ બનતાં સુધી દેશી વેપારીઓના માલને ઉત્તેજન આપતા નહોતા. આડતિયાઓ બહુ મોટાં ખર્ચો માંડી દેશી વેપારીએ ચડાવેલા માલની પડતર મોંઘી કરી મૂકતા.

હિંદનાં બંદરોના કસ્ટમ અને પોર્ટટ્રસ્ટવાળા હિંદી વેપારીઓની ફરિયાદો ઉપર પૂરતું લક્ષ આપતા નહોતા. હિંદી સરકાર પણ દેશી વેપારને સાવકા પુત્ર જેવો ગણતી. દેશી વેપારીઓની મનોદશા ગુલામી થઇ ગઇ હતી. યુરોપિયન વેપારીઓ પાસે મુલાકાતે જતાં તેમનાથી દબાતા રહેતા અને વ્યક્તિગત અપમાનો પણ સહન કરી લેતા.

યુરોપિયન ઓફિસોની આડતમાં દેશી વેપારી માલ ચડાવતો તો તેમાં તેને દરેક રીતે માર પડતો હતો. ભાવમાં કાપ પડતો, મોટું કમિશન દેવું પડતું, છતાં દરેક રીતે યુરોપિયન ઓફિસ દેશી વેપારીને ગરજવાન રાખતી હતી. વીમો પણ એ જ ઓફિસને આપવો, એ જ ઓફિસની એજન્સીમાં ચાલતી સ્ટીમરોમાં માલ ચડાવવો, એની જ લંડન ઓફિસ મારફતે માલ વેચવો વગેરે દરેક રીતે યુરોપિયન વેપારીના કબજામાં રહેવું પડતું. વેપારમાં નફો સર્વે ઓફિસોમાં ચૂસાઇ જતો હતો. હિંદમા યુરોપિયન દેખરેખ નીચે ઊભી થએલી સંસ્થાઓમાં મોટે ભાગે શેરો દેશીઓ તરફથી ભરાતા, છતાં એ સંસ્થાના ડાયરેકટરો, મેનેજીંગ એજંટો, મેનેજરો, એસીસ્ટન્ટ મેનેજરો, ઇજનેરો, એકાઉન્ટન્ટો અને અધિકારીઓ યુરોપિયનો જ હતા. માત્ર મહેતાઓ અને મજૂરો દેશી હતા.

મહાત્માજીએ અસહકાર શરુ કર્યો ત્યારે દેશી વેપારની આવી સ્થિતિ હતી. જો કે યુરોપના મોટા યુદ્ધને લીધે દેશી વેપારીઓ કમાતા હતા છતા પણ તેમનામાં કોઈપણ જાતની જાગૃતિ આવી નહોતી. અસહકાર શરુ થતાં જ ઘણા દેશી વેપારી ભાઇઓને એના સિદ્ધાન્તો ગમ્યા. ઘણા ખાદીનો જ ઉપયોગ કરવા માંડયા. ' નવજીવન ' અને ' યંગ ઇન્ડિયા '

વંચાવા માંડ્યા. રાજદ્વારી મંડળોમાં મળવું એ વેપારી માટે અયોગ્ય ગણાતું, તેને બદલે રાજદ્વારી વિષયોની સારી રીતે ઊહાપોહ થવા માંડી. કેટલાક વૃદ્ધ વેપારીઓ પેઢીની અંદર વેપાર સિવાય બીજી વાત કરવા દેતા નહોતા અને જેઓ વર્તમાનપત્રોથી અભડાતા તેઓ પણ અસહકારના વિષયમાં રસ લેવા લાગ્યા. મહાત્માજીને એક પૂજ્ય વ્યક્તિ તરીકે માન આપવા અને તેમના સિદ્ધાન્તો તરફ શ્રદ્ધા રાખતાં શીખ્યા. યુવાન વેપારીઓનો ઉત્સાહ વિશેષ સશક્ત હતો. તેમણે તો પૂરા વેગથી અસહકારની લડતમાં ઝંપલાવ્યું.

વેપારીઓને અસહકાર તરફ પોતાની શ્રદ્ધા અને પ્રેમ દેખાડવાનો પ્રસંગ તરત આવ્યો. તિલક સ્મારક ફંડના એક કરોડ રૂપિયા મહાત્માજીએ ભેગા કરવા માંડ્યા. વેપારી ભાઈઓએ ખરા હૃદયથી પોતાની શક્તિ અનુસાર એ ફંડમાં નાણાં ભરવાં શરૂ કર્યાં. સંબંધવાળા યુરોપિયન વેપારીઓએ અને સરકારી મહેરબાનીવાળા દેશી ગૃહસ્થોએ આમાં પુષ્કળ પ્રતિબંધ નાખ્યા અને વિરુદ્ધ વાતાવરણ ફેલાવવા યત્ન કર્યો. પરંતુ વેપારીઓની શ્રદ્ધા ઘટી નહિ. તેઓએ છૂટથી રકમો ભરી અને એક કરોડ રૂપિયા મહાત્માજીએ ભેગા કર્યાં તેમાં વેપારી ભાઈઓનો હિસ્સો નાનો નહોતો. એ સિવાય મહાત્માજીએ ઘણા ફાળા ભેગા કર્યા છે તેમાં પણ વેપારીઓએ સારો જેવો ભાગ આપ્યો છે.

અસહકારની ચળવળમાં મોખરે ભાગ લેનારાઓમાં પણ કેટલાક વેપારીઓ હતા. પોતાનો ધીકતો ધંધો છોડીને અથવા એના ઉપર ઓછું લક્ષ આપીને તેઓએ પોતાની સમગ્ર શક્તિથી સહકારને ટેકો આપ્યો. શેઠ જમનાલાલ બજાજ, છોટાણી લખમીદાસ ભાઈ, જેરાજાણી, શંકરલાલ બેંકર, જીવણલાલભાઈ વગેરે ભાઈઓનાં નામો પ્રજા સન્મુખ રજુ છે. અસહકારનો જુવાળ જો કે ઓસર્યો છે, છતાં પણ મુખ્ય મુખ્ય શહેરોની કોંગ્રેસ કમિટીઓમાં આગેવાન વેપારીઓ ઠીક ઠીક ભાગ લઈ રહ્યા છે અને તન મન અને ધનથી રાષ્ટ્ર સેવા કરી રહ્યા છે.

અસહકારે વેપારીઓમાં ભારે જાગૃતિ આણી છે. તે પોતાની અસહ્ય સ્થિતિ સમજી ગયો છે અને તેમાંથી છૂટવા પ્રયત્ન કરે છે. યુરોપિયન ઓફિસની બને તેટલી ઓછી સહાય લેવાની તેની વૃત્તિ રહે છે. કપાસના મોટા વેપારમાં દેશી વેપારીનું સ્થાન ગૌણ હતું. યુરોપિયન ઓફિસો પોતાને મનગમતી શરતોવાળા કંટ્રાકટોમાં તેની સહી લઈ લેતા હતા. માલની ડિલીવરી, વજન, પારખ વગેરેમાં દેશી વેપારી તદ્દન ઓફિસોની દયા ઉપર હતો. વાંધો પડતાં તેની તરફથી પણ યુરોપિયન પંચ નીમાય અને તે કરે તે કબૂલ કરવું પડતું. પરન્તુ હમણાં હમણાં એમાં ઘણો ફરક થઈ ગયો છે. હવે પંચ તરીકે દેશી વેપારી નિમાય છે. કંટ્રાક્ટરની શરતો પણ ઉદાર અને સમભાવી થઈ છે. દેશીઓનો અવાજ પણ યુરોપિયન ઓફિસોની પેઠે સારી રીતે સંભળાય છે. એટલું જ નહિ, પણ કપાસના વેપારની કુલ સત્તા ધરાવનાર ઈસ્ટ ઇન્ડિયા કોટન એસોસિયેશનમા દેશી વેપારીઓની જ બહુમતી છે. ખાંડના વેપારમાં પણ આવી જ પરાધીનતા હતી. તેમાંથી દેશી વેપારીઓ છૂટા થવા માંડ્યાં છે અને પોતાના હકો આગ્રહથી માગ્યા છે. કરાંચીમાં તો યુરોપિયન ઓફિસો સાથે ખાંડનું કામકાજ બંધ કર્યું છે.

શણની મીલો અસહકારના જમાના પહેલાં યુરોપિયનોના જ હાથમાં હતી. એમાં વીશ વીશ વરસો થયા ગંજાવર નફા થતા હતા. પરન્તુ કોઈ દેશી વેપારી એ લાઇનમાં

પ્રવેશ કરી શકતો નહોતો. મેનેજમેંટ અને ઓફિસો બધાં અંગ્રેજી હતાં પરંતુ છેલ્લાં સાત વર્ષોમાં લગભગ દશ મિલો દેશી વેપારી ભાઇઓ તરફથી બંધાઈ છે અને એ યુરોપિયનોના એકહથ્થા વેપારમાં દેશી ભાઇઓએ ધીમો પણ મજબુત પ્રવેશ કર્યો છે. રંગુનમાં ચોખાના વેપારને લગતી મિલો પણ ઘણીખરી યુરોપિયન વહીવટ હેઠળ હતી. પણ દેશી વેપારી ભાઇઓ પાસે હમણાં હમણાં ઘણી મિલો થઈ ગઈ છે. ચાહ ઉગાડવાની ફતેહમંદ જમીનદારીઓ યુરોપિયનોના હાથમાં હતી. હવે દેશી વેપારીઓએ પણ તેમાં ભાગ પડાવવા માંડયો છે.

અસહકાર પહેલાં અંગ્રેજી ચેંબર ઑફ કૉમર્સો હિંદના વેપાર સંબંધી એકહથ્થુ સત્તા ભોગવતી હતી. સરકાર દરેક વેપારી વિષયમા એ સંસ્થાઓની જ સલાહ લેતી હતી. માત્ર મુંબઇની દેશી વેપારી ચેંબર જ સરકારને દેશી વેપારી વિષયો માટે શીંગડું ભરાવતી હતી. પરંતુ અસહકારના શરૂ થયા પછી દેશી વેપારીઓમાં જાગૃતિ આવી. કરાંચી, મદ્રાસ, કલકત્તા, રંગુન, ત્યુતિકોરિન, લાહોર, પટના, અલ્લાહાબાદ વગેરે ઠેકાણે દેશી વેપારી મંડળો સ્થપાયાં અથવા જૂનાનો ફરી જીર્ણોદ્ધાર થયો. ધીમે ધીમે મ્યુનિસિપાલિટી, રેલ્વે એડવાઇઝરી કમિટી, પોર્ટ ટ્રસ્ટ, પ્રાંતિક કાઉન્સિલોમા તેમને પ્રતિનિધિત્વ મળતું જાય છે. દરેક વેપારી સવાલમા એ સંસ્થાઓ સારો રસ લે છે અને સરકારી બિલો ઉપર 'પોતાના વજનવાળા અભિપ્રાયો' તૈયાર કરી મોકલે છે. દેશી વેપારને કેવી રીતે ઉત્તેજન મળે તે માટે દરેક જાતનો પ્રયત્ન કરે છે. લંડનમા પણ ઇંડિયન ચેંબર ઑફ કોમર્સ સ્થપાઇ છે. બધી ચેંબરો એક બીજા સાથે હળીમળી મત મેળવીને કામ લે છે અને અગાઉ દેશી વેપારીઓને કસ્ટમ, પોર્ટટ્રસ્ટ અને બીજાં સરકારી ખાતાંઓ બિલકુલ દાદ આપતા નહિ તેને બદલે હવે દરેક રીતે દેશી વેપારીઓનો અવાજ સંભળાય છે. ચેંબર ઑફ કૉમર્સો ઘણા ઘણા ખાસ હકો ભોગવતી હતી, પરંતુ હવે દેશી વેપારી મંડળો તેમા યોગ્ય ફાળો પડાવતી આવે છે.

હિંદની અને સિલોનની યુરોપિયન ચેંબર ઑફ કોમર્સોનું એક પ્રતિનિધિ મંડળ સ્થપાયું છે. ઍસોસિયેટેડ ચેંબર ઑફ કોમર્સ વેપારની એક સમર્થ સંસ્થા છે. વાર્ષિક મેળાવડા વખતે નામદાર વાઇસરૉય અને એક્ઝીક્યુટિવ કાઉન્સિલના મેમ્બરોએ વેપાર સંબંધી રાજનીતિ જાહેર કરવા ત્યા હાજર રહેવું પડે છે. દેશી વેપારી મંડળોએ પણ પોતાની ફીડરેટેડ ચેંબર ઑફ કોમર્સ નામનું મંડળ સ્થાપ્યુ છે તેમાં પણ વાઇસરૉય આવી વેપારને લગતા સવાલોની સરકારી નીતિ જાહેર કરે છે. દેશી વેપારીઓમાં આવેલા નવ ઉત્સાહનું એ પરિણામ છે. અને લાગવગ તથા સંયુક્ત બળમાં ધીમે ધીમે એસોસિયેટેડ મંડળ જેવું જ સ્વરૂપ લેતું જાય છે. યુરોપની વેપારી સંસ્થાઓ સાથે સંબંધ બાંધી દેશી ફીડરેટેડ મંડળ ઉપયોગી સેવા બજાવી રહ્યું છે. આખા હિંદના મુખ્ય મુખ્ય દેશી વેપારીઓ એમાં જોડાઇ એની લાગવગ તથા મોભો વધારે છે.

મોટાં બંદરોના પોર્ટ ટ્રસ્ટના કમીશનરો માત્ર યુરોપિયનો જ નીમાતા હતા અને આખું તંત્ર યુરોપિયન વેપારની દૃષ્ટિથી નીભાવવામાં આવતું. પરંતુ અસહકારના સમય પછી દેશી વેપારીઓએ પ્રયત્ન કરી તેમા માર્ગ મેળવ્યો છે અને દેશી વેપારને લાભ આપવા બનતી મહેનત કરે છે. ઇમ્પિરિયલ બેંક હિંદની મુખ્ય બેંક છે. તે યુરોપિયન તંત્ર અને યુરોપિયન વેપારની સંસ્થા ગણાય છે. પરંતુ હવે તેમાં દેશી તત્ત્વ પ્રવેશ પામ્યું છે અને ધીમે ધીમે

વિકાસ પામવાનો અવકાશ રહે છે. લેજીસ્લેટિવ એસેમ્બલીમાં પણ મીઠું, સંરક્ષક જકાત, વહાણોની' રાજનીતિ, શરાબી ધંધો વગેરે વિષયો સ્વદેશી દષ્ટિથી ચર્ચાય છે અને Coastal reservation Bill, Reserve Bank Bill વગેરે ઉપયોગી કાયદાઓ લાવી દેશી વેપારને ઉત્તેજન મળે તે માટે મેંબરો તજવીજ કરે છે. દરેક દિશામાંથી દેશી વેપારને વિકસાવવાના પ્રયત્નો થાય છે.

અંગ્રેજ, ફ્રેંચ, જર્મન, ઈટાલિયન દરેક પ્રજા સ્વદેશી ભાવનાને સારી રીતે પોષે છે. પોતાના દેશમાં થયેલો અને બનાવેલો માલ જ મોંઘો હોય તોપણ વાપરવો એવી દરેક યુરોપિયન વ્યક્તિને ભાવના હોય છે. આપણે ત્યા પરદેશી રાજકર્તાઓની માયાથી સ્વદેશીપણું ગૌણ થઇ ગયું હતું. અસહકારના ઉજ્જ્વળ પ્રકાશથી દેશી ભાઇઓની આંખો ઊઘડી છે. ધર્મે, જાતિએ અને વેપારે હિંદીઓ એકલા થઇ પડયા છે. પરદેશોમા તેમની લાગવગ નથી. હિંદી સરકાર તેમને વિશેષ સહાય આપે તેમ નથી. પોતાના બળ ઉપર ઝૂઝવું છે. જાગૃતિ આવી છે, તો જરૂર વેપારી સ્વતંત્રતા ઉદ્યોગથી મળશે એમા શક નથી.

અસહકારથી કેટલાક દેશી વેપારીઓને આર્થિક નુકસાન છે. અને તેઓમાંથી મોટા ભાગે પરદેશી વસ્તુઓની આમદાની કરનારા વેપારીઓ છે. યુરોપના મહાન યુદ્ધ પછી એ વેપારી ભાઇઓએ સારી રીતે ધન ઉપાર્જન કર્યું હતું. પરંતુ ૧૯૨૪ના વર્ષથી તેઓએ મોટી રકમની કાપડ અને બીજી યુરોપિયન ચીજો વિલાયતથી મંગાવી. ત્યાં ભાવો ઘટતા જ ગયા અને અત્રે પણ ભાવો ઓછા થતા ગયા. પરિણામે, દેશી વેપારી ભાઇઓએ મોટી નુકસાની ભોગવી. અને કેટલાકોને તો વેપાર પણ બંધ કરવો પડયો હતો.

હિંદના યુરોપિયન વેપારીઓનો વેપાર ઘણો ઘટી ગયો છે. હવે દેશી વેપારીઓ સીધો યુરોપથી માલ મંગાવી લે છે અથવા પોતાના હિસાબે ચડાવે છે. ચેમ્બર ઑફ કૉમર્સોમાં એ વિષય ઉપર ઘણી ચર્ચા થતી સાંભળી છે. અને એના ઉપાય શોધવા અને પોતાની લાગવગ અગાઉ જેવી જમાવવા તેઓ ભગીરથ પ્રયત્ન કરે છે. હમણા જ નાણાં ખાતાના મેમ્બર સાથે એ વિષયમા વાતચીત થયેલી. તેણે જણાવ્યું કે વેપારનું પ્રમાણ ઘટયું નથી, પરંતુ તે દેશી વેપારીઓના હાથમાં ગયો છે તેથી તમારું કાર્યક્ષેત્ર સંકુચિત બન્યું છે.

હિંદમાં બહિષ્કારની ચળવળથી કાપડ અને સુતરની આવકની ઘટી છે. સુતરની બાબતમાં હિંદ વિશેષે પરાવલંબી નથી. માત્ર આઠથી દસ ટકા જ પરદેશથી આવે છે. છેલ્લાં ૧૫ વર્ષો થયાં વિલાયતી કાપડની આયાત જથ્થાની દષ્ટિએ ઘટી ગઈ છે. ૧૯૧૨–૧૩માં ૨૯૫ કરોડ વાર કાપડ આયાત થતું, તેને બદલે ૧૯૨૨–૨૩માં ૧૫૭ કરોડ વાર કાપડ આવ્યું છે. સને ૧૯૨૩–૨૪માં ૧૪૮ કરોડ વાર અને ૧૯૨૪–૨૫માં ૧૮૨ કરોડ વાર કાપડ આવ્યું છે. એ રીતે અસહકારના પવનથી આ વેપાર ઉપર દેખીતી અસર થઇ છે. વેપારીઓ ખાદીથી સ્વરાજ મળે એવી માન્યતા ધરાવતા નથી, પણ ખાદીથી પરદેશી વેપારીની ધૂંસરીમાથી છૂટાશે એમ ઘણાઓ માને છે. સ્વદેશી માટે વેપારીઓનો મોટો ભાગ પ્રેમ ધરાવે છે અને એ વિષય ઉપર વારંવાર ચર્ચા કરે છે. પરંતુ બાપદાદાનો જૂનો વેપાર અને આર્થિક મંદ દશાને લીધે નવા માર્ગો તરફ જવાની હિંમત કરી શકતા નથી'

વેપારી જાગૃત થયા છે. સ્વતંત્ર થવા માટે પ્રયત્ન પણ કરે છે. અસહકારથી તેમને લાભ થયો છે તેનું પણ ભાન છે. એટલે ધીમે ધીમે દેશકાળ અનુકૂળ થતાં એ દિશામાં આગળ વધશે એમાં કશો શક નથી. હમણાં વેપારીઓની આર્થિક દશા નરમ હોવાથી યુરોપિયન વેપારની ધૂંસરીમાંથી કેમ બચવું તે માટેના વિચારો તેને વારંવાર આવ્યા કરે છે.

ડુંગરશી ધરમશી સંપટ

સત્યના પ્રયોગો અથવા આત્મકથા

For the adept in self-portraiture, the aim is to disclose the microcosm of his own ego, rather than to depict the microcosm, the plenitude of existence.

Stefan Zweig

લોકોત્તર ચિત્તના વિરોધો ઉકેલવાનું સામર્થ્ય કોને હોય! મનુષ્ય સ્વભાવના સંપૂર્ણ અભ્યાસી સંસ્કૃત કવિને જેટલું કઠણ લાગ્યું હતું તેટલું જ કઠણ આજ પણ છે. એ સામર્થ્યનો દાવો કરીને આ "સત્યના પ્રયોગો અથવા આત્મકથા" સંબંધી કાંઇ પણ લખવું એ કેવળ ધૃષ્ટતા છે. પણ આ મંગળ પ્રસંગે એ તપોમય જીવનનું કાંઇક ચિંતન કરવાને લોભે તંત્રીજીની આજ્ઞા ઉઠાવું છું.

કોઇ પણ વિશિષ્ટ સાહિત્ય માનવજાતની ઉત્તમ સેવા કરીને પ્રતિષ્ઠાને પામી શકે તો તે આત્મકથાનું સાહિત્ય કરી શકે છે. પણ ઉત્તમ કોટિની આત્મકથાઓ, જો જોઇએ તો, આખા જગત-સાહિત્યમાં પૂરી આંગળીઓને વેઢે ગણાય તેટલી પણ નથી. ગુજરાતી સાહિત્યનું આ એક જ પુસ્તક છે કે જેને દુનિયાના મહા વિદ્વાનોના મેજ ઉપર સ્થાન મળી ચૂક્યું છે. મહાત્માના અંતરનો નાદ ઝીલવા-પ્રેરણા પામવા-આશ્વાસન લેવા જગત સદા ટાંપી રહ્યું હોય છે. ગુજરાતી સાહિત્ય એ નાદ ઝીલવાનું પહેલું સાધન એટલે આપણે એનું ચિંતન કરવાનો પહેલો હક.

આપણે તાત્ત્વિક સિદ્ધાંતોની વાત કરીએ તે પહેલાં "આત્મકથા" ના સ્વરૂપ સંબંધી કેટલાક વિચાર કરીએ. આત્મકથા એ પશ્ચિમની પ્રથા છે એ વાત ખરી, પણ એની શુદ્ધતા માટેની શંકા ત્યા પણ હોય છે. યુરોપના સાહિત્યમાં મધ્ય યુગ પછી સૈકાઓ બાદ, છેક રૂસોએ આ જાતના સાહિત્યની પહેલ કરી અને પોતાનાં અંગત "Confessions" લખ્યાં. આનું મૂળ તો જો કે ખ્રિસ્તી ધર્મમાં જ હતું કે જેમાં માણસ પાપનો પશ્ચાત્તાપ ઇશ્વર આગળ કરે છે. પણ રૂસોનો પ્રકાર કોઇ જુદી જાતનો હતો. પોતે બાલિશ મગરૂરીથી શરૂઆત કરે છેઃ

"I am commencing an undertaking, hitherto without precedent and which will never find an imitator. I desire to set before my fellows the likeness of a man in all the truth of nature, and that man myself."

અહંતાની સંકુચિત બુદ્ધિ, તથા આત્મ સ્વરૂપનાં અનેક વૈવિધ્ય એ એની જ્ઞાનમર્યાદામાં નથી આવતાં. હિરણ્મય પાત્રથી ઢંકાયેલા સત્યનો ખ્યાલ પણ નથી. જો કે યુરોપની ઊગતી પ્રજાઓને રૂસોના આ સત્યના ખ્યાલો માટે શ્રદ્ધા નહોતી, તો પણ ફ્રેન્ચ સાહિત્ય જેમાં epic મહાકાવ્ય કોઇ કાળે થવા પામ્યું નથી તેમાં memoires થોક

'યંગ ઇન્ડિયા' ના તંત્રીપદે

આદિત્ય પ્રેસ

['નવજીવન'ના સૌજન્યથી]

બંધ ઉભારાવા માંડ્યાં. એ પ્રજાના માનસનું જ એક લક્ષણ છે. આ memoiresમાં આત્મ-કથાનાં ઉત્તમ લક્ષણો નથી જ. એમા તો આત્માની બહિર્મુખ દૃષ્ટિ જ છે. ઇન્દ્રિયજન્ય સુખદુઃખ રસિક અને ઘણુંખરું આવેશમય ભાષાની છટામાં વર્ણવ્યાં છે. ઐતિહાસિક સાહિત્યને આથી કેટલીક પુષ્ટિ મળી છે, જો કે ઇતિહાસકારોને તેમાંથી સત્ય તારવી કાઢવું કેટલીક વાર બહુ કઠણ થઈ પડે છે. ફ્રેંચ વિપ્લવનું ઘણું કિમતી સાહિત્ય આ memoiresમા છે. છતાં આ સાહિત્યને અધમતાએ પહોંચતાં વાર ન લાગે. બધા આત્મચરિતો લખનારા સત્યશોધકો નથી હોતા. બલ્કે ઘણા તો દૂષિત જીવનનો બચાવ કરવાની લાલસામાં સત્યને જ ઢાંકતા જણાય છે. કેટલાકે સમાજે પોતાને અન્યાય જ કર્યો છે એટલું જ પૂરવાર કરવા આ સાહિત્યનો ઉપયોગ કર્યો છે. આ જાતનાં memoiresમાં આવતા આક્ષેપોથી સમાજમા કેટલીક વાર વિચિત્ર આન્દોલનો પણ થાય છે. રૂસોના Confessions છપાય નહિ અને હસ્તલિખિત પ્રતોનો નાશ કરવા માટે મોટી રકમો વાપરવામાં આવી હતી એ વાત પણ બહાર આવી છે. પણ આ તો અધમ સાહિત્યની અધમ અસર કહેવાય. memoiresમાં તો પાછળથી સત્યને એટલું ગૌણ સ્વરૂપ અપાયું અને રસ અને છટાદાર શૈલી ઉપર એટલો ભાર મૂકાયો કે એ સાહિત્ય લગભગ નવલકથાના સ્વરૂપમાં આવી ગયું. તોપણ આત્મકથાનું ઉત્તમ સ્વરૂપ કેવળ લુપ્ત થઇ ગયું નહોતું. ત્યાર પછી ઉત્તમ આત્મકથાઓ લખાઈ છે તથાપિ તેનું શ્રેષ્ઠ સ્વરૂપ તો લીઓ ટૉલ્સ્ટૉયે જ પ્રગટ કરી બતાવ્યું. એની રોજનિશી સામાન્ય જનની અશિષ્ટ જિજ્ઞાસા ખાતર જ નહોતી. એ રોજનિશીમાં તો એનો આત્મા સીધો ઇશ્વર સાથે જ સંબંધ સાધતો. આત્માને અંતર્મુખ કરીને જોવો એ આત્માકથાનું મુખ્ય લક્ષણ ટૉલ્સ્ટૉયે યુરોપીય સાહિત્યમાં ઉત્તમ રીતે બતાવ્યું. જીવનની અનેક પરિસ્થિતિમાં સત્ય પામવા-જાણવા-અનુભવવા આત્માનાં અગાધ મંથનો કલાની વિભૂતિમય વાણીમાં જગત આગળ રજુ કરનાર તો ટૉલ્સ્ટૉય જ. જીવ, જગત અને ઇશ્વરનો આધ્યાત્મિક સંબંધ જેવો જોયો, જાણ્યો અને અનુભવ્યો તેવો બતાવ્યો.

આમ આપણે પશ્ચિમની પ્રથામાં ઉછરેલી "આત્મકથા"નાં વસ્તુ સ્વરૂપ જોયાં. હવે આપણે એના ઘડતરના આંતરસ્વરૂપનો કાંઇક વિચાર કરીએ. "આત્મકથા"નો આત્મા તો સત્ય જ હોય. પણ એ સત્ય સદા સાક્ષેપ જ રહેવાનું. મનુષ્યબુદ્ધિમાં સત્ય સ્વરૂપ જેટલું સ્પષ્ટ કલ્પી શકાય તેટલું જ. માનવ સ્વભાવમાં જ સત્યના અવરોધક તત્ત્વો ઘણાં છે. કઇ ક્ષણે કઇ પ્રધાન લાગણીને કથાકાર વશ થઈ જાય છે તે આત્મભાન નથી રહેતું. રૂસો કબૂલ કરે છેઃ "It is easier to admit that which is criminal than that which is rediculous and makes a man feel ashamed." આ કબુલાત ઉપરથી તો એક મહાન યુરોપીય વિદ્વાન એટલે સુધી પ્રતિપાદન કરે છે કે રૂસો પોતાનાં બાળકો અનાથાશ્રમની પેટીઓમા પધરાવી આવતો તે વાત તદ્દન બનાવટી છે! એનામાં પ્રજોત્પાદન માટેનું પુરુષત્વ જ નહોતું! વળી કેટલીક વાર આત્મશોધન કે પશ્ચાત્તાપના આવેશમાં પોતાના સામાન્ય અને નિર્જીવ દોષો જે માણસ માત્રને સહજ હોય છે તેને અસાધારણ મોટું સ્વરૂપ આપી દેવાય છે. ટૉલ્સ્ટૉય પોતાના દોષો કાંઇક આ જાતની અતિશયોક્તિ સાથે નિંદે છે એમ ઘણાને લાગે છે. બીજો એક સત્યને બાધક અંશ લેખકની સ્મૃતિની ભ્રાન્તિમાથી થાય છે. અમુક બનાવ વર્ષો ઉપર બન્યો હોય તેના કેટલાક અંશો આપણે આપણી ઇચ્છા કે લાગણીને વશ થઈને કાલ્પનિક યોજ્યા હોય, તો કેટલાક સમય જતા

મૂળ બનાવ સ્મૃતિ ઉપર તરી આવે છે અને આપણને પણ એ જ ખરો હતો એમ લાગે છે. આત્મકથાકારને આ સ્મૃતિનો ભ્રમ જો તારીખવાર રોજનિશી ન હોય તો સત્યના નિરૂપણ માટે અડચણકર્તા થઇ પડે. વળી આ ઉપરાંત અનુમાનો ઉપર અવલંબી રહેલાં સત્યોના પાયા દૃઢ નથી હોતા. બધાં યે તાર્કિક અનુમાનો સત્ય સિદ્ધ કરી શકતાં નથી. ટુંકાણમાં, તપોમય જીવનની નિર્વિકારતા અને તટસ્થતા કેળવ્યા વિના સત્ય આત્મકથા લખી શકાય નહિ.

મહાત્માજીની "આત્મકથા" નું સ્વરૂપ જગતની બીજી આત્મકથાઓ કરતાં સ્પષ્ટ રીતે બહુ જ જુદુ છે. એનો પ્રદેશ ખાસ મર્યાદિત કરેલો છે. અને તે એમના ઉદ્દેશો વડે. "મારે તો આત્મકથાને બહાને સત્યના મેં જે અનેક પ્રયોગો કરેલા છે તેની કથા લખવી છે." વળી રૂસોની માફક "હું બીજાઓ કરતાં કોઇ પણ રીતે ઉતરતો નથી અને મારા જીવનની આ સાચી કેફીઅત ધર્મ રાજાના દરબારમાં પણ રજુ કરી શકું છું" એ પણ ઉદ્દેશ નથી. કે નથી ટૉલ્સ્ટૉયની માફક કેવળ ઇશ્વર આગળ જ પોતાના જીવનનું નિવેદન. મહાત્માજી તો લખે છે: "એટલે જે વસ્તુઓનો નિર્ણય બાળકો, જુવાન અને બુઢ્ઢા કરે છે અને કરી શકે છે તે જ વસ્તુઓનો આ કથામાં સમાવેશ થશે. આવી કથા જો હું તટસ્થ ભાવે, નિરભિમાનપણે લખી શકું તો તેમાંથી બીજા પ્રયોગો કરનારાઓને સારુ કાંઇક સામગ્રી મળે." એટલે આ 'આત્મકથા' પણ માનવજાતની સેવાને અર્થે જ સર્જાએલી છે. પોતાના જીવનના બધા જ અંશો અહીં પ્રકટ કરવાની યોગ્યતા કે જરૂર જણાઇ નથી કેટલાંક તાત્ત્વિક મંથનો અપ્રકટ જ રહ્યાં છે. "એવી કેટલીક વસ્તુઓ અવશ્ય છે કે જે આત્મા જ જાણે છે, આત્મામાં જ શમી જાય છે." "હું વર્ણવી શકું છું, પણ એવી જિજ્ઞાસા વાંચનારે ન રાખવી." વળી જેમ આત્મકથા સત્યના પ્રયોગોથી મર્યાદિત છે તેમ આ સત્યના પ્રયોગો એમના જીવનથી મર્યાદિત છે. પોતે લખે છે: "પણ મૂળથી જ મારો એવો અભિપ્રાય રહ્યો છે કે જે એકને સારુ શક્ય છે તે બધાને સારુ શક્ય છે." આ અભિપ્રાયથી ગેરસમજૂત ન થાય તે માટે મહાત્માજી પોતાની ઉદાર ઇચ્છા વ્યક્ત કરે છે. "મારા લેખોને કોઇ પ્રમાણભૂત ન ગણે એમ હું ઇચ્છું છું, એવી મારી વિનંતી છે. તેમાં દર્શાવેલા પ્રયોગોને દૃષ્ટાન્ત રૂપે ગણીને સહુ પોતપોતાના પ્રયોગો યથાશક્તિ અને યથામતિ કરે એટલી જ મારી ઇચ્છા છે." સહુએ પોતપોતાનાં માપ સમજીને જ પ્રયોગો કરવાના. જેમ કોઇ વૈજ્ઞાનિક પોતાની પ્રયોગશાળામાં પ્રયોગો કરે તેનો ઉદ્દેશ, રહસ્ય અને સિદ્ધિ તો પોતે જ સમજી શકે અને બીજાઓને તો તેની પદ્ધતિ બતાવવાની અને વર્ણન જ કરવાનું હોય તેમ મહાત્માજી જણાવે છે: "મારા આધ્યાત્મિક પ્રયોગો જે હું જ જાણી શકું...તે પ્રયોગોનું વર્ણન કરી જવું મને ગમે ખરું." આ પ્રમાણે આ આત્મકથાનું મુખ્ય સૂત્ર–સત્યના પ્રયોગો–તેની ગંભીર જવાબદારીનો નમ્રતાપૂર્વક પણ અસાધારણ સ્પષ્ટતાથી ઝીણો વિવેક કરે છે. "મારા પ્રયોગોને વિષે હું કોઇ પણ પ્રકારની સંપૂર્ણતા આરોપતો જ નથી. વિજ્ઞાનશાસ્ત્રી જેમ પોતાના પ્રયોગો અતિશય નિયમસર, વિચારપૂર્વક અને ઝીણવટથી કરે છે, છતાં તેમાંથી નીપજાવેલાં પરિણામોને તે છેવટનાં ગણાવતો નથી, અથવા તો એ એનાં સાચાં જ પરિણામ છે એ વિષે પણ સાશંક નહિ તો તટસ્થ રહે છે, તેવો જ મારા પ્રયોગોને વિષે મારો દાવો છે. મેં ખૂબ આત્મનિરીક્ષણ કર્યું છે, એકેએક ભાવને તપાસ્યો છે, તેનું પૃથક્કરણ કર્યું છે.

પણ તેમાંથી નીપજેલાં પરિણામ એ સહુને સારુ છેવટનાં જ છે, એ ખરાં છે અથવા તે જ ખરાં છે એવો દાવો હું કોઈ દિવસ કરવા ઇચ્છતો નથી. હા, એક દાવો હું અવશ્ય કરું છું કે મારી દૃષ્ટિએ એ ખરાં છે, અને અત્યારે તો છેવટનાં જેવાં લાગે છે."

આબાલવૃદ્ધને માટે આત્મકથા લખવી અને સત્ય જેવા ગહન પદાર્થના પ્રયોગો વર્ણવવા એ કેવળ સાહિત્યકાર ન કરી શકે. ટૉલ્સ્ટૉય મોટે ભાગે સાહિત્યકાર જ છે. એનું જીવન જ્ઞાનપ્રધાન વધારે છે. મહાત્માજીના જીવનના ધ્યેયમાં–સત્યના સેવનમાં–આચારના જ્ઞાનપૂર્વક પ્રકાશનમાં સાહિત્ય સાધન માત્ર જ છે. સાહિત્યકારની ત્રુટીઓ અને સત્યને કેવો બાધ આવે છે તે એમની દૃષ્ટિની બહાર નથી. પોતે જ કહે છે: " બધાં લખાણોમાં લેખકની એકાંગી દૃષ્ટિ ઘણે ભાગે હોય છે. પણ દરેક વસ્તુને ઓછામાં ઓછી સાત દૃષ્ટિએ જોઈ શકાય છે. ને તે તે દૃષ્ટિએ તે વસ્તુ ખરી હોય છે, પણ બધી દૃષ્ટિઓ એક જ વખતે ને એક પ્રસંગે ખરી ન જ હોય.'' મહાત્માજી સત્યની પૂજામાં ઉપનિષદનું ભાન કરાવે છે અને તેના વિવેચનમાં સપ્તભંગી ન્યાયનું બળ છે. છતાં કોઈવાર પણ તત્ત્વજ્ઞાનીની માફક કોઈ સિદ્ધાન્ત મનાવવા સત્યની એક સ્વતંત્ર પદાર્થ તરીકેની શુષ્ક ચર્ચા આ પુસ્તકમાં નથી જડતી. જીવનનો કોઈ પ્રસંગ–પ્રયોગ પૂરેપૂરો વર્ણવી સત્યનો વૈજ્ઞાનિક, હૃદયસ્પર્શી રીતે કહે છે: " પણ પતિના મોહરૂપ સુવર્ણ પાત્રે સત્યને ઢાંક્યું."

મહાત્માજીના જીવનમાંથી એક વાત સચોટ રીતે તરી આવે છે; તે એ છે કે તેમનું આખું ધાર્મિક બંધારણ–માનસિક અને આચારમય–પ્રતિજ્ઞા અને વ્રત ઉપર બંધાએલું છે. અકસ્માત કહો કે વિધિ કહો પણ મહાત્માજીના જીવનની લગભગ બધી લાક્ષણિક પ્રવૃત્તિઓનાં મૂળ માતુઃશ્રીને વિલાયત જતા પહેલાં આપેલી પ્રતિજ્ઞામાં છે. એ પ્રતિજ્ઞા જ ન હોત તો? આપણે તો કાંઈ જ કલ્પી ન શકીએ. જો કે કાર્લાઈલ તો એમ જ કહે કે સ્થળ કે સમય મહાવિભૂતિઓને પ્રકાશમાં લાવવામાં આડે આવી શકતાં જ નથી; ગમે તેવાં નજીવા સાધનો વડે પણ એ પ્રકાશ તો પ્રકટે જ. વળી વિશેષ તો એ છે કે અહિંસા, અપરિગ્રહ, સંયમ, ત્યાગ, બ્રહ્મચર્ય વગેરે તત્ત્વોનો પૃથક્ પૃથક્ વિચાર કરવો એ ખોટી રીત છે. તેમ કરીએ તો ઘણા વિરોધો ભાસશે અને તે ઉકેલી નહિ શકાય. આ બધાં તત્ત્વો તો સમન્વિત છે. એક બીજામાંથી ઉત્પન્ન થયાં છે, એક બીજા ઉપર ટકી રહેલાં છે. આ સમજવાને માતુઃશ્રીની પ્રતિજ્ઞાની અસર–ને પાલનના પ્રયત્નો–અડચણો, મંથનો, વગેરેનો ઇતિહાસ વિચારી જુઓ. મહાત્માજીના કેટલાક વિવેચકો આ પ્રકારની એક બીજી ભૂલ કરે છે. તેઓ મહાત્માજીના વ્યક્તિત્વમાં જુદા જુદા પુરુષોના ભાવ કલ્પે છે. રાજપુરુષ તરીકે, સમાજ સુધારક તરીકે, ધાર્મિક સુધારક તરીકે, અર્થશાસ્ત્રી તરીકે વગેરે અનેક રીતે જુદા જુદા પુરુષ કલ્પી તેનું પૃથક્કરણ કરી સ્વતંત્ર વ્યક્તિઓના માપ લગાડી સમજવાના પ્રયત્નો થાય છે. પણ અંતે તો તેમાં વિરોધો જ દેખાય છે. આ જાતના વિવેચનની પ્રથા તદ્દન દૂષિત છે. વ્યક્તિના દરેક અંગો એક બીજામાં ઓતપ્રોત જ રહે છે, બલ્કે મહાત્માજીના વ્યક્તિત્વની મહત્તા જ આ બધા દેખીતા વિરોધી તત્ત્વોના સમન્વયમાં જ રહેલી છે.

મહાત્મા ટૉલ્સ્ટૉયના ચિદાકાશમાં સર્વવ્યાપી ભાગવત તત્ત્વનો ઉદય થયો તે પહેલાં ખ્રિસ્તી ધર્મના સાંપ્રદાયિક મત સાથે વર્ષોનાં ઊંડાં મંથન થયાં હતાં. આ જ્ઞાન હિન્દુ

બાળકોને પરાપૂર્વથી વારસામાં સહજ મળેલું હોય છે. આ જ્ઞાન દ્વારા મહાત્માજીએ જીવ, જગત અને ઇશ્વરનો સંબંધ બુદ્ધિમાં ઘટાવી લીધો છે. એ સાંપ્રદાયિકતામાં ગુંચાએલું કોકડું નથી. આ વ્યાવહારિક સામાન્ય વેદાન્તને બળે જ ખ્રિસ્તી ઉપદેશકો એમને ખ્રિસ્તી મતમાં વાળી શક્યા નહિ.

આ તેજસ્વી વિભૂતિના જીવનમાં એ આત્માનાં સ્વયંપ્રકાશ સ્વરૂપો એટલાં વિવિધ છે—છતાં એટલી જ સાદી અને સરળ રીતે આત્મકથામાં ગુંથાયાં છે કે મહાત્માજીનાં ચાલુ અને ભાવિ કાર્યો અને વિચારોની કુંચીઓ અભ્યાસીને તેમાંથી મળી રહે. એ કુંચીઓ બેસાડવાનું કામ ભવિષ્યના મહાત્માજીની જીવનકથા લખનારને શિર છે. ત્યારે જ એ આત્માનું સંગીત જગત ઝીલશે. હજીએ આત્મકથા સંપૂર્ણ નથી. હજી તો આત્મામાં સત્યના પ્રયોગોની રસમીમાંસા ચાલી રહી છે. "સત્યના પ્રયોગો કરતાં મેં રસ લૂંટયો છે, આજે લૂંટી રહ્યો છું." પણ વિષમ સ્થિતિ તો બાકી છે. "પણ હું જાણું છું કે મારે હજુ વિકટ માર્ગ કાપવાનો છે." હવે તો આત્મારૂપી ભમરડાને ચાક ચઢવાનો છે "તેને સારુ મારે શૂન્યવત્ બનવાનું છે."

કે. મો. ગોધારી

ગાંધીજી સાથેના કેટલાક પ્રસંગો

"ડુંગરા દૂરથી રળિયામણા" એવી કહેવત છે. ડુંગરાઓ માટે તો અક્ષરશઃ ખરી છે પણ લાક્ષણિક અર્થમાં ઘણી વેળાએ ખરી છે. બહુ મોટા ગણાતા માણસો વિશે દૂરથી જે વાચીએ, સાંભળીએ તેથી તેમના માટે આપણા મનમાં જે પૂજ્ય બુદ્ધિ, કુતૂહલ, પ્રેમ વગેરે ભાવો હોય, તે પ્રત્યક્ષ અને નિકટ પરિચય થતાં "દૂરથી ડુંગરા" જેવો ઘાટ થઇ નિકટ પરિચયથી ઉલટી નિરાશા થઇ પરિચય માટે આનંદને બદલે દિલગીરી થાય છે. એ અનુભવ મારો એકલાનો નથી પણ ઘણાને હશે જ. પણ આ તો મોટા "ગણાતા"ની વાત. ગાંધીજી—બાપુ તો અસલ રત્ન—જેમ જેમ પાસેથી નિહાળીએ તેમ તેમ નવા નવા સ્વરૂપનું દર્શન. શુદ્ધ ચારિત્ર્યમય જીવન, વચન અને કૃતિની એકવાક્યતા, નિર્મળ પ્રેમ, નરરૂપી નારાયણની ભક્તિ, પ્રેમ અને લાગણી સાથે જ નીતિ અને ન્યાયના સંરક્ષણ માટેની જરૂરી કઠોરતા, પ્રાપંચિક વ્યવહારદક્ષતા, નીડરતા, સંયમ, ઉદારતા, સેવાભાવ વગેરે અનેક દર્શનો થઇ હિમાચલના ગૌરીશંકર શિખરની તળેટીએ ઊભા રહી ગૌરીશંકરની ભવ્યતા જોનારા જેવી સ્થિતિ થાય છે. લોકોએ પણ તેમને ટૂંક સમયમાં ઓળખી લઇ "મહાત્મા"નો અર્થસૂચક ઈલ્કાબ આપ્યો. એ ખરેખર મહાન-આત્મા છે.

બાપુજી સાથેના તો અનેક પ્રસંગો યાદ આવે. દરેકમાં કાંઇ કાંઈ તો વૈશિષ્ટ્ય હોય જ.

પહેલું દર્શન તો સને ૧૯૧૫ માં કોચરબમાં સત્યાગ્રહાશ્રમ હતો ત્યારે. દક્ષિણ આફ્રિકાની મહાન લડતોના વિજયી સેનાની. એટલે તો તેમનો ત્યાગ, આગ્રહ વગેરે માટે તો મને તેમજ મારા જેવા બીજા જુવાનીઆઓને બહુ જ માન. મેં તાજી જ વકિલાત શરૂ કરેલી. તે વખતની તો મારી માન્યતા મુજબ કોટ, પાટલૂન, પાઘડી વગેરેનો આવશ્યક મનાતો દમદમાટ રાખનારા. જાહેર જીવન એટલે સુંદર અંગ્રેજી ભાષામાં સરકારને મેમોરિયલ

(અરજી) ઘડવી અગર તો જાહેરસભામાં ભાષણ કરી સરકારના કૃત્યનો નિષેધ કરનારો ઠરાવ મૂકવો. આમાં પણ વખતનો અને બુદ્ધિનો ઉપયોગ તો હતો જ અને તેટલે દરજ્જે ત્યાગ પણ હતો જ. પરંતુ એથી વિશેષ ખ્યાલ સામાન્ય રીતે આગેવાન ગણાતા લોકોમાં હોય એમ લાગતું નથી. કાયદો અને બોલવાની કળા જાણનાર વકીલો જ આ સ્થિતિમાં સ્વાભાવિકપણે આગેવાન ગણાતા. સ્વદેશી માલ વાપરવો સારું ગણાતું પણ કોર્ટમાં જજ-સાહેબ આવે કે કલેક્ટર કમીશનરને મળવા જવું હોય તો એકાદ પરદેશી કાપડનો સુંદર (decent) કોટ જોઇએ જ. ખરબચડો દેશી કપડાનો ન ચાલે. " રાષ્ટ્રીય શિક્ષણ " શબ્દો બોલવામાં જરા પણ એ તો ઠોઠ નીશાળીઆ માટે જ મનાતું. દેશી ભાષાઓનો દરજ્જો અંગ્રેજીથી બહુ જ નીચો. કેળવાએલા ગણાતા માણસો તો અરસપરસ વહેવાર પણ અંગ્રેજીમા જ કરે. પછી ભલે અંગ્રેજની દૃષ્ટિએ તો એ અંગ્રેજી હસવા જેવું પણ હોય. આ રીતના અમદાવાદના સામાન્ય વાતાવરણમાંનો હું એક વકીલ. એટલે ગાંધીજીના પ્રથમ દર્શનથી હું તો મૂંઝાયો. મને ખાત્રી છે મારા જેવા ઘણા મૂંઝાયા.

દેશી ઢબની સાદી બેઠક, લખવા માટે કલમ, શાહીચૂસ પણ ન મળે, સુંદર કોઠીઆમાં રાખેલો, એક પણ ટેબલ કે ખુરશી પણ નહિ, કોઇ પણ કામ પોતે કરે, દળવામા, પીરસવામાં વગેરે વખત ગૂમાવે. આ તે શું ? પોતે ભલે ગમે તેમ કરતા હોય પણ કોઈ મહેમાન આવે—અંગ્રેજો પણ—તો પણ તેમને માટે પણ તે જ. અમારા આગેવાન ગણાતા વકીલ બેરિસ્ટરો સખત કટનું સજ્જડ બેસતું (ટાઇટ) પાટલૂન પહેરી જાય તો પણ ભોંય પર જ બેસવાનું ! આ કેવો અવિવેક ! વગેરે લાગે. વિચારો આવ્યા જ કરે કે શું ગાંધીજીની રહેણી અને કરણી બરાબર છે કે મોટા માણસોને પોતાની મોટાઈને લીધે બીજાની પરવા ન કરતાં ગમે તેમ વર્તવાની છૂટ છે ? તો પણ એમની નિસ્વાર્થતા અને ખંત (sincerity) વિષે શ્રદ્ધા હોવાથી કોઈ પણ જાતની કુશંકાઓ થતી નહોતી. વિચિત્રતા અગર ચક્રમપણું પણ હોય એમ વિચાર આવતાની સાથે જ આપણું પોતાનું દૃષ્ટિબિંદુ તો ભૂલ ભરેલું નહિ હોય એમ થતું અને ત્યાર પછી જ અનુભવોથી હવે તો એમ જ લાગે છે કે તે વખતનું આપણું દૃષ્ટિબિંદુ કેટલું ભૂલ ભરેલું હતું ! અમારી નજરમાં જ ખામી એટલે તો ગાંધીજી ચક્રમ જ દેખાય ને ?

એ જ અરસામાં ગાંધીજી ગુજરાત ક્લબમાં આવેલા મને યાદ આવે છે. સત્યાગ્રહાશ્રમ સંસ્થા કાઢવાનો વિચાર ચલાવી રહ્યા હતા. તે બાબતમાં શહેરના કેળવાએલા વર્ગની મુલાકાત કરવાના ઇરાદે આવેલા. કેળવાએલાની કેળવણીની કિંમત તો ગાંધીજીએ આંકેલી હોવી જ જોઇએ. છતાં પણ મળવા આવ્યા એમાં તેમનો વિનય, વિવેક, વ્યવહારદક્ષતા અને પોતાના કાર્ય-ક્રમમાંની શ્રદ્ધા જોઈ શકાય. એક આગેવાન બારિસ્ટર તેમને લઇ આવ્યા હતા. તેમને ખુરશીમા બેસાડયા અને ક્લબના સભાસદો—ખાસ કરી જુવાનીઆઓ—તેમની આજુબાજુ વિંટળાઇ ગયા. હું જરા દૂર બે બારિસ્ટરો પાના રમતા હતા તે જોતો હતો. હું આશ્રમ જતો એટલે કેવળ પ્રખ્યાત પુરુષને જોવાના કુતૂહલથી જવાની જરૂર નહોતી. પણ ગાંધીજી વાતચિત કરે અને સવાલ જવાબો થાય તે ઉપરથી તેમની વિચિત્ર લાગતી રહેણીકરણીનું રહસ્ય કાંઇક સમજાય એ ઇચ્છાથી જવા લાગ્યો. રમત જોવાનું છોડી ચાલવા માડયું ત્યારે બન્ને બારિસ્ટર સાહેબોએ મને કંઇક મશ્કરીમાં, પણ તેમની દૃષ્ટિએ સત્ય તો ખરી જ, સૂચના

આપી કે "એ તો ઘેલો સ્વપ્નદ્રષ્ટા (mad idealist) છે. દક્ષિણ આફ્રિકામાં કર્યું તેમ અહીં કરવા માગે છે. પણ ત્યાંની મેળવેલી આબરૂ અહીં ખોવાનો છે." ગાંધીજીના કાર્યક્રમ માટે લોકોમાં શું સામાન્ય ભાવના હતી તે આ બતાવે છે. અને જ્યારે તે બે પૈકીના જ એક "અક્કડ પુરુષ" ગાંધીજીનો જ સંદેશો—ગુજરાતમાં અને દેશમાં તેમના પટ્ટશિષ્ય તરીકે પહોંચાડે છે અને દક્ષિણ આફ્રિકાના અખતરા ગુજરાતમાં યશસ્વી કરી બતાવે છે એમ કહું, તો તે ઉપરથી ગાંધીજીની કેટલી યે શક્તિઓનું સૌ કોઇ સહેજે અનુમાન કરી શકે.

ખૂબ વિચાર કરી અનુભવ મેળવી જે તત્ત્વ તારવી કાઢ્યું હોય તે જ લોકો આગળ મૂકવું, બીજા આગળ મૂકતાં પહેલાં પોતે પ્રથમ આચરવું, જેઓ સંમત ન હોય તેમને ધીરજ અને શાંતિ રાખી સમજાવવા, ન સમજે તો પણ નાસીપાસ ન થવું, ભૂલ જણાય તો તે નિખાલસપણે કબૂલ કરવી, વિરોધીઓને દબાવવા નહિ પણ પ્રેમથી સમજાવી જીતવા, ન સમજાવી શકાય તો પણ તેમના પ્રત્યે રોષ કે અણગમો ન રાખતાં પ્રેમ જ રાખવો અને જે બાબત સત્ય લાગતી હોય તેમાં સાથીઓ હોય કે નહિ તેની દરકાર ન કરતાં પોતે તો આત્મબળ અને શ્રદ્ધાથી ગમે તે ભોગે અને નિર્ભયતાથી આચરવી—આ ગાંધીજીના જીવનનો આચાર-ધર્મ કહી શકાય. તત્ત્વજ્ઞાની, તપસ્વી, સાહિત્યપ્રેમી, સમાજ સુધારક, વ્યવહારકુશળ અને ચતુર સેનાની, ખરી લોકશાહીનું રાજકારણ જાણનાર વગેરે તેમના જીવનનાં અનેક રૂપો (aspects) છે. આવા બહુરૂપી બાપુનું દરેક રૂપ વિશાળ, શુદ્ધ, આદરણીય અને રમ્ય. આ લેખમાં તે દરેકનું દર્શન અશક્ય. કેટલાક રૂપથી તો અકળામણ પણ લાગે; પણ હવે હિંદનું દૃષ્ટિપટલ બદલાયું છે એટલે મૂંઝવણ નથી.

બાપુનાં ગુણવર્ણન મને કેમ ન ગમે ? તો પણ બાપુને માનવી માનવાની ધૃષ્ટતા બાપુએ જ પ્રેરેલી મનોદશાથી હોવાથી બાપુ ભૂલ ન જ કરે યા તો બાપુમાં ત્રુટીઓ ન જ હોય એમ નથી માન્યું; પણ ઘણીવાર કેટલીક ભૂલો કે ત્રુટીઓ બાપુને વળગાડવામાં જ આવે છે.

બાપુને અંધભક્તિ પ્રિય છે, હાજી હાજી ખુશામત ગમે છે, તેઓ વિરોધ સાંખી શકતા નથી વગેરે કહેતા ઘણાને સાંભળ્યા છે. એવાઓને માટે એક પ્રસંગ ટાંકું છું. કલકત્તાની મહાસભાએ અસહકાર અખત્યાર કર્યા પછી અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં એ સવાલ બે શિક્ષકોનાં રાજીનામા દ્વારા વિચાર માટે આવ્યો. પોતાના મતદારોને પૂછી પાકી મત આપી શકાય તે હેતુથી મેં એક માસની મુદતનો ઠરાવ મ્યુનિસિપાલિટીમાં મૂક્યો તે મંજૂર થયો. ત્યારબાદ મારા મતદારોને મોકલવા મેં વિગતવાર કાગળ તૈયાર કર્યો. સરકારે નિર્માણ કરેલા કાયદાની રૂએ અસ્તિત્વ ધરાવનાર સંસ્થામાં રહી તે કાયદાની ફક્ત અમુક કલમોને જ બાજુએ મૂકી અસહકાર ન થઈ શકે એમ હું માનતો હતો. એટલે મારા કાગળમાં તો વિરોધી ધોરણની દલીલો જ વિશેષ હોય. મતદારોને મોકલવા પહેલાં કાગળ બાપુને બતાવ્યો. અને જો એમાંની દલીલનો કાંઇ પણ વિપર્યાસ હોય અગર ખોટું લખાયું હોય તો તે સુધારી આપવા વિનંતિ કરી. બાપુએ આશરે પોણો કલાક સુધી મને સમજાવવા ઘણો પ્રયત્ન કર્યો, પણ કેમે કરીને તેમની દલીલ મારા ગળે ઊતરી જ નહિ. આખરે 'Conviction precedes argument' એમ કહી તેઓ ચૂપ થયા. ત્યારે મને બહુ જ ખેદ થયો. આવો મહાન પુરુષ મારા જેવાને સમજાવવા ખાતર પોતાના અમૂલ્ય વખતમાંથી પોણો કલાક આપે અને પરિણામ કાંઈ નહિ એ વિચારથી તો હું વધારે દુઃખી થયો. પણ જે હું સ્વીકારતો નહોતો તે બાપુની

ખાતર પણ જૂઠું કહી, સમજ્યો એમ કેમ કહેવાય ? આખરે મેં કહ્યું: "મને તો મારી દલીલ જ ખરી લાગે છે છતાં પણ આપને માટે મને જે માન અને પૂજ્યભાવ છે તેને વશ થઇ આપ જેમ કહેશો તે મુજબ ફેરફાર કરવા મને વાંધો નથી." બાપુએ તરત કહ્યું: "જો મારા માટે કાંઇ પણ આદર પ્રેમ હોય તો નીડરતાથી તમારો પોતાનો જ મત જે તમને સત્ય લાગે છે તે જ લોકો આગળ મૂકો," એમ હસતે મોઢે કહી છૂટયા એટલું જ નહિ પણ મારો કાગળ હાથમા લઇ તેમણે મારા મતને પુષ્ટિ આપે એવી એક દલીલ વધારી આપી. બાપુએ ન માગી અંધભક્તિ કે ન દબાવી દીધું મારું વ્યક્તિત્વ. ઊલટું તે ખીલવ્યું. અને મતનો વિરોધ હોવા છતાં પ્રેમ કાયમ રાખી, મારા દિલને ગોઠતી વાત કાંઈ પણ ઢાંકપિછોડો કર્યા વગર એમની આગળ મૂકવાની હિંમત આપી. બાપુના અનુયાયીઓ બાપુનો હુકમ પાળે છે તે અંધશ્રદ્ધાથી નહિ પણ જ્ઞાનપૂર્વક અને જ્યાં અંગત મતનો વિરોધ હોય ત્યાં બંધારણ મુજબની ફરજ (discipline) સમજીને જ.

બંધારણ પાળવા પળાવવામાં બાપુ કાંઈ જેવા તેવા નથી. અમદાવાદની મહાસભાની સ્વાગત સમિતિએ ઠરાવ કર્યો કે કોઇને પણ સન્માન્ય પ્રેક્ષક તરીકે ટિકીટો આપવી નહિ. આ ઠરાવની અજાણમા બાપુએ સંદેશો મોકલ્યો કે સન્માન્ય પ્રેક્ષક તરીકેની અમુક ટિકીટો અમુક ભાઇને મોકલશો. હું બાપુને મળ્યો અને મારો વિરોધ જાહેર કર્યો અને ઠરાવની પણ ખબર આપી. બાપુએ પોતાની દલીલો રજૂ કરી તેમાં એક તો મને એટલી બધી સચોટ લાગી કે મેં ટિકીટો આપવાનું કબૂલ કર્યું. સ્વાગત સમિતિનો ઠરાવ ફેરવ્યા સિવાય ટિકીટો ન જ અપાય એમ બાપુએ આગ્રહથી કહ્યું. સ્વાગત સમિતિને અમે સમજાવી શકીએ તેવું નહોતું તેથી થોડુ જોખમ વહોરી લઇને પણ ટિકીટો આપવા અમે તૈયાર થયા. પણ બાપુએ જ તેમ કરવા મના કરી. સ્વાગત સમિતિની ખાસ બેઠક બોલાવી પોતે હાજરી આપી દલીલો કરી ઠરાવ ફેરવાવ્યો. બંધારણ માટે કેટલું માન. છતાં બાપુની ઑટોક્રસી (આપખુદી) ઘણાં માને છે ! !

દરિદ્રનારાયણની સેવા કરવી એટલે કરકસરમા તો શું બાકી રાખે. ૧૯૨૧ ની સાલમા અમદાવાદની મહાસભાના મંત્રી તરીકે મારે ખાદી માટે રોજ ૧૦-૧૫ હજારની હૂંડીઓ શીકારવી પડતી. મુંબાઈથી રૂ. ૩ લાખ આવવાના હતા પણ કેમે કરી તે તાકીદે આવે જ નહિ. અને મારી પાસે આશરે રૂ. ૬૦ હજાર બાકી રહ્યા. હવે બાકીની હૂંડીઓનું કેમ થાય એ ચિંતામા બાપુને સંદેશા પ્રથમ મોકલેલા છતા પણ ખાસ સંદેશો મોકલ્યો. મારી ચિંતા દૂર કરવાને સારુ બાપુએ તાર લખ્યો પણ પાછળથી જાણ્યું કે રજા છે એટલે બાર આનામાં તાર નહિ જાય. ત્યારે એ જ ફૉર્મ પછવાડે લખ્યું કે "તાર માટે ભારે ખર્ચ કરવો પડે તેથી આ હવે ટપાલમા જ બીડું છું." એક કરોડ ભેગા કરવા નીકળેલા અને ચોવીસે કલાક કામે હોય તે વેળાએ પણ કેવી નાની બાબતમાની આ કરકસર. કરોડ રૂપિયાનું શું કર્યું એવો હિસાબ માગનારાઓએ એ બીના ખાસ નોંધવા જેવી છે. બાકી નાણાં ભરનારાઓને શ્રદ્ધા અને સંતોષ હતાં જ. ન ભરનારાઓએ માત્ર સવાલો અને કુશંકાઓ મને ઘણી જ પૂછી છે. ભરનારા કોઇએ પૂછયાનું યાદ નથી. દર માસે અને વરસે ઑડિટ થએલા હિસાબો પ્રસિદ્ધ થતા તે તેઓ જોઇ લેતા.

બાપુ જેમ પ્રેમ, દયા, ભાવના વગેરે મૃદુ ભાવોથી ભરેલા છે તેમ કઠોરતા કે

નિષ્ઠુરતાની પણ ઊણપ નથી. જે વાતને તત્ત્વ માન્યું ત્યાં તો કઠોરતા કે નિષ્ઠુરતા પાર વગરની. અસ્પૃશ્યો બાબતમાં બા સાથેનું બાપુનું વર્તન કોણ નથી જાણતું ? તત્ત્વની દૃષ્ટિએ તો એ ગુણ જ ગણાય છતાં પણ મનને શંકા થયા જ કરે છે. જો પતિનું મન રાખવું એ પત્નીનો ધર્મ હોય તો પતિએ પણ પત્નીને પોતાના વિચાર મુજબ ચાલવાની છૂટ આપી પત્ની માટેના પતિધર્મનું પાલન કેમ ન કરવું ? બાપુએ "મારી શરમ" નામનો જે લેખ લખી પોતાની સ્થિતિ જણાવી છે તેમાં તેમણે પત્નીને અન્યાય નથી કર્યો ? વિધવા સ્ત્રીને કમને પણ સંસાર છોડાવનાર હિંદુસમાજ દોષી, તો અપરિગ્રહ વ્રતની અપેક્ષા કરનાર બાપુ દોષી નહિ ? પણ એ સવાલો મારા જેવાને શંકા રૂપ હોય તેનો અર્થ એટલો જ કે મેં બાપુનું નિરીક્ષણ કર્યું નથી. બાપુના કે કોઈ પણ કર્મવીર અને ચારિત્ર્યશીલ સંત પુરુષના વર્તન કે વિચાર ઉપર ટીકા કરવાનો મને અધિકાર નથી. તેમ હું કરવા માગતો પણ નથી. આપણા વિચારો અને આપણાં સગાંસ્નેહીઓના વિચારો વચ્ચે ફેર થતાં "શું કરવું અને શું ન કરવું" એવો મોહ દરેકને થાય છે. અર્જુનને પણ થયો હતો. તેમાંથી કર્મ કરવાના કઠોર ધર્મનું પાલન શીખવી ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને ઉગાર્યો. મારા જેવા સામાન્ય માણસોની શંકા મોહને જ આભારી કેમ ન હોય ?

ગણેશ વાસુદેવ માવળંકર

અચળ શ્રદ્ધા

મને મારા સુકાની પર અચળ શ્રદ્ધા છે.

આત્મના અમૃતસારભર્યું મારું નાવ મેં તેને હાથ ધીર્યું છે, ને વિશ્વવિજેતા મારો નાવિક તેને સલામત દોરવશે એવી મને અચળ શ્રદ્ધા છે.

મને મારા સુકાની પર અચળ શ્રદ્ધા છે.

સત્ય તેમ અહિંસાના આ યુદ્ધમાં વિજય તો તેની પ્રત્યેક ગતિમાં નિર્માયેલો જ છે; ને તેથી જ અભય કવચે મારી આખીય કાયા તેણે મઢી લીધી છે: અને એ દ્વારા સાધેલ મારી સત્ત્વશુદ્ધિમાં મને અચળ શ્રદ્ધા છે.

મને મારા સુકાની પર અચળ શ્રદ્ધા છે.

ધર્મપ્રેમ અને ધૈર્યનાં શસ્ત્રાસ્ત્ર મને સજાવ્યાં છે: આસ્તિકતા ને ભક્તિના મુગટ મારે શિર ધરાવ્યા છે: નિશ્ચલતા ને શાન્તિની વીર કુશળતાના પાઠ મને શીખવ્યા છે. સાધુતભરી એ સર્વાંગસુન્દર સફરમાં મને અચળ શ્રદ્ધા છે.

મને મારા સુકાની પર અચળ શ્રદ્ધા છે.

સ્વ. સૌ. કનુબહેન દવે

ગાંધીજી અને સૉક્રેટિસ

એથેન્સ તેની જાહોજલાલીની પૂર્ણ કલાએ પહોચ્યું હતું. તેના ઇતિહાસનો અત્યંત ભવ્ય સમય પેરિક્લિસયુગ હજુ એથેન્સના મુખ ઉપર પોતાની છાયા પાડી રહ્યો હતો, ત્યારે બીજી બાજુએ મેસીડોનની ઘેરી છાયા ગ્રીસ ઉપર આવી રહી હતી. આવા યુગમાં પરમ સત્યાગ્રહી વીર મહાત્મા સૉક્રેટિસ એથેન્સમાં પોતાના સત્યના પ્રયોગો કરી રહ્યો હતો. એથેન્સ અને ગ્રીસના દેખાતા અભ્યુદય પાછળ રહેલાં તેનાં વિશ્લેષ અને વિનાશનાં તત્ત્વો તેણે જોયાં હતાં. એ તત્ત્વોનું પોતાના સમયને ભાન કરાવવા એણે પ્રયત્ન કર્યો, પણ એક વખતે પડવાનો ક્રમ સ્વીકાર્યો પછી ગ્રીસની જનતાએ એ ક્રમમાં ફેરફાર કરવાની ના પાડી અને વિનાશને નિમન્ત્ર્યો. આ સત્યવીર અને ગાંધીજીના જીવન વચ્ચે તેવીસ સૈકાનું અન્તર હોવા છતાં અજબ સામ્ય છે. સૉક્રેટિસનું આખું જીવન તેના દેશના પરમ કલ્યાણ માટે હતું. ગાંધીજીનું જીવન પણ એવું જ છે. સૉક્રેટિસના સમયમાં સમાજમાં સડો પૂરેપૂરો પેઠો હતો, વિતણ્ડાવાદમા લોકો મશગુલ બની કર્તવ્યવિમુખ થયા હતા, ગાંધીજી પણ એવી જ પરિસ્થિતિમાં જન્મ્યા. સમાજનો નૈતિક, રાજનૈતિક, ધાર્મિક આદિ દરેક રીતે શતમુખ અધઃપાત થઇ રહ્યો હતો. વિતણ્ડાવાદ એ જ એક કર્તવ્યનું સાચું સ્વરૂપ મનાતું હતું. સૉક્રેટિસની જેમ ગાંધીજીએ પણ સમાજની એ દિનપ્રતિદિન વધતી જતી અધોગતિ સામે પોતાનો અવાજ ઉઠાવ્યો. આ અવાજ ઉઠાવવામા બન્નેનો હેતુ આત્મશુદ્ધિનો હતો. અને તેમણે સમાજના સડાને દૂર કરવા, સમાજને ઉન્નત દશામા આણવા પોતપોતાના સમયના રાજકારણ પર સખત પ્રહાર કર્યો. પણ એમા ફેર એટલો હતો કે એથેન્સનું રાજકારણ ત્યાંના જ લોકોના હાથમા હોઇ સ્વદેશી પ્રજાસત્તાક હતું, જ્યારે હિન્દુસ્થાનનું રાજકારણ પરદેશી નોકરશાહીના હાથમા છે. આથી સૉક્રેટિસનો પ્રહાર સીધો તેના લોકો ઉપર જ પડ્યો જ્યારે ગાંધીજીનો સરકાર ઉપર થઇ લોકો ઉપર પરોક્ષ રીતે પડે છે. બન્નેના પન્થ એક જ હતા, સાધન એક જ હતાં, પણ પરિસ્થિતિના આટલા ફેરે તેમનાં જીવનને વાસ્તવિક રીતે અભિન્ન પણ દેખાતી રીતે થોડુંક જુદું જ સ્વરૂપ આપ્યું. સૉક્રેટિસને તે વખતના લોકોએ સમાજદ્રોહી લેખ્યો; આજે ગાંધીજી વિરુદ્ધ સરકાર તરફ લોકોની ભારે સૂગ છે અને તેથી ગાંધીજી રાજદ્રોહી નથી લેખાયા—જો કે હજુ છેવટનો અભિપ્રાય તો ન જ આપી શકાય—કદાચ જેમ સૉક્રેટિસને ત્યાંનાં પ્રજાસત્તાકે દેહાન્તદણ્ડની સજા ફરમાવી તેમ હિન્દનું પ્રજાસત્તાક પણ—જો ગાંધીજી ત્યાં સુધી જીવતા હોય તો—તેમને દેહાન્ત દણ્ડ કરે તો આશ્ચર્ય નહિ. અને કદાચ સ્વરાજ મળતાં પહેલાં પણ તેમને આ સજા થાય!

બન્નેના અંગત જીવન પણ એક જ પ્રકારનાં હતાં. સૉક્રેટિસ રાજ્યનો પૂરેપૂરો વફાદાર હતો, ગાંધીજી પણ તેમ જ હતા. રાજ્યનાં જે જે અનિષ્ટો સામે સૉક્રેટિસે અવાજ ઉઠાવ્યો હતો તે પોતાનો નાગરિક ધર્મ બરોબર બજાવવાના હેતુથી હતો. ગાંધીજીની જીવનફિલસૂફી પણ આવી જ છે. રાજ્ય તરફની

પોતાની વફાદારીને અંગે સોક્રેટિસ રાજ્ય તરફથી ત્રણ વખત યુદ્ધમાં વીરતાપૂર્વક લડ્યો હતો; ગાંધીજી પણ પોતે પરમ અહિંસક હોવા છતાં રાજ્યના આપત્તિ પ્રસંગે પોતાનો નાગરિક ધર્મ અદા કરવા બે વખતે યુદ્ધ પ્રસંગે સામ્રાજ્યને પડખે રહ્યા હતા. બન્ને પરમ સંયમી, સહનશીલ અને નીતિમાં તથા સદાચરણમાં માનનાર, બન્ને ગરીબાઇને વરેલા, ખુદ પોતાને અપૂર્ણ અને વિકારથી ભરેલ લેખનાર, બન્ને પોતાને સત્યશોધક તરીકે ઓળખાવનારા છતાં નિરભિમાન, અને પોતાને મૂઢ જેવા લેખનાર. સોક્રેટિસને જ્યારે ડેલ્ફીના ઓરેકલે કહ્યું કે આખા ગ્રીસમાં સૌથી જ્ઞાની પુરુષ સોક્રેટિસ છે ત્યારે તે આશ્ચર્ય પામ્યો. તેની ખાત્રી કરવા તે એથેન્સના જાહેર સંવાદ સ્થળોમાં ત્યાંના પ્રતિષ્ઠિત નાગરિકો સાથે વાર્તાલાપ કરવા લાગ્યો, અને પરિણામે જોઇ શક્યો કે અજ્ઞાની તો તેઓ બધા હતા, સોક્રેટિસ પણ અજ્ઞાની જ હતો, પણ તેમની વચ્ચે ફેર માત્ર એટલો હતો કે બીજા લોકો પોતાનાં અજ્ઞાનને જ્ઞાન તરીકે માનનાર ઘમંડી હતા, જ્યારે સોક્રેટિસ પોતાનાં અજ્ઞાનને બરોબર જાણતો હતો. અને એટલા પૂરતું સોક્રેટિસે માની લીધું કે ડેલ્ફીના ઓરેકલે આ અર્થમાં તેને જ્ઞાની કહ્યો હતો. ગાંધીજી પણ આવી રીતે પોતાને અજ્ઞાની જ લેખે છે. વારંવાર તેઓ લખે છે કે તેઓ એક ગુરુની શોધમાં છે. સોક્રેટિસ કદિ કોઇ પણ વિચાર પોતાનો છે એવો દાવો કરતો નહિ. તેની માતા દાયણનું કામ કરતી અને તે પરથી તે વારંવાર કહેતો કે દાયણનું કામ બાળકને સહીસલામત જન્માવવાનું હોય છે તેમ મારું કાર્ય જે સત્ય છે તે બતાવી આપવાનું છે. મારા પોતાનામા સત્ય પ્રગટાવવાની શક્તિ નથી. ગાંધીજી પણ એમ જ કહે છે. કોઇ પણ વખત 'આ વિચાર મારો છે' એવો તેમણે દાવો નથી કર્યો. સોક્રેટિસ પોતાના સમયના એકેએક મહાપુરુષના નિકટ પરિચયમાં આવેલો, ગાંધીજી પણ પોતાના યુગના મોટા પુરુષોના નિકટ પરિચયમાં છે. આમ બન્નેનાં જીવનમાં અજબ સામ્ય છે. બન્ને ઇરાદાપૂર્વક ગરીબાઇને વરેલા. બન્ને નર્મ અને વિનોદમાં પૂરેપૂરા કુશળ, અને બન્નેનું એક જ ધ્યેય: સત્યની ઉપાસના.

અસત્યની સામે લડતા લડતાં સૉક્રેટિસ ફના થઈ ગયો. આજથી તેવીસો વર્ષ ઉપર તેણે જગત સમક્ષ પાપ સામે સત્યાગ્રહ આદરવાનો ઉપદેશ મૂકેલો. તેના આ ઉપદેશથી એથેન્સનું પ્રજાસત્તાક ખળભળી ઊઠ્યું. તેની ઉપર દ્રોહ કરવાનો અને માબાપો વિરુદ્ધ યુવકોને ઉશ્કેરી તેમને બહેકાવવાનો આરોપ મૂકાયો. ગાંધીજી પણ એવી જ સ્થિતિમાં મૂકાએલા છે. સોક્રટિસ કરતાં તેમની લડત વધુ મુશ્કેલ છે. સૉક્રેટિસના સમયમાં રાજકર્તા અને પ્રજા અભિન્ન હતા, એટલે તેને ફક્ત એક જ પાપ સામે ઝઝૂમવાનું હતું. ગાંધીજીને બે સામે લડવાનું છે: એક બાજુ પરદેશી અમાનુષી તંત્ર, બીજી બાજુ સમાજના અસહ્ય સડા. એમની નોકરશાહીની ગુમ્બેશ પૂરતો લોકોનો તેમને ટેકો છે; પરંતુ તેમના આદર્શો ભાગ્યે જ કોઈ સમજી શક્યું છે—અને તેથી હિન્દનાં આજનાં રાજકારણમાં વૃક્ષશૂન્ય કોઇ વેરાન મેદાનમા ચારે બાજુએ ઊછળી રહેલી પ્રચંડ આંધીમાં કોઇ એકલવાયું અસહાય વૃક્ષ ઊભું રહ્યું હોય તેવી આજ તેમની સ્થિતિ છે. અને એ તેમનું ઓછું દુર્ભાગ્ય નથી. બીજી બાજુ લોકોનાં પાપ સામેનો એમનો વિગ્રહ તો સતત ચાલુ જ છે. એટલે સૉક્રેટિસની જે દશા થએલી તે આજે જો તેમની થાય તો આશ્ચર્ય નહિ. કારણ કે લોકો એમની ફિલસુફી સમજી શકતા નથી. એટલે તેઓ તેમનાં રાજકીય કાર્યનો પણ ધીરેધીરે

વિરોધ કરતા થયા છે, અને એ વિરોધ કદાચ થોડા વખતમાં એવી સ્થિતિએ પણ પહોંચે જ્યારે દેશનો અધીર ઉછાંછળો જુવાન વર્ગ એમની ઉપર પથ્થરો ફેંકે. અને દેશના સ્થિતિ શીલ બળો તો ક્યારનાં એમની સામે રોષે ભરાઈ જ રહેલા છે, એટલે તે જે તેમની ઉપર પ્રહાર કરવાની એક નાની સરખી તક મળે તો તેને જવા દે એમ નથી. એથેન્સની રૂઢિચુસ્ત જનતાએ સોક્રેટિસ ઉપર જે આરોપો મૂકેલા તે જ આજ દેશનો રૂઢિચુસ્ત વર્ગ ગાંધીજી ઉપર મૂકી રહ્યો છે. સનાતનીઓ માને છે કે ગાંધીજીએ અસ્પૃશ્યતા નિવારણની વાત કરી ધર્મદ્રોહ કર્યો છે; માબાપો માને છે કે તેમના છોકરા છોકરીને ગાંધીજીએ બહેકાવી મૂક્યા છે. આ બધા લોકો એથેન્સના પેલા રૂઢિગ્રસ્ત લોકોની જેમ જ જો ગાંધીજીને ઝેરનો પ્યાલો પીવાની ફરજ પાડે તો આશ્ચર્ય નહિ. આમ રાજ્ય અને સમાજ સામેની લડતમાં પણ આ બન્ને સત્યાગ્રહી વીરો વચ્ચે ભારે સામ્ય છે. ફેર માત્ર એક જ વસ્તુમાં છે અને તે એ કે સોક્રેટિસે વ્યક્તિગત સત્યાગ્રહની શોધ કરેલી, જ્યારે ગાંધીજી એથી એક ડગલું આગળ જઈ જગત સમક્ષ સામુદાયિક સત્યાગ્રહનો આદર્શ મૂકી રહ્યા છે.

રાજ્ય અને કાયદા તરફના વલણમાં પણ બન્ને વચ્ચે પૂરેપૂરું સામ્ય છે. બન્ને નાગરિક ધર્મમાં પૂરેપૂરી રીતે માનનાર, એથી બન્ને કાયદાને માન આપનાર; પણ જ્યાં કાયદો ખોટો છે એવું તેમને લાગે ત્યારે તેની સામે સત્યાગ્રહ આચરનાર; અને એ સત્યાગ્રહને પરિણામે જે સજા વેઠવી પડે તે સજા હસતે મુખે સ્વીકારવા આગ્રહી. બન્ને કાયદાનો સવિનય ભંગ કરનાર, પણ સજાનો અનાદર કરનાર નહિ. જ્યારે સોક્રેટિસને દેહાન્તદણ્ડની સજા ફરમાવવામાં આવી ત્યારે એ સજાનો અમલ થવાને એક મહિનો બાકી હતો, તેથી તેના કેટલાક શિષ્યોએ તેને માટે નાસી જવાની સુન્દર વ્યવસ્થા કરી. પણ સત્યાગ્રહી વીર સોક્રેટિસે એ યોજનાને હસી કાઢી જણાવ્યું કે રાજ્યના દુષ્ટ કાયદાનો સવિનય ભંગ કરાય, પણ સજાનો અનાદર ન થઈ શકે. ગાંધીજીની પણ એ જ ફિલસુફી છે. તા૦ ૧૦–૧૧–૨૧ નાં નવજીવનમાં તેઓ લખે છે:—

"એક લખનાર પૂછે છે કે 'કાયદાનો સવિનય ભંગ કરવાની સલાહ આપો છો તો સાથે કાયદાના ભંગની સજાનો અનાદર કરવાનું પણ કેમ નથી કહેતા?'

"જ્યારે સજાનો અનાદર થાય ત્યારે તો અધાધુંધી જ થાય, કેમકે તેમાં વિનય ન રહ્યો. વિનય સૂચવે છે કે સજાનો અનાદર ન હોય, હુકમનો જ હોય. વળી સજાનો અનાદર અસંભવિત છે. સવિનય ભંગની ઉત્પત્તિ આત્મબળમાં રહેલી છે. જુલમગાર પોતાના શરીરબળ ઉપર મુસ્ત રહી જગતને તાબે કરવા મથે છે. આત્મબળી પોતાનું શરીર જુલમગારને સોંપી દઈ આત્માને સ્વતંત્ર બનાવે છે, કેમકે જુલમગાર આત્માનો સ્પર્શ સરખો પણ નથી કરી શકતો. પ્રહ્લાદે સવિનય ભંગ કર્યો પણ પર્વત ઉપરથી પડતાં આંચકો ન ખાધો. અંગારાથી રક્ત થએલા સ્તંભની મિત્રની જેમ ભેટ કરી. સુધન્વા ઉકળતા તેલના પેણામાં હસ્તે મુખે પડ્યો. સુસફ પેગમ્બરે પાપી હુકમોનો અનાદર કરવાને બદલે જેલ પસંદ કરી. સવિનય ભંગી દંડ ન ભરે કેમકે તે તો તેનું કાર્ય છે. જેલમાં જવું તેનું કાર્ય નથી. જાલિમ તેને જેલમાં નાખે છે."

સોક્રેટિસ અને ગાંધીજી બન્નેએ આ ફિલસુફી પોતાના જીવનમાં ઉતારી હતી. સોક્રેટિસને થએલી દેહાંતદણ્ડની સજા અને ગાંધીજીને થએલી છ વર્ષની સજામાં આ સત્ય ખરોખર સમજી શકાય એમ છે. દેહાંતદણ્ડની સજા સાંભળ્યા પછી સોક્રેટિસે એક શબ્દ પણ તે વખતની સરકાર સામે ઉચ્ચાર્યો નહિ, નાસી જવાની સંપૂર્ણ તક હોવા છતાં તે

નાસી પણ ન ગયો. એક મહિનાનો તેને જે સમય મળ્યો તે મિત્રો સાથે તત્ત્વચર્ચામાં ગાળ્યો, અને જ્યારે મરણની ઘડી નિકટ આવી ત્યારે બધી સ્ત્રીઓને તેણે પોતાની પાસેથી ચાલી જવા કહ્યું, અને એના મિત્રો જ્યારે રડવા લાગ્યા ત્યારે તેમને તેણે મીઠો ઠપકો આપ્યો. એને ઝેર આપનાર પુરુષ પણ ગળગળો થઈ ગયો. તેણે સૉક્રેટિસને જણાવ્યું: "તમે જાણો છો કે હું નિરુપાય છું. આ ઝેર આપવાનું મને રુચતું નથી, રાજ્યના નોકર તરીકે હું આ કામ કરું છું. તમે અહીં આવેલા બધાથી જુદા જ છો. તમારા જેટલા ઉદાર, મહાનુભાવી પુરુષ કદી આ જેલમાં આવ્યા જ નથી. અને દુ:ખ સાથે જ હું તમને ઝેર આપવાનું કામ કરું છું," આટલું બોલીને તે રડતો રડતો ત્યાંથી ચાલ્યો ગયો. આવો જ પ્રસંગ ગાંધીજીના પેલા ઐતિહાસિક મુકદ્દમાને સમયે બનેલો. કોર્ટ સમક્ષ પોતાના ગુનાનો એકરાર કરી તેમણે ભારેમાં ભારે સજાની માગણી કરેલી. એ સજા ફરમાવતાં ન્યાયાધીશ બ્રૂમફિલ્ડની સૉક્રેટિસને ઝેર આપનાર પેલા પુરુષ જેવી જ દયામણી દશા થઈ હતી. બ્રૂમફિલ્ડે સ્પષ્ટ શબ્દોમાં ગાંધીજીની મહાનુભાવતા સ્વીકારી હતી. તેમણે તેના ચુકાદામાં જણાવ્યું હતું: "તમારા દેશના લાખો અને કરોડો લોકોની દૃષ્ટિમાં તમે એક ભારે દેશભક્ત છો. તમારા જેવી કોઇ વિભૂતિનો મુકદ્દમો ચલાવવાનું માન મને ભૂતકાળમાં નથી મળ્યું, ભવિષ્યમાં પણ ભાગ્યે જ મળે. તમને સજા કરવામાં મને આનંદ નથી. તક મળતાં તમને છોડી મૂકવામા સૌથી પહેલો રાજી થનાર હું હઇશ; પણ આજ નિરુપાય છું. ગમે તેટલી મહાન એક વિભુતિ હોય, પણ કાયદો તેની મહત્તાને નથી જોઈ શકતો—અને તેથી મારે તમને સજા ફરમાવવી પડે છે"—આવા આશયના બ્રૂમફિલ્ડના શબ્દોમા પેલા ઝેર આપનારના જ શબ્દોનો પ્રતિધ્વનિ નથી? અને એ સજા સાંભળતાં કચેરીમાં હાજર રહેલ લોકો જ્યારે રડવા લાગ્યા ત્યારે સૉક્રેટિસની જેમ તેમણે તેમને કેવો મીઠો ઠપકો આપ્યો હતો!

વળી મૃત્યુ પ્રત્યેનાં બન્નેનાં વલણ વચ્ચે પણ ભારે સામ્ય છે. મૃત્યુને સૉક્રેટિસ જીવનની પૂર્ણતા લેખતો. જ્યા સુધી આત્મા શરીરધારી છે ત્યાં સુધી સંપૂર્ણ સત્ય તે ન જ પામી શકે એવી તેની માન્યતા હતી. ગાંધીજીની પણ આ જ માન્યતા છે. તેઓ પણ વારંવાર કહે છે કે આત્મા જ્યા સુધી દેહસ્થ છે ત્યાં સુધી સંપૂર્ણ અહિંસા અને સત્યનું પાલન ન જ થઇ શકે. સૉક્રેટિસે પોતાની આ માન્યતાનો અચૂક પુરાવો પોતાના જીવન દ્વારા આપ્યો. એક મહિનો તેણે જે ગભીરતાપૂર્વક તત્ત્વચર્ચા કરી, જે માનસિક પ્રફુલ્લતા દર્શાવી તે ખરેખર અદ્દભુત છે. છેક છેવટની ઘડીએ પણ તેને મૃત્યુના વિચાર તો આવતા જ ન હતા. જાણે એકાએક તેને કંઇ યાદ આવતું હોય તેમ તેણે તેના એક શિષ્યને કહ્યું: "મારે —ને એક મરઘો આપવાનો છે, તમે આપી દેશો?" મૃત્યુ પ્રત્યે કેવી અદ્દભુત બેપરવા! અને જ્યારે તેના શિષ્યો રડવા લાગ્યા ત્યારે તેણે તેમને કેવો અપૂર્વ બોધ આપ્યો! તેણે કહ્યું: "તમે રહો છો, હું જાઉં છું; પણ કોણ [કહી શકે કોણ વધુ સુખી છે.]" અને પછી મૃત્યુ વિશેની પોતાની ફિલસુફી તેણે તેમને સમજાવતાં જણાવ્યું કે દેહસ્થ આત્મા સંપૂર્ણ સત્યનો સાક્ષાત્કાર ન કરી શકે. મૃત્યુમાં જ તે જીવનની પૂર્ણતા અનુભવી શકે. અને આ બોધ આપ્યા પછી તેના એક પ્રિય શિષ્યના વાળમાં આંગળીઓ પરોવી તેના પ્રતિ વહાલ દર્શાવતાં તેણે પૂછ્યું: "ને તું આ વાળ કાલે કપાવી નાખવાનો ખરું?"

(આપણે ત્યાં જેમ સુતક પાળવાનો રિવાજ છે એવો ત્યાં રિવાજ હતો.) પેલા શિષ્યે સોક્રેટિસનાં મરણના વિચારથી દુઃખી દયામણે ચહેરે કહ્યુંઃ "હા." એટલે સોક્રેટિસ હસી પડ્યો અને મમતાપૂર્વક બોલ્યોઃ "ભાઇલા, ત્યારે આ બધું શું મેં નાહક કહ્યું ? હું તો પૂર્ણ જીવનની સિદ્ધિ અર્થે જાઉં છું ત્યારે શોક કેવો કરવાનો હોય !" આ પાછળ રહેલો ઊંડો માનવભાવ અને મૃત્યુની ભવ્યતાની પ્રતીતિ કયા શબ્દોમા વર્ણવી જાય ! ગાધીજીની પણ જીવનની ફિલસુફી આ જ પ્રકારની છે, અને તેના તેમણે અનેક પુરાવા આપેલા છે–અને હજુ ભવિષ્યમા પોતાની ફિલસુફી કેવી ભવ્ય રીતે તેઓ આચાર દ્વારા જગત સમક્ષ મૂકશે તેની ભવિષ્યવાણી તો આજે કોણ કરી શકે ?

આ ઉપરાંત જીવનનાં ઘણાંખરાં ક્ષેત્રોમાં આ બન્ને મહાન વિભૂતિઓ વચ્ચે અદ્‌ભુત સામ્ય છે. તેમના કલા વિશેના વિચાર પણ લગભગ સરખા છે. કલા સત્યથી વિમુખ ન હોવી જોઈએ એ સોક્રેટિસની માન્યતા હતી, ગાધીજીની પણ એ જ માન્યતા છે, અને તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે કલા કલ્યાણકારી હોવી જોઈએ. એટલે આ બન્ને પુરુષોને મન કલા જીવનના કોઇ ઉચ્ચ ધ્યેયને માટે હોવી જોઇએ. તેમા सत्यं शिव सुन्दरं હોવી જોઇએ. એવી જ રીતે બન્ને આત્માના અવાજ ઉપર પૂરેપૂરો આધાર રાખતા હતા. સોક્રેટિસ બુદ્ધિનો પરમ ઉપાસક હોવા છતાં એ દૈવી અવાજમા માનતો. ગાધીજી પણ આત્માના અવાજને અનુસરે છે. ટૂંકમાં, યુગોનાં અન્તર હોવા છતાં આ બે પુરુષો વચ્ચેનું અદ્‌ભુત સામ્ય બતાવે છે કે મહાનુભાવતા કાલાતિત હોય છે, તેને સ્થળકાળનાં બન્ધનો નથી હોઇ શકતાં–અને એ જ પયગમ્બરોની વિશિષ્ટતા છે.*

ઝીણાભાઈ રતનજી દેસાઈ

* આ લેખની સામગ્રી માટે હું મારા મિત્ર ભાઈ ફીરુભાઈનો ઋણી છું.

મહાત્માની મોટાઈ

આપની પરવાનગીથી મહાત્મા ગાંધીજી વિષે થોડીક વાતો કહીશ. તેમાંથી સૌથી સુંદર તો હું તેમને મળ્યો તે પહેલાં બનેલી છે. તે આ પ્રમાણે છે:

એક દિવસ મહાત્મા ગાંધીજી હૉલમાંથી બહાર નીકળતા હતા ત્યારે ત્રણ માણસોએ તેમના ઉપર હુમલો કરી તેમનું ખુન કરવાનો પ્રયત્ન કર્યો અને તેમના ઉપર ઘણા ઘા કર્યા. ગાંધીજીના સૌથી વહાલા મિત્રોમાંના એક રેવ. મી. ડૉકને પ્રભુ તરફથી અચાનક પ્રેરણા થઈ. તેમને જણાયું કે ગાંધીજી મુશ્કેલીમા છે, અને તેઓ એકદમ તે સ્થળે આવી પહોંચ્યા. ત્યાં તેમને જણાયું કે ગાંધીજી લગભગ મરણ કિનારે છે. તે એકદમ નીચે બેસી ગયા અને ગાંધીજીનું મસ્તક પોતાના ખોળામા લીધું. ગાંધીજીએ આંખો ઉઘાડી અને સૌથી પ્રથમ જે શબ્દો બોલ્યા તે નીચે પ્રમાણે હતા. " તેમને શિક્ષા કરતા નહિ. તેઓને તેમના કાર્યનું ભાન ન હતું." મી. ડૉક તેમને પોતાને ઘેર લઇ ગયા અને મિસિસ ડૉકે તેમની સારવાર કરી સાજા કર્યા. જ્યારે હું ગાંધીજી સાથે દક્ષિણ આફ્રિકામાં હતો ત્યારે અમે અચાનક જે શહેરમા ઉપલો બનાવ બન્યો હતો ત્યાં આવ્યા, અને ગાંધીજીએ કહ્યું: " ચાલો આપણે યાત્રાએ જઈ આવીએ." મેં હસતાં પૂછ્યું: " તમારે વળી ક્યાં યાત્રાએ જવું છે?" તેમણે કહ્યું: " થોભ અને જો " અને અમે મિસિસ ડૉકના ઘર પાસે જઇને અટક્યા. જ્યારે અમે નજીક પહોંચ્યા ત્યારે ગાંધીજીએ મને ધીમા ભક્તિભીના વચને કહ્યું: " આ જ સ્થળે મને મારી સારવાર એક માતાની માફક કરી સાજો કરેલ છે, તેથી હું આ સ્થળને તીર્થભૂમિ ગણું છું." હું અંદર ગયો, મિસિસ ડૉકના પતિ ગુજરી ગયા હતા અને તેઓ વિધવા હતાં. તેમના પતિ દક્ષિણ આફ્રિકામાં ધર્મપ્રચારનું કાર્ય કરતાં તાવથી ગુજરી ગયેલ હતા. જ્યારે તેમણે ગાંધીજીને જોયા ત્યારે તેમણે પોતાના હાથોથી પોતાનું મુખ ઢાંકી દીધું અને તેમની આંખમા આંસુ આવી ગયાં. તેમણે ગાંધીજીને પૂછ્યું: " તમે મને મળવા આવ્યા છો?" અને તેમણે કહ્યું: " હા." ત્યારબાદ મિસિસ ડૉકે જ્યારે ગાંધીજી બેભાન હતા ત્યારે " તેમને શિક્ષા કરતા નહિ " એ જ માત્ર તેમનું એક રટણ હતું વગેરે હકીકત મને જણાવી.

* * *

મારો ગાંધીજી સાથે પ્રથમ મેળાપ નીચે પ્રમાણે થયો હતો. તે વખતે તેઓ સત્યાગ્રહની મહાન લડાઇની અંદર રોકાયેલા હતા, અને તેમને ૭ માસની જેલ મળી હતી. તેમની ગેરહાજરીમાં સત્યાગ્રહની લડાઇમાં કમનસીબ હિંદીઓની સરદારી લેવા કોઈ નહોતું. મી. ગોખલેએ મને માન્ચેસ્ટરવાળા મી. પીઅરસન સાથે ગાંધીજીની મદદે જવાનું કહ્યું. અમે ધાર્યું કે ગાંધીજી હજુ જેલમાં છે, પણ અમે ડરબન ઊતર્યા ત્યારે કોઇએ અમને જણાવ્યું

ગાંધીજી અને કલા

આ વિષય સંબંધે મારે કંઈક લખવું એમ સૂચના થઈ, ત્યારે મને કંઈ સૂઝતું નહોતું. પરંતુ પ્રસ્થાન છપાતાં દરમિયાન વાંચવામાં આવેલાં પ્રૂફોથી મને કંઇ પ્રેરણા મળી અને ઉલ્લ્સે ઉલ્લ્સે પણ કંઈ લખી શકાશે તેમ થયું અને લખવા બેઠો. મને આ સબંધી વિચારો તો ઘણીવાર થએલા પણ પ્રસ્થાન જોગું લખાશે કે કેમ તે વિષે શંકા રહેતી. અને અત્યારે પણ એ શંકા સહિત લખું છું.

ગાંધીજી જેવી મહાન વ્યક્તિ વિષે કંઇ કહેવું એ ઘણું જોખમ ભરેલું છે અને તેમાં પણ તેમની જયંતીને દિવસે તેમની હયાતિમાં કાંઇ પણ નિશ્ચયાત્મક કહેવું એ તો ઘણું જ સાહસ કહેવાય. છતાં આ પ્રસંગે એમને વિષે વિચાર થવા એ એક પુણ્ય સ્મરણ થવા જેવું હોઇ કાંઈક લખું છું.

ગાંધીજીએ દેશમાં જે એક નવો પ્રાણ મૂકયો તે પ્રાણમાંથી દેશમાં અનેક તરફ-જે જાગૃતિ થઈ તેમાં કલાવિષયક જાગૃતિ પણ કંઇ થોડી ન કહેવાય—જો કે ગાંધીજીએ પોતે તેમાં કશું જ પ્રત્યક્ષ કર્યું ન કહેવાય. જેમ ગાંધીજીએ ધર્મશાસ્ત્રના ઊંડા અને ખાસ અભ્યાસ વગર, ભાષાના ઊંડા અભ્યાસ વગર એ બન્ને ક્ષેત્રમાં સારો ફાળો આપ્યો અને ગુજરાતની સમગ્ર ભાષાએ જે એક નવું સ્વરૂપ લીધું તેમાં એમનો સીધો હાથ છે તેમ બીજી કલા તરફ એમણે સીધું કામ કર્યું દેખાય નહિ. તેમના ચારિત્ર પર રસ્કીન અને ટૉલ્સ્ટૉય જેવા બે પ્રખર સંત કલાકારોની અસર થઇ છે તેમ તેઓએ પણ જાહેર કર્યું છે, પરંતુ આ કલાકારોથી કલા ઉપર તેઓની અભિરુચિ થઇ હોય અને તે સંબંધે તેઓએ ખાસ કાર્ય કર્યું હોય તેવું ક્યાંઇ જોવાતું નથી—હા—તેઓએ સંગીતની અભિરુચી કેળવી અને લોકોને તે તરફ આકર્ષ્યા. એની શરૂઆત આશ્રમમાં ખરે સાહેબના આગમનથી થઈ કહેવાય. ત્યારથી ગૂજરાત સંગીતકલાનું રસપાન કેવું કરતું આવ્યું છે તે સર્વત્ર જાણીતું છે. છતાં પણ કહી શકાશે કે આટલાં વરસોથી આશ્રમમાં ખરે સાહેબ રહે છે છતાં ગાંધીજીને ગાતાં આવડયું હોય તેમ જાણ્યું નથી. જો કે કોઇ આશ્રમવાસી પર ગાયનકલાની અસર પડી હશે ગાંધીજી પોતે સંગીતમાં રસ લે છે, અને તેમને દેશના ઉત્થાનમાં સંગીત કયું સ્થાન ભોગવે છે તેની બરાબર ચોક્કસ ખબર છે. આ વિષય બાબત તેમણે બહુ ચર્ચા પણ કરી નથી. ફક્ત ચારેક વરસ પહેલાં દિલીપકુમાર રૉય સાથે કંઇક સંગીત બાબત ચર્ચા થઇ હતી, અને તે 'નવજીવન'મા પ્રગટ થઇ હતી—એ સિવાય સીધી રીતે સંગીતમાં પ્રત્યક્ષ એમણે કંઈ ચર્ચા કરી હોય તેવું જાણવામાં નથી.

આ સિવાય બીજી કલા વિષે તો તેમણે કોઈ દહાડો કશું જ કહ્યું હોય તેવું જાણમાં નથી. એમનાં આશ્રમનાં મકાનોમાં એમણે કલા લાવવાનો પ્રયાસ કર્યો હોય તેમ એ

મકાનો જોતાં લાગતું નથી. એમણે ઉઠાવેલું વિદ્યાપીઠનું મકાન અનેક વાર ચર્ચાઈ ચૂક્યું છે. આશ્રમના અને હવે તો વિદ્યાપીઠના પ્રાણરૂપ કાકા સાહેબ જે ખાસ કલાભિજ્ઞ ગણાય છે, તેઓ તરફથી પણ કોઈ કલાકૃતિ ઘડાઈ હોય તેમ જોવામાં આવતું નથી. ગાંધીજીની આત્મકથામાં ક્યાંઈ કલાવિષયક ચર્ચા જોવામાં નથી આવતી. એમણે ક્યાંઈ કોઈ ચિત્ર જોયું હોય કે ક્યાંઇ સ્થાપત્ય જોયું હોય અથવા તો તેને અર્થે તેમણે ક્યાંઇ મુસાફરી કરી હોય તેનાં વર્ણનો નથી. માત્ર ફ્રાન્સમા ભરાએલા પ્રદર્શન વિષે ઉલ્લેખ છે. (જુઓ પ્રથમ ખંડ, પૃષ્ઠ ૧૨૫) તેમાં ત્યાનાં દેવળોની ભવ્યતાની એમના પર સારી અસર પડી છે તેમ કહ્યું છે, અને પ્રદર્શનની વિશાળતા અને વિવિધતા યાદ રહી છે. એ પ્રદર્શન ઉલ્લા વીમ્બ્લીના પ્રદર્શન પહેલાનું પહેલું જ પ્રદર્શન અને એ પ્રદર્શન ભરનારાઓનો હેતુ ઘણો વિસ્તૃત હતો. એ હેતુને પરિણામે હિન્દુસ્થાનમાં કલાભવનો સ્થપાયા હતા. એવડા મોટા પાયા પર એ પ્રદર્શન ભરાયું હતું પરન્તુ *ગાંધીજી એ જગાએ ટૉલ્સ્ટૉયને મને જ ચાલેલા છે,* એટલે કે એમના પર આ બે મહાન સંતોની સંતો તરીકે અસર પડી તેઓ સંત બન્યા છે, કલાકાર બન્યા નથી. આ હકીકત સાથે આપણે એમની સાથે રવીન્દ્રનાથ ટાગોરને સરખાવી શકીએ. ગાધીજી અને ટાગોર એ અત્યારની દુનિયાની બે મહાન વ્યક્તિઓ. તેમાંની એકને મહાન સંત તરીકે ઓળખી શકીએ અને બીજીને કલાકાર તરીકે ઓળખી શકીશું. બન્ને પોતપોતાને માર્ગે મુક્તિ સાધે છે અને મહાનુભવીઓ થયા છે.

ગાંધીજીના સંબંધમા કદાચ એમ પણ હોય કે કલાના ક્ષેત્રમાં વિહરવાનો એમને સમય ન આવ્યો હોય. અત્યારે એમની આખી મનોવૃત્તિ સ્વરાજ પાછળ જ કામ કરતી હોઇ આ દિશા તરફ એ ન જોતા હોય એવું બનવા પણ સંભવ છે—જેમ તેમણે નાત જાતના પ્રશ્નો છેલ્લાં છેલ્લાં જ છેડવા માડયા છે, ત્યાર પહેલા તેમના એ સંબંધેના વિચારો બહુ સ્પષ્ટ ન હતા. અને પુનર્લગ્ન આતરજાતીય લગ્ન તરફ એ બોલે છે છતા પોતે વર્ણાશ્રમના પક્ષના છે એમ કહે છે, એ એટલું જ અસ્પષ્ટ છે. તેમજ હું એમ માનું છું કે કલાઓ તરફ એમનું હજી ધ્યાન ગયું નથી એટલે સીધી રીત તેઓ એ બાબુ કશુ જ કરતા નથી. છતાં પણ એમની સ્વરાજ તરફની હીલચાલ એટલી હાર્દિક છે, અને તે સંબંધેનું લખાણ એટલું સચોટ છે, એમના આદેશ એટલા વ્યાપક છે કે કલાકારોને તેમાંથી ખરેખરી પ્રેરણા મળી હિન્દુસ્તાન સાચી કલાનાં દર્શન કરશે. જેમ અસહકારના યુગમા કેટલાં ય અદૃશ્ય રત્નો બહાર આવી જુદા જુદા ક્ષેત્રમાં જ્વલંત બની રહ્યાં છે તેમજ, કલાના ક્ષેત્રમા પણ બનશે. અને તેવી આશા સાથે ઇશ્વરને પ્રાર્થું છું કે દુનિયાની આ મહાન વ્યક્તિ ઘણું લાબું આયુષ્ય અને તન્દુરસ્તી ભોગવે.

ગજાનન વિ. પાઠક

महामनाः स्यात् ।

ચંપારણના દિવસોમાં ત્યાંની સરકાર ગાંધીજીને હાંકી કાઢી ન શકી, અને નીલવરોના રાજ્યની તપાસ શરૂ થઈ. ગોરા નીલવરો અને સરકારી અમલદારો ગાંધીજીને અનેકવાર કહે, 'તમે તો બહુ સારા માણસ છો, પણ તમારા સાથીઓને તમે નથી ઓળખતા. એ લોકો બહુ જ ખરાબ છે. અમે એમને નહિ સ્વીકારીએ. તમે એમને છોડી દો અને જૂઓ અમારો તમારી સાથે કશો વિરોધ નથી.'

ગાંધીજીનો હમેશનો એક જ જવાબ: "મારા સાથીઓને હું ઓળખું છું. તેમનામાં જે નાનામાં નાના હશે તેના કરતા હું જરાય મોટો કે સારો નથી. એમની સાથે કામ કરવાની મને તક મળે છે એમા હું ભૂષણ સમજું છું." આપણા કૃપાલાનીજી વિષે પણ સરકારી અમલદારોએ એવી જ ફરિયાદ કરી હતી અને ગાંધીજીએ એવો જવાબ આપ્યો હતો.

મને લાગે છે ગાંધીજીના સામાજિક જીવનનું મહત્ત્વ એમની આ ઉદારતાઓને આભારી છે. એમની ધર્મદષ્ટિ લોકોના દોષો જોવાની બનતાં સુધી ના જ પાડે છે, અને જ્યારે જૂએ ત્યારે માણસના દોષો એ જ એના જીવનનું પ્રધાન કે સ્થાયી અંગ છે એમ માનવાની પણ ના પાડે છે. અને તેથી જ હૃદયની વિશાળતાથી તે બધાનો સ્વીકાર કરે છે અને દરેકને બનતી મદદ કરે છે. એમને કશા ઐહિક લાભ કે પ્રતિષ્ઠાની પડેલી નહિ હોવાથી તેઓ કોઈના કામમા માથું મારતા નથી. માગે તેને મદદ આપી છૂટે છે અને અલિપ્ત જ રહે છે. અને પોતાના કામમાં પોતાની શરતે ગમે તેનો સહકાર સ્વીકારવા તત્પર રહે છે. અને પરિણામ ઈશ્વરના હાથમાં સુરક્ષિત છે એવી શ્રદ્ધાથી હમેશ ચાલે છે.

અને પરિણામ એટલે શું? દુન્યવી લાભહાનિ બે દિવસનાં છે. સમાજનું હૃદય કંઈક ઉન્નત થાય, રાષ્ટ્રીય જીવન તેજસ્વી થાય, સત્યનું વધારે સ્પષ્ટ દર્શન થાય અને શુદ્ધ હૃદયનો વિજય થાય એટલું જ માણસ ઇચ્છી શકે. એ પરિણામમાં પણ ગાંધીજી કોઈ કાળે હાર્યા નથી. બીજા પરિણામની એમને જરાય પડી નથી.

હૃદયની વિશાળતા, દેશવાસીઓ સાથેની આત્મીયતા અને ઈશ્વરી સંકેત ઉપરની અટળ નિષ્ઠા: આ ત્રણ ગુણો લોકોત્તર કોટીએ પહોંચવાથી તેમણે દુનિયા ઉપર આટલી છાપ પાડી છે.

જ્યારે જ્યારે વિષમ પરિસ્થિતિમા મૂંઝવણનો ઉકેલ એમને જડ્યો છે ત્યારે ત્યારે તેમણે એ બુદ્ધિ પાસેથી નહિ પણ હૃદય પાસેથી મેળવ્યો છે. શુદ્ધ હૃદય બુદ્ધિવિહીન નથી હોતું. શુદ્ધ હૃદય જ સત્યનો માર્ગ બતાવી શકે છે.

એમનો રાષ્ટ્રને ઉપદેશ શો છે એ તપાસવો હોય તો તે પ્રાચીન ઋષિના વચનમાં આપણને જડે એમ છે: **महामनाः स्यात् ।** *

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

* હસ્તલિખિત 'સાબરમતી' માંથી.

વિચાર ચંક્રમણ

મહાન પુરુષોના માનસનું આપણે નિરીક્ષણ કરીએ છીએ તે ટીકાની કે ખોડ કાઢવાની દૃષ્ટિથી નહિ પણ તેમના ખરા માનસના ચિંતન કે ધ્યાન માટે. માનવ જાતિમા ઉન્નત ભાવનાઓ પ્રગટ થવાની એક પ્રબલ રીત એ છે કે એવી ભાવનાઓ જેમનામાં મૂર્તિમન્ત થતી હોય તેવા પુરુષોના સંસર્ગમાં આવવું. અનેક પુસ્તકવાચન કે મનન જે નથી કરી શકતું તે મહાન પુરુષોનો નિકટ પરિચય કરી શકે છે. આપણામાં સત્સંગનું માહાત્મ્ય ગાયું છે તે યથાર્થ છે. પુરુષના અનેક પ્રયત્નથી જે ભાવના નથી સિદ્ધ થતી તે મહાન પુરુષના માત્ર પ્રસંગથી એકાએક ઊગી નીકળે છેઃ-ઘર્ષણથી અગ્નિ ઉત્પન્ન કરતાં ઘણો શ્રમ કરવો પડે છે પણ જ્યોતથી જ્યોત પ્રગટે છે તેમ. તેમના કામોના ચિંતન દ્વારા આપણામાં તેમની ભાવના સિદ્ધ થાય છે. બાળક જેમ એકડો ઘૂંટીને તેનો આકાર સિદ્ધ કરે છે તેમ આપણે કાર્યના ચિંતનથી અંતરગત ભાવ સિદ્ધ કરીએ છીએ.

પૂજ્ય ગાંધીજી એક એવી વ્યક્તિ છે જે હજારો વર્ષે એકવાર ઈતિહાસમાં દેખા દે છે. એમના સમકાલીન હોવું એ જીવનની ધન્યતા છે.

ગાંધીજીના સંસર્ગથી આપણા સમાજમાનસમાં જે ફેરફાર થયો તે ટૂંકામાં ટૂંકી રીતે કહેવો હોય તો એમ કહીએ કે તેમણે સમાજમાં નિડરતા અને સ્વમાન પ્રેર્યાં. નિર્ભયતા એ સર્વ ગુણોનો પાયો છે. એરિસ્ટોટલ બહાદુરીને સર્વ ગુણોમાં પ્રથમ ગણાવે છે. ભગવદ્ ગીતામાં સાત્ત્વિક ગુણોની ગણનામાં અભયને પહેલો ગણાવેલો છે. ભય સ્વમાનનને દબાવનારી ખૂરામાં ખૂરી ચીજ છે. સ્વમાન જ સર્વ સદ્‌ગુણોને પ્રેરનાર મુખ્ય બળ છે. જેમ કિંમતી હીરા ઉપર જ કારીગીરી કરવાની ઇચ્છા થાય છે, તેમ જેને પોતાના આત્મા માંટે માન છે તે જ તેને ઉન્નત કરવા પ્રયત્ન કરે છે.

મિ. સી. એફ. એન્ડ્રુઝ એક વાર આ સંબંધી વાત કરતાં કહેતા હતા કે અમુક પ્રસંગે પંજાબમાં સરકારે પ્રજાના કેટલાક માણસો પર કેસો ચલાવ્યા ત્યારે કલકત્તાના સારા બારિસ્ટરો તેમનો બચાવ કરવા ગયા પણ સરકારે પંજાબમા દાખલ થવાની ના ફરમાવતાં તેઓ અટકી પડયા. અને નિરાશ થઈ પાછા ચાલ્યા ગયા. અત્યારે હિંદના અનેક માણસો, એક કે બીજી રીતે દેશના શ્રેયને માટે મરવાને તૈયાર છે. "......પણ સરકાર કેદમાં નાખે તો ?" "......સરકાર ફાંસી દે તો ?" એવા પ્રશ્નો આગળ માણસો કાર્યનો વિચાર કરતા થંભી જતા, સ્તબ્ધ થઇ જતા. મહાત્માજીએ જવાબ દીધો "તો શું ? —તો કેદમા જવું.......ફાંસીએ લટકવું." જાણે આ જવાબ આજ સુધી કોઈને નહોતો આવડતો. મહાત્માજીએ તે આપતા શીખવ્યો. આજ સુધી સૌને આવો સહેલો જવાબ કેમ નહોતો આવડતો અને મહાત્માજીએ શીખવ્યાથી એકદમ કેમ આવડયો એ ખરેખર માનવસ્વભાવનો એક અદ્‌ભુત કોયડો છે.

બહાદુરીના સદ્‌ગુણનો અર્થ તો તેમણે પોતાના જીવનથી નવો જ કરી બતાવ્યો એમ

કહી શકાય. સાધારણ રીતે 'બહાદુરી એટલે બીજાઓને મારીને, તેમને ડરાવીને પોતાનું કાર્ય કરવાનો ઉત્સાહ' એમ મનાતું હતું. ગાંધીજીએ સમજાવ્યું કે બીજાઓને મારવા કે ડરાવવા એ ખરી બહાદુરી નથી, પણ ભયની સામે થઇ કાર્ય કરવાનો ઉત્સાહ તે ખરી બહાદુરી છે. આજ સુધી સાધારણ રીતે શરીરે નબળા માણસો એમ જ માનતા કે અમે બધું થઈ શકીએ, બહાદુર ન થઈ શકીએ, બહાદુર થવું એટલે શરીરને મજબૂત બનાવવું.મહાત્માજીએ, નબળામાં નબળો માણસ પણ કેવી રીતે બહાદુર થઇ શકે તે બતાવ્યું.બહાદુરીનું વાસ્તવિક લક્ષણ પણ એ જ છે. જે માણસને મૃત્યુ નથી, જેને શરીરે ઇજા થઇ શકતી નથી, અને જેને કશું નુકસાન થઇ શકતું નથી, તેની બહાદુરીનો કશો અર્થ નથી. બહાદુરીનો ગુણ અમરોને અસાધ્ય છે, માત્ર માનવને જ સાધ્ય છે. મૃત્યુ સામે અર્થાત્ મોટામાં મોટા ભયના કારણ સામે થઇ શકે તે ખરો બહાદુર.

પણ દરેક બાબતમાં મહાત્માજીની લોકો પર થએલી અસર ઉપરથી મહાત્માજી વિશે અનુમાન નહિ કરી શકાય. ઇતિહાસનો એ એક વિચિત્ર કોયડો છે કે માણસ હોય તેથી જુદા જ કે ઉલટા જ પ્રકારની અસર કેટલાક લોક પર પડે. આનો એક બહુ સ્થૂલ દાખલો આપું. અસહકારની અને અસહકારીઓની મશ્કરી કરનારાઓ ઘણી વાર મેલી ટોપી, ઢંગધડા વિનાનાં કપડાં, વધેલી હજામત વગેરેને અસહકારીઓના લક્ષણો ગણે છે. પણ મહાત્માજી જેવી સ્વચ્છતા બહુ ઓછા રાખતા હશે. શ્રીમતી સરોજિની નાયડુએ એક વાર કહેલું કે મહાત્માજી એક યુવતી જેટલી ચીવટ શારીરિક સ્વચ્છતા માટે રાખે છે. તેમના નખ પણ સ્વચ્છ હોય છે. આશ્રમમા છોકરાંના નખ તપાસવાની પ્રથા તેમણે જ પાડેલી છે. તેમને હજામત ચડેલી તો કોઈએ જોઇ જ નહિ હોય. અને છતાં કેટલાક માણસો આથી ઉલટા વર્તનથી અસહકારી થવાતું હોય એવી ચેષ્ટા કરતા જણાય છે. તેમા મહાત્માજીને આપણે કઈ રીતે જવાબદાર ગણી શકીએ ?

આ દાખલો તો ઘણો સ્થૂલ છે. પણ તે વધારે મહત્ત્વની બાબતમાં આપણને નિદર્શક થાય માટે જ આપ્યો છે. ગાંધીજીની નિકટ રહેનારા ઘણા માણસો દરેક બાબતમા જાણે ગાંધીજીનું જ અનુકરણ કરતા હોય એમ ઘણાને લાગે છે. આથી એવો પણ એક મત છે કે ગાધીજીની છાયામાં લોકોનું વ્યક્તિત્વ સ્વતંત્ર ખીલી શકતું નથી. તેથી ઉલટો મત પણ છે કે ગાધીજી વ્યક્તિત્વને કચરતા નથી, પણ કોઈ માણસ પોતાનું વ્યક્તિસ્વાતન્ત્ર્ય દાખવે તો તેને માટે તેમને માન થાય છે. આમાં ખરું એ જણાય છે કે કેટલાક માણસો ગાધીજીને મહાત્મા માને છે, પોતાનું જીવન તેમના પ્રમાણે ઘડાય તેમાં જ પોતાનું ઇષ્ટ અને શ્રેય માને છે અને તે પ્રમાણે ઘડવા બુદ્ધિપૂર્વક અને ભાનપૂર્વક પ્રયત્ન કરે છે. જીવનના ઘડતરને માટે આ પદ્ધતિ સાચી છે કે કેમ તેની ચર્ચા અહીં નહિ થઈ શકે, પણ આ પ્રકૃતિને માટે ગાધીજીને જવાબદાર ગણવા તે યોગ્ય નથી. આવા માણસો પ્રકૃતિથી જ ગાંધીજીનું અનુકરણ કરે છે. એ જ એમનું વ્યક્તિત્વ છે.

પણ આ પ્રમાણે ગાધીજીના અનુકરણથી જીવન ઘડનારા સામે વધારે ગંભીર આક્ષેપો પણ છે. એક તો એ કે તેઓ દંભી છે, બીજો એ કે તેઓ અભિમાની છે. ગાંધીજીના પરિચયમાં રહેનાર કોઇ આવો નથી જ એમ કહેવાનો અહીં આશય નથી,—કારણ કે તેવી પ્રકૃતિઓ આખી દુનિયામાં છે અને તે પ્રકૃતિના માણસો ગાધીજી પાસે હોય તો

૧–૨ દાર્જીલિંગમાં ૩ ગાંધીજી અને રેંટીઓ ૪ પૂજ્ય કસ્તુરબા ૬ ઑપરેશન પછી

તેમાં નવાઈ નથી. (ગાંધીજી માણસોનો સંઘરો કરનારા છે) ખરૂં કહો તો કોઇ પણ પ્રકૃતિ આ દોષોથી કેવળ મુક્ત તો છે જ નહિ.—પણ મારે તો આ ટીકાકારને એટલું જ કહેવાનું છે કે ગાંધીજી પ્રમાણે જીવન ઘડવાના કેવળ સદાગ્રહને પણ આપણે ભુલથી ખોટો સમજી આ પ્રમાણે કદાચ આક્ષેપ કરતા હોઇએ તે વિચારવા જેવું છે. બુદ્ધિપૂર્વક, ભાનપૂર્વક, પ્રયત્નપૂર્વક જીવન ઘડવાનો ક્રમ જ એવો છે કે તેમા ભાન આગ્રહ અને પ્રયત્ન ઉઘાડાં દેખાઇ જતાં તે અભિમાન જેવાં લાગે—તેમા વિકાસના પ્રથમ પગથિયાંમાં અભિમાન હોય પણ ખરું. જે સદ્ગુણ આપણામાં ન હોય, તે સદ્ગુણ ક્રિયાદ્વારા સિદ્ધ કરવા જતાં, દંભ જેવું દેખાય-તેમાથી દંભ પ્રગટે પણ ખરો. છતાં જીવનને ઘડવાની આ એક રીત છે, બુદ્ધિપૂર્વક જીવન ઘડવાની કદાચ આ એક જ રીત છે. આ સંબંધમા નીચે હું એક એવા માનસશાસ્ત્રીનો અભિપ્રાય ટાંકુ છું જે જરા પણ હિંદપક્ષપાતી નથી, અને જે માનસશાસ્ત્રને ધર્મથી જરા પણ ગૂઢ કે અગમ્ય બનવા દેતો નથી.*

ગાંધીજી વ્યક્તિને સ્વતંત્ર વિકસવા દેતા નથી એ મત કેટલાંક બીજાં કારણોથી અસ્તિત્વમાં આવ્યો હોય. ગાંધીજી આશ્રમના અને વિદ્યાપીઠના નિયમો ધીમે ધીમે વધારે સખ્ત કરતા ગયા છેઃ આશ્રમમા અમુક વાગે ઊઠવું, અમુક કામ કરવા, હમેશ આટલું કાંતવું, પાસે મિલકત ન રાખવી જમવાને એક જ રસોડું રાખવું, અમુક પ્રકારનો જ ખોરાક રાખવો, ટૂંકમાં તેમણે પોતાનું જીવન જે રીતે ઘડ્યું, જે વ્રતોથી ઘડ્યું તે રીત, તે વ્રતો, બીજાઓએ પાળવાં જ જોઇએ, અને તેમ ન કરી શકે તે આશ્રમમા ન રહી શકે. વિદ્યાપીઠમાં પણ અમુક અમુક નિયમો મૂકાયા છે. ઘણાને એમ લાગે કે ગાંધીજી

---

* A boy is of disposition and circumstances such as tend to develop pride.......... But he reads of the life of St. Francis or of the Buddha and *is filled* with *admiration for the quality of meekness......He consistently* uses all his will power in *the effort to act meekly ......* and gradually the quality of his outward behaviour becomes a quality of his character and meek action becomes easy and spontaneous. *At first, perhaps, he is proud of being meek* but, at a final stage, he may overcome pride and be meek in feeling as well as in action. (The italics are mine.)

× × ×

Some contemporary authors, following Dr, C. G. Jung, speak of the qualities of character that are developed by self—cultivation as the *persona*, the mask which each of us presents to the world, a mask which covers and conceals an inborn nature. *And is it not characteristic of the hypocrite* that, in order to conceal his vices. he wears a mask of virtue ? The character we build up by self-cultivation does contain qualities that are not native to us.........*The highly* complex structure *which is character is,* then, justly called the *persona,* in a sense it is a mask. How, then, does it differ from the mask of the hyprocrite ?

× × ×

Character and the Conduct of Life by William McDougall p. 132—3—4.

નિયમો મૂકતી વખતે વ્યક્તિવૈશિષ્ટ્યનો ખ્યાલ રાખતા નથી. આ આગ્રહની પછવાડે કયું માનસ છે તેનો વિચાર કરવા પ્રથમ પ્રયત્ન કરીએ.

બૌદ્ધ ધર્મમાં બે પ્રકારના અર્હતો સ્વીકારાયા છે. એક એ કે જે પોતે અર્હત થયા પછી લોકોને પણ પોતાને માર્ગે લાવવા પ્રયત્ન કરે અને બીજા એ કે જે એવો પ્રયત્ન ન કરે. બન્ને નિર્વાણ દશાને પામે છે, એટલે લોકો તરફનો પ્રેમ એટલો ઓછો એમ માની શકાશે નહિ. ત્યારે આ ફરકનું કારણ શું ગણવું જોઇએ? મજ્ઝિમ નિકાયમા લખેલું છે—બુદ્ધ ભગવાન પોતે કહે છે—કે બુદ્ધ થયા પછી મને પણ એમ થયું કે લોકોને આ જ્ઞાન આપવાનો કશો અર્થ નથી. રાગદ્વેષવાળા અને 'તમોક્ખન્ધ'થી આવૃત થયેલા લોકો આ દુર્દર્શ અને દુરનુબોધ ધર્મ સમજી શકશે નહિ. પછી, કથા છે કે, બ્રહ્માને લોકોને માટે ચિન્તા થઇ અને તેમણે બુદ્ધને સમજાવ્યા કે ઉપદેશનાં અધિકારી સત્ત્વો લોકમાથી મળી રહેશે અને પછી બુદ્ધે ઉપદેશ શરુ કર્યો.× આવું બુદ્ધ બોલ્યા હશે અને તેની જ આ નોંધ હશે એમ હું માનતો નથી. લોકો સમજી શકશે કે નહિ તે બાબતની શ્રદ્ધા–અશ્રદ્ધા મને આ ભેદનું કારણ નથી લાગતું. મને આ પ્રકૃતિભેદ વધારે ઊંડો લાગે છે અને સત્ય દ્રષ્ટાઓમાં આ ભેદ એક કે બીજે રૂપે હોય છે એમ હું માનું છું.

મને આ ભેદનું કારણ એવું લાગે છે કે કેટલાક સત્યદ્રષ્ટાઓને એવો આગ્રહ હોય છે કે પોતાને જે સત્યદર્શનનો લાભ મળ્યો છે તે બધાને મળે તો સારું. તેને માટે બધાઓ પોતાનો માર્ગ ગ્રહણ કરે તેવો તેમને આગ્રહ અને અદમ્ય અભિલાષ હોય છે. આ આગ્રહનું કારણ, લોક સમસ્તને માટે અખૂટ પ્રેમ, અને તેની સાથે દરેક માણસ સુધરી શકશે, સારો થઇ જ શકશે એવી શ્રદ્ધા અથવા આશાવાદ જ હોય છે. દરેક ધર્મ કે સંપ્રદાયસંસ્થાપક આવી વૃત્તિનો હોય જ છે. આ વૃત્તિ ગાંધીજીમાં પુષ્કળ છે. આ વૃત્તિને લીધે જ તેઓ એક ઘડી પણ લોકહિતના કામ વિના નથી રહી શકતા. તેઓ ઘણીવાર કહે છે કે હું મારી મિનિટે મિનિટનો હિસાબ આપી શકું છું એ એમને માટે અક્ષરશઃ ખરું છે. તેમણે પોતે કહ્યું છે કે "જે સારી વસ્તુ હું કરું છું એમ મને લાગે તેમા હું મારી સાથે રહેનારાને હમેશાં ભેળવવાનો પ્રયત્ન કરું છું."* આ એક પ્રકૃતિ છે—એક પ્રકારના અર્હતો છે. બીજો પ્રકાર કોઇને સુધારવાનો પ્રયત્ન જ નથી કરતો. તેવા અર્હતોને બીજા માટે પ્રેમ નથી એમ ન કહી શકાય, તેમજ, હું જ માત્ર સુધરી શકુ બીજાઓ ન સુધરી શકે એવું અભિમાન કે અશ્રદ્ધા પણ નહિ. પણ તેમના માનસનું પૃથક્કરણ કરતા તેઓ કંઇક એમ માનતા જણાય છે કે એક માણસ બીજાને સુધારી નથી શકતો, માણસ મેળે જ સુધરી શકે છે, પોતામાથી જેમને જે કંઇ ગ્રહણ કરવું હોય તે ભલે કરે; પોતે ઉઘાડા પુસ્તક જેવા નિખાલસ અને સરલ હોય છે. પણ પોતે બીજાને સુધારવાને પ્રયત્ન નથી કરતા, એવો પ્રયત્ન કરવાથી જગતને એકંદર કાંઇ લાભ થાય છે એમ તેઓ નથી માનતા. મહાત્માજી આ બીજા પ્રકારના અર્હતને માને છે. તેમણે એકવાર કહ્યુ છે કે માણસ બીજાને ઉપદેશ દેવા ન જાય અને પોતે

× જુઓ મજ્ઝિમનિકાયમાં અરિયપરિયેસન સુત્ત, ૨૬ મું. જૈન ધર્મમાં પણ આ ભેદ સ્વીકારાયો છે, જિન અને તીર્થંકર બન્ને નિર્વાણ પામે છે પણ તીર્થંકર ધર્મ પ્રવર્તાવે છે એટલું વિશેષ છે.

* આત્મકથા, દ્વિતીય ખંડ પૃ. ૧૨૮.

એકાન્તમા રહી પોતાની શુદ્ધિ કરીને પણ મોક્ષ મેળવી શકે પણ પોતે તેવા પ્રકારના છે નહિ આ ભેદ કઈક હુ માનસશાસ્ત્રમા જેને introvert અને extrovert, અતર્મુખવૃત્તિ અને બહિર્મુખવૃત્તિનો કહ્યો છે તેને મળતો મને જણાય છે અથવા ખરુ કહુ તો ધર્મપ્રવર્તક અને કવિની વચ્ચેનો લાગે છે ધર્મપ્રવર્તક પોતે સત્ય જુએ છે તેટલાથી તેને સતોષ નથી થતો, તે દરેકને સમજાવીને પોતાને માર્ગે વાળવા પ્રયત્ન કરે છે, જે સમજે તેમને ને ક્રિયામા પ્રેરે છે, ન સમજે તેને પણ તે ક્રિયામા જરૂર પ્રેરે છે વધારેમા વધારે માણસો કયા રૂપમા આ નવા સત્યને ક્રિયામા મૂકી શકે તે તે સ્વાભાવિક રીતે, પોતાની રીતે સમજી જાય છે, અને તે રૂપમા તે ક્રિયા સૌની પાસે કરાવે છે, તેમ કરાવવામા જ તે પોતાના સત્યદર્શનનું, અને બીજા મનુષ્યોના જીવનનું સાર્થક્ય સમજે છે આથી ધર્મનું કે સત્યનું ધાર્મિક ક્રિયાનુ રૂપ ઘડાય છે આમ એક જ ક્રિયા અનેક વ્યક્તિને લાગુ પાડવામા વ્યક્તિના કેટલાક વૈશિષ્ટ્ય તરફ દુર્લક્ષ થાય જ પણ માણસનુ સ્વરૂપ એવુ બરડ કે નાજુક નથી કે આવા નિયમનથી તે ભાગીને ભૂકો થઈ જાય કઈક ઘસાતુ કે છોલાતુ હોય તો એ પણ બીજી તરફ જોવાનું છે કે જેમ વિજ્ઞાનમા વ્યક્તિઓમાથી જાતિ (Genus)ની કલ્પના કરવામા વ્યક્તિવૈશિષ્ટ્ય જતું કરવુ જ પડે છે તેમ મોટા માનવસઘોના નિયમનમા કેટલાક વૈશિષ્ટ્યને જતું કરવુ જ પડે માણસમા ભાવના જાગૃત થયા વિના માત્ર ક્રિયા કરાવવી એ ઉપહસનીય વિડમ્બના છે એમ લાગે, પણ બીજી તરફ એ પણ એક સત્ય છે કે ભાવના ક્રિયામાથી સ્વયભૂ સ્ફુરે છે કેટલાક માનસશાસ્ત્રીઓ તો એમ કે શરીરની બાહ્ય ક્રિયાને જ ભાવના ગણે છે, તેની સાથે આપણે સમત નથી થતા, પણ એવી ક્રિયામાથી ભાવના સ્ફુરે છે એ માનસશાસ્ત્રનું સત્ય અવગણવું ન જોઈએ

બીજો પ્રકાર જેને હું કવિ પ્રકૃતિ કહું છુ તે કોઈને પણ અગત રીતે કશુ કહેવાની પદ્ધતિ, અને તેમા પણ કશુ કરવાનુ કહેવાની પદ્ધતિ સ્વીકારી શકતો નથી પોતાના વાતાવરણમાથી, આચરણની સુગન્ધમાથી અને વાણીના સગીતમાથી જેને જે લેવા યોગ્ય હશે, જેને જે અનુકૂળ હશે તે પોતાની મેળે લઈ લેશે, કોઈને કશુ કરવાનું કહેવુ, તે તેને બીજા પર આક્રમણ કરવા જેવુ લાગે છે, પોતાના માનસની અધીરાઈ લાગે છે આધુનિક સમયમા હવે ધર્મપ્રવર્તકનું સ્થાન કવિ લેશે એમ ઘણા કહે છે એ ખરુ હોય કે ન હોય, પણ તે બેની વચ્ચે આ એક મહાન ભેદ છે તે યાદ રાખવુ જોઈએ આ બાબત કવિવર રવીન્દ્રનાથ ટાગોર અને પૂજ્ય ગાધીજીના જીવન જોતા તરત નજરે દેખાય છે કવિવરને જાણે કાર્ય અતિસ્થૂલ વસ્તુ હોય, તેના નિર્દેશથી જાણે તેમની રસવૃત્તિને આઘાત લાગતો હોય એમ જણાય છે ત્યારે ગાધીજીને કાર્ય વિનાના કેવળ શબ્દોનો કટાળો છે, એ તેમને મિથ્યાપ્રવૃત્તિ લાગે છે મહાત્માજી દેશની પામરતા જોઈ ખરેખર અધીરા થાય છે 'ક્યા સુધી એ પામરતા' એમ એમને લાગે છે ત્યારે કવિવર રવીન્દ્રનાથ ધીરજ, ફુરસદ, અવકાશ, leisure નો સદેશો આપે છે કવિવરના કેટલાય કાવ્યોમા ગાધીજીને માન્ય ગુણોની પ્રશસા તમે જોશો અને છતા બન્નેના જીવન વચ્ચે આ અભેય ગાળો પણ તમે જોશો +

+ કવિવરે કશું જ કાર્ય નથી કર્યું એમ કહેવાનો અભિપ્રાય નથી, તેમણે ઘણુ કાર્ય કર્યું છે, ઘણુ ગાધીજી પહેલા કર્યું છે અહીં વ્યક્તિની ટીકા નથી, માત્ર પ્રકૃતિનુ પૃથક્કરણ કરવાનો પ્રયત્ન છે જીવન તરફની બન્નેની મુખ્ય દૃષ્ટિ તરફ ધ્યાન આપતા ઉપરનો ભેદ પ્રતીત થાય છે એમ વિવક્ષા છે

કઈ ભાવનાઓ માટે ક્રિયાથી અનુકરણ કરાવવુ અને કઈ ભાવનાઓ માટે સ્વૈરપ્રાકટ્યની રાહ જોવી, તે કેળવણીકારો માટે એક વિકટ અને મહત્ત્વનો પ્રશ્ન છે

મહાત્માજીનો નિયમોનો અને વ્રતોનો આગ્રહ તેમના તાલીમના આદરને આભારી છે. સનાતનધર્મી છતાં તેમણે પશ્ચિમમાંથી ઘણું લીધું છે અને તેમાં લોક સમસ્તની તાલીમ અને સ્વચ્છતા એ ખાસ જણાવવાં જોઈએ. આપણા અવ્યવસ્થિત દેશને આ તાલીમની ઘણી જ જરૂર છે: એવું ભાગ્યે જ કોઈ પણ તેમનું વ્યાખ્યાન હશે જેમાં તેમણે તાલીમ અને વ્યવસ્થા માટે બે શબ્દો ન કહ્યા હોય. તેઓ વ્યવસ્થામાં ઝીણામાં ઝીણી બાબતની પણ ચીવટ રાખે છે. બજેટ ઘડવું હોય તો ગોળ આંકડો કરવા માટે એક રૂપિયો કે આના પાઈ પણ વધારે નહિ મૂકે. જોડણીકોશ કરાવવામાં તેમનો મુખ્ય ઉદ્દેશ લખાણોમાં વ્યવસ્થા લાવવાનો છે. આપણે કોણ જાણે કેમ તાલીમને વ્યક્તિસ્વાતંત્ર્યની વિરોધી ગણવા માંડ્યા છીએ. તાલીમમાં ન ઊભા રહેવું એમાં બુદ્ધિની સૂક્ષ્મતા કે અપરાજેયતા ગણીએ છીએ અને તાલીમને માનસજડતા કે ગતાનુગતિકતા ગણીએ છીએ. આપણા કરતા વધારે વ્યક્તિત્વવાળા અને વ્યક્તિસ્વાતંત્ર્યવાળા દેશોમા આપણા કરતાં ઘણી વધારે સારી તાલીમ છે તે આપણે જાણતા જ નથી. મિ. માર્મડ્યૂક પિકથૉલે અસહકારની શરુઆતમાં એકવાર કહેલું કે ઇંગ્લંડ જેવો દેશ હોય તો એકવાર તો આખી પ્રજા મહાત્માજી જેવાનો કાર્યક્રમ એક અવાજે ઉપાડી લે. લાંબા વખતની પતિત દશા અને જીવન્ત ઐતિહાસિક સ્મરણમાં કોઈ મોટું કામ કરવાનું નહિ આવેલુ તેનું આ પરિણામ જણાય છે.

જેમ સમાજને માટે તાલીમની આવશ્યકતા છે તેમ જ વ્યક્તિને માટે પણ છે. આને ગાંધીજી વ્રતોની આવશ્યકતા માને છે. વ્રતોની પ્રથા આપણા પ્રાચીન ધર્મોમાં છે. વૈષ્ણવોના અને જૈનોના બન્નેના સંપ્રદાયોમા છે. પણ મહાત્માજીએ તેનો પોતાના જીવનમા ઘણો બહોળો ઉપયોગ કર્યો છે. નવી અંગ્રેજી કેળવણી લીધેલાને ઘણીવાર વ્રતો લેવાં, અને વ્રતોથી પોતે બંધાઈને લાચાર બનવું એ ઉપહસનીય લાગે છે. આની લાંબી ચર્ચા અહીં કરતો નથી. પણ એક વાત તરફ ધ્યાન ખેંચું છું. વ્રતોથી જેટલું સંકલ્પબળ ખીલે છે તેટલું બીજા કશાથી ખીલતું નથી. અને સંકલ્પબળ કે આત્મબળ એ જ માણસનું પ્રગતિસાધક મુખ્ય બળ છે. દરેક પ્રજા આ બળના પ્રમાણમાં જ આગળ વધેલી છે. મહાત્માજીમાં જે કેટલાક અસાધારણ ગુણો છે તેમાં આત્મબળને હું પ્રથમ મૂકું. શ્રીયુત યાજ્ઞિકે યરોડા જેલના ગાંધીજીના નિવાસ સંબંધી કહ્યું હતું કે તેમની લખાપઢીનો ઉત્તર ન આવતાં તેમણે ઉપવાસનો નિશ્ચય કરી નાંખ્યો અને તે પ્રમાણે દિવસનો કાર્યક્રમ ગોઠવી નાંખ્યો. પછીથી અધિકારીઓને ખબર પડતાં તેમણે થોડા દિવસ અવધિ લંબાવવાનું કહ્યું અને ગાંધીજીએ ઉપવાસનો નિશ્ચય છોડ્યો. તેમણે નિશ્ચય છોડ્યો, પણ આગલા નિશ્ચયની એટલી બધી અસર તેમના શરીર ઉપર થએલી કે જમતાં તેમને મોઢામાં લાળ ઉત્પન્ન થઈ શકતી નહોતી. એટલું બધું તેમનું શરીરતંત્ર તેમના સંકલ્પને તેમણે અધીન કરી નાંખ્યું છે. આ વ્રતોમા કશી ગૂઢ ધાર્મિકતા આરોપવાની જરૂર નથી. વ્રતો સંકલ્પબળ કેળવે છે એ શુદ્ધ માનસશાસ્ત્રનો જ નિયમ છે. પહેલાં ટીપમાં જેનો ઉલ્લેખ કર્યો છે તે જ માનસશાસ્ત્રીનું વચન ટાંકું×. એ આ જાતના વ્રતોને નૈતિક કવાયત

× Some authorities, notably within the Roman Church, prescribe special excercises for the will……I would not discourage any one in the

કહે છે. સામાન્ય કૉલેજનું શિક્ષણ લીધેલા આપણા યુવાનને આ જાતની કવાયતની ઘણી જરૂર છે એમ નથી લાગતું ? આપણે બીજા દેશો કરતા મક્કમતામાં ઘણા કાચા છીએ એમ નથી લાગતું ? મહાત્માજી કેળવણીમા જરૂર વ્રતો દાખલ કરે એમ હું માનું છું. આ બાબતમા તેઓ મોન્ટેસ્સોરીની વિરુદ્ધ મતના થાય એમ હું સમજું છું. પણ આવાં વ્રતો માણસ સ્વેચ્છાથી લે, અને બાહ્ય દાબથી લે તેમાં ઘણો ફરક પડે. અને કેળવણીમા આવાં વ્રતોને દાખલ કરવા કે કેમ તે ઘણો મુશ્કેલ પ્રશ્ન છે. કેળવણીકારોએ આ વ્રતનો મહિમા ધ્યાનમાં રાખી, બાલમાનસની દૃષ્ટિએ, બાહ્ય ફરજથી સંભવતી વિકૃતિને લક્ષમા લઇને આ સંબંધી વિચાર કરવો જોઇએ. પોતાને ગમતી ચીજો સામા પર લાદવાથી સામેનામા આપણા તરફ અને તે ચીજો તરફ કંટાળો અને વિરોધ ભેગો થવા માંડે છે જે પ્રથમ ગૂઢ રહે છે પણ પછીથી એકાએક જવાળામુખીની પેઠે ફાટી નીકળે છે.

આ લોકવ્યવસ્થા સાથે જ સંબંધ ધરાવતો મહાત્માજીનો ચાલુ લોકવ્યવસ્થા માટેનો આદર છે. અમુક વ્યવસ્થા ચાલુ છે માટે જ તેને માન આપવું જોઈએ, ખાસ કારણ વિના તેને તોડવી ન જોઇએ એમ તેઓ માને છે. કારણ સિવાય વ્યવસ્થા તોડવી તેને તેઓ અસંયમ અને સ્વચ્છન્દ માને છે માટે જ તેમણે ઘણા સમય સુધી જ્ઞાતિસંસ્થાનું સંયમના હેતુથી સમર્થન કર્યું, અને અત્યારે પણ પોતે વર્ણાશ્રમધર્મને માને છે એમ કહે છે. આ દૃષ્ટિએ તેમને પ્રાચીનપક્ષપાતી ગણી શકાય. તેમની આ વૃત્તિથી જ કેટલાક પ્રાચીન-પક્ષવાદીઓને ખોટું ઉત્તેજન મળે છે. પણ વાસ્તવિક રીતે જોતા આ પ્રાચીનતાનો મોહ નથી પણ લોક તરફનો આદર છે. એટલા માટે જ તેઓ હિંદમાં આવ્યા ત્યારે તેમણે પોતાના વતનનો સાદો ફેંટા–અંગરખાનો વેશ રાખ્યો. પણ આ વૃત્તિની સાથે વિલક્ષણ રીતે, જૂના રીતરિવાજોમા જે કાંઇ ખોટું લાગે કે ફેરફાર કરવા જેવું લાગે તેનો ફેરફાર પણ તેઓ એટલી જ મક્કમતાથી કરે છે. પ્રાચીનપૂજકતાનો આરોપ તેમના ઉપર હોવા છતા તેમણે પ્રાચીનપક્ષવાદીઓને તેમના વિચારોથી અને વર્તનથી જેટલા આઘાતો આપ્યા છે તેટલા બીજાએ નહિ આપ્યા હોય. સનાતની કહેવાવા છતાં તેમણે અસ્પૃશ્યતા ટાળી છે. બ્રહ્મચર્યને અને સંયમને આદર્શ માનતા છતા તેમણે વિધવાવિવાહની જબરી હિમાયત કરી છે, અહિંસાનો સંદેશો આપતા છતા તેમણે સૈન્યની ભરતીનો પ્રયત્ન કર્યો છે, કૂતરાં મારવાના કાર્યને અનુમોદન આપ્યું છે, આશ્રમમા માંદા વાછડાને માર્યો છે અને હજી વાંદરા કાઢવાનો ઉપાય શોધે છે. તેમણે કોઈ અદ્ભુત રીતે ચાલુ વ્યવસ્થાનો આદર અને સત્યને આવશ્યક ફેરફારનો ઉત્સાહ બન્નેનો સમન્વય કર્યો છે. આ બન્ને વૃત્તિઓ તેમના શબ્દોમા પણ આવે છે. તેઓ 'નમ્રતાપૂર્વક કાયદાનો ભંગ' કરે છે. તેઓ પ્રાચીન પ્રણાલિકા માટે આદરવાન છતા મોટામાં મોટા ક્રાંતિકારક છે.

---

use of *such exercises*; but I am *disposed* to think that for the free man who wishes to practise moral athleticism, it is better to choose some field where he may practise the will in overcoming natural impulses, perhaps such as are *perfectly harmless when moderately indulged.* Let him, if not regularly, then for certain periods, deny himself certain luxuries, the extra glass of wine, the hot bath, the second cigar, the table-delicacy of which he is *particularly fond, the few minutes* of delicious repose after being *called in the morning*...pp. 69, 70.

મેં આગળ ગાંધીજીની કાર્યપદ્ધતિને ધર્મપ્રવર્તકની પદ્ધતિ સાથે સરખાવી. ઘણાએ આ પદ્ધતિને કાલાતીત માને છે. પણ એવી ઘણીએ કાલાતીત મનાતી વસ્તુઓ પાછા આપણે દેખીએ છીએ. વીસમી સદીના અટપટા અને પરસ્પર આધાર રાખતા વેપારના જમાનામા બે દેશો વિગ્રહ કરી જ ન શકે એમ લોકો માનતા હતા, અને આપણે આપણી નજરે દુનિયાના ઇતિહાસમા અપૂર્વ ભયંકરતાવાળું યુદ્ધ જોયું. ફિલસુફીમાં આખાં સુસંબદ્ધ દર્શનો કે શાસ્ત્રો (systems) નો યુગ ગયો એમ માનતા હતા અને છતાં બર્ગ્સો અને બીજા ફિલસુફો દર્શનો રચે છે. એક વ્યક્તિના શાસનનો યુગ ગયો એમ માનતા હતા અને યુરોપનાં અત્યારે આગળ ધપતા રાજ્યો એકશાસકના હુકમથી ચાલે છે; રશિયાનો લેનિન, ઇટલીનો મુસ્સોલિની એ પ્રસિદ્ધ છે, પણ સ્પેઇન, પોલન્ડ, ટર્કી વગેરેમાં પણ એકશાસન અત્યારે છે. તેમ જ ધર્મપ્રવર્તકોનો યુગ ગયો માનીએ છતા મહાત્માજી જેવી વ્યક્તિ દર્શન દે છે અને ધર્મપ્રવર્તકની પદ્ધતિએ જ લોકમાનસને કેળવે છે–હાકે છે, લોકસંઘ ઘડે છે, સ્મૃતિઓ રચે છે.

ખરી વાત એ છે કે પૂર્વકાલમાં ધર્મની જે અગત્ય હતી તે અત્યારે પ્રજાઘડતરની છે. હાલના પ્રજા ઘડનારા મહાન પુરુષો, લેનિન મુસ્સોલિની વગેરેમાં પ્રાચીન ધર્મસંસ્થાપકો જેટલી જ આત્મશ્રદ્ધા, ત્યાગ, આત્મભોગની તત્પરતા, કાર્યતત્પરતા, કાર્યનિષ્ઠા, કાર્યવેગ, કાર્યશક્તિ, કાર્યવિસ્તાર વગેરે છે. પ્રાચીન ધર્મસંસ્થાપકો જેવી જીવનની વ્યવસ્થા કરતા તેવી જ વ્યવસ્થા અત્યારના પ્રજા ઘડનારા કહે છે. લેનિન ધર્મને નહિ માનનારો છતા પ્રચંડ ધાર્મિક ઝનુનવાળો જ હતો. મહાત્માજી આ પંક્તિના પુરુષ છે. એક વાર વિદ્યાપીઠની નિયામક સભાની બેઠકમા કામ શરુ થયા પહેલા વાતો ચાલતી હતી ત્યા લેનિનના નામનું સ્મરણ થતા કહેલું કે ' એ છે તો મારો જ ભાઈ, જો કે હું તેને બહુ ઓળખતો નથી. ' આખી પ્રજા એક જ તાલીમ પ્રમાણે રહેવી જોઇએ એમ બન્ને માને છે. બન્ને આખી પ્રજાનું આર્થિક બંધારણ એક રૂપે નિયત થતું જોઇએ એમ માને છે. બન્ને કામદાર વર્ગને આગળ આણવો જોઇએ એમ માને છે. ગાધીજીએ મહાસભાના પ્રમુખ તરીકે કહ્યું હતું કે વિદ્યા અને પૈસો એ બન્ને ધોરણો પ્રજાના પ્રતિનિધિત્વને માટે ખોટા નીવડયા છે માટે મજૂરી એ જ ખરૂં ધોરણ હોવું જોઈએ. આ મત અક્ષરશઃ સોવિયેટનો મત છે. બન્નેની, સતત વગર થાકયે કામ કરવાની શક્તિ એક સરખી છે. બન્ને, લોકોને જ દોરવાં એ ખરો ઉપાય માને છે વળી વિચિત્ર રીતે બન્નેનું કલા તરફનું વલણ એક સરખું જ છે. બન્ને કલાને લોકકેળવણીના એટલે પોતાના ધ્યેયના સાધન તરીકે જ માને છે.* બન્નેની એક ધ્યેય તરફ ધપતી જિંદગીમાં, કલા કે મોજશોખ કે રમતગમતને લેશ પણ સ્થાન નથી. મેં સાંભળ્યું છે કે એક આખા દિવસના થાકના કામ પછી કોઇએ મહાત્માજીને થોડો વખત ચાંદનીમાં નૌકાવિહાર કરવાની દરખાસ્ત કરી ત્યારે તેમણે નિઃશ્વાસ નાંખી કહ્યું કે સ્વરાજ મળશે ત્યારે એ બધું કરીશું. બન્નેની પકડાઈ—બીજાથી ન છેતરાઇ જવાની શક્તિ પણ સરખી છે. વિશેષ શું બન્નેની કાર્યશક્તિ વિશે જેમ જેમ વધારે જાણીએ તેમ તેમ સામ્ય જ વધતું જશે એમ મને લાગે છે. પણ છતા

* ગાધીજીને સગીત અતિપ્રિય છે, અને લેનિન કોઈવાર નાટક જોવા જતો એવી ટ્રોટ્સ્કીની નેધ છે. છતા આ કથન એકદર ખરૂ છે.

બન્નેનાં જીવન તરફનાં દષ્ટિબિન્દુમા પૂર્વ પશ્ચિમ જેટલો ફરક છે. ગાંધીજી આ જગત પાર ઇશ્વરને માને છે, ઇશ્વરની શ્રદ્ધા ઉપર જ સર્વત્ર આધાર રાખે છે, રાજકારણમાં પણ મોક્ષની ઇચ્છાથી કામ કરે છે. લેનિન ઇશ્વરને માનતો નથી, ધર્મનો દેશમાંથી અને જગતમાંથી બહિષ્કાર કરવા પ્રયત્ન કરે છે, અને રાજકારણ અથવા અમુક સામાજિક વ્યવસ્થા એજ એના સમસ્ત જીવનનું એકધ્યેય છે. આ દષ્ટિબિન્દુથી બન્નેની શક્તિ સરખી હોવા છતાં કાર્યપદ્ધતિમાં ઘણો ફેર છે. લેનિન વિરુદ્ધ પક્ષકારોનો નાશ કરવામાં કશું ખોટું માનતો નથી, એ રસ્તે જ ધ્યેય સાધે છે; ત્યારે ગાંધીજી અહિંસાથી, પોતે સહન કરવાનું શીખવીને પ્રજાને સ્વતંત્ર કરવા માગે છે, બાહ્ય બળથી પ્રજાને અમુક કાર્યક્રમમા જોડવા નથી માગતા પણ હૃદયપલટો કરી માનવજાતિને ઉન્નતિનો નવો કાર્યક્રમ સ્વીકારાવવા માગે છે. ઘણા, બહુ સહેલાઇથી કહે છે કે લેનિન પોતાના કાર્યમા સફળ થયો અને ગાંધીજી સફળ નથી થયા, પણ તેનાં કારણો જોવા જોઈએ. લેનિન પહેલા લગભગ અર્ધ સૈકાથી એની જ પદ્ધતિએ કામ કરવાના અખતરા રશિયામાં થયા કરતા હતા, લેનિન પહેલાં એક સૈકાથી નવી સમાજ રચનાના વિચારો પ્રચલિત થતા હતા, અને લેનિનને, લડાઇની જે પદ્ધતિ ઇતિહાસની શરુઆતથી માનવજાતિને પરિચિત છે તે પદ્ધતિ સ્વીકાર્ય હતી. હિંદમાં ગાંધીજી પહેલાં અનેક રાજકારણી નેતાઓ થઈ ગયા છે પણ અહિંસક પદ્ધતિની લડાઇના વિચારો સૌથી પહેલા તેઓ જ પ્રવર્તાવનાર છે, (રાજકારણમા અહિંસક પદ્ધતિ હિંદમાં કોઈવાર હતી એ ઐતિહાસિક દષ્ટિએ જોતા ખોટું છે), આખી દુનિયામા એ પહેલો અખતરો છે. હિંદમા કોમી પ્રશ્ન રશિયા કરતા વધારે ખરાબ છે, રશિયા ગમે તેવી ખરાબ હાલતમાં પણ સ્વતંત્ર હતો, હિંદ સૈકાઓથી પરાધીન છે; ગાંધીજીને શાસ્ત્રના દ્રષ્ટા અને શસ્ત્રના સેનાની બન્ને એક સાથે થવાનું છે લેનિનને માટે શસ્ત્રબળથી અમુક કાર્ય કરવું એટલું બસ હતું, ગાંધીજીને આવડા મોટા દેશનો હૃદયપલટો કરવાનો છે. હિંસાથી એમને સ્વરાજ પણ લેવું નથી. બન્નેની પરિસ્થિતિનો માનસનો અને ધ્યેયનો ભેદ જે સમજે તે કદી એ બે વ્યક્તિની સરખામણી તેમના કાર્યફલથી કરે નહિ. અને ગાંધીજીએ આખા જગતના દષ્ટિબિન્દુમા જે ફેર કર્યો છે, તેનું માપ લેવાનો સમય હજી આવ્યો નથી.

ગાંધીજીની પ્રેરણા ધાર્મિક છે અને તેઓ જગતને અહિંસા ધર્મને પથે દોરે છે છતાં તેઓ ધર્મપ્રવર્તક કે ધર્મસંસ્થાપક નથી. ધર્મપ્રવર્તક કે ધર્મસંસ્થાપક, ખરી કે ખોટી રીતે, પોતે જગતનુ અંતિમ સત્ય પામ્યો છે, અંતિમ ઉન્નત દશાએ પહોચ્યો છે, એવી શ્રદ્ધાવાળો હોય છે અને એની શ્રદ્ધાના ગૂઢબળથી તે લોકોને પોતા તરફ આકર્ષે છે. ગાંધીજી બન્નેની ના પાડે છે. તેઓ કહે છે કે પોતાને ઇશ્વરનું દર્શન થયું નથી, તેમજ પોતાને ગુરુ પણ મળ્યો નથી. તેમનામા કોઇ ગૂઢ રૂપે ધર્માનુભવ છે કે નહિ તે વિશે તેઓ કદી બોલ્યા નથી. દરેક ગૂઢતાને તેઓ વર્જ્ય ગણતા જણાય છે. સાભળ્યું છે કે કોઇ ફ્રેંચ બાઈ મહાત્માજીનું નામ સાંભળી, તેમની પાસેથી યોગની કાંઇ ગુપ્ત ક્રિયા મળી જશે એમ માનીને પોતાના બધા નાણાં ભાડામાં ખરચીને અહીં આવી. પહેલી જ મુલાકાતે ગાંધીજીએ પોતાની ટેવ પ્રમાણે સ્પષ્ટ કહ્યું કે પોતાની પાસે એવી કોઇ ગુપ્ત ક્રિયાઓ નથી, અને પેલી બાઇ તો બિચારી રડી પડી. ગુપ્ત વાતોને માટે પણ તેમને તિરસ્કાર છે. છતાં તેમના અનુભવમા કાંઇ ગૂઢ નથી જ એમ તો કેમ કહી શકાય? તેમની ઉપવાસની પદ્ધતિ, વારંવાર

તેઓ પ્રભુ પાસેથી બળ મેળવે છે તે, અંતર્યામીના અવાજ પ્રમાણે ચાલે છે, કલાકોના કલાકો પ્રાર્થનામા ગાળે છે તે સર્વ ગૂઢ એટલે સામાન્ય માણસને નહિ થયેલો અનુભવ છે. તેથી વિશેષ ગૂઢ અનુભવ તેમને છે કે નહિ તે તો તેમના અતેવાસીઓ જાણે, પણ સૌથી ચમત્કારક તો તેમની શ્રદ્ધા છે. ગાંધીજીની આત્મકથા ઉપરથી જણાય છે કે તેમનામાં સામાન્ય માણસ કરતાં બુદ્ધિના કોઇ ઉચ્ચતર ગુણો નહોતા, પણ ઘણા બચપણથી જે સત્યનિષ્ઠા અને જનતાપ્રેમની અસાધારણ માત્રા તેમનામાં જણાય છે, અને જગતનાં મહાન સત્યોનું જ્ઞાન, બુદ્ધિની સૂક્ષ્મતાથી નથી મળતું પણ હૃદયની વિશાળતાથી મળે છે. સ્પર્શાસ્પર્શ મિથ્યા છે એ સત્ય ગાંધીજીએ પોતાના પ્રેમભાવથી પ્રત્યક્ષ કર્યું છે. નિઃસીમ પ્રેમવાળું હૃદય જ સમગ્ર જગતને સ્પર્શી શકે છે, અને એ સ્પર્શમાંથી જગતનાં મહાન સત્યોનો સાક્ષાત્કાર કરે છે. સત્યદર્શન એ પ્રત્યક્ષ જ્ઞાનનો વિષય છે, અનુમાન કે એવા કોઈ કેવળ બૌદ્ધિક વ્યાપારનો વિષય નથી. અલબત હૃદયના એ અનુભવો ઝીલવા જેટલી બુદ્ધિ સમર્થ જોઈએ. બુદ્ધિ નકામી છે એમ ગાંધીજીએ કદી કહ્યું નથી, પણ તેમના જીવનમા બુદ્ધિ હૃદયને અનુસરે છે, હૃદયની દાસી છે, અને કેવળ બુદ્ધિને માટે તેમને અણગમો પણ હશે. તેમ છતા એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે. જેટલી ભાવનાઓને કાર્યોને અને વસ્તુઓને તેઓ બુદ્ધિના પ્રકાશમાં તપાસે છે તેટલી બહુ ઓછા તપાસતા હશે. બુદ્ધિપ્રધાન જીવન ગાળનારાઓ પણ હાથ જોવરાવવા કે જોશ જોવરાવવા બેસે છે, 'અમે તો માત્ર વિનોદને ખાતર આમ કરીએ છીએ' એમ કહીને પોતાની જાતને છેતરે છે, પણ ગાંધીજી કદી આવી રીતે બુદ્ધિમાર્ગથી એક રેખામાત્ર પણ ચ્યુત થયા નથી. દિલ્હીમાં ઉપવાસો કરતા હતા, તે દરમિયાન એક રોમન કેથોલિક હાથ જોનાર તેમને મળવા ગયો ત્યારે સામુદ્રિક વિશે વાત ન કરવાની શરતે તેને મળવાની રજા આપી. એ જરા હાથ કે જોશ જોવરાવે તો તેમની પાસે સામુદ્રિકોના અને જોશીઓના રાફડા ફાટે. પણ તેઓ આવી ગૂઢ વિદ્યાથી જરા પણ મોહાતા નથી. તેમને ગૂઢતાનો તિરસ્કાર છે. રામરાજ્યનો અર્થ કરીને અને છેવટે આત્મકથામાં ઈશ્વર એટલે સત્ય અને પ્રેમ× એમ અર્થ કરીને તેમણે પોતાના કથનોમાંની છેલ્લી ગૂઢતા કાઢી નાખી છે.* ગૂઢતાથી જ આકર્ષાતા ધર્મઘેલા હિન્દુઓ એટલા માટે તેમનાં ધર્મસત્યોને ગ્રહણ કરતા નથી. યોગ જ્ઞાન અને ફિલસુફીથી અગમ્ય થએલા અને પોડીચેરીમાં એકાન્તવાસ ભોગવતા અરવિન્દ ઘોષ કરતા એ તદ્દન ઉલટી પ્રકૃતિના ગણાય. ધાર્મિક વૃત્તિના હોવા છતા પાજરાપોળ, સ્વચ્છતા, અહિંસા, સ્પર્શાસ્પર્શ, અને સામાન્ય રહેણી કરણીના પ્રશ્નો ઉપર તેમણે બુદ્ધિથી જેટલી ચર્ચા કરી છે તેટલી કોઇએ નથી કરી એમ કહી શકાય. અને લોકોને ધર્મનો ઉપદેશ કરતાં પણ, તેમને રોટલો અને ઘી દૂધ જોઇએ એ કદી વીસર્યા નથી. એક પ્રસંગે તેમણે કહ્યું હતું કે જે લોકોને ખાવાનું નથી મળતું તેમની આગળ હું ઈશ્વરનું નામ ન મૂકું.

× આથી સત્ય ઉલટું ગૂઢ નથી બનતું ? જગતની ગૂઢતા પણ હઠીલી છે. સાદાઇથી કે સાદા શબ્દોથી તે મટી નથી જતી.

* મહાત્માજીના લખાણોમા અને તેમનાં વચનોમા મને ઘણી જગાએ વેદાન્તનું કેવલાદ્વૈત જણાય છે, જો કે તેઓ કદી આની ચર્ચા ન જ કરે. આશ્રમ ભજનાવલિમાં પ્રાતઃસ્મરામિ એ વેદાન્તની પ્રાર્થના તરફ માત્ર ધ્યાન જ ખેંચુ છુ. વેદાન્ત એમને અનભિમત હોય તો એ પ્રાર્થના ત્યાં હોઈ શકે નહિ, એટલા ઝીણવટથી એ બધી વસ્તુઓ તપાસનારા છે.

ગાંધીજીની અંતઃપ્રેરણા ધર્મની છે છતાં તેઓ પોતાના કાર્યક્રમો બુદ્ધિની પરીક્ષા માટે રજુ કરે છે. અહિંસાની પ્રેરણા ધાર્મિક છે, પણ તેઓ હિંદ આગળ તેને એક વ્યાવહારિક સાધન તરીકે રજુ કરે છે. નિઃશસ્ત્ર હિંદને માટે જ નહિ—આખી દુનિયાને માટે એ અમોઘ શસ્ત્ર છે અને સૌથી ઓછી હાનિ વાળું છે એમ એ પુરવાર કરે છે. સ્પર્શાસ્પર્શનું પાપ તેઓ પોતાની ધર્મબુદ્ધિથી સમજ્યા છે અને તેને પણ બુદ્ધિની કસોટિએ તેઓ કસી આપે છે. રેંટિયો પણ તેમની ધાર્મિક માન્યતા–તેમની ફિલસુફીમાંથી આવ્યો છે, પણ હિંદ બોયકોટથી નહિ પાર પડી શકે, રેંટિયાથી પાર પડી શકશે એમ તેઓ સાબીત કરે છે. આ હિંદને જોઈતું કાપડ સ્વદેશી મિલો નહિ પૂરું પાડી શકે રેંટિયો પાડી શકશે એમ તેઓ ગણિતથી બતાવે છે. પણ તેમ છતાં તેમની શ્રદ્ધા અને ફિલસુફીના સ્વીકાર વિના, હિંદ તે વસ્તુઓ આખી સ્વીકારી શકતું નથી. યંત્રની ધમાલ વિનાનું સાદું સરલ ગ્રામજીવન અંગ્રેજ અમલદારોને પણ ગમે છે, જગત ભવિષ્યમા તે તરફ વળવુ હશે તો વળશે, પણ હજી તો હિંદના મનમા, ઊંડું ઊંડું પણ યંત્રશક્તિ અને તેને ઉપજાવનાર બુદ્ધિ માટે માન છે, એ શક્તિ પોતામા હોય એમ એ ઇચ્છે છે, અને તેથી આ સાદાઈની ફિલસુફીને માટે તે તૈયાર થઈ શકતું નથી. એ જ હાલની સ્થિતિનું ખરું નિદાન લાગે છે. કેટલીક વાસના બુદ્ધિથી નથી જતી, માત્ર ભોગથી અને અનુભવના ડહાપણથી જ જાય છે. અહિંસા એ જગત ઉપરના પ્રેમ અને આત્માના શ્રદ્ધાબળથી જ સંભવે. એ સબળનું શસ્ત્ર છે, નિર્બળનું નથી એમ ગાંધીજીએ અનેક વાર કહ્યું છે; પણ અનેક સૈકાની નિર્બળતા વાળું હિન્દ તો પ્રથમ સબળતાનો અનુભવ લેવા માગે છે, અને ગાધીજીના સત્યાગ્રહનું શસ્ત્ર તેઓ પ્રેમથી પ્રેરાઈને નહિ, પણ હાલની સ્થિતિમા એ જ ઉપલભ્ય છે તેથી, અને સત્યાગ્રહની સાથે થતી સંઘબળની સંપત્તિ માટે, લોક ગ્રહણ કરે છે અને કરશે. લોકોએ જોયું છે કે એ એકલી સંઘશક્તિ જ સામ્રાજ્યોને ઉખેડી નાખવા માટે બસ છે. એટલે અત્યારે તો અહિંસા અને રેંટિયો સ્વરાજ્યના સાધનો તરીકે જ જેટલે અંશે સ્વીકાર્ય થાય છે તેટલે અંશે થાય છે. ઉપર હું કહી ગયો કે સત્યદ્રષ્ટા ઘણી વાર કહે છે એક વાત અને તેની અસર લોકો ઉપર જુદી જ થાય છે, તેમ મહાત્માજીના શસ્ત્રથી લોકસમાજ બળવાન થાય, સ્વરાજ પ્રાપ્ત કરે, અને છતા કદાચ એમની ફિલસુફી ગ્રહણ ન કરે, એમ પણ બને.

અત્યારે આપણે ગાધીજીના જીવનની બીજી બધી બાજુઓ છોડી દઈને માત્ર તેમને એક રાજકારણી નેતા તરીકે જોવા પ્રવૃત્ત થઇએ છીએ. આનું કારણ એ છે કે અત્યારે આપણા જીવનનો મહાનમા મહાન પ્રશ્ન રાજકારણ છે, સ્વરાજ છે. એમ હોવાથી જ ગાંધીજી હિંદના રાજકારણમાં પડયા છે. રાજકારણમાં પડયા સિવાય કોઈપણ માણસ અત્યારે દેશની સેવા કરી શકે તેમ નથી. છતા ગાધીજીના જીવનમા રાજકારણ મુખ્ય નથી, વધારે વાસ્તવિક રીતે કહીએ તો તેમના જીવનમાં રાજકારણ, ધર્મ, નીતિ, કેળવણી એવા જુદા જુદા ખંડો નથી. આવા ખડો એ હાલના આપણા જીવનનુ, ભલે અન્યથા હિતકારક પણ, એક અપલક્ષણ છે. તેથી એક ખંડમા પડેલો માણસ આખા જીવનને સમજી શકતો નથી. મહાત્માજી આ રીતે જીવનના એક ખંડના રહેવાસી નથી. તેથી જ તેમના કાર્યક્રમોમાં રાજકારણ, નીતિ, સમાજસુધારો, ધર્મ એવા ભાગો પડતા નથી. તેઓ રાજકારણમાં સ્પર્શાસ્પર્શ લાવે, સમાજસુધારામાં નીતિ લાવે, અને ધર્મમા

રાજકારણ પણ લાવે. આની એક શુભ અસર એ થઈ છે કે આપણા આખા જીવનમાં મંથન શરુ થયું છે. પણ આની બીજી અસર એ પણ થઈ છે કે દરેક ખંડમાં કામ કરતો માણસ મહાત્માજીમાં દોષ જુએ. માત્ર ધર્મમાં કામ કરનારો એમ કહે કે મહાત્માજી નકામા બીજી બીજી ઐહિક પ્રવૃત્તિઓમાં પડીને મોક્ષને દૂર ઠેલે છે. રાજકારણી પુરુષ એમ માને કે તેઓ નકામા બીજા પ્રશ્નોને રાજકારણમા સંડોવીને રાજકારણની પ્રગતિને ખોળમ્ભે નાખે છે. દરેક ખંડના વિદ્વાનને સંતોષી શકે તેટલી તે તે ખંડ પૂરતી તેમનામાં વિદ્વત્તા નથી, તેમને એટલા વિદ્વાન થવા જેટલો વખત પણ નથી મળ્યો. રાજકારણનો અભ્યાસી એમ કહે કે હિંદુ મુસલમાનોની મૈત્રી તેમણે કાચી સાધી છે. એ કાચી પણ હશે. પણ આપણે એ જોવાનું છે કે તેમની પાસે બીજું સાધન હતું ખરું ? શિવાજીએ પોતાના લુંટારુ લોકોમાથી લશ્કર ઉત્પન્ન કર્યું. તે પોતે ધાડ પાડવા સિવાયની બીજી કોઇ પદ્ધતિએ મુગલ બાદશાહત સામે લડી શકે તેમ હતો નહિ. તે પદ્ધતિ તેણે અખત્યાર કરી. તે પોતે ઘણો જ વ્યવસ્થાપ્રિય પુરુષ હતો. ઇતિહાસના સેનાનીઓમા જેમ તેનું મહત્ત્વ છે તેમ જ ઇતિહાસના કાયદા ઘડનારાઓમાં પણ તેનું મહત્ત્વ છે. તેમ છતા તેની પછીના કાળમાં મરાઠા રાજકારણમાં કાયદાનું તત્ત્વ વિકસ્યું નહિ ને ધાડ પાડવાનું તત્ત્વ જ વધારે વકર્યું. પરિણામે દેશમાં મરાઠાઓ બંદોબસ્ત કરી શકયા નહિ. આનો દોષ આપણે શિવાજીને દઇએ છીએ ? તે જ દૃષ્ટિથી જોતાં હિન્દુ મુસલમાનની મડાગાંઠને માટે પણ મહાત્માજી કરતાં કોઈ બીજું વધારે જવાબદાર છે, કદાચ સરકાર જવાબદાર છે, કદાચ સરકારને લાગ આપનારી પરિસ્થિતિ જવાબદાર છે. ખિલાફત પ્રગતિકારક દેશોના મુસ્લીમોમાથી અદૃશ્ય થતી જતી હતી એ ખરું, પણ તેમણે તો હિન્દના મુસ્લીમો સાથે જ કામ કરવાનું હતું. એક બીજી રીતે વિચારીએ. ઘણા આગળ વધેલા હિન્દુઓ અત્યારે મૂર્તિપૂજાને માનતા નથી. છતા કોઇ મૂર્તિઓને તોડે તો આવા આગળ વધેલા હિન્દુઓએ તેનો પ્રતિષેધ કરવો જોઇએ કે નહિ ? તેવું જ ખિલાફતનુ હતુ. હુ પોતે આ ટૂંકા અર્થમા ધર્મનો આગ્રહ જ વિષમય ગણું છું, એ અંધાપો હિન્દમાથી જેમ વહેલો જાય તેમ સારો. પણ આ તો કેવળ વિચારનું દૃષ્ટિબિંદુ થયું. જેને કામ કરવું છે તેને યથાપ્રાપ્ત વસ્તુઓનો ઉપયોગ કર્યા વિના ચાલે નહિ. પણ હું ધારુ છું કે રાજકારણની દૃષ્ટિએ ગાંધીજીના કાર્યનું મૂલ્ય વિચારવાનો આ કેવળ પ્રતિકૂળ અવસર છે. અસહકાર પછીના બે વરસોના કામ પછી આપણી ઘરડી પ્રજા થાકી ગઈ છે. આ થાકમાં કશાનો તે ઉત્સાહી રીતે વિચાર કરી શકે તેમ નથી. માત્ર એટલુ જ કહીશું કે તેમણે હિંદના રાજકારણમા હડતાલના પ્રાચીન શસ્ત્રને નવું રૂપ આપ્યું, અને સત્યાગ્રહનું પ્રચંડમાં પ્રચંડ શસ્ત્ર ઉમેર્યું જેની કાર્યકારિતા આગળ બીજાં શસ્ત્રો ગૌણ થઈ જાય છે.

જીવનનો એવો એક પણ પ્રદેશ નથી, એવો એક પણ પ્રશ્ન નથી જેમા ગાંધીજીએ કઇ ને કંઇ ન કર્યું હોય. જેમ સૂર્ય ઊગે, અને ખુલ્લામાં તો અજવાળું થાય, પણ બંધ બારણામાં પણ પ્રકાશ પ્રવેશે, તડોમા પણ અજવાળુ પહોચે, તેમ તેમણે પ્રેરેલું ચેતન સમાજના અંધારામા અંધારા ભાગમાં પણ પહોચ્યું છે. તેમણે પ્રશ્નો વિચાર્યા જ નથી, ઊભા નહોતા થતા ત્યાથી ઊભા કર્યા છે. તેમનામા અનેક વિરોધી બળોનો સમન્વય થયો છે. ક્રાતિકાર છતાં તે પ્રાચીનતાને માટે આદર ધરાવે છે. મૃદુ છતાં હઠીલા છે. આગ્રહી

છતા છૂટછાટ મૂકનાર છે. પ્રેમાળ છતાં ભીષણ છે. ભીષણતાનાં તેમના એક બે વાક્યો કદી ન વીસરાય એવાં છે. તેમણે એકવાર કહેલું કે આખો દેશ આવી પામર દશામાં પડયો રહે તે કરતાં તેનો પૃથ્વી પરથી નાશ થઈ જાય એ હું વધારે ઇચ્છું. બીજે એક પ્રસંગે કહેલું કે સ્ત્રી, પુરુષોની વિષયવૃત્તિની સાધનભૂત થાય તે કરતા માનવ જાતિની સંતતિ બંધ પડે એ હું પસંદ કરું. સમય આવે, અને હિંદમા મોટા પાયા ઉપર સત્યાગ્રહ શરુ થાય, અને હજારો જુવાનો અકથ્ય દુઃખમા અને મૃત્યુમુખમાં હોમાતા જુએ તો પણ એમની આખમાં આંસુ ન આવે એ હું કલ્પી શકું છું. તેઓ મને મનુષ્યના કરતાં ગૂઢ કુદરતી બળ જેવા લાગે છે કુદરત એક સૂક્ષ્મમા સૂક્ષ્મ, માત્ર સૂક્ષ્મદર્શક યંત્રથી દેખી શકાય તેવા રેસાને કે જંતુને રસ પોષે છે, અને એ જ કુદરત આપણને અગમ્ય કોઇ હેતુને માટે દરિયા ઉછાળે છે, પર્વતો તોડે છે, દેશના દેશ ઉર્ધ્વૃત્ત કરે છે. કુદરતમા ગૂઢ રીતે, આપણને અદશ્યરૂપે વરાળ ઉપર ચઢે છે, તેમાથી કડાકા અને વજ્રપાત સાથે વરસાદ વરસે છે, અને વરસાદથી ભીંજેલી પૃથ્વી ઉપર સપ્તરંગી મેઘધનુષ્ય ખેચાઇ અપૂર્વ લીલા વિસ્તરે છે, ગાધીજી એવી રીતે એક જંતુની અને પામરમા પામર મનુષ્યની સેવા કરવા માટે, અને હજારોનો નાશ પણ કરે. કુદરત એક નમૂનો (type) સિદ્ધ કરવા અસંખ્ય વ્યક્તિઓને ક્રૂર રીતે મારે છે, ગાંધીજી એક સત્ય સિદ્ધ કરવા ગમે તેટલો ભોગ આપવા તૈયાર છે. ખુલ્લામાં ખુલ્લા અને નિખાલસ છતા, તેમના આત્મગહનમાથી સ્ફુરતા બળો કુદરત જેવા ગૂઢ છે, અકલ છે, અમેય છે, અપ્રતિરુદ્ધ છે

કોઇ મહાન હેતુ સિદ્ધ કરવા કુદરત આવાં બળો પેદા કરે છે, એ મહાન હેતુ સિદ્ધ થવામાં આપણે સર્વ જેટલે અંશે નિમિત્તભૂત થઈ શકીશું તેટલે અંશે ધન્ય થઇશું.*

રામનારાયણ વિ. પાઠક

પૂજ્ય કસ્તુરબા

ચારેક વરસ ઉપર કલા પ્રવર્તક મંડળ તરફથી અમદાવાદમાં કલાપ્રદર્શન ભરાયું હતું. પ્રદર્શનમાં અનેક વસ્તુઓ સાથે જુદા જુદા કલાકારોએ કરેલા ચિત્રો ફોટા વગેરેમાં પૂજ્ય ગાંધીજીની અનેક છબીઓ આપી હતી. ત્યારે પ્રદર્શનના સ્વાગત મંડળના પ્રમુખ શ્રીયુત ન્હાનાલાલ કવિએ ટીકા કરી હતી કે ગાધીજીના અનેક ફોટા વગેરે આવ્યું છે પણ પૂજ્ય કસ્તુરબાનો એક પણ ફોટો નથી. આ વાક્ય ઉપરથી કોઈએ ત્યાં પૂજ્ય કસ્તુરબાની છબી આણી મૂકી હતી એમ સ્મરણ છે.

આ અંકમાં પણ પૂજ્ય કસ્તુરબા વિશે કશું જ નથી. તેમાં પૂજ્ય કસ્તુરબાને અન્યાય થાય છે કે કેમ એ પ્રશ્ન નથી. એ પોતે એમાં અન્યાય ન માને. એમણે તો

* આ લેખમાં પૂજ્ય ગાંધીજીની સમસ્ત પ્રવૃત્તિઓનું સમર્થન કે ટીકા કરવાનો પ્રયત્ન નથી. માત્ર તેમની મુખ્ય મુખ્ય પ્રવૃત્તિ અને કાર્યોની પાછળ રહેલા માનસનો અભ્યાસ કરવાનો પ્રયત્ન છે.

આખું જીવન મહાત્માજીની છાયામાં રહી ગાળ્યું છે, તે અહીં પણ છાયામાં અદશ્ય રહે તેમાં એમને અન્યાય ન લાગે. પણ એમના નામસંકીર્તન વિના આ ગાંધી મણિમહોત્સવાંક અપૂર્ણ જ રહે.

પૂજ્ય કસ્તુરબા એક ખરાં આદર્શભૂત હિંદુ આર્ય સ્ત્રી છે. તેમણે ગાંધીજીના અનુસરણમાં જ, પોતાનું વ્યક્તિત્વ માત્ર ગાંધીજીની ભાવના આગળ લુપ્ત કરવામાં જ, જીવનસાર્થક્ય માન્યું છે. હિંદના ઉન્નત ભાવનાશીલ અને તીવ્ર બુદ્ધિશાળી માણસો શ્રદ્ધા પૂર્વક મહાત્માજી પાસે શિષ્ય ભાવે આવ્યા હશે, પણ તેમનામાંથી કોઇએ પણ આત્મ સમર્પણ કર્યું હશે તેના કરતાં વિશેષ સમર્પણ પૂજ્ય કસ્તુરબાએ, કેવળ પતિભક્તિથી કરેલું છે. એમણે જે સહન કર્યું છે તેને માટે પૂજ્ય ગાંધીજીએ પણ કોઇ કોઈ જગાએ આશ્ચર્ય બતાવ્યું છે,—અને ગાંધીજી એમ આત્મીય જન માટે સહેલાઈથી આશ્ચર્ય પામે તેવા નથી, ઉલટા આત્મીયને વધારે કસે એવા છે. આખી આત્મકથામાં, પોતે કોઇને વધારેમાં વધારે અન્યાય કર્યાનું ક્યાંઇ લખ્યું હોય તો તે પૂજ્ય કસ્તુરબાના સંબંધમાં, અને તેમણે કબુલ કર્યો છે તે કરતાં વિશેષ અન્યાયો તેમણે બીજા પણ સહ્યા હશે અને હજી સહેતા હશે. ગાંધીજીના સ્વભાવની અનેક જગાએ જોકાતી વિલક્ષણતાઓ તેમણે મૌનથી સહન કરી છે—એટલા મૌનથી કે ગાંધીજીએ પોતે તે સંબંધી લખ્યું ન હોત તો આપણે જાણુત પણ નહિ. આર્યસ્ત્રીના પ્રાચીન આદર્શની ઊજળી બાજુ પૂજ્ય કસ્તુરબા બતાવે છે અને તેથી સ્ત્રીસ્વાતન્ત્ર્યના આ યુગમાં પણ એ પ્રાચીન આદર્શ માટે માન અને ભાવ થાય છે. પ્રાચીન આદર્શોને તોડવા મથતો આ જમાનો પણ તેમને એક સતી સ્ત્રી તરીકે હમેશાં માન આપશે. તેમણે ગાંધીજી સાથેના જીવનમાં એટલી પ્રગતિ કરી છે કે ગાંધીજીથી સ્વતન્ત્ર રીતે તેમને વિશે વિચાર કરીએ, તો તેમને આપણા સમાજમાં ઘણા માનનું સ્થાન મળે,—આપણે ત્યા સ્ત્રી કેળવણી એટલી વિરલ છે તે જોતા તો વિશેષે કરીને. ગાંધીજી કેદમાં હતા ત્યારે તેમણે વિદ્યાપીઠના પદવીદાન સમારંભ સમયે પહેલેથી લખ્યા વિના, જે ભાષણ કર્યું હતું, તે હરકોઈ વક્તાને શોભે તેવું સરલ અને ગંભીર હતું. તેમનો રીતસરનો અભ્યાસ થોડો છે, અંગ્રેજીનો તો ઘણો થોડો છે. છતાં મુલાકાતે આવેલા ગમે તેવા અંગ્રેજની સાથે વાત કરતા તેમને લેશ પણ સંકોચ નથી થતો; ઉલટાં, ભાષાના અપૂર્ણ જ્ઞાનથી ઉત્પન્ન થતી વિચિત્ર સ્થિતિનું હાસ્ય તટસ્થ રીતે ભોગવતાં હોય એમ જણાય છે. ગાંધીજીએ આત્મકથામાં લખ્યું છે કે સત્યાગ્રહના પ્રકટીકરણને માટે જ જાણે તેમની આસપાસ પરિસ્થિતિ રચાતી જતી હતી. તે પરિસ્થિતિનો સૌથી સુભગ અંશ પૂજ્ય કસ્તુરબાને ગણવાં જોઇએ.

આ જયંતીના મંગલાવસરે ઇચ્છીએ કે પૂજ્ય ગાંધીજીની અનેક સિદ્ધિઓનો સુભગ ભાગ ભોગવતાં તેઓ પૂજ્ય ગાંધીજી સાથે લાંબો સહધર્મચાર કરે.

રામનારાયણ વિ૰ પાઠક

આભાર નિવેદન

મહાત્માજી આયુષના સાઠ વર્ષ પૂરા કરે છે એ આનંદનો પ્રસંગ આખો દેશ વિવિધ રીતે ઊજવે છે. કાલિદાસ કહે છે કે: જ્યાં મરણ પ્રકૃતિ છે ત્યાં માણસ જેટલું જીવ્યો તેટલો તેને લાભ! જીવનારને એ લાભ લાગો કે ન લાગો પણ જેઓ તેને સ્વજન માને છે તેને તો તે અવશ્ય લાભ જ લાગે છે. અને એ લાભ ચાલુ રહે એમ દરેક જણ સ્વજન માટે, વર્ષગાંઠના પ્રસંગ ઊજવી પોતાની ઇચ્છા વ્યક્ત કરે છે. આજે ગાંધીજી કોના સ્વજન નથી? જેને સ્વજન માનીએ છીએ તેની બધી બાબતો આપણે માનીએ છીએ એમ નથી હોતું, તેની બધી બાબતો આપણે સમજીએ છીએ એમ નથી હોતું; પણ આ માનવીસહજ ઊણપથી પ્રેમસંબંધ ઓછો થાય છે એમ પણ નથી હોતું. અને જે માણસે દુનિયા ઉપર પ્રેમભાવ કેળવવાનો પ્રયત્ન જ વધારેમાં વધારે કર્યો છે તેને લોકો સ્વજન માને એ યોગ્ય છે, અને એની વરસગાંઠ વિવિધ રીતે ઊજવે એ સહજ છે.

આ પ્રસંગ 'પ્રસ્થાન' કેવી રીતે ઊજવે એનો જ્યારે અમે વિચાર કર્યો ત્યારે અમને લાગ્યું કે એમના નાના મોટા સમકાલીનો ઉપર તેમના જીવન અને વિચારની શી અસર થઈ છે તે જાણીએ અને જણાવીએ. આ કાર્યમાં અમને અનેક જાતની મુશ્કેલીઓ લાગતી હતી. કેટલા લેખકો સહકાર આપશે, એમાંથી કેટલા સ્પષ્ટતાથી પોતાના વિચારો રજુ કરશે, અને જેઓને ગાંધીજીના વિચારો ઓછાવધતા પ્રમાણમાં સ્વીકાર્ય નથી તેઓમાંથી કેટલા આદરની મર્યાદા રાખી શકશે? આ ઉપરાંત ગાંધીજીને પોતાને પણ ન ગમે એવા અંધપૂજાના કેટલા લેખોનો અમારે અસ્વીકાર કરવો પડશે એ સૌથી મોટામાં મોટી મુશ્કેલી હતી. આ જ કારણથી અમે અમારા વિનંતીપત્રમાં 'વિવેચક દૃષ્ટિએ' એ શબ્દો રેખાંકિત કર્યાં હતા. પણ આ બધી મુશ્કેલીઓ કેવળ કાલ્પનિક જ નીવડી! આનો યશ આ અંકમાં જે બહેનોએ અને ભાઈઓએ લેખો આપ્યા છે તેમને ઘટે છે.

આખો અંક વાંચતાં અમારા વાચકો એ સમજી શકશે કે પ્રત્યેક લેખક અને લેખિકા ઉપર ગાંધીજીના જીવન અને વિચારે કેટલી ઊંડી અસર કરી છે! જેઓ એમના વિચારોનો વિરોધ કરે છે તેમના વિરોધમાં જે આદરબુદ્ધિ અને સ્પષ્ટતા છે તે તેનો મોટામાં મોટો પુરાવો છે.

આ અંકમાં સહકાર આપનાર દરેક વ્યક્તિના અમે આભારી છીએ.

આ અંકમાં આવેલી છબીઓ માટે અમે શ્રી. શાન્તિકુમાર નરોત્તમદાસ મોરારજી, શ્રીમતી નિર્મળાબ્હેન બકુભાઈ, શ્રી. ઈન્દ્રજીત શેઠના, પ્રો. જે. પી ત્રિવેદી, શ્રી. ચંદ્રશંકર શુક્લ, દત્તાત્રેય સ્ટુડીઓ, શ્રી. કનુભાઇ દેસાઇના આભારી છીએ. કેટલાક બ્લૉકોનો ઉપયોગ કરવા દેવા માટે નવજીવન પ્રેસના અમે ઋણી છીએ.

આ અંક છપાવવો શરૂ થયો ત્યારે લેખો જોતાં એમ લાગેલું કે 'પ્રસ્થાન'ના એક અંક જેટલી અથવા તેથી થોડી વધારે સામગ્રી થશે. પણ ત્યાર પછી જે લેખો આવ્યા તે જોતાં એમ થયું કે બે અંક સાથે આપવાની વ્યવસ્થા કરીને પણ બને તેટલા લેખોને અવકાશ આપવો. (બે અંક કરતાં વધારે સામગ્રી મુકયા છતાં પણ કેટલાક લેખો બહુ મોડા આવવાથી આ અંકમાં આપી શકાયા નથી તે માટે તે ભાઇઓની માફી માગીએ છીએ.) અમને આશા છે કે અમારા ગ્રાહકોને આ રીતે એકત્રિત થએલા ભાદ્રપદ અને આશ્વિનના અંકો સ્વીકાર્ય થશે, અને અત્યાર સુધી પ્રસ્થાનને જે રીતે ઉત્તેજન આપ્યું છે તે રીતે નવા વર્ષમાં પણ આપશે. આ વર્ષ ગાંધી-અંકથી પૂરું થાય એમાં કેટલાકને તો

રસિકલાલ

અનુક્રમણિકા

પુસ્તક ૮ ભાદ્રપદ–આશ્વિન અંક ૫–૬

લેખો

	વિષય	લેખક	પૃષ્ઠ
૧	સત્યમહિમા	શાન્તિપર્વ, મહાભારત ...	૨૯૩
૨	પ્રાચીન હિંદુસંસ્કૃતિ અને ગાંધીજીનું વિચારપ્રસ્થાન ...	રસિકલાલ છો. પરીખ	૨૯૭
૩	ગાંધીજીનું ઘડતર	સુમન્ત મહેતા	૩૦૩
૪	ગાંધીજીનો બાલસ્વભાવ	કિશોરલાલ ઘ. મશરૂવાળા ...	૩૧૦
૫	ગાંધીજી અને જૈનત્વ	પં સુખલાલજી	૩૧૫
૬	પરતાપઘઢમાં ગાંધીજી	વિનાયક નંદરાકર મહેતા ...	૩૧૯
૭	ગાંધીજીના કાર્યક્ષેત્ર ઉપર એક દૃષ્ટિપાત ...	પ્રો. કેશવલાલ હિંમતરામ કામદાર...	૩૨૪
૮	ગાંધીજી અને લેનિન	ગગનવિહારી લ. મહેતા ...	૩૩૨
૯	ગાંધીજન	મળેલું	૩૩૯
૧૦	સોમાલી આદમ	S B.	૩૪૦
૧૧	મહાત્મા ગાંધીજી અને પુરુષાર્થ (પુરુષકાર) ...	દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી ...	૩૪૪
૧૨	મહાત્મા ગાંધીજી અને હિંદની સ્ત્રીઓ...	વિદ્યાબહેન રમણભાઈ નિલકંઠ ...	૩૪૭
૧૩	ગાંધીજીના કેટલાક સંસ્મરણો ...	નાનાલાલ ચમનલાલ મહેતા ...	૩૪૮
૧૪	મહાત્માજી કહેવાયા, તે પહેલા ...	હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ ...	૩૫૧
૧૫	ગાંધીજીની અન્નમીમાંસા	બાપાલાલ ગ વૈદ્ય	૩૫૮
૧૬	ગાંધીજીના સર્જનો	બેચરદાસ જીવરાજ દોશી ...	૩૬૩
૧૭	ઓ ભવ્ય ડોસા ! (કાવ્ય) ...	હરિહર પ્રા ભટ્ટ	૩૬૫
૧૮	મહાત્માજીની મૌલિક વ્યાખ્યાઓ ...	ચદુલાલ બહેચરલાલ પટેલ ...	૩૬૭
૧૯	ગાંધીજી અને ચૈતન્યદેવ	નર્મદાશંકર પંડ્યા ...	૩૮૦
૨૦	કામદાર પ્રશ્ન પ્રત્યે ગાંધીજી ...	જીવણલાલ ક. ચાપાનેરીઆ ...	૩૮૩
૨૧	ગાંધીજીનો રાજકારણમા ફાળો ...	હેમન્તકુમાર નિલકંઠ	૩૮૭
૨૨	ગાંધીજી અને સદ્ગત શ્રીમદ્ રાજચંદ્ર ...	પોપટલાલ પુંજાભાઈ શાહ ...	૩૯૧
૨૩	ગાંધીજી અને સમાજસુધારો ...	બાપુભાઈ નારણજી જોશી ...	૩૯૭
૨૪	વિધવા	પ્રેમલીલા મહેતા	૪૦૨
૨૫	સમાજમા સ્ત્રીના સ્થાન સબંધી મહાત્મા ગાંધીજીના વિચારો ...	સૌ ઇન્દુમતિ દિવાન... ...	૪૦૫

૨૬	ગાંધીજી અને સ્ત્રીઓ	સૌદામિની મહેતા	૪૦૮
૨૭	ગાંધીજી અને આપણી સામાજિક ... પુનર્ઘટના	જી. બી. ત્રિવેદી	૪૧૧
૨૮	વેપારી આલમ ઉપર ગાંધીજીની અસર ...	ડુંગરશી ધરમશી સંપટ ...	૪૧૫
૨૯	સત્યના પ્રયોગો અથવા આત્મકથા ...	ક. મો. ગાંધી	૪૨૦
૩૦	ગાંધીજી સાથેના કેટલાક પ્રસંગો ...	ગણેશ વાસુદેવ માવલંકર ...	૪૨૪
૩૧	અચળ શ્રદ્ધા	સ્વ. સૌ. કનુબહેન દવે ...	૪૨૮
૩૨	ગાંધીજી અને સોક્રેટિસ	જીણાભાઇ રતનજી દેસાઈ ...	૪૨૯
૩૩	મહાત્માજીની મોટાઈ	નાનાલાલ કે. પટેલ	૪૩૪
૩૪	ગાંધીજી અને કલા	ગજાનન વિ. પાઠક	૪૩૬
૩૫	**મહામના : સ્યાત્ ।**	દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર ...	૪૩૮
૩૬	વિચાર ચંક્રમણ	રામનારાયણ વિ. પાઠક ...	૪૩૯
૩૭	પૂજ્ય કસ્તુરબા	,, ...	૪૫૧
૩૮	આભાર નિવેદન	રસિકલાલ	૪૫૩

ચિત્રો

૧ સિન્ધુને આરે

૨ જુહુમાં

૩ 'યંગ ઇન્ડિયા' ના તંત્રીપદે

૪ દાર્જીલિંગમાં, ગાંધીજી અને દેવીદાસ, પૂજ્ય કસ્તુરબા, ઑપરેશન પછી

૫ આશ્રમમાં, વિદ્યાપીઠમાં, આશ્રમમાં બાળકો સાથે ફરતા, ટાગોર, ગાંધીજી અને એન્ડ્રુઝ

૬ ગાંધીજી (સ્કેચ) : કનુ દેસાઈ

શુદ્ધિ

પૃ. ૩૪૯, પંક્તિ ૬. સુધારો : ગુજરાતી હિન્દુઓમાંથી ત્રીજો અને અમદાવાદના ગુજરાતી હિન્દુઓમાંથી પહેલો આઇ. સી. એસ. માં પસાર થયો હોવાથી ....

પૃ. ૪૪૦ પંક્તિ ૨૫: ગાંધીજીના છાપામાં...ને બદલે ગાંધીજીની છાપામાં ...

પ્રકાશક : રણછોડજી કેસુરભાઇ મીસ્ત્રી : પ્રસ્થાન કાર્યાલય, પારસી અગિયારી સામે, ખમાસા ચોકી, અમદાવાદ

મુદ્રક : ગજાનન વિશ્વનાથ પાઠક : આદિત્ય મુદ્રણાલય, રાયખડ રોડ, અમદાવાદ.

કાવ્ય સમુચ્ચય

ભા. ૧—૨

[કર્તા. રામનારાયણ વિ. પાઠક]

આપણી રસવૃત્તિ અને કાવ્યસાહિત્યની સમૃદ્ધિનો ખ્યાલ આપતો તથા રસવૃત્તિ કેળવતો અપૂર્વ સંગ્રહ

: એક જ અભિપ્રાય :

કાવ્યમાધુર્ય પ્રકટ થયું તે દિન પછી આજસુધી આપણા વર્તમાન પદ્ય સાહિત્યના કુસુમોનો આવો સુંદર સમુચ્ચય થયેલો અમારી દૃષ્ટિએ પડ્યો નથી. * * * અત્રે એકઠા કરેલા કુસુમોની સુંદરતા તો સ્પષ્ટ છે જ, પરંતુ વિશેષમાં એની પસંદગીમાં અને ગોઠવણમાં કર્તાએ જે રસદૃષ્ટિ, વિવેક અને ચાતુર્ય દર્શાવ્યાં છે તે ખરેખર સ્તુતિપાત્ર છે. * * * ભૂમિકામાં રા. પાઠકે કરેલું આપણા વર્તમાન કવિઓની કવિતાનું સમાલોચન નિષ્પક્ષપાત અને સૂક્ષ્મ તત્ત્વગ્રાહી સહૃદયતાના દૃષ્ટાન્ત રૂપ છે. * * * એમના સમાલોચન વાંચવા જેવા છે.

—વસન્ત

ભા. ૧ કિ. રૂ. ૧-૦-૦ ભા. ૨ કિં રૂ. ૧-૮-૦

સરસ્વતી પુસ્તક ભંડાર : અમદાવાદ

अनाथ रक्षा परमोहि धर्मः

દેશના નિરાધાર—ઉપર આભ અને નીચે ધરતી એવા કોઈ પણ જાતના આશરા વગરનાં નિર્દોષ અને અજ્ઞાન બાળકો અનાથ દશામાં રખડી રઝળી મરણને શરણ થાય છે. તેવાં વીલે મોઢે ટળવળતાં બાળકોને સંભાળી, પાળી પોષી, સુખી અને સ્વાશ્રયી બનાવનાર

હિંદુ અનાથાશ્રમ—વઢવાણ કેમ્પ

ને

મદદ કરો.

દરેક પ્રકારના દાન લેવાય છે. રિપોર્ટ માટે લખો :—

ઓનરરી સેક્રેટરી, હિંદુ અનાથાશ્રમ

વઢવાણ કેમ્પ. (કાઠિયાવાડ)